મહોપાધ્યાય યશોવિજય કૃતા

# ધર્મપરીક્ષા

( ગુર્જર ભાવાનુવાદ યુતા )

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
श्रीमद्विजयप्रेमभुवनभानुसूरीश्वरसद्गुरुभ्यो नमः

卐

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજય વિરચિતા
સ્વોપજ્ઞવૃત્તિસમેતા

# ધર્મ પરીક્ષા

(ગુર્જર ભાવાનુવાદ યુતા)

卐

– ભાવાનુવાદ પ્રેરક –

ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ સિદ્ધાન્તરહસ્યવિદ્
આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય
**ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

: પ્રકાશક :

**શ્રી અંધેરી ગુજરાતી જૈન સંઘ**
૧૦૬, એસ. વી. રોડ, ઈર્લાબ્રીજ
મુંબઈ–૪૦૦ ૦૫૬

| પ્રથમ આવૃત્તિ | મૂલ્ય | મુદ્રક |
| --- | --- | --- |
| નકલ–૫૦૦ | રૂા. ૧૦૦–૦૦ | જીતેન્દ્ર બી. શાહ ✻ જીગી પ્રિન્ટર્સ |
| વીર નિ. સં. ૨૫૧૩ | | ૩૦૫, મહાવીર દર્શન, |
| વિ. સં. ૨૦૪૩ | | કસ્તુરબા ક્રોસ રોડ નં. ૫, |
| | | બોરીવલી (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૬ |
| | | ફોન : C/o. ૬૧૭૮૧૦ / ૨૯૫૫૪૬ |

○ સર્વહક્ક શ્રમણપ્રધાનશ્રી જૈનસંઘને આધીન છે.

○ આ પુસ્તક પ્રકાશનનો તમામ ખર્ચ શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘના જ્ઞાન-નિધિમાંથી કરવામાં આવ્યો છે.

–: પ્રાપ્તિસ્થાન :–

૧. પ્રકાશક.

૨. દિવ્ય દર્શન કાર્યાલય
C/o ભરતકુમાર ચતુરદાસ
કાળુશીની પોળ, કાળપુર
અમદાવાદ–૩૮૦ ૦૦૧

૩ દિવ્ય દર્શન કાર્યાલય
C/o કુમારપાળ વિ. શાહ
૬૮, ગુલાલવાડી,
મુંબઈ–૪૦૦ ૦૦૪

✻ ✻ ✻ ✻ ✻

## સમર્પણ અને વંદન

✻ જેઓશ્રી સંસારીસંબંધે મારા કાકા છે,

✻ જેઓશ્રીના પગલે પગલે સંસારી સંબંધે મારા બીજા કાકા, દાદીમા, ૪ ફોઇ, માતુશ્રી, એક ભાઇ, એક બહેન અને હું એમ નજીકના કુટુંબી ૧૦ સભ્યો પ્રવ્રજ્યાના પુનિતમાર્ગે આવ્યા.

✻ કર્મસાહિત્યનિષ્ણાત સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પુનિત પ્રેરણાથી રચાયેલ કર્મસાહિત્યવિષયક મહાન ગ્રંથ 'બંધવિહાણ'નો એ મુખ્ય સૂત્રધારોમાંના જેઓ શ્રીમદ્ એક છે, તે મારા દાદા ગુરુદેવ

કર્મસાહિત્ય વિશારદ, અધ્યાત્મરસિક, વ્યવહાર કુશળ, પ્રભુદર્શન વ્યસની સહજાનંદી પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય

ધર્મજિત સૂરીશ્વરજી મહારાજાના

કર કમલમાં

સાદર સમર્પણ, અને

ચરણકમલમાં

કોટિશઃ વંદન

મુનિ અભયશેખર વિજય

## પ્રકાશકીય નિવેદન

કાળના વહેણને વહી જતા શી વાર લાગે ? શ્રી જૈનશાસનના નભોમંડલના એક ઝળહળતા સિતારા મહામહોપાધ્યાય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાને દિવંગત થયાને ય ત્રણ શતાબ્દિઓ વીતી ગઇ. કાળની અપેક્ષાએ અલ્પ એનો પણ આટલો કાળ આપણા સહુ માટે ઘણો સુદીર્ઘ પુરવાર થયો છે. (૧) લોકોની જીવનપદ્ધતિમાં આસમાન જમીનનો તફાવત થઇ ગયો છે. અને (૨) મહામહોપાધ્યાયજીના પણ અનેક ગ્રન્થો આપણા સહુના કમભાગ્યે લુપ્તપ્રાય: થઇ ગયા છે. તેમ છતાં તેઓ શ્રીમદ્‌ના જે ગ્રન્થો આજે વિદ્યમાન છે તે પણ આપણને સત્ય રાહ ચીંધવામાં ઘણા ઘણા સક્ષમ છે એ આપનું સહુનું સદ્‌ભાગ્ય છે. પણ ખેદની વાત એ છે કે આપણી જીવન વ્યવસ્થા એવી અર્થપ્રધાન બની ગઇ છે અને ભૌતિકતા તરફ ફંટાઇ રહી છે કે જેથી તેઓ શ્રીમદ્‌ના ગ્રંથોને ભણવા વગેરેની શક્તિ અને ઉલ્લાસ આપણે લગભગ ખોઇ બેઠા છીએ. જનસામાન્યને સમજવામાં ઘણી મુશ્કેલી પડે એવી ન્યાયશૈલિ શાસ્ત્ર સંમત વાતનું પ્રતિપાદન કરવામાં ઘણી સચોટ હોઇ મહામહોપાધ્યાયજીએ એ શૈલીને સ્વગ્રન્થોમાં અપનાવી છે. પણ દુરુહ ન્યાય શૈલીના કારણે જ આજે આપણામાંનો મોટો ભાગ તેઓ શ્રીમદ્‌ના ગ્રંથો પ્રત્યે "આમાં આપણું કામ નહિ" એવો અભિગમ ધરાવતો થઈ ગયો છે. કલિકાળમાં 'દુષ'નો ગુણ 'દોષ' થવો પ્રસિદ્ધ છે. એટલે તેઓ શ્રીમદ્‌ના ગ્રન્થોનું અધ્યયન–અધ્યાપન મંદ બનતું ગયું છે.

એ અધ્યયન–અધ્યાપન પુનઃ વેગવંતુ બને અને મહામહોપાધ્યાયજી પ્રત્યે કંઇક ભક્તિ વ્યક્ત થાય એવી અપેક્ષાએ અમારા શ્રી સંઘે તેઓ શ્રીમદ્‌ની ત્રીજી શતાબ્દીએ તેઓ શ્રીમદ્‌ના શક્ય એટલા વધુ ગ્રંથો ભાવાનુવાદ સાથે બહાર પાડવાનો શુભ સંકલ્પ કર્યો. તે માટે વર્ત્તમાન શ્રી શ્રમણસંઘમાં નજર દોડાવતાં, સંઘહિતચિંતક વર્ધમાન તપોનિધિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા પાસેથી આ સંકલ્પ સફળ થવાની શકયતા દેખાઇ. તેઓ શ્રીમદ્‌ને એ અંગે વિનંતિ કરતા અમારો ઉલ્લાસ વધે એ રીતે તેઓશ્રીએ અમારી વિનંતિને સ્વીકારી. તેઓ શ્રીમદ્‌ની અનુજ્ઞા અને કૃપાથી નીચે મુજબના ગ્રંથો તૈયાર થઈ ગયા–રહ્યા છે.

* જ્ઞાનબિન્દુ–(ભાવાનુ૦) પ. પૂ. જયસુંદર વિ. મ. સા.–મુદ્રિત
* ધર્મપરીક્ષા–(ભાવાનુ.) પ. પૂ. અભયશેખર વિ. મ.સા. ,,
* પ્રતિમાશતક-(ભાવાનુ.) પ. પૂ. અજિતશેખર વિ.મ.સા.–પ્રેસમાં
* સામાચારી પ્રકરણ–આરા. વિરા. ચતુર્ભંગી, કૂપદૃષ્ટાન્ત વિશદીકરણ પ્રકરણ } (ભાવાનુ.) પ. પૂ. અભયશેખર વિ. મ. સા.–મુદ્રિત
* સમ્યક્ત્વ ષટ્સ્થાનની ચઉપઈ–સંપાદન પ. પૂ. પં. શ્રી પ્રદ્યુમ્ન વિ. ગણિવર
  સંક્ષિપ્ત વિવરણ–પ. પૂ. અભયશેખર વિ. મ. સા.–પ્રેસમાં

ઉપરોક્ત ગ્રંથોને પ્રકાશિત કરવાના અમારા સંકલ્પને સાકાર કરાવી આપનાર સંઘોદ્ધારક વર્ધમાન તપોનિધિ આચાર્ય ભગવંતશ્રીનું અમને અન્ય આરાધનાની બાબતોમાં ય બહુમૂલ્ય માર્ગદર્શન નિરંતર મળ્યા કરે છે. એટલે તેઓ શ્રીમદ્‌ના અમે અત્યંત ઋણી છીએ. વળી તે તે ગ્રંથોના ભાવાનુવાદ તેમજ સંપાદન કરી આપનાર ઉપરોક્ત સર્વે મહારાજ સાહેબોના પણ અમે ખૂબ ખૂબ ઋણી છીએ.

આપણા શ્રી જૈનશાસનની સાતક્ષેત્રની વ્યવસ્થા કેટલી સુંદર છે! જ્ઞાનદ્રવ્યની જો એક સ્વતંત્ર વ્યવસ્થા ન હોત તો, જ્યારે કાગળ અને પ્રીન્ટીંગના ભાવો આસમાને જઇ રહ્યા છે તેવા બેસુમાર મોંઘવારીના આ જમાનામાં સમ્યગ્જ્ઞાનનો ફેલાવો કરનાર આવા શાસ્ત્ર ગ્રંથો પ્રકાશિત શી રીતે કરી શકાત? ઉક્ત વ્યવસ્થાના પ્રભાવે જ અમે પણ અમારા શ્રી સંઘના જ્ઞાનનિધિમાંથી ઉપરોક્ત શાસ્ત્ર ગ્રંથો પ્રકાશિત કરવા સમર્થ બન્યા છીએ.

પ્રસ્તુત શ્રી **ધર્મપરીક્ષા** ગ્રન્થમાં ગ્રન્થકારે રહસ્યમય શાસ્ત્રવચનોને લઇને ઊભા થયેલ ભ્રમોનું નિરાકરણ કરી યથાર્થ રહસ્યાર્થો પ્રકટ કર્યા છે. ગ્રંથકારશ્રીના નજીકના ભૂતકાળમાં બહુશ્રુત તરીકે પ્રસિદ્ધ થયેલ એક વિદ્વાન મહાનુભાવે સર્વજ્ઞશતક નામનો ગ્રન્થ રચ્યો. એમાં એ મહાશયે સ્વકુતર્કોના જોરે જે અશાસ્ત્રીય વાતો ફેલાવેલી એનું મુખ્યતયા આ ગ્રંથમાં નિરાકરણ કરવામાં આવ્યું છે. એ નિરાકરણ કરવામાં ગ્રંથકારશ્રી કેટલા બધા સફળ રહ્યા છે તે તો આ ગ્રંથના અધ્યયનાદિથી જ જાણી શકાય.

આ શ્રી ધર્મપરીક્ષા ગ્રંથ પૂર્વે **શ્રી હેમચન્દ્રાચાર્ય ગ્રંથાવલિ પાટણ** તરફથી પુસ્તકાકારે પ્રકટ થયેલ. પછી **શ્રી જૈનગ્રંથ પ્રકાશક સભા, અમદાવાદ,** તરફથી વિ. સં. ૧૯૯૮ માં પ્રતાકારે પ્રસિદ્ધ થયેલ. હવે અમારા શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી એને ભાવાનુવાદ સહિત પ્રકાશિત કરતાં અમે અનેરો આનંદ અનુભવીએ છીએ. આ ગ્રંથપ્રકાશન માટે હસ્તલિખિત પ્રત તેમજ મુદ્રિત પ્રત પૂરી પાડનાર સંસ્થાઓનો અમે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ ગ્રંથનું સુંદર, શીઘ્ર મુદ્રણ કરવા યત્નશીલ સ્વામીનારાયણ મુદ્રણ મંદિર તેમજ જીગી પ્રીન્ટર્સના માલિક, સંચાલક, કંપોઝીટર વગેરેને પણ ધન્યવાદ પાઠવીએ છીએ.

ભવિષ્યમાં પણ મહાત્માઓના સહયોગથી અન્યાન્ય ગ્રંથોને પ્રકાશિત કરી શ્રુતભકિત કરવાનું સૌભાગ્ય અમને સાંપડે એવી પ્રાર્થના સાથે.

શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘ
વતી હર્ષદ સંઘવી.

# પ્રાસ્તાવિકમ્

ઉપાધ્યાયજી મહારાજાની સૂક્ષ્મતર્કપૂર્ણ અને અજોડ આગમાનુસારી કલમે આપણને સંખ્યાબંધ ગ્રન્થોની ભેટ આપી છે. એ દરેક ગ્રન્થ વિશિષ્ટ પ્રકારની અનેક વિશિષ્ટતાઓથી હર્યોભર્યો છે તેમજ સ્વપ્રતિપાદ્ય પદાર્થોની સ્પષ્ટ ઓળખ કરાવવાની અનુપમ ક્ષમતા ધરાવનારો છે. એટલે એ દરેક ગ્રન્થ સમજુ વાંચકને આકર્ષી લે છે, જકડી રાખે છે. તેમાં પણ તેઓ શ્રીમદ્‌નો પ્રસ્તુત જે **ધર્મપરીક્ષા** ગ્રન્થ છે તે તો કોઈ અજબ કોટિનો જ છે. જે સંપૂર્ણ તર્કપૂર્ણ હોય અને તેમ છતાં પરિપૂર્ણતયા આગમને અવિરુદ્ધ હોય તેવો ગ્રન્થ રચવા માટે કોઈપણ ગ્રન્થકારમાં જે જે પ્રતિભાશક્તિઓ જોઈએ, તેવી બધી પ્રતિભાશક્તિઓનો ઉપા૦ મહારાજમાં કાષ્ઠાપ્રાપ્ત સુભગ સંગમ થયો છે એની આ ગ્રન્થમાં વાંચકને સ્પષ્ટ અનુભૂતિ થયા વિના રહેતી નથી. પ્રકાંડ મેધા, તીવ્ર ધારણા, અપૂર્વ તર્કશક્તિ, નિરુપમ સૂક્ષ્મેક્ષિકા, શાસ્ત્રપાઠોનું પૂર્વાપર જબરદસ્ત અનુસંધાન, ઐદંપર્યાર્થના ઊંડાણ સુધી પહોંચવાની ગજબનાક પહોંચ, પદાર્થને આરપાર વીંધીને ચકાસવાની અનુપમ વેધકદૃષ્ટિ, અજોડ સમીક્ષા, શાસ્ત્રીય પદાર્થો અંગે પૂર્વપક્ષીએ બાંધેલી ઘેલી કુવ્યાપ્તિના નિરાકરણ માટે અફાટ શ્રુતસમુદ્રમાંથી તે કુવ્યાપ્તિનાં વ્યભિચાર સ્થાનો શોધી કાઢવાની અજબ સ્ફૂર્તિ, પૂર્વપક્ષીએ આપેલાં અનુમાનોમાં રહેલા બાધ વગેરે દોષોને પકડી પાડવાની અનેરી કુશળતા, પૂર્વપક્ષીએ પોતે જ અન્યાન્ય ગ્રન્થમાં કહેલા શબ્દોથી તેને જ બાંધી દેવાની ભેજાબાજ કુનેહ, પૂર્વપક્ષોની માન્યતાને ક્ષણભર સ્વીકારીને પણ તેમાં આવી પડતા દોષોને રજૂ કરી દેખાડવાની ન્યારી કલા, અન્યોન્યાશ્રય, વદતો વ્યાઘાત, પૂર્વાપર વિરોધ વગેરે દોષોને પ્રકાશિત કરવાની હથોટી વગેરે રૂપ જે અસાધારણ પ્રતિભાશક્તિઓ ઉપા૦ મહા. માં રહેલી છે તેનું આ ગ્રંથમાં ડગલે ને પગલે દર્શન થયા વિના રહેતું નથી. જે જે અધિકારોમાં આ શક્તિ સ્પષ્ટ રીતે ઉપસી આવે છે તે તે અધિકારોને ટૂંકમાં ટાંકવામાં આવે તો પણ જાણે કે એક ગ્રન્થ રચાઈ જાય. અને તો પણ તે શક્તિઓની થયેલી અનુભૂતિના વર્ણનથી સંતોષ ન થાય. એ તો એમજ કહેવું પડે કે 'જિનહી પાયા તિનહી છીપાયા...' સ્વયં રસિયા બનીને જ એનો આસ્વાદ માણવો રહ્યો.

ઉપા૦ મહા૦ના દરેક ગ્રન્થમાં તેઓ શ્રીમદ્‌ની પ્રતિભા શાનદાર રીતે ઝળકેલી જ છે. તેમ છતાં અન્ય ગ્રન્થોમાં મોટેભાગે પ્રતિપાદ્ય પદાર્થોનું મૂળભૂત સ્ટ્રક્ચર, પૂર્વ પક્ષના નિરાકરણ માટેની પાયાભૂત દલીલો વગેરે પૂર્વાચાર્યોના 'શ્રી સમ્મતિ તર્ક પ્રકરણ', 'શ્રી વિશેષાવશ્યક ભાષ્ય,' શ્રી હારિભદ્રીય ગ્રન્થો, 'સ્યાદ્‌વાદ રત્નાકર' 'રત્નાકર અવતારિકા' વગેરે ગ્રન્થોમાંથી પ્રાપ્ત છે, જ્યારે આ ધર્મપરીક્ષા' ગ્રન્થમાં પૂર્વપક્ષનાં જે જે નિરાકરણો છે તે તે લગભગ બધાં જ ઉપા. મહા. ની પોતાની આગવી પ્રતિભાનાં સૂચક છે, આ નિરાકરણો માટે ઉપા. મહા. ને કોઈ હિન્ટ્સ (Hints) ચાવીઓ પૂર્વાચાર્યના ગ્રન્થોમાંથી મળી નથી, પણ ઉપા. મહારાજે જાતે શ્રુતપરિશીલન વગેરે દ્વારા પોતાના ફળદ્રુપ ભેજામાં ઉત્પન્ન કરેલા ફળો છે. આવું હોવા છતાં, તેઓ શ્રીમદ્‌ની દલીલો સ્વઅભિપ્રાયને રજુ કરવામાં અને એનું સમર્થન કરવામાં ક્યાંય કચાશવાળી નથી રહી. ક્યાંય પૂર્વાપર વિરોધ વદતોવ્યાઘાત–અન્યોન્યાશ્રય વગેરે દોષોને અવકાશ નથી રહ્યો, જ્યાં તેવી સંભાવના હોય ત્યાં તેઓ શ્રીમદે જ યોગ્ય રીતે તેનું વારણ કર્યું છે. તેઓ-શ્રીએ જે અનુમાનો આપ્યાં છે તેમાં પણ વ્યભિચાર–બાધ વગેરે દોષો ન આવે એની કાળજી રાખવામાં તેઓશ્રી સફળ રહ્યા છે. "સામાની દલીલને તોડવી છે, પણ યોગ્ય તર્ક કે આગમવચન નથી મળતું, તો એને એકવાર અસત્ય જાહેર કરી દો, પછી એ અસત્યતાની સિદ્ધિ કરવામાં ગમે તેવું ગાડું ગબડાવી દો...' આવી વૃત્તિનું ક્યાંય દર્શન થતું નથી. પૂર્વપ્રાપ્ત વાતોને વિશદ કરવી એ એક જુદી વાત છે, અને પરંપરામાં અપ્રાપ્ત ગૂઢ રહસ્યમય સિદ્ધાન્તોને, પાછળથી પણ એમાં કોઈ દોષ ન

નીકળે એ રીતે રજુ કરવા એ એક જુદી વાત છે. ઘણા માંધાતા વૈજ્ઞાનિકોએ જીવનભર પ્રયોગશાળા-ઓમાં પ્રયોગો કરીને નવા સિદ્ધાંતો ઘડી આપ્યા, પણ પછી થયેલા વૈજ્ઞાનિકોએ પ્રયોગોથી જ તેમાંના ઘણા સિદ્ધાન્તોને અસત્યરૂપે કે માત્ર આંશિક સત્યરૂપે સિદ્ધ કરી દેખાડચા છે એ સુપ્રસિદ્ધ વાત છે. પણ અહીં કોઈ પ્રયોગશાળામાં જડ પદાર્થો પર પ્રયોગો ન હોતા કરવાના, કિન્તુ મગજ રૂપી પ્રયોગશાળામાં શાસ્ત્રવચનો પર તર્કનાં રસાયણોથી પ્રયોગ કરવાના હતા.

આટલું હોવા છતાંય જે કેળવવી અત્યંત કઠિન હોવાના કારણે જ તેઓશ્રીમદ્ પર અત્યંત અહોભાવ જગાડી આપનારી છે તેવી ઉપા. મહા. ની એક અત્યંત સન્માનનીય વિશિષ્ટતા એ રહી છે કે ગમે એટલી તર્કપૂર્ણ રીતે સ્વઅભિપ્રાયનું તેઓશ્રીએ સમર્થન કર્યું હોય, તો પણ એનું શાસ્ત્રથી સમર્થન કરવાનું તેઓશ્રી ચૂકતા નથી. જ્યાં જ્યાં સ્વઅભિપ્રાયનું, પોતાને જરાય પણ અસંતોષ ન રહે, જરાય અસ્વરસ જેવું ન રહે, એ રીતે શાસ્ત્રવચનોથી સમર્થન થતું ન લાગ્યું ત્યાં ત્યાં તેઓશ્રીએ ‘આ બાબતમાં સૂત્રનો બીજો કોઈ સુંદર અભિપ્રાય પણ હોઈ શકે...’ એવું કે ‘અથવા આ બાબતમાં બહુશ્રુતો જેમ કહે તેમ પ્રમાણ કરવું...’ એવું વગેરે કહીને પોતાની પાપભીરુતા પ્રદર્શિત કરી છે.

ઉપા૦ મહા૦ ના ગ્રન્થો મુખ્ય બે પ્રકારના છે (૧) પ્રરૂપણા પ્રધાન–આમાં પદાર્થોની પ્રરૂપણા મુખ્ય હોય છે અને એમાં પ્રસંગે પ્રસંગે ચર્ચાઓ લીધી છે જેમકે ષોડશક-દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા. (૨) ચર્ચા પ્રધાન–આમાં પૂર્વપક્ષ ઉત્તરપક્ષની ચર્ચાઓ જ મુખ્ય હોય છે, ક્વચિત્ સપ્રસંગ પદાર્થ પરૂપણા હોય છે; જેમકે ‘અધ્યાત્મમતપરીક્ષા.’ આમાંના બીજા પ્રકારના જે ગ્રન્થો છે એમાં મોટે ભાગે પોતાને અમાન્ય અન્યદર્શની શાસ્ત્રોનાં વચનોને આગળ કરીને ઊભા થએલા પૂર્વપક્ષોનું નિરાકરણ છે. જ્યારે આ ‘ધર્મપરીક્ષા’ ગ્રન્થ એવો છે કે જે બીજા પ્રકારનો હોવા છતાં સ્વમાન્ય શાસ્ત્રોનાં વચનોને તાણી-તુસીને-મરડીને ઊભા થયેલા પૂર્વપક્ષનાં નિરાકરણોથી જ ભરેલો છે. એટલે કે પોતાને જે શાસ્ત્રકારો આપ્ત પુરુષ તરીકે માન્ય છે, પોતાને જે શાસ્ત્રો ‘પ્રમાણભૂત’ તરીકે માન્ય છે તે શાસ્ત્રકારોનાં જ તે તે શાસ્ત્રોના વચનો પકડીને જે અશાસ્ત્રીય વાતો ઊભી થઈ છે તેનું ખંડન કરવાનું છે. તેથી આમાં સાવધાની કેટલી રાખી હશે તેનો ખ્યાલ આવવો તો સરળ છે. વળી ઉપાધ્યાયજી મહારાજાએ ‘માત્ર એક એક પૂર્વપક્ષ ટાંકીને એનું નિરાકરણ કર્યું છે’ એટલું જ નથી કર્યું, પણ એની ધારાબદ્ધ સંકલના કરીને ગ્રન્થ રૂપે ગૂંથણી કરી છે. એમાંય કેવળીને ‘દ્રવ્યહિંસા પણ ન જ હોય.’ એવી માન્યતાવાળા દીર્ઘપૂર્વપક્ષની એક એક સ્વતંત્ર ચર્ચાસ્પદ અધિકારો બની જાય એવી જુદી જુદી અનેક દલીલોનું ધારાવાહી જે નિરાકરણ કર્યું છે અને તેમાંય જેનું ખંડન કરવું ઉચિત લાગ્યું હોય તેવી કોઈ નાની દલીલ પણ ખૂણે ખાંચરે નિરાકરણ વગરની ન રહી જાય એવી જે એની ગોઠવણી કરી છે તે તેઓ શ્રીમદ્‌ની સંકલના શક્તિનો જોરદાર પરચો દેખાડવા પરિપૂર્ણ છે.

પૂર્વપક્ષીએ પણ શાસ્ત્રવચનો ટાંકીટાંકીને, અને તેના પર તર્કો લડાવી લડાવીને સ્વમાન્યતા રજૂ કરી છે. ઉપા૦ મહારાજે એનું ખંડન કર્યું છે. એટલે એ તો સહજ છે કે પૂર્વપક્ષીએ તે તે શાસ્ત્ર વચનોના, તર્કપૂર્વક જે અર્થ કર્યા છે તે અર્થ યથાર્થ નથી એવું ઉપા. મહારાજે વધુ સચોટ તર્કપૂર્વક રજુ કરવું પડે. એ માટે તેઓશ્રીમદે શાસ્ત્રવચનો પર પૂર્વાપર અવિરુદ્ધ, તર્કપૂર્ણ પ્રકાશ ફેંક્યો છે, અને શાસ્ત્રવચનોનો યથાર્થ રહસ્યાર્થ પ્રકટ કરી દેખાડયો છે, એમાં ક્યાંક તેઓ શ્રીમદે એવું પણ કહ્યું છે. “આવું કહેવામાં શાસ્ત્રકારનો આવો અભિપ્રાય હશે એમ કલ્પવું યોગ્ય લાગે છે. ઈત્યાદિ...” આવું કહીને તેઓ શ્રીમદે જે કલ્પનાઓ દેખાડી છે, તે તે પણ સત્ય હોવાની પ્રતીતિ થયા વગર રહેતી નથી. એની એક સાબિતી પણ ટાંકું. શાસ્ત્રોમાં એક ઠેકાણે એવી વાત આવે છે કે ‘ક્રિયાવાદીનો સંસાર દેશોન પુદ્. પરા. હોય છે અને તે નિયમા શુક્લપાક્ષિક હોય છે.’

અન્યત્ર શાસ્ત્રમાં એવી વાત આવે છે કે 'શુક્લ પાક્ષિકનો કાળ દેશોન અર્ધપુદ્ગલ પરા. હોય છે.' એટલે આ બે બાબતોમાં અસંગતિ જેવું લાગવું સહજ છે. તેથી પૂર્વપક્ષીએ એક વાતને સ્વીકારી અન્ય વાતને ખોટી ઠેરવવા પ્રયાસ કર્યો. ઉપા. મહારાજે બન્ને શાસ્ત્રવચનોને સંગત ઠેરવવા માટે કલ્પના કરી દેખાડી કે 'ક્રિયાવાદી નિયમા શુકલપાક્ષિક હોય છે.' એવી જે વાત છે એમાં 'ક્રિયારુચિ (અભ્યુપગમ) હોવી તે શુક્લ પક્ષ.' એવી વ્યાખ્યા હોવી જોઈએ. તેઓશ્રીમદે આ કલ્પના કરી દેખાડી ત્યારે આવી વ્યાખ્યા જણાવનાર શાસ્ત્રવચન તેઓશ્રી પાસે ઉપસ્થિત નહિ હોય, એટલે, 'અથવા' કહીને બીજી કલ્પનાથી પણ સંગતિ કરી દેખાડી છે. પણ પાછળથી શાસ્ત્રપાઠ [ઠાણાંગ અ. ૨, ઉ ૨. સૂ. ૭૯] મળતાં તે પાઠ તેઓશ્રીમદે હસ્તલિખિત પ્રતના ૪૩ માં પૃષ્ઠ પર હાંસિયામાં ઉમેર્યો છે, અને એમાં જણાવ્યું છે કે પ્રથમ કલ્પનામાં જે વ્યાખ્યા કરી દેખાડી છે તે શાસ્ત્રથી અવિરુદ્ધ છે, એટલે એ જ યોગ્ય છે.' ('ધર્મપરીક્ષા'ની પૂર્વ મુદ્રિત પ્રત અને પુસ્તકમાં આ પાઠ નથી, પણ પગથિયાનો ઉપાશ્રય, અમદાવાદની હસ્તલિખિત પ્રતના ૪૩ માં પૃષ્ઠનાં હાંસિયામાં તે છે.) આમ શાસ્ત્રવચન વગર પણ તેઓશ્રીએ કરેલી કલ્પના કે શાસ્ત્ર સંમત હોવી જણાય છે તે, તેઓ શ્રીમદ્‌ની પ્રજ્ઞા માર્ગાનુસારી હતી એને જણાવવાનો સચોટ પુરાવો છે. તેઓ શ્રીમદ્‌ની આ માર્ગાનુસારી પ્રજ્ઞાના પ્રભાવે પ્રસ્તુત ગ્રન્થમાં મુખ્યતયા નીચેની બાબતોનું વિશદ પ્રરૂપણ થયેલું છે.

## (ગ્રન્થાન્તર્ગત મુખ્ય મુખ્ય ચર્ચાઓ)

ધર્મની પરીક્ષામાં મુખ્ય ભાગ ભજવનાર જો કોઈ હોય તો એ માધ્યસ્થ્ય છે. જો કે ચઢિયાતી ચીજના ચઢિયાતાપણાને સિદ્ધ કરવા યુક્તિઓ ન લગાવવા દેનાર 'આપણે મન બધી વસ્તુઓ સમાન છે' એવા ભાવરૂપ માધ્યસ્થ્ય પરીક્ષાને પ્રતિકૂળ છે, પણ 'પોતે સ્વીકારેલ માન્યતા ઊડી જશે તો ?' આવો ભય પેદા કરનારા દૃષ્ટિરાગનો અભાવ હોવા રૂપ જે માધ્યસ્થ્ય તે તો પરીક્ષા માટે આવશ્યક છે જ. આવા માધ્યસ્થ્યવાળા પરીક્ષક સ્વપક્ષ–પરપક્ષરૂપ ભેદને આગળ કરીને જુદું જુદું વચન બોલતા નથી, એટલે કે ઉત્સૂત્ર ભાષણરૂપ દોષ સમાન હોવા છતાં 'સ્વપક્ષગત યથાછંદાદિનો નિયમા અનંત સંસાર નહિ અને પરપક્ષગત દિગંબરાદિનો નિયમા અનંત સંસાર હોય છે.' એવો ભેદ પાડતા નથી.

## [ઉત્સૂત્ર ભાષણ વિચાર પૃ. ૫–૨૬]

પૂ૦ પરપક્ષગત દિગંબરાદિ તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા હોઈ માર્ગનાશક હોય છે જ્યારે યથાછંદાદિ તેવા હોતા નથી, માટે આવો ભેદ પડે છે.

ઉ૦ ચોલપટ્ટો વગેરેના પ્રતિપાદક સૂત્રનો ઉચ્છેદ કરવાનો અભિપ્રાય યથાછંદાદિમાં હોય છે... તીર્થોચ્છેદની જેમ સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ છે. એટલે સૂત્રોચ્છેદનો અભિપ્રાય પણ સન્માર્ગનાશક છે જ. તેમ છતાં એનો સંસારકાળ અધ્યવસાય ભેદે જેમ સંખ્યાત અસંખ્યાત કે અનંત હોય છે તેમ પરપક્ષગત ઉત્સૂત્રભાષી માટે પણ જાણવું.

પૂ૦ કોઇ ચોકક્સ (નિયત) ઉત્સૂત્ર બોલનાર હોય તેનો સંસાર નિયમા અનંત હોય છે. યથાછંદાદિ તો જુદી જુદી વખતે જુદું જુદું ઉત્સૂત્ર બોલતો હોઇ કોઈ એક ઉત્સૂત્રને એણે દૃઢ કર્યું હોતું નથી.

ઉ૦ આવો નિયમ કોઇ શાસ્ત્રમાં કહ્યો નથી. 'उस्सुत्तभासगाणं बोहिणासो अणंतसंसारो' ઇત્યાદિ વચનો સામાન્ય કાર્ય કારણ ભાવને જ જણાવે છે. એવા વચનોથી આટલું જ નક્કી કરી શકાય છે કે 'ઉત્સૂત્ર ભાષણ બહુલતાએ અનંત સંસારનું કારણ બને છે' અથવા 'અનંત સંસારનું સ્વરૂપ યોગ્ય કારણ છે,' બાકી પાસત્થા, યથાછંદ વગેરેમાં પણ 'ઉદ્યતવિહારી સાધુઓની નિંદા કર્યા કરવી' એવું નિયત ઉત્સૂત્ર તો હોય જ છે. અવિચ્છિન્ન તીવ્ર સંક્લેશવાળો જીવ અશુભ અનુબંધના કારણે

અનંત સંસારી બને છે. ઉત્સૂત્ર ભાષણનું જે જીવ એ ભવમાં કે પરભવમાં પ્રાયશ્ચિત્ત કરે છે તેનો અનુબંધ તૂટી જવાથી અનંત સંસાર થતો નથી. પણ જેણે અનંતભવ વેદ્ય નિરુપક્રમ કર્મબંધ (અનુબંધ) કર્યો હોય તે અનંતભવ સુધીમાં પ્રાયશ્ચિત્ત જ કરી શકતો નથી.

**પૂ૦ દશવૈકાલિકમાં** નિહ્નવ માટે કહ્યું છે કે 'કિલ્બિષિકપણું પામીને પણ એ જાણી શકતો નથી કે મારા કયા કાર્યનું આ ફળ છે? ત્યાંથી નીકળીને પણ એ મુંગા બોબડાપણું–નરકપણું વગેરે પામે છે.' આના પરથી જણાય છે કે નિહ્નવાદિ ઉત્સૂત્રભાષીને પરભવમાં સ્વપાપનું જ્ઞાન જ હોતું નથી. તો એનું પ્રાયશ્ચિત્ત ક્યાંથી સંભવે? માટે અનુબંધ તૂટવા વગેરેની વાત અયોગ્ય છે.

ઉ૦ ત્યાં તો તપચોર વગેરેનો પણ ભેગો અધિકાર છે જેના માટે તમે પણ કિલ્બિષિકપણા વગેરેનો આવો નિયમ માનતા નથી. એટલે 'તપસ્તેન્ય વગેરેનું આ માત્ર ઉત્કૃષ્ટ ફળ દેખાડયું છે...' એવું જેમ માનવું પડે છે તેમ ઉત્સૂત્ર ભાષી માટે પણ માનવું જોઈએ.

## [ ૫ મિથ્યાત્વો પૃ. ૨૭-૩૭ ]

અશુભ અનુબંધનું મૂળ કારણ મિથ્યાત્વ છે જેના આભિગ્રહિક વગેરે પાંચ ભેદો છે. (૧) તત્ત્વોના અજાણ જીવની સ્વઅભ્યુપગત પદાર્થોની એવી શ્રદ્ધા કે જે તેને અપ્રજ્ઞાપનીય બનાવે તે **આભિગ્રહિક મિથ્યાત્વ છે.'** (૨) સ્વ-પરમાન્ય તત્ત્વોની સમાન રીતે શ્રદ્ધા કરવી એ **અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.** (૩) ભગવત્પ્રણીત શાસ્ત્રમાં બાધિત અર્થની વિદ્વાનને પણ જે સ્વરસવાહી શ્રદ્ધા હોય છે તે **આભિનિવેશિક મિથ્યાત્વ છે.** (૪) ભગવાનનું આ વચન પ્રમાણભૂત હશે કે નહિ? એવા સંશયના કારણે શાસ્ત્રાર્થ અંગે પડેલો સંશય એ **સાંશયિક મિથ્યાત્વ છે.** (૫) સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વોની જાણકારી ન હોવી એ **અનાભોગિક મિથ્યાત્વ** છે. અભવ્યોમાં આભિગ્રહિક કે અનાભોગિકમિથ્યાત્વ હોય છે. આભિગ્રહિક મિથ્યાત્વના 'આત્મા નથી' વગેરે માન્યતા ૩૫ જે ૭ ભેદો છે તે અભવ્યોમાં પણ હોવા સ્પષ્ટ જ છે, તેથી આભિગ્રહિક પણ તેઓમાં સંભવિત છે.

**પૂ૦** અનાભોગ મિથ્યાત્વ જ અવ્યક્ત છે. અભવ્યોને અવ્યક્ત મિથ્યાત્વ જ હોઈ માત્ર અનાભોગ મિથ્યાત્વ જ હોય છે.

**ઉ૦ ગુણસ્થાનક્રમારોહમાં** અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ હોવાનું પણ જણાવ્યું છે. **ઠાણાંગસૂત્ર** પરથી પણ અભવ્યોમાં આભિગ્રહિક મિથ્યાત્વની વિદ્યમાનતાનું સમર્થન થાય છે, વળી પાલક–સંગમ વગેરેને વ્યક્ત મિથ્યાત્વજન્ય અનેક કુવિકલ્પો હતા એવું સંભળાય છે.

**પૂ૦** ચરમાવર્તમાં જ ક્રિયારુચિનિમિત્તભૂત વ્યક્તમિથ્યાત્વ હોય છે. અભવ્યોને ચરમાવર્ત ન હોઈ વ્યક્તમિથ્યાત્વ પણ હોતું નથી.

ઉ૦ તો શું અચરમાવર્તવર્તી ભવ્યોમાં પણ તમે વ્યક્તમિથ્યાત્વ નથી માનતા?

## (વ્યવહારરાશિ વિચાર પૃ. ૩૮-૫૬)

**પૂ૦** વ્યવહારીજીવોનો સંસારકાળ અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત કહ્યો છે. અભવ્યો અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત સંસારમાં રહે છે. માટે અભવ્યો અવ્યવહારી જ હોય છે. અને તેથી તેઓને અવ્યક્તમિથ્યાત્વ જ હોય છે.

ઉ૦ અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત વનસ્પતિમાં રહી પછી અન્ય ભવમાં જઇ પાછો વનસ્પતિમાં એટલો કાળ પસાર થઈ શકે છે. આવું વારંવાર થવા દ્વારા અનંતા પુદ્ગલપરાવર્ત્ત પણ સંસારકાળ સંભવી શકે છે. આ વાત **ભુવનભાનુકેવલિચરિત્ર, યોગબિન્દુ** (૭૪) વગેરે શાસ્ત્રોમાં સિદ્ધ છે. વળી અભવ્યોમાં પણ વ્યાવહારિકત્વનું લક્ષણ તો જાય જ છે.

પૂ૦ 'જેટલા જીવો સિદ્ધ થાય છે એટલા જીવો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે છે.' આવા વચન પરથી જણાય છે કે વ્યવહારરાશિ કરતાં સિદ્ધો અનંતગુણ છે. 'બાદરનિગોદના જીવો સિદ્ધ કરતાં અનંતગુણ છે' એવું **પ્રજ્ઞાપનામાં** કહ્યું છે. એટલે જણાય છે કે બાદરનિગોદ અવ્યવહારરાશિ છે.

ઉ૦ પન્નવણાની વૃત્તિમાં અનાદિ વનસ્પતિને જ અવ્યવહારી કહ્યા છે. વળી વૃત્તિકારે આગળ અનાદિ વનસ્પતિ સિવાયના સઘળા જીવોને સ્પષ્ટ રીતે વ્યાવહારિક કહ્યા છે. **ઉપમિતિ ભવપ્રપંચા, સમયસાર, ભવભાવના, શ્રાવકદિનકૃત્યવૃત્તિ** વગેરે અનેક ગ્રન્થોમાં અનાદિ વનસ્પતિ એવી સૂક્ષ્મનિગોદને જ અવ્યવહારરાશિ કહી છે. 'सिज्झंति जत्तिया किर'....ઇત્યાદિ વચનથી સિદ્ધો સિદ્ધિ અવચ્છિન્ન વ્યવહારરાશિથી જ અનંતગુણ હોવા સિદ્ધ થાય છે, વ્યવહારરાશિ સામાન્યથી અનંતગુણ નહિ. એટલે એના બળે બાદરનિગોદને અવ્યવહારી માનવાનું આવશ્યક બનતું નથી... શાસ્ત્રોમાં વ્યાવહારિક જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ જે આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્ત કહી છે. તે વ્યાવહારિક જીવ વિશેષોને લક્ષમાં રાખીને કહી છે એવું કલ્પવું જોઈએ, એટલે 'વ્યાવહારિક તરીકે સિદ્ધ થયેલ એવા પણ અભવ્યાદિને અવ્યાવહારિક માનવાની' કે 'બધા વ્યાવહારિક જીવો સિદ્ધ થશે જ' એવું પણ માનવાની આપત્તિ નહિ આવે. માટે અભવ્યો પણ વ્યાવહારિક હોય છે. અને તેથી તેઓમાં પણ વ્યક્ત એવું આભિગ્રહિક મિથ્યાત્વ સંભવે છે.

## [ પાંચ મિથ્યાત્વોમાં ગુરુ લઘુભાવ-પૃ. ૫૭-૭૮ ]

મિથ્યાત્વના ૫ ભેદોમાંથી આભિગ્રહિક અને આભિનિવેશિક એ બે, ફળને આશ્રીને વધુ ભયંકર છે, શેષ ૩ પ્રજ્ઞાપનીયતા-ગુરુપારતન્ત્ર્ય વગેરે ફળને આશ્રીને મંદ-કંઈક ઓછા ભયંકર છે. મિથ્યાત્વની મંદતાના કારણે જેઓમાં મધ્યસ્થતા આવે છે તેઓની સદન્ધ ન્યાયે તેવી જોરદાર અસત્પ્રવૃત્તિ નહીં, પણ સત્પ્રવૃત્તિ જ થયા કરે છે. એટલે જ યોગની પૂર્વ સેવામાં સર્વ દેવ પૂજા વગેરે રૂપ અનાભિગ્રહિક મિથ્યાત્વને હિતકર કહ્યું છે. સર્વદેવાદિની પૂજા કરતાં તેઓ ચારિ સંજીવનીચાર ન્યાયે વિશિષ્ટ માર્ગ પામી જાય છે. સમ્યક્ત્વી વગેરે માટે દોષરૂપ એવી પણ આ સર્વદેવાદિની પૂજા મંદમિથ્યાત્વી માટે ગુણકર બની જાય છે, કારણ કે ગુણ-દોષની વ્યવસ્થા અવસ્થા ભેદે ભેદવાળી છે. જેમ કે સાધુ માટે દોષરૂપ એવી પણ જિનપૂજા શ્રાવકને ગુણકર છે. અનાભિગ્રહિક મિથ્યાત્વ ગુણકર હોવાથી જ મિત્રાદિ દૃષ્ટિ પામેલા જીવોને યથાર્થપણે ગુણસ્થાન હોવું કહ્યું છે. એ જીવો અવેદ્યસંવેદ્યપદસ્થિત હોવા છતાં કદાગ્રહશૂન્ય હોઈ સર્વજ્ઞના સેવકપણાના કારણે ભાવથી જૈનપણું પામે છે. ઇતરદર્શનસ્થ આવા જીવો પણ મુખ્ય સર્વજ્ઞના સેવક છે એની પ્રરૂપણા **યોગદૃષ્ટિ સમુચ્ચય** (૧૦૪) માં છે. અન્ય દર્શનોક્ત અનુષ્ઠાન કરનારા આવા જીવોમાં દ્રવ્યઆજ્ઞા વિદ્યમાન હોય છે, કારણ કે અપુનર્બંધકમાં અનેકવિધ અનુષ્ઠાન હોવું કહ્યું છે.

પૂ૦-શ્રીજિન વિશે કુશળચિત્ત, શાસ્ત્રલેખન વગેરે ધર્મના બીજો છે. એનું બીજાધાન એ અપુનર્બંધકતાનું લિંગ છે. ઇતર માર્ગસ્થમાં આ બીજો જ ન હોઈ અપુનર્બંધકતા જ હોતી નથી, તો દ્રવ્યઆજ્ઞા શી રીતે હોય?

ઉ૦.-આદિધાર્મિક જીવો માટે શ્રી જિનવિશે કુશળચિત્ત વગેરે જે જે કહ્યું છે તે બધું બધા અપુનર્બંધક માટે આવશ્યક છે એવું નથી, એ વિના પણ સ્વભૂમિકાને ઉચિત અન્ય અનુષ્ઠાનોથી અપુનર્બંધકતા સંભવિત છે. આ વાત 'અપુનર્બંધક અનેક પ્રકારના હોય છે' એવા શાસ્ત્રવચનપરથી જણાય છે.

## [ માર્ગાનુસારિતા વિચાર પૃ. ૭૯-૧૦૧ ]

માર્ગાનુસારીભાવ એ આજ્ઞાનું લક્ષણ છે. 'સ્વશાસ્ત્રોક્ત ક્રિયા જ એ ભાવનો હેતુ છે' એવું કહી શકાતું નથી. કેમ કે **મેઘકુમારના** જીવ હાથી વગેરેમાં એ ક્રિયા વગર પણ એ ભાવ હતો.

ભવાભિનંદીમાં ક્ષુદ્રતા વગેરે જે દોષો હોય છે તેનાથી પ્રતિપક્ષિભૂત ગુણોજ માર્ગાનુસારિતાના નિયત હેતુરૂપ છે જે કદાગ્રહશૂન્ય ઈતર માર્ગસ્થ **પતંજલિ** વગેરે જીવોમાં વિદ્યમાન હતા.

ચરમાવર્તમાં આ માર્ગાનુસારિતા, ક્ષુદ્રતા વગેરેનો નાશ થયે પેદા થાય છે. માટે વચનૌષધપ્રયોગકાળ પણ વ્યવહારથી ચરમાવર્ત કહ્યો છે. અને નિશ્ચયથી ગ્રન્થિભેદકાળ કહ્યો છે. એમાં પણ ગ્રન્થિભેદકાળને મુખ્ય કરવામાં આવ્યો છે.

**પૂ.–ઉપદેશપદની** ૪૩૨ મી ગાથાની વૃત્તિમાં ચરમયથાપ્રવૃત્તિકરણવિભાગે રહેલા અપુનર્બંધકાદિને જ વચનૌષધ પ્રયોગના અધિકારી કહ્યા છે. આ વિભાગ પછી જીવ અંતર્મુહૂર્તમાં અપૂર્વકરણાદિ ક્રમે ગ્રન્થિભેદ દ્વારા સમ્યક્ત્વ પામે છે. એટલે જણાય છે કે જેઓનો સંસાર દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત કરતાં અધિક હોતો નથી તેઓ જ વચનૌષધ પ્રયોગના અધિકારી છે. એટલે માર્ગાનુસારિતાનો કાલ પણ ચરમાવર્ત નહિ, કિન્તુ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત છે. તેથી જ **ઉપદેશપદની** ૪૪૬ મી ગાથામાં મિથ્યાત્વીઓની બધી પ્રવૃત્તિઓને અસુંદર કહીને તેના અપવાદ તરીકે યથાપ્રવૃત્તકરણચરમવિભાગે રહેલા, સંનિહિતગ્રન્થિભેદવાળા (ગ્રન્થિભેદની નજીક રહેલા) અને અત્યંતજીર્ણ મિથ્યાત્વજ્વરવાળા મિથ્યાત્વીઓને જ જણાવ્યા છે. આ ત્રણે વિશેષણો પરથી જણાય છે કે જે મિથ્યાત્વીઓની પ્રવૃત્તિઓ અસુંદર ન હોય પણ સુંદર હોય તેવા મિથ્યાત્વી તરીકે ગ્રન્થકારને અંતર્મુહૂર્તમાં જ જેઓ સમ્યક્ત્વ પામવાના છે તેવા મિથ્યાત્વીઓ અભિપ્રેત છે. માર્ગાનુસારિતાનો કાલ જો ચરમાવર્ત હોય તો દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત કરતાં અધિક સંસારવાળા માર્ગાનુસારી જીવોની પ્રવૃત્તિને પણ અસુંદર માનવી પડે. આ આપત્તિ ન આવે એ માટે માર્ગાનુસારિતાનો કાલ પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત જ માનવો યોગ્ય છે.

ઉ૦–જો તે કાલ આટલો માનીએ તો વચનૌષધ પ્રયોગના અધિકારી તરીકે પણ એટલા સંસારવાળા જ અપુનર્બંધકાદિને માનવા પડે. અને તો પછી અપુનર્બંધક કાળ કરતાં ગ્રન્થિભેદકાળની જે પ્રધાનતા દેખાડી છે તે ઘટે નહિ, કારણ કે બન્ને કાળ સમાન જ થઈ ગયા છે. વળી ચરમાવર્તવર્તી અપુનર્બન્ધકાદિની પ્રવૃત્તિ અસુંદર બની જવાની પણ આપત્તિ આવે છે. આ આપત્તિઓ ન આવે એ માટે 'યથાપ્રવૃત્તકરણચરમવિભાગ' શબ્દનો 'અપૂર્વકરણાદિ પમાડનાર યથાપ્રવૃત્તકરણ' એવો અર્થ ન કરતાં 'ચરમાવર્તમાં થયેલ યથાપ્રવૃત્તકરણ' એવો અર્થ કરવો યોગ્ય લાગે છે. વળી 'સંનિહિત ગ્રંથિભેદ' એવું વિશેષણ 'અંતર્મુહૂર્તમાં જ ગ્રન્થિભેદ કરનાર' એવા જ અર્થમાં પ્રયુક્ત હોય એવું નથી, કેમ કે યોગબિંદુમાં (૧૭૬) 'ચરમાવર્ત્તવર્તી" જીવને આસન્ન સિદ્ધિક કહ્યા છે, એટલે કે ત્યાં 'આસન્ન' શબ્દથી જેમ 'અંતર્મુહૂર્ત્ત'ની વાત નથી કિન્તુ યાવત્ ચરમાવર્ત્તની વાત છે તેમ પ્રસ્તુતમાં ' સંનિહિત ' શબ્દ માટે જાણવું. વળી ચરમાવર્ત્તમાં જ (દેશોનઅર્ધપુદ્ગલાવર્તમાં જ એમ નહિ) માર્ગાનુસારિતા અને દ્રવ્ય આજ્ઞાની પ્રાપ્તિ થતી હોવાથી ચરમાવર્ત્ત ભાવી અનુષ્ઠાનોને અન્યઆવર્ત્તભાવી અનુષ્ઠાનો કરતાં વિલક્ષણ હોવા યોગબિંદુમાં (૧૫૨) કહ્યા છે, 'ચરમ અર્ધ પુદ્ગલપરાવર્તભાવી અનુષ્ઠાનોને જ વિલક્ષણ કહ્યા છે' એવું નહિ, વળી 'બીજાદિની પ્રાપ્તિ ચરમાવર્ત્તમાં હોય છે, તેના પછી ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત્ત જ સંસાર શેષ હોય છે, તેમજ તે બીજ અંકુર વગેરેની પ્રાપ્તિ કાલના આંતરા સાથે કે તે વિના પણ થાય છે" આવા બધા પ્રતિપાદનો પણ જણાવે છે કે માર્ગાનુસારિતાનો કાલ ચરમાવર્ત છે તેમજ ચરમાવર્તવર્ત્તી મિથ્યાત્વીની પ્રવૃત્તિ સુંદર સંભવે છે.

**પૂ૦** જે અપુનર્બંધકાદિને શુદ્ધ વંદના હોય છે, તેઓનો સંસારકાલ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત કરતાં વધુ હોતો નથી' એવું **પંચાશક**માં કહ્યું છે.

ઉ૦ એ જે કહ્યું છે તે વિશુદ્ધજૈનક્રિયાના આરાધક અપુનર્બંધક માટે કહ્યું છે, સર્વ અપુનર્બન્ધકો માટે નહિ.

## [ આરાધક વિરાધક ચતુર્ભંગી–પૃ–૧૦૨–૧૫૩ ]

**ભગવતીજી**માં દેશ આરાધક, દેશ વિરાધક, સર્વ આરાધક અને સર્વ વિરાધકની ચતુર્ભંગી પ્રરૂપેલી છે. એની વૃત્તિમાં જ્ઞાન-દર્શનશૂન્ય અને ક્રિયાતત્પર એવા દેશઆરાધક તરીકે બાળ તપસ્વીઓ જણાવ્યા છે.

પૂ૦–જેની વિરાધનાથી વિરાધક બનાય છે તેની જ આરાધનાથી આરાધક બનાય છે. અન્યદર્શનસ્થ બાળ તપસ્વીના અનુષ્ઠાનોની વિરાધનાથી જો વિરાધક નથી બનાતું તો એની આરાધનાથી બાળ તપસ્વીમાં (દેશ) આરાધકપણું શી રીતે આવે? માટે એ દેશ આરાધક નથી, પણ જિનોક્ત સાધુક્રિયાઓને આરાધનાર દ્રવ્યલિંગી જ દેશ આરાધક છે. આ આરાધનાના બળે જ એ નવમા ગ્રૈવેયક સુધી જાય છે.

ઉ૦–'જ્ઞાન અને ક્રિયાનો સમુદાય જ મોક્ષનું કારણ છે, તે બેમાંથી કોઈ પણ એક નહિ' એની સ્પષ્ટતા માટે **ભગવતીજી**માં પ્રસ્તુત પ્રરૂપણા છે. આના પરથી જણાય છે કે જે જ્ઞાન (શ્રુત) અને ક્રિયા (શીલ) મોક્ષ પ્રત્યે અંશે પણ કારણભૂત હોય તેનો જ અહીં અધિકાર છે. દ્રવ્યલિંગીથી પળાતી જિનોક્ત ક્રિયાઓ આંશિક રીતે પણ મોક્ષના કારણભૂત નથી તો એની અપેક્ષાએ પ્રસ્તુતમાં આરાધના શી રીતે લેવાય? વળી અપ્રધાન દ્રવ્યરૂપ ચારિત્રાચાર પાલનથી શીલ માનવાનું હોય તો દ્રવ્યલિંગી અભવ્યાદિને સર્વ આરાધક માનવા પડશે, કેમ કે પંચાચારગત જ્ઞાનાચાર અને દર્શનાચારનું પણ તેઓમાં અપ્રધાન દ્રવ્યરૂપ પાલન તો હોય જ છે. વળી નિહ્નવમાં પણ દેશ આરાધકતા માનવી પડશે, કેમ કે એના શ્રુતનો જ ભંગ થયો હોય છે, ચારિત્રાચારોનું તો એ બરાબર પાલન કરતો હોય છે. વળી માર્ગાનુસારીજીવ અન્યદર્શનોક્ત જે દયા વગેરે ક્રિયાઓ કરે છે તે અસદ્ગ્રહ દૂર થયો હોવાથી ભાવથી જિનોક્ત જ હોય છે તો એ શીલરૂપ શા માટે ન ઠરે? હું અન્યે (પતંજલિ વગેરેએ) કહેલી ક્રિયા કરું છું" એવું જ્ઞાન તે ક્રિયાને આરાધનારૂપ બનતી કે પૂર્ણ ફળ આપતી અટકાવી શકતું નથી, પણ તે અન્યવક્તા પરના દૃષ્ટિરાગયુક્ત તેવું જ્ઞાન જ અટકાવી શકે છે. માર્ગાનુસારી જીવ મધ્યસ્થ હોઈ તેને આવો દૃષ્ટિરાગ હોતો નથી. વળી અન્ય શાસ્ત્રોક્ત સમાનાર્થક વાતો જૈન શ્રુત મૂલક જ છે. તેથી તેનો દ્વાદશાંગીમાં સમવતાર હોવો પણ કહ્યો છે. એટલે એ રીતે પણ ઉભય સંમત ક્રિયાઓ જિનોક્ત હોઈ આરાધના રૂપ શા માટે ન બને?

## [ सव्वप्पवायमूलं ગાથાર્થ વિચારણા–પૃ. ૧૧૭–૧૩૩ ]

પૂ.–ઈતરોમાં અકરણનિયમ વગેરેનું ઘુણાક્ષર ન્યાયે થયેલું વર્ણનમાત્ર જ હોય છે, વાસ્તવિક પાલન નહિ, તો શીલ ક્યાંથી હોય? ઉ.–માર્ગાનુસારી જીવે કરેલું વર્ણન પણ શુભભાવસાપેક્ષ હોઈ શુભભાવની વિદ્યમાનતાને સાબિત કરી આપે છે. એ સિવાયના જીવોનું કરેલું જ તથાવિધ વર્ણન ઘુણાક્ષર ન્યાયે હોઈ માર્ગાનુસારિતાનું સાધક હોતું નથી.

પૂ.–'જીવને હણવો જોઈએ' ઈત્યાદિ વાક્યો પણ પરપ્રવાદરૂપ છે. એ પ્રવાદો જિનવચનમૂલક હોવા શી રીતે સંભવે? વળી એની અવજ્ઞા કરવામાં શ્રીજિનની અવજ્ઞા થાય એવું પાપ શી રીતે મનાય? માટે ઉપદેશપદની 'सव्वपवायमूलं'' ગાથાની વૃત્તિકારે કરેલી વ્યાખ્યા અયોગ્ય છે. યોગ્ય વ્યાખ્યા આવી જાણવી કે 'કેવલજ્ઞાનની જેમ દ્વાદશાંગ પણ સમ્યક્ત્વી કે મિથ્યાત્વી દરેક જીવોમાં સત્તારૂપે રહેલ છે. સામાન્યથી આ દ્વાદશાંગ જ દરેક પ્રવાદેનું મૂળ છે, પણ શ્રી સુધર્માસ્વામી વિરચિત દ્વાદશાંગ નહિ. એટલે એની અવજ્ઞા કરવામાં જિનાવજ્ઞા થતી નથી.

ઉ.–નિષેધ કરવા રૂપે કે 'આવા વાક્યો અન્ય દર્શનીઓ બોલે છે' ઈત્યાદિ અનુવાદ રૂપે 'જીવને હણવો જોઇએ' એવા વાક્યો જિન વચનમાં કહેલા હોય તો કોઈ અસંગતિ ન હોઈ નવી વ્યાખ્યા કરવી અયોગ્ય છે. વળી અન્યદર્શનના પણ સુંદર પ્રવાદોની અવજ્ઞા કરવામાં જ શ્રીજિનની અવજ્ઞા

છે, અસુંદર પ્રવાદોની અવજ્ઞા કરવામાં નહિ. વળી અન્ય દર્શનીઓના સુંદર પ્રવાદોની અવજ્ઞાનો પરિહાર કરવા એ ગાથા ઉપસ્થિત થઈ છે, જ્યારે તમારી આ નવી વ્યાખ્યા પ્રમાણે તો 'અન્ય-દર્શનીઓના પ્રવાદો મિથ્યાત્વી જીવને સત્તામાં રહેલ દ્વાદશાંગીમાંથી પ્રાદુર્ભૂત થયા છે, માટે એ સ્વરૂપતઃ સુંદર હોય તો પણ ફળતઃ અસુંદર હોઈ એની અવજ્ઞા જ કરવી જોઈએ' એવું સિદ્ધ થાય છે. એટલે તમારી કલ્પેલી વ્યાખ્યા અયોગ્ય છે. **સૂયગડાંગમાં** મિથ્યાત્વીઓની સઘળી ક્રિયાઓને જે નિષ્ફળ કહી છે તે પણ ભવાભિનંદી મિથ્યાત્વીઓની જાણવી, માર્ગાનુસારીની નહિ, કેમકે એની ક્રિયાઓ અશુભભાવથી હણાયેલી હોતી નથી. માટે 'અન્ય માર્ગસ્થ માર્ગાનુસારી બાળતપસ્વી દેશ આરાધક છે' એ વાત યોગ્ય છે, અન્ય આચાર્યોના મતે અનભિનિવિષ્ટચિત્તવાળો એકાન્ત સૂત્રરુચિ ગીતાર્થને અનિશ્રિત એવો અગીતાર્થ દેશ આરાધક છે. યથાપ્રવૃત્તકરણની અવસ્થાવિશેષના-કારણે ગ્રન્થિની સમીપે રહેલા સાધુ અને શ્રાવક પણ નૈગમનયાનુસારે દેશ આરાધક છે.

મોક્ષમાર્ગના દેશરૂપ ચારિત્રને નહિ પામેલો કે પામ્યા પછી નહિ પાલનાર સમ્યક્ત્વી જીવ દેશ વિરાધક છે.

પૂ.–ચારિત્રને નહિ પામેલા જીવને પણ વૃત્તિકારે જે વિરાધક કહ્યા છે તે યોગ્ય નથી, કેમકે, તો તો પછી ચારિત્ર ન પામેલા ચરક–પરિવ્રાજકાદિ જ્યોતિષથી ઉપર જઈ જ શકે નહિ, કારણકે ચારિત્રના વિરાધકની એનાથી ઊંચી ગતિ કહી નથી. વળી કેવલીને પણ અપ્રાપ્ત જિનકલ્પના વિરાધક માનવા પડશે. ઉ.–અપ્રાપ્તિવાળા જીવને પણ ચારિત્રઅંશના જે વિરાધક કહ્યા છે તે પારિભાષિક વિરાધનાના તાત્પર્યે, 'જેને જેની અપ્રાપ્તિ હોય તેનો તે વિરાધક' એવી વાસ્તવિક તરીકે કલ્પેલી વ્યાપ્તિના તાત્પર્યે નહિ. વિરાધકને જ્યોતિષથી ઉપર જે ગતિ નથી કહી તે વાસ્તવિક વિરાધકને, આ પારિભાષિક વિરાધકને નહિ. આ એક પરિભાષા હોવાથી જ એ અવિરત સમ્યક્ત્વી રૂપ દેશવિરાધકમાં ચારિત્ર સિવાયના અન્ય બે અંશ 'શ્રુત અને દર્શનની' હાજરી જણાવી દેશઆરાધક કરતાં શ્રેષ્ઠતા જણાવે છે. શીલવાન અને શ્રુતવાન એવા સાધુ સર્વ આરાધક ભાંગામાં આવે છે. દેશવિરતિરૂપ આંશિક શીલમાં શીલનો ઉપચાર કરી શ્રાવકોનો પણ આ જ ભાંગામાં સમાવેશ જાણવો. ભવાભિનંદી જીવો સર્વવિરાધક રૂપ ચોથા ભાંગામાં આવે છે. એ જીવો દ્રવ્યચારિત્રનું પાલન કરતા હોય તો પણ તેઓનો ભાવ લેશથી પણ શુદ્ધ ન હોઇ આ ભાંગામાં જ જાણવા, કેમકે સર્વજ્ઞના શાસનમાં લેશ પણ શુભભાવને જ બોધિબીજ કહ્યો છે.

## [ અનુમોદના–પ્રશંસા વિચાર પૃ. ૧૫૪–૧૯૭ ]

આ ચારમાંથી પહેલા ૩ ભાંગા અનુમોદનીય છે, છેલ્લો નહિ. શુભ ભાવ સાક્ષાત્ અનુમોદનીય છે, શુભ ક્રિયાઓ તેના કારણ તરીકે અનુમોદનીય છે અને સાધુ વગેરે તેના સંબંધી તરીકે અનુમોદનીય છે. ત્રણે યોગોનો પ્રમોદ મૂલક વ્યાપાર એ અનુમોદના છે. વળી પ્રશંસા વાચિક હોય છે. એટલે દ્રવ્ય અને પૃથ્વી વચ્ચે જેવો સામાન્ય–વિશેષરૂપ હોવાનો ભેદ છે એવો જ અનુમોદના–પ્રશંસા વચ્ચે પણ ભેદ છે, પણ 'બન્નેના વિષયો જુદા છે માટે ભેદ છે' એવું નથી.

પૂ.–જે ચીજ પોતાને અનિષ્ટ હોય તેની પણ ક્યારેક 'સામાપાસેથી કામ કઢાવી લેવું' વગેરે કારણે પ્રશંસા કરવામાં આવે છે, કિન્તુ એ અનિષ્ટની અનુમોદના તો ક્યારેય કરાતી નથી. એટલે બન્નેના વિષયો જુદા છે. ઉ.–અનિષ્ટ વિષયની સ્વારસિક પ્રશંસા હોતી નથી. પુષ્ટ કારણે અનિષ્ટની જે પ્રશંસા કરવામાં આવે છે તે ઇષ્ટની પ્રશંસાની જેમ સ્વઇષ્ટ સાધક હોઈ પરિણામે તો ઈષ્ટ પ્રશંસારૂપ જ હોય છે. તેથી પરિણામતઃ વિચારીએ તો કોઈ વસ્તુ એકાન્તે ઈષ્ટ કે અનિષ્ટ હોતી જ નથી. એટલે અનુમોદના–પ્રશંસાના વિષયમાં કોઈ ભેદ નથી. સ્વરૂપ શુદ્ધ દરેક અનુષ્ઠાન જાતિથી અનુમોદનીય હોય છે. શુભભાવ યુક્ત અન્ય અનુષ્ઠાન પણ અનુમોદનીય છે. વિષયશુદ્ધાદિ ત્રણે પ્રકારનું

અનુષ્ઠાન પ્રશસ્ત છે. અન્યદર્શની અપુનર્બન્ધકાદિમાં રહેલ મોક્ષાશયભાવ પણ તત્ત્વતઃ ભગવદ્ બહુમાનરૂપ છે. એટલે તેઓના દયા-દાનાદિ પણ અનુમોદનીય છે જ.

પૂ.–અન્યદર્શનીના દયાદાનાદિની અનુમોદના કરવામાં આવે તો એનામાં રહેલા મિથ્યાત્વની પણ અનુમોદના શું નહિ થઇ જાય?

ઉ.–અવિરત સમ્યક્ત્વીના સમ્યક્ત્વની અનુમોદના કરવામાં શું એની અવિરતિની અનુમોદના થઇ જાય છે?

પૂ.–એની અવિરતિ સ્ફુટ દોષરૂપ ન હોઈ તેની અનુમોદના થતી નથી,

ઉ.–માર્ગાનુસારીનું મિથ્યાત્વ પણ સ્ફુટદોષરૂપ નથી. કુદેવાદિની નિન્દાદિથીયુક્ત મિથ્યાત્વ જ સ્ફુટ-દોષરૂપ છે. માટે 'મિથ્યાત્વીના ગુણોને નહિ જ પ્રશંસોએ' એવું વચન એ દુર્વચન છે. કો'કના, ચારિત્રાદિની તત્કાળ પ્રાપ્તિ ન કરાવી આપનાર એવા અનુષ્ઠાનો પણ સમ્યક્ત્વના લક્ષણોનું સાહચર્ય જોઈ જેમ અનુમોદનીય છે તેમ કો'કના, સમ્યક્ત્વની તત્કાળ પ્રાપ્તિ ન કરાવી આપનાર એવા અનુષ્ઠાનો પણ 'તીવ્રભાવે પાપનું અકરણ' વગેરે રૂપ અપુનર્બન્ધકપણાના લક્ષણોનું સાહચર્ય જોઈ અનુમોદનીય બને જ છે.

### [ શુકલપાક્ષિક-કૃષ્ણપાક્ષિક વિચાર (પૃ. ૧૫૩ થી પૃ. ૧૭૯) ]

પૂ.–સમ્યક્ત્વીઓ જ ક્રિયાવાદી અને શુકલપાક્ષિક છે એટલે મિથ્યાત્વીનું તો કોઈ અનુષ્ઠાન અનુમોદનીય નથી.

ઉ.–**દશાશ્રુતસ્કંધનીચૂર્ણિમાં** મિથ્યાત્વીને પણ ક્રિયાવાદી તેમજ શુકલપાક્ષિક કહ્યો છે, તેમજ એનો સંસારકાળ ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત કહ્યો છે.

પૂ.–**શ્રાવક પ્રજ્ઞપ્તિમાં** અર્ધપુદ્ગલાવર્તથી ન્યૂન સંસારવાળા જીવોને જ શુકલપાક્ષિક કહ્યા છે. એટલે 'ક્રિયાવાદી શુકલપાક્ષિક જ હોય' એવો નિયમ પણ તારવી શકાતો નથી. એટલે જ **ભગવતીજીમાં** સલેશ્ય જીવોનો અતિદેશ કરીને શુકલપાક્ષિકમાં અક્રિયાવાદનો સંભવ પણ કહ્યો છે.

ઉ.–ભગવતીજી વગેરેમાં વિશેષ પ્રકારના ક્રિયાવાદીની વાત છે. જ્યારે દશા. ચૂર્ણિમાં ક્રિયાવાદી સામાન્યની વાત છે, એટલે કોઈ વિરોધ રહેતો નથી. ભગવતીજીની વૃત્તિમાં કહ્યું જ છે કે 'સમ્યગ્ અસ્તિત્વવાદી એવા સમ્યક્ત્વીઓજ અહીં ક્રિયાવાદી તરીકે લેવાના છે' વળી 'ક્રિયાવાદી શુકલપાક્ષિક જ હોય' એવા નિયમમાં જે અસંગતિ દેખાય છે તે 'ક્રિયારુચિ હોવી તે શુકલપક્ષ' એવી વ્યાખ્યા કરીને દૂર કરવી. આવી વ્યાખ્યા ઠાણાંગ વૃત્તિગ્રન્થમાં જોવા પણ મળે જ છે.

### [ સકામ-અકામ નિર્જરા વિચાર–પૃ. ૧૮૦-૧૮૮ ]

પૂ. મિથ્યાત્વીનું કોઈપણ અનુષ્ઠાન અકામનિર્જરાનું કારણ હોઈ અનુમોદનીય નથી.

ઉ.– ભદ્રકપ્રકૃતિવાળા મિથ્યાત્વીના પણ 'મારે કર્મક્ષય થાવ' એવી ઈચ્છાથી થયેલા સ્વયોગ્ય સદનુષ્ઠાનમાં સકામનિર્જરાનું લક્ષણ જતું હોઈ એ સકામનિર્જરાનું જ કારણ બને છે, અને તેથી અનુમોદનીય હોય છે.

પૂ.–**યોગશાસ્ત્રમાં** તો કહ્યું છે ને કે 'સકામનિર્જરા યતિઓને (સાધુઓને) જ હોય છે.'

ઉ.– એ કથન પ્રૌઢિવાદ છે. એટલે કે 'ઉત્કૃષ્ટ સકામનિર્જરા સાધુઓને જ હોય' એવું જણાવવાના તાત્પર્યમાં છે. નહિતર તો દેશવિરતિ અને અવિરત સમ્યક્ત્વીને પણ અકામ નિર્જરા જ માનવાની આપત્તિ આવે.

પૂ. મિથ્યાત્વીઓને તપ નથી હોતો, તો સકામનિર્જરા શી રીતે હોય?

ઉ.– 'માર્ગાનુસારી મિથ્યાત્વીઓને ચાન્દ્રાયણ તપ વગેરે હોય છે' એવું યોગબિન્દુ (૧૩૧) માં કહ્યું છે, વળી માત્ર તપ જ નહિ, પણ માર્ગાનુસારીનું કોઈપણ અનુષ્ઠાન સકામનિર્જરાનું

કારણ છે. જે કોઈ ઉચિત અનુષ્ઠાન હોય છે તે અકામનિર્જરાનું કારણ બનતું નથી અને જે કોઈ અનુચિત અનુષ્ઠાન હોય છે તેને ફળતઃ બાળ તપ કહો કે અકામ નિર્જરાનું અંગ કહો એમાં કોઈ ફેર નથી. માર્ગાનુસારી મિથ્યાત્વીની બુદ્ધિનો અબુદ્ધિ તરીકે અપલાપ કરી શકાતો નથી. માટે એને પણ બુદ્ધિપૂર્વક નિર્જરા સંભવે છે.

પૂ. મિથ્યાત્વીના ગુણની અનુમોદના કરવામાં પરપાખંડીની પ્રશંસારૂપ સમ્યક્ત્વનો અતિચાર લાગશે.

ઉ.- માત્ર ઈતરોને માન્ય જે અગ્નિહોત્ર વગેરે અનુષ્ઠાનો (ગુણો) છે તેને જિન પ્રણીત અનુષ્ઠાનને તુલ્ય માનવારૂપ જે મોહ (અજ્ઞાન) તેના કારણે અથવા મિથ્યામાર્ગની અનવસ્થા ચાલે તેના કારણે જ એ અતિચાર લાગે છે, અન્યથા નહિ. જેમ પ્રમાદીઓ પ્રમાદિતાવચ્છેદક ધર્મથી અપ્રશંસનીય છે, સમ્યક્ત્વાદિ ધર્મથી નહિ, તેમ મિથ્યાત્વીઓ પાખંડતાવચ્છેદક ધર્મથી અપ્રશંસનીય છે, માર્ગાનુસારી ક્ષમાદિ ગુણોથી નહિ.

## [મરીચિના વચનની વિચારણા (પૃ. ૧૯૦ થી પૃ. ૨૦૫)]

પૂ.- દેશવિરતિના અભિપ્રાયથી 'મનાગ્' શબ્દ વાપર્યો હોવાથી એ વચન મરીચિની અપેક્ષાએ સૂત્ર હતું. કપિલને પરિવ્રાજક દર્શનમાં ધર્મની બુદ્ધિ થઈ, માટે એની અપેક્ષાએ એ ઉત્સૂત્ર હતું. તેથી, તેમજ મરીચિનો સંસાર અસંખ્ય જ હતો તેથી નક્કી થાય છે કે એ વચન ઉત્સૂત્રમિશ્ર હતું.

ઉ. માયાનિશ્રિત અસત્યરૂપ હોઈ એ વચન ઉત્સૂત્ર જ હતું. સૂત્ર-ઉત્સૂત્રની વ્યવસ્થા શ્રુતભાવભાષાની અપેક્ષાએ છે. દ્રવ્યથી સત્યત્વ કે અસત્યત્વ અકિંચિત્કર છે. તથાવિધ સંક્લેશથી અસ્પષ્ટ બોલવું એ પણ ઉત્સૂત્ર છે.

પૂ.- દુરન્ત=દુઃખે કરીને જેનો અંત આવે તે, એટલે કે અસંખ્યકાળ; અનંત=અંતવિનાનું એટલે કે અનંતકાળ, તેથી મરીચિના વચનને દુરંત અનંત સંસારનું કારણ માનવું શી રીતે સંગત ઠરે ?

ઉ.- દુરંત-અનંત શબ્દો અસંખ્ય-અનંતને નથી જણાવતાં, કિન્તુ અતિશયિત અનંતને જણાવે છે. માટે કોઇ અસંગતિ નથી.

પૂ. **શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્ર ચૂર્ણિમાં** વિપરીત પ્રરૂપણાના અધિકારમાં મરીચિનું દૃષ્ટાન્ત આપ્યું છે. **સાવદ્યાચાર્ય** વગેરેનું દૃષ્ટાન્ત નથી આપ્યું. તેના પરથી, તેમજ જેઓને મોટી સભા વગેરેમાં બોલવાનું ન હોવાથી તેવા સંક્લેશાદિ હોતા નથી તેવા શ્રાવકોના અધિકારમાં એ દૃષ્ટાન્ત આપ્યું છે તેના પરથી, જણાય છે કે અનંત સંસારના હેતુભૂત ઉત્સૂત્રથી વિલક્ષણ પ્રકારની, અસંખ્ય સંસારના હેતુભૂત વિપરીત પ્રરૂપણાનો (એટલે કે ઉત્સૂત્રમિશ્રનો) ત્યાં અધિકાર છે. માટે એમાં દૃષ્ટાન્ત તરીકે કહેવાયેલ મરીચિવચન પણ ઉત્સૂત્રમિશ્ર છે.

ઉ.- શ્રાવકોને પણ ગુરૂપદેશાધીન રહીને સભામાં ધર્મ કથનનો અધિકાર હોય છે. વળી ત્યાં 'दुरन्तानन्तसंसारहेतु' એવું જે કહ્યું છે તેના પરથી જણાય છે કે અનંત સંસારના હેતુભૂત ઉત્સૂત્રનો જ ત્યાં અધિકાર છે.

પૂ. તો પછી અસંખ્ય સંસારી મરીચિનું દૃષ્ટાન્ત અસંગત બની જશે.

ઉ. ઉપલક્ષણ વ્યાખ્યાથી એની સંગતિ કરવી યોગ્ય છે.

## [જમાલિના સંસાર ભ્રમણની વિચારણા (પૃ. ૨૦૬ થી પૃ. ૨૩૧)]

પૂ. 'આચાર્ય પરંપરાથી પ્રાપ્ત થયેલ અર્થની અન્યથા વ્યાખ્યા કરનાર વ્યક્તિ **જમાલિની** જેમ અરઘટ્ટઘટીયન્ત્રન્યાયે સંસારમાં ભમશે' આવું **સૂયગડાંગનિર્યુક્તિવૃત્તિમાં** કહ્યું છે. આ ન્યાય અનંતસંસારને જણાવે છે. માટે નક્કી થાય છે કે જમાલિના ભવો ૧૫ નથી, પણ અનંત છે.

ઉ. એમાં જમાલિનું જે દૃષ્ટાન્ત આપ્યું છે તેની પણ ઉપલક્ષણ વ્યાખ્યાથી સંગતિ જાણવી. નહિતર તો અરઘટ્ટઘટીયન્ત્રન્યાય ચારે ગતિના ભ્રમણને સૂચવતો હોવાથી જમાલિનું પણ ચારે ગતિમાં

ભ્રમણ માનવાની આપત્તિ આવે. (જ્યારે એ નરકમાં તો જવાનો નથી) માટે એ ન્યાય હોવા છતાં પ્રતિમાં જેમ ભેદ માન્ય છે તેમ અધ્યવસાયભેદે સંસાર કાળનો ભેદ પણ માનવો જોઈએ. વળી એ ન્યાય દેખાડયો હોવા માત્રથી અનંત સંસાર માનવાનો હોય તો તો કામાસક્ત જીવોને પણ નિયમા અનંતસંસાર માનવો પડે, કેમકે **આચારાંગવૃત્તિમાં** એ જીવો માટે પણ આ ન્યાય દેખાડયો છે.

પૂ.– **ભગવતીજીમાં** જમાલિના સૂત્રમાં જે 'चत्तारि पंच तिरिक्खजोणियमणुअदेवभवग्गहणाइं' શબ્દો છે તેમાં ચાર એટલે બેઈન્દ્રિયાદિ ચાર અને પાંચ એટલે પૃથ્વીકાયાદિ પાંચ એકેન્દ્રિય, આમ 'નવ પ્રકારના તિર્યંચભવો તેમજ દેવ મનુષ્ય ભવોમાં ભમશે' એવો અર્થ હોવાથી અનંત ભવો સિદ્ધ થઈ જશે, કેમકે એકેન્દ્રિય પ્રકારના ભવોમાં અનંતભવ પણ થઈ શકે છે.

ઉ.– વિભક્ત્યન્ત ચતુષ્–પંચ શબ્દ સમાસગત માત્ર તિર્યંચ યોનિક શબ્દના જ વિશેષણ બની શકતા નથી. માટે, તેમજ ચાર–પાંચ શબ્દો ૪–૫ ભવોને જણાવી શકે, ૪–૫ પ્રકારના ભવોને નહિ માટે પણ, પૂર્વપક્ષીએ જણાવેલો અર્થ અયોગ્ય છે. એમ **ત્રિષષ્ટિમાં** જે 'પંચકૃત્વ:' શબ્દ છે તેનો માત્ર 'તિર્યંચ' શબ્દમાં અન્વય કરવો એ દ્વન્દ્વ સમાસની મર્યાદાથી વિરૂદ્ધ છે. માટે આવી બધી ક્લિષ્ટ કલ્પનાઓથી અનંતભવની સિદ્ધિ થઈ શકતી નથી.

પૂ.– સૂત્રમાં 'યાવત્' શબ્દ વિશેષ્ય કે વિશેષણરૂપે વપરાય છે. વિશેષ્યભૂત યાવત્ શબ્દ પૂર્વોક્ત ગણના આદ્ય અને અંતિમ શબ્દો સહિત વપરાય છે અને મધ્યવર્તી પદોનો સંગ્રાહક હોય છે. વિશેષણભૂત યાવત્ શબ્દ દેશનિયામક કે કાળ નિયામક હોય છે. પ્રત્યનીકો અંગેના સામાન્યસૂત્રમાં તે વિશેષણભૂત હોઇ કાળનિયામક છે. એટલે જમાલિ માટેના વિશેષસૂત્રમાં પણ વિશેષણભૂત યાવત્ શબ્દનો અધ્યાહાર સમજવાનો છે. તેથી એ સૂત્ર પરથી જ અનંતકાળનું નિયમન સિદ્ધ થઈ જાય છે.

ઉ.– 'कालाध्वनोर्व्याप्तौ' એ સૂત્રાનુસારે દ્વિતીયા વિભક્તિથી જ કાળનિયમન જઈ જતું હોવાથી તે માટે 'યાવત્' શબ્દ પ્રયોગ નથી. એ તો પૂર્વપ્રસ્તુત પદ સમુદાયની ઉપસ્થિતિ માટે જ છે. વળી સૂત્રમાં તો વિશેષ્ય–વિશેષણથી ભિન્ન દ્યોતકરચનારૂપ 'યાવત્' શબ્દ પણ વપરાય છે. પ્રસ્તુતમાં પણ તે વાક્યાર્થનો જ દ્યોતક હોય તો પણ કોઈ અસંગતિ નથી. એ વિચારવું. વળી 'जाव चत्तारि पंच.' ઈત્યાદિ સૂત્ર પણ પરિમિત ભવવાળા જમાલિજાતીયદેવકિલ્બિષિક વિષયક હોય, દેવકિલ્બિષિક સામાન્ય વિષયક નહીં, એવું સંભવે છે, નહિતર આગળનું 'अत्थेगइआ.' ઈત્યાદિ સૂત્રકથન અસંગત બની જાય.

પૂ૦ **'चत्तारिपंच.'** સૂત્ર જો અનંતભવવિષયક ન હોય તો નિર્વિષયક જ બની જાય, કેમ કે એનાથી કોઈ ચોક્કસ સંખ્યા તો જણાતી જ નથી.

ઉ૦ જેમ '૭–૮ ભવો, ૭–૮ ડગલાં' વગેરે શબ્દોમાં સંકેત વિશેષ વશાત્ એક સંખ્યાવાચકત્વ છે તેમ પ્રસ્તુતમાં પણ જાણવું. વળી કોઈક પ્રતમાં તો **'चत्तारिपंच'** નહિ પણ **'पंच'** શબ્દ જ મળે છે. દ્વન્દ્વ સમાસ સર્વપદ પ્રધાન હોઈ આ પાંચ સંખ્યાનો તિર્યંચ મનુષ્ય અને દેવ એ ત્રણેયમાં અન્વય કરવાનો છે. એટલે ૧૫ ભવો સિદ્ધ થાય છે.

પૂ૦ જિનાજ્ઞા આરાધક **સુબાહુકુમારને** ૧૬ ભવો છે. જમાલિના જો ૧૫ ભવો હોય તો ફલિત એ થાય કે આરાધના કરતાં વિરાધના સારી.

ઉ૦ આવું કહેવું એ અવિવેક છે. નહિતર **દઢપ્રહારીને** તદ્ભવે મુક્તિ અને આનંદ વગેરે શ્રાવકોને દેવ-મનુષ્યભવક્રમે મુક્તિ છે. એટલે 'હત્યાદિ પાપો સારા' એવું કહેવું પડે.

પૂ૦ સન્દિગ્ધ ઉત્સૂત્ર ભાષી મરીચિને અસંખ્યભવ ને જમાલિને પંદર જ ?

ઉ૦ આ બધું તથાભવ્યત્વવિશેષના કારણે જ અપર્યનુયોજ્ય છે. નહિતર તો 'મરીચિને નરકભવ અને જમાલિને નહિ ?' એનો તમે પણ શું જવાબ આપશો ?

પૂ૦ **ઉપદેશમાલાની સિદ્ધર્ષીય** ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે 'કિલ્બિષિક દેવપણું અને અનંતસંસાર ઉપાર્જ્યો.'

ઉ. એ ટીકાની જુદી જુદી (હ. લિ.) પ્રતોમાં જૂદા જૂદા પાઠ મળે છે. કો'કમાં માત્ર કિલ્બિષિકત્વનીજ વાત છે, એટલે જેમાં બન્ને વાતો છે એના પરથી અનંતભવો અને ભગવતીસૂત્ર પરથી પંદર ભવો જણાય છે. વાસ્તવિકતા તત્ત્વવિદ્‌ગમ્ય છે.

પૂ. **ભગવતી** પરથી પણ અનંત ભવોની સિદ્ધિ જ **સિદ્ધર્ષિ**ને માન્ય છે, નહિતર તો પોતે 'દેવકિલ્બિષિકપણું' અને અનંતભવ ઉપાર્જ્યાં' એમ કહી સાક્ષી તરીકે ભગવતીનો એ જ પાઠ શા માટે આપે?

ઉ. **તત્ત્વાર્થ સૂત્રની** વૃત્તિમાં ઇન્દ્રિયના સંસ્થાન અને પરિમાણ એ બેના અધિકારમાં **પન્નવણાની** સાક્ષી માત્ર સંસ્થાન અંગે જ આપી છે. એમ પ્રસ્તુતમાં પણ ભગવતીની સાક્ષી માત્ર કિલ્બિષિકપણાં અંગે જ હોય, અનંત ભવ અંગે નહિ, (કેમકે આગળ કહી ગયા તે મુજબ ભગવતી પરથી અનંતભવ સિદ્ધ થઈ શકતા નથી.) એવું માનવું અમને યોગ્ય લાગે છે. અથવા ત્યાં બીજો જ કોઈ સુંદર અભિપ્રાય હશે, પણ કુવિકલ્પોની પરંપરા ચલાવી ગ્રન્થ કદર્થના કરવી એ યોગ્ય નથી.

## [કેવલી દ્રવ્યહિંસા વિચાર (પૃ. ૨૩૩ થી પૃ. ૪૪૨)]

કેવલીયોગ નિમિત્તક હિંસાને અનુકૂલ જે હિંસ્ય જીવનું કર્મ તેના વિપાકપ્રયુક્ત હિંસા કેવલીયોગથી થતી હોય તો એને કોણ અટકાવી શકે? માટે કેવલીને પણ અશક્યપરિહારરૂપ દ્રવ્ય-હિંસા હોય છે.

પૂ૦ આ રીતે તો બધ.ના યોગથી થતી હિંસાને અશક્ય પરિહારરૂપ કહેવી પડશે.

ઉ૦ અનાભોગ-પ્રમાદાદિ-કારણ ઘટિત સામગ્રીજન્ય હિંસાને આભોગાદિથી અટકાવી શકાય છે, માટે એ શક્ય પરિહાર છે. યોગમાત્ર જન્ય હિંસાને યોગ નિરોધ વગર અટકાવી શકાતી નથી. માટે સયોગીને એ અશક્ય પરિહાર છે.

## [કેવલી પ્રયત્નવિચાર પૃ.-૨૩૫-૨૪૩]

પૂ૦ એ હિંસા વખતે કેવલી જીવરક્ષાનો પ્રયત્ન કરે કે નહિ? જો ન કરે તો અસંયત બની જાય. જો કરે છે તો એ પ્રયત્નને નિષ્ફળ માનવો પડે, પણ એ સંભવતુ નથી, કારણ કે વીર્યાન્તરાય ક્ષીણ થઈ ગયું છે.

ઉ૦ સર્વ જીવોના હિતના ઉદ્દેશથી થયેલ વાક્ પ્રયત્ન ભારે કર્મીનું હિત કરી શકતો નથી, એટલા માત્રથી શું એને નિષ્ફળ કહેવાય?

પૂ૦ એ પ્રયત્ન અધિકૃત લઘુકર્મી જીવો અંગે સફળ હોઈ સફળ છે, જ્યારે અશક્ય પરિહાર-વાળા જીવો અંગેનો રક્ષા પ્રયત્ન તો સર્વથા નિષ્ફળ જ હોય છે.

ઉ૦ ક્ષુધા પરીષહ વિજયનો પ્રયત્ન હોવા છતાં ક્ષુધા લાગે છે, તેમ છતાં માર્ગાચ્યવનાદિરૂપે એ સફળ કહેવાય છે, તેમ પ્રસ્તુતમાં જાણવું.

પૂ૦ સાધુના યોગથી, સંસાર જનનરૂપ હિંસાફળથી શૂન્ય જે દ્રવ્યહિંસા થઈ જાય છે તેને જણાવનાર **ઓઘનિર્યુક્તિના** અધિકારમાં વૃત્તિકારે કહ્યું છે કે 'न च प्रयत्नं कुर्वंतापि रक्षितुं पारितः' જીવરક્ષાના ઉપાયનો અનાભોગ હોય તો જ છતે પ્રયત્ને જીવરક્ષા થતી નથી. એટલે જણાય છે કે અનાભોગ શૂન્ય કેવલીનો અહીં અધિકાર નથી, તેમજ તેઓના યોગોથી આવી હિંસા થતી નથી.

ઉ૦ જીવરક્ષા માટે કેવલી પણ જે ઉલ્લંઘનાદિ કરે છે તે જ જીવરક્ષાના ઉપાયભૂત છે અને તેનો તો ગીતાર્થને અનાભોગ હોતો નથી. 'તે હિંસા થવામાં અનાભોગ જવાબદાર છે જે કેવલીને ન હોઈ કેવલીને તેવી હિંસા હોતી નથી.' એમ કહેવું યોગ્ય નથી. 'न च प्रयत्नं......' ઇત્યાદિ પણ અનાભોગને જણાવવા માટે નહીં, પણ 'યોગમાં રહેલ હિંસાનિમિત્તક કર્મબંધજનક જે શક્તિ તેનું જયણા પરિણામથી વિઘટન થાય છે.' એવું જણાવવા માટે કહ્યું છે.

પૂ૦-જયણા પરિણામ એટલે હિંસાદિને વર્જવાનો અભિપ્રાય. 'આનાથી દુર્ગતિહેતુભૂત કર્મબંધ થશે' એવું જેના માટે જણાય તેનો વર્જનાભિપ્રાય હોય. કેવલિને સદા સામયિક કર્મબંધનો નિશ્ચય હોઈ કશાનો વર્જનાભિપ્રાય હોતો જ નથી. તો જો તેનાથી હિંસા થાય તો કર્મબંધ થવો જ જોઈએ.

ઉ૦-ઉચિત પ્રવૃત્તિની પ્રધાનતાવાળા સામાયિકના પ્રભાવે કેવલીને પણ વર્જનીય ચીજો અંગે વર્જનાભિપ્રાય હોય જ છે, અન્યથા અનેષણીય પરિહારના અભિપ્રાયનો પણ અભાવ માનવો પડે જે રેવતીના કોલાપાક દૃષ્ટાંતમાં બાધિત છે.

[ગર્હણીયકૃત્ય વિચાર પૃ. ૨૪૪-૨૫૨]

પૂ૦-'ક્ષીણમોહ વગેરે વીતરાગ જીવો કોઈપણ ગર્હણીય કૃત્ય કરતા નથી' એ રીતે ઉપદેશપદમાં (૭૩૧) કેવલીને જીવહિંસા વગેરે ગર્હણીયનો સ્પષ્ટ નિષેધ કર્યો છે.

ઉ૦-એ નિષેધ ભાવહિંસા વગેરેનો છે, માત્ર દ્રવ્યહિંસાનો નહિ, કેમકે એ અશક્ય પરિહારરૂપ હોઈ શિષ્ટોને અગર્હણીય હોય છે. જો એ પણ ગર્હણીય હોય તો તેનાથી ઉપશાન્તમોહજીવના યથાખ્યાત ચારિત્રનો વિલોપ જ થઈ જાય. વળી ઉપદેશપદમાં આગળ પાછળનો સંદર્ભ જોઈએ તો જણાય છે કે ચોથા વગેરે ગુણઠાણે જેનો ઉત્તરોત્તર અપકર્ષ થતો જતો હોય તેનો વીતરાગમાં નિષેધ કરવાનો ત્યાં અભિપ્રાય છે. આ અપકર્ષ તો આભ્યન્તર પાપનો જ હોય છે, નહિ કે દ્રવ્યહિંસા વગેરેનો પણ. માટે ઉપદેશપદમાં અકરણનિયમની અપેક્ષાએ કહેવાયેલા એ વચનોથી જિનમાં અપ્રતિષેવિત્વની સિદ્ધિ થાય છે, પણ દ્રવ્યહિંસાના અભાવની નહિ.

પૂ૦-એ અધિકારમાં 'વીતરાગ' પદની વ્યાખ્યામાં વૃત્તિકારે ઉપશાન્તમોહીને કેમ ન લીધા?

ઉ૦-ત્યાં પરિનિષ્ઠિત અકરણનિયમની વિવક્ષા છે. ઉપશાન્તમોહી અવશ્ય પડવાનો હોઈ તેનો અકરણનિયમ પરિનિષ્ઠિત હોતો નથી. વળી આ પરિનિષ્ઠિત અકરણનિયમના ફળ તરીકે દ્રવ્યાશ્રવનો જ વીતરાગમાં અભાવ માનવાનો હોય તો અર્થાપત્તિથી ભાવાશ્રવની હાજરી માનવાની આપત્તિ આવે એ પણ ખ્યાલમાં રાખવું.

પૂ.-છતે આભોગે હિંસા થવી અપવાદપદે જ સંભવિત છે. જ્ઞાનાદિરક્ષાભિપ્રાયના કારણે સંયમપરિણામ ટકી રહેતો હોવાથી આ હિંસા દ્રવ્યાશ્રવરૂપ હોય છે. અન્ય અવસ્થામાં થતા હિંસાદિ જો અનાભોગજન્ય હોય તો જ સંયમ ટકે. એટલે એ હિંસાદિ અનાભોગના કારણે દ્રવ્યાશ્રવરૂપ હોય છે. અપ્રમત્તને અપવાદપદ હોતું નથી. એટલે તેઓથી થતી હિંસામાં આભોગ માની શકાતો નથી. વળી તેઓમાં પ્રમાદ તો હોતો નથી. એટલે તેઓથી થનાર હિંસા વગેરેરૂપ દ્રવ્યાશ્રવ પ્રત્યે અનાભોગસહકૃત મોહનીયકર્મ જ કારણ બને છે. એટલે જેઓમાં અનાભોગ અને મોહ નથી એવા કેવળીને તો દ્રવ્યાશ્રવ હોય જ શી રીતે?

ઉ૦-દ્રવ્યહિંસા વગેરે રૂપ દ્રવ્યાશ્રવની પરિણતિ નોદન સંયોગાદિ યોગવ્યાપારરૂપ સ્વસ્વ કારણજન્ય હોય છે. એને જો મોહજન્યકર્મ માનવાની હોય તો જિનને મોહયુક્ત માનવા પડે, કેમ કે તેઓમાં પણ વસ્ત્ર, પાત્ર-રજોહરણાદિ દ્રવ્યપરિગ્રહસ્વરૂપ દ્રવ્યાશ્રવ હોય છે.

(યોગ અંગે વિચારણા પૃ. ૨૬૧-૨૮૧)

પૂ૦-છદ્મસ્થસંયતોના યોગો અનાભોગસહકૃત મોહનીયકર્મરૂપ સહકારી કારણવશાત્ જીવઘાતહેતુ બને છે. કેવલીને અનાભોગ કે મોહનીય હોતા નથી. એટલે તેના યોગો જો જીવઘાતહેતુ બનતા હોય તો પારિશેષાત્ કેવલજ્ઞાનરૂપ સહકારી કારણવશાત્ જ તેવા બને. અને તો પછી એ હંમેશા ઘાતક જ રહે. વળી જ્યાં સુધી ચરમહન્તવ્યજીવ હણાય નહિ ત્યાં સુધી 'અમુક ક્ષેત્રાદિમાં મારે આટલા આટલા જીવો અવશ્ય હણવાના છે.' આવું કેવલજ્ઞાનથી જણાયા જ કરતું હોવાથી હિંસાનુબંધી રૌદ્રધ્યાન માનવું પડશે.

ઉ૦-આવી કુકલ્પનાથી દ્રવ્યહિંસાને ઊડાડતા તમે શું દ્રવ્ય પરિગ્રહને પણ ઊડાડશો કે? આ રીતે તો દ્રવ્યપરિગ્રહ અંગે પણ તમે કહી શકો છો કે જ્યાં સુધી ચરમધર્મોપકરણનું ધારણ નહિ થાય ત્યાં સુધી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન માનવું પડશે.

પૂ૦-વસ્ત્રાદિધારણ સાધુઓને આપવાદિક હોય છે એટલે ધર્માર્થમતિથી ઉપગૃહીત હોઈ દ્રવ્યપરિગ્રહ કેવલીને દોષરૂપ નથી બનતો.

ઉ૦-આ રીતે કેવલીને અપવાદ માનશો તો 'સંયતોમાં અપવાદસેવન પ્રમત્તોને જ હોય છે' એવી તમારી પ્રતિજ્ઞા હણાઈ જશે. વળી અપવાદપદે દ્રવ્યપરિગ્રહ માનવામાં તમારા મતે કેવલીના યોગો અશુભ બની જવાની પણ આપત્તિ આવશે; કેમકે 'જે યોગો આભોગપૂર્વક દ્રવ્યાશ્રવના ફળોપધાયકહેતુ બને તે અશુભ' એવો તમારો મત છે.

પૂ૦-જ્ઞાનાદિની હાનિના ભયે સાધુઓ અપવાદ સેવે છે. કેવલીને તે ભય ન હોવાથી અપવાદ સેવન હોતું નથી. એટલે ધર્મોપકરણ પણ અપવાદપદે નથી હોતા પણ વ્યવહારનયના પ્રામાણ્ય માટે હોય છે. આ માટે જ શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીયને પણ તેઓ આરોગે છે. આ શ્રુતવ્યવહારશુદ્ધિના પ્રભાવે જ ધર્મોપકરણ કે અનેષણીયપિંડ સાવદ્ય પણ રહેતા નથી.

ઉ૦-આ તો મુગ્ધપ્રતારણ જ છે, કેમકે શ્રુતવ્યવહારશુદ્ધિરૂપ ઉપાધિના કારણે નિરવદ્ય બનેલું હોઈ આ બધું આપવાદિક જ બની જાય છે. તેથી જ્ઞાનાદિહાનિનો ભય•વગેરે ન હોવાના કારણે ઉન્નત નિમ્ન દૃષ્ટાન્તપ્રદર્શિત ઉત્સર્ગ-અપવાદનો અભાવ કેવલીમાં હોવા છતાં, કેવલીમાં સાધુસમાનધર્મતા જે કહી છે તેના પરથી જણાય છે કે સૂત્રમાં કહેલ ક્રિયાવિશેષરૂપ ઉત્સર્ગ-અપવાદ હોવા સંભવિત છે, એવું અમને યોગ્ય લાગે છે. એટલે ધર્મોપકરણ વગેરે પણ આપવાદિક હોઈ તમારા મતે કેવલીના યોગો અશુભ બનશે જ. વાસ્તવિકતા તો એ છે કે સૂત્રોક્ત ઇતિકર્તવ્યતાના ઉપયોગપૂર્વકનો વ્યાપાર એ શુભયોગ છે. અને તેના ઉપયોગવગરનો વ્યાપાર એ અશુભ યોગ છે. સંયતોને છટ્ઠે ગુણઠાણે પણ શુભયોગ જે હોય છે તે સંયમના સ્વભાવે જ હોય છે. અને અશુભયોગ પ્રમાદના કારણે હોય છે. તેથી જાણવા છતાં ધર્મોપકરણને ધારવામાં અવર્જનીય દ્રવ્યપરિગ્રહ લાગવા છતાં અપ્રમત્તતાના કારણે કેવલીના યોગો જેમ અશુભ બનતા નથી તેમ ગમનાદિ કરવામાં થતી અવર્જનીય દ્રવ્યહિંસા અંગે પણ જાણવું.

## [ કાયિકી વગેરે ક્રિયાનો વિચાર ૨૭૮-૨૮૩ ]

પૂ૦-કેવલીમાં આ રીતે દ્રવ્યહિંસાની સિદ્ધિ કરશો તો તેમને હિંસક માનવા પડશે.

ઉ૦-કેવલીમાં દ્રવ્યપરિગ્રહને સ્વીકારતાં તમે શું કેવલીને પરિગ્રહી માનો છો? વળી અપ્રમત્ત અને વીતરાગમાં દ્રવ્યહિંસા થવા છતાં આરંભિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાનો અભાવ હોવો ભગવતીમાં કહ્યો છે. એ અધિકાર પરથી જણાય છે કે આરંભિકી ક્રિયા પ્રમાદ સુધી જ હોય છે અને પ્રાણાતિપાતિકી ક્રિયા પ્રદ્વેષપૂર્વક હિંસા કાળે જ હોય છે. એટલે છતી હિંસાએ પણ વીતરાગ પ્રાણાતિપાતકર્ત્તા બનતા નથી. વળી અવશ્યંભાવિની હિંસાકાળે આભોગ હોવા માત્રથી જિનને ઘાતક માનશો તો નદ્યુત્તારાદિ કાળે સાધુને પણ ઘાતક માનવા પડશે.

## ( જળજીવવિરાધના વિચાર-૨૮૪-૩૨૨ )

પૂ૦-સાધુઓને તો જળજીવોનો આભોગ ન હોઈ તેની હિંસાનો પણ આભોગ હોતો નથી એટલે એ હિંસા અનાભોગજન્યઅશક્યપરિહારરૂપે થતી હોઈ સાધુઓને ઘાતક માનવા પડતા નથી.

ઉ૦-'અહીં જીવો ઓછા છે, અહીં વધારે છે' એવું જાણીને જયણા પાલતા સાધુઓને જીવોનો અનાભોગ શી રીતે કહેવાય? એ જયણાની સંગતિ માટે જળજીવોનો વ્યવહારસચિત્તરૂપે આભોગ માનવો જ પડે છે. વળી તેઓનો નિશ્ચયથી આભોગ ન હોવા છતાં ત્યાં રહેલ પનકાદિનો તો

નિશ્ચયથી સચિત્તરૂપે આભોગ હોય જ છે. તેથી સાધુને એના ઘાતક માનવાની આપત્તિ તો આવશે જ. વળી 'પૃથ્વીકાયાદિ જીવોનો આભોગ તો કેવલજ્ઞાનસાધ્ય જ છે' એવું માનવું પણ યોગ્ય નથી, કેમકે એ રીતે તો કીડી વગેરેના જીવનો આભોગ પણ તેવો જ માનવો પડે.

પૂ૦–ચેષ્ટારૂપ લિંગથી તેનો આભોગ અભિવ્યક્ત હોય છે.

ઉ૦–જિનોક્તલિંગથી પૃથ્વીકાયાદિનો આભોગ પણ શું અભિવ્યક્ત નથી હોતો? બાકી સ્વ-અદર્શન(ચાક્ષુષઅદર્શન)માત્રના કારણે અનાભોગ માનવાનો હોય તો, 'આ ચાદર નીચે કીડીઓ છે,' એવું આપ્તજને કહ્યા પછી પણ એના પર ચાલે તો પણ એ હિંસાને અનાભોગજન્ય માનવી પડે. માટે જળજીવોનો આભોગ તો માનવો જ પડે છે. એટલે નદ્યુત્તારાદિમાં થતી વિરાધના આભોગ મૂલક તો હોય જ છે. તેમ છતાં એ આજ્ઞાશુદ્ધ હોઈ દુષ્ટ નથી...

પૂ૦–જયણાથી પ્રવર્ત્તતા સાધુથી અનાભોગ જન્ય અશક્ય પરિહાર રૂપે જે વિરાધના થાય છે તેને जा जयमाणस्स० ઇત્યાદિ ગાથા દ્વારા નિર્જરાફલક કહી છે. આના પર વિચાર કરીએ તો જણાય છે કે વર્જનાભિપ્રાયના પ્રભાવે એ વિરાધના પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનું કારણ બને છે અને સંયમ પરિણામને અક્ષત રહેવા દે છે. કેવલીને અનાભોગ ન હોઈ આ બધું શી રીતે સંભવે?

ઉ૦–એ ગાથાની વૃત્તિમાં તે વિરાધના તરીકે આપવાદિક વિરાધના કહી છે. અને આપવાદિક વિરાધના તો અનાભોગ જન્ય કે વર્જનાભિપ્રાયવાળી હોતી નથી. એટલે તમે કહેલી રીતે એ નિર્જરાની હેતુ નથી. કિન્તુ ઋજુસૂત્રમતે સાવ વિલક્ષણ હોવાના કારણે અને વ્યવહારનયે વિલક્ષણ સહકારીઓથી સહકૃત હોવાના કારણે બંધહેતુભૂત એવી પણ વિરાધના નિર્જરાહેતુ બને છે. વળી નિશ્ચયથી તો આજ્ઞા શુદ્ધભાવ જ નિર્જરાનો હેતુ છે. નિશ્ચયના અંગભૂત વ્યવહારથી એ વિરાધનાને નિર્જરાનો હેતુ કહેવામાં કોઈ બાધક નથી, કેમ કે 'जे आसवा ते परिसवा' ઇત્યાદિ કહ્યું છે. નદી ઉતરવામાં પણ આજ્ઞા શુદ્ધ ભાવના કારણે જ સાધુ નિર્દોષ રહે છે. નહિ કે જળજીવના અનાભોગના કારણે. બાકી જળ જીવોનો અનાભોગ જ જો હોય તો નદીનું પાણી પીવામાં પણ મૂલ પ્રાયશ્ચિત્ત ન આવવું જોઈએ, વળી જીવથી ખિચોખિચ લોકમાં દ્રવ્ય હિંસા થવા છતાં પણ સાધુ જે નિર્દોષ રહે છે તેની સંગતિ **વિશેષાવશ્યક ભાષ્યમાં** શુદ્ધ પરિણામના કારણે જ કરી છે, નહિ કે અનાભોગના કારણે જ, બાકી આભોગ હોવા માત્રથી વિરાધના સમ્યક્ત્વાદિની નાશક બની જતી હોય તો ઔત્સર્ગિક એવી વિહારાદિ ક્રિયાઓ પણ છોડી દેવી પડે.

પૂ૦–છતે આભોગે વિરાધના કરવામાં આવે તો એ વિરાધનાથી અટકવાનો પરિણામ ન રહેવાના કારણે સર્વવિરતિ ટકે નહિ, અને દેશવિરતિ જ આવી જશે.

ઉ૦–આવી આપત્તિ નથી, કારણ કે એ વિરાધનામાં પણ ૧૮૦૦૦ શીલાંગના સ્વીકારરૂપ પ્રતિપત્તિ અને સૂત્રાજ્ઞા પરિપૂર્ણ રહે છે. નિશ્ચયનયે એકપણ શીલાંગ સુપરિશુદ્ધ હોય તો શેષ પણ સુપરિશુદ્ધ હોય જ છે, વ્યવહારનયે એકાદિ શીલાંગ ભાંગવા છતાં અવશિષ્ટ ચારિત્ર વિદ્યમાન હોય છે. તેથી દેશવિરતિ આવી જવાની આપત્તિ નથી. શીલાંગની પરિપૂર્ણતા ભાવવિરતિની અપેક્ષાએ હોય છે, બાહ્ય પ્રવૃત્તિની અપેક્ષાએ નહિ. ઉત્સૂત્ર (સૂત્ર બાહ્ય) પ્રવૃત્તિ વિરતિપરિણામનો બાધ કરે છે. નદ્યુત્તારાદિ પ્રવૃત્તિ જિનાજ્ઞાથી થયેલી હોઈ સાતિચાર પણ હોતી નથી. તો તેનાથી દેશવિરતિ ક્યાંથી આવી જાય?

### [અપવાદ વિષયક ઉપદેશ વિચાર–૩૨૩-૩૪૯]

પૂ૦–જિનોપદેશ વિધિનિષેધમુખે તો જયણા–અજયણા વિષયક જ હોય છે. એનાથી વસ્તુનું અનાદિસિદ્ધ કલ્પ્યત્વ કે અકલ્પ્યત્વ સ્વરૂપ જણાય છે. એ જાણીને પછી પ્રવૃત્તિ–નિવૃત્તિ તો સ્વતઃ જ થાય છે. એટલે નદ્યુત્તારાદિની કે તેમાં થતી વિરાધનાની સાક્ષાત્ જિનાજ્ઞા હોતી જ નથી, તો એ પ્રવૃત્તિને જિનાજ્ઞાથી થયેલી કેવી રીતે કહેવાય?

ઉ૦–જિનોપદેશ વ્યવહારથી 'બહુ લાભ–અલ્પનુકસાન' એ ન્યાયે દ્રવ્યહિંસાનું પણ નૈમિત્તિક વિધાન કરે છે. ઉત્સર્ગથી નિષિદ્ધ ચીજનું જ કો'ક નિમિત્તે વિધાન હોય છે. નિશ્ચયથી તો બાહ્ય કોઈ ચીજની એકાન્તે અનુજ્ઞા કે નિષેધ નથી, માત્ર શુભભાવનું વિધાન અને અશુભ ભાવનો નિષેધ છે. વળી જયણાનો જ ઉપદેશ હોય તો 'જયં ચરે' વગેરેમાં ચરણાદિ અંશનું શું કરશો? વળી વિધ્યર્થપ્રત્યયનું જે ઈષ્ટસાધનતાબોધકત્વ હોય છે એજ એનું પ્રવર્ત્તકત્વ છે. એટલે 'તે પ્રત્યયયુક્ત જિનોપદેશથી જ આપવાદિક પ્રવૃત્તિ પણ થાય છે, સ્વતઃ નહિ' એ સ્વીકારવું જોઈએ. પરપીડાનો અપવાદપદે વિધિમુખે ઉપદેશ હોવો પણ **ભગવતીજી** વગેરેમાં ઠેર ઠેર જોવા મળે છે.

**[ કલ્પભાષ્યનો અધિકાર ૩૫૦–૩૭૭ ]**

જેમ છતે આભોગે દ્રવ્યપરિગ્રહથી કેવલીના કેવલજ્ઞાન કે ચારિત્રમાં કોઈ દોષ ભો ઊથતો નથી તેમ દ્રવ્યહિંસા માટે જાણવું. હિંસાની ચતુર્ભંગીના 'નો દ્રવ્ય–નો ભાવ' રૂપ ચોથા ભાંગાથી જેમ હિંસાનો દોષ નથી તેમ દ્રવ્યમાત્ર હિંસા રૂપ બીજા ભાંગાથી પણ કોઈ દોષ લાગતો નથી. સયોગી કેવલીને આ ચતુર્ભંગીમાંથી જો માત્ર ચોથો ભાંગો જ માનવાનો હોય તો **કલ્પભાષ્યમાં** વસ્ત્રછેદન અધિકારમાં અપ્રમત્તથી માંડીને સયોગી કેવલી સુધીના જીવોમાં છતી દ્રવ્યહિંસાએ જે સમાન રીતે નિર્દોષિતા કહી છે તે ઘટે નહિ. 'જીવ જ્યાં સુધી એજનાદિ ક્રિયાયુક્ત હોય છે ત્યાં સુધી આરંભાદિનો સંભવ હોય છે' એવું જણાવનાર **ભગવતીસૂત્રની** સાક્ષીપૂર્વક એ વસ્ત્રછેદન અધિકારમાં એવો પૂર્વપક્ષ ઊઠાવવામાં આવ્યો છે કે 'વસ્ત્રાદિનું છેદન કરવામાં આરંભ થવાથી સાધુમાં હિંસકત્વ આવી જાય; માટે એ છેદનાદિ ન કરવા' આ પૂર્વપક્ષનું 'ઉપયુક્ત અપ્રમત્તાદિમાં હિંસાન્વિત યોગજ હોતો નથી' ઈત્યાદિરૂપે નિરાકરણ ન કરતાં તેવો યોગ સ્વીકારીને જ પ્રતિબંદીથી નિરાકરણ કર્યું છે, તેમજ 'ભાવથી ઉપયુક્ત હોવાના કારણે જ અપ્રમત્તાદિમાં અહિંસકત્વ છે' ઇત્યાદિ રૂપે નિરાકરણ કર્યું છે. વળી ભગવતીજીના તે સૂત્ર પરથી પણ સયોગી કેવલીમાં દ્રવ્યહિંસાની સિદ્ધિ થઈ જ જાય છે, કેમકે સયોગીને એજનાદિ ક્રિયા હોય છે.

પૂ૦–ભગવતીજીના એ સૂત્રમાં 'જે જ્યાં સુધી એજનાદિયુક્ત હોય તે ત્યાં સુધી આરંભાદિમાન્ હોય' એવો નિયમ જણાવવાનું તાત્પર્ય છે. એટલે આરંભ એજનાદિનો વ્યાપક બનવાથી વહ્નિની જેમ 'કારણ' હોવો જણાય છે. અને એ 'આરંભ' શબ્દનો અર્થ 'યોગ' છે. તેથી એ સૂત્ર પરથી સયોગી કેવલીમાં પણ 'એજનાદિ હોવાથી જીવઘાત રૂપ આરંભ હોય છે' એવું સિદ્ધ થતું નથી, પણ 'યોગરૂપ આરંભ હોવાથી એજનાદિ હોય છે' એવું સિદ્ધ થાય છે.

ઉ૦–આરંભાદિ ૩ શબ્દો યોગને જણાવે છે એ વાત દુર્ઘટ છે. વળી એજનાદિ ક્રિયા એ જ કાયાદિસાપેક્ષ યોગરૂપ છે. તેથી 'એ બે વચ્ચેનો વ્યાપ્ય વ્યાપક ભાવ જણાવવાનું એ સૂત્રનું તાત્પર્ય છે' એવું શી રીતે મનાય? વાસ્તવિકતા એ છે કે આરંભાદિશક્તિયુક્ત ક્રિયાઓ આરંભાદિને નિયત છે તેમજ એ શક્તિયુક્ત યોગ જ અંતક્રિયા પ્રતિબંધક છે. વળી આવી ક્રિયાથી પુદ્ગલપ્રેરણા દ્વારા જે આરંભ થાય છે તે સાધુઓને શાસ્ત્રિક (ખેડૂતના) દૃષ્ટાન્ત મુજબ નિર્દોષ હોય છે. આવો આરંભ કેવલીને પણ હોય છે, કેમકે ચલોપકરણત્વ હોય છે. સ્થૂલ ક્રિયા રૂપે ફલિત થતા આ આરંભને નિમિત્ત કારણ તરીકે આશ્રીને **આચારાંગવૃત્તિમાં** કર્મબંધની વિચારણા કરી છે. એમાં જે કહ્યું છે કે 'ઉપશાન્તમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવલીને કષાયાભાવ હોઈ સામયિક કર્મબંધ થાય છે.' તેનાથી પણ સિદ્ધ થાય છે કે 'ઉપશાન્તમોહીની જેમ ક્ષીણમોહી અને સયોગીમાં પણ નિમિત્તકારણરૂપે આરંભ તો હોય જ છે.

**[ કાયસ્પર્શજન્ય વિરાધના વિચાર–૩૭૭–૪૦૨ ]**

પૂ૦–વૃત્તિકારે એમાં કેવલીનો સમાવેશ કર્યો છે તે અસંગત છે, કેમકે ગુર્વાદેશવિધાયી સાધુની તે સૂત્રમાં વાત ચાલે છે. કેવલીઓએ ગુરુના આદેશને અનુસરવાનું હોતું નથી.

ઉ૦– કેવલિમાં પણ ફલતઃ ગુર્વાદેશ વિધાયિત્વ હોઈ આવી કોઈ અસંગતિ નથી.

પૂ૦– સૂત્રમાં અવશ્યંભાવિનીવિરાધનાનિમિત્તક કર્મબંધની વાત છે. અવશ્યંભાવિની વિરાધના તે હોય છે જે અનાભોગવશાત્ કાદાચિત્કી હોય. કેવલીમાં અનાભોગ ન હોઈ તેવી વિરાધના જ હોતી નથી. માટે ત્યાં કેવલીની વાત અયોગ્ય છે.

ઉ૦– અનાભોગની જેમ વિષયનું અસંનિધાન વગેરેના કારણે પણ કાદાચિત્કત્વ સંભવિત હોઈ કેવલીમાં પણ તેવી વિરાધના સંભવિત છે જ. અનભિમત હોવા સાથે અવર્જનીય સામગ્રીવાળું જે હોય તે અવશ્યંભાવી કહેવાય છે. વસ્તુતઃ તો સર્વ કાર્યો પુરુષાર્થ અને ભવિતવ્યતા ઉભયજન્ય હોવા છતાં એમાંથી જે ઉત્કટ કે બહુ હોય તેને આગળ કરીને પુરુષાર્થજન્યત્વ કે ભવિતવ્યતાજન્યત્વ (અવશ્યભાવિત્વ)નો વ્યવહાર થાય છે.

પૂ૦— અયોગીના શરીર પર થતી વિરાધના મરનારા મશકાદિના યોગના અન્વયવ્યતિરેક ધરાવતી હોઈ મશકાદિકર્તૃક હોય છે. સયોગીના શરીરથી પણ જો એ થતી હોય તો તો એ સયોગીના યોગ સાથે અન્વય વ્યતિરેક ધરાવતી હોઈ તત્કર્તૃક જ કહેવી પડે, જે શાસ્ત્રવિરુદ્ધ છે.

ઉ૦–અધિકરણાદિ રૂપ કારક સંબંધથી જે વિરાધના થાય છે તન્નિમિત્તક કર્મબંધની ત્યાં **આચારાંગવૃત્તિમાં** વિચારણા છે જે સયોગીમાં પણ સંભવે છે. કર્તાની અપેક્ષાએ જ જો એ વિચારણા હોય તો અપ્રમત્તાદિની વિચારણા પણ અયોગ્ય ઠરી જાય, કેમકે હિંસાદિનો કર્તા તો પ્રમત્ત જ હોય છે,

પૂ૦–આચારવૃત્તિનો આ અધિકાર પ્રાસંગિક જ છે. ઉપશાન્તમોહી વગેરે ત્રણેને સ્થિતિનિમિત્તભૂત કષાયોદય ન હોઈ સામયિક કર્મબંધ હોય છે એવી સમાનતા જણાવવા માટે એ ત્રણની સમુચ્ચયથી વાત કરી છે. એટલે એનાપરથી 'સયોગીમાં પણ વિચાર્યમાણ કર્મબંધના નિમિત્તકારણરૂપે જીવઘાતાદિની સિદ્ધિ થાય છે' એવું કહી શકાતું નથી.

ઉ૦–'अत्र कर्मबन्धं प्रति विचित्रता' એવા વૃત્તિવચનમાં 'अत्र' એ નિમિત્તસપ્તમી હોઈ 'વિરાધનારૂપ નિમિત્તે થતા કર્મબંધ પ્રત્યે વિચિત્રતા' એવો અર્થ ફલિત થાય છે. માટે એ અધિકાર પ્રાસંગિક નથી. વળી 'સયોગીમાં પણ જીવઘાતાદિને નિમિત્ત તરીકે લઈને થતા કર્મબંધની એ વાત છે' એવું જો ન માનીએ તો ઉપશાન્તમોહીની સાથે એનો જે સમુચ્ચય કર્યો છે તેનો નિર્વાહ નહિ થાય, કારણકે સમુચ્ચિત પદાર્થોમાંથી એકમાં પણ જે રીતે પ્રસ્તુત ધર્મવિશિષ્ટ ક્રિયાનો અન્વય હોય એ રીતે જ અન્ય સઘળા પદાર્થોમાં તે હોય તો જ તે નિર્વાહ થાય છે.

## [ જીવરક્ષા અતિશય/લબ્ધિ વિચાર ૪૦૨-૪૨૨ ]

પૂ૦— યોગજન્યજીવઘાતાભાવરૂપ જીવરક્ષાગુણ ચારિત્રાવરણક્ષયજન્ય હોય છે જે સર્વકેવલીમાં સમાન રીતે હોય છે. તેથી કેવલીઓમાં અહિંસાનો અતિશય હોય છે. એટલે તો 'अणासवो केवलीण ठाणं'' કહ્યું છે.

ઉ૦— તો પણ મશકાદિના યોગથી અયોગીના શરીર સ્પર્શથી જેમ હિંસા થાય છે તેમ સયોગીના શરીરથી કેમ ન થાય? વળી અનાશ્રવને જે કેવલીનું સ્થાન કહ્યું છે, તે ભાવઆશ્રવના અભાવના અભિપ્રાયે જ, નહિં કે હિંસાના સર્વથા અભાવના અભિપ્રાયે. વળી દ્રવ્યહિંસાને દોષરૂપ માની સયોગીમાં તેનો નિષેધ કરનારા તમારા મતે સયોગી કરતાં અયોગી હીન હોવા સિદ્ધ થશે, કેમ કે તેઓના શરીરે દ્રવ્યહિંસા હોવી તમે પણ સ્વીકારો છો, વળી કેવલીના યોગોને સ્વરૂપે જ જો જીવરક્ષાના હેતુ માનવાના હોય તો તેમની પડિલેહણ વગેરે ક્રિયા નિરર્થક બની જાય, અને નિયત વ્યાપાર દ્વારા જો તેવા માનવાના હોય તો અશક્ય પરિહારરૂપે હિંસા સિદ્ધ થઈ જ જાય, કેમકે બાદર વાયુકાય વગેરે જે જીવો તે વ્યાપારના વિષય ન બને તેની હિંસાનો પરિહાર અશક્ય બની જાય છે.

પૂ૦-'કેવલીના યોગથી મરવું નહિ' એવો જીવોનો અઘાતપરિણામ હોય છે. એટલે જ પુષ્પચૂલાનું પણ અચિત્તજળમાંથી ગમન થયું. આ દૃષ્ટાન્તપરથી કલ્પના કરીએ છીએ કે કેવલી જ્યાંથી વિહારાદિ કરે છે ત્યાં પૃથ્વી-જળ વગેરે અચિત્ત જ હોય છે.

ઉ૦-- અનંતજીવો સમુદ્રાદિમાં નિર્વાણ પામ્યા છે, તે તે કાળે તે સર્વત્રસ્થાનોમાં પાણી વગેરે અચિત્ત જ હતા એવું માનવામાં પ્રમાણ નથી. વળી સચિત્તવાયુ સ્પર્શ તો માનવો જ પડે છે.

પૂ૦- અભયદાતા કેવલીઓનો અતિશય માનીએ છીએ કે સચિત્તનો સ્પર્શ જ ન થાય.

ઉ૦-અરણિકાપુત્ર, ગજસુકુમાલ વગેરેમાં એ માન્યતા બાધિત છે. વળી જીવોમાં અઘાતપરિણામ હોય તો કેવલી જે ઉલ્લંઘનાદિ કરે છે તે નિષ્ફળ બની જાય, આ જ કારણે 'જીવો ત્યાંથી સ્વતઃ ખસી જાય છે' એવું પણ માની શકાતું નથી.

પૂ૦- જેમ ઘાતીકર્મક્ષયોપશમથી થયેલ જળચારણાદિલબ્ધિના પ્રભાવે લબ્ધિધર સાધુઓ જળવગેરેમાંથી ગમનાદિ કરે તો પણ જળજીવાદિની વિરાધના થતી નથી, તો ક્ષાયિક લબ્ધિનાપ્રભાવે કેવળીથી તો જીવવિરાધના શી રીતે થાય?

ઉ૦-આવું માનવામાં પણ ઉલ્લંઘનાદિ નિષ્ફળ બનવાની આપત્તિ છે. વળી એ લબ્ધિનો પ્રયોગ જો કરવાનો હોય તો કેવલી પ્રમાદવાન્ બની જાય, અને પ્રયોગ વગર જ જો જીવરક્ષા થઈ જતી હોય તો અયોગીના શરીરે પણ વિરાધના ન થવી જોઈએ.

## [ કેવલિ-છદ્મસ્થલિંગ વિચાર-૪૨૩-૪૫૫ ]

પૂ૦ - ઠાણાંગજીમાં (સૂ૦ ૫૫૦) છદ્મસ્થના લિંગ તરીકે પ્રાણાતિપાત, મૃષાવાદ વગેરે કહ્યા છે, અને પ્રાણાતિપાતના અભાવ વગેરેને કેવલીના લિંગ તરીકે કહ્યા છે. એની વૃત્તિમાં કહ્યું છે કે 'ચારિત્રાવરણ ક્ષીણ થયું હોવાથી, નિરતિચાર સંયમ હોવાથી તેમજ અપ્રતિસેવી હોવાથી કેવલી ક્યારેય પ્રાણાતિપાતક બનતા નથી.' આમાં અપ્રમત્તસંયતને છદ્મસ્થના પક્ષ તરીકે લેવાના છે. અને લિંગ તરીકે દ્રવ્યહિંસા વગેરે લેવાના છે, કારણ કે ભાવહિંસા વગેરે છદ્મસ્થના અવિષય હોઈ અનુમાન કરાવી આપે એવા હેતુભૂત લિંગ રૂપ બની શકતા નથી. વળી આ લિંગો અગ્યારમા ગુણઠાણા સુધી હોય છે, એની ઉપર મોહસત્તા ન હોઈ તે લિંગો પણ હોતા નથી. ક્ષીણમોહીમાં અનાભોગ હોઈ માત્ર એની સંભાવના હોય છે. આવા સંભાવનારૂઢ મૃષાભાષણની અપેક્ષાએ જ કર્મગ્રન્થમાં ક્ષીણમોહ સુધી ચારેય ભાષાઓ કહી છે. વળી આ સાતમાંથી પ્રથમ પાંચ કાદાચિત્ક હોય છે, ચરમ બે સર્વકાલીન હોય છે. ક્ષીણમોહમાં મૃષાવાદના હેતુભૂત ક્રોધાદિ ન હોઈ લિંગભૂત દ્રવ્ય મૃષાવાદ હોતું નથી. એટલે એની અહીં છદ્મસ્થ તરીકે ગણતરી નથી, પણ અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પામનાર હોઈ કેવલી તરીકે ગણતરી છે. વળી ઠાણાંગના ટીકાકારે છદ્મસ્થલિંગોમાં કદાચિદ્ એવું જે વિશેષણ મૂક્યું છે તે સ્વરૂપ અસિદ્ધિના વારણ માટે છે અને કેવલીના લિંગોમાં 'કદાચિદપિ' એવું જે વિશેષણ મૂક્યું છે તે છદ્મસ્થ સાધુમાં આવતા વ્યભિચારના વારણ માટે છે.

ઉ૦-છદ્મસ્થલિંગોના પક્ષ તરીકે અપ્રમત્તને લેવામાં સ્વરૂપ અસિદ્ધિ દોષ આવે છે. જેમ અપ્રમત્ત ગુણઠાણે નિદ્રા હોવા છતાં પ્રમત્તતા નથી કહેવાતી તેમ દ્રવ્યહિંસા હોવા છતાં અપ્રમત્તને પ્રાણાતિપાતક કહેવાતા નથી. વળી દ્રવ્યહિંસા વગેરે અહીં લિંગભૂત નથી, કેમકે જો એવું હોય તો સયોગીમાં આરંભ કહ્યો હોઈ તેમાં પણ એ લિંગ જવાથી વ્યભિચાર આવે. માટે ભાવહિંસા વગેરે જ પ્રસ્તુતમાં છદ્મસ્થના લિંગભૂત છે, અને તેથી પ્રમત્ત જ અહીં 'પક્ષ' રૂપે છે. પ્રમત્તતાથી જ છદ્મસ્થતા જ્ઞાત થતી હોવા છતાં વ્યામૂઢજીવોનો વ્યામોહ દૂર કરવા આવા લિંગોથી અનુમાન સંભવિત છે. ઉપશમ વગેરે ભાવો જેમ સમ્યક્ત્વના લિંગ તરીકે કહેવાય છે તેમ પ્રસ્તુતમાં ભાવભૂત હિંસા વગેરેને લિંગ તરીકે કહેવામાં કોઈ અસંગતિ નથી. કદાચિદ્ એ સ્વરૂપ વિશેષણ છે. અથવા પ્રમત્ત-

અપ્રમત્ત સાધારણ પક્ષ લેવો હોય તો 'कदाचित्' શબ્દથી 'સાધ્યાધિકરણકિંચિત્કાલાવચ્છિન્નત્વ' અર્થ પકડવો અને કેવલિના લિંગમાં રહેલ कदाचिदपि શબ્દથી 'સાધ્યાધિકરણ યાવત્કાલાવચ્છિન્નત્વ' અર્થ લેવો. 'ક્ષીણમોહમાં દ્રવ્યમૃષાવાદ જ હોય છે,' એ વાત **પંચાશકવૃત્તિ** વગેરેમાં કહી છે. દ્રવ્યમૃષાવાદ હોવાથી જ તેમાં થતા સૂક્ષ્મપ્રમાદ નિમિત્તક વિરાધનાનું આલોચના પ્રાયશ્ચિત્ત કહ્યું છે. વળી દ્રવ્ય અને ભાવથી ભિન્ન હોય એવું સંભાવના રૂઢ મૃષાભાષણ વગેરે તો કોઈ શાસ્ત્રમાં કહ્યું નથી. એટલે ક્ષીણમોહે પણ અનાભોગ હેતુક જે મૃષાવાદ હોય છે તે દ્રવ્યમૃષાવાદ જ હોય છે, વળી ક્ષીણમોહીની કેવલી તરીકે વિવક્ષા કોઈએ કરી નથી. આગમમાં એની છદ્મસ્થ વીતરાગમાં જ ગણતરી છે **ઠાણાંગના** 'छ ठाणाइं छउमत्थे....' ઈત્યાદિ સૂત્રનો યથાશ્રુત અર્થ કરવામાં જે અસંગતિ ઊભી થાય છે તે, જેને અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થવાનું છે તેવા પરમાવધિ વાળા જીવની કેવલી તરીકે (જો થતી હોય તો) વિવક્ષા કરી દૂર કરી શકાતી હોવા છતાં એવી વિવક્ષા ટીકાકારે બતાવી નથી, પણ 'છદ્મસ્થ' પદનો જ વિશેષ અર્થ કર્યો છે. વળી છદ્મસ્થના છટ્ઠા–સાતમા લિંગને સુલભ જે કહ્યા છે તે પણ પ્રમત્ત છદ્મસ્થમાં જ પ્રતિષેવણ દશામાં જાણવા, અપ્રમત્તમાં તો એ સત્તામાત્રરૂપે જાણવા. અમને તો આ સૂત્રમાં આવો અભિપ્રાય હોવો લાગે છે કે આલોચના યોગ્ય વિરાધના વગેરે છદ્મસ્થ માત્રના લિંગ છે અને તેનો અભાવ કેવલીઓમાં લિંગભૂત છે. कदाचित् અને न कदाचिदपि વૃત્તિગત આ બે શબ્દોથી આવો જ અર્થ ધ્વનિત થાય છે. માટે 'પ્રસ્તુત સૂત્રમાં દ્રવ્યહિંસા વગેરેના અભાવને કેવલીના લિંગ તરીકે કહ્યા છે' ઈત્યાદિ કલ્પના કરી એના પરથી કેવલીમાં દ્રવ્યહિંસાનો અભાવસિદ્ધ કરવો એ અયોગ્ય છે. તીવ્ર અભિનિવેશથી થતા આવા કુવિકલ્પોને છોડીને મુનિએ જિનાજ્ઞામાં રહેવું જોઈએ. એટલે 'જે પલાદન કરે છે તે સમ્યક્ત્વી ન જ હોય' એવો કુવિકલ્પ પણ ત્યાજ્ય છે. અનંત જીવોથી દૂષિત હોઈ જો તે સમ્યક્ત્વનાશક હોય તો 'કંદમૂળભક્ષી પણ સમ્યક્ત્વી ન જ હોય' એવું પણ માનવું પડે. અતિનિન્દ્ય હોઈ પલાદનને જો નિયમા સમ્યક્ત્વનાશક માનવાનું હોય તો પરસ્ત્રીગમન વગેરેને પણ તેવા માનવા પડે. વળી પલાદનથી સમ્યક્ત્વનો મૂળથી ઉચ્છેદ જ થઈ જતો હોય તો તેમાં તપ-પ્રાયશ્ચિત્ત ન દેખાડયું હોત (પણ મૂળ પ્રાયશ્ચિત્ત દેખાડયું હોત.) **જ્ઞાતાધર્મકથામાં** ક્ષાયિક સમ્યક્ત્વી કૃષ્ણ વગેરેએ પલાદન કર્યાની વાત આવે છે.

આમ આગમવચનો પર કુતર્કો દોડાવીને ફેલાવાયેલી અનેક કુકલ્પનાઓનું નિરાકરણ કરીને અંતે ગ્રંથકારે જણાવ્યું છે કે સમ્યક્ પરીક્ષા કરીને પ્રાપ્ત થયેલ જિનાજ્ઞા એકાંત સુખાવહા હોય છે. એની પરીક્ષા કષ–છેદ–તાપરૂપ છે. આ ત્રણ પરીક્ષાથી શુદ્ધ ધર્મમાં પરિણત થયેલ ગુણસમુદ્ર ગુરુ પણ સુવર્ણની જેમ વિશુદ્ધ હોય છે, અને તેથી વિષઘાતાદિ આઠ ગુણોવાળા હોય છે. આવા ગુરુને છોડવા નહિ, પણ એમની આજ્ઞામાં રહેવું. તેમાં રહેલ અને બાહ્ય અનુષ્ઠાનથી શુદ્ધ ચિત્તવાળા થયેલ સાધુને અધ્યાત્મ ધ્યાનમાં પણ એકાગ્રતા ઉલ્લસે છે, જેનાથી પછી પરિણામે ક્રમશઃ અવિકલ્પસમાધિ પ્રાપ્ત થાય છે. છેવટે ગ્રન્થકારે કહ્યું છે કે અધ્યાત્મને બાધા ન પહોંચે એ રીતે ધર્મવાદ કરવો જ યોગ્ય છે, શુષ્કવાદ કે વિવાદ નહિ. વળી સર્વજ્ઞ ઉપદેશ એવો ફરમાવ્યો છે કે 'વધુ શું કહેવું ? જે જે રીતે રાગ દ્વેષ શીઘ્ર વિલય પામતા જાય તે તે રીતે પ્રવર્તવું' આ શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા છે.

આમ આ ગ્રન્થાધિકારો પરથી આ સ્પષ્ટ જણાય છે કે આ આખો ગ્રન્થ શાસ્ત્રીય પદાર્થોની વિચારણાનો જ છે. એમાં પૂર્વપક્ષો અને ઉત્તરપક્ષો શાસ્ત્ર વચનોને લઈને જ ઊભા થયા છે. એટલે શાસ્ત્ર વચનોના યથાર્થ રહસ્યો આ ગ્રંથમાં ખુલ્લાં થયાં હોવામાં કોઈ શંકા રહેતી નથી. એટલે આ ગ્રન્થના અધ્યયનથી શાસ્ત્રોનાં રહસ્યો જાણવા મળે છે એ તો અમૂલ્ય લાભ છે જ, પણ કાળજીપૂર્વક અભ્યાસ કરનારને બીજો એક એવો જોરદાર લાભ થઈ જાય છે કે એ પણ શાસ્ત્ર વચનોના રહસ્યને પકડવાની થોડી ઘણી પણ શક્તિ પામ્યા વિના રહેતો નથી.

પૂર્વપક્ષીએ શાસ્ત્ર વચનની સ્વકલ્પિત અર્થની કરેલી રજુઆત ગમે એટલી જોરદાર હોય, કોઈકને એ ગમે એટલી તર્કપૂર્ણ અને નિર્દોષ લાગતી હોય, તેમ છતાં જો એ અયોગ્ય હોય તો એમાં રહેલી કોઈને કોઈ નબળી કડી ગ્રન્થકારની સૂક્ષ્મદષ્ટિમાં ચડયા વિના રહેતી નથી. અને પછી પૂર્વ પક્ષીને ખુદને ખ્યાલ ન હોય એવી એની એ નબળી કડીને આગળ કરીને એની માન્યતાઓ પર ખડકાયેલી આપત્તિઓની વણઝારનું ગ્રન્થકારે જે દર્શન કરાવ્યું છે તે જોઈને તો, ખરેખર એ પૂર્વપક્ષી જો કદાગ્રહ શૂન્ય હોય તો ક્ષણવારમાં પોતાની મિથ્યામાન્યતા નિઃશંક બનીને મૂકી દે એવું લાગ્યા વિના રહેતું નથી. આ પ્રસ્તુત ગ્રન્થમાં એવા ઢગલાબંધ અધિકારો છે જ્યાં પૂર્વ પક્ષની પ્રરૂપણા વાંચીને વાંચકને ક્ષણભર તો એમજ થઈ જાય કે "હવે આનો તો શું ઉત્તરપક્ષ હોઈ શકે? આનો પણ ઉત્તરપક્ષ કરવાનો જો પ્રયાસ થાય તો એ સાવ પોકળ અને બુઠ્ઠોજ હોય ને!" આવું લાગવાનું એક કારણ એ છે કે આ ગ્રન્થનો મુખ્ય પૂર્વપક્ષી ખુદ પણ તર્કો લડાવવામાં ખૂબ કાબેલ છે તેમજ શાસ્ત્રપાઠો સહિત દલીલો રજુ કરવાની કુનેહ વાળો છે. આવા પણ પૂર્વપક્ષની સમાલોચના વખતે ઉપા૦ મહારાજે જે રજુઆત કરી છે તે 'પૂર્વપક્ષીના તર્કો એ કુતર્ક છે, અને શાસ્ત્રપાઠોની રજુઆત તાત્પર્યને સમજ્યા વગરની છે' એવું સાબિત કરી આપવા માટે સક્ષમ છે આના દ્વારા ગર્ભિત રીતે ગ્રન્થકારે એ પણ સૂચન કરી દીધું છે કે 'કોઈ વ્યાખ્યાતા વાર–તહેવારે શાસ્ત્રને જ આગળ કરીને વાત કરતો હોય તો પણ એટલા માત્રથી પ્રાજ્ઞ પુરુષે એમાં અંજાઈ જવાની કે એ વાતને બેધડક સાચી માની લેવાની જરૂર નથી. શાસ્ત્રને આગળ કરનારાઓ પણ પોતાના કુતર્કોના જોરે અશાસ્ત્રીય બાબતોને શાસ્ત્રીય બાબતો તરીકે ફેલાવી શકે છે.

જડબાતોડ તર્કોના અને પ્રચંડબુદ્ધિપ્રતિભાના સ્વામી હોવા છતાં શાસ્ત્રો પ્રત્યે અને શાસ્ત્રકારોની પ્રણાલિકા પ્રત્યે ગ્રન્થકારની જે વફાદારી છે તે જાણીને તેમજ હૈયા સોંસરવી ઊતરી જાય એવી દલીલોથી સ્વાભિપ્રેત વાતોનું સમર્થન કરી શકતા હોવા છતાં તેઓ શ્રીમદ્‌ની જે પાપભીરુતા છે તે જાણીને હૈયું ગદ્‌ગદ્ થઈ જાય છે. "પરંતુ સકળ ગીતાર્થ ભગવંતોને અન્ય વ્યાખ્યા સંમત હોય તો અમારો આગ્રહ નથી" "આમાં બહુશ્રુતો કહે એ જ પ્રમાણે છે" "किं कुर्मो यत्र बलवान् आगमः" "અમારી માન્યતામાં અમારે અભિનિવેશ નથી. તેમ છતાં અમે કહીએ છીએ કે શ્રી જિનમતને અન્યથા સિદ્ધ કરી શકાતું નથી" "આમાં બીજો જ કોઈ સુંદર અભિપ્રાય હશે" આવા બધા વચનો ગ્રન્થકારની પાપભીરુતાનું સૂચન કરે છે. અને એ જણાવે છે કે ગ્રન્થકારે શાસ્ત્રના નામે અભિનિવેશનું પોષણ લેશમાત્ર કર્યું નથી.

પ્રસ્તુત ધર્મ પરીક્ષા ગ્રન્થ પૂર્વે પુસ્તકાકારે તેમજ પ્રતાકારે મુદ્રિત થયેલ છે. પણ એ બન્નેમાં ઘણી અશુદ્ધિઓ રહી જવા પામેલ છે. પ્રતને અનુસરીને ભાવાનુવાદ કર્યો છે. જ્યાં જ્યાં અર્થ બેસતો ન લાગ્યો તેવા સ્થળે સંવેગી ઉપાશ્રયની (હાજાપટેલની પોળ, અમદાવાદ) હસ્તલિખિત પ્રતમાંથી શુદ્ધ પાઠ મેળવવા પ્રયાસ કર્યો છે. ઘણે સ્થળે એવો શુદ્ધ પાઠ મળ્યો છે. ક્યાંક ક્યાંક નથી મળ્યો. ત્યાં જેનો અર્થ સંગત લાગ્યો તેવા પાઠની કલ્પના કરી કૌંસમાં એવો પાઠ સૂચવ્યો છે, અને એને અનુસરીને અર્થ કર્યો છે. સંવેગી ઉપાશ્રયની એ હસ્તલિખિત પ્રતમાં બે સ્થાને હાંસિયામાં ઉપા. મહારાજે પાછળથી ઉમેર્યા હોય એવા બે પાઠો મળી આવ્યા છે જે પાઠો અન્ય પ્રાપ્ત થયેલ ત્રણ હસ્તલિખિત પ્રતોમાં કે પૂર્વ મુદ્રિત પુસ્તક/પ્રતમાં જોવા મળ્યા નથી. પ્રસ્તુત પુસ્તકમાં એ બે પાઠોનો પણ સમાવેશ કરી દીધો છે. સંવેગી ઉપાશ્રયની એ હસ્તલિખિત પ્રતમાંથી **ઉપદેશપદનો** પણ સુસંગત અર્થવાળો શુદ્ધ પાઠ મળી આવ્યો છે જેનો ટીપ્પણમાં ઉલ્લેખ કર્યો છે. [જૂઓ પૃ. ૩૦૬] એમ **પંચાશક** [૨-૪૪] ની વૃત્તિમાં પણ 'एतद्‌भावनामात्रसाध्य' એવો જે પાઠ મળે છે એના સ્થાને વધુ સુસંગત એવો 'एतद्‌भावनामात्राऽसाध्य' એવો શુદ્ધ પાઠ એ હ. લિ. પ્રતમાંથી મળ્યો છે [જૂઓ પૃ. ૧૪૫].

આ ધર્મપરીક્ષા ગ્રન્થના વિષયને જ મુખ્યતયા સ્પર્શીને મહામહોપાધ્યાયજીએ ગુજરાતીમાં **'૧૦૮ બોલસંગ્રહ'** અને **વિચારબિન્દુ** એ બે સંક્ષિપ્ત ગ્રન્થો રચ્યા છે, એમાંથી **વિચારબિન્દુ** એ **'ધર્મપરીક્ષા'** ગ્રન્થના **વાર્ત્તિક** રૂપ **છે.** આ બન્ને ગ્રન્થોનો આ પુસ્તકમાં પરિશિષ્ટરૂપે સમાવેશ કર્યો છે.

પ્રસ્તુત પુસ્તકના પ્રથમ ૨૦ ફર્મા અન્ય પ્રેસમાં છપાયેલા છે. એના પ્રીન્ટીંગ મશીન વગેરેની ખામીના કારણે ઘણા ટાઈપો તૂટી ગયા છે, તેમજઘણા ટાઈપો વ્યવસ્થિત રીતે ઊઠયા નથી. એટલે એના કારણે અનુસ્વાર, વિસર્ગ ે ો ૈ ૌ ી િ વગેરે ટાઈપોના સ્થાને કયાંક કયાંક અશુદ્ધિઓ ઊભી થઈ છે. એ બધી અશુદ્ધિઓનો પ્રાયઃ કરીને તો શુદ્ધિપત્રકમાં સમાવેશ કરી લીધો છે. **તેથી વાંચકોને પુસ્તક વાંચતા પૂર્વે શુદ્ધિપત્રકને અનુસરીને પુસ્તકમાં શુદ્ધિ કરી લેવા નમ્ર વિનંતિ છે.** તેમજ જ્યાં શુદ્ધિ સ્વયં સમજી શકાય એમ હોય ત્યાં સ્વયં સમજી લેવા વિનંતિ છે.

ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રીમદ્ **યશોવિજયજી** મહારાજાના વચનો મહાર્થ અને સૂક્ષ્મબુદ્ધિગમ્ય હોય છે. ગુરુકૃપાના બળે સ્વ ક્ષયોપશમાનુસારે મેં એનો ભાવાનુવાદ કરવાનો પ્રયાસ કર્યો છે, સંભવ છે કે અનાભોગ, મતિમંદતા વગેરેના કારણે તેઓ શ્રીમદ્ના વચનોને પરિપૂર્ણ ન્યાય અપાયો ન પણ હોય, કયાંક પૂરેપૂરી સ્પષ્ટતા થયેલી ન હોય, કયાંક કદાચ તેઓ શ્રીમદ્ના અભિપ્રાય કરતાં કો'ક વિપરીત ભાવ જ લખાઈ ગયો હોય. પરમપવિત્ર શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કે તેઓ શ્રીમદ્ના આશય વિરુદ્ધ જે કાંઈ લખાયું હોય તેનું હું ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ દઉં છું, તેમજ પ્રાજ્ઞ સજ્જનોને તેનું પરિમાર્જન કરવા નમ્ર અરજ કરું છું.

સચ્ચારિત્ર ચૂડામણિ, સિદ્ધાંતમહોદધિ સુવિશુદ્ધ બ્રહ્મચારી સ્વ. આ. ભગ. શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાની** દિવ્યકૃપા નિરંતર વરસતી રહી છે. વર્ધમાન તપોનિધિ ન્યાયવિશારદ આરાધ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજાની અમીદૃષ્ટિએ પ્રસ્તુત કાર્યના ઉલ્લાસને નિરંતર જીવંત રાખ્યો છે. કર્મસાહિત્ય નિપુણમતિ અધ્યાત્મરસિક પૂ. આચાર્ય ભગવંત શ્રી **ધર્મજિત સૂરીશ્વરજી** મહારાજાનો અનુગ્રહ સતત ગતિશીલ રહ્યો છે. પ્રભુભક્તિરસિક ઉદારદિલ પૂ. પંન્યાસપ્રવર શ્રી **જયશેખર વિ. ગણિવર**ની હુંફાળી હુંફ પ્રાપ્ત થતી રહી છે આ બધા પૂજ્ય ઉપકારી ગુરુ ભગવંતો, ઉપરાંત સિદ્ધાંતદિવાકર પરમોપકારી પૂ. આ. ભગ. **શ્રી જયઘોષસૂરીશ્વરજી** મહારાજા પણ આ અવસરે સ્મર્તવ્ય છે. પ્રારંભના લગભગ ૧૭ ફર્મા જેટલું મેટર અને પછીના છપાયેલા ફર્માઓ તપાસી આપીને તેઓ શ્રીમદે ઉપકારોની શ્રૃંખલામાં વધારો કર્યો છે. કુશાગ્રધી પૂજ્યપાદ **જયસુંદર** વિ. મહારાજની તાર્કિકબુદ્ધિનો કેટલાંક વિષમસ્થળોએ સ્મરણીય સહકાર સાંપડયો છે. પ્રસ્તુત કાર્ય દરમ્યાન સહવર્તી પ્રત્યેક મુનિભગવંતની અનેકવિધ સહાય પ્રાપ્ત થઈ છે.

**શ્રી અંધેરી ગુજરાતી જૈનસંઘ, ઈર્લાબ્રીજ** (મુંબઈ) એ પોતાને ત્યાં થયેલ જ્ઞાનખાતાની ઉપજનો આ ગ્રન્થના પ્રકાશનાદિમાં સદ્વ્યય કરેલ છે તે અનુમોદનીય છે અને બીજા સંઘો ટ્રસ્ટોને પણ પ્રાચીન ગ્રંથ વગેરેના પ્રકાશનાદિમાં સદ્વ્યય કરવાની પ્રેરણારૂપ છે. તથા હસ્તલિખિત પ્રતો ઉપયોગ માટે આપનાર તે તે સંઘોને પણ ધન્યવાદ છે.

આખા ગ્રન્થના અધ્યયન બાદ આ પ્રસ્તાવના પુનઃ વાંચી જવાની હું પ્રત્યેક વાંચકોને નમ્ર પ્રાર્થના કરું છું. આ ગ્રન્થનો ભાવાનુવાદ-સંપાદન વગેરે કરવાથી જે પુણ્ય પ્રાગ્ભારનું ઉપાર્જન થયું હોય તેના પ્રભાવે ભવ્યજીવો ધર્મની પરીક્ષા કરીને સદ્ધર્મનો નિર્ણય કરી, અસદ્ધર્મની પકડમાંથી મુક્ત બને અને સ્વ-પરનું કલ્યાણ સાધે એ જ શુભેચ્છા.

ગુરુપદકજકિંકર

**મુનિ અભયશેખર વિજય**

# ગ્રંથકાર વિષે કંઇક

પાટણની નજીક કનોડું ગામના જૈન વણિક શ્રેષ્ઠી **નારાયણની** ધર્મપરાયણ ધર્મપત્ની **સૌભાગ્યદેવીની** રત્નકુક્ષિએ અવતરેલા **જસવંતકુમાર** એ જ પ્રસ્તુતગ્રંથના ગ્રન્થકાર મહામહોપાધ્યાય **યશોવિજયજી** છે. મોગલસમ્રાટ **અકબર** પ્રતિબોધક જગદ્‌ગુરુ **શ્રી હીરસૂરીશ્વરજી** મહારાજાની પરંપરામાં થયેલા **શ્રી નયવિજય** મ. સા. પાસે સ્વબન્ધુ **પદ્મસિંહ** સાથે વિ. સં. ૧૬૮૮ માં ચારિત્રનો સ્વીકાર કરીને બન્ને ભાઇઓ અનુક્રમે **યશોવિજય** અને **પદ્મવિજય** બન્યા. આ પદ્મસિંહ તેઓ શ્રીમદ્‌ના લઘુભ્રાતા છે એવી સર્વસામાન્ય માન્યતા પ્રચલિત છે. એટલે મેં પણ પૂર્વના પુસ્તકોમાં એ રીતે જ ઉલ્લેખ પણ કર્યો છે. કિન્તુ વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર શ્રી **પ્રદ્યુમ્ન વિ.** મ. સા. તરફથી એવું સૂચન મળ્યું છે કે પદ્મસિંહ તેઓના જયેષ્ઠબંધુ હતા. આ માટે તેઓશ્રીએ નીચેના ઉલ્લેખો પાઠવ્યા છે.

લઘુ પણ બુદ્ધે આગળોજી નામે કુંવર જસવંત–સુજસવેલીભાસ

तत्पादाम्बुजभृङ्गपद्मविजयप्राज्ञानुजन्मा बुध–
स्तत्त्वं किञ्चिदिदं यशोविजयइत्याख्याभृदाख्यातवान् ॥

–कम्मपयडि बृ. वृत्ति प्रशस्तौ

श्रीपद्मविजयानुजः – અનેકાન્ત વ્યવસ્થા પ્રશસ્તિ અંતિમપદ્ય.

ગ્રન્થકાર શ્રીમદ્ યશોવિજયજીની પ્રકાંડ વિદ્વત્તા, અપૂર્વ તેજસ્વિતા તેમજ પરિપૂર્ણ સુયોગ્યતાથી આવર્જિત થયેલા શ્રેષ્ઠી **ધનજીસુરાની** વિનંતિ અને વ્યવસ્થાને અનુસરીને કાશીમાં પ્રકાંડ વિદ્વાન ભટ્ટાચાર્ય પાસે ષડ્‌દર્શનનું તલસ્પર્શી અધ્યયન થયું. કાશીમાં ૩ વર્ષ અને આગ્રામાં ૪ વર્ષ અધ્યયન થયું. પ્રખર પ્રતિભા અને વાદવિજયથી પ્રભાવિત થયેલા કાશીના પંડિતોએ તેઓ શ્રીમદ્‌ને **ન્યાયવિશારદ** અને **ન્યાયાચાર્યની** માનવંતી પદવીઓથી વિભૂષિત કર્યા હતા. ગંગાકિનારે 'ऐं' કારના જાપમાં એકાકાર બનેલા તેઓ શ્રીમદ્ પર **સરસ્વતીદેવી** પ્રસન્ન થયા હતા.

તેઓ શ્રીમદે સંસ્કૃત–પ્રાકૃત ગિરામાં સ્વતન્ત્ર ગ્રન્થો, સ્વોપજ્ઞવૃત્તિગ્રન્થો તેમજ અન્યકર્તૃકગ્રંથો પરના વિશદ વૃત્તિગ્રંથો રચીને પંડિતભોગ્ય સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે. એમ ગુર્જરગિરામાં સ્તવન–સજ્ઝાય–ઢાળ–ટબો વગેરે રચીને લોકભોગ્ય સાહિત્યને પણ સમૃદ્ધ કર્યું છે. સત્યરાહને ચીંધનાર શાસ્ત્રોનો અમૂલ્ય ખજાનો આપીને આપણને સ્વાધ્યાયનો અમૂલ્ય ખોરાક પૂરો પાડયો છે. શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી અને આચાર્ય શ્રી **દેવસૂરિજી** મહારાજાની અનુજ્ઞાથી તેઓ શ્રીમદ્ સંવત ૧૭૧૮ માં **ઉપાધ્યાય** પદવીથી અલંકૃત બન્યા હતા. સ્વાધ્યાયની ધખેલી ધૂણીથી હર્યો ભર્યો એવો લગભગ ૫૫ વર્ષનો સુદીર્ઘ ચારિત્ર પર્યાય પાળી, ૧૭૪૩ નું ચાતુર્માસ **ડભોઇમાં** કરી પછી ત્યાં જ અનશન કરીને પંડિત મરણ સાધ્યું હતું. આજે પણ ત્યાં તેઓ શ્રીમદ્‌નું સમાધિ મંદિર ભાવિકોને શાસ્ત્ર સ્વાધ્યાયની પવિત્ર પ્રેરણા પાઇ રહ્યું છે.

# વિષય સ્થળ દર્શિકા


| | |
|---|---|
| ટીકાગ્રંથનું મંગલ | ૧ |
| પરીક્ષાનું મૂળ માધ્યસ્થ્ય | ૩ |
| મધ્યસ્થ કેવો હોય? | ૪ |
| અભિનિવિષ્ટના વચનો અગ્રાહ્ય | ૫ |
| **અનંત સંસાર નિયમ વિચાર** | **૫-૨૫** |
| સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ | ૬ |
| યથાછંદની પ્રરૂપણા | ૯ |
| અનંત સંસાર નિયમનમાં તીર્થોચ્છેદ અભિપ્રાય અપ્રયોજક | ૧૩ |
| નિયત ઉત્સૂત્ર પણ અનિયામક | ૧૬ |
| અનંતસંસારનો અનુગત નિયામક | ૧૭ |
| યથાછંદાદિમાં પણ નિયત ઉત્સૂત્ર વિદ્યમાન | ૧૮ |
| અનંતસંસાર અનુબંધ દ્વારા | ૨૦ |
| અનંતસંસારથી બચાવ | ૨૧ |
| પરભવે પણ પ્રાયશ્ચિત્ત સંભવિત | ૨૩ |
| ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત પણ પરભવે પણ સંભવિત | ૨૫ |
| **મિથ્યાત્વના ભેદો** | **૨૬-૪૦** |
| આભિગ્રહિક મિથ્યાત્વ | ૨૬ |
| અનાભિગ્રહિક મિથ્યાત્વ | ૨૭ |
| આભિનિવેશિક મિથ્યાત્વ | ૨૮ |
| સાંશયિક મિથ્યાત્વ | ૩૦ |
| અનાભોગ મિથ્યાત્વ | ૩૦ |
| અભવ્યોને આભિગ્રહિક મિથ્યાત્વ પણ હોય | ૩૧ |
| ઠાણાંગસૂત્રથી તેનું સમર્થન | ૩૨ |
| અચરમાવર્ત્તમાં પણ વ્યક્તમિથ્યાત્વ સંભવિત | ૩૫ |
| અભવ્યો અવ્યવહારી છે-પૂર્વપક્ષ | ૩૬ |
| અનંત પુદ્ગલાવર્ત્ત સંસાર માત્રથી અવ્ય૦ ન કહેવાય-ઉ૦ | ૩૭ |
| વ્યવહારીપણાની સ્થિતિ અનંતાવર્ત્તો હોવામાં શાસ્ત્રસંમતિઓ | ૩૮ |
| પન્નવણા વૃત્ત્યનુસારે તે અસંખ્ય આવર્ત્તો-પૂ૦ | ૩૯ |
| **બાદરનિગોદ વ્યવહારિત્વ વિચાર** | **૪૧-૫૬** |
| અવ્યવહારરાશિની સિદ્ધિ | ૪૧ |
| બાદરનિગોદ અવ્યવહારી છે-પૂર્વ૦ | ૪૨ |
| તેની સિદ્ધિ કરતાં અનુમાનો-પૂર્વ૦ | ૪૩ |
| સૂક્ષ્મપૃથ્વીકાયાદિ પણ અવ્યવહારી-પૂર્વ૦ | ૪૪ |
| અભવ્યોમાં વ્યવહારિત્વની સ્થાપના | ૪૫ |
| બાદરનિગોદમાં વ્યાવહારિકત્વની સ્થાપના | ૪૬ |
| તેનું પન્નવણાવૃત્ત્યનુસારે સમર્થન | ૪૭ |

| | |
|---|---|
| બા૦ નિગોદ વ્યવહારી હોવામાં ગ્રન્થસાક્ષીઓ | ૪૮ |
| પૂર્વપક્ષીય અનુમાનોનું નિરાકરણ | ૫૪ |
| કાયસ્થિતિ પ્રતિપાદક સૂત્રો વિશેષ વિષયક | ૫૫ |
| પરપક્ષીની માન્યતાઓ | ૫૬ |
| તે માન્યતાઓનું નિરાકરણ | ૫૬ |
| **મંદ મિથ્યાત્વની સુંદરતાનો વિચાર** | **૫૭-૮૨** |
| પાંચ મિથ્યાત્વોમાં ગુરુલઘુભાવ | ૫૭ |
| મિથ્યાત્વીના સંશય-અનધ્યવસાય અસત્પ્રવૃત્તિના અનુબંધી | ૫૮ |
| શુભ પરિણામ પણ મોહના પ્રભાવે અશુભ | ૫૯ |
| મંદ મિથ્યાત્વીને તેવી અસત્પ્રવૃત્તિ ન હોય | ૬૦ |
| અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ સુંદર | ૬૧ |
| કઈ અવસ્થામાં બધા દેવો માનનીય | ૬૧ |
| ચારિસંજીવની ચાર ન્યાય | ૬૨ |
| વિશિષ્ટ દેવપૂજા કઈ અવસ્થામાં | ૬૪ |
| અવસ્થાભેદે ગુણ-દોષ ભેદ | ૬૪ |
| પૃથ્વ્યાદિની હિંસા કરતાં અન્ય દેવપૂજા અશુભ ? | ૬૫ |
| ગુણાન્તર આધાયક હોવાથી પણ અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતાવહ | ૬૬ |
| મિત્રાદિ ચાર દષ્ટિઓ | ૬૬ |
| ૪ દષ્ટિઓમાં વંદનાદિ અનુષ્ઠાન | ૬૮ |
| યોગદષ્ટિપ્રાપ્ત મિથ્યાત્વીઓ ભાવથી જૈન | ૭૦ |
| અન્યદર્શનીઓ મુખ્ય સર્વજ્ઞના ભક્ત શી રીતે ? | ૭૧ |
| દેવો અંગે એકવિધ-અનેકવિધ ભક્તિ | ૭૨ |
| દેશનામાં વિચિત્રતા શા માટે ? | ૭૩ |
| જૈનેતરોમાં તેવું માધ્યસ્થ્ય સંભવિત | ૭૪ |
| અન્યદર્શની ભાવજૈનમાં પણ દ્રવ્યઆજ્ઞા સંભવિત | ૭૫ |
| જિનોક્ત ક્રિયાશૂન્ય અન્યદર્શનીમાં અપુનર્બંધકત્વ અસંભવિત-પૂ૦ | ૭૬ |
| યોગ બીજો | ૭૭ |
| અન્યમાર્ગોક્તક્રિયાથી પણ અપુનર્બંધકપણું સંભવે-ઉ૦ | ૭૮ |
| આજ્ઞાનું લક્ષણ : માર્ગાનુસારીભાવ | ૭૯ |
| ઈતરમાન્યક્રિયા પણ માર્ગાનુસારિતનો હેતુ શી રીતે ? | ૮૦ |
| માર્ગાનુસારિતાનો અનુગત હેતુ | ૮૧ |
| **માર્ગાનુસારીપણાના કાળની વિચારણા** | **૮૩-૧૦૧** |
| માર્ગાનુસારિતાનો કાળઃ ચરમાવર્ત્ત | ૮૩ |
| નિશ્ચયનયે વચનૌષધપ્રયોગકાળ | ૮૪ |
| માર્ગાનુસારિતાનો કાળ દેશોન અર્ધ પુદ્. હોવાની માન્યતા | ૮૫ |
| તે માન્યતામાં અસંગતિ-ઉ૦ | ૮૫ |
| તે માન્યતાનો ભ્રમ ઊભો થવાનું કારણ | ૮૬ |
| મિથ્યાત્વીની સુંદર-અસુંદર પ્રવૃત્તિની વ્યવસ્થા | ૮૬ |

| | |
|---|---|
| સ્વભ્રાન્ત માન્યતા અંગે પૂર્વપક્ષીની વિચારણા | ૮૭ |
| 'ચરમયથાપ્રવૃત્તકરણવિભાગભાજ'માં 'ચરમ'નો અર્થ | ૮૮ |
| દ્રવ્યઆજ્ઞા અને ભાવઆજ્ઞામાં કેટલું અંતર સંભવે ? | ૮૯ |
| દ્રવ્યઆજ્ઞા અને દ્રવ્યસ્તવમાં સામ્ય | ૮૯ |
| ચરમાવર્ત્તવર્તી અનુષ્ઠાનોમાં વિલક્ષણતા | ૯૦ |
| વિષાદિ પાંચ અનુષ્ઠાનો | ૯૧ |
| અકરણનિયમ અને મનુષ્યત્વમાં વૈષમ્ય | ૯૨ |
| અપુનર્બંધકાદિ પણ ધર્મના અધિકારી | ૯૩ |
| અન્યથા જૈનપ્રક્રિયાવિલોપની આપત્તિ | ૯૪ |
| બીજાદિ ક્રમે ભાવધર્મની પ્રાપ્તિ | ૯૫ |
| બીજાદિની પ્રાપ્તિનો કાળ | ૯૬ |
| તે ચરમાવર્ત્ત હોવાનું સમર્થન | ૯૭ |
| વિધિશુદ્ધ જૈનક્રિયાનો કાળઃ દેશોન અર્ધ પુદ્. | ૯૯ |
| અપુન.ના અર્ધપુદ્. કાળના કથનનું તાત્પર્ય | ૯૯ |
| માર્ગાનુસારી મિથ્યાત્વીમાં પણ ગુણશ્રેણિનો સંભવ | ૧૦૧ |
| **આરાધક-વિરાધક ચતુર્ભંગી** | **૧૦૨-૧૫૨** |
| ચતુર્ભંગી અંગે ભગવતીજીનું સૂત્ર અને વૃત્તિ | ૧૦૩ |
| સાધુક્રિયાના દ્રવ્યપાલનથી દેશઆરાધકતા આવે-પૂ૦ | ૧૦૪ |
| દ્રવ્યલિંગી દેશઆરાધક છે-પૂ૦ | ૧૦૫ |
| સર્વથા ભાવશૂન્યક્રિયાનો અહીં અધિકાર નથી-ઉ૦ | ૧૦૬ |
| ચતુર્ભંગીમાં મુખ્ય આરાધકત્વનો અધિકાર | ૧૦૬ |
| અન્યથા ચતુર્ભંગીની પ્રરૂપણાનું પ્રયોજન ન સરવાની આપત્તિ | ૧૦૭ |
| અભવ્યાદિ દ્રવ્યલિંગીમાં સર્વઆરાધકત્વની આપત્તિ | ૧૦૭ |
| સંપૂર્ણ સાધુસામાચારી પંચાચારરૂપ છે | ૧૦૮ |
| નિન્હવોમાં દેશઆરાધકતા જળવાઈ રહેવાની આપત્તિ | ૧૦૯ |
| ગ્રૈવેયકાદિમાં પણ અભવ્યાદિને વિપુલ સુખ ન હોય | ૧૧૦ |
| વચનૌષધપ્રયોગથી અભવ્યાદિને થતું સુખ | ૧૧૧ |
| દ્રવ્યલિંગીને બાળતપસ્વી તરીકે લેવામાં સંદર્ભવિરોધ | ૧૧૨ |
| વ્યવહારના બે ભેદ : નિશ્ચયપ્રાપક અને અપ્રાપક | ૧૧૩ |
| માર્ગાનુસારીની અન્યમાર્ગોક્તક્રિયાઓ પણ ભાવથી જૈનક્રિયા જ છે | ૧૧૩ |
| જિનોપદેશની ચિત્રરૂપતા | ૧૧૪ |
| અન્યશાસ્ત્રોક્ત સમાનાર્થકવાતો જૈનશ્રુતમૂલક જ છે | ૧૧૫ |
| અન્યશાસ્ત્રોક્ત સુંદરવાતોનો દ્વાદશાંગીમાં સમવતાર | ૧૧૬ |
| 'સવ્વપ્પવાયમૂલં' ગાથા અને વૃત્તિનો અર્થ | ૧૧૬ |
| ઈતરોમાં અકરણનિયમનું માત્ર વર્ણન છે, પાલન નહિ-પૂ૦ | ૧૧૭ |
| અકરણનિયમનું વર્ણન પણ શુભભાવ સાપેક્ષ છે અને માર્ગાનુસારિતાનું સાધક છે | ૧૧૮ |
| ઈતરોક્ત અકરણનિયમવર્ણનમાં દ્વૈવિધ્ય | ૧૧૯ |
| ઈતરદર્શનમાં ય સામાન્ય ધર્મની હાજરી | ૧૨૦ |

ઈતરદર્શનમાં એકાન્તમિથ્યાત્વની વ્યવસ્થા ૧૨૧

**'સવ્વપ્પવાયમૂલં' શ્લોકની વિચારણા ૧૨૧-૧૩૪**

પૂર્વપક્ષીકલ્પિત અસંગતિ ૧૨૧

દ્વાદશાંગી અંગે પૂર્વપક્ષીની કલ્પના ૧૨૨

શાક્યાદિ પ્રવાદોને જૈનાગમસમુદ્રના બિન્દુઓ માનવા એ ભ્રાન્તિ-પૂર્વ. ૧૨૩

'સવ્વપ્પવાયમૂલ' શ્લોકની પૂર્વપક્ષીકૃત વ્યાખ્યા ૧૨૪

સમ્યક્ત્વી-મિથ્યાત્વીના અકરણનિયમમાં ફળતઃ શુભાશુભતા ૧૨૫

ઉક્ત ગાથામાં અસંગતિનો જ અભાવ-ઉ૦ ૧૨૬

પૂર્વપક્ષવ્યાખ્યા ગ્રન્થસંદર્ભથી વિપરીત ૧૨૬

દ્વાદશાંગીમાં સર્વપ્રવાદમૂલત્વ ૧૨૭

શાક્યાદિ પ્રવાદો જૈનાગમસમુદ્રના બિન્દુ આ રીતે ૧૨૮

બૌદ્ધાદિદર્શનો જિનાગમમૂલક છે ૧૨૯

'ઉદધાવિવ સર્વસિન્ધવ' ની પૂર્વપક્ષવ્યાખ્યા ૧૩૦

પ્રાચીન વ્યાખ્યાથી વિપરીત વ્યાખ્યા કરવી એ અપસિદ્ધાન્ત ૧૩૧

'ઉદધાવિવ' શ્લોકની પ્રાચીન વ્યાખ્યા સંગત ૧૩૧

અન્યદર્શનો પણ જૈનાગમબોધથી પુષ્ટ થાય ૧૩૨

'ઉદધાવિવ' શ્લોકની પૂર્વપક્ષવ્યાખ્યામાં અસંગતિ ૧૩૨

પક્ષપાતશૂન્ય જૈનેતરમાં પણ ધર્મબીજ સંભવિત ૧૩૪

ધર્મપક્ષ-અધર્મપક્ષ ૧૩૪

મિથ્યાત્વીની દ્રવ્યવિરતિમાં પ્રધાનતા-અપ્રધાનતા ૧૩૪

કયા મિથ્યાત્વીની સર્વક્રિયાઓ નિષ્ફળ ? ૧૩૬

અકારણતાના બે પ્રકાર ૧૩૮

કેવો એકાકી દેશઆરાધક સંભવે ૧૪૦

વિશિષ્ટનિર્જરા પ્રત્યે પ્રતિબંધક અને ઉત્તેજક ૧૪૧

કર્મબન્ધના બે ભેદ-મહાબંધ, અલ્પબંધ ૧૪૨

ભિન્નગ્રન્થિકનો અભિન્નગ્રન્થિક જેવો અશુભપરિણામ ન જ હોય ૧૪૨

અવ્યુત્પન્નદશાનાં અનુષ્ઠાનો ૧૪૪

વૃત્તિકારકૃત વિકલ્પવ્યાખ્યા અયોગ્ય-પૂ૦ ૧૪૬

'અપ્રાપ્તેર્વા' વ્યાખ્યામાં અસંગતિ-પૂ૦ ૧૪૭

'અપ્રાપ્તેર્વા' વ્યાખ્યાનું તાત્પર્ય-ઉ૦ ૧૪૭

ત્રીજો ચોથો ભાંગો ૧૪૯

કયો વ્યવહાર બળવાન્ ૧૪૯

ભાવશૂન્યવ્યવહાર અકિંચિત્કર ૧૫૨

**અનુમોદના-પ્રશંસાવિચાર ૧૫૩-૧૭૩**

અનુમોદનીય શું ? ૧૫૪

અનુમોદના-પ્રશંસા સામાન્ય-વિશેષ રૂપ ૧૫૫

કારણે અનિષ્ટની પણ પ્રશંસા હોય-પૂ૦ ૧૫૬

એ ઇષ્ટપ્રશંસારૂપે જ પરિણમે-ઉ૦ ૧૫૭

અનિષ્ટની પણ શાસ્ત્રમાન્ય પ્રશંસા અતિચારરૂપ નથી ૧૫૮
સ્વરૂપશુદ્ધ દરેક અનુષ્ઠાન જાતિથી અનુમોદનીય ૧૫૯
વિષયશુદ્ધાદિ અનુષ્ઠાન ૧૬૧
મોક્ષાશયનો ભાવ એ તત્ત્વથી ભગવદ્બહુમાનરૂપ ૧૬૨
મિથ્યાત્વીના ગુણો પણ સામાન્યરૂપે અનુમોદનીય ૧૬૩
દોષસહચરિતગુણની અનુમોદના દોષની અનુમોદનામાં પરિણમે ? ૧૬૪
માર્ગાનુસારીગુણોની અનુમોદના મિથ્યાત્વની અનુમોદનામાં ન પરિણમે ૧૬૫
'મિથ્યાત્વીના ગુણોને નહિ અનુમોદીએ' એ દુર્વચન ૧૬૭
ભાવી ફળના નિશ્ચયને પ્રવર્ત્તક માનવામાં દોષ ૧૬૮
સુકૃત અનુમોદના ૧૭૦
સઘળાં કુશળવ્યાપારો સામાન્યથી અનુમોદનીય ૧૭૧
અનુમોદનીય શું ? પૂર્વપક્ષકૃત વિકલ્પો ૧૭૨
અનુમોદનીયના બે વિભાગ, સ્વરૂપતઃ અને ફળતઃ–ઉ૦ ૧૭૩
**શુક્લપાક્ષિકત્વાદિ વિચાર ૧૭૩-૧૭૯**
ક્રિયાવાદી નિયમા ભવ્ય, શુક્લપાક્ષિક અને ન્યૂન પુદ્ગલાવર્ત્તસંસારી જ હોય– દશાચૂર્ણિમત ૧૭૩
ક્રિયાવાદીનું શુક્લપાક્ષિકપણું ભજનાએ– શ્રા૦પ્ર૦નો ફલિતાર્થ ૧૭૪
શ્રી ભગવતીસૂત્રનો અભિપ્રાય ૧૭૬
ઉભયશાસ્ત્રનો સમન્વય કરવો એ જ ન્યાય પૂર્ણ–ઉ૦ ૧૭૭
શ્રાવકપ્રજ્ઞપ્તિ અને દશાશ્રુત૦ના પ્રતિપાદનોની સંગતિ ૧૭૮
શુક્લ-કૃષ્ણપક્ષની બે વિવક્ષાઓ શાસ્ત્રસિદ્ધ ૧૭૯
**અકામ-સકામનિર્જરા વિચાર ૧૮૦-૧૯૦**
મિથ્યાત્વીઓમાં પણ સકામનિર્જરા સંભવિત ૧૮૦
ज्ञेया सकामा यमिनाम् નું તાત્પર્ય ૧૮૦
તેમાં સમયસારસૂત્ર અને વૃત્તિની સાક્ષી ૧૮૧
માર્ગાનુસારી અનુષ્ઠાનમાત્ર સકામનિર્જરાનું બીજ ૧૮૩
અકામનિર્જરા અને બાળતપ એ બે શું જુદા છે ? ૧૮૪
માર્ગાનુસારીની બુદ્ધિનો અબુદ્ધિ તરીકે અપલાપ ન કરાય ૧૮૫
દયાદિ પરિણામની હાજરીમાં કુશળબુદ્ધિ પણ પ્રાયઃ પ્રગટે જ ૧૮૬
ઈતરની અનુમોદનામાં અતિચાર લાગવાનું એક કારણઃ મોહ (મિથ્યાજ્ઞાન) ૧૮૭
તેનું બીજું કારણ : અનવસ્થા ૧૮૯
સ્વાપેક્ષાએ હીન એવા પણ ક્ષમાદિમાં અનુમોદનીયત્વ અક્ષત ૧૯૦
**મરીચિઉત્સૂત્રવચન વિચાર ૧૯૧-૨૦૫**
મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર હતું–પૂર્વપક્ષ ૧૯૧
માયાનિશ્રિત અસત્ય એવું તે ઉત્સૂત્ર જ–ઉ૦ ૧૯૨
વિપરીત એવા દ્રવ્ય-ભાવભાંગા ભળવામાત્રથી મિશ્રત્વ ન આવે ૧૯૩
દરેક જ્ઞાન વિશેષ્યઅંશમાં અભ્રાન્ત હોય ૧૯૪
સૂત્ર–ઉત્સૂત્ર વિભાગ શ્રુતભાવભાષાને સાપેક્ષ ૧૯૫

સંક્લેશપ્રયુક્ત અસ્પષ્ટ પ્રરૂપણા એ પણ ઉત્સૂત્રપ્રરૂપણા ૧૯૬
મરીચિવચનમાં રહેલા 'इह' શબ્દના અર્થની વિચારણા ૧૯૭
'दुर्भाषित' એટલે પણ ઉત્સૂત્ર ૧૯૮
મરીચિના વચનનો 'ઉત્સૂત્ર' તરીકે ઉલ્લેખ કરનારા શાસ્ત્રપાઠો ૧૯૯
'લેશ' શબ્દ મિશ્રપણાને જણાવતો નથી ૨૦૦
ઉત્સૂત્રપ્રરૂપણાનું સ્વરૂપ ૨૦૧
દુરંત અને અનંત એ બે વિશેષણો વિરુદ્ધ નથી ૨૦૩
શ્રાવકની વિપરીત પ્રરૂપણામાં અસંખ્યસંસારનો જ અધિકાર-પૂ૦ ૨૦૪
તેમાં પણ અનંતસંસારનો જ અધિકાર-ઉ૦ ૨૦૫

**જમાલિના સંસારની વિચારણા** ૨૦૬-૨૩૨

જમાલિના દૃષ્ટાન્તનું સમર્થન પણ ઉપલક્ષણ વ્યાખ્યાથી ૨૦૬
અરઘટ્ટઘટીયન્ત્રન્યાય એકેન્દ્રિયાદિમાં પુનઃ પુનઃ ભ્રમણનો સૂચક-પૂ૦ ૨૦૮
પ્રસ્તુતમાં એ ન્યાય ચતુર્ગતિભ્રમણનો સૂચક-ઉ૦ ૨૦૮
અધ્યવસાયભેદે ગતિ-સંસારકાળ વગેરેનો ભેદ ૨૧૦
અન્યથા અન્ય બાબતોમાં પ અનંતસંસારનો નિયમ માનવાની આપત્તિ ૨૧૧
જમાલિના સંસારને જણાવતું ભગવતીજીનું સૂત્ર ૨૧૨
તે સૂત્રપરથી અનંતભવસિદ્ધિ માટે પૂર્વપક્ષીય કલ્પનાઓ અને તેના સમાધાનો ૨૧૨
ત્રિષષ્ટિના શ્લોકના અર્થ અંગે પૂર્વપક્ષકલ્પના ૨૧૪
એ કલ્પનાની અયોગ્યતા ૨૧૪
અન્ય પ્રત્યનીકોનો પણ સમાનસંસાર જ માનવાની આપત્તિ ૨૧૫
સૂત્રગત 'यावत्' શબ્દ વિશેષ્ય કે વિશેષણરૂપે હોય-પૂ૦ ૨૧૬
વિશેષ્યરૂપ 'યાવત્'નો અર્થ-પૂ૦ ૨૧૬
વિશેષણભૂત 'યાવત્'નો અર્થ-પૂ૦ ૨૧૭
કાલનિયમન માટે યાવત્-તાવત્નો અધ્યાહાર-પૂ૦ ૨૧૭
કાલનિયમન દ્વિતીયા વિભક્તિથી થઈ ગયું છે-ઉ૦ ૨૧૮
પૂર્વપ્રસ્તુત પદસમુદાયનો જે અર્થ એ જ પ્રસ્તુતમાં 'યાવત્'નો અર્થ ૨૧૯
દ્યોતકરચનારૂપે 'યાવત્' શબ્દ પણ પ્રસિદ્ધ ૨૨૧
'जाव चत्तारि' સૂત્ર કિલ્બિષિક વિશેષ વિષયક હોવું સંભવે ૨૨૨
સામાન્યનું કથન પણ ક્યારેક વિશેષપરક હોય ૨૨૨
મોક્ષગમનની વાત ન હોવા માત્રથી સૂત્ર અભવ્યવિષયક ન બની જાય ૨૨૩
'ચાર પાંચ' શબ્દમાં પણ સંકેતવિશેષથી એકસંખ્યાવાચકત્વ ૨૨૪
પાંચ શબ્દ અંગે અન્ય પ્રશ્નો અને ઉત્તરો ૨૨૫
'પંદરભવો તો માત્ર સ્થૂલભવો જ છે' એ વાત અયોગ્ય ૨૨૬
ઓછાવત્તા ભવો માત્ર પર આરાધના-વિરાધનાનું સારાનરસાપણું નથી ૨૨૭
જમાલિઅંગેના વૃત્તિના પાઠો ૨૨૭
વૃત્તિપાઠો અંગે ગીતાર્થોનું પ્રતિપાદન ૨૨૯
બે પ્રસ્તુત વાતોમાંથી શાસ્ત્રસંમતિપ્રદર્શન માત્ર એકનું પણ સંભવે ૨૨૯
તિર્યગ્યોનિક શબ્દ અંગે વિચારણા ૨૩૦

સૂત્રાનુસારે બોલનારને થતો લાભ ૨૩૧
હૃદયસ્થિત ભગવાન્ કલ્યાણપ્રાપક કઇ રીતે? ૨૩૨
**કેવલીમાં દ્રવ્યહિંસાનો વિચાર ૨૩૩-૪૫૫**
કેવલી પ્રત્યેની ભક્તિના નામે કુવિકલ્પ ૨૩૩
સયોગી અવસ્થામાં અશક્યપરિહારરૂપ હિંસા હોય જ ૨૩૪
**કેવલી પ્રયત્નનો વિચાર [ ૨૩૫-૨૪૪ ]**
કેવલીનો જીવરક્ષાનો પ્રયત્ન નિષ્ફળ ન રહે.–પૂ. ૨૩૫
કેવલીનો દેશનાપ્રયત્ન નિષ્ફળ રહે?–ઉ૦ ૨૩૫
કેવલીપ્રયત્નની સફળતા સાધ્યવિષયની અપેક્ષાએ જ ૨૩૬
કાયપ્રયત્ન અને વાક્પ્રયત્નમાં વૈષમ્ય છે–પૂ. ૨૩૬
ક્ષુત્પરીષહવિજયના કાયપ્રયત્નની પ્રતિબન્દી–ઉ. ૨૩૭
માર્ગમાં રહેવું એ જ પ્રયત્નની સફળતા– ૨૩૭
ઉપાયનો અનાભોગ જ જીવરક્ષાપ્રયત્નને નિષ્ફળ બનાવે–પૂ. ૨૩૮
ક્ષુત્પરીષહવિજયના પ્રયત્નને કોણ નિષ્ફળ બનાવે છે?–ઉ. ૨૩૮
નિર્ગ્રન્થનું ચારિત્ર પણ અશુદ્ધ બનવાની આપત્તિ ૨૩૯
નિર્ગ્રન્થને પણ શાસ્ત્રવિહિતઉપાયનો અનાભોગ ન હોય ૨૪૦
કેવલીના યોગોને જ જીવરક્ષાના ઉપાય મનાય? ૨૪૦
હિંસાફળાભાવની પ્રરૂપણામાં કેવલીનો અધિકાર છે જ ૨૪૧
કેવલીને પાપકર્મબંધાભાવનો નિર્ણય હોવાથી વર્જનાભિપ્રાય ન હોય–પૂ૦ ૨૪૨
અનેષણીયવગેરેનો વર્જનાભિપ્રાય હોવો શાસ્ત્રસિદ્ધ–ઉ૦ ૨૪૩
કેવલીએ સ્વપ્રયત્નને કેવો જોયો હોય? ૨૪૪
**ગર્હણીયકૃત્ય અંગે વિચારણા [ ૨૪૪-૨૫૨ ]**
કઈ હિંસા ગર્હણીય? દ્રવ્ય કે ભાવ? ૨૪૪
ઉપશાન્તમોહીની દ્રવ્યહિંસા પ્રતિસેવા ખરી, યથાખ્યાતનાશક નહિ–પૂ૦ ૨૪૬
પ્રતિષિદ્ધની પ્રતિસેવા યથાખ્યાત અને નિર્ગ્રન્થત્વની લોપક જ હોય–ઉ૦ ૨૪૭
અનાભોગજન્ય પ્રતિસેવા પણ પ્રતિસેવા જ છે ૨૪૮
પ્રતિસેવાની વ્યાખ્યા ૨૪૯
इत्तो उ वीयरागो શ્લોકનો રહસ્યાર્થ ૨૪૯
એ શ્લોકથી કેવળીમાં પ્રતિસેવાના અભાવની સિદ્ધિ, નહિ કે દ્રવ્યહિંસાના ૨૫૦
એ શ્લોકમાં ઉપશાન્તમોહીનું ગ્રહણ કેમ નહિ? ૨૫૧
ક્ષીણમોહજીવમાં ગર્હણીય દ્રવ્યઆશ્રવનો અભાવ–પૂ૦ ૨૫૧
ભાવાશ્રવની હાજરીની આપત્તિ–ઉ૦ ૨૫૨
**દ્રવ્યઆશ્રવપરિણતિ અંગે વિચારણા [ ૨૫૩-૨૬૧ ]**
દ્રવ્યાશ્રવપરિણતિ સ્વકારણજન્ય, નહિ કે મોહજન્ય ૨૫૩
દ્રવ્યાશ્રવપરિણતિ મોહજન્યા–પૂ૦ ૨૫૩
સંયતની આરંભિકી ક્રિયા પ્રમત્તયોગજન્યા નહિ કે જીવઘાતજન્યા–પૂ૦ ૨૫૪
પ્રમત્તયોગ અંગે પૂર્વપક્ષ વિચારણા ૨૫૫
પ્રમત્ત–અપ્રમત્તની દ્રવ્યાશ્રવપરિણતિના હેતુઓ–પૂ૦ ૨૫૬

દ્રવ્યાશ્રવને મોહજન્યમાનવા સામે દ્રવ્યપરિગ્રહની પ્રતિબંદી-ઉ૦ ૨૫૬
કેવલીમાં દ્રવ્યહિંસા માનવામાં હિંસાનુબંધી રૌદ્રધ્યાનની આપત્તિ-પૂ૦ ૨૫૭
દ્રવ્યપરિગ્રહના કારણે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનની આપત્તિ-ઉ૦ ૨૫૮
દ્રવ્યપરિગ્રહ આપવાદિક હોઈ કેવલીને દોષાભાવ-પૂ૦ ૨૬૦
અનાભોગજન્ય દ્રવ્યાશ્રવ જ મોહજન્ય-પૂ૦ ૨૬૧
દ્રવ્યપરિગ્રહને આપવાદિક માનવામાં પૂર્વપક્ષીને પ્રતિજ્ઞાહાનિદોષ-ઉ૦ ૨૬૧

**યોગ અંગે વિચારણા** [૨૬૧-૨૭૭]

યોગો અશુભ શી રીતે બને ? પૂર્વપક્ષ વિચારણા ૨૬૧
પ્રમત્તના યોગો જ અશુભ હોય-પૂ૦ ૨૬૨
પ્રમત્તનો અપવાદભિન્નજીવઘાત અનાભોગજન્ય જ હોય-પૂ૦ ૨૬૩
ફળોપહિત-સ્વરૂપયોગ્ય યોગોનો ભેદ-પૂ૦ વિચારણા ૨૬૪
કેવળીનાયોગો જીવઘાતાદિ અશુભના ફળોપ. ક્યારે ય ન બને-પૂ૦ ૨૬૪
કેવળીનું ધર્મોપકરણધારણ આપવાદિક હોતું નથી-પૂ૦ ૨૬૫
પણ વ્યવહારને પ્રમાણ ઠેરવવા હોય છે-પૂ૦ ૨૬૬
કેવળીનું અનેષણીયગ્રહણપણ આપવાદિક નથી-પૂ૦ ૨૬૭
'વ્યવહાર પણ બળવાન્'ની કેવળીકૃત સ્થાપના ૨૬૭
કેવળીની પ્રવૃત્તિથી શ્રુતવ્યવહારની શુદ્ધિ શી રીતે ? પૂ૦ ૨૬૮
શ્રુતવ્યવહારશુદ્ધિના પ્રભાવે અનેષણીય પણ એષણીય-પૂ૦ ૨૬૯
ઔપાધિક શુદ્ધતાશાલી ચીજ પણ આપવાદિક જ કહેવાય-ઉ૦ ૨૭૦
ધર્મ ગુરુને અનુસરનારો કઈ રીતે ? ૨૭૦
અતિપ્રસંગ છદ્મસ્થની જાણકારી માત્રથી ન થાય ૨૭૨
ઉન્નતનિમ્ન દૃષ્ટાન્ત ૨૭૩
કેવલી ગૃહીત અનેષણીય પૂર્વાવસ્થાની અપેક્ષાએ જ અનેષણીય-પૂ૦ ૨૭૩
આભોગપૂર્વકની પ્રતિષિદ્ધપ્રવૃત્તિનો સાધુને અભાવ થવાની આપત્તિ-ઉ૦ ૨૭૪
'અશુભયોગજન્ય હિંસા એ આરંભકત્વ' માનવામાં આપત્તિ ૨૭૫
અપ્રમાદ યોગના અશુભત્વનો પ્રતિબંધક ૨૭૬
મૈથુનસિવાયના આશ્રવો અનિયત દોષરૂપ ૨૭૭

**કાયિકી વગેરે ક્રિયાઓ અંગે વિચારણા** [૨૭૮-૨૮૩]

વીતરાગ અને અપ્રમત્તો જીવહિંસા થવા છતાં અનારંભક ૨૭૮
કાયિકી, આધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાઓનો અવિનાભાવ ૨૭૮
પ્રાણાતિપાતજનકપ્રદ્વેષવિશિષ્ટ કાયિકી ક્રિયાનો જ નિયમ ૨૮૦
હિંસાથી થતા પ્રકૃતિબંધની વ્યવસ્થા અસંગત થવાની આપત્તિ ૨૮૧
જ્ઞાનાવરણબંધકાલીન ક્રિયાઓના પ્રતિપાદક સૂત્રનું રહસ્ય ૨૮૧
'અક્રિય' તરીકે વીતરાગનું ગ્રહણ શા માટે ? સ્પષ્ટતા માટે ૨૮૨
કાયિકી, આરંભિકીની સમનિયત અને પ્રાણાતિપાતિકીની વ્યાપક ૨૮૩

**અવશ્યંભાવિજીવવિરાધનાવિચાર** [૨૮૪-૨૯૨]

અવશ્યંભાવી હિંસાના કારણે કહેવાતું ઘાતકત્વ કયા વ્યવહારથી ? ૨૮૪
સાધુઓની આભોગપૂર્વક નદ્યુત્તારપ્રવૃત્તિના અભાવની આપત્તિ ૨૮૫

| | |
|---|---|
| જળજીવોનો અનાભોગ હોઈ વિરાધના પણ અનાભોગજન્યા–પૂ૦ | ૨૮૫ |
| જળજીવોનો અનાભોગ માનવામાં જયણાપાલન અસંગત–ઉ. | ૨૮૬ |
| વ્યવહારસચિત્તરૂપે આભોગ હોવો આવશ્યક | ૨૮૭ |
| પનકસેવાલાદિનો નિશ્ચયથી પણ આભોગ | ૨૮૮ |
| છતે આભોગે થતી વિરાધનામાં સમ્યક્ત્વ પણ ન ટકે–પૂ૦ | ૨૮૯ |
| પોતાને ન દેખાવા માત્રથી અનાભોગ ન મનાય–ઉ. | ૨૮૯ |
| સંયમની દુરારાધ્યતાનું પૂર્વપક્ષપ્રદર્શિત રહસ્ય | ૨૯૦ |
| અવશ્યંભાવિની વિરાધનાના પૂર્વપક્ષકલ્પિત બે પ્રકાર | ૨૯૧ |
| સૂક્ષ્મત્રસ અને સ્થૂલત્રસની અનાભોગમૂલક વિરાધનાનો તફાવત–પૂ૦ | ૨૯૨ |
| સ્વસાક્ષાત્કારના વિષય–અવિષયભૂત વિરાધનાનો તફાવત–પૂ૦ | ૨૯૨ |
| **વિરાધનાનીનિર્દોષતાનો હેતુ** | **૨૯૩-૩૨૨** |
| આભોગમૂલક, છતાં આજ્ઞાશુદ્ધ હોવાથી વિરાધના નિર્દોષ | ૨૯૩ |
| સંયમની દુરારાધ્યતાનું ગ્રન્થકારપ્રદર્શિત રહસ્ય | ૨૯૩ |
| આગમથી પણ અપ્કાય વગેરે સ્થાવરોનો આભોગ શક્ય | ૨૯૪ |
| સૂક્ષ્મ અને સ્થૂલત્રસની વિરાધના અશક્યપરિહારરૂપે સમાન જ–ઉ૦ | ૨૯૫ |
| કર્મબંધ વધ્યજીવનની સ્થૂલતા કે સૂક્ષ્મતામાત્રને સાપેક્ષ નથી | ૨૯૬ |
| આભોગપૂર્વકની આપવાદિક હિંસા દુષ્ટ બની જવાની આપત્તિ | ૨૯૮ |
| છતી વિરાધનાએ પણ સંયમરક્ષામાં અધ્યાત્મશુદ્ધિ એ જ હેતુ, અનાભોગ નહિ | ૨૯૯ |
| સંયમપરિણામની રક્ષામાં વર્જનાભિપ્રાય એ હેતુ–પૂ૦ | ૨૯૯ |
| જીવઘાતાદિમાં વર્જનાભિપ્રાય એ ઉપાધિ–પૂ૦ | ૩૦૦ |
| વર્જનાયુક્ત જીવવિરાધના પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનો હેતુ–પૂ૦ | ૩૦૧ |
| નિશ્ચયનયે વિરાધના નિર્જરાનો હેતુ જ નથી–ઉ૦ | ૩૦૨ |
| આપવાદિક વિરાધનામાં અનાભોગ કે વર્જનાભિપ્રાય હોતો નથી–ઉ૦ | ૩૦૩ |
| બંધહેતુ નિર્જરાહેતુ શી રીતે બને ? નયવિચારણા | ૩૦૪ |
| ઐદંપર્ય અંગે ઉપદેશપદગત પ્રરૂપણા | ૩૦૫ |
| જીવઘાતપરિણામને નિર્જરાહેતુમાનવાની આપત્તિ | ૩૦૬ |
| વિરાધનાનું હિંસાપરિણામજન્યત્વ સ્વરૂપ વર્જના૦ થી દૂર થાય–પૂ૦ | ૩૦૭ |
| હિંસાપરિણામજન્યત્વને વિરાધનાનું સ્વરૂપ કહેવું એ મુગ્ધપ્રતારણ–ઉ૦ | ૩૦૮ |
| વર્જના૦ રૂપ ઉપાધિશૂન્ય વિરાધના જ નિર્જરાપ્રતિબંધક–પૂ૦ | ૩૦૮ |
| વર્જના૦ વિરાધનાના કયા સ્વરૂપને દૂર કરી ઉપાધિ બને ? ઉ૦ | ૩૦૮ |
| સર્વત્ર વિશિષ્ટનિર્જરા પ્રત્યે આજ્ઞાશુદ્ધભાવ એ સ્વતંત્રકારણ | ૩૦૯ |
| સ્વતંત્ર કારણને ઉત્તેજક માનવામાં દોષ | ૩૦૯ |
| જીવોનો અનાભોગ હોય તો જળપાનમાં મૂલ પ્રાયશ્ચિત્ત ન આવે | ૩૧૦ |
| પાણી પીવામાં અને ઉતરવામાં પ્રાયશ્ચિત્તભેદ કેમ ? વિચારણા | ૩૧૨ |
| આભોગ અનાભોગ શું છે ? | ૩૧૨ |
| ગીતાર્થમાં વિરાધનાની જાણકારીનો પૂર્વપક્ષીકૃત સ્વીકાર | ૩૧૪ |
| છતી વિરાધનાએ જળવાતી નિર્દોષતાનો હેતુઃ આશયશુદ્ધિ | ૩૧૫ |
| હિંસ અને અહિંસ્રપણાની વ્યવસ્થા | ૩૧૫ |

| | |
|---|---|
| અનાભોગને નિર્દોષતાની જાળવણીનો હેતુ માનવામાં આપત્તિઓ | ૩૧૭ |
| વિરાધનાનો આભોગ માનવામાં દેશવિરતિની આપત્તિ–નિરાકરણ | ૩૧૮ |
| ૧૮૦૦૦ શીલાંગો અંગે નિશ્ચયનયમત | ૩૨૦ |
| ૧૮૦૦૦ શિલાંગો અંગે વ્યવહારનયમત | ૩૨૦ |
| શીલની અખંડિતતામાં અપેક્ષા ભાવવિરતિની, નહિ કે બાહ્યપ્રવૃત્તિની | ૩૨૧ |
| **અપવાદવિષયક ઉપદેશ વિચાર** | **૩૨૩-૩૪૯** |
| વિહિતાનુષ્ઠાનીય દ્રવ્યહિંસામાં જિનાજ્ઞા જ પ્રવર્તક | ૩૨૩ |
| આપવાદિક હિંસાની આદેશરૂપે જિનાજ્ઞા અસંભવિત–પૂ૦ | ૩૨૩ |
| કલ્પ્યત્વાભિવ્યંજિતરૂપે પણ અસંભવિત–પૂ૦ | ૩૨૪ |
| જિનોપદેશ માત્ર વસ્તુસ્વરૂપની જાણકારી માટે જ–પૂ૦ | ૩૨૫ |
| સર્વત્ર વિધિ–નિષેધ માત્ર જયણા–અજયણાના જ–પૂ૦ | ૩૨૬ |
| જિનાજ્ઞાથી વસ્તુસ્વરૂપનું જ્ઞાન, પ્રવૃત્તિ–નિવૃત્તિ સ્વતઃ–પૂ૦ | ૩૨૭ |
| જીવવિરાધના અજયણાજન્ય જ હોય–પૂ૦ | ૩૨૯ |
| છતી જયણાએ થતી વિરાધના અનાભોગપ્રયુક્તઅજયણાજન્ય–પૂ૦ | ૩૩૦ |
| દ્રવ્યહિંસાનું પચ્ચક્ખાણ પણ આવશ્યક–પૂ૦ | ૩૩૦ |
| વ્યવહારસાવદ્યકારણોની જિનાનુજ્ઞા કલ્પ્યત્વાભિવ્યંજિત ઉપદેશમુખે–પૂ૦ | ૩૩૧ |
| યતનાની જિનાજ્ઞા, દ્રવ્યહિંસાની ક્યાંય નહિ–પૂ૦ | ૩૩૩ |
| વ્યવહારનયે પાદાદિ–ક્રિયારૂપ વિરાધનાની જિનાનુજ્ઞા–ઉ૦ | ૩૩૪ |
| નિશ્ચયનયે તો શુભભાવનું જ વિધાન | ૩૩૫ |
| ફળતઃ તો વિધિશુદ્ધહિંસા પણ અનુજ્ઞાનો વિષય | ૩૩૫ |
| માત્ર જયણાનું જ વિધાન માનવામાં અસંગતિઓ | ૩૩૬ |
| આપવાદિક પ્રવૃત્તિને સ્વતઃ કહેવી એ મહાભ્રાન્તિ | ૩૩૭ |
| અપવાદ પદે વિરાધનાનો ઉપદેશ પણ વિધિમુખે સંભવિત | ૩૩૮ |
| અપવાદપદે વિરાધનાનું વિધાન આવશ્યક | ૩૩૯ |
| જયણાપૂર્વક થયેલી આપવાદિક હિંસામાં પ્રાયશ્ચિત્તનો અભાવ | ૩૪૦ |
| વેલડી વગેરેના આલંબનનું વિધાન કરતું સૂત્ર | ૩૪૧ |
| લવણ અંગેનું આપવાદિક વિધાનસૂત્ર | ૩૪૨ |
| નિષિદ્ધનું પણ આપવાદપદે વિધાન હોય | ૩૪૩ |
| દ્રવ્યહિંસાનું પણ અપવાદપદે વિધાન | ૩૪૪ |
| સૂક્ષ્મ વિરાધના સૂક્ષ્મ અજયણારૂપ નથી | ૩૪૪ |
| સૂક્ષ્મ આશ્રવ ક્રિયાઓ માટે ક્ષીણમોહ સુધી આલોચના | ૩૪૫ |
| છદ્મસ્થના અનુષ્ઠાનો આલોચનાદિયુક્ત હોય તો જ ઇષ્ટસાધન | ૩૪૬ |
| દ્રવ્ય–ક્ષેત્ર વગેરે આશ્રીને પણ હિંસાભાવનું જ પચ્ચક્ખાણ | ૩૪૭ |
| પુષ્પ ચડાવવા વગેરે રૂપ હિંસાનો ઉપદેશ સાક્ષાદ્ વિધિમુખે | ૩૪૯ |
| પૂજાભાવિહિંસામાં અનુબંધશુદ્ધતાના કારણે જિનાજ્ઞા | ૩૪૯ |
| **દ્રવ્યહિંસા અંગે કલ્પભાષ્યનો અધિકાર** | **૩૫૦-૩૬૨** |
| છતે આભોગે દ્રવ્યપરિગ્રહની જેમ દ્રવ્યહિંસાથી દોષ નહિ | ૩૫૦ |
| ચતુર્થ ભાંગાની શૂન્યતા હિંસાના સ્વરૂપની અપેક્ષાએ–પૂ૦ | ૩૫૨ |

તે શૂન્યતા હિંસાવ્યવહારના અભાવની અપેક્ષાએ-ઉ૦ ૩૫૩
ચોથા ભાંગામાં યોગની શુદ્ધતા ગુપ્તિરૂપ લેવાની છે. ૩૫૪
અપ્રમત્તથી સંયોગી કેવલી, દ્રવ્યહિંસાથી તુલ્ય રીતે નિર્દોષ ૩૫૫
હિંસા અંગેની ચતુર્ભંગીની ભાવનાનો અધિકાર ૩૫૬
તે અધિકારથી કેવળીમાં અહિંસકત્વની સિદ્ધિ, દ્રવ્ય હિંસાની નહિ-પૂ૦ ૩૫૭
તે અધિકારના નિગમનવચનથી દ્રવ્યહિંસાની સિદ્ધિ-ઉ૦ ૩૫૭
વસ્ત્રછેદન અંગે કલ્પભાષ્યગત પૂર્વપક્ષ ૩૫૮
હિંસાન્વિતયોગમાં હિંસકપણાંની વ્યાપ્તિ નથી. ૩૫૯
વસ્ત્રછેદાધિકાર હિંસાન્વિતયોગના અભાવનો જ્ઞાપક-ઉ૦ ૩૬૧
પ્રતિબંદીથી પૂર્વપક્ષીને આપેલો દોષ તેના સદ્ભાવનો જ્ઞાપક-ઉ૦ ૩૬૦
પૂર્વપક્ષીને પ્રતિબંદીથી આપેલ દૂષણ ૩૬૨

**આરંભાદિ-અંતક્રિયા વિચાર** ૩૬૩-૩૭૬
કંપનાદિ ક્રિયાઓ અંગે ભગવતીજીનો આધકાર ૩૬૩
કંપનાદિક્રિયા આરંભાદિદ્વારા અંતક્રિયાવિરોધી ફલિતાર્થ ૩૬૪
યોગો જ અંતક્રિયાવિરોધી-પૂ૦ ૩૬૫
ભગવતીજીના સૂત્રની પૂર્વપક્ષીકલ્પિત વ્યાખ્યા ૩૬૬
કંપનાદિનો યોગ સાથે નિયમ બતાવ્યાની પૂર્વપક્ષ કલ્પના અયોગ્ય ૩૬૭
અન્ય પૂર્વપક્ષ કલ્પના અને તેની ઉપહાસ્યતા ૩૬૮
એજનાદિ આરંભાદિને સાક્ષાદ્ નિયત નથી-શંકા ૩૬૯
આરંભાદિ જનનશક્તિની અપેક્ષાએ સાક્ષાત્ નિયત-સમાધાન ૩૬૯
આરંભજનન શક્તિયુક્ત યોગો અંતક્રિયાના પ્રતિબંધક ૩૭૦
એ શક્તિના કારણે એજનાદિથી થયેલ આરંભ સાધુઓને નિર્દોષ ૩૭૧
સ્થૂલક્રિયા રૂપ આરંભ કેવલીમાં અબાધિત ૩૭૩
ચલોપકરણતા નામકર્મ પરિણતિને નિયત ૩૭૫

**કાયસ્પર્શજન્ય વિરાધના વિચાર** ૩૭૭-૪૦૨
અવશ્યંભાવી વિરાધનાજન્ય કર્મબંધાદિ અંગે આચારાંગવૃત્તિ અધિકાર ૩૭૭
એ અધિકારમાં કેવલી અનૂદ્ય નથી-પૂ૦ ૩૭૯
વૃત્તિમાં કેવલીના કરેલ નિર્દેશનો અપલાપ અશક્ય ૩૭૯
અવશ્યંભાવિત્વ અંગે પૂર્વપક્ષ વિચારણા ૩૮૧
અનાભોગાદિવત્ વિષયાસંનિધાનાદિથી પણ કાદાચિત્કત્વ સંભવિત ૩૮૨
પૂર્વપક્ષ વિચારણાના સ્વીકારમાં સૂત્રની અસંગતિનો દોષ ૩૮૩
અવશ્યંભાવિત્વ અંગે વાસ્તવિકતા ૩૮૪
કેવલીમાં વિરાધનાકર્તૃત્વ અસંભવિત હોઈ નિર્દેશ અયોગ્ય-પૂ૦ ૩૮૫
મશકાદિકર્તૃક જીવઘાત સયોગી કેવલીને અસંભવિત-પૂ૦ ૩૮૬
નિર્દેશ કર્તૃત્વને નહિ, કારકત્વને આગળ કરીને છે-ઉ૦ ૩૮૭
અથવા ઉપચરિત કર્તૃત્વને આગળ કરીને છે-ઉ૦ ૩૮૮
આચારાંગનો આ ગ્રન્થાધિકાર પ્રાસંગિક જ છે-પૂ૦ ૩૮૯
એ ગ્રન્થાધિકાર કર્મબંધ અંગેના કા.કા. ભાવની વ્યવસ્થાસિદ્ધિ માટે-પૂ૦ ૩૯૦

| | |
|---|---|
| ઉપશાન્તાદિનો સમુચ્ચય વૈચિત્ર્યનો વ્યતિરેક દેખાડવા–પૂ૦ | ૩૯૧ |
| તે અધિકારને પ્રાસંગિક માનવામાં અતિપ્રસંગ–ઉ૦ | ૩૯૨ |
| નિમિત્તકારણ અનૈકાન્તિક પણ હોય | ૩૯૩ |
| સમુચ્ચયના અનિર્વાહની આપત્તિ | ૩૯૪ |
| અયોગીવત્ સયોગીશરીર પર જીવઘાત કેમ નહીં ? પુર્વપક્ષીને પ્રશ્ન | ૩૯૬ |
| 'સયોગીના યોગ જીવરક્ષાના હેતુ હોવાથી' એવા ઉત્તરમાં આપત્તિ | ૩૯૬ |
| ચારિત્રમોહક્ષયથી જીવરક્ષાનો અતિશય પેદા થાય–પુ૦ | ૩૯૭ |
| કેવલીના યોગો જીવઘાત પ્રત્યે પ્રતિબંધક–પુ૦ | ૩૯૯ |
| અયોગી શરીરથી પણ જીવઘાતાભાવની આપત્તિ–ઉ૦ | ૩૯૯ |
| 'કેવલીનું સ્થાન અહિંસા છે' એ અયોગીને પણ લાગુ પડે–ઉ૦ | ૪૦૦ |
| અહિંસાસ્થાનત્વ ભાવ આશ્રવાભાવના તાત્પર્યમાં | ૪૦૦ |
| **જીવરક્ષા અતિશય–વિચાર** | **૪૦૨–૪૧૬** |
| જો કેવલીયોગ સ્વરૂપે જીવરક્ષક તો પડિલેહણાભાવાપત્તિ | ૪૦૨ |
| જો નિયત વ્યાપાર દ્વારા, તો સર્વજીવોદ્ધરણ અશક્ય | ૪૦૩ |
| પુષ્પચૂલાદૃષ્ટાંતથી જીવોના અઘાતપરિણામની સિદ્ધિ–પૂ૦ | ૪૦૪ |
| દૃષ્ટાંત–દાર્ષ્ટાન્તિકનું વૈષમ્ય–ઉ૦ | ૪૦૫ |
| કેવલીના વિહરણક્ષેત્રમાં જલાદિ અચિત્ત જ હોય–પુ૦ | ૪૦૬ |
| જલમાં અનંતા અંતકૃતકેવલી, સર્વત્ર અચિત્તતા અસંભવિત–ઉ૦ | ૪૦૭ |
| કેવલીયોગથી પૃથ્વ્યાદિને ભયલેશનો પણ અભાવ–પૂ૦ | ૪૦૮ |
| અચિત્તજળસ્પર્શાભાવનો અતિશય કિંકૃત ? ઉ૦ | ૪૦૯ |
| અઘાત્યપરિણામ માનવામાં ઉલ્લંઘનાદિ નિષ્ફળ–ઉ૦ | ૪૧૦ |
| કેવલીના ઉલ્લંઘનાદિ વ્યાપાર શ્રુતવ્યવહાર પાલનાર્થ–પુ૦ | ૪૧૧ |
| કેવલીવિહારકાલે જીવોનું સ્વતઃ અપસરણ–પૂ૦ | ૪૧૨ |
| સ્વતઃ અપસરણ માનવામાં આપત્તિ–ઉ૦ | ૪૧૩ |
| કેવલીક્રિયાજન્ય ભય વિના જ જીવો ક્રિયા કરે–પૂ૦ | ૪૧૪ |
| 'હિંસા વિના જ મરે' એવું પણ માનો ને ! ઉ૦ | ૪૧૪ |
| ભગ૦ના યોગથી ખેડૂત ભય પામ્યો/ભાગ્યો એ પ્રસિદ્ધ | ૪૧૫ |
| સંયમ અભય રૂપ છે | ૪૧૬ |
| **જીવરક્ષાલબ્ધિ વિચાર** | **૪૧૭–૪૨૨** |
| ઘાતીક્ષયજન્યલબ્ધિ પ્રભાવે જીવઘાતાભાવ | ૪૧૭ |
| તે લબ્ધિનું ઉપજીવન કરે તો પ્રમાદાપત્તિ | ૪૧૮ |
| અનુપજીવન માનો તો અયોગીથી પણ જીવરક્ષા | ૪૧૮ |
| લબ્ધિને યોગગત માનવામાં આપત્તિ | ૪૧૯ |
| જો દ્રવ્યહિંસા એ દોષ, તો દ્રવ્યપરિગ્રહ પણ દોષ | ૪૨૦ |
| અનેકાન્ત અનેકાન્તે કઈ રીતે ? | ૪૨૧ |
| **કેવલી–છદ્મસ્થલિંગ વિચાર** | **૪૨૩–૪૫૫** |
| છદ્મસ્થ અને કેવલીના લિંગોનું કર્શક સૂત્ર | ૪૨૩ |
| છદ્મસ્થલિંગોના પક્ષ અને લિંગ અંગે પૂર્વપક્ષવિચારણા | ૪૨૪ |

ક્ષીણમોહને માત્ર સંભાવનારૂઢ મૃષાભાષણાદિ હોય-પૂ૦ ૪૨૬
સંભાવનારૂઢ મૃષાભાષણ પણ મૃષાવાદાત્મક દોષરૂપ-પૂ૦ ૪૨૬
છદ્મસ્થલિંગોનો પૂર્વપક્ષાભિમત કાળ ૪૨૭
ક્ષીણમોહને પણ કેવલી ગણવાના છે-પૂ૦ ૪૨૯
દ્રવ્યપ્રાણાતિપાતાભાવાદિ જ કેવલીના લિંગ છે-પૂ૦ ૪૩૦
રાગદ્વેષ જનિતત્વાદિ તેનું વિશેષણ નથી-પૂ૦ ૪૩૧
કદાચિદ્ અને કદાચિદપિ અસિદ્ધિ અને વ્યભિ૦ ના વારક-પૂ૦ ૪૩૨
અપ્રમત્તને પક્ષ તરીકે લેવામાં દોષો-ઉ૦ ૪૩૩
પારમાર્થિક હિંસાદિના સ્વભાવ છદ્મસ્થલિંગ તરીકે વિવક્ષિત-ઉ૦ ૪૩૩
પક્ષ તરીકે પ્રમત્તજીવ લેવો-ઉ૦ ૪૩૪
કદાચિદ્ વગેરે સ્વરૂપવિશેષણ, દોષવારક નહિ ૪૩૬
કદાચિદ્ વગેરે વિશેષણ અંગે અન્ય અભિપ્રાય ૪૩૭
અન્યના અભિપ્રાયની સમાલોચના ૪૩૮
કદાચિદ્‌થી નીકળતો ફલિતાર્થ ૪૩૯
ભાવહિંસકત્વાદિ લિંગ બનવા અસમર્થ નથી ૪૪૦
ક્ષીણમોહમાં દ્રવ્યમૃષાવાદાભાવની માન્યતા શાસ્ત્રવિરુદ્ધ ૪૪૦
'સંભાવનારૂઢ'માં 'સંભાવના'નો શબ્દાર્થ ૪૪૨
ભાવના કારણો જ દ્રવ્યના કારણ બને એ નિયમ ખોટો ૪૪૪
પ્રાણાતિપાતાદિ ચારિત્રમોહનીયને નિયત-પૂ૦ ૪૪૬
ભાવપ્રાણાતિપાતાદિ તેવા છે, દ્રવ્ય નહિ-ઉ૦ ૪૪૬
નગ્નતાદિ સાત પરીષહો માનવાની આપત્તિ ૪૪૭
સાવ અસતની સંભાવના પણ ન કરાય ૪૪૯
અંત્ય બે લિંગો છદ્મસ્થમાત્રસુલભ નથી ૪૪૯
ક્ષીણમોહને કેવલી માનવા એ આગમબાધિત ૪૫૧
અધિકૃત સ્થાનાંગસૂત્રનું તાત્પર્ય ૪૫૩

**પલાદનવિચારણા** **૪૫૬-૪૫૯**

અનુચિતપ્રવૃત્તિમાન્‌માં પણ શ્રદ્ધાગુણથી સમ્યક્ત્વ ટકે ૪૫૭
તપપ્રાયશ્ચિત્ત અસંગત બનવાની આપત્તિ ૪૫૯

**ઉપસંહાર** **૪૬૦-૪૭૦**

સુપરિશુદ્ધ આજ્ઞા જ ગ્રાહ્ય છે ૪૬૦
ધર્મની કષ-છેદ-તાપ પરીક્ષા ૪૬૦
ત્રણેમાં તાપપરીક્ષાની મુખ્યતા ૪૬૨
શુદ્ધધર્મપરિણતસાધુના સુવર્ણસદૃશ ૮ ગુણો ૪૬૩
સુવર્ણસદૃશગુરુની આજ્ઞામાં રહેલાને થનારા લાભો. ૪૬૬
આત્મપ્રત્યક્ષતા દશાનું સ્વરૂપ ૪૬૭
શુદ્ધવિકલ્પ અવિકલ્પસમાધિનો જનક ૪૬૮
અધ્યાત્મજ્ઞાનની સ્તુતિ ૪૬૯
ધર્મવાદ જ કર્તવ્ય ૪૭૦

અંત્ય ઉપદેશ ૪૭૦
પ્રશસ્તિ ૪૭૧-૪૭૨
પરિશિષ્ટ : ૧ : વિચારબિન્દુ ૪૭૩-૪૯૨
પરિશિષ્ટ : ૨ : ૧૦૮ બોલસંગ્રહ ૪

## અશુદ્ધિઓનું પરિમાર્જન

નીચે દર્શાવેલા પૃષ્ઠો પરની તે તે પંક્તિઓ નીચે લખ્યા મુજબ વાંચવી.

૭૮/૬ चित्रमनेकविधमनुष्ठानमुपदिष्टं, अतो भिन्नाचारस्थितानामपि......
૮૦/૧૦ भयाभिमतयमनियमादिशुद्धस्वरूपक्रियाऽपि......
૮૩/૧૪ ......कालश्चरमपुद्गलपरावर्त्तव्यतिरिक्तशेषपुद्गलपरावर्त्तलक्षणोऽत्र
૮૬/૩ करणचरमविभागभाजां संनिहितग्रन्थिभेदानामत्यन्त......
૧૨૩/૧૪ ......તે તે વ્યક્તિએ પ્રવર્ત્તાવેલ છે તે તે નયવાદો......
૧૩૯/૧૬ ......તેથી ઉગ્રઆચારવાળા પણ એકાકી સાધુને ગુરુકુલવાસમાં......
૧૩૯/૧૭ ......એવી સ્વકદાગ્રહના કારણે વિપરીત માન્યતાવાળા તેમજ તપમાં......
૧૪૨/૫ भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न। पतितस्याप्यते......
૧૫૧/૧૭ ......અંગે ચરણકમલમાં ઉદ્યમશીલ બહુશ્રુતો જે કાંઈ આચરે છે......
૧૬૬/૧૭ ......અભિનિવિષ્ટ અન્યતીર્થિકોને સાક્ષી કરીને બતાવાતા નથી. માટે માર્ગાનુસારી
૧૭૬/૨૫ ......ગૌતમ ! ક્રિયાવાદી નથી, અક્રિયાવાદી છે, અજ્ઞાનવાદી છે,
૨૨૪/૨૬ ......જ્યારે તે દેવોનો ઇંદ્ર ચ્યવે છે ત્યારે તે દેવો હવે શું કરે છે ?
૨૫૦/૧૩ ......વગેરે રૂપ અકરણનિયમની દેશવિરતિગુણઠાણે હાજરી હોય
૨૫૪/૧૯ આપવાદિક હોય છે. અથવા 'જ્ઞાનાદિની વૃદ્ધિ માટે હું આ આશ્રવ સેવું છું' એવી બુદ્ધિના કારણે તે આશ્રવ આપવાદિક હોય છે. તેથી તેનાથી કર્મબંધ થતો નથી......
૨૬૭/૩૩ ......ગ્રહણ કરીને કેવલજ્ઞાની માટે લાવેલ તે વસ્તુ કેવલીને આપી......
૨૬૮/૧૩ ......કારણકે પ્રાયઃ બધો વ્યવહાર શ્રુતથી જ ચાલે છે. આમ
૨૮૨/ પં. ૪- समाप्यते=सम्यक् आप्यते અને પં. ૫-निर्वृत्तिभेदं ના બદલે निर्वृत्तिभेदं લઈએતો જે અર્થ મળે છે કે 'પ્રાણાતિપાત ૩-૪ કે ૫ ક્રિયાઓથી મેળવાય છે=થાય છે' તે અર્થ, 'પ્રાણાતિપાત ૩-૪ કે ૫ ક્રિયાઓથી સમાપ્ત થાય છે' તેવા અર્થ કરતાં વધુ યોગ્ય લાગે છે. (ક્રિયાભેદે પ્રાણાતિપાતની ઉત્પત્તિનો ભેદ અને તેથી કર્મબંધનો ભેદ.)
૨૮૮/૧૪ તેમજ રોટ્ટ=લોટ, ખાંડેલા ડાંગર વગેરે મિશ્ર
૨૯૮/૨૧ ...... કૃતયોગી (તે તે કાર્યનો/તપ વગેરેનો અભ્યાસી-અનુભવી) છે તે,...
૩૦૩/૨૭ ......હોતો નથી. અથવા પાદાક્રિયારૂપ જે વિરાધના છે (જૂઓ પૃ. ૩૩૪) તેને વર્જવાનો અભિપ્રાય હોતો નથી. (કેમકે...
૩૧૬/૨૧ ......અભિમર (=ધારેલ વ્યક્તિનું ખૂન કરનાર, અન્યને ન મરનાર) જેવા દુષ્ટ...
૩૪૦/૨૫ ......(૧૦૦ હાથની બહાર જવામાં કાઉસ્સગ્ગપ્રાયશ્ચિત પણ આવે છે તે વિચારવું.)
૩૪૧/૨૮ ...... બીજે રસ્તે જવું. સીધા માર્ગે ન જવું. કારણ કે......
૩૪૭/૨૦ ...... જેમ કે ગર્ભકાલીન મોટા પેટ વગરની કન્યા અનુદરા

| पृ. पं. | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| ३।१ | निरूपणीय | निरूपणीयः |
| ३।२ | सवद्ध | संवद्ध |
| ३।५ | धर्मेरीक्षाया | धर्मपरीक्षायां |
| ५।१२ | प्रसिद्धः | प्रसिद्धेः |
| ।१० | मज्झत्थो | मज्झत्था |
| ।१० | णायत्त्वा | णायव्वा |
| ९।२ | पच | पंच |
| ९।३ | सचिक्खए | संचिक्खए |
| ९।१३ | पट्ठक | पट्टक |
| ११।३ | दोष | दोषः |
| ११।१० | द्यपकरण | द्युपकरण |
| १४।७ | शास्त्रीय | शास्त्रीयं |
| १४।१२ | प्रतिमा | प्रतिमाः |
| १७।१ | वड्ढया | वड्ढया |
| १७।८ | घटकत्व | घटकत्वं |
| १८।१५ | वेनैव | णेनैव |
| १९।३ | द्वितीयषा | द्वितीयैषा |
| २१।९ | रेब | रेव |
| २१।१२ | किच्चात्० | किच्चा० |
| २३।११ | अहदादीनां | अर्हदादीनां |
| २४।१८ | कराणि | क्रूराणि |
| २४/२८ | હોવાથી | ન હોવાથી |
| २७।९ | निश्रय | निश्चय |
| ३२।८ | [१] किंच | → [२] किंच |
| ३४।६ | कुविकल्पा | कुविकल्पाः |
| ३७।३ | णपुसेसु | णपुंसेसु |
| ३८।६ | भ्यानान | भ्यामान |
| ३९।३ | मोक्षात्मकाः | मोक्षात्मकाः |
| ४०।६ | पुद्वगलपरोवर्त्ताः | पुद्गलपरावर्त्ताः |
| ४३।८ | अनादिमत | अनादिमन्तः |
| ४४।१० | एव | एवं |
| ४५।४ | वनस्पतय | वनस्पतयः |
| ४६।७ | ससारवर्त्वेन | संसारवर्त्वेन |
| ४७/३२ | અવ્યવહારબાલ | સંવ્યવહારબાલ |
| ४८।१५ | सन्त्वन | सन्त्यन |
| ५०।१२ | वनस्पतय | वनस्पतयः |
| ५१।६ | कयाकय | कयाकयं |
| ५३।६ | लोकाकश | लोकाकाश |
| ५३।७ | नम्तान | नन्तान |
| ५३।१० | कोटा | (कोटा) |
| ५८।१ | सर्वांश- | सर्वांश- |
| ५८।५ | नेतेषां | नैतेषां |
| ६०।१० | हृदय | हृदयं |
| ૬૨/૨૮ | ન્યાય | આ ન્યાય |
| ૬૫/૧૪ | "તે સર્વ અવસ્થામાં દોષરૂપ હોય" | આટલું કાઢી નાંખવું. |
| ૬૬/૩૫ | સ્વરૂપે જ | સ્વરૂપે પણ |
| ૬૯/૩૦ | મિથ્યાત્વજી | મિથ્યાત્વ |
| ७०।७–८ | वेद्य | वेद्यं |
| ७४।९ | परेमपि | परेषामपि |
| ७४।११ | ऽव्रवीत् | ऽब्रवीत् |
| ७५।१ | समन्विता | समन्वितः |
| ७८।८ | बंन्धकंवम | बंन्धकत्वम |
| ७९।४ | अत्यर्थे | अत्यर्थं |
| ७९।५ | एव | एवं |
| ૮૦/૩૫ | કડીએ | કરીએ |
| ८२।६ | मपनबं | मपुनबं |
| ८२।६ | श्राद्वत्वा | श्राद्धत्वा |
| ८३।११ | पाभई | पभिई |
| ८४।१४ | बबुलत्वात् | बहुलत्वात् |
| ८५।१२ | ग्रन्थिमेदेस्य | ग्रन्थिभेदस्य |
| ८६।३ | केषाञ्चिदु | केषाञ्चिद्दु |
| ૮૭।૩૧ | દષ્ટિ | દષ્ટિએ |
| ૮૮।૭ | ગગેરે | વગેરે |
| ९१।१० | हिसाद्या | हिंसाद्या |
| ९१।१२ | रमवोत | रमेवेति |
| ૯૨।૧૭ | જેમ | જેથી |
| ૯૨।૩૨ | નિરુપરિત | નિરુપચરિત |
| ૯૪।૧૫ | ભાઢ | ગાઢ |
| ९५।४ | पुनबन्ध | पुनर्बन्ध |
| ९५।६ | सांनिहित | संनिहित |
| ९६।१० | क्षपयणार्थे | क्षपणार्थं |
| ૯૬/૧૧ | વગેરે તેની | વગેરે |
| ૯૬/૨૧ | સંનિહિજીવ | સંનિહિત જીવ |

| पृ. पं. | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| १००।९ | म्यन्तसंसार | म्यन्तरसंसार |
| १०२।८ | संपन्न | संपन्नः |
| १०३।८ | ज्ञातधर्मा | ज्ञातधर्मा |
| १०३।१० | रहितत्स्वात् | रहितत्वात् |
| १०3/२१ | પ્રકાનો | પ્રકારનો |
| १०५।६ | नुष्ठनियुक्तो | नुष्ठानयुक्ता |
| ११०।५ | एव | एवं |
| ११०।१ | पआगे | पओगे |
| १११।१४ | न दि | न हि |
| १११।२२ | નિન્હવોને જ | નિહ્નવોને વિરાધક કહેવા દ્વારા નિહ્નવોને જ |
| ११२।3१ | તેની | તેવી |
| ११४।१४ | सारिणी | सारिणी |
| ११५।५ | मूल | मूलं |
| ११६।९ | दोषः | दोषः |
| ११६।२3-२४ | ઇન્દ્રયો | ઇન્દ્રિયો |
| ११९।११ | औकि | औघिक |
| १२२।६ | श्रतज्ञानं | श्रुतज्ञानं |
| १२२/3१ | શ્રુતજ્ઞાની | પ્રમાણે શ્રુતજ્ઞાની |
| १२२/3७ | પ્રમાણે આશ્રયીને | આશ્રયીને |
| १२३।९ | सिम्यग्दशां | सम्यग्दशां |
| १३१/२ | पवास | पवासं |
| १३१/६ | गुदय | गुदयं |
| १३१/१४ | ऽय | ऽयं |
| १३६/४ | रूपाप्रघा | रूपा प्राघा |
| १३७/३ | कुवद्य | कुवैद्य |
| १3८/3२ | જિનાજ્ઞા | જિનાજ્ઞાભંગ |
| १३९/४ | त्वेनका | त्वेनैका |
| १3९/८ | એના | એના સ્વાભાવિક |
| १४३/१४ | लोकिक | लौकिक |
| १४४/५ | मेदेन | भेदेन |
| १४४/५ | विशोषण | विशेषेण |
| १४४/६ | मेदान्य | मेदाघ्र |
| १४५/८ | संभवित | संभवंति |
| १४७/१ | प्रामाण्य | प्रामाण्ये |
| १४८/२ | सुत्तणाम | सुत्ताणाम |

| पृ. पं. | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| १५०/७ | पूर्वाक्त | पूर्वोक्त |
| १५०/९ | तयोरावरो | तयोरविरो |
| १५१/२ | चोपदेशे | चोपदेशो |
| १५१/८ | आणासुद्धे | आणासुद्धेसु |
| १५२/१० | धम्म | धम्मं |
| १५२/२६ | જીવોને | ક્રિયાપ્રવૃત્ત જીવને |
| १५3/१९ | ધર્મંગ્ર પરિ | ધર્મં ગ્રપરિ |
| १५3/२५ | સામાન્યથી | સામાન્ય |
| १५७/१७ | જ ગમતી | ન ગમતી |
| १५९/७ | हषजनक | हर्षजनक |
| १६०/४ | समवेऽपि | संभवेऽपि |
| १६०/3५ | કરતરં કરતાં | કરતાં |
| १६३/१२ | श्रते | श्रुते |
| १६४/3१ | જાળવનાર | આચરનાર |
| १६५/२८ | નિંદા | નિંદાથી |
| १६६/२ | द्वास | द्वारा |
| १६६/९ | मार्गानुसारि | मार्गानुसारि |
| १७१/२८ | જોઈએ "આવો | જોઈએ" આવો |
| १७४/९ | संसारत्वेत | संसारत्वेम |
| १७५/५ | योगबिन्ऽ | योगबिन्दु |
| १७६/१८ | ચૂર્ણિંમા | ચૂર્ણિંના |
| १७६/१९ | અક્રિયવાદીઓ | અક્રિયાવાદીઓ |
| १७६/3० | મિથ્યા | મિથ્યા(દૃષ્ટિ) |
| १७९/४ | सुक्कपक्खआ | सुक्कपक्खिआ |
| १८०/६ | त्विन्यदेहनाम् | त्वन्यदेहिनाम् |
| १८०/२४ | સિવાય | સિવાય બીજી ઇચ્છાથી |
| १८१/१८ | तिविहाऐ | तिविहाए |
| १८१/3० | શૂન્ય | શૂન્ય સહન કરવાની |
| १८२/६ | षड्विघ | षड्विघं |
| १८3/२५ | અનુષ્ઠાન | અનનુષ્ઠાન |
| १८७/१४ | वच्छेक | वच्छेदक |
| १८८/७ | पयकखरं | पयक्खरं |
| १८८/७ | ते णं | जे णं |
| १८८/१० | वगयैव | वगम्यैव |
| १८९/३ | तेसिं | तेसि |
| १८९/१० | તેથી | તેથી જ |
| १८९/१६ | પરદર્શનને | પરદર્શનીને |

| पृ. पं. | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| ૧૮૯/૨૨ | નિહ્નવોના | નિહ્નવોને |
| ૧૮૯/૨૩ | શ્લાઘા | મુગ્ધજનોમાં શ્લાઘા |
| १९०/५ | गुणनाम | गुणानाम |
| १९१/३ | साधुधर्मे | साधुधर्मे |
| ૧૯૧/૧૯ | કરવા માટે | કરનાર |
| १९४/५ | व्यपेक्षया | व्यपेक्षया |
| ૧૯૫/૨૨ | કે. | તે |
| १९६/५ | हमवीर | हैमवीर |
| १९९/५ | मरीजिमालि | मरीचिजमालि |
| १९९/१२ | सेसेलेस | सेसलेस |
| २००/९ | केवलमुत्सूत्र | केवलमुत्सूत्रं, किन्तूत्सूत्र |
| ૨૦૪/૨૯ | વૃત્તિમાં | ચૂર્ણિમાં |
| ૨૧૦/૧૦ | અસંમતિ | અસંગતિ |
| ૨૧૨/૩૦ | નથી? | નથી. |
| ૨૧૨/૩૧ | કહેવું કે, | કહેવું, |
| २१५/६ | श्लोकक | श्लोकैक |
| २१७/६ | छन्दा | छन्दो |
| ૨૨૦/૨૩ | નથી? | નથી, |
| ૨૨૪/૨૭ | આપીને | સંભાળીને |
| २३३/६ | केइ | केई |
| ૨૩૫/૨૦ | મનાય | સ્વીકારાય |
| ૨૪૦/૨૫ | યોયના | યોગના |
| ૨૪૧/૩૦ | શાસ્ત્ર | શસ્ત્ર |
| २४३/७ | यथाचित | यथोचित |
| २४८/५ | विशिष्टवं | विशिष्टत्वं |
| २५५/८ | रंभिकी क्रियाया | रंभिकीक्रियाया |
| ૨૫૮/૧૭ | પારિશેષ | પારિશેષ |
| २६३/९ | कार्य | कार्यं |
| २६४/४ | ता त | तदितर |
| ૨૬૭/૨૬ | કેવલજ્ઞાની | કેવલજ્ઞાન |
| २७०/५ | तत्तपाश्चा | तत्तत्पाश्चा |
| २७३/४ | संभवाऽ | संभवोऽ |
| २७८/५ | तेसिं | तेसि |

| पृ. पं. | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| ૨૮૧/૨૬ | અક્રિય | અક્રિય તરીકે |
| ૨૮૭/૩૦ | મારે | તમારે |
| ૨૮૭/૩૧ | હોવા છતાં | ન હોવા છતાં |
| २८८/६ | असङ्ख्येय | असङ्ख्येय |
| ૨૯૨/૨૬ | એકી | એક |
| ૨૯૮/૨૪ | ૨૫ | ૩૨ |
| ૨૯૯/૧૯ | હેવા | હોવા |
| ૩૦૧/૩૨ | અભવામાં | અભાવમાં |
| ૩૦૩/૩૦ | વિરાધના | વિરાધનાથી |
| ૩૦૫/૩૬ | ચોમાસમાં | ચોમાસામાં ધ્રુવલોચ |
| ૩૦૯/૮ | ચંદ્રકાન્ત મણિનો અભાવ | ચન્દ્રકાન્તમણિ |
| ૩૧૪/૧૮ | ગાળામાં | ગળામાં |
| ૩૧૬/૨૯ | અનૈકાન્તિ | અનૈકાન્તિક |
| ૩૧૮/૨૬ | પરિણામેલો | પરિણમેલો |
| ૩૨૧/૧૦ | અ | એ |
| ૩૨૩/૩૦ | આપી | આપી હોય |
| ૩૨૪/૨૭ | કોઈ | હોઈ |
| ૩૩૪/૧૧ | જયણા | (સાર્વત્રિક) જયણા |
| ૩૪૦/૩૨ | કહ્યું છે | કહ્યાં છે |
| ૩૪૧/૨૭ | પરાક્રમ | પરાક્રમ (બીજો માર્ગ) |
| ૩૪૫/૨૭ | કૃતકૃત્વ | કૃતકૃત્ય |
| ૩૫૦/૨૭ | કર્મનાના | કર્મના |
| ३५१/९ | मसए | मासए |
| ३५६/१० | हिसा | हिंसा |
| ३६७/७ | यथा | तथा |
| ૪૨૫/૧૫ | ન હોવું | હોવું |
| ४३१/१ | ऽगाचरत्वेन | ऽगोचरत्वेन |
| ४३१/६ | राग ष | रागद्वेष |
| ૪૪૦/૩૩ | જીવનને | જીવને |
| ४४३/५ | मुद्धत्तु | मुद्धत्तुं |
| ४५९/३ | णते | णंते |
| ४६६/२ | समुल्लसह | समुल्लसइ |

# धर्मपरीक्षामूलगाथा-अकाराद्यनुक्रमः ।


**श्लोकांशः/श्लोकाङ्कः**

अकरणणियमाविक्खं/४६
अज्झप्पाबाहेणं/१०१
अणभिग्गहिआइण वि/१०
अणुमोयणाइ विसओ/३३
अणुसंगयहिंसाए/५२
अण्णत्थवि जमभिण्णं/२४
अण्णे पुग्गलभावा/९९
अववाओवगमे पुण/५१
आणा पुण जगगुरुणो/८५
आपायगाऽपसिद्धी/६०
आरंभाइजुयत्तं/६२
इत्तो अ गुणट्ठाणं/१३
इत्तो अणभिग्गहियं/१२
इय मोहविसं घायइ/११
इय लोइय लोउत्तर/३६
एएणं दव्ववहे/५०
एएण मच्छिआइ/७७
एगत्थ जलमचित्तं/७४
एयारिसो खलु गुरू/९४
एयाहिं परिक्खाहिं/८८
एयं परमं नाणं/१००
एयम्मि नाणदंसण/१८
एवं सव्वजियाण/७६
एवं सुवण्णसरिसो/९३
एसा धम्मपरिक्खा/१०४
कम्मं बंधइ पावं/७
कसछेयतावजोगा/८६
का अरती आणंदे/९८
कारगसंबंधेणं/६७
किरियाओ अंतकिरिया/६१
किं बहुणा इह जह जह/१०३
खीणे मोहे णियमा/४५
गलियासग्गहदोसा/१४
गुरुआणाइ ठियस्स/९५
जइणीये किरियाए/२१

**श्लोकांशः/श्लोकाङ्कः**

जइ हीणं तेसि गुणं/३९
जलजीवाणाभोगा/५४
जलहिम्मि असंखोभे/९७
जियरक्खा सुहजोगा/६९
जेणं भणंति केइ/४३
जोगगया सा लद्धी/८०
जो पुण इह कत्तारं/६८
जो वि य जायइ मोहो/८३
जंपि मयं णारंभो/७८
णणु आभोगा इत्थं/५५
णणु जिणजोगाउ तहा/७२
णत्थि ण णिच्चो ण कुणइ/९
ण हु सक्का काउं जे/७१
णिय उस्सुत्तणिमित्ता/६
णियणियकारणपभवो/४९
णो दव्वा णो भावा/५७
तइये भंगे साहू/२९
तत्थ णिमित्ते सरिसे/६६
तम्मूलं मिच्छत्तं/८
तम्हा दव्वपरिग्गह/५६
तह णिण्हवाण देसा/२२
तं खलु उवजीवंतो/७९
तं मिच्छा जं फलओ/२०
तंमि य आयसरुवं/९६
ता उस्सुत्तं मुत्तुं/४०
तिण्णि अणुमोअणिज्जा/३२
तित्थुच्छेओव्व मओ/५
तिव्वासग्गहदोसा/८४
तुल्ले वि तेण दोसे/४
ते इय पज्जणुजुज्जा/४४
तेणमणुमोअणिज्जं/३५
दव्वाणा खलु तेसिं/१५
दव्वारंभं दोसं/८१
दव्वासवस्स विगमो/४८
देसस्स भंगओ वा/२८

**श्लोकांशः/श्लोकाङ्कः**

पक्खंतरम्मि भणिओ/२५
पढमकरणमेएणं/२७
पढमो बालतवस्सी/१९
पणमिय पासजिणिंदं/१
पयडं चिय वयणमिणं/५८
परपाखंडिपसंसा/३८
परिणिट्ठियवयणमिणं/४७
पोग्गलपणोल्लयाए/६३
भण्णइ सव्वं एयं/७३
भणियं किंचि फुडमिणं/१०२
भावुज्झियववहारा/३१
भावो जेसिमसुद्धो/३०
मग्गाणुसारिकिच्चं/३७
मग्गाणुसारिकिरिया/२३
मग्गाणुसारिपयाहिण/९२
मग्गाणुसारिभावो/१६
मग्गाणुसारिभावो/१७
मज्झत्थत्तं जायइ/११
मज्झत्थो य अणिस्सिय/३
मिच्छादोसवयणओ/८२
लोइयमिच्छत्ताओ/२६
वज्जंतो य अणिट्ठं/५३
विसघाइरसायण/९०
विहिपडिसेहाउकसो/८७
सक्कं तु कायफासे/६५
सत्थोइय गुणजुत्तो/८९
सा तस्स सरुवेणं/७०
सामण्णविसेसत्ता/३४
सुत्तं भासंताणं/४१
सोइसओ कायकओ/७५
सो केवलिणो वि हवे/६४
सो धम्मो जो जीवं/२
हियय़ट्ठियो य भयवं/४२
हिंसगभावो हुज्ज/५९

श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः
श्रीमहावीरपरमात्मने नमः
अर्हं नमः

श्रीप्रेमभुवनभानुसूरीश्वरपंन्यासधर्मजिज्जयशेखरविजयगणिवरेभ्यो नमः
ऐँ नमः

न्यायविशारद न्यायाचार्य उपाध्याय
श्रीमद्यशोविजयप्रविनिर्मिता

# श्री धर्मपरीक्षा

## [ટીકાગ્રન્થનું મંગલ]

ऐन्द्रश्रेणिकिरीटकोटिरनिशं यत्पादपद्मद्वये,
हंसालिश्रियमादधाति न च यो दोषैः कदापीक्षितः ।
यद्गीः कल्पलता शुभाशयभुवः सर्वप्रवादस्थिते-
र्ज्ञानं यस्य च निर्मलं स जयति त्रैलोक्यनाथो जिनः ॥१॥

यन्नाममात्रस्मरणाज्जनानां प्रत्यूहकोटिः प्रलयं प्रयाति ।
अचिन्त्यचिन्तामणिकल्पमेनं शङ्खेश्वरस्वामिनमाश्रयामः ॥२॥

नत्वा जिनान् गणधरान् गिरं जैनीं गुरूनपि ।
स्वोपज्ञां विधिवद् धर्मपरीक्षां विवृणोम्यहम् ॥३॥

જેઓના બે ચરણકમલમાં પંક્તિબદ્ધ ઇન્દ્રોના મુકુટોના અગ્રભાગ હંસની હારમાળાની શોભાને હંમેશા ધારણ કરે છે (આનાથી પૂજાતિશય જણાવ્યો), જેઓ રાગાદિદોષોથી ક્યારેય જોવાયા નથી (તેથી ખરડાવાની વાત તો દૂર જ રહી–આનાથી અપાયાપગમાતિશય કહ્યો) શુભ આશય છે ભૂમિ=ઉત્પત્તિ સ્થાન જેનું એવા સર્વ પ્રવાદો(નયો)ની સ્થિતિની (સ્થિતિ માટે) જેઓની વાણી કલ્પલતા સમાન છે (આનાથી વચનાતિશય દેખાડ્યો) તેમજ જેઓનું જ્ઞાન આવરણમલરહિત હોઈ નિર્મળ છે (આનાથી જ્ઞાનાતિશય સૂચવ્યો) તે ત્રૈલોક્યનાથ જિન જય પામે છે. ॥૧॥

જેઓના નામમાત્રના સ્મરણથી જીવોના ક્રોડ વિઘ્નો પણ નાશ પામે છે એવા અચિન્ત્ય-ચિન્તામણિ સમાન આ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનો અમે આશ્રય સ્વીકારીએ છીએ, (તેથી અમારા વિઘ્નો પણ દૂર થઈ જશે.) ॥૨॥

શ્રીજિનેશ્વરોને, ગણધરોને, જિનવાણીને અને ગુરુઓને નમીને સ્વનિર્મિત ધર્મપરીક્ષાગ્રન્થનું વિધિપૂર્વક હું વિવરણ કરું છું. ॥૩॥

इह हि सर्वज्ञोपज्ञे प्रवचने प्रवितततनयभङ्गप्रमाणगम्भीरे परममाध्यस्थ्यपवित्रितैः श्रीसिद्धसेनहरिभद्र-प्रभृतिसूरिभिर्विशदीकृतेऽपि दुःषमादोषानुभावात् केषांचिद् दुर्विदग्धोपदेशविप्रतारितानां भूयः शङ्कोदयः प्रादुर्भवतीतितन्निरासेन तन्मनोनैर्मल्यमाधातुं धर्मपरीक्षानामायं ग्रन्थः प्रारभ्यते, तस्य चेयमादिगाथा –

पणमिय पासजिणिंदं धम्मपरिक्खाविहिं पवक्खामि ।
गुरुपरिवाडीसुद्धं आगमजुत्तीहिं अविरुद्धं ॥१॥

[प्रणम्य पार्श्वजिनेन्द्रं धर्मपरीक्षाविधिं प्रवक्ष्ये । गुरुपरिपाटीशुद्धम् आगमयुक्तिभ्यामविरुद्धम् ॥१॥]

पणमियत्ति । प्रणम्य=प्रकर्षेण भक्तिश्रद्धाऽतिशयलक्षणेन नत्वा, पार्श्वजिनेन्द्रम्, अनेन प्रारिप्सितप्रतिबन्धकदुरितनिरासार्थं शिष्टाचारपरिपालनार्थं च मङ्गलमाचरितम्, धर्मस्य=धर्मत्वेनाभ्युपगतस्य, परीक्षाविधिं अयमित्थंभूतोऽनित्थंभूतो वेति विशेषनिर्द्धारणप्रकारं प्रवक्ष्ये । प्रेक्षावत्प्रवृत्त्युपयोगिविषयाभिधान प्रतिज्ञेयम् । प्रयोजनादयस्तु सामर्थ्यगम्याः धर्मप्रतिपादकस्यास्य ग्रन्थस्य धर्मशास्त्रप्रयोजनादिभिरेव प्रयोजनादिमत्त्वादिति । किंभूतं धर्मपरीक्षाविधिम् ? गुरुपरिपाटीशुद्धम् = अविच्छिन्नपूर्वाचार्यपरम्परावचनानुसरणपवित्रम्, तथा आगमयुक्तिभ्यां = सिद्धान्ततर्काभ्यामविरुद्धं = अबाधितार्थम् । एतेनाभिनिवेशमूलकस्वकपोलकल्पनाशङ्का परिहृता भवति । इयं हि ज्ञानांशदुर्विदग्धानामैहिकार्थमात्रलुब्धानां

---

સુવિસ્તૃતનય-ભાંગા અને **પ્રમાણોથી** ગંભીર તેમજ પરમમાધ્યસ્થ્યથી પવિત્ર એવા અને **શ્રી સિદ્ધસેનસૂરિ-શ્રીહરિભદ્રસૂરિ** વગેરે આચાર્યોથી સ્પષ્ટ કરાએલા એવા પણ સર્વજ્ઞદર્શિત **આ પ્રવચન** અંગે (પ્રવચનના સિદ્ધાન્તો અંગે) દુઃષમકાલના પ્રભાવે કેટલાક દોઢડાહ્યાઓના ઉપદેશથી ઠગાઇ ગએલા કેટલાક જીવોને પુનઃ શંકા જાગે છે તેથી તે શંકાઓને દૂર કરવા દ્વારા તેઓનું ચિત્ત નિર્મળ કરવા **ધર્મપરીક્ષા** નામનો આ ગ્રન્થ શરૂ કરાય છે. તેની આ **પ્રથમ** ગાથા છે.

**ગાથાર્થ** : શ્રીપાર્શ્વજિનેશ્વરને **પ્રણામ** કરીને, ગુરુપરંપરાથી શુદ્ધ અને આગમ તેમજ યુક્તિને અવિરુદ્ધ એવી ધર્મપરીક્ષાવિધિને કહીશ.

અહીં શ્રીપાર્શ્વજિનેન્દ્રને પ્રણામ કરીને એટલે અત્યંત ઉછાળા મારતી ભક્તિરૂપ અને શ્રદ્ધારૂપ પ્રકર્ષથી ભગવાનને નમીને. આનાથી પ્રારંભ કરવાને ઇચ્છાએલ ગ્રન્થના પ્રતિબંધક દુરિતોને દૂર કરવા તેમજ શિષ્ટાચારનું પરિપાલન કરવા મંગલ કર્યું. 'ધર્મની પરીક્ષાવિધિ કહીશ' એવું જે કહ્યું છે તેમાં (૧) ધર્મ એટલે ધર્મ તરીકે અભ્યુપગત સ્વીકારેલ સિદ્ધાન્તાદિ, નહિ કે ધર્મ તરીકે નિશ્ચિત (સિદ્ધ) થઈ ગએલ સિદ્ધાન્તાદિ, કેમકે એની તો પરીક્ષા જ કરવાની હોતી નથી. અને (૨) પરીક્ષાવિધિ એટલે "આ (ધર્મ તરીકે સ્વીકારેલ સિદ્ધાન્ત વગેરે) આવો છે કે આવો નથી" એવો વિશેષ નિર્ણય, (તેને કહીશ). આનાથી બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ થવામાં ઉપયોગી એવી વિષયકથનરૂપ પ્રતિજ્ઞા સૂચવી. પ્રયોજન-સંબંધ-અધિકારી વગેરે સામર્થ્યગમ્ય છે. અર્થાત્ આગમાદિ ધર્મશાસ્ત્રના જે શિષ્યાનુગ્રહ-પદાર્થબોધ-મોક્ષ વગેરે પ્રયોજનાદિ હોય તે જ આના પણ જાણી લેવા કેમકે તે શાસ્ત્રના વિષયભૂત ધર્મનું જ આ ગ્રન્થ પણ પ્રતિપાદન કરે છે. વળી આ ધર્મપરીક્ષાવિધિ પૂર્વાચાર્યોની અવિચ્છિન્ન પરંપરાને અનુસરનારી હોઈ પવિત્ર છે તેમજ આગમ અને યુક્તિઓથી બાધિત ન થાય તેવા અર્થોને કહેનાર છે. તેથી આને વિશે કોઇએ "આ માત્ર

महतेऽनर्थाय । यावानेव ह्यर्थः सुविनिश्चितस्तावानेवानेन निरूपणीय, न तु कल्पनामात्रेण यत्तदसबद्धप्रलापो विधेय इति मध्यस्थाः । अत एव चिरप्ररूढमप्यर्थं कल्पनादोषभीरवो नाहत्य दूषयन्ति गीतार्थाः । तदुक्तं धर्मरत्नप्रकरणे [९९]—

[1]जं च ण सुत्ते विहियं ण य पडिसिद्धं जणंमि चिररूढं ।
समइविगप्पिअदोसा तं पि ण दूसंति गीयत्था ॥ ततश्च माध्यस्थ्यमेव धर्मपरीक्षायां प्रकृष्टं (प्रधानं) कारणमिति फलितम् ॥१॥ एतदेवाह—

**सो धम्मो जो जीवं धारेइ भवण्णवे निवडमाणं ।**
**तस्स परिक्खामूलं मज्झत्थत्तं चिय जिणुत्तं ॥२॥**

[स धर्मो यो जीवं धारयति भवार्णवे निपतन्तम् । तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम् ॥२॥]

सो धम्मोत्ति । यो भवार्णवे निपतन्तं जीवं क्षमादिगुणोपष्टम्भदानेन धारयति स धर्मो भगवत्प्रणीतः श्रुतचारित्रलक्षणः, तस्य परीक्षामूलं मध्यस्थत्वमेव जिनोक्तम्, अज्ञातविषये माध्यस्थ्यादेव हि गलितकुतर्कग्रहाणां धर्मवादेन तत्त्वोपलम्भप्रसिद्धेः ।~ननु सदसद्विषयं माध्यस्थ्यं प्रतिकूलमेव ।

---

કદાગ્રહમૂલક સ્વકલ્પનાના તરંગરૂપ હોઈ અનાદરણીય છે" એવી શંકા કરવી નહિ. આવી સ્વકપોલ કલ્પના જ્ઞાનના અંશમાત્રથી જાતને પંડિત માનનારા અને યશ વગેરે માત્ર ઐહિક ચીજોમાં લુબ્ધ એવા જીવોનું મહા અનર્થ કરનાર બને છે. તેથી જેટલા પદાર્થો સુવિનિશ્ચિત હોય તેટલાની જ આ પરીક્ષાવિધિથી નિર્ણયાત્મક પ્રરૂપણા કરવી જોઈએ, કલ્પનામાત્રથી જે તે અસંબદ્ધ વાતો કરવી નહિ એવું મધ્યસ્થો કહે છે (તેમજ આચરે છે). તેથી જ લાંબા કાળથી ચાલી આવતા 'કેવલીને દ્રવ્યહિંસાનો સંભવ' વગેરે રૂપ અર્થોને કલ્પનાપ્રયુક્ત અનર્થોથી બીનારા ગીતાર્થો જાણીને દોષિત ઠેરવતાં નથી. ધર્મરત્નપ્રકરણ (૯૯)માં કહ્યું છે કે—"જેનું સૂત્રમાં વિધાન નથી તેમજ નિષેધ પણ નથી તેમજ ગીતાર્થજનોમાં જે ચિરરૂઢ છે તે અર્થોને પણ સ્વમતિથી કાલ્પનિક દોષોનું ઉદ્ભાવન કરીને ગીતાર્થો દોષિત કહેતાં નથી." શ્લોકમાં રહેલ अपि = પણ શબ્દથી શાસ્ત્રવિહિત વાતોનો સંગ્રહ જાણવો; અર્થાત્ તેને અને ઉક્તવિશેષણયુક્ત એવી શાસ્ત્રઅવિહિત વાતોને પણ ગીતાર્થો દોષિત કહેતા નથી. આમ અભિનિવેશમૂલક કલ્પના ધર્મપરીક્ષાને ઉન્માર્ગે ઘસડી જનારી હોઈ માધ્યસ્થ્ય જ ધર્મપરીક્ષાનું મુખ્ય કારણ હોવાનું ફલિત થાય છે. ॥૧॥ આ જ વાતને ગ્રન્થકાર જણાવે છે :

## [ પરીક્ષાનું મૂળ માધ્યસ્થ્ય ]

**ગાથાર્થ** : ભવસમુદ્રમાં પડતા જીવને જે ધારી રાખે છે તે ધર્મ છે. મધ્યસ્થતાને જ તેની પરીક્ષાનું મુખ્ય કારણ શ્રીજિનેશ્વરોએ કહી છે.

ભવસમુદ્રમાં પડતા જીવને જે ક્ષમાદિ ગુણ રૂપ ટેકો આપીને બચાવે છે તે ભગવત્પ્રણીત શ્રુત–ચારિત્ર સ્વરૂપ ધર્મ છે. શ્રી જિનેશ્વરોએ મધ્યસ્થત્વને જ તેની પરીક્ષાનું કારણ કહ્યું છે. અર્થાત્ પરીક્ષાના પરીક્ષક રૂપ મુખ્ય કારણ તે જ બને છે જેનામાં માધ્યસ્થ્યરૂપ યોગ્યતા રહી હોય. માધ્યસ્થ્યથી જ જેઓના અજ્ઞાત વિષય અંગેના કુતર્કો દૂર થઈ ગયા

---

१. यच्च न सूत्रे विहितं न च प्रतिषिद्धं जने चिररूढम् । स्वमतिविकल्पितदोषास्तदपि न दूषयन्ति गीतार्थाः ॥

तदुक्तं-सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ ! मुद्रामतिशेरते ते ।

माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ॥ [अयोगव्य. द्वा. २७]
इति कथं तद् भवद्भिः परीक्षानुकूलमुच्यते ? इति चेत् ?~सत्यं, प्रतीयमानस्फुटातिशयशालिपरवि-प्रतिपत्तिविषयपक्षद्वयान्यतरनिर्द्धारणानुकूलव्यापाराभावलक्षणस्य माध्यस्थ्यस्य परीक्षाप्रतिकूलत्वेऽपि स्वाभ्युपगमहानिभयप्रयोजकदृष्टिरागाभावलक्षणस्य माध्यस्थ्यस्य तदनुकूलत्वात् ॥२॥ अथ मध्यस्थः कीदृग्भवति ? इति तल्लक्षणमाह—

**मज्झत्थो अ अणिस्सियववहारी तस्स होइ गुणपक्खो ।**
**णो कुलगणाइणिस्सा इय ववहारंमि सुपसिद्धं ॥३॥**

[मध्यस्थश्चानिश्रितव्यवहारी तस्य भवति गुणपक्षः । नो कुलगणादिनिश्रा इति व्यवहारे सुप्रसिद्धम् ॥३॥ ]

मध्यस्थश्चानिश्रितव्यवहारी स्यात्, उपलक्षणत्वादनुपश्रितव्यवहारी च । तत्र निश्रा रागः, उपश्रा

---

છે તેઓ જ જલ્પ અને વિતંડાથી ભિન્ન અને તત્ત્વજિજ્ઞાસુઓની ચર્ચાસ્વરૂપ એવા ધર્મ-વાદથી તત્ત્વને જાણી શકે છે. (જ્યાં સુધી કુતર્ક-કદાગ્રહ પકડાએલા હોય છે ત્યાં સુધી તત્ત્વની સિદ્ધિની જિજ્ઞાસા કરતાં સ્વઅભ્યુપગતસિદ્ધિની ઇચ્છાનું જ જોર વધુ હોવાથી ચર્ચા ધર્મવાદરૂપ બનતી નથી અને તેથી તત્ત્વ હાથમાં આવી શકતું નથી.)

શંકા-સારી અને નરસી બંને ચીજ અંગે સમાનભાવ રાખવા રૂપ માધ્યસ્થ્ય તો પરીક્ષા માટે પ્રતિકૂલ જ છે. કેમકે ઊંચી ચીજને પણ નીચી ચીજ સમાન જ ગણવાનો આગ્રહ એ પણ એક જાતનો કદાગ્રહ જ હોઈ ઊંચી ચીજની વાસ્તવિક ઊંચતાને જાણવા દેતો નથી તો તમે કેમ એને પરીક્ષાનુકૂલ કહો છો ? અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં કહ્યું પણ છે કે "હે નાથ ! એ વાત સુનિશ્ચિત છેકે જે પરીક્ષકો માધ્યસ્થ્યની ધજા પકડીને મણિસમાન જૈનધર્મ અને કાચસમાન ઇતરધર્મ અંગે "બધા ધર્મો સરખા છે" ઇત્યાદિ સમાનભાવને ધારે છે તેઓ ખરેખર સદ્ધર્મ પર (કે તારા પર) માત્સર્ય રાખનારા લોકોથી જુદા નથી.

**સમાધાન**-તમારી વાત સાચી છે. પણ સામે એવી બે વસ્તુઓ રહેલી હોય કે એમાંની એક ચઢિયાતી હોવી અને બીજી ઉતરતી હોવી સ્પષ્ટ છે. તેમ છતાં એ વિશે કોઇને વિવાદ ઊભો થયો. એ વખતે 'આપણે તો સમભાવવાળા છીએ' 'આપણે મન બધી વસ્તુઓ સરખી છે' આવા અભિપ્રાયના કારણે ચઢિયાતી વસ્તુના ચઢિયાતાપણાંને સિદ્ધ કરી આપનાર યુક્તિઓ ન લગાવવા રૂપ માધ્યસ્થ્ય તો પરીક્ષાને પ્રતિકૂલ છે જ. તેમ છતાં પોતે જે પક્ષસિદ્ધાન્ત સ્વીકારેલ હોય તે ઊડી જશે તો ? એવો ભય પેદા કરનાર દૃષ્ટિરાગ ન હોવા રૂપ જે માધ્યસ્થ્ય હોય છે તે તો પરીક્ષાને અનુકૂલ જ છે. ખોટી પકડ રૂપ આ દૃષ્ટિરાગ જો હાજર હોય તો એ સ્વાભ્યુપગત અયુક્ત પક્ષની બાધક સાચી પણ દલીલોને મગજમાં જચવા જ ન દેતો હોઈ સત્ય નિર્ણય થવા દેતો નથી. ॥૨॥ મધ્યસ્થ પરીક્ષક કેવો હોય તેનું હવે લક્ષણ કહે છે—

## [મધ્યસ્થ કેવો હોય ?]

**ગાથાર્થ** : અને મધ્યસ્થ અનિશ્રિતવ્યવહારી હોય છે, તેણે ગુણપક્ષપાત હોય છે તેમજ કુલ-ગણ વગેરેના પક્ષપાતરૂપ નિશ્રા હોતી નથી એવું વ્યવહારસૂત્રમાં કહ્યું છે.

અહીં અનિશ્રિતવ્યવહારીના ઉપલક્ષણથી અનુપશ્રિત વ્યવહારી પણ જાણી લેવો. તેમાં નિશ્રા એટલે રાગ, અને ઉપશ્રા એટલે દ્વેષ. તેથી ફલિત એ થયું કે મધ્યસ્થ, રાગ-દ્વેષ રહિત

च द्वेष इति रागद्वेषरहितशास्त्रप्रसिद्धाऽऽभाव्यानाभाव्य साधुत्वासाधुत्वादिपरीक्षारूपव्यवहारकारीत्यर्थः । अत एव तस्य मध्यस्थस्य गुणपक्षो='गुणा एवादरणीयाः' इत्यभ्युपगमो भवति, न तु कुलगणादिनिश्रा=निजकुलगणादिना तुल्यस्य सद्भूतदोषाच्छादनयाऽसद्भूतगुणोद्भावनया च पक्षपातरूपा। तथा कुलगणादिना विसदृशस्यासद्भूतदोषोद्भावनया सद्भूतगुणाच्छादनयाऽपि चोपश्राऽपि न भवति इत्यपि द्रष्टव्यम्, इति एतद् व्यवहारग्रन्थे सुप्रसिद्धम्, निश्रितोपश्रितव्यवहारकारिणः सूत्रे महाप्रायश्चित्तोपदेशात् ॥३॥

इत्थं च मध्यस्थस्यानिश्रितव्यवहारित्वाद् यत्कस्यचिदभिनिविष्टस्य पक्षपातवचनं तन्मध्यस्थैर्नाङ्गीकरणीयमित्याह—

**तुल्लेवि तेण दोसे पक्खविसेसेण जा विसेसुत्ति ।**
**सा णिस्सियत्ति सुत्तुत्तिण्णं तं बिंति मज्झत्थो ॥४॥**

[तुल्येऽपि तेन दोषे पक्षविशेषेण या विशेषोक्तिः । सा निश्रितेति सूत्रोत्तीर्णां तां ब्रुवते मध्यस्थाः ॥४॥]

तुल्लेवित्ति । तेन=मध्यस्थस्य कुलादिपक्षपाताभावेन तुल्येऽपि उत्सूत्रभाषणादिके दोषे सति पक्षविशेषेण या विशेषोक्तिः "स्वपक्षपतितस्य यथाछन्दस्याप्यपरमार्गाश्रयणाभावान्न तथाविधदोषः, परपक्षपतितस्य तून्मार्गाश्रयणान्नियमेनानन्तसंसारित्व"मिति सा=विशेषोक्तिः निश्रिता=पक्षपातगर्भा,

---

પણે શાસ્ત્રમાં કહ્યા મુજબ આભાવ્ય–અનાભાવ્ય (પ્રાપ્ત થયેલ ઉપધિ–શિષ્ય વગેરેના કોણ અધિકારી (હકદાર) અને કોણ અનધિકારી), સાધુત્વ-અસાધુત્વ વગેરેની પરીક્ષારૂપ વ્યવહાર કરનાર હોય છે. આમ શાસ્ત્રમુજબ વ્યવહાર કરનારો હોવાથી જ એને 'ગુણો જ આદરણીય છે.' ઇત્યાદિ રૂપ ગુણપક્ષપાત હોય છે. તેમજ પોતાના કુલ–ગુણ વગેરેના સાધુમાં હાજર દોષોના ઢાંકપિછાંડો કરીને અને ગેરહાજર એવા પણ ગુણોની હાજરી માનીને કરાતા પક્ષપાત રૂપ નિશ્રા હોતી નથી. એમ પોતાના કુલ ગણ વગેરેનો ન હોય તેવા સાધુમાં હાજર ગુણોને દબાવી દઈને અને ગેરહાજરદોષોની કલ્પના કરીને ઊભી થતી ઉપશ્રા પણ હોતી નથી. આ વાત **વ્યવહારસૂત્રમાં** સુપ્રસિદ્ધ છે. કેમકે તેમાં નિશ્રિત-ઉપશ્રિત વ્યવહાર કરનારને બહુ મોટું પ્રાયશ્ચિત્ત બતાવ્યું છે. તેથી પાપભીરુ મધ્યસ્થ શા માટે નિશ્રિત–ઉપશ્રિત વ્યવહાર કરે? ॥૩॥

## [અભિનિવિષ્ટના વચનો અગ્રાહ્ય]

આમ મધ્યસ્થ રાગદ્વેષરહિત પણે નિર્ણય આપનારા હોય છે. માટે જ તેણે આપેલા નિર્ણયો શિષ્ટપુરુષોને સ્વીકાર્ય બને છે. તેથી કોઈ બહુશ્રુત તરીકે પ્રસિદ્ધ એવી પણ વ્યક્તિ જો અભિનિવિષ્ટ બનીને પક્ષપાતી વચનો કહે તો એ નિર્ણયાત્મક વચનો રાગદ્વેષરહિત પણે કહેવાએલા ન હોવાથી મધ્યસ્થ સજ્જનોએ સ્વીકારવા યોગ્ય હોતા નથી. એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :-તેથી દોષ એક સરખો હોવા છતાં સ્વપક્ષ અને પરપક્ષરૂપ પક્ષભેદને આશ્રીને જે વિશેષ= જુદા જુદા પ્રકારનું વચન કહેવાય છે તે નિશ્રિત હોય છે અને તેથી તેને મધ્યસ્થો સૂત્રોત્તીર્ણ (ઉત્સૂત્ર) કહે છે.

યથાછંદાદિમાં અને દિગંબરાદિમાં ઉત્સૂત્રભાષણાદિરૂપ દોષ સરખો હોવા છતાં યથાછંદાદિ સ્વપક્ષમાં રહેલા છે જ્યારે દિગંબરાદિ અન્ય પક્ષમાં રહેલા છે. માત્ર આટલા ભેદને આગળ કરીને જે એવું કહેવાય છે કે "સ્વપક્ષમાં રહેલ યથાછંદે અન્ય માર્ગનો આશ્રય

इति तां सूत्रोत्तीर्णां=आगमबाधितां ब्रुवते मध्यस्थाः । आगमे ह्यविशेषेणैवान्यथावादिनामन्यथाकारिणां च महादोषः प्रदर्शितस्तत्कोऽयं विशेषो यत्परपक्षपतितस्यैवोत्सूत्रभाषिणोऽनन्तसंसारित्वनियमो न स्वपक्षपतितस्य यथाछन्दादेरिति ॥४॥

~नन्वस्त्ययं विशेषो यत्परपक्षगतस्योत्सूत्रभाषिणो "वयमेव जैना अन्ये तु जैनाभासाः" इत्येवं तीर्थोच्छेदाभिप्रायेण प्रवर्त्तमानस्य सन्मार्गनाशकत्वान्नियमेनानन्तसंसारित्वम् , स्वपक्षगतस्य तु व्यवहारतो मार्गपतितस्य नायमभिप्रायः संभवति, तत्कारणस्य जैनप्रवचनप्रतिपक्षभूतापरमार्गस्याङ्गीकारस्याभावाद्,~इत्यत आह—

**तित्थुच्छेओ व्व मओ सुत्तुच्छेओवि हंदि उम्मग्गो ।**
**संसारो अ अणंतो भयणिज्जो तत्थ भाववसा ॥५॥**

[तीर्थोच्छेद इव मतः सूत्रोच्छेदोऽपि हंदि उन्मार्गः । संसारश्चानन्तो भजनीयस्तत्र भाववशात् ॥५॥]

तित्थुच्छेओत्ति । तीर्थोच्छेद इव सूत्रोच्छेदोऽपि 'हंदि' इत्युपदर्शने उन्मार्ग एव मतः । तथा

---

કર્યો ન હોવાથી તેને નિયમા અનંત સંસાર હોવાનો દોષ લાગતો નથી. જ્યારે પરપક્ષમાં રહેલા દિગંબરાદિને તો તેઓએ ઉન્માર્ગનો આશ્રય કર્યો હોવાથી નિયમા અનંત સંસાર રૂપ દોષ થાય છે." તે કથન નિશ્રિત=પક્ષપાત ગર્ભિત વચનરૂપ બની જાય છે, કેમકે મધ્યસ્થ-પણે બોલનાર મધ્યસ્થો તો કુલ વગેરેના પક્ષપાતાદિથી શૂન્ય હોય છે જ્યારે આતો પક્ષ-વિશેષનો આશ્રય કરીને બોલાએલું છે આમ આ વચન નિશ્રિત હોઈ મધ્યસ્થો તેને સૂત્રો-ત્તીર્ણ=આગમબાધિત કહે છે. કેમકે આગમમાં તો અન્યથાવાદી અને અન્યથાકારીઓને એકસરખી રીતે મહાનુકશાન દેખાડયું છે. તેથી તે કદાગ્રહી સ્વપક્ષ-પરપક્ષમાં રહેલા આ જીવોમાં કયો ભેદ જુએ છે કે જેથી "પરપક્ષપતિત ઉત્સૂત્રભાષી જ નિયમા અનંતસંસારી હોય, સ્વપક્ષપતિત યથાછંદાદિ નહિ" એવું કહેવા તે પ્રેરાય છે? ॥૪॥

~અરે! એવો ભેદ તો છે જ કે દિગંબરાદિ પરપક્ષગત ઉત્સૂત્રભાષીઓ 'અમે જ ખરા જૈન છીએ, શેષ શ્વેતાંબરાદિ તો જૈનાભાસ છે' ઈત્યાદિ કહીને સ્થવિર કલ્પ માર્ગરૂપ તીર્થનો ઉચ્છેદ કરી નાખવાના અભિપ્રાયથી પ્રવર્ત્તતા હોવાથી સન્માર્ગનાશક હોય છે. જ્યારે સ્વપક્ષગત યથાછંદાદિ તેવા હોતા નથી કારણકે તીર્થરૂપ શ્વેતાંબર માર્ગમાં વ્યવહારથી રહેલા તેઓને ઉક્ત અભિપ્રાય જ સંભવતો નથી તે પણ એટલા માટે સંભવતો નથી કે જૈન પ્રવચનના પ્રતિપક્ષભૂત અપર માર્ગનો સ્વીકાર કે જે તેના કારણભૂત છે તે તેઓએ કર્યો હોતો નથી માટે પરપક્ષગતને જ નિયમા અનંત સંસાર હોય છે, યથાછંદાદિને નહિ. ટૂંકમાં તીર્થોચ્છેદનો અભિપ્રાય હોવા ન હોવા રૂપ ભેદ તેઓમાં હોય જ છે. તેથી 'એવો કયો ભેદ જુએ છે?...' ઈત્યાદિ તમે કેમ કહો છો? ~ એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

## [સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ]

**ગાથાર્થ** :-તીર્થોચ્છેદની જેમ સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ તરીકે જ મધ્યસ્થોને માન્ય છે. તે બંનેમાં ભાવને અનુસરીને અનંત સંસાર ભજનાએ (વિકલ્પે) હોય છે.

તીર્થોચ્છેદની જેમ સૂત્રોચ્છેદ પણ ઉન્માર્ગ જ મનાયો છે. તેથી ઉન્માર્ગપતિતનું ઉત્સૂત્ર-ભાષણ તીર્થોચ્છેદના અભિપ્રાયથી જ હોય છે એવું જો તમે માનતા હો તો તમારે આ પણ

चोन्मार्गपतितानामुत्सूत्रभाषणं यदि तीर्थोच्छेदाभिप्रायेणैवेति भवतो मतं तदोत्सूत्राऽऽचरणप्ररूपण-प्रवणानां व्यवहारतो मार्गपतितानां यथाछन्दादीनामुत्सूत्रभाषणमपि सूत्रोच्छेदाभिप्रायेणैव स्याद्, विरुद्धमार्गाश्रयणस्येव सूत्रविरुद्धाश्रयणस्यापि मार्गोच्छेदकारणस्याऽविशेषात्, तथा च द्वयोरप्युन्मार्गः समान एव । संसारस्त्वनन्तस्तत्र भावविशेषाद्भजनीयः, अध्यवसायविशेषं प्रतीत्य संख्याताऽसंख्याता-ऽनन्तभेदभिन्नस्य तस्यार्हदाद्याशातनाकृतामप्यभिधानात् । तथा च महानिशीथसूत्रं-[1]जे णं तित्थकरा-दीणं महतिं आसायणं कुज्जा, से णं अज्झवसायं पडुच्च जाव णं अणंतसंसारिअत्तणं लभि-ज्जत्ति ॥ इत्थं चोत्सूत्रभाषिणां नियमादनन्तः संसार इति नियमः परास्तः । किं च कालीदेवी-प्रमुखाणां षष्ठाङ्गे—"[2]अहाछंदा अहाछंदविहारिणो(उ)त्ति" पाठेन यथाछन्दत्वभणनादुत्सूत्र-भाषित्वं सिद्धम्,

[3]उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पण्णवेमाणो । एसोऽअहाछंदो इच्छा छंदुत्ति एगट्ठा ॥
इत्यावश्यकनिर्युक्ति वचनात्[ ] । तासां चैकावतारित्वं प्रसिद्धमिति नायं नियमो युक्तः ।

---

માનવું પડશે કે ઉત્સૂત્રનું આચરણ તેમજ પ્રરૂપણ કરવામાં તત્પર અને વ્યવહારથી માર્ગ-પતિત એવા યથાછંદાદિનું ઉત્સૂત્રભાષણ પણ સૂત્રોચ્છેદના અભિપ્રાયથી જ થાય છે. કેમકે વિરુદ્ધમાર્ગનો આશ્રય જેમ માર્ગોચ્છેદના કારણભૂત હોઈ તીર્થોચ્છેદઅભિપ્રાય કરાવે છે તેમ સૂત્રવિરુદ્ધનો આશ્રય પણ માર્ગોચ્છેદના કારણભૂત હોઈ સૂત્રોચ્છેદના અભિપ્રાયને ઊભો કરે જ છે. તેથી સ્વપક્ષગત-પરપક્ષગત બન્નેને ઉન્માર્ગ એકસરખો હોવાથી તમે તે બેમાં દેખાડેલ ભેદ અયુક્ત છે. "યથાછંદાદિ પણ આ રીતે જો પરપક્ષગત ઉત્સૂત્રભાષીને સમાન જ છે તો તેઓનો પણ નિયમા અનંત સંસાર સિદ્ધ થઈ જશે" ઈત્યાદિ ભ્રમ કોઈને થઈ ન જાય એ માટે ગ્રન્થકાર કહે છે કે તેઓને=સ્વપક્ષગત-પરપક્ષગત બન્ને પ્રકારના ઉત્સૂત્રભાષી જીવોને સંસાર અનંત જ હોય એવો નિયમ નથી કિન્તુ અધ્યવસાયને આશ્રીને તેમાં ભજના છે. કેમકે શ્રીઅરિહંત વગેરેની આશાતના કરનારા વિરાધકોને પણ અધ્યવસાય વિશેષને આશ્રીને સંસાર સંખ્યાત-અસંખ્યાત કે અનંતકાળ હોવાનો કહ્યો છે. જેમકે શ્રી મહાનિશીથસૂત્રમાં કહ્યું છે કે "જે તીર્થંકરાદિની મોટી આશાતના કરે છે તે અધ્યવસાયને આશ્રીને સંખ્યાત-અસંખ્યાત કે યાવત્ અનંતકાળ માટે સંસારિકપણું પામે છે." આમ ઉત્સૂત્રભાષીઓને નિયમા અનંતસંસાર હોવાનો નિયમ નિરસ્ત થયો. વળી છઠ્ઠા જ્ઞાતાધર્મકથા અંગમાં કાલીદેવી વગેરેને તે યથાછંદ વિહરનારી હોઈ યથાછંદા હોવી જે કહી છે એનાથી જ એ ઉત્સૂત્રભાષક હોવી પણ સિદ્ધ થઈ જાય છે કેમકે શ્રી આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે 'ઉત્સૂત્રને આચરતો અને ઉત્સૂત્રને જ પ્રરૂપતો આ યથાછંદ છે, છંદ અને ઈચ્છા એકાર્થક શબ્દો છે." આમ કાલીદેવી વગેરે યથાછંદ હોવી અને તેથી ઉત્સૂત્રભાષી હોવી પણ સિદ્ધ છે અને છતાં તેઓ એકાવતારી હોવી પણ [4]શ્રી જ્ઞાતાધર્મકથામાં કહી છે તેથી ઉત્સૂત્રભાષી નિયમા અનંત સંસારી હોવાનો નિયમ યુક્ત નથી.

---

१. यस्तीर्थंकरादीनां महतीमाशातनां कुर्यात्, स अध्यवसायं प्रतीत्य यावदनन्तसंसारिकत्वं लभेत ॥

२. यथाछन्दा यथाछन्दविहारिणी इति । (ज्ञाताधर्मकथाङ्ग २-१-१)

३. उत्सूत्रमाचरन्नुत्सूत्रं चैव प्रज्ञापयन् । एष तु यथाच्छन्द इच्छा छन्द इत्येकार्थौ ॥

४. काली णं भंते ! देवी ताओ देवलोगाओ अणंतरं उवट्टित्ता कहिं गच्छिहिति कहिं उववज्जिहिति ? गोयमा ! महाविदेहे वासे सिज्झिहिति त्ति ।

यत्तु ~उन्मार्गमाश्रितानामाभोगवतामनाभोगवतां वा नियमेनानन्तः संसारः, प्रतिसमयं तीर्थोच्छेदाभिप्रायेण साम्यात् । यथाछन्दस्तु क्वचिदंशेऽनाभोगादेवोत्सूत्रभाषी स्यात्, तस्यानाभोगोऽपि प्रायः सम्यगागमस्वरूपाऽपरिणतेः, न च तस्य तदुत्सूत्रभाषणमनन्तसंसारहेतुः, तीर्थोच्छेदाभिप्रायहेतुकस्यैव तस्याऽनन्तसंसारहेतुत्वाद् ~इति तदसंबद्धं, एतादृशनियमाभावात् । न ह्युन्मार्गपतिताः सर्वेऽपि तीर्थोच्छेदपरिणामवन्त एव, सरलपरिणामानामपि केषांचिद्दर्शनात् । न च यथाछन्दादयोऽनाभोगादेवोत्सूत्रभाषिणः, जानतामपि तेषां बहूनां सुविहितसाधुसमाचारप्रद्वेषदर्शनात् । यस्त्वाह ~यथाछन्दत्वभवनहेतूनां पार्श्वस्थभवनहेतूनामिव नानात्वेनागमे भणितत्वाद् यथाछन्दमात्रस्योत्सूत्रभाषित्वनियमोऽप्रामाणिकः ~इति तदरमणीयं, आगम एव यथाछन्दस्योत्सूत्रप्ररूपणाया नियतव्यवस्थाप्रदर्शनात् तदुक्तं व्यवहारभाष्ये—

[1]अहछंदस्स परूवण उस्सुत्ता दुविह होइ णायव्वा । चरणेसु गइसु जा तत्थ चरणे इमा होइ ॥१॥
[2]पडिलेहणि मुहपोत्तिय रयहरण निसिज्ज पाय मत्तए पट्टे । पडलाइ चोल उण्णादसिआ पडिलेहणापोत्तं
[3]दंतच्छिन्नमलित्तं हरियट्ठिय पमज्जणा य णितस्स । अणुवाइ अणणुवाई परूवणं चरणे गतीसुंपि ॥३॥
[4]अणुवाइत्ति नज्जइ जुत्तीपडियं खु भासए एसो । जं पुण सुत्तावेयं तं होइ अणणुवाइत्ति ॥४॥
[5]सागारिआइपलियंक णिसिज्जासेवणा य गिहिमत्ते । णिग्गंथिचिट्ठणाई पडिसेहो मासकप्पस्स ॥५॥
[6]चारे वेरज्जे वा पढमसमोसरण तह णितिएसु । सुण्णे अकप्पिए अ अणाउंछे य संभोगे ॥६॥

—ઉન્માર્ગમાં રહેલા ઉત્સૂત્રભાષી જીવો આભોગયુક્ત હોય કે અનભોગવાળા હોય તો પણ સમયે સમયે તીર્થોચ્છેદનો અભિપ્રાય તો તે બધાને એક સરખો જ હોવાથી તેઓને તો દરેકને નિયમા અનંત સંસાર હોય છે, જ્યારે યથાછંદ તો કોઈક અંશમાં અનાભોગથી જ ઉત્સૂત્રભાષી હોય છે, અને તેનો એ અનાભોગ પણ પ્રાયઃ આગમ વચનો સમ્યક્ પરિણમ્યા (સમજાયા) ન હોવાના કારણે જ હોય છે. તેથી તેઓનું તે ઉત્સૂત્રભાષણ અનંતસંસારનું કારણ બનતું તથી. કેમ કે તીર્થોચ્છેદના અભિપ્રાયથી થએલું જ તે અનંતસંસારનો હેતુ હોય છે~આવું કોઈનું જે કથન છે તે અસંબદ્ધ જાણવું, કેમકે "તીર્થોચ્છેદઅભિપ્રાય હેતુક ઉત્સૂત્રભાષણ જ અનંતસંસાર હેતુ બને છે" એવો કોઈ નિયમ નથી. એમ ઉન્માર્ગપતિત બધા જીવો તીર્થોચ્છેદ પરિણામવાળા જ હોય એવું પણ નથી કેમ કે કેટલાક સરળ પરિણામી પણ જોવા મળે છે. તેમજ યથાછંદાદિ અનાભોગથી ઉત્સૂત્ર બોલે છે એવું પણ નથી, કેમ કે તેઓમાંના ઘણા સાધુસામાચારીના જાણકારોમાં પણ સુવિહિત સાધુઓની સામાચારી અંગેનો ઉછળતો દ્વેષ જોવા મળે છે. વળી કોઈકે જે કહ્યું છે કે~યથાછંદ બનવાના હેતુઓ પાર્શ્વસ્થાદિ બનવાના હેતુઓની જેમ વિવિધ હોવા આગમમાં કહ્યા છે. તેથી કોઈ જીવ ઉત્સૂત્રભાષણ વિના પણ અન્ય હેતુથી યથાછંદ બની ગયો હોવો સંભવિત હોઈ 'બધા યથાછંદો ઉત્સૂત્રભાષી જ હોય' એવો નિયમ અપ્રમાણિક છે~તે પણ મનને રુચે એવું નથી કેમ કે આગમમાં જ યથાછંદની ઉત્સૂત્રપ્રરૂપણાની નિયત વ્યવસ્થા દેખાડી છે. અર્થાત્ અનેક રીતે યથાછંદ બનાય છે પણ તે દરેકમાં કોઈને કોઈ ઉત્સૂત્ર તો નિયમા સંકળાયેલું હોય જ છે.

---

१. यथाछन्दस्य प्ररूपणोत्सूत्रा द्विविधा भवति ज्ञातव्या । चरणेषु गतिषु या तत्र चरणे इयं भवति ॥
२. प्रतिलेखनी मुखपोतिका रजोहरणनिषद्या पात्रमात्रके पट्टे । पटलानि चोल ऊर्णादशिका प्रतिलेखनापोतम् ॥
३. दन्तच्छिन्नमलिप्तं हरितस्थितं प्रमार्जना च निर्यतः । अनुपात्यननुपातिप्ररूपणं चरणे गतिष्वपि ॥
४. अनुपातीति ज्ञायते युक्तिपतितं खलु भाषते एषः । यत्पुनः सूत्रापेतं तद्भवत्यननुपातीति ॥
५. सागरिकादिपर्यंकनिषद्यासेवना च गृहिमात्रे । निर्ग्रन्थीस्थानादयः प्रतिषेधो मासकल्पस्य ॥
६. चारे वैराज्ये वा प्रथमसमवसरणे तथा नित्येषु । शून्येऽकल्पिके चाज्ञातोञ्छे च संभोगे ॥

[1] किंवा अकप्पिएणं गहियं फासुंपि होइ उ अभोज्जं । अन्नाउंछं को वा होइ गुणो कप्पिए गहिए ॥७॥
[2] पंचमहव्वयधारी समणा सव्वे वि किं ण भुंजंति । इय चरणवितथवादी इत्तो वुच्छं गईसुं तु ॥८॥
[3]खेत्तं गओ अडविं इक्को संचिक्खए तहिं चेव । तित्थयरो पुण पियरो खेत्तं पुण भावओ सिद्धित्ति॥९॥

एतासां गाथानामयं संक्षेपार्थः-अहछ दस्सत्ति । यथाछन्दस्य प्ररूपणोत्सूत्रा=सूत्रादुत्तीर्णा द्विविधा भवति ज्ञातव्या । तद्यथा-चरणेषु=चरणविषया, गतिषु=गतिविषया । तत्र या चरणे=चरणविषया सा इयं=वक्ष्यमाणा भवति[१] तामेवाह-पडिलेहणित्ति, मुखपोतिका=मुखवस्त्रिका सैव प्रतिलेखनी=पात्रप्रत्युपेक्षिका पात्रकेसरिका, किं द्वयोः परिग्रहेण? अतिरिक्तोपधिग्रहणदोषादेकयैव मुखपोतिकया कायभाजनोभयप्रत्युपेक्षणकार्यनिर्वाहेणापरवैफल्यात् । तथा रयहरणंणिसिज्जत्ति, किं रजोहरणस्य द्वाभ्यां निषद्याभ्यां कर्त्तव्यम्? एकैव निषद्याऽस्तु । पायमत्तपत्ति, यदेव पात्रं तदेव मात्रकं क्रियतां, मात्रकं वा पात्रं क्रियतां, किं द्वयोः परिग्रहेण? एकेनैवान्यकार्यनिष्पत्तेः । भणितं च—"यो भिक्षुस्तरुणो बलवान् स एकं पात्रं गृह्णीयाद्" आचारांग इति । तथा पट्टएत्ति । य एव चोलपोट्टकः स एव रात्रौ संस्तारकस्योत्तरपट्टः क्रियतां किं पृथगुत्तरपट्टग्रहेण? तथा पडलाइं चोलत्ति, पटलानि किमिति पृथग् ध्रियन्ते? चोलपट्टक एव भिक्षार्थं हिण्डमानेन द्विगुणस्त्रिगुणो वा कृत्वा पटलस्थाने वा निवेश्यताम् । उण्णादसिय त्ति, रजोहरणस्य दशाः किमित्यूर्णमय्यः क्रियन्ते, क्षौमिकाः क्रियन्ताम्, ता ह्यूर्णमयीभ्यो मृदुतरा भवन्ति । पडिलेहणापोत्तंति=प्रतिलेखनावेलायामेकं पोतं प्रस्तार्य तस्योपरि समस्तवस्त्रप्रत्युप्रेक्षणां कृत्वा तदनन्तरमुपाश्रयाद् बहिः प्रत्युपेक्षणीयम्, एवं हि महती जीवदया कृता भवतीति । [२]

---

એટલે કે, દરેક યથાછંદ ઉત્સૂત્રભાષી હોય જ એવો નિયમ છે. એ આગમમાં દેખાડેલું જ છે **શ્રી વ્યવહાર ભાષ્યમાં** કહ્યું છે કે—

## [યથાછંદની પ્રરૂપણા]

આ ગાથાઓનો સંક્ષેપાર્થ આ છે—યથાછંદની પ્રરૂપણા ઉત્સૂત્ર હોય છે. અને તે બે પ્રકારે હોય છે–ચારિત્ર વિશે અને ગતિવિશે. તેમાં ચારિત્રવિશેની ઉત્સૂત્રપ્રરૂપણા આવી જાણવી-[૧] તે જ કહે છે-મુહપત્તિને પાત્રાનું પડિલેહન કરનાર પૂંજણી તરીકે વાપરવી, બન્ને રાખવાની શી જરૂર છે? મુહપત્તિથી કાયા અને પાત્ર બન્નેના પડિલેહણનું કાર્ય થઈ શકતું હોવાથી જુદી પૂંજણી રાખવી નિરર્થક છે. તેથી તેનું ગ્રહણ કરવામાં વધારાની ઉપધિ ગ્રહણ કરવાનો દોષ લાગે છે. તથા રજોહરણની પણ ઓઘારિયું અને નિશીથીયું રૂપ બે નિષદ્યાનું શું કામ છે? એક જ રાખો. એમ જે પાત્ર છે તેને જ માત્રક બનાવવું અથવા માત્રકને પાત્ર તરીકે વાપરવું જોઈએ, બન્નેના ગ્રહણથી સર્યું, કેમ કે એકથી જ બીજાનું પણ કાર્ય થઈ જાય છે. કહ્યું પણ છે કે "જે ભિક્ષુ તરુણ અને બલવાન હોય તેને એક પાત્રનું ગ્રહણ કરવું." તથા ચોલપટ્ટાને જ રાત્રે ઉત્તરપટ્ટો બનાવી દેવો જોઈએ, જુદા ઉત્તરપટ્ટાની કોઈ જરૂર નથી. એમ જુદા પલ્લા રાખવાની જરૂર નથી, ભિક્ષાએ જતી વખતે ચોલપટ્ટાના જ બે–ત્રણ પડ વાળી પલ્લાના સ્થાને વાપરવા જોઈએ. વળી રજોહરણની દશીઓ પણ ઊનની નહિ કિન્તુ સૂતરની રાખવી જોઈએ કેમકે એ જ ઊનની દશીઓ કરતાં વધુ મૃદુ હોય છે. પડિલેહણ વખતે એક કપડું પાથરી તેની ઉપર બધા વસ્ત્રોનું પડિલેહણ કરી પછી એનું ઉપાશ્રયની બહાર પડિલેહણ કરવું જોઈએ. આમ કરવાથી જ વિપુલ જીવદયા થાય છે. [૨]

---

૧. किं वाऽकल्पिकेन गृहीतं प्रासुकमपि भवति त्वभोज्यम् । अज्ञातोञ्छं को वा भवति गुणो कल्पिकेन गृहीते ॥
૨. पंचमहाव्रतधारिणः श्रमणाः सर्वेऽपि किं न भुञ्जते । इति चरणवितथवादी इतो वक्ष्ये गतिषु तु ॥
.३ क्षेत्रं गतोऽटवीमेकः संतिष्ठते तत्रैव । तीर्थकरः पुनः पिता क्षेत्रं पुनः भावतः सिद्धिरिति ॥

दंतच्छिन्नमिति । हस्तगताः पादगता वा नखाः प्रवृद्धा दन्तैश्छेत्तव्याः न नखरदनेन, नखरदनं हि ध्रियमाणमधिकरणं भवति । तथा अलित्तंति, पात्रमलिप्तं कर्त्तव्यं, लेपे बहुदोषसंभवान्न पात्रं लेपनीयमिति भावः । हरियट्ठियत्ति, हरितप्रतिष्ठितं भक्तपानादि डगलादि च ग्राह्यम्, तद्ग्रहणे हि तेषां हरितकायजीवानां भारापहारः कृतो भवति । पमज्जणा य णितरसत्ति, यदि छन्ने जीवदयानिमित्तं प्रमार्जना क्रियते ततो बहिरच्छन्ने क्रियतां, दयापरिणामाविशेषात् । ईदृशी यथाछन्दस्य प्ररूपणा चरणेषु, गतिषु चानुपातिन्यननुपातिनी च भवति (३) अनुपातिन्यननुपातिन्योः स्वरूपमाह्-अणुवाइत्ति । यद्भाषमाणः स यथाछन्दो ज्ञायते, यथा खु निश्चितं युक्तिपतितं=युक्तिसंगतमेव भाषते तदनुपातिप्ररूपणम् । यथा-यैव मुखपोतिका सैव प्रतिलेखनिकेत्यादि । यत्पुनर्भाष्यमाणं सूत्रापेतं प्रतिभासते तद्भवत्यननुपाति, यथा चोलपट्टः पटलानि क्रियन्तामिति, षट्पदिकापतनसंभवेन सूत्रयुक्तिबाधात् । अथवा सर्वाण्येव पदान्यगीतार्थप्रतिभासापेक्षयाऽनुपातीनि, गीतार्थप्रतिभासापेक्षया त्वननुपातीनीति [४]

इदं चान्यत्तत्प्ररूपणम्-सागारियाइत्ति, सागारिकः=शय्यातरस्तद्विषये ब्रूते शय्यातरस्य महालाभ इति । आदिशब्दात्स्थापनाकुलेष्वपि प्रविशतो नास्ति दोषः, प्रत्युत भिक्षाशुद्धिरित्यादि ग्राह्यम् । पलिअंकत्ति, पर्यङ्कादिषु मत्कुणादिरहितेषु परिभुज्यमानेषु न कोऽपि दोषः, प्रत्युत भुमावुपविशतो लाघवादयो दोषाः । निसेज्जासेवणत्ति गृहिनिषद्यायां न दोषः, प्रत्युत धर्मकथाश्रवणेन लाभ इति ।

---

હાથના કે પગના વધેલા નખો દાંતથી કાપવા જોઈએ, નખરદનથી નહિ, કારણકે એ રાખવામાં અધિકરણ થાય છે. વળી પાત્રને પણ લેપ કરવો ન જોઈએ કેમકે એમાં જીવાત ચોંટી જવી વગેરે ઘણા દોષો સંભવે છે. ભોજન-પાણી કે ડગલ વગેરે ઘાસ પર રહેલા હોય તે પહેલા નંબરે ગ્રહણ કરવા જોઈએ, કેમકે એમ કરવાથી એ જીવો પરનો ભાર દૂર થવાથી દયા થાય છે. જ્યાં ગૃહસ્થાદિ જોતાં ન હોય તેવા પ્રચ્છન્ન સ્થાનમાં ત્રસ કાયજીવોની રક્ષા માટે જો પ્રમાર્જના કરો છો તો બહાર અપ્રચ્છન્ન સ્થાનમાં પણ જમીન પૂંજવી જોઈએ. કારણ કે એમાં પણ દયા પરિણામ તો એ જ રીતે જળવાઈ રહે છે. અર્થાત્ પ્રચ્છન્ન અને અપ્રચ્છન્ન બન્ને સ્થાનમાં દયાની જાળવણી એક સરખી છે તો ક્રિયાભેદ શા માટે? ચારિત્ર અંગે યથાછંદની આવી પ્રરૂપણા હોય છે. ગતિ અંગે પણ આગળ બતાવાશે એવી જાણવી વળી આ પ્રરૂપણા અનુપાતિની તથા અનનુપાતિની હોય છે. [૩] એ બેનું સ્વરૂપ કહે છે-તે યથાછંદ જે બોલતી વખતે "ખરેખર, આ તો યુક્તિસંગત બોલે છે." એવું લાગે તે અનુપાતી પ્રરૂપણા જાણવી, જેમ કે મુહપત્તિને જ પૂંજણી તરીકે વાપરવી જોઈએ વગેરે...તેમજ જેનું કથન સૂત્રવિરુદ્ધ લાગે તે અનનુપાતી જાણવી, જેમ કે "ચોલપટો જ પલ્લા તરીકે વાપરવો" આવું કરવામાં આવે તો જૂ વગેરે ભિક્ષામાં પડવાનો સંભવ હોઈ આ કથન સૂત્ર અને યુક્તિથી બાધિત હોવું જણાઇ જાય છે. અથવા યથાછંદની આ સર્વવાતો અગીતાર્થની અપેક્ષાએ અનુપાતી અને ગીતાર્થની અપેક્ષાએ અનનુપાતી જાણવી. [૪]

વળી યથાછંદની આ પણ બીજી પ્રરૂપણા હોય છે-સાગારિક એટલે શય્યાતર, તેને અંગે કહે છે કે-શય્યાતરપિંડ લેવામાં કોઈ દોષ નથી, ઉલ્ટો શય્યાતરને ભાવોલ્લાસવૃદ્ધિ વગેરે મહાલાભ છે. 'આદિ' શબ્દથી-"સ્થાપનાકુલોમાં જવામાં પણ દોષ નહિ કિન્તુ ભિક્ષાશુદ્ધિ વગેરે ગુણો છે ઇત્યાદિ પ્રરૂપણા જાણવી માંકડ વગેરેથી રહિત પલંગાદિ વાપરવામાં કોઈ દોષ નથી, ઉલ્ટું ભૂમિ પર બેસવામાં જ લઘુતા થવી વગેરે દોષો છે. ગૃહસ્થના આસનાદિ પર બેસવામાં પણ દોષ નહિ, કિન્તુ ધર્મકથા સંભળાવવા દ્વારા લાભ જ છે. ગૃહસ્થના ભાજનમાં

गिहिमत्तेत्ति, गृहिमात्रके भोजनं कस्मान्न क्रियते ? न ह्यत्र दोष, प्रत्युत सुन्दरपात्रोपभोगात्प्रवचनानुपघातलक्षणोऽन्यपात्रभाराऽवहनलक्षणश्च गुण इति । निग्गंथिचेइगाइत्ति, निर्ग्रन्थीनामुपाश्रयेऽवस्थानादौ को दोष ? यत्र तत्र स्थितेन शुभं मनः प्रवर्त्तितव्यं, तच्च स्वायत्तमिति । तथा मासकल्पस्य प्रतिषेधस्तेन क्रियते, यदि दोषो न विद्यते तदा परतोऽपि तत्र स्थेयमिति ॥५॥ चारेत्ति, चारश्च चरणं गमनमित्यर्थस्तद्विषये ब्रूते-वृष्टयभावे चातुर्मासकमध्येऽपि गच्छतां को दोषः ? इति तथा वेरज्जत्ति, वैराज्येऽपि ब्रूते साधवो विहारं कुर्वन्तु, परित्यक्तं हि तैः शरीरं, सोढव्याः खलु साधुभिरुपसर्गा इति । पढमसमोसरणं=वर्षाकालस्तत्र ब्रूते-किमिति प्रथमसमवसरणे शुद्धं वस्त्रादि न ग्राह्यम् ? द्वितीयसमवसरणेऽपि ह्युद्गमादिदोषशुद्धमिति गृह्यते, तत्कोऽयं विशेषः ? इति । तह णिइएसुत्ति, तथा नित्येषु=नित्यवासिषु प्ररूपयति-नित्यवासे न दोषः, प्रत्युत प्रभूतसूत्रार्थग्रहणादिलक्षणो गुण इति । तथा सुन्नत्ति, यद्युपकरणं न केनापि ह्रियते ततः शून्यायां वसतौ को दोषः ? अकप्पिये अत्ति, अकल्पिकः=अगीनार्थस्तद्विषये ब्रूते-अकल्पिकेनानीतमज्ञातोञ्छं किं न भुज्यते ? तस्याज्ञातोञ्छतया विशेषतः परिभोगार्हत्वात् । संभोएत्ति, संभोगे ब्रूते-सर्वेऽपि पञ्चमहाव्रतधारित्वेन साधवः सांभोगिका इति ॥६॥

अकप्पिए अत्ति विशिष्य विवृणोति । किं वत्ति, किंवत्=केन प्रकारेणाकल्पिकेन=अगीतार्थेन गृहीतं प्रासुकमज्ञातोञ्छमपि अभोज्यं=अपरिभोक्तव्यं भवति । को वा कल्पिकेन, अत्र गाथायां सप्तमी तृतीयार्थे, गृहीते गुणो भवति ? नेव कश्चिद्, उभयत्रापि शुद्धयविशेषात् । [७] संभोएत्ति व्याचष्टे-पंचमहव्वयधारित्ति, पञ्चमहाव्रतधारिणः सर्वे श्रमणाः किं नैकत्र भुञ्जते ? यदेके

---

ભોજન શા માટે ન કરવું ? એમાં કોઇ દોષ તો નથી પણ સુંદરપાત્રનો ઉપભોગ જોઇ ઇતરો તરફથી પ્રવચનનો ઉપઘાત ન થવાનો તથા બીજું પાત્રનું ભારવહન ન કરવાનો ગુણ=લાભ છે. સાધ્વીઓના ઉપાશ્રયમાં અવસ્થાનાદિ કરવામાં કોઇ દોષ નથી, જ્યાં ત્યાં પણ મનને શુભ રાખવાનું હોય છે, અને એ તો સ્વાધીન જ હોઇ ગમે ત્યાં રાખી શકાય છે. તથા તેના વડે (યથાછંદવડે) 'જો નુકશાન ન હોય તો મહિના કરતાં વધુ પણ રહેવું જોઇએ' ઇત્યાદિ રૂપે માસકલ્પનો નિષેધ કરાય છે. [૫] ચાર=ગમન, ચોમાસામાં વરસાદ ન હોય તો ગમન વિહાર કરવામાં શું વાંધો છે? વૈરાજ્ય=વિરુદ્ધરાજ્યો, તેમાં પણ સાધુઓએ વિહાર કરવો જોઇએ. કદાચ જાસુસ વગેરેની શંકાથી પકડાઇ જાય અને મારપીટ થાય તો પણ કોઈ દોષ નથી કેમકે તેઓએ શરીરનો તો ત્યાગ કર્યો છે તેમજ સાધુઓએ ઉપસર્ગો તો સહન કરવાના હોય જ છે. પ્રથમસમવસરણ એટલે ચોમાસું. તેમાં શુદ્ધ વસ્ત્રાદિ શા માટે ન લેવા ? ઋતુબદ્ધકાળમાં પણ જો ઉદ્ગમાદિદોષ શુદ્ધ હોઈ વસ્ત્રગ્રહણ થાય છે તો ચોમાસામાં શો ભેદ છે કે ઉદ્ગમાદિશુદ્ધ વસ્ત્ર ન લેવાય? એમ નિત્યવાસમાં દોષ નથી, ઉલ્ટું વિહારાદિનો સમય બચવાથી ઘણા સૂત્રાર્થનું ગ્રહણ વગેરે લાભ છે, જો ઉપધિ ચોરાવાનો ભય ન હોય તો વસતિને શૂન્ય કરવામાં શું વાંધો છે? અકલ્પિક એટલે અગીતાર્થ, અકલ્પિકથી લવાએલ અજ્ઞાત ભિક્ષા શા માટે ન ખાવી ? તે અજ્ઞાતોંછ હોઈ વિશેષથી ખાવા યોગ્ય છે. બધા સાધુઓ પાંચમહાવ્રત ધારી હોઈ સાંભોગિક છે. [૬]

અકલ્પિક અંગેનું વિશેષ વિવરણ-અકલ્પિક એટલે ભિક્ષા વગેરે અંગેના સૂત્રાર્થનો અજાણ=તે તે વિધિમર્યાદાનો અજાણકાર અને તેથી તે તે કાર્ય કરવા માટે અયોગ્ય એવો અગીતાર્થ. તેણે ગ્રહણ કરેલ પ્રાસુક અજ્ઞાતોંછ પણ ભિક્ષા શામાટે અભોજ્ય છે? અને ગીતાર્થે તેનું ગ્રહણ કરેલું હોય તો તેમાં કયો ગુણ પેદા થઇ ગયો હોય કે જેથી એ કલ્પ્ય બની જાય? બન્નેમાં પ્રાસુકત્વાદિરૂપ શુદ્ધિ સમાન જ હોઈ એવો કોઈ લાભ નથી. [૭]

सांभोगिका अपरे चासांभोगिकाः क्रियन्ते इति । इत्येवमुपदर्शितप्रकारेणानालोचितगुणदोषो यथाछन्दश्चरणे=चरणविषये वितथवादी । अत उर्ध्वं तु गतिषु वितथवादित्वं वक्ष्यामि । [८] खेत्त गओ यत्ति । स यथाछन्दो गतिष्वेवं प्ररूपणां करोति—"[1]एगो गाहावई तस्स तिण्णि पुत्ता, ते सव्वेवि खित्तकम्मोवजीविणो पियरेण खित्तकम्मे णिओइया । तत्थेगो खित्तकम्मं जहाणत्तं करेइ । एगो अडविं गओ देसं देसेण हिंडइ इत्यर्थः । एगो जिमिउं देवकुलादिसु अच्छति । कालंतरेण तेसिं पिया मओ । तेहिं सव्वंपि पितिसंतियं ति काउं समं विभत्तं । तेसिं जं एक्केण उवज्जिअं तं सव्वेसिं सामन्नं जायं । एवं अम्हं पिया तित्थयरो तस्संतिओवदेसेणं सव्वे समणा कायकिलेसं कुव्वंति । अम्हे ण करेमो जं तुब्भेहिं कयं तं अम्ह सामन्नं । जहा तुब्भे देवलोगं सुकुलपच्चायातिं वा सिद्धिं वा गच्छह तहा अम्हे वि गच्छिस्सामोत्ति ।" एष गाथाभावार्थः । अक्षरयोजनिका त्वियं-एकः पुत्रः क्षेत्रंगतः, एकोऽटवीं देशान्तरेषु परिभ्रमतीत्यर्थः । अपर एकस्तत्रैव संतिष्ठते । पितरि च मृते धनं सर्वेषामपि समानम् । एवमत्रापि मातापितृस्थानीयस्तीर्थकरः क्षेत्रं=क्षेत्रफलं=धनं पुनर्भावतः=परमार्थतः सिद्धिस्तां यूयमिव युष्मदुपार्जनेन वयमपि गमिष्याम इति । [९]

तदेवं यथाछन्दस्याप्युत्सूत्रप्ररूपणाव्यवस्थादर्शनात् कथमेवमर्वाग्दृशा निर्णीयते यदुत—"मार्गपतितस्य यथाछन्दस्य कस्यचिदनाभोगादेवोत्सूत्रभाषणं, तच्च नानन्तसंसारकारणं, उन्मार्गपतितानां तु

સંભોગની વ્યાખ્યા-પાંચ મહાવ્રતધારી બધા સાધુઓ સાથે કેમ ગોચરી કરતાં નથી? કેટલાંક સાંભોગિક અને કેટલાંક અસાંભોગિક કેમ કરાય છે? આ રીતે લાભ-ગેરલાભનો સૂક્ષ્મવિચાર ન કરનાર યથાછંદ ચારિત્ર અંગે વિતથવાદી હોય છે. હવે ગતિ અંગેના વિતથવાદીની પ્રરૂપણા-[૮] એક ગૃહસ્થને ત્રણ પુત્રો હતા. તે ત્રણે ખેતી પર જીવન ગુજારનારા હોઈ પિતા વડે ખેતીમાં લગાડાયા. તેમાંથી એક પિતૃઆજ્ઞા મુજબ ખેતી કરે છે. અટવીમાં ગએલો બીજો દેશદેશાન્તરમાં ભટકે છે અને ત્રીજો ખાઇપીને દેવકુલાદિમાં પડયો રહે છે. કાલાન્તરે તેઓનો પિતા મર્યો. આ બધું પિતાનું છે એમ વિચારી સરખા ભાગ કરી સમાન રીતે તેઓએ વિભાગ કર્યા. તેથી જે એકે મેળવ્યું તે બધાને એક સરખું મળ્યું. એમ તીર્થંકર આપણા પિતા છે, તેમના ઉપદેશથી બધા સાધુઓ કાયક્લેશ કરે છે, અમે કરતાં નથી. પણ તમે જે કરો છો તે બધું તમારું-અમારું સાધારણ જ છે. તેથી જેમ તમે દેવલોક-સુકુલમાં પુનર્જન્મ કે સિદ્ધિ પામશો તેમ અમે પણ પામીશું. આ પ્રમાણે ભાવાર્થ કહ્યો. ગાથાનો અક્ષરાર્થ આ પ્રમાણે-એક પુત્ર ખેતરમાં ગયો. બીજો જંગલમાં અને ત્રીજો ત્યાં જ દેવકુલાદિમાં રહે છે. પિતા મર્યે છતે ધન બધાનું સાધારણ થયું. એમ પ્રસ્તુતમાં પણ માતા-પિતા સમાન તીર્થંકર છે અને ખેતર=ખેતરના ફળ રૂપ ધન પરમાર્થથી સિદ્ધિ છે તેને તમારી મહેનતના કારણે તમારી જેમ અમે પણ પામીશું. [૯]

આમ યથાછંદની ઉત્સૂત્રપ્રરૂપણાની વ્યવસ્થા પણ શાસ્ત્રોમાં દેખાતી હોઈ કોઇ છદ્મસ્થ એવો નિર્ણય શી રીતે કરી શકે કે "માર્ગપતિત કોઇક યથાછંદને અનાભોગથી જ ઉત્સૂત્રભાષણ હોય છે જે અનંતસંસારનું કારણ હોતું નથી (તેથી યથાછંદાદિ નિયમા અનંતસંસારી

१. एको गाथापतिः, तस्य त्रयः पुत्राः, ते सर्वेऽपि क्षेत्रकर्मोपजीविनः पित्रा क्षेत्रकर्मणि नियोजिताः । तत्रैकः क्षेत्रकर्म यथाऽऽज्ञप्तं करोति, एकोऽटवीं गतो देशदेशान्तरेषु भ्रमति, एको जिमित्वा देवकुलादिषु तिष्ठति । कालान्तरेण तेषां पिता मृतः, तैः सर्वमपि पितृसत्कमिति कृत्वा समं विभक्तम् । तेषां यदेकेनोपार्जितं तत्सर्वेषां समानं जातम् । एवमस्माकं पिता तीर्थकरः, तत्सत्कोपदेशेन सर्वे श्रमणाः कायक्लेशं कुर्वन्ति, वयं न कुर्मः । यद्युष्माभिः कृतं तदस्माकं सामान्यम् । यथा यूयं देवलोके सुकुलप्रत्यायातिं सिद्धिं वा गच्छथ तथा वयमपि गमिष्याम इति ।

सर्वेषामाभोगवतामनाभोगवतां वा तदनन्तसंसारकारणमेव, तीर्थोच्छेदाभिप्रायमूलत्वादिति", साध्वाचारोच्छेदाभिप्रायस्य यथाछन्देऽप्यविशेषात् । अथ~

[1]उम्मग्गमग्गसंपट्ठिआण साहूण गोअमा नूणं । संसारो अ अणंतो होइ य सम्मग्गणासीणं ॥

इति गच्छाचारप्रकीर्णक [नं ३१] वचनबलादुन्मार्गपतितानां निह्नवानामनन्त एव संसारो ज्ञायते न तु यथाछन्दानामपि, अपरमार्गाश्रयणाभावादिति चेत् ?~उन्मार्गपतितो निह्नव एवेति कथमुद्देश्यनिर्णयः ? साधुपदेन शाक्यादिव्यवच्छेदेऽपि यथाछन्दादिव्यवच्छेदस्य कर्त्तुमशक्यत्वात्, गुणभेदादिनेव क्रियादिविपर्यासमूलकदालम्बनप्ररूपणयाऽप्युन्मार्गभवनाविशेषाद् । न हि 'मार्गपतित' इत्येतावता शिष्टाचारनाशको यथाछन्दादिरपि नोन्मार्गगामी ।

~अथ यथाछन्दादीनामप्युन्मार्गगामित्वमिष्यत एव, न त्वनन्तसंसारनियमः, तन्नियमाभिधायकवचने उन्मार्गमार्गसंप्रस्थितपदेन तीर्थोच्छेदाभिप्रायवत एव ग्रहणादिति चेद् ?~अहो किंचिदपूर्वं

હોય એવું નથી) જ્યારે ઉન્માર્ગપતિત તો આભોગવાળા કે અનાભોગવાળા સર્વેનું ઉત્સૂત્રભાષણ અનંતસંસારનું કારણ હોય જ છે કેમકે તીર્થોચ્છેદના અભિપ્રાયથી બોલાયું હોય છે. (તેથી તેઓ નિયમા અંનતસંસારી હોય છે.)" કેમકે તેઓના નિરૂપણમાં રહેલા તીર્થોચ્છેદઅભિપ્રાયની જેમ યથાછંદના નિરૂપણમાં પણ સાધ્વાચારોચ્છેદનો અભિપ્રાય તો રહ્યો જ હોય છે જે યથાછંદને ઉન્માર્ગપતિતની કક્ષામાં મૂકી શકે છે.

**શંકા**–અમે અમારા છાદ્મસ્થિકજ્ઞાનથી ઉક્તનિર્ણય નથી કરતાં, પણ સર્વજ્ઞવચન પરથી નિર્ણય કરીએ છીએ. જેમકે "હે ગૌતમ! ઉન્માર્ગભૂત માર્ગમાં રહેલા સન્માર્ગનાશક સાધુઓનો સંસાર ખરેખર અનંત હોય છે" એવા ગચ્છાચારપ્રકીર્ણકના વચનથી જણાય છે કે ઉન્માર્ગપતિત નિહ્નવોજ અનંતસંસારી હોય છે, યથાછંદો નહિ, કેમકે તેઓએ બીજો માર્ગ સ્વીકાર્યો હોતો નથી.

**સમાધાન**–તમારી વાત અયુક્ત છે, કેમકે ગચ્છાચાર પ્રકીર્ણકના ઉક્ત વચનમાં ઉદ્દેશ્ય તરીકે ઉલ્લેખાએલ ઉન્માર્ગપતિત જીવ તરીકે નિહ્નવ જ લેવાના છે, યથાછંદાદિ નહિ એવો નિર્ણય શી રીતે કર્યો? 'સાધુઓનો' શબ્દથી શાક્યાદિનો વ્યવચ્છેદ કરી શકાતો હોવા છતાં યથાછંદાદિનો તો વ્યવચ્છેદ કરી શકતો નથી જ...કેમકે સમ્યક્ત્વાદિ ગુણનો ભેદ (નાશ) થઈ જતો હોવાના કારણે જેમ નિહ્નવનું આચરણ ઉન્માર્ગરૂપ બની જાય છે તેમ ક્રિયાદિનો વિપર્યાસ કરવાના કારણ તરીકે ખોટા આલંબનોની પ્રરૂપણા કરવા દ્વારા યથાછંદાદિનું આચરણ પણ ઉન્માર્ગરૂપ બની જાય છે. માટે તેઓ પણ ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિત તો છે જ. શિષ્ટાચારના નાશક તે યથાછંદાદિ 'માર્ગપતિત' હોવા માત્રથી "તેઓ ઉન્માર્ગ ગામી નથી" એવું કંઈ કહી શકાતું નથી

**શંકા**–યથાછંદાદિને પણ અમે ઉન્માર્ગગામી તો માનીએ છીએ, પણ નિયમા અનંતસંસારી માનતા નથી. કારણ કે ગચ્છાચારપ્રકીર્ણકના અનંત સંસારનો નિયમ જણાવનાર વચનમાં 'ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિત' પદથી તીર્થોચ્છેદઅભિપ્રાયવાળા જીવોનું જ ગ્રહણ કરવાનું તાત્પર્ય છે. (સાધ્વાચારોચ્છેદના અભિપ્રાયવાળા જીવોનું પણ ગ્રહણ કરવાનું નહિ.)

**સમાધાન**–અહો ! યુક્તિઓ લડાવવાની તમારી આ કુશળતા કોઈ નવી જ છે કે જેથી તમે આવી પડતા અન્યોન્યાશ્રય દોષને જોઈ શકતા નથી. તે દોષ આ રીતે આવે છે—તીર્થોચ્છેદઅભિપ્રાયવાળા નિહ્નવોને જ અનંત સંસાર હોવાનો નિયમ જણાવનાર બીજું તો

१. उन्मार्गमार्गसंप्रस्थितानां साधूनां गौतम ! नूनम् । संसारश्चानन्तो भवति सन्मार्गनाशिनाम् ॥

युक्तिकौशलम् ! यदुक्तवचनबलात्तीर्थोच्छेदाभिप्रायवतां निह्नवानामनन्तसंसारनियमसिद्धौ पदविशेषतात्पर्यग्रहः, तस्मिंश्च सति तत्सिद्धिरित्यन्योन्याश्रयदोषमापतन्तं न वीक्षसे ।~संप्रदायादीदृशोऽर्थो गृहीत इति न दोष इति चेद् ?~न, संप्रदायादध्यवसायं प्रतीत्य निह्नवानामपि संख्यातादिभेदभिन्नस्यैव संसारस्य सिद्धत्वाद्, उन्मार्गमार्गसंप्रस्थितानां तीव्राध्यवसायानामेव ग्रहणे बाहुल्याभिप्रायेण वा व्याख्याने दोषाभावाद् । न चेदेवं तदा "वयमेव सृष्टिस्थित्यादिकारिणः" इत्याद्युत्सूत्रभाषिणोऽनवच्छिन्नमिथ्यात्वसन्तानपरमहेतोस्तीर्थोच्छेदाभिप्रायवतो बलभद्रजीवस्याप्यनन्तसंसारोत्पत्तिः प्रसज्येत। न चैतदशास्त्रीय वचनम्, त्रिषष्टीयनेमिचरित्रेऽप्येवमुक्तत्वात् । तथा हि–

प्रतिपद्य तथा रामो जगाम भरतावनौ । तथैव कृत्वा ते रूपे दर्शयामास सर्वतः ॥
एवमूचे च भो लोकाः ! कृत्वा नौ प्रतिमाः शुभाः । प्रकृष्टदेवताबुद्धया यूयं पूजयतादरात् ॥
वयमेव यतः सृष्टिस्थितिसंहारकारिणः । वयं दिव इहायामो यामश्च स्वेच्छया दिवम् ॥
निर्मिता द्वारकास्माभिः संहृता च यियासुभिः । कर्त्ता हर्त्ता च नान्योऽस्ति स्वर्गदा वयमेव च ॥
एवं तस्य गिरा लोकः सर्वो ग्रामपुरादिषु । प्रतिमाः कृष्णहलिनोः कारंकारमपूजयन् ॥
प्रतिमार्चनकर्त्तृणां महान्तमुदयं ददौ । स सुरस्तेन सर्वत्र तद्भक्तोऽभूज्जनोऽखिलः ॥ इति ॥५॥

---

કોઈ શાસ્ત્રવચન મળતું ન હોવાથી ઉક્તવચન પરથી જ તે નિયમ તારવવો પડે છે. એવો નિયમ તારવાય તો એ વચનમાં 'ઉન્માર્ગ...' પદથી 'તીર્થોચ્છેદઅભિપ્રાયવાળા જ જીવો લેવાના છે' એવું તાત્પર્ય પકડી શકાય છે. વળી જ્યાં સુધી આવું તાત્પર્ય પકડાતું નથી ત્યાં સુધી 'ઉન્માર્ગ...' પદથી તીર્થોચ્છેદાભિપ્રાયવાળા જીવોનું જ ગ્રહણ કરવાનું છે એવું જાણી શકાતું ન હોવાથી એવો નિયમ તારવી શકાતો નથી. આમ નિયમ સિદ્ધ થાય તો તાત્પર્ય પકડાય અને તાત્પર્ય પકડાય તો નિયમ સિદ્ધ થાય. માટે અન્યોન્યાશ્રય દોષ છે.

**શંકા**–અમે કંઈ નિયમ સિદ્ધ કર્યા પછી તેના પરથી જ એવું તાત્પર્ય પકડીએ છીએ એવું નથી, કિન્તુ સંપ્રદાય–ગુરુપરંપરાથી જ આવું તાત્પર્ય તો પકડી લીધું છે કે અહીં 'ઉન્માર્ગ...' પદનો તીર્થોચ્છેદાભિપ્રાયવાળા જીવો એવો જ અર્થ લેવાનો છે અને એ અર્થ લઈને પછી ઉપરોક્ત નિયમ તારવીએ છીએ. તેથી અન્યોન્યાશ્રય દોષ નથી.

**સમાધાન**–આ પણ અયુક્ત છે કેમકે સંપ્રદાયથી તો નિહ્નવોને પણ અધ્યવસાયને અનુસરીને સંખ્યાત-અસંખ્યાત વગેરે સંસાર હોવો જ જણાય છે. અર્થાત્ તમે કહો છો એવું તાત્પર્ય જો સંપ્રદાયથી જણાતું હોય તો તો બધા નિહ્નવોને અનંતસંસાર જ હોવો પણ ફલિત થઈ જ જાય જે બાધિત છે, કેમકે તેઓને સંખ્યાતાદિ સંસાર હોવો પણ સંપ્રદાય જ કહે છે.~"ગચ્છાચાર પ્રકીર્ણકના ઉક્ત વચનના ઉક્તપદનું ઉક્ત તાત્પર્ય લઈ ઉક્ત નિયમ જો તારવવાનો ન હોય અને 'ઉન્માર્ગ....' પદનો સીધેસીધો જ અર્થ લઈ એ વચનની વ્યાખ્યા કરી 'ઉન્માર્ગગામી સન્માર્ગનાશક સાધુ અનંતસંસારી હોય છે' એવો નિયમ જ તારવવાનો હોય તો એ પણ યુક્ત તો નથી જ કેમકે એ નિયમ પણ નિહ્નવાદિને સંખ્યાતાદિસંસાર પણ હોવાના સંપ્રદાયથી બાધિત જ છે. તેથી તમે એ વચનની કયી વ્યાખ્યા કરશો ? કે જેથી કોઈ દોષ ન આવે"~એવા પ્રશ્નને મનમાં રાખીને વૃત્તિકાર જવાબ આપે છે કે ઉક્તવચનમાં તીવ્ર અધ્યવસાયવાળા જ ઉન્માર્ગમાર્ગપ્રસ્થિત જીવોનું ગ્રહણ છે જેઓને સંપ્રદાય પણ અનંત સંસાર જ હોવાનું કહે છે અથવા તો એ વચન બહુલતા એ જાણવું, અર્થાત્ ઉન્માર્ગમાર્ગસંપ્રસ્થિત સન્માર્ગનાશક મોટાભાગના જીવો અનંતસંસારી હોય છે, કોઈક નથી પણ હોતા. આ રીતની વ્યાખ્યા કરવાથી કોઈ દોષ નથી. વળી જો વસ્તુતઃ પણ આવું ન

~ननु बलभद्रस्योत्सूत्रवचनमिदं न स्वारसिकमतो न नियतं नियतोत्सूत्रं च निह्नवत्वकारणं अत एवापरापरोत्सूत्रभाषिणां यथाछन्दत्वमेव, नियतोत्सूत्रभाषिणां च निह्नवत्वमेव । तदुक्तमुत्सूत्रकन्दकुद्दालकृता—

तस्मादनियतोत्सूत्रं यथाछन्दत्वमेषु न । तदवस्थितकोत्सूत्रं निह्नवत्वमुपस्थितम् ॥

इति । एतदेव च नियमतोऽनन्तसंसारकारणम् । अत एव "यः कश्चिद् मार्गपतितोऽप्युत्सूत्रं भणित्वाऽभिमानादिवशेन स्वोक्तवचनं स्थिरीकर्तुं कुयुक्तिमुद्भावयति, न पुनरुत्सूत्रभयेन त्यजति,

---

જ હોય તો "અમે જ સર્જન-સ્થિતિ વગેરે કરનારા છીએ" ઇત્યાદિ ઉત્સૂત્ર બોલનાર અને અવ્યવચ્છિન્ન રીતે ચાલેલ મિથ્યા પરંપરાના મુખ્યકારણભૂત અને તેથી જ તીર્થોચ્છેદના અભિપ્રાયવાળા એવા **બળભદ્ર**ના જીવને પણ અનંતસંસાર હોવાની આપત્તિ આવે. બળભદ્ર જીવે આવી મિથ્યાકલ્પનાઓ ફેલાવી છે એવી અમારી આ વાત અશાસ્ત્રીય પણ નથી, કેમકે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** અંતર્ગત **શ્રીનેમિચરિત્રમાં** પણ આવું કહ્યું જ છે—"(કૃષ્ણની તે વાત) સ્વીકારીને બળરામદેવ ભરતક્ષેત્રમાં ગયા અને કૃષ્ણે કહ્યા મુજબ જ તે બે રૂપો કરીને બધે દેખાડ્યા. અને કહ્યું કે "હે લોકો! અમારી સુંદર પ્રતિમાઓ કરીને પ્રકૃષ્ટદેવતાની બુદ્ધિથી આદરપૂર્વક પૂજો. કેમકે અમે જ વિશ્વના સર્જન-સ્થિતિ અને સંહાર કરનારા છીએ. અમે દેવલોકમાંથી અહીં આવીએ છીએ. અમે જ દ્વારિકા બનાવી, અને પાછા જવાની ઇચ્છાવાળા અમે જ એને સંહરી લીધી. તેથી સૃષ્ટિનો કર્ત્તા હર્ત્તા (નાશક) બીજો કોઈ નથી. વળી અમે જ સ્વર્ગ આપનારા છીએ." તેના આવા વચનથી બધા લોકોએ ગ્રામ-નગરાદિમાં કૃષ્ણ-બળરામની પ્રતિમાઓ બનાવી બનાવીને પૂજી. તે બળદેવે પ્રતિમાની પૂજા કરનારાઓનો મહાન અભ્યુદય કર્યો. તેથી સર્વત્ર સંપૂર્ણલોક તેઓનો ભક્ત બન્યો." ॥૫૫॥

~**બળભદ્ર**નું આ વચન સ્વારસિક નહોતું અર્થાત્ પોતાની તેવી તીવ્ર ઇચ્છાથી(માન્યતાથી) બોલાએલું નહોતું અને તેથી નિયત નહોતું. જેનો રસ પેદા થઈ ગયો હોય તે જ હંમેશાં મુખ્યતયા બોલાય અને તેથી નિયત હોય. વળી નિહ્નવ અને યથાછંદ બન્ને ઉત્સૂત્ર બોલનારા હોવા છતાં બન્નેને પૃથગ્ પૃથગ્ જણાવ્યા છે તેથી ખ્યાલ આવે છે કે બેમાં કોઇક વિશેષ ભેદ હોવો જોઈએ આગમોમાં આપેલ નિહ્નવપ્રરૂપણાનું અને યથાછંદપ્રરૂપણાનું પરિશીલન કરવાથી જણાય છે કે જે કોઈ નિહ્નવો થયા તેઓએ કોઇ કોઈ એક કે બે ચોક્કસ (નિયત) વાત અંગે ઉત્સૂત્રપ્રરૂપણા કરી છે જ્યારે યથાછંદોએ અનેક બાબતોમાં સ્વકલ્પના મુજબ ઉત્સૂત્રભાષણ કરી છે. અર્થાત્ ક્યારેક 'મુહપત્તિનો જ પૂંજણી તરીકે ઉપયોગ કરવો' એવી ઉત્સૂત્રપ્રરૂપણા કરી છે તો ક્યારેક 'પાત્રકનો જ માત્રક તરીકે ઉપયોગ કરવો' ઇત્યાદિ ઉત્સૂત્રપ્રરૂપણા કરી છે. (અને તેથી તેને કોઇ પણ એક ઉત્સૂત્રની પકડ જોરદાર બનતી નથી. જ્યારે નિહ્નવોએ તો સર્વદા પોતે પકડેલ એકાદ જ નિયત વાતની વારે વારે ઉત્સૂત્રપ્રરૂપણા કરી હોવાથી એની પકડ એકદમ ગાઢ બનેલી હોય છે.) તેથી આ બે વચ્ચે ભેદ એવો જણાય છે કે નિયતઉત્સૂત્રનું ભાષણ એ નિહ્નવત્વનું કારણ છે જ્યારે જુદા જુદા ઉત્સૂત્રનું ભાષણ એ યથાછંદત્વનું કારણ છે અર્થાત્ ભિન્નભિન્નઉત્સૂત્રભાષીઓ યથાછંદ બને છે જ્યારે નિયતોત્સૂત્રભાષી નિહ્નવ બને છે. ઉત્સૂત્રકંદકુદ્દાલના ગ્રન્થકારે કહ્યું છે કે "તેથી આલોકોમાં અનિયતોત્સૂત્રરૂપ યથાછંદત્વ આવ્યું નહિ પણ અવસ્થિતઉત્સૂત્રરૂપ નિહ્નવત્વ આવી ગયું." ગાઢ પકડ કરાવી આપનાર આ નિયતઉત્સૂત્ર જ નિયમાઅનંતસંસાર થવાનું કારણ છે. તેથી જ જે કોઇ માર્ગપતિત જીવ પણ ઉત્સૂત્ર બોલીને અભિમાનાદિના કારણે સ્વવચનને પ્રામાણિક ઠેરવવા

स तुन्मार्गपतित इवावसातव्यः, नियतोत्सूत्रभाषित्वात्, तस्यापरमार्गाश्रयणाभावेऽपि निह्नवस्येवाऽसदाग्रहत्त्वाद्" इत्यस्मन्मतम् ~ इत्याशङ्कायामाह—

णियउस्सुत्तणिमित्ता संसाराणंतया ण सुत्तुत्ता ।
अज्झवसायोऽणुगओ भिन्नो च्चिय कारणं तीसे ॥६॥

[नियतोत्सूत्रनिमित्ता संसारानन्तता न सूत्रोक्ता । अध्यवसायोऽनुगतो भिन्न एव कारणं तस्याः ॥६॥]

णियउस्सुत्तत्ति । नियतोत्सूत्रं निमित्तं यस्यां सा तथा, संसारानन्तता न सूत्रोक्ता, नियतोत्सूत्रं विनाऽपि मैथुनप्रतिसेवाद्युन्मार्गसमाचरण-तद्वन्दनादिनाऽप्यनन्तसंसारार्जनेन व्यभिचारात् । न चोत्सूत्रभाषणजन्येऽनन्तसंसारार्जने नियतोत्सूत्रभाषणस्यैव हेतुत्वान्न दोषः, तादृशकार्यकारणभावबोधकनियतसूत्रानुपलम्भाद्, "उस्सुत्तभासगाणं बोहीणासो अणंतसंसारो" इत्यादिवचनानां सामान्यत एव कार्यकारणभावग्राहकत्वाद् । ~ उत्तरकालं तत्र नियतत्वाख्यो विशेषः कल्प्यते इति चेद् ? ~ नैतदेवम् , तथा सति यथाछन्दस्य कस्याप्यनन्तसंसारानुपपत्तिप्रसक्तेः, तस्य त्वदभिप्रायेणापरापरभावेन गृहीतमुक्तोत्सूत्रस्य नियतोत्सूत्रभाषित्वाभावात् । तथा च —

---

કુયુક્તિઓની કલ્પના કરે છે (અને તેનાથી પોતાની માન્યતાને દૃઢ બનાવે છે), પણ ઉત્સૂત્રના ભયથી તે વચનનો ત્યાગ કરતો નથી તેને પણ ઉન્માર્ગપતિત જેવો જ જાણવો કેમકે અપરમાર્ગ સ્વીકાર્યો ન હોવા છતાં નિયતઉત્સૂત્રભાષી હોવાથી તે પણ નિહ્નવની જેમ કદાગ્રહી હોય છે.~આવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : સંસારની અનંતતા નિયતોત્સૂત્રનિમિત્તક હોય છે એવું સૂત્રમાં કહ્યું નથી. તે સંસારની અનંતતાનું કારણ તો તેનાથી જુદો અને તીવ્રત્વરૂપે અનુગત એવો અધ્યવસાય જ કહ્યો છે.

"સંસારાનન્તતા નિયતોત્સૂત્ર છે નિમિત્ત જેમાં એવી છે" એ વાત સૂત્રોક્ત નથી કેમકે નિયતોત્સૂત્ર વિનાપણ મૈથુનપ્રતિસેવા વગેરે રૂપ ઉન્માર્ગ સમાચરણ વડે અને તેવું કરનારાઓને વંદનાદિ કરવા વડે પણ અનંતસંસાર વધતો હોઈ વ્યતિરેક વ્યભિચાર છે. ~"અમે સામાન્યથી અનંત સંસાર પ્રત્યે નિયતોત્સૂત્રભાષણને કારણ નથી કહેતાં પણ તૃણારણિમણિન્યાય મુજબ ઉત્સૂત્રભાષણજન્ય અનંતસંસાર પ્રત્યે જ કહીએ છીએ. તેથી વ્યતિરેકવ્યભિચાર દોષ રહેતો નથી, કેમકે ત્યાં તો નિયતોત્સૂત્રભાષણરૂપ કારણ જેમ નથી તેમ ઉત્સૂત્રભાષણજન્ય અનંતસંસારરૂપ કાર્ય પણ નથી જ."~એવું કહેવું નહિ કારણકે એવો વિશેષ કાર્ય–કારણ ભાવ જણાવનાર કોઈ નિયતસૂત્ર દેખાતું નથી. "ઉત્સૂત્રભાષકોને બોધિનાશ અને અનંતસંસાર થાય છે." ઇત્યાદિ વચનો તો સામાન્ય કાર્યકારણભાવને જ જણાવે છે.

**શંકા** : પહેલાં તો એવા સામાન્ય કાર્યકારણભાવનું ગ્રહણ થાય છે. પણ પછી 'કોઈક ઉત્સૂત્રભાષીનો સંસાર સંખ્યાતાદિજ હોય છે.' એવા શાસ્ત્રવચનથી જે અન્વયવ્યભિચાર દોષ જણાય છે તેનું વારણ કરવા 'ઉત્સૂત્રભાષક'નું 'નિયત' એવું વિશેષણ કલ્પવામાં આવે છે જેનાથી તાદૃશ કાર્યકારણભાવ નિશ્ચિત થાય છે.

**સમાધાન** : એ કલ્પવું યુક્ત નથી કારણકે તો પછી કોઈ પણ યથાછંદને અનંતસંસાર થવો અસંગત જ થઈ જશે, કેમકે તમારા અભિપ્રાય પ્રમાણે જુદા જુદા ઉત્સૂત્રનું ગ્રહણ કરી કરીને છોડી દેનારો તે નિયતોત્સૂત્રભાષી હોતો નથી. અને તેથી "સર્વપ્રવચનના સારભૂત અને સંસારદુઃખમાંથી છુટકારાના કારણભૂત સમ્યક્ત્વને મલિન કરીને તેઓ દુર્ગતિવર્ધક થાય છે" એવા ભાષ્યવચનનો વિરોધ થશે

[1]सव्वप्पवयणसारं मूलं संसारदुःखमुक्खस्स । संमत्तं मइलित्ता ते दुग्गइवड्ढया हुंति ॥
इत्यादिभाष्यवचनविरोधः ।~अथ यथाछन्दस्यापि यस्यानन्तसंसारार्जनं तस्य क्लिष्टाध्यवसायविशेषादेव, उन्मार्गपतितस्य निह्नवस्य तु नियतोत्सूत्रभाषणादेवेति न दोष इति चेद् ?~न, एवं सत्यनियतहेतुकत्वप्रसङ्गाद्, "अनियतहेतुकत्वं अहेतुकत्वं नाम" इति व्यक्तमाकरे [स्याद्वादरत्नाकरे]। तथा च "विप्रतिपन्न उन्मार्गस्थोऽनन्तसंसारी, नियतोत्सूत्रभाषित्वाद्" इत्यत्राप्रयोजकत्वम् ।

किं तर्हि अनन्तसंसारतायामनुगतं नियामकमित्याह-तस्याः=संसारानन्ततायाः कारणं भिन्न एवानुगतोऽध्यवसायस्तीव्रत्वसंज्ञितः केवलिना निश्चीयमानोऽस्तीति गम्यम् । यस्य संग्रहादेशात् स्वातंत्र्येणैव तस्यामनुगतं हेतुत्वम्, व्यवहारादेशाच्च क्रियाविशेषे सहकारित्वं घटकत्वं वा, शब्दमात्रानुगततीव्राध्यवसायसहकृतायास्तत्पूर्विकाया वा पापक्रियाया अनन्तसंसारहेतुत्वव्यवहारात् । स च तीव्राध्यवसाय आभोगवतामनाभोगवतां वा शासनमालिन्यनिमित्तप्रवृत्तिमतां रौद्रानुबन्धानां स्याद् , अनाभोगेनापि शासनमालिन्यप्रवृत्तौ महामिथ्यात्वार्जनोपदेशात् । तदुक्तमष्टकप्रकरणे [२३-१२]

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते । स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ॥
बध्नात्यपि तदेवालं परं संसारकारणम् । विपाकदारुणं घोरं सर्वानर्थनिबन्धनम् ॥

---

શંકા : જે કોઈ યથાછંદને અનંતસંસારપ્રાપ્તિ થઈ હોય તે (ઉત્સૂત્રભાષણથી થયેલી હોતી નથી કિન્તુ) ક્લિષ્ટઅધ્યવસાયવિશેષથી જ થએલી હોય છે જ્યારે ઉન્માર્ગપતિત નિહ્નવને તે નિયતોત્સૂત્રભાષણથી જ થએલી હોય છે આવું માનવામાં કોઈ દોષ રહેતો નથી.

**સમાધાન** : આવું માનવામાં અનંતસંસારપ્રાપ્તિ અનિયતહેતુક બની જવાની આપત્તિ આવશે. અને જે અનિયતહેતુક હોય છે. તે વસ્તુતઃ અહેતુક જ હોય છે એવું **શ્રી સ્યાદ્વાદ રત્નાકર**માં સ્પષ્ટ રીતે ચચ્યું છે અને તેથી "વિપ્રતિપન્ન ઉન્માર્ગસ્થ અનંતસંસારી હોય છે કેમકે નિયતોત્સૂત્રભાષી હોય છે" એવા તમારા અનુમાનમાં અપ્રયોજકત્વ દોષ છે. અર્થાત્ નિયતોત્સૂત્રભાષણ હોવા છતાં અનંતસંસાર ન હોય તો શું વાંધો ? એવી અન્વય વ્યભિચાર શંકાનું વારણ કરનાર જે કાર્યકારણભાવ ભંગની આપત્તિ તદ્રૂપ અનુકૂલ તર્ક નથી કેમકે અનંતસંસારપ્રાપ્તિ અહેતુક હોઈ કોઈ કાર્યકારણ ભાવ જ છે નહિ.

### [અનંતસંસારનો અનુગત નિયામક]

તો અનંત સંસાર થવામાં અનુગત નિયામક કોણ છે? એવા પ્રશ્નને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે કે કેવલીભગવંતથી નિશ્ચિત થએલો અને અનુગત એવો તીવ્ર અધ્યવસાય જ તેનું કારણ છે. તે સ્વતંત્ર રીતે અનુગત હેતુ બને છે એવું સંગ્રહનય માને છે, જ્યારે વ્યવહારનય, તે વિશેષ પ્રકારની ક્રિયાનો સહકારી બનવા દ્વારા કે તેવી ક્રિયા ઊભી કરી આપવામાં ઘટક બનવા દ્વારા હેતુ બને છે એવું માને છે. કેમકે 'તીવ્રઅધ્યવસાય' એવા શબ્દમાત્ર રૂપે અનુગત એવા આ તીવ્ર અધ્યવસાયથી સહકૃત પાપક્રિયા અનંતસંસારનો હેતુ બને છે એવો વ્યવહાર પ્રચલિત છે. આ તીવ્ર અધ્યવસાય, પ્રવચનહીલનામાં નિમિત્ત બને તેવી પ્રવૃત્તિવાળા રૌદ્રઅનુબંધી જીવોને હોય છે, પછી એ જીવો ચાહે આભોગવાળા હોય કે અનાભોગવાળા... કારણકે અનાભોગથી પણ શાસનની મલિનતા થાય તેવી પ્રવૃત્તિ કરવામાં મહામિથ્યાત્વ લાગે છે એવું **શ્રી અષ્ટક પ્રકરણ**માં કહ્યું છે. "જે અનાભોગથી પણ શાસનની મલિનતામાં નિમિત્ત બને છે તે બીજા જીવોને મિથ્યાત્વ પમાડવામાં હેતુભૂત બનતો હોઈ પોતે પણ તે, સંસારના મુખ્ય કારણરૂપ, દારુણ વિપાકવાળું ઘોર અને સર્વ અનર્થોનું મૂળ એવું મિથ્યાત્વ બાંધે

---

1 सर्वप्रवचनसारं मूलं संसारदुःखमोक्षस्य । सम्यक्त्वं मलिनयित्वा ते दुर्गतिवर्द्धका भवन्ति ॥

शासनमालिन्यनिमित्तप्रवृत्तिश्च निह्नवानामिव यथाछन्दादीनामप्यविशिष्टेति कोऽयं पक्षपातः ? यदुत निह्नवानामनन्तसंसारनियम एव, यथाछन्दादीनां त्वनियम इति, अनाभोगेनापि विषयविशेषद्रोहस्य विषमविपाकहेतुत्वाद्, अनियतोत्सूत्रभाषणस्य निःशङ्कताभिव्यञ्जकतया सुतरां तथाभावात् । यथाह्याभोगेनोत्सूत्रभाषिणां रागद्वेषोत्कर्षादतिसंक्लेशस्तथाऽनाभोगेनोत्सूत्रभाषिणामप्यप्रज्ञापनीयानां मोहोत्कर्षादयं भवन्ननिवारित एव । अत एव तेषां भावशुद्धिरप्यप्रमाणम्, मार्गाननुसारित्वात्, तदुक्तमष्टकप्रकरणे–[२२/१-२-३]

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी । प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका ॥
रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः । एतदुत्कर्षतो ज्ञेयो हन्तोत्कर्षोऽस्य तत्त्वतः ॥
तथोत्कृष्टे च सत्यस्मिन् शुद्धिर्वै शब्दमात्रकम् । स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं नार्थवद् भवेत् ॥ इति

किं च –पार्श्वस्थादीनां नियतोत्सूत्रमप्युद्युक्तविहारिणामपवादलक्षणं द्वितीयबालतानियामकमस्त्येव । यद् चारसूत्र+सीलमंता उवसंता संखाए रीयमाणा असीला अणुवयमाणस्स बितिया मन्दस्स बालया । णिअट्टमाणा वेगे आयारगोयरमाइक्खंति नाणभट्ठा दंसणलूसिणोत्ति ॥ एतद्वृत्तिर्यथा+शीलमष्टादशशीलाङ्गसहस्रसंख्यं, यदि वा महाव्रतसमाधानं पञ्चेन्द्रियजयः कषायनिग्रहस्त्रिगुप्तिगुप्तता चेत्येतच्छीलं विद्यते येषां ते शीलवन्तः । तथोपशान्ताः कषायोपशमाद् । अत्र शीलवद्ग्रहणेनैव गतार्थत्वात् 'उपशान्ताः' इत्येतद्विशेषणं कषायनिग्रहप्राधान्यख्यापनार्थम् । सम्यक्

છે.” વળી નિહ્નવોની જેમ યથાછંદો પણ શાસન માલિન્યનું નિમિત્ત બનનાર પ્રવૃત્તિ તો કર્યા જ કરે છે તો આ કેવો પક્ષપાત કે 'નિહ્નવો નિયમા અનંતસંસારી જ હોય અને યથાછંદો નહિ!' આવો પક્ષપાત યોગ્ય નથી, કેમકે શાસન રૂપ વિષયવિશેષ અંગેનો અનાભોગથી થએલ પણ મલિનતારૂપ દ્રોહજો અનંતસંસારાદિ રૂપ વિષમવિપાકનો હેતુ બને છે તો સામાચારી આદિ અંગેનાં વિધાનો પ્રત્યે ડગલે ને પગલે સામા પડી વાતવાતમાં જુદાં જુદાં ઉત્સૂત્રો બાફે રાખવાં એ તો તેવું બોલનારને ઉત્સૂત્રભાષણની કોઇ સૂગ=ભય છે જ નહિ એનું સૂચક હોઈ અવશ્ય વિષમવિપાકનો હેતુ બને જ ને ! જેમ જાણી જોઈને ઉત્સૂત્ર બોલનારને રાગદ્વેષના ઉત્કર્ષના કારણે અતિસંકલેશ હોય છે. તેમ અનાભોગથી ઉત્સૂત્ર બોલનાર અપ્રજ્ઞાપનીય (પકડેલું તૂત ગમે એટલું સમજાવવા છતાં ન છોડે એવો જક્કી) જીવને પણ મોહ (મૂઢતા)ના ઉત્કર્ષના કારણે અતિસંકલેશ થાય જ છે. તે કોઇના અટકાવ્યો અટકતો નથી. માટે તેઓને પણ અનંત સંસાર થાય છે. તેથી તેઓની બહારથી દેખાતી ભાવશુદ્ધિ પણ માર્ગને અનુસરનારી ન હોઇ અપ્રમાણ હોય છે. અષ્ટકપ્રકરણમાં કહ્યું છે કે+"એ શુદ્ધિ જ ભાવશુદ્ધિ છે જે માર્ગાનુસારી હોય અને આગમોક્ત પદાર્થને સ્વીકારવાની તૈયારી વાળી હોય, નહિ કે જે સ્વકીય આગ્રહવાળી હોય રાગદ્વેષ અને મોહ ભાવનીમલિનતાના હેતુ છે. આ ત્રણના ઉત્કર્ષથી સ્વઆગ્રહ વગેરે રૂપ ભાવમાલિન્યનો ઉત્કર્ષ થાય છે. એ રીતે ભાવમાલિન્યનો ઉત્કર્ષ હોતે છતે શુદ્ધિ તો માત્ર કહેવાની જ રહે છે, કેમકે પ્રમાણને નહિ અનુસરનારી સ્વબુદ્ધિથી માલિન્યની હાજરીમાં પણ શુદ્ધિ માનવાની કરેલી કલ્પના રૂપ શિલ્પથી રચેલ 'અમે પણ શુદ્ધિવાળા છીએ' એવા વચનો અર્થયુક્ત=યથાર્થ બનતા નથી.” આમ અનિયતઉત્સૂત્ર પણ અનંતસંસારનું કારણ બનતું હોઈ 'નિયત ઉત્સૂત્ર'ને તેનું અનુગત કારણ માનવું યોગ્ય નથી.

[યથાછંદાદિમાં પણ નિયતઉત્સૂત્ર વિદ્યમાન

વળી પાસત્થા, યથાછંદ વગેરેમાં પણ નિયતઉત્સૂત્ર તો હોય જ છે. તેઓ ઉદ્યુક્તવિહારી સુવિહિતસાધુઓની જે નિંદા કરે છે કે જેને શાસ્ત્રોમાં તેઓની દ્વિતીયબાલતાનું નિયામક

ख्याप्यते=प्रकाश्यतेऽनयेति संख्या=प्रज्ञा, तया रीयमाणाः=संयमानुष्ठानेन पराक्रममाणाः, कस्यचिद्विश्रान्तभागधेयतया 'अशीला एते' इत्येवमनुवदतो अनु=पश्चाद् वदतः=पृष्ठतोऽपवदतः, अन्येन वा मिथ्यादृष्ट्यादिना कुशीलाः इत्येवमुक्तेऽनुवदतः पार्श्वस्थादेर्द्वितीयैषा मन्दस्य=अज्ञस्य बालता=मूर्खता, एकं तावत्स्वतश्चारित्रापगमः पुनरपरानुद्युक्तविहारिणोऽपवदतीत्येषा द्वितीया बालता। यदि वा 'शीलवन्त एते, उपशान्ता वा' इत्येवमन्येनाभिहिते 'क्वैषां प्रचुरोपकरणानां शीलवत्तोपशान्तता वा' इत्येवमनुवदतो हीनाचारस्य द्वितीया बालता भवतीति। अपरे तु वीर्यान्तरायोदयात्स्वतोऽवसीदन्तोऽप्यपरसाधुप्रशंसान्विता यथावस्थितमाचारगोचरमावेदयेयुरिति। एतद्दर्शयितुमाह—णिअट्टमाणा इत्यादि। एके कर्मोदयात्संयमान्निवर्त्तमाना लिङ्गाद्वा 'वा'शब्दादनिवर्त्तमाना वा यथावस्थितमाचारगोचरमाचक्षते—'वयं तु कर्तुमसहिष्णवः आचारस्त्वेवम्भूत इत्येवं वदतां तेषां द्वितीयबालता न भवत्येव। न पुनर्वदन्ति "एवंभूत एव आचारो योऽस्माभिरनुष्ठीयते, साम्प्रतं दुःषमानुभावेन

---

કહ્યું છે તે જ તેઓનું નિયતઉત્સૂત્ર છે. કેમકે નિહ્નવે જેમ ખોટું બોલવાની ચોક્કસ વાત પકડેલી હોય છે તેમ દ્વિતીયબાલતાવાળા પાસત્થા વગેરેએ પણ સુવિહિતસાધુઓની ખોટી નિંદા કર્યા કરવાની ચોક્કસ વાત પકડેલી જ હોય છે. શ્રી **આચારાંગસૂત્રમાં** કહ્યું છે કે-"શીલવાન્, ઉપશાન્ત, પ્રજ્ઞાથી પરાક્રમ કરતાં એવા સાધુઓની પાછળ 'આ લોકો કુશીલ છે' એવું બોલતાં પાર્શ્વસ્થાદિની આ બીજી બાલતા છે. સંયમથી નિવૃત્ત થતા કેટલાક યથાસ્થિત આચારોને જણાવે છે. પણ જેઓ એ જણાવતા નથી તેઓ જ્ઞાનભ્રષ્ટ અને સ્વ-પરના દર્શનના લોપક બને છે" આ સૂત્રની વ્યાખ્યા આવી છે—અઢારહજારશીલાંગરૂપ કે મહાવ્રત-પાલન–પાંચ ઇન્દ્રિયોનો જય–કષાયનિગ્રહ અને ત્રિગુપ્તિયુક્તતારૂપ શીલવાળા સાધુઓ તે શીલવાન્. તેઓ જ, કષાયોનો ઉપશમ કર્યો હોવાથી 'ઉપશાન્ત' છે. આમ તો 'શીલવાન્' શબ્દથી જ ઉપશાન્તતા જણાઈ જાય છે, છતાં કષાયનિગ્રહની મુખ્યતા જણાવવા આ વિશેષણ પૃથક્ મૂક્યું છે. જેનાથી પદાર્થો સારી રીતે વિખ્યાત=પ્રકાશિત થાય =જણાવાય તે સંખ્યા એટલે કે પ્રજ્ઞા. આ પ્રજ્ઞાથી રીયમાણ=સંયમ અનુષ્ઠાનોમાં પરાક્રમ ફોરવનાર સાધુઓને ઉદ્દેશીને ભાગ્ય ફૂટી ગયું હોવાના કારણે, 'આ લોકો અશીલ છે' આ રીતે પીઠ પાછળ નિંદા કરનાર અથવા કોઇક મિથ્યાદૃષ્ટિ વગેરેએ 'આ લોકો કુશીલ છે' ઇત્યાદિ બોલ્યે છતે તેનો જ અનુવાદ થાય એવું બોલનાર મંદ=અજ્ઞ પાર્શ્વસ્થાદિની આ બીજી બાલતા=મૂર્ખતા છે. પોતે ચારિત્રથી ભ્રષ્ટ થાય છે એ તો એક મૂર્ખતા છે જ અને ઉપરથી બીજા ઉદ્યુક્તવિહારી સાધુઓની નિંદા કરે છે તેથી એ તેઓની બીજી મૂર્ખતા છે. અથવા સુવિહિતસાધુઓ અંગે "આ સાધુઓ શીલવાન્ છે અથવા ઉપશાન્ત છે" ઇત્યાદિ કોઇ કહે ત્યારે "આટલી બધી ઉપધિ રાખનાર આ સાધુઓમાં શીલવત્તા કે ઉપશાન્તતા ક્યાંથી હોય?" એમ બોલનાર હીન-આચારવાળા પાર્શ્વસ્થાદિની આ બીજી મૂર્ખતા છે. જ્યારે બીજા કેટલાક હીનઆચારવાળા જીવો વીર્યાન્તરાયકર્મોદયના કારણે પોતે સંયમાનુષ્ઠાનોમાં સીદાતા હોવા છતાં બીજા સુવિહિત-સાધુઓની પ્રશંસાવાળા હોય છે અને યથાસ્થિત આચારોને જણાવે છે એવું જણાવવા સૂત્રમાં 'ણિઅટ્ટમાણા...' ઇત્યાદિ કહ્યું છે. કેટલાક જીવો કર્મોદયના કારણે સંયમથી ભ્રષ્ટ થવા છતાં કે સાધુવેશથી ભ્રષ્ટ થવા છતાં અથવા 'વા' શબ્દથી ભ્રષ્ટ ન થવા છતાં (હીનાચાર-વાળા બનેલા) યથાવસ્થિત આચારોને જણાવે છે અને કહે છે કે 'અમે એ કરવા માટે સમર્થ નથી બાકી આચાર તો આ જ છે આવું બોલનાર તે જીવોને બીજા પ્રકારની મૂર્ખાઇ તો થતી જ નથી. તેઓ આવું તો બોલતા જ નથી કે "આચાર તો એવો જ છે જેવો અમે આચરીએ છીએ કેમકે અત્યારે દુઃષમકાળનાં પ્રભાવે બળ-ધૃતિ વગેરે હીન થયા હોઇ

बलाद्यपगमान्मध्यमभूतैव वर्त्तिनी श्रेयसी नोत्सर्गावसरः'' इति । उक्तं हि—
"नात्यायतं न शिथिलं यथा युञ्जीत सारथिः । तथा भद्रं वहन्त्यश्वा योगः सर्वत्र पूजितः ॥ अपि च—
[1]"जो जत्थ होइ भग्गो ओगासं सोपरं अविन्दंतो । गंतुं तत्थ चयंतो इमं पहाणं ति घोसेइ ॥'' [आ.नि.-११७४] इत्यादि । किंभूताः पुनः ? एतदेव समर्थयेयुरित्याह—नाणभट्टा । सदसद्विवेको ज्ञानं, तस्माद् भ्रष्टा ज्ञानभ्रष्टाः तथा दंसणलूसिणोत्ति । सम्यग्दर्शनविध्वंसिनोऽसदनुष्ठानेन स्वतो विनष्टाः, अपरानपि शङ्कोत्पादनेन सन्मार्गाच्च्यावयन्तीति ॥+तथा च संविग्नपाक्षिकातिरिक्तस्य पार्श्वस्थादेरपि द्वितीयबालतानियामकनियतोत्सूत्रसद्भावात्, तस्यानन्तसंसाराऽनियमान्निह्नवस्यापि तदनियम एव, भवभेदस्य भावभेदनियतत्वाद् इति प्रतिपत्तव्यम् ॥६॥

ननु कर्म तावदुत्कर्षतोऽप्यसंख्येयकालस्थितिकमेव बध्यते, तत्कथं तीव्राध्यवसायवतामप्युत्सूत्रभाषिणामनन्तसंसारित्वं स्याद् ? इत्याशंकायामाह—

**कम्मं बन्धइ पावं जो खलु अणुवरयतिव्वपरिणामो ।**
**असुहाणुबन्धजोगा अणंतसंसारिआ तस्स ॥७॥**

[कर्म बध्नाति पापं यो खल्वनुपरततीव्रपरिणामः । अशुभानुबन्धयोगादनन्तसंसारिता तस्य ॥७॥]

कम्मंति । कर्म बध्नाति पापं यः खल्वनुपरततीव्रपरिणामः=अविच्छिन्नतथाविधसंक्लिष्टाध्यवसायः स्वेच्छानुरोधान्नियतासत्प्रवृत्तो वाऽनियतासत्प्रवृत्तो वा नियतोत्सूत्रभाषी वाऽनियतोत्सूत्रभाषी

મધ્યમમાર્ગ જ હિતકર છે, ઉત્સર્ગને સ્થાન નથી. કહ્યું પણ છે કે 'જેમ સારથિ લગામને અત્યંત મજબૂત કે અત્યંત ઢીલો રાખતો નથી પણ મધ્યમ રાખે છે તો અશ્વો તેના હિત માટે થાય છે (ઇષ્ટ સ્થાને પહોંચાડે છે) એમ અત્યંત ઉત્કૃષ્ટ નહિ કે અત્યંત જઘન્ય નહિ પણ બંનેના યોગથી થએલ મધ્યમ માર્ગ જ સર્વત્ર પૂજિત છે (ઇષ્ટફળપ્રદ બને છે)'' વળી અન્યત્ર આ પણ કહ્યું છે કે "જે ઉદ્યુક્તમાર્ગમાંથી ભગ્ન=ઉદ્વિગ્ન થયો હોય, બીજો અવકાશ=સ્થાન=અવલંબનને ન મેળવતો અને તેથી ત્યાં જવા માટે અસમર્થ એવો તે સ્વયં-કલ્પેલા માર્ગને આશ્રીને 'આ અમારો માર્ગ જ આ કાળમાં મુખ્ય છે' ઇત્યાદિ બોલે છે.'' પણ આવું બધું બોલનારા સદ્અસદ્ના વિવેકરૂપ જ્ઞાનથી ભ્રષ્ટ છે તેમજ અસદ્અનુષ્ઠાનોથી પોતે તો સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે પણ બીજાઓને પણ શંકા પાડવા દ્વારા સન્માર્ગથી ભ્રષ્ટ કરે છે.'' +આમ શ્રી આચારાંગસૂત્ર અને તેની આ વ્યાખ્યા પરથી જણાય છે કે સંવિગ્નપાક્ષિક સિવાયના પાર્શ્વસ્થાદિઓને પણ દ્વિતીયબાલતાનું નિયામક બનતું એવું નિયતોત્સૂત્ર હોય જ છે. તેમ છતાં તેઓનો સંસાર અનંત જ હોય એવો જો નિયમ નથી તો એ નિયતોત્સૂત્રનિમિત્તે નિહ્નવને પણ અનંતસંસાર હોવાનો નિયમ માનવો યોગ્ય નથી એ સ્વીકારવું જોઇએ, કેમકે સંસાર સંખ્યાતો-અસંખ્યાતો કે અનંત હોવાનો ભેદ નિયતોત્સૂત્રાદિ સાથે વ્યાપ્તિ સંબંધ ધરાવતો નથી પણ ભાવ(અધ્યવસાય)ના ભેદ સાથે જ નિયત સંબંધ ધરાવે છે. ॥૬॥

કોઇપણ ક્રિયાના કાર્યભૂત અને સંસારના કારણભુત એવું કોઇપણ કર્મ વધુમાં વધુ અસંખ્ય કાળની સ્થિતિવાળું જ હોય છે તો તીવ્ર અધ્યવસાયવાળા પણ ઉત્સૂત્રભાષકને તે ઉત્સૂત્રભાષણ-નિમિત્તે અસંખ્યકાળસ્થિતિક જ કર્મ બંધાય છે. તો તેને ભાષણ નિમિત્તે અનંતસંસાર થયો એમ શી રીતે કહેવાય ? એવી શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે—

**[ અનંતસંસાર અનુબંધદ્વાર ]**

**ગાથાર્થ** : જેનાં તીવ્ર અશુભ પરિણામો અટક્યા નથી એવો જે જીવ પાપ કર્મ બાંધે છે તે જીવ કર્મના અશુભાનુબંધના કારણે અનંતસંસારી બને છે.

१. यो यत्र भवति भग्नोऽवकाशं स परमविन्दमानः । गन्तुं तत्र व्रजन् इदं प्रधानमिति घोषयति ॥

वाऽप्राप्तानुशयः, तस्याशुभानां=ज्ञानावरणीयादिपापप्रकृतीनां, अनुबन्धस्य उत्तरोत्तरवृद्धिरूपस्य बध्यमानप्रकृतिषु तज्जननशक्तिरूपस्य वा योगात्=संबन्धादनन्तसंसारिता भवति, ग्रन्थिभेदात्प्रागप्यनन्तसंसारार्जनेऽशुभानुबन्धस्यैव हेतुत्वात् प्राप्तसम्यग्दर्शनानामपि प्रतिपातेन तत एवाऽनन्तसंसारसंभवात्, तदुक्तं उपदेशपदे (३८६)—[1]गंठीइ आरओ विहु असई बंधो ण अन्नहाहोइ।
ता एसो वि हु एवं णेओ असुहाणुबंधोत्ति ॥

ततश्चबन्धमात्रान्नानन्तसंसारिता किन्त्वनुबन्धादिति स्थितम् ।

अत एवाभोगादनाभोगाद्वोत्सूत्रभाषिणामपीह जन्मनि जन्मान्तरे वाऽऽलोचितप्रतिक्रान्ततत्पातकानामनुबन्धविच्छेदान्नानन्तसंसारिता, केवलमनन्तभववेद्यनिरुपक्रमकर्मबन्धे तन्निःशेषतां यावत्प्रायश्चित्तप्रतिपत्तिरेव न स्याद्, अध्यवसायविशेषाद् । नियतोपक्रमणीयस्वभावकर्मबन्धे चेह जन्मनि जन्मान्तरे वा प्रायश्चित्तप्रतिपत्तिः स्यात् । अत एव जमालिशिष्यादीनां भगवत्समीपमुपगतानां तद्भव एवोत्सूत्रभाषणप्रायश्चित्तप्रतिपत्तिः । कालीप्रभृतीनां च "[2]तस्स ठाणस्स अणालोइअ अपडिक्कंता कालमासे कालं किच्चा०" इत्यादि वचनात् तद्भावानालोचितपार्श्वस्थत्वादिनिमित्तपापानां भवान्तर एव प्रायश्चित्तप्रतिपत्तिः । "[3]कालीणं भंते । देवी ताओ देवलोगाओ अणंतरं उव्वट्टित्ता कहिं

જેનો તેવા પ્રકારનો સંક્લિષ્ટ અધ્યવસાય તેવા આભોગવિશેષપૂર્વક અટક્યો નથી તેમજ જેણે પાછળથી પણ અનુશય=પશ્ચાત્તાપ થયો નથી તેવો જીવ, પોતાની ઇચ્છાને અનુસરીને કોઈ ચોક્કસ આશ્રવમાં પ્રવૃત્ત થાય કે ગમે તે આશ્રવમાં પ્રવૃત્ત થાય, નિયત-ઉત્સૂત્રભાષણ કરે કે અનિયત, તો પણ બંધાતી તે જ્ઞાનાવરણાદિ પાપપ્રકૃતિઓ, ઉત્તરોત્તર એ પાપમાં વૃદ્ધિ થતી રહેવા રૂપ અનુબંધના કે નવી બંધાતી પ્રકૃતિઓમાં સ્વોદયકાળે પુનઃપાપ બંધાવી શકે તેવી શક્તિરૂપ અનુબંધના સંબંધવાળી હોઈ (તે જીવ) અનંતસંસારી બને છે. ગ્રન્થિભેદ પૂર્વે પણ અનંતસંસાર હોવામાં અશુભાનુબંધો જ હેતુભૂત હોઈ સમ્યગ્દર્શન પ્રાપ્ત જીવોને પણ પડયા પછી એ અશુભઅનુબન્ધના કારણે જ અનંતસંસાર સંભવે છે. **ઉપદેશપદમાં** કહ્યું છે કે+"ગ્રન્થિભેદ પૂર્વે પણ અશુભકર્મોનો અનંતવાર બંધ કરવા રૂપ અસકૃદ્બંધ અશુભાનુબંધ વિના થતો નથી. તેથી એ અસકૃદ્બંધ પણ કાર્ય–કારણના કથંચિદ્અભેદના કારણે **અશુભાનુબંધ** જ છે."+તેથી કર્મબંધ માત્રના કારણે જીવ અનંત સંસારી બનતો નથી કિન્તુ અનુબંધના કારણે બને છે એ વાત નિશ્ચિત થઈ.

**[અનંતસંસારથી બચાવ]**

તેથી જ આભોગથી કે અનાભોગથી ઉત્સૂત્ર બોલનાર પણ જો આ જન્મમાં કે જન્માન્તરમાં તે પાપનું આલોચનાપ્રતિક્રમણ કરી દે તો અનુબંધ તૂટી જવાથી અનંતસંસારી બનતો નથી. વિશેષતા માત્ર એટલી જ હોય છે કે અનંતસંસાર (કે ભવો)માં જ ભોગવી શકાય તેવો જો તીવ્ર સંક્લેશાદિના કારણે નિરુપક્રમ કર્મબંધ (અનુબંધ) થયો હોય તો તે સંપૂર્ણ ક્ષીણ થાય નહિ ત્યાં સુધી તેવા અધ્યવસાયવિશેષના કારણે જીવ પ્રાયશ્ચિત્ત જ સ્વીકારી શકતો નથી કે જેના દ્વારા અનુબંધ તોડીને એ પોતાનો સંસાર ટૂંકાવી શકે. **જમાલિના** ભગવાન્ પાસે ગએલા શિષ્યો વગેરેને તેવા તીવ્રસંક્લેશ વગેરે ન હોવાના કારણે ઉત્સૂત્રભાષણના પાપના

१. ग्रन्थेरारतोऽपि खल्वसकृद्बन्धा नान्यथा भवति । तदेषोऽपि खल्वेवं ज्ञेयोऽशुभानुबन्ध इति ॥
२. तस्य स्थानस्यानालोचिताप्रतिक्रान्ता कालमासे कालं कृत्वा ।
३. काली भगवन् ! देवी तस्माद्देवलोकादनन्तरमुद्वृत्य कस्यां (गतौ) गमिष्यति, कस्यामुत्पत्स्यते ? गौतम ! महाविदेहवर्षे सेत्स्यतीति ॥

गच्छिहिति ? कहिं उववज्जिहिति ? गोयमा । महाविदेहवासे सिज्झिहिति'' [२.१.१-] इत्यादिवचनात्तासां भवान्तर एव पूर्वभवाचीर्णपार्श्वस्थत्वादिजातपापकर्मप्रायश्चित्तभणनात् । "[1]सव्वा वि हु पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं पावाणं कम्माणं ।" [ ] इत्यादिपूर्वाचार्यवचनात्प्रव्रज्याया एव भवान्तरकृतकर्मप्रायश्चित्तरूपत्वात् । एतेन 'कृतस्य पापस्य प्रायश्चित्तप्रतिपत्तिस्तस्मिन्नेव भवे भवति न पुनः जन्मान्तरेऽपि इति वदंस्तत्र "[2]जावाउ सावसेसं०" [उपदेशमाला--२५८] इत्यादि सम्मतिमुद्भावयन् व्यक्तामसंलग्नकतामनवगच्छन्निरस्तो बोध्यः ।

~अथ पूर्वभवकृतपापपरिज्ञानाऽभावात्कुतस्तदालोचनम् ? कुतस्तरां च तत्प्रायश्चित्तम् ? इति चेत् ?~ न, एतद्भवकृतानामपि विस्मृतानामिव पूर्वभवकृतानामपि पापानां सामान्यज्ञानेनालोचनप्रायश्चित्तसम्भवात् । अत एव मिथ्यात्वहिंसादेः पारभविकस्यापि निन्दागर्हादिकम्—+
[3]इहभवियमन्नभवियं मिच्छत्तपवत्तणं जमहिगरणं । जिणपवयणपडिकुट्ठं दुट्ठं गरिहामि तं पावं ॥ [चतु प्रकी. ५०] "[4]इह भवे अन्नेसु वा भवग्गहणेसु पाणाइवाओ कओ वा काराविओ वा कीरंतो वा परेहिं समणुण्णाओ तं निंदामि गरिहामि''+इत्यादि चतुःशरणप्रकीर्णकपाक्षिकसूत्रादावुक्तम् ।

---

પ્રાયશ્ચિત્તનો તે જ ભવમાં સ્વીકાર થયો અને કાલીદેવી વગેરેને પૂર્વભવમાં પાર્શ્વસ્થત્વાદિના કારણે બંધાએલા અને આલોચના વગરના રહી ગએલાં પાપોના પ્રાયશ્ચિત્તનો ભવાન્તરમાં સ્વીકાર થયો. આ વાત આગમમાં જે નીચે મુજબની બે વાતો આવે છે તેના પરથી જણાય છે :+(૧) "તે પાપસ્થાનની આલોચના-પ્રતિક્રમણ ન કરનાર (કાલીદેવી) કાલમાસે કાલ કરીને .. ઇત્યાદિ" (૨) "હે ભગવન્! કાલીદેવી તે દેવલોકમાંથી નીકળીને તરત કઈ ગતિમાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે."+તેના ઉક્તપાપનું પ્રાયશ્ચિત ભવાન્તરમાં જ થવાનું છે. એ વાત આ બે વાતો પરથી આ રીતે જણાય છે. અલ્પકાળમાં મોક્ષ થવાનો છે એ અનુબંધનાશને જણાવે છે અને અનુબંધનાશ એ પ્રાયશ્ચિત્તના સ્વીકારને જણાવે છે. વળી પ્રાયશ્ચિત્તનો સ્વીકાર પૂર્વભવમાં તો થયો નથી. તેથી જણાય છે કે એ ભવાન્તરમાં જ થવાનો છે.

વળી,+"આખી દીક્ષા જ ભવાન્તરકૃત પાપકર્મોના પ્રાયશ્ચિત્તરૂપ છે"+એવા પૂર્વાચાર્યના વચનથી પ્રવ્રજ્યા પોતે જ ભવાન્તરકૃત પાપકર્મના પ્રાયશ્ચિત્તરૂપ છે તે જણાય છે. તેથી કાલી વગેરેનું પણ તે પ્રાયશ્ચિત્ત ભવાન્તરમાં થયું હોવું નિઃશંકપણે સિદ્ધ થાય છે. "આ પ્રવ્રજ્યા પોતે જ ભવાન્તરકૃતકર્મના પ્રાયશ્ચિત્તરૂપ છે" આવું જે કહ્યું તેનાથી જ પૂર્વપક્ષીની નીચેની વાતનું પણ નિરાકરણ થઈ જાય છે. પૂર્વપક્ષીની એ વાત આ છે~ "કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત તે જ ભવમાં થઇ શકે છે, ભવાન્તરમાં નહિ."~આટલું કહીને પછી પૂર્વપક્ષી એમાં ઉપદેશમાળાની નીચેની ગાથાની સાક્ષી આપે છે+ "જ્યાં સુધી આયુષ્ય બાકી છે તેમજ થોડો પણ પુરુષાર્થ કરવાની શક્યતા છે ત્યાં સુધીમાં આત્મહિત કરી લ્યો, કે જેથી શશીરાજાની જેમ પાછળથી પસ્તાવાનો વારો ન આવે."+પૂર્વપક્ષીની આ સાક્ષીવાળી ઉક્ત વાતનું એટલા માટે નિરાકરણ થઈ જાય છે કે ઉપદેશમાલાની પ્રસ્તુત ગાથામાં સંયમ-તપ-ત્યાગ વગેરે રૂપ આત્મહિતની વાત હોવાથી આ વાત સાથે એણે કોઇ લેવાદેવા નથી એ સ્પષ્ટ છે. તેથી ઉપદેશમાળાના એ વચનથી "પ્રાયશ્ચિત્ત જન્માન્તરમાં થઈ શકતું નથી" એ વાતની સિદ્ધિ કે પુષ્ટિ થતી નથી.

---

१. सर्वापि खलु प्रव्रज्या प्रायश्चित्तं भवान्तरकृतानां पापानां कर्मणाम् ।

२. जावाउ सावसेसं जाव य थोवोवि अत्थि ववसाओ । ताव करिज्जऽप्पहियं मा ससिराया व सोइहिसि ॥

३. इहभविकमन्यभविकं मिथ्यात्वप्रवर्त्तनं यदधिकरणम् । जिनप्रवचनप्रतिकुष्टं दुष्टं गर्हे तत्पापम् ॥

४. इहभवेऽन्येषु वा भवग्रहणेषु प्राणातिपातः कृतो वा कारितो वा क्रियमाणो वा परैः समनुज्ञातस्तं निन्दामि गर्हे ॥

पापप्रतिघातगुणबीजाधानसूत्रे (तद्वृत्तौ) हरिभद्रसूरिभिरप्येतद्भवसम्बन्धि भवान्तरसम्बन्धि वा पापं यत्तत्पदाभ्यां परामृश्य मिथ्यादुष्कृतप्रायश्चित्तेन विशोधनीयमित्युक्तम् । तथाहि—"सरणमुवगओ अ एएसिं गरिहामि दुक्कडं । जण्णं अरहंतेसु वा सिद्धेसु वा आयरिएसु वा उवज्झाएसु वा साहूसु वा साहुणीसु वा अन्नेसु वा धम्मट्ठाणेसु माणणिज्जेसु पूअणिज्जेसु तहा माईसु वा पिईसु वा बन्धूसु वा मित्तेसु वा उवयारिसु वा ओहेण वा जीवेसु मग्गट्ठिएसु वा अमग्गट्ठिएसु वा मग्गसाहणेसु वा अमग्गसाहणेसु वा जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि सुहुमं वा बायरं वा मणेण वा वायाए वा काएणं वा कयं वा काराविअं वा अणुमोइअं वा रागेण वा दोसेण वा मोहेण वा इत्थं व जम्मे जम्मन्तरेसु वा गरहियमेयं दुक्कडमेयं उज्झियव्वमेअं वियाणिअं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ एवमेअंति रोइअं सद्धाए अरहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेअं उज्झियव्वमेअं इत्थ मिच्छामि दुक्कडं ३ ॥" एतद्व्याख्या यथा-चतुःशरणगमनानन्तरं दुष्कृतगर्होक्ता, तामाह-शरणमुपगतश्च सन् एतेषां=अर्हदादीनां गर्हे दुष्कृतं किं विशिष्टं ? इत्याह जण्णं अरहंतेसु वा इत्यादि अर्हदादिविषयं, ओघेन वा जीवेषु मार्गस्थितेषु=सम्यग्दर्शनादियुक्तेषु, अमार्गस्थितेषु=एतद्विपरीतेषु, मार्गसाधनेषु=पुस्तकादिषु अमार्गसाधनेषु=खड्गादिषु, यत्किंचिद्वितथमाचरितं=अविधिपरिभोगादि, अनाचरितव्यं क्रियया, अनेष्टव्यं मनसा, पापं पापकारणत्वेन, पापानुबन्धि तथाविपाकभावेन, गर्हितमेतद् कुत्साऽऽस्पदं, दुष्कृतमेतद् धर्मबाह्यत्वेन, उज्झितव्यमेतद्

---

**શંકા**—પૂર્વભવમાં કરેલા પાપોની ભવાન્તરમાં જાણકારી ન હોવાથી તેને આલોચના શી રીતે થાય?

**[પરભવે પણ પ્રાયશ્ચિત્તસંભવિત]**

**સમાધાન**—જેમ આ ભવમાં કરેલાં પણ ભુલાઇ ગએલાં પાપોનું સામાન્ય જ્ઞાન હોવાથી પ્રાયશ્ચિત્ત થાય છે તેમ પૂર્વભવકૃત પાપોનું પણ થઇ શકે છે. તેથી પરભવમાં કરેલાં પણ મિથ્યાત્વ-હિંસાદિ પાપોની નિન્દા-ગર્હા વગેરે કરવાનાં કહ્યાં છે, માત્ર આ ભવના મિથ્યાત્વાદિ પાપોની નહિ જેમકે **ચઉશરણપયન્નામાં** કહ્યું છે કે+"આ ભવમાં કે અન્યભવમાં જે મિથ્યાત્વપ્રવર્તન, અધિકરણ કે જિનપ્રવચન વિરુદ્ધ કાર્ય કર્યું હોય તે દુષ્ટ પાપને ગર્હું છું."+**પાક્ષિક સૂત્રમાં** કહ્યું છે કે+"આ ભવમાં કે અન્યભવમાં પ્રાણાતિપાત (હિંસા) મારાથી કરાયો હોય, બીજા પાસે કરાવાયો હોય કે બીજાઓ 'વડે' કરાતા તેની અનુમોદના કરાઈ હોય તેની હું નિંદા-ગર્હા કરું છું."+**શ્રીપંચસૂત્રના પાપપ્રતિઘાતગુણબીજાધાનસૂત્રનીવૃત્તિમાં શ્રી હરિભદ્રસૂરિ** મહારાજે પણ 'યત્ (જે) તત્ (તે)' પદથી આ ભવનાં કે પરભવનાં પાપોનો પરામર્શ (ઉલ્લેખ) કરી 'મિચ્છામિદુક્કડમ્' રૂપ પ્રાયશ્ચિત્તથી તેની શુદ્ધિ કરવાનું કહ્યું છે. તે એની વ્યાખ્યાને અનુસરીને આ રીતે+"શ્રી અરિહંતાદિના શરણે ગએલો હું નીચેના વિષયોમાં થએલા દુષ્કૃતને ગર્હું છું. અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ, સાધ્વીઓ, અન્ય માનનીય-પૂજનીય ધર્મસ્થાનો, તથા માતા, પિતા, બંધુઓ, મિત્રો, ઉપકારીઓ, અથવા સામાન્યથી માર્ગસ્થિત=સમ્યક્દર્શનાદિથી યુક્ત જીવો કે તે વગરના અમાર્ગસ્થિતજીવો તથા પુસ્તકાદિરૂપ માર્ગ-સાધનો અંગે કે ખડ્ગાદિરૂપ અમાર્ગસાધનો અંગે જે કંઇ અવિધિથી પરિભોગ વગેરે રૂપ આશાતના, ક્રિયાથી આચરવા યોગ્ય નહિ એવું અને મનથી અનિચ્છનીય એવું સૂક્ષ્મ કે બાદર, મનથી-વચનથી કે કાયાથી, રાગથી-દ્વેષથી કે મોહથી કરણ-કરાવણ કે અનુમોદનરૂપ પાપાનુબંધી પાપ (પાપકર્મકારણભૂત હોઈ ઉપચારથી તે પણ પાપ છે.) કર્યું હોય તે કુત્સા યોગ્ય હોઇ ગર્હિત છે, ધર્મબાહ્ય હોઇ દુષ્કૃત છે,

हेयतया, विज्ञातं मया कल्याणमित्रगुरुभगवद्वचनाद् एवमेतद् इति रोचितं श्रद्धया तथाविधक्षयोपशमजया, अर्हत्सिद्धसमक्षं गर्हे कथं? इत्याह-दुष्कृतमेतद् उज्झितव्यमेतद् । अत्र व्यतिकरे 'मिच्छामि दुक्कड'' वारत्रयं पाठः ।+

अथ~हिंसादिकस्य पापस्य पारभविकस्यापि प्रायश्चित्तप्रतिपत्तिः स्यात्, न तूत्सूत्रभाषणजनितस्य, उत्सूत्रभाषिणो निह्नवस्य क्रियाबलाद् देवकिल्बिषिकत्वप्राप्तावपि तत्र निजकृतपापपरिज्ञानाभावेन दुर्लभबोधित्वभणनाद् । यदागमः [दशवै. ५/२/४७-४८]+

[1]लद्धूण वि देवत्तं उववन्नो देवकिब्बिसे । तत्थ वि से न याणाइ किं मे किच्चा इमं फलं ॥
[2]तत्तो वि से चइत्ताणं लब्भिही एलमूअगं । णरगं तिरिक्खजोणिं वा बोही जत्थ सुदुल्लहा ॥

एतद्वृत्तिर्यथा-"लद्धूण वित्ति. लब्ध्वापि देवत्वं तथाविधक्रियापालनवशेनोपपन्नो देवकिल्बिषनिकाये, तत्राप्यसौ न जानाति विशुद्धावध्यभावात्, किं मम कृत्वेदं फलं किल्बिषिकदेवत्वमिति । अस्य दोषान्तरमाह तत्तो वित्ति । ततोऽपि देवलोकादसौ च्युत्वा लप्स्यते एडमूकतां-अजभवानुकारिमनुष्यत्वं तथा नरकं तिर्यग्योनिं वा पारम्पर्येण लप्स्यते । बोधिर्यत्र सुदुर्लभा सकलसम्पत्तिनिबन्धना यत्र जिनधर्मप्राप्तिर्दुरापा । इह 'प्राप्नोत्येडमूकताम्' इति वाच्ये असकृद्भवप्राप्तिख्यापनार्थं 'लप्स्यते' इति भविष्यत्कालनिर्देशः" +इति चेत्?~मैवम्, न हि तत्र निह्नव एवाधिकृतः किन्तु तपःस्तेनादिः "[3]तवतेणे वयतेणे" [दशवै. ५-२-४९] इत्यादिपूर्वगाथैकवाक्यत्वात् तस्याप्युत्कृष्टफलप्रदर्शनमेतत्, न तु सर्वत्र सादृश्यनियमः, अध्यवसायवैचित्र्यात् । किं चैवं—"[4]इय से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण संमूढे विप्परियासमुवेइ" इत्याचाराङ्गवचनात् [द्वितीयाध्य. तृतीयोद्देशक] क्रूराणि कर्माणि परस्यार्थाय कुर्वतो हिताहितबुद्ध्यादिविपर्यासवतो हिंसादिदोषस्यापि

---

હેય હોઇ ઉજ્ઝિતવ્ય છે એવું મેં કલ્યાણમિત્ર એવા ગુરુભગવંતોના વચનથી જાણ્યું છે તેમજ તથાવિધક્ષયોપશમથી પ્રકટ થએલી શ્રદ્ધા વડે એ વાતની રુચિ ઊભી થઈ છે. તેથી હવે હું શ્રીઅરિહંત અને સિદ્ધ ભગવંત સમક્ષ આ દુષ્કૃતની ગર્હા કરું છું. મારું આવું આચરણ દુષ્કૃત છે, ઉજ્ઝિતવ્ય છે હું એનું મિચ્છામિદુક્કડમ્ મિચ્છામિદુક્કડમ્ મિચ્છામિદુક્કડમ્ દઉં છું."

શંકા-પરભવમાં કરેલા હિંસાદિ પાપનું પ્રાયશ્ચિત્ત ભવાન્તરમાં થઇ શકે છે પણ ઉત્સૂત્રભાષણજન્ય પાપનું નહિ, કેમકે ઉત્સૂત્રભાષી નિહ્નવ સાધુક્રિયાના પ્રભાવે કિલ્બિષિકદેવ થવા છતાં ત્યાં પોતાના એ પાપનું જ્ઞાન ન હોવાથી દુર્લભબોધિ બને છે એવું આગમમાં કહ્યું છે. શ્રી દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે કે+"તેવા પ્રકારની ક્રિયાવશાત્ દેવકિલ્બિષનિકાયમાં ઉત્પન્ન થએલો પણ તે ત્યાં વિશુદ્ધ અવધિજ્ઞાન હોવાથી એ જાણી શકતો નથી કે "મારા કયા કાર્યનું આ કિલ્બિષિકપણું રૂપ ફળ મળ્યું છે?" વળી આને બીજું નુકશાન એ થાય છે કે એ ત્યાંથી ચ્યવીને પણ બકરાના અવાજ જેવા અવાજવાળું (સ્પષ્ટ બોલી ન શકે તેવું=) મનુષ્યપણું તથા નરકગતિ કે તિર્યંચયોનિને પરંપરાએ મેળવશે જ્યાં સકલ સંપત્તિઓના કારણભૂત બોધિ=જિનધર્મપ્રાપ્તિ અત્યંત દુર્લભ હોય છે. અહીં એડમૂકતા મેળવે છે એમ

---

१. लब्ध्वापि देवत्वमुपपन्नो देवकिल्बिषे । तत्राप्यसौ न जानाति किं मम कृत्वेदं फलम् ॥
२. ततोऽपि असौ च्युत्वा लप्स्यत एडमूकताम् । नरकं तिर्यग्योनिं वा बोधिर्यत्र सुदुर्लभा ॥
३. तवतेणे वयतेणे रूवतेणे अ जे नरे । आयारभावतेणे अ कुव्वइ देवकिब्बिसं ॥
४. इत्येवं स परस्यार्थाय क्रूराणि कर्माणि बालः प्रकुर्वाणः तेन दुःखेन सम्मूढः विपर्यासमुपैति ॥

भवान्तरे प्रायश्चित्तानुपपत्तिरेव स्यात् ।~अथ सर्वस्यैव पापस्य प्रमादेन कृतस्य विपर्यासाधायकत्वाद्विपर्यासजलसिच्यमानानां क्लेशपादपानां चानुबन्धफलत्वाद् भवान्तरेऽपि तथाभव्यताविशेषात्कस्यचिद्विपर्यासनिवृत्त्यैवानुबन्धनिवृत्तेर्हिंसादिप्रायश्चित्तोपपत्तिरिति चेत् ?~तदिदमुत्सूत्रप्रायश्चित्तेऽपि तुल्यम् ।~न चैवमुत्सूत्रभाषिणामनन्तसंसारानियमनात्ततो भयानुपपत्तिरिति~शङ्कनीयम्, एकान्ताभावेऽपि बाहुल्योक्तफलापेक्षया हिंसादेरिवोत्सूत्रादास्तिकस्य भयोपपत्तेः, आस्तिक्यं ह्यसत्प्रवृत्तिभयनिमित्तमिति दिग् ॥७॥

---

કહેવાને બદલે મેળવશે એમ કહી ભવિષ્યત્કાલનિર્દેશ કર્યો છે તે એ જણાવવા માટે કે એ જીવ વારંવાર આવા એડમૂકતાવાળા ભવોની પ્રાપ્તિ કરવાનો છે.+આમ ભવાન્તરમાં જૈનધર્મની પ્રાપ્તિ જ દુર્લભ હોઈ ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત તો ક્યાંથી સંભવે ?

**[ઉત્સૂત્રભાષણનું પ્રાયશ્ચિત્ત પણ પરભવે પણ સંભવિત]**

**સમાધાન**-તમારી વાત યુક્ત નથી. કેમકે તેમાં માત્ર નિહ્નવનો જ અધિકાર નથી તપસ્તેન વગેરેનો પણ છે, કેમકે આ બે ગાથાઓ આગળની 'તવતેણે વયતેણે' ઇત્યાદિ ગાથાનો સંબંધ ધરાવે છે. વળી તપચોર વગેરેને મળતું પણ આ તો ઉત્કૃષ્ટ ફળ દેખાડ્યું છે. બધાને આવું જ ફળ મળે એવો કંઈ નિયમ નથી. કેમકે કર્મબંધાદિરૂપ ફળના મુખ્ય કારણભૂત અધ્યવસાયો વિચિત્ર હોય છે. વળી આવા ઉત્કૃષ્ટફળપ્રદર્શક વાક્યોથી તે તે ક્રિયા કરનાર બધા જીવોને એ જ ફળ મળે એવો નિયમ જ જો બાંધી દેવાનો હોય તો નીચેની આપત્તિ આવશે.+"આમ બીજા માટે ક્રૂર કર્મ કરતો તે બાળ (અજ્ઞ) જીવ તે દુઃખથી સંમૂઢ થઈને હિત-અહિતનો વિપર્યાસ (વિપરીત બોધ) પામે છે."+એવું આચારાંગ સૂત્રમાં વચન આવે છે. આ વચન પરથી તમારા અભિપ્રાય પ્રમાણે એવો નિયમ નક્કી થઈ જાય છે કે "બીજા (સ્વજનાદિ) માટે હિંસા વગેરે ક્રૂર કાર્યો કરનાર દરેક જીવ હિત-અહિતબુદ્ધિનો વિપર્યાસ પામે." અને તો પછી કોઈ પણ જીવ તેવા હિંસાદિ પાપનું પણ ભવાન્તરમાં પ્રાયશ્ચિત કરી શકશે નહિ એવી આપત્તિ આવશે. કેમકે ઉક્ત વિપર્યાસના કારણે તેને પ્રાયશ્ચિત અહિતરૂપ જ લાગવાનું છે.

**શંકા**-પ્રમાદથી સેવાએલું દરેક પાપ બુદ્ધિમાં હિત-અહિતનો વિપર્યાસ ઊભો કરે છે. આ વિપર્યાસરૂપ જળથી સીંચાતા રાગાદિ કલેશવૃક્ષો અનુબંધફલક હોઈ અનુબંધ પાડે છે. તેમ છતાં ભવાન્તરમાં પણ તેવા વિશેષ પ્રકારના તથાભવ્યત્વના કારણે વિપર્યાસ દૂર થવા દ્વારા જ કો'ક જીવના પડેલા તે અનુબંધો તૂટે છે. અને તેથી પછી હિંસાદિ પાપોનું પ્રાયશ્ચિત થઈ શકે છે. આમ હિંસાદિ પાપોનું પ્રાયશ્ચિત સર્વથા અસંભવિત નથી.

**સમાધાન** : આ વાત ઉત્સૂત્રના પ્રાયશ્ચિત્ત માટે પણ સમાન જ હોઈ ભવાંતરમાં તેનું પ્રાયશ્ચિત્ત પણ અસંભવિત નથી. અને તેથી જ 'ઉત્સૂત્રભાષી નિયમા અનંતસંસારી હોય' એવો નિયમ પણ રહેતો નથી.

**શંકા**-જો એવો નિયમ નહિ હોય તો પછી કોઈને ઉત્સૂત્ર બોલવાનો ભય જ નહિ રહે.

**સમાધાન**-અવશ્ય અનંતસંસાર જ થાય એવો નિયમ ન હોવા છતાં બહુલતાએ તો એ ફળ મળે જ છે. માટે હિંસાદિની જેમ ઉત્સૂત્રથી પણ આસ્તિકજીવને તો ભય રહેશે જ કેમકે તેનું એ આસ્તિક્ય જ અસત્પ્રવૃત્તિથી ભય પેદા કરવાનું પ્રબળ નિમિત્ત કારણ છે. ॥૭॥

अनन्तसंसारिताऽशुभानुबन्धयोगादित्युक्तं, अथाशुभानुबन्धस्य किं मूलम्? के च तद्भेदाः? इत्याह—

तम्मूलं मिच्छत्तं आभिग्गहिआइ तं च पंचविहं ।
भव्वाणमभव्वाणं आभिग्गहिअं वणाभोगो ॥८॥

[तन्मूलं मिथ्यात्वमाभिग्रहिकादि तच्च पञ्चविधम् । भव्यानामभव्यानामाभिग्रहिकं वाऽनाभोगः ॥८॥]

तम्मूलंति । तस्यानन्तसंसारहेत्वशुभानुबन्धस्य मूलं=मिथ्यात्वं उत्कटहिंसादिदोषानामपि मिथ्यात्वसहकृतानामेव तद्धेतुत्वात्, अन्यथा दोषव्यामूढताऽनुपपत्तेः । तच्चाभिग्रहिकादिकं पञ्चविधं-आभिग्रहिकमनाभिग्रहिकमाभिनिवेशिकं सांशयिकमनाभोगं चेति पञ्चप्रकारम् । यद्यपि जीवादिपदार्थेषु तत्त्वमिति निश्चयात्मकस्य सम्यक्त्वस्य प्रतिपक्षभूतं मिथ्यात्वं द्विविधमेव पर्यवस्यति-जीवादयो न तत्त्वमिति विपर्यासात्मकं १, जीवादयस्तत्त्वमिति निश्चयाभावरूपानधिगमात्मकं च २ । तदाह वाचकमुख्यः [ ] "अनधिगमविपर्ययौ च मिथ्यात्वं" इति, तथापि 'धर्मेऽधर्मसंज्ञा' इत्येवमादयो दश भेदा इवोपाधिभेदात्पञ्चैते भेदाः शास्त्रप्रसिद्धाः ।

तत्राभिग्रहिकं—अनाकलिततत्त्वस्याप्रज्ञापनीयताप्रयोजकस्वस्वाभ्युपगतार्थश्रद्धानम् । यथा बौद्ध-साङ्ख्यादीनां स्वस्वदर्शनप्रक्रियावादिनाम् । यद्यपि वैतण्डिको न किमपि दर्शनमभ्युपगच्छति तथाऽपि तस्य स्वाभ्युपगतवितण्डावादार्थमेव निबिडाग्रहवत्त्वादाभिग्रहिकत्वमिति नातिव्याप्तिः । 'अनाकलित-तत्त्वस्य' इति विशेषणाद् यो जैन एव धर्मवादेन परीक्षापूर्वं तत्त्वमाकलय्य स्वाभ्युपगतार्थं श्रद्धत्ते

---

અનંતસંસારીપણું અશુભાનુબંધથી થાય છે તે કહ્યું. હવે તે અશુભાનુબંધનું મૂલકારણ શું છે? એ, તથા તેના કયા કયા ભેદો છે? એ જણાવવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :-તે અશુભાનુબંધનું મૂળ મિથ્યાત્વ છે. તે ભવ્યોને આભિગ્રહિકાદિ પાંચ પ્રકારનું હોય છે. જ્યારે અભવ્યોને આભિગ્રાહિક કે અનાભોગિક એમ બે પ્રકારનું હોય છે.

અનંતસંસારના હેતુભૂત તે અશુભાનુબંધનું મૂલ મિથ્યાત્વ છે. કેમકે ઉત્કટહિંસાદિદોષો પણ મિથ્યાત્વસહકૃત હોય તો જ અશુભાનુબંધના હેતુ બને છે. નહિતરતો (મિથ્યાત્વસહકૃત ન હોય તો) હિંસાદિ હોવા છતાં દોષવ્યામૂઢતા (દોષને ગુણાકર માનવાનો વિપર્યાસ) ન હોવાથી અશુભાનુબંધ શી રીતે પડે? તે મિથ્યાત્વ આભિગ્રહિકાદિ પાંચ પ્રકારે છે. (૧) આભિગ્રહિક (૨) અનાભિગ્રહિક (૩) આભિનિવેશિક (૪) સાંશયિક અને (૫) અનાભોગ. જો કે જીવ વગેરે પદાર્થો અંગે 'આ તત્ત્વ છે' એવો નિશ્ચય હોવા રૂપ જે સમ્યક્ત્વ છે તેના પ્રતિપક્ષભૂત મિથ્યાત્વ બે પ્રકારનું જ હોવું ફલિત થાય છે-" જીવાદિ પદાર્થો તત્ત્વ નથી" એવા વિપર્યાસાત્મક અને "જીવાદિ પદાર્થો તત્ત્વ છે" એવો નિશ્ચય ન હોવા રૂપ અનધિગમાત્મક. **શ્રીઉમાસ્વાતિમહારાજે** પણ કહ્યું છે કે "(તત્ત્વોનો) અનધિગમ અને વિપર્યય એ મિથ્યાત્વ છે." છતાં પણ મિથ્યાત્વના "ધર્મમાં અધર્મસંજ્ઞા" વગેરે રૂપ દશ ભેદો જેમ ઉપાધિના ભેદથી કહેવાય છે તેમ આ પાંચ ભેદો પણ ઉપાધિના ભેદથી હોવા શાસ્ત્રપ્રસિદ્ધ છે.

તેમાં **આભિગ્રહિક મિથ્યાત્વ**-તત્ત્વોના અજાણ જીવની પોતે પોતે માનેલા પદાર્થોની એવી શ્રદ્ધા હોય કે જે તે જીવને અપ્રજ્ઞાપનીય બનાવે તે શ્રદ્ધા એ આ પ્રકારનું મિથ્યાત્વ છે. એટલે કે યથાસ્થિત તત્ત્વોને યથાર્થપણે જે જાણતો નથી, તેમજ પોતે જે તત્ત્વોને જેવા માનેલા છે તે તત્ત્વો વાસ્તવમાં તેવા જ છે એની એવી દઢમાન્યતા ધરાવે છે કે જેના કારણે સાચા તત્ત્વો તેને ગમે એટલા સમજાવવા છતાં તે સ્વીકારતો નથી-માનતો નથી અને પોતાની માન્યતા છોડતો નથી. તો તેની આ માન્યતા એ આભિગ્રહિક

तत्र नातिव्याप्तिः । यस्तु नाम्ना जैनोऽपि स्वकुलाचारेणैवागमपरीक्षां बाधते तस्याभिग्रहिकत्वमेव, सम्यग्दृशोऽपरीक्षितपक्षपातित्वायोगात् तदुक्तं हरिभद्रसूरिभिः [लोकतत्त्वनिर्णय १३२]—

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु । युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥ इति । यश्चागीतार्थो गीतार्थनिश्रितो माषतुषादिकल्पः प्रज्ञापाटवाभावादनाकलिततत्त्व एव स्वाभिमतार्थं जैनक्रियाकदम्बकरूपं श्रद्धत्ते तस्य स्वाभ्युपगतार्थश्रद्धानं नाऽप्रज्ञापनीयताप्रयोजकं, असद्ग्रहशक्त्यभावात् किन्तु गुणवदाज्ञाप्रामाण्यमूलत्वेन गुणवत्पारतन्त्र्यप्रयोजकमित्यप्रज्ञापनीयताप्रयोजकत्वविशेषणान्न तत्रातिव्याप्तिः १ ॥

स्वपराभ्युपगतार्थयोरविशेषेण श्रद्धानमनाभिग्रहिकम् । यथा सर्वाणि दर्शनानि शोभनानि इति प्रतिज्ञावतां मुग्धलोकानाम् । यद्यपि परमोपेक्षावतां निश्चयपरिकर्मितमतीनां सम्यग्दृष्टीनां स्वस्वस्थाने सर्वनयश्रद्धानमस्ति, शिष्यमतिविस्फारणरूपकारणं विनैकतरनयार्थनिर्धारणस्याऽशास्त्रार्थत्वात् । तदाह

---

મિથ્યાત્વ છે. જેમકે સ્વસ્વદર્શનની પ્રક્રિયાને કહેનારા બૌદ્ધ-સાંખ્ય વગેરેનું મિથ્યાત્વ. એકપણ દર્શનને ન માનનારા અને બધાને ઉડાડવાની જ વાત કરનાર વૈતણ્ડિકે જોકે એકે દર્શન સ્વીકાર્યું હોતું નથી. છતાં સર્વત્ર વિતણ્ડા કરવી એજ એનો અભ્યુપગતાર્થ છે જેની ગાઢ પકડના કારણે એ પણ અપ્રજ્ઞાપનીય બન્યો હોય છે. તેથી લક્ષણ તેના મિથ્યાત્વમાં પણ જતું હોવાથી અવ્યાપ્તિ નથી. વળી જે જૈન ધર્મવાદથી પરીક્ષા કરી તત્ત્વને જાણી "શ્રીજિનેશ્વરભગવંતો એ કહેલા જ તત્ત્વો યથાર્થ છે" ઇત્યાદિ નિશ્ચય કરી એ તત્ત્વોને સ્વીકારે અને એવી જોરદાર શ્રદ્ધા કરે કે બીજા કોઇ દર્શનવાળો ગમે એટલી કુયુક્તિઓથી સમજાવવાનો પ્રયત્ન કરે તો પણ એના તત્ત્વોને સ્વીકારે નહિ તો એમાં પણ અપ્રજ્ઞાપનીયતાપ્રયોજક સ્વાભ્યુપગતાર્થશ્રદ્ધા રહેલી કહેવાય. છતાં એ જીવ 'અનાકલિતતત્ત્વ' ન હોવાથી એમાં આ લક્ષણ જતું નથી. તેથી આ વિશેષણના કારણે એવા જીવમાં આવનાર અતિવ્યાપ્તિ દોષનું વારણ થએલું જાણવું. વળી જે નામથી જૈન હોવા છતાં સ્વકુલના આચારોથી આગમપરીક્ષાનો બાધ કરે છે અર્થાત્ "અમારી કુલપરંપરામાં આ આચારો આવ્યા છે માટે અમે પણ કરવાના" એટલો માત્ર વિચાર હોવાના કારણે ખરેખર આ આચારો હિતકર છે કે નહિ ? એને જણાવનાર શાસ્ત્ર પ્રમાણભૂત છે કે નહિ? હિતકર હોય તો કઇ દૃષ્ટિએ ? કયા વિધિથી? ઇત્યાદિ પરીક્ષા (વિચાર) કરવાની શક્તિ-સામગ્રી હોવા છતાં કરે નહિ તો એને પણ અભિગ્રહિક મિથ્યાત્વ જ જાણવું. કેમકે સમ્યગ્દૃષ્ટિજીવ પરીક્ષા કર્યા વગર કશાનો પક્ષપાત કરતો નથી. શ્રીહરિભદ્રસૂરિમહારાજે (લોક. નિ. ૧/૩૨) કહ્યું છે કે "મને વીરમાં પક્ષપાત નથી કે કપિલાદિપર દ્વેષ નથી. પણ જેનું વચન યુક્તિયુક્ત હોય તેનો સ્વીકાર કરવો યોગ્ય હોઇ હું સ્વીકાર કરું છું." વળી માષતુષાદિ વગેરે જેવા જે ગીતાર્થનિશ્રિત અગીતાર્થ બુદ્ધિપટુતા ન હોવાના કારણે તત્ત્વોના અજાણ હોય છે. તેમજ જૈનક્રિયાકદંબકરૂપ સ્વાભ્યુપગત અર્થની તે શ્રદ્ધા પણ કરે છે. તેમ છતાં તેની તે શ્રદ્ધા અપ્રજ્ઞાપનીયતાની પ્રયોજક હોતી નથી, કેમકે કદાગ્રહ પકડાવી આપવાની તેમાં તાકાત હોતી નથી. કિન્તુ "ગુણવાનની આજ્ઞા પ્રમાણભૂત છે" એવા નિશ્ચયમૂલક હોઈ ગુણવાન્ એવા ગુરુના પારતન્ત્ર્યની જ પ્રયોજક હોય છે. અને તેથી સ્વાભ્યુપગતાર્થશ્રદ્ધાનું અપ્રજ્ઞાપનીયતાપ્રયોજક એવું જે વિશેષણ લગાડયું છે તેના કારણે તેવા અગીતાર્થની શ્રદ્ધામાં અતિવ્યાપ્તિ થતી નથી.

અનાભિગ્રહિક મિથ્યાત્વ-પોતે અને બીજાઓએ માનેલાં તત્ત્વોની સમાન રીતે શ્રદ્ધા કરવી એ અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.-જેમકે મુગ્ધજીવો "સર્વ દર્શનો સુંદર છે" ઇત્યાદિ માને

सम्मतौ सिद्धसेनः—

[1]णियवयणिज्जसच्चा सव्वणया परवियालणे मोहा ।
ते पुण न दिट्ठसमयो विभयइ सच्चेव अलिए वा ।

तथाऽपि स्वस्वस्थानविनियोगलक्षणेन विशेषेण तेषां सर्वनयश्रद्धानमस्तीति नातिव्याप्तिः ॥२॥

विदुषोऽपि स्वरसवाहिभगवत्प्रणीतशास्त्रबाधितार्थश्रद्धानमाभिनिवेशिकम् । स्वस्वशास्त्रबाधितार्थश्रद्धानं विपर्यस्तशाक्यादेरपीति तत्रातिव्याप्तिवारणाय भगवत्प्रणीतत्वं शास्त्रविशेषणम् । भगवत्प्रणीतशास्त्रे बाधितार्थश्रद्धानमिति सप्तमीगर्भसमासान्नातिव्याप्तितादवस्थ्यम् । तथाप्यनाभोगात्प्रज्ञापकदोषाद्वा वितथश्रद्धानवति सम्यग्दृष्टावतिव्याप्तिः, अनाभोगाद् गुरुनियोगाद्वा सम्यग्दृष्टेरपि वितथश्रद्धानभणनात् । तथा चोक्तमुत्तराध्ययननिर्युक्तौ—[१६३]

[2]सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ । सद्दहइ असब्भावं अणाभोगा गुरुणिओगा वा ॥ इति

---

છે તે. જોકે દરેક દર્શનો એક એક નય જેવા છે. અને પરમઉપેક્ષાવાળા તેમજ નિશ્ચયનયથી પરિકર્મિત બુદ્ધિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવો દરેક નયોની પોતપોતાના સ્થાનમાં શ્રદ્ધા કરે છે. અર્થાત્ દરેક નયોને પોતપોતાની અપેક્ષાએ સાચા માને છે. તેમ છતાં તેઓમાં અતિવ્યાપ્તિ નથી તે આગળ દેખાડીશું. ~પૂર્વાચાર્યોએ તે તે શાસ્ત્રમાં ક્યારેક ક્યારેક કોઈ એક નયસંમત અર્થનું પણ નિર્દ્ધારણ કર્યું છે. ફલિત તરીકે અન્યનયને માન્ય અર્થનું ખંડન પણ કર્યું છે તો સમ્યગ્દૃષ્ટિ એવા તેઓને દરેક નય માન્ય છે એવું ક્યાં રહ્યું ?~આવી શંકા કરવી નહિ કેમકે તે તે સ્થાનોમાં એવું જે નિર્દ્ધારણ કર્યું છે તે તો શિષ્યની બુદ્ધિ વિકસાવવા માટે જ કર્યું છે, પોતાને અભિમત છે તે માટે નહિ. શિષ્યની બુદ્ધિ વિકસાવવા વગેરે રૂપ આવા પ્રયોજન વિના પણ જો સ્વરસથી જ તેનું નિર્દ્ધારણ કર્યું હોય તો તો એનાથી પ્રતિપાદિત અર્થ શાસ્ત્રાર્થ રૂપ જ ન રહેવાથી અપ્રમાણ ઠરી જાય. સમ્મતિ તર્કગ્રન્થમાં શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે પણ કહ્યું છે કે+"બધા નયો પોતપોતાની વક્તવ્યતામાં સત્ય છે અને બીજાની વિચારણા કરવામાં મૂઢ (જડ-ખોટા) છે. તેથી સિદ્ધાન્તની જાણકાર વ્યક્તિ તેઓનો 'આ સાચા છે અને આ ખોટા છે' એવો વિભાગ કરતી નથી." આમ આ સમ્યગ્દૃષ્ટિ જીવો સર્વ દર્શનોને સાચા (સુંદર) માને છે. તેમ છતાં પોતપોતાના સ્થાનમાં જ તે તે નયોનો વિનિયોગ કરાયો હોય તો જ તે બધાને સાચા માને છે, બધા દર્શનો (નયો) બધી દૃષ્ટિએ સાચા છે એવી કંઈ શ્રદ્ધા રાખતા નથી. આમ તેઓની સર્વનય શ્રદ્ધા સ્વસ્વસ્થાનવિનિયોગ રૂપ વિશેષતાવાળી હોઈ અવિશેષેણ હોતી નથી, અને તેથી તેઓમાં અતિવ્યાપ્તિ નથી

**આભિનિવેશિકમિથ્યાત્વ—**

વિદ્વાનને પણ ભગવત્પ્રણીતશાસ્ત્રબાધિતઅર્થની સ્વરસવાહી શ્રદ્ધા હોય તે આભિનિવેશિક મિથ્યાત્વ છે. પોતે માનેલા શાસ્ત્રમાં પ્રરૂપાએલા તત્ત્વોનો પણ વિપર્યાસ પામેલા શાક્યાદિને સ્વસ્વશાસ્ત્રબાધિત કોઈ પદાર્થની જે શ્રદ્ધા હોય છે તેમાં અતિવ્યાપ્તિ ન થાય એ માટે શાસ્ત્રનું ભગવત્પ્રણીતત્વ એવું વિશેષણ મૂક્યું છે ~"છતાં શાક્યાદિને ભગવત્પ્રણીતશાસ્ત્રથી બાધિત અને સ્વશાસ્ત્રોને અનુકૂલ (કે પ્રતિકૂલ પણ) તત્ત્વોની જે શ્રદ્ધા હોય છે તેમાં લક્ષણ ચાલ્યું જાય છે અને તેથી અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે કેમકે શાક્યાદિને તો આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે, આભિનિવેશિક નહિ"~એવા દોષોનું વારણ કરવા "શાસ્ત્ર-

---

१. निजकवचनीयसत्याः सर्वनयाः परविचारणे मोहाः । तान् पुनर्न दृष्टसमयो विभजति सत्यान्वाऽलीकान्वा ॥

२. सम्यग्दृष्टिर्जीव उपदिष्टं प्रवचनं तु श्रद्धत्ते । श्रद्धत्तेऽसद्भावमनाभोगाद् गुरुनियोगाद्वा ॥

तद्वारणाय स्वरसवाहीति, सम्यग्वक्तृवचनाऽनिवर्त्तनीयत्वं तदर्थः। अनाभोगादिजनितं मुग्धश्राद्धादीनां वितथश्रद्धानं तु सम्यग्वक्तृवचननिवर्त्तनीयमिति न दोषस्तथापि जिनभद्रसिद्धसेनादिप्रावचनिकप्रधान-विप्रतिपत्तिविषयपक्षद्वयान्यतरस्य वस्तुतः शास्त्रबाधितत्वात्तदन्यतरश्रद्धानवतोऽभिनिवेशित्वप्रसङ्ग इति तद्वारणार्थं विदुषोऽपीति=शास्त्रतात्पर्यबाधप्रतिसन्धानवत इत्यर्थः । सिद्धसेनादयश्च स्वस्वाभ्युपगतमर्थं शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायापि पक्षपातेन न प्रतिपन्नवन्तः, किन्त्वविच्छिन्नप्रावचनिकपरम्परया शास्त्रतात्पर्यमेव स्वाभ्युपगतार्थानुकूलत्वेन प्रतिसन्धायेति न तेऽभिनिवेशिनः । गोष्ठामाहिलादयस्तु शास्त्रतात्पर्यबाधं प्रतिसन्धायैवान्यथा श्रद्धते इति न दोषः ॥२॥

भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तः शास्त्रार्थसंशयः सांशयिकम् । यथा सर्वाणि दर्शनानि प्रमाणं कानिचिद्वा', 'इदं भगवद्वचनं प्रमाणं नवा' इत्यादि संशयानानाम् । मिथ्यात्वप्रदेशोदयनिष्पन्नानां

---

બાધિત" શબ્દનો "શાસ્ત્રથી બાધિત" એવો તૃતીયાતત્પુરુષ સમાસ ન કરવો, પણ 'શાસ્ત્રમાં બાધિત" એવો સપ્તમીતત્પુરુષ સમાસ કરવો. અર્થાત્ જિનોક્ત શાસ્ત્રમાં જ પ્રરૂપેલા પદાર્થનો અભિનિવેશાદિના કારણે બાધિત એવો વિપરીત બોધ પકડાઈ જાય એ આભિનિવેશિક મિથ્યાત્વ છે. (અર્થાત્ પોતે જેવો તાત્પર્યબાધિત અર્થ પકડયો છે તેવો જ ભગવત્પ્રણીત શાસ્ત્રમાં પ્રરૂપ્યો છે એવા અથવા શાસ્ત્રના તાત્પર્ય મુજબ અર્થ સમજવા છતાં તે અર્થને ખોટો માનીને તેની જગ્યાએ પોતાને બેઠેલ અર્થ જ સાચો છે અને શાસ્ત્રમાં એટલી ભૂલ છે એવો વિપરીત બોધનો અભિનિવેશ પકડાઇ જવો એ આભિનિવેશિકમિથ્યાત્વ છે.) શાક્યાદિને આવો વિપરીતબોધ ન હોઇ અતિવ્યાપ્તિ નથી. તેમ છતાં, અનાભોગના કારણે કે ગુરુનિયોગના (ગુરુએ આપેલ તેવી સમજણના) કારણે સમ્યગ્દૃષ્ટિને પણ વિતથશ્રદ્ધા હોવી ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં જે કહી છે, જેમકે+ "સમ્યગ્દૃષ્ટિજીવ ઉપદિષ્ટ પ્રવચનની શ્રદ્ધા કરે છે. તેમજ કોઇ સમ્યક્ત્વી ક્યારેક અનાભોગથી કે ગુરુનિયોગથી અસદ્ભૂત અર્થની પણ શ્રદ્ધા કરે છે."+તે વિતથ શ્રદ્ધાવાળા સમ્યગ્દૃષ્ટિજીવમાં અતિવ્યાપ્તિ ન આવે એ માટે 'શ્રદ્ધા'નું 'સ્વરસવાહી' એવું વિશેષણ મૂક્યું છે. સમ્યગ્વક્તા સમજાવવા પ્રયત્ન કરે તો પણ જે વિતથ શ્રદ્ધા છૂટી ન શકે એવી હોય તે 'સ્વરસવાહી' કહેવાય. મુગ્ધશ્રાવકોને અનાભોગાદિના કારણે થએલ વિતથશ્રદ્ધા સમ્યગ્વક્તાના વચનથી છૂટી જાય તેવી હોય છે તેથી એમાં અતિવ્યાપ્તિ થતી નથી.

તેમ છતાં, **શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણ** તેમજ **શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ** વગેરેને પ્રવચનના મુખ્ય વિષય અંગે થએલ વિવાદના બે પક્ષોમાંથી એક તો વસ્તુતઃ શાસ્ત્રબાધિત જ છે. તેથી બે માંથી એકની (શાસ્ત્રબાધિતની) શ્રદ્ધાવાળાને આભિનિવેશિક મિથ્યાત્વ હોવાની અતિવ્યાપ્તિ ઊભી જ રહે છે. તેથી એને દૂર કરવા "વિદુષોપિ" એમ કહ્યું છે. એનાથી ફલિત એ થયું કે "આ મારી માન્યતા શાસ્ત્રતાત્પર્યથી બાધિત છે" એવું જાણનારની વિતથ શ્રદ્ધા આ મિથ્યાત્વરૂપ છે. **સિદ્ધસેનદિવાકરસૂરિ** આદિએ "પોતપોતે કરેલ અર્થ શાસ્ત્રતાત્પર્યથી બાધિત છે એવું જાણવા છતાં પક્ષપાતથી પોતાની પકડ છોડી નહોતી" એવું નથી, કેમકે એ શાસ્ત્રતાત્પર્યથી બાધિત છે એવું જ તેઓ જાણતા નહોતા. કિન્તુ "શાસ્ત્રનું તાત્પર્ય પોતે સ્વીકારેલ અર્થને અનુકૂલ જ છે" એવું પોતપોતાને પ્રવચનજ્ઞ ગુરુઓની અવિચ્છિન્ન મળેલી પરંપરાથી જાણીને પોતાનો મત છોડ્યો નહોતો. તેથી તેઓ આભિનિવેશિક મિથ્યાત્વ વાળા સિદ્ધ થતા નથી. ગોષ્ઠામાહિલ વગેરેએ તો પોતે માનેલો અર્થ શાસ્ત્રતાત્પર્યબાધિત છે એવું જાણવા છતાં છોડ્યો નહોતો, તેથી તેઓના મિથ્યાત્વમાં અવ્યાપ્તિ દોષ નથી.

साधूनामपि सूक्ष्मार्थसंशयानां मिथ्यात्वभावो मा प्रासाङ्क्षीदिति भगवद्वचनप्रामाण्यसंशयप्रयुक्तत्वं विशेषणम् । ते च नैवंभूताः, किन्तु भगवद्वचनप्रामाण्यज्ञाननिवर्त्तनीयाः, सूक्ष्मार्थादिसंशये सति "[1]तमेव सच्चं णीसंकं जं जिणेहिं पवेइयं" [श्रा प्र ५९] इत्याद्यागमोदितभगवद्वचनप्रामाण्यपुरस्कारेण तदुद्धारस्यैव साध्वाचारत्वात् । या तु शङ्का साधूनामपि स्वरसवाहितया न निवर्त्तते सा सांशयिकमिथ्यात्वरूपा सत्यनाचारापादिकैव । अत एव काङ्क्षामोहोदयादाकर्षप्रसिद्धिः ।

साक्षात्परम्परया च तत्त्वाऽप्रतिपत्तिरनाभोगम् । यथैकेन्द्रियादीनां तत्त्वातत्त्वानध्यवसायवतां मुग्धलोकानां च । यद्यपि माषतुषादिकल्पानां साधूनामपि साक्षात्तत्त्वाऽप्रतिपत्तिरस्ति, तथापि तेषां गीतार्थनिश्रितत्वात्तद्गततत्त्वप्रतिपत्तिः परंपरया तेष्वपि सत्त्वान्न तत्रातिव्याप्तिः । तत्त्वाप्रतिपत्तिश्चात्र संशयनिश्चयसाधारण तत्त्वज्ञानसामान्याभाव इति न सांशयिकेऽतिव्याप्तिरिति दिक् । एतच्च पञ्चप्रकारमपि मिथ्यात्वं भव्यानां भवति । अभव्यानां त्वाभिग्रहिकमनाभोगो वेति द्वे एव मिथ्यात्वे स्याताम्, न त्वनाभिग्रहिकादीनि त्रीणि, अनाभिग्रहिकस्य विच्छिन्नपक्षपाततया मलाल्पतानिमित्तकत्वाद्,

**સાંશયિકમિથ્યાત્વ—**

ભગવાનનું વચન પ્રમાણભૂત હશે કે નહિ? એવા સંશયના કારણે શાસ્ત્રાર્થ અંગે પડેલો સંશય એ સાંશયિકમિથ્યાત્વ છે. જેમકે સમ્યગ્દષ્ટિ હોવા છતાં જેને કોઈકવાર ભગવાનના વચનમાં શંકા પડી જાય તેના મનમાં એવો સંશય ઊભો થાય કે "બધા જ દર્શનો પ્રમાણભૂત હશે કે પછી અમુક અમુક જ". આ સંશય એ સાંશયિક મિથ્યાત્વ છે. કોઈને સીધેસીધી એવી શંકા પડે કે 'ભગવાનનું અમુક વચન પ્રમાણભૂત હશે કે નહિ?' તો એ સંશય પણ સાંશયિક મિથ્યાત્વ રૂપ છે. સાધુઓને પણ મિથ્યાત્વના પ્રદેશોદયથી સૂક્ષ્મ પદાર્થો અંગે થતા સંશયમાં અતિવ્યાપ્તિ ન થાય એ માટે ભગવદ્વચનપ્રામાણ્ય સંશય-પ્રયુક્તત્વ એવું વિશેષણ કહ્યું છે. સાધુઓને થતા એ સંશય આવા હોતા નથી કિન્તુ ભગવદ્વચન અંગેના પ્રામાણ્યજ્ઞાનથી દૂર થઈ જનારા હોય છે. કેમકે સૂક્ષ્માર્થાદિઅંગે સંશય થએ છતે "તે જ નિઃશંકપણે સત્ય છે જે જિનેશ્વરોએ કહેલું છે–" ઇત્યાદિ આગમોક્ત વચનોથી ભગવદ્વચનના પ્રામાણ્યને આગળ કરીને એ સંશયોને ઉખેડી નાખવા એ જ સાધ્વાચાર છે. સાધુઓને પણ પડેલ જે શંકા સ્વરસવાહી હોઈ દૂર થતી નથી તે સાંશયિકમિથ્યાત્વરૂપ હોવાથી અનાચાર લાવનાર બને જ છે. તેથી જ કાંક્ષામોહનીયના ઉદયથી અને સાવધાનીથી સમ્યક્ત્વ જવા–આવવા રૂપ આકર્ષોની શાસ્ત્રમાં વાત કરી છે.

**અનાભોગમિથ્યાત્વ—**

સાક્ષાત્ કે પરંપરાએ તત્ત્વોની જાણકારી ન હોવી એ અનાભોગમિથ્યાત્વ છે જેમ કે એકેન્દ્રિયજીવોને તેમજ તત્ત્વ-અતત્ત્વના અધ્યવસાયશૂન્ય મુગ્ધલોકોને, જો કે માષતુષાદિ જેવા સાધુઓને પણ સાક્ષાત્ તો તત્ત્વની અજાણકારી જ હોય છે છતાં પણ તેઓ ગીતાર્થ-નિશ્રિત હોઈ ગીતાર્થમાં રહેલ તત્ત્વપ્રતિપત્તિ પરંપરાએ તેઓમાં પણ છે. માટે અતિવ્યાપ્તિ નથી. વળી સંશયનિશ્ચયઉભયસાધારણ રૂપ તત્ત્વજ્ઞાનનો સામાન્યઅભાવ(સંશયાત્મકકેનિશ્ચયાત્મક કોઈપણ તત્ત્વજ્ઞાન ન હોવું તે) અહીં તત્ત્વનીઅપ્રતિપત્તિ તરીકે અભિપ્રેત હોઈ તત્ત્વના સંશયવાળા જીવના સાંશયિકમિથ્યાત્વમાં અતિવ્યાપ્તિ નથી. ભવ્યોને આ પાંચે પ્રકારનું મિથ્યાત્વ સંભવે છે જ્યારે અભવ્યોને તો આભિગ્રહિક કે અનાભોગ એ બે જ મિથ્યાત્વ હોવા સંભવિત છે, અનાભિગ્રહિકાદિ ત્રણ ક્યારેય સંભવતા નથી. કેમકે (૧) કુદર્શનોના પક્ષપાતથી મુક્ત એવું

१. मन्नइ तमेव सच्चं निस्संकं जं जिणेहिं पन्नत्तं । सुहपरिणामो सम्मं कंखाइ विसुत्तियारहिओ ॥

आभिनिवेशिकस्य च व्यापन्नदर्शननियतत्वाद्, सांशयिकस्य च सकंपप्रवृत्तिनिबन्धनत्वाद्, अभव्यानां च बाधितार्थे निष्कम्पमेव प्रवृत्तेः, अतएव भव्याभव्यत्वशङ्कापि तेषां निषिद्धा । तदुक्तमाचारटीकायां "अभव्यस्य भव्याभव्यत्वशङ्काया अभावाद्" इति ॥८॥

नन्वभव्यानामन्तस्तत्त्वशून्यानामनाभोगः सार्वदिको भवतु, आभिग्रहिकं तु कथं स्याद् ? इति भ्रान्तस्याशङ्कामपाकर्त्तुमाभिग्रहिकभेदानुपदर्शयति—

**णत्थि ण णिच्चो ण कुणइ कयं ण वेएइ णत्थि णिव्वाणं ।**
**णत्थि य मोक्खोवाओ आभिग्गहिअस्स छ विअप्पा ॥९॥**

[नास्ति न नित्यो न करोति कृतं न वेदयति नास्ति निर्वाणम् । नास्ति च मोक्षोपाय आभिग्रहिकस्य षड् विकल्पाः]

णत्थिन्ति । नास्त्येवात्मा, न नित्य आत्मा, न कर्त्ता, कृतं न वेदयति, नास्ति निर्वाणं, नास्ति मोक्षोपाय इत्याभिग्रहिकस्य चार्वाकादिदर्शनप्रवर्त्तकस्य परपक्षनिराकरणप्रवृत्तद्रव्यानुयोगसारसम्मत्यादिग्रन्थप्रसिद्धाः षड्विकल्पाः, ते च सदा नास्तिक्यमयानामभव्यानां व्यक्ता एवेति कस्तेषामाभिग्रहिकसत्त्वे संशय इति भावः । इत्थं च—

[1]लोइअमिच्छत्तं पुण सरूवभेएण हुज्ज चउभेअं । अभिगहिअमणभिगहिअं संसइअं तह अणाभोगं ॥
[2]तत्थ वि जमणाभोगं अव्वत्तं सेसगाणि वत्ताणि । चत्तारि वि जं णियमा सन्नीणं हुंति भव्वाणं ॥

અનાભિગ્રહિક મિથ્યાત્વ કર્મમલની અલ્પતા નિમિત્તે આવે છે જે અલ્પતા અભવ્યોને ક્યારેય સંભવતી નથી. (૨) આભિનિવેશિકમિથ્યાત્વ તો સમ્યક્ત્વભ્રષ્ટજીવોને સંભવે છે, અભવ્યોને તો ક્યારેય સમ્યક્ત્વપ્રાપ્તિ જ હોતી નથી. ભ્રષ્ટ થવાનું ક્યાથી સંભવે ? અને (૩) સાંશયિક મિથ્યાત્વ સકંપ પ્રવૃત્તિ કરાવનાર હોય છે જ્યારે અભવ્યો તો બાધિતાર્થમાં નિષ્કંપ પ્રવૃત્તિ કરનાર હોય છે. તેથી જ તો તેઓને "હું ભવ્ય હોઈશ કે અભવ્ય ? એવી શંકા હોવાનો પણ શાસ્ત્રમાં નિષેધ કર્યો છે. શ્રી આચારાંગની ટીકામાં કહ્યું છે કે "અભવ્યને ભવ્યાભવ્યત્વની શંકાનો અભાવ હોવાથી..." તેથી નિષ્કંપ પ્રવૃત્તિ કરનાર અભવ્યોમાં સાંશયિક મિથ્યાત્વ પણ હોતું નથી. માટે અભવ્યોને અનાભિગ્રહિકાદિ ત્રણ મિથ્યાત્વ હોતા નથી એ નિશ્ચિત જાણવું. ॥૮॥

અન્તઃતત્ત્વશૂન્ય અભવ્યોને હંમેશાં અનભોગ જ હોવો જોઇએ, આભિગ્રહિક શી રીતે સંભવે ? એવી ભ્રાન્તજીવની શંકાને દૂર કરવા આભિગ્રહિક મિથ્યાત્વના ભેદોને જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : 'આત્મા નથી', 'નિત્ય નથી', 'કર્તા નથી', 'કરેલા કર્મોને ભોગવતો નથી', 'મોક્ષ નથી' અને 'મોક્ષના ઉપાયો નથી' આભિગ્રહિકના આ છ વિકલ્પો=ભેદો છે.

આત્મા છે જ નહિ, આત્મા નિત્ય નથી, કર્મનો કર્તા નથી, કરેલા કર્મને ભોગવતો નથી. મોક્ષ જેવી કોઈ ચીજ નથી, મોક્ષ અપાવી શકે એવા કોઈ ઉપાય નથી. ચાર્વાકાદિ નાસ્તિક વગેરે દર્શનોને પ્રવર્ત્તાવનાર આભિગ્રહિક મિથ્યાત્વના આ છ ભેદો પરપક્ષનું નિરાકરણ કરવા માટે રચાયેલા અને દ્રવ્યાનુયોગના સારભૂત એવા સમ્મતિ વગેરે ગ્રન્થમાં કહ્યા છે. હંમેશાં નાસ્તિકતાથી ભરેલા એવા અભવ્યોને પણ આ ભેદો હોવા વ્યક્ત જ છે. તેથી "તેઓને આભિગ્રહિક મિથ્યાત્વ હોય જ નહિ" એવો નિશ્ચય તો દૂર રહ્યો પણ "તેઓને

१. लौकिकमिथ्यात्वं पुनः स्वरूपभेदेन भवेच्चतुर्भेदम् । आभिग्रहिकमनाभिग्रहिकं सांशयिकं तथाऽनाभोगम् ॥
२. तत्रापि यदनाभोगमव्यक्तं शेषकाणि व्यक्तानि । चत्वार्यपि यन्नियमात् संज्ञिनां भवन्ति भव्यानाम् ॥

इति नवीनकल्पनां कुर्वन्नभव्यानां व्यक्तं मिथ्यात्वं न भवत्येवेति वदन् पर्यनुयोज्यः । ननु भोः ! कथमभव्यानां व्यक्तमिथ्यात्वं न भवति ? नास्त्यात्मेत्यादिमिथ्यात्वविकल्पा हि व्यक्ता एव तेषां श्रूयन्ते । अभव्याश्रितमिथ्यात्वेऽनाद्यनन्ता स्थितिर्भवेत् । सा भव्याश्रितमिथ्यात्वेऽनादिसान्ता पुनर्मता ॥९॥ एतद्वृत्तिर्यथा-अभव्यानाश्रित्य मिथ्यात्वे-सामान्येन व्यक्ताव्यक्तमिथ्यात्वविषयेऽनाद्यनन्तास्थितिर्भवति । तथा सैव स्थितिर्भव्यजीवान् पुनराश्रित्याऽनादिसान्तामता । यदाह—
[1]मिच्छत्तमभव्वाणं तमणाइमणंतयं मुणेयव्वं । भव्वाणं तु अणाइसपज्जवसियं तु सम्मत्ते ॥ इति गुणस्थानकमारोहसूत्रवृत्त्यनुसारेणाभव्यानां व्यक्तमपि मिथ्यात्वं भवतीत्यापातदृशापि व्यक्तमेव प्रतीयते।

[2]किंच स्थानांगानुसारेणाप्य भव्यानामाभिग्रहिकमिथ्यात्वं व्यक्तं प्रतीयते । तदुक्तं तत्र द्वितीयस्थानके प्रथमोद्देशके —"आभिग्गहियमिच्छदंसणे दुविहे पण्णत्ते, तंजहा-सपज्जवसिए चेव अपज्जवसिए चेवत्ति" एतद्वृत्तिर्यथा—आभिग्गहिए इत्यादि आभिग्रहिकमिथ्यादर्शनं

---

આભિગ્રહિક મિથ્યાત્વ સંભવે કે નહિ?" એવો સંશય પણ શી રીતે પડે?+"લૌકિક મિથ્યાત્વ સ્વરૂપભેદે ચારભેદવાળું છે આભિગ્રહિક-અનાભિગ્રહિક-સાંશયિક તથા અનાભોગ. (આભિનિવેશિકમિથ્યાત્વ લોકોત્તર હોવાથી). તેમાં પણ જે અનાભોગ મિથ્યાત્વ છે તે અવ્યક્ત હોય છે બાકીના વ્યક્ત હોય છે કેમકે બાકીના ચારેય (આભિગ્રહિક, અનાભિગ્રહિક, સાંશયિક અને આભિનિવેશિક) નિયમા સંજ્ઞીભવ્યોને હોય છે" + એવી નવી કલ્પના કરતા અને 'અભવ્યોને વ્યક્તમિથ્યાત્વ હોય જ નહિ' એવું બોલતા ભ્રાન્ત જીવને પણ આ રીતે જ છ વિકલ્પોની વાત કરી આવો પ્રશ્ન પૂછવો કે "ભાઈ! અભવ્યોને વ્યક્તમિથ્યાત્વ શા માટે ન હોય? કેમકે મિથ્યાત્વના 'આત્મા નથી' વગેરે વિકલ્પો તેઓને સ્પષ્ટ રીતે હોવા શાસ્ત્રોમાં સંભળાય જ છે. તથા—

"અભવ્યોમાં વ્યક્ત કે અવ્યક્ત રૂપે રહેલ સામાન્યમિથ્યાત્વની સ્થિતિ અનાદિ અનંત હોય છે. જ્યારે ભવ્યોમાં રહેલા તેની સ્થિતિ અનાદિ સાન્ત હોય છે. કહ્યું છે કે અભવ્યોનું તે મિથ્યાત્વ અનાદિ અનંત જાણવું, જ્યારે સમ્યક્ત્વ પ્રાપ્તિકાળે ભવ્યોને અનાદિ સાન્ત જાણવું." **ગુણસ્થાનકમારોહ સૂત્ર** (૯) અને તેની વૃત્તિના આ વચનોને અનુસારે 'અભવ્યોને વ્યક્ત મિથ્યાત્વ પણ સંભવે છે' એ વાત ઉપરછલ્લી દૃષ્ટિએ વિચારનારને પણ સ્પષ્ટ રીતે જણાય છે.

**[ઠાણાંગસૂત્રથી આભિગ્રહિક મિથ્યાત્વનું સમર્થન]**

વળી ઠાણાંગસૂત્ર પરથી પણ 'અભવ્યોને આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે એ વાત સ્પષ્ટ રીતે જણાય છે. (તેથી તેઓને વ્યક્ત મિથ્યાત્વ હોતું જ નથી.' એવી જે કુકલ્પના તેઓમાં આભિગ્રહિક મિથ્યાત્વનો નિષેધ કરવા માટે તમે કરો છો તે સાવ અયોગ્ય જ છે.) ઠાણાંગસૂત્રના દ્વિતીય સ્થાનકના પ્રથમ ઉદ્દેશામાં કહ્યું છે કે+ 'આભિગ્રહિક મિથ્યાદર્શન બે

---

1. मिथ्यात्वमभव्यानां तदनाद्यनन्तकं ज्ञातव्यम् । भव्यानां त्वनादिसपर्यवसितं तु सम्यक्त्वे ॥

2. →← આવા ચિહ્નની વચમાં રહેલો પાઠ પૂ. ઉપાધ્યાયજી મહારાજે પછીથી ઉમેર્યો હોય એવું લાગે છે. અન્ય હસ્તલિખિત પ્રતોમાં કે મુદ્રિત પ્રતમાં તે જોવા મળ્યો નથી. પણ સંવેગીજૈન ઉપાશ્રયના (હાજાપટેલની પોળ, અમદાવાદ) હસ્તલિખિત પ્રતમાં તેના પૃ. નં. ૮ પરના હાંસિયામાં આ પાઠ ઉમેરેલો છે. માટે અમે પણ એના ગ્રન્થમાં સમાવેશ કરી દીધો છે, એ રીતે હ. લિ. પ્રતના ૪૩મા પૃષ્ઠ પર પણ હાંસિયામાં પાઠ ઉમેરેલો છે. તેનો પણ આગળ શ્લોક નં. ૩૭ની ટીકામાં અમે →← ચિહ્ન વચ્ચે સમાવેશ કર્યો છે એ જાણવું.

सपर्यवसितं सपर्यवसानं सम्यक्त्वप्राप्तौ, अपर्यवसितं अभव्यस्य, सम्यक्त्वाऽप्राप्तेः, तच्च मिथ्यात्वमात्रमप्यतीतकालनयानुवृत्त्याऽऽभिग्रहिकमिति व्यपदिश्यते इति।" ~ नन्वेवं 'एवं अणभिग्गहियमिच्छादंसणेवि' इत्यतिदेशादनाभिग्रहिकमिथ्यात्वमप्यभव्यानां प्राप्नोतीति 'अभव्यानामाभिग्रहिकाऽनाभोगलक्षणे द्वे एव मिथ्यात्वे' इति भवतां प्रतिज्ञा विलुप्येतेति चेत् ?~ न, 'मिच्छादंसणे दुविहे पण्णत्ते—आभिग्गहियमिच्छादंसणे चेव अणभिग्गहियमिच्छादंसणे चेव' त्तिप्रथमसूत्रे सकलभेदसंग्रहार्थमनाभिग्रहिकपदेनाभिग्रहिकातिरिक्तस्यैव ग्रहणात्, तदुक्तं तद्वृत्तौ-'अभिग्रहः कुमतपरिग्रहः,

પ્રકારે કહેવાયું છે. તે આ પ્રમાણે-સપર્યવસિત (સાન્ત) અને અપર્યવસિત (અનંત) '+ એની વૃત્તિમાં કહ્યું છે કે+ 'આભિગ્રહિક મિથ્યાદર્શન સપર્યવસિત=અંત સહિતનું હોય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિકાળે તેનો અંત થાય છે. તેમજ અભવ્યોને અપર્યવસિત (=અંત વિનાનું) હોય છે, કેમકે તેઓને સમ્યક્ત્વની પ્રાપ્તિ જ થતી નથી. જો કે અભવ્યને આવેલું આ મિથ્યાત્વ પણ પછીના અનંતકાળ માટે, સમ્યક્ત્વની પ્રાપ્તિ ન હોવાના કારણે મિથ્યાત્વ સામાન્ય તરીકે રહે જ છે, તો પણ તે આભિગ્રહિક મિથ્યાત્વ તરીકે તો રહેતું નથી જ, કેમ કે એકેન્દ્રિયાદિ ભવોમાં અવશ્ય જનારા તેને અનાભોગિક મિથ્યાત્વ હોય છે, અને તેથી તેના પણ આભિ ગ્રહિક મિથ્યાત્વને અપર્યવસિત કહી શકાતું નથી. તેમ છતાં, પછીથી એકેન્દ્રિયાદિમાં ગએલા તેનું મિથ્યાત્વ અતીતકાળમાં આવેલા આભિગ્રહિક મિથ્યાત્વને આશ્રીને અતીતકાલનયના અભિપ્રાયે 'ઘૃતઘટ' વગેરે ઉલ્લેખની જેમ 'આભિગ્રહિકમિથ્યાત્વ' તરીકેનો ઉલ્લેખ પામે છે. અને તેથી એ અપર્યવસિત કહેવાયું છે.+

શંકા—આ રીતે ઠાણાંગસૂત્રના વચન પરથી તેનો યથાશ્રુત અર્થ કરીને જો અભવ્યોમાં આભિગ્રહિકમિથ્યાત્વની હાજરી માનશો તો એના પરથી જ તેઓમાં અનાભિગ્રહિક મિથ્યાત્વની હાજરી પણ માનવી પડશે, કેમ કે આભિગ્રહિક મિથ્યાત્વની ભવ્ય-અભવ્યમાં સાન્ત–અનન્ત તરીકેની પ્રરૂપણા કરીને પછી 'એ જ પ્રમાણે અનાભિગ્રહિકમિથ્યાદર્શન અંગે પણ જાણવું' એવો જે અતિદેશ કર્યો છે તેના પરથી અભવ્યમાં અનાભિગ્રહિકમિથ્યાત્વ હોવાની પણ સિદ્ધિ થાય છે. અને તો પછી 'અભવ્યોને આભિગ્રહિક અને અનાભોગ એ બે જ મિથ્યાત્વ હોય છે' એવી તમારી પ્રતિજ્ઞા ઊડી જશે. તેથી ઉક્ત ઠાણાંગસૂત્રનો યથાશ્રુત અર્થ ન કરતાં કોઈ વિશેષ અર્થ કરવો જોઈએ. અને તેથી એ વિશેષ અર્થ પ્રમાણે એ સૂત્ર પરથી પણ અભવ્યમાં આભિગ્રહિકમિથ્યાત્વની હાજરીની સિદ્ધિ થશે નહિ.

**સમાધાન** : અમારી પ્રતિજ્ઞા ઊડી જવા વગેરેની તમારી આ વાતો ખોટી છે, કેમકે ઠાણાંગના ઉક્તસૂત્રમાં જે અનાભિગ્રહિકમિથ્યાત્વનો અતિદેશ છે તે અને અમે જે અનાભિગ્રહિકમિથ્યાત્વની હાજરીનો અભવ્યમાં નિષેધ કરીએ છીએ (કે જે પ્રસ્તુત પાંચ મિથ્યાત્વમાંનું એક છે)તે એ બંને જુદા છે. આ વાત ઠાણાંગના ઉક્તસૂત્રની પૂર્વના 'મિથ્યાદર્શન બે પ્રકારે કહેવાએલું છે—આભિગ્રહિકમિથ્યાદર્શન અને અનાભિગ્રહિક મિથ્યાદર્શન' આ સૂત્ર પરથી જણાય છે. આ સૂત્રમાં, મિથ્યાત્વના બધા ભેદોનો બે ભેદમાં સંગ્રહ કરવાનો છે. માટે 'અનાભિગ્રહિક' શબ્દથી પાંચ ભેદમાંના એક ભેદ રૂપ અનાભિગ્રહિક મિથ્યાત્વનો ઉલ્લેખ માનવાનો નથી, (કેમકે તો પછી અનાભોગિક વગેરે ભેદ અસંગૃહીત રહે) કિન્તુ 'આભિગ્રહિકભિન્ન' એવા જ અર્થનો ઉલ્લેખ માનવાનો છે. તે સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે "અભિગ્રહ=કુમતનો સ્વીકાર. તે જે મિથ્યાત્વમાં હોય તે આભિગ્રહિક. એનાથી વિપરીત=કુમતના સ્વીકાર વગરનું (અન્ય બધું) મિથ્યાત્વ એ અનાભિગ્રહિક." તેથી આ 'અનાભિગ્રહિક' શબ્દથી તો

स यत्रास्ति तदाभिग्रहिकं, तद्विपरीतमनाभिग्रहिकमिति । किं च यदनाभिग्रहिकमभव्यानां प्रतिषिध्यते तदादिधर्मभूमिकारूपमेवेति स्वरुचिकल्पितानाभिग्रहिकस्याभव्येषु सत्त्वेऽपि न क्षतिः । एवमाभिनिवेशिकमपि तेषु सम्यक्त्वपूर्वकमेव प्रतिषिध्यते । इत्याभिग्रहिकमपि द्रव्यलिंगवतां तेषामाभिनिवेशिकत्वेन क्वचिदुच्यमानं न दोषायेति सुधीभिर्भावनीयम् ।←

अपि च पालकसङ्गमकादीनां प्रवचनार्हत्प्रत्यनीकानामुदीर्णव्यक्ततरमिथ्यात्वमोहनीयोदयानामेव समुद्भूता नानाविधाः कुविकल्पा श्रूयन्ते । किं च-मोक्षकारणे धर्म एकान्तभवकारणत्वेनाधर्मश्रद्धानरूपं मिथ्यात्वमपि तेषां लब्ध्याद्यर्थं गृहीतप्रव्रज्यानां व्यक्तमेव । यत्पुनरुच्यते ~ "तेषां कदाचित्कुलाचारवशेन व्यवहारतो व्यक्तमिथ्यात्वे सम्यक्त्वे वा सत्यपि निश्चयतः सर्वकालमनाभोगमिथ्यात्वमेव

---

'અનાભોગિક'નો પણ ઉલ્લેખ છે. તેથી ઠાણાંગના ઉક્તસૂત્ર પરથી અભવ્યોમાં અનાભિગ્રહિક મિથ્યાત્વ હોવું પણ સિદ્ધ થતું હોવા છતાં, એ પ્રસ્તુત પાંચ ભેદમાંથી તો અનાભોગિકમિથ્યાત્વભેદમાં ફલિત થાય છે. તેથી બે જ મિથ્યાત્વ માનવાની અમારી પ્રતિજ્ઞા ઊડી જતી નથી. અને તેથી તે સૂત્રનો યથાશ્રુત અર્થ છોડી વિશેષ અર્થ કરવો અનાવશ્યક હોઈ તે સૂત્ર પરથી અભવ્યોમાં આભિગ્રહિકમિથ્યાત્વની હાજરી સિદ્ધ થાય જ છે. યથાશ્રુતઅર્થમાં કોઈ બાધક ન હોય તો કંઇ વિશેષ અર્થની કલ્પના કરવી ન્યાય્ય બનતી નથી. વળી અભવ્યોમાં જે અનાભિગ્રહિક મિથ્યાત્વનો અમે નિષેધ કરીએ છીએ તે પણ આદિધર્મભૂમિકા રૂપ અનાભિગ્રહિકમિથ્યાત્વનો જ (કે જેને, તે ઉત્તરોત્તર ધર્મપ્રાપ્તિ કરાવનાર હોઇ અમે આગળ શોભન=સુંદર કહેવાના છીએ તેનો) નિષેધ જાણવો. તેથી સ્વરુચિકલ્પિત અનાભિગ્રહિકમિથ્યાત્વ (કે જે અમે કહેલ અનાભિગ્રહિકમિથ્યાત્વ કરતાં જુદું છે તે) અભવ્યોમાં હોય તો પણ કોઇ વાંધો નથી. એ જ રીતે તેઓમાં આભિનિવેશિકમિથ્યાત્વનો જે નિષેધ કર્યો છે તે પણ સમ્યક્ત્વપૂર્વક (સમ્યક્ત્વથી પડેલાને) આવતાં આભિનિવેશિકમિથ્યાત્વનો જાણવો. તેથી દ્રવ્યલિંગ સ્વીકારેલ કોઈ અભવ્ય શાસ્ત્રોક્ત કોઇ એક સિદ્ધાન્તની સામે પ્રકટ રીતે પડચો હોય અને તેથી તેના આભિગ્રહિક પણ મિથ્યાત્વનો આભિનિવેશિક મિથ્યાત્વ તરીકે ઉલ્લેખ થયો હોય તો પણ તેના નિષેધની પ્રરૂપણા ઊડી જવા રૂપ કોઇ દોષ થતો નથી એ બુદ્ધિમાન્ પુરુષોએ વિચારવું કેમકે તેનું એ મિથ્યાત્વ સમ્યક્ત્વપૂર્વકનું ન હોઈ પ્રસ્તુત નિષેધનો વિષય જ નથી.

વળી પ્રવચનના અને શ્રીઅરિહંતના દુશ્મન એવા પાલક-સંગમદેવ વગેરે અભવ્યોને તેઓ ઉદીર્ણ થએલા વ્યક્તતરમિથ્યાત્વમોહનીયના ઉદયવાળા હોવાથી જ અનેક પ્રકારના કુવિકલ્પો થયા હતા એવું સંભળાય છે. તેમજ પાંચ મહાવ્રતપાલનાદિરૂપ ધર્મ કે જે મોક્ષનાકારણભૂત છે તેને પણ અભવ્ય તો લબ્ધિ-સ્વર્ગ-વૈભવાદિનું જ કારણ માને છે, મોક્ષને માનતો જ ન હોવાથી ધર્મને તેના કારણ તરીકે પણ માનતો નથી. તેથી મોક્ષના કારણ ધર્મને એ એકાન્તે સંસારનું જ કારણ માને છે એ ફલિત થાય છે. માટે લબ્ધિ વગેરે માટે દીક્ષા લેનારાને 'ધર્મમાં અધર્મશ્રદ્ધા'રૂપ મિથ્યાત્વ વ્યક્ત જ હોય છે એ વાત સ્પષ્ટ છે.~"અભવ્યોને ક્યારેક તેવા કુલાચારાદિના કારણે વ્યવહારથી વ્યક્તમિથ્યાત્વ (યજ્ઞ વગેરે કરતા હોય તો) કે સમ્યક્ત્વ (જિનપૂજાદિ કરતા હોય તો) હોવા છતાં નિશ્ચયથી તો હંમેશાં અનાભોગમિથ્યાત્વ જ હોય છે"~એવું જે કહેવાય છે તે પકડાએલા કદાગ્રહનો જ નાચ જાણવો, કેમકે "અભવ્યોને તો ક્યારેય પણ ઈતરદર્શનના આચારોની શુદ્ધ પ્રતિપત્તિ(નો) વ્યક્તત્વનો પણ શુદ્ધ સ્વીકાર હોતો નથી. તેથી માનવું જોઇએ કે તેઓને

भवति~इति तदभिनिवेशविजृम्भितं, शुद्धय(? द्ध)प्रतिपत्त्यभावापेक्षया निश्चयेनानाभोगाभ्युपगमे आभिग्रहिकादिस्थलेऽपि तत्प्रसङ्गाद्, बहिरन्तर्व्यक्ताव्यक्तोपयोगद्वयाभ्युपगमस्य चापसिद्धान्तकलङ्कदूषितत्वाद् ।

~अथ यदेकपुद्गलावशेषसंसारस्य क्रियावादित्वाभिव्यञ्जकं धर्मधिया क्रियारुचिनिमित्तं तन्मिथ्यात्वं व्यक्तम् । यदुक्तं—

[1]तेसुवि एगो पुग्गलपरिअट्टो जेसिं हुज्ज संसारो। तहभव्वत्ता तेसिं केसिंचि होइ किरियरुई ॥
[2]तीए किरियाकरणं लिंगं पुण होइ धम्मबुद्धीए । किरियारुईणिमित्तं जं वुत्तं वत्तमिच्छत्तंति ॥

ततोऽन्यच्चाव्यक्तं मिथ्यात्वम् । न चाभव्यस्य कदाप्येकपुद्गलपरावर्त्तावशेषः संसार इति सदैव तस्याव्यक्तं मिथ्यात्वमवस्थितमिति चेद् ?~मैवं, एवं सति चरमपुद्गलपरावर्त्तातिरिक्तपुद्गलपरावर्त्तवर्त्तिनां भव्यानामप्यव्यक्तानाभोगमिथ्यात्वव्यवस्थितावाभिग्रहिकमिथ्यात्वोच्छेदप्रसङ्गात् । किंचैवं~"अनाभोगमिथ्यात्वे वर्त्तमाना जीवा न मार्गगामिनो न चोन्मार्गगामिनो भवन्ति, अनाभोगमिथ्यात्वस्यानादिमत्त्वेन सर्वेषामपि जीवानां निजगृहकल्पत्वाद् । लोकोऽपि निजगृहे भूयःकालं

---

નિશ્ચયથી તો અનાભોગ મિથ્યાત્વ જ હોય છે" એવી તમારી પાયાની માન્યતા પણ ભૂલભરેલી જ છે કારણ કે તો તો શુદ્ધ પ્રતિપત્તિ ન કરનાર આભિગ્રહિકાદિ મિથ્યાત્વીને પણ તમારે અનાભોગિકમિથ્યાત્વ જ માનવાની આપત્તિ આવે. ~યત્નાદિ કરનાર અભવ્યને બાહ્યદૃષ્ટિએ મિથ્યાત્વનો વ્યક્તઉપયોગ હોવા છતાં આંતરિક રીતે તો અવ્યક્તઉપયોગ જ હોય છે~એવી માન્યતા પણ અયુકત છે, કેમકે એવા વ્યક્ત-અવ્યક્ત બે ઉપયોગ માનવા એ સિદ્ધાન્તવિરુદ્ધ હોઇ અપસિદ્ધાન્તકલંકથી દૂષિત છે.

### [ચરમાવર્ત્તપૂર્વે પણ વ્યક્તમિથ્યાત્વ સંભવિત]

શંકા-જેનો સંસાર એક પુદ્ગલપરાવર્ત્ત જ બાકી હોય તેવા જીવનું ધર્મબુદ્ધિથી ક્રિયારુચિ પેદા કરાવનાર અને ક્રિયાવાદિત્વનું અભિવ્યંજક એવું જે મિથ્યાત્વ હોય છે તે વ્યક્ત હોય છે. કહ્યું છે કે "તેઓમાં પણ જેઓનો સંસાર એકપુદ્ગલ પરાવર્ત્ત હોય છે તેવા કેટલાક જીવોને તથાભવ્યત્વના કારણે ક્રિયારુચિ પેદા થાય છે. તે ક્રિયારુચિનું ધર્મબુદ્ધિથી ક્રિયા કરવી એ લિંગ (=જ્ઞાપક હેતુ) છે. કેમકે વ્યક્તમિથ્યાત્વને ક્રિયારુચિનું નિમિત્ત કારણ કહ્યું છે." આનાથી જે જુદું હોય તે મિથ્યાત્વ અવ્યક્ત હોય છે. પણ અભવ્યને ક્યારેય પણ સંસાર એક પુદ્ગલપરાવર્ત્ત જ અવશેષ રહે એવું બનતું નથી. તેથી તેને તો હંમેશાં અવ્યકતમિથ્યાત્વ જ હોય છે એવું નક્કી થાય છે.

**સમાધાન**-આ રીતે તો અચરમપુદ્ગલપરાવર્ત્તમાં રહેલા ભવ્યોને પણ અવ્યકત એવું અનાભોગમિથ્યાત્વ જ હોવું નક્કી થઈ જતું હોવાથી અચરમાવર્ત્તવર્તી ભવ્યોમાંથી પણ આભિગ્રહિકમિથ્યાત્વનો ઉચ્છેદ (અભાવ) જ થઇ જશે, કેમકે એ મિથ્યાત્વતો વ્યકત છે. આવો દોષ આવતો હોવાથી 'ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ વ્યકતમિથ્યાત્વ હોય' તેવી માન્યતા અયોગ્ય છે. વળી તમારી કલ્પેલી એક પ્રક્રિયા આ છે કે~"અનાભોગમિથ્યાત્વમાં રહેલા જીવો માર્ગગામી કે ઉન્માર્ગગામી હોતા નથી, કેમકે એ મિથ્યાત્વ અનાદિકાળથી હોવાથી દરેક જીવોને પોતાના ઘર જેવું બની ગયું હોય છે. સ્વગૃહમાં લાંબો વખત રહેતો માણસ જેમ માર્ગગામી કે ઉન્માર્ગગામી કહેવાતો નથી, પણ ઘરમાંથી નીકળ્યા પછી ઇચ્છિત નગર

---

१ तेष्वपि एकः पुद्गलपरावर्त्तो येषां भवेत्संसारः । तथाभव्यत्वात्तेषां केषांचिद् भवेत्क्रियारुचिः ॥
२, तस्याः क्रियाकरणं लिङ्गं पुनर्भवति धर्मबुद्धया । क्रियारुचिनिमित्तं यदुक्तं व्यक्तमिथ्यात्वमिति ॥

वसन्नपि न मार्गगामी न चोन्मार्गगामीति व्यपदिश्यते, किन्तु गृहान्निर्गतः समीहितनगराभिमुखं गच्छन् मार्गगामी, अन्यथा तून्मार्गगामीति व्यपदिश्यते । एवं तथाभव्यत्वयोगेनानादिमिथ्यात्वान्निर्गतो यदि जैनमार्गमाश्रयते तदा मार्गगामी, जैनमार्गस्यैव मोक्षमार्गत्वाद् । यदि च शाक्यादिदर्शनं जमाल्यादिदर्शनं वाऽऽश्रयते तदोन्मार्गगामीति व्यपदिश्यते, तदीयदर्शनस्य संसारमार्गत्वेन मोक्षं प्रत्युन्मार्गभूतत्वादि"ति–स्वकल्पितप्रक्रियापेक्षयाऽचरमपुद्गलपरावर्त्तवर्त्तिनः शाक्याद्योऽपि नोन्मार्गगामिनः स्युरिति "[1]कुप्पवयणपासंडी सव्वे उम्मग्गपट्ठिया" इत्यादिप्रवचनविरोधः ।

किं चैवं धर्मधिया विरुद्धक्रियाकरणादुन्मार्गगामित्वं यथा व्यक्तमिथ्यात्वोपष्टम्भाच्चरमपुद्गलपरावर्त्त एव तथा धर्मधिया हिंसाकरणाद्धिंसकत्वमपि तदेवेत्यचरमपुद्गलपरावर्त्तेषु हिंसकत्वादिकमपि न स्यादिति सर्वत्र त्रैराशिकमतानुसरणे जैनप्रक्रियाया मूलत एव विलोपापत्तेर्महदसमञ्जसम् । तस्माद्भव्यानामपि दूरभव्यानामिव योग्यतानुसारेणाभिग्रहिकव्यक्तमिथ्यात्वोपगमे न दोष इति मन्तव्यम् ।

अथ–"अभव्या अव्यक्तमिथ्यात्ववन्तः, अव्यवहारित्वात् , संप्रतिपन्ननिगोदजीववद्" इत्यनुमानात्तेषामव्यक्तमिथ्यात्वसिद्धिः । अव्यवहारित्वं च तेषामनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वात्सिध्यति ।

---

તરફ જતો હોય તો માર્ગગામી કહેવાય છે, વિપરીત દિશામાં જતો હોય તો ઉન્માર્ગગામી કહેવાય છે, તેમ અનાદિમિથ્યાત્વમાંથી તથાભવ્યત્વનો સહકાર મળવાથી નીકળેલો જીવ જો જૈનમાર્ગને સ્વીકારે તો માર્ગગામી કહેવાય છે, કેમકે જૈનમાર્ગ જ મોક્ષમાર્ગ છે, અને જો શાકયાદિદર્શન કે જમાલિ વગેરેનું દર્શન સ્વીકારે તો ઉન્માર્ગગામી કહેવાય છે કેમકે એ દર્શન સંસારના માર્ગભૂત હોઈ મોક્ષ પ્રત્યે તો ઉન્માર્ગભૂત જ છે."–તમારી કલ્પેલી આ પ્રક્રિયાની અપેક્ષાએ, અચરમપુદ્ગલપરાવર્ત્તમાં રહેલા શાકયાદિને પણ ઉન્માર્ગગામી કહી શકાશે નહિ (કેમકે તમારી પૂર્વોક્ત માન્યતાના હિસાબે, તે વખતે નિજગૃહસમાન અવ્યક્ત અનાભોગ મિથ્યાત્વ જ હોય છે.) અને તો પછી "બધા કુપ્રાવચનિક પાખંડીઓ ઉન્માર્ગગામી છે" ઇત્યાદિ જણાવનાર પ્રવચનનો વિરોધ થવાની આપત્તિ આવશે.

વળી આ રીતે તો "ધર્મબુદ્ધિપૂર્વક વિરુદ્ધક્રિયા કરવાથી આવતું ઉન્માર્ગગામિત્વ જેમ વ્યક્તમિથ્યાત્વના સહકારની અપેક્ષાવાળું હોઈ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ સંભવે છે" તેમ ધર્મબુદ્ધિપૂર્વક હિંસા કરવાથી આવતું હિંસકત્વ પણ વ્યકતમિથ્યાત્વના સહકારની અપેક્ષા રાખતું હોઇ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ સંભવશે. અને તેથી અચરમપુદ્ગલપરાવર્ત્તવર્ત્તી જીવોને હિંસક વગેરે માની શકાશે નહિ. વળી હિંસાદિ કરનાર તેઓ અહિંસક વગેરે તો છે જ નહિ, તેથી તેઓને નોહિંસક વગેરે માનવા પડશે. આમ જીવ, અજીવ અને નોજીવની જેમ હિંસક–અહિંસક–નોહિંસક, મૃષાવાદી–અમૃષાવાદી–નોમૃષાવાદી ઇત્યાદિ સર્વત્ર ત્રણ રાશિઓ માનવા રૂપ ત્રૈરાશિકમતને અનુસરવામાં જૈનપ્રક્રિયાનો મૂળથી જ લોપ થઈ જવાથી મોટું અસમંજસ થશે. તેથી વ્યક્તમિથ્યાત્વ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ હોય એ માન્યતા અયુક્ત જાણવી. અને તેથી જ દૂરભવ્યોની જેમ અભવ્યોને પણ યોગ્યતાનુસારે આભિગ્રહિક–વ્યકતમિથ્યાત્વ માનવામાં કોઈ દોષ નથી એ સ્વીકારવું જોઇએ.

**[ અભવ્યો અવ્યવહારી છે—પૂર્વપક્ષ ]**

**પૂર્વપક્ષ :** "અભવ્યો અવ્યકતમિથ્યાત્વવાળા હોય છે, કેમકે અવ્યવહારી હોય છે, જેમકે નિગોદમાંથી બહાર ન નીકળેલો વિવક્ષિતનિગોદ જીવ." આવા અનુમાનપ્રયોગથી અભવ્યોમાં અવ્યકતમિથ્યાત્વ હોવું સિદ્ધ થાય છે. આ અનુમાનમાં સ્વરૂપઅસિદ્ધિ દોષ નથી, કેમકે–

---

1 कुप्रवचनपाखण्डिनः सर्वे उन्मार्गप्रस्थिताः । [उत्तरा. २३-६३]

व्यावहारिकाणामुत्कृष्टसंसारस्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वात् । तदुक्तं कायस्थितिस्तोत्रे-
[1]अव्वहारियमज्झे भमिऊण अणंतपुग्गलपरट्टे । कहवि ववहाररासिं संपत्तो नाह तत्थवि य ॥
[2]उक्कोसं तिरियगईअसण्णिएगिंदिवणणपुंसेसु । भमिओ आवलिअअसंखभागसमपुग्गलपरट्टे ॥
अत एवोत्कृष्टो वनस्पतिकालोऽपि प्रवचने व्यावहारिकापेक्षयैवोक्तः । तथाहि—
"[3]वणस्सइकाइआणं पुच्छा, जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अणंतकालं-अणंता उस्सप्पिणिओसप्पिणीओ कालओ, खित्तओ अणंता लोगा, असंखेज्जा पुग्गलपरिअट्टा" इति । इदमेव चाभिप्रेत्यास्माभिरुक्तं—
[4]ववहारीणं णियमा संसारो जेसिं हुज्ज उक्कोसो । तेसिं आवलिअअसंखभागसमपोग्गलपरट्टा ॥
इत्यस्मन्मतमदुष्टमिति चेत् ?—

नायमप्येकान्तः, अनन्तपुद्गलपरावर्त्तकालस्थायित्वेनाव्यवहारित्वासिद्धेः, व्यावहारिकाणामप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तान्तरितभूयोभवभ्रमणेनानन्तपुद्गलपरावर्त्तावस्थानस्यापि संभवात् । तदुक्तं संग्रहणीवृत्तौ+"एते च निगोदे वर्त्तमाना जीवा द्विधा-सांव्यवहारिका असांव्यवहारिकाश्च ।

---

અભવ્યો અનંતપુદ્ગલપરાવર્ત્તકાલ સુધી સંસારમાં રહેનાર હોઈ અવ્યવહારી હોય છે. તે પણ એટલા માટે કે વ્યવહારી જીવોનો તો ઉત્કૃષ્ટ-સંસારકાલ પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્ત જેટલો જ કહ્યો છે. શ્રી કાયસ્થિતિસ્તોત્રમાં કહ્યું છે કે "હે નાથ! અવ્યવહારરાશિમાં અનંતપુદ્ગલપરાવર્ત્ત સુધી ભમીને કોઈક રીતે વ્યવહાર-રાશિમાં આવ્યો. અને તેમાં પણ ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્તકાળ સુધી તિર્યંચગતિ-અસંજ્ઞી-એકેન્દ્રિય-વનસ્પતિ-નપુંસકભવોમાં ભમ્યો." તેથી જ શાસ્ત્રમાં ઉત્કૃષ્ટ વનસ્પતિકાલ પણ વ્યાવહારિક જીવોની અપેક્ષાએ જ કહ્યો છે. જેમકે કહ્યું છે કે "વનસ્પતિ કાયજીવોના જઘન્ય-ઉત્કૃષ્ટકાળની પૃચ્છા-(**અર્થાત્** તે કેટલો કાળ હોય છે?) ઉત્તર-જઘન્યથી અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટથી અનંતકાળ-કાલને આશ્રીને અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી જેટલો, ક્ષેત્રને આશ્રીને અનંત લોકાકાશ જેટલો (ટૂંકમાં) અસંખ્યપુદ્ગલપરાવર્ત્ત જેટલો." આ અભિપ્રાયથી જ અમે કહ્યું છે કે "વ્યવહારરાશિના જે જીવોનો સંસાર ઉત્કૃષ્ટ હોય છે તેઓનો તે નિયમા આવલિકાના અસંખ્યભાગના સમયો જેટલા પુદ્ગલપરાવર્ત્ત જેટલો હોય છે." માટે અભવ્યો અવ્યવહારી જ હોય છે અને તેથી જ તેઓને અવ્યક્ત એવું અનાભોગમિથ્યાત્વ જ હોય છે એવો અમારો મત નિર્દોષ છે.

**[અનંતપુદ્ગલાવર્ત્તમાત્રથી અવ્યવહારી ન કહેવાય—ઉત્તરપક્ષ]**

**ઉત્તરપક્ષ**-અભવ્યો અવ્યવહારી જ હોય છે એવો પણ એકાન્ત નથી, કેમકે અનંત-પુદ્ગલપરાવર્ત્તકાલ સ્થાયિત્વ રૂપ તમે આપેલ હેતુ વ્યભિચારી હોઈ અવ્યવહારિપણાની સિદ્ધિ કરી શકતો નથી. એ વ્યભિચારી એટલા માટે છે કે વ્યાવહારિક જીવો પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા રહી પછી વચમાં થોડા બીજા ભવો કરી પુનઃ પુનઃ એટલો દીર્ઘ કાલ વનસ્પતિકાયમાં પસાર કરી શકે છે. અને એ રીતે અનંતપુદ્ગલપરાવર્ત્ત પણ સંસારમાં ભમી શકે

---

1. अव्यवहारिकमध्ये भ्रान्त्वाऽनन्तपुद्गलपरावर्त्तान् । कथमपि व्यवहारराशिं सम्प्राप्तो नाथ तत्रापि च ॥
2. उत्कृष्टं तिर्यग्गत्यसंज्ञ्येकेन्द्रियवननपुंसकेषु । भ्रान्त आवलिकाऽसंख्यभागसमपुद्गलपरावर्त्तान् ॥
3. वनस्पतिकायिकानां प्रश्नः, जघन्येनान्तर्मुहूर्तमुत्कृष्टेनानन्तं कालं-अनन्ता उत्सर्पिण्य कालतः, क्षेत्रत अनंता लोका असंख्येयाः पुद्गलपरावर्त्ता इति ।
4. व्यवहारिणां नियमात्संसारो येषां भवेदुत्कृष्टः । तेषामावलिकासंख्यभागसमपुद्गलपरावर्त्ताः ॥

तत्र ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्‌वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते, तेभ्य उद्‌वृत्त्य केचिद् भूयोऽपि निगोदमध्ये समागच्छन्ति, तत्राप्युत्कर्षेत आवलिकाऽसंख्येयभागगतसमयप्रमाणान् पुद्‌गलपरावर्त्तान् स्थित्वा भूयोऽपि शेषजीवेषु मध्ये समागच्छन्ति, एवं भूयो भूयः सांव्यवहारिकजीवा गत्यागतीः कुर्वन्तीति।"+यत्पुनरत्र~"भूयोभूयः परिभ्रमणेऽप्युक्तासंख्येयपुद्‌गलपरावर्त्तानतिक्रम एव, आवलिकाऽसंख्येयभागपुद्‌गलपरावर्त्तानामसंख्यातगुणानामप्यसंख्यातत्वमेवेति प्रतीतौ कुतो 'भूयोभूयः' शब्दाभ्यामानन्त्यकल्पनाया गन्धोऽपि, तेन भूयोभूयः परिभ्रमणेऽप्यसंख्यातत्वं तदवस्थमेव । अत एव तावता कालेन व्यावहारिकाणां सर्वेषामपि सिद्धिर्भणिता" ~इति परेण स्वमतं समाहितं, तदपि नैकान्तरमणीयं,+"एवं विकलेन्द्रियैकेन्द्रियेषु गतागतैरनन्तान् पुद्‌गलपरावर्त्तान् निरुद्धोऽतिदुःखितः"+ इत्यादिना+" अन्यदा च कथमपि नीतोऽसावार्यदेशोद्भवमातङ्गेषु, तेभ्योऽप्यभक्ष्यभक्षणादिभिर्नरकपातादिक्रमेण रसगृद्ध्यकार्यप्रवर्त्तनाभ्यामेव लीलयैव व्यावृत्त्य विधृतोऽनन्तपुद्‌गलपरावर्त्तान्"+ इत्यादिना च महता ग्रन्थेन भुवनभानुकेवलिचरित्रादौ व्यावहारिकत्वमुपेयुषोऽपि संसारिजीवस्य विचित्रभवान्तरिततयाऽनन्तपुद्‌गलपरावर्त्तभ्रमणस्य निगदसिद्धत्वात् । तथा योगबिन्दुसूत्रवृत्तावपि नरनारकादिभावेनानादौ संसारेऽनन्तपुद्‌गलपरावर्त्तभ्रमणस्याभाव्यमुक्तम् तथाहि—

अनादिरेष संसारो नानागतिसमाश्रयः। पुद्‌गलानां परावर्त्ता अत्रानन्तास्तथागताः ॥

---

છે. સંગ્રહણીવૃત્તિમાં કહ્યું છે કે' આ નિગોદમાં રહેલા જીવો બે પ્રકારે હોય છે – સાંવ્યાવહારિક અને અસાંવ્યાવહારિક. તેમા જેઓ સાંવ્યાવહારિક છે તેઓ નિગોદમાંથી નીકળીને શેષ જીવરાશિઓમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી નીકળીને કેટલાક પાછા નિગોદમાં ભરાઈ જાય છે, અને ત્યાં પણ ઉત્કૃષ્ટથી આવલિકાના અસંખ્યાતમા ભાગમાં રહેલ સમય જેટલા પુદ્‌ગલપરાવર્ત્તો રહીને પાછા શેષ જીવોમાં ઉત્પન્ન થાય છે. આમ સાંવ્યાવહારિક જીવો નિગોદમાં વારંવાર ગતિ-આગતિ (ગમન-આગમન) કરે છે." વળી વૃત્તિના આ વચન અંગે~"અહીં વારંવાર-પરિભ્રમણ કરવા છતાં સરવાળે તેનો સંસારકાલ ઉક્ત અસંખ્યપુદ્‌ગલપરાવર્ત્તકાલને તો ઓળંગતો જ નથી, કેમકે આવલિકાના અસંખ્યાતમા ભાગ સમાન અસંખ્યપુદ્‌ગલ પરાવર્ત્ત જેટલો વનસ્પતિ કાલ વારંવાર (યાવત્ અસંખ્યવાર) પસાર થઇ જાય તો પણ અસંખ્યાત ગુણ થએલ તે કુલ કાલ પણ એ મૂળ અસંખ્ય પુદ્‌ગલપરાવર્ત્ત કરતાં અસંખ્યગુણ જ હોવો પ્રતીત છે, (અનંતગુણ નહિ) તેથી વારંવાર (ભૂયોભૂયઃ) શબ્દ પરથી અનંતપુદ્‌ગલપરાવર્ત્તની કલ્પના કરવાની ગંધ સુદ્ધા સંભવિત નથી તો કલ્પના તો શી રીતે કરી શકાય? તેથી વારંવાર પરિભ્રમણ કરવા છતાં પુદ્‌ગલપરાવર્ત્તો તો અસંખ્યાત જ પસાર થવા નિશ્ચિત જ છે. તેથી જ દરેક વ્યવહારીજીવો એટલા કાલમાં મુક્ત થઇ જાય છે એવું શાસ્ત્રમાં કહ્યું છે"~આવું કહીને સામાએ સ્વમતનું જે સમાધાન કર્યું છે તે પણ એકાન્તરમણીય નથી. કેમકે—

[વ્યવહારિપણાના અનંતઆવર્ત્તની સિદ્ધિમાં શાસ્ત્રસંમતિઓ]

"વિકલેન્દ્રિય-એકેન્દ્રિયભવોમાં ગમનાગમન કરવા દ્વારા અતિદુઃખી સંસારીજીવ અનંતપુદ્‌ગલપરાવર્ત્ત કાલ સુધી રુંધાયો" ઇત્યાદિ જણાવનાર વચનોથી તેમજ "એક વાર ગમે તે રીતે એ આર્યદેશમાં થએલા માતંગકુલમાં લઈ જવાયો. ત્યાંથી પણ અભક્ષ્યભક્ષણ વગેરેના કારણે નરકપાતાદિ ક્રમે રસગૃદ્ધિ અને અકાર્યપ્રવૃત્તિ વડે સહેલાઈથી પાછો નિગોદમાં લઈ જવાયો અને અનંતપુદ્‌ગલપરાવર્ત્ત માટે ત્યાં જ ધારી રખાયો." ઇત્યાદિ ઘણાં વચનોથી **ભુવનભાનુકેવલિચરિત્રાદિ** ગ્રન્થમાં વ્યવહારિપણું પામેલો પણ સંસારીજીવ વિચિત્રભવોના આંતરાથી યુક્ત અનંતપુદ્‌ગલપરાવર્ત્તકાલ ભમે છે એ વાત સ્પષ્ટ કહેવાપૂર્વક સિદ્ધ છે. તેમજ **યોગબિન્દુસૂત્ર** વૃત્તિમાં પણ

(एतद्वृत्तिः)+अनादिरविद्यमानमूलारंभः, एष प्रत्यक्षतो दृश्यमानः संसारो भवः कीदृशः? इत्याह—नानागतिसमाश्रयः नरनारकादिविचित्रपर्यायपात्रं वर्त्तते। ततश्च पुद्गलानामौदारिकादिवर्गणारूपाणां सर्वेषां परावर्त्ता ग्रहणमोक्षात्मकाः, अत्र संसारे अनन्ता अनंतवारस्वभावाः, तथा तेन समयप्रसिद्धप्रकारेण गता अतीताः। केषाम्? इत्याह—

सर्वेषामेव सत्त्वानां तत्त्वाभाव्यनियोगतः। नान्यथा संविदेतेषां सूक्ष्मबुद्ध्या विभाव्यताम्॥

(एतद्वृत्तिः) सर्वेषामेव सत्त्वाना=प्राणिनां तत्स्वाभाव्य=अनंतपुद्गलपरावर्त्तपरिभ्रमणस्वभावता तस्य नियोगो=व्यापारस्तस्माद्। अत्रैव व्यतिरेकमाह न=नैव अन्यथा=तत्स्वाभाव्यनियोगमन्तरेण संविद्=अवबोधो घटते एतेषामनन्तपुद्गलपरावर्त्तानां सूक्ष्मबुद्ध्या विभाव्यतां अनुविचिन्त्यतामेतद्। +इति व्यावहारिकत्वेऽप्यनन्तपुद्गलपरावर्त्तभ्रमणसंभवात्, तेनाभव्यानामव्यावहारिकत्वसाधनमसङ्गतमिति द्रष्टव्यम्।

~ननु प्रज्ञापनावृत्तौ व्यावहारिकाणामुत्कर्षतोऽप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तैरिस्थितिः, तत ऊर्ध्वं चावश्यं सिद्धिरिति स्फुटं प्रतीयते। तथा च तद्ग्रन्थः△❀"ननु यदि वनस्पतिकालप्रमाणमसंख्येयाः पुद्गलपरावर्त्तास्ततो यद् गीयते सिद्धान्ते "मरुदेवाजीवो यावज्जीवभावं वनस्पतिरासीद्" इति तत्कथं स्यात्? कथं वा वनस्पतीनामनादित्वम्? प्रतिनियतकालप्रमाणतया वनस्पतिभावस्यानादित्वविरोधात्। तथाहि-असंख्येयाः पुद्गलपरावर्त्तास्तेषामवस्थानमानं; तत एतावति कालेऽतिक्रान्ते नियमात्सर्वेऽपि कायपरावर्त्तं कुर्वते, यथा स्वस्थितिकाले सुरादयः। उक्तं च [विशेषणवती-४६/४७/४८]

---

અનાદિ સંસારમાં નર-નારકાદિરૂપે અનંતપુદ્ગલપરાવર્ત્ત ભમવાનો જીવનો સ્વભાવ હોવો કહ્યો છે. "વિવિધગતિઓના આધારભુત આ સંસાર અનાદિ છે, અહીં પુદ્ગલોના અનંત પરાવર્ત્તો પસાર થઈ ગયા." આનું વિવરણ આ પ્રમાણે–આ=પ્રત્યક્ષ દેખાતો, નાનાગતિસમાશ્રય=વિવિધ-ગતિઓનો આધારભુત, સંસાર અનાદિ=જેનો કોઈ મૂલઆરંભ નથી તેવો, છે. તેથી અહીં ઔદારિક વગેરે વર્ગણારૂપ પુદ્ગલોના ગ્રહણ-મોચનરૂપ પરાવર્ત્તો અનંતવાર સિદ્ધાન્તમાં કહેલ રીતે પસાર થઈ ગયા. આ પરાવર્ત્તો કોના પસાર થયા? એ જણાવવા આગળ કહે છે–"બધા જીવોના, અનંતપુદ્ગલપરાવર્ત્તભમવાના સ્વસ્વભાવના વ્યાપાર (સ્વભાવ અમલી બનવા રૂપ)ના કારણે અનંતાપુદ્ગલપરાવર્ત્તો પસાર થઈ ગયા. અન્યથા=આવા સ્વભાવના વ્યાપાર વિના એ જીવોનો અનંતપુદ્ગલપરાવર્ત્તોનો અવબોધ ઘટતો નથી. આ વાત સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી." આમ આ ગ્રન્થો પરથી જણાય છે કે વ્યાવહારિકપણામાં પણ અનંતપુદ્ગલપરાવર્ત્તભ્રમણ સંભવિત છે. તેથી અનંતપુદ્ગલપરાવર્ત્તભ્રમણ (સ્થાયિત્વ) હેતુથી અભવ્યોને અવ્યવહારી સિદ્ધ કરવા અયુક્ત છે એ વિચારવું.

## [પન્નવણાવૃત્યનુસારે વ્યવહારીપણાની સ્થિતિ અસંખ્યઆવર્ત્તો–પૂ.]

પૂર્વપક્ષઃ–પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિમાં વ્યાવહારિકજીવોની ઉત્કૃષ્ટથી પણ આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્ત (કાલપ્રમાણ) સ્થિતિ કહી છે. તેથી એ પછી તેઓની અવશ્ય મુક્તિ થાય છે એ વાત સ્પષ્ટ રીતે જણાય છે. કેમકે વ્યાવહારિકમાંથી કોઇ જીવ પાછો અવ્યાવહારિક તો બનતો જ નથી. તે પ્રજ્ઞાપના વૃત્તિગ્રન્થ આ પ્રમાણે છે–(પ્રજ્ઞાપનાવૃત્તિગ્રન્થમાં ઊઠાવેલી)❀શંકા–જો વનસ્પતિકાયનું કાલપ્રમાણ (કાયસ્થિતિ) અસંખ્ય પુદ્ગલપરાવર્ત્તો છે તો સિદ્ધાન્તમાં જે કહેવાય છે કે "મરૂદેવામાતાનો જીવ સંપૂર્ણ સંસાર કાલ યાવત્ (એ છેલ્લા ભવ સિવાય) વનસ્પતિ તરીકે જ રહ્યો હતો" તે શી રીતે સંગત થાય? તેમજ વનસ્પતિકાયપણું અનાદિ પણ શી રીતે સંભવે? કેમકે તેનો કાલ પ્રાતિનિયત પ્રમાણવાળો હોઈ

[1]जइ पुग्गलपरिअट्टा संखाईआ वणस्सइकालो । तो अच्चंतवणस्सइ जीवो कह नाम मरुदेवी ॥
[2]हुज्ज व वणस्सईणं अणाइअत्तमत एव हेऊओ ? जमसंखेज्जा पोग्गलपरिअट्टा तत्थवत्थाणं ॥
[3]कालेणेवइएणं तम्हा कुव्वंति कायपल्लट्टं । सव्वेवि वणस्सइणो ठिइकालंते जह सुराई ॥
किंच=एवं यद्वनस्पतीनां निर्लेपनमागमे प्रतिषिद्धं तदपीदानीं प्रसक्तं, कथम् ? इति चेत् ? उच्यते-इह प्रतिसमयमसंख्येया वनस्पतिभ्यो जीवा उद्वर्त्तन्ते, वनस्पतीनां च कायस्थितिपरिमाणमसंख्येयाः पुद्गलपरावर्त्ताः, ततो यावन्तोऽसंख्येयेषु पुद्गलपरावर्त्तेषु समयास्तैरभ्यस्ता एकसमयोद्वृत्ता जीवा यावन्तो भवन्ति तावत्परिमाणमागतं वनस्पतीनाम् । ततः प्रतिनियतपरिमाणतया सिद्धं निर्लेपनं, प्रतिनियतपरिमाणत्वात् । एवं च गच्छता कालेन सिद्धिरपि सर्वेषां भव्यानां प्रसक्ता, तत्प्रसक्तौ च मोक्षपथव्यवच्छेदोऽपि प्रसक्तः, सर्वभव्यसिद्धिगमनानन्तरमन्यस्य सिद्धिगमनायोगात् । आह च [विशेषणवती-५०/४९]
[4]कायठिइकालेणं तेसिमसंखिज्जयावहारेणं । णिल्लेवणमावण्णं सिद्धीवि य सव्वभव्वाणं ॥

---

અનાદિતાનો વિરોધ કરે છે. તે આ રીતે-તેઓના અવસ્થાનનો કાલ અસંખ્ય પુદ્ગલપરાવર્તો છે. તેથી દરેક જીવો એટલો કાલ પસાર થઈ ગએ છતે કાયાનું પરાવર્તન અવશ્ય કરશે જ. જેમકે સ્વસ્થિતિકાલ પૂર્ણ થતાં દેવ વગેરે જીવો કાયપરાવર્તન કરે છે. જ્યારે અતીત કાળ તો અનંતપુદ્ગલપરાવર્ત્ત પસાર થઈ ગયો છે તેથી જીવ, એટલા અતીત કાળમાં તો વનસ્પતિપણું છોડી અન્યગતિમાં અવશ્ય ગયો જ હોવો જોઈએ. તેથી વનસ્પતિપણું અનાદિ શી રીતે સંભવે ? વિશેષણવતી ગ્રન્થમાં કહ્યું છે કે- "જો વનસ્પતિકાલ અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત જેટલો જ છે તો મરૂદેવીનો જીવ માત્ર વનસ્પતિ જ રહ્યો હતો એવું શી રીતે કહેવાય ? [૧] અથવા વનસ્પતિનું અનાદિત્વ અહેતુક થઈ જશે, કેમકે વનસ્પતિમાં તો અસંખ્યપુદ્ગલપરાવર્ત્ત જ અવસ્થાન હોય છે. [૨] એટલા કાલમાં બધા વનસ્પતિ જીવો અવશ્ય કાયપરિવર્ત્તન કરે છે, જેમકે પોતાના સ્થિતિકાલના અંતે દેવ વગેરે. [૩] વળી વનસ્પતિકાળ આટલો જ માનવામાં એ પણ આપત્તિ આવશે કે વનસ્પતિજીવોનું [5]નિર્લેપન કે જે આગમમાં પ્રતિષિદ્ધ છે તે પણ હવે શક્ય બની જશે. શી રીતે ? આ રીતે-આ વર્ત્તમાન સમયે રહેલા બધા જીવો વધુમાં વધુ ઉક્ત કાલમાં તો કાયપરાવર્ત્ત કરી જ દેશે. વળી સમયે સમયે અસંખ્યજીવો વનસ્પતિકાયમાંથી બહાર નીકળે છે. તેથી વર્તમાનસમયે વનસ્પતિકાયમાં વધુમાં વધુ કેટલા જીવો રહ્યા હોય ? એનો જવાબ આ રીતે મળે-એક સમયમાં અસંખ્ય બહાર નીકળે છે તો અસંખ્યપુદ્ગલપરાવર્ત્તમાં બહાર નીકળી જનાર બધા જીવોની સંખ્યા=એક સમયમાં નીકળતા જીવો (અસંખ્ય)×અસંખ્યપુદ્ગલપરાવર્તના સમયો. આ સંખ્યા (કંઈક મોટા) અસંખ્યપુદ્ગલપરાવર્ત્તના સમયો જેટલી થશે જે પ્રતિનિયતપરિમાણવાળી હોઈ વનસ્પતિના સર્વજીવોની સંખ્યા પણ પ્રતિનિયતપરિમાણવાળી થશે તેથી તેઓનું કલ્પનાથી સંપૂર્ણ

---

१. यदि पुद्गलपरावर्त्ताः संख्यातीता वनस्पतिकालः । ततोऽत्यन्तवनस्पतिजीवः कथं नाम मरुदेवी ? ॥
२. भवेद्वा वनस्पतीनामनादिकत्वमत एव हेतुतः । यदसंख्येयाः पुद्गलपरावर्त्तास्तत्रावस्थानम् ॥
३. कालेनैतावता तस्मात् कुर्वन्ति कायपरावर्त्तम् । सर्वेपि वनस्पतिनः स्थितिकालान्ते यथा सुरादयः ॥
४. कायस्थितिकालेन तेषामसंख्येयताकापहारेण । निर्लेपनमापन्नं सिद्धिरपि च सर्वभव्यानाम् ॥

૫ વિવક્ષિત સમયે વિવક્ષિતસ્થાનમાં રહેલા જીવોમાંથી સમયે સમયે કલ્પનાથી એક એક જીવને તે સ્થાનમાંથી બહાર કાઢતાં બધા જીવો બહાર નીકળી જાય એ તે સ્થાનનું નિર્લેપન કહેવાય છે. કોઈ પણ સમયે વનસ્પતિકાયમાં એટલા બધા જીવો રહ્યા હોય છે કે અતીત-વર્તમાન-અનાગત સંપૂર્ણકાલ પસાર થઈ જાય તો પણ એ જીવો ખાલી થતા નથી. તેથી આગમમાં "વનસ્પતિનું સંપૂર્ણ નિર્લેપન થતું નથી" એમ નિષેધ કર્યો છે.

[1]पइसमयमसंखिज्जा जेणुव्वट्टंति तो तदब्भत्था । कायठिईए समया वणस्सइणं च परिमाणं ॥
न चैतदस्ति, वनस्पतीनामनादित्वस्य-निर्लेपनप्रतिषेधस्य-सर्वभव्यासिद्धेः-मोक्षपथाऽव्यवच्छेदस्य च तत्र तत्र प्रदेशे सिद्धान्तेऽभिधानात् ।❀

उच्यते-इह द्विविधा जीवाः-सांव्यावहारिका असांव्यावहारिकाश्च, तत्र ये निगोदावस्थात उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु (भेदेषु) वर्तन्ते ते लोकेषु दृष्टिपथमागताः सन्तः पृथिवीकायिकादिव्यवहारमनुपतन्तीति सांव्यावहारिका उच्यन्ते । ते च यद्यपि भूयोऽपि निगोदावस्थामुपयान्ति तथाऽपि ते सांव्यावहारिका एव, संव्यवहारे पतितत्वात् । ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिकाः । कथमेतदवसीयते द्विविधा जीवाः सांव्यवहारिका असांव्यवहारिकाश्चेति ? उच्यते, युक्तिवशात् । इह प्रत्युत्पन्नवनस्पतीनामपि निर्लेपनमागमे प्रतिषिद्धं, किं पुनः सकलवनस्पतीनां तथा भव्यानामपि ? तच्च यद्यसांव्यवहारिकराशिनिपतिता अत्यन्तवनस्पतयो न स्युस्ततः कथमुपपद्यते ? तस्मादवसीयते अस्त्यसांव्यवहारिकराशिरिति यद्गतानां वनस्पतीनामनादिता । किं चेयमपि गाथा गुरूपदेशादागता समये प्रसिद्धा—(वि ण. ५३)
[2]अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो । तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ॥

નિર્લેપન પણ (એ મોટા) અસંખ્યપુદ્ગલપરાવર્ત્તકાલમાં શક્ય બની જશે. વળી આ રીતે વનસ્પતિ જીવો જ જો પરિમિત હશે તો ભવ્યો તો નિર્વિવાદ પરિમિત પરિમાણવાળા જ હોવાથી એક કાલ એવો આવશે કે બધા ભવ્યોનો મોક્ષ થઈ જશે. અને તો પછી મોક્ષમાર્ગ પણ વ્યવચ્છિન્ન થઈ જશે, કેમકે સર્વભવ્યોનો મોક્ષ થઈ ગયા પછી કોઈ મોક્ષમાં જવાનું જ નથી. **વિશેષણવતિમાં** કહ્યું છે કે "સમયે સમયે અસંખ્યજીવોને બહાર કાઢતાં કાઢતાં કાયસ્થિતિ જેટલા કાળમાં તેઓનું સંપૂર્ણ નિર્લેપન થઈ જશે. એમ સર્વભવ્યોની મુક્તિ પણ થઈ જશે, કેમકે દરેક સમયે નીકળતા જીવોની સંખ્યાને કાયસ્થિતિના સમયોની સંખ્યા વડે ગુણતાં વનસ્પતિના કુલ જીવોની સંખ્યા આવે છે." પણ આવું છે નહિ, કેમકે વનસ્પતિની અનાદિતાનો-નિર્લેપનના નિષેધનો-સર્વભવ્યોની સિદ્ધિના અભાવનો અને મોક્ષમાર્ગના અવ્યવચ્છેદનો સિદ્ધાન્તમાં સ્થળે સ્થળે ઉલ્લેખ કર્યો છે.❀

### [અવ્યવહારરાશિની સિદ્ધિ]

(પ્રજ્ઞાપનાવૃત્તિગ્રન્થમાં તે શંકાનું આપેલું) **સમાધાન**-જીવો બે પ્રકારે છે; સાંવ્યાવહારિક અને અસાંવ્યાવહારિક. જેઓ નિગોદઅવસ્થામાંથી બહાર નીકળીને પૃથ્વીકાયાદિ ભેદોમાં આવે છે તેઓ લોકોની નજરમાં આવીને "આ પૃથ્વીકાય છે" ઈત્યાદિ વ્યવહારનો વિષય બને છે અને તેથી સાંવ્યાવહારિક જ કહેવાય છે, કેમકે વ્યવહારમાં આવી ગયા છે. જેઓ અનાદિકાળથી માંડીને નિગોદાવસ્થામાં જ રહે છે તેઓ લોકવ્યવહારનો વિષય બનતા ન હોવાથી અસાંવ્યાવહારિક કહેવાય છે. જીવો આવા બે પ્રકારના છે એવું શી રીતે જાણ્યું ? એના પ્રશ્નનો ઉત્તર એ છે કે યુક્તિવશાત્. તે આ રીતે-પ્રત્યુત્પન્ન=વર્ત્તમાન સમયે ઉત્પન્ન થએલાં વનસ્પતિજીવોનાં નિર્લેપનનો પણ આગમમાં નિષેધ કર્યો છે તો બધા વનસ્પતિજીવોના અને ભવ્યોના નિર્લેપનની તો વાત જ શી કરવી ? આ નિષેધ, અસાંવ્યવહારિકરાશિમાં રહેલા અનાદિવનસ્પતિકાયિકજીવો જેવો જો કોઈ પ્રકાર ન હોય તો શી રીતે સંગત થાય ? "કારણકે નિર્લેપન થવાનું નથી" એનો અર્થ એ કે આ બધા જીવો વનસ્પતિકાયપણું છોડી દેશે એવું ક્યારેય બનવાનું નથી. અર્થાત્ કેટલાય જીવો એવા જ છે કે જેઓ હંમેશા વનસ્પતિકાયમાં જ રહેવાના છે. અનંતાનંતપુદ્ગલપરાવર્ત્ત પૂર્વના પણ કોઈ પણ સમયના પ્રત્યુત્પન્ન વનસ્પતિકાયના કેટલાયે (અનંતા) જીવો

१. प्रतिसमयमसंख्येयाः येनोद्वर्त्तन्ते ततस्तदभ्यस्ताः । कायस्थित्याः समया वनस्पतीनां परिमाणम् ॥
२. सन्त्यनन्ता जीवा यैर्न प्राप्तस्त्रसादिपरिणामः । तेऽप्यनन्तानन्ता निगोदवासमनुभवन्ति ॥

तत इतोऽव्यसांव्यवहारिकराशिसिद्धिः । उक्तं च [वि. ण. ५१/५२]
[1]ण य पच्चुप्पन्नवणस्सईणं णिल्लेवणं न भव्वाणं । जुत्तं होइ ण तं जइ अच्चंतवणस्सई नत्थि ॥
[2]एवं चाणाइवणस्सईणमत्थित्तमत्थओ सिद्धं । भण्णइ इमावि गाहा गुरूवएसागया समए ॥
अत्थि अणंता जीवा इत्यादि"△१८ पदे । ततोऽभव्या अव्यावहारिका एव, अन्यथाऽसंख्येय-पुद्गलपरावर्त्तकालातिक्रमे तेषां सिद्धिगमनस्याव्यवहारित्वभवनस्य वा प्रसङ्गात् ।

अत एव बादरनिगोदजीवा अप्यव्यावहारिकराशावभ्युपगन्तव्याः, अन्यथा बादरनिगोदजीवेभ्यः सिद्धानामनन्तगुणत्वप्रसङ्गात् । यावन्तो हि सांव्यावहारिकराशितः सिध्यन्ति, तावन्त एव जीवा असांव्यवहारिकराशेर्विनिर्गत्य सांव्यावहारिकराशावागच्छन्ति । यत उक्तं-[विशेषणवती-६०]
[3]सिज्झंति जत्तिया किर इह संववहारजीवरासीओ। इंति अणाइवणस्सइमज्झाओ तत्तिया चेव ॥
एवं च व्यवहारराशितः सिद्धा अनंतगुणा एवोक्ताः, तत्र यदि बादरनिगोदजीवानां व्यावहारिकत्वं भवति (? भवेत्) तर्हि बादरनिगोदजीवेभ्यः सिद्धा अनंतगुणाः संपद्येरन्, सन्ति च सिद्धेभ्यो बादरनिगोदजीवा अनंतगुणाः, तेभ्यः सूक्ष्मजीवा असंख्येयगुणाः । यदागमः [पन्नवणा ३ पदे]
[4]एएसिं णं भंते! जीवाणं सुहुमाणं बायराणं णोसुहुमाणं णोबायराणं कयरे कयरेहिंतो अप्पा

એવા હતા કે જેઓ ક્યારેય વનસ્પતિકાયપણું છોડનારા નહોતા. તેથી જણાય છે કે અસાંવ્યવહારિક રાશિ જેવો કોઈ પ્રકાર છે જેમાં રહેલા જીવોનું વનસ્પતિકાયપણું અનાદિ હોય છે. વળી આ પણ એક સિદ્ધાન્ત પ્રસિદ્ધ ગાથા ગુરુપરંપરાથી જાણવા મળે છે, જે જણાવે છે કે-"એવા અનંતા જીવો છે જેઓએ ત્રસપણું વગેરે પરિણામ ક્યારેય પ્રાપ્ત કર્યો નથી. ને પણ અનંતાનંતજીવો છે જેઓ હંમેશા નિગોદવાસને અનુભવે છે." આ ગાથા પરથી અસાંવ્યાવહારિકરાશિ સિદ્ધ થાય છે. કહ્યું છે કે "પ્રત્યુત્પન્નવનસ્પતિ-જીવોનું તેમજ ભવ્યોનું અનિર્લેપન યુક્ત ન બને જો અત્યંતવનસ્પતિ જીવો હોય નહિ. આમ અનાદિ-વનસ્પતિજીવોનું અસ્તિત્વ અર્થાપત્તિથી સિદ્ધ થાય છે. વળી ગુરુપરંપરાથી સિદ્ધાન્તની આ ગાથા પણ જાણવા મળે છે...અત્થિઅણંતા જીવા...△" પ્રજ્ઞાપનાસૂત્રના ૧૮મા પદના વૃત્તિગ્રન્થમાં આપેલ આ શંકા-સમાધાન પરથી જણાય છે કે જીવો બે પ્રકારે છે-વ્યાવહારિક અને અવ્યાવહારિક. એમાંથી વ્યાવહારિકપણાનો તો અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત જેટલો જ કાલ કહ્યો હોઈ નિશ્ચિત થાય છે કે અભવ્યો અવ્યવહારી જ હોય છે, નહિતરતો (એટલે કે તેઓ વ્યવહારી પણ હોય તો) ઉક્તકાલ પૂરો થએ છતે તેઓનો મોક્ષ થઈ જવાની અથવા પુનઃઅવ્યવહારી બની જવાની આપત્તિ આવે.

### [બાદરનિગોદ અવ્યવહારી છે—પૂર્વપક્ષ]

આમ આગમવિરોધની આપત્તિ ન આવે એ માટે જ બાદરનિગોદના જીવોને પણ અવ્યાવહારિકરાશિમાં જ રહેલા જાણવા, કેમકે નહિતરતો (જો તેઓ પણ વ્યાવહારિકરાશિમાં હોય તો) બાદરનિગોદના જીવો કરતાં સિદ્ધો અનંતગુણા હોવાની આપત્તિ આવે. તે આ રીતે-સાંવ્યાવહારિકરાશિમાંથી જેટલા જીવો મોક્ષમાં જાય છે તેટલા જ જીવો અસાંવ્યાવહારિક-રાશિમાંથી નીકળીને સાંવ્યાવહારિકરાશિમાં આવે છે. કેમકે વિશેષણવતીમાં કહ્યું છે કે "અહીં સાંવ્યાવહારરાશિમાંથી જેટલા જીવો સિદ્ધ થાય છે તેટલા જ અનાદિવનસ્પતિમાંથી સાંવ્યાવહારિક રાશિમાં

१ न च प्रत्युत्पन्नवनस्पतीनां न भव्यानाम् । युक्तं भवति न तद् यदि अत्यंतवनस्पतिर्नास्ति ॥
२ एवं चानादिवनस्पतीनामस्तित्वमर्थतः सिद्धम् । भण्यते इयमपि गाथा गुरूपदेशादागता समये ॥
३ सिध्यन्ति यावन्तः किल इह संव्यवहारजीवराशितः । यान्ति अनादिवनस्पतिमध्यात्तावन्त एव ॥
४ एतेषां भगवन् ! जीवानां सूक्ष्माणां बादराणां नोसूक्ष्माणां नोबादराणां कतरे कतरेभ्योऽल्पा वा बहवो वा तुल्या वा विशेषाधिका वा ? गौतम ! सर्वस्तोकाजीवा नोसूक्ष्मा नो बादरा, बादरा अणंतगुणाः सूक्ष्मा असंख्येयगुणाः ।

वा बहुआ वा तुल्ला वा विसेसाहिआ वा? गोयमा! सव्वथोवा जीवा णोसुहुमा णोबायरा, बायरा अणंतगुणा सुहुमा असंखेज्जगुणा"+इति । एतद्वृत्तिर्यथा+"एएसि णं भंते! जीवाणं सुहुमाण-मित्यादि। सर्वस्तोकाजीवा णोसुहुमाणोबायरा सिद्धा इत्यर्थः, तेषां सूक्ष्मजीवराशेर्बादरजीवराशेश्चानन्ततमभागकल्पत्वात् । तेभ्यो बादरा अनंतगुणा, बादरनिगोदजीवानां सिद्धेभ्योऽनंतगुणत्वात् । तेभ्यश्च सूक्ष्मा असंख्येयगुणा, बादरनिगोदजीवेभ्यः सूक्ष्मनिगोदजीवानामसंख्येयगुणत्वाद्" इति । तत एवमागमबाधापरिहारार्थं बादरनिगोदजीवा अव्यावहारिकाः स्वीकर्त्तव्याः। प्रयोगाश्चात्र (१) बादर-निगोदजीवा न व्यवहारिणः, तेषां सिद्धेभ्योऽनन्तगुणत्वात्, यथा सूक्ष्मनिगोदजीवाः; तथा (२) अनादिमन्त सूक्ष्मा बादराश्च निगोदजीवा अव्यवहारिण एव, अन्यथा व्यवहारित्वभवनसिद्धिगमनयोरपर्यवसितत्वानुपपत्तेः । अपर्यवसितत्वं च 'सिज्झंति जत्तिया किर...' इत्यादिना सिद्धम् । तथा

---

આવે છે." વળી સિદ્ધ થયા પછી એ જીવ સાંવ્યાવહારિક રહેતો નથી. તેમજ કોઈ સાંવ્યાવહારિકજીવ અસાંવ્યાવહારિક પણ બનતો નથી. તેથી જણાય છે કે સાંવ્યવહારિકરાશિમાં રહેલા જીવોની સંખ્યા એક નિશ્ચિત આંક છે જેમાં કોઈ ફેરફાર કોઈપણ કાલે થતો નથી. અર્થાત્ અનંતાનંત કાલપૂર્વે પણ વ્યવહારરાશિમાં જેટલા જીવો હતા એટલા જ આજે પણ છે. જ્યારે સિદ્ધના જીવોમાં તો ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે. વળી એ પણ એક બાબત છે કે સિદ્ધો જેટલા જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં તો આવ્યા, પણ એમાંથી જ ઘણાખરા પાછા કાળક્રમે સિદ્ધ થઈ જવા રૂપે વ્યવહારરાશિમાંથી નીકળી પણ ગયા. તેથી એ વાત નિશ્ચિત થાય છે કે વ્યવહારરાશિના જીવો કરતાં સિદ્ધના જીવો અનંતગુણ છે. હવે જો બાદરનિગોદના જીવો પણ વ્યવહારરાશિના હોય તો સિદ્ધો તેઓ કરતાં પણ અનંતગુણા હોવા નિર્વિવાદ માનવા જ પડે જે અનિષ્ટ છે. કેમકે સિદ્ધો કરતાં બાદરનિગોદજીવો અનંતગુણ અને તેના કરતા પણ સૂક્ષ્મજીવો અસંખ્યગુણ છે. આગમ (પન્નવણા મહાદંડક કાયદ્વાર)માં કહ્યું છે કે "હે ભગવન્! આ સૂક્ષ્મ-બાદર-નોસૂક્ષ્મ-નોબાદર જીવોમાં કોણ કોના કરતાં અલ્પ, ઘણા, તુલ્ય કે વિશેષાધિક હોય છે? ગૌતમ! નોસૂક્ષ્મ-નોબાદરજીવો (સિદ્ધો) સહુથી અલ્પ હોય છે, કેમ કે તેઓ સૂક્ષ્મજીવો કરતાં અનંતમા ભાગે જ હોય છે. તેઓ કરતાં બાદરજીવો અનંતગુણ છે, કેમ કે બાદરનિગોદજીવો સિદ્ધો કરતાં અનંતગુણ હોય છે. અને તેઓ કરતાં સૂક્ષ્મજીવો અસંખ્યગુણ હોય છે, કેમ કે બાદરનિગોદજીવો કરતાં સૂક્ષ્મનિગોદજીવો અસંખ્યગુણ હોય છે." આમ આવા આગમનો વિરોધ ન થાય એ માટે બાદરનિગોદજીવોને અવ્યવહારરાશિમાં માનવા જોઈએ. વળી તેઓ અવ્યવહારરાશિમાં જ છે એ આ અનુમાન-પ્રયોગોથી પણ સિદ્ધ થાય છે.

**[ બાદરનિગોદમાં અવ્યવહારિત્વની સિદ્ધિ કરતાં અનુમાનો-પૂર્વપક્ષ ]**

(૧) બાદરનિગોદજીવો વ્યવહારરાશિગત નથી, કેમકે સિદ્ધોથી અનંતગુણા છે, જેમકે સૂક્ષ્મનિગોદજીવો.

(૨) અનાદિ એવા સૂક્ષ્મ અને બાદરનિગોદજીવો અવ્યવહારી જ હોય છે, કેમકે નહિતર જીવોનાં વ્યવહારી બનવાપણાનો અને મોક્ષમાં ગમનનો જે ક્યારેય અંત નથી આવવાનો તે અનુપપન્ન (અસંગત) થઈ જાય. મોક્ષમાર્ગનો ક્યારેય વિચ્છેદ થવાનો નથી એના પરથી મોક્ષગમનનો અંત થવાનો નથી તે વાત સિદ્ધ છે અને "જેટલા મોક્ષમાં જાય એટલા અવ્યવહારીમાંથી વ્યવહારી બને" ઈત્યાદિ શાસ્ત્રોક્ત વાતથી વ્યવહારી બનવાપણાનો પણ અંત આવવાનો નથી એ વાત સિદ્ધ છે એ જાણવું.

(३) सांव्यवहारिका जीवा सिध्यन्त्येव आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तसमयपरिमाणत्वेन परिमितत्वाद् । व्यतिरेके सिद्धा निगोदजीवाश्च दृष्टान्ततया वाच्या इति ।

ननु 'सर्वे जीवा व्यवहार्यव्यवहारितया द्विधा, सूक्ष्मा निगोदा एवान्त्याः, तेभ्योऽन्ये व्यवहारिणः" इति योगशास्त्रवृत्तिवचनाद् बादरनिगोदजीवानां व्यवहारित्वसिद्धेः कथमव्यवहारित्वमिति चेत् ?*न, तत्र 'सूक्ष्मनिगोदा एवान्त्याः' इति पाठस्यापि दर्शनात् तत्र सूक्ष्माश्च निगोदाश्चेतीतरेतरद्वन्द्वकरणेऽसंगतिगन्धस्याप्यभावाद् । सूक्ष्मपृथिव्यादिजीवानां चाव्यवहारित्वं प्रज्ञापनावृत्त्यभिप्रायेण स्फुटमेव प्रतीयते, लोकदृष्टिपथमागतानामेव पृथिव्यादिजीवानां व्यवहारित्वभणनाद्, अन्यथा 'प्रत्येकशरीरिणो व्यावहारिकाः' इत्येव वृत्तिकृदवक्ष्यत् । यच्च केवलं निगोदेभ्य उद्वृत्त्य पृथिवीकायिकादिभवेषु वर्त्तन्त इत्यादि भणितं, तत्सूक्ष्मपृथिव्यादिजीवानामसंख्येयत्वेनाल्पत्वाद् अव्यवस्थाविव्यवहारित्वाद्वाऽविवक्षणादिति सम्भाव्यते, सम्यग्निश्चयस्तु बहुश्रुतगम्य इति । एवं चासांव्यवहारिका जीवाः सूक्ष्मपृथिव्यादिषु निगोदेषु च सर्वकालं गत्यागतीः कुर्वन्तीति सम्पन्नम् । इत्थं च तत्र येऽनादिसूक्ष्मनिगोदेभ्य उद्वृत्त्य

---

(૩) બધા સાંવ્યાવહારિકજીવો નિયમા સિદ્ધ થાય જ છે, કેમકે તેઓનો સંસાર આવલિકાના અસંખ્યાતમા ભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્તના સમય જેટલો પરિમિત હોય છે. જેઓનો જ્યાં રહેવાનો કાળ પરિમિત હોય તેઓ ત્યાંથી ખાલી થાય જ છે. જેઓ જ્યાંથી ખાલી થતા નથી તેઓનો ત્યાં રહેવાનો કાલ પરિમિત પણ હોતો નથી. જેમકે સિદ્ધના જીવો તેમજ નિગોદના જીવો. વ્યાવહારિકજીવોનો વ્યવહારરાશિમાં રહેવાનો કાળ પરિમિત છે. તેથી તેઓ ત્યાંથી અવશ્ય નીકળશે જ. એટલેકે સિદ્ધ થશે જ.

**શંકા**—"બધા જીવો વ્યવહારી-અવ્યવહારી તરીકે બે પ્રકારે છે. તેમાં સૂક્ષ્મનિગોદ જ અંત્ય (=અવ્યવહારી) છે, એ સિવાયના વ્યવહારી હોય છે" આવા યોગશાસ્ત્રની વૃત્તિના વચનથી બાદરનિગોદજીવો વ્યવહારી હોવા સિદ્ધ છે, તો તેમ છતાં તમે તેઓને અવ્યવહારી કેમ કહો છો?

**[સૂક્ષ્મ પૃથ્વીકાયાદિ પણ અવ્યવહારી-પૂર્વપક્ષ]**

**સમાધાન**—તમારી વાત બરાબર નથી. એ વૃત્તિનો "सूक्ष्मनिगोदाः एवान्त्याः' એવો પાઠ પણ મળે છે. એ પાઠને અનુસરીને 'સૂક્ષ્મ અને નિગોદ' એવો ઇતરેતરદ્વન્દ્વસમાસ કરવાથી આવો કોઈ પ્રશ્ન રહેતો નથી. અર્થાત્ 'સૂક્ષ્મજીવો અને નિગોદ અવ્યવહારી છે' એ વાત એ વૃત્તિગ્રન્થથી પણ સિદ્ધ થઈ જ જાય છે. "અરે, આ રીતે સમાસવિગ્રહ કરી બાદરનિગોદને પણ અવ્યવહારી સિદ્ધ કરવા જતાં તો સૂક્ષ્મપૃથ્વીકાયાદિ પણ અવ્યવહારી હોવા સિદ્ધ થઈ જશે જે આગમમાં કે પરંપરામાં ન જોએલી ને ન જાણેલી જ વાત છે." આવી શંકા કરવી નહિ, કેમકે સૂક્ષ્મપૃથ્વીકાય વગેરે જીવો પણ અવ્યવહારી છે એ પ્રજ્ઞાપનાસૂત્રની વૃત્તિના અભિપ્રાય મુજબ સ્પષ્ટ રીતે જણાય જ છે, કેમકે એમાં, લોકદષ્ટિમાં આવતા પૃથ્વીકાયાદિજીવોને જ વ્યવહારી કહ્યા છે, જ્યારે સૂક્ષ્મપૃથ્વીકાયાદિજીવો તો આંખ વગેરે કોઈ ઇન્દ્રિયનો વિષય બનતા ન હોવાથી છેદનભેદન-ઉપભોગાદિ લોકવ્યવહારમાં આવતા જ નથી એ ઉભયસંમત છે. બાકી એ સૂક્ષ્મપૃથ્વીકાયાદિને વ્યવહારી જ માનવા હોત તો વૃત્તિકાર 'લોકદષ્ટિમાં આવતા...' ઇત્યાદિ ન કહેતાં 'પ્રત્યેક શરીરી જીવો વ્યવહારી છે' એમજ ન કહેત?

**શંકા**—'સૂક્ષ્મપૃથ્વીકાયાદિ જીવો પણ અવ્યવહારી છે' આવો તમારો અભિપ્રાય છે. શાસ્ત્રકારોના મનમાં પણ જો આવો જ અભિપ્રાય હોત તો તેઓએ અવ્યવહારીમાંથી વ્યવહારી બનતા જીવને અંગે "એ નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાયાદિ ભવોમાં જાય છે" ઇત્યાદિ જે કહ્યું તેના બદલે "એ સૂક્ષ્મપૃથ્વીકાયાદિમાંથી અને નિગોદમાંથી નીકળીને...." ઇત્યાદિ જ ન કહેત?

शेषजीवेषूत्पद्यन्ते (ते) पृथिव्यादिविविधव्यवहारयोगात्सांव्यवहारिकाः, ये पुनरनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावतिष्ठन्ते (ते) तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति । प्रवचनसारोद्धारवृत्तावपि "अनादिसूक्ष्मनिगोदजीवा अव्यवहारिणः" इत्यत्र सूक्ष्माः पृथिव्यादयश्चत्वारो, निगोदाश्च (? सूक्ष्म) बादरसाधारणवनस्पतयः, न विद्यते आदिर्येषां तेऽनादयः=अप्राप्तव्यवहारराशय इत्यर्थः । तथा च सूक्ष्माश्च निगोदजीवाश्चेति द्वन्द्वः, अनादयश्च ते सूक्ष्मनिगोदजीवाश्चेति कर्मधारय इति समासविधिर्द्रष्टव्यः, सर्वत्रापि कर्मधारयकरणे बादरनिगोदजीवानां व्यवहारित्वसम्पत्तावुक्तागमबाधप्रसङ्गादिति चेत् ?—

उच्यते—यदेवं प्रज्ञापनावृत्त्यभिप्रायमनुसृत्याभव्यानामव्यावहारिकत्वं व्यवस्थाप्यते तत्किं व्यावहारिकलक्षणायोगादुत परिभाषान्तराश्रयणात् ? नाद्यो, लोकव्यवहारविषयप्रत्येकशरीरवत्त्वादितल्लक्षणस्याभव्येष्वपि सत्त्वात्, अनंतद्रव्यक्रियाग्रहणपरित्यागवतां तेषामव्यावहारिकराशिविनिर्गतत्वेन व्यावहारिकत्वस्योपदेशपदप्रसिद्धत्वाच्च । तथा च तद्ग्रन्थः—

[1]जं दव्वलिंगकिरियाऽणंतातीया भवंमि सगलावि । सव्वेसिंपाएणं ण य तत्थवि जायमेअंति ॥

---

**સમાધાન** માત્ર 'નિગોદમાંથી નીકળીને' ઇત્યાદિ જે કહ્યું છે એમાં "સૂક્ષ્મપૃથ્વીકાયાદિ જીવો બધા મળીને પણ અસંખ્ય જ હોય છે જે નિગોદના અનંતજીવોની અપેક્ષા એ અત્યંત અલ્પ છે" એ કારણે અથવા તો "એ જીવો ભવિષ્યમાં અવશ્ય વ્યવહારી થવાના હોવાના" કારણે અહીં વિવક્ષાયા નથી એવી સંભાવના લાગે છે, એનો યથાર્થ નિશ્ચયતો બહુશ્રુતો જ કરી શકે છે. આમ અસાંવ્યવહારિક જીવો સૂક્ષ્મપૃથ્વીકાયાદિમાં અને નિગોદોમાં હંમેશાં ગમનાગમન કર્યા કરે છે એ વાત નક્કી થઈ. માટે નિષ્કર્ષ એ આવ્યો કે જેઓ અનાદિ સૂક્ષ્મ-નિગોદમાંથી નીકળીને શેષજીવોમાં ઉત્પન્ન થાય છે તેઓ પૃથ્વીકાય વગેરે વિવિધવ્યવહારનો વિષય બનવાથી સાંવ્યવહારિક છે જ્યારે જેઓ અનાદિકાળથી સૂક્ષ્મ-નિગોદમાં જ રહે છે તેઓ તેવા 'પૃથ્વીકાય' વગેરે વ્યવહારથી પર હોઈ અસાંવ્યવહારિક કહેવાય છે. **પ્રવચન સારોદ્ધારની** વૃત્તિમાં પણ અનાદિસૂક્ષ્મનિગોદજીવો અવ્યવહારી છે" એવું જે કહ્યું છે તેમાં પણ આવો અભિપ્રાય જાણવો કે- સૂક્ષ્મ=સૂક્ષ્મપૃથ્વીકાયાદિ ચાર અને નિગોદ=સૂક્ષ્મ-બાદર સાધારણવનસ્પતિ, અનાદિ= આદિ વિનાના-અર્થાત્ વ્યવહારરાશિને નહિ પામેલા,-તેથી 'સૂક્ષ્મ અને નિગોદજીવો' એમ દ્વન્દ્વ કરો પછી "અનાદિ એવા સૂક્ષ્મનિગોદ જીવો તે અનાદિસૂક્ષ્મનિગોદજીવો" એવો કર્મધારયસમાસ કરવો, કેમકે એવો દ્વન્દ્વ ન કરી બધે (અનાદિ, સૂક્ષ્મ અને નિગોદ એ ત્રણે પદનો) કર્મધારય-સમાસ કરવામાં માત્ર સૂક્ષ્મનિગોદજીવો જ અવ્યવહારી નિશ્ચિત થતા હોઈ બાદરનિગોદજીવોને વ્યવહારી માનવા પડશે જે માનવામાં સિદ્ધો બાદરનિગોદ કરતાં અનંતમા ભાગે જ હોય છે એવું જણાવનાર આગમનો પૂર્વોક્ત રીતિએ વિરોધ થાય છે...(પૃ. નં ૩૯થી ચાલુ થએલો પૂર્વપક્ષ પૂરો).

**[ અભવ્યમાંવ્યવહારિત્વની સ્થાપના ]**

**ઉત્તરપક્ષ-પ્રજ્ઞાપનાવૃત્તિના** અભિપ્રાયને અનુસરીને અભવ્યોમાં જે અવ્યવહારીપણાનો નિર્ણય કરો છો તે શું તેમાં વ્યાવહારિકત્વનું શાસ્ત્રીય લક્ષણ જતું ન હોવાના કારણે કે બીજી કોઈ પરિભાષાને આશ્રીને? પહેલું કારણ બરાબર નથી, કેમકે 'લોકવ્યવહારનો વિષય બની શકે એવું પ્રત્યેક શરીરવાળાપણું' ઇત્યાદિરૂપ તેનું શાસ્ત્રીયલક્ષણ અભવ્યોમાં પણ રહેલું જ છે. તેમજ અનંતીવાર દ્રવ્યક્રિયાનું ગ્રહણ અને ત્યાગ કરેલા તેઓ અવ્યાવહારિકરાશિમાંથી

---

१. यद्द्रव्यलिङ्गक्रिया अनंता अतीता भवे सकला अपि । सर्वेषां प्रायेण न च तत्रापि जातमेतदिति ॥

एतद्वृत्तिः-"जमित्यादि, यद्=यस्माद् द्रव्यलिङ्गक्रिया=पूजाद्यभिलाषेणाव्यावृत्तमिथ्यात्वादिमोहमलतया द्रव्यलिङ्गप्रधानाः शुद्धश्रमणभावयोग्याः प्रत्युपेक्षणाप्रमार्जनादिकाश्चेष्टाः, किम्? इत्याह-अनन्ताः=अनंतनामकसंख्याविशेषानुगताः, अतीताः=व्यतिक्रान्ताः, भवे=संसारे, सकला अपि=तथाविधसामग्रीवशात्परिपूर्णा अपि सर्वेषां भवभाजां प्रायेण अव्यावहारिकराशिगतानल्पकालतन्निर्गतांश्च मुक्त्वेत्यर्थः। ततोऽपि किम्? इत्याह-नच=नैव तत्रापि=तास्वपि सकलासु द्रव्यलिङ्गक्रियासु जातमेतद्=धर्मबीजमित्यादि।"-अथ 'पृथिव्यादिव्यवहारयोगेन तेषां व्यावहारिकत्वेऽप्यावलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्ताधिकसंसारवत्त्वेन न व्यावहारिकत्वमिति परिभाषान्तरमाश्रीयते' इति द्वितीयः पक्षः परिगृह्यते इति चेत्?-परिगृह्यतां यदि बहुश्रुता प्रमाणयन्ति, नैवमस्माकं कापि क्षतिः, मुख्यव्यावहारिकलक्षणपरित्यागेन तेषामव्यक्तमिथ्यात्वनियमाभ्युपगमादिविरुद्धप्रक्रियाया असिद्धेः। न हि परिभाषा वस्तुस्वरूपं त्याजयतीति।

एतेन बादरनिगोदजीवानां व्यावहारिकत्वनिषेधोऽपि प्रत्युक्तः, परिभाषामात्रेण लक्षणसिद्धस्य व्यावहारिकत्वस्य निषेद्धुमशक्यत्वात्। पृथिव्यादिविविधव्यवहारयोगित्वलक्षणस्य तस्य प्राप्तसूक्ष्मनिगोदेतरत्वपर्यवसितस्यानुगतस्यानादिसूक्ष्मनिगोदेतरसर्वजीववृत्तित्वात्। चक्षुर्ग्राह्यशरीरत्वं तूपलक्षणं

---

પણ નીકળી ગયા છે એવું ઉપદેશપદમાં પણ જણાવી દીધું છે. તે આ રીતે "શુદ્ધ સાધુપણામાં જેવી પડિલેહણ-પ્રમાર્જનાદિ ક્રિયાઓ હોય છે તેવી, મિથ્યાત્વાદિમોહરૂપ મલ દૂર થયો ન હોવાના કારણે પૂજા વગેરેની અભિલાષાથી થતી હોઈ દ્રવ્યલિંગપ્રધાન એવી એ ક્રિયાઓ સંસારમાં અવ્યવહારિકરાશિમાં રહેલા તેમજ તેમાંથી અલ્પકાળપૂર્વે જ નીકળેલા જીવોને છોડીને બાકીના બધા જીવોએ અનંતીવાર કરી છે. આવી દ્રવ્યલિંગક્રિયાઓ હોવા છતાં આ ધર્મબીજ પ્રાપ્ત થયું નથી."

**શંકા**—"પૃથ્વી" વગેરેનો વ્યવહાર થતો હોવાના કારણે અભવ્યોમાં વ્યાવહારિકત્વ હોવા છતાં પન્નવણાસૂત્રમાં વ્યવહારિજીવોની જે ઉત્કૃષ્ટસ્થિતિ આવલિકાના અસંખ્યાતમાભાગ જેટલા પુદ્ગલપરાવર્ત્ત કહી છે તે સંગત કરવા ઉક્તકાલથી વધુ સંસાર ન હોવા રૂપ એક બીજું પારિભાષિક વ્યવહારિકત્વ પણ માનવું જોઈએ જે અભવ્યોમાં ન હોવાથી તેઓ અવ્યવહારિક સિદ્ધ થાય છે. આમ અભવ્યોને અવ્યવહારી સિદ્ધ કરવા અન્ય પરિભાષા સ્વીકારવા રૂપ બીજો વિકલ્પ અમે લઈએ છીએ.

**સમાધાન**-તમે એ લઈ શકો છો જો બહુશ્રુતો એવા વિકલ્પને પ્રમાણ માને. એમાં અમારે કોઈ નુકશાન પણ નથી. કેમકે આમ મુખ્ય વ્યાવહારિકત્વ છોડીને તેમજ પારિભાષિક વ્યાવહારિકત્વ નવું કલ્પીને એ પરિભાષાનુસાર તેઓને અવ્યવહારી માનવા અને પછી એ પારિભાષિક-અવ્યવહારિપણાને આગળ કરીને તેઓમાં પણ, મુખ્ય અવ્યવહારિકપણા સાથે સંબંધ ધરાવનાર "જેઓ અવ્યવહારી હોય તેઓ નિયમા અવ્યક્તમિથ્યાત્વી હોય" એ નિયમ ઠોકી બેસાડવો એ વિરુદ્ધ પ્રક્રિયારૂપ હોવાથી અસિદ્ધ રહે છે. કેમકે પરિભાષા કંઈ વસ્તુસ્વરૂપનો ત્યાગ કરાવી દેતી નથી. અર્થાત્ અભવ્યોમાં આવેલું એ પારિભાષિક અવ્યવહારિકપણું પણ કંઈ તેઓમાં રહેલા વાસ્તવિક વ્યવહારિકપણાને કાઢી મૂકતું નથી કે જેથી તેઓ અવ્યક્તમિથ્યાત્વી જ હોવાનો નિયમ સિદ્ધ થાય.

### [ બાદરનિગોદમાં વ્યવહારિકત્વની સ્થાપના ]

આમ પરિભાષા વસ્તુસ્વરૂપને છોડાવતી નથી એવું જે કહ્યું તેનાથી જ "બાદરનિગોદજીવો વ્યાવહારિક નથી, કેમકે એવું હોવામાં આગમવિરોધ થાય" ઇત્યાદિ જે નિષેધ કર્યો તેનો પણ નિરાસ થઈ ગએલો જાણવો, કારણકે શાસ્ત્રીયલક્ષણ જતું હોવાને કારણે સિદ્ધ

न तु लक्षणमित्यावयोः समानं, अन्यथाऽस्माकं सूक्ष्मपृथिवीकायिकादिष्वव्याप्तेरिव तव मते बादरनिगोदेऽतिव्याप्तेरपि प्रसङ्गात् । किं च प्रज्ञापनावृत्त्यभिप्रायेणापि बादरनिगोदजीवानां व्यवहारित्वमेव प्रतीयते, (१) 'ये पुनरनादिकालादारभ्य निगोदावस्थामुपगता एवावतिष्ठन्ते ते व्यवहारपथातीतत्वादसांव्यवहारिका' इति वचनादनादिवनस्पतीनामेवाव्यावहारिकत्वाभिधानात्, (२) "तत्रेदं सूत्रं सांव्यावहारिकानधिकृत्यावसेयं, न चासांव्यवहारिकान्, विशेषविषयत्वात्सूत्रस्य । न चैतत्स्वमनीषिकाविजृम्भितं', यत आहुर्जिनभद्रगणिक्षमाश्रमणपूज्यपादाः [विशेषणवती ५९]

[1]'तह कायटिईकालादओवि सेसे पडुच्च किर जीवे । नाणाइवणस्सइणो जे संववहारबाहिरिया ॥
अत्रादिशब्दात्सर्वैरपि जीवैः श्रुतमनन्तशः स्पृष्टमित्यादि यदस्यामेव प्रज्ञापनायामेव वक्ष्यते प्रागुक्तं च तत्परिग्रहस्ततो न कश्चिद्दोषः" इत्यग्रे व्यक्तमेवानादिवनस्पत्यतिरिक्तानां व्यावहारिकत्वाभिधानाच्च । अनादिवनस्पतय इति च सूक्ष्मनिगोदानामेवाभिधानं, न तु बादरनिगोदानामिति । ग्रन्थान्तरेऽप्ययमेवाभिप्रायो ज्ञायते ।

થએલ વ્યાવહારિકત્વનો પરિભાષામાત્રથી નિષેધ કરી શકાતો નથી. વ્યવહારિત્વનું શાસ્ત્રોક્ત સ્વરૂપ 'પૃથિવી' વગેરે વિવિધ વ્યવહારના વિષય બનવું એ છે જે અનુગત એવી સૂક્ષ્મનિગોદથી ભિન્નપણાની પ્રાપ્તિમાં પર્યવસિત થાય છે અને અનાદિસૂક્ષ્મનિગોદજીવો સિવાયના દરેક જીવોમાં રહ્યું છે. બાકી "જેનું શરીર ચક્ષુગ્રાહ્ય હોય તે વ્યાવહારિક" એવી વ્યાખ્યા તો 'ઉપલક્ષણરૂપ છે, લક્ષણરૂપ નહિં' એ વાત આપણે બન્નેને માટે સમાન છે, કેમકે જો એ લક્ષણરૂપ જ હોય તો અમારે વ્યવહારી તરીકે સંમત એવા સૂક્ષ્મપૃથ્વીકાયાદિમાં અવ્યાપ્તિદોષની અને તમારે અવ્યવહારી તરીકે સંમત બાદરનિગોદમાં અતિવ્યાપ્તિદોષની આપત્તિ આવે.

**[બા. નિ. માં વ્યવહારિત્વનું પન્નવણાવૃત્ત્યનુસારે સમર્થન]**

વળી **પ્રજ્ઞાપના**વૃત્તિના અભિપ્રાય મુજબ પણ 'બાદરનિગોદજીવો તો વ્યવહારી જ છે' એ વાત નીચેની બે યુક્તિઓથી જણાય છે. (૧) "જેઓ અનાદિકાલથી માંડીને નિગોદ અવસ્થામાં જ રહે છે તેઓ વ્યવહારથી પર હોઈ અસાંવ્યવહારિક છે" એવું તેનું (પ્રજ્ઞાપનાવૃત્તિનું) વચન અનાદિવનસ્પતિને જ અવ્યાવહારિક જણાવે છે. તેમજ (૨) પન્નાવણાના વૃત્તિકારે જ અનાદિ વનસ્પતિ સિવાયના બીજા બધા જીવોને પન્નાવણાનીવૃત્તિમાં જ આગળ સ્પષ્ટ રીતે વ્યાવહારિક કહ્યા છે. તે આ રીતે "તેમાં આ સૂત્ર સાંવ્યાવહારિકજીવોને ઉદ્દેશીને છે, અસાંવ્યાવહારિકજીવોને ઉદ્દેશીને નહિ, કેમકે તે (સૂત્ર) વિશેષવિષયક છે. આ વાત અમે અમારી કલ્પનાથી ઉપજાવી કાઢેલી નથી, કેમકે પૂજ્યપાદ **શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે** પણ **વિશેષણવતી** ગ્રન્થમાં કહ્યું છે કે 'તથા કાયસ્થિતિનો કાલ વગેરે પણ જે કહ્યા છે તે શેષજીવોને ઉદ્દેશીને સમજવા, અનાદિ વનસ્પતિજીવોને ઉદ્દેશીને નહિ કે જેઓ સંવ્યવહારબાહ્ય છે.' અહીં 'આદિ' શબ્દથી 'બધા જીવોએ શ્રુત અનંતી વાર મેળવ્યું છે' ઈત્યાદિ જે આ **પ્રજ્ઞાપનાસૂત્રમાં** જ આગળ કહેવાશે તેમજ પૂર્વે કહી ગયા તે બધાનો સમાવેશ છે. તેથી કોઈ દોષ રહેતો નથી" આમ પ્રજ્ઞાપનાના વૃત્તિકારે પણ અનાદિ વનસ્પતિને અવ્યવહારબાહ્ય તરીકે માન્ય રાખવા દ્વારા અનાદિ વનસ્પતિને અવ્યવહારિક કહ્યા છે અને આગળ તદ્‌ભિન્ન જીવોને વ્યાવહારિક કહ્યા છે. વળી 'અનાદિ વનસ્પતિ' તો સૂક્ષ્મનિગોદનું જ નામ છે, બાદર નિગોદનું નહિ. માટે સૂક્ષ્મનિગોદ જ અવ્યવહારરાશિ છે. તદ્‌ભિન્ન એવી બાદરનિગોદ તો વ્યવહારરાશિ જ છે. તેથી પ્રજ્ઞાપનાવૃત્તિના અભિપ્રાય મુજબ પણ બાદરનિગોદજીવો વ્યવહારરાશિમાં હોવા જ જણાય છે. બીજા ગ્રન્થોમાં પણ આજ અભિપ્રાય હોવો જણાય છે.

1. तथा कायस्थितिकालादयोऽपि शेषान् प्रतीत्य किल जीवान् । नानादिवनस्पतीन् ये संव्यवहारबाह्याः ॥

उक्तं च लघूपमितभवप्रपञ्चग्रन्थे श्रीचन्द्रसूरिशिष्यश्रीदेवेन्द्रसूरिभिः—[६७-७४]

अस्त्यत्र लोके विख्यातमनन्तजनसंकुलम् । यथार्थनामकमसंव्यवहाराभिधं पुरम् ॥
तत्रानादिवनस्पतिनामानः कुलपुत्रकाः । वसन्ति च तत्र कर्मपरिणाममहीभुजा ॥
नियुक्तौ तीव्रमोहोदयात्यन्ताबोधनामकौ । महत्तमबलाध्यक्षौ तिष्ठतः स्थायिनौ सदा ॥
ताभ्यां कर्मपरिणाममहाराजस्य शासनात् । निगोदाख्यापवरकेष्वसंख्येयेषु दिवानिशम् ॥
क्षिप्त्वा संपिण्ड्य धार्यन्ते सर्वेऽपि कुलपुत्रकाः । प्रसुप्तवन्मूर्छितवन्मत्तवन्मृतवच्च ते ॥युग्मम्॥
ते स्पष्टचेष्टाचैतन्यभाषादिगुणवर्जिताः । छेदभेदप्रतीघातदाहादीन्नाप्नुवन्ति च ॥
अपरस्थानगमनप्रमुखो नापि कश्चन । क्रियतेऽन्योऽपि तैर्लोकव्यवहारः कदाचन ॥
संसारिजीवसंज्ञेन वास्तव्येन कुटुंबिना । कालो निर्गमितः पूर्वं तत्रानन्तो मयापि हि ॥

तथा अत्रैव कियदन्तरे—[२६-३३]

तत्रैकाक्षनिवासाख्ये नगरे प्रथमं खलु । अमीभिरस्ति गन्तव्यमर्थनं युवयोश्च तत् ॥
ताभ्यामपि तथेत्युक्ते ते सर्वे तत्पुरं ययुः । तस्मिंश्च नगरे सन्ति महान्तः पञ्चपाटकाः ॥
एकं पाटकमङ्गुल्या दर्शयन्नग्रतः स्थितम् । मामेवमथ तन्वङ्गि तीव्रमोहोदयोऽब्रवीत् ॥
त्वमत्र पाटके तिष्ठ भद्र! विश्वस्तमानसः । पाश्चात्यपुरतुल्यत्वाद् भाव्येष धृतिदस्तव ॥
यथाहि तत्र प्रासादगर्भागारस्थिता जनाः । सन्त्यनन्ता पिण्डिताङ्गास्तथैवात्रापि पाटके ॥
वर्तन्ते किन्तु ते लोकव्यवहारपराङ्मुखाः । मनीषिभिः समाम्नातास्तेनाऽसांव्यवहारिकाः ॥
गमागमादिकं लोकव्यवहारममी पुनः । कुर्वन्ति सर्वदा तेन प्रोक्ताः सांव्यवहारिकाः ॥
अनादिवनस्पतय इति तेषां समाभिधा । एषां तु वनस्पतय इति भेदो यथापरः ॥

---

[ આ. નિગોદવ્યવહારિત્વસિદ્ધિમાં ગ્રન્થસાક્ષીઓ ]

**લઘૂપમિતપ્રપંચગ્રન્થમાં શ્રી ચન્દ્રસૂરિના** શિષ્ય શ્રી **દેવેન્દ્રસૂરિએ કહ્યું** છે કે "આ લોકમાં પ્રસિદ્ધ અનંતજનથી વ્યાપ્ત યથાર્થનામવાળું અસંવ્યવહાર નામનું નગર છે. તેમાં **અનાદિવનસ્પતિ** નામના કુલપુત્રો રહે છે. અને ત્યાં **કર્મપરિણામ** રાજા વડે નિયુક્ત કરાએલા **તીવ્રમોહોદય અને અત્યન્તઅબોધ** નામના મહત્તમ અને બલાધ્યક્ષ હંમેશા રહે છે. કર્મપરિણામરાજાની આજ્ઞાથી તે બે જણા તે બધા કુલપુત્રકોને **નિગોદ** નામના અસંખ્ય ઓરડાઓમાં નાખીને અને એકદમ જકડીને ભેગા કરીને સુતેલા, મૂર્છિત, મત્ત કે મૃત માણસની જેમ પકડી રાખે છે. સ્પષ્ટ ચેષ્ટા-ચૈતન્ય-ભાષા વગેરે ગુણોથી શૂન્ય તેઓ છેદન-ભેદન-પ્રતિઘાત-દાહ વગેરે પામતા નથી. બીજી જગાએ જવા વગેરે રૂપ બીજો પણ કોઈ લોકવ્યવહાર તેઓ વડે કરાતો નથી. **સંસારિજીવ** નામના અને ત્યાંના રહેવાસી કુટુમ્બી એવા મારા વડે ત્યા પણ પહેલાં અનંતકાલ પસાર કરાયો છે." વળી આ ગ્રન્થમાં જ થોડું આગળ કહ્યું છે કે "ત્યાં પહેલા **એકાક્ષનિવાસ** નામના નગરમાં આ લોકોએ જવાનું છે અને તમને બેને તે વાત ઈષ્ટ જ છે' તીવ્રમોહોદય અને અત્યંત અબોધને આમ કહેવાએ છતે તે બે જણાએ એ વાત સ્વીકારવાથી બધા તે એકાક્ષનિવાસ નગરમાં ગયા જે નગરમાં પાંચ મોટા પાડા હતાં. આગળ રહેલા એક પાડાને આંગળીથી ચીંધતો તીવ્રમોહોદય આમ બોલ્યો. હે ભદ્ર! તું અહીં વિશ્વાસપુર્વક રહે. પુર્વનાનગર જેવું જ આ પણ હોવાથી અહીં તને ધીરજ વળશે. જેમ તારા પુર્વના નગરમાં પ્રાસાદના ભોંયરામાં અનંતા લોકો જકડાઈને એકમેક શરીરવાળા થઈને રહ્યા હતા તેમ જ અહી પણ રહ્યા છે. ફેર એટલો જ છે કે એ નગરના લોકો લોકવ્યવહારથી પરાઙ્મુખ હતા તેથી પંડિતો વડે અસાંવ્યાવહારિક કહેવાતા હતા જ્યારે આ નગરના લોકો ગમનાગમન વગેરે લોકવ્યવહાર હંમેશાં કરે છે અને તેથી સાંવ્યાવહારિક કહેવાય છે. વળી એ પૂર્વનગરના લોકોનું નામ અનાદિવનસ્પતિ હતું જ્યારે આ લોકોનું નામ વનસ્પતિ છે એ પણ એક બીજો ફેરફાર જાણવો."

वृद्धोपमितभवप्रपञ्चग्रन्थेऽप्येवमेवोक्तमस्ति, तथाहि "अस्तीह लोके आकालप्रतिष्ठमनन्तजनसंकुलमसंव्यवहारं नाम नगरम् । तत्र सर्वस्मिन्नगरेऽनादिवनस्पतिनामानः कुलपुत्रकाः प्रतिवसन्ति" इत्यादि । "उक्तौ च भवितव्यतया महत्तमबलाधिकृतौ-यदुत मया युवाभ्यां चामीभिः सह यातव्यं यतो भर्तृदेवता नारीति न मोक्तव्यो मया संसारी जीवः । यच्चास्ति युवयोरपि प्रतिजागरणीयमेकाक्षनिवासं नाम नगरं, तत्रामीभिर्लोकैः प्रथमं गन्तव्यम् । ततो युज्यते युवाभ्यां सह चामीषां तत्रासितुं नान्यथा । ततो यद् भवती जानातीत्यभिधाय प्रतिपन्नं तद्वचनं महत्तमबलाधिकृताभ्याम् । प्रवृत्ताः सर्वेऽपि, समागतास्तदेकाक्षनिवासं नगरम् । तत्र नगरे महान्तः पञ्च पाटका विद्यन्ते । ततोऽहमेकं पाटकं कराग्रेण दर्शयता तीव्रमोहोदयेनाऽभिहितः–भद्र ! संसारिजीव ! तिष्ठ त्वमत्र पाटके, यतोऽयं पाटकोऽसंव्यवहारनगरेण बहुतरं तुल्यो वर्त्तते । भविष्यत्यत्र तिष्ठतो धृतिरित्यादि । ततोऽहं यदा तत्राऽसंव्यवहारनगरेऽभूवं, तदा मम जीर्णायां जीर्णायामपरां गुटिकां दत्तवती, केवलं सूक्ष्ममेव मे रूपमेकाकारं सर्वदा तत्प्रयोगेण विहितवती । तत्र पुनरेकाक्षनिवासनगरे समागता तीव्रमोहात्यन्ताबोधयोः कुतूहलमिव दर्शयन्ती तेन गुटिकाप्रयोगेण ममानेकाकारं स्वरूपं प्रकटयति स्मेत्यादि ।"

समयसारसूत्रवृत्त्योरप्युक्तं–"[1]अहवा संववहारिया य असंववहारिया य ।" तद्वृत्तिः–अथवेति द्वैविध्यस्यैव प्रकारान्तरोद्द्योतने । एतदेव स्पष्टयन्नाह–"तत्थ जे अणाइकालाओ आरब्भ सुहुमणिगोएसु चिट्ठंति न कयाइ तसाइभावं पत्ता ते असंववहारिया । जे पुण सुहुमणिगोएहिंतो निग्गया

મોટા ઉપમિતભવપ્રપંચગ્રન્થમાં પણ આવું જ કહ્યું છે. તે આ રીતે "આ લોકમાં હંમેશ માટેનું રહેલું અને અનંતલોકોથી ભરેલું અસંવ્યવહાર નામનું નગર છે. તે આખા નગરમાં અનાદિવનસ્પતિ નામના કુલપુત્રો વસે છે." વગેરે... "અને ભવિતવ્યતા વડે મહત્તર અને બલાધિકૃત કહેવાયા કે 'મારે અને તમારે બે જણાએ આ બધાની સાથે જવાનું છે, કેમકે નારીને પતિ જ દેવતા હોય છે એ ન્યાયે મારે સંસારીજીવને છોડવાનો નથી, અને તમારે પણ જે એકાક્ષનિવાસ નામના નગરની સંભાળ રાખવાની છે ત્યાં જ આ લોકોએ પહેલાં જવાનું છે. તેથી તમારા બેનો સાથે આ લોકોએ ત્યાં રહેવું યોગ્ય છે, બીજી રીતે નહિ (અર્થાત્ તેથી તમારે બે એ પણ આ બધાની સાથે જવાનું છે.)' પછી મહત્તમ અને બલાધિકૃત વડે 'જેમ તમે જાણો (કહો) તેમ' એમ કહી તેણીનું વચન સ્વીકારાયું. પછી બધા ઉપડ્યા. એકાક્ષનિવાસ નગરમાં આવ્યા. તે નગરમાં પાંચ મોટા પાડાઓ છે. તેમાંથી એક પાડાને હસ્તના અગ્રભાગથી દેખાડતાં તીવ્રમોહોદય વડે હું કહેવાયો–'હે ભદ્ર ! સંસારિજીવ ! તું આ પાડામાં રહે, કેમકે આ પાડો અસંવ્યવહારનગરને ઘણો મળતો છે. તેથી અહીં રહેતાં તને કળ વળશે. પછી જ્યારે હું તે અસંવ્યવહાર નગરમાં હતો ત્યારે તો ભવિતવ્યતા મને પૂર્વપૂર્વની ગોળી જીર્ણ થઈ ગએ છતે બીજી આપતી, પણ એ ગોળી વડે હંમેશાં મારું એક જ આકારવાળું સૂક્ષ્મરૂપ જ કરતી. ત્યારે તે એકાક્ષનિવાસનગરમાં આવેલી તે ભવિતવ્યતા જાણે કે તીવ્રમોહ–અત્યન્તઅબોધને કુતૂહલ દેખાડતી ન હોય તેમ તે ગોળી આપીને મારા અનેક આકારવાળા સ્વરૂપને પ્રકટ કરતી હતી વગેરે..."

સમયસારસૂત્ર અને તેની વૃત્તિમાં પણ કહ્યું છે કે "અથવા સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિક" આની વૃત્તિ–'અથવા' શબ્દ, 'દ્વૈવિધ્ય દેખાડવાની આ બીજી રીત છે' એવું જણાવવા વપરાયો છે. આ બીજી રીતને જ સ્પષ્ટ કરતાં કહે છે–"તેમાં જેઓ અનાદિકાળથી માંડીને સૂક્ષ્મનિગોદમાં રહે

१. अथवा सांव्यवहारिकाश्चासांव्यवहारिकाश्च । तत्र ये अनादिकालादारभ्य सूक्ष्मनिगोदेषु तिष्ठन्ति, न कदाचित्त्रसादिभावं प्राप्तास्ते असांव्यवहारिकाः । ये पुनः सूक्ष्मनिगोदेभ्यो निर्गताः शेषजीवेषूत्पन्नास्ते सांव्यवहारिकाः । ते च पुनरपि सूक्ष्मनिगोदत्वं प्राप्ता अपि सांव्यवहारिका एव भण्यन्ते ।

सेसजीवेसु उप्पन्ना ते संववहारिआ । ते अ पुणोवि सुहुमणिगोअत्तं पत्तावि संववहारिअच्चिय भण्णंति ॥'' इदमत्र हृदयं-सर्वसंसारिणां प्रथममनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावस्थानं, तेभ्यश्च निर्गताः शेषजीवेषूत्पन्नाः पृथ्व्यादिव्यवहारयोगात्सांव्यवहारिकाः । ते च यद्यपि कदाचिद् भूयोऽपि तेष्वेव निगोदेषु गच्छन्ति, परं तत्रापि सांव्यवहारिका एव, व्यवहारपतितत्वात् । ये न कदाचित्ते-भ्यो निर्गताः,

[1]अत्थि अणंता जीवा जेहिं ण पत्तो तसाइपरिणामो । तेवि अणंताणंता णिगोअवासं अणुहवंति ॥

इति [विशेषणवति] वचनात्तत्रैवोत्पत्तिव्ययभाजस्ते तथाविधव्यवहारातीतत्वादसांव्यवहारिका इति । तत्रैवाग्रेऽप्युक्तं-[2]तेरसविहा जीवा जहा एगे सुहुमणिगोअरूवे असंववहारभेए । बारस संववहारिआ ते अ इमे-पुढवी-आऊ-तेउ-वाउ-णिगोआ, सुहुमबायरत्तेण दुदु भेआ पत्तेअवणस्सई तसा य ॥'' सांव्यवहारिकाऽसांव्यवहारिकत्वेन जीवानां द्वैविध्यं प्राग् दर्शितम् । तत्राऽसांव्यवहारिको राशिरेक एव, सूक्ष्मनिगोदानामेवाऽसांव्यवहारिकत्वात्, सांव्यवहारिकभेदास्तु द्वादश, ते च इमे पृथिव्यादयः पञ्च, सूक्ष्मबादरतया द्विभेदाः, प्रत्येकवनस्पतयः त्रसाश्चेति ॥

तथा भवभावनावृत्तावप्युक्तं—"[1]अणाइमं एस भवे, अणाइमं च जीवे, अणाई अ सामन्नेण तस्स नाणावरणाइकम्मसंजोगो, अपज्जवसिओ अभव्वाणं, सपज्जवसिओ उण भव्वाणं । विसेसओ उण मिच्छत्ताविरइपमायकसायजोगेहिं कम्मसंजोगो जायइत्ति । सव्वेसिंपि जीवाणं साईओ चेव, एसो जाओ अकामणिज्जरा-बालतवोकम्मसम्मत्तनाणविरइगुणेहिं अवस्समेव विहडइत्ति । सव्वेसिं

છે, ક્યારેય ત્રસાદિપણું પામ્યા નથી તેઓ અસાંવ્યવહારિક છે. અને જેઓ સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને શેષજીવોમાં ઉત્પન્ન થયા છે તેઓ સાંવ્યવહારિક છે. એ પછી તેઓ પુનઃ સૂક્ષ્મનિગોદપણું પામે તો પણ સાંવ્યવહારિક જ કહેવાય છે.'' અહીં આ તાત્પર્ય છે-**સર્વસંસારીજીવો** પહેલાં અનાદિકાલથી માંડીને તો સૂક્ષ્મનિગોદમાં જ રહે છે. ત્યાંથી એકવાર નીકળીને બીજા જીવોમાં ઉત્પન્ન થાય છે ત્યારથી માંડીને પૃથ્વી વગેરે વ્યવહારનો યોગ થવાથી તેઓ સાંવ્યવહારિક કહેવાય છે. જોકે તેઓ એ પછી ક્યારેક પુનઃ નિગોદમાં જાય છે છતાં ત્યાં પણ તેઓ સાંવ્યવહારિક જ કહેવાય છે, કેમકે વ્યવહારમાં આવી ગયા છે. "અનંતાજીવો એવા છે જેઓ ત્રસાદિપરિણામ પામ્યા નથી. તેવા પણ અનંતાનંતજીવો નિગોદવાસને અનુભવે છે." એવા **વિશેષણવતી**ના વચન મુજબ જેઓ એ સૂક્ષ્મનિગોદમાંથી ક્યારેય બહાર નીકળ્યા જ નથી અને ત્યાં જ જન્મ-મરણ અનુભવ્યા કરે છે તેઓ 'પૃથ્વી' વગેરેના વ્યવહારથી પર હોઈ અસાંવ્યવહારિક કહેવાય છે. એ **સમયસારગ્રન્થમાં** જ આગળ પણ કહ્યું છે કે "જીવો તેર પ્રકારે છે-સૂક્ષ્મનિગોદરૂપ અસંવ્યવહારભેદ અને બાર સાંવ્યવહારિકભેદો. તે આ—પૃથ્વી-અપ-તેઉ-વાયુ-નિગોદ આ પાંચેના સૂક્ષ્મ-બાદર એમ બબ્બે ભેદ, તેથી કુલ ૧૦ ભેદ. પ્રત્યેકવનસ્પતિ અગ્યારમો અને ત્રસ બારમો ભેદ. આની વૃત્તિ-સાંવ્યવહારિક અને અસાંવ્યવહારિકરૂપે જીવોનું દ્વૈવિધ્ય પહેલાં દેખાડ્યું. એમાં અસાંવ્યવહારિકનો ભેદ એક જ છે, કેમકે સૂક્ષ્મનિગોદજીવો જ અસાંવ્યવહારિક હોય છે. સાંવ્યવહારિકના ભેદો બાર છે-આ પૃથ્વી વગેરે પાંચના સૂક્ષ્મ-બાદર બબ્બે ભેદો, પ્રત્યેકવનસ્પતિ અને ત્રસ."

---

१ सन्त्यनन्ता जीवा यैः न प्राप्तस्त्रसादिपरिणामः । तेऽप्यनन्तानन्ता निगोदवासमनुभवन्ति ॥

२ त्रयोदशविधाजीवा यथा एकः सूक्ष्मनिगोदरूपोऽसंव्यवहारभेदः द्वादश सांव्यवहारिकाः-ते चेमे-पृथिव्यप्तेजोवायुनिगोदाः सूक्ष्मबादरत्वेन द्वौ द्वौ भेदौ, प्रत्येकवनस्पतयः त्रसाश्च ॥

१. अनादिमानेष भवः, अनादिमांश्चजीवः, अनादिश्च सामान्येन तस्य ज्ञानावरणादिकर्मसंयोगः, अपर्यवसितोऽभव्यानां, सपर्यवसितश्च पुनर्भव्यानाम् । विशेषतः पुनर्मिथ्यात्वाविरतिप्रमादकषाययोगैः कर्मसंयोगो जायते, इति

सपज्जवसिओ चेव । तेण य कम्मपोग्गलसंजोअणाणुभावेण वसंति सव्वेवि पाणिणो पुव्विं ताव अणंताणंतपोग्गलपरिअट्टे अणाइवणस्सइणिगोएसु, पीडिज्जंति तत्थेगणिगोअसरीरे अणंता, परिणमंति असंखणिगोअसमुदयणिप्फण्णगोलयभावेण, समगमणंता जीवा ऊससंति, समगं णीससंति, समगं आहारेंति, समगं परिणामयंति, समगं उप्पज्जंति, समगं विपज्जन्ति, थीणद्धीमहाणिद्दागाढनाणावरणाइकम्मपोग्गलोदएण न वेअंति अप्पाणं, न मुणंति परं, न सुणंति सद्दं, न पेच्छंति सरूवं, न अग्घायंति गंधं, न बुज्झंति रसं, न विंदंति फासं, न सरंति कयाकयं, मइपुव्वं न चलंति, न फंदंति, ण सीयमणुसरंति, नायवमुवगच्छंति । केवलं तिव्वविसयवेयणाभिभूअमज्जपाणमत्तमुच्छिय-पुरिसव्व जहुत्तरकालं तेसु वसिऊण कहमवि तहाभव्वत्तभवियव्वयाणिओगेण किंपि तहाविहडिअ-कम्मपोग्गलसंजोगा तेहिंतो णिग्गंतुमुववज्जंति केइ साहारणवणस्सइसु अल्लय-सूरण-गज्जर-वज्जकंदाइरूवेण इत्यादि ।

---

તથા ભવભાવનાવૃત્તિમાં પણ કહ્યું છે કે-" અનાદિમાન્ આ સંસાર છે, અને અનાદિમાન્ જીવ છે, અને સામાન્યત: જ્ઞાનાવરણાદિકર્મસંયોગ પણ તેનો અનાદિ છે જે સંયોગ અભવ્યોનો કયારેય અંત પામતો નથી જયારે ભવ્યોનો અંત પામે છે. વિશેષ રીતે વિચારીએ તો-મિથ્યાત્વ-અવિરતિપ્રમાદ-કષાય અને યોગોથી કર્મસંયોગ થાય છે. અને આ વિશેષ કર્મસંયોગ બધાને સાદિ જ હોય છે તેમજ ઉત્પન્ન થએલ આ સંયોગ અકામનિર્જરા-બાળતપ-ક્રિયા-સમ્યકૃત્વ-જ્ઞાન-વિરતિ વગેરે ગુણોથી અવશ્ય નાશ પામે છે તેથી બધાને સાન્ત જ હોય છે. વળી આ કર્મપુદ્ગલસંયોગના વિપાકથી સર્વે જીવો પહેલાં અનંતાનંતપુદ્ગલપરાવર્ત્ત સુધી અનાદિવનસ્પતિનિગોદોમાં રહે છે. અસંખ્ય નિગોદશરીરના સમુદાયથી થએલ ગોલા તરીકે પરિણમે છે. એક એક નિગોદશરીરમાં અનંતાજીવો પીડાય છે. તે અનંતાજીવો એકસાથે ઉચ્છ્વાસ લે છે. એકસાથે નિ:શ્વાસ મૂકે છે, એકસાથે આહાર લે છે, એકસાથે ઉત્પન્ન થાય છે, એકસાથે નાશ પામે છે, થીણદ્ધમહાનિદ્રાગાઢજ્ઞાનાવરણ વગેરે કર્મપુદ્ગલોના ઉદયના કારણે પોતાને ઓળખતા નથી, બીજાને જાણતા નથી, શબ્દ સાંભળતા નથી, પોતાના રૂપને જોતા નથી, ગંધને સૂંઘતા નથી સ્વાદને ઓળખતા નથી, સ્પર્શને અનુભવતા નથી, શું કર્યું અને શું નથી કર્યું ? એને યાદ કરતાં નથી, બુદ્ધિપૂર્વક ચાલતાં નથી કે હલતાં નથી, ઠંડી પામતાં નથી કે ગરમી અનુભવતાં નથી. (ઠંડી ગરમી બાદરપુદ્ગલોની હોય છે અને બાદરજીવોને તેની અસર હોય છે. માટે સૂક્ષ્મજીવોને તે હોતી નથી.) માત્ર તીવ્રવિષયવેદનાથી પરાભવ પામેલા-મદ્યપાનથી મત્ત-મુર્છિત થએલા પુરુષની જેમ યથોક્તકાલ સુધી ત્યાં રહીને પછી ગમે તે રીતે તથાભવ્યત્વરૂપ ભવિતવ્યતાનાનિયોગના કારણે કાંઈક તેવા પ્રકારે કર્મપુદ્ગલસંયોગ નાશ થવાથી તેમાંથી નીકળીને કેટલાક જીવો (બાદર) સાધારણવનસ્પતિકાયમાં આદુ-સુરણ-ગાજર-વજ્રકંદ વગેરે રૂપે ઉત્પન્ન થાય છે.

---

सर्वेषामपि जीवानां सादिक एव एष जात:, अकामनिर्जराबालतप:कर्मसम्यक्त्वज्ञानविरतिगुणैरवश्यमेव विघटते इति सर्वेषां सपर्यवसित एव । तेन च कर्मपुद्गलसंयोजनानुभावेन वसन्ति सर्वेऽपि प्राणिन: पूर्वं तावदनन्तानन्तपुद्गलपरावर्त्ताननादिवनस्पतिनिगोदेषु, पीड्यन्ते तत्रैकनिगोदशरीरेऽनन्ता:, परिणमन्ति असंख्यनिगोदसमुदयनिष्पन्नगोलकभावेन । समकमनन्ता जीवा उच्छ्वसन्ति, समकं नि:श्वसन्ति, समकमाहारयन्ति, समकं परिणामयन्ति, समकमुत्पद्यन्ते, समकं विपद्यन्ते, स्त्यानर्द्धिमहानिद्रागाढज्ञानावरणादिकर्मपुद्गलोदयेन न वेदयन्त्यात्मानं, न जानन्ति परं, न शृण्वन्ति शब्दं, न पश्यन्ति स्वरूपं, नाजिघ्रन्ति गन्धं, न बुद्ध्यन्ते रसं, न वेदयन्ति स्पर्शं न स्मरन्ति कृताकृतं, मतिपूर्वं न चलन्ति, न स्पन्दन्ते, न शीतमनुस्मरन्ति, नातपमुपगच्छन्ति । केवलं तीव्रविषयवेदनाभिभूतमद्यपानमत्तमुच्छितपुरुषवद् यथोत्तरकालं तेषूषित्वा कथमपि तथाभव्यत्वभवितव्यतानियोगेन किमपि तथाविघटितकर्मपुद्गलसंयोगास्तेभ्यो निर्गत्योत्पद्यन्ते केचित्साधारणवनस्पतिषु आर्द्रक-सूरण-गर्जर-वज्रकन्दादिरूपेण ॥

तथा तत्रैव प्रदेशान्तरे प्रोक्तं—ततो बलिनरेन्द्रेणोक्तं "स्वामिन् ! तर्हीदमेव श्रोतुमिच्छामि, प्रसादं विधाय निवेदयन्तु भगवन्तः ।" ततः केवलिना प्रोक्तं—महाराज ! सर्वायुषाऽप्येतत्कथयितुं न शक्यते । केवलं यदि भवतां कुतूहलं तर्हि समाकर्णयत, संक्षिप्य किंचित्कथ्यते-इतोऽनन्तकालात्परतो भवान् किल चारित्रसैन्यसहायो भूत्वा मोहारिबलक्षयं करिष्यतीति कर्मपरिणामेनासंव्यवहारपुरान्निष्काश्य समानीतो व्यवहारनिगोदेषु । ततो विज्ञाततद्व्यतिकरैर्मोहारिभिः प्रकुपितैर्विधृतस्तेष्वेव त्वमनन्तं कालम् । ततः पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुष्पञ्चेन्द्रियतिर्यक्षु नरकेष्वनार्यमनुष्येषु चानीतस्त्वं कर्मपरिणामेन, पुनः पुनरनन्तवाराः कुपितैर्मोहादिभिर्व्यावर्त्य नीतोऽसि पश्चान्मुखो निगोदादिषु, एवं तावद् यावद्भावितोऽस्यतिदुःखितस्तैरनन्तानन्तपुद्गलपरावर्त्तान् । ततश्चार्यक्षेत्रेऽपि लब्धमनुष्यत्वमनन्तवाराः, किन्तु हारितं क्वचित् कुजातिभावेन, क्वापि कुलदोषेण, क्वचिज्जात्यन्धबधिरखञ्जत्वादिवैरूप्येण, क्वापि कुष्ठादिरोगैः, क्वचिदल्पायुष्कत्वेन, एवमनन्तवाराः (रम्), किन्तु धर्मस्य नामाप्यज्ञात्वा भ्रान्तस्तथैव (स्तेष्वेव) पराङ्मुखो व्यावृत्त्यानन्तपुद्गलपरावर्त्तानेकेन्द्रियादिषु, ततोऽन्यदा श्रीनिलयनगरे धनतिलकश्रेष्ठिनो जातस्त्वं वैश्रमणनामा पुत्रः । तत्र च 'स्वजनधनभवनयौवनवनितातत्त्वाद्यनित्यमिदमखिलं ज्ञात्वाऽऽपत्त्राणसहं धर्मं शरणं भजत लोकाः' इति वचनश्रवणाज्जाता धर्मकरणबुद्धिः । केवलं साऽपि कुदृष्टिसंभवा महापापबुद्धिरेव परमार्थतः सञ्जाता । तद्वशीकृतेन च स्वयंभूनाम्नस्त्रिदण्डिनः शिष्यत्वं प्रतिपन्नम् । ततस्तदपि मानुषत्वं

---

તથા એ જ ગ્રન્થમાં બીજે ઠેકાણે કહ્યું છે કે-"પછી બલિનરેન્દ્રે કહ્યું કે-સ્વામિન્ ! તો હું આ જ સાંભળવાને ઈચ્છું છું. કૃપા કરીને આપ મને કહો. પછી કેવલી ભગવંતે કહ્યું-મહારાજ ! સંપૂર્ણ આયુષ્ય પૂરું થાય તો પણ એ કહી શકાય એવું નથી. છતાં જો તમને કુતૂહલ હોય તો સાંભળો, સંક્ષેપથી કંઈક કહું છું. "હવે પછી અનંતકાળ પછી તમે ચારિત્ર સૈન્યની સહાયવાળા બની મોહરૂપશત્રુના સૈન્યનો નાશ કરશો" એવું વિચારીને કર્મપરિણામ વડે અસંવ્યવહારનગરમાંથી બહાર ખેંચીને તમે વ્યવહારનિગોદમાં લવાયા. પછી આ વાત જાણીને ગુસ્સે થએલા મોહશત્રુઓ વડે તમે ત્યાં જ અનંતકાળ માટે જકડી રખાયા. એ પછી કર્મપરિણામ વડે તમે પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાય-બેઈન્દ્રિય-તેઈન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિયતિર્યંચભવોમાં-નરકોમાં અને અનાર્ય મનુષ્યોમાં લવાયા. પણ ગુસ્સે થએલા મોહ વગેરે વડે તમે ફરી ફરી અનંતવાર પાછા નિગોદમાં ધકેલાયા. આવું અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત કાળ માટે ત્યાં સુધી ચાલ્યા કર્યું જ્યાં સુધીમાં અતિદુઃખિત તમે તે મોહશત્રુઓથી બરાબર ભાવિત થઈ ગયા. પછી તો આર્યક્ષેત્રમાં પણ અનંતવાર મનુષ્યપણું મેળવ્યું, પણ ક્યારેક કુજાતિના કારણે, ક્યારેક કુલના દોષે કરીને, ક્યારેક જન્મથી મળેલ અંધત્વ-બહેરાશ-લંગડાપણું વગેરે વિરૂપતાના કારણે, ક્યારેક કુષ્ઠ વગેરે રોગોના નિમિત્તે, ક્યારેક અલ્પ આયુષ્યના કારણે એ મનુષ્યપણું હારી ગયા. આવું અનંતીવાર બન્યું પણ ધર્મનું તો નામ પણ જાણ્યા વિના જ ભમ્યા અને નિગોદમાં પાછા ફરીને અનંતપુદ્ગલપરાવર્ત્ત સુધી એકેન્દ્રિયાદિમાં ભટકયા તે પછી એકવાર **શ્રીનિલયનગરમાં** તમે **ધનતિલક શ્રેષ્ઠીના વૈશ્રમણનામે** પુત્ર થયા. અને ત્યાં "સ્વજન-ધન-ભવન-યૌવન-સ્ત્રી વગેરે આ બધા તત્ત્વો અનિત્ય છે એવું જાણીને હે લોકો ! આપત્તિમાંથી રક્ષણ કરવામાં સમર્થ એવા ધર્મનું શરણુ સ્વીકારો" એવું વચન સાંભળીને ધર્મ કરવાની બુદ્ધિ (ઇચ્છા) થઈ. પણ એ પણ કુદૃષ્ટિમાંથી ઉત્પન્ન થએલ હોઈ પરમાર્થથી તો મહાપાપબુદ્ધિરૂપે જ પરિણમી. તે બુદ્ધિને વશ થઈ તમે સ્વયંભૂનામના ત્રિદંડી પાસે શિષ્ય બન્યા. તેથી તે મનુષ્યભવને પણ હારીને નિગોદમાં પાછા ફરેલા તમે સંસારમાં અનંત પુદ્ગલપરાવર્ત્ત ભમ્યા એ અનંતકાલ પછી ફરી વચ્ચે વચ્ચે મનુષ્યપણું મળ્યું. પણ પેલી કુધર્મબુદ્ધિ દૂર ન થઈ, કેમકે શુદ્ધધર્મ સાંભળવા ન મળ્યો. તે પણ એટલા માટે ન મળ્યો કે ક્યારેક સદ્ગુરુનો યોગ ન થયો તો ક્યારેક આળસ-મોહ વગેરે ઘણા હતા. ક્યારેક શુદ્ધ ધર્મ

हारयित्वा व्यावर्त्तितो भ्रामितः संसारेऽनन्तपुद्‌गलपरावर्त्तानिति । ततोऽनन्तकालात्पुनरप्यन्तराऽन्तरा लब्धं मानुषत्वं, परं न निवृत्ताऽसौ कुधर्मबुद्धिः, शुद्धधर्मश्रवणाभावात्, तदभावोऽपि क्वापि सद्‌गुरुयोगाभावात्क्वचिदालस्यमोहादिहेतुकलापात् । क्वचिच्छुद्धधर्मश्रवणेऽपि न निवृत्ताऽसौ, शून्यतया तदर्थानवधारणात्, क्वचित्तत्त्वाश्रद्धानेन, ततः कुधर्मबुद्ध्युपदेशाद्‌ धर्मच्छलेन पशुवधादिमहापापानि कृत्वा भ्रान्तस्तथैवा(स्तेष्वेवा)नन्तपुद्‌गलपरावर्त्तानिति ॥"

तथा श्रावकदिनकृत्यवृत्तावप्युक्तं—"इह हि सदैव लोकाकशप्रतिष्ठितानाद्यपर्यवसितभवचक्राख्यपुरोदरविपरिवर्त्ती जन्तुरनादिवनस्पतिषु सूक्ष्मनिगोदापरपर्यायेष्वनन्तानन्तपुद्‌गलपरावर्त्तान्समकाहारोच्छ्वासनिःश्वासोऽन्तमुहूर्त्तान्तर्जन्ममरणादिवेदनाव्रातमनुभवति" इत्यादि । तथा "एवं च तथाविधभव्यजन्तुरप्यनन्तकालमव्यवहारराशौ स्थित्वा कर्मपरिणामनृपादेशात्तथाविधभवितव्यतानियोगेन व्यवहारराशिप्रवेशत उत्कर्षेण बादरनिगोदपृथिव्यप्तेजोवायुषु प्रत्येकं सप्तति(कोटा कोटिसागरोपमाणि तिष्ठन्ति । एषा च क्रिया सर्वत्र योज्या । एतेष्वेव सूक्ष्मेष्वसंख्यलोकाकाशप्रदेशसमा उत्सर्पिण्यवसर्पिण्यः" इत्यादि । पुष्पमालाबृहद्‌वृत्तावप्युक्तं—"ननु कथमित्थं मनुष्यजन्म दुर्लभं प्रतिपाद्यते ? उच्यते-समाकर्णय कारणम् ।—

[1]अव्ववहारनिगोएसु ताव चिट्ठंति जंतुणो सव्वे । पढमं अणंतपोग्गलपरिअट्टे थावरत्तेणं ॥

---

સાંભળવા છતાં એ કુધર્મબુદ્ધિ દૂર થઈ નહિ, કેમકે શૂન્યમનસ્કરીતે એ ધર્મ સાંભળ્યો હોઈ તેનો અર્થ સમજાયો નહિ, અથવા ક્યારેક સમજાયો તો પણ એની શ્રદ્ધા થઈ નહિ. તેથી કુધર્મબુદ્ધિની સલાહમુજબ ધર્મના બહાને પશુવધ વગેરે મહાપાપો કરીને ફરીથી પૂર્વ મુજબ જ અનંતપુદ્‌ગલપરાવર્ત્ત માટે સંસારમાં ભટક્યા."

તથા **શ્રાવકદિનકૃત્યની વૃત્તિમાં** પણ કહ્યું છે કે–"અહીં હંમેશાં લોકાકાશમાં પ્રતિષ્ઠિત અને અનાદિઅનંત એવા ભવચક્ર નામના નગરના મધ્યભાગમાં રહેલ જીવ સૂક્ષ્મનિગોદ એવા પર્યાયવાચીનામવાળી અનાદિવનસ્પતિમાં અનંતાનંતપુદ્‌ગલપરાવર્ત્તકાળ સુધી બીજા અનંતાનંત જીવો સાથે એકસાથે આહાર ઉચ્છ્‌વાસ–નિઃશ્વાસ કરતો અંતર્મુહૂર્તની પણ અંદર જન્મ-મરણાદિની વેદનાના સમૂહને અનુભવે છે." વગેરે...તથા "એમ તેવા પ્રકારનો ભવ્યજીવ પણ અનંતકાલ સુધી અવ્યવહારરાશિમાં રહીને કર્મપરિણામરાજાની આજ્ઞાથી તેવા પ્રકારની ભવિતવ્યતા અમલી બનવાના કારણે વ્યવહારરાશિમાં પ્રવેશ કરીને ત્યારથી માંડીને બાદરનિગોદ-પૃથ્વી–અપ–તેઉ-વાયુકાયમાં દરેકમાં ઉત્કૃષ્ટથી ૭૦ કોડાકોડી સાગરોપમ રહે છે. આ 'ઉત્કૃષ્ટથી રહે છે' એટલું ક્રિયાદિ સર્વત્ર જાણવું. આ જ નિગોદ–પૃથ્વીકાય વગેરેના સૂક્ષ્મભેદોમાં તે અસંખ્યલોકાકાશના પ્રદેશ જેટલી ઉત્સર્પિણી–અવસર્પિણી સુધી ઉત્કૃષ્ટથી રહે છે. વગેરે..."

**પુષ્પમાળાની બૃહદ્‌વૃત્તિમાં** પણ કહ્યું છે કે "**પ્રશ્ન**–મનુષ્યભવને આમ અત્યંત દુર્લભ કેમ કહો છો ? ઉત્તર–સાંભળો કારણ, 'પહેલા' બધા જીવો અનંતપુદ્‌ગલપરાવર્ત્ત સુધી સ્થાવર તરીકે અવ્યવહાર નિગોદોમાં રહે છે. ત્યાંથી નીકળીને પણ અનંતકાલસુધી અનંતકાય વગેરે રૂપે વ્યવહારવનસ્પતિમાં રહે છે. ત્યાંથી નીકળીને પણ પૃથ્વી-અપ્-તેઉ વાયુકાયમાં દરેકમાં અસંખ્ય અવસર્પિણીઉત્સર્પિણી રહે છે. એ પછી દરેક વિકલેન્દ્રિયભેદમાં સંખ્યાતા કાલ રહે છે. આમ ફરી ફરી વ્યવહારરાશિમાં ભમે છે." તેની જ લઘુવૃત્તિમાં પણ કહ્યું છે કે "જીવનો સૌ પ્રથમ સૂક્ષ્મનિગોદમાં અનંતપુદ્‌ગલપરાવર્ત્ત સુધી વાસ થાય છે. પછી વ્યવહારવનસ્પતિમાં અનંતકાલ વાસ થાય છે. એ પછી ભુ-જલ-અગ્નિ-વાયુમાં પ્રત્યેકમાં અસંખ્ય ઉત્સર્પિણી વાસ થાય છે અને પછી સંખ્યાત કાલ વિકલેન્દ્રિયમાં. આ રીતે પુનઃ

---

1 अव्यवहारनिगोदेषु तावत्तिष्ठन्ति जन्तवः सर्वे । प्रथममनन्तपुद्‌गलपरावर्त्तान् स्थावरत्वेन ॥

[1]तत्तो विणिग्गया वि हु ववहारवणस्सइंमि णिवसंति । कालमणंतपमाणं अणंतकायाइभावेण ॥
[2]तत्तोवि समुव्वट्टा पुढविजलानलसमीरमज्झंमि । असंखोसप्पिणिसप्पिणीओ णिवसंति पत्तेयं ॥
[3]संखेज्जं पुण कालं वसंति विगलिंदिएसु पत्तेयं । एवं पुणो पुणो वि य भमंति ववहाररासिंमि ॥

तल्लघुवृत्तावप्युक्तम्—

आदौ सूक्ष्मनिगोदे जीवस्यानन्तपुद्गलविवर्त्तान् । तस्मात्कालमनन्तं व्यवहारवनस्पतौ वासः ॥
उत्सर्पिणीरसंख्याः प्रत्येकं भूजलाग्निपवनेषु । विकलेषु च संख्येयं कालं भूयो भ्रमणमेव ॥
तिर्यक्पंचेन्द्रियतां कथमपि मानुष्यकं ततोऽपीह । क्षेत्रकुलारोग्यायुर्बुद्ध्यादि यथोत्तरं तु दुरवापम् ॥

धर्मरत्नप्रकरणवृत्तावप्युक्तम्—

इभ्यस्तन्नमनार्थं प्रययौ नत्वा गुरून् समयविधिना । निषसाद्यथास्थानकमथसूरिर्देशना चक्रे ॥
अव्यवहारिकराशौ भ्रमयित्वाऽनन्तपुद्गलविवर्त्तान् । व्यवहृतिराशौ कथमपि जीवोऽयं विशति तत्रापि ॥
बादरनिगोदपृथिवीजलदहनसमीरणेषु जलधीनाम् । सप्ततिकोटाकोट्यः कायस्थितिकाल उत्कृष्टः ॥
सूक्ष्मेष्वमीषु पञ्चस्ववसर्पिण्यो ह्यसंख्यलोकसमाः । सामान्यबादरेऽङ्गुलगणनातीतांशमानास्ताः ॥
इत्यादि । संस्कृतनवतत्त्वसूत्रेऽप्युक्तम्—

निगोदा एव गदिता जिनैरव्यवहारिणः । सूक्ष्मास्तदितरे जीवास्तेऽन्येऽपि व्यवहारिणः ॥

तदेवंविधवचनैरनादिसूक्ष्मनिगोदस्यैवासांव्यवहारिकत्वं, अन्येषांच व्यावहारिकत्वमिति स्थितौ परोक्ता युक्तिरेकावतिष्ठते । तत्र "सिज्झंति जत्तिया किर" इत्यादिना व्यवहारराशितः सिद्धानामनन्तगुणत्वं व्यवस्थाप्य तदनन्तगुणत्वेन बादरनिगोदजीवानामव्यावहारिकत्वं च व्यवस्थापितम् ।

---

પુનઃ પણ ભ્રમણ થાય છે એમાં પંચેન્દ્રિયતિર્યંચપણું મળવું મુશ્કેલ છે. અને એના કરતાં પણ મનુષ્યપણું-આર્યક્ષેત્ર-આર્યકુલ-આરોગ્ય-દીર્ઘઆયુષ્ય-બુદ્ધિ વગેરે મળવા તો ઉત્તરોત્તર અત્યન્ત દુર્લભ છે."

**ધર્મરત્નપ્રકરણની** વૃત્તિમાં પણ કહ્યું છે કે "શેઠ તેમને નમવા માટે ગયા. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ગુરુને નમીને યોગ્ય સ્થાને બેઠા. આચાર્યભગવંતે દેશના શરૂ કરી. અવ્યવહારરાશિમાં અનંતપુદ્ગલપરાવર્ત્તો ભમીને જીવ ગમે તે રીતે પણ વ્યવહારરાશિમાં પ્રવેશ કરે છે. ત્યાં પણ બાદર એવા નિગોદ-પૃથ્વી-પાણી-અગ્નિ-પવનમાં પ્રત્યેકમાં ૭૦ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ કાયસ્થિતિકાલ સુધી રહે છે. અને આ જ પાંચે સૂક્ષ્મભેદોમાં દરેકમાં અસંખ્યલોક પ્રમાણ કાળચક્ર સુધી રહે છે. સામાન્યથી બાદરમાં અંગુલના અસંખ્યાતમાભાગ જેટલા કાળચક્ર રહે છે." **સંસ્કૃતનવતત્ત્વસૂત્રમાં** પણ કહ્યું છે કે "જિનેશ્વરોએ સૂક્ષ્મનિગોદને જ અવ્યવહારી કહ્યા છે એ સિવાયના બધા જીવો વ્યવહારી છે."

## [પૂર્વપક્ષીય અનુમાનોનું નિરાકરણ]

આમ વિવિધશાસ્ત્રોનાં આવાં વચનોથી 'અનાદિસૂક્ષ્મ નિગોદ જ અવ્યાવહારિક છે, બીજા બધા જીવો વ્યાવહારિક છે' એવું નિશ્ચિત થવાથી હવે પૂર્વપક્ષની એક જ યુક્તિ નિરાકરણ કર્યા વગરની બાકી રહે છે. એમાં પૂર્વપક્ષીએ ત્રણ અનુમાનો આપ્યાં છે. તેના પ્રથમ અનુમાનમાં 'सिज्झंति जत्तिया किर' ઇત્યાદિ ગાથાના બળ પર પૂર્વપક્ષીએ એવો નિર્ણય કર્યો કે 'વ્યવહારરાશિ કરતાં સિદ્ધના જીવો અનંતગુણા છે.' આ નિર્ણયને પાયા તરીકે

---

१ ततो विनिर्गता अपि च व्यवहारवनस्पतौ निवसन्ति । कालमनन्तप्रमाणमनन्तकायादिभावेन ॥
२ ततोपि समुद्वृत्ताः पृथिवीजलानलसमीरमध्ये । असंख्योत्सर्पिण्यवसर्पिणीर्निवसन्ति प्रत्येकम् ॥
३ संख्येयं पुनः कालं वसन्ति विकलेन्द्रियेषु प्रत्येकम् । एव पुनः पुनरपि च भ्रमन्ति व्यवहारराशौ ॥

तदसत्, [1]ततः सिद्धव्यवच्छिन्नव्यवहारराश्यपेक्षया सिद्धानामनन्तगुणसिद्धावपि सामान्यापेक्षया तदसिद्धेः, व्यवहारित्वभवनसिद्धिगमनयोरपर्यवसितत्वं चानादिसूक्ष्मनिगोदान्नियतव्यवहारित्वाभिमुखजीवानां निर्गमान्नानुपन्नम् । आवलिकाऽसंख्येयभागपुद्गलपरावर्त्तमानत्वेन व्यावहारिकाणां सर्वेषां

---

લઇને તેણે એવી દલીલ કરી કે 'વળી સિદ્ધના જીવો કરતાં બાદરનિગોદનાજીવો તો અનંતગુણા છે જ, તેથી નક્કી થાય છે કે બાદરનિગોદનાજીવો વ્યાવહારિક નથી, અર્થાત્ અવ્યાવહારિક છે.' પરંતુ તેની આ માન્યતા બરાબર નથી. અલબત્ ઉક્ત ગાથાના બળે તેમ જરૂર કહી શકાય છે કે 'સિદ્ધવ્યવચ્છિન્નવ્યવહારરાશિ (જેટલા જીવો સિદ્ધ થયા છે તેટલા જ જે જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવેલા છે, અને તેમાંથી વિવક્ષિતકાળે પણ સિદ્ધાવસ્થા પામ્યા વિના જેઓ હજુ વ્યવહારરાશિમાં જ છે તે જીવોનો રાશિ) કરતાં સિદ્ધો અનંતગુણા છે.' તેમ છતાં વ્યવહારરાશિ સામાન્યની અપેક્ષાએ કાંઈ તેવું સિદ્ધ થતું નથી. તેથી ઉક્તગાથાના બળે પૂર્વપક્ષીએ તારવેલો પાયાભૂત નિર્ણય જ ખોટો હોઈ એ અનુમાન પણ ખોટું કરે છે.

વળી પૂર્વપક્ષીએ બીજા અનુમાનપ્રયોગમાં વ્યવહારિત્વભવન અને સિદ્ધિગમન ક્યારેય અટકવાના નથી એ આગમસિદ્ધ હકીકતની અન્યથા અનુપપત્તિ દેખાડીને બાદરનિગોદને પણ અવ્યવહારરાશિમાં હોવી જે સિદ્ધ કરી તે પણ બરાબર નથી, કેમકે બાદરનિગોદ વ્યવહારરાશિમાં હોય તો પણ આ બેનું નહિ અટકવાપણું સંગત રહે જ છે, કેમકે અનાદિસૂક્ષ્મનિગોદમાંથી (અવ્યવહારરાશિમાંથી) વ્યવહારી બનવાને અભિમુખ થએલા નિયત પ્રમાણવાળા જ જીવો નીકળ્યા કરે છે. આ નિયતપ્રમાણ એટલી બધી નાની સંખ્યા છે કે જેથી અનંતકાળે એ નિયત સંખ્યા પ્રમાણે બહાર નીકળેલા અને નીકળનારા અનંતાજીવો પણ અનાદિસૂક્ષ્મનિગોદરાશિની અપેક્ષાએ સાવ નેગ્લીજીબલ (ગણતરીમાં ન લેવાય એટલા) હોય છે. અને તેથી માત્ર અનાદિસૂક્ષ્મનિગોદ રૂપ અવ્યવહારરાશિ ક્યારેય ખાલી તો નથી જ થવાની પણ, તેમાં નોંધપાત્ર ઘટાડો પણ થવાનો નથી. તેથી બાદરનિગોદ વ્યવહારરાશિમાં હોવા છતાં વ્યવહારિત્વભવન અટકવાનું નથી એ બાબત અસંગત રહેતી નથી. અને તેથી જ નવા નવા જીવો સિદ્ધ પણ થયા કરવાના હોવાથી "સિદ્ધિગમન અટકવાનું નથી" એ વાત પણ અસંગત રહેતી નથી.

હવે રહી પૂર્વપક્ષીના ત્રીજા અનુમાનની (પૃ.નં. ૪૪) વાત—શાસ્ત્રમાં વ્યાવહારિકજીવની ઉત્કૃષ્ટસ્થિતિ આવલિકાના અસંખ્યાતમા ભાગના સમય જેટલા પુદ્ગલપરાવર્ત્ત કહી છે અને કોઈ પણ વ્યાવહારિકજીવ પાછો અવ્યાવહારિક તો બનતો નથી. તેથી વધુમાં વધુ એટલા કાલે તો અવશ્ય કોઇપણ વ્યવહારિકજીવ સિદ્ધ થઈ જવાનો હોઈ દરેક વ્યાવહારિકજીવ મોક્ષમાં જશે એવું સિદ્ધ થઈ જાય, જે સીધેસીધું સ્વીકારી લેવામાં અનંતાનંતકાળ સંસારમાં જ રહેનારા અભવ્યોને અવ્યવહારી જ હોવા માનવા પડે. પણ તેઓ પણ વ્યાવહારિક તો છે જ તે ઉક્ત ચર્ચાથી સિદ્ધ થઈ ગયું છે. તેથી વ્યાવહારિકજીવની નિગોદરૂપે, તિર્યંચરૂપે, નપુંસક વગેરે રૂપે રહેવાની કાયસ્થિતિ જણાવનાર સૂત્રો બધા વ્યાવહારિકજીવોને લક્ષમાં રાખીને કહેવાયાં નથી કિન્તુ અમુક ચોક્કસ પ્રકારના વ્યાવહારિકજીવોને લક્ષમાં રાખીને કહેવાયાં છે એવું કલ્પવું જોઇએ (જેથી વ્યવહારી એવા પણ અભવ્યો તેવા પ્રકારવાળા ન હોઇ, ઉક્તસ્થિતિથી વધુ કાળ માટે સંસારમાં રહે તો પણ કોઇ સૂત્રવિરોધ ન થાય) અથવા

---

૧. 'सिज्झंति जत्तिया किर,' इत्यादिशास्त्रवचनादित्यर्थः ।

सिद्ध्यापत्तिस्तु स्यात् । तत्राभव्यस्य व्यावहारिकत्वानुरोधेन निगोदत्वेन तिर्यक्त्वनपुंसकत्वादिना च कायस्थितिप्रतिपादकानां सूत्राणां व्यावहारिकविशेषविषयत्वं वा कल्पनीयम्, अन्यो वा कश्चित् सूत्राभिप्राय इत्यत्र बहुश्रुता एव प्रमाणम् । अवश्यं च सूत्राभिप्रायः कोऽपि मृग्यः, अन्यथा बहवो भव्यास्तावदेतावतः कालात्सिध्यन्ति, अन्ये तु स्वल्पात्, अपरे तु स्वल्पतरात् यावत्केचिन्मरुदेवी स्वामिनीवत्स्वल्पेनैव कालेन सिध्यन्ति, अभव्यास्तु कदाचिदपि न सिध्यन्ति, भवभावनावृत्त्यादि- वचनादभव्यानां भव्यानां च यदुक्ताधिकसंसारभेदभणनं तन्नोपपद्येत । यत्तुपरेणोक्तं ~"यत्तु क्वचिदाधुनिकप्रकरणादौ प्रज्ञापनाद्यागमविरुद्धानि वचनानि भवन्ति, तत्र तीर्थान्तर्वर्त्तिनामसद्ग्रहा- भावादनाभोग एव कारणम्; तथा अभव्या न व्यवहारिणो नाप्यव्यवहारिणः, किन्तु व्यवहारित्वादि-

---

તો આ સૂત્રોમાં બીજો જ કોઈ વિશેષ અભિપ્રાય રહેલો છે (જે સામાન્યતઃ ખ્યાલમાં આવે એવો નથી) એવું સ્વીકારવું જોઈએ. આ બેમાંથી વાસ્તવિકતા શું છે? એમાં તો બહુશ્રુતો જ પ્રમાણભૂત છે. છતાં જો કોઈ વિશેષ સૂત્રાભિપ્રાય હોય તો એ શોધી કાઢવો તો જોઈએ જ, નહિતર "ઘણા ભવ્યો આટલા કાળમાં મુક્ત થાય છે, કેટલાક એના કરતાં અલ્પકાળમાં, કેટલાક એના કરતાં પણ ઘણા અલ્પતર કાલમાં અને યાવત્ મરુદેવીમાતાની જેમ કેટલાક તો અત્યંત અલ્પકાળમાં જ મુક્ત થાય છે, જ્યારે અભવ્યો તો ક્યારેય મુક્ત થતા જ નથી" ઇત્યાદિ તથા **ભવભાવનાવૃત્તિ** વગેરેના વચનથી અભવ્યો તથા કેટલાક ભવ્યોનો ઉક્તકાલ કરતાં પણ અધિક સંસાર હોવો જે કહ્યો છે તે સંગત થશે નહિ.

**[પરપક્ષીની અન્યમાન્યતાઓ]**

વળી આ અંગે પરપક્ષીએ કહ્યું છે કે "(૧) પ્રજ્ઞાપના વગેરે આગમમાં વ્યાવહારિક જીવની સ્થિતિ ઉક્ત અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત કહી છે. ભવભાવનાવૃત્તિ વગેરે આધુનિકપ્રકરણાદિમાં આવા આગમનો વિરોધ કરનાર જે વચનો મળતા હોય તેમાં તે પ્રકરણકારોનો અનાભોગ જ કારણ છે, કેમકે તે પ્રકરણકારો તીર્થમાં (સંઘમાં) અન્તર્ભૂત હોઈ આગમ વિરુદ્ધ બોલવાના અસદ્ગ્રહવાળા તો ન જ હોય. અર્થાત્ તેઓના તે વચનો જ વસ્તુતઃ અપ્રમાણ છે અને તેથી એને સંગત કરવા કોઈ નવી કલ્પના કે ગૂઢ સૂત્રાભિપ્રાય શોધવાની જરૂર નથી. તેઓ વડે આવા અપ્રમાણભૂત વચનો જે કહેવાયાં છે એ કદાગ્રહથી નહિ પણ અનાભોગથી જ કહેવાયાં છે એ ધ્યાનમાં રાખવું. તથા (૨) અભવ્યો વ્યવહારી પણ નથી, અવ્યવહારી પણ નથી, કિન્તુ આ બન્ને ઉલ્લેખથી પર છે. તેથી તેઓની વ્યાવહારિકજીવોમાં વિવક્ષા કરી નથી. તાત્પર્ય એ છે કે તેઓ ત્રસાદિપણું પામતા હોઈ અવ્યવહારી તો નથી. વળી વ્યવહારીજીવોનો પણ જે બહુનાનો ભાગ સમ્યક્ત્વ પામીને ભ્રષ્ટ થયો છે તેના કરતાં પણ અભવ્યો અનંતમા ભાગે જ હોઈ વ્યવહારીજીવો કરતાં તો બહુ જ અલ્પ સંખ્યામાં છે. તેથી તેઓની વ્યાવહારિકજીવોમાં પણ વિવક્ષા કરી નથી. તેથી તેઓની ગણતરી કાઢી નાખીને જ પન્નવણા વગેરેમાં વ્યવહારીજીવોની ઉક્તસ્થિતિ કહી છે. માટે જ અભવ્યો એ સ્થિતિ કરતાં પણ વધુ કાળસંસારમાં રહેવા છતાં એ આગમવચન અંગે કોઈ નવી કલ્પના કરવાની કે અભિપ્રાય શોધવાની જરૂર નથી.

**[તે માન્યતાઓનું નિરાકરણ]**

પરપક્ષીની આ બન્ને વાતો અનંતસંસારવૃદ્ધિ વગેરે ભયની ઉપેક્ષા કરવાના તેના સાહસને જ જણાવે છે. તે આ રીતે-સૂત્રનો ગૂઢ અભિપ્રાય જાણવો નહિ અને ભવભાવનાવૃત્તિ વગેરે જેવા પ્રાચીન પ્રકરણને અપ્રમાણ જાહેર કરી દેવા એમાં જે મહાભયંકર આશાતના થાય છે તેની પહેલું વાક્ય કહેતો તે ઉપેક્ષા કરે છે, બીજું વાક્ય પણ આ રીતે જ ઉપેક્ષાથી

व्यपदेशबाह्या इति ते व्यावहारिकमध्ये न विवक्षितास्तेषां सम्यक्त्वप्रतिपतितानामनन्तभागवर्त्तित्वेनाल्पत्वादि" ति ~ तदतिसाहसविजृम्भितम्, अभिप्रायमज्ञात्वा प्राचीनप्रकरणविलोपे महाशातनाप्रसङ्गात् । अभव्यानामपि व्यावहारिकबहिर्भावे नियतकायस्थितिरूपसंसारपरिभ्रमणानुपपत्तेर्यादृच्छिककल्पनयाऽसमञ्जसत्वप्रसंगात्, नोव्यवहारित्व-नोअव्यवहारित्वपरिभाषामात्रस्य चाभव्येष्विवोक्ताधिकसंसारिजीवेष्वपि कल्पयितुं वा शक्यत्वाच्च न किंचिदेतदिति दिग् ॥९॥

तदेवमभव्यस्याप्याभिग्रहिकं मिथ्यात्वं भवतीति प्रदर्शयितुमाभिग्रहिकस्य षड्भेदा उक्ताः । अथानाभिग्रहिकादीनामपि सामान्येन बहुप्रकारत्वं निर्दिशन्नेतेषु गुरुलघुभावं विवेचयति—

**अणभिग्गहिआईणवि आसयभेएण हुंति बहुभेआ ।**
**लहुआइं तिण्णि फलओ एएसुं दुन्नि गरुआइं ॥१०॥**

[अनाभिग्रहिकादीनामप्याशयभेदेन भवन्ति बहुभेदाः । लघूनि त्रीणि फलतो एतेषु द्वे गुरुणी ॥१०॥]

अणभिग्गहिआईणविति । अनाभिग्रहिकादीनामपि मिथ्यात्वानां आशयभेदेन परिणामविशेषेण बहवो भेदा भवन्ति । तथाहि-अनाभिग्रहिकं किंचित्सर्वदर्शनविषयं यथा 'सर्वाणि दर्शनानि शोभनानि इति । किंचिद्देशविषयं यथा 'सर्व एव श्वेतांबरदिगंबरादिपक्षाः शोभनाः' इत्यादि । आभिनिवेशिकमपि मतिभेदाभिनिवेशादिमूलभेदादनेकविधं जमालिगोष्ठामाहिलादीनाम्, उक्तं च व्यवहारभाष्ये-[1]मइभेएण जमाली पुव्विं वुग्गाहिएण गोविंदो । संसग्गीए भिक्खू गोट्ठामाहिल अहिणिवेसा ॥त्ति

બોલી શકાય તેવું છે એ નીચેના કારણોથી જણાય છે : (અ) અભવ્યો પણ આ રીતે જો વ્યાવહારિક ન હોય તો અનાદિસૂક્ષ્મનિગોદની જેમ તેઓ પણ અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત સુધી સૂક્ષ્મનિગોદમાં જ રહેવા જોઈએ. અને તો તેઓ તે તે નિયતકાયસ્થિતિ જેટલો કાળ જે જે સૂક્ષ્મનિગોદ-બાદરનિગોદ-પૃથ્વીકાય વગેરે રૂપે સંસારમાં પરિભ્રમણ કરે છે તે અનુપપન્ન થઈ જાય, અને તેથી પછી કરવી પડતી યાદૃચ્છિક કલ્પનાથી મોટું અસમંજસ થઈ જાય. અને (બ) નોવ્યવહારી-નોઅવ્યવહારીની પરિભાષા જેમ અભવ્યોમાં કલ્પો છો તેમ ઉક્તસંસાર કરતાં અધિકસંસાર વાળા બીજા ભવ્યજીવો વિશે પણ કલ્પી શકાતી હોઈ તેઓનો પણ અધિક સંસાર હોવો સંગત થઈ જાય છે. આમ પરપક્ષી એ કહેલી આ બે વાતોમાં કોઈ માલ નથી એ જાણવું. ॥૯॥

## [પાંચ મિથ્યાત્વોમાં ગુરુ-લઘુભાવ]

આમ અભવ્યોને પણ આભિગ્રહિક મિથ્યાત્વ હોય છે એવું દેખાડવા આભિગ્રહિક-મિથ્યાત્વના છ ભેદો કહ્યા. હવે અનાભિગ્રહિક વગેરે મિથ્યાત્વના પણ સામાન્યથી ઘણા પ્રકારો હોય છે એવું દેખાડતાં ગ્રન્થકાર સાથેસાથે તેઓમાં રહેલ મોટા-નાનાપણાનું વિવેચન કરે છે-

**ગાથાર્થ**:-અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વના પણ આશયભેદથી ઘણા ભેદ પડે છે. આ પાંચમાંથી ત્રણ મિથ્યાત્વો ફળને અપેક્ષીને લઘુ છે જ્યારે શેષ બે ગુરુ છે.

અનાભિગ્રહિકાદિ મિથ્યાત્વોના પણ પરિણામભેદે ઘણા ભેદો હોય છે. તે આ રીતે-કોઇક અનાભિગ્રહિક મિથ્યાત્વ સર્વદર્શન અંગે હોય છે જેમકે "બધા દર્શનો સારા છે," કોઇક સર્વદર્શનોના એકદેશરૂપ અમુક દર્શનો અંગે હોય છે જેમકે "શ્વેતાંબર-દિગંબરાદિ બધા પક્ષો સારા છે" વગેરે... આભિનિવેશિક મિથ્યાત્વ પણ મતિભેદ-અભિનિવેશાદિરૂપ મૂલ=કારણના ભેદે અનેક પ્રકારનું હોય છે જેમકે જમાલિ-ગોષ્ઠામાહિલ વગેરેને....વ્યવહારભાષ્યમાં કહ્યું

१ मतिभेदेन जमालिः पूर्वं व्युद्ग्राहितेन गोविन्दः । संसर्गाद्भिक्षुर्गोष्ठामाहिल अभिनिवेशादिति ॥

सांशयिकमपि सर्वदर्शनजैनदर्शनतदेकदेशपदवाक्यादिसंशयभेदेन बहुविधम् । अनाभोगोऽपि सर्वांश-विषयाऽव्यक्तबोधस्वरूपो विवक्षितकिंचिदंशाऽव्यक्तबोधस्वरूपश्चेत्यनेकविधः । न खलु महामोहशैलूषस्यैको नर्त्तनप्रकारोऽस्तीति । एतेष्वाभिग्रहिकादिषु मिथ्यात्वेषु मध्ये त्रीण्यनाभिग्रहिकसांशयिकानाभोगरूपाणि फलतः प्रज्ञापनीयतारूपं गुरुपारतन्त्र्यरूपं च फलमपेक्ष्य लघूनि, विपरीतावधारणरूपविपर्यासव्यावृत्तत्वेनैतेषां क्रूरानुबन्धफलकत्वाभावात् । द्वे आभिग्रहिकाभिनिवेशलक्षणे मिथ्यात्वे गुरू (गुरुणी) विपर्यासरूपत्वेन सानुबन्धक्लेशमूलत्वात् । उक्तं चोपदेशपदे—

[1]एसो अ एत्थ गुरुओ णाऽणज्झवसायसंसया एवं । जम्हा असप्पवित्ती एत्तो सव्वत्थणत्थफला ॥

दुष्प्रतीकारोऽसत्प्रवृत्तिहेतुत्वेनैव विपर्यासोऽत्र गरीयान् दोषः, न त्वनध्यवसायसंशयावेवंभूतौ, अतत्त्वाभिनिवेशाभावेन तयोः सुप्रतीकारत्वेनात्यन्तानर्थसंपादकत्वाभावादित्येतत्तात्पर्यार्थः ॥१०॥

~नन्वत्र माषतुषादीनां चारित्रिणामेव संशयानध्यवसाययोरसत्प्रवृत्त्यननुबन्धित्वमुक्तं, तच्च युक्तं, तेषां मिथ्यात्वमोहनीयानन्तानुबन्धिनां प्रबलबोधविपर्यासकारिणां प्रबलक्रियाविपर्यासकारिणां

---

છે કે "જમાલિ-મતિભેદના કારણે, ગોવિંદ પહેલેથી વ્યુદ્ગ્રાહિત હોવાથી, ભિક્ષુ-સંસર્ગના કારણે અને ગોષ્ઠામાહિલ-અભિનિવેશથી (મિથ્યાત્વી બન્યા)..." સાંશયિકમિથ્યાત્વ પણ સર્વદર્શન-જૈન દર્શન-જૈનદર્શનના એક ભાગ-એક પદ-એક વાક્ય વગેરે અંગેના જુદા જુદા સંશયથી થતું હોઈ અનેકવિધ છે. અનાભોગ પણ સર્વ અંશે અંગેના અવ્યક્તબોધ સ્વરૂપ અને વિવક્ષિત કોઈ અંશ અંગેના અવ્યક્ત બોધસ્વરૂપ હોઈ અનાભોગિકમિથ્યાત્વ પણ અનેકવિધ છે. ખરેખર! મહામોહરૂપી નટને નાચવાની રીત એક જ નથી કિન્તુ ઘણી બધી છે.

આભિગ્રહિકાદિ આ પાંચ મિથ્યાત્વોમાંથી અનાભિગ્રહિક, સાંશયિક અને અનાભોગરૂપ ત્રણ મિથ્યાત્વો પ્રજ્ઞાપનીયતારૂપ અને ગુરુપારતન્ત્ર્યરૂપ ફળને આશ્રીને લઘુ=કંઈક ઓછા ભયંકર છે, કેમકે વિપરીત નિશ્ચયરૂપ વિપર્યાસ વિનાના હોઈ ક્રૂરઅનુબંધ પાડનારા નથી. અર્થાત્ આ મિથ્યાત્વવાળા જીવોને જો કોઈ સત્ય તત્ત્વ સમજાવનાર મળે તો સમજી શકે એવા હોય છે અને સદ્ગુરુનું પારતન્ત્ર્ય સ્વીકારી આત્મહિત સાધી શકે તેવા હોય છે. આ મિથ્યાત્વવાળા જીવોને આ ફળ સંભવિત હોઈ આ મિથ્યાત્વો લઘુ છે. આભિગ્રહિક અને આભિનિવેશિક રૂપ શેષ બે મિથ્યાત્વો ફળને આશ્રીને ગુરુ=વધુ ભયંકર છે, કેમકે એ વિપર્યાસરૂપ હોઈ અનુબંધયુક્ત ક્લેશના કારણભૂત છે. આ મિથ્યાત્વવાળા જીવો ગમે એટલો સારો સમજાવનાર મળે તો પણ પકડેલું તૂત છોડવા તૈયાર હોતા નથી. તેથી પ્રજ્ઞાપનીયતા કે ગુરુપારતન્ત્ર્યરૂપ ફળ મેળવતા નથી. **ઉપદેશપદ**માં કહ્યું છે કે-"અહીં (વિપર્યાસ-અનધ્યવસાય અને સંશય એ ત્રણમાં) આ વિપર્યાસ જ મોટો દોષ છે, કેમકે એમાંથી સર્વત્ર અનર્થ ફેલાવનાર અસત્પ્રવૃત્તિ થાય છે. અનધ્યવસાય અને સંશય આવા નથી." આનું તાત્પર્ય આ જ છે કે અસત્પ્રવૃત્તિનો હેતુભૂત હોઈ વિપર્યાસ જ દુષ્પ્રતીકાર એવો મોટો દોષ છે. સંશય અને અનધ્યવસાય અતત્ત્વના અભિનિવેશથી શૂન્ય હોઈ સુપ્રતીકાર હોવાથી અત્યંત અનર્થ કરનાર નથી. માટે એ બે તેવા મોટા દોષ રૂપ નથી. ॥૧૦॥

## [મિથ્યાત્વીના સંશયઅનધ્યવસાય અસત્પ્રવૃત્તિનાઅનુબંધી]

~ઉપદેશપદની તમે આપેલ સાક્ષીગાથામાં તો માષતુષ વગેરે મુનિઓના જ સંશય-અનધ્યવસાયને અસત્પ્રવૃત્તિના અનનુબંધી કહ્યા છે. અર્થાત્ તાણીને અસત્પ્રવૃત્તિ ન કરાવે એવા કહ્યા છે. તે યુક્ત પણ છે, કેમકે તેઓને બોધમાં જોરદાર વિપર્યાસ ઊભો કરનાર

---

1 एष चात्र गुरुको नानध्यवसायसंशयावेवम् । यस्मादसत्प्रवृत्तिरितः सर्वत्रानर्थफला ॥

च तृतीयकषायादीनामभावात्। मिथ्यादृशां संशयानध्यवसाययोश्च न तथात्वं युक्तं, विपर्यासशक्तियुक्तत्वात्तेषाम् । अतः शुभपरिणामोऽपि तेषां फलतोऽशुभ एवोक्तः श्रीहरिभद्रसूरिभिः । तथा हि—
[1]'गलमच्छभवविमोअगविसन्नभोईण जारिसो एसो । मोहा सुहोवि असुहो तप्फलओ एवमेसोत्ति ॥ [उप. पद. १८८] "गलेत्यादि-गलो नाम प्रान्तन्यस्तामिषो लोहमयः कण्टको मत्स्यग्रहार्थं जलमध्ये संचारितः, तद्ग्रसनप्रवृत्तो मत्स्यस्तु प्रतीत एव । ततो गलेनोपलक्षितो मत्स्यो गलमत्स्यः । भवाद् दुःखबहुलकुयोनिलक्षणाद् दुःखितजीवान् काकशृगालपिपीलिकादीन् तथाविधकुत्सितवचनसंस्कारात्प्राणव्यपरोपणेन मोचयत्युत्तारयतीति भवविमोचकः पाखण्डविशेषः । विषेण मिश्रमन्नं तद् भुङ्क्ते तच्छीलश्च यः स तथाविधः । ततो गलमत्स्यश्च भवविमोचकश्च विषान्नभोजी चेति द्वन्द्वः, तेषां यादृश एष=परिणामः प्रत्यपायफल एव, कुतः? मोहादज्ञानात्पर्यन्तदारुणतया शुभोऽपि स्वकल्पनया, स्वरुचिमन्तरेण तेषां तथा प्रवृत्तेरयोगात्सुन्दरोऽपिसन् अशुभः संक्लिष्टः एव, कुतः? इत्याह-तत्फलतः भावप्रधानत्वान्निर्देशस्य तत्फलत्वाद्=अशुभपरिणामफलत्वाद् । अथ प्रकृते योजयन्नाह-एवं=गलमत्स्यादिपरिणामवत्, एषोऽपि जिनाज्ञोल्लङ्घनेन धर्मचारिपरिणामः तत्फलत्वादशुभ एव, आज्ञापरिणामशून्यतयोभयत्रापि समानत्वेन तुल्यमेव किल फलम्''~इत्येतदाशङ्कायामाह—

---

મિથ્યાત્વમોહનીય અને અનન્તાનુબંધીકષાયો તેમજ ક્રિયામાં જોરદાર વિપર્યાસ ઊભો કરનાર ત્રીજાકષાય વગેરે હોતા નથી. પણ મિથ્યાત્વીઓના સંશયઅનધ્યવસાયને પણ અસત્પ્રવૃત્તિ ન લાવી આપનાર તરીકે માનવા તો યુક્ત નથી, કેમકે તે મિથ્યાત્વીજીવો વિપર્યાસની શક્તિ (=યોગ્યતા) ધરાવતા હોય છે. અર્થાત્ મિથ્યાત્વમોહનીય વગેરેનો તીવ્ર ઉદય ન હોવાના કારણે તેઓને વિપર્યાસ વ્યક્ત રૂપે ન હોવા છતાં, ક્ષયોપશમાદિ ભાવને ન પામેલા મિથ્યાત્વમોહનીય વગેરે કર્મનો જે મંદ પણ ઉદય હોય છે તેના કારણે તેઓમાં વિપર્યાસ થવાની શક્યતા તો પડેલી જ હોય છે. તેથી જ તો તેઓના શુભપરિણામને પણ **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** ફલત=પરિણામે અશુભ કહ્યો છે. જેમકે શ્રીઉપદેશપદ-૧૮૮માં કહ્યું છે "ગલમત્સ્ય, ભવવિમોચક, વિષાન્નભોજીનો આ શુભ પણ પરિણામ મોહના કારણે, અશુભફલક હોઈ અશુભ છે તેમ આ પણ જાણવો." આ શ્લોકની વૃત્તિ-"ગલ એટલે માછલી પકડવા માટે પાણીમાં નંખાતો લોખંડનો કાંટો જેના છેડે માંસ ભેરવેલું હોય છે. આવા ગલથી ઉપલક્ષિત (ઓળખાયેલા) માછલો તે ગલમત્સ્ય. "પીડામય જીવન જીવતા જીવોને મારી નાંખવાથી તેઓ દુઃખમાંથી મુક્ત થાય છે. અને તેથી તેમાં તેઓની દયા છે." કુતીર્થિકોનાં આવાં વચનોના સંસ્કાર હોવાના કારણે જેઓ દુઃખપ્રચુર જન્મરૂપ ભવમાંથી કાગડા-શિયાળ-કીડી વગેરે દુઃખી જીવોને મારી નાખીને છોડાવે છે તે પાખંડીઓ ભવવિમોચક કહેવાય છે. વિષભળેલું અન્ન જે ખાય અથવા ખાવાના સ્વભાવવાળો હોય તે વિષાન્નભોજી. પછી ગલમત્સ્ય વગેરે આ ત્રણે પદોનો દ્વન્દ્વ સમાસ કરવો. માછલા વગેરે 'આ માંસથી મને સુંદર આસ્વાદ મળશે અને તૃપ્તિ થશે' વગેરેની કલ્પના કરીને પોતાની રુચિથી જ આ માંસ-ખાવા વગેરેની પ્રવૃત્તિ કરે છે. તેથી તેઓએ શુભ=સુંદર માનેલો એવો પણ આ માંસ ખાવા વગેરેનો પરિણામ મોહ=અજ્ઞાનના કારણે પરિણામે ફળરૂપે તો, જાતે તીક્ષ્ણ કાંટા વગેરેમાં ભોંકાવા વગેરે રૂપ અશુભ=અસુંદર પરિણામનું જે ભયંકર દુઃખ વગેરે ફળ મળે તે જ દારુણ ફળ દેનાર હોઈ અશુભ=સંક્લિષ્ટ જ છે. એમ ગલમત્સ્યાદિના આ પરિણામની જેમ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને ધર્મ આચરવાનો આ પરિણામ પણ પરિણામે અશુભ ફળ આપનાર હોઈ અશુભ જ છે. આ પરિણામ પણ આજ્ઞાપાલનના પરિણામથી શૂન્ય હોઈ હિંસા વગેરે પાપ કરવાના પરિણામ જેવો જ હોવાના કારણે તે પરિણામ જેવું જ અશુભફળ આપનાર છે."~આવી શંકાનું સમાધાન આપવા ગ્રન્થકાર કહે છે—

---

1 गलमत्स्यभवविमोचकविषान्नभोजिनां यादृश एषः । मोहाच्छुभोऽपि अशुभस्तत्फलत एवमेष इति ॥

मज्झत्थत्तं जायइ जेसिं मिच्छत्तमंदयाए वि ।
ण तहा असप्पवित्ती सदंधणाएण तेसिंपि ॥११॥

[मध्यस्थत्वं जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि । न तथाऽसत्प्रवृत्तिः सदन्धज्ञातेन तेषामपि ॥११॥]

मज्झत्थत्तंति । 'मध्यस्थत्वं' रागद्वेषरहितत्वं, ' जायते येषां मिथ्यात्वमन्दतयाऽपि, किंपुनस्तत्क्षयोपशमादित्यपिशब्दार्थः । तेषामपि मन्दमिथ्यात्ववतामपि किं पुनः सम्यग्दृष्ट्यादीनाम् । न तथा दृढविपर्यासनियतप्रकारेण असत्प्रवृत्तिः स्यात् । केन ? सदन्धज्ञातेन समीचीनान्धदृष्टान्तेन । यथाहि सदन्धः सातवेद्योदयादनाभोगेनापि मार्ग एव गच्छति, तथा निर्बीजत्वेन निर्बीजभावाभिमुखत्वेन वा मोहापकर्षजनितमन्दरागद्वेषभावोऽनाभोगवान्मिथ्यादृष्टिरपि जिज्ञासादिगुणयोगान्मार्गमेवानुसरतीत्युक्तम् । उक्तं च ललितविस्तरायाम् —'अनाभोगतोऽपि मार्गगमनमेव सदन्धन्यायेन इत्यध्यात्मचिन्तकाः' इदमत्र हृदयं-यः खलुमिथ्यादृशामपि केषाञ्चित्स्वपक्षनिबद्धोद्धुरानुबन्धानामपि प्रबलमोहत्वे सत्यपि कारणान्तरादुपजायमानो रागद्वेषमन्दतालक्षण उपशमो भूयानपि दृश्यते, स पापानुबन्धिपुण्यबन्धहेतुत्वात्पर्यन्तदारुण एव । तत्फलसुखव्यामूढानां तेषां पुण्याभासकर्मोपरमे नरकादिपातावश्यंभावादित्यसत्प्रवृत्तिहेतुरेवायम् । यश्च गुणवत्पुरुषप्रज्ञापनाऽर्हत्वेन जिज्ञासादिगुणयोगान्मोहापकर्षप्रयुक्तरागद्वेषशक्तिप्रतिघातलक्षण उपशमः, स तु सत्प्रवृत्तिहेतुरेव, आग्रहविनिवृत्तेः सदर्थपक्षपातसारत्वादिति ॥११॥

### [ મંદમિથ્યાત્વીને તેવી અસત્પ્રવૃત્તિ ન હોય ]

**ગાથાર્થ**: મિથ્યાત્વની મંદતાના કારણે પણ જેઓમાં મધ્યસ્થતા આવે છે તેઓને પણ સદન્ધના દૃષ્ટાન્ત મુજબ તેવી અસત્પ્રવૃત્તિ હોતી નથી.

મધ્યસ્થપણું એટલે રાગદ્વેષરહિતપણું. તે જેઓને મિથ્યાત્વની મંદતાના કારણે પણ ઉત્પન્ન થાય છે. (તેથી મિથ્યાત્વના ક્ષયોપશમના કારણે થાય તો તો વાત જ શી કરવી ?) તે મંદમિથ્યાત્વી જીવોમાં પણ (તેથી સમ્યક્ત્વીની તો વાત જ શી ?), દૃઢવિપર્યાસવાળા જીવોમાં જેવી અસત્પ્રવૃત્તિ હોય છે તેવી અસત્પ્રવૃત્તિ સદન્ધદૃષ્ટાન્ત મુજબ હોતી નથી. શાતાવેદનીયના ઉદયવાળો આંધળો તે સદન્ધ. આવો સદન્ધ 'આ માર્ગ છે. આ માર્ગ નથી' ઇત્યાદિ આભોગ=જાણકારી ન હોવા છતાં પણ જેમ સાતાવેદનીયનો ઉદય હોવાના કારણે અનાભોગથી જ માર્ગ પર જ ચાલે છે તેમ મોહના ઘટાડાથી મંદરાગદ્વેષવાળો થએલો મિથ્યાત્વી પણ આભોગશૂન્ય હોવા છતાં નિર્બીજ થયો હોવાના કારણે કે નિર્બીજ થવાની તૈયારીવાળો હોવાના કારણે જિજ્ઞાસા વગેરે ગુણોવાળો હોઇ માર્ગ (મોક્ષમાર્ગ)ને જ અનુસરે છે. **લલિતવિસ્તરા**માં પણ કહ્યું છે કે "અનાભોગથી પણ આ સદન્ધદૃષ્ટાન્ત મુજબ માર્ગગમન જ છે એવું અધ્યાત્મચિન્તકો કહે છે." આ બાબતમાં આ રહસ્ય છે. સ્વપક્ષની ગાઢ પકડવાળા પણ કેટલાક મિથ્યાત્વીઓમાં પ્રબળમોહોદય હોવા છતાં બીજા કોઈ કારણે થએલ રાગદ્વેષની મંદતારૂપ ઉપશમ જોરદાર જોવા મળે છે. તેઓનો તે ઉપશમ પાપાનુબંધીપુણ્યનો હેતુ હોઈ પરિણામે ભયંકર જ હોય છે, કેમકે તે પુણ્યના ફળભૂત સુખમાં વ્યામૂઢ થએલા તેઓ પુણ્યાભાસ જેવું તે કર્મ પૂરું થતાં નરકાદિ દુર્ગતિમાં અવશ્ય ધકેલાઇ જાય છે. તેથી તેઓનું તે માધ્યસ્થ્ય (ઉપશમ) અસત્પ્રવૃત્તિનો જ હેતુ છે એ નિશ્ચિત છે. જ્યારે ગુણવાન્પુરુષ (ગુરુ વગેરે)ની સમજાવટને યોગ્ય હોઈ જિજ્ઞાસા વગેરે ગુણનો યોગ થવાથી મોહમાં જે નોંધપાત્ર ઘટાડો થાય છે તે ઘટાડાના કારણે રાગદ્વેષની શક્તિ હણાવા રૂપ ઉપશમ થાય છે. આ ઉપશમ સત્પ્રવૃત્તિનો જ હેતુ બને છે, કેમકે તેમાંથી અસદ્ આગ્રહ નીકળી ગયો હોઈ તે સાચી વસ્તુના જ પક્ષપાતવાળો હોય છે. ॥૧૧॥

यत एव मिथ्यात्वमन्दताकृतं माध्यस्थ्यं नाऽसत्प्रवृत्त्याशयकृत् एव तदाधारकमनाभिग्रहिकमिथ्यात्वमपि शोभनमित्याह—

इत्तो अणभिग्गहियं भणिअं हियकारि पुव्वसेवाए ।
अण्णायविसेसाणं पढमिल्लयधम्ममहिगिच्च ॥१२॥

[इतोऽनाभिग्रहिकं भणितं हितकारि पूर्वसेवायाम् । अज्ञातविशेषाणां प्रथमधर्ममधिकृत्य ॥१२॥]

इत्तोत्ति । इतः पूर्वोक्तकारणात् अज्ञातविशेषाणां देवगुर्वादिविशेषपरिज्ञानाभाववतां प्राथमिकं धर्ममधिकृत्य प्रथमारब्धस्थूलधर्ममाश्रित्य पूर्वसेवायां योगप्रासादप्रथमभूमिकोचिताचाररूपायां अनाभिग्रहिकं सर्वदेवगुर्वादिश्रद्धानलक्षणं मिथ्यात्वं हितकारि भणितं, अनुषङ्गतः सद्विषयभक्तिहेतुत्वाद विशेषश्रद्धानस्यापि दशाभेदेन गुणत्वात । तदुक्तं योगबिन्दौ—अथ देवपूजाविधिमाह—

पुष्पैश्च बलिना चैव वस्त्रैः स्तोत्रैश्च शोभनैः । देवानां पूजनं ज्ञेयं शौचश्रद्धासमन्वितम् ॥११६॥

पुष्पैर्जातिशतपत्रकादिसंभवैः, बलिना पक्वान्नफलाद्युपहाररूपेण वस्त्रैः वसनैः स्तोत्रैश्च शोभनैः स्तवनैः चशब्दौ चैवशब्दश्च समुच्चायार्थाः । शोभनैरादरोपहितत्वेन सुन्दरैः देवानामाराध्यतमानां पूजनं ज्ञेयम् । कीदृशं ? इत्याह-शौचश्रद्धासमन्वितम् । शौचेन शरीरवस्त्रद्रव्यव्यवहारशुद्धिरूपेण, श्रद्धया च बहुमानेन, समन्वितं युक्तमिति ॥

अविशेषेण सर्वेषामधिमुक्तिवशेन वा । गृहिणां माननीया यत्सर्वे देवा महात्मनाम् ॥११७॥

अविशेषेण=साधारणवृत्त्या सर्वेषां=पारगत-सुगत-हर हरि-हिरण्यगर्भादीनां, पक्षान्तरमाह-अधिमुक्तिवशेन वा-अथवा यस्य यत्र देवतायामतिशयेन श्रद्धा तद्वशेन, कुतः ? इत्याह-गृहिणां=अद्यापि कुतोऽपि

---

**[અનાભિગ્રહિક મિથ્યાત્વ પણ સુંદર]**

આમ મિથ્યાત્વની મંદતાથી થએલ માધ્યસ્થ્ય અસત્પ્રવૃત્તિ કરાવતું નથી. તેથી જ તે માધ્યસ્થ્યના આધારભૂત અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ સારું છે એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**:-આ કારણે જ, દેવ વગેરેની વિશેષતાને નહિ જાણનારાઓના પ્રાથમિક ધર્મને ઉદ્દેશીને પૂર્વસેવામાં અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ હિતકર કહેવાયું છે.

આમ ઉક્તમાધ્યસ્થ્ય સત્પ્રવૃત્તિનો હેતુ બનતું હોવાથી જ, જેઓએ દેવ-ગુરુ વગેરેની વિશેષ માહિતી મેળવી નથી તેઓના પ્રારંભિક સ્થૂલધર્મને આશ્રીને પૂર્વસેવામાં અનાભિગ્રહિક મિથ્યાત્વને હિતકર કહ્યું છે. અહીં 'યોગ' રૂપ મહેલમાં આરોહણ કરવા માટેની પ્રથમ ભૂમિકા (પહેલો માળ)ને ઉચિત આચારો એ 'પૂર્વસેવા' છે અને સર્વદેવ-ગુરુ વગેરેની શ્રદ્ધા કરવી એ અનાભિગ્રહિકમિથ્યાત્વ છે. એ હિતકર એટલા માટે છે કે સુદેવ-સુગુરુ વગેરે રૂપ સદ્વિષયની ભક્તિમાં ગૌણપણે હેતુભૂત બનતી હોઈ એકસરખી રીતે બધાની શ્રદ્ધા કરવી એ પણ તે અવસ્થામાં લાભદાયક બને છે. યોગબિંદુ (શ્લોક ૧૧૬ વગેરે)માં કહ્યું છે કે "હવે દેવપૂજાવિધિ કહે છે-પરમઆરાધ્યદેવોનું વિશિષ્ટ પ્રકારના કમલ વગેરે પુષ્પો વડે, પકવાન-ફળ વગેરે ભેટરૂપ બલિથી, સુંદર વસ્ત્રોથી અને આદરયુક્ત હોઈ સુંદર એવા સ્તવનો વડે શરીરવસ્ત્ર-દ્રવ્ય તેમજ વ્યવહારની શુદ્ધિરૂપ શૌચથી અને બહુમાનરૂપ શ્રદ્ધાથી યુક્ત એવું પૂજન કરવું."

**[કઇ અવસ્થામાં બધા દેવો માનનીય?]**

એ પૂજન એક સરખી રીતે શ્રીજિનેશ્વરદેવ-બુદ્ધ-શંકર વિષ્ણુ-બ્રહ્મા વગેરે બધા દેવોનું કરવું અથવા અધિમુક્તિ=જેણે જે દેવ પર વધુ શ્રદ્ધા હોય તેને અનુસરીને તે દેવનું કરવું, કેમકે પરલોકને પ્રધાન કરનારા હોઈ પ્રશસ્ત આત્માવાળા એવા ગૃહસ્થોને કે જેઓ 'આ સુદેવ છે' અને 'આ કુદેવ છે' ઇત્યાદિ ભેદ મતિમૂઢતાને લીધે પકડી શક્યા નથી તેઓને માટે બધા દેવો ગૌરવ કરવા યોગ્ય હોય છે. એવું

मतिमोहादनिर्णीतदेवताविशेषाणां, माननीयाः=गौरवार्हाः, यद्=यस्मात् सर्वेदेवा उक्तरूपाः, महात्मनां= परलोकप्रधानतया प्रशस्तात्मनामिति ॥ एतदपि कथम्? इत्याह—

सर्वान्देवान्नमस्यन्ति नैकं देवं समाश्रिताः। जितेन्द्रिया जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ॥ सर्वान् देवान् नमस्यन्ति=नमस्कुर्वते। व्यतिरेकमाह नैकं=कंचन देवं समाश्रिताः=प्रतिपन्ना वर्त्तन्ते। येन ते जितेन्द्रियाः=निगृहीतहृषीकाः जितक्रोधाः=अभिभूतकोपाः, दुर्गाणि=नरकपातादीनि व्यसनानि अतितरन्ति=व्यतिक्रामन्ति, ते=सर्वदेवनमस्कर्त्तारः।~ननु नैव ते लोके व्यह्रियमाणाः सर्वेऽपि देवा मुक्तिपथप्रस्थितानामनुकूलाचरणा भवन्तीति कथमविशेषेण नमस्करणीयाः(यता)?~इत्याशङ्क्याह—

चारिसञ्जीवनीचारन्याय एष सतां मतः। नान्यथाऽत्रेष्टसिद्धिः स्याद्विशेषेणादिकर्मणाम् ॥११९॥ चारेः प्रतीतरूपाया मध्ये सञ्जीवनी-औषधिविशेषश्चारिसञ्जीवनी, तस्याश्चारश्चरणं स एव न्यायो दृष्टान्तश्चारिसञ्जीवनीचारन्यायः। एषोऽविशेषेण देवतानमस्करणीयतोपदेशः सतां=शिष्टानां मतोऽभिप्रेतः।

भावार्थस्तु कथागम्यः सा चेयमभिधीयते। अस्ति स्वस्तिमती नाम नगरी नागराकुला ॥
तस्यामासीत्सुता काचिद् ब्राह्मणस्य तथा सखी। तस्या एव परं पात्रं सदा प्रेम्णो गतावधेः ॥
तयोर्विवाहवशतो भिन्नस्थाननिवासिता। जज्ञेऽन्यदा द्विजसुता जाता(स्थिता) चिन्तापरायणा ॥
कथमास्ते सखीत्येवं ततः प्राघूर्णिका गता। दृष्टा विषादजलधौ निमग्ना सा तया ततः ॥
पप्रच्छ किंत्वमत्यन्तविच्छायवदना सखि!। तयोचे पापसद्माऽहं पत्युर्दुर्भगतां गता ॥
मा विषीद विषादोऽयं निर्विशेषो विषात्सखि!। करोम्यनड्वाहमहं पतिं ते मूलिकाबलात् ॥
तस्याः सा मूलिकां दत्त्वा संनिवेशं निजं ययौ। अप्रीतमानसा तस्य प्रायच्छत्तामसौ ततः ॥

---

પણ શા માટે? એવા પ્રશ્નનો જવાબ આપતાં યોગબિન્દુકાર આગળ કહે છે-"સર્વ દેવોને તેઓ નમે છે, કોઈ એક દેવને જ પકડી રાખતા નથી. આવા જિતેન્દ્રિય અને ક્રોધનો નિગ્રહ કરનારા તે સર્વદેવને નમનારા ગૃહસ્થો નરકપાત વગેરે સંકટરૂપ દુર્ગોને તરી જાય છે." ~"લોકમાં દેવ તરીકેનો વ્યવહાર પામેલા આ બધા દેવો મોક્ષમાર્ગ પર પ્રયાણ કરેલા જીવોને કંઈ અનુકૂલ તો હોતા નથી. તો એ બધાને એકસરખી રીતે નમસ્કરણીય કેમ કહો છો?~" એવી શંકાને મનમાં રાખીને યોગબિન્દુકાર આગળ કહે છે—

## [ ચારિસંજીવનીચાર ન્યાય ]

"આ ચારિસંજીવની ચાર ન્યાય તરીકે સજ્જનોને સંમત છે. એ ન્યાય વિના અહીં દેવપૂજનાદિમાં ઈષ્ટસિદ્ધિ થાય નહિ, વિશેષ કરીને પ્રારંભિક કક્ષાના જીવોને તે થાય નહિ." ચારામાં રહેલ સંજીવની ઔષધને ચરી જવી એ જ ન્યાય=દૃષ્ટાન્તને ચારિસંજીવનીચાર ન્યાય કહેવાય છે. સર્વદેવોને એક સરખી રીતે નમસ્કાર કરવાનો આ ઉપદેશ ન્યાય તરીકે શિષ્ટપુરુષોને સંમત છે. એ ન્યાયનો ભાવાર્થ કથા પરથી સમજાય તેવો છે. માટે તે કથા હવે કહેવાય છે—.

પૌરજનોથી વ્યાપ્ત એવી સ્વસ્તિમતી નામની નગરી છે. તેમાં કોઈ એક બ્રાહ્મણપુત્રી તથા નિઃસીમ પ્રેમનું શ્રેષ્ઠ પાત્ર એવી તેની એક સખી રહેતી હતી. વિવાહના કારણે બન્નેએ જુદા જુદા સ્થાને રહેવાનું થયું. એકવાર બ્રાહ્મણપુત્રી ચિંતાતુર બની કે મારી સખી કેવી હશે? તેથી તે મહેમાન બનીને સખીને ત્યાં ગઈ. ત્યાં તેણીએ પોતાની સખીને વિષાદના સાગરમાં ડુબેલી જોઈ. તેથી તેણીએ પૂછ્યું કે "હે સખિ! તું અત્યંત ખિન્નવદનવાળી કેમ છે?" તેણીથી કહેવાયું કે "પાપી એવી હું પતિને અપ્રિય થઈ પડી છું." બ્રાહ્મણપુત્રીએ કહ્યું કે "આ કષ્ટ ખરેખર ઝેરથી કંઈ ઉતરતું નથી, પણ તું ખેદ ન કર, હું તારા પતિને મૂલિકા (જડીબુટ્ટી)ના પ્રભાવે બળદીયો બનાવી દઉં છું" સ્વસખીને મૂલિકા આપીને તે બ્રાહ્મણપુત્રી તો પોતાના ઘરે ગઈ. પછી નાખુશ થએલી સખીએ પતિને તે મૂલિકા આપી. તેના પ્રભાવે તે ઉન્નત સ્કંધવાળો બળદ બની ગયો. એ જોઈને તુર્ત જ તે સખી દિલમાં ડંખ પામી અને

अभूद्गौरुद्धुरस्कन्धो झगित्येव च सा हृदि। विद्राणाथ(णैष)कथं सर्वकार्याणामक्षमोऽभवत् ॥
गोयूथान्तर्गतो नित्यं बहिश्चारयितुं सकः। तयाऽऽरब्धो वटस्याधः सोऽन्यदा विश्रमं गतः ॥
तच्छाखायां नभश्चारिमिथुनस्य कथंचन। विश्रान्तस्य मिथो जल्पप्रक्रमे रमणोऽब्रवीत् ॥
नागैष गौः स्वभावेन किन्तु वैगुण्यतोऽजनि। पत्नी प्रतिबभाषे सा पुनर्नाऽसौ कथं भवेत् ॥
मूल्यन्तरोपयोगेन क्वास्ते ? साऽस्य तरोरधः। श्रुत्वैतत्सा पशोः पत्नी पश्चात्तापितमानसा ॥
अभेदज्ञा ततश्चारिं सर्वां चारयितुं सकम्। प्रवृत्ता मूलिकाऽऽभोगात्सद्योऽसौ पुरुषोऽभवत् ॥
अजानाना यथा भेदं मूलिकायास्तया पशुः। चारितः सर्वतश्चारिं पुनर्नृत्वोपलब्धये ॥
तथा धर्मगुरुः शिष्यं पशुप्रायं विशेषतः। प्रवृत्तावक्षम ज्ञात्वा देवपूजादिके विधौ ॥
सामान्यदेवपूजादौ प्रवृत्तिं कारयन्नपि। विशिष्टसाध्यसिद्ध्यर्थं न स्याद्दोषी मनागपि ॥

इति। विपक्षे बाधमाह-न=नैव, अन्यथा=चारिसञ्जीवनीचारन्यायमन्तरेण अत्र=देवपूजनादौ प्रस्तुते, इष्टसिद्धिः विशिष्टमार्गावताररूपा स्याद्=भवेत्। अयं चोपदेशो यथा येषां दातव्यस्तदाह विशेषेण सम्यग्दृष्टयाद्युचितदेशनापरिहाररूपेण, आदिकर्मणाम्=प्रथममेवारब्धस्थूलधर्माचाराणाम्। ते ह्यत्यन्तमुग्धतया कंचन देवताविशेषमजानाना न विशेषप्रवृत्तेरप्यापि योग्याः किन्तु सामान्यरूपाया एवेति।

---

વિચાર્યું કે ખરેખર! આ તો બધા કામ માટે નકામો બની ગયો. પછી તો ગાય-બળદના જૂથમાં ભેગા તે બળદને પણ રોજ બહાર ચરાવવા તેણી લઈ જવા લાગી. એક વખત તે વડની નીચે આરામ કરતો હતો ત્યારે તે જ વડની શાખા પર કોઈક કારણે અટકેલા વિદ્યાધર યુગલના પરસ્પર વાર્તાલાપમાં પતિ બોલ્યો "આ બળદિયો સ્વાભાવિક નથી પણ વિકૃતિથી થએલો છે" ત્યારે તેની પત્ની બોલી કે "એ ફરીથી પુરુષ શી રીતે બને?" પતિ બોલ્યો "બીજી મૂલિકાના પ્રયોગથી" પત્નીએ પૂછ્યું "એ અન્યમૂલિકા ક્યાં છે?" પતિએ જવાબ આપ્યો કે "આ વૃક્ષની નીચે" આ વાર્તાલાપ સાંભળી પશ્ચાત્તાપવાળી થએલી અને વિવિધ વનસ્પતિઓના ભેદને નહિ જાણનાર (અને તેથી જ કઈ વનસ્પતિ પોતાને ઉપયોગી છે તે પણ ન જાણનાર) એવી બળદિયાની તે પત્નીએ ત્યાં રહેલ બધી વનસ્પતિઓ બળદિયાને ચરાવવી શરૂ કરી. એમ કરતાં જરૂરી મૂલિકાનો ઉપયોગ થવા માત્રથી તે તુરંત પુરુષ બની ગયો. એમ ધર્મગુરુ વિશેષે કરીને પશુ જેવા મંદબુદ્ધિ શિષ્યને વિશિષ્ટ દેવપૂજાદિ વિધિની પ્રવૃત્તિમાં અસમર્થ જાણીને વિશિષ્ટ સાધ્યની સિદ્ધિ કરવા સામાન્યદેવપૂજાદિમાં પ્રવર્તાવે તો લેશ પણ દોષ પામતા નથી. આવા ચારિસંજીવની-ચાર ન્યાયે આવો સર્વદેવોને નમસ્કાર કરવાનો ઉપદેશ અપાય છે. એ ન્યાયનો જો ઉપયોગ ન કરાય તો આ પ્રસ્તુત દેવપૂજનાદિ અંગેની વિશિષ્ટમાર્ગમાં અવતરણ થવા રૂપ ઈષ્ટસિદ્ધિ થાય જ નહિ. અર્થાત્ વિશિષ્ટદેવાદિને ઓળખવાની તાકાત વિનાના જીવને સામાન્યદેવાદિની પૂજામાં પણ જોડવાનો જો ન હોય તો વિશિષ્ટદેવાદિને પણ અન્ય સામાન્યદેવાદિને તુલ્ય માની સામાન્યદેવ તરીકે પિછાણતો એ ક્યારેય વિશિષ્ટદેવને પણ પામી શકે નહિ અને તેના પૂજનાદિ રૂપ વિશિષ્ટમાર્ગમાં આવી શકે નહિ. આ સર્વદેવને નમસ્કાર કરવાનો ઉપદેશ જેઓને જે રીતે આપવો તે જણાવવા કહે છે—જે દેશના સમ્યગ્દૃષ્ટિ વગેરેને ઉચિત હોય તેને વર્જવા રૂપ વિશેષ કાળજી રાખવા પૂર્વક, સ્થૂલ ધર્મઆચારોને નવા નવા જ જેઓએ શરૂ કર્યા છે તેઓને આ સર્વદેવને નમસ્કારાદિ કરવાનો ઉપદેશ આપવો, કેમકે અત્યન્તમુગ્ધ હોવાના કારણે કોઈપણ વિશેષ દેવને ન જાણતાં તેઓ વિશેષ પ્રવૃત્તિને તો હજુ પણ યોગ્ય હોતા નથી, કિન્તુ સામાન્ય-પ્રવૃત્તિને જ યોગ્ય હોય છે.

तर्हि कदा विशेषे प्रवृत्तिरनुमन्यते ? इत्याशङ्क्याह -

गुणाधिक्यपरिज्ञानाद्विशेषेऽप्येतदिष्यते । अद्वेषेण तदन्येषां वृत्ताधिक्ये तदात्मनः ॥१२०॥
गुणाधिक्यपरिज्ञानात् देवतान्तरेभ्यो गुणवृद्धेरवगमात् विशेषेऽप्यर्हदादौ किं पुनः सामान्येन एतत्पूजनमिष्यते । कथम् ? इत्याह-अद्वेषेण अमत्सरेण तदन्येषां पूज्यमानदेवताव्यतिरिक्तानां देवतान्तराणां वृत्ताधिक्ये आचाराधिक्ये सति । तथा इति विशेषणसमुच्चये । आत्मनः स्वस्य देवतान्तराणि प्रतीत्येति ॥" अत्र ह्यादिधार्मिकस्य विशेषाज्ञानदशायां साधारणी देवभक्तिरेवोक्ता, दानाधिकारे पात्रभक्तिरप्यस्य विशेषाज्ञाने साधारण्येव, तज्ज्ञाने च विशेषत उक्ता तथाहि-

व्रतस्था लिङ्गिनः पात्रमपचास्तु विशेषतः । स्वसिद्धान्ताविरोधेन वर्त्तन्ते ये सदैव हि ॥१२२॥
व्रतस्था हिंसाऽनृतादिपापस्थानविरतिमन्तः लिङ्गिनो व्रतसूचकतथाविधनैपथ्यवन्तः पात्रमविशेषेण वर्त्तते । अत्रापि विशेषमाह-अपचास्तु स्वयमेवापाचकाः, पुनरुपलक्षणात्परैरपाचयितारः पच्यमानाननुमन्तारो लिङ्गिन एव विशेषेण पात्रम् । तथा स्वसिद्धान्ताविरोधेन स्वशास्त्रोक्तक्रियाऽनुल्लङ्घनेन वर्त्तन्ते चेष्टन्ते सदैव हि सर्वकालमेवेति ।

इत्थं चास्यानाभिग्रहिकमपि गुणकारि सम्पन्नम् । तथा चानाभिग्रहिकमप्याभिग्रहिककल्पत्वात्तीव्रमेवेति [1]सुनिश्चितमित्यादि [अयोग व्य द्वा. २७] संमतिप्रदर्शनपूर्वं यः प्राह तन्निरस्तं, मुग्धानां स्वप्रतिपत्तौ तस्य गुणत्वात् । सुनिश्चितमित्यादिना विशेषज्ञस्यापि मायादिना माध्यस्थ्यप्रदर्शनस्यैव दोषत्वप्रतिपादनाद् । न चास्याविशेषप्रतिपत्तिः सम्यग्दृष्टेरिव दुष्टेति शङ्कनीयं, अवस्थाभेदेन दोषव्यवस्थानाद्, अन्यथा स.धोरिव सम्यग्दृशः साक्षाद्देवपूजादिकमपि दुष्टं स्यादिति विभावनीयम् ।

[ વિશિષ્ટ દેવપૂજા કઈ અવસ્થામાં ]

તો પછી કઈ અવસ્થામાં વિશિષ્ટદેવપૂજા વગેરે પ્રવૃત્તિ તમને સંમત છે? એવી આશંકાને ઉદ્દેશીને (યોગબિન્દુકાર) આગળ કહે છે—બીજા દેવ વગેરે કરતાં શ્રીઅરિહંત વગેરેમાં ગુણપ્રાચુર્ય જણાયા પછી વિશેષ પ્રકારના દેવ એવા તેઓનું પણ પૂજન સંમત છે. આમાં શરત એટલી જ છે કે બીજા દેવો કરતાં પોતાના આચારો ઊંચા હોવા છતાં તે દેવતાઓ પર દ્વેષ રહેવો ન જોઈએ." અહીં ધર્મમાં નવા નવા જોડાયેલા જીવોને અરિહંત વગેરે વિશિષ્ટદેવોમાં રહેલી વિશેષતાની જાણકારી ન હોવાની અવસ્થામાં સામાન્ય દેવભક્તિ જ કહી છે, એમ દાનાધિકારમાં પાત્રભક્તિ પણ વિશેષ જાણકારી ન હોઈ સામાન્ય જ કહી છે, અને વિશેષ જાણકારીવાળી અવસ્થામાં વિશેષતઃ કહી છે. તે આ રીતે- "હિંસા-જૂઠ વગેરે પાપની વિરતિવાળા તથા તેવા વ્રતને જણાવનાર વેશવાળા બધા લિંગીઓ કે જેઓ હંમેશાં સ્વશાસ્ત્રોક્ત ક્રિયાનું ઉલ્લંઘન કર્યા વિના જીવે છે તેઓ એકસરખી રીતે પાત્ર છે. એમાં પણ સ્વયં ન રાંધનાર (ઉપલક્ષણથી બીજા પાસે ન રંધાવનાર તેમજ સ્વયં રાંધનારા બીજાઓની અનુમોદના ન કરનાર) લિંગીઓ તો વિશેષે કરીને દાનના પાત્રભૂત છે."

[ અવસ્થાભેદે ગુણદોષભેદ ]

આમ સામાન્યદેવપૂજા વગેરે પૂર્વસેવાનો હેતુ બનતું અનાભિગ્રહિકમિથ્યાત્વ પણ લાભદાયક બને છે એ નિશ્ચિત થયું. અને તેથી "અનાભિગ્રહિક પણ આભિગ્રહિક જેવું જ હોઈ તીવ્ર જ હોય છે એવું અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના 'सुनिश्चित'....' ઇત્યાદિ સાક્ષિ શ્લોકપૂર્વક જે કહેવાયું છે" તેનો નિરાસ જાણવો, કેમકે મુગ્ધજીવોને "બધા દેવો પૂજ્ય છે" વગેરેરૂપ પોતપોતાની માન્યતામાં એ ગુણકર બને છે. 'सुनिश्चित' ઇત્યાદિ શ્લોક તો વિશેષ જાણકાર જીવ પણ માયાદિના કારણે જે માધ્યસ્થ્ય દેખાડવાનો ડોળ કરે છે. તેને જ આભિગ્રહિક મિથ્યાત્વને તુલ્ય દોષરૂપ જણાવે છે. ~"બધા દેવાદિ એક સરખી રીતે માનવા એ

1 सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ ! मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ॥

एतेन ~ △पृथिव्याद्यारंभप्रवृत्तापेक्षया निजनिजदेवाराधनप्रवृत्तानामध्यवसायः शोभनः, देवादिशुभगतिहेतुत्वात्, △ इत्यसत्, तथाभूताध्यवसायस्य शोभनत्वे सम्यक्त्वोच्चारे 'णो कप्पइ अण्णउत्थिए वा०' इत्यादिरूपेण मिथ्यात्वप्रत्याख्यानानुपपत्तिप्रसक्तेः । न हि शुभाध्यवसायस्य तद्धेतोर्वा प्रत्याख्यानं संभवति, ततः शुभाध्यवसायोऽपि तेषां पापानुबन्धिपुण्यप्रकृतिहेतुत्वेन नरकादिनिबन्धनत्वान्महानर्थहेतुरेव । न ह्यत्रापेक्षिकमपि शुभत्वं घटते, स्वस्त्रीसङ्गपरित्यागेन परस्त्रीसङ्गप्रवृत्तस्येव बहुपापपरित्यागमन्तरेणाल्पपापपरित्यागस्याशुभत्वाद् । अत एव पृथिव्याद्यारंभप्रवृत्तस्यापि सम्यग्दृशोऽन्यतीर्थिकदेवाद्याराधनपरित्यागोपपत्तिः ~ इति परस्यैकान्ताभिनिवेशो निरस्तः, उत्कटमिथ्यात्ववन्तं पुरुषं प्रतीत्य निजनिजदेवाद्याराधनाप्रवृत्तेर्महाऽनर्थहेतुत्वेऽप्यनाग्रहिकमादिधार्मिकं प्रति तथात्वस्याभावात्, तस्याविशेषप्रवृत्तेर्दुर्गतरणहेतुत्वस्य हरिभद्रसूरिभिरेवोक्तत्वात् । प्रत्याख्यानं च पूर्वभूमिकायां

---

સમ્યક્ત્વીને જેમ દોષરૂપ છે તેમ આ મુગ્ધજીવને પણ દોષરૂપ નહિ બને ?" એવી શંકા કરવી નહિ, કેમકે દોષની વ્યવસ્થા અવસ્થાભેદે ભેદવાળી હોય છે. અર્થાત્ અમુક અવસ્થામાં જે દોષરૂપ હોય તેવું આચરણ પણ બીજી કોઈ વિશેષ અવસ્થામાં દોષરૂપ રહેતું નથી, ઉપરથી ક્યારેક ગુણરૂપ બની જતું હોય છે. જો આવું ન હોય તો (અર્થાત્ અમુક અવસ્થામાં જે દોષરૂપ હોય તે સર્વ અવસ્થામાં દોષરૂપ હોય તે સર્વઅવસ્થામાં દોષરૂપ જ રહેતું હોય તો સ્વયં દ્રવ્યપૂજા કરવી એ સાધુઓને દોષરૂપ હોઈ સમ્યગ્દૃષ્ટિ વગેરેને પણ દોષરૂપ માનવી પડે. આમ અવસ્થાભેદે દોષવ્યવસ્થા છે એવું જે જણાવ્યું તેનાથી જ એકાન્ત અભિનિવેશરૂપ નીચેનો પૂર્વપક્ષ (સર્વજ્ઞશતક શ્લો. ૭૯) નિરસ્ત જાણવો.

[પૃથ્વ્યાદિની હિંસા કરતાં અન્યદેવપૂજા અશુભ ?]

**પૂર્વપક્ષ**–"પૃથ્વીકાય વગેરેનો આરંભ સમારંભ કરનારા મિથ્યાત્વી કરતાં પોતપોતાના દેવાદિની આરાધના કરનાર મિથ્યાત્વીનો પરિણામ શુભ હોય છે, કેમકે દેવ વગેરે શુભગતિનો હેતુ છે" એવી માન્યતા અયુક્ત જાણવી. કેમકે તે અધ્યવસાય જો શુભ હોય તો સમ્યક્ત્વના આલાવામાં 'અન્યતીર્થિકદેવાદિ માનવા ન કલ્પે" ઇત્યાદિ રૂપે મિથ્યાત્વનું જે પચ્ચક્ખાણ છે તે અસંગત થઈ જાય. કેમકે શુભઅધ્યવસાય કે તેને લાવી આપનાર ક્રિયા વગેરેનું પચ્ચક્ખાણ સંભવતું નથી. તેથી માનવું જોઇએ કે તેઓનો દેવાદિ શુભગતિ લાવી આપનાર સ્વસ્વદેવાદિપૂજન અધ્યવસાય પણ શુભ નથી. એટલું જ નહિ કિન્તુ પાપાનુબંધી પુણ્યના હેતુભૂત હોઈ નરકાદિનું કારણ બનવા દ્વારા મહા અનર્થનો જ હેતુ બનતો હોવાના કારણે અત્યન્ત અશુભ જ છે.

**શંકા**–છતાં બીજો મિથ્યાત્વી કે જે પૃથ્વ્યાદિની હિંસા કરે છે તેના એ હિંસક અધ્યવસાય કરતાં તો, સ્વદેવાદિપૂજનમાં વ્યગ્ર રહેલા આનો પૂજન અધ્યવસાય તે એટલો વખત હિંસાદિથી બચી શકતો હોવાના કારણે, શુભ ગણાય ને !

**સમાધાન**–ના, આવી આપેક્ષિક રીતે પણ એ શુભ નથી, કારણકે જેમ પરસ્ત્રીને ભોગવનારો સ્વસ્ત્રીના ભોગનો ત્યાગ કરે એ યુક્ત નથી તેમ અન્યદેવ પૂજા વગેરે દ્વારા મહા મિથ્યાત્વરૂપ મહાપાપને વળગીને હિંસા વગેરે રૂપ નાના પાપનો ત્યાગ કરવો એ યુક્ત નથી. અર્થાત્ મિથ્યાત્વરૂપ મોટાપાપના ત્યાગ વિના હિંસા વગેરે રૂપ નાના પાપનો ત્યાગ શુભ બનતો નથી. તેથી (અર્થાત્ હિંસાદિ પાપ નાનું હોવાથી અને અન્ય દેવપૂજા વગેરે રૂપ મિથ્યાત્વ પાપ મોટું હોવાથી) જ પૃથ્વ્યાદિની હિંસામાં પ્રવર્તેલો એવો પણ સમ્યગ્દૃષ્ટિ અન્યતીર્થિકદેવ વગેરેની આરાધનાનો જે ત્યાગ કરે છે એ સંગત છે, જેમકે સ્વસ્ત્રીને ભોગવનાર પણ વ્યક્તિએ કરેલો પરસ્ત્રીભોગત્યાગ.

शुभाध्यवसायहेतोरप्युत्तरभूमिकायां स्वप्रतिपन्नविशेषधर्मप्रतिबन्धकरूपेण भवति, नैतावता पूर्वभूमिकायामपि तस्य विलोपो युक्तः । यथाहि-प्रतिपन्नकृत्स्नसंयमस्य जिनपूजायाः साक्षात्करणनिषेधात्, तस्य स्वप्रतिपन्नचारित्रविरोधिपुष्पादिग्रहणरूपेण तत्प्रत्याख्यानेऽप्यकृत्स्नसंयमवतां श्राद्धानां न तदनौचित्यं, तथा प्रतिपन्नसम्यग्दर्शनानां स्वप्रतिपन्नसम्यक्त्वप्रतिबन्धक-विपर्यासहेतुत्वेनाविशेषप्रवृत्तेः प्रत्याख्यानेऽपि नादिधार्मिकाणां तदनौचित्यमिति विभावनीयम् । ~नन्वेवमादिधार्मिकस्य देवादिसाधारणभक्तेः पूर्वसेवायामुचितत्वे जिनपूजावत्साधूनां साक्षात्तदकरणव्यवस्थायामपि तद्वदेवानुमोद्यत्वापत्तिरितिचेत् ? ~न, सामान्यप्रवृत्तिकारणतदुपदेशादिना तदनुमोद्यताया इष्टत्वात्, केवलं सम्यक्त्वाद्यनुगतं कृत्यं स्वरूपेणाप्यनुमोद्यमितरच्च मार्गबीजत्वादिनेत्यस्ति विशेष इत्येतच्चाग्रे सम्यग् विवेचयिष्यामः ॥१२॥

अनाभिग्रहिकस्य शोभनत्वमेव गुणान्तराधायकत्वेन समर्थयति-

इत्तो अ गुणट्ठाणं पढमं खलु लद्धजोगदिट्ठीणं ।
मिच्छत्तेवि पसिद्धं परमत्थगवेसणपराणं ॥१३॥

[ इतश्च गुणस्थानं प्रथमं खलु लब्धयोगदृष्टीनाम् । मिथ्यात्वेपि प्रसिद्धं परमार्थगवेषणपराणाम् ॥१३॥ ]

---

**ઉત્તરપક્ષ**-તમારી દલીલો યુક્ત નથી. ગાઢમિથ્યાત્વીજીવોને સ્વસ્વદેવાદિની આરાધના પ્રવૃત્તિ મહા અનર્થનો હેતુ બનતી હોવા છતાં કદાગ્રહશૂન્ય આદિધાર્મિકને તે તેવી બનતી નથી, કેમકે તેવા જીવની બધા દેવ વગેરેને સમાન રીતે પૂજવાની પ્રવૃત્તિને **શ્રીહરિભદ્રસૂરિમહારાજે** જ નરકપાત વગેરે કષ્ટોરૂપ દુર્ગને તરવાના હેતુરૂપે યોગબિન્દુ (શ્લોક. ૧૧૮)માં કહી છે. માટે તેઓનો એ પૂજનઅધ્યવસાય શુભ પણ છે જ. વળી તમે જે કહ્યું કે "એ શુભ હોય તો સમ્યક્ત્વના આલાવામાં એનું પચ્ચક્ખાણ સંભવે નહિ ઇત્યાદિ" તે પણ અયોગ્ય છે, કેમકે આદિ ધાર્મિકપણાની તે પૂર્વભૂમિકામાં શુભઅધ્યવસાયના હેતુભુત પણ તે પૂજનાદિ પ્રવૃત્તિ, સમ્યક્ત્વાદિની ઉત્તર ભૂમિકામાં, પોતે સ્વીકારેલ સમ્યક્ત્વાદિ વિશેષ ધર્મની પ્રતિબન્ધક બને છે. અને તેથી તેનું પચ્ચક્ખાણ છે. પણ એટલા માત્રથી તેને પુર્વભૂમિકામાંથી પણ ઉડાડી દેવી તો યોગ્ય નથી જ. જેમકે સંપૂર્ણસંયમી સાધુઓને જિનપૂજા સાક્ષાત કરવાનો નિષેધ છે. તેથી પોતે સ્વીકારેલ ચારિત્રગુણને વિરોધી એવા પુષ્પગ્રહણ વગેરે રૂપે તેનું પચ્ચક્ખાણ પણ તેઓને હોય છે. તેમ છતાં જેઓએ સંપૂર્ણ સંયમ સ્વીકાર્યું નથી તેવા શ્રાવકોને કંઈ એ અયોગ્ય નથી. (વિરોધી નથી કે પચ્ચક્ખાણ કરવા યોગ્ય નથી). એ રીતે સમ્યગ્દષ્ટિ જીવોને અન્યદેવ અંગેની સમાનપ્રવૃત્તિ પોતે સ્વીકારેલ સમ્યક્ત્વના પ્રતિબંધકભૂત વિપર્યાસના હેતુરૂપ હોઈ તેનું પચ્ચક્ખાણ હોવા છતાં આદિધાર્મિક જીવોને તે પ્રવૃત્તિ અનુચિત નથી, એ વિચારવું.

**શંકા**-જેમ પોતાને સાક્ષાત્ કરવી નિષિદ્ધ એવી પણ જિનપૂજાદિ પ્રવૃત્તિ શ્રાવકોને ઉચિત હોઈ સાધુઓને અનુમોદનીય છે તેમ આદિધાર્મિકની દેવાદિ સાધારણ ભક્તિ પૂર્વસેવામાં જો ઉચિત હોય તો તો તે પણ અનુમોદનીય બની જવાની આપત્તિ આવશે.

**સમાધાન**- એ આપત્તિ અમારે આપત્તિરૂપ નથી, કેમકે આદિધાર્મિક જીવોની તેવી પ્રવૃત્તિમાં કારણભૂત એવો 'તેનો તેઓને ઉપદેશ આપવો' વગેરે રૂપે એ અનુમોદનીય હોવી અમને ઇષ્ટ જ છે. આમાં વિશેષતા એટલી જ છે કે સમ્યક્ત્વાદિનું આચારભુત કૃત્ય સ્વરૂપે જ અનુમોદનીય હોય છે જ્યારે આદિધાર્મિકનું તે કૃત્ય મોક્ષમાર્ગનું બીજ બનતું હોવાના કારણે અનુમોદનીય છે, સાક્ષાત સ્વરૂપે નહિ. આનું આગળ વિશદ વિવેચન કરવાના છીએ. ॥૧૨॥

इतश्चानाभिग्रहिकस्य हितकारित्वादेव च मिथ्यात्वेऽपि खल्विति निश्चये, लब्धयोगदृष्टीनां मित्रादिप्रथमदृष्टिचतुष्टयप्राप्तिमतां परमार्थगवेषणपराणां मोक्षैकप्रयोजनानां योगिनां प्रथमं गुणस्थानमन्वर्थं प्रसिद्धम् । अयं भावः– मिथ्यादृष्टयोऽपि परमार्थगवेषणपराः सन्तः पक्षपातं परित्यज्याद्वेषादिगुणस्थाः खेदादिदोषपरिहाराद् यदा संवेगतारतम्यमाप्नुवन्ति तदा मार्गाभिमुख्यात्तेषामिक्षुरसकक्कबगुडकल्पा मित्रा तारा बला दीप्रा चेति चतस्रो योगदृष्टय उल्लसन्ति, भगवत्पतञ्जलिभदन्तभास्करादीनां तदभ्युपगमात् । तत्र मित्रायां दृष्टौ स्वल्पो बोधो, यमो योगाङ्गं देवकार्यादावखेदो, योगबीजोपादानं भवोद्वेगसिद्धान्तलेखनादिकं, बीजश्रुतौ परमश्रद्धा, सत्संगमश्च भवति, चरमयथाप्रवृत्तकरणसामर्थ्येन कर्ममलस्याल्पीकृतत्वात् । अत एवेदं चरमयथाप्रवृत्तकरणं परमार्थतोऽपूर्वकरणमेवेति योगविदो विदन्ति । उक्तं च–

अपूर्वासन्नभावेन व्यभिचारवियोगतः । तत्त्वतोऽपूर्वमेवेदमिति योगविदो विदुः ॥३९॥

---

[ગુણાન્તરઆધાયક હોવાથી પણ અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકર]

અનાભિગ્રહિક મિથ્યાત્વ સુંદર જ છે એ વાતનું તે બીજો પણ ગુણ લાવી આપનાર છે એવું દેખાડીને સમર્થન કરે છે—

**ગાથાર્થ**: આમ અનાભિગ્રહિક મિથ્યાત્વ ગુણકર હોવાથી જ, યોગની દૃષ્ટિ પામેલા પરમાર્થ ગવેષણમાં તત્પર જીવોને મિથ્યાત્વની હાજરીમાં પણ પહેલું ગુણસ્થાન યથાર્થ હોવું કહ્યું છે.

વળી અનાભિગ્રહિક મિથ્યાત્વ હિતકર હોવાથી જ મિથ્યાત્વની હાજરીમાં પણ મિત્રા વગેરે યોગની પહેલી ચાર દૃષ્ટિ પામેલા અને મોક્ષ એકમાત્ર છે પ્રયોજન જેઓનું તેવા યોગીઓને પહેલું ગુણસ્થાન યથાર્થ રીતે હોવું શાસ્ત્રમાં કહ્યું છે. જો આ મિથ્યાત્વ ગુણકર ન હોય તો એ અવસ્થા ગુણસ્થાન શી રીતે બને? અહીં આ તાત્પર્ય છે-મિથ્યાત્વીઓ પણ પરમાર્થ=મોક્ષના ગવેષણમાં તત્પર બનીને, પક્ષપાતને છોડીને અદ્વેષ વગેરે ગુણોમાં સ્થિર થાય છે અને ખેદ વગેરે દોષોના પરિહારથી સંવેગની તરતમતા પામે છે ત્યારે તેઓમાં માર્ગાભિમુખતાના કારણે [1]શેરડી–શેરડીનો રસ–ગોળની રસી અને ગોળ જેવી મિત્રા–તારા–બલા અને દીપ્રા એ ચાર યોગદૃષ્ટિઓ ખીલે છે, કેમકે **ભગવાન પતંજલિ ભદંત ભાસ્કર** વગેરેને તે દૃષ્ટિઓ હોવી માની છે.

[મિત્રાદિ ચાર દૃષ્ટિઓ]

આ દૃષ્ટિઓમાંથી મિત્રા દૃષ્ટિમાં અત્યન્ત અલ્પબોધ, 'યમ' નામનું યોગાંગ અને દેવકાર્ય વગેરેમાં અખેદ (ખેદ દોષનો ત્યાગ) હોય છે. યોગબીજના ઉપાદાનભૂત ભવોદ્વેગ સિદ્ધાન્તલેખન, બીજશ્રવણમાં પરમશ્રદ્ધા અને સત્સંગ વગેરે અહીં પ્રવર્તે છે, કેમકે ચરમયથાપ્રવૃત્તકરણના સામર્થ્યથી કર્મમલ અત્યન્ત અલ્પ થઈ ગયો હોય છે. તેથી જ "આ ચરમ યથાપ્રવૃત્તકરણ પરમાર્થથી તો અપૂર્વકરણ જ છે" એવું યોગના જાણકારો કહે છે. યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થમાં કહ્યું છે કે–'આ (ચરમયથાપ્રવૃત્તકરણ) અપૂર્વકરણની નજીક હોવાના કારણે તેમજ ગુણપ્રાપ્તિ કરાવવામાં વ્યભિચાર શૂન્ય હોવાના કારણે તત્ત્વથી અપૂર્વકરણ જ છે એવું યોગજ્ઞો માને છે.' આ અવસ્થામાં મિથ્યાત્વ હોવા છતાં 'ગુણસ્થાન' શબ્દનો ગુણ અને સ્થાન શબ્દોના યોગથી થએલ (ગુણોનું સ્થાન) અર્થ ઘટે છે. એ જ ગ્રન્થમાં આગળ કહ્યું છે કે 'સામાન્ય રીતે

---

૧ અર્થાત્ જેમ આ ચાર અવસ્થાઓ ઉત્તરકાલીન ખાંડ–સાકર–મત્સ્યંડી-વરસોલારૂપ ચાર અવસ્થાની કારણભૂત હોય છે તેમ આ મિત્રાદિ ચાર દૃષ્ટિઓ સ્થિરા–કાન્તા–પ્રભા–પરાદૃષ્ટિ રૂપ પાછલી ચાર દૃષ્ટિઓની કારણભૂત છે.

अस्यां चावस्थायां मिथ्यादृष्टावपि गुणस्थानपदस्य योगार्थघटनोपपद्यते, उक्तं च –

प्रथमं यद्गुणस्थानं सामान्येनोपवर्णितम् । अस्यां तु तदवस्थायां मुख्यमन्वर्थयोगतः ॥४०॥

तारायां तु मनाक्स्पष्टं दर्शनं, शुभा नियमाः, तत्त्वजिज्ञासा, योगकथास्वविच्छिन्ना प्रीतिः, भावयोगिषु यथाशक्त्युपचारः, उचितक्रियाऽहानिः, स्वाचारहीनतायां महात्रासः, अधिककृत्यजिज्ञासा च भवति, तथाऽस्यां स्थितः स्वप्रज्ञाकल्पिते विसंवाददर्शनान्नानाविधमुमुक्षुप्रवृत्तेः कार्त्स्न्येन ज्ञातुमशक्यत्वाच्च शिष्टाचरितमेव पुरस्कृत्य प्रवर्त्तते । उक्तं च–

नास्माकं महती प्रज्ञा सुमहान् शास्त्रविस्तरः । शिष्टाः प्रमाणमिह तदित्यस्यां मन्यते सदा ॥४८॥

बलायां दृष्टौ दृढं दर्शनं, स्थिरसुखमासनं, परमा तत्त्वशुश्रूषा, योगगोचरोऽक्षेपः, स्थिरचित्ततया योगसाधनोपायकौशलं च भवति । दीप्रायां दृष्टौ प्राणायामः, प्रशान्तवाहितालाभाद् योगोत्थानविरहः, तत्त्वश्रवणं, प्राणेभ्योपि धर्मस्याधिकत्वेन परिज्ञानं, तत्त्वश्रवणतो गुरुभक्तेरुद्रेकात्समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनं च भवति ।

तथा मित्रादृष्टिस्तृणाग्निकणोपमा न तत्त्वतोऽभीष्टकार्यक्षमा, सम्यक्प्रयोगकालं यावदनवस्थानाद्, अल्पवीर्यतया ततः पटुस्मृतिबीजसंस्काराधानानुपपत्तेः, विकलप्रयोगभावाद् भावतो वन्दनादिकार्यायोगादिति । तारादृष्टिर्गोमयाग्निकणसदृशी, इयमप्युक्तकल्पैव, तत्त्वतो विशिष्टस्थितिवीर्यविकलत्वाद् ।

---

જેનું ગુણસ્થાન તરીકે વર્ણન કર્યું હતું તે આ અવસ્થામાં અન્વર્થયુક્ત હોઈ મુખ્ય–પારમાર્થિક બની જાય છે.'

**તારાદષ્ટિમાં** કંઈક સ્પષ્ટ દર્શન, શુભ નિયમ રૂપ બીજું યોગાંગ, હિતકર પ્રવૃત્તિમાં અનુદ્વેગ (ઉદ્વેગ દોષત્યાગ), યોગની વાતોમાં તૂટયા વગરની પ્રીતિ, ભાવયોગીઓ પ્રત્યે યથાશક્તિ ઉપચાર (પૂજા–સેવા વગેરે), ઉચિત ક્રિયાઓની અહાનિ, સ્વ આચારો હીન હોવાનો મહાત્રાસ, અને અધિકકૃત્ય અંગેની જિજ્ઞાસા રૂપ શુભ પ્રવૃત્તિઓ ખીલે છે. વળી આ દષ્ટિવાળાને પોતાની કલ્પનાઓમાં વિસંવાદ દેખાવાથી તેમજ અનેક પ્રકારની મુમુક્ષુ પ્રવૃત્તિઓને સંપૂર્ણરીતે જાણવી અશકય હોવાથી તે શિષ્ટ પુરુષોના આચરણને જ આગળ કરીને પ્રવર્તે છે. યોગદષ્ટિસમુચ્ચયમાં જ કહ્યું છે કે 'એક બાજુ અમારી બુદ્ધિ એવી જોરદાર નથી અને બીજી બાજુ શાસ્ત્રોનો વિસ્તાર ઘણો છે. (તેથી બધાનું રહસ્ય અમે તો શી રીતે તારવી શકીએ?) માટે અમારે માટે તો શિષ્ટો જ પ્રમાણ છે. આવું આ દષ્ટિમાં રહેલ જીવ હંમેશાં માને છે.' **બલાદષ્ટિમાં** દર્શન વધુ દઢ હોય છે. તેમજ સ્થિરસુખાસન રૂપ યોગાંગ, શ્રેષ્ઠ તીવ્ર તત્ત્વશુશ્રુષા (શ્રવણેચ્છા), યોગ અંગે અક્ષેપ (ક્ષેપદોષત્યાગ), અને ચિત્ત સ્થિર હોવાના કારણે થએલ યોગના સાધન–ઉપાયો અંગેની કુશલતા હોય છે. **દીપ્રાદષ્ટિમાં** પ્રાણાયામ યોગાંગ, પ્રશાન્તવાહિતાનો લાભ થયો હોઈ યોગોત્થાન દોષનો અભાવ, તત્ત્વશ્રવણ, પ્રાણ કરતાં પણ ધર્મની વધુ કિંમત આંકવી–જાણવી તે, તત્ત્વશ્રવણથી ગુરુભક્તિ ઉછાળા મારવી વગેરે થાય છે. અને તેના સામર્થ્યથી શ્રીતીર્થંકરનું સમાપત્તિ વગેરે ભેદથી દર્શન થાય છે.

**[ ૪ દષ્ટિમાં વંદનાદિ અનુષ્ઠાન ]**

આ ચાર દષ્ટિઓમાંથી **મિત્રાદષ્ટિ** ઘાસના તણખલાના અગ્નિના કણના પ્રકાશ જેવા અત્યંત સ્વલ્પબોધવાળી હોય છે. એ ઇષ્ટકાર્ય કરવાની ક્ષમતાવાળી હોતી નથી. કારણકે વંદનાદિ ક્રિયાના સમ્યક્ આચરણના કાળ સુધી તેનો બોધ ટકતો નથી. એ ન ટકવાનું કારણ એ છે કે એ અલ્પશક્તિવાળો હોવાથી એના દ્વારા એવા સંસ્કાર ઊભા નથી થતા કે જે સારી સ્મૃતિનું કારણ બને; અને વંદનાદિ ક્રિયા અપૂર્ણ બની રહેવાથી ભાવથી વંદનાદિરૂપ કાર્ય થતું નથી. **તારાદષ્ટિ** છાણાના અગ્નિકણના પ્રકાશ જેવા બોધવાળી હોય છે. આ પણ

अतोऽपि प्रयोगकाले स्मृतिपाटवासिद्धेः, तदभावे प्रयोगवैकल्यात्, ततस्तथाकार्याभावादिति। बलादृष्टिः काष्ठाग्निकणतुल्या, ईषद्विशिष्टोक्तबोधद्वयात्, तद्भवतोऽत्र मनाकुस्थितिवीर्येऽतः पटुप्राया स्मृतिरिह, प्रयोगसमये तद्भावे चार्थप्रयोगमात्रप्रीत्या यत्नलेशभावादिति। दीप्रादृष्टिर्दीपप्रभासदृशी, विशिष्टतरोक्तवीर्यबोधत्रयाद्, अतोऽत्रोदग्रे स्थितिवीर्ये, तत्पट्व्यपि प्रयोगसमये स्मृतिः। एवं भावतोऽप्यत्र द्रव्यप्रयोगो वन्दनादौ, तथाभक्तितो यत्नभेदप्रवृत्तेरिति प्रथमगुणस्थानप्रकर्ष एतावानिति समयविदः। इत्थं चोक्तस्य योगदृष्टिसमुच्चयग्रन्थार्थस्यानुसारेण मिथ्यादृष्टीनामपि मित्रादिदृष्टियोगेन तथा(थ्य)गुणस्थानकत्वसिद्धेः तथाप्रवृत्तेरनाभिग्रहिकस्य संभवादनाभिग्रहिकत्वमेव तेषां शोभनमित्यापन्नम् ॥१३॥

~ननु योगदृष्ट्यापि मिथ्यादृशां कथं गुणभाजनत्वम्? जैनत्वप्राप्तिं विना गुणलाभासंभवाद्, दृष्टिविपर्यासस्य दोषस्य सत्त्वाद्। अत एवोक्तं—

मिथ्यात्वं परमो रोगो मिथ्यात्वं परमं तमः। मिथ्यात्वं परमः शत्रुर्मिथ्यात्वं पदमापदाम् ॥~ इत्याशंक्याह—

---

મિત્રાદષ્ટિ જેવી જ હોય છે. અર્થાત્ ઇષ્ટકાર્યક્ષમ હોતી નથી, કેમકે એનો બોધ વિશિષ્ટ સ્થિતિ વાળો (લાંબો કાળ ટકવાવાળો) હોતો નથી કે જ્યાં સુધી ટકે છે ત્યાં સુધી પણ વિશિષ્ટ વીર્ય (સામર્થ્ય) વાળો હોતો નથી. એટલે એનાથી પણ ક્રિયાકાળે પટુ સ્મરણ ન થવાથી અને એના અભાવે ક્રિયા સાંગોપાંગ થતી ન હોવાથી તેવા પ્રકારનું ભાવકાર્ય થતું નથી. **બલા** દષ્ટિ કાષ્ઠાગ્નિકણના પ્રકાશ જેવા બોધપ્રકાશવાળી હોય છે. તેથી ઉપરની બે દષ્ટિઓ કરતાં આ કંઈક વિશિષ્ટકોટિની હોય છે. માટે એનો બોધપ્રકાશ કંઈક સ્થિરતા (ટકવા) વાળો હોય છે. તેમજ કંઇક વીર્યવાળો હોય છે. એટલા માટે અહીં ક્રિયાપ્રયોગકાળે યોગદષ્ટિના બોધનું સાચું સ્મરણ-સંમીલન હોય છે જેના કારણે અહીં ધર્મક્રિયા માત્ર શુદ્ધ પ્રીતિથી થાય છે, એમાં કાંઈક શુદ્ધ સત્ ઉદ્યમ થાય છે. **દીપ્રા**દષ્ટિમાં બોધપ્રકાશ દીપકના પ્રકાશ સમાન હોય છે. એટલે પૂર્વની ત્રણ દષ્ટિઓના બોધપ્રકાશ કરતાં વિશિષ્ટતર હોય છે. તેથી અહીં એનો (સંસ્કાર દ્વારા) ટકાવ અને તાકાત ઊંચા હોય છે. માટે વંદનાદિ ક્રિયા વખતે એનું સ્મરણ પણ સારું રહે છે. એટલે વંદનાદિ ક્રિયામાં (શરીર નમન-અંજલિ વગેરે) દ્રવ્યપ્રયોગ ભાવથી પણ થાય છે. તેથી અહીં એનો પ્રયત્ન વિશેષ થાય છે તે ભક્તિથી થાય છે. એટલે જ આટલો પ્રયત્ન એ પહેલા ગુણસ્થાનકનો (મિથ્યાત્વની અતિમંદતાથી થએલ ગુણને લીધે) પ્રકર્ષ છે એવું આગમવેત્તાઓ કહે છે.' આમ યોગદષ્ટિ સમુચ્ચય ગ્રન્થના આ અર્થને અનુસારે મિથ્યાત્વીજીવોમાં પણ મિત્રા વગેરે દષ્ટિનો યોગ થવાના કારણે વાસ્તવિક ગુણસ્થાનકત્વ સિદ્ધ થતું હોઇ તેમજ તેઓની તેવી પ્રવૃત્તિથી અનાભિગ્રહિક મિથ્યાત્વ જ સંભાવિત હોઈ તેઓમાં અનાભિગ્રહિકમિથ્યાત્વજ ગુણસ્થાનકત્વના કારણભૂત સુંદર ચીજ રૂપ છે એ નક્કી થાય છે. ॥૧૩॥

~ મિથ્યાદષ્ટિ જીવો યોગદષ્ટિ હોવા માત્રથી પણ ગુણોનું ભાજન શી રીતે બને ? કેમકે જૈનત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી દષ્ટિ વિપરીત હોવા રૂપ દોષ ઊભો હોવાથી ગુણોનો લાભ સંભવતો નથી. તેથી જ તો કહ્યું છે કે "મિથ્યાત્વ પ્રબળ રોગ છે, મિથ્યાત્વ ગાઢ અંધકાર છે, મિથ્યાત્વ ભયંકર શત્રુ છે. મિથ્યાત્વ આપત્તિઓનું આશ્રયસ્થાન છે. ~ આવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

गलिआसग्गहदोसा अविज्जसंविज्जपयगया तेवि ।
सव्वण्णुभिच्चभावा जइणत्तं जंति भावेणं ॥१४॥

[ गलितासद्ग्रहदोषा अवेद्यसंवेद्यपदगतास्तेपि । सर्वज्ञभृत्यभावात् जैनत्वं यान्ति भावेन ॥१४॥ ]

गलिआसग्गहदोसत्ति । ते लब्धयोगदृष्टयो मिथ्यात्ववन्तोऽवेद्यसंवेद्यपदगता अपि तत्त्वश्रवणपर्यन्तगुणलाभेऽपि कर्मवज्रविभेदलभ्यानन्तधर्मात्मकवस्तुपरिच्छेदरूपसूक्ष्मबोधाभावेन वेद्यसंवेद्यपदाधस्तनपदस्थिता अपि भावेन जैनत्वं यान्ति । वेद्यसंवेद्याऽवेद्यसंवेद्यपदयोर्लक्षणमिदं-[योग.समु.७३]

वेद्यं संवेद्यते यस्मिन्नपायादिनिबन्धनम् । पदं तद्वेद्यसंवेद्यमन्यदेतद्विपर्ययात् ॥ इति ।

अस्यार्थः वेद्यं वेदनीयं वस्तुस्थित्या तथाभावयोगिसामान्येनाविकल्पज्ञानग्राह्यमित्यर्थः । संवेद्यते क्षयोपशमानुरूपं विज्ञायते यस्मिन् आशयस्थाने अपायादिनिबन्धनं नरकस्वर्गादिकारणं स्त्र्यादि तद् वेद्यसंवेद्यपदं निश्चितागमतात्पर्यार्थयोगिनां भवति । अन्यदवेद्यसंवेद्यपदम् । एतद्विपर्ययात् उक्तलक्षणव्यत्ययात् स्थूलबुद्धीनां भवति ॥ कथं ते भावजैनत्वं यान्ति ? इत्यत्र हेतुमाह-सर्वज्ञभृत्यभावात्

**[ યોગદષ્ટિ પ્રાપ્ત મિથ્યાત્વીઓ ભાવથી જૈન ]**

**ગાથાર્થ**.- યોગદૃષ્ટિ પામેલા તેઓ અવેદ્ય સંવેદ્ય પદસ્થિત હોવા છતાં કદાગ્રહદોષશૂન્ય હોવાથી સર્વજ્ઞનાં સેવકપણાના કારણે ભાવથી જૈન પણું પામે છે.

તત્ત્વશ્રવણ સુધીના ગુણોની પ્રાપ્તિ થવા છતાં, કર્મવજ્ર (ગ્રંન્થિ) નો ભેદ થવાથી મળતો અનંતધર્માત્મક વસ્તુની જાણકારી રૂપ જે સૂક્ષ્મબોધ તે પ્રાપ્ત થયો ન હોવાથી વેદ્યસંવેદ્યપદથી નીચેના અવેદ્યસંવેદ્યપદમાં રહેલા એવા પણ તે યોગદૃષ્ટિ પામેલા મિથ્યાત્વીઓ ભાવથી જૈનત્વ પામે છે. વેદ્યસંવેદ્યપદ અને અવેદ્યસંવેદ્યપદનું લક્ષણ આ છે- ભાવયોગી સામાન્યથી અવિકલ્પક જ્ઞાનવડે વસ્તુનું જેવું સ્વરૂપ વેદે-જાણે તે વેદ્ય. જે આશયસ્થાનમાં પોતાના ક્ષયોપશમને અનુસરીને વેદ્યનું અપાય વગેરેના કારણ તરીકે 'સ્ત્રી વગેરે નરકનું કારણ છે, દાન વગેરે સ્વર્ગનું કારણ છે' ઇત્યાદિરૂપે સંવેદન થાય છે તેને વેદ્યસંવેદ્યપદ કહેવાય છે. આગમના તાત્પર્યભૂત અર્થનો જેઓને નિશ્ચય થયો હોય છે તેવા યોગીઓને આ વેદ્યસંવેદ્ય પદ હોય છે. ચિત્તની આનાથી વિપરીત અવસ્થા એ અવેદ્યસંવેદ્યપદ કહેવાય છે. તે સ્થૂલબુદ્ધિવાળા જીવોને હોય છે. વેદ્યસંવેદ્યપદથી નીચે રહેલા તે મિથ્યાત્વીઓ ભાવજૈન શી રીતે બને છે? એમાં હેતુ બતાવતાં ગ્રન્થકાર કહે છે-સર્વજ્ઞભૃત્યભાવાદ્- **અર્થાત્** સર્વત્ર ધર્મશાસ્ત્રને આગળ કરવા દ્વારા તેઓએ તે ધર્મશાસ્ત્રના પ્રણેતા સર્વજ્ઞનું જ સેવકપણું સ્વીકારેલું હોય છે. તેથી તેઓ ભાવથી તો જૈન જ છે.

'~આ રીતે તો દુનિયામાં 'આ જૈન' અને 'આ અજૈન' એવી વ્યવસ્થા જ રહેશે નહિ, બધા જ જૈન બની જશે, કેમકે જૈન સિદ્ધાન્તોની બહાર રહેલા પણ બધાઓએ નામ માત્રથી તો સર્વજ્ઞને માનેલા જ છે. અર્થાત્ પોતે જે ધર્મ શાસ્ત્રોને આગળ કરીને વર્તે છે તેને સર્વજ્ઞ કર્તૃક જ માને છે. અને તેથી સર્વજ્ઞના ભૃત્યભાવવાળા હોઈ તેઓ પણ ભાવથી જૈન જ છે.~ આવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે કે આવા ધર્મશાસ્ત્રને આગળ કરીને વર્તનારા પણ જે કદાગ્રહમુક્ત બન્યા હોય તો જ ભાવથી જૈન બને છે. જેઓ અસદ્ગ્રહદોષના કારણે સ્વસ્વઅભ્યુપગત અર્થને આગળ કરે છે તેઓ તો રાગદ્વેષાદિથી યુક્ત એવા (સ્વ) કલ્પિત સર્વજ્ઞને માનતા હોવા છતાં ભાવજૈન નથી. પણ માધ્યસ્થ્યના કારણે નિર્મળ થયેલી બુદ્ધિ વાળા જીવો કે જેઓને વિવાદાસ્પદ વિષયોના ધર્મઅંગે આગ્રહ હોતો નથી તેઓ વાસ્તવિક સર્વજ્ઞને માનનાર હોઇ ભાવથી જૈન છે જ. કેમકે જે પકડેલું હોય તે જ માનવું એવો આગ્રહ

सर्वत्र धर्मशास्त्रपुरस्कारेण तद्भक्तृसर्वज्ञसेवकत्वाभ्युपगमात् ।~नन्वेवमुच्छिन्ना जैनाऽजैनव्यवस्था, बाह्यैरपि सर्वैर्नाममात्रेण सर्वज्ञाभ्युपगमात् तेषामपि जैनत्वप्रसङ्गाद् ~ इत्यतस्तेषां विशेषमाह—गलितासद्ग्रहदोषा इति । येषां ह्यसद्ग्रहदोषास्त्वस्वाभ्युपगतार्थपुरस्कारस्तेषां रागद्वेषादिविशिष्टकल्पितसर्वज्ञाभ्युपगन्तृत्वेऽपि न भावजैनत्वम् । येषां तु माध्यस्थ्यावदातबुद्धीनां विप्रतिपत्तिविषयप्रकारांशे नाग्रहस्तेषां मुख्यसर्वज्ञाभ्युपगन्तृत्वाद् भावजैनत्वं स्यादेवेति भावः । मुख्यो हि सर्वज्ञस्तावदेक एव, निरतिशयगुणवत्त्वेन तत्प्रतिपत्तिश्च यावतां तावतां तद्भक्तत्वमविशिष्टमेव, सर्वविशेषाणां छद्मस्थेनाग्रहाद्, दूरासन्नादिभेदस्य च भृत्यत्वजात्यभेदकत्वादिति । तदुक्तं योगदृष्टिसमुच्चये-[श्लो १०२-११२]

न तत्त्वतो भिन्नमताः सर्वज्ञा बहवो यतः । मोहस्तदधिमुक्तीनां तद्भेदाश्रयणं ततः ॥
सर्वज्ञो नाम यः कश्चित्पारमार्थिक एव हि । स एक एव सर्वत्र व्यक्तिभेदेऽपि तत्त्वतः ॥
प्रतिपत्तिस्ततस्तस्य सामान्येनैव यावताम् । ते सर्वेऽपि तमापन्ना इति न्यायगतिः परा ॥
विशेषस्तु पुनस्तस्य कार्त्स्न्येनासर्वदर्शिभिः । सर्वैर्न ज्ञायते तेन तमापन्नो न कश्चन ॥
तस्मात्सामान्यतोऽप्येनमभ्युपैति य एव हि । निर्व्याजं तुल्य एवासौ तेनांशेनैव धीमताम् ॥
यथैवैकस्य नृपतेर्बहवोऽपि समाश्रिताः । दूरासन्नादिभेदेऽपि तद्भृत्याः सर्व एव ते ॥

---

ન હોવાના કારણે તેઓ જે સાચું હોય તે જ માનવાની ઇચ્છાવાળા હોય છે, અને સાચું તો સર્વજ્ઞે કહેલું જ છે. વળી આ મુખ્ય સર્વજ્ઞ વ્યક્તિ અનેક હોવા છતાં વાસ્તવિક રીતે સમાનજ્ઞાનવાળા હોવાથી એક જ છે. તેથી તે સર્વજ્ઞવ્યક્તિની, શ્રીઋષભદેવ ભ૦ શ્રી મહાવીર પ્રભુ વગેરે સર્વજ્ઞ વ્યક્તિઓના જીવનની વિશેષતાઓને છોડીને 'સર્વજ્ઞેયપદાર્થોના જ્ઞાનવાળા' 'સાચું જ કહેનારા' વગેરે સામાન્ય ગુણવાળા હોવા રૂપે જે જે જીવોએ એ સ્વીકારેલા હોય તે બધા જીવો વાસ્તવમાં તે મુખ્યસર્વજ્ઞના એક સરખા જ ભક્ત છે, કેમકે તે તે વ્યક્તિઓની સર્વ વિશેષતાઓને તો કોઈ છદ્મસ્થ જાણી શકતો નથી. માટે છદ્મસ્થોએ તો તેના તે સામાન્ય ગુણોને જ આગળ કરવાના હોય છે. વળી જેમ રાજાની નજીકમાં અંગરક્ષક વગેરેનું કામકરનારમાં અને દૂર દેશમાં રહી દૂત વગેરેનું કામકરનારમાં નજીક-દૂર રહેવાપણાના ભેદના કારણે સેવકપણામાં કંઇ ભેદ પડી જતો નથી તેમ જૈનમાર્ગમાં રહેવારૂપ નજીકપણા અને અન્ય માર્ગમાં રહેવારૂપ દૂરપણાના કારણે સેવકપણામાં કંઇ ફેર પડી જતો નથી. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં પણ આ કહ્યું છે કે—

### [ અન્યદર્શનીઓ મુખ્યસર્વજ્ઞના ભક્ત શી રીતે ? ]

'ઘણા પણ સર્વજ્ઞો વસ્તુતઃ જુદા જુદા અભિપ્રાયવાળા (કે સ્વરૂપવાળા) હોતા નથી. તેથી તે તેની શ્રદ્ધાવાળા જીવો સર્વજ્ઞોમાં જે ભેદ પાડે છે તે તેઓનો મોહ જ છે. જે કોઈ પારમાર્થિક સર્વજ્ઞ છે તે વ્યક્તિભેદ હોવા છતાં સર્વત્ર તત્ત્વતઃ એક જ છે. તેથી સામાન્યથી (સર્વજ્ઞતરીકે) જ તેને જે કોઈએ સ્વીકાર્યો છે તે બધાએ તે મુખ્ય સર્વજ્ઞને જ સ્વીકારેલા છે એ વાસ્તવિકતા વ્યાજબી છે. તેની= સર્વજ્ઞની સર્વ વિશેષતાઓને કોઈ છદ્મસ્થ જાણી શકતો નથી. તેથી તે વિશેષતાઓને આગળ કરીને તો કોઈએ તેમને સ્વીકારેલા નથી. માટે સર્વજ્ઞત્વવગેરે રૂપ સામાન્ય ધર્મને આગળ કરીને પણ જેઓ સર્વજ્ઞને સ્વીકારે છે તે બધાને બુદ્ધિશાળી માણસો 'મુખ્યસર્વજ્ઞને સ્વીકારવા રૂપ' બાબતને આગળ કરીને નિર્વ્યાજ પણે સમાન જ માને છે. જેમ એક રાજાના ઘણા સેવકો દૂર-નજીક વગેરે ભેદ હોવા છતાં તેના સેવકરૂપે એક સરખા જ છે તેમ સર્વજ્ઞો વચ્ચે તાત્ત્વિક રીતે તો અભેદ જ હોઈ શ્રીજિન વગેરેના મતભેદોને અવલંબનારા અને છતાં સર્વજ્ઞને જ આગળ કરનારા બધા ભિન્ન આચારોમાં રહ્યા હોવા છતાં મુખ્ય સર્વજ્ઞતત્ત્વને અનુસરનારા છે એ જાણવું', આમ પરમાર્થથી સર્વજ્ઞ મહાત્મા-

सर्वज्ञतत्त्वाभेदेन तथा सर्वज्ञवादिनः । सर्वे तत्तत्त्वगा ज्ञेया भिन्नाचारस्थिता अपि ॥
न भेद एव तत्त्वेन सर्वज्ञानां महात्मनाम् । तथा नामादिभेदेऽपि भाव्यमेतन्महात्मभिः ॥ इति ।

न च परेषां सर्वज्ञभक्तेरेवानुपपत्तिः, तेषामप्यध्यात्मशास्त्रेषु चित्राचित्रविभागेन भक्तिवर्णनात्, संसारिणां विचित्रफलार्थिनां नानादेवेषु चित्रभक्तेरेकमोक्षार्थिनां चैकस्मिन् सर्वज्ञेऽचित्रभक्त्युपपादनात् । तथा च हारिभद्रं वचः [योगदृष्टि. १०८-११०]

चित्राचित्रविभागेन यच्च देवेषु वर्णिता । भक्तिः सद्योगशास्त्रेषु ततोऽप्येवमिदं स्थितम् ॥
संसारिषु हि देवेषु भक्तिस्तत्कायगामिनाम् । तदतीते पुनस्तत्त्वे तदतीतार्थयायिनाम् ॥
चित्रा चाद्येषु तद्रागतदन्यद्वेषसङ्गता । अचित्रा चरमे त्वेषा शमसाराखिलैव हि ॥ इति ।

प्राप्यस्य मोक्षस्य चैकत्वात् तदर्थिनां गुणस्थानपरिणतितारतम्येऽपि न मार्गभेद इति तदनुकूलसर्वज्ञभक्तावप्यविवाद एव तेषाम् । उक्तं च- [१२५-१३१]

प्राकृतेष्विह भावेषु येषां चेतो निरुत्सुकम् । भवभोगविरक्तास्ते भवातीतार्थयायिनः ॥
एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः । अवस्थाभेदभेदेऽपि जलधौ तीरमार्गवत् ॥

---

એઓમાં ભેદ છે જ નહિ. તેમ નામવગેરેનો ભેદ હોવા છતાં તેઓમાં તાત્ત્વિકભેદ છે નહિ, એ શ્રુત-મેધા યુક્ત હોવાના કારણે અને સંમોહશૂન્ય હોવાના કારણે સારભૂતએવી પ્રજ્ઞાવાળા મહાત્માઓએ વિચારવું.' આમ જુદા જુદા નામવાળા દેવોને પૂજનારા મધ્યસ્થજીવો વસ્તુતઃ તે મુખ્ય સર્વજ્ઞને જ પૂજતા હોઇ ભાવથી જૈન જ છે એ વાત સિદ્ધ થાય છે.

ઇતરમાર્ગમાં રહેલા જીવોમાં તો સર્વજ્ઞની ભક્તિ હોવી જ અસંગત છે એવું માનવું નહિ, કેમકે તેઓના અધ્યાત્મવિષયક શાસ્ત્રોમાં ચિત્ર-અચિત્રના (વિવિધતા-અવિવિધતાના) વિભાગપૂર્વક ભક્તિનું વર્ણન કર્યું છે. કેમકે સંસાર સંબંધો જાતજાતના અનેક ફળના અર્થીઓની વિવિધ દેવો વિશે વિચિત્ર ભક્તિ (અનેક પ્રકારની ભક્તિ) હોય છે એવું પ્રતિપાદન કર્યું છે અને એકમાત્ર મોક્ષના અર્થીઓની એક સર્વજ્ઞમાં અચિત્ર (ભેદવિનાની) ભક્તિ હોય છે એવું પ્રતિપાદન કર્યું છે. શ્રી **હરિભદ્રસૂરિમહારાજે** યોગદૃષ્ટિ સમુચ્ચય (શ્લો. ૧૧૦-૧૧૨) માં કહ્યું છે કે "વળી અધ્યાત્મવગેરે સદ્યોગશાસ્ત્રોમાં ચિત્ર અને અચિત્ર વિભાગ પૂર્વક દેવો અંગેની ભક્તિનું જે વર્ણન કર્યું છે તેના પરથી પણ આ વાત (મુખ્ય સર્વજ્ઞ એક જ છે) નક્કી થાય છે. (સંસારી દેવો સ્થિતિ-ઐશ્વર્ય પ્રભાવ વગેરેના કારણે અનેક પ્રકારના હોઈ તેઓ અંગે ચિત્ર =અનેક પ્રકારની ભક્તિ વર્ણવેલી છે. જ્યારે મોક્ષાર્થીઓ માટે તો અચિત્ર=એક જ પ્રકારની ભક્તિ કહેલી છે તેના પરથી જણાય છે કે એ અંગેના દેવ એક જ હોવા જોઈએ.) તે તે દેવનિકાયમાં જવાવાળાને તે તે સંસારીદેવોપર ભક્તિ હોય છે. જ્યારે સંસારાતીત તત્ત્વ (સર્વજ્ઞ) પર સંસારાતીત=મોક્ષના માર્ગ પર ચાલનાર યોગીઓને ભક્તિ હોય છે. આદ્ય=સંસારીદેવો પરની ભક્તિ જાતજાતની હોય છે તેમજ સ્વઇષ્ટદેવપરના રાગ અને એ સિવાયના બીજા દેવો પરના દ્વેષથી યુક્ત હોય છે. જ્યારે ચરમ= સંસારાતીત તત્વરૂપ સર્વજ્ઞ પરની સંપૂર્ણ ભક્તિ ઉપશમની મુખ્યતાવાળી હોય છે." મેળવવાને ઇષ્ટ એવો મોક્ષ એક હોવાથી તેના અર્થીઓમાં પ્રાપ્તથએલ ગુણોની પરિણતિનું તારતમ્ય હોવા છતાં માર્ગ જુદો જુદો હોતો નથી. તેથી તે માર્ગને અનુકૂલ એવી સર્વજ્ઞભક્તિ અંગે પણ તેઓને વિવાદ હોતો નથી. કહ્યું છે કે-(યો.સ. શ્લો. ૧૨૭થી ૧૩૩)

શબ્દ વગેરે પ્રાકૃત (પૌદ્ગલિક પદાર્થોમાં જેઓનું ચિત્ત ઉત્સુકતા વિનાનું છે, સાંસારિકભોગોથી વિરક્ત થયેલા તે જીવો ભવાતીતાર્થયાયી (ભવાતીતાર્થ=મોક્ષ, ત્યાં જનારા) કહેવાય છે. આ ભવાતીતાર્થયાયી તે જીવોનો ચિત્તવિશુદ્ધિ રૂપ માર્ગ પણ એક જ છે જે શમપરાયણ હોય છે. ગુણસ્થાનકનો

संसारातीततत्त्वं तु परं निर्वाणसंज्ञितम् । तद्ध्येकमेव नियमाच्छब्दभेदेऽपितत्त्वतः ॥
सदाशिवः परं ब्रह्म सिद्धात्मा तथतेति च । शब्दैस्तदुच्यतेऽन्वर्थादेकमेवैवमादिभिः ॥
तल्लक्षणाविसंवादान्निराबाधमनामयम् । निष्क्रियं च परं तत्त्वं यतो जन्माद्ययोगतः ॥
ज्ञाते निर्वाणतत्त्वेऽस्मिन्नसंमोहेन तत्त्वतः । प्रेक्षावतां न तद्भक्तौ विवाद उपपद्यते ॥
सर्वज्ञपूर्वकं चैतन्नियमादेव यत्स्थितौ । आसन्नोऽयमृजुमार्गस्तद्भेदस्तत्कथं भवेत् ॥ इति ।

–ननु देशनाभेदान्नैकः सर्वज्ञ इति सर्वेषां योगिनां नैकसर्वज्ञभक्तत्वमिति चेद् ?–न, विनेयानुगुण्येन सर्वेषां देशनाभेदोपपत्तेः, एकस्या एव तस्या वक्तुरचिन्त्यपुण्यप्रभावेन श्रोतृभेदेन भिन्नतया परिणतेः कपिलादीनामृषीणामेव वा कालादियोगेन नयभेदात्तद्वैचित्र्योपपत्तेः तन्मूलसर्वज्ञप्रतिक्षेपस्य महापापत्वात् । उक्तं च–[यो०समु०१३४-१४२]

चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः । यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ॥
यस्य येन प्रकारेण बीजाधानादिसंभवः । सानुबन्धो भवत्येते तथा तस्य जगुस्ततः ॥
एकापि देशनैतेषां यद्वा श्रोतृविभेदतः । अचिन्त्यपुण्यसामर्थ्यात्तथा चित्रावभासते ॥

---

ભેદ હોવા છતાં તે માર્ગ એક જ હોય છે જેમકે દરિયામાં ગમે તે સ્થાને રહેલાઓને કિનારા પર જવાનો માર્ગ. નિર્વાણ એવી સંજ્ઞાવાળું શ્રેષ્ઠ તત્ત્વ એ સંસારાતીતતત્ત્વ છે. તેના વાચક શબ્દો જુદા જુદા હોવા છતાં પરમાર્થથી તે એક જ છે. તે એક જ વસ્તુ તેવા તેવા અર્થયુક્ત હોઈ સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા, તથાતા વગેરે કહેવાય છે. કેમકે આ બધા શબ્દોના વાચ્યાર્થમાં નિર્વાણનું લક્ષણ અવિસંવાદી પણે રહે છે. નિર્વાણનું લક્ષણ=સ્વરૂપ આ છે–આ પરંતત્ત્વમાં જન્મ–જરા–મરણ ન હોવાથી એ નિરાબાધ, અનામય (દ્રવ્ય–ભાવરોગશૂન્ય) અને નિષ્ક્રિય છે. આ નિર્વાણતત્ત્વને સંમોહશૂન્ય સદ્‌બોધ વડે પરમાર્થથી જાણે છતે પ્રેક્ષાવાન્ પુરુષોને તેની ભક્તિમાં વિવાદ હોવો સંગત નથી–અર્થાત્ હોતો નથી. આ અધિકૃત નિર્વાણતત્ત્વ અવશ્ય સર્વજ્ઞપુર્વક જ હોય છે, કેમકે અસર્વજ્ઞને નિર્વાણ પ્રાપ્તિ થતી નથી. અર્થાત્ સર્વજ્ઞ થઈને જ નિર્વાણપ્રાપ્તિ થાય છે. માટે સર્વજ્ઞપણું નિર્વાણની અત્યંત નજીકનો ઋજુ (સરલ) માર્ગ છે, તેથી તેમાં મતભેદરૂપ સર્વજ્ઞભેદ શી રીતે હોય?

## [દેશનામાં વિચિત્રતા શા માટે?]

**શંકા**– છતાં જુદા જુદા પ્રણેતાઓએ દેશના જુદી જુદી દીધી હોઈ (કર્તવ્ય–અકર્તવ્ય વગેરે ભિન્ન ભિન્ન દેખાડયા હોઈ) 'સર્વજ્ઞ એક જ છે' એવું મનાય નહિ, કેમકે સર્વજ્ઞ એક હોવામાં એનું જ્ઞાન પણ એકસરખું જ હોવાથી કર્ત્તવ્ય વગેરેની પ્રરૂપણામાં ભેદ પડે નહિ. અને આમ સર્વજ્ઞ જો અનેક હોય (જાતિથી પણ) તો યોગદષ્ટિ પામેલા બધા યોગીઓ એક સર્વજ્ઞના ભગત છે એવું રહેશે નહિ.

**સમાધાન**– સર્વજ્ઞ એક હોવા છતાં અને તેથી જ તેઓનું જ્ઞાન પણ એક હોવા છતાં શિષ્યોની વિચિત્રતાને કારણે તેઓની દેશનામાં ભેદ પડે છે. અર્થાત્ જુદા જુદા શિષ્યો આત્મોન્નતિની જુદી જુદી ભૂમિકાએ પહોંચેલા હોય છે. જુદી જુદી ભૂમિકામાં કર્ત્તવ્ય–અકર્ત્તવ્ય વગેરે જુદા જુદા હોય છે. એટલેકે એક ભૂમિકામાં કર્ત્તવ્ય હોય તે પણ અન્ય ભુમિકામાં અકર્તવ્ય હોઈ શકે છે. માટે જુદા જુદા શિષ્યોને કર્તવ્ય વગેરે જુદું જુદું હોઈ તેને જણાવનાર તેઓની દેશના પણ જુદી જુદી હોવી સંગત જ છે. અથવા સર્વજ્ઞવક્તાના અચિન્ત્ય પુણ્યપ્રભાવે તે એક જ દેશના જુદા જુદા શ્રોતાઓને પોતપોતાને હિતકર બને એવી જુદી જુદી રીતે સમજાય છે. તેથી શ્રોતાઓની અપેક્ષાએ દેશનામાં ભેદ પડી જાય છે. અથવા તો કપિલ વગેરે ઋષિઓએ જ જુદા જુદા કાલને અનુસરીને જુદા જુદા નયને મુખ્ય કરી જુદી જુદી આપી છે. છતાં તે પરમાર્થથી તો સર્વજ્ઞ મૂલક જ છે માટે તેઓની દેશનાનો ક

यथाभव्यं च सर्वेषामुपकारोऽपि तत्कृतः । जायतेऽवन्ध्यताऽप्येवमस्याः सर्वत्र सुस्थिता ॥
यद्वा तत्तन्नयापेक्षा तत्तत्कालादियोगतः । ऋषिभ्यो देशना चित्रा तन्मूलैषापि तत्त्वतः ॥
तदभिप्रायमज्ञात्वा न ततोऽर्वाग्दृशां सताम । युज्यते तत्प्रतिक्षेपो महानर्थकरः परः ॥
निशानाथप्रतिक्षेपो यथान्धानामसङ्गतः । तद्भेदपरिकल्पश्च तथैवार्वाग्दृशामयम ॥
न युज्यते प्रतिक्षेपः सामान्यस्यापि तत्सताम् । आर्यापवादस्तु पुनर्जिह्वाछेदाधिको मतः ॥
कुदृष्टा(ष्ट्या)दि च नो(वन्तो)सन्तो भाषन्ते प्रायशः क्वचित् ।
निश्चितं सारवच्चैव किन्तु सत्त्वार्थकृत्सना(दा) ॥

~ननु यद्येवंविधं माध्यस्थ्यं परेषां स्यात् तदा मार्गाभाव(वे) जैनत्वं भवेत्, तदेव तु व्यवहारतो जैनमार्गाऽनाश्रयणे दुर्घटमिति न तेषां माध्यस्थ्यमिति चेद्?~न, मोहमान्द्ये परेमपि योगिनामेतादृशमाध्यस्थ्यस्येष्टत्वाद्, यदयं कालातीतवचनानुवादो योगबिन्दौ-(श्लोक ३००-३०८)

माध्यस्थ्यमवलम्ब्यैवमैदं पर्यव्यपेक्षया । तत्त्वं निरूपणीयं स्यात्कालातीतोऽप्यदोऽब्रवीत् ॥
अन्येषामप्ययं मार्गो मुक्ताविद्यादिवादिनाम् । अभिधानादिभेदेन तत्त्वनीत्या व्यवस्थितः ॥

---

'તેઓનું મૂળ સ્થાન સર્વજ્ઞ નથી' એમ કહી સર્વજ્ઞનો તિરસ્કાર કરવો યોગ્ય નથી, કેમકે એમ કરવામાં દેશનાના ઉત્પત્તિસ્થાન રૂપ સર્વજ્ઞનો તિરસ્કાર થઈ જાય છે જે મહાપાપ છે. યોગ. સમુ. (શ્લો. ૧૩૪થી ૧૪૨)માં કહ્યું છે કે-"શિષ્યોને અનુસરીને આ કપિલ વગેરે ઋષિઓની દેશના અનેક પ્રકારની હોય છે, કેમકે એ મહાત્માઓ સંસારરૂપ રોગના શ્રેષ્ઠ વૈદ્ય સમાન હતા. તેથી જે જીવને જે રીતે સાનુબંધ બીજાધાન વગેરે થવાનું હોય તે રીતે તેને તેઓ ઉપદેશ આપે છે. અથવા તેઓના અચિન્ત્યપુણ્યપ્રભાવે એક પણ દેશના જુદા જુદા શ્રોતાઓને આશ્રીને જુદી જુદી જણાય છે. દરેક જીવને પોતપોતાના તથાભવ્યત્વ મુજબ તે દેશનાથી લાભ થાય છે તેથી આ રીતે દરેક જીવો વિશે એની સફળતા જળવાઈ રહે છે. અથવા તે તે નયની વિવક્ષાથી, તે તે કાલનો યોગ થવાથી કપિલ વગેરે ઋષિઓએ જ વિવિધ દેશના આપી. પણ એ દેશના પણ પરમાર્થથી તો સર્વજ્ઞમૂલક જ હોય છે, કારણકે સર્વજ્ઞવચનના અનુસારે જ તે તેવી રીતે પ્રવર્તે છે. તેથી કરીને સર્વજ્ઞનો અભિપ્રાય જાણ્યા વિના છદ્મસ્થ સજ્જનોએ તેનો વિરોધ કરવો યોગ્ય નથી, જે વિરોધ મહા અનર્થકર છે. જેમ ચંદ્રનો વિરોધ કરવો, તિરસ્કાર કરવો કે તેના ભેદની પરિકલ્પના કરવી એ આંધળાઓ માટે અત્યંત અયોગ્ય છે તેમ છદ્મસ્થોએ સર્વજ્ઞનો પ્રતિક્ષેપ કરવો કે તેના ભેદો માનવા (સર્વજ્ઞોને જુદા જુદા પ્રકારના માનવા) એ અયોગ્ય છે. સામાન્ય માણસનો વિરોધ કરવો પણ સજ્જનને ઘટતો નથી. તેટલા માટે આર્ય એવા સર્વજ્ઞનો વિરોધ કરવો તે તો સજ્જનને મન જીભ કપાઈ જવા કરતાં પણ અધિક છે. કુદૃષ્ટિ વગેરે વાળું નિંદ્ય વચન સજ્જનો પ્રાયઃ ક્યારેય પણ બોલતા નથી, કિંતુ નિશ્ચિત, સારવાળું અને જીવોનું હિત કરનાર વચન બોલે છે."

શંકા- જો આવુ માધ્યસ્થ્ય જૈનેતરોને પણ હોય તો તેઓમાં જૈનમાર્ગની પ્રાપ્તિ ન હોવા છતાં ભાવજૈનત્વ માનવું પડે. પણ વ્યવહારથી જૈનમાર્ગનો સ્વીકાર ન હોય તો માધ્યસ્થ્ય જ હોવું દુર્ઘટ હોય છે. તેથી તેઓમાં માધ્યસ્થ્ય માની શકાતું નથી. અને તેથી ભાવજૈનત્વ પણ તેઓમાં શી રીતે હોય ?

## [જૈનેતરોમાં તેવું માધ્યસ્થ્ય સંભવિત]

**સમાધાન**-એ બરાબર નથી, કેમકે **અન્ય** (જૈનેતર) યોગીઓમાં પણ જો મોહ મંદ પડી ગયો હોય તો માધ્યસ્થ્ય હોવું શાસ્ત્રકારોને સંમત જ છે. આ સંમતિ યોગબિન્દુ **શાસ્ત્રમાં** (શ્લો. ૩૦૦થી ૩૦૮) શાસ્ત્રકારે કાલાતીતના વચનોને જે ઉદ્ધૃત કર્યા છે તેના પરથી જણાય છે. તે

मुक्तो बुद्धोऽर्हन् वाऽपि यदैश्वर्येण समन्वितः । तदीश्वरः स एव स्यात्संज्ञाभेदोऽत्र केवलम् ॥
अनादिशुद्ध इत्यादिर्यो भेदो यस्य कल्प्यते । तत्तत्तन्त्रानुसारेण मन्ये सोऽपि निरर्थकः ॥
विशेषस्यापरिज्ञानाद् युक्तीनां जातिवादतः । प्रायो विरोधतश्चैव फलाभेदाच्च भावतः ॥
अविद्याक्लेशकर्मादि यतश्च भवकारणम् । ततः प्रधानमेवैतत्संज्ञाभेदमुपागतम् ॥
अत्रा(स्या)पि यो परो भेदश्चित्रोपाधिस्तथातथा । गीयतेऽतीतहेतुभ्यो धीमतां सोऽप्यपार्थकः ॥
ततोऽस्थानप्रयासोऽयं यत्तद्भेदनिरूपणम् । सामान्यमनुमानस्य यतश्च विषयो मतः ॥
साधु चैतद् यतो नीत्या शास्त्रमत्र प्रवर्त्तकम् । तथाभिधानभेदात्तु भेदः कुच्छितिकाग्रहः ॥
इत्यादि ॥१४॥ अथैतेषां भावजैनत्वे आज्ञासम्भवमाह—

दव्वाणा खलु तेसिं भावाणाकारणत्तओ नेया ।
जं अपुणबंधगाणं चित्तमणुट्ठाणमुवइट्ठं ॥१५॥

[ द्रव्याज्ञा खलु तेषां भावाज्ञाकारणत्वतो ज्ञेया । यदपुनर्बन्धकानां चित्रमनुष्ठानमुपदिष्टम् ॥१५॥

---

આ રીતે 'આમ માધ્યસ્થ્યને અવલંબીને પરમાર્થનું પર્યાલોચન કરવા વડે દેવ વગેરે તત્ત્વનો વિચાર કરવો. આ અંગે કાલાતીતે પણ આમ કહ્યું છે કે- 'મુક્તજીવો અવિદ્યા વગેરેની પ્રરૂપણા કરનાર અન્ય તીર્થિકોનો પણ દેવ વગેરેની માન્યતાનો માર્ગ, સંજ્ઞા વગેરેનો ભેદ હોવા છતાં વસ્તુતઃ આ જ છે. પરબ્રહ્મવાદી-બૌદ્ધ અને જૈનોને પોતપોતાના દેવ તરીકે અભિમત મુક્ત-બૌદ્ધ-અરિહંત વગેરે પણ જ્ઞાન વગેરે ઐશ્વર્યથીયુક્ત છે. તેથી આપણો કહેલ ઈશ્વર પણ તે જ છે. માત્ર નામ જુદું છે, આ ઈશ્વરનો-તે અનાદિ શુદ્ધ છે—સર્વવ્યાપી છે- સાદિ શુદ્ધ અને અસર્વવ્યાપી છે- ઇત્યાદિ તે તે દર્શનને અનુસારે જે ભેદ કલ્પાય છે તે પણ (પૂર્વે કહેલ સંજ્ઞાભેદ તો ખરો જ) નકામો જ છે, કેમકે તે મુક્ત-બુદ્ધ વગેરેમાં રહેલ ભેદ=વિશેષતાનું છદ્મસ્થોને પ્રત્યક્ષથી તો જ્ઞાન થતું નથી. અને અનુમાનાત્મક યુક્તિઓ પણ તે છલ-જાતિ વગેરે નિગ્રહસ્થાનોના કારણે અનુમાનાભાસરૂપ હોઈ તેમજ લગભગ પરસ્પર વિરુદ્ધ હોઈ તે જ્ઞાન કરાવતી નથી. તેમજ ગુણપ્રકર્ષાત્મક આરાધ્યપુરુષમાં નિત્યત્વ-અનિત્યત્વ વગેરે હોવાછતાં તે બધાની આરાધનાથી સાધ્ય કલેશક્ષયરૂપ ફળ એક જ હોઈ વસ્તુતઃ તો તે બધામાં ભેદ છે જ નહિ. વેદાન્તિક-સાંખ્ય-જૈન વગેરેને અવિદ્યા-કલેશ-કર્મ વગેરે સંસારના કારણ તરીકે સંમત છે. તેથી જણાય છે કે આપણને (સંસારકારણ તરીકે) સંમત એવા આ 'પ્રધાન' નાં જ જુદાં જુદાં નામ પડી ગયાં છે. આ પ્રધાનનો પણ મૂર્ત્તત્વ-અમૂર્ત્તત્વ વગેરે વિવિધ ઉપાધિ રૂપ જે ભેદ તેવી તેવી રીતે કહેવાય છે તે પણ અતીત=પૂર્વોક્ત 'પ્રત્યક્ષાદિથી વિશેષતા ન જણાવી' વગેરે રૂપ-હેતુઓથી બુદ્ધિશાળીઓને નિરર્થક ભાસે છે. તેથી દેવ-કર્મ વગેરેના ભેદનું નિરૂપણ કરવાનો તત્ત્વચિંતકોને માટે આ પ્રયત્ન અસ્થાનપ્રયત્ન છે. વળી આપણા પ્રત્યક્ષનો વિષય ન બનનાર એ દેવ-કર્મવગેરે અનુમાનનો જ વિષય બને છે. અને અનુમાનતો નિર્દોષ પુરુષ રૂપ કોઈ દેવ છે, ઇત્યાદિ અસ્તિત્વમાત્ર વગેરે રૂપ સામાન્યને જ જણાવે છે. માટે તેમાં નિત્યત્વાદિ વિશેષતાઓ કલ્પવી યોગ્ય નથી. કાલાતીતે કહેલી આ બધી વાતો યોગ્ય છે, કેમકે પરમાર્થનો વિચાર કરવા રૂપ નીતિથી જ શાસ્ત્ર આ અંગે વિચારણા પૂજા વગેરે પ્રવૃત્તિ કરાવે છે. તેમજ નામ જુદું હોવા માત્રથી તેમાં ભેદ માનવો એ તો કુટિલતાના આવેશ રૂપ છે.' ॥૧૪॥

યોગદૃષ્ટિ પામેલા આ જીવો ને તેઓ ભાવજૈન હોવામાં આજ્ઞા પણ સંભવે છે એ વાત જણાવતાં ગ્રન્થકાર કહે છે—

ગાથાર્થ :- અવેદ્યસંવેદ્યપદમાં રહેલા તે ભાવજૈનો ને ભાવાજ્ઞાના કારણભૂત દ્રવ્યઆજ્ઞાની હાજરી હોય છે, કેમકે અપુનર્બંધક જીવોને અનેકવિધ અનુષ્ઠાન હોવું કહ્યું છે.

दव्वाणत्ति । तेषामवेद्यसंवेद्यपदस्थानां भावजैनानां खलु इति निश्चये भावाज्ञायाः सम्यग्दर्शनादिरूपायाः कारणत्वतो द्रव्याज्ञा ज्ञेयाऽपुनर्बन्धकोचिताचारस्य पारम्पर्येण सम्यग्दर्शनादिसाधकत्वात् तदुक्तं चोपदेशपदे [२५३-२५६]—

[1]गंठिगसत्ताऽपुणबंधगाइआणंपि दव्वओ आणा । णवरमिह दव्वसद्दो भइअव्वो समयणीईए ॥
[2]एगो अप्पाहन्ने केवलए चेव वट्टई एत्थ । अंगारमद्दगो जह दव्वायरिओ सयाऽभव्वो ॥
[3]अन्नो पुण जोग्गत्ते चित्ते णयभेअओ मुणेअव्वो । वेमाणिओववाओत्ति दव्वदेवो जहा साहू ॥
[4]तत्थाभव्वादीणं गंठिगसत्ताणमप्पहाणत्ति । इयरेसिं जोग्गयाए भावाणाकारणत्तेणं ॥

अत्र हि द्रव्यशब्दस्य द्वावर्थौ-प्रधानभावकारणभावांशविकलं केवलमप्राधान्यम् । संग्रहव्यवहारनयविशेषाद् विचित्रमेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रलक्षणं तत्तत्पर्यायसमुचितभावरूपं योग्यत्वं च ।

[ અવેદ્યસંવેદ્યપદસ્થ ઇતરોને પણ દ્રવ્યાજ્ઞા સંભવિત ]

સમ્યગ્દર્શનાદિરૂપ ભાવ આજ્ઞાની કારણભૂત હોવાથી જે દ્રવ્યઆજ્ઞા રૂપ છે તે દ્રવ્યઆજ્ઞા અવેદ્યસંવેદ્યપદમાં રહેલા તે ભાવજૈનોમાં હાજર હોય છે. અર્થાત્ અપુનર્બંધકાદિ જીવોના સ્વભૂમિકાને યોગ્ય આચારો પરંપરાએ ભાવઆજ્ઞારૂપ સમ્યગ્દર્શનાદિના સાધક હોવાથી દ્રવ્ય આજ્ઞારૂપ હોય છે. અને તેથી તે ભાવજૈનોમાં પણ તે આચારો રૂપે આજ્ઞાનો સંભવ છે તે જાણવું. ઉપદેશપદમાં કહ્યું છે કે "અપુનર્બંધક વગેરે ગ્રન્થિકસત્વોને (ગ્રન્થીદેશે આવેલા જીવોને) દ્રવ્યઆજ્ઞા હોય છે. પણ 'દ્રવ્ય' શબ્દ અહીં સિદ્ધાન્તની રીતભાત મુજબ વિકલ્પવાળો (બે અર્થવાળો) જાણવો. એક કેવલ અપ્રધાન અર્થવાળો છે. જેમકે સદા અભવ્ય અને ક્યારેય પણ ભાવ આચાર્ય ન બનનાર એવો પણ અંગારમર્દક દ્રવ્યઆચાર્ય કહેવાયો. બીજો 'દ્રવ્ય' શબ્દ જુદા જુદા નયને અનુસારે જુદી જુદી યોગ્યતાના અર્થવાળો છે. જેમકે વૈમાનિક દેવ બનનાર સાધુ દ્રવ્યદેવ છે. આમાંથી અભવ્ય વગેરે ગ્રન્થિકજીવો અંગે અપ્રધાનાર્થક દ્રવ્યશબ્દ વપરાય છે જ્યારે અપુનર્બંધક વગેરે બીજા ગ્રન્થિકજીવો અંગે ભાવઆજ્ઞાની કારણતા હોવાથી પ્રધાનાર્થક દ્રવ્યશબ્દ વપરાય છે." તાત્પર્ય એ છે કે ભાવનું પ્રધાનકારણ બનવાની યોગ્યતા રૂપ ભાવાંશથી પણ શૂન્ય હોય તે કેવલ અપ્રધાનતયા દ્રવ્ય કહેવાય છે. જ્યારે સંગ્રહ-વ્યવહાર નયના ભેદના કારણે વિચિત્ર એવી જે તે તે પર્યાયની પ્રાપ્તિને અનુકૂલ એવી એકભવિક-બદ્ધાયુષ્ક-અભિમુખનામગોત્રરૂપ યોગ્યતાઓ, તે જેમાં હોય તે, તે તે નયઅનુસારે પ્રધાનદ્રવ્ય કહેવાય છે. તેમાંથી જિનવચનોને અવલંબી દ્રવ્યક્રિયાના અભ્યાસમાં રત થએલા અભવ્ય-સકૃદ્બન્ધક વગેરે જીવોને પ્રથમ અર્થવાળી દ્રવ્યઆજ્ઞા હોય છે, જ્યારે અપુનર્બંધક વગેરેને બીજા અર્થ વાળી દ્રવ્યઆજ્ઞા હોય છે.

[જિનોક્ત ક્રિયાશૂન્યજીવમાં અપુનર્બંધકતા અસંભવિ. પૂ.]

**શંકા**-આ રીતે અપુનર્બંધકજીવોને દ્રવ્યઆજ્ઞા હોવી સિદ્ધ થઈ. છતાં પણ ઇતરમાર્ગમાં રહેલા મધ્યસ્થ જીવોને તે શી રીતે સંભવે ? કેમકે અવ્યુત્પન્નદશામાં (વિશેષ જાણકારી શૂન્ય દશામાં) જૈનમાર્ગોક્ત ક્રિયાથી જ અપુનર્બંધકત્વની હાજરી સિદ્ધ થઈ શકે છે. તે પણ એટલા માટે કે અપુનર્બંધકત્વનું લિંગ બીજાધાન જ છે. અને એ બીજાધાન થયું કે નહિ તે એ બીજોની વિદ્યમાનતા કે અવિદ્યમાનતાથી જ જાણી શકાય છે. વળી આ બીજો શ્રીજિનેશ્વરદેવો

१ ग्रन्थिगसत्त्वापुनर्बन्धकादीनामपि द्रव्यत आज्ञा । केवलमिह द्रव्यशब्दो भक्तव्यः समयनीत्या ॥
२ एकोऽप्राधान्ये केवले एव वर्ततेऽत्र । अङ्गारमर्दको यथा द्रव्याचार्यः सदाऽभव्यः ॥
३ अन्यः पुनर्योग्यत्वे चित्रो नयभेदतो ज्ञातव्यः । वैमानिकोपपात इति द्रव्यदेवो यथा साधुः ॥
४ तत्राभव्यादीनां ग्रन्थिगसत्त्वानामप्रधान इति । इतरेषां योग्यतया भावाज्ञाकारणत्वेन ॥

तत्र प्रथमार्थेनाभव्यसकृद्बन्धकादीनां द्रव्यक्रियाभ्यासपराणां द्रव्याज्ञा । द्वितीयार्थेन चापुनर्बन्धकादीनामिति वृत्तितात्पर्यार्थः ।~नन्वेवमपुनर्बन्धकानां द्रव्याज्ञा व्यवस्थिता, तथाऽपि भिन्नमार्गस्थानां मध्यस्थानामपि मिथ्यादृशां कथमेषा संभवति ? जैनमार्गक्रियर्यैवाव्युत्पन्नदशायामपुनर्बन्धकत्वसिद्धेः बीजाधानस्यैव तल्लिङ्गत्वात्, तस्य च सर्वज्ञवचनानुसारिजिनमुनिप्रभृतिपदार्थकुशलचित्तादिलक्ष्यत्वाद् । तदुक्तमुपदेशपदवृत्तिकृता—

[1]आणापरतंतेहिं ता बीआहाणमेत्थ कायव्वं । धम्मंमि जहासत्ती परमसुहं इच्छमाणेहिं ॥२२५॥

इति गाथां विवृण्वता धर्मबीजानि चैवं शास्त्रान्तरे (योगदृष्टिसमुच्चये) परिपठितानि दृश्यन्ते—

जिनेषु कुशलं चित्तं तन्नमस्कार एव च । प्रणामादि च संशुद्धं योगबीजमनुत्तमम् ॥२३॥
उपादेयधियात्यन्तं संज्ञाविष्कंभणान्वितम् । फलाभिसन्धिरहितं संशुद्धं ह्येतदीदृशम् ॥२५॥
आचार्यादिष्वपि ह्येतद्विशुद्धं भावयोगिषु । वैयावृत्यं च विधिवच्छुद्धाशयविशेषतः ॥२६॥
भवोद्वेगश्च सहजो द्रव्याभिग्रहपालनम् । तथा सिद्धान्तमाश्रित्य विधिना लेखनादि च ॥२७॥
लेखना पूजना दानं श्रवणं वाचनोद्ग्रहः । प्रकाशनाथ स्वाध्यायश्चिन्तना भावनेति च ॥२८॥
दुःखितेषु दयात्यन्तमद्वेषो गुणवत्सु च । औचित्यात्सेवनं चैव सर्वत्रैवाविशेषतः ॥३२॥ इति ।

ललितविस्तरायामप्युक्तं—"एतत्सिद्ध्यर्थं तु यतितव्यमादिकर्मणि, परिहर्त्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंत(ह)तिः भवितव्यमेतत्तन्त्रेण, प्रवर्त्तितव्यं दानादौ, कर्त्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, प्रवर्त्तितव्यं विधानतो, अवलम्बनीयं

---

સાધુભગવંતો વગેરે અંગે મનનો શુભપરિણામ, તેઓને નમસ્કાર, શાસ્ત્રલેખન વગેરે રૂપ સર્વજ્ઞવચનાનુસારી ક્રિયારૂપ છે. ટૂંકમાં, જૈનમાર્ગોક્ત આ ક્રિયાઓ હોય તો બીજાધાન થયેલું માની શકાય, અને એ બીજાધાન થયું હોય તો અપુનર્બંધકત્વની હાજરી માની શકાય. અન્યમાર્ગસ્થ મધ્યસ્થ જીવોમાં પણ આ જિનોક્ત ક્રિયાઓ તો હોતી નથી. તો તેઓમાં અપુનર્બંધકત્વ શી રીતે માની શકાય?

શંકા (ચાલુ)–પરમસુખને ઈચ્છતા આજ્ઞાપરતંત્રજીવોએ આ ધર્મમાં યથાશક્તિ બીજાધાન કરવું" ઉપદેશપદની આવું જણાવનારી ૨૨૫મી ગાથાનું વિવરણ કરતાં વિવરણકારે કહ્યું છે કે "શાસ્ત્રાન્તર (યોગ.સમુ.)માં ધર્મબીજો આવા કહ્યા છે. શ્રીતીર્થંકરો વિશે પ્રીતિયુક્ત ચિત્ત, તેઓને નમસ્કાર અને સંશુદ્ધ પ્રણામાદિ અનુત્તમ યોગબીજ છે. એટલે કે શ્રી જિનેશ્વર દેવ વગેરે રૂપ શ્રેષ્ઠવિષયવાળું હોઈ તે યોગબીજ શ્રેષ્ઠ છે. વળી આ કુશળચિત્ત વગેરે રૂપ સંશુદ્ધ બીજ અત્યન્ત ઉપાદેય બુદ્ધિપૂર્વકનું, સંજ્ઞાના નિગ્રહથી યુક્ત અને ફલની આકાંક્ષા વિનાનું હોય છે. ભાવયોગી એવા આચાર્ય વગેરે વિશે પણ વિશુદ્ધ એવા આ કુશલચિત્તાદિ રાખવા તેમજ વિધિપુર્વક શુદ્ધાશયવિશેષ યુક્ત વૈયાવચ્ચ કરવી એ પણ યોગબીજ છે. વળી સહજ ભવોદ્વેગ, દ્રવ્ય અભિગ્રહોનું પાલન, તથા સિદ્ધાન્તનું વિધિપુર્વક લેખન વગેરે પણ યોગબીજો છે. તે લેખન વગેરે આ—લેખન, પૂજન, દાન, શ્રવણ, વાચના, ઉદ્ગ્રહ=વિધિપુર્વક ગ્રહણ, પ્રકાશન, સ્વાધ્યાય, ચિન્તન અને ભાવના તેમજ દુઃખી જીવો પર અત્યન્ત દયા, ગુણવાનો પર અદ્વેષ અને ઔચિત્યથી=શાસ્ત્રાનુસારે સર્વ દીનાદિ વિશે એકસરખું રાગદ્વેષાદિકૃત ભેદભાવ વગરનું યથાયોગ્ય આચરણ આ પણ યોગબીજ છે."

શંકા (ચાલુ) લલિતવિસ્તરામાં પણ કહ્યું છે કે–" આની (ચૈત્યવંદનની) સિદ્ધિ માટે પ્રાથમિક કર્તવ્યોમાં પ્રયત્ન કરવો, અકલ્યાણમિત્રયોગ વર્જવો, કલ્યાણમિત્રોના પડખાં સેવવા, ઉચિત સ્થિતિને ઉલ્લંઘવી નહિ, લોક માર્ગનો ખ્યાલ રાખવો, વડીલોનું બહુમાન કરવું, ગુરુપારતંત્ર્ય રાખવું, દાનાદિ

---

1. आज्ञापरतन्त्रैस्तस्माद्बीजाधानमत्र कर्त्तव्यम् । धर्मे यथाशक्ति परमसुखमिच्छद्भिः ॥

धैर्यं, पर्यालोचनीयाऽऽयतिः, अवलोकनीयो मृत्युः, परिहर्त्तव्यो विक्षेपमार्गः, यतितव्यं योगसिद्धौ कारयितव्या भगवत्प्रतिमा, लेखनीयं भुवनेश्वरवचनं, कर्तव्यो मंगलजापः, प्रतिपत्तव्यं चतुःशरणं गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदनीयं कुशलं, पूजनीया मन्त्रदेवता, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्त्तितव्यमुत्तमज्ञातेन । एवम्भूतस्य येह प्रवृत्तिः सा सर्वैव साध्वी, मार्गानुसारी ह्ययं नियमादपुनर्बन्धकादिः, तदन्यस्यैवंभूतगुणसंपदोऽभावात्''~इत्यत आह-यद् यस्मादपुनर्बन्धकानां चित्रत्वेनैव अनुष्ठानादिकं, अतो भिन्नाचारस्थितानामपि तेषां द्रव्याज्ञाया नानुपपत्तिरिति ।

इदमत्र हृदयं-न ह्यादिधार्मिकस्य विधिः सर्व एव सर्वत्रोपयुज्यते, किन्तु क्वचित्कश्चिदेव । इति भिन्नाचारस्थितानामप्यन्तः शुद्धिमतामपुनर्बन्धकत्वमविरुद्धं, अपुनर्बंधकस्यहि नानास्वरूपत्वात् तत्तत्तन्त्रोक्तापि मोक्षार्था क्रिया घटते, सम्यग्दृष्टेश्च स्वतंत्रक्रियैवेति व्यवस्थितत्वात् । तदुक्तं योगबिन्दुसूत्रवृत्त्योः (२५१)

अपुनर्बंधकस्यैवं सम्यग्नीत्योपपद्यते । तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ॥

अपुनर्बंधकस्योक्तरूपस्यैवमुक्तरूपेण सम्यग्नीत्या शुद्धयुक्तिरूपया उपपद्यते घटते । किमित्याह—तत्तत्तन्त्रोक्तं कापिलसौगतादिशास्त्रप्रणीतं मुमुक्षुजनयोग्यमनुष्ठानं, अखिलं समस्तं कुतः ? इत्याह अवस्थाभेदसंश्रयात् अपुनर्बंधकस्यानेकस्वरूपाङ्गीकरणत्वात्. अनेकस्वरूपाभ्युपगमे ह्यपुनर्बंधकस्य किमप्यनुष्ठानं कस्यामप्यवस्थायामवतरतीति । अथापुनर्बंधकोत्तरं यद्भवति तद्दर्शयति—

---

પ્રવૃત્તિ કરવી ભગવાનની ઉદારપૂજા કરવી, સાધુઓમાં વિશેષતાનું નિરીક્ષણ કરવું, વિધિપૂર્વક ધર્મ-શાસ્ત્ર સાંભળવું, મહાપ્રયત્નપૂર્વક તેને ભાવવું, શાસ્ત્રવિધાન મુજબ પ્રવર્તવું, ધૈર્યને અવલંબવું, ભવિષ્યનો વિચાર કરવો, મૃત્યુને નજરમાં રાખવું, ઉન્નતિમાં વિક્ષેપ પાડનાર માર્ગને વર્જવો, યોગ સિદ્ધ થાય એ માટે પ્રયત્નશીલ રહેવું, ભગવાનની પ્રતિમા ભરાવવી, જિનવચનો લખાવવા, નમસ્કાર મંત્રાદિમંગલજાપ કરવો, ચાર શરણ સ્વીકારવા, દુષ્કૃતોની ગર્હા કરવી, સુકૃતોની અનુમોદના કરવી, મંત્ર-દેવતાને પૂજવા, સચ્ચારિત્રોને સાંભળવા, ઉદારતા ભાવિત કરવી, ઉત્તમદૃષ્ટાન્ત મુજબ વર્તવું. આ રીતે વર્તનારની જે કોઈ દેવનમસ્કારાદિ પ્રવૃત્તિ હોય છે તે બધી સુંદર હોય છે, કેમકે આ માર્ગાનુસારી જીવ અવશ્ય અપુનર્બંધકાદિ અવસ્થાને પામેલો હોય છે, કારણકે એવી અવસ્થાને ન પામેલા જીવોમાં આવી ગુણસંપત્તિ હોતી નથી.'' ભિન્નમાર્ગસ્થ જીવોમાં માધ્યસ્થ્ય હોવા છતાં શ્રીજિનવિશે કુશળચિત્ત, સિદ્ધાન્તલેખન વગેરે રૂપ જિનોક્ત ક્રિયાઓ ન હોવાથી અપુનર્બંધકપણું હોતું નથી. તો દ્રવ્યઆજ્ઞા પણ શી રીતે હોય? આવી શંકા દૂર કરવા માટે ગ્રંથકાર ઉત્તરાર્ધમાં **સમાધાન** આપતાં કહે છે કે— અપુનર્બંધક જીવોને અનેકવિધ અનુષ્ઠાનો હોવા કહ્યા છે (માત્ર જૈનમાર્ગ સંબંધી અનુષ્ઠાનો જ નહિ). તેથી જિનનમસ્કાર વગેરે યોગબીજરૂપ જિનોક્ત અનુષ્ઠાન ન હોવા છતાં ભિન્નમાર્ગસ્થ જીવોને અપુનર્બંધકત્વ અને દ્રવ્યઆજ્ઞા હોવામાં કોઇ અસંગતિ નથી.

**[અન્યમાર્ગોક્તક્રિયાથી પણ અપુનર્બંધકત્વ સંભવિત-ઉ.]**

અહીં આ **રહસ્ય છે**—આદિધાર્મિક જીવોને જે જે વિધિ કહી છે તે બધી બધે જ જરૂરી હોય છે એવું નથી— અર્થાત્ બધા જીવોને અપુનર્બંધકત્વની પ્રાપ્તિ અને સ્થિરતા માટે આવશ્યક હોય છે એવું નથી—પણ કોઇ જીવમાં કોઇક જ જોઇએ. તેથી ભિન્ન-આચારમાર્ગમાં રહેલ પણ શુદ્ધ અંતઃકરણવાળા જીવોને ઉપર કહેલી જિનનમસ્કારાદિ જૈનમાર્ગસંબંધી ક્રિયારૂપ વિધિ ન હોવા છતાં સ્વસ્વશાસ્ત્રમાં મોક્ષ માટે કહેલી ક્રિયારૂપ વિધિ હાજર હોવાથી અપુનર્બંધકપણું સંભવિત છે. ~ "પણ તેઓના સ્વસ્વશાસ્ત્રમાં કહેલાં અનુષ્ઠાનો કંઇ તાદૃશવિધિરૂપ નથી કે જેથી એ વિધિના પાલનથી તેઓ અપુનર્બંધક

स्वतंत्रनीतितस्त्वेव ग्रन्थिभेदे तथा सति । सम्यग्दृष्टिर्भवत्युच्चैः प्रशमादिगुणान्वितः ॥२५२॥
स्वतंत्रनीतितस्त्वेव जैनशास्त्रनीतेरेव न पुनस्तन्त्रान्तराभिप्रायेणापि, ग्रन्थिभेदे रागद्वेषमोहपरिणामस्यातीवदृढस्य विदारणे तथा यथाप्रवृत्त्यादिकरणप्रकारेण सति विद्यमाने किम् ? इत्याह सम्यग्दृष्टिः शुद्धसम्यक्त्वधरो भवति संपद्यते । कीदृशः ? इत्याह उच्चैः अत्यर्थं प्रागवस्थातः सकाशात् प्रशमादिगुणान्वितः उपशम-संवेग-निर्वेदाऽनुकंपाऽऽस्तिक्याभिव्यक्तियुक्त इति । एवं परेषामपि माध्यस्थ्ये द्रव्याज्ञासद्भावः सिद्धः ॥१५॥

ननु द्रव्याज्ञापि सिद्धान्तोदितक्रियाकरणं विनापि कथं परेषां स्यात् ? इत्यत आह-

मग्गाणुसारिभावो आणाए लक्खणं मुणेयव्वं ।
किरिया तस्स ण णियया पडिबंधे वा वि उवगारे ॥१६॥

[ मार्गानुसारिभाव आज्ञाया लक्षणं ज्ञातव्यम् । क्रिया तस्य न नियता प्रतिबंधे वाप्युपकारे ॥१६॥ ]

मग्गाणुसारिभावोत्ति । मार्गानुसारिभावो = "निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिहेतुः परिणामः" आज्ञाया लक्षणं मुणेयव्वं ति ज्ञातव्यं, क्रिया स्वसमयपरसमयोदिताचाररूपा, तस्य=मार्गानुसारिभावस्य, उपकारे प्रतिबन्धे वा न नियता, स्वसमयोदितक्रियाकृतमुपकारं विनापि मेघकुमारजीवहस्त्यादीनां

---

બની જાય"~એવી શંકા ન કરવી, કેમકે 'અપુનર્બંધક અનેકપ્રકારના હોય છે.' એવું જે કહ્યું છે તેનો ફલિતાર્થ આ નીકળે છે કે અપુનર્બંધક જીવો અનેક જુદી જુદી ભૂમિકાવાળા હોય છે અને તેથી તે તે ભૂમિકાને ઉચિત અનેકપ્રકારના અનુષ્ઠાનવાળા હોય છે. તેથી એ કથન તે તે માર્ગમાં મોક્ષ માટે કહેલી ક્રિયાઓને પણ અપુનર્બંધકપણા માટે યોગ્ય ઠેરવે છે. એટલેકે એ ક્રિયાઓ પણ તાદૃશવિધિરૂપ બની શકે છે. હા, સમ્યગ્દૃષ્ટિજીવોને એવા અનેકસ્વરૂપવાળા કહ્યા નથી કે જેથી અન્યમાર્ગીય અનુષ્ઠાનો તેઓને સ્વગુણપ્રાપ્તિ-જાળવણી માટેની વિધિરૂપ બની શકે. તેથી તેઓને તો જૈનમાર્ગસંબંધી સ્વતન્ત્રક્રિયા જ સંગત છે તે જાણવું. યોગબિંદુસૂત્ર અને વૃત્તિમાં કહ્યું છે કે—" આમ ઉક્ત રીતે શુદ્ધ યુક્તિથી વિચારતાં જણાય છે કે કપિલસુગત વગેરેના તે તે શાસ્ત્રમાં મુમુક્ષુજીવો માટે કહેલાં બધાં અનુષ્ઠાનો અવસ્થાભેદને આશ્રીને સંગત છે. અપુનર્બંધકનાં અનેક સ્વરૂપ=અવસ્થા માની હોવાથી તે અનુષ્ઠાનો કોઈ ને કોઈ અવસ્થામાં ઉચિત હોવારૂપે અવતરે છે. અપુનર્બંધક બન્યા પછી (ઉપરની અવસ્થામાં) શું થાય છે તે જણાવે છે—જૈનશાસ્ત્રોક્ત રીતે જ (બીજા શાસ્ત્રોના અભિપ્રાય મુજબ નહિ) યથાપ્રવૃત્તિકરણ વગેરે દ્વારા પૂર્વાવસ્થા કરતાં અત્યંત પ્રબળ ઉપશમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિવાળો સમ્યક્દૃષ્ટિ બને છે." આના પરથી એટલું તો સિદ્ધ થાય છે કે "અન્યમાર્ગસ્થ જીવોમાં પણ માધ્યસ્થ્ય હોય તો દ્રવ્યઆજ્ઞા સંભવે છે." ॥૧૫॥

સિદ્ધાન્તમાં કહેલ ક્રિયાઓ કર્યા વિના જ ઇતરોને (ભાવાજ્ઞા તો નહિ જ) દ્રવ્યઆજ્ઞા પણ શી રીતે સંભવે? એવી શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : માર્ગાનુસારીભાવ એ જ આજ્ઞાનું લક્ષણ જાણવું. તેનો પ્રતિબંધ કરનાર કે ઉપકાર કરનાર તરીકે કોઈ ચોક્કસ ક્રિયા નિયત નથી.

સહજ રીતે તત્ત્વાનુકૂલ પ્રવૃત્તિ થયા કરે તેના પ્રવૃત્તિહેતુભૂત પરિણામ રૂપ માર્ગાનુસારીભાવ એ આજ્ઞાનું લક્ષણ છે. 'સ્વસિદ્ધાન્તમાં કહેલી ક્રિયા તે માર્ગાનુસારીભાવના પ્રાપ્તિ અને ટકાવ રૂપ ઉપકાર માટે આવશ્યક છે' એવો કે 'પરશાસ્ત્રોક્ત ક્રિયા તેના અપ્રાપ્તિ કે નાશ રૂપ પ્રતિબંધ માટે આવશ્યક છે' એવો નિયતભાવ ન જાણવો. અર્થાત્ 'સ્વશાસ્ત્રોક્તક્રિયાનું પાલન હોય તો જ માર્ગાનુસારીપણું મળે અને ટકે' એવું નથીકે 'પરશાસ્ત્રોક્તક્રિયાનું

तथाभव्यत्वपरिपाकाहितानुकम्पादिमहिम्ना मार्गानुसारित्वसिद्धेः, परसमयक्रियायां च सत्यामपि समुल्लसितयोगदृष्टिमहिम्नां पतञ्जल्यादीनां मार्गानुसारित्वाप्रतिघातात् । अत्र कश्चिदाह—ननु पतञ्जल्यादीनां मार्गानुसारित्वमशास्त्रसिद्धम्, उच्यते—नैतदेवं, योगदृष्टिसमुच्चयग्रन्थ एव योगदृष्टयभिधानात् तेषां मार्गानुसारित्वसिद्धेः । "उक्तं च=निरूपितं पुनः, योगमार्गज्ञैरध्यात्मविद्भिः पतंजलिप्रभृतिभिः तपोनिर्धूतकल्मषैः=प्रशमप्रधानेन तपसा क्षीणप्रायमार्गानुसारिबोधबाधकमोहमलै" रिति "[1]उक्तं च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः" इति प्रतीकं विवृण्वता योगबिन्दुवृत्तिकृताऽपि तेषां तदभिधानाच्च ।

अयमिह परमार्थः—अव्युत्पन्नानां विपरीतव्युत्पन्नानां वा परसमयस्थानां जैनाभिमतक्रिया यथाऽसद्ग्रहत्याजनद्वारा द्रव्यसम्यक्त्वाद्यध्यारोपेण मार्गानुसारिताहेतुस्तथा सद्ग्रहप्रवृत्तानां तेषामुभयाभिमतयमनियमादिशुद्धस्वरूपक्रियाऽपि पारमार्थिकवस्तुविषयपक्षपाताधानद्वारा तथा, हेयोपादेय-

---

પાલન હોય તો એ મળે જ નહિ અને ટકે જ નહિ' એવું પણ નથી, કેમકે સ્વસમયોક્ત-ક્રિયાઓથી થએલા ઉપકાર વિના પણ **મેઘકુમારના** જીવ હાથી વગેરેને તથાભવ્યત્વના પરિપાકથી પ્રાપ્ત થએલ અનુકંપા વગેરેના પ્રભાવે માર્ગાનુસારિતા હતી, તેમજ વિકસેલી યોગદૃષ્ટિના પ્રભાવે **પતંજલિ** વગેરેને જે માર્ગાનુસારીપણું પ્રાપ્ત થયું હતું તે અન્યદર્શનોક્ત ક્રિયા હોવા છતાં ચાલ્યું ગયું નહોતું. અહીં કોઈ શંકા કરે છે કે~"પતંજલિ વગેરે માર્ગાનુસારી હતા એ વાત કયા શાસ્ત્રમાંથી કહો છો ?" તો એનું સમાધાન આવું જાણવું~એ શંકા બરાબર નથી, કેમકે **યોગદૃષ્ટિસમુચ્ચય** ગ્રન્થમાં જ તેઓને યોગદૃષ્ટિઓ હોવી કહી છે તેના પરથી તેઓ માર્ગાનુસારી હોવા સિદ્ધ છે. તેમજ **યોગબિન્દુ**ના વૃત્તિકારે પણ "ઉક્તં ચ..." (શ્લો. ૬૬ના 'ઉક્તં ચ' ઇત્યાદિ પ્રતીકનું જે વિવરણ કર્યું છે કે "પ્રશમની મુખ્યતાવાળા તપથી, જેઓનો માર્ગાનુસારીબોધનો બાધક એવો મોહરૂપી મલ નષ્ટપ્રાય થઈ ગયો છે તેવા **પતંજલિ** વગેરે અધ્યાત્મના જાણકાર યોગમાર્ગજ્ઞોએ કહ્યું છે..." ઇત્યાદિ વિવરણ દ્વારા પણ એ કહી જ દીધું છે.

## [ઇતરને પણ માન્ય ક્રિયા માર્ગાનુસારિતાહેતુ શી રીતે ?]

અહીં તાત્પર્ય આ છે-અવ્યુત્પન્ન કે અન્યદર્શનમાં રહેલ વિપરીતવ્યુત્પન્ન જીવોને જેમ જૈન અભિમત ક્રિયા અસદ્ગ્રહ દૂર કરાવવા દ્વારા દ્રવ્યસમ્યક્ત્વ વગેરેના આરોપણથી માર્ગાનુસારિતાનો હેતુ બને છે તેમ 'સાચી હોય એટલી વસ્તુ સ્વીકારવી-કદાગ્રહ ન રાખવો' ઇત્યાદિ સદ્ગ્રહવાળા અન્યમાર્ગસ્થ જીવોને ઉભય(જૈન અને ઇતર) માન્ય યમ-નિયમ વગેરે રૂપ શુદ્ધ સ્વરૂપવાળી (સ્વરૂપ શુદ્ધ) ક્રિયા પણ (જૈન અભિમત ક્રિયા તો ખરી જ) પારમાર્થિક વસ્તુઅંગે પક્ષપાત ઊભો કરી આપવા દ્વારા માર્ગાનુસારિતાનો હેતુ બને છે, કેમકે સદ્ગ્રહ-પ્રવૃત્ત તે અધ્યાત્મજ્ઞ જીવો હેય-ઉપાદેયવિષય માત્રની પરીક્ષા કરવામાં કુશલ-તત્પર હોય છે. અર્થાત્ 'છોડવા જેવું શું છે ? અને આદરવા જેવું શું છે ?' તેનો જ તેઓ વિચાર કરે છે, 'આ કોના દર્શનમાં કહ્યું છે ?' ઇત્યાદિ વિચાર નહિ.

અવ્યુત્પન્ન કે વિપરીત વ્યુત્પન્ન જીવો સ્વમાત્ર અભિમત જ નહિ પણ યમ-નિયમાદિ ઉભય અભિમત પણ જે ક્રિયાઓ કરે છે તેમાં પણ 'આ તો આપણા શાસ્ત્રો(ઇતરશાસ્ત્રો)માં કહી છે માટે કહીએ છીએ' એવો તેમનો અભિપ્રાય-અસદ્ગ્રહ ખસતો નથી અને તેથી 'આ પરમાર્થથી ઉપાદેય છે માટે કરીએ છીએ' કે 'વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહી છે

---

1 अस्योत्तरार्धः—भावियोगिहितायोच्चैर्मोहदीपसमं वचः ॥६६॥

विषयमात्रपरीक्षाप्रवणत्वादध्यात्मविदाम् । तथा च नियतक्रियाया मार्गानुसारिभावजनने नैकान्तिकत्वमात्यन्तिकत्वं वा, तथा च जैनक्रियां विनापि भावजैनानां परेषां मार्गानुसारित्वादाज्ञासम्भवोऽविरुद्ध इति । युक्तं चैतद्, न चेदेवं तदा जैनक्रियां विना भावलिङ्गबीजाभावाद् भावलिंगस्यापि परेषामनुपपत्तावन्यलिंगसिद्धादिभेदानुपपत्तेः ।

यः पुनराह~(सर्वज्ञशतक ६८) परसमयानभिमतस्वसमयाभिमतक्रियैव असद्ग्रहविनाशद्वारा मार्गानुसारिताहेतुः~इति तदसत्, उभयाभिमताकरणनियमादिनैव पतञ्जल्यादीनां मार्गानुसारिताऽभिधानात्, व्युत्पन्नस्य मार्गानुसारितायां तत्त्वजिज्ञासामूलविचारस्यैव हेतुत्वात्, अव्युत्पन्नस्य तस्यां गुरुपारतन्त्र्याधानद्वारा स्वसमयाभिमतक्रियाया हेतुत्वे परसमयानभिमतत्वप्रवेशे प्रमाणाभावाच्च ।

---

માટે કરીએ છીએ' આવો અભિપ્રાય (પક્ષપાત) તેઓને ઊભો થતો જ નથી. તેથી માર્ગાનુસારિતા માટે તેઓને તો સૌ પ્રથમ અસદ્ગ્રહ દૂર કરવો જરૂરી હોઈ જે પરમાર્થિક દેવ-ગુરુ-ધર્મ છે તેને જ વિશે 'આ જ ખરેખર આદરણીય છે' ઇત્યાદિ માન્યતારૂપ દ્રવ્યસમ્યક્ત્વના (હજુ માર્ગાનુસારિતા પણ પ્રાપ્ત કરવાની બાકી છે તેથી ભાવસમ્યક્ત્વ હોતું નથી.) આરોપણ યુક્ત જૈન અભિમત ક્રિયા જ આવશ્યક બને છે, કેમકે એ જ તેઓના અસદ્ગ્રહને દૂર કરી શકે છે. જ્યારે સદ્ગ્રહપ્રવૃત્ત જીવોને તો તાદૃશ અસદ્ગ્રહ ન હોઈ ઉભયસંમત એવી પણ યમ-નિયમાદિ ક્રિયાથી પારમાર્થિક ઉપાદેય અંગેનો 'આ પરમાર્થથી ઉપાદેય છે' ઇત્યાદિ પક્ષપાત ઊભો થઈ શકે છે અને માર્ગાનુસારિતા પ્રાપ્ત થઈ શકે છે. આમ માત્ર જૈન અભિમત ક્રિયા રૂપ નિયતક્રિયા માર્ગાનુસારી ભાવ પેદા કરવામાં અનૈકાન્તિક=વ્યભિચારી છે, (અભવ્યાદિને આ ભાવ લાવી આપતી ન હોવાથી) અને અનાત્યાન્તિક છે (=અવશ્ય આવશ્યક એવી નહિ, કેમકે સદ્ગ્રહપ્રવૃત્ત જીવોને એ વિના પણ એ ભાવ પ્રાપ્ત થઈ જાય છે) એ જાણવું. તેથી જૈન ક્રિયા વિના પણ ઇતરમાર્ગસ્થ જૈનોને માર્ગાનુસારિતાના કારણે આજ્ઞાનો સંભવ અસંગત નથી. આ વાત યોગ્ય પણ છે જ, કેમકે નહિતર તો અન્યલિંગીને તો જૈન ક્રિયા જ ન હોવાના કારણે ભાવલિંગના બીજભૂત માર્ગાનુસરિતા, સમ્યગ્દર્શન વગેરેનો પણ અભાવ જ રહેવાના કારણે ભાવલિંગનો પણ અભાવ જ રહેશે. અને તો પછી કેવલજ્ઞાન અને મુક્તિનીપ્રાપ્તિ પણ અસંભવિત બની જવાના કારણે સિદ્ધોના અન્યલિંગસિદ્ધ વગેરે ભેદો અસંગત થઈ જાય.

### [ માર્ગાનુસારિતાનો અનુગત હેતુ ]

વળી~"ઈતરદર્શનોને અનભિમત એવી સ્વસમયઅભિમત ક્રિયા જ અસદ્ગ્રહનો નાશ કરવા દ્વારા માર્ગાનુસારિતાનું કારણ બને છે"~એવું જે (સર્વજ્ઞ શ૦ શ્લોક ૬૮) કહ્યું છે, તે અયોગ્ય છે, કેમકે પતંજલિ વગેરે અકરણનિયમાદિરૂપ ઉભયઅભિમત ક્રિયાથી જ માર્ગાનુસારી બન્યા હોવાનું પૂર્વાચાર્યોએ કહ્યું છે. બાકી તો મૂળથી "ક્રિયા જ માર્ગાનુસારિતાનો હેતુ છે" એવું પણ કહી શકાતું નથી તો "પરસમયઅનભિમત-સ્વસમયઅભિમતક્રિયા જ તેનો હેતુ છે" એવું તો શી રીતે કહેવાય? કેમકે વ્યુત્પન્ન જીવો માર્ગાનુસારી બનવામાં તો તત્ત્વજિજ્ઞાસામૂલક વિચાર જ હેતુ બને છે. અવ્યુત્પન્ન જીવો માર્ગાનુસારી બને તેમાં ગુરુપારતન્ત્ર્યદ્વારા સ્વસમયઅભિમતક્રિયા હેતુ બનતી હોવા છતાં એનું 'પરસમયઅનભિમત' એવું વિશેષણ લગાડવામાં કોઈ પ્રમાણ નથી, કેમકે અસદ્ગ્રહશૂન્યજીવો (સદ્ગ્રહપ્રવૃત્તજીવો) ઉભયઅભિમત ક્રિયાથી પણ માર્ગાનુસારી બને છે એ હમણાં જ દેખાડી ગયા છીએ. આમ અવ્યુત્પન્ન અને વ્યુત્પન્નજીવોની માર્ગાનુસારિતામાં જુદા જુદા હેતુ કહ્યા. એનો અનુગતહેતુ જાણવો હોય તો આ છે-ભવાભિનંદી જીવોના ક્ષુદ્રતા વગેરે દોષોના પ્રતિપક્ષભૂત ગુણો જ માર્ગાનુસારિતાના

भवाभिनन्दिदोषप्रतिपक्षा गुणा एव हि नियता मार्गानुसारिताहेतवः, क्रिया तु क्वचिदुभयाभिमता, क्वचिच्च स्वसमयाभिमतेत्यनियता हेतुः, परकीयसंमतेर्निजमार्गदार्ढ्यहेतुत्वं चाऽव्युत्पन्नमभिनिविष्टं वा प्रति, न तु व्युत्पन्नमनभिनिविष्टं च प्रतीति । यत्तु निश्चयतः परसमयबाह्यानामेव संगम-नयसाराम्बडप्रमुखानां मार्गानुसारित्वं स्यात्, नान्येषामिति केषाञ्चिन्मतं (सर्वज्ञश.श्लो. ६९), तत्तेषामेव प्रतिकूलं, सद्ग्रहप्रवृत्तिजनितनैश्चयिकपरसमयबाह्यतया पतञ्जल्यादीनामप्यम्बडादीनामिव मार्गानुसारित्वाप्रतिघातात् । इयानेव हि विशेषो यदेकेषामपुनर्बन्धकत्वेन तथात्वं, अपरेषां तु श्राद्धत्वादिनेति ॥१६॥

---

નિયત (અનુગત=સર્વત્ર અવશ્ય જોઇએ જ) હેતુ છે જ્યારે ક્રિયા તો અનિયત હેતુ છે, કેમકે ક્યારેક (કેટલાક જીવોને વિશે) ઉભય અભિમત ક્રિયા હેતુ બને છે અને ક્યારેક (બીજાઓને વિશે) માત્ર જૈનશાસ્ત્રમાન્ય ક્રિયા હેત બને છે.

**શંકા**-આ રીતે અન્યમાર્ગાભિમત (ઉભયાભિમત) એવા પણ અકરણનિયમાદિને માર્ગાનુસારિતાનો હેતુ કહેવામાં ફલિત એ થશે કે તમને પણ એ અકરણનિયમ વગેરે સંમત છે. અને તો પછી એ અન્યમાર્ગમાં રહેલા જીવોને એ ક્રિયાથી અસદ્ગ્રહ દૂર થવાની વાત તો બાજુ પર રહેશે, પણ "અમારા દર્શનમાં કહેલ આ અકરણનિયમ વગેરે 'પર' એવા જૈનોને પણ સંમત છે" એવું જાણીને પોતાના માર્ગની પકડ જ વધુ દૃઢ થશે જે અનિષ્ટ છે માટે ઉભયાભિમત ક્રિયાને માર્ગાનુસારિતાનો હેતુ કહેવી યોગ્ય નથી.

**સમાધાન**-તમારી વાત અયુક્ત છે, કારણકે આ રીતે જૈનોની સંમતિથી પણ સ્વમાર્ગની દૃઢતા તો અવ્યુત્પન્ન કે અભિનિવિષ્ટ જીવોને જ થાય છે, વ્યુત્પન્ન કે અનભિનિવિષ્ટ જીવોને નહિ. કેમકે વ્યુત્પન્ન જીવો તો 'જૈનો પણ આને કેમ આવકારે છે?' એનું રહસ્ય વિચારી પરમાર્થને જ પકડે છે. અને અનભિનિવિષ્ટ જીવોને તો કોઈ કદાગ્રહ જ પકડાયો ન હોવાથી એની દૃઢતા થવાનો પ્રશ્ન જ હોતો નથી. વળી અભિનિવિષ્ટાદિ જીવોને પણ સ્વમાર્ગની જે દૃઢતા થાય છે તે પણ તેઓના અભિનિવેશાદિરૂપ દોષના જ કારણે, ઉભયાભિમત ક્રિયાને માર્ગાનુસારિતાનો હેતુ કહ્યો તે કારણે નહિ. માટે તેને હેતુ કહેવામાં કોઈ આપત્તિ કે અયુક્તતા નથી. તેથી અમુક જીવોને ઉભયઅભિમત ક્રિયાથી પણ માર્ગાનુસારિતા પ્રાપ્ત થઇ જતી હોવાથી માત્ર જૈન અભિમત ક્રિયા નિયતહેતુરૂપ નથી.

~"જેઓ નિશ્ચયથી પરસમયબાહ્ય હોય અર્થાત્ સ્વસમયમાં જૈનશાસનમાં કદાચ ન રહ્યા હોવાછતાં જેઓ નિશ્ચયથી અન્યદર્શનમાં તો ન જ રહ્યા હોય એવા **સંગમ-નયસાર-અંબડ** વગેરેને જ માર્ગાનુસારિતા સંભવે છે, બીજા કોઇને નહિ"~એવો જે કોઇનો મત (સર્વજ્ઞ-શતક-૬૯) છે તે તેઓને જ હેરાન કરનાર છે, કેમકે અંબડ વગેરેની જેમ **પતંજલિ** વગેરેને પણ તેઓએ માર્ગાનુસારી માનવા જ પડશે જે તેઓને અનિષ્ટ છે. પતંજલિ વગેરે પણ સદ્ગ્રહપ્રેરિત પ્રવૃત્તિ કરનાર હોઇ નિશ્ચયથી તો પરસમયબાહ્ય હતા જ. અર્થાત્ તેઓ સ્વસ્વમાર્ગોક્ત જે પ્રવૃત્તિ કરતા હતા તે ઉક્ત કદાગ્રહથી નહિ પણ "આ પરમાર્થથી ઉપાદેય છે" ઇત્યાદિ વિચારથી જ કરતા હતા. માટે તેઓ નિશ્ચયથી પરમાર્ગમાં તો રહ્યા નહોતા, કિન્તુ પરમાર્થથી જે સત્ય હોય તે માર્ગમાં રહ્યા હતા. તેથી તમારે તેઓને માર્ગાનુસારી માનવા પડશે જે "માત્ર સ્વઅભિમતક્રિયા જ માર્ગાનુસારિતાનો હેતુ બને છે" એવી તમારી માન્યતાને પ્રતિકૂલ છે, કેમકે તેઓ તો ઉભયઅભિમત ક્રિયા કરતા હતા. આમ સંગમ-નયસાર વગેરેની જેમ પતંજલિ વગેરેમાં પણ માર્ગાનુસારિતા અબાધિત હોવી સિદ્ધ થાય છે. ફેર એટલો જ છે કે પતંજલિ વગેરેમાં તે અપુનર્બંધકપણાના કારણે હતી જ્યારે સંગમ વગેરેમાં શ્રદ્ધાળુતાના કારણે. તેથી સિદ્ધાન્તોક્ત ક્રિયા રહિત જીવોમાં પણ માર્ગાનુસારિભાવરૂપ લક્ષણ હાજર હોવાથી દ્રવ્યાજ્ઞા હોવી પણ સિદ્ધ થાય છે. ॥૧૬॥

अयं मार्गानुसारिभावः कदा स्यात् ? इत्येतत्कालमानमाह–

**मग्गाणुसारिभवो जायइ चरमंमि चेव परिअट्टे ।**
**गुणवुड्ढीए विगमे भवाभिनंदीणदोसाणं ॥१७॥**

[मार्गानुसारिभावो जायते चरम एव परावर्त्ते । गुणवृद्धया विगमे भवाभिनन्दिदोषाणाम् ॥१७॥]

मग्गाणुसारिभावोत्ति । भवाभिनन्दिनां दोषाणां—

क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः । अज्ञो भवभिनन्दी स्यान्निष्फलारम्भसङ्गतः ॥ इति योगदृष्टि. (७६) (यो बि. ८५) श्लोकोक्तानां विगमे सति गुणवृद्धया चरमे पुद्गलपरावर्त्त एव मार्गानुसारिभावो भवति, अपुनर्बंधकादेर्मार्गानुसारिप्रौढप्रज्ञानुगतत्ववचनात्, तस्य चैतावत्कालमानत्वात् । अत एव वचनौषधप्रयोगकालश्चरमपुद्गलपरावर्त्त एवोक्तो व्यवहारतः, निश्चयतस्तु ग्रन्थिभेदकालः, तत्रापि ग्रन्थिभेदकाल एव (अ)न्यूनत्वेन पुरस्कृतः । तथा चोपदेशपदसूत्रवृत्ती (४३२-४३३)—

[१]घणमिच्छत्तो कालो एत्थ अकालो उ होइ णायव्वो । कालो उ अपुणबंधगपभिई धीरेहिं णिद्दिट्ठो ॥
[२]णिच्छयओ पुण एसो विन्नेओ गंठिभेअकालोउ । एयंमि विहिसयपालणाउ आरोग्गमेयाओ ॥

घनं महामेघावलुप्तसकलनक्षत्रादिप्रभाप्रसरभाद्रपदादिमासामावास्यामध्यभागसमुद्भूतान्धकारानिबिडं मिथ्यात्वं तत्त्वविपर्यासलक्षणं यत्र स तथा, कालश्चरमपुद्गलपरावर्त्तव्यतिरिक्तशेषपुद्गलपरावर्त्तलक्षणोऽत्र

## [ માર્ગાનુસારીપણાનો કાળ-ચરમાવર્ત્ત ]

આ માર્ગાનુસારીપણું ક્યારે પ્રાપ્ત થાય? એ જણાવવા એનું કાલપ્રમાણ દેખાડતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–ભવાભિનંદીપણાના દોષો દૂર થએ છતે ગુણવૃદ્ધિ થવાના કારણે ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ માર્ગાનુસારીપણું પ્રાપ્ત થાય છે.

"ભવાભિનંદી જીવ ક્ષુદ્ર, માંગણાયો, હંમેશાં દીન, મત્સરી, ભયભીત, શઠ, મૂર્ખ અને સર્વત્ર અતત્ત્વના અભિનિવેશના કારણે નિષ્ફલારંભો હોય છે" **યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રન્થના** આ ૭૬મા શ્લોકમાં કહેલા ભવાભિનંદીદોષોનો નાશ થએ છતે ગુણવૃદ્ધિ થવા દ્વારા ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જ માર્ગાનુસારિભાવ પેદા થાય છે, કેમકે માર્ગાનુસારિતાને પ્રાયોગ્ય જે પ્રૌઢ પ્રજ્ઞા જોઈએ તે અપુનર્બંધકાદિમાં જ હોવી કહી છે. અને અપુનર્બંધક વગેરેનો કાલ તો આટલો (ચરમાવર્ત્ત જેટલો) જ છે. આમ આ કાલમાં જ અપુનર્બંધકપણામાં પ્રૌઢપ્રજ્ઞા આવતી હોવાથી જ વચનૌષધપ્રયોગકાલ (જિનવચનોને અનુસરીને વર્ત્તવું એ વચનૌષધપ્રયોગ. તેની ધારી ગુણકર અસર જેમાં થાય તેવો પાકી ગએલો કાલ) પણ, વ્યવહારથી ચરમપુદ્ગલ પરાવર્ત્ત જ કહ્યો છે, અને નિશ્ચયથી ગ્રન્થિભેદકાલ કહ્યો છે. આ બેમાંથી પણ પરિપૂર્ણતયા યોગ્ય હોવા રૂપે (અથવા અલ્પકાળમાં ધારી અસર ઉપજાવનાર હોવાના કારણે) ગ્રન્થિભેદ કાલ જ તેના કાલ તરીકે મુખ્ય કરાયો છે. **શ્રી ઉપદેશપદસૂત્રમાં** કહ્યું છે કે "અહીં વચનૌષધપ્રયોગ માટે ગાઢ મિથ્યાત્વનો કાલ અકાલ જાણવો. અપુનર્બંધક વગેરે અવસ્થાના કાલ જ ધીરપુરુષો વડે કાલ તરીકે કહેવાયો છે. વળી નિશ્ચયથી તો ગ્રન્થિભેદકાલ જ એ કાલ તરીકે જાણવો, કેમકે એ પછી જ સદા વિધિપૂર્વક પાલન થવાથી વચનૌષધપ્રયોગ આરોગ્ય બક્ષે છે." આની વૃત્તિમાં પણ કહ્યું છે કે "જેમાં કાળા ભમ્મર વાદળાઓના કારણે બધા નક્ષત્રો વગેરેનો પ્રકાશ નષ્ટ થઈ ગયો છે તેવી ભાદરવા મહિના વગેરેની અમાસની મધ્યરાત્રીએ છવાએલા ગાઢ અંધકાર જેવા તત્ત્વવિપર્યાસાત્મક ગાઢ મિથ્યાત્વવાળો અચરમપુદ્ગલપરાવર્ત્તનો કાલ આ વચનૌષધપ્રયોગ માટે અકાલ=અનવસર જાણવો. જ્યારે

१ घनमिथ्यात्वः कालोऽत्राकालस्तु भवति ज्ञातव्यः । कालश्चापुनर्बन्धकप्रभृतिर्धीरैर्निर्दिष्टः ॥

२ निश्चयतः पुनरेषो विज्ञेयो ग्रन्थिभेदकालस्तु । एतस्मिन् विधिसदापालनाया आरोग्यमेतस्माद् ॥

वचनौषधप्रयोगेऽकालस्तु अकाल एव भवतिज्ञातव्यः। चरमपुद्गलपरावर्त्तलक्षणस्तु तथाभव्यत्वपरिपाकतो बीजाधानोद्भेदपोषणादिषु स्यादपि काल इति । अत एवाह-कालस्त्ववसरः पुनः अपुनर्बंधकप्रभृतिः। तत्राऽपुनर्बन्धकः 'पावं ण तिव्वभावा कुणइ...' (पंचा ३-४) इत्यादिलक्षणः । आदिशब्दान्मार्गाभिमुखमार्गपतितौ गृह्येते। तत्र मार्गो ललितविस्तरायामनेनैव शास्त्रकृतेत्थंलक्षणो निरूपितः 'मग्गदयाणं' इत्याद्यालापकव्याख्यायां. 'मार्गश्चेतसोऽवक्रगमनं', भुजंगमनलिकायामतुल्यो विशिष्टगुणस्थानावाप्तिप्रवणः स्वरसवाही क्षयोपशमविशेषो हेतुस्वरूपफलशुद्धा सुखेत्यर्थः' तत्रपतितो भव्यविशेषो मार्गपतित इत्युच्यते, तदादिभावापन्नश्च मार्गाभिमुख इति । एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव विज्ञेयौ अपुनर्बन्धकोऽपुनर्बन्धककालः प्रभृतिर्यस्य स तथा, धीरैस्तीर्थकरादिभिः निर्दिष्टो व्यवहारत इति ॥ निश्चयतो निश्चयनयमतेन पुनरेष वचनौषधप्रयोगकालो विज्ञेयः कः? इत्याह ग्रन्थिभेदकालस्तु ग्रन्थिभेदकाल एव यस्मिन् कालेऽपूर्वकरणानिवृत्तिकरणाभ्यां ग्रन्थिर्भिन्नो भवति तस्मिन्नेवेत्यर्थः । कुतः ? यत एतस्मिन् ग्रन्थिभेदे सति विधिना अवस्थोचितकृत्यकरणलक्षणेन सदा सर्वकालं या पालना च वचनौषधस्य, तया कृत्वाऽऽरोग्यं संसारव्याधिरोधलक्षणं, एतस्माद् वचनौषधप्रयोगाद् भवति । अपुनर्बन्धकप्रभृतिषु वचनप्रयोगः क्रियमाणोऽपि न तथा सूक्ष्मबोधविधायकः, अनाभोगबहुलत्वात्तत्कालस्य । भिन्नग्रन्थ्यादयस्तु व्यावृत्तमोहत्वेन निपुणबुद्धितया तेषु कृत्येषु वर्त्तमानास्तत्कर्मव्याधिसमुच्छेदका जायन्त इति ॥ ग्रन्थिभेदमेव पुरस्कुर्वन्नाह—

ચરમપુદ્ગલપરાવર્ત્તનો કાલ તથાભવ્યત્વના પરિપાકથી બીજાધાન-અંકુરઉદ્ભેદ-પોષણ વગેરેની પ્રાપ્તિ થવામાં તેનો અવસર બને પણ છે. તેથી જ (ઉપદેશપદમાં) આગળ કહે છે કે "શ્રી તીર્થંકર વગેરે ધીરપુરુષોએ તેના કાલ તરીકે વ્યવહારથી અપુનર્બંધક વગેરેનો કાલ કહ્યો છે. તેમાં "પાપ તીવ્રભાવે ન કરે" વગેરે પંચાશકમાં કહેલ સ્વરૂપવાળો જીવ અપુનર્બંધક જાણવો. તેમજ 'આદિ' શબ્દથી માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવોનો સમાવેશ જાણવો. એમાં માર્ગનું સ્વરૂપ આ જ ગ્રન્થકારે (શ્રી હરિભદ્રસૂરિ મહારાજે) લલિત વિસ્તરામાં 'મગ્ગદયાણં' વગેરે આલાવાના વિવરણમાં આવું કહ્યું છે-" માર્ગ એટલે ચિત્તનું અવક્રગમન, અર્થાત્ સાપનું નલિકામાં થતું સીધું ગમન જેમ ઈષ્ટસ્થાન પ્રાપક બને છે તેમ વિશિષ્ટગુણસ્થાનની પ્રાપ્તિ કરાવી આપનાર અને પોતાના સહજ અભિલાષથી પ્રવર્તેલો એવો ક્ષયોપશમ એ માર્ગ છે. વળી એના હેતુઓ, સ્વરૂપ અને ફળ એ ત્રણે શુદ્ધ હોવા જોઈએ. આને જ પાતંજલ યોગદર્શન વગેરેમાં સુખા કહ્યો છે." આ માર્ગને પામેલ ભવ્યજીવ માર્ગપતિત કહેવાય છે. અને તેને યોગ્ય પ્રાથમિક ભૂમિકાને પામેલ જીવ માર્ગાભિમુખ કહેવાય છે. આ બન્ને પ્રકારના જીવો ચરમયથાપ્રવૃત્તકરણે જ રહેલા હોવા જાણવા.

**[ નિશ્ચયનયે વચનૌષધપ્રયોગકાળ ]**

નિશ્ચયનયના અભિપ્રાય પ્રમાણે તો જે કાલમાં અપૂર્વકરણ-અનિવૃત્તિકરણ વડે ગ્રન્થિ ભેદાય છે તે ગ્રન્થિભેદ કાલ (અને તે પછીનો કાલ) જ વચનૌષધના પ્રયોગનો અવસર છે, કેમકે ગ્રન્થિભેદાયે છતે જ અવસ્થોચિત કર્ત્તવ્યો કરવા રૂપ વિધિથી હંમેશાં વચનૌષધનું પાલન થયા કરે છે જેનાથી સંસારરોગ અટકવા રૂપ આરોગ્યની પ્રાપ્તિ થાય છે. અપુનર્બંધક વગેરે કાલમાં વચનૌષધપ્રયોગ હોવા છતાં તે એવો સૂક્ષ્મબોધ પેદા કરી શકતો નથી, કેમકે એ કાલ અનાભોગની પ્રચુરતા વાળો હોય છે. (જો કે હમણાં જ પૂર્વે અપુનર્બંધકાદિને પ્રૌઢ પ્રજ્ઞા હોવી કહી ગયા. તો પણ કોઈ વિરોધ નથી, કેમકે એ પ્રૌઢપ્રજ્ઞા માર્ગાનુસારિતાને પ્રાયોગ્ય છે જ્યારે અહીં જે સૂક્ષ્મબોધની વાત છે તે સમ્યક્ત્વપ્રાપ્તિ પ્રાયોગ્ય છે જેનો અપુનર્બંધકાદિમાં અભાવ અવિરુદ્ધ છે.) જ્યારે ભિન્નગ્રન્થિકજીવો મોહ ક્ષીણ થયો હોવાના કારણે નિપુણબુદ્ધિવાળા હોય છે જેથી તે ઉચિત કર્ત્તવ્યોને કરતાં તેઓ કર્મવ્યાધિનો સમુચ્છેદ કરી શકે છે. વચનૌષધપ્રયોગની સફળતામાં વિધિપાલન વગેરે કરતાં પણ ગ્રન્થિભેદ જ મુખ્યચીજ છે એવું જણાવતાં ઉપદેશપદકાર આગળ કહે છે-

[1]इहरावि हंदि एअंमि एस आरोग्गसाहगो चेव । पोग्गलपरिअट्टद्धं जमूणमेअंमि संसारो ॥४३४॥
इतरथाऽपि=विधेः सदापालनमन्तरेणापि, हन्दीति पूर्ववत् एतस्मिन्=ग्रन्थिभेदे कृते सति एषः=वचनप्रयोगः आरोग्यसाधकश्चैव=भावारोग्यनिष्पादक एव सम्पद्यते । तथा च पठ्यते—

लब्ध्वा मुहूर्त्तमपि ये परिवर्जयन्ति सम्यक्त्वरत्नमनवद्यपदप्रदायि ।
यास्यन्ति तेऽपि न चिरं भववारिराशौ तद्बिभ्रतां चिरतरं किमिहास्ति वाच्यम् ॥ [ ]

अत्र हेतुमाह-पुद्गलानामौदारिक-वैक्रिय-तैजस-भाषाऽऽनप्राण-मनः-कर्मग्रहणपरिणतानां विवक्षितकालमादौ कृत्वा यावतां सामस्त्येनैकजीवस्य ग्रहनिसर्गौ सम्पद्येते स कालः पुद्गलपरावर्त्त इत्युच्यते पुद्गलग्रहणनिसर्गाभ्यां परिवर्त्तन्ते परापरपरिणतिं लभन्तेऽस्मिन्निति व्युत्पत्तेः, तस्याद्धं यावद्, यद् यस्माद्, ऊनं किंचिद्धीनं, एतस्मिन् ग्रन्थिभेदे सति संसारो जीवानां तीर्थकराद्याशातनाबहुलानामपि । अत्र दृष्टान्ताः कूलवालकगोशालकादयो वाच्याः'' इति ।

एवं च~"उत्कर्षतोऽप्यपार्धपुद्गलपरावर्त्तावशेषसंसारस्यैव मार्गानुसारित्वमि"ति~यत्केनचिदुक्तं तत्केनाभिप्रायेणेति विचारणीयं मध्यस्थैः । न ह्येवमपुनर्बन्धकापेक्षया कालभेदेन ग्रन्थिभेदस्य पुरस्करणमुपपद्यते, पराभिप्रायेणापार्द्धपुद्गलावर्त्तकालमानस्योभयत्राविशेषाद् । एवं वदतो भ्रान्तिमूलं तावच्चरमयथाप्रवृत्तकरणविभागभाजामेवापुनर्बन्धकादीनामधिकारित्वभणनम्, तादृशानां तेषां सम्यक्त्वसंनिहितत्वाद् । [2]अत एव—

[3]भवहेऊ नाणमेयस्स पायसोऽसप्पवित्तिभावेणं । तह तयणुबंधओ च्चिय तत्तेयरनिंदणाइओ ॥

"ગ્રન્થિભેદ થએ છતે તો વિધિના સાર્વદિક પાલન વિના પણ આ વચનૌષધપ્રયોગ ભાવઆરોગ્ય ઉત્પાદક જ બને છે. આ હકીકત એના પરથી જણાય છે કે તીર્થંકર વગેરેની આશાતના કરનાર જીવોનો પણ ગ્રન્થિભેદ પછી સંસાર દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત જ વધુમાં વધુ હોય છે. જેમકે **કૂલવાલકમુનિ-ગોશાળો** વગેરે. કહ્યું છે કે-" અનવદ્યપદ (મોક્ષ)ને આપનાર સમ્યક્ત્વરત્નને એક મુહૂર્ત્ત માટે પણ પામીને જેઓ છોડી દે છે તેઓ પણ ભવસમુદ્રમાં લાંબો કાળ ભટકતાં નથી, તો તે સમ્યક્ત્વરત્નને લાંબો કાળ જાળવી રાખનાર માટે તો કહેવું જ શું?" અહીં પુદ્ગલપરાવર્ત્ત એટલે ઔદારિક-વૈક્રિય-તૈજસ-ભાષા-શ્વાસોશ્વાસ-મન અનેકર્મ તરીકે ગૃહીત થવાને પરિણમેલા બધા પુદ્ગલો વિવક્ષિત કાલથી માંડીને જેટલા કાળમાં એક જીવ દ્વારા ગૃહીત થઈ છોડાય જાય તેટલો કાળ. આ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે છે-પુદ્ગલો ગ્રહણ-નિસર્ગ (મોચન) વડે જેમાં પરિવર્ત્તન=એક બીજી પરિણતિ પામે તે પુદ્ગલપરાવર્ત્ત કાળ.

## [ માર્ગાનુસારિતાનો કાળ દેશોનઅર્ધપુદ્. હોવાની માન્યતામાં અસંગતિ ]

આમ ઉપદેશપદ વગેરેના વચન પરથી જણાય છે કે 'માર્ગાનુસારિતા વહેલામાં વહેલો ચરમપુદ્ગલપરાવર્ત્ત શેષ હોય ત્યારે પ્રાપ્ત થાય છે.' તેથી~"જેઓનો સંસાર ઉત્કૃષ્ટપણે પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત જ શેષ હોય તેઓ જ માર્ગાનુસારી બને છે"~એવું જે કોઈએ કહ્યું છે તે કયા અભિપ્રાયથી કહ્યું છે? એ મધ્યસ્થો માટે વિચારણીય બાબત છે. તે આ રીતે-તેઓના આ વચન પરથી ફલિત એ થાય છે કે માર્ગાનુસારિતાનો તે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાલ જ વચનૌષધપ્રયોગકાલ છે, કેમકે માર્ગાનુસારી જીવોને તે પ્રયોગ હોય છે. તેથી વચનૌષધપ્રયોગના અધિકાર માટે 'અપુનર્બંધક વગેરે' એવું પણ જે કહ્યું છે તેમાં

१ इतरथापि हंदि एतस्मिन्नेष आरोग्यसाधकश्चैव । पुद्गलपरावर्त्तार्धं यदूनमेतस्मिन् संसारो ॥

२ अत एव "भवहेऊ ...स्याद्'' इत्युपदेशपदवचनानन्तरमनुसृत्य "अत्रानादि...पर्यालोच्य"मिति तेनोक्तम्-इत्यन्वयः ।

३ भवहेतुर्ज्ञानमेतस्य प्रायशोऽसत्प्रवृत्तिभावेन । तथा तदनुबंधत एव तत्त्वेतरनिन्दनादितः ॥४४६॥

"भवहेतुः संसारनिबन्धनं, ज्ञानं शास्त्राभ्यासजन्यो बोधः, एतस्य मिथ्यादृष्टेः, कथं ? इत्याह– प्रायशो बाहुल्येन, असत्प्रवृत्तिभावेन विपर्यस्तचेष्टाकरणात्तस्य, यदिह प्रायोग्रहणं तद् यथाप्रवृत्तकरणचरमविभागभाजां संनिहितग्रन्थिभेदानामत्यन्तजीर्णमिथ्यात्वज्वराणां केषाञ्चिद् दुःखितदया-गुणवदद्वेष-समुचिताचारप्रवृत्तिसाराणां सुन्दरप्रवृत्तिभावेन व्यभिचारवारणार्थम् । तथेति हेत्वन्तरसमुच्चये । तदनुबन्धत एवासत्प्रवृत्त्यनुबन्धादेव । एतदपिकुतः ? इत्याह तत्त्वेतरानन्दनादितः । स हि मिथ्यात्वोपघातात्समुपात्तविपरीतरुचिः, तत्त्वं च सद्भूतदेवतादिकमर्हत्त्वादिलक्षणं निंदति,

---

પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત શેષ સંસારવાળા જ અપુનર્બંધક વગેરે લેવા પડે. અને તો પછી "અપુનર્બંધકકાલ કાલ કરતાં ગ્રન્થિભેદકાલમાં વચનૌષધપ્રયોગ વધુ અસરકારક હોય છે" ઇત્યાદિરૂપે ગ્રન્થિભેદમાં અપુનર્બંધકની અપેક્ષાએ જે મુખ્યતા દેખાડી છે તે અસંગત થઈ જશે, કારણકે ઉક્ત વચન કહેનારના અભિપ્રાય મુજબ તો વચનૌષધપ્રયોગના અવસરભૂત અપુનર્બંધકનો કાલ અને ગ્રન્થિભેદ કાળ એ બન્ને દેશોન અર્ધપુદ્ પરાવર્ત્ત જેટલો સમાન જ છે. માટે માર્ગાનુસારિતાનો કાલ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત માનવો યોગ્ય નથી.

## [તે માન્યતાનો ભ્રમ ઊભો થવાનું કારણ]

"જેઓનો સંસાર દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત જ બાકી હોય તેઓ જ માર્ગાનુસારી હોય" તેમના આવા ભ્રમનું મૂળકારણ ઉપદેશપદની વૃત્તિનુ એક વચન બન્યું છે. જે વચન ચરમયથાપ્રવૃત્તકરણવિભાગે રહેલા અપુનર્બંધકાદિને જ અધિકારી તરીકે જણાવે છે. વચનૌષધપ્રયોગના અધિકારકાળને જણાવનારા ઉપદેશપદની ૪૩૨મી ગાથાની વૃત્તિનું તે વચન આ છે—"एतौ च चरमयथाप्रवृत्तकरणभागभाजावेव विज्ञेयौ" આ કથન પણ પૂર્વપક્ષીના ઉક્ત ભ્રમનું કારણ એટલા માટે બન્યું કે આ વચનમાં રહેલા 'चरम' શબ્દનો અર્થ ઉપલકીયો અર્થ કર્યો અર્થાત્ તેણે એવો અર્થ કર્યો કે જે યથાપ્રવૃત્તકરણ અપૂર્વકરણાદિ ક્રમે ગ્રન્થિભેદ કરી આપનાર હોય તે 'ચરમ'યથાપ્રવૃત્તકરણ કહેવાય. આવા ચરમયથાપ્રવૃત્તકરણે રહેલા જીવો વચનૌષધપ્રયોગના અધિકારી છે. આવા ચરમયથાપ્રવૃત્તકરણ પછી તો અંતર્મુહૂર્ત્તમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી હોવાથી એ જીવો સમ્યક્ત્વને અત્યંત સાંનિહિત હોય છે. અને તથા જ તેઓનો સંસાર દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તથી વધુ હોવો સંભવતો નથી. તેથી પૂર્વપક્ષીને ભ્રમ પડ્યો કે વચનૌષધપ્રયોગના અધિકારી કહેવાયેલા માર્ગાનુસારી જીવોનો કાલ પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તથી વધુ ન હોવો જોઇએ. પૂર્વપક્ષીએ 'ચરમ' શબ્દનો આવો ઉપરછલ્લીદૃષ્ટિએ અર્થ કરી વિવક્ષિત જીવોને સમ્યક્ત્વની અત્યંત નજીક રહેલા (અંતર્મુહૂર્ત્તમાં પામી જનારા) ગણવાની જે ભ્રાન્ત માન્યતા ઊભી કરી તેના કારણે જ ઉપદેશપદની ૪૪૬ મી ગાથા અને તેની વૃત્તિના વચનોને પકડીને પણ તેણે કહ્યુ છે કે "અહીં (૧) યથાપ્રવૃત્તકરણના ચરમવિભાગવાળા એવું જે કહ્યું છે તેમાં ચરમવિભાગ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં હેતુભૂત એવા કર્મક્ષયોપશમથી યુક્ત અવસ્થાવિશેષ. (૨) સંનિહિતગ્રન્થિભેદ જીવો એટલે અત્યંત અલ્પકાળમાં (અન્તર્મુહૂર્ત્તમાં) ગ્રન્થિભેદ કરી સમ્યક્ત્વ પામનારા જીવો. ઉક્ત અવસ્થાવિશેષવાળા અને સંનિહિતગ્રંથિભેદવાળા તેમજ (૩) અત્યન્ત જીર્ણ થયો છે મિથ્યાત્વજ્વર જેઓનો તેવા જ (આ ત્રણ વિશેષણોવાળા જ) મિથ્યાત્વી જીવો સુંદરપ્રવૃત્તિવાળા હોય છે.' એવું જે આ વિવક્ષિત ગાથાના વિવરણમાં કહ્યું છે તેના પરથી જણાય છે કે 'તે સિવાયના બધા જ મિથ્યાત્વી જીવોની પ્રવૃત્તિ અસુંદર જ હોય છે. એટલે કે દેશોનઅર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં વધુ સંસારવાળા ચરમાવર્ત્તવર્ત્તી અપુનર્બંધકાદિ

इतरच्चातत्त्वं तत्कुयुक्तिसमुपन्यासेन पुरस्करोति ततस्तत्त्वेतरनिन्दनादितो दोषाद् भवान्तरेऽप्यसत्प्रवृत्तिरनुबन्धयुक्तैव स्याद्" इत्युपदेशपदवचनान्तरं (श्लो ४४६) अनुसृत्य "अत्रानादिप्रवाहपतितस्य यथाप्रवृत्तकरणस्य चरमविभागः सम्यक्त्वप्राप्तिहेतुकर्मक्षयोपशमलक्षितावस्थाविशेषस्तद्भाजां संनिहितग्रन्थिभेदानां स्वल्पकालप्राप्तव्यसम्यक्त्वानामत्यन्तजीर्णमिथ्यात्वज्वराणां सुन्दरप्रवृत्तिरिति भणनेन तद्व्यतिरिक्तानां तु सर्वेषामपि मिथ्यादृशामसुन्दरप्रवृत्तिरेवोक्तेति सूक्ष्मदृशा पर्यालोच्यमि"ति तेनोक्तम् ।

तत्रेदं विचारणीयं-चरमत्वं यथाप्रवृत्तकरणस्यानन्तपुद्गलपरावर्त्तभाविन्यचरमैकावर्त्तमात्रेणापि निर्वाह्यं, संनिहितग्रन्थिभेदत्वस्य तु न स्वल्पकालप्राप्तव्यसम्यक्त्वाक्षेपकता ।

"आसन्ना चेयमस्योच्चैश्चरमावर्त्तिनो यतः'। भूयांसोऽमी व्यतिक्रान्तास्तदेकोऽत्र न किंचन ॥१७६॥
आसन्ना=चाभ्यर्णवर्तिन्येव इयं=मुक्तिः अस्योच्चैरतीव. चरमावर्त्तिनश्चरमपुद्गलपरावर्त्तभाजो जीवस्य, यतः कारणाद् भूयांसोऽतीवबहवः अमी=आवर्त्ता व्यतिक्रान्ता=अनादौ संसारे व्यतीताः,

---

જીવોની પ્રવૃત્તિ પણ અસુંદર જ હોય છે' એવું ફલિત થયું. આ વાત સૂક્ષ્મબુદ્ધિથી વિચારવી." આવા કથનમાં આધાર તરીકે લેવાયેલ ઉપદેશપદની ગાથાનો અર્થ આ પ્રમાણે- "પ્રાયઃ અસત્પ્રવૃત્તિ હોવાથી તેમજ તત્ત્વની નિંદા-ઈતરની સ્તુતિ વગેરેના કારણે અસત પ્રવૃત્તિનો જ અનુબંધ પડતો હોવાથી આનું (=મિથ્યાત્વીનું) જ્ઞાન સંસારનું જ કારણ બને છે" તેની વૃત્તિનો અર્થ-"મિથ્યાત્વીને શાસ્ત્રના અભ્યાસથી પેદા થએલ બોધ પણ સંસારનું જ કારણ બને છે, કેમકે તે જ્ઞાનદ્વારા પણ મોટા ભાગે એ અસત્પ્રવૃત્તિ જ કરે છે, તેમજ અસત્પ્રવૃત્તિના જ અનુબંધો પાડે છે. અહીં 'મોટાભાગે' એવું એટલા માટે કહ્યું છે કે યથાપ્રવૃત્તકરણના ચરમવિભાગે રહેલા, ગ્રન્થિભેદની નજીક રહેલા અને અત્યન્ત જીર્ણ થએલ મિથ્યાત્વવાળા કેટલાક મિથ્યાત્વી જીવોને દુઃખી જીવો પર દયા-ગુણવાન્ પર અદ્વેષ વગેરે સમુચિતઆચાર પ્રવૃત્તિ રૂપ સુંદર પ્રવૃત્તિ સંભવિત હોઈ તેઓમાં આવતા વ્યભિચારનું વારણ કરવું છે. વળી મોટા ભાગના મિથ્યાત્વીઓ અસત્પ્રવૃત્તિના જ અનુબંધો એટલા માટે પાડે છે કે મિથ્યાત્વથી હણાયેલા હોવાના કારણે વિપરીતરુચિવાળા થએલા તેઓ શ્રી અરિહંત વગેરે સદ્ભુતદેવાદિતત્ત્વની નિંદા કરતા હોય છે તેમજ ઈતર=કુદેવ વગેરે અતત્ત્વને કુયુક્તિઓ ઊભી કરીને મહાન્ તરીકે થાપતાં હોય છે. તેથી ભવાન્તરમાં પણ તેઓને અસત્પ્રવૃત્તિ અનુબંધ યુક્ત જ થાય છે."

### [સ્વભ્રાન્તમાન્યતા અંગે પૂર્વપક્ષીની વિચારણા]

ઉપદેશપદના આ વચનોને અનુસરીને પૂર્વપક્ષીએ અત્યન્ત સમ્યક્ત્વ અભિમુખ જીવોને છોડીને શેષ બધા મિથ્યાત્વીઓની પ્રવૃત્તિને અસુન્દર કહી છે તેમાં વિચારણીય બાબત આ છે (પ્રાયશો) 'મોટાભાગે' શબ્દ મૂકીને જે મિથ્યાત્વીઓની બાદબાકી કરવી અભિપ્રેત છે તે મિથ્યાત્વીઓના બે વિશેષણો વૃત્તિમાં મૂકેલ છે- યથાપ્રવૃત્તકરણચરમવિભાગભાજાં અને સંનિહિતગ્રન્થિભેદ. આ બે વિશેષણોનો ઉપલક દૃષ્ટિ અર્થ વિચારી પૂર્વપક્ષીએ તેવી બાદબાકીનેયોગ્ય મિથ્યાત્વીઓ તરીકે સમ્યક્ત્વપ્રાપ્તિની અત્યન્ત નજીક રહેલા જ (કે જેઓનો સંસાર વધુમાં વધુ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્ત જ બાકી હોય) મિથ્યાત્વી જીવો પકડ્યા. તે આ દલીલથી-પસાર થઈ ગયેલ અનંતા પુદ્ગલ પરાવર્ત્તમાં અનંતીવાર યથાપ્રવૃત્તકરણો કર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થઇ નહિ. તેથી પછી પણ તે કરવાના ઊભા રહ્યા. પણ જે યથાપ્રવૃત્તિકરણ પછી ગ્રન્થિભેદ- સમ્યક્ત્વપ્રાપ્તિ થઇ ગયા તે પછી યથાપ્રવૃત્તિકરણ કરવાનું રહ્યું નહિ. તેથી એ યથાપ્રવૃત્તિકરણ જ ચરમયથાપ્રવૃત્તિકરણ કે યથાપ્રવૃત્તિકરણનો ચરમવિભાગ કહેવાય. પોતાની આ માન્યતાને પૂર્વપક્ષીએ 'સંનિહિતગ્રન્થિભેદ' એવા બીજા વિશેષણથી આ

तत्तत एकोऽपश्चिमः अत्र न किंचन=न किञ्चिद्भयस्थानमेष इत्यर्थः" इति योगबिन्दुसूत्रवृत्तिवचनाच्चरमावर्त्तिन आसन्नसिद्धिकत्वस्यापि स्वल्पकालप्राप्तव्यसिद्ध्याक्षेपकत्वापत्तेः, आपेक्षिकासन्नतया समाधानं चोभयत्र सुघटमिति ।~अथैकभविकाद्युचितयोग्यतानियतत्वाद् द्रव्याज्ञायाः सम्यक्त्वप्राप्त्यपेक्षया- तदधिकव्यवधाने मिथ्यादृशो न मार्गानुसारितेति निश्चीयते इति चेत् ?~न,

---

રીતે પુષ્ટ કરી-'આવા (ઉક્ત) જીવોને જ પછી અંતર્મુહૂર્ત્તમાં ગ્રન્થિભેદ થતો હોઇ તેઓ જ 'સંનિહિતગ્રન્થિભેદ' વિશેષણને યોગ્ય છે, ચરમપુદ્ગલપરાવર્ત્ત શેષ સંસારવાળા અપુનર્બંધક વગેરે નહિ, કેમકે તેઓને તો ગ્રન્થિભેદ હજુ ઘણો (અર્ધપુદ્ગલપરાવર્ત્ત જેટલો) દૂર હોય છે."

[ 'ચરમયથાપ્રવૃત્તકરણવિભાગભાજાં'માં 'ચરમ'નો અર્થ

ઉપદેશપદની ૪૩૨મી ગાથાના અધિકારમાં અને આ૪૪૧મા ગાથાના અધિકારમાં આવેલા 'ચરમયથાપ્રવૃત્તિ કરણવિભાગભાજાં' અને 'સંનિહિતગ્રન્થિભેદ' એ બે વિશેષણ શબ્દોનો પૂર્વપક્ષીએ જે આવો અર્થ કર્યો છે તે ઉપલક દૃષ્ટિએ સાચો પણ લાગે છે. તેમ છતાં, આવો અર્થ કરવામાં, આગળબતાવી ગયા મુજબ વચનૌષધપ્રયોગકાળ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત હોવો જ જે સિદ્ધ થાય છે તેના કારણે 'ગ્રન્થિભેદકાળ એ વચનૌષધપ્રયોગના અન્ય અપુનર્બંધકાદિકાળ કરતાં વધુ અસરકારક છે.' એ વાત અસંગત બની જવાની આપત્તિ આવે છે. તેમજ ચરમાવર્ત્તવર્તી અપુનર્બંધકાદિની સુંદર પ્રવૃત્તિઓ પણ અસુંદર બની જવાની આપત્તિ આવે છે. આવી બધી આપત્તિઓ ન આવે એ માટે ઉક્ત બન્ને વિશેષણોનો કોઇ વિશેષ અર્થ લેવો પડે છે. તે વિશેષણોનો અભિપ્રેત વિશેષ અર્થ આવો છે—અહીં યથાપ્રવૃત્તકરણનું ચરમત્વ એટલે અનંતા અચરમ પુદ્ગલપરાવર્ત્તમાં થએલ યથાપ્રવૃત્તિકરણથી ભિન્નહોવા પણું અર્થાત્ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં થવાપણું. એટલે કે ચરમપુદ્ગલપરાવર્ત્તમાં જે યથાપ્રવૃત્તિકરણો થાય તે બધા જ ચરમયથાપ્રવૃત્તકરણ કે યથાપ્રવૃત્તકરણચરમવિભાગ કહેવાય. વળી 'સંનિહિતગ્રન્થિભેદ' એવું વિશેષણ પણ 'અત્યન્ત અલ્પકાળમાં જ ગ્રન્થિભેદ–સમ્યક્ત્વપ્રાપ્તિ થવી જોઈએ' એવો અર્થ કાઢી આપતું નથી કે જેથી પૂર્વપક્ષીએ ચરમત્વના પોતે કરેલા અર્થની પુષ્ટિ થાય, કેમકે એ રીતે તો યોગબિન્દુ સૂત્ર (શ્લોક ૧૭૬) અને તેની વૃત્તિમાં ચરમાવર્ત્તવાળા જીવને જે આસન્નસિદ્ધિકત્વ કહ્યું છે તેનો અર્થ પણ એવો કરવો પડે કે "અત્યન્ત અલ્પકાળમાં (અંતર્મુ.માં) સિદ્ધિપ્રાપ્ત થવા પણું" જે એકદમ અસંગત છે. કારણકે તેવો જીવ ઉત્કૃષ્ટથી એક પુદ્ગલ પરાવર્ત્ત પણ સિદ્ધિ પામી શકે છે. યોગબિન્દુના તે શ્લોક અને વૃત્તિનો અર્થ આ પ્રમાણે—"આ=મુક્તિ આને=ચરમાવર્ત્તી જીવને અત્યન્ત નજીક હોય છે, કેમકે અનાદિ સંસારમાં અત્યાર સુધીમાં અનંતા પુદ્ગલ પરાવર્ત્તો પસાર થઈ ગયા છે તો તેની આગળ આ એક છેલ્લો પુદ્ગલ પરાવર્ત્ત કોઈ વિસાતમાં નથી, અર્થાત્ હવે વિશેષ ચિંતાનું કારણ નથી." ~"અહીં સિદ્ધિની જે આસન્નતા (સમીપતા) કહી છે તે આપેક્ષિક છે, અર્થાત્ પૂર્વના પુદ્ગલ પરાવર્ત્તોમાં તે ઘણી દૂર હતી, તેની અપેક્ષાએ આ ચરમાવર્ત્તમાં તે નજીક થઈ છે. માટે એને આસન્ન કહી છે. તેથી 'આસન્નસિદ્ધિકત્વ' શબ્દથી કંઈ અત્યંત અલ્પકાળમાં સિદ્ધિની પ્રાપ્તિ હોવાનો અર્થ નીકળતો નથી" એવો જો પૂર્વપક્ષીનો બચાવ હોય તો એ બચાવ તો 'સંનિહિત ગ્રન્થિભેદ' વિશેષણ માટે પણ સમાન જ છે, કેમકે અચરમાવર્ત્તકાલીન યથાપ્રવૃત્ત કરણોથી ગ્રન્થિભેદ ઘણો દૂર હતો અને તેની અપેક્ષાએ, ચરમાવર્ત્તમાં થએલ દરેક યથાપ્રવૃત્તિકરણોથી તે નજીક હોય જ છે. તેથી ચરમાવર્ત્તવર્ત્તી બધા મિથ્યાત્વી જીવોમાં 'સંનિહિતગ્રન્થિભેદ' એવું વિશેષણ સંભવે જ છે, માત્ર અંતર્મુહૂર્ત્તમાં સમ્યક્ત્વ પામનાર જીવોમાં જ તે સંભવે છે એવું નથી. માટે ઉપદેશપદના ઉક્ત શ્લોકનો 'પ્રાયશો' શબ્દ અસુંદરપ્રવૃત્તિના નિર્દેશ

असति प्रतिबंधे परिपाके वाऽपुनर्बन्धकादेर्मार्गानुसारिणो भावाज्ञाऽव्यवधानेऽपि सति प्रतिबन्धादौ तद्व्यवधानस्यापि संभवात् तत्कालेपि भावाज्ञाबहुमानाऽप्रतिघातादुचितप्रवृत्तिसारतया द्रव्याज्ञाया अविरोधाद्, अन्यथा चारित्रलक्षणाद् भावस्तवादेकभविकाद्यधिकव्यवधाने द्रव्यस्तवस्याप्यसंभवप्रसङ्गात्, भावस्तवहेतुत्वेनैव द्रव्यस्तवत्वप्रतिपादनात् । तदुक्तं पञ्चाशके—

અંગે ચરમાવર્ત્તવર્તી અપુનર્બંધકાદિની પણ બાદબાકી કરે જ છે એ વાત નિશ્ચિત જાણવી. માટે જેઓનો સંસાર એક પુદ્ગલપરાવર્ત્ત શેષ હોય તેવા પણ અપુનર્બંધક વગેરેની પ્રવૃત્તિ સુંદર હોવી સંભવે છે. આ સુંદર પ્રવૃત્તિ સાક્ષાત્ કે પરંપરા એ સમ્યક્ત્વાદિરૂપ ભાવાજ્ઞાનું કારણ બનતી હોઈ દ્રવ્યાજ્ઞા રૂપ બને છે. તેથી આવા જીવોમાં માર્ગાનુસારિતા સિદ્ધ થાય છે. તેમ જ ઉપદેશપદ (૪૩૨)માં વચનૌષધપ્રયોગના અધિકારી માટે 'ચરમયથા....' ઇત્યાદિ જે કહ્યું છે તેમાં પણ ચરમત્વનો ઉક્ત રીતે નિર્વાહ કરવાનો હોઈ તે અધિકારી તરીકે ઉત્કૃષ્ટથી એકપુદ્ગલાવર્ત્ત શેષ સંસારવાળા અપુનર્બંધકાદિ જીવો સિદ્ધ થાય છે. તેથી માર્ગાનુસારી તરીકે પણ તેટલા સંસારવાળા જીવો સિદ્ધ થાય છે.

### [ દ્રવ્યઆજ્ઞા અને ભાવાજ્ઞામાં કેટલું અંતર સંભવે? ]

**શંકા**-જેમ દ્રવ્યદેવ એ જ કહેવાય છે જેનામાં એકભવિકત્વ (પછીના ભવમાં દેવપર્યાય પામવાપણું), બદ્ધાયુષ્કત્વ (દેવઆયુષ્ય બાંધી દેવાપણું) કે અભિમુખનામગોત્રત્વ (દેવપર્યાય પ્રાપ્તિને અત્યન્ત સન્મુખ થઈ જવા પણું) રૂપ ઉચિત યોગ્યતા હોય. બે-ત્રણ વગેરે ભવ પછી દેવ બનનારા જીવો દ્રવ્યદેવ કહેવાતાં નથી. આ જ રીતે જેઓ પછીના ભવમાં સમ્યક્ત્વ વગેરે રૂપ ભાવઆજ્ઞા પામવાના હોય તેવા એકભવિકત્વ વગેરે યોગ્યતાવાળા જીવોમાં જ દ્રવ્યઆજ્ઞા હોવી કહી શકાય છે, અનેકભવના વ્યવધાન (=આંતરા) પછી ભાવઆજ્ઞા પામનાર જીવોમાં નહિ. તેથી એક પુદ્ગલ પરાવર્ત્ત કાળ શેષ સંસાર બાકી હોય તેવા જીવોને તો ઓછામાં ઓછા પણ અર્ધપુદ્ગલ પરાવર્ત્ત કાળ પછી જ સમ્યક્ત્વ વગેરે રૂપ ભાવઆજ્ઞા પ્રાપ્ત થવાની હોઈ દ્રવ્યઆજ્ઞા માની શકાતી નથી, અને તેથી માર્ગાનુસારિતા પણ માની શકાતી નથી. તાત્પર્ય એ છે કે અર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં વધુ સંસારવાળા જીવોને ભાવાજ્ઞા-પ્રાપ્તિને હજુ એકભવ વગેરે કરતાં વધુ વ્યવધાન હોઈ દ્રવ્યઆજ્ઞા સંભવતી ન હોવાથી માર્ગાનુસારિતા પણ હોતી નથી એ નિશ્ચિત થાય છે.

**સમાધાન**-દ્રવ્યદેવ વગેરે વ્યપદેશ એકભવિકત્વ વગેરે યોગ્યતા હોય તો જ થતો હોવા છતાં દ્રવ્યઆજ્ઞા માટે એવું નથી. અર્થાત્ દ્રવ્યઆજ્ઞાની પ્રાપ્તિ પછી એકભવ વગેરે કરતાં અધિક (યાવત્ દેશોન પુદ્ગલપરા.) વ્યવધાન બાદ પણ ભાવઆજ્ઞાની પ્રાપ્તિ હોવામાં કોઈ વાંધો નથી. કોઈ અપુનર્બંધક વગેરે માર્ગાનુસારી જીવને પ્રતિબંધ ન હોવાના કારણે કે તથા ભવ્યત્વ-કાળ વગેરે પાકી ગયા હોવાના કારણે વિશેષ વ્યવધાન વિના જ ભાવઆજ્ઞા પ્રાપ્ત થઈ જતી હોવા છતાં સમ્યક્ત્વના પ્રતિબંધક વગેરેની હાજરી વાળા જીવોને વિશેષ વ્યવધાન પડવું પણ સંભવિત છે. પણ એટલા માત્રથી તે જીવોને તે વ્યવધાનપૂર્વના કાલે માર્ગાનુસારિતા કે દ્રવ્યઆજ્ઞા હોય જ નહિ એવું માનવાની જરૂર નથી, કેમકે એ કાલે પણ ભાવઆજ્ઞા પરનું બહુમાન અખંડિત હોઇ ઉચિતપ્રવૃત્તિની મુખ્યતા જળવાઈ રહી હોવાના કારણે દ્રવ્યઆજ્ઞા હોવામાં કોઇ વિરોધ નથી. બાકી 'ભાવઆજ્ઞાની પ્રાપ્તિને હજુ એક ભવ કરતાં ઘણો વધારે કાળ બાકી છે' એટલા માત્રથી દ્રવ્યઆજ્ઞા જો અસંભવિત બની જતો હોય તો એ રીતે તો ચારિત્રરૂપ ભાવસ્તવના એકભવ વગેરે કરતાં વધારે વ્યવધાનવાળા જીવોને દ્રવ્યસ્તવ પણ અસંભવિત બની જવાની આપત્તિ આવશે, કેમકે જેમ દ્રવ્યઆજ્ઞા ભાવઆજ્ઞાના કારણભૂત હોઇ 'દ્રવ્યઆજ્ઞા' છે તેમ દ્રવ્યસ્તવ પણ ભાવસ્તવના કારણભૂત હોવાથી જ 'દ્રવ્યસ્તવ' હોવાનું શાસ્ત્રમાં પ્રતિપાદન છે. (અર્થાત્ દ્રવ્યઆજ્ઞા અને દ્રવ્યસ્તવમાં દ્રવ્યત્વનું સામ્ય છે તેથી અધિકૃત સામ્ય પણ હોવું જોઇએ.) પંચાશકજીમાં કહ્યું છે કે—

[1]ता भावत्थयहेऊ जो सो दव्वत्थओ इह इट्ठो । जो उण णेवंभूओ स अप्पहाणो परं होइ ॥ इति । यदि च भावलेशयोगाद्व्यवहितस्यापि द्रव्यस्तवत्वमविरुद्धं तदा तत एव तादृशस्य मार्गानुसारिणो द्रव्याज्ञाप्यविरुद्धैव । यथाहि निर्निदानं सूत्रविधिलक्षणेन भावस्तवानुरागलक्षणेन वा प्रकारेण जिनभवनाद्युचितानुष्ठानस्य द्रव्यस्तवत्वमव्याहतम्, एकान्तेन भावशून्यस्यैव विपरीतत्वात्, तथा अपुनर्बन्धकस्यापि भावाज्ञानुरागभावलेशयुक्तस्य व्यवधानेऽपि द्रव्याज्ञाया न विरोध इति । अत एव भवाभिष्वङ्गानाभोगाऽऽसङ्गत्वादन्यावर्त्तापेक्षया विलक्षणमेव चरमावर्त्ते गुरुदेवादिपूजनं व्यवस्थितम्. तदुक्तं योगबिन्दौ [श्लो. १५२-१६२]-

एतद्युक्तमनुष्ठानमन्यावर्त्तेषु तद्ध्रुवम् । चरमे त्वन्यथा ज्ञेयं सहजाल्पमलत्वतः ॥
एकमेव ह्यनुष्ठानं कर्तृभेदेन भिद्यते । सरुजेतरभेदेन भोजनादिगतं यथा ॥
इत्थं चैतद् यतः प्रोक्तं सामान्येनैव पञ्चधा । विषादिकमनुष्ठानं विचारेऽत्रैव योगिभिः ॥
विषं गरोऽननुष्ठानं तद्धेतुरमृतं परम् । गुर्वादिपूजाऽनुष्ठानमपेक्षादिविधानतः ॥

"તેથી જે ભાવસ્તવનો હેતુ બને છે તે જ અહીં દ્રવ્યસ્તવ તરીકે અભિપ્રેત છે, તેનો હેતુ ન બનવા છતાં જે દ્રવ્યસ્તવ કહેવાય છે તે અપ્રધાન જાણવો."—'અધિક વ્યવધાનવાળા દ્રવ્યસ્તવયુક્ત જીવોમાં ભાવનો અંશ હાજર હોવાથી દ્રવ્યસ્તવની હાજરી અવિરુદ્ધ છે'—એવા બચાવનો જવાબ એ છે કે 'એ રીતે ભાવના અંશવાળા અપુનર્બંધક વગેરે માર્ગાનુસારી જીવને પણ દ્રવ્યઆજ્ઞા હોવામાં શું વાંધો છે?' તાત્પર્ય એ છે કે જેમ નિયાણા વિના સૂત્રોક્ત વિધિપૂર્વક કે ભાવસ્તવ પરના અનુરાગપૂર્વક કરાતા જિનભવન વગેરેના ઉચિત અનુષ્ઠાન દ્રવ્યસ્તવરૂપ બને છે, (પછી ભલેને ભાવસ્તવ (ચારિત્ર)ની પ્રાપ્તિને હજુ ઘણી વાર હોય) તેમ ભાવ આજ્ઞાના અનુરાગરૂપ આંશિકભાવ યુક્ત અપુનર્બંધકને ભાવઆજ્ઞા પ્રાપ્તિમાં ઘણું વ્યવધાન હોવા છતાં દ્રવ્યઆજ્ઞા હોવામાં કોઈ વાંધો નથી.ભાવસ્તવના અનુરાગરૂપ ભાવાંશયુક્ત ઉક્ત ઉચિત અનુષ્ઠાન દ્રવ્યસ્તવરૂપ એટલા માટે બને છે કે જે સર્વથા ભાવશૂન્ય હોય તે અનુષ્ઠાનો જ વિપરીત હોય છે, અર્થાત્ તે અનુષ્ઠાનો જ ભાવસ્તવનું કારણ બનતા ન હોઈ મુખ્યતયા દ્રવ્યસ્તવ પણ હોતા નથી.

### [ ચરમાવર્ત્તવર્ત્તી અનુષ્ઠાનોમાં વિલક્ષણતા ]

વળી આમ ચરમાવર્ત્તમાં ભાવઆજ્ઞાને ઘણું વ્યવધાન હોવા છતાં અપુનર્બંધકાદિ જીવોને દ્રવ્યઆજ્ઞા સંભવતી હોય તો જ, ચરમાવર્ત્તમાં થતાં ગુરુદેવ વગેરેના પૂજનરૂપ અનુષ્ઠાન ભવાભિષ્વંગ અને અનાભોગથી મુક્ત હોઈ અન્ય આવર્ત્તોમાં થતાં અનુષ્ઠાનો કરતાં જે વિલક્ષણતા ધરાવે છે તે સંગત બને, કેમકે નહિતરતો ચરમાવર્ત્તના પૂર્વાર્ધમાં અચરમાવર્ત્ત કરતાં દ્રવ્યઆજ્ઞા વગેરે રૂપ બીજી કોઈ વિશેષતા પ્રાપ્ત થઇ ન હોવાથી તે પૂર્વાર્ધભાવી અનુષ્ઠાનોમાં પણ કોઈ વિલક્ષણતા ન આવે. પણ એ વિલક્ષણતા હોવી **યોગબિન્દુ** (શ્લોક ૧૫૨ થી ૧૬૨) માં આ રીતે કહી છે—

અન્ય=અચરમ આવર્ત્તોમાં અનુષ્ઠાન અવશ્ય ભવાભિષ્વંગ અને અનાભોગ યુક્ત હોય છે. ચરમાવર્ત્તમાં તે સ્વાભાવિકકર્મબંધયોગ્યતા રૂપ મલ અલ્પ થયો હોવાના કારણે એના કરતાં જુદા પ્રકારનું હોય છે તે જાણવું. દેવપૂજા વગેરે રૂપ એકનું એક જ અનુષ્ઠાન જુદા જુદા કર્તાને આશ્રીને બદલાઈ જાય છે. જેમકે–તેના તે જ ભોજનથી રોગીને બળની હાનિ થાય છે અને નિરોગીને પુષ્ટિ થાય છે. અનુષ્ઠાન બદલાઈ જવાની આ વાત આના પરથી પણ સિદ્ધ થાય છે કે ચરમ–અચરમ આવર્ત્તની વિવક્ષા વિના પણ સામાન્યથી જ પતંજલિ વગેરે યોગીઓએ આ બાબતમાં અનુષ્ઠાનના વિષાદિ પાંચ ભેદ કહ્યા છે. અપેક્ષાવગેરેથી કરાતા ગુરુપૂજનાદિ અનુષ્ઠાનના વિષ, ગર, અનનુષ્ઠાન, તદ્ધેતુ અને અમૃત એ

1 तस्माद्भावस्तवहेतुर्यः स द्रव्यस्तव इहेष्टः । यः पुनरनेवम्भूतः स अप्रधानः परं भवति ॥

विषं लब्ध्याद्यपेक्षात इदं सच्चित्तमारणात् । महतोऽल्पार्थनाद् ज्ञेयं लघुत्वापादनात्तथा ॥
दिव्यभोगाभिलाषेण गरमाहुर्मनीषिणः । एतद्विहितनीत्यैव कालान्तरनिपातनात् ॥
अनाभोगवतश्चैतदननुष्ठानमुच्यते । सम्प्रमुग्धं मनोऽस्येति ततश्चैतद् यथोदितम् ॥
एतद्रागादिदं हेतुः श्रेष्ठो योगविदो विदुः । सदनुष्ठानभावस्य शुभभावांशयोगतः ॥
जिनोदितमिति त्वाहुर्भावसारमदः पुनः । संवेगगर्भमत्यन्तममृतं मुनिपुंगवाः ॥
एवं च कर्तृभेदेन चरमेऽन्यादृशं स्थितम् । पुद्गलानां परावर्त्ते गुरुदेवादिपूजनम् ॥
यतो विशिष्टः कर्त्ताऽयं तदन्येभ्यो नियोगतः । तद्योगयोग्यताभेदादिति सम्यग्विचिन्त्यताम् ॥

अत्र पूर्वं ह्येकान्तेन योगाऽयोग्यस्यैव देवादिपूजनमासीत्, चरमावर्त्ते तु समुल्लसितयोगयोग्यभावस्येति चरमावर्त्तदेवादिपूजनस्याऽन्यावर्त्तदेवादिपूजनादन्यादृशत्वमिति वृत्तिकृद् विवृतवान् । एतेन~यत्त्वन्यतीर्थिकाभिमताऽकरणनियमादेः सुन्दरत्वेन भणनं तद् हिंसाद्यासक्तजनस्य मनुष्यत्वस्येव स्वरूपयोग्यतया व्यवहारतो मन्तव्यं, निश्चयतस्तु मिथ्यादृगकरणनियमो हिंसाद्यासक्तजनमनुष्यत्वं वेत्युभयमपि संसारकारणत्वेनानर्थहेतुत्वादसुन्दरमेवेति~यत्केनचिदुक्तं तदपास्तं, न ह्येतादृशं वचनमभिनिवेशं विना संभवति, यतः पूर्वसेवापि मुक्त्यद्वेषादिसङ्गता चरमावर्त्तभाविनी निश्चयतः

ભેદો છે. લબ્ધિ વગેરેની અપેક્ષાના કારણે અનુષ્ઠાન 'વિષ' બને છે, કેમકે (૧) તે નિર્મળચિત્તને મારી નાખે છે, તેમ જ (૨) દેવપૂજા વગેરે રૂપ મોટી ચીજની અતિતુચ્છ એવી લબ્ધિ વગેરેની સ્પૃહા રાખીને લઘુતા કરે છે. ઈહલોકનિરપેક્ષ પણે પારલૌકિક દિવ્યભોગની અભિલાષાથી અનુષ્ઠાન સચ્ચિત્તમારણ વગેરે ઉક્ત કારણોથી 'ગર' બની જાય છે એમ પંડિતો કહે છે. માત્ર આ કાલાન્તરે હેરાન કરનાર હોઈ વિષ નથી કહેવાતું, 'ગર' કહેવાય છે. ઈહલોકાદિને વિશે અનાભોગવાળા જીવના દેવપૂજન વગેરે 'અનનુષ્ઠાન' છે. આવા જીવનું મન અત્યન્ત સંપ્રમુગ્ધ હોય છે. તેથી એનું અનુષ્ઠાન યથોક્ત પ્રકારનું હોય છે. 'સદ્અનુષ્ઠાન પરના ભાવબહુમાનથી આદિધાર્મિકકાલમાં કરાતું અનુષ્ઠાન મુક્તિઅદ્વેષ કે મુક્તિપરના આંશિક રાગરૂપ શુભભાવાંશના મેળાપ થયો હોવાથી સદ્અનુષ્ઠાનના પરિણામનો શ્રેષ્ઠ હેતુ બને છે.' એવું યોગજ્ઞો કહે છે. તેથી એ 'તદ્ધેતુ' કહેવાય છે. 'ભગવાને કહ્યું છે માટે કરું છું' એવા અભિપ્રાયથી કરાતું અનુષ્ઠાન ભાવસાર=શુદ્ધ શ્રદ્ધાની મુખ્યતાવાળું હોય છે. 'એ અનુષ્ઠાન સંવેગગર્ભિત હોઈ અત્યન્ત અમરણ હેતુ હોવાથી અમૃતઅનુષ્ઠાન છે' એમ મહામુનિઓ કહે છે. આમ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં થતું ગુરુદેવાદિપૂજન, કર્તા બદલાઈ ગયો હોવાના કારણે અચરમાવર્ત્તભાવી અનુષ્ઠાનો કરતાં અન્યપ્રકારનું હોય છે, કેમકે તેનો આ ચરમાવર્ત્તવર્તી કર્તા બીજા અચરમાવર્ત્તવર્તી કર્તાઓ કરતાં યોગસંબંધીયોગ્યતારૂપ વિશેષ પ્રાપ્ત થયો હોવાથી અવશ્ય જુદો હોય છે એ સમ્યગ વિચારવું."

આ બાબતમાં રહસ્ય એ છે કે તે અનુષ્ઠાનો કરનાર જીવ અચરમાવર્ત્તોમાં યોગ માટે એકાન્તે અયોગ્ય હતો જ્યારે ચરમાવર્ત્તમાં તેનામાં યોગની કંઈક યોગ્યતા પેદા થઈ ગઈ હતી. આ કારણે ચરમાવર્ત્તભાવી અનુષ્ઠાનો અન્ય અચરમાવર્ત્તભાવી અનુષ્ઠાનો કરતાં વિલક્ષણ હોય છે એવું ટીકાકારે વિવરણ કર્યું છે. આમ "ચરમાવર્ત્તમાં માર્ગાનુસારીપણું અને દ્રવ્યઆજ્ઞા હોય છે તેમજ અનુષ્ઠાનો વિલક્ષણ=સુંદર હોય છે એવું જે પ્રતિપાદન કર્યું" તેનાથી જ પૂર્વપક્ષીની આ વાતનું નિરાકરણ થઈ ગયેલું જાણવું.~"અન્યતીર્થિકોના અકરણનિયમ વગેરેને જે સુંદર હોવા કહ્યા છે તે પણ વાસ્તવિક રીતે સુંદર હોવાના કારણે નહિ, કિન્તુ જેમ હિંસા વગેરેમાં ડૂબેલા માણસનું મનુષ્યત્વ સુંદર બનવાની સ્વરૂપયોગ્યતા ધરાવતું હોઈ વ્યવહારથી સુંદર હોય છે તેમ સ્વરૂપયોગ્યતાના કારણે વ્યવહારથી જ સુંદર કહ્યા હોવા જાણવા. નિશ્ચયથી તો મિથ્યાત્વીનો અકરણનિયમ કે હિંસાદિમાં આસક્તજીવનું મનુષ્યત્વ એ બંને સંસારનું જ કારણ બનતાં હોઈ અસુંદર જ હોય છે."~

प्राच्यावर्त्तभावितद्विलक्षणा योगयोग्यतयाऽऽचार्यैरतिशयितोक्ता, किं पुनरकरणनियमस्य साक्षाद् योगाङ्गस्य वक्तव्यमिति । न हि मनुष्यत्वसदृशमकरणनियमादिकं, अन्येषामपि सदाचाररूपस्य तस्य सामान्यधर्मप्रविष्टत्वात्, सामान्यधर्मस्य च भावलेशसङ्गतस्य विशेषधर्मप्रकृतित्वात्, मनुष्यत्वं चानीदृशम् । किंच हिंसाद्यासक्तमनुष्यत्वस्थानीयं यदि मिथ्यात्वविशिष्टमकरणनियमादिकं तदा मेघकुमारजीवहस्त्यादिदयापि तादृशी स्याद्, उत्कटमिथ्यात्वविशिष्टस्य तस्य तथात्वे चेष्टापत्तिः, अपुनर्बन्धकादीनामुत्कटमिथ्यात्वाभावात्पूर्वसेवायामपि च तेषामेवाधिकृतत्वात् । तदुक्तं—
अस्यैषा मुख्यरूपा स्यात्पूर्वसेवा यथोदिता । कल्याणाशययोगेन शेषस्याप्युपचारतः ॥१७९॥ इति ।

न चापुनर्बन्धकादेरपि न सम्यगनुष्ठानमिति शङ्कनीयम्,—
'सम्माणुट्ठाणं चिय ता सव्वमिणंति तत्तओ णेयं । ण य अपुनबंधगाई मुत्तुं एयं इह होइ ॥९९६॥

[ અકરણનિયમ અને મનુષ્યત્વમાં વૈષમ્ય ]

પૂર્વપક્ષીનું આવું વચન "અપુનર્બંધક વગેરે ચરમાવર્તવર્તી મિથ્યાત્વીની પ્રવૃત્તિઓ પણ અસુંદર જ હોય" એવા અભિનિવેશ વિના ખરેખર બોલી શકાય એવું નથી, કેમ કે પૂર્વાચાર્યોએ સાક્ષાત્ યોગાંગ એવા અકરણ નિયમને જ નહિ પણ તે યોગાંગની પૂર્વભૂમિકા રૂપ અને ચરમાવર્ત્તમાં થએલી એવી મુક્તિઅદ્વેષાદિયુક્ત પૂર્વસેવાને પણ ઊભી થએલ યોગયોગ્યતાના કારણે અચરમાવર્ત્તભાવી પૂર્વસેવાઓ કરતાં ચાઢયાતી કહી છે. તેથી અકરણનિયમનું તો પૂછવું જ શું? વળી અકરણનિયમવગેરેમાં કંઇ મનુષ્યત્વનું સાદૃશ્ય નથી કે જેમ તમે દૃષ્ટાન્ત તરીકે આપેલ મનુષ્યત્વ દાર્ષ્ટાન્તિક અકરણનિયમમાં પણ નિશ્ચયથી અસુંદરત્વની સિદ્ધિ કરી આપે. કારણ કે ગાઢમિથ્યાત્વી વગેરેના પણ અકરણનિયમ વગેરે સદાચાર રૂપ હોઇ દુન્યવી દૃષ્ટિએ સામાન્યધર્મમાં ગણાય છે, જ્યારે હિંસાવગેરેમાં આસક્ત વ્યક્તિનું મનુષ્યત્વ તો એ રીતે પણ ધર્મમાં કે સુંદરવસ્તુઓમાં ગણતરી પામતું નથી. સામાન્યધર્મમાં ગણતરી પામતાં પણ તે અકરણનિયમાદિ વાસ્તવિકતાએ સુંદર એટલા માટે નથી કે આંશિક ભાવયુક્ત તે અકરણનિયમાદિ જ ભાવઆજ્ઞા વગેરે રૂપ વિશેષધર્મનું કારણ બનતા હોય છે જે આંશિકભાવ જ ગાઢમિથ્યાત્વી વગેરેને હોતો નથી, એ વાત ધ્યાનમાં રાખવી. વળી મિથ્યાત્વયુક્ત(સહચરિત) અકરણનિયમ વગેરે જો હિંસાદિ યુક્ત મનુષ્યત્વ જેવા હોય અને તેથી નિશ્ચયથી અસુંદર જ હોય તો તો મેઘકુમારના જીવ હાથીની દયા પણ મિથ્યાત્વ યુક્ત જ હોઇ વાસ્તવિક રીતે અસુંદર જ થઇ જવાની આપત્તિ આવે. તેથી, ઉત્કટ મિથ્યાત્વ યુક્ત અકરણનિયમ-દયા વગેરેને જ જો અસુંદર હોવા કહેશો, તો અમારે એ ઇષ્ટ જ છે, કેમકે અમે જેમના અકરણનિયમ વગેરેને સુંદર કહીએ છીએ તે અપુનર્બંધક વગેરે ને પણ ઉત્કટમિથ્યાત્વ તો હોતું જ નથી. 'તેઓના જ અકરણનિયમ વગેરે યોગાંગ હોવા અમને અભિપ્રેત છે, અન્ય મિથ્યાત્વીઓના નહિ' એ વાત પૂર્વસેવાના પણ તેમને જ અધિકારી બતાવ્યા હોવા પરથી જણાય છે. યોગબિન્દુ (૧૭૯)માં કહ્યું છે કે "આ અપુનર્બંધકની પૂર્વસેવા મુક્તિને અનુકૂલ કંઇક શુભ ભાવ જાગ્યો હોવાથી નિરુપચરિત રીતે પૂર્વે કહ્યા મુજબની હોય છે. અસકૃદ્બંધક વગેરે શેષજીવોની તે ઉપચારથી તેવી હોય છે.

[ અપુનર્બંધકાદિ સમ્યગ અનુષ્ઠાનવાળા જ હોય ]

"અપુનર્બંધકાદિનું અનુષ્ઠાન પણ સમ્યગ્ હોતું નથી" એવી શંકા ન કરવી, કેમકે ઉપદેશપદસૂત્ર (૯૯૬) અને વૃત્તિમાં અપુનર્બંધકને સમ્યગ્અનુષ્ઠાન જ હોય એવો નિયમ

१ सम्यगनुष्ठानमेव तस्मात्सर्वमिदं तत्त्वतो ज्ञेयम् । न चापुनर्बन्धकादि मुक्त्वैतदिह भवति ॥

सम्यगनुष्ठानमेवाज्ञानुकूलाचरणमेव तत् तस्मात् सर्वं त्रिप्रकारमपीदमनुष्ठानं तत्त्वतः पारमार्थिकव्यवहारनयदृष्ट्या, ज्ञेयम् । अत्र हेतुमाह-न च नैव यतोऽपुनर्बन्धकमार्गाभिमुखमार्गपतितान्मुक्त्वा एतदनुष्ठानमिहैतेषु जीवेषु भवति, अपुनर्बन्धकादयश्च सम्यगनुष्ठानवन्त एव-इत्युपदेशपदसूत्रवृत्तिवचनादपुनर्बन्धकादेः सम्यगनुष्ठाननियमप्रतिपादनात् । त्रिप्रकारं ह्यनुष्ठानं सतताभ्यास-विषयाभ्यास-भावाभ्यासभेदात् । तत्र नित्यमेवोपादेयतया लोकोत्तरगुणावाप्तियोग्यतापादकमातापितृविनयादिवृत्तिः सतताभ्यासः । विषयेऽर्हल्लक्षणे मोक्षमार्गस्वामिनि वा विनयादिवृत्तिः स विषयाभ्यासः । दूरं भवादुद्विग्नस्य सम्यग्दर्शनादीनां भावानामभ्यासश्च भावाभ्यास इति । तच्च निश्चयतो मोक्षानुकूलभावप्रतिबद्धत्वाद् विषयगतमेव,इत्यपुनर्बन्धकादिः सम्यगनुष्ठानवानेवेति योगमार्गोपनिषद्विदः ।

येन चात्यन्तं सम्यक्त्वाभिमुख एव मिथ्यादृष्टिर्मार्गानुसारी गृह्यते तेनादिधार्मिकप्रतिक्षेपादपुनर्बन्धकादयस्त्रयो धर्माधिकारिण इति मूलप्रबन्ध एव न ज्ञातः, सम्यक्त्वाभिमुखस्यैवापुनर्बन्धकस्य पृथग्गणने चारित्राभिमुखादीनामपि पृथग्गणनापत्त्या विभागव्याघाताद् । तस्माद् यथा चारित्राद्व्यवहितस्यापि सम्यग्दृशः शमसंवेगादिना सम्यग्दृष्टित्वं निश्चीयते तथा सम्यक्त्वाद्व्यवहितस्यापुनर्बन्धकादेरपि तल्लक्षणैस्तद्भावो निश्चेयः । तल्लक्षणप्रतिपादिका चेयं पञ्चाशकगाथा- [३-४]-

---

બતાવ્યો છે. તે સૂત્ર-વૃત્તિ આ પ્રમાણે-" તેથી આ ત્રણે પ્રકારનું બધું અનુષ્ઠાન તાત્ત્વિકદૃષ્ટિએ= પારમાર્થિકવ્યવહારનયની દૃષ્ટિએ આજ્ઞાનુકૂલ આચરણરૂપ સમ્યગ્ અનુષ્ઠાન જ છે એ જાણવું, કેમકે આ અનુષ્ઠાન અપુનર્બંધક, માર્ગાભિમુખ અને માર્ગપતિતને છોડીને અન્યજીવોને હોતું નથી. અને અપુનર્બંધક વગેરે જીવો તો સમ્યગ અનુષ્ઠાનવાળા જ હોય છે." અહીં કહેલા અનુષ્ઠાનના ત્રણ પ્રકાર આ છે-સતતાભ્યાસ, વિષયાભ્યાસ અને ભાવાભ્યાસ. એમાં ઉપાદેય હોવાથી લોકોત્તર ગુણોની પ્રાપ્તિની યોગ્યતા ઊભી કરી આપનારી માતાપિતાના વિનયાદિની પ્રવૃત્તિ હંમેશાં કરવી તે સતતાભ્યાસ છે. શ્રીઅરિહંતપરમાત્મારૂપ કે મોક્ષમાર્ગના સ્વામીરૂપ વિષયના વિનયાદિની પ્રવૃત્તિ વિષયાભ્યાસ છે. સંસારથી અત્યંત ઉદ્વિગ્ન જીવ સમ્યગ્દર્શનાદિ ભાવોનો જે અભ્યાસ કરે છે તે ભાવાભ્યાસ છે. આ ત્રણે પ્રકારનું અનુષ્ઠાન મોક્ષાનુકૂલ ભાવ સાથે સંકળાએલું હોઈ નિશ્ચયપ્રાપક વ્યવહારનયની દૃષ્ટિએ એકપ્રકારનું વિષયગત જ છે. માટે, ઉપદેશપદની ૯૯૬મી ગાથા વગેરેના અધિકાર મુજબ ' અપુનર્બંધક વગેરે જીવો સમ્યગ અનુષ્ઠાનવાળા જ હોય છે' એવું યોગમાર્ગના રહસ્યને પામેલા જાણકારો કહે છે.

[ અપુનર્બંધકાદિ પણ ધર્માધિકારી ]

" સમ્યક્ત્વને અત્યન્ત અભિમુખ થએલો મિથ્યાદૃષ્ટિ જ માર્ગાનુસારી હોય છે " એવું જે માને છે તેણે તો આદિધાર્મિકમિથ્યાત્વીઓની વાત ઉડાવી દીધી હોવાથી જણાય છે કે "અપુનર્બંધક વગેરે ત્રણ પ્રકારના જીવો ધર્મના અધિકારી છે" એ મૂળ વાત જ તેણે જાણી નથી.~"અપુનર્બંધક વગેરેને જે ધર્માધિકારી કહ્યા છે તેમાં સમ્યક્ત્વને અત્યંત અભિમુખ થએલ અપુનર્બંધકનીજ વાત જાણવી. ચરમાવર્ત્તના પ્રારંભાદિ કાલે રહેલા શેષ અપુનર્બંધકાદિની નહિ"~એવું જો કહેશો તો એમાં જેમ એ અપુનર્બંધક જીવોને શેષ અપુનર્બંધક જીવો કરતાં જુદા ગણ્યા તેમ ચારિત્રને અત્યંત અભિમુખ સમ્યક્ત્વીઓને પણ શેષ સમ્યક્ત્વીઓ કરતાં જુદા ગણવા પડશે અને તો પછી જીવોનું મિથ્યાત્વી, અપુનર્બંધક વગેરે જે વિભાગીકરણ કર્યું છે એ ભાંગી પડશે તેથી ચારિત્રથી દૂર રહેલા સમ્યક્ત્વીમાં પણ જેમ શમ-સંવેગ વગેરે રૂપ સમ્યક્ત્વના લક્ષણોથી સમ્યગ્દૃષ્ટિપણાનો નિશ્ચય કરાય છે તેમ સમ્યક્ત્વથી દૂર રહેલા પણ અપુનર્બંધકમાં અપુનર્બંધકપણાના "પાપ તીવ્રભાવે ન કરવું" વગેરે રૂપ

¹पावं ण तिव्वभावा कुणइ ण बहुमन्नइ भवं घोरं । उचियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधो ॥ एतद्वृत्तिर्यथा-पापमशुद्धं कर्म, तत्कारणत्वाद् हिंसाद्यपि पापं ,तद्, न=नैव, तीव्रभावाद्=गाढ-संक्लिष्टपरिणामात् करोति=विधत्ते, अत्यन्तोत्कटमिथ्यात्वादिक्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषत्वाद् । तीव्रेति विशेषणादापन्नमतीव्रभावात्करोत्यपि, तथाविधकर्मदोषात् । तथा न बहु मन्यते न बहुमान-विषयीकरोति । भवं संसारं घोरं रौद्रं, तस्य घोरत्वावगमात् । तथोचितस्थितिं=अनुरूपप्रतिपत्ति 'च' शब्दः समुच्चये, सेवते=भजते कर्मलाघवात्, सर्वत्रापि आस्तामेकत्र, देशकालावस्थापेक्षया समस्तेष्वपि देवातिथिमातापितृप्रभृतिषु, मार्गानुसारिताऽभिमुखत्वेन मयुरशिशुदृष्टान्तात्, अपुनर्बन्धक उक्तनिर्वचनो जीवः इत्येवंविधक्रियालिङ्गो भवतीति गाथार्थः ॥" न चापुनर्बन्धकस्य क्वचिन्मार्गा-नुसारितायाः क्वचिच्च तदभिमुखत्वस्य दर्शनेन भ्रमकलुषितं चेतो विधेयं, द्रव्यभावयोगाभिप्रायेणो-भयाभिधानाऽविरोधात् ।

---

લક્ષણોથી અપુનર્બંધકપણાનો નિશ્ચય કરવો જોઇએ. અર્થાત્ તે પણ વાસ્તવિક રીતે અપુન-ર્બંધક જ છે અને તેથી ધર્માધિકારી જીવોમાં એની પણ ગણતરી છે જ. અપુનર્બંધકનાં લક્ષણો જણાવતી પંચાશકની (૩-૪) ગાથાનો ભાવાર્થ- "અપુનર્બંધક જીવ પાપને તીવ્રભાવે કરતો નથી, ઘોર સંસાર પર બહુમાન રાખતો નથી અને હંમેશાં ઉચિતસ્થિતિનું પાલન કરે છે." આની વૃત્તિનો અર્થ-"અશુદ્ધકર્મ રૂપ પાપનું કારણ હોઈ હિંસા વગેરે પણ પાપ છે. તેને ગાઢ સંક્લિષ્ટ પરિણામથી કરતો નથી, કેમકે અત્યંત ઉત્કટ મિથ્યાત્વાદિનો ક્ષયોપશમ થયો હોવાથી આત્માની વિશેષ પ્રકારે નિર્મળતા થઈ હોય છે. અહીં તીવ્ર એવું વિશેષણ કહ્યું છે એનાથી જણાય છે કે તેવા પ્રકારના કર્મદોષના કારણે મંદભાવે હિંસાદિ પાપ કરે પણ ખરો. તથા ઘોર સંસારની રૌદ્રતા જાણેલી હોવાથી તેના પર બહુમાન રાખતો નથી. તેમજ કર્મની લઘુતા થઈ હોવાના કારણે કોઈ એક દેશકાલાદિમાં જ નહિ પણ સર્વત્ર દેશકાલાદિમાં દેવ-અતિથિ-માતા-પિતા વગેરે સમસ્ત વ્યક્તિઓ પ્રત્યે માર્ગાનુસારિતાને અભિમુખ થયો હોઈ મયુરશિશુના દૃષ્ટાન્ત મુજબ યોગ્ય વ્યવહાર કરવા રૂપ ઉચિત સ્થિતિને સેવે છે. જેની વ્યાખ્યા પૂર્વે કહી ગયા છીએ તે અપુનર્બંધકજીવ આવા પ્રકારની ક્રિયાઓરૂપ લિંગ=લક્ષણવાળો હોય છે. એવો ગાથાર્થ છે." અપુનર્બંધકમાં ક્યારેક માર્ગાનુસારિતા અને ક્યારેક માર્ગાનુસારિતાને અભિમુખત્વ હોવું કહેલું જે દેખાય છે તેનાથી મૂંઝવણમાં ન પડવું, કેમકે દ્રવ્યયોગ અને ભાવયોગના અભિપ્રાયથી એ બન્ને રીતે કહેવામાં કોઇ દોષ નથી.

### [અન્યથા જૈનપ્રક્રિયાવિલોપની આપત્તિ]

આમ "અત્યન્ત સમ્યક્ત્વાભિમુખ જીવ જ માર્ગાનુસારી હોય છે એવું નથી." એવું જે પ્રતિપાદન કર્યું તેનાથી જ-ધર્મબિન્દુ પ્રકરણના છઠ્ઠા અધ્યયનના ૨૨મા 'मार्गानुसारित्वात्' એવા સૂત્રની કરેલી સમ્યગ્દર્શનાદિ રૂપ મોક્ષમાર્ગને અનુસરતાં હોવાથી' એવી વ્યાખ્યાથી અને 'मग्गाणुसारिआ' પદની વન્દારુવૃત્તિમાં કરેલી 'અસદ્ગ્રહના પરિત્યાગપૂર્વક થએલ તત્વ-પ્રતિપત્તિજ માર્ગાનુસારિતા છે' એવી વ્યાખ્યાથી જણાય છે કે 'અકરણનિયમ વગેરે કરનાર પણ અપુનર્બંધકાદિ મિથ્યાદૃષ્ટિઓ તાદૃશ તત્ત્વપ્રતિપત્તિથી શૂન્ય હોવાના કારણે માર્ગાનુસારી હોતા નથી."-પૂર્વપક્ષીની એ વાતનું નિરાકરણ જાણવું, કેમકે તેવું કહેનાર પૂર્વપક્ષીને પણ જે સમ્યક્ત્વાભિમુખ મિથ્યાત્વીઓ માર્ગાનુસારી તરીકે માન્ય છે તેઓની જેમ અપુનર્બંધક

---

१ पापं न तीव्रभावात्करोति न बहु मन्यते भवं घोरम् । उचितस्थितिं च सेवते सर्वत्रापि अपुनर्बन्धकः ॥

एतेन–"मार्गानुसारित्वात्" इत्यत्र धर्मबिन्दुप्रकरणे (६-२२) मार्गस्य सम्यग्ज्ञानादेर्मुक्तिपथस्यानुवर्तनादिति व्याख्यानात् । वन्दारुवृत्तावपि 'मग्गाणुसारिअ'त्ति असद्ग्रहपरित्यागेनैव तत्त्वप्रतिपत्तिर्मार्गानुसारितेत्येवं व्याख्यानान्न मिथ्यादृष्टेरकरणनियमादिकारिणोऽपि मार्गानुसारित्वं~ इत्यपास्तं, पराभिमतस्य सम्यक्त्वाभिमुखस्येवापुनर्बन्धकादेः सर्वस्यापि धर्माधिकारिणो योग्यतया तत्त्वप्रतिपत्तेर्मार्गानुसारितायां अप्रतिघातात्, मुख्यतत्त्वप्रतिपत्तेश्च मेघकुमारजीवहस्त्यादावपि वक्तुमशक्यत्वात् । तस्मात्संगमनयसारादिवदत्तिसंनिहितसम्यक्त्वप्राप्तीनामेव मार्गानुसारित्वमिति मुग्धप्रतारणमात्रम्, अपुनर्बन्धकादिलक्षणवतामेव तथाभावाद्, अन्यथा तादृशसंनिहितत्वाऽनिश्चयेऽपुनर्बन्धकाद्युपदेशोऽप्युच्छिद्येतेति सकलजैनप्रक्रियाविलोपापत्तिः । किं च-बीजादीनां चरमपुद्गलपरावर्त्तभावित्वस्य तत्प्राप्तावुत्कर्षत एकपुद्गलपरावर्त्तकालमानस्य तेषां सान्तरेतरत्वभेदस्य च प्रतिपादनान्न सम्यक्त्वातिसंनिहितमेव मार्गानुसारित्वं भवतीति नियमः श्रद्धेयः । तदुक्तं पञ्चमविंशिकायाम्
[1]बीजाइकमेण पुणो जायइ एसुत्थ भव्वसत्ताणं । णियमा न अन्नहा वि हु(उ)इट्ठफलो कप्परुक्खुव्व
[2]बीजंविमस्स णेयं दट्ठूणं एयकारिणो जीवे । बहुमाणसंगयाए सुद्धपसंसाइ करणिच्छा ॥

---

વગેરે બધા ધર્માધિકારીઓમાં પણ તત્ત્વપ્રતિપત્તિની યોગ્યતા હોવાના કારણે ઔપચારિક તત્ત્વપ્રતિપત્તિ તો હોય જ છે. 'મુખ્ય (અનૌપચારિક) તત્ત્વપ્રતિપત્તિ હોય તો જ માર્ગાનુસારિતા હોય' એવું જો માનવાનું હોય તો તો મેઘકુમારના જીવ હાથી વગેરેમાં પણ તેઓ હજુ મિથ્યાત્વી હોવાથી તેવી તત્વપ્રતિપત્તિ કહી શકાતી ન હોવાથી માર્ગાનુસરિતા પણ કહી શકાશે નહિ. તેથી "જેઓ સંગમ-નયસાર વગેરેની જેમ સમ્યક્ત્વની અત્યન્ત નજીક હોય તેઓ જ માર્ગાનુસારી છે" એવું કહેવું એ તો મુગ્ધજીવોને માત્ર ઠગવાની જ વાત છે, કેમ કે વાસ્તવમાં તો અપુનર્બંધકાદિના લક્ષણયુક્ત જીવો જ માર્ગાનુસારી હોય છે. નહિતર તો તેવા સંનિહિતપણાના નિશ્ચયની ગેરહાજરીમાં અપુનર્બંધકાદિને ઉદ્દેશીને આદિધાર્મિક ઉચિત આચારોના અપાતા ઉપદેશનો જ ઉચ્છેદ થઇ જશે, કેમકે તે અપુનર્બંધકાદિને તો પૂર્વપક્ષીએ ધર્માધિકારી જ માન્યા ન હોઇ ધર્મનો ઉપદેશ પણ શેનો દેવોનો ? અને સમ્યક્ત્વી જીવો તો એનાથી ઊંચી ભૂમિકાએ પહોંચી ગયા હોઈ તેઓ માટે પણ એ ઉપદેશ અયોગ્ય છે. તેમજ સમ્યક્ત્વાભિમુખ જીવોનો તો નિશ્ચય થઈ શકતો નથી. અને જો આ રીતે એ ઉપદેશનો વિચ્છેદ થઇ જાય તો તો સંપૂર્ણ જૈન પ્રક્રિયા જ ઊડી જશે. વળી બીજ વગેરે ચરમપુદ્ગલપરાવર્તમાં પ્રાપ્ત થાય છે તેના, તેની પ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટથી એક પુદ્ગલપરાવર્ત્ત સંસાર જ બાકી હોય છે તેના અને તે બીજ-અંકુર વગેરે સાન્તર (કાલના વ્યવધાન સહિત) કે નિરન્તર (વ્યવધાનવિના) પ્રાપ્ત થાય છે તેનાં શાસ્ત્રોમાં મળતાં પ્રતિપાદનથી જણાય છે કે 'માર્ગાનુસારિતા સમ્યક્ત્વને અતિસંનિહિત જ હોય છે' એવો નિયમ શ્રદ્ધેય નથી. **પાંચમી વિંશિકામાં** કહ્યું છે કે—

**[ બીજાદિ ક્રમે ભાવધર્મની પ્રાપ્તિ ]**

વળી આ (ભાવધર્મ) ભવ્યજીવોને નિયમા બીજ વગેરેના ક્રમે જ પ્રાપ્ત થાય છે, એ વિના નહિ, જેમકે ઈષ્ટફળ આપનાર કલ્પવૃક્ષ. ધર્મને કરનારા જીવોને જોઈને બહુમાનયુક્ત શુદ્ધપ્રશંસા વડે તે ધર્મ પોતે પણ કરવાની ઇચ્છા કરવી એ ભાવધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ છે. તે ઈચ્છાનો જ નિષ્કલંક અનુબંધ પડવો એ અંકુર છે. તે ધર્મના ઉપાયભૂત સાધનોની વિવિધ શોધખોળ કરવી એ થડ છે.

---

१ बीजादिक्रमेण पुनर्जायते एषोत्र भव्यसत्त्वानाम् । नियमान्नान्यथाऽपि खल्विष्टफलः कल्पवृक्ष इव ॥
२ बीजमप्यस्य ज्ञेयं दृष्ट्वैतत्कारिणो जीवान् । बहुमानसंगतया शुद्धप्रशंसया करणेच्छा ॥

[1]तीए चेवणुबन्धो अकलंको अंकुरो इह णेओ । कट्ठं पुण विण्णेया तदुवायन्नेसणा चित्ता ॥
[2]तेसु पवित्ती य तहा चित्ता पत्ताइसरिसिगा होइ । तस्संपत्तीइ पुप्फं गुरुसंजोगाइरूवं तु ॥
[3]तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती । तं दलमिह विन्नेयं परमफलपसाहगं णियमा ॥
[4]बीजस्सवि संपत्ती जायइ चरमंमि चेव परिअट्टे । अच्चंतसुंदरा जं एसावि तओ ण सेसेसु ॥
[5]णय एअंमि अणंतो जुज्जइ णेयस्स णाम कालुत्ति । ओसप्पिणी अणंता हुंतिजओ एगपरिअट्टे ॥
[6]बीजाइआ य एए तहा तहा संतरेतरा णेया । तहभव्वत्तक्खित्ता एगंतसहावऽबाहाए ॥

एतेन यदुच्यते केनचिद्~'बीजादिप्राप्तौ मार्गानुसार्यसम्यक्त्वोपलंभं संज्ञित्वमेव न व्यभिचरतीति~तदपास्तं द्रष्टव्यं, "[7]सण्णीणं पुच्छा-गोयमा ! जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सागरोवमसतपुहुत्तं सातिरेगं" इत्यागमवचनात्संज्ञिकालस्योत्कर्षतः सातिरेकसागरोपमशतपृथक्त्वमानत्वाद्, अपुनर्बन्धकपदस्यापुनर्बन्धकत्वेनोत्कृष्टकर्मस्थितिक्षपयणार्थपर्यालोचनायामप्येतदधिकसंसारावश्यकत्वाद्,

તે ઉપાયોમાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિ કરવી એ પાંદડાં વગેરે રૂપ છે. યોગ્ય ગુરુનો સંયોગ વગેરે તેની તેની સંપ્રાપ્તિનું ફુલ છે. તે ગુરુવગેરે પાસેથી મળેલી સુદેશનાવગેરેથી જે ભાવધર્મની સંપ્રાપ્તિ થાય છે તેને અહીં ફળ જાણવું જે અવશ્ય પરમફળ (મોક્ષ)નું પ્રસાધક હોય છે. બીજની સંપ્રાપ્તિ પણ ચરમ પુદ્ગલપરાવર્ત્તમાં જ થાય છે, કેમકે એ પણ એક અત્યંત સુંદર ચીજ હોવાથી શેષ (અચરમ) પરાવર્ત્તોમાં થતી નથી. તેમ છતાં તે થવા માત્રથી 'હવે એ જીવનો સંસારકાળ અનંત હોવો યોગ્ય નથી' એવું નથી, કેમકે એક પરાવર્ત્તમાં પણ અનંતા અવસર્પિણીઓ હોય છે. આ બીજ-અંકુર વગેરે તે તે અનેકપ્રકારે વચમાં વચમાં અંતર પડવા પૂર્વક થાય છે કે નિરંતર પણ થાય છે, જેઓ એકાન્તસ્વભાવને (એકાન્તે કૂટસ્થનિત્ય વગેરે રૂપ કે જીવની તે તે ભૂમિકા ન બદલાવા રૂપ કે માત્ર સ્વભાવથી જ બધાં કાર્યો થાય છે તેવી માન્યતા રૂપ) બાધિત કરીને તથા ભવ્યત્વથી ખેંચાઈ આવેલા હોય છે." આમ બીજાદિની પ્રાપ્તિ ચરમાવર્ત્તમાં થાય છે ઇત્યાદિ પ્રતિપાદનથી જણાય છે કે માર્ગાનુસારિતા સમ્યક્ત્વસંનિહિતજીવને જ હોય છે એ વાત અશ્રદ્ધેય છે.

## [ બીજાદિની પ્રાપ્તિનો કાળ ]

આમ માર્ગાનુસારિતા અને બીજાદિપ્રાપ્તિ ચરમાવર્ત્તમાં થાય છે એનું જે પ્રતિપાદન કર્યું તેનાથી~"માર્ગાનુસારીજીવ બીજ વગેરેની પ્રાપ્તિ થએ છતે સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સંજ્ઞીપણું છોડતો નથી અર્થાત્ એનું સંજ્ઞીપણું જળવાઈ રહે છે"~એવું જે કોઈએ કહ્યું છે તે નિરસ્ત જાણવું, કેમકે "સંજ્ઞીજીવો માટેનો પ્રશ્ન, ગૌતમ! સંજ્ઞીનો જઘન્ય કાલ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટકાલ સાધિક સાગરોપમશતપૃથક્ત્વ હોય છે" એવા આગમના ( ) વચનથી જણાય છે કે સંજ્ઞીજીવોનો ઉત્કૃષ્ટકાલ પણ સાધિક સાગરોપમશતપૃથક્ત્વથી વધુ હોતો નથી. અને અપુનર્બંધકને અપુનર્બંધક અવસ્થામાં રહીને ઉત્કૃષ્ટકર્મસ્થિતિ ખપાવવામાં તો આના કરતાં પણ વધુ સંસારકાલ આવશ્યક હોય છે, કેમકે બીજાદિ પામેલ જીવના

१ तस्याश्चैवानुबन्धोऽकलङ्कोऽङ्कुर इह ज्ञेयः । काष्ठं पुनर्विज्ञेया तदुपायान्वेषणा चित्रा ॥
२ तेषु प्रवृत्तिश्च तथा चित्रा पत्रादिसदृशी भवति । तत्संप्राप्त्याः पुष्पं गुरुसंयोगादिरूपं तु ॥
३ ततः सुदेशनादिभिर्भवति या भावधर्मसंप्राप्तिः । तत्फलमिह विज्ञेयं परमफलप्रसाधकं नियमात् ॥
४ बीजस्यापि संप्राप्तिर्जायते चरम एव परावर्ते । अत्यन्तसुन्दरा यदेषापि ततो न शेषेषु ॥
५ न चैतस्मिन्ननन्तो युज्यते नैतस्य नाम काल इति । अवसर्पिण्योऽनन्ता भवन्ति यत एकपरावर्ते ॥
६ बीजादिकाश्च एते तथा तथा सान्तरेतरा ज्ञेयाः । तथाभव्यत्वाक्षिप्ता एकान्तस्वभावाबाधया ॥
७ संज्ञिनां पृच्छा-गौतम ! जघन्येनान्तर्मुहूर्तं, उत्कर्षेण सागरोपमशतपृथक्त्वं सातिरेकम् ॥

बीजादिप्राप्तावप्येकपुद्गलपरावर्त्तनियतानन्तोत्सर्पिण्यवसर्पिणीरूपकालमाननिर्देशात् ।~न च पञ्चमारके ज्ञानपञ्चकसद्भावाभिधानवद् बीजादिप्राप्तौ चरमपुद्गलपरावर्त्तकालमानाभिधानेऽपि नोत्कर्षतस्ता-वदन्तरं तस्य लभ्यत इति वाच्यं,~बीजादिप्राप्तौ चरमावर्त्तमान एव संसार इति परिपाट्या व्यापककालस्यैव लाभादधिकरणकालमात्राभिप्रायेणेत्थमभिधानासंभवाद्, अन्यथा सम्यक्त्वेऽप्येतावान् संसार इति वचनस्याप्यनवद्यत्वप्रसङ्गात् । किंच—

[1]अचरिमपरिअट्टेसुं कालो भवबालकालमो भणिओ । चरिमो अ(उ)धम्मजुव्वणकालो तह चित्तभेओत्ति ॥१९॥

[2]ता बीजपुव्वकालो णेओ भवबालकाल एवेह । इयरो उ धम्मजुव्वणकालो विह(हि) लिंगगम्मुत्ति ॥१६॥

इत्येतच्चतुर्थपञ्चमविंशिका गाथाद्वयार्थविचारणया बीजकालस्य चरमावर्त्तमानत्वमेव सिध्यति ॥ अपि च-

नवनीतादिकल्पस्तत्तद्भावेऽत्र निबन्धनम् । पुद्गलानां परावर्त्तश्चरमो न्यायसंगतम् ॥१६॥

સંસારનો પણ ઉત્કૃષ્ટથી એક પરાવર્ત્ત જેટલો અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ હોવો શાસ્ત્રમાં કહ્યો છે. એકવાર બીજાદિની પ્રાપ્તિ કાલે અપુનર્બંધક બનેલ જીવ પોતાના આ સંપૂર્ણ સંસારકાલ દરમ્યાન ક્યારેય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરતો ન હોવાથી અપુનર્બંધકપણું તો જાળવી જ રાખે છે અને છતાં સંપૂર્ણકર્મસ્થિતિતો ઉત્કૃષ્ટથી ચરમાવર્ત્તના અંતે જ નાશ પામે છે. તેથી જણાય છે કે ઉત્કૃષ્ટથી આટલો સંસાર પણ આવશ્યક હોય છે. ત્યાં સુધી સંજ્ઞીપણું ટકતું નથી. તેથી ઉક્ત કથન અસત્ જાણવું.

**શંકા**–પાંચમા આરામાં પાંચે જ્ઞાનની હાજરી કહી છે તે 'સંપૂર્ણ પાંચમા આરામાં તે હોય છે' એવી ગણતરીથી નહિ કિન્તુ 'પાંચમા આરાના પ્રારંભકાલમાં તે હોય છે' તેને લક્ષમાં રાખીને... એમ 'બીજાદિની પ્રાપ્તિ ચરમપુદ્ગલપરાવર્ત્તમાં થાય છે' એવું જે કહ્યું છે તે 'સંપૂર્ણ ચરમાવર્ત્તમાં (તેના પ્રારંભમાં પણ) તે થઇ શકે છે' એવી ગણતરીથી નહિ પણ 'તેના એકદેશરૂપ અંત્ય અર્ધપુદ્. પરા. માં તે થાય છે' તેને લક્ષમાં રાખીને. અર્થાત્ જ્ઞાનપંચકની પાંચમાઆરામાં વૃત્તિતા જેમ અવ્યાપ્યવૃત્તિ છે તેમ બીજાદિ પ્રાપ્તિની ચરમાવર્ત્તમાં વૃત્તિતા અવ્યાપ્યવૃત્તિ છે. અને તેથી 'ચરમાવર્ત્તમાં બીજાદિની પ્રાપ્તિ થાય છે' એવા શાસ્ત્રવચન પરથી બીજાદિની પ્રાપ્તિ પછી ઉત્કૃષ્ટથી એક પુદ્. પરા.નું અંતર પડે છે એવો અર્થ નીકળતો નથી.

**સમાધાન**– "બીજાદિની પ્રાપ્તિ પછી ચરમાવર્ત્ત જેટલો જ સંસાર હોય છે." એવી પણ વાત ગુરુપરંપરાથી સંભળવા મળે છે જેનાથી વ્યાપકકાલનો જ લાભ થાય છે અર્થાત્ બીજાદિ પ્રાપ્તિ (નો કાલ) એ સંપૂર્ણ ચરમાવર્ત કાલમાં વ્યાપીને રહી હોય છે એવું જ જણાય છે. વળી તમે કહો છો એવું હોય તો તો ફલિત એ થાય કે ચરમાવર્ત્ત બીજાદિપ્રાપ્તિનું (એકભાગાવચ્છેદેન) અધિકરણ માત્ર છે. અને તો તો "બીજાદિની પ્રાપ્તિ થએ છતે ચરમાવર્ત જેટલો સંસાર હોય છે" ઇત્યાદિ રૂપે કથન થઇ શકશે નહિ, કેમકે નહિતર તો એ રીતે "સમ્યક્ત્વની પ્રાપ્તિ થએ છતે ચરમાવર્ત જેટલો સંસાર બાકી હોય છે" એવું પણ કથન નિર્દોષ બની જવાની આપત્તિ આવે, કારણકે સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ ચરમાવર્ત્તમાં જ થતી હોઇ ચરમાવર્ત્ત તેનું પણ અધિકરણ તો છે જ.

વળી "અચરમાવર્ત્ત સંસારનો બાલ્યકાળ છે જ્યારે ચરમાવર્ત્તને ધર્મયૌવનકાલ કહ્યો છે જે અનેક પ્રકારનો હોય છે. તેથી બીજપ્રાપ્તિ પૂર્વેનો કાલ ભવબાલ્યકાળ છે અને બીજો (પછીનો) કાલ ધર્મયૌવનકાલ છે એ જાણવું. જે ધર્મયૌવનકાળ તેના લિંગોથી જણાય છે." ચોથી અને પાંચમી વિંશિકાની આ બે ગાથાઓનો અર્થ વિચારવાથી જણાય છે કે બીજકાલ ચરમાવર્ત્ત જેટલો

१. अचरमपरावर्त्तेषुकालो भवबालकालो भणितः । चरमश्च धर्मयौवनकालस्तथा चित्रभेद इति ॥

२. तस्माद् बीजपूर्वकालो ज्ञेयो भवबालकाल एवेह । इतरस्तु धर्मयौवनकालोऽवीह लिङ्गगम्य इति ॥

इति योगबिन्दुवचनाच्चरमावर्त्तस्य घृतादिपरिणामस्थानीये योगे म्रक्षणादिस्थानीयत्वसिद्धौ सत्यन्यकारणसाम्राज्येऽपार्द्धपुद्गलपरावर्तमध्ये सम्यक्त्वादिगुणानामिव चरमावर्त्तमध्ये बीजोचितगुणानामप्युत्पत्तिः कदाप्यविरुद्धैव, कालप्रतिबन्धाभावादिति व्यक्तमेव प्रतीयते । अत एव हि भो(यो)गार्थं यमनियमाराधनरूपां कापिलादिभिरभ्युपगतां पूर्वसेवां

अतएवेह निर्दिष्टा पूर्वसेवापि या परैः । सासन्नान्यगता मन्ये भवाभिष्वङ्गभावतः ॥९७॥

इतिग्रन्थेन चरमावर्त्तासन्नान्यतरपरावर्त्तवर्त्तिनीं हरिभद्रसूरिरभ्यधात्, तात्त्विकपूर्वसेवाया अपार्द्धपुद्गलपरावर्त्तादिमानत्वे चासन्नतोपलक्षणाय तत्पूर्वकालनियततामेवैनामवक्ष्यद् ग्रन्थकार इति । अपि च 'मनागपि हि तन्निवृत्तौ तस्यापुनर्बन्धकत्वमेव स्याद्' इति वचनान्मनागपि संसारासंगनिवृत्तौ जीवस्यापुनर्बंधकत्वं सिद्धयति, तन्निवृत्तिश्च मुक्त्यद्वेषेणापि स्यात्, तस्य च चरमपुद्गलपरावर्त्तोव्यवधानेनापि मोक्षहेतुत्वमुक्तम् । तथा च योगबिन्दुसूत्रवृत्ती-

नास्ति येषामयं तत्र तेऽपि धन्याः प्रकीर्त्तिताः । भवबीजपरित्यागात्तथाकल्याणभागिनः ॥४०॥

न नैव अस्ति विद्यते येषां भव्यविशेषाणां अयं द्वेषः तत्र मुक्तौ तेऽपि किंपुनस्तत्रानुरागभाज इति 'अपि'शब्दार्थः, धन्याः धर्मधनलब्धारः प्रकीर्त्तिताः । पुनरपि कीदृशाः ? इत्याह- भवबीजपरित्यागात् मनाक्स्वगतसंसारयोग्यतापरिहाणेः सकाशात्, तथा तेन प्रकारेण चरमपुद्गलपरावर्त्तोव्यवधानादिना

---

હોય છે. વળી યોગબિન્દુ (૯૬) ના "આ યોગવિચારણામાં માખણ વગેરે જેવો, ચરમાવર્ત્તકાલ અધ્યાત્મવગેરે પરિણામ રૂપ ભાવતું કારણ કહેવો એ ન્યાયસંગત છે." એવા વચનથી ઘી વગેરે પરિણામ જેવા યોગ માટે ચરમાવર્ત્ત માખણ જેવો સિદ્ધ થાય છે. એમ સમ્યક્ત્વગુણ માટે અંત્ય અર્ધપુદ્ગલપરાવર્ત્ત માખણ જેવો છે. તેથી જેમ અન્યકારણ સામગ્રી પ્રાપ્ત થએ છતે તે અર્ધ પુદ્ગલપરાવર્ત્તમાં સમ્યક્ત્વ વગેરે ગુણોની પ્રાપ્તિ ગમે ત્યારે થઈ શકે છે, કાલ તેમાં કોઇ પ્રતિબંધ કરતો નથી. (અર્થાત્ 'અય ! શ્રી જિનેશ્વરાદિ ભલે તને પ્રાપ્ત થયા હોય, પણ તારો કાલ હજુ પાકયો નથી તેથી સમ્યક્ત્વ નહિ મળે રાહ જો'...એવું કહેતો નથી.) તેમ અન્યકારણસામગ્રીની પ્રાપ્તિ થએ છતે બીજોચિત ગુણોની ઉત્પત્તિ પણ ચરમાવર્ત્તમાં ગમે ત્યારે થઇ શકે છે, અંત્ય અર્ધભાગમાં જ થાય એવું નથી એ સ્પષ્ટ રીતે જણાય છે. તેથી જ યોગવગેરે માટે કપિલાનુયાયીઓ વડે સ્વીકારાએલ યમનિયમ વગેરે આરાધના રૂપ પૂર્વસેવાને શ્રી હરિભદ્રસૂરિ મહારાજે યોગબિન્દુમાં (૯૭) ચરમાવર્ત્તની નજીકના અન્ય આવર્ત્તમાં થએલી કહી છે, અંત્ય અર્ધપુદ્ગલપરાવર્ત્તની નજીકના અન્યકાલમાં થયેલી કહી નથી. અહીં તેઓની પૂર્વસેવાને નજીક હોવાની કહેવાનો અભિપ્રાય છે. હવે તાત્ત્વિક પૂર્વસેવા જો અંત્ય દેશોન અર્ધપુદ્.પરા.માં જ પ્રાપ્ત થતી હોય તો તો તેની સમીપતા જણાવવા માટે "તે કાપિલાદિની પૂર્વસેવા તેના પૂર્વકાલમાં હોય છે" એવું જણાવત. "ચરમાવર્ત્તના પૂર્વકાલમાં હોય છે" એવું નહિ. યોગબિન્દુના તે શ્લોકનો અર્થ-આમ ચરમાવર્ત્તમાં અધ્યાત્મ સંભવતું હોવાથી જ બીજાઓએ જે પૂર્વસેવા નિર્દેશેલી છે તે ભવાભિષ્વંગના કારણે ચરમાવર્ત્તમાં નહિ પણ નજીકના બીજા આવર્ત્તમાં રહેલી હોય છે એમ હું માનું છું. "વળી તે થોડા પણ દૂર થએ છતે જીવ અપુનર્બંધક જ બની જાય છે" એવું જે કહ્યું છે તેના પરથી "સંસારપરનો રાગ થોડો પણ ખસવાથી જીવમાં અપુનર્બંધકત્વ આવે છે" એ વાત સિદ્ધ થાય છે. અને તે રાગ, માત્ર મોક્ષ પરના અનુરાગથી જ નહિ, પણ મોક્ષ પરના અદ્વેષથી પણ ખસી શકે છે. જે અદ્વેષ ચરમ પુદ્.પરા. જેટલા વ્યવધાન પૂર્વક પણ મોક્ષનો હેતુ બની શકે છે એવું શાસ્ત્રોમાં કહ્યું છે. જેમકે યોગબિન્દુસૂત્ર (૧૪૦) અને તેની વૃત્તિમાં કહ્યું છે કે "જે ભવ્યજીવોને મુક્તિ પર દ્વેષ નથી તેઓ પણ ધન્ય છે, (તો મોક્ષપરના રાગવાળાની તો વાત જ શી ?) આ જીવો પોતાનામાં

कल्याणभागिनः तीर्थकरादिपदप्राप्तिद्वारेण शिवशर्मभाज इति ।।" तथा च चरमपुद्गलपरावर्त्तवर्त्तिनां मुक्त्यद्वेषतद्रागाऽक्षुद्रतादिगुणवतां गलितकदाग्रहाणां सम्यक्त्वप्राप्तिसांनिध्यव्यवधानविशेषेऽपि सर्वेषामपुनर्बन्धकादीनामविशेषेण मार्गानुसारित्वमङ्गीकर्त्तव्यम् ।

यत्तु "[1]पढमकरणोवरि तहा अणहिनिविट्ठाण संगया एसा" इति वचनात् (प्रथमकरणोपर्येव बाह्यतत्त्वानभिनिवेशिनो भवन्तीति) 'प्रथमकरणोपरि वर्त्तमानानामपुनर्बन्धकादीनां शुद्धवन्दना भवति' इत्यभिधाय-[2]णो भावओ इमीए परोवि हु अवड्ढपोग्गला अहिगो। संसारो जीवाणं हंदि पसिद्धं जिणमयंमि ।। [पंचा. ३-३२] इत्यनेन ग्रन्थेन शुद्धाध्यवसायशुद्धायां वन्दनायां सत्यामुत्कृष्टोऽप्यपार्द्धपुद्गलावर्त्ताधिकः संसारो जीवानां न भवतीति पञ्चाशके प्रोक्तं, तदपुनर्बन्धकस्यावस्थाभेदेन विचित्रत्वाद् विधिशुद्धजैनक्रियाऽऽराधकमपुनर्बन्धकमधिकृत्यावसेयं, सर्वस्यापुनर्बन्धकस्य प्रागुक्तयुक्त्यैतावत्कालमानाऽनियमाद्, भावशुद्धजैनक्रियाया एव एतावत्कालनियतत्वाद् । अत एवास्मिन्नर्थे[आव. नि. ८५३]

રહેલ સંસારયોગ્યતાની કંઈક હાનિ થઈ હોવાના કારણે વધુમાં વધુ ચરમાવર્ત્તનું વ્યવધાન પડે એ રીતે તીર્થંકર વગેરે પદની પ્રાપ્તિ દ્વારા મોક્ષસુખ પામવાના છે." આમ મોક્ષ પરનો અદ્વેષ, તેના પરનો રાગ, અક્ષુદ્રતા વગેરે ગુણવાળા અને જેઓનો કદાગ્રહ ગલી ગયો છે તેવા ચરમાવર્ત્તવર્ત્તી અપુનર્બંધક વગેરે બધાં જીવો સમ્યક્ત્વપ્રાપ્તિ નજીકમાં હોવારૂપ કે દૂર હોવારૂપ તફાવત હોવા છતાં સમાન રીતે માર્ગાનુસારી છે તે સ્વીકારવું જોઈએ.

## [ વિધિશુદ્ધજૈનક્રિયાનોકાળ-દેશોનઅર્ધપુદ્ગલાવર્ત્ત ]

વળી "પ્રથમકરણ (યથાપ્રવૃત્તકરણ)ની ઉપર રહેલા તથા અનભિનિવિષ્ટ જીવોને આ જિજ્ઞાસાલિંગક શુદ્ધ વંદના હોવી યુક્ત છે.' એવા વચનથી "પ્રથમ કરણની ઉપર જ બાહ્યતત્ત્વના અનભિનિવેશી જીવો હોય છે. માટે પ્રથમકરણની ઉપર રહેલા અપુનર્બંધક વગેરેને શુદ્ધ વંદના હોય છે" એમ જણાવીને પછી એ જ ગ્રન્થમાં "શુદ્ધ અધ્યવસાયરૂપ ભાવ પૂર્વકની આ વંદના થયા પછી જીવોનો ઉત્કૃષ્ટથી પણ અર્ધા પુદ્. પરા. કરતાં વધુ સંસાર હોતો નથી એવું શ્રી જિનાગમમાં કહ્યું છે" એવું પંચા. શ્લો. ૩-૩૨માં કહ્યું છે, આમ અહીં તેવા અપુનર્બંધક વગેરેનો સંસાર અર્ધપુદ્. પરા.થી વધુ ન હોવો જે કહ્યો છે તે જુદી જુદી અવસ્થાના કારણે અપુનર્બન્ધકના પણ ઘણા ભેદ હોય છે તેથી. એટલે કે વિધિશુદ્ધ જૈનક્રિયાના આરાધક હોય એવા અપુનર્બંધકની અપેક્ષાએ જ એ અર્ધપુદ્. પરા. કાલ કહ્યો છે એ ધ્યાનમાં રાખવું. કેમકે સામાન્યથી બધા અપુનર્બંધકનો કાળ વધુમાં વધુ અર્ધપુદ્. પરા. હોવાનો નિયમ નથી એ તો પૂર્વે દલીલો સાથે સિદ્ધ કરી ગયા છીએ. (ઉત્કૃષ્ટથી એક પુદ્. પરા. કાલ સંસાર હોવો સિદ્ધ કરી ગયા તેનાથી). અને તેથી જ અહીં જે અર્ધપુદ્ પરા. કાલ કહ્યો છે તે ભાવશુદ્ધ જૈનક્રિયાના જ નિયમ રૂપ જાણવો. (सविशेषणे हि वर्त्तमानौ विधिनिषेधौ सति विशेष्यबाधे विशेषणमुपसंक्रामतः" એ ન્યાયે, અહીં વિશેષ્યભૂત અપુનર્બંધકમાં એ નિયમ બાધિત હોઈ વિધિશુદ્ધક્રિયારૂપ વિશેષણમાં લગાડવો.) તેથી જ આ અંગે વૃત્તિકારે આવશ્યક નિર્યુક્તિની ગાથા (૮૫૩) સાક્ષી તરીકે કહી છે. તે ગાથાનો અર્થ-"શ્રુતનું ઉત્કૃષ્ટઅંતર દેશોન અર્ધપુદ્. પરા. જેટલું અનંત હોય છે. આ ઉત્કૃષ્ટ અંતર તીર્થંકર વગેરેની અત્યંત આશાતના કરનાર જીવોને હોય છે." મોક્ષના અર્થીપણાથી કરાતી જ વિધિશુદ્ધ જૈનક્રિયા ઉત્કૃષ્ટથી આટલા કાલના વ્યવધાન બાદ મોક્ષ પ્રાપ્ત કરાવે છે. તેથી પંચાશકમાં અપુનર્બંધકનો કાળ જે અર્ધપુદ્ પરા. કહ્યો છે તે

१ पंचाशक ३-१८ : अस्योत्तरार्धः-तिविहं चसिद्धमेयं पयडं समए जओ भणियं ।
प्रथमकरणोपरि तथाऽनभिनिविष्टानां संगता एषा । त्रिविधं च सिद्धमेतत्प्रकटं समये यतो भणितम् ।।
२ नो भावतोऽस्यां परोऽपि खल्वपार्द्धपुद्गलादधिकः । संसारो जीवानां हंदि प्रसिद्ध जिनमते ।।

[1]कालमणंतं च सुए अद्धापरिअट्टओ उ देसूणो । आसायणबहुलाणं उक्कोसं अंतरं होइ ॥ इति सम्मतितयोद्धार्थवृत्तं वृत्तिकृता । मोक्षार्थितया क्रियमाणा हि विधिशुद्धा जैनक्रियोत्कर्षत एतावत्काल-व्यवधानेन मोक्षं प्रापयतीति विषयविशेष एषः । भवति च भावाविशेषेऽपि विषयविशेषात्फल-विशेषः, सामान्यसाधुभगवद्दानादौ तद्दर्शनादिति श्रद्धेयम् । न चेदेवं तदा स्वतन्त्रान्यतन्त्रसिद्ध-क्रियाकार्यपुनर्बन्धकभेदो न स्यादिति भावनीयं सुधीभिः ।

यदपि "बीजाधानमपि ह्यपुनर्बन्धकस्य, न चास्यापि पुद्गलपरावर्त्तः संसारः" इति "भगवतां सर्वसत्त्व(भव्य)नाथत्वेऽन्यतरस्माद् भगवतो बीजाधानादिसिद्धेरल्पेनैव कालेन सर्वभव्यमुक्तिः स्याद्" इत्यत्र हेतुतयोक्तं तदपि भगवत्प्रदेयविचित्रबीजापेक्षया । अत एव पूर्वसेवादेः पृथग्गणनया बीजाधाने पुद्गलपरावर्त्ताभ्यन्तसंसारभणनोपपत्तिः, अन्यथाल्पतरकालाक्षेपकतया 'न चास्याप्यपार्द्धपुद्गलपरावर्त्ता धिकः संसारः' इत्येवोपन्यसनीयं स्यादिति सूक्ष्मधिया विभावनीयम् । ये तु वदन्ति~मिथ्यादृष्टीनां मार्गानुसारित्वाभ्युपगमे तेषां गुणवत्त्वावश्यंभावाद् मिथ्यात्वेऽपि गुणश्रेण्यभ्युपगमप्रसङ्गः, न चैत-दिष्टं, सम्यक्त्वप्रतिपत्तिमारभ्यैव कर्मग्रन्थादौ गुणश्रेण्यभिधानाद्~इति तेषामृजुबुद्धीनां हरिभद्राचार्यो-पदर्शिताऽन्वर्थगुणस्थानपदप्रवृत्तिरेव मिथ्यात्वेऽपि गुणसद्भावसाक्षिणी, गुणश्रेणी च धर्मपृच्छादौ मिथ्यादृशामपि सम्यक्त्वोत्पत्त्याद्युपलक्षितैव द्रष्टव्या । यदाहाचारवृत्तिकृद् (अ.४) "इह मिथ्यादृष्टयो

---

અમુક (વિધિશુદ્ધ જૈનક્રિયાકારી) અપુનર્બંધક અંગે જ જાણવો. સર્વ અપુનર્બંધકો માટે નહિ. અર્થાત્ આ વિશેષપ્રકારના વિષય અંગેની વાત છે. અને ભાવમાં ફેર ન હોવા છતાં વિષયના ફેરના કારણે ફળમાં પણ ફેર પડે છે એ તો માનવું આવશ્યક છે જ, કેમકે સામાન્ય સાધુને અને ભગવાન્‌ને અપાએલા દાનમાં એ દેખાય છે. માટે આ અધિકૃત અપુનર્બંધક જીવો શેષ અપુનર્બંધકોને સમાન ભાવવાળા જ હોવા છતા, વિધિશુદ્ધજૈનક્રિયા રૂપ વિશેષપ્રકારના વિષયના પ્રભાવે ફળમાં 'સંસારકાલ ઓછો હોવા' રૂપ વિશેષતા આવે છે એ માનવું જોઈએ. વળી જો આવું ન હોય તો તો જિનોક્ત ક્રિયાઓ કરનાર અને અન્ય-શાસ્ત્રોક્ત ક્રિયાઓ કરનાર અપુનર્બંધકમાં ભેદ જ ન રહે એ બુદ્ધિમાનોએ વિચારવું.

વળી, ભગવાન્ સર્વભવ્યોના નાથ હોય (સમ્યક્ત્વાદિનો યોગ-ક્ષેમ કરનાર હોય) તો તો ભગવાને પોતાના ક્ષેત્ર-કાલાદિના સાંનિધ્યવાળા તે તે દરેક ભવ્યજીવોને બીજાધાન-સમ્યક્ત્વ પ્રાપ્તિ વગેરે કરાવી દેવા પડે. તેથી સર્વભવ્ય-જીવોની કોઈને કોઈ શ્રીતીર્થંકર પ્રભુ પાસેથી બીજાધાનાદિ થઈ જવાથી એક પુદ્ગલ પરાવર્ત્તરૂપ થોડા જ કાલમાં મુક્તિ થઈ જાય. આવી આપત્તિ આપવાની છે. પણ તેમાં શંકા ઊભી થાય છે કે ભગવાન પાસેથી બીજાધાન તો દરેક ભવ્યો ને થઈ જ ગયું છે પણ એ પછી પણ ઘણા જીવો અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત કાળ ભમી મોક્ષમાં જવાના છે. તેથી ઉક્ત અલ્પકાળમાં સર્વ ભવ્યોની મુક્તિ થવાની આપત્તિ શી રીતે આવે? આ શંકાનું વારણ કરી આપત્તિને દૃઢ કરવા હેતુ તરીકે જે કહ્યું છે કે "બીજાધાન પણ અપુનર્બંધક ને જ થાય છે અને અપુનર્બંધકનો પણ સંસાર પુદ્.પરા.તો હોતો જ નથી" (અર્થાત્ બધા ભવ્યોના નાથ હોઈ ભગવાન્ પાસેથી બધા ભવ્યોને બીજા-ધાનાદિ થઈ જશે અને તે પછી એક પુદ્.પરા.માં તો એ બધા મોક્ષમાં પણ ચાલ્યા જ જશે= તેથી અલ્પકાલમાં જ સર્વભવ્યોની મુક્તિ થઈ જશે,) તે પણ ભગવાને આપેલ બીજ વિચિત્ર હોય છે (અર્થાત્ કોઈ બીજ અત્યંત શીઘ્ર વિધિશુદ્ધ જૈનક્રિયા પમાડે છે કોઈ વિલંબે) તેની અપેક્ષાએ જાણવું. તેથી જ પૂર્વસેવા વગેરેના કાલની જુદી ગણતરીથી "બીજાધાન થએ છતે પુદ્ગલપરાવર્ત્તની અંદર સંસાર હોય છે" એવું જે કહ્યું છે તે સંગત થાય છે. નહિતર તો

---

१ कालमनन्तं च श्रुतेऽर्द्धपरिवर्त्तस्तु देशोनः । आशातनाबहुलानामुत्कृष्टमन्तरं भवति ॥

देशोनकोटीकोटिकर्मस्थितिकाश्च ग्रन्थिकसत्त्वास्ते कर्मनिर्जरामाश्रित्य तुल्याः, धर्मप्रच्छनोत्पन्नसंज्ञास्ते-भ्योऽसंख्येयगुणनिर्जरकाः, ततोऽपि पिपृच्छिषुः सन्साधुसमीपं जिगमिषुः, तस्मादपि क्रियाऽऽविष्टः पृच्छन्, ततोऽपि धर्मं प्रतिपित्सुः, तस्मादपि क्रियाविष्टः प्रतिपद्यमानः, तस्मादपि पूर्वप्रतिपन्नोऽ-संख्येयगुणनिर्जरकः इति सम्यक्त्वोत्पत्तिर्व्याख्यातेति । यदि चैतद्वचनबलादेव चारित्रादाविव सम्यक्त्वेऽप्यभिमुखप्रतिपद्यमानप्रतिपन्नत्रयस्यैव गुणश्रेणीसद्भावात् सम्यक्त्वानभिमुखमिथ्यादृष्टेर्न मार्गानुसारित्वमित्याग्रहस्तदा संगमनयसारादेरपि मार्गानुसारित्वं न स्याद् । न हि भवान्तरव्यवधानेऽपि गुणश्रेण्यनुकूलमाभिमुख्यं संभवति, इति सम्यक्त्वादिनियतगुणश्रेणीविनापि मिथ्यादृशामप्यल्प-मोहमलानां संसारप्रतनुताकारिणी दयादानादिगुणपरिणतिर्मार्गानुसारितानिबन्धनं भवतीति प्रतिपत्तव्यम् अत एव-भवाभिनन्दिदोषाणां प्रतिपक्षगुणैर्युतः । वर्धमानगुणप्रायो ह्यपुनर्बन्धको मतः ॥१७८॥ इति योगबिन्दावुक्तम् । अपुनर्बन्धकश्च प्रथमगुणस्थानावस्थाविशेष इति तत्र सर्वथा गुणप्रतिक्षेप-वचनं निर्गुणानामेवेति मन्तव्यम् ॥१७॥

---

(ભગવત્પ્રદેય બીજમાં જો વિચિત્રતા સંભવતી ન હોત તો) એ બીજ બધા જીવોને શીઘ્ર જ વિધિશુદ્ધક્રિયા પમાડી દેવા દ્વારા અર્ધ પુદ્.પરા.માં જ મુક્તિપ્રાપ્તિ કરાવી દેનાર હોઈ સર્વ જીવોની મુક્તિના કાલની વધુ અલ્પતા દેખાડવા 'એ અપુનર્બંધકનો સંસાર પણ અર્ધ પુદ્. પરા. કરતાં વધુ તો હોતો જ નથી" એવો હેતુ આપવો યોગ્ય ગણાત એ વાત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવી, અલ્પકાળમાં સર્વભવ્યોની મુક્તિ થઈ જવાની જે આપત્તિ દેખાડી હતી તેનું વારણ કરવાનો અહીં અધિકાર નથી તેથી એ વારણ કર્યું નથી. કિન્તુ તેમાં હેતુ તરીકે કરેલા કથનમાં જે પુદ્ગલપરાવર્ત્ત સંસાર કહ્યો છે તેની સાથે જ લેવાદેવા છે. એ ખ્યાલમાં રાખવું.)

[માર્ગાનુસારી મિથ્યાત્વીઓમાં પણ ગુણશ્રેણિ હોય]

વળી જેઓ કહે છે કે—"મિથ્યાદષ્ટિઓને માર્ગાનુસારી માનવામાં ગુણવાન્ પણ અવશ્ય માનવા જ પડતાં હોવાથી મિથ્યાત્વે હોવા છતાં ગુણશ્રેણી પણ માનવી પડશે જે આપણને ઇષ્ટ નથી કેમકે કર્મગ્રન્થવગેરે આપણા ગ્રન્થોમાં સમ્યક્ત્વપ્રાપ્તિથી માંડીને જ ગુણશ્રેણિ હોવી કહી છે" તે ભોળા જીવોનેતો શ્રી હરિભદ્રસૂરિ મહારાજે 'ગુણસ્થાન' શબ્દ મિથ્યાત્વ ગુણસ્થાને પણ યથાર્થ છે એવું જે દેખાડયું છે તે જ મિથ્યાત્વીઓ પણ ગુણવાન્ છે, એ બાબતની સાક્ષી તરીકે દેખાડવું. તેમજ તેઓને પણ ધર્મપૃચ્છા વગેરે વખતે ગુણશ્રેણિ હોય છે જેને કર્મગ્રંથ વગેરેમાં સમ્યક્ત્વઉત્પત્તિ વગેરે ગુણશ્રેણિના ઉપલક્ષણથી જણાવેલી જ હોવી માનવી. માટે તો આચારાંગના વૃત્તિકારે પણ કહ્યું છે કે "મિથ્યાત્વીઓ અને દેશોન કોડાકોડી કર્મસ્થિતિવાળા ગ્રંથિકજીવો કર્મનિર્જરાની અપેક્ષાએ તુલ્ય હોય છે (અર્થાત્ સમાન કર્મનિર્જરા કરે છે.) તેઓ કરતાં અહીં આગળ લખેલા જીવો ક્રમશઃ ઉત્તરોત્તર અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મનિર્જરા કરે છે—ધર્મપૂછવાની જેઓને ઈચ્છા થઈ છે તેઓ-પૂછવા માટે સાધુ પાસે જવાની ઈચ્છાવાળા ક્રિયાયુક્ત થઈ વિનયપૂર્વક ધર્મ પૂછતાં-ધર્મસ્વીકારવાની ઇચ્છાવાળા ક્રિયાયુક્ત થઈ ધર્મ સ્વીકારતાં જીવો-ધર્મને પહેલાં પામી ગએલ જીવ. આમ સમ્યક્ત્વની વ્યાખ્યા કરી." વળી જો આ વચનને પકડીને જ જો તમારે આગ્રહ રાખવો હશે કે ~અરે! આ વચન પરથી જ જણાય છે કે સમ્યક્ત્વને અભિમુખથએલ જીવો, પામતાં જીવો અને પામી ગએલા જીવોને જ ગુણશ્રેણી હોય છે અને તેથી સમ્યક્ત્વને અનભિમુખ મિથ્યાત્વીને તો ગુણશ્રેણિ ન હોવાથી માર્ગાનુસારિતા પણ હોતી નથી"—તો સંગમ નયસાર વગેરેમાં પણ તમે માર્ગાનુસારિતા માની શકશો નહિ, કેમકે સંગમને એ ભવમાં નહિ પણ ભવાંતરમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ થયું છે જે ભવાન્તરવ્યવહિત હોઈ સંગમ તરીકેના ભવમાં પણ ગુણશ્રેણિ લાવી આપે એવું સમ્યક્ત્વનું આભિમુખ્ય હતું" એવું માની શકાતું નથી. તેથી સમ્યક્ત્વાદિ સાથે સંકળાએલ

तदेवं मार्गानुसारिभावस्य कालमानमुक्तं, अथानेन सदाचारक्रियारूपेण ज्ञानदर्शनयोगायोगाभ्यां यथा चतुर्भंगी निष्पद्यते तथाऽऽह—

**एअम्मि नाणदंसण–जोगाजोगेहिं देससव्वकओ ।**
**चउभंगो आराहग–विराहगत्तेसु सुअसिद्धो ।१८॥**

[एतस्मिन् ज्ञानदर्शनयोगायोगाभ्यां देशसर्वकृतः । चतुर्भंग आराधकविराधकत्वयोः श्रुतसिद्धः ॥१८॥]

एअम्मित्ति । एतस्मिन् मार्गानुसारिभावे सदाचारक्रियारूपे ज्ञानदर्शनयोगायोगाभ्यामाराधकत्व-विराधकत्वयोर्देशसर्वकृतश्चतुर्भङ्गसमाहारः श्रुतसिद्धः । तथाहि-मार्गानुसारिक्रियावान् ज्ञानदर्शनहीनश्च देशाराधक इति प्रथमो भङ्गः १ । ज्ञानदर्शनसंपन्नः क्रियाहीनश्च देशविराधक इति द्वितीयः २ । ज्ञानदर्शनसंपन्नः क्रियासंपन्नश्च सर्वाराधक इति तृतीयः ३ । ज्ञानदर्शनासंपन्नः क्रियाहीनश्च सर्वविराधक इति चतुर्थः । तथा च भगवतीसूत्रं –(श ८ उ.१०) [1]एवं खलु मए चत्तारि पुरिसजाया पण्णत्ता । तं जहा—१ सीलसंपन्ने णामं एगे णो सुअसंपन्ने । २ सुअसंपन्ने णामं एगे णो सीलसंपन्ने । ३ एगे सीलसंपन्नेवि सुअसंपन्नेवि । ४ एगे णो सीलसंपन्ने णो सुअसंपन्ने ।

---

નિયત ગુણશ્રેણિ ન હોવા છતાં પણ, મોહમલ જેઓનો અલ્પ થયો છે તેવા મિથ્યાદષ્ટિ પણ જીવોની સંસારને ટુંકાવનારી દયા-વગેરે ગુણપરિણતિઓ માર્ગાનુસારિતાનું કારણ બને છે એ સ્વીકારવું જોઈએ. તેથી જ યોગબિન્દુ (૧૭૮)માં કહ્યું છે કે "અપુનર્બંધક જીવ ભવાભિનંદીદોષોના પ્રતિપક્ષભૂત ગુણોથી યુક્ત હોય છે અને લગભગ વધતા ગુણોવાળો હોય છે." અને અપુનર્બંધકપણું તો પ્રથમગુણસ્થાનકની જ એક વિશેષ અવસ્થા છે. તેથી પહેલાં ગુણઠાણે સાવ ગુણો હોતા જ નથી ઈત્યાદિ જણાવનાર વચનો સર્વથા નિર્ગુણ મિથ્યાત્વીઓની અપેક્ષાએ જ કહેવાએલા જાણવા (અથવા, તેથી પહેલાં ગુણઠાણે ગુણોનો સર્વથા નિષેધ કરનારું વચન નિર્ગુણવ્યક્તિઓ જ બોલે છે એ જાણવું) ॥૧૭॥

**[આરાધક-વિરાધકની ચતુર્ભંગી]**

આમ માર્ગાનુસારિતાનો કાલ કહ્યો. સદાચારાત્મક ક્રિયારૂપ આ માર્ગાનુસારીપણા સાથે જ્ઞાનદર્શન જોડાવાથી અને ન જોડાવાથી જે રીતે ચતુર્ભંગી થાય છે તે જણાવતાં ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ**:-આ માર્ગાનુસારીભાવમાં જ્ઞાનદર્શનના યોગ-અયોગદ્વારા આરાધક-વિરાધકપણામાં થતી દેશ-સર્વકૃત ચતુર્ભંગી શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

આ સદાચારરૂપ માર્ગાનુસારીભાવમાં જ્ઞાન દર્શનનો યોગઅયોગ થવા દ્વારા તેના આશ્રયભૂત જીવમાં આવતી આરાધકતા-વિરાધકતાના દેશ-સર્વની અપેક્ષાએ આવા ચાર ભાંગા થવા શાસ્ત્રમાં કહ્યા છે. માર્ગાનુસારી ક્રિયાયુક્ત હોય પણ જ્ઞાન-દર્શનહીન હોય તે **દેશ-આરાધક ૧**. જ્ઞાન-દર્શન સંપન્ન હોય પણ ક્રિયાશૂન્ય હોય તે **દેશવિરાધક ૧**. જ્ઞાન-દર્શનયુક્ત અને ક્રિયાસંપન્ન હોય તે **સર્વઆરાધક ૩**. જ્ઞાન-દર્શનવિકલ અને ક્રિયારહિત હોય તે **સર્વવિરાધક ૪**. શ્રી **ભગવતીજીસૂત્ર** (શ. ૮ ઉ. ૧૦)માં કહ્યું છે કે "મારા વડે ચાર પ્રકારે

---

१ एवं खलु मया चत्वारः पुरुषजाताः प्रज्ञप्ताः । तद्यथा–शीलसंपन्नो नाम एकः नो श्रुतसंपन्नः । श्रुतसंपन्नो नाम एकः नो शीलसंपन्नः । एकः शीलसंपन्नोऽपिश्रुतसंपन्नोपि । एको नो शीलसंपन्नः नो श्रुतसंपन्नः । तत्र यः प्रथम पुरुषजातः स पुरुषः शीलवान्श्रुतवान्, उपरतोऽविज्ञातधर्मा । एष गौतम ! मया पुरुषजातः देशाराधकः प्रज्ञप्तः १ । तत्र यः स द्वितीयः पुरुषजातः स पुरुषोऽशीलवान् श्रुतवान्, अनुपरतो विज्ञातधर्मा । एष णं गौतम ! मयापुरुषः देशविराधकः प्रज्ञप्तः २ । तत्र यः स तृतीयः पुरुषजातः स पुरुषशीलवान् श्रुतवान् उपरतो विज्ञातधर्मा । एष गौतम ! मया पुरुषः सर्वाराधकः प्रज्ञप्तः ३ । तत्र यः स चतुर्थः पुरुषजातः स पुरुषोऽशीलवानश्रुतवान्, अनुपरताविज्ञातधर्मा । एष गौतम ! मया पुरुषः सर्वविराधकः प्रज्ञप्त इति ४ ॥

तत्थ णं जे से पढमे पुरिसजाए से णं पुरिसे सीलवं असुअवं, उवरए अविण्णायधम्मे । एस णं गोअमा! मए पुरिसे देसाराहए पण्णत्ते १ । तत्थ णं जे से दुच्चे पुरिसजाए से णं पुरिसे असीलवं सुअवं, अणुवरए विण्णायधम्मे । एस णं गोअमा! मए पुरिसे देसविराहए पण्णत्ते २ । तत्थ णं जे से तच्चे पुरिसजाए से णं पुरिसे सीलवं सुअवं, उवरए विण्णायधम्मे । एस णं गोयमा! मएपुरिसे सव्वाराहए पण्णत्ते ३ । तत्थ णं जे से चउत्थे पुरिसजाए से णं पुरिसे असीलवं असुअवं, अणुवरए अविण्णायधम्मे । एस णं गोअमा मए पुरिसे सव्वविराहए पण्णत्ते ४ ॥ एतद्वृत्तिर्यथा-एवमित्यादि । एवं=वक्ष्यमाणन्यायेन पुरिसजाएत्ति पुरुषप्रकाराः । सीलवं असुयवंति कोऽर्थः? उवरए अविण्णायधम्मेत्ति उपरतो निवृत्तः स्वबुद्धया पापात् अविज्ञातधर्मा भावतोऽनधिगतश्रुतज्ञानो बालतपस्वीत्यर्थः, गीतार्थोऽनिश्रिततपश्चरणनिरतोऽगीतार्थ इत्यन्ये । 'देसाराहए'त्ति देशं स्तोकमंशं मोक्षमार्गस्याराधयतीत्यर्थः, सम्यग्बोधरहितत्वात् क्रियापरत्वाच्चेति । असीलवं सुअवं ति कोऽर्थः? अणुवरए विण्णायधम्मेत्ति पापादनिवृत्तो विज्ञातधर्मा चाविरतः सम्यग्दृष्टिरितिभावः । देसविराहएत्ति देशं स्तोकमंशं ज्ञानादित्रयरूपस्य मोक्षमार्गस्य तृतीयभागरूपं चारित्रं विराधयतीत्यर्थः, प्राप्तस्य तस्यापालनाद् अप्राप्तेर्वा । सव्वाराहएत्ति सर्वं त्रिप्रकारमपि मोक्षमार्गमाराधयतीत्यर्थः, श्रुतशब्देन ज्ञानदर्शनयोः संगृहीतत्वात्, न हि मिथ्यादृष्टिर्विज्ञातधर्मा तत्त्वतो भवति । एतेन समुदितयोः शीलश्रुतयोः श्रेयस्त्वमुक्तमिति" ॥१८॥

---

પુરુષોની પ્રરૂપણા કરાઈ છે તે આ રીતે ૧. કેટલાક શીલસંપન્ન હોય છે શ્રુતસંપન્ન નહિ. ૨. કેટલાક શ્રુતસંપન્ન હોય છે શીલસંપન્ન નહિ. ૩ કેટલાક શીલસંપન્ન પણ હોય છે શ્રુતસંપન્ન પણ અને ૪ કેટલાક શીલસંપન્ન પણ હોતા નથી અને શ્રુતસંપન્ન પણ નહિ તેમાંથી જે પહેલા પ્રકારનો પુરુષ છે તે શીલવાન્-અશ્રુતવાન્ હોય છે અર્થાત્ પાપક્રિયાથી અટકેલ અને ધર્મનો અજાણકાર હોય છે. એ મારા વડે દેશ આરાધક કહેવાયો છે. જે બીજા પ્રકારનો પુરુષ છે તે અશીલવાન્-શ્રુતવાન્ હોય છે અર્થાત્ પાપથી અટકેલ નહિ પણ ધર્મનો જાણકાર એ પુરુષ મારા વડે દેશ વિરાધક કહેવાયો છે. જે ત્રીજા પ્રકાનો પુરુષ છે તે શીલવાન્-શ્રુતવાન્ હોય છે અર્થાત્ પાપથી અટકેલ અને ધર્મનો જાણકાર હોય છે. તે પુરુષ મારા વડે સર્વઆરાધક કહેવાયો છે. જે ચોથા પ્રકારનો પુરુષ હોય છે તે અશીલવાન્-અશ્રુતવાન્ હોય છે અર્થાત્ પાપથી અટકેલ હોતો નથી કે ધર્મનો જાણકાર હોતો નથી. તે પુરુષ મારા વડે સર્વ વિરાધક કહેવાયો છે." આ સૂત્રની વૃત્તિનો ભાવાર્થ આ પ્રમાણે "એવં=આગળ કહેવાશે એ પ્રમાણે. પુરુષ જાએ=પુરુષના પ્રકારો. શીલવાન્-અશ્રુતવાન્નો શું અર્થ? આ-ઉપરત-અવિજ્ઞાતધર્મા. અર્થાત્ સ્વબુદ્ધિ અનુસારે પાપથી અટકેલ પણ ભાવથી શ્રુતજ્ઞાન નહિ પામેલ જીવ. આ ભાંગામાં બાલતપસ્વી આવે છે. કેટલાક અન્ય આચાર્યોના અભિપ્રાય પ્રમાણે ગીતાર્થની નિશ્રા શૂન્ય અને તપ-ચારિત્રમાં તત્પર એવો અગીતાર્થ આ ભાંગામાં આવે છે. આ જીવ દેશ આરાધક છે અર્થાત્ મોક્ષમાર્ગના થોડા ભાગને આરાધે છે, કેમકે સમ્યગ્ બોધશૂન્ય હોઈ જ્ઞાન-દર્શન અંશની આરાધના હોતી નથી અને ક્રિયામાં તત્પર હોઈચારિત્ર અંશની આરાધના હોય છે. અશીલવાન્ શ્રુતવાન્નો શું અર્થ? આ-અનુપરત વિજ્ઞાતધર્મા. પાપથી નિવૃત્ત નહિ થએલ એવો ધર્મનો ભાવથી જાણકાર. અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ આમાં આવે છે. આ દેશવિરાધક છે, અર્થાત્ જ્ઞાનાદિ ત્રણ રૂપ મોક્ષમાર્ગના દેશ= ત્રીજા ભાગરૂપ ચારિત્રને પ્રાપ્ત એવા તેના અપાલનથી કે પ્રાપ્તિ જ થઈ ન હોવાથી વિરાધે છે. સર્વ આરાધક એટલે સંપૂર્ણ ત્રણે પ્રકારવાળા મોક્ષમાર્ગને આરાધે છે તે, કેમકે શ્રુતવાન્-શીલવાન્ શબ્દમાં 'શ્રુત'શબ્દથી જ્ઞાન અને દર્શન બન્નેની હાજરી સૂચવી છે, કારણકે મિથ્યાત્વીજીવ તાત્ત્વિક રીતે ધર્મનો જાણકાર હોતો નથી. અને 'શીલવાન્' શબ્દથી ચારિત્રની આરાધના તો સૂચવેલી જ છે. આમ આ ચતુર્ભંગી દ્વારા સમુદિત શીલ-શ્રુત જ મુખ્યતયા હિતકર છે એ જણાવ્યું. (બેમાંથી એકની પણ ગેર-હાજરીમાં સર્વઆરાધકત્વ હોતું નથી એ દર્શાવવા દ્વારા.)" ॥૧૮॥

अत्र प्रथमभङ्गस्वामिनं भगवतीवृत्त्यनुसारेणैव स्वयं विवृण्वन्नन्यमतं दूषयितुमुपन्यस्यति–

**पढमो बालतवस्सी गीयत्थाणिस्सिओ व अगीओ ।**
**अण्णे भणंति लिंगी सम्मग्गमुणिमग्गकिरियधरो ॥१९॥**

[प्रथमो बालतपस्वी गीतार्थानिश्रितो वाऽगीतः । अन्ये भणन्ति लिङ्गी समग्रमुनिमार्गक्रियाधरः ॥१९॥]

पढमोत्ति । प्रथमः प्रथमभङ्गस्वामी ज्ञानदर्शनरहितः क्रियापरश्च देशाराधकत्वेनाधिकृतो बालतपस्वी परतन्त्रोक्तमुमुक्षुजनोचिताचारवान् वृत्तिकृन्मते, गीतार्थोऽनिश्रितोऽगीतः पदैकदेशे पदसमुदायोपचारादगीतार्थो वाऽन्येषामाचार्याणां मते । अस्मिंश्च साम्प्रदायिकमतद्वये नातिभेद इत्यग्रे दर्शयिष्यते । अन्ये संप्रदायबाह्या भणन्ति लिङ्गी केवललिङ्गभृत् समग्रमुनिमार्गक्रियाधरो मिथ्यादृष्टिरेव सन् कुतश्चिन्निमित्तादङ्गीकृतजिनोक्तसाधुसामाचारीपरिपालनपरायणो देशाराधकः प्रथमभङ्गस्वामीति । अयमेतेषामाशयः~शाक्यादिमार्गस्थः शीलवानपि न देशाराधकः, प्रतिपन्नयदनुष्ठानाकरणेन जिनाज्ञाया विराधकत्वं तदनुष्ठानकरणेनैव जिनाज्ञाया आराधकत्वमिति नियमात्, शाक्यादिमार्गानुष्ठानस्य चानीदृशत्वात् तदङ्गीकृत्यापि तत्करणाकरणाभ्यां जिनाज्ञाराधनविराधनयोरभावाद्, अन्यथा तन्मार्गानुष्ठानत्याजनेन जैनमार्गानुष्ठानव्यवस्थापनाऽयुक्तत्वप्रसङ्गात् । किं च मिथ्यादृष्टीनां ज्ञानस्याप्यज्ञानत्वेनेव तन्मार्गपतितशीलस्याप्यशीलत्वेन प्रज्ञप्तत्वादन्यमार्गस्थानां शीलवत्त्वमेव न, इति कुतस्तेषां देशाराधकत्वम्? अन्यभिक्षवो हि जीवाद्यास्तिक्यरहिताः सर्वथाऽचारित्रिण एवेति [1]संति एगेहिं भिक्खुहिं गारत्था संजमुत्तरा (उत्तरा. ५/२०) इत्यादि बहुग्रन्थप्रसिद्धं, अन्यथाऽन्यतीर्थिकाभिमतदेवादयोऽपि देवत्वादिनाऽभ्युपगन्तव्याः प्रसज्येरन्, मोक्षमार्गभूतशीलस्योपदेष्टृत्वात् । तस्माद् भव्या

---

આ ચતુર્ભંગીમાંના પહેલા ભાંગાના સ્વામીનું ભગવતી સૂત્રના વૃત્તિને અનુસારે જ સ્વયં વિવરણ કરતાં ગ્રન્થકાર ભેગા ભેગા અન્યના મતને પણ દૂષિત ઠેરવવા માટે કહે છે.

**ગાથાર્થ**:– બાળ તપસ્વી કે ગીતાર્થ અનિશ્રિત અગીતાર્થ પ્રથમભાંગાનો સ્વામી છે. બીજા કેટલાકનું કહેવું છે કે સમગ્રમુનિમાર્ગની ક્રિયાઓ પાળનાર લિંગી એનો સ્વામી છે.

"જ્ઞાનદર્શનશૂન્ય અને ક્રિયાતત્પર એવા દેશઆરાધક ભાંગામાં બાલતપસ્વી આવે છે જે ઇતરશાસ્ત્રોમાં મુમુક્ષુઓ માટે કહેલા આચારોનું પાલન કરતો હોય" એવો વૃત્તિકારનો અભિપ્રાય છે, અને એ જ ભાંગામાં ગીતાર્થ અનિશ્રિત અગીતાર્થ આવે છે એવો અન્ય આચાર્યનો મત છે. શ્લોકમાં જે અગીઓ=અગીત શબ્દ વાપર્યો છે તે 'અગીતાર્થ' રૂપ પદસમુદાયના એકદેશરૂપ છે. તેથી તેમાં તે પદસમુદાયનો ઉપચાર કરી અગીતાર્થ એવો અર્થ કર્યો છે. આ બન્ને સાંપ્રદાયિક મતોમાં વિશેષ ફેર નથી એ વાત આગળ બતાવાશે. બીજા કેટલાક સાંપ્રદાયબાહ્ય વિવેચનકારોનું કહેવું છે કે (સર્વજ્ઞશ. ૭૮)" આ ચતુર્ભંગીના પહેલા ભાંગામાં સમગ્ર સાધુ ક્રિયા આચરનાર દ્રવ્યલિંગી આવે છે." અર્થાત્ મિથ્યાત્વી જ હોવા છતાં દેવલોક-ઋદ્ધિવૈભવ આદિ કોઈ નિમિત્તે સાધુપણું લઈ તે માટે જ જિનોક્ત સંપૂર્ણ સામાચારીનું પરિપાલન કરવામાં તત્પર જીવ આ પહેલા ભાંગાનો સ્વામી દેશ-આરાધક છે. આવું કહેવા પાછળ તેઓનો આશય આ છે—

**[ સાધુક્રિયાના દ્રવ્યપાલનથી દેશઆરાધકતા આવે-પૂ ]**

**પૂર્વપક્ષ**–શાક્યાદિ માર્ગમાં રહેલ શીલવાન્ પણ દેશઆરાધક નથી. કારણકે સ્વીકારેલ જે અનુષ્ઠાન ન કરવાથી જિનાજ્ઞાનું વિરાધકત્વ આવે છે તે જ અનુષ્ઠાન કરવાથી તેનું આરાધકત્વ આવે એવો નિયમ છે. શાક્યાદિમાર્ગોક્ત અનુષ્ઠાનો કંઈ આવાં નથી, કેમકે તેને કરવા-ન કરવા પર જિનાજ્ઞાની આરાધના-વિરાધના ઊભી નથી. નહિતર તો-અર્થાત્ તે અનુષ્ઠાનોના પાલનથી પણ જો આરાધકત્વ આવી જતું હોય અને સ્વીકાર્યા પછી

अभव्याश्च निखिलजैनसामाचार्यनुष्ठानयुक्ता मिथ्यादृष्टय एव देशाराधका ग्राह्याः, तेषां द्रव्यशील-स्यापि मार्गपतितत्वेन व्यवहारनयापेक्षया प्रशस्तत्वाद् । अत एवाराधकानां सतामेतेषां नवमग्रैवेयकं यावदुपपातो न विरुद्धः, अखंडसामाचारीपरिपालनबलेन तत्रोत्पादात् । यदागमः-[1]अह भंते असंजय-भविअदव्वदेवाणं भवणवासीसु उक्कोसेण उवरिमगेविज्जएसुं त्ति । (भग.श. १ उ. २) वृत्त्येकदेशो यथा 'तस्मान्मिथ्यादृष्टय एवाभव्या भव्या वाऽसंयतभव्यद्रव्यदेवाः श्रमणगुणधारिणो निखिलसामा-चार्यनुष्ठानियुक्तो द्रव्यलिङ्गधारिणो गृह्यन्ते । ते ह्यखिलसामाचारीकेवलक्रियाप्रभावत एवोपरितन-ग्रैवेयकेषूत्पद्यन्त इति, असंयताश्च ते, सत्यप्यनुष्ठाने चारित्रपरिणामशून्यत्वादिति । इत्थं चैतदङ्गी-कर्तव्यं-जिनोक्तमनुष्ठानमन्तरेणाराधकत्वाभावाद्, मिथ्यादृष्टित्वमन्तरेण बालतपस्वित्वाभावाच्चेति ~ एतन्मतं दूषयति—

---

અપાલનથી જો વિરાધકત્વ આવી જતું હોય તો તો જીવોને એ માર્ગના અનુષ્ઠાનો છોડાવી જૈનમાર્ગના અનુષ્ઠાનો પકડાવવા એ અયુક્ત બની જશે, કેમકે એમ કરવામાં પણ આરાધકત્વ છોડાવી વિરાધકત્વ જ ઊભું કરવાનું થાય છે. વળી મિથ્યાદષ્ટિઓનું જ્ઞાન પણ જેમ અજ્ઞાન રૂપે કહેવાયું છે તેમ તેઓના માર્ગમાં રહેલ શીલ પણ અશીલ તરીકે પ્રરૂપાયું હોઈ તે માર્ગમાં રહેલા જીવો તો શીલવાન જ હોતા નથી તો દેશઆરાધક શી રીતે કહેવાય? વળી 'અન્યભિક્ષુઓ સર્વથા અચારિત્રી જ હોય છે' એવું '[1]કેટલાક અન્યતીર્થિક ભિક્ષુઓ કરતાં ગારસ્થ=ગૃહસ્થો દેશવિરતિ-રૂપ સંયમના કારણે ઊંચા હોય છે' ઇત્યાદિ જણાવનાર ઉત્તરાધ્યયનાદિ ઘણા ગ્રન્થોમાં કહ્યું છે. તેથી તેઓ શીલવાન્ હોતા નથી. બાકી તે અનુષ્ઠાનોના આચરણ માત્રથી જો તેઓ શીલવાન્ અને મોક્ષમાર્ગના આરાધક બની જતા હોય તો તો તેઓના અભિમત દેવ વગેરેને પણ દેવ રૂપે માનવા પડશે, કેમકે તેઓએ પણ તે અનુષ્ઠાનાત્મક મોક્ષમાર્ગભૂત શીલનો ઉપદેશ આપ્યો છે. તેથી ભવ્યો કે અભવ્યો કોઈપણ, જેઓ સંપૂર્ણ જૈન સામાચારીના અનુષ્ઠાનયુક્ત મિથ્યાદષ્ટિ જ હોય તે બધા દેશ આરાધક છે, કેમકે તેઓનું જિનોક્ત અનુષ્ઠાન આચરવા રૂપ દ્રવ્યશીલ માર્ગપતિત હોઈ વ્યવહારનયના અભિપ્રાયમુજબ પ્રશસ્ત છે. આમ આરાધક હોવાથી જ તેઓનો નવમા ગ્રૈવેયક સુધી થતો ઉપપાત સંગત રહે છે, કેમકે અખંડપણે સામાચારીના પરિપાલન પર જ ત્યાં ઉત્પત્તિ થાય છે. ભગવતીસૂત્ર (શ. ૧ ઉ. ૨)માં કહ્યું છે કે "અસંયતભવ્યદ્રવ્યદેવોની ઉત્પત્તિ જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી ઉવરિમગ્રૈવેયકમાં થાય છે." આની વૃત્તિનો ભાવાર્થ-"અહીં અસંયતભવ્યદ્રવ્યદેવ તરીકે અભવ્ય કે ભવ્ય મિથ્યાદષ્ટિઓ જ લેવાના છે. તે પણ શ્રમણપણાના બાહ્યગુણોને ધારતાં અને સંપૂર્ણ સામાચારીના અનુષ્ઠાન યુક્ત દ્રવ્ય-લિંગધારી જ લેવાના છે. કેમકે તેઓ જ સંપૂર્ણસામાચારીરૂપ કેવલક્રિયાના પ્રભાવથી જ નવમા ગ્રૈવેયકમાં ઉત્પન્ન થાય છે. આ અનુષ્ઠાનોનું પાલન હોવા છતાં ચારિત્રપરિણામશૂન્ય હોવાથી તેઓ અસંયત હોય છે." વળી આ દલીલથી પણ અહીં દેશઆરાધક બાલતપસ્વી તરીકે દ્રવ્યલિંગી જ લેવાનો છે એ વાત સ્વીકારવી જોઈએ. તે દલીલ-દેશઆરાધક કહ્યો છે તેનાથી જિનોક્તસામાચારીના પરિપાલનની હાજરી સૂચિત થાય છે, કેમકે જિનોક્ત અનુષ્ઠાન વિના આરાધકત્વ સંભવતું નથી. બાલતપસ્વી કહ્યો છે એનાથી દ્રવ્યલિંગીપણું સૂચિત થાય છે, કેમકે મિથ્યાત્વીપણા સિવાય બાલતપસ્વીપણું હોતું નથી. ॥૧૯॥

અન્યના આ મતને દૂષિત ઠેરવતાં ગ્રન્થકાર કહે છે—

---

१ सन्ति एकेभ्यो भिक्षुभ्यो गारस्थाः संयमोत्तराः । अस्योत्तरार्धः-गारत्थेहिअ सव्वेहिं साहवो संजमुत्तराः ।।

१ अथ भगवन् । असंयतभव्यद्रव्यदेवानां यावज्जघन्येन भवनवासिषु उत्कृष्टेनोपरिमग्रैवेयकेषु ॥

तं मिच्छा जं फलओ मुक्खं आराहगत्तमिह पगयं ।
तं च ण एगंतेणं किरियाए भावसुन्नाए ॥२०॥

[तन्मिथ्या यत्फलतो मुख्यमाराधकत्वमिह प्रकृतम् । तच्च नैकान्तेन क्रियया भावशून्यया ॥२०॥]

तं मिच्छत्ति । तत् सम्प्रदायबाह्योक्तं मतं मिथ्या यद् यस्मात् इह प्रकृतचतुर्भङ्गीप्रतिपादकभगवतीसूत्रे मुख्यं मोक्षानुकूलं आराधकत्वं प्रकृतं, ज्ञान-क्रियाऽन्यतरमोक्षकारणवादिनामन्यतीर्थिकानां मतनिरासार्थं तत्समुच्चयवादविशदीकरणायैतत्सूत्रप्रवृत्तेः । प्रत्येकं ज्ञानक्रिययोः स्वल्पसामर्थ्यस्य समुदितयोश्च तयोः संपूर्णसामर्थ्यस्य प्रदर्शनार्थं देशाराधकादिचतुर्भङ्ग्युपन्यासस्य सार्थक्यात्, प्रत्येकस्वल्पसामर्थ्यस्याभावे च सिकतासमुदायात्तैलस्येव तत्समुदायादपि मोक्षस्यानुपपत्तेः । तदिदमाहाक्षेपसमाधानपूर्वं भाष्यकारः—[वि. भा- ११६३-६४]

[1]पत्तेयमभावाओ णिव्वाणं समुदियासु ण जुत्तं । नाणकिरियासु वोत्तुं सिकतासमुदाये तेल्लं व ॥
[2]वीसुं ण सव्वहच्चिय सिकतातेल्लं व साहणाभावो । देसोवगारिया जा सा समवायंमि संपुण्णा ॥

[ સર્વથા ભાવશૂન્ય ક્રિયાનો અહીં અધિકાર નથી-૯ ]

**ગાથાર્થ** :-અન્યનો આ મત મિથ્યા છે, કેમકે ફળને આશ્રીને જે મુખ્ય હોય તેવા જ આરાધકત્વનો અહીં અધિકાર છે અને તે તો એકાન્તે ભાવશૂન્ય ક્રિયામાં હોતું નથી.

તે સંપ્રદાયબાહ્ય વિવેચકે કહેલ મત ખોટો છે, કેમકે ભગવતીજીના આ ચતુર્ભંગીને જણાવનાર સૂત્રમાં મુખ્ય = મોક્ષને અનુકૂલ = વહેલું મોડું પણ જે મોક્ષનું કારણ બને તે આરાધકત્વનો અધિકાર છે, કારણ કે 'એકલું જ્ઞાન જ મોક્ષનુ કારણ છે' કે 'એકલી ક્રિયા જ મોક્ષનું કારણ છે' એવું કહેતા અન્યતીર્થિકોના મતને દૂર કરવા માટે "તે બન્નેનો સમુદાય જ કારણ છે" એવો જે સમુચ્ચયવાદ આવશ્યક છે તેને સ્પષ્ટ કરવા આ સૂત્ર ઉપસ્થિત થયું છે. તેથી આ દેશઆરાધક વગેરે ચતુર્ભંગીનો ઉપન્યાસ "જ્ઞાન અને ક્રિયા બન્ને જુદા જુદા હોય તો તેઓમાં મોક્ષ મેળવી આપવાનું સામર્થ્ય અલ્પ હોય છે અને ભેગા થઈ જાય તો, સમુદિત તે બેમાં તે સામર્થ્ય પરિપૂર્ણ હોય છે" એવું જો જણાવતો હોય તો જ સાર્થક બને. અને એ માટે તો જે જ્ઞાન-ક્રિયા પ્રત્યેક અવસ્થામાં અલ્પ પણ સામર્થ્ય ધરાવતાં જ હોય તેની જ આ ભાંગાઓમાં વાત હોવી જોઈએ. માટે મુખ્ય આરાધકત્વ જ અહીં પ્રસ્તુત છે. જે જ્ઞાન-ક્રિયા પ્રત્યેક અવસ્થામાં અલ્પ પણ સામર્થ્ય ધરાવતા નથી તેવા જ્ઞાન-ક્રિયાના તો સમુદાયથી પણ મોક્ષપ્રાપ્તિ થતી નથી. જેમકે પ્રત્યેક અવસ્થામાં તેલનો અંશ પણ ન ધરાવતી રેતીના ઢગલામાંથી પણ તેલ મળતું નથી. આ વાત શંકા-સમાધાન પૂર્વક ભાષ્યકારે પણ કહી છે-"**શંકા**-જેમ રેતીના પ્રત્યેક કણમાં તેલ નથી તો તેના સમુદાયમાં પણ તે હોતું નથી, તેમ પ્રત્યેક જ્ઞાન કે ક્રિયામાં નિર્વાણજનકતા નથી તેથી સમુદિત તે બેમાં તે શક્તિ કહેવી યુક્ત નથી. **સમાધાન**-સિકતા કણોમાં તેલનો જેમ સર્વથા અભાવ છે તેમ જ્ઞાન અને ક્રિયામાં કંઈ મોક્ષ સાધકતાનો સર્વથા અભાવ નથી. એક એક પૃથક્માં જે થોડી ઘણી પણ દેશોપકારિતા હોય છે તે સમુદાયમાં સંપૂર્ણ થાય છે. તેથી જ્ઞાન-ક્રિયાનો મેળ થવામાં જ કાર્ય સિદ્ધિ થાય છે." આ મુખ્ય આરાધકત્વ અસંયતભવ્ય દ્રવ્યદેવો (દ્રવ્યલિંગી)માં તેઓની એકાન્તે ભાવશૂન્ય ક્રિયાથી આવી શકતું નથી તેથી દેશઆરાધક તરીકે દ્રવ્યલિંગી લઈ શકાતાં નથી

1 प्रत्येकमभावान्निर्वाणं समुदितयोर्न युक्तम् । ज्ञानक्रिययोर्वक्तु सिकतासमुदाये तैल इव ॥
2 विष्वग् न सर्वथैव सिकतातैल इव साधनाभावः । देशोपकारिता या सा समवाये संपूर्णा ॥

अग्रिमगाथार्थो यथा-न च विष्वक् पृथक्, सर्वथैव सिकताकणानां तैल इव साध्ये ज्ञानक्रिययोर्मोक्षं प्रति साधनत्वाभावः, किन्तु या च यावती च तयोर्मोक्षं प्रति देशोपकारिता प्रत्येकावस्थायामप्यस्ति सा च समुदाये संपूर्णा भवत्येतावान् विशेषः, अतः संयोग एव ज्ञानक्रिययोः कार्यसिद्धिरिति । तच्च मुख्यमाराधकत्वमसंयतभव्यद्रव्यदेवानामेकान्तेन भावशून्यया क्रियया न सम्भवतीति । यदि च देशाराधकत्वमभ्युदयापेक्षया व्याख्येयं तदा सर्वाराधकत्वमप्यभ्युदयापेक्षयैव पर्यवस्येदिति न काचित्परस्यप्रयोजनसिद्धिः, प्रत्युत प्रत्येकपक्षविशेषसङ्घटनानुपपत्तिः । किं च 'शीलवानश्रुतवान् देशाराधकः' इत्यत्र योग्यताबलादपि मार्गानुसारिबालतपस्व्येव गृहीतुं युज्यते नान्यः, तद्गतभावशून्यक्रियायाः समुदायादेशत्वादपुनर्बन्धकादिक्रियायामेव मोक्षसमुचितशक्तिसमर्थनाद्, अनुपचितशक्तिकोपादानकारणस्यैव देशत्वेन शास्त्रे व्यवहाराद्, अत एव मृद्द्रव्यमेव घटदेशो न तु तन्त्वादिर्दण्डादिर्वा । मोक्षोपादानत्वं च क्रियायां योगरूपायामुपयोगरूपायां वेत्यन्यदेतत् ॥२०॥

अमुख्याराधकत्वाङ्गीकारेऽपि दोषान्तरमाह—

जइणीए किरियाए दव्वेणाराहगत्तपक्खे य ।
सव्वाराहगभावो होज्ज अभव्वाइलिङ्गीणं ॥२१॥

[ जैन्या क्रियया द्रव्येणाराधकत्वपक्षे च । सर्वाराधकभावो भवेद् अभव्यादिलिङ्गिनाम् ॥२१॥ ]

---

[ચતુર્ભંગી પ્રરૂપણાનું પ્રયોજન ન સરવાની આપત્તિ]

વળી સામાચારીપાલનના બળે નવમાગ્રૈવેયક સુધીના થતાં અભ્યુદયની અપેક્ષાએ જ જો દેશ આરાધકત્વ માનવાનું હોય તો તો સર્વઆરાધકત્વ પણ તેવા ભૌતિક અભ્યુદયની અપેક્ષાએ જ માનવાનું રહે. અને તો પછી "મોક્ષપ્રાપ્તિ માટે સૌથી વધુ હિતકર જ્ઞાન-ક્રિયા પ્રત્યેક નથી પણ એ બેનો સમુદાય જ છે" એ વાત સ્પષ્ટ કરવાનું આ ચતુર્ભંગી પ્રરૂપણાનું જે પ્રયોજન છે તે સરશે નહિ, કેમકે બેના સમુદાયથી પણ મોક્ષપ્રાપ્તિ નથી. અને ઉપરથી દેશ આરાધક-દેશવિરાધક વગેરે રૂપ દરેક ભાંગાઓ પણ અસંગત બની જશે. વળી "શીલવાન્ અશ્રુતવાન્ દેશઆરાધક છે" આ ભાંગામાં યોગ્યતાના કારણે પણ માર્ગાનુસારી બાલતપસ્વી જ લેવો યુક્ત છે, બીજો કોઇ દ્રવ્યલિંગી વગેરે નહિ, કેમકે તે લિંગીવગેરેની સાવ ભાવશૂન્ય ક્રિયા મોક્ષસાધકજ્ઞાન-ક્રિયાસમુદાયના દેશ રૂપ નથી. અપુનર્બંધક વગેરેની જ ક્રિયા તે સમુદાયના દેશરૂપ હોય છે, કેમકે એમાં જ મોક્ષાનુકૂલ શક્તિ હોવાનું શાસ્ત્રકારોએ સમર્થન કર્યું છે. તે પણ એટલા માટે કે સહકારી કારણોની વિકલતા ના કારણે જેનું સામર્થ્ય પુષ્ટ થયું નથી તેવા ઉપાદાનકારણનો જ શાસ્ત્રમાં 'દેશ' તરીકે વ્યવહાર કર્યો છે. તેથી માટી જ ઘટદેશ કહેવાય છે, તંતુવગેરે કે દંડ વગેરે નહિ. અપુનર્બંધક વગેરેની ક્રિયા જ એવી હોય છે જેનું સામર્થ્ય જ્ઞાન વગેરેનો સહકાર પ્રાપ્ત થએ છતે પુષ્ટ થાય છે. દ્રવ્યલિંગી વગેરેની ક્રિયામાં તો પહેલેથી જ એવું અલ્પ સામર્થ્ય પણ હોતું જ નથી તો પછી પુષ્ટ પણ શું થાય? તેથી તે ક્રિયા દેશરૂપ ન હોઈ તેના કારણે દેશઆરાધકતા માની શકાતી નથી. મોક્ષના દેશરૂપ બનવા માટે આવશ્યક એવું ઉપાદાન કારણત્વ જે ક્રિયામાં છે તે યોગરૂપ છે કે ઉપયોગરૂપએ વાત અહીં પ્રસ્તુત ન હોવાથી ચર્ચી નથી. ॥૨૦॥

જે મોક્ષાનુકૂલ ન હોવાથી વાસ્તવિક રીતે આરાધકત્વ નથી પણ બાહ્યદષ્ટિએ વાસ્તવિક આરાધકત્વ જેવું દેખાતું હોઈ ઉપચારથી આરાધકત્વ કહેવાય છે તેને આગળ કરીને દ્રવ્યલિંગીને દેશઆરાધક માનવામાં બીજો પણ વાંધો દેખાડતાં ગ્રન્થકાર કહે છે—

[અભવ્ય દિદ્રવ્યલિંગીમાં સર્વઆરાધકતાની આપત્તિ]

**ગાથાર્થ** : જૈન ક્રિયાથી જ દ્રવ્યઆરાધકત્વ (=દેશ આરાધકત્વ) માની લેવામાં અભવ્ય વગેરે દ્રવ્યલિંગીઓમાં સર્વઆરાધકપણું માનવાની આપત્તિ આવશે.

जइणीएत्ति । जैन्या क्रियया निखिलसाधुसामाचार्यनुष्ठानरूपया, द्रव्योणाराधकत्वाभ्युपगमे चाभव्यादिलिङ्गिनामभव्यादीनां द्रव्यलिङ्गधारिणां सर्वाराधकभावो भवेत्, कुतोऽपि प्रयोजनात्तेषां निखिलसाधुसामाचारीग्रहणे तस्याः पञ्चाचाररूपत्वाद् द्रव्यतश्चारित्रस्येव द्रव्यतो ज्ञानदर्शनयोरप्याराधकत्वस्य तेषां बलादुपनिपाताद् । न हि 'ते सम्यक्त्वांशेऽनाराधका एव चारित्रांशे त्वाराधकाः' इत्यर्धजरतीयन्यायाश्रयणं प्रेक्षावतां घटते, सम्यक्त्वांशे भावतः सम्यक्त्वाभावेनोत्सूत्रभाषणव्रतभङ्गाद्यभावेन चाराधकविराधकत्वभावाभावादनाराधकत्वस्येव चारित्रांशेऽपि भावतश्चारित्राभावेन प्राणातिपातादिव्रतभङ्गाद्यभावेन चाराधकविराधकत्वभावाभावादनाराधकत्वस्याविशेषाद् द्रव्यतश्चोभयाराधकत्वाविशेषादिति । यत्तु~तेषां द्रव्यतोऽपि स्वेच्छाविशेषाद् व्रतांशस्यैव ग्रहणं न तु श्रद्धानांशस्य ~

---

સંપૂર્ણ સાધુસામાચારીરૂપ જૈન ક્રિયાથી દેશઆરાધકત્વ જો માનવાનું હોય તો અભવ્ય વગેરે દ્રવ્યલિંગધારીને સર્વઆરાધક માનવા પડશે. દેવલોકપ્રાપ્તિ વગેરે કોઈપણ ભૌતિક પ્રયોજનથી સ્વીકારેલ સંપૂર્ણ સાધુસામાચારી પંચાચારરૂપ હોઈ જેમ ચારિત્રાચારના પાલનથી યુક્ત હોય છે તેમ જ્ઞાનાચાર-દર્શનાચારના પાલનથી પણ યુક્ત હોય જ છે. તેથી ચારિત્રાચારના પાલનના કારણે જેમ તેઓમાં ચારિત્રનું દ્રવ્યથી આરાધકપણું માનવું છે તેમ જ્ઞાનદર્શનના આચારોના પાલનના કારણે તેઓમાં જ્ઞાન-દર્શનનું પણ દ્રવ્યથી આરાધકપણું અનિચ્છાએ પણ માનવું જ પડે છે. 'સમ્યક્ત્વઅંશમાં અનારાધક એવા જ તેઓ ચારિત્ર અંશમાં આરાધક હોય છે' એવો અર્ધજરતીય ન્યાય લગાડવો પ્રેક્ષાવાન્ પુરુષો માટે યોગ્ય નથી. અર્થાત્ ચારિત્રના આચારોના પાલનના કારણે ચારિત્રની દ્રવ્યઆરાધના માનવી અને જ્ઞાન-દર્શનના આચારોનું પાલન હોવા છતાં એની દ્રવ્યઆરાધના ન માનવી એ અયોગ્ય છે. "(૧) ભાવથી સમ્યક્ત્વ ન હોવાથી સમ્યક્ત્વઅંશની આરાધકતાનો અભાવ રહે છે અને (૨) ઉત્સૂત્રભાષણ વ્રતભંગ વગેરે ન હોવાથી સમ્યક્ત્વઅંશની વિરાધકતાનો અભાવ રહે છે. આ બે કારણો આપીને તમે સમ્યક્ત્વઅંશમાં જેમ દ્રવ્યલિંગીઓને ભાવથી અનારાધક માનો છો (પૂર્વપક્ષીએ આ રીતે તેઓને અનારાધક માનેલા છે જુઓ સર્વજ્ઞશતક-શ્લો. ૭૮ પૃ. ૨૧૧) તેમ નીચેના બે કારણો હાજર હોવાથી તમારે ચારિત્રઅંશમાં પણ તેઓને ભાવથી અનારાધક જ માનવા પડશે. અને તો પછી તેઓને દેશ આરાધક તો નહિ જ મનાય! તે બે કારણો આ-(૧) ભાવથી ચારિત્ર ન હોવાથી ચારિત્રઅંશની આરાધકતાનો તેઓમાં અભાવ રહે છે અને (૨) પ્રાણાતિપાત વગેરે અંગેના વ્રતનો ભંગ વગેરે ન હોવાથી ચારિત્રઅંશની વિરાધકતાનો પણ અભાવ રહે છે. ~અરે ભાઈ! આ દેશઆરાધકભાંગામાં ચારિત્રાંશની ભાવથી આરાધકતા, વિરાધકતા કે અનારાધકતાની ગણતરી જ નથી. માટે દ્રવ્યલિંગી ચારિત્રઅંશમાં ભાવથી અનારાધક હોય તો પણ દેશઆરાધક કાંઈ મટી જવાનો નથી. અહીં દ્રવ્યથી જ આરાધકતાને ગણતરીમાં લેવાની છે, અને તે તો દ્રવ્યલિંગીમાં છે જ. તો શા માટે એ દેશઆરાધક ન બને? ~આવી શંકાનું સમાધાન એ છે કે આ રીતે દ્રવ્યથી આરાધકતાને જ જો ગણતરીમાં લેવાની હોય તો તો ચારિત્રની જેમ જ્ઞાનની પણ તે આરાધકતા દ્રવ્યલિંગીમાં હોય જ છે એ બતાવી ગયા છીએ. માટે દ્રવ્યથી તો તેઓને પણ સર્વઆરાધક માનવા પડશે ~"તેઓએ દ્રવ્યથી પણ પોતાની તેવા પ્રકારની ઇચ્છાવશાત્ વ્રતાંશનું જ ગ્રહણ કર્યું હોય છે શ્રદ્ધાનાંશનું નહિ (અર્થાત્ તેઓ દ્રવ્યથી પણ ચારિત્રાચારનું જ પાલન કરે છે જ્ઞાન-દર્શનાચારોનું નહિ અને તેથી તેઓમાં દ્રવ્યથી ચારિત્રનું જ આરાધકત્વ હોય છે, જ્ઞાનનું નહિ. માટે તેઓને સર્વઆરાધક માનવાની આપત્તિ નથી.)~એવું પૂર્વપક્ષીનું કથન પણ ઉન્મત્તવ્યક્તિના પ્રલાપ જેવું જાણવું, કેમકે ક્રિયાના બળે જે ગ્રૈવેયકપ્રાપ્તિ તેઓને થવી કહી છે તે સંપૂર્ણ સામાચારી પાલનના બળે

इति परस्यमतं तदुन्मत्तप्रलपितं, अखंडसामाचारीपालनबलेनैव तेषां ग्रैवेयकोत्पादाभिधानादिति ॥२१॥ दोषान्तरमप्याह—

तह णिण्हवाण देसाराहगभावो अवट्ठिओ हुज्जा ।
तो परिभासा जुत्ता वित्तिं परिगिज्झ वुत्तुं जे ॥२२॥

[तथा निह्नवानां देशाराधकभावोऽवस्थितो भवेत् । ततः परिभाषा युक्ता वृत्ति परिगृह्य वक्तुम् ॥२२॥]

तहत्ति । तथेति दोषान्तरसमुच्चये । एकान्तद्रव्यक्रिययैवाराधकत्वाभ्युपगमे निह्नवानामभिनिवेशादिना त्यक्तरत्नत्रयाणां सर्वविराधकत्वकालेऽपि देशाराधकभावोऽवस्थितो भवेद् यथाप्रतिज्ञातद्रव्यक्रियाया अपरित्यक्तत्वात् । इष्टापत्तौ को दोषः ? इति चेत् ? व्यवहारविरोध एव, नहि सर्वविराधको देशाराधकश्च कोऽपि व्यवह्रियते । अथ ~ द्रव्यक्रियामाश्रित्यैवाराधकत्वविराधकत्वव्यवस्थाकरणात्सर्वविराधकत्वं निह्नवानां नेष्यते एव, प्रतिपन्नचारित्रविषयकद्रव्याज्ञाभङ्गाभावाद्देशाराधकत्वं, उत्सूत्रभाषणेन सम्यक्त्वविषयकप्रतिपन्नजिनाज्ञापरित्यागाद्देशविराधकत्वं चाविरुद्धमेव, अंशभेदादेकत्रैव सप्रतिपक्षोभयधर्मसमावेशाऽविरोधादिति चेत्~न, एवं सत्यसंयतभव्यद्रव्यदेवानां निह्नवानामभव्यादीनां चोपपत्तिमधिकृत्य साम्याभावप्रसङ्गात् । अथ~नास्त्येव तेषामुपपातसाम्यं, ग्रैवेयकेष्वपि निह्नवस्य

---

જ કહી છે, આંશિકપાલનના બળે નહિ. માટે દ્રવ્યથી જ્ઞાનાંશનો પણ સ્વીકાર અને પાલન તેઓમાં માનવા જ પડે છે. ॥૨૧॥ ગૌણ આરાધકત્વ લેવાના આ જ અન્ય મતમાં બીજો દોષ દેખાડતાં ગ્રન્થકાર કહે છે—

**[નિહ્નવોમાં દેશઆરાધકતા જળવાઈ રહેવાની આપત્તિ]**

**ગાથાર્થ** :–તથા નિહ્નવોમાં દેશઆરાધકપણું તો ઊભું જ રહેવાની આપત્તિ આવશે. અને તેથી જો પરિભાષા જ કરવી પડે તેમ હોય તો વૃત્તિને અનુસરીને જ તે કરવી યોગ્ય છે.

'તથા' શબ્દ બીજા દોષનો ગણતરીમાં ઉમેરો કરવા માટે વપરાયો છે. સર્વથા દ્રવ્યભૂત એવી ક્રિયા વડે જ આરાધકત્વ માની લેવામાં અભિનિવેશાદિના કારણે રત્નત્રયીને ફગાવી દેનારા નિહ્નવોમાં સર્વવિરાધક અવસ્થામાં પણ દેશઆરાધકભાવ જળવાઈ રહેવાની આપત્તિ આવશે, કેમકે જે દ્રવ્યક્રિયાની પ્રતિજ્ઞા ચારિત્ર ગ્રહણકાલે કરી હતી તે તો નિહ્નવઅવસ્થામાં પણ છોડી હોતી નથી. 'તે આપત્તિને ઇષ્ટાપત્તિ જ માનવામાં શું વાંધો છે ?' એવી શંકા ન કરવી, કેમકે એમાં વ્યવહારવિરોધ થવાનો વાંધો છે. કારણકે કોઈપણ સર્વવિરાધક જીવોનો દેશઆરાધક તરીકે વ્યવહાર કરી શકાતો નથી.

**શંકા**–આ પ્રરૂપણા અનુસારે આવતા આરાધકત્વ કે વિરાધકત્વમાં દ્રવ્યક્રિયાને જ નિયામક માનવાની છે. અર્થાત્ એનું પાલન હોય તો આરાધકત્વ આવે અને ખંડન હોય તો વિરધાકત્વ આવે. તેથી ગૃહીતદ્રવ્યક્રિયાનું ખંડન ન કરનાર નિહ્નવોમાં પણ સર્વવિરાધકત્વ તો કહેવાનું જ ન હોવાથી દેશઆરાધકત્વ કહેવામાં કોઇ વ્યવહારવિરોધ નથી. વળી સમ્યક્ત્વ અંગેની સ્વીકારેલી દ્રવ્યઆજ્ઞાનો ઉત્સૂત્રભાષણથી ભંગ કરી નાંખ્યો હોઇ એ જ કાલે તેઓમાં દેશવિરાધકત્વ પણ અવિરુદ્ધપણે હોય જ છે, કેમકે જુદા જુદા અંશની અપેક્ષાએ એક જ સ્થળે (એક જ જીવમાં) પરસ્પરવિરુદ્ધ ઉભયધર્મનો (દેશઆરાધકત્વ–દેશવિરાધકત્વનો) સમાવેશ હોવામાં સ્યાદ્વાદશૈલી મુજબ કોઇ વિરોધ નથી.

**સમાધાન**- નિહ્નવોમાં આ રીતે ઉભયધર્મો માનવા યોગ્ય નથી, કેમકે તો પછી અસંયત ભવ્યદ્રવ્યદેવ એવા તેઓને મળતી ગતિમાં તમે અનારાધક તરીકે માનેલા અભવ્યોને મળતી ગતિનું સામ્ય રહી શકે નહિ, પણ રહેતો છે, કેમકે બન્ને જણા ઉત્કૃષ્ટથી નવમા ગ્રૈવેયક સુધી જાય છે એવું શાસ્ત્રોમાં કહ્યું છે.

देवदुर्गततयोत्पादाद्, देवदुर्गतत्वं च न केवलं देवकिल्बिषिकत्वादिनैव, तत्र तेषामभावाद्, किन्तु संमोहत्वेन । स च देवदुर्गतस्ततश्च्युतोऽनन्तकालं संसारे परिभ्रमति यदागमः—

[1]कंदप्पदेवकिब्बिस अभिओगा आसुरी य संमोहा । ता देवदुग्गईओ मरणंमि विराहिआ हुंति ॥ त्ति आतुरप्रत्याख्यानप्रकीर्णके, व्याख्यादेशो यथा-संमोहन्ति संमोहयन्ति उन्मार्गदेशनादिना मोक्षमार्गाद् भ्रंशयन्ति ये ते संमोहाः, संयता अप्येवंविधा देवत्वेनोत्पन्ना संमोहा एव रूपा दुर्गतयो मरणेऽपध्यानादिना विराधिता भवन्ति, ततश्च्युता अनंतसंसारं परिभ्रमन्तीति चेत् ?~न, अभव्यादीनामप्यकालवचनौषधप्रयोगात् प्राप्तग्रैवेयकोत्पादानां संमोहप्राबल्येन लुप्तसुखानां देवदुर्गतत्वाऽविशेषाद् । उक्तं चोपदेशपदे [ ४३८-४४२ ]—

[2]कह णु अकालपओगे इत्तो गेविज्जगाइसुहसिद्धो । णणु साहिगओसहजोगसोक्खतुल्ला मुणेयव्वा ॥
[3]कुणइ जह संनिवाए सदोसहं जोगसोक्खमित्तं तु । तह एयं विण्णेयं अणोरपारंमि संसारे ॥

---

શંકા- તેઓને મળતી ગતિમાં સામ્ય હોતું જ નથી, કેમકે ગ્રૈવેયકમાં પણ નિહ્નવો દુર્ગત તરીકે ઉત્પન્ન થાય છે, અભવ્યો નહિ. વળી દેવદુર્ગતત્વ પણ માત્ર કિલ્બિષિકત્વ વગેરેના કારણે જ હોય છે એવું નથી, કેમકે એવું હોવામાં તો ગ્રૈવેયકમાં કિલ્બિષિકાદિ દેવો ન હોવાથી ત્યાં ગએલા તે નિહ્નવોને દુર્ગત કહી શકાય નહિ, કિન્તુ સંમોહત્વના કારણે પણ હોય છે. દુર્ગત થયેલ તે નિહ્નવજીવ ત્યાંથી આયુષ્ય પૂર્ણ થએ ચ્યવીને સંસારમાં અનંતકાળ ભટકે છે. **આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણક** આગમમાં કહ્યું છે કે—

"કંદર્પદેવ, કિલ્બિષિક, આભિયોગિક, આસુરી અને સંમોહ આ બધી દેવોની દુર્ગતિ છે. અને તે મરણ બગડી જવાથી મળે છે. ઉન્માર્ગદેશના વગેરેથી જેઓ બીજાઓને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ કરે છે તેઓ સંમોહ કહેવાય છે. એવા સાધુઓને મરીને દેવ તરીકે ઉત્પન્ન થયા પછી પણ સંમોહ કહેવાય છે. આવી દેવદુર્ગતિઓ દુર્ધ્યાન વગેરેથી મરણને બગાડી નાખવાથી મળે છે. ત્યાંથી નીકળેલા જીવો અનંતકાલ સંસારમાં રખડે છે."

**[ગ્રૈવેયકાદિમાં પણ અભવ્યોને વિપુલસુખ ન હોય]**

**સમાધાન**-અકાલ વચનૌષધપ્રયોગથી ગ્રૈવેયકમાં જઈ બેઠેલા અભવ્યોનું પણ સંમોહની પ્રબળતાના કારણે સુખ લુપ્ત થઈ ગયું હોવાથી તેઓ પણ નિહ્નવની જેમ દેવદુર્ગત જ હોય છે. ઉપદેશપદ (૪૩૮-૪૪૨)માં કહ્યું છે કે-" **શંકા**-અભવ્યાદિનો વચનૌષધપ્રયોગ જો અનવસરનો હોય તો એનાથી ગ્રૈવેયક વગેરેના સુખોની પ્રાપ્તિ શી રીતે થાય? **સમાધાન**-વચનરૂપી અધિકૃતઔષધના યોગ (સંબંધ) માત્ર થવાથી થતા સુખ જેવી તે પ્રાપ્તિ હોય છે. જેમ સંનિપાત થયો હોય ત્યારે સારા ઔષધનો યોગ પણ કંઈક રાહતની લાગણી આપે છે-કંઈક સુખ નિરાંતનો અનુભવ કરાવે છે તેમ અનાદિઅનંત સંસારમાં તેઓને મળેલું સુખ આ વચનઔષધના યોગથી થયેલ 'હાશ' જેવું જાણવું. જેમ ભયંકરવ્યાધિગ્રસ્ત જીવને ઔષધયોગથી થએલ 'હાશ' ઔષધપ્રયોગના પરિણામાત્મક તાત્ત્વિક સુખરૂપ હોતું નથી તેમ મિથ્યાત્વના કારણે મૂઢમતિવાળા તેનું આ સુખ તાત્ત્વિક હોતું નથી. અથવા જેમ હણાયેલ આંખ વાળો જીવ રૂપને બરાબર જોતો નથી અર્થાત્ મળેલી સુંદર સ્ત્રી વગેરે પણ ભોગરૂપ બનતા નથી તેમ મિથ્યા દૃષ્ટિજીવને પણ સામગ્રી પરમાર્થથી ભોગરૂપ ન બનવાથી

---

१ कन्दर्पदेवकिल्बिषाभियोगा आसुरी च संमोहाः । ता देवदुर्गतयो मरणे विराधिता भवन्ति ॥
२ कथं न्वकालप्रयोगे इतो ग्रैवेयकादिसुखसिद्धिः । ननु साधिकृतौषधयोगसौख्यतुल्या ज्ञातव्या ॥
३ करोति यथा सन्निपाते सदौषधं योगसौख्यमात्रं तु । तथैतद् विज्ञेयं अनर्वाक्पारे संसारे ॥

[1]णय तत्तओ तयंपि हु सोक्खं मिच्छत्तमोहिअमइस्स । जह रोद्दवाहिगहिअस्स ओसहाओ वि तब्भावे ॥
[2]जह चेवोवहयनयणो सम्मं रूवं ण पासई पुरिसो । तह चेव मिच्छदिट्ठी विउलं सोक्खं ण पावेइ ॥
[3]असदभिणिवेसवं सो, णिओगओ ता ण तत्तओ भोगो । सव्वत्थ तदुवघाया विसघारियभोगतुल्लो त्ति ॥

एतस्माद्धि वचनादभव्यादीनामेव निह्नवाद्यपेक्षयाऽप्यकालवचनौषधप्रयोगेण मिथ्याभिनिवेशदार्ढ्यादतिदुःखितत्वेन क्लिष्टतरदेवदुर्गतत्वं प्रतीयते, परेण त्वभव्यनिह्नवानामनाराधकत्वविराधकत्वाभ्यां वैपरीत्यमङ्गीकृतं, प्रसज्यते च तत्प्रक्रियया द्रव्याज्ञापेक्षयाऽभव्यादीनामपि सर्वाराधकत्वात् तात्त्विकसुदेवत्वमेवेति यत्किञ्चिदेतत् ।~अथ चारित्रापेक्षयाऽऽराधकत्वं द्रव्यप्रतिपत्त्यैव परिभाष्यते, ज्ञानदर्शनापेक्षया तु भावप्रतिपत्त्या, ततोऽभव्यादीनां द्रव्यलिंगिनां देशाराधकत्वमेव, निह्नवानां च देशाराधकत्वं देशविराधकत्वं च । ततो देशाराधकत्वापेक्षयोपपातसाम्यं, दुर्गतित्वनिबन्धनं चैकस्य साहजिकं मिथ्यात्वमपरस्य च विराधनाजन्यमिति परिभाषायां को दोष इति चेत् ?~नन्वेवं परिभाषाऽऽश्रयणावश्यकत्वे वृत्तिकृत्स्वारस्येनैव साऽऽश्रणीयेत्यभिप्रायवानाह—तत् तस्माद् वृत्तिं परिगृह्य परिभाषा वक्तुं युक्ता । जे इति पादपूरणार्थो निपातः । वृत्तौ हि श्रुतशब्देन ज्ञानदर्शनयोः शीलशब्देन च प्राणातिपातादिनिवृत्तिक्रियाया एव परिभाषणादश्रुतवान् शीलवांश्च मार्गानुसार्येव बालतपस्वी पर्यवस्यतीति भावः । न दि द्रव्यलिङ्गधरोऽभव्यादिर्व्यवहारेण बालतपस्वी वक्तुं युज्यते । [4]ता एते

---

તે વિપુલસુખ પામતો નથી, કેમકે તે અભવ્યાદિ નિયમા અસદ્ અભિનિવેશવાળો હોય છે. તેથી સુખનો તાત્ત્વિક ભોગ હોતો નથી, કારણકે સર્વત્ર એવું સુખ તે અસદ્અભિનિવેશથી હણાયેલું હોઈ વિષમિશ્રઅન્ન તુલ્ય હોય છે."

ઉપદેશપદના આ વચનો પરથી જ જણાય છે કે અભવ્યાદિ અને નિહ્નવાદિ બન્ને દેવદુર્ગત થયા હોય તો પણ અભવ્યાદિ જ વચનૌષધના અકાલપ્રયોગથી મિથ્યાઅભિનિવેશની દૃઢ પકડવાળા થયા હોઈ અત્યંત દુ:ખિત હોવાના કારણે નિહ્નવાદિ કરતાં પણ વધુ ક્લિષ્ટતર દેવદુર્ગત હોય છે. જ્યારે પૂર્વપક્ષીએ તો આના કરતાં વિપરીત પ્રરૂપણા કરી છે. તેણે તો અભવ્યોને અનારાધક અને નિહ્નવોને જ વધુ બદતર દેવદુર્ગત કહ્યા છે. વળી અમે ૨૧મી ગાથામાં બતાવી ગયા એ રીતે તેની પ્રક્રિયા મુજબ અભવ્યાદિ તો દ્રવ્યઆજ્ઞાની અપેક્ષાએ સર્વઆરાધક જ હોવા ઠરે છે. તેથી તેઓમાં તો દેવદુર્ગતત્વ નહિ પણ તાત્ત્વિક સુદેવત્વ જ હોવાની આપત્તિ આવે છે. તેથી દ્રવ્યથી ચારિત્રાચારોના (સાધુસામાચારીના) પાલનના કારણે તેઓમાં આરાધકત્વ માનવાની વાત તુચ્છ છે એ જાણવું.

**શંકા** :-આ ચતુર્ભંગીમાં જ્ઞાન અને ચારિત્રની અપેક્ષાએ આરાધકત્વની જે વાત છે એમાં અમે એવી પરિભાષા કહીએ છીએ કે ચારિત્રનું દ્રવ્યથી પાલન હોય તો પણ તેનું આરાધકત્વ આવી જાય જ્યારે જ્ઞાન-દર્શનનું તો ભાવથી પાલન હોય તો જ તેનું આરાધકત્વ આવે, માત્ર તેના આચારોના દ્રવ્યપાલનથી નહિ. તેથી અભવ્ય વગેરે દ્રવ્યલિંગીઓમાં જ્ઞાનાંશનું આરાધકત્વ ન હોઇ સર્વઆરાધકત્વ આવતું નથી અને ચારિત્રાંશનું આરાધકત્વ હાજર હોવાથી દેશઆરાધકત્વ હોય છે. તેમજ નિહ્નવોમાં ચારિત્રની અપેક્ષાએ દેશ આરાધકત્વ હોય છે અને જ્ઞાન-દર્શનની અપેક્ષાએ દેશવિરાધકત્વ હોય છે. તેથી નિહ્નવ અને અભવ્ય એ બંનેને દેશઆરાધકત્વના કારણે સમાન ગતિ મળે છે અને એ દુર્ગતિરૂપ જે બની જાય છે તે એકને

---

१ न च तत्त्वतस्तदपि खलु सौख्यं मिथ्यात्वमोहितमतेः । यथा रौद्रव्याधिगृहीतस्यौषधादपि तद्भावे ॥
२ यथा चैवोपहतनयनः सम्यग्रूपं न पश्यति पुरुषः । तथा चैव मिथ्यादृष्टिः विपुलं सौख्यं न प्राप्नोति ॥
३ असदभिनिवेशवान्स नियोगतस्तन्न तत्तो भोगः । सर्वत्र तदुपघाताद्विषघारितभोगतुल्य इति ॥
४ तत एते बालतपस्विनो द्रष्टव्या इति ।

बालतवस्सिणो दट्ठव्वेति " महानिशीथे नागिलवचनं कुशीलेषु बालनिश्चयाभिप्रायकमेवेति । न चैकस्मिन्नेव वाक्ये देशाराधकत्वमशुद्धव्यवहारात्, तदुपपादकं बालतपस्वित्वं च निश्चयादिति वक्तुं युक्तम्, सन्दर्भविरोधात्, किन्तु निश्चयप्रापकाद्व्यवहाराद्देशाराधकत्वं तदुपपादकं च मार्गानुसारियमनियमादिक्रियावत्त्वं बालतपस्वित्वमित्येवं सन्दर्भाऽविरोधः । न च व्यवहारे निश्चयप्रापकत्वाऽप्रापकत्वाभ्यां विशेषः शास्त्रासिद्ध इति व्यामूढधिया शङ्कनीयं, योगबिन्दूपदेशपदादावेतद्विशेषप्रसिद्धेः ।~

(અભવ્યને) સાહજિક મિથ્યાત્વના કારણે અને બીજાને (નિહ્નવને) વિરાધનાજન્ય મિથ્યાત્વના કારણે. આમ આરાધકત્વની આવી પરિભાષા કરવાથી કોઇ દોષ રહેતો નથી અને તેથી દેશ-આરાધક તરીકે દ્રવ્યલિંગી જ લેવા જોઇએ.

**[ દ્રવ્યલિંગીને બાળતપસ્વી તરીકે લેવામાં સંદર્ભવિરોધ ]**

**સમાધાન**-આ રીતે પરિભાષા કરવી જ આવશ્યક બની જતી હોય તો વૃત્તિકારના અભિપ્રાયને અનુસરીને જ તે કરવી જોઇએ એવા અભિપ્રાયથી 'તો પરિભાસા...' ઇત્યાદિ ઉત્તરાર્ધ કહ્યો છે. એમાં 'જે' પાદપૂર્તિ કરવા માટેનો નિપાત (અવ્યય) છે વૃત્તિમાં 'શ્રુત' શબ્દથી જ્ઞાન-દર્શન અને 'શીલ' શબ્દથી પ્રાણાતિપાતવિરમણાદિ ક્રિયા (જિનોક્ત સાધુ-સામાચારી નહિ) લેવાની જ પરિભાષા કરી હોઇ 'અશ્રુતવાન્-શીલવાન્' તરીકે માર્ગાનુસારી હોય એવો જ બાલતપસ્વી લઇ શકાય છે. વળી "બાલતપસ્વી દેશઆરાધક છે' આ **વચનમાં** દેશઆરાધકત્વ જો વ્યવહારથી જ લેવાનું હોય તો બાલતપસ્વીપણું પણ **વ્યવહારથી** જ લેવું યુક્ત ઠરે. અને તો પછી દ્રવ્યલિંગધારી અભવ્યાદિને આ ભાંગામાં શી રીતે લેવાય? કેમકે તેઓ તો જિનોક્ત તપ વગેરે અનુષ્ઠાન કરતાં હોઇ વ્યવહારથી બાલતપસ્વી હોતાં નથી. હા, તેઓ પૌદ્ગલિક આશાથી તપ વગેરે કરતાં હોવાથી નિશ્ચયથી બાળતપસ્વી હોય છે. શ્રી **મહાનિશીથ સૂત્ર** (અ. ૪)માં પણ સુમતિના દૃષ્ટાન્તમાં "તેથી આ લોકોને બાળતપસ્વી જાણવા." એવું **નાગિલનું** જે વચન કહેવાયું છે તે પણ પાંચ સાધુઓના ગચ્છ અંગે નૈશ્ચયિકબાળતપસ્વિત્વના અભિપ્રાયથી જ બોલાયેલું જાણવું. તેથી દ્રવ્યલિંગીમાં બાળતપસ્વીપણું તો નિશ્ચયથી જ લેવું પડે છે. અને તો પછી અભવ્યાદિ દ્રવ્યલિંગીને પહેલા ભાંગામાં લેવામાં સંદર્ભવિરોધ થશે. તે આ રીતે- બાલતપસ્વી દેશ-આરાધક તરીકે તમને અભવ્યાદિ દ્રવ્યલિંગીઓ સંમત છે. એ જીવોમાં દેશઆરાધકત્વ [1]અશુદ્ધવ્યવહારનયે રહ્યું છે. વળી તેઓમાં બાળતપસ્વીપણું તો ઉપર કહી ગયા મુજબ

૧ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની જે જીવ વાસ્તવિક આરાધના કરી રહ્યો હોય તેનામાં નૈશ્ચયિક આરાધકત્વ હોય છે. માર્ગાનુસારી બાળતપસ્વી જીવ આવા મોક્ષમાર્ગને વાસ્તવમાં આરાધતો ન હોઈ નૈશ્ચયિક આરાધક નથી. તેમ છતાં એની પ્રવૃત્તિ પરંપરાએ એનામાં નૈશ્ચયિક આરાધકત્વ લાવી આપે છે. તેથી એ નિશ્ચયપ્રાપકવ્યવહારનયે આરાધક છે. દ્રવ્યલિંગીની પ્રવૃત્તિ ખુદ આરાધનારૂપ ન હોઈ નૈશ્ચયિક આરાધના તો નથી જ હોતી, પણ વાસ્તવિક આરાધનાને લાવી આપનાર પણ ન હોવાથી તાત્ત્વિક રીતે (નિશ્ચયપ્રાપક-સદ્ભુત) વ્યવહારનયે પણ આરાધના રૂપ નથી. છતાં પણ, દ્રવ્યલિંગીની પ્રવૃત્તિ મુગ્ધ લોકોને આરાધનાનો કંઈક આભાસ કરાવે તેવી હોય છે, તેથી અશુદ્ધવ્યવહારનયે (નિશ્ચયઅપ્રાપકવ્યવહારનયે) તે આરાધના કહેવાય છે. ઉપરછલ્લી દૃષ્ટિએ આરાધનારૂપ ભાસતી હોવા છતાં જે પ્રવૃત્તિને નૈશ્ચયિક આરાધના સાથે કંઈ લાગતું વળગતું નથી તેની પ્રવૃત્તિને શુદ્ધ વ્યવહારનય પણ આરાધનારૂપ માનવા તૈયાર નથી. માત્ર અશુદ્ધવ્યવહારનય તેવી આભાસરૂપ પ્રવૃત્તિને પણ આરાધના તરીકે સ્વીકારે છે. અને તેથી આરાધનાનો આવો વ્યવહાર કરનાર એ વ્યવહારનય પણ 'અશુદ્ધવ્યવહારનય' કહેવાય છે. માટે દ્રવ્યલિંગીમાં દેશઆરાધકત્વ માત્ર અશુદ્ધવ્યવહારનયે જ માની શકાય છે.

नन्वस्यामपि परिभाषायां कथं बालतपस्विनो देशाराधकत्वं, तद्गतमार्गानुसारिक्रियाया अपि मोक्षमार्गत्वाभावात्, तदंशचारित्रक्रियाया एवांशत्वादिति चेत्? ~न, संग्रहनयादेशादनुयोगद्वारप्रसिद्धदृष्टान्तेन स्वदेशदेशस्यापि स्वदेशत्वाविरोधादिति सूक्ष्ममीक्षणीयम् ॥२२॥

नन्वन्यमार्गस्थशीलादिक्रियाया अपि जैनमार्गानुष्ठानत्वाभावात्कथं तया देशाराधकत्वम्? इत्यत्राह

मग्गाणुसारिकिरिया जइणिच्चिय भावओ उ सव्वत्थ ।
जेणं जिणोवएसो चित्तो अपमायसारो वि ॥२३॥

[मार्गानुसारिक्रिया जैन्येव भावतस्तु सर्वत्र । येन जिनोपदेशश्चित्रोऽप्रमादसारोऽपि ॥२३॥]

मग्गाणुसारिकिरियत्ति । मार्गानुसारिणी क्रिया शीलदयादानादिरूपा सर्वत्र भावतस्तु जैन्येव, आदितो भगवत्प्रणीताया एव तस्याः सर्वत्रोपनिबन्धात्, मार्गानुसारिणां च तन्मात्र एव तात्पर्यात्।

---

નિશ્ચયનયથી જ લેવું પડે છે. 'બાલતપસ્વી દેશઆરાધક હોય છે' આવા એક વાક્યમાં ઉદ્દેશ્યના અંશભૂત બાળતપસ્વીપણું નિશ્ચયનયે લેવું અને વિધેયના અંશભૂત દેશઆરાધકપણું અશુદ્ધવ્યવહારનયે લેવું એ સ્પષ્ટ સંદર્ભવિરોધ રૂપ જ છે. માટે દ્રવ્યલિંગીને બાળતપસ્વી-દેશઆરાધક તરીકે લેવો અયોગ્ય છે. આવો સંદર્ભવિરોધ ન થાય એ માટે દેશઆરાધકપણું નિશ્ચયપ્રાપક વ્યવહારનયે લેવું અને તેને ઘટાવવા માટે માર્ગાનુસારીયમ-નિયમ વગેરે ક્રિયા રૂપ બાલતપસ્વીપણું લેવું યોગ્ય છે.~'અમે પણ વ્યવહારથી જ દેશઆરાધકપણું કહ્યું અને તમે પણ વ્યવહારથી જ કહો છો તો એમાં ફેર શું પડયો? ~એવો પ્રશ્ન ન કરવો, કેમકે વ્યવહાર-વ્યવહારમાં પણ ઘણો તફાવત હોય છે. તમે તો જે વ્યાવહારિક આરાધકત્વ નિશ્ચયની (નૈશ્ચયિક આરાધકત્વની) પ્રાપ્તિપણ કરાવી આપતો નથી તેના અભિપ્રાયથી આરાધકત્વ લેવાનું કહો છો, જ્યારે અમે નિશ્ચયની પ્રાપ્તિ કરાવી આપનાર વ્યવહારથી તે લેવાનું કહીએ છીએ. ~"વ્યવહારના આવા નિશ્ચયપ્રાપક અને અપ્રાપક જેવા કોઈ ભેદ શાસ્ત્રોમાં કહ્યા નથી~ એવી જડ બુદ્ધિ પ્રયુક્ત શંકા ન કરવી, કેમકે યોગબિન્દુ-ઉપદેશપદ વગેરેમાં આવા ભેદ બતાવ્યા છે.

શંકા-વૃત્તિકારના અભિપ્રાયને અનુસરીને પરિભાષા કરવામાં પણ અન્ય માર્ગાનુસારી બાલતપસ્વીને દેશઆરાધક શી રીતે કહેવાય? કેમકે તેની માર્ગાનુસારી ક્રિયા સમ્યગ્જ્ઞાન-દર્શન ચારિત્રમાંથી એકેય રૂપ ન હોઈ એ, એ ત્રણના સમુદાયરૂપ મોક્ષમાર્ગના દેશરૂપ નથી.

**સમાધાન**:-અનુયોગદ્વારમાં આપેલ પ્રદેશના દૃષ્ટાન્તને અનુસરીને સંગ્રહનયના અભિપ્રાયે સ્વદેશનો દેશ પણ સ્વદેશ રૂપ હોવામાં કોઈ દોષ નથી. માટે મોક્ષમાર્ગ નાદેશરૂપ જે ચારિત્ર અને તેના દેશભૂત જે માર્ગાનુસારી ક્રિયા, એ મોક્ષમાર્ગના દેશભૂત પણ છે જ. તેથી તે બાલ તપસ્વીમાં પણ દેશઆરાધકત્વ હોવામાં કોઈ વાંધો નથી એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. ॥૨૨॥

~અન્યમાર્ગોક્ત અન્યક્રિયાઓની જેમ, શીલ તરીકે અભિમત પ્રાણાતિપાતનિવૃત્તિ વગેરે પણ જૈનમાર્ગના અનુષ્ઠાન રૂપ તો હોતી જ નથી, તો તેનાથી દેશ આરાધકત્વ શી રીતે આવે? ~એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**[માર્ગાનુસારીની અન્યમાર્ગોક્ત ક્રિયાઓ પણ ભાવથી જૈનક્રિયા જ છે.]**

**ગાથાર્થ**: સર્વદર્શનમાં રહેલ માર્ગાનુસારીક્રિયા ભાવથી જૈન જ હોય છે, કેમકે અપ્રમાદને મુખ્ય કરનારો પણ જિનોપદેશ અનેકપ્રકારનો હોય છે. (અર્થાત્ તે ભૂમિકામાં રહેલા તે જીવોને તે ક્રિયાઓ જ અપ્રમાદ લાવી આપનાર હોઈ જિનોપદેશ પણ તે ક્રિયાઓને જ જણાવવાના તાત્પર્યવાળો બની જવાનો હોઈ તે ક્રિયાઓ ભાવથી જિનોક્ત હોય છે.)

બધા ધર્મમાં કરાતી શીલ-દયા દાન વગેરે રૂપ માર્ગાનુસારી ક્રિયા ભાવથી જિનોક્ત જ હોય છે, કેમકે મૂળમાં ભગવાનથી પ્રરૂપાએલી જ તે સર્વત્ર=સર્વદર્શનોમાં અપનાવાએલી છે,

ते हि क्षीरनीरविवेककृतो हंसा इव निसर्गत एव शुद्धाशुद्धक्रियाविशेषग्राहिण इति । कथमियं जैनी? इत्यत्र हेतुमाह-यद्=यस्माद् अप्रमादसारोऽपि परमोपेयाऽप्रमादमुख्योद्देशोऽपि जिनोपदेशः चित्रः पुरुषविशेषापेक्षयोचितगुणाधायकतया नानाप्रकारो यो यत्प्रमाणोपदेशयोग्यस्तस्य तावत्प्रमाणगुणाधानपर्यवसन्न इति यावत् । तदुक्तमुपदेशपदे [९३३]—

[1]*एवं जिणोवएसो उचियाविक्खाइ चित्तरूवोत्ति । अपमायसारयाएवि तो सविसयगो मुणेयव्वो ॥*

एतद्वृत्तिर्यथा-"एवं गुरुकर्मणां प्रव्रज्याप्रतिपत्त्यसहिष्णुत्वे सति जिनोपदेशः सर्वज्ञप्रज्ञापनारूपः उचितापेक्षया यो यत्प्रमाणस्योपदेशस्य योग्यस्तदपेक्षया चित्ररूपो नानारूपतया प्रवर्त्तत इति प्राग्वत् । अप्रमादसारतायामपि अप्रमादः सारः करणीयतया यत्र जिनोपदेशे स तथा तस्या भावस्तत्ता तस्यामपि, तत् तस्मात् सविषयः सगोचरः गो इतिपूर्ववत् मुणेयव्वोत्ति मुणितव्यः । यदा हि जिनोपदेशश्चित्ररूपतया व्यवस्थितोऽप्रमादसारोऽपि तदापुनर्बन्धकादीन् निर्वाणमार्गप्रज्ञापनायोग्यानधिकृत्य केचित्सामान्यदेशनायाः केचित्सम्यग्दृष्टिगुणयोग्यप्रज्ञापनायाः केचिद्देशविरतिगुणस्थानकार्हप्ररूपणायाः केचिन्निर्दूधूतचारित्रमोहमालिन्या अप्रमत्ततारूपप्रव्रज्यादेशनाया योग्या इति नाऽविषयाऽप्रमत्तताप्रज्ञापनेति" ततश्च मार्गानुसारिक्रियापि भगवत्सामान्यदेशनार्थ इति भावतो जैन्येवेति प्रतिपत्तव्यम् ॥२३॥

नन्वेवं भागवतीं सामान्यदेशनामनुसृत्य प्रवर्त्तमानानां मिथ्यादृशामपि सा मार्गानुसारिणी क्रिया सिद्ध्यतु(शील)दयादानादिका जैनी, पतञ्जल्याद्युक्तमनुसृत्य प्रवर्त्तमानानां तु सा कथं जैनी? जिनदेशनानुसन्धानमूलप्रवृत्त्यनुपहितत्वादित्याशङ्कायामाह—

---

વળી માર્ગાનુસારી જીવ એ અન્ય ધર્મમાં કહેલી બધી ક્રિયાઓ કરવાનું તાત્પર્ય=રુચિ-રસ ધરાવતા હોતા નથી. કિન્તુ જિનવચનાનુકૂલ હોય તેવી જ ક્રિયાઓનું તાત્પર્ય ધરાવતાં હોય છે, કેમકે હંસ જેમ સ્વભાવથી જ દૂધ-પાણીનો વિવેક કરે છે તેમ તેઓ પણ સહજ રીતે જ શુદ્ધ અને અશુદ્ધ ક્રિયાઓનો વિવેક કરતાં હોય છે. (તેઓની આ ક્રિયાઓ જિનોક્ત કેમ છે?એ માટે ઉત્તરાર્ધમાં 'જેણં...' વગેરેથી હેતુ બતાવ્યો છે.) પરમ ઉપેયરૂપ અપ્રમાદના જ મુખ્ય ઉદ્દેશવાળો જિનોપદેશ જુદી જુદી ભૂમિકાએ રહેલા જીવોમાં યોગ્ય ગુણો લાવી આપનાર હોવાથી અનેક પ્રકારનો હોય છે. અર્થાત્ જેને જેટલા ઉપદેશથી ગુણપ્રાપ્તિ થવાની હોય તેને માટે તેટલા જ પ્રમાણમાં તે પ્રવર્તો છે. ઉપદેશપદ (૯૩૩)માં કહ્યું છે કે "આમ ભારે કર્મી જીવો પ્રવ્રજ્યા પાલનને અસમર્થ હોઈ સર્વજ્ઞે કરેલી પ્રરૂપણારૂપ જિનોપદેશ, જે જીવ જેટલા ઉપદેશને યોગ્ય હોય તેની અપેક્ષાએ તેને ઉપદેશ અપાય છે. જીવોની ઉપદેશ ગ્રહણ યોગ્યતારૂપ ભૂમિકા અનેક પ્રકારની હોઈ ઉપદેશ પણ અનેક પ્રકારનો અપાય છે. તેથી અપ્રમાદ જ મુખ્યકર્ત્તવ્ય હોવા છતાં આ બધો જિનોપદેશ સવિષય છે. અર્થાત્ એના વિષય=યોગ્ય અધિકારી કોઈ નથી એવું નથી. આમ અપ્રમાદની મુખ્યતાવાળો એવો પણ જિનોપદેશ જો અનેક પ્રકારનો હોય છે તો મોક્ષમાર્ગની પ્રજ્ઞાપનાને યોગ્ય અપુનર્બંધક વગેરેમાંથી કેટલાક સામાન્ય દેશનાને, કેટલાક સમ્યક્ત્વ ગુણયોગ્ય પ્રજ્ઞાપનાને, કેટલાક દેશવિરતિ યોગ્ય ઉપદેશને અને ચારિત્રમોહનીય રૂપ મેલને ખંખેરી નાખનારા કેટલાક અપ્રમત્તતા રૂપ પ્રવ્રજ્યા યોગ્ય દેશનાને યોગ્ય હોય છે. તેથી અપ્રમત્તતાની આ વિવિધપ્રકારની પ્રજ્ઞાપના ક્યાંય પણ વ્યર્થ હોતી નથી" તેથી માર્ગાનુસારી ક્રિયા પણ ભગવાન્‌ની સામાન્યદેશનામાં જણાવએલા પદાર્થરૂપ હોઇ ભાવથી જૈન જ હોય છે એ સ્વીકારવું જોઇએ. ॥૨૩॥

~"ભગવાને આપેલ સામાન્ય દેશનાના વચનોને પકડીને દયા વગેરેમાં પ્રવર્ત્તતા મિથ્યાત્વીઓની તે માર્ગાનુસારી શીલ-દયા-દાનાદિ ક્રિયા ભલે જૈની હોય, પણ પતંજલી વગેરેના વચનોને અનુસરીને પ્રવર્ત્તતા જીવોની તે શીલાદિ ક્રિયા જૈની શી રીતે કહેવાય? કેમકે તે, જિનવચનના "આ શ્રીજિનેશ્વર ભગવંતે કહી છે" એવા અનુસંધાનમૂલક હોતી નથી" ~ એવી શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે—

---

१ एवं जिनोपदेश उचितापेक्षया चित्ररूप इति । अप्रमादसारतायामपि ततः सविषयो ज्ञातव्यः ॥

अण्णत्थवि जमभिण्णं अत्थपयं तं जिणिंदसुअमूलं ।
अण्णोवि तयणुसारी तो देसाराहगो जुत्तो ।२४॥

[अन्यत्रापि यदभिन्नमर्थपदं तज्जिनेन्द्रश्रुतमूलम् । अन्योऽपि तदनुसारी ततो देशाराधको युक्तः ॥२४॥]

**अण्णत्थवि** त्ति । अन्यत्रापि पातञ्जलादिशास्त्रेऽपि यदर्थपदं पुरुषार्थोपयोगिवचनं अभिन्नं भगवद्वचनैकार्थं तज्जिनेन्द्रश्रुतमूलं, तदनुसारेणैव तत्र तदुपनिबन्धात् । तथा च ततोऽपि जायमाना मार्गानुसारिणी क्रिया वस्तुतो भगवद्देशनाविषयत्वेन भावतो जैन्येव । नहि मध्यस्थस्यान्योक्तत्वज्ञानं तत्फलप्रतिबन्धकं, दृष्टिरागसहकृतस्यैव तस्य तथात्वात् । अत एव नाभिन्नार्थेऽन्योक्तत्वमात्रेण सर्वनयवादसंग्रहहेतुचिन्ताज्ञानापादितमाध्यस्थ्यगुणानां साधुश्रावकाणां प्रद्वेषः, तत्प्रद्वेषस्य तन्मूलदृष्टिवाद-प्रद्वेषमूलत्वेन महापापत्वात् । तदुक्तमुपदेशपदसूत्रवृत्त्योः [६९३]—
[1]जं अत्थओ अभिन्नं अण्णत्था सद्दओवि तह चेव । तंमि पओसो मोहो विसेसओ जिणमयठिआणं ॥
यद्वाक्यमर्थतो वचनभेदेऽप्यर्थमपेक्ष्य अभिन्नमेकाभिप्रायं तथा अन्वर्थाद्=अनुगतार्थात् शब्दतोऽपि शब्दसन्दर्भमपेक्ष्य तथैव अभिन्नमेव । इह परसमये द्विधा वाक्यान्युपलभ्यन्ते कानिचिदर्थत एवाभिन्नानि
[2]अप्पा णई वेयरणी अप्पा मे कूडसामली । अप्पा कामदुघा धेणू अप्पा मे नंदणं वनं ॥

---

**[અન્યશાસ્ત્રોક્ત સમાનાર્થક વાતો જૈન શ્રુતમૂલક જ છે.]**

**ગાથાર્થ**:-અન્યશાસ્ત્રમાં પણ જે સમાન અર્થપદ હોય છે તે શ્રીજિનેન્દ્રશ્રુતમૂલક જ હોય છે. તેથી તેને અનુસરીને પ્રવર્તનાર અન્યમાર્ગસ્થ પણ દેશઆરાધક હોવો યુક્ત જ છે.

**પાતંજલાદિ** શાસ્ત્રમાં પણ ધર્મપુરૂષાર્થને ઉપયોગી જે વચન ભગવદ્વચનને સમાન અર્થવાળું હોય તે શ્રીજિનેંદ્રપ્રણીત શ્રુતમૂલક જ હોય છે, કેમકે તેને અનુસરીને જ તે શાસ્ત્રમાં તે વચનો કહેવાએલા હોય છે. તેથી એ શાસ્ત્રવચનોને અનુસરીને થતી માર્ગાનુસારી ક્રિયા પણ વસ્તુતઃ ભગવદ્ દેશનાના જ વિષયરૂપ હોઇ ભાવથી જૈની જ હોય છે.

**શંકા**-છતાં તે ક્રિયા કરનારના મનમાં "હું પતંજલિએ કહેલી ક્રિયા કરું છું" એવું જ હોય છે. તેથી 'હું આ જિનોક્ત ક્રિયા કરું છું' એવા અભિપ્રાયપૂર્વક થતી ક્રિયાનું જેટલું ફળ મળે એટલું તો એને મળશે જ નહિ. તેથી એને જિનોક્ત અનુષ્ઠાનને તુલ્યરીતે જ જૈની કેમ કહેવાય?

**સમાધાન**-મધ્યસ્થજીવોને થએલું 'હું અન્યે (પતંજલિએ) કહેલ ક્રિયા કરું છું' એવું અન્યોક્તત્વજ્ઞાન તેના પૂર્ણ ફળને અટકાવી શકતું નથી. પતંજલિ વગેરે અન્ય પરના દષ્ટિરાગના સાહચર્યવાળું જ તે તેને અટકાવી શકે છે. તેથી જ સર્વનયવાદોનો સંગ્રહ કરવામાં હેતુભૂત એવા ચિન્તાજ્ઞાનથી માધ્યસ્થ્ય ગુણ પામેલા સાધુ અને શ્રાવકો અન્યશાસ્ત્રોક્ત સમાન બાબતો પર અન્યોક્તત્વમાત્રના કારણે પ્રદ્વેષ રાખતા નથી, કેમકે એના પરનો એ દ્વેષ તે તે બાબતોના મૂળભૂત દષ્ટિવાદપરના દ્વેષમૂલક હોવો પર્યવસિત થતો હોઇ મહાપાપરૂપ છે. **ઉપદેશપદ સૂત્ર** (૬૯૩)માં કહ્યું છે કે" અન્યશાસ્ત્રમાં કહેલી જે વાત અર્થથી સમાન હોય કે જે શબ્દથી પણ સમાન હોય તેમાં દ્વેષ રાખવો એ મૂઢતા છે, વિશેષે કરીને જિનમતમાં રહેલા જીવો માટે." તેની વૃત્તિમાં પણ કહ્યું છે કે" જે બાબત વચનભેદ હોવા જતાં અર્થથી સમાન અભિપ્રાયવાળી, હોય તથા જે વાત સાન્વર્થ શબ્દની અપેક્ષાએ પણ સમાન હોય તેવા વિશિષ્ટક્ષયોપશમાદિને જણાવનાર જિનવચન સાથે અભિન્ન અર્થવાળા અકરણનિયમવગેરેને જણાવનાર વાક્યોમાં "આ તો અન્યશાસ્ત્રની

---

१ यदर्थतोऽभिन्नमन्वर्थाच्छब्दतोऽपि तथा चैव । तस्मिन्प्रद्वेषो मोहाद् विशेषतो जिनमतस्थितानाम् ॥
२ आत्मा नदी वैतरणी आत्मा मे कूटशाल्मली । आत्मा कामदुघा धेनुरात्मा मे नन्दनं वनम् ॥

[उत्तरा. २०-३६] इत्यादिभिर्वाक्यैर्यथा भारतोक्तानि
इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ । निगृहीतविशि(सृ)ष्टानि स्वर्गाय नरकाय च ॥
आपदां प्रथितः पन्था इन्द्रियाणामसंयमः । तज्जयः संपदामग्रे येनेष्टं तेन गम्यताम् ॥
इत्यादीनीति । कानिचिच्छब्दतोऽर्थतश्च-'जीवदया सच्चवयण' इत्यादिभिः प्रसिद्धैरेव वाक्यैः सह,
यथा—पञ्चैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् । अहिंसा सत्यमस्तेयं त्यागो मैथुनवर्जनम् ॥
इत्यादीनि । एवं स्थिते तस्मिन्नभिन्नार्थेऽकरणनियमादौ वाक्ये विशिष्टक्षयोपशमादिवाधयेन सह
प्रद्वेषः 'परसमयप्रज्ञापनेयं' इतीर्ष्या मोहो मूढभावलक्षणो वर्त्तते बौद्धादिसामान्यजनस्यापि, विशेषतो
जिनमतस्थितानां सर्वनयवादसङ्ग्रहान्मध्यस्थभावानीतहृदयाणां साधुश्रावकाणाम्" अत एवान्यत्राप्यनेनोक्तं
गुणतस्तुल्ये तत्त्वे संज्ञाभेदागमान्यथादृष्टिः । भवति यतोऽसावधमो दोषः खलु दृष्टिसंमोहः ॥
[षो. ४-११] इति । एतत्समर्थयन्नाह

[1]सव्वप्पवायमूलं दुवालसंगं जओ समक्खायं । रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ॥६९८॥

सर्वप्रवादमूलं=भिक्षुकणभक्षाक्षपादादितीर्थान्तरीयदर्शनप्रज्ञापनानामादिकारणं, किं तद् ? इत्याह-द्वादशाङ्गं द्वादशानामाचारादीनामङ्गानां प्रवचनपुरुषावयवभूतानां समाहारो, यतः कारणात् समाख्यातं=सम्यक्-प्रज्ञप्तं सिद्धसेनदिवाकरादिभिः यतः पठ्यते—

उदधाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ अत एव रत्नाकरतुल्यं=क्षीरोदधि-प्रभृतिजलनिधिनिभं, खलु निश्चये, तत्तस्मात् सर्वमपरिशेषं सुन्दरं=यत्किञ्चित्प्रवादान्तरेषु

---

વાતો છે" એવો દ્વેષ રાખવો એ બૌદ્ધ વગેરે સામાન્યલમીં માણસો માટે પણ મૂઢતા રૂપ છે અને સર્વનયવાદોનો સમન્વય કરવાથી મધ્યસ્થ ચિત્તવાળા થએલા સાધુ–શ્રાવકોને માટે તો એવો દ્વેષ વિશેષથી મૂઢતારૂપ છે. અન્ય શાસ્ત્રોમાં બે પ્રકારના વાક્યો હોય છે. કેટલાક માત્ર અર્થથી જ સમાન હોય છે. જેમકે ઉત્તરાધ્યયન (૨૦-૩૬)ના "આત્મા પોતે જ વૈતરણી નદી છે; આત્મા જ મારા માટે કાંટાળું શાલ્મલી વૃક્ષ છે, આત્મા જ ઈચ્છાઓને પૂરનાર કામધેનુ છે અને આત્મા જ મારા માટે નંદનવન છે" ઈત્યાદિ જણાવનાર વાક્યો સાથે "ઈન્દ્રયો જ સ્વર્ગ અને નરક બન્ને છે. નિગ્રહ કરાએલી ઈન્દ્રયો સ્વર્ગને આપનારી બને છે અને નિગ્રહ ન કરાએલી (છૂટી મૂકાયેલી) તે નરક અપનારી બને છે. ઈન્દ્રયોનો અસંયમ આપત્તિઓનો અને જય ભાવી સંપત્તિઓના ધોરી માર્ગ છે. તેથી જે માર્ગ ગમે તે માર્ગે જાવ." ઈત્યાદિ જણાવનાર ભારત વચનો સમાનાર્થક છે. કેટલાક વાક્યો શબ્દથી અને અર્થથી બન્ને રીતે સમાન હોય છે. જેમકે "જીવદયા સત્યવચન..." વગેરે પ્રસિદ્ધ વાક્યો સાથે "સર્વધાર્મિક જનોએ અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ (નિષ્પરિગ્રહતા) અને મૈથુનવર્જનને પવિત્ર માન્યા છે" ઇત્યાદિ વાતો." આમ આવી વાતો પર દ્વેષ રાખવો એ મોહરૂપ હોવાથી જ **શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** અન્યત્ર (ષો. ૪-૧૧) પણ કહ્યું છે કે "ગુણ=ઉપકારરૂપ ફળને આશ્રીને તુલ્ય એવી પણ વસ્તુમાં નામના ભેદમાત્રથી વ્યકિત જેના કારણે 'આ કર્ત્તવ્ય છે આ અકર્ત્તવ્ય' ઈત્યાદિ વિપરીત દૃષ્ટિવાળો થાય છે તે ખરેખર દૃષ્ટિરાગ નામનો અધમ દોષ છે.'' આ જ બધી વાતનું સમર્થન કરતાં ઉપદેશપદમાં (૬૯૪) આગળ કહે છે—

## [અન્યશાસ્ત્રોકત સુંદરવાતોનો દ્વાદશાંગીમાં સમવતાર]

"પ્રવચનપુરુષના અવયવભુત આચારાદિ બાર અંગોના સમુદાયાત્મક દ્વાદશાંગ **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિ** વગેરે વડે ભિક્ષુ-કણભક્ષ-અક્ષપાદાદિ તીર્થાન્તરીય દર્શનો રૂપ સર્વપ્રવાદોની પ્રરૂપણાનું મૂળ કારણ કહેવાયું છે. તેથી જણાય છે કે એ ખરેખર ક્ષીરોદધિ વગેરે રત્નાકર જેવું છે અને તેથી અન્યદર્શનોમાં જે કંઈ સુંદર જોવા મળે તેનો તેમાં સમવતાર કરવો. અર્થાત્ યોગના તે તે શાસ્ત્રોમાં

---

[1] सर्वप्रवादमूलं द्वादशांगं यतः समाख्यातम् । रत्नाकरतुल्यं खलु ततः सर्वं सुन्दरं तस्मिन् ॥

समुपलभ्यते तत्तत्र समवतारणीयम् । इत्यकरणनियमादीन्यपि वाक्यानि तेषु तेषु योगशास्त्रेषु व्यासकपि(लका)लातीतपतञ्जल्यादिप्रणीतानि जिनवचनमहोदधिमध्यलब्धोदयान्येव द्रष्टव्यानीति । तेषामवज्ञाकरणे सकलदुःखमूलभूताया भगवदवज्ञायाः प्रसङ्गात् न काचित्कल्याणसिद्धिरिति ।'

अत्र कश्चिदाह ~ जैनानामकरणनियमपरिहारशङ्कानिरासार्थमेव तीर्थान्तरीयवर्णितत्वमुपवर्णितं, न त्वन्यतीर्थिकेष्वकरणनियमोऽस्तीति भणितम् । वर्णनं च वर्णनीयवस्तुविषयकयथार्थज्ञानसापेक्षमेव, अन्यथा च तथाभूतवर्णनं सम्यगेव स्यात्, तथा च तद्दर्शनेऽपि धर्मसद्भावप्रसङ्गः । इत्थं च कपिलस्य पुरस्तात् 'मनागिहापि धर्मोऽस्ति' इति परिव्राजकदर्शनमधिकृत्य मरीचिवचनमुत्सूत्रं न स्याद् इति ~ तदसत्, तीर्थान्तरीयाणामपि सद्भूताकरणनियमवर्णनस्य शुभभावविशेषसापेक्षत्वेन मार्गानुसारितया तेषु सामान्यधर्मसिद्धेः । शुभभावविशेषसापेक्षत्वं च तस्य

[1] इत्तो अकरणनियमो अण्णेहि वि वण्णिओ ससत्थंमि । सुहभावविसेसाओ ण चेवमेसो ण जुत्तोत्ति ॥६९२॥

---

વ્યાસ-કપિલ-કાલાતીત-પતંજલિ વગેરે વડે કહેવાએલા અકરણનિયમાદિના પ્રતિપાદક વચનો પણ જિનવચનરૂપ સમુદ્રમાંથી જ ઉદ્ભવેલા જાણવા. તેથી તે અકરણનિયમ વગેરેની અવજ્ઞા કરવામાં જિનવચનની અવજ્ઞા થઇ જતી હોવાથી કાંઈ કલ્યાણપ્રાપ્તિ થતી નથી. દ્વાદશાંગ સર્વપ્રવાદોના મૂલ તરીકે આ રીતે કહેવાયું છે-હે પ્રભો! સમુદ્રમાં જેમ બધી નદીઓ ભેગી થયેલી હોય છે તેમ તારા દર્શનમાં અન્યદર્શનો ભેગા થએલા છે-સમાઈ ગએલા છે. પણ જુદી જુદી નદીઓમાં જેમ સમુદ્ર દેખાતો નથી તેમ પૃથક્ દૃષ્ટિઓમાં તું (તારું દર્શન) દેખાતો નથી."

[ઇતરોમાં અકરણનિયમનું માત્ર વર્ણન છે, પાલન નહિ-પૂ.]

આ બાબતમાં કોઇ શંકા કરે છે કે- શંકા-પણ જે અકરણનિયમ વગેરેના કારણે અન્યમાર્ગસ્થ જીવોમાં પણ તમે દેશઆરાધકત્વ માનવાનો આગ્રહ રાખો છો તે અકરણ નિયમ વગેરે જ તેઓમાં હોતા નથી. ઉપદેશપદ (૬૮૨) વગેરેમાં "અન્યતીર્થિકોએ પાતંજલાદિ સ્વશાસ્ત્રમાં અકરણનિયમ વર્ણવ્યો છે" ઇત્યાદિ જે કહ્યું છે તેમાં પણ અકરણનિયમ છોડી દેવાની "આ અકરણનિયમને તો ઈતરો કરે છે, માટે આપણે ન કરવો જોઈએ" ઇત્યાદિ શંકા જૈનોને ઊભી ન થાય એ માટે "અકરણનિયમનું અન્યશાસ્ત્રકારોએ વર્ણન કર્યું છે" એટલું જ કહ્યું છે "અન્યદર્શનોમાં પણ તે હોય છે (તેનું વાસ્તવિક પાલન હોય છે)" એવું કહ્યું નથી. એમ તેના વૃત્તિમાં પણ "આ અકરણનિયમ અન્યતીર્થિકોએ વર્ણવ્યો છે એટલા માત્રથી એ 'યુક્ત નથી' એવું નથી પણ યુક્ત જ છે" એવું જ કહ્યું છે, "આ અકરણનિયમ અન્ય દર્શનોમાં પણ હોય છે એટલા માત્રથી એ યુક્ત નથી એવું નથી, પણ યુક્ત જ છે" એવું કહ્યું નથી. અર્થાત્ એવો અભિપ્રાય પ્રકટ કર્યો છે કે અન્ય દર્શનોમાં "અકરણનિયમની જે વાતો જોવા મળે છે તે માત્ર વાતો જ જાણવી, વાસ્તવિક પાલન નહિ. (અને તેથી જૈનોએ એને છોડવાની જરૂર નથી.)" ~ "પણ તે તે દર્શનકારોએ તેનું વર્ણન કર્યું છે તે પોતપોતાના દર્શનમાં અકરણનિયમ જોઈને જ કર્યું હશેને?" ~ એવી શંકા ન કરવી, કેમકે કોઇપણ વસ્તુનું વર્ણન કરવું હોય એ માટે એ વસ્તુનું યથાર્થ જ્ઞાન જોઇએ જ એવો નિયમ નથી. 'જે વસ્તુનું જેવું વર્ણન કરવું હોય તે વસ્તુ તેવારૂપે હાજર હોય અને તે રૂપે જણાતી હોય તો યથાર્થ જ્ઞાન થયું કહેવાય' એ ખ્યાલમાં રાખવું. તે વસ્તુ હાજર ન હોય અથવા તેવારૂપે હાજર ન હોય અને છતાં "આ વસ્તુ અહીં આ રૂપે હાજર છે" એવા થઇ ગએલા ભ્રમાત્મક જ્ઞાનથી પણ તેવું વર્ણન થઇ શકે છે. બાકી વર્ણન જો યથાર્થ જ્ઞાનથી જ થઈ શકતું હોય તો તો એવો નિયમ ફલિત થઈ જાય કે "કોઈપણ વ્યક્તિએ જે કાંઈ વર્ણન કર્યું હોય તે બધું સમ્યગ જ હોય." વળી આવો નિયમ ફલિત થઈ જાય તો આપત્તિ એ આવે કે અન્ય દર્શનકારોએ

इत्युपदेशपदवचनेनैव प्रसिद्धम् । ~न चैवंविधस्तेषां शुभाध्यवसायस्तथाभूतज्ञानावरणीयमोहनीय-क्षयोपशमजनितत्वेन स्वयमेवोक्तो निरनुबन्धशुभप्रकृतिहेतुत्वादनर्थहेतुरेवेति परेण वक्तुं युक्तं, ~निरुपधिभवबीजप्रहाणेच्छागोचरमार्गानुसारिशुभाध्यवसायस्य शुभानुबन्धिपुण्यनिमित्तत्वेनोक्तत्वात् । तदुक्तमपुनर्बन्धकाधिकारे योगबिन्दौ [ १९३-९४ ]-

क्रोधाद्यबाधितः शान्त उदात्तस्तु महाशयः । शुभानुबन्धिपुण्याच्च विशिष्टमतिसङ्गतः ॥
ऊहतेऽयमतः प्रायो भवबीजादिगोचरम् । कान्तादिगतगेयादि तथा भोगीव सुन्दरम् ॥

---

સ્વદર્શનમાં જે અકરણનિયમ વગેરેનું વર્ણન કર્યું છે તે સમ્યગ જ હોવાથી તેઓના દર્શનમાં તે ધર્મની પણ હાજરી માનવી પડે. વળી આ રીતે તો કપિલની આગળ મરીચિએ "અહીં પણ કંઈક ધર્મ છે" એવું જે વચન કહ્યું હતું તે પરિવ્રાજકદર્શનની અપેક્ષાએ ઉત્સૂત્ર નહિ બને. તાત્પર્ય-મરીચિનો પરિવ્રાજક વેશ જોઈ કપિલને તો 'અહીં' શબ્દથી પરિવ્રાજક દર્શન જ મનમાં ઉપસ્થિત થયું. 'વળી જે કોઇ વર્ણન હોય તે સમ્યગ જ હોય' એવો તમે નિયમ માન્યો છે. તેથી મરીચિના એ વચન રૂપ વર્ણન સમ્યગ જ માનવું પડે. એટલે કે પરિવ્રાજક દર્શનમાં પણ એ સમ્યગ્વર્ણન અનુસારે કંઇક ધર્મની હાજરી સિદ્ધ થઇ જ જાય અને તો પછી મરીચિના એ વચનને ઉત્સૂત્ર શી રીતે કહેવાય? આવી આપત્તિ ઊભી ન થાય એ માટે 'વર્ણન યથાર્થ જ્ઞાનથી જ થાય, વર્ણન સમ્યગ જ હોય' એવો નિયમ માની શકાતો નથી. તેથી જ 'અન્યશાસ્ત્રોમાં પણ અકરણનિયમનું વર્ણન છે' એવું જણાવનાર ઉપદેશપદનાવચન પરથી તેનું વર્ણન માત્ર હોવું સિદ્ધ થાય છે, હાજરી નહિ. તેથી અન્ય દર્શનોમાં સદ્ભૂત અકરણનિયમ વગેરે ક્રિયા જ હોવી સિદ્ધ નથી તો કઈ ક્રિયાન ભાવથી જૈન ક્રિયા માની અન્યમાર્ગસ્થ જીવોને માર્ગાનુસારી કહી શકાય?

**[ અકરણનિયમ વર્ણન પણ શુભભાવસાપેક્ષ/માર્ગાનુસારિતાસાધક-ઉ.]**

**સમાધાન**-આવી શંકા યોગ્ય નથી. સદ્ભૂત અકરણ નિયમનું વર્ણન શુભભાવસાપેક્ષ હોય છે. તેથી અન્યતીર્થિકે કરેલ તે વર્ણન પરથી, તેના કારણભૂત શુભભાવની તેઓમાં વિદ્યમાનતા સિદ્ધ થાય છે. જેના કારણે તેઓમાં માર્ગાનુસરિતાની સિદ્ધ થવાથી તદ્રૂપ સામાન્યધર્મની પણ સિદ્ધિ થાય જ છે. તે વર્ણન શુભભાવવિશેષને સાપેક્ષ હોય છે એ વાત **ઉપદેશપદ** (૬૯૨)ના આ વચનથી જ સિદ્ધ છે. "તેથી જ અન્યતીર્થિકો વડે પણ પાતંજલ વગેરે સ્વશાસ્ત્રમાં અકરણનિયમનું શુભભાવવિશેષથી વર્ણન કરાયું છે. અન્યતીર્થિકોએ એ વર્ણવ્યો છે એટલા માત્રથી એ યુક્ત નથી એવું નથી."

વળી, તેઓનો આ શુભભાવવિશેષ કે જેને ખુદ પૂર્વપક્ષીએ પોતે જ જ્ઞાનાવરણ કર્મના અને મોહનીયકર્મના થઈ ગએલા તેવા પ્રકારના ક્ષયોપશમથી ઉત્પન્ન થએલો કહ્યો છે તે શુભભાવવિશેષ અંગે જ પછી પૂર્વપક્ષી આવું જે કહે છે કે "એ શુભભાવવિશેષ નિરનુબંધ શુભપ્રકૃતિના હેતુભૂત હોવાથી પરિણામે અનર્થનો જ હેતુ છે. (અને તેથી એના કારણે થએલું અકરણનિયમવર્ણન વગેરે પણ શુભચીજ હોવી નક્કી થતી નથી)" તે યોગ્ય નથી, કેમકે સંસારબીજના નાશ કરવાની નિરુપાધિક ઇચ્છાથી પ્રવર્તેલો તેઓનો આ શુભ-અધ્યવસાય પુણ્યાનુબંધી પુણ્યનો હેતુ છે એવું શાસ્ત્રમાં કહ્યું છે. જેમકે યોગબિન્દુ (૧૯૩-૧૯૪)માં અપુનર્બંધકના અધિકારમાં કહ્યું છે કે "ક્રોધાદિથી બાધા ન પામેલો, શાન્ત, ઉદાત્ત, મહાન, આશયવાળો અને શુભાનુબંધી પુણ્યથી વિશિષ્ટબુદ્ધિ (માર્ગાનુસારી પ્રૌઢપ્રજ્ઞા)વાળો થએલો આ અપુનર્બંધક તે બુદ્ધિથી સંસારનું બીજ કર્મ, સંસારનું સ્વરૂપ વગેરેના પ્રાયઃ ઊહાપોહ (વિચાર) કરે છે. જેમકે વિચક્ષણ ભોગીપુરુષ પ્રિયાના સુંદરગીત-રૂપવગેરેના વિચાર કર્યા કરે તેમ."

अत एव परेषामकरणनियमवर्णनहेतुः शुभभावविशेषो वज्रवदभेद्यः प्रशस्तपरिणामभेद उपदेशपद-वृत्तौ विवृतः । अयमेव ह्यस्य विशेषो यद्विशेषदेशनाप्रतिसंधानं विनापि तद्विषयपर्यवसायित्वमिति । अत एव मार्गानुसारिणां परेषां जैनाभिमतप्रकारेण जीवाद्यनभ्युपगमान्न नास्तिकत्वं, विप्रतिपन्नांशे पक्षपातपरित्यागे सति वस्तुतस्तदभ्युपगमपर्यवसानाद् । अत एव च शुभभावविशेषादकरणनियम-वर्णनं मार्गानुसारिणामेव, यदृच्छाप्रणयनप्रवृत्तानामर्वाचीनानां च प्रवाहपतितत्वेन घुणाक्षरन्यायेनैवेति जिनवचनविषयकपरोपनिबन्धेऽप्यस्ति विशेषः । तदिदमुक्तं धर्मबिन्दुवृत्तौ (१-श्लोक ३) यच्च यदृच्छाप्रणयनप्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित्किंचिदविरुद्धमपि वचनमुपलभ्यते, मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित्तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात्तस्येति" । एतेन-"घुणाक्षरन्यायेन जैनाभिमतवस्तुवर्णनानुकारि वर्णनमन्यतीर्थिकेषु भवत्यपीति प्रवचने प्रतीत-मेवेति तेषामकरणनियमवचनमाकृतिमात्रमेवेति"-अपास्तं, मार्गानुसारिदृष्ट्या तद्वर्णनस्य घुणाक्षर-विलक्षणत्वात्, औघिकयोगदृष्ट्या सर्वविशेषावगाहिसम्यक्त्वाभावेऽपि सामान्यधर्मप्रदर्शनाविरोधात् ।

[ઇતરોક્ત અકરણનિયમ વર્ણનમાં દ્વૈવિધ્ય]

આમ અકરણનિયમવર્ણનનો હેતુ બનનાર અન્યતીર્થિકોનો આ શુભ અધ્યવસાય શુભાનુબંધી પુણ્યનો હેતુ હોવાથી તેને ઉપદેશપદ(શ્લોક ૧૯૨)ની વૃત્તિમાં વજ્ર જેવા અભેદ્ય પ્રશસ્તપરિણામ તરીકે વર્ણવ્યો છે. તેઓના આ શુભપરિણામની એજ વિશેષતા હોય છે કે શ્રીજિનેશ્વરભગવંતની સદ્ભૂત અકરણનિયમને જણાવનાર દેશનાવિશેષનું પ્રતિસંધાન ન હોવા છતાં તદ્વિષયક વર્ણનમાં જ એ ફલિત થાય છે. (અર્થાત્ શ્રીજિનેશ્વરદેવની દેશના અકરણ નિયમનું જેવું પ્રરૂપણ કરતી હોય તેવું આ શુભ અધ્યવસાય ફલિતરૂપે વર્ણન કરાવે છે, અન્યમાર્ગસ્થ માર્ગાનુસારીજીવોને જિનવચનોનું અનુસંધાન ન હોવાથી જૈનો જીવાદિને જેવા માને છે તેવા તેઓ માનતા નથી કે પ્રરૂપતા નથી. તેમ છતાં, તેઓના શુભભાવની ઉક્ત વિશેષતાના કારણે જ તેઓ નાસ્તિક નથી, કેમકે જેટલા અંશમાં તેઓ જુદી માન્યતા અને જુદી પ્રરૂપણા ધરાવે છે તેટલા અંશમાં પણ 'પોતે માને છે એ જ સાચું છે' એવા પક્ષપાતને તેઓએ ઊભો રાખ્યો ન હોવાથી ફલિત રીતે તો વાસ્તવિક એવા જૈનમતને જ તેઓએ સ્વીકાર્યો હોય છે. (અર્થાત્ તેઓનો શુભભાવ ફલિત તરીકે તેવી જ માન્યતાને ઊભી કરી આપે છે.) જીવાદિને અન્યપ્રકારે માનનારા અમાર્ગાનુસારી અન્ય દર્શનીઓ તો તેવો પક્ષપાત ઊભો હોવાના કારણે નાસ્તિક છે જ એ ખ્યાલમાં રાખવું. આમ પક્ષપાતનો અભાવ હોય તો વાસ્તવિકતાનો સ્વીકાર ફલિત થતો હોવાથી, માર્ગાનુસારી જીવોનું અકરણનિયમવર્ણન જ શુભભાવવિશેષથી થએલા અકરણનિયમ-વર્ણનરૂપ હોય છે, (કેમકે તેઓમાં જ પક્ષપાતનો અભાવ હોય છે.) જ્યારે તેવા શુભભાવ વગર યથેચ્છ રીતે જ પ્રરૂપણ કરવામાં પ્રવૃત્ત થએલા જીવોનું તેમજ સ્વપૂર્વજોના વચનને અનુસરીને પ્રરૂપણા કરવામાં પ્રવૃત્ત થએલા અર્વાચીન પ્રરૂપકોનું અકરણનિયમવર્ણન પ્રવાહ પતિત હોઈ ઘુણાક્ષર ન્યાયે થએલા અકરણનિયમવર્ણન રૂપ જ હોય છે, (કેમકે તેઓમાં પક્ષપાતનો અભાવ હોતો નથી.) અર્થાત્ લાકડામાં થએલકીડો લાકડાને કોતરતાં કોતરતાં કોઈ અક્ષરની આકૃતિ ઉપજાવી કાઢે તો પણ જેમ એની કોઈ મહત્તા હોતી નથી તેમ તેઓએ કરેલા અકરણનિયમવર્ણનની પણ કોઈ મહત્તા નથી આમ જિનવચનોક્ત વસ્તુના અન્યદર્શનીઓએ કરેલા વર્ણનમાં પણ આ બે વિશેષતાઓ સ્વીકારવી જોઈએ. (૧) શુભભાવથી થએલું હોવું અને(૨) ઘુણાક્ષરન્યાયે થએલું હોવું. આ વિશેષતા ધર્મબિન્દુ પહેલા અધ્યાયના ત્રીજા શ્લોકની વૃત્તિમાં પણ જણાવી છે. ત્યાં કહ્યું છે કે " યાદૃચ્છિક વર્ણન કરવામાં પ્રવર્ત્તેલા અન્ય દર્શનીઓ રાગાદિયુક્ત હોવા છતાં કીડાએ કોતરેલા અક્ષરના વ્યવહાર મુજબ તેઓનું ક્યાંક શ્રીજિનવચનને અ-વિરુદ્ધ જે કોઈ વચન મળે તે અથવા માર્ગાનુસારી બુદ્ધિવાળા જીવના પણ તેવા જે કોઈક વચન મળે છે

सामान्यधर्मसत्ता च तेषु " बौद्धादिसामान्यधार्मिकजनस्यापी" तित्वदत उपदेशपदवृत्तिकर्त्तुरेव वचनाद् व्यक्तं प्रतीयते । एवं सति " मनागिहापि धर्मोऽस्ती"ति मरीचिवचनस्योत्सूत्रत्वं न स्यादिति त्वत्समीक्षिताभिधानं, स्वतंत्रप्रमाणप्रतिपत्त्यनुबन्धिविषयतयाऽन्यदर्शने मनाग् धर्मस्याप्यभावेन तद्वचनस्योत्सूत्रत्वात्, तद्वृत्तिसामान्यधर्मेऽपि भगवद्वचनस्यैव स्वतन्त्रप्रमाणत्वात्, अथवा कपिलस्य बालत्वादन्यलिंगमेवाम्यदर्शनत्वेन तेन प्रतीतं, तत्र च स्वनिरूपितकारणताविशेषेण न कोऽपि धर्मोऽस्तीति भावाऽसत्यत्वात् तद्वचनस्योत्सूत्रत्वाऽव्याघात इति यथातन्त्रं विभावनीयम् ।

તે પણ જિનપ્રણીત જ જાણવા, કેમકે તે વચનો જિનમૂલક જ હોય છે. "(આમાં 'અથવા' શબ્દ મૂકીને માર્ગાનુસારી જીવના વચનોને અન્યજીવોના વચનોથી જે જુદા પાડ્યા છે તેનાથી માર્ગાનુસારી અન્યતીર્થિકનું અને અમાર્ગાનુસારી અન્યતીર્થિકનું અકરણનિયમવર્ણન જુદું જુદું હોય છે એ ફલિત થઇ જ જાય છે.) આ જે ફલિતાર્થ સિદ્ધ કર્યો તેનાથી જ પૂર્વપક્ષની નિમ્નલિખિત વાતનું પણ નિરાકરણ થઇ ગએલું જાણવું. તે વાત આ–' જૈનમાન્યવસ્તું વર્ણનને અનુસરનારું વર્ણન અન્યતીર્થિકોમાં ઘુણાક્ષરન્યાયે હોય પણ છે.' તે પ્રવચનામાંપ્રસિદ્ધ જ છે. તેથી તેઓએ કહેલા અકરણનિયમવચનો પણ તત્પ્રતિપાદક શ્રીજિનવચનો ની સમાન આકૃતિમાત્રવાળા જાણવા, અકરણનિયમ વગેરેને જણાવનાર વાસ્તવિક વચનરૂપ નહિ. (કીડીએ કોરી કાઢેલા અક્ષરો જેમ માત્ર આકૃતિ જ કહેવાય છે, અક્ષર નહિ, તેમ) "–આ વચનોનું નિરાકરણ એટલા માટે થઇ જાય છે કે માર્ગાનુસારી દૃષ્ટિથી કરાએલું તે વર્ણન ઘુણાક્ષર કરતાં વિલક્ષણ હોય છે એ હમણાં જ ઉપર બતાવી ગયા છીએ. સર્વવિશેષોને જણાવનારું સમ્યક્ત્વ ન હોવા છતાં ઔઘિકયોગદૃષ્ટિથી અકરણનિયમ વગેરે રૂપ સામાન્યધર્મનું પ્રદર્શન (જ્ઞાન અને વર્ણન) થવું વિરુદ્ધ નથી.

**[ઇતરદર્શનમાં ય સામાન્યધર્મની હાજરી]**

(~ચાલો, આ રીતે ઔઘિકયોગદૃષ્ટિથી સામાન્યધર્મનું જ્ઞાન અને વર્ણન થવું ભલે સ્વીકારી લઇએ. પણ તોપણ એટલા માત્રથી સામાન્યધર્મની તેઓમાં હાજરી તો સિદ્ધ થઇ જતી નથી, કેમકે બધું જ વર્ણન યથાર્થજ્ઞાનને સાપેક્ષ જ હોય એવો નિયમ નથી ઇત્યાદિ અમે આગળ કહી ગયા છીએ ~આવી શંકાનું સમાધાન આ છે કે) તેઓમાં સામાન્યધર્મની હાજરી ઉપદેશપદના વૃત્તિકારે શ્લોક ૬૯૩ની વૃત્તિમાં જે કહ્યું છે કે 'બૌદ્ધાદિ સામાન્ય ધાર્મિકજનની પણ મૂઢતારૂપ છે..." તેના પરથી સિદ્ધ થઇ જ જાય છે. આમાં બૌદ્ધ વગેરેનો 'સામાન્યધાર્મિક જન' તરીકે જે ઉલ્લેખ કર્યો છે તે જ બતાવી આપે છે કે તેઓમાં સામાન્યધર્મ તો હાજર હોય જ છે. ~"જો તેઓમાં સામાન્યધર્મની હાજરી હોય તો મરીચિનું 'અહીં પણ કંઇક ધર્મ છે' એવું વચન ઉત્સૂત્ર નહિ બને."~એવું પૂર્વપક્ષીએ જે કહ્યું છે તે તો વિચાર્યા વગર જ કહ્યું છે, કેમકે 'તે તે દર્શનના પોતપોતાના પ્રણેતાઓથી સ્વસ્વપ્રતિભા અનુસારે કહેવાએલા હોવાથી પ્રમાણભૂત છે' એ રીતે જો તે તે દર્શન માનવાના હોય તો તેઓમાં જરા પણ ધર્મ હોતો જ નથી અને તેથી એ વચન ઉત્સૂત્રરૂપ જ છે. તેઓમાં સામાન્યધર્મની પણ જે હાજરી માનીએ છીએ તે પણ ભગવદ્ વચનને સ્વતંત્રપ્રમાણ તરીકે લઇને જ. માટે માત્ર પોતાના વચનના બળે જ પોતાના દર્શનમાં ધર્મ મનાવવાનું મરીચિનું વચન ઉત્સૂત્ર હતું જ. અથવા કપિલ 'બાલ' હોવાથી. (જે માત્ર બાહ્ય આચારોને જ જુએ તે બાલ). તેને તો બાહ્ય પરિવ્રાજકલિંગને જ એક સ્વતંત્રદર્શન (ધર્મ) તરીકે 'ઇહ' શબ્દથી પકડ્યો. આ લિંગની કલ્પનામાં મરીચિએ જે કારણો કલ્પેલા કે " સાધુઓ ત્રિદંડથી ગુપ્ત છે હું નથી, માટે હું ત્રિદંડ રાખીશ' વગેરે તે બધા કારણોને આગળ કરીને તો આ વેશમાં કોઇ ધર્મ હતો જ નહિ. તેથી મરીચિનું વચન ભાવઅસત્ય રૂપ હોઇ (અર્થાત મરીચિ જાણતો હતો કે હું આ કહીશ તેનાથી કપિલને તો આ લિંગમાં જ ધર્મ હોવાની બુદ્ધિ થવાની છે જેમાં કોઇ ધર્મ નથી અને છતાં એ વચન કહ્યું તેથી) તેમાં ઉત્સૂત્રપણું તો અક્ષત જ જ છે એવું સિદ્ધાન્તને અનુસરીને વિચારવું.

~अथैवमन्यदर्शने क्वचित्सत्यत्वं क्वचिच्चाऽसत्यत्वमिति मिश्रत्वं स्याद् नत्वेकान्तमिथ्यात्वं, न चैतदिष्यते, तस्यैकान्तमिथ्यारूपस्यैवाभ्युपगमात् । तदुक्तं दशवैकालिकनिर्युक्तौ (अ. ७)-
[1]सम्मद्दिट्ठी उ सुअंमि अणुवउत्तो अहेउअं चेव । जं भासइ सा मोसा मिच्छद्दिट्ठी विय तहेवत्ति ॥
एतद्वृत्तिर्यथा-सम्यग्दृष्टिरेव श्रुते आगमेऽनुपयुक्तः प्रमादाद्यत्किंचिदहेतुकं चैव युक्तिविकलं चैव यद्भाषते तन्तुभ्यः पट एव भवतीत्येवमादि सा मृषा, विज्ञानादेरपि तत एव भावादिति । मिथ्यादृष्टिरपि तथैवेत्युपयुक्तोऽनुपयुक्तो वा यद्भाषते सा मृषैव घुणाक्षरन्यायेन संवादेऽपि 'सदसतोरविशेषाद् यदृच्छोपलब्धेरुन्मत्तवत्' [तत्त्वा. १/३३] इति गाथार्थः, इति चेत्? ~ न, अभिनिविष्टं प्रत्यन्यदर्शनस्य सर्वस्यैव फलतोऽप्रामाण्यात्, मार्गानुसारिणं प्रति च सुन्दरवचनस्य जैनवचनपर्यवसिततयाऽवशिष्टस्यान्यदर्शनस्यैकान्तमिथ्यात्वतादवस्थ्यात् ।

कश्चित्तु दृढदृष्टिरागविलुप्तबुद्धिः पातञ्जलादिगताकरणनियमादिवाक्यानां जिनवचनमूलत्वमनभिमन्यमानः 'सव्वप्पवायमूलं...' इत्याद्युपदेशपद (६९४) गाथायामिमामनुपपत्तिमुद्भावयति~ 'सर्वप्रवादानां मूलं द्वादशाङ्गम्' इत्यत्रप्रवादा नयवादविशेषास्ते च सर्वग्रहणेन शुभा अशुभाश्च ग्राह्याः । तत्र शुभा जीवरक्षाद्यभिप्रायघटिताः, अशुभाश्च ततो विलक्षणाः, तेषां च मूलं द्वादशाङ्ग

[ઇતરદર્શનમાં એકાન્તમિથ્યાત્વની વ્યવસ્થા]

શંકા-આ રીતે અન્યદર્શનમાં કરેલ અકરણુ નિયમ આદિના વર્ણનને અમુક બાબતમાં સાચું અને અમુક બાબતમાં ખોટું માનવાનું રહેશે. એકાન્તે મિથ્યા માનવાનું રહેશે નહિ જે શાસ્ત્રકારોને સંમત નથી. દશવૈકાલિકસૂત્રની નિર્યુક્તિ (અ.૭)માં કહ્યું છે કે "સમ્યગ્દૃષ્ટિજીવ આગમમાં અનુપયુક્ત રહીને પ્રમાદથી યુક્તિશૂન્ય જે બોલે છે તે મૃષા જાણવું. જેમકે 'તંતુઓમાંથી પટ જ બને છે' ઈત્યાદિ, આ વાત મૃષા એટલા માટે છે કે તંતુ વિષયક જ્ઞાન વગેરે પણ તંતુઓમાંથી થાય જ છે. એમ મિથ્યાદૃષ્ટિજીવ ઉપયુક્ત થઈને કે અનુપયુક્ત રહી ને જે કંઈ બોલે છે તે બધું મૃષા જ જાણવું. ઘુણાક્ષર ન્યાયે કયારેક તે સંવાદી વચન બોલે તો પણ વાસ્તવિક રીતે એ મૃષા જ હોય છે, કેમકે સદ્-અસદ્માં કોઈ વિશેષતા જોયા વગર ઉન્મતની જેમ તે યાદૃચ્છિક ઉપલબ્ધિ કરનાર હોય છે." (આમ અહીં મિથ્યાત્વીના બધા જ વચનોને જે મૃષા જ કહ્યા છે છે તેના પરથી જણાય છે કે 'અન્ય દર્શન એકાન્તે મિથ્યા જ હોય છે.'

સમાધાન-અભિનિવિષ્ટ જીવોને અન્યદર્શન અપ્રમાણ રૂપે જ પરિણમતું હોવાથી એ એકાન્તે મિથ્યારૂપ બને જ છે. હવે જે અન્યમાર્ગસ્થ માર્ગાનુસારી જીવો હોય છે તેઓને માટે આગળ કહી ગયા મુજબ સ્વદર્શનગત સુંદર વચનો તો જૈનવચન રૂપે જ પરિણમે છે. (એટલે કે એ વચનો એના માટે અન્યદર્શન રૂપ રહેતા જ ન હોવાથી તે મિથ્યા હોવાનો પ્રશ્ન રહેતો નથી.) બાકીના જે સ્વદર્શનના વચનો હોય તે તેઓ માટે પણ સ્વદર્શનરૂપ જ રહે છે અને તે તો એકાન્તે મિથ્યા છે જ. એટલે અન્યમાર્ગસ્થ જે જીવોને માટે જેટલા વચનો સ્વદર્શનરૂપ જ રહે છે. (જૈનેતરદર્શન રૂપ જ રહે છે.) તે બધા વચનો એકાન્તે મિથ્યારૂપ રહે જ છે. માટે શુભભાવવિશેષપ્રયુક્ત અકરણનિયમવર્ણનાદિને સત્યવચનરૂપ માનવામાં કોઈ દોષ રહેતો નથી.

[સવ્વપવાયમૂલં. ગાથા અંગે પૂર્વપક્ષીકલ્પિત અસંગતિ]

ગાઢ દૃષ્ટિરાગના કારણે વિલુપ્તબુદ્ધિ વાળા થએલા કોઈક વિવેચનકાર પાતંજલાદિ શાસ્ત્રોક્ત અકરણ નિયમ વાકયો ને જિનવચનમૂલક માનતાં ન હોવાથી ઉપદેશપદની ૬૯૪મી સવ્વપ્પવાયમૂલં ગાથામાં આવી અસંગતિહોવાની કલ્પના કરે છે.

[1], सम्यग्दृष्टिः श्रुतेऽनुपयुक्तोऽहेतुकं चैव । यद्भाषते सा मृषा मिथ्यादृष्टिरपि च तथैव ॥

श्रीवीरवचनोद्बोधितश्रीसुधर्मस्वामिसंबन्धि न भवति. अशुभानामपि प्रवादानां प्रवृत्तेर्जिनवचनमूलकत्वप्रसक्त्या शुभानामिवोपादेयता स्यादिति । ते च प्रवादाः शुभाशुभरूपा अपि संख्यया वचनसंख्याकाः । तदुक्तं-[1]'जावइआ वयणपहा (तावइया चेव हुंति नयवाया) इत्यादि, तेषां प्रवृत्तिरनादिप्रवाहपतिता कथं जिनवचनमूलिका संभवति? प्रत्यक्षबाधात् । किं च तेषां सर्वेषामप्यवज्ञाकरणेन जिनावज्ञाऽभ्युपगमे 'जीवो हन्तव्यः' इत्यादिनयप्रवादानामप्यवज्ञाकरणे तथात्वापत्तिरिति एतद(म)न्यथाभावं कल्पयति-द्वादशाङ्गं हि सर्वोत्कृष्टं श्रुतज्ञानं केवलज्ञानदिवाकरस्य प्रकाशभूतं केवलज्ञानमिव प्रत्यात्मवर्त्तित्वादधिकरणभेदेन भिन्नमपि स्वरूपतो न भिन्नं, किन्तु केवलज्ञानमिवैकमेव, तुल्यविषयकत्वात् तुल्यसंबन्धित्वाच्च । उदयमधिकृत्य तु स्वरूपतोऽपि भिन्नमेव, तत्कारणस्य क्षयोपशमस्य प्रत्यात्मभिन्नत्वात्, श्रुतज्ञानोदयस्य च क्षायोपशमिकत्वात् । ते च प्रवादा निजनिजद्वादशाङ्गमूलका अपि सामान्यतो द्वादशाङ्गमूलका एवोच्यन्ते । यथा नानाजलसंभूतान्यपि कमलानि

---

પૂર્વપક્ષ-સર્વપ્રવાદોનું મૂલ દ્વાદશાંગી છે" એ વાકયમાં પ્રવાદ તરીકે તે તે નયવાદો લેવાના છે. વળી તે વાદો સર્વ લેવાના છે. એટલેકે શુભ અને અશુભ બધા જ નયમતો લેવાના છે. તેમાં જીવરક્ષાવગેરેના અભિપ્રાયવાળા નયવાદો શુભ છે અને તેનાથી વિલક્ષણ નયવાદો અશુભ છે એ જાણવું. શ્રીમહાવીર પરમાત્માના 'ઉપ્પન્ને ઇ વા...' ઇત્યાદિ ત્રિપદી વચનને પામીને શ્રીસુધર્માસ્વામીએ રચેલ દ્વાદશાંગી આ સઘળા નયવાદોનું મૂળ હોવી સંભવતી નથી, કેમકે એવું હોવામાં તો અશુભ પ્રવાદો પણ જિનવચનમાંથી જ પ્રવર્ત્યા હોવાનું ફલિત થવાથી શુભનયવાદોની જેમ ઉપાદેય બની જવાની આપત્તિ આવે આ શુભ કે અશુભ પ્રવાદો વચન સંખ્યા જેટલા હોય છે. કહ્યું છે કે "વચનને બોલવાના જેટલા પ્રકારો છે તેટલા નયવાદો છે." જુદી જુદી રીતે વચનને બોલવાની પદ્ધતિઓ અનાદિકાલીન પરંપરાથી ચાલી આવી હોઇ નયવાદો પણ અનાદિપ્રવાહપતિત જ છે. તેથી તેઓને જિનવચનમાંથી પ્રવર્ત્યા હોવા શી રીતે કહેવાય? કેમકે એમાં "અનાદિકાલીન ચીજનું આકાશાદિની જેમ મૂલ કારણ ન હોય" એવું પ્રત્યક્ષ બાધિત થાય છે. વળી આ શ્લોકની વૃત્તિમાં જે અભિપ્રાય દેખાડયો છે કે આ બધા નયવાદોની (આ બધામાંથી કોઇપણ નયવાદની) અવજ્ઞા કરવામાં જિન વચનની અવજ્ઞા દ્વારા શ્રીજિનેશ્વરદેવની અવજ્ઞા થાય છે" તેને જો યથાર્થ માની લેવાનો હોય તો તો "જીવનો વધ કરવો" ઇત્યાદિ વચનરૂપ નયપ્રવાદનું પણ ખંડન વગેરે રૂપ અવજ્ઞા કરી શકાશે નહિ, કેમકે એમ કરવામાં શ્રીજિનની અવજ્ઞા થવાની આપત્તિ આવે છે. માટે વૃત્તિકારે ઉક્તશ્લોકની કરેલી વ્યાખ્યા બરાબર નથી. એની વ્યાખ્યા આવી હોવી જોઈએ. (ઉપદેશપદના ઉક્ત શ્લોકની પૂર્વપક્ષી આવી નવી વ્યાખ્યાની કલ્પના કરે છે.)

### [ દ્વાદશાંગી અંગે પૂર્વપક્ષીની કલ્પના ]

દ્વાદશાંગ સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાન રૂપ છે. જે કેવલજ્ઞાનાત્મક સૂર્યના પ્રકાશભૂત હોય છે અને કેવલજ્ઞાનની જેમ દરેક આત્મામાં સત્તા ધરાવતું હોઇ છદ્મસ્થજીવોને કેવલજ્ઞાનની સાથે સહચરિત જ હોય છે. જુદાજુદા જીવ રૂપ અધિકરણ જુદા જુદા હોવાના કારણે જુદું જુદું એવું પણ તે સ્વરૂપથી જુદું જુદું નથી, પણ કેવલજ્ઞાનની જેમ એક જ હોય છે, કેમકે તે દરેકના વિષયો અને સંબંધીઓ તુલ્ય હોય છે. (આ સત્તામાં રહેલા સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનમાંથી જેવો ઓછો વત્તો ક્ષયોપશમ હોય તેવું ઓછુંવત્તું શ્રુતજ્ઞાન પ્રકટ થાય છે અને જીવ એ શ્રુતજ્ઞાની બને છે. આ પ્રકટ થએલું જ્ઞાન ઉદય પામેલું શ્રુતજ્ઞાન કહેવાય છે. આવા) ઉદયને પ્રમાણે આશ્રયીને વિચારીએ તો તો એ દ્વાદશાંગ સ્વરૂપથી પણ ભિન્ન જ હોય છે, કેમકે તેના

---

१ कृ. क. भा. ( ) अस्योत्तरार्धः जावईया णयवाया वयणपहा तत्तिआ चेव ।

सामान्यतो जलजान्येव, अत एव सर्वप्रवादानां मूलं द्वादशाङ्गमेवेति सामान्यतोऽभिहितं, सर्वस्यापि द्वादशाङ्गस्य सर्वोत्कृष्टश्रुतत्वेन सर्वाक्षरसंनिपातात्मकत्वात्, प्रवादा अप्यक्षरात्मका एव। अत एव द्वादशाङ्गं रत्नाकरतुल्यं रत्नाकरस्येव तस्याप्यनेकजातीयशुभाशुभनयलक्षणवस्तूनामाश्रयत्वात्। परं मिथ्यादृशां यद्द्वादशाङ्गं तत्स्वरूपत एव सर्वनयात्मकं, सत्तामात्रवर्त्तित्वात्, न पुनः फलतोऽपि, कस्यापि मिथ्यादृशः कदाचिदपि सर्वाक्षक्षयोपशमाभावात्, मिथ्यादृष्टिमात्रस्योत्कृष्टतोऽपि क्षयोपशमः सर्वाक्षक्षयोपशमलक्षणसमुद्रापेक्षया बिन्दुकल्पो भवति। यदुक्तं [षड्दर्शनसमुच्चयवृत्ति]—

जयति विजितरागः केवलालोकशाली, सुरपतिकृतसेवः श्रीमहावीरदेवः।

यदसमसमयाब्धेश्चारुगाम्भीर्यभाजः, सकलनयसमूहा बिन्दुभावं भजन्ते॥]

इत्यादि। सम्यग्दृशां तु केषांचित्संयतानां फलतोऽपि द्वादशाङ्गस्य सर्वनयात्मकत्वं, सर्वाक्षयोपशमस्य संभवात्। अत एव गौतमादयः सर्वाक्षरसंनिपातिनः प्रवचने भणिताः, परं तेषां संयतानां सकलमपि द्वादशाङ्गं शुभनयात्मकत्वेनैव परिणमति, सावद्यनयविषयकानुज्ञादिवचनप्रवृत्तेरप्यभावात्। एतेन सर्वेऽपि शाक्यादिप्रवादा जैनागमसमुद्रसंबंधिनो बिन्दव इति

---

કારણભૂત ક્ષયોપશમ દરેક આત્મામાં જુદો જુદો હોય છે અને શ્રુતજ્ઞાનનો ઉદય (પ્રાપ્ત) ક્ષાયોપશમિક હોય છે. તે તે વ્યક્તિએ પ્રવર્તાવેલ તે તે નયવાદો પોતપોતાના પ્રવર્તક આત્માના તે તે દ્વાદશાંગમૂલક હોવા છતાં સામાન્યથી દ્વાદશાંગમૂલક કહેવાય છે. જેમ જુદા જુદા પાણીમાં ઉત્પન્ન થએલા કમલો સામાન્યથી જલજ (પાણીમાં ઉત્પન્ન થએલા) કહેવાય છે. તથા સર્વ પ્રવાદોનું મુલ દ્વાદશાંગ છે એ સામાન્યથી જ કહ્યુ છે. કેમકે દરેક દ્વાદશાંગી સર્વોત્કૃષ્ટ શ્રુતરૂપ હોઈ સર્વાક્ષરસંનિપાતાત્મક હોય છે અને પ્રવાદો પણ અક્ષરાત્મક જ હોય છે. (અર્થાત્ અક્ષરોના જે કોઈ જુદા જુદા સંયોગોથી જુદા જુદા શબ્દો-વાક્યો વગેરે બનવા સંભાવિત હોય તે બધા રૂપ જ દ્વાદશાંગ હોય છે. તેથી તે તે નયપ્રવાદરૂપ વાક્ય પણ દ્વાદશાંગ અંતર્ગત જ હોઈ દ્વાદશાંગ મૂલક જ હોય છે.) તેથી જ દ્વાદશાંગને રત્નાકરતુલ્ય કહ્યું છે, કેમકે સમુદ્રની જેમ તે પણ અનેક જાતીય શુભ-અશુભ નયરૂપ વસ્તુઓના આશ્રયભૂત છે. પણ મિથ્યાદષ્ટિઓનું દ્વાદશાંગ સ્વરૂપથી જ સર્વનયાત્મક હોય છે ફળતઃ નહિ, કેમકે તે માત્ર તેઓને સત્તામાં જ હોય છે, ઉપયોગ રૂપે પરિણમવામાં નહિ, કેમકે એ માટેના કારણભૂત સર્વાક્ષક્ષયોપશમ કોઈપણ મિથ્યાદષ્ટિને ક્યારે પણ થતો નથી. ગમે તેવા હોશિયાર દેખાતા પણ મિથ્યાત્વીનો ઉત્કૃષ્ટ ક્ષયોપશમ પણ સર્વાક્ષક્ષયોપશમરૂપ સમુદ્રના આગળ બિન્દુ જેવો જ હોય છે. કહ્યું છે કે-

**[શાક્યાદિપ્રવાદોને જૈનાગમસમુદ્રના બિન્દુ માનવા એ ભ્રાન્તિ-પૂ.]**

"જીતી લીધો છે રાગ જેઓએ તેવા, કેવલજ્ઞાનના પ્રકાશથી શોભતા અને ઈન્દ્રથી સેવા કરાએલા એવા શ્રી મહાવીર પ્રભુ જય પામે છે કે જેઓના ગાંભીર્યયુક્ત અનેક સિદ્ધાન્તરૂપ સમુદ્ર આગળ સકલ નયોના સમૂહ બિન્દુ જેવા બની જાય છે." સમ્યક્ત્વી એવા કેટલાક સંયતોને ફળને આશ્રીને પણ દ્વાદશાંગ સર્વનયાત્મક હોય છે (અર્થાત્ તેઓને બધા નયવાદોનું સાપેક્ષ સ્વીકાર યુક્ત જ્ઞાન થયું હોય છે), કેમકે સર્વાક્ષક્ષયોપશમ સંભવિત હોય છે. તેથી જ શાસ્ત્રોમાં શ્રીગોતમ ગણધર વગેરેને સર્વાક્ષરસંનિપાતી કહ્યા છે. વળી વિશેષતા એ છે કે તે સંયતોને સંપૂર્ણ દ્વાદશાંગ શુભનય રૂપે જ પરિણમે છે, કેમકે સાવદ્યનય સંબંધી અનુજ્ઞા વગેરેના વચન પણ તેઓ બોલતા નથી. આમ શાક્યાદિ પ્રવાદો સ્વસ્વપ્રણેતાના સત્તાગત દ્વાદશાંગમૂલક હોય છે, પણ સુધર્માસ્વામી રચિત દ્વાદશાંગમૂલક નથી એ જે જણાવ્યું તેનાથી જ શાક્ય વગેરે બધા પ્રવાદો જૈનાગમરૂપ સમુદ્રના (સમુદ્રમાંથી નીકળેલા) બિન્દુઓ છે એવી કેટલાક આચાર્યોની ભ્રાન્તિ પણ દૂર થઈ ગએલી જાણવી, કેમકે એવું હોવામાં તો "મધ્ય દિવસે છસો પશુઓ

भ्रान्तिरपि निरस्ता, 'षट्शतानि नियुज्यन्ते, पशूनां मध्यमेऽहनि इत्यादिप्रवादानामपि जैनागममूलकत्वापत्त्या संयतानां सावद्यभाषाप्रवृत्तिप्रसक्तेः । तस्मात्सर्वांशक्षयोपशमसमुत्थद्वादशाङ्गलक्षणसमुद्रस्य पुरस्तादन्यतिर्थिकाभिमतप्रवादाः समुदिता अपि बिन्दूपमा इत्यर्थो युक्तः, अन्यथा 'बिन्दुभावं भजन्ते' इति प्रयोगानुपपत्तिः स्यात्, अवयवाऽवयविनोरुपमानोपमेयभावेन वर्णने निजावयवापेक्षया महत्त्वेऽप्यवयविनो गौरवाभावाद्, न ह्यङ्गुष्ठो हस्तावयवभावं भजन्ते इति हस्तस्य स्तुतिः संभवति । किं च समुद्रस्य बिन्दव इति भणनमप्यसङ्गतं, समुद्रप्रभवा हि वेलाकल्लोलोर्म्यादयो भवन्ति, न पुनर्बिन्दवः, तेषां चोत्पत्तिर्मेघाद् हस्तवस्त्रादिव्यापाराद्वा स्यादिति सर्वानुभवसिद्धम् । अन्यथा समुद्रान्निर्गतबिन्दुभिः समुद्रस्य न्यूनत्वापत्त्या तस्य गाम्भीर्यहानिः स्याद्, इत्येवं स्थिते वृत्तिव्याख्यानसङ्गतिरियम्-

यद् यस्मात् कारणाद् द्वादशाङ्गं रत्नाकरोपमया शुभाशुभसर्वप्रवादमूलं, तस्मात्कारणात्स्वरूपतः फलतश्च यावत्सुन्दरमात्मनिष्ठाकरणनियमादिवाच्यवाचकं वाक्यादिकं तत्तस्मिन् द्वादशाङ्गे, एवकारो गम्यः, द्वादशाङ्ग एव समवतारणीयं, तत्र वर्त्तत एवेत्यर्थः, द्वादशाङ्गस्य सर्वोत्कृष्टश्रुतत्वेन तद्व्यापकभूतस्य सर्वसुन्दरात्मकत्वस्यावश्यंभावात्, परं सम्यग्दृशां यावत्सुन्दरं तावत्सर्वमपि

---

હોમવા" ઇત્યાદિ પ્રવાદો પણ જૈનાગમમૂલક થવાથી તે આગમબોલનાર સુધર્માસ્વામી વગેરે સાધુઓ સાવદ્યભાષા બોલ્યા કહેવાશે. તેથી 'બિન્દુભાવં ભજન્તે' એવું પણ જે કહ્યું છે તેનો " સર્વાંશક્ષયોપશમથી ઉત્પન્ન થએલ દ્વાદશાંગરૂપ સમુદ્રની આગળ અન્યતીર્થિક અભિમત પ્રવાદો ભેગા થાય તો પણ બિન્દુ જેવા છે" એવો જ અર્થ યુક્ત છે. "જૈનાગમસમુદ્રના બિન્દુઓ છે" એવો અર્થ કરવામાં તો "બિન્દુભાવં ભજન્તે" એવો પ્રયોગ જ અસંગત થઇ જશે, કેમકે આવો પ્રયોગ કરીને જૈનાગમની જે સ્તુતિ કરવી છે તે થતી નથી. તે આ રીતે-'સમુદ્રના બિન્દુઓ છે' એવું હોવાનો ફલિતાર્થ એ થાય કે સમુદ્ર અવયવી છે અને બિન્દુઓ અવયવ છે. હવે અવયવ-અવયવીનું ઉપમાન-ઉપમેય તરીકે વર્ણન કરવામાં આવે તો અવયવીની પોતાના અવયવની અપેક્ષાએ વિશાળતા જણાતી હોવા છતાં ગૌરવ કાંઇ દેખાતું નથી કે જેથી એની સ્તુતિ થઈ જાય-જેમકે "અંગુઠો હાથનું અવયવપણું ધરાવે છે" એમ કહેવામાં હાથ અંગુઠા કરતાં મોટો હોવો જણાવા છતાં હાથની કોઈ સ્તુતિ થતી નથી. તેમ પ્રસ્તુતમાં પણ જૈનાગમસમુદ્રરૂપ અવયવી અને અન્યપ્રવાદોરૂપ અવયવનું ઉપમેય-ઉપમાન તરીકે વર્ણન કરવામાં જૈનાગમની સ્તુતિ થતી નથી. વળી "સમુદ્રના બિંદુઓ છે" એવું તો કહેવું પણ અસંગત છે, કેમકે સમુદ્રમાંથી તો મોજા-તરંગ લહરીઓ વગેરે ઉત્પન્ન થાય છે, બિંદુઓ નહિ, બિંદુઓ તો વાદળામાંથી કે પાણીમાં હાથ વસ્ત્ર વગેરેથી ઝપાટ લગાવવાથી ઉત્પન્ન થાય છે એ વાત બધાને અનુભવસિદ્ધ છે. તેથી અન્યશાક્યાદિપ્રવાદો જૈનાગમમાંથી નીકળ્યા છે એવી માન્યતા રાખ્યા પછી જૈનાગમસમુદ્રના તે બિંદુઓ છે એવું કહેવું તો શી રીતે સંગત થાય? તેમજ સમુદ્રમાંથી તે બિંદુઓ નીકળતાં હોવામાં તો સમુદ્ર એટલા બિંદુઓ નીકળ્યા હોવાથી એના જેટલો નાનો થવાથી તેની ગંભીરતા જ હણાઈ જાય. આમ અધિકૃત શ્લોકના વૃત્તિકારે કરેલા વિવેચનમાં આવી અસંગતિઓ હોઈ સંગત વિવેચન આવું જાણવું—

[ સવ્વપવાયમૂલ. શ્લોકની પૂર્વપક્ષીકૃત વ્યાખ્યા ]

દ્વાદશાંગી રત્નાકરની ઉપમાથી શુભ-અશુભ સર્વપ્રવાદોના મૂળભૂત હોવાથી આત્મામાં રહેલ અકરણનિયમ વગેરે ચીજોના વાચક જે કોઈ સ્વરૂપે અને પરિણામે પણ સુંદર એવા વાક્ય વગેરે હોય તે બધાનો દ્વાદશાંગમાં જ સમવતાર કરવાનો હોય છે. અર્થાત્ તે બધું દ્વાદશાંગમાં રહેલું જ હોય છે, કેમકે દ્વાદશાંગી સર્વોત્કૃષ્ટશ્રુત રૂપ હોઇ તેનુ વ્યાપક સર્વસુંદરાત્મકત્વ તો ત્યાં અવશ્ય રહેલું જ હોય છે. અહીં વિશેષતા એ છે કે સમ્યગ્દૃષ્ટિનું જે કંઈ

द्वादशाङ्गमूलकमुदितं भवति, फलतोऽपि शुभत्वात्, तदाराधनविधिपरिज्ञानाच्च । तच्च सानुबन्धपुण्यप्रकृतिहेतुः । मिथ्यादृशां तु स्वरूपतः क्वचिदंशे शुभत्वेऽपि फलतोऽशुभत्वमेव इति विरुद्धस्वरूपपरिणतयोरुभयोः सम्यग्मिथ्यादृशोरकरणनियमयोरभेदेन भणनमुदितस्याकरणनियमस्यावज्ञया जिनावज्ञा स्यात्, सा चानन्तसंसारहेतुरिति भणितम् । यथा मोक्षाङ्गं स्वरूपतः शुभमपि मनुष्यत्वं संयतजनस्य फलतोऽपि शुभमेव, मोक्षप्राप्तिपर्यन्तं सुगतिहेतुत्वात् । तदेव मनुष्यत्वं व्याधादेः फलतोऽशुभमेव, जीवघाताद्यसंयमहेतुत्वेन दुर्गतिहेतुत्वात् । एवं सत्यपि भेदे द्वयोरपि मनुष्यत्वयोस्तुल्यतया भणनं संयतजनमनुष्यत्वस्यावज्ञया जिनावज्ञैव, जिनेनैव भेदेनाभिधानात्, दृश्यते च लोकेऽपि लक्षणोपेततदनुपेतयोर्मण्योस्तुल्यतया भणने लक्षणोपेतमणेरवज्ञया तत्परीक्षकस्यावज्ञैवेति ।

---

સુંદર અકરણનિયમાદિ હોય તે બધું દ્વાદશાંગમૂલક ઉદિત થયું હોય છે ( અર્થાત્ દ્વાદશાંગીમાંથી પ્રાપ્ત થયું હોય છે,) કેમકે ફલત: (પરિણામે) પણ શુભ હોય છે. તે પણ એટલા માટે કે- તે દ્વાદશાંગી વગેરે શ્રુતમાંથી જ તેની આરાધનાવિધિનું પણ તેને સમ્યજ્ઞાન થાય છે. જે આરાધનવિધિયુક્ત એવું આ અકરણનિયમાદિ સાનુબંધપુણ્યપ્રકૃતિબંધના હેતુભૂત હોવાથી પરિણામે પણ સુંદર એવા ફળને આપે છે. ( માટે એ ફલતઃ પણ સુંદર હોય છે.) જ્યારે મિથ્યાદૃષ્ટિના અકરણનિયમ વગેરે જે કંઈક સ્વરૂપે અમુક અંશમાં સુંદર હોય છે તે પણ ફળતઃ તો અશુભ જ હોય છે, કેમકે તેણે તેની આરાધનાવિધિનું તે આરાધનાવિધિપ્રાયોગ્ય ક્ષયોપશમ ન હોવાથી જ્ઞાન થયું હોતું નથી, તેથી તેના અકરણ નિયમ વગેરે તો નિરનુબંધ પુણ્યપ્રકૃતિબંધના હેતુ બનતા હોઈ પરિણામે દુર્ગતિમાં જ લઈ જાય છે. એટલે કે તે અકરણનિયમાદિ ફળતઃ અશુભ હોય છે.) અહીં આ તાત્પર્ય છે - સુગતિહેતુભૂત હોવાથી સ્વરૂપતઃ શુભ એવો અકરણનિયમ સમ્યક્ત્વીજીવોને સંયમહેતુ બનતો હોઈ ફળતઃ પણ શુભ જ બને છે, કેમકે પુણ્યાનુબંધીપુણ્યજનક હોઈ સુગતિહેતુ બને છે. મિથ્યાત્વથી હણાયેલો એ જ અકરણનિયમ મિથ્યાત્વી જીવોને ફળતઃ અશુભ બને છે, કેમકે જીવાદિવસ્તુતત્ત્વનું પરિજ્ઞાન ન હોઈ અસંયમનો હેતુ બનવા દ્વારા તે દુર્ગતિજનક જ બને છે. તેથી મિથ્યાત્વઉપહત અકરણ નિયમ આશ્રવસમાન જ છે, જેમકે મૃત્યુના કારણભૂત વિષની જેમ વિષમિશ્રિત અન્ન પણ વિષસમાન જ છે. આમ સમ્યગ્દૃષ્ટિનો અકરણનિયમ શુભફળજનક હોવાના કારણે ઉદિત (=પ્રશસ્ત) બને છે જ્યારે મિથ્યાત્વીનો તે અશુભફળજનક હોવાના કારણે અનુદિત (=અપ્રશસ્ત) બને છે. આમ તે બે અકરણ નિયમો વિરુદ્ધસ્વરૂપે પરિણત થાય છે. અને તેથી તે બેનો પરસ્પર અભેદ કહેવો એ (સમ્યક્ત્વીના) ઉદિત અકરણનિયમની અવજ્ઞાદ્વારા જિનાવજ્ઞા રૂપ જ બની જાય છે જે અનંતસંસારહેતુ છે એ કહી ગયા છીએ. જેમ મોક્ષનાકારણભૂત હોઈ સ્વરૂપે શુભ એવું પણ મનુષ્યત્વ સાધુઓને ફળતઃ પણ શુભરૂપે પરિણમે છે, કેમકે મોક્ષપ્રાપ્તિ સુધી સુગતિ અપાવનાર બને છે. પણ એ જ મનુષ્યત્વ શિકારી વગેરે માટે ફળતઃ અશુભરૂપે જ પરિણમે છે, કેમકે જીવહિંસાદિરૂપ અસંયમના હેતુભૂત હોઈ દુર્ગતિહેતુ છે. આમ બંનેના ( સાધુ-શિકારીના) મનુષ્યત્વને તેમાં સ્પષ્ટ ભેદ હોવા છતાં સમાન કહેવું એ સાધુના મનુષ્યત્વની અવજ્ઞા દ્વારા જિનાવજ્ઞારૂપ જ બને છે, કેમકે ભગવાને જ તે બેને જુદા જુદા કહ્યા છે. લોકોમાં પણ જોવા મળે છે કે લક્ષણયુક્ત અને લક્ષણશૂન્ય મણિને એક સરખા કહેવામાં લક્ષણયુક્તમણિની અવજ્ઞા દ્વારા તેના પરીક્ષકની પણ અવજ્ઞા થાય જ છે. અર્થાત્ પરીક્ષકે જે બેને લક્ષણયુક્ત અને લક્ષણશૂન્ય તરીકે જુદા જુદા કહ્યા હોય તે બંનેને સમાન કહેવા એ તે પરીક્ષકની પણ તેનું વચન ન માનવા વગેરે રૂપ અવજ્ઞા જ છે.

तदिदमखिलमकाण्डतुण्डताण्डवाडम्बरमात्रं, अनुपपत्तेरेवाभावात्। द्वादशाङ्गस्य विधिनिषेधविधया स्वसमयपरसमयप्रज्ञापनाविधया वा शुभाशुभसर्वप्रवादमूलत्वे दोषाभावात्। न चाशुभानामपि प्रवादानां ततः प्रवृत्तेस्तन्मूलकतयोपादेयताप्रसङ्गः, तज्जन्यप्रतिपत्तिविषयत्वरूपस्य तन्मूलकत्वस्योपादेयत्वाप्रयोजकत्वात्, जिनवचनविहितत्वस्यैवोपादेयतायां तन्त्रत्वात्। सर्वेषामपि परवादानामवज्ञाकरणे च न जिनावज्ञाऽभ्युपगम्यते, किन्तु तद्गतसुन्दरप्रवादानामेव। इति 'जीवो हन्तव्यः' इत्यादिनयप्रवादानामवज्ञाया जिनावज्ञाऽऽपादनमसङ्गतमेवेति, ततो भावान्तरकल्पनं निर्मूलकमेवाऽसङ्गततरं च, अन्योक्ताकरणनियमावज्ञापरिहारार्थं प्रकृतगाथोपन्यासात्परकल्पितभावस्य च तद्विपरीतत्वात्, तदनुसारेणोभयाकरणनियमवर्णनाभेदे भगवदवज्ञाप्रसङ्गात्, तद्भेदव्यक्तयेऽन्याकरणनियमवर्णनावज्ञाया एव न्याय्यत्वप्रसङ्गादिति।

[ ઉક્તગાથામાં અસંગતિનો જ અભાવ-ઉ. ]

ઉપદેશપદની અધિકૃત ગાથા અંગે કરાએલી આ નવીન કલ્પનાઓ અકાળે થએલા પ્રચંડ તાંડવના આડંબરમાત્ર રૂપ છે, કેમકે તેવી કલ્પના કરનારે તે ગાથાની વૃત્તિમાં કલ્પેલી અસંગતિનો જ વસ્તુતઃ અભાવ હોવાથી તેવી કલ્પના કરવાનો કોઇ કાળ વસ્તુતઃ પાક્યો નથી (અવસર ઊભો થયો નથી,) કેમકે સુધર્માસ્વામીરચિત દ્વાદશાંગ વિધિનિષેધરૂપે કે સ્વ-સિદ્ધાન્તપ્રરૂપણા-પરસિદ્ધાન્તપ્રરૂપણારૂપે શુભ-અશુભ સર્વપ્રવાદોનું મૂલ હોય તોપણ સાધુઓએ સાવદ્યભાષા બોલવાની આપત્તિ વગેરેરૂપ દોષ (જે તેવી કલ્પના કરનારે કલ્પ્યા છે તે) આવતા નથી, અર્થાત્ 'જીવદયા પાળવી' (વિધિ) 'જીવહિંસા ન કરવી' (નિષેધ) વગેરે વાતો કે 'જીવદયા પાળવી (સ્વસિદ્ધાન્ત પ્રરૂપણા) એ આપણો સિદ્ધાન્ત છે જ્યારે 'યજ્ઞાદિ માટે જીવહિંસા કરવી' વગેરે એ અન્યદર્શનોનો સિદ્ધાન્ત છે. આવી વાતો દ્વાદશાંગીમાં કરી હોય તો પણ એની પ્રરૂપણા કરનાર સાધુઓને સાવદ્યભાષા બોલવાનો દોષ લાગતો નથી. "જીવહિંસા વગેરેના પણ (ભલે નિષેધરૂપે) દ્વાદશાંગીમાં વાત કરી હોવાથી તે પણ ઉપાદેય બની જશે" એવી શંકા તો કરવી જ નહિ, કેમકે દ્વાદશાંગીજન્ય બોધવિષયતા રૂપ દ્વાદશાંગીમૂલકત્વ ઉપાદેયતાનું પ્રયોજક નથી, કિન્તુ જિનવચનવિહિતત્વ જ તેવું છે. અર્થાત્ 'જેની જાણકારી દ્વાદશાંગીમાંથી મળે તે ઉપાદેય બને' એવો પ્રયોજક-પ્રયોજ્ય ભાવ નથી. કિન્તુ 'જેને જિનવચનમાં (દ્વાદશાંગીમાં) કર્ત્તવ્ય તરીકે કહેલ હોય એ જ ઉપાદેય બને' એવો પ્રયોજ્ય-પ્રયોજક ભાવ છે. વળી જિનાવજ્ઞા પણ, બધા જ પરવાદોની અવજ્ઞા કરવામાં થઈ જવી મનાયેલી નથી કિન્તુ તેમાં રહેલ સુંદરવાદોની અવજ્ઞામાં જ. તેથી 'જીવનો વધ કરવો જોઈએ' ઈત્યાદિ નયપ્રવાદોની અવજ્ઞામાં જિનાવજ્ઞા થઇ જવાની આપત્તિ દેખાડવી એ તો સાવ અસંગત જ છે. અને તેથી જ અન્ય અર્થની કલ્પના કરવી એ નિર્મૂલક હોઈ વધુ અસંગત છે.

[ પૂર્વપક્ષીકૃતવ્યાખ્યા ગ્રન્થસન્દર્ભથી વિપરીત ]

એ અત્યંત અસંગત હોવામાં એ પણ એક કારણ છે કે ઉપદેશપદમાં આ અધિકૃત-ગાથા અન્યદર્શનોક્ત અકરણનિયમની અવજ્ઞાનો પરિહાર કરવા માટે ઉપસ્થિત થઇ છે જ્યારે કલ્પના કરાયેલો આ અન્યભાવ તેનાથી વિપરીત જ છે, કેમકે એ અન્યભાવ તે અવજ્ઞાના પરિહારને નહિ, પણ કર્ત્તવ્યતાને સિદ્ધ કરે છે. તે આ રીતે- ઉભયના અકરણનિયમવર્ણનનો અભેદ માનવામાં આવે તો એ કલ્પનાને અનુસારે જિનાવજ્ઞા થાય છે. અને તેથી એ ન થાય એ માટે ભેદ માનવો આવશ્યક છે. હવે આ ભેદની માન્યતા વ્યક્ત તો જ થાય જો "મિથ્યાત્વીનું અકરણનિયમ (વર્ણન) સમ્યક્ત્વીના અકરણનિયમ (વર્ણન) કરતાં ભિન્ન છે. વિપરીત છે" ઇત્યાદિ રૂપે એની અવજ્ઞા કરવામાં આવે. આમ એ કલ્પનાને અનુસારે તો એની અવજ્ઞા કર્ત્તવ્ય હોવી સિદ્ધ થાય છે.

तथाऽपि तत्र किञ्चिदुच्यते । द्वादशाङ्गं हि सर्वोत्कृष्टश्रुतज्ञानं सन्तानभेदाविवक्षया गृह्यते, तच्छुद्धज्ञानमेव ज्ञानाज्ञानसाधारणं वा ? आद्ये तस्य सर्वप्रवादमूलत्वानुपपत्तिः, शुद्धाऽशुद्धयोरैक्यायोगाद् । अन्त्ये च संग्रहनयाश्रयणेन द्वादशांगसामान्यस्य वस्तुतः सर्वनयप्रवादात्मकत्वसिद्धावपि व्यक्त्यनुपसङ्ग्राहापत्तिः । न हि यथा नानाजलोत्पन्नानि जलजानि जलजत्वेनोच्यन्ते तथा "जलं सर्वजलजोत्पादकमित्यपि व्यवहारः क्रियते, एवमेव हि "सर्वप्रवादमूलं द्वादशाङ्गम्" इत्यपि न स्यात् । यदि चैकवचनेनापि व्यक्त्युपसंग्रहः क्रियते, भेदविवक्षयैव च मिथ्यादृशां द्वादशाङ्गमत्यल्पक्षयोपशमात्मकं सर्वांशक्षयोपशमशुद्धसम्यग्दृष्टिद्वादशाङ्गरत्नाकरापेक्षया बिन्दुतुल्यं व्यवस्थाप्यते तदा केयं वाचोयुक्तिः ?' 'सर्वेऽपि शाक्यादिप्रवादा जैनागमसमुद्रसम्बन्धिनो बिन्दव इति भ्रान्तिः' इति, ज्ञानवाक्ययोर्मिथ्यारूपयोरविशिष्टयोरेकत्र जैनागमसम्बन्धित्वमपरत्र नेत्यत्र प्रमाणाभावात् । प्रत्युत वाक्यमुत्सर्गतो न प्रमाणं न वाऽप्रमाणं, अर्थापेक्षया तु तत्र प्रामाण्यमप्रामाण्यं वा व्यवतिष्ठत इति कल्पभाष्यप्रसिद्धार्थानुसारेणोदासीनेषु

---

છતાં પણ તેઓની આ કલ્પના અંગે કંઈક કહીએ છીએ–'सव्वप्पवायमूलं.' શ્લોકમાં શ્રી સુધર્મસ્વામી વગેરે એ રચેલ દ્વાદશાંગવિશેષની વાત નથી, કિન્તુ દ્વાદશાંગ સામાન્યની જ વાત છે એવું પૂર્વપક્ષીએ જે કહ્યું છે તેનો ફલિતાર્થ એ થાય છે કે તે સર્વોત્કૃષ્ટ શ્રુતજ્ઞાનરૂપ દ્વાદશાંગ જુદા જુદા જીવોનું પૃથગ્ પૃથગ્ હોવાની વિવક્ષા રાખ્યા વગર જુદા જુદા દરેક દ્વાદશાંગને સાંકળી લેનાર એક સામાન્ય દ્વાદશાંગ રૂપે છે. તેના પર અમે પૂછીએ છીએ કે તે દ્વાદશાંગ શુદ્ધજ્ઞાન રૂપ જ છે કે જ્ઞાન–અજ્ઞાન સાધારણ (ઉભયાત્મક) છે? જો શુદ્ધજ્ઞાનરૂપ કહેશો તો એને સર્વપ્રવાદોનું મૂળ કહી શકાશે નહિ. કેમકે શુદ્ધ–અશુદ્ધ ચીજનું ઐક્ય અસંભવિત હોઈ શુદ્ધજ્ઞાનરૂપ તે દ્વાદશાંગ અશુદ્ધનયપ્રવાદોનું મૂલ હોવું સંભવિત નથી. તેથી જો તેને જ્ઞાન–અજ્ઞાન સાધારણ કહેશો તો સંગ્રહનયના અભિપ્રાય મુજબ તે સર્વનયપ્રવાદાત્મક હોવું સિદ્ધ થવા છતાં, દ્વાદશાંગજાતિ જ્ઞાન–અજ્ઞાન ઉભયસાધારણ સંભવતી હોવા છતાં કોઈ દ્વાદશાંગ વ્યક્તિ એવી સંભવતી ન હોવાના કારણે વ્યક્તિના અનુપસંગ્રહની આપત્તિ આવશે. અર્થાત્ અધિકૃતગાથાના (દુવાલસંગ) એવા એક વચનાન્ત પ્રયોગથી જે કોઈ એક વ્યક્તિગત દ્વાદશાંગ (જેમકે શ્રીસુધર્માસ્વામી સંબંધી દ્વાદશાંગ) ઉપસ્થિત થાય છે તે સર્વપ્રવાદોના મૂળ તરીકે તો સંગૃહીત થતું ન હોવાથી આપત્તિ આવશે. તે આ રીતે – જેમ જુદા જુદા અનેક પાણીમાં ઉત્પન્ન થએલ વિવિધ કમલો સામાન્યથી જલોત્પન્ન કહેવાતાં હોવા છતાં કોઈ એક જળને ઉદ્દેશીને "જળ સર્વજલજોત્પાદક છે" એવો કાંઈ એકવચનાન્તપ્રયોગયુક્ત વ્યવહાર કરાતો નથી (પણ 'પાણીઓ સર્વજલજોત્પાત્પાદક છે' એવો બહુવચનાન્તપ્રયોગયુક્ત વ્યવહાર કરાય છે.) તેમ જુદા જુદા શુદ્ધ–અશુદ્ધ અનેક દ્વાદશાંગોમાંથી ઉત્પન્ન થએલા વિવિધ પ્રવાદો દ્વાદશાંગોત્પન્ન હોવા કહેવાતાં હોવા છતાં કોઈ એક દ્વાદશાંગને (શ્રીસુધર્માસ્વામીસંબંધી દ્વાદશાંગને) ઉદ્દેશીને "દ્વાદશાંગ સર્વપ્રવાદોનું મૂળ છે" એમ કહી શકાતું નથી. (હા, 'દ્વાદશાંગો સર્વપ્રવાદના મૂળ છે' એમ કહી શકાય, પણ એવું તો ઉપદેશપદના અધિકૃત શ્લોકમાં કહ્યું નથી. કેમકે તેમાં તો એકવચનનો પ્રયોગ કર્યો છે.) તેથી ઉપદેશપદની ગાથાનું પ્રામાણ્ય જાળવી રાખવા જો એકવચનથી પણ વ્યક્તિનો ઉપસંગ્રહ માનશો તો પણ તમારે તે વ્યક્તિઓ રૂપ સંતાનોમાં ભેદની વિવક્ષા રાખવી પડશે, કેમકે ભેદની અવિવક્ષા તો ઉપરોક્ત આપત્તિના કારણે રાખી શકાતી નથી. તેથી ભેદનીવિવક્ષા કરીને જો મિથ્યાદૃષ્ટિઓનું અત્યંત અલ્પ ક્ષયોપશમાત્મક દ્વાદશાંગને સર્વાંશક્ષયોપશમથી પ્રકટ થએલ અને શુદ્ધ એવા સમ્યગ્દૃષ્ટિ સંબંધી દ્વાદશાંગ રૂપ રત્નાકરની અપેક્ષાએ બિન્દુતુલ્ય હોવું જો તમે કહેતાં હો તો પછી આ શી વચનયુક્તિઓ લડાવો છો કે "બધા શાક્યાદિપ્રવાદો જૈનાગમસમુદ્રસંબંધી બિન્દુઓ છે એવો પૂર્વાચાર્યોનો પ્રવાદ એ ભ્રાન્તિ છે."

वाक्यरूपपरप्रवादेषु तत्सम्बन्धित्वं नात्यसुन्दरं, साक्षात्प्रतिपक्षभूतेषु मिथ्याज्ञानरूपेषु प्रवादेषु च तदत्यन्तासुन्दरमिति । भावभेदे च सति वाक्यरचनायां न विशेषः, 'सम्यग्दृष्टिपरिगृहीतं मिथ्याश्रुतमपि सम्यक्श्रुतं, मिथ्यादृष्टिपरिगृहीतं च सम्यक्श्रुतमपि मिथ्याश्रुतं' इति सिद्धान्तव्यवस्थितत्वात् । शाक्यादिप्रवादेषु जैनागमोद्गतत्वरूपतत्संबन्धित्वाभ्युपगमस्य तदेकानुपूर्वीकरचनारूपसंबन्धाभावेन खण्डनं स्वपाण्डित्यविजृंभितमेव, न ह्येवंभूतसंबन्धेन साधूनां तद्वचनादसंयतत्वापत्तिः, शुद्धाशुद्धविवेकेनैव साधुभिस्तत्परिग्रहात् । न च 'शाक्यादिप्रवादा जैनागमसमुद्रसम्बन्धिनो बिन्दवः' इति प्रवाहपतितमेव वचनं, (धन. पञ्चा ४१)
[1]पावंति जसं असमंजसावि वयणेहिं जेहिं परसमया । तुह समयमहोअहिणो ते मंदा बिंदुणिस्संदा ॥
इति परमश्रावकेण धनपालपण्डितेनापीत्थमभिधानात् । किञ्च.

### [ શાક્યાદિપ્રવાદો જૈનાગમસમુદ્રના બિન્દુ આ રીતે ]

તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીએ મિથ્યાત્વીમાં પણ સ્વરૂપે સર્વનયાત્મક દ્વાદશાંગ માન્યું છે અને ફલત: કિંચિત્‌નયાત્મક માન્યું છે. અને તેમાં કારણ તરીકે મિથ્યાત્વીનો ઉત્કૃષ્ટક્ષયોપશમ પણ, સર્વજ્ઞક્ષયોપશમસમુદ્ર આગળ બિન્દુતુલ્ય હોય છે એવું કહી એમાં जयति विजित' ની સાક્ષી આપી છે. હવે ક્ષયોપશમ એ જ્ઞાનરૂપ છે, અને જ્ઞાન તો દરેક જીવનું પોતપોતાનું સ્વતંત્ર જ હોય છે તેમ જ તે એકમાંથી બીજામાં આવવું-જવું સંભવતું નથી. તેથી એમાં 'સંબંધિત્વ' કહ્યું હોય તો એ 'અપેક્ષા' રૂપ સંબંધને આશ્રીને જ હોવું સંભવે છે. તેથી, સર્વજ્ઞક્ષયોપશમાત્મક સમુદ્રની આગળ (અર્થાત્ એની અપેક્ષાએ) મિથ્યાત્વીનો ક્ષયોપશમ બિન્દુ જેવો છે એવું કહેતાં પૂર્વપક્ષીએ ઉક્ત 'અપેક્ષા' રૂપ સંબંધથી 'સમુદ્રસંબંધી બિન્દુ' હોવાની જ વાત કરી છે. અને તો પછી પૂર્વાચાર્યોના તેવા પ્રવાદને એ શી રીતે ભ્રાન્ત કહી શકે? કેમકે મિથ્યાત્વીના ક્ષયોપશમરૂપ મિથ્યાજ્ઞાન અને તે જ્ઞાનને આધારે થએલો વાક્યપ્રયોગ સમાન રીતે મિથ્યા એવા એ બંનેમાંથી એકને (ક્ષયોપશમરૂપજ્ઞાનને) જૈનાગમનું સંબંધી માનવું અને અન્યને (વચનને) તેનું સંબંધી ન માનવું એમાં કોઇ પ્રમાણ નથી. ઉલટું વાક્ય તો ઉત્સર્ગથી પ્રમાણ કે અપ્રમાણ હોતું જ નથી, કિન્તુ તેનો પોતાનો જેવો અર્થ કરવામાં આવે તેની અપેક્ષાએ જ તે પ્રમાણ કે અપ્રમાણ બનતું હોય છે. કલ્પભાષ્યમાં કરેલી આવી વાતોને અનુસારે જેઓ પ્રમાણ-અપ્રમાણની વિચારણામાં તેમજ જૈનાગમને અનુકૂલ કે પ્રતિકૂળ હોવાની વિચારણામાં ઉદાસીન છે એવા વચનોને તો જૈનાગમસંબંધી માનવામાં કોઇ વિશેષ દોષ ઊભો થતો જ નથી. ઉલટું સાક્ષાત્ પ્રતિપક્ષભૂત એવા મિથ્યાજ્ઞાનરૂપ તે પરપ્રવાદોમાં જ જૈનાગમસંબંધિત્વ માનવું ઘણું દોષાવહ છે. વળી મિથ્યાત્વરૂપભાવ જુદો હોવા છતાં વાક્યરચનામાં ભેદ ન પડે એ પણ સંભવિત છે (સમ્યક્ત્વીના વાક્યપ્રયોગ જેવો વાક્યપ્રયોગ સંભવે પણ છે), કેમકે 'સમ્યક્ત્વીએ ભણેલું-મેળવેલું મિથ્યાશ્રુત પણ સમ્યક્શ્રુત અને મિથ્યાત્વીએ ગૃહીત કરેલું સમ્યક્શ્રુત પણ મિથ્યાશ્રુત બને છે' એવી વ્યવસ્થા સિદ્ધાન્તમાં દેખાડેલી છે. તેથી અન્યપ્રવાદોના વચનો જૈનાગમમાંથી નીકળ્યા હોય તો પણ કોઇ દોષ ઊભો રહેતો નથી. જૈનાગમમાં જેવા વર્ણોના ક્રમવાળા વાક્યપ્રયોગો છે તેવા શાક્યાદિ પ્રવાદોમાં નથી. તેથી તેઓમાં જૈનાગમમાંથી ઊભા થયા હોવારૂપ સંબંધિત્વ માની શકાતું નથી એવું જે તે સંબંધિત્વનું ખંડન કર્યું તે તો પોતાના અપાંડિત્યની જ ચેષ્ટા છે, કેમકે સાધુઓમાં અસંયતત્વ આવી જવાની જે આપત્તિને આગળ કરીને તે સંબંધિત્વનું પૂર્વપક્ષી ખંડન કરવા માંગે છે તે આપત્તિ જ આવો સંબંધ માનવા છતાં આવતી નથી. તે પણ એટલા માટે કે સમાનવર્ણાદિવાળા વાક્યોમાંથી પણ સાધુઓ તો શુદ્ધ-અશુદ્ધનો વિવેક કરવા પૂર્વક જ વાક્યગ્રહણ કરે છે. વળી 'શાક્યાદિ પ્રવાદો જૈનાગમસમુદ્ર સંબંધી બિંદુઓ છે' એ પણ નદીઘોલપાષાણ ન્યાય મુજબ નવી નવી અદ્ધરઅદ્ધર ઊભી થઈ ગએલી વાત નથી, કેમકે **પરમશ્રાવક ધનપાલપંડિતે** પણ કહ્યું છે કે 'ઢંગધડા વગરના એવા પણ પરદર્શનો જે વચનોના કારણે લોકમાં યશ પામે છે તે વચનો તારા સિદ્ધાન્ત રૂપી મહાસમુદ્રના નાના બિન્દુનિસ્યંદ છે.' વળી,

1 प्राप्नुवन्तियशोऽसमञ्जसा अपि यैर्वचनैः परसमयाः । तव समयमहोदधेः तानि मन्दा बिन्दुनिःस्यन्दाः ॥

[1]जं काविलं दरिसणं एअं दव्वट्ठिअस्स वत्तव्वं । सुद्धोअणतणयस्स उ परिसुद्धो पज्जवविअप्पो ॥
[2]दोहि वि णएहिं णीअं सत्थमुलूएण तहवि मिच्छत्तं । जं सविसयपहाणत्तणेण अण्णुण्णणिरवेक्खं ॥
इत्यादि सम्मतिग्रन्थेऽपि [ ३-४८/४९ ] शाक्यादिप्रवादानां जैनागममूलत्वं सुप्रसिद्धम्, तस्य द्रव्यार्थिक-पर्यायार्थिकोभयनयरूपत्वात् । यच्च सिद्धसेनः [ संमति १-३ ]
[3]तित्थयरवयणसंगहविसेसपत्थारमूलवागरणी । दव्वट्ठिओ अ पज्जवणओ अ सेसा विअप्पा सिं ॥
इति । यच्चोक्तं~'बिन्दुभावं भजन्ते' इति प्रयोगानुपपत्तिः, अवयवावयविनोरुपमानोपमेयभावे गौरवाभावादिति~तदसत्, न ह्यत्र हस्ताद्यवयवसाधारणमवयवत्वं, किन्तु समुदितेषु परप्रवादेषु तदेकदेशार्थत्वमिति गौरवाऽप्रतिघातात् । यच्चोक्तं 'समुद्रस्य बिन्दव इति भणनमप्यसंगतं' इत्यादि, तदप्यसत् समुद्रस्थानीयजैनमहाशास्त्रप्रभवकल्लोलस्थानीयावान्तरशास्त्रेभ्यः सामान्यदृष्टिपवनप्रेरितपरसमयबिन्दूद्गमस्याविरोधात् । 'समुद्रान्निर्गतबिन्दुभिः समुद्रस्य गांभीर्यहानिः' इति तु न पामरस्यापि

## [બૌદ્ધાદિદર્શનો જિનાગમમૂલક છે]

"જે કપિલનું દર્શન છે તે દ્રવ્યાર્થિકનયની વક્તવ્યતા છે. જયારે શુદ્ધોદનતનય (બૌદ્ધ) નું દર્શન પરિશુદ્ધ પર્યાયાર્થિકનય રૂપ છે. તેમજ ઉલુક (વૈશેષિક) નયે પોતાના શાસ્ત્રો તે બન્ને નયોને અનુસરીને બનાવ્યા છે અને છતાં એ પણ મિથ્યા જ છે, કેમકે તેણે તે નયોનો સમાવેશ અન્યોન્યનિરપેક્ષ રીતે પોતપોતાના વિષયોની પ્રધાનતા જળવાઈ રહે તે રીતે કર્યો છે" ઇત્યાદિ સમ્મતિ ગ્રન્થ (૩-૪૮-૪૯)માંથી પણ શાકયાદિ પ્રવાદો જૈનાગમમૂલક છે એ વાત જાણી જ શકાય છે, કેમકે જૈનાગમ પોતે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ઉભયનયાત્મક જ છે, શ્રીસિદ્ધસેન દિવાકરસૂરિએ જ કહ્યું છે કે "શ્રી જિનવચનસંગ્રહના થએલ વિશેષ વિસ્તારનું મૂળમાં પ્રતિપાદન કરનાર બે નયો છે. દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય. શેષ નયો આ બેના વિકલ્પો (પેટાભેદો) છે." વળી~'બિન્દુભાવં ભજન્તે' એવો પ્રયોગ અસંગત થવાની આપત્તિ આવે છે, કેમકે અવયવ-અવયવીનું ઉપમાન-ઉપમેય ભાવે વર્ણન કરવામાં અવયવીનું કોઈ ગૌરવ જણાતું નથી ~ઇત્યાદિ પૂર્વપક્ષીએ જે કહ્યું છે તે પણ અસત્ જાણવું, કેમકે અહીં હસ્તાદિના અંગુઠા વગેરે રૂપ અવયવોમાં જેવું અવયવત્વ છે તેવા સામાન્ય અવયવત્વમાત્રનું જ પ્રતિપાદન નથી પણ 'સમુદિત થએલા પણ પર પ્રવાદો તે જિનાગમ જેટલા બનતા નથી કિન્તુ તેના એક દેશ રૂપ જ બને છે' એવું પ્રતિપાદન છે. માટે એમાં જિનાગમનું ગૌરવ સ્પષ્ટ જણાય જ છે. વળી ~'સમુદ્રના બિન્દુઓ' કહેવું પણ અયોગ્ય છે ~ઇત્યાદિ જે કહ્યું છે તે પણ ખોટું છે, કારણકે સમુદ્ર જેવા જૈનમહાશાસ્ત્રમાં ઉત્પન્ન થએલા કલ્લોલ જેવા અવાન્તરશાસ્ત્રમાંથી સામાન્યદષ્ટિરૂપ પવનના કારણે પરશાસ્ત્રરૂપ બિન્દુઓ ઉત્પન્ન થવા સંભવિત હોઈ તે કથન અયોગ્ય નથી. તેમજ સમુદ્રમાંથી બિંદુઓ નીકળે તો સમુદ્રની ગંભીરતા હણાય જાય એ વાતને તો સાવ પામરો (જડબુદ્ધિ જીવો) પણ સ્વીકારતા નથી. તેથી તેમાં કાંઈ સાર નથી. વળી પૂર્વપક્ષીએ "જે કાંઈ સારૂં હોય તે બધાનો દ્વાદશાંગમાં જ સમવતાર કરવો " ઇત્યાદિ 'જ' કારનો અધ્યાહાર કરવા પૂર્વક જે વૃત્તિવ્યાખ્યાની સંગતિ કરી છે તે હકીકતમાં તો વૃત્તિકારના અભિપ્રાયથી વિરુદ્ધ જ છે, કેમકે એવા અધ્યાહારથી ફલિત એ થાય છે કે 'દ્વાદશાંગ સિવાય બીજે કયાંય સુંદર છે જ નહિ' જે વૃત્તિકારને અભિપ્રેત નથી.

१ यत्कापिलं दर्शनमेतद् द्रव्यार्थिकस्य वक्तव्यम् । शुद्धोदनतनयस्य तु परिशुद्धः पर्यवविकल्पः ॥
२ द्वाभ्यां नयाभ्यां नीतं शास्त्रमुलूकेन तथापि मिथ्यात्वम् । यत्स्वविषयप्रधानत्वेनान्योन्यनिरपेक्षम् ॥
३ तीर्थकरवचनसङ्ग्रहविशेषप्रस्तारमूलव्याकरणी । द्रव्यार्थिकश्च पर्यवनयश्चशेषा विकल्पा अनयोः ॥

संमतमिति यत्किञ्चिदेतत् । एवकाराद्यध्याहारेण वृत्तिसङ्घटना तु वृत्तिकृदभिप्रायेणैव विरुद्धा, 'अन्यत्र न सुन्दर' इत्यस्यार्थस्य वृत्तिकृदनभिप्रेतत्वात् , उदितानुदितयोरकरणनियमयोरभेदेन भणनं च यद्युदितस्याकरणनियमस्यावज्ञा तद्भेदवादिभगवदवज्ञापर्यवसायिनी स्यात्तदा तद्भेदवर्णनमपि सामान्याकरणनियमावज्ञा तदभेदवादिभगवदवज्ञापर्यवसायिनी स्यात् , न हि तद्भेदमेव भगवान् वदति नत्वभेदमित्येकान्तोऽस्ति. भेदाभेदवादित्वात्तस्य, इति वक्रतां परित्यज्य विचारणीयं 'परगुणद्वेष एव भगवतामवज्ञा' इति । एतदर्थसमर्थनायैव हि 'सर्वप्रवादमूलं द्वादशाङ्गं रत्नाकरतुल्यं' इत्यत्र 'उदधाविव' इत्यादिसंमतितयोद्भावितं वृत्तिकृता ।

अत्र परः प्राह–यत्तु 'सर्वप्रवादानां मूलं द्वादशांगं रत्नाकरतुल्यं' इति समर्थनाय टीकाकारेण "उदधाविव सर्वसिन्धवः' इत्यादिरूपं श्रीसिद्धसेनदिवाकरवचनं संमतितयोद्भावितं तच्च विचार्यमाणमसङ्गतमिवाभाति । तथाहि–यदि द्वादशाङ्गं रत्नाकरतुल्यं तर्हि नदीतुल्याः प्रवादा न भवेयुः, समुद्रान्नदीनामुत्पत्तेरभावात् , समुद्रस्य च नदीपितृत्वापत्त्या 'नदीपतिः समुद्रः' इति कविसमयव्याहतिप्रसक्तेः, समुद्रस्य गांभीर्यहानिप्रसक्तेश्च । तस्मात्स्तुतिकर्त्तुरभिप्रायोऽयं–हे नाथ ! त्वयि सर्वज्ञे दृष्टयोऽन्यतीर्थिकानां निजनिजमार्गश्रद्धानलक्षणाः, समुदीर्णाः सम्यगुदयं प्राप्ताः, तद्विषयो

---

વળી ઉદિત–અનુદિત અકરણનિયમને અભિન્ન કહેવા એ ઉદિત અકરણનિયમની અવજ્ઞારૂપ હોવાના કારણે તે એના ભેદને જણાવનાર ભગવાનની જ અવજ્ઞા રૂપે પર્યવસિત જો થતી હોય તો તો તે એને જુદા જુદા કહેવા એ પણ સામાન્ય (ઉદિત–અનુદિતમાં સાધારણ) અકરણનિયમની અવજ્ઞા રૂપ હોઇ (કેમકે સામાન્ય અકરણનિયમ તરીકે એ બન્ને અભિન્ન છે) તે બે અકરણનિયમના અભેદને જણાવનાર ભગવાનની અવજ્ઞામાં જ પર્યવસિત થશે. તાત્પર્ય એ છે કે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાત્વીના અકરણ નિયમ ઉદિત–અનુદિત તરીકે જેમ જુદા જુદા છે તેમ સામાન્ય અકરણનિયમ તરીકે અભિન્ન પણ છે જ. તેથી "ભગવાને તે એનો ભેદ જ કહ્યો છે, અભેદ નહિ" એવો એકાન્ત પણ નથી, કેમકે ભગવાન્ વાસ્તવિક એવા ભેદાભેદને કહેનારા છે. માટે "તે એના અકરણનિયમનો અમુક અપેક્ષાએ અભેદ કહેવો એ ભગવાન્‌ની અવજ્ઞા રૂપ નથી, પણ પરના (અન્યદર્શનસ્થ માર્ગાનુસારીના) ગુણો પર (તેઓને દોષ તરીકે જણાવવા રૂપ) દ્વેષ રાખવો એ જ ભગવાન્‌ની અવજ્ઞા રૂપ છે" એ વાત વક્રતાનો ત્યાગ કરીને વિચારવી, કારણકે તેવા જીવોના પણ તે ગુણોને ભગવાને ગુણ તરીકે કહ્યા છે. આ વાતના સમર્થન માટે જ "દ્વાદશાંગ સર્વપ્રવાદોનું મૂળ છે" ઇત્યાદિ બાબતમાં વૃત્તિકારે 'ઉદધાવિવ...' ગાથાને સાક્ષી તરીકે કહી છે.

[**ઉદધાવિવ સર્વસિન્ધવ.ની પૂર્વપક્ષવ્યાખ્યા**]

આ અંગે પૂર્વપક્ષીનું કહેવું એ છે કે (સ. શ. ૭૬) પૂર્વપક્ષ 'સર્વપ્રવાદોનું મૂળ દ્વાદશાંગ છે' એ વાતનું સમર્થન કરવા ટીકાકારે શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મ.નું 'ઉદધાવિવ...' ઇત્યાદિ વચન સાક્ષી તરીકે જે કહ્યું છે તે વિચાર કરતાં અસંગત જેવું લાગે છે, કેમકે દ્વાદશાંગ જો રત્નાકરસમાન હોય તો પ્રવાદો નદી જેવા બની શકે નહિ, કેમકે સમુદ્રમાંથી કંઈ નદીઓ નીકળતી નથી. વળી તેઓ નદીતુલ્ય હોવામાં તો દ્વાદશાંગરૂપ સમુદ્ર તેઓના પિતા બની જવાથી 'સમુદ્ર નદીપતિ છે' એવો કવિઓમાં જે પ્રવાદ પ્રસિદ્ધ છે તે હણાઈ જાય. તેમ જ સમુદ્રનું ગાંભીર્ય પણ ખંડિત થઈ જાય, કેમકે રહેવાની જગ્યા મળતી હોય તો પાણી ક્યાંયથી બહાર નીકળતું જ નથી. અહીં નદીઓ બહાર નીકળે છે એનો અર્થ જ એ કે હવે પાણીને સમાવાની જગ્યા સમુદ્રમાં છે જ નહિ. જેથી એ બહાર નીકળ્યું. તેમજ બધી નદીઓ સમુદ્ર તરફ જવાવાળી હોય છે એવી આગમપ્રસિદ્ધ અને સર્વાનુભવસિદ્ધ

भगवान् जात इत्यर्थः । अयं भावः–यत्किञ्चिदकरणनियमादिकं जिनेन सुन्दरतया भणितं तदन्यतीर्थिकैरपि तथैव प्रतिपन्नम् । एतच्च साम्प्रतमपि नालिकेरादिफलाहारेणैकादशीपर्वोपवासं कुर्वाणा जैनाभिमतोपवासं सम्यक्तया मन्यन्ते, जैनाश्च तदुपवासं लेशतोऽपि न मन्यन्ते । अत एव च 'न च तासु भवान् प्रदृश्यते' इति तासु अन्यतीर्थिकदृष्टिषु 'भवान् न प्रदृश्यते' अन्यतीर्थिकश्रद्धानविषयीभूतं धार्मिकानुष्ठानं गङ्गास्नानादिकं भवान् लेशतोऽपि न मन्यत इत्यर्थः । अन्यतीर्थिकानां दृष्टयो भगवति वर्त्तन्ते तत्र दृष्टान्तमाह– यथोदधौ सर्वाः सिन्धवः समुदीर्णा भवन्ति=सम्यगुदयं प्राप्ताः स्युः, लोकेऽपि भर्तृसंबन्धेन स्त्रिय उदिता भवन्तीति प्रसिद्धेः । 'तासु च भवान्नास्ति' इत्यत्र दृष्टान्तमाह–यथा प्रविभक्तासु सरित्सु नदीषु समुद्रो नास्ति । तासु च समुद्रो नावतरतीत्यर्थः । अनेनाभिप्रायेण स्तुतिः, न पुनरर्हदुपदिष्टप्रवचनद्वाराऽर्हत्सकाशादन्यतीर्थिकदृष्टयः समुत्पन्ना इत्यभिप्रायेणेति–

तदसत्, प्राचीनाचार्यव्याख्यामुल्लङ्घ्य विपरीतव्याख्यानस्यापसिद्धान्तत्वात्, तदाहुः श्रीहेमचन्द्रसूरयः [ अयोग. द्वा. १६ ]—

यदार्जवादुक्तमयुक्तमन्यैस्तदन्यथाकारमकारि शिष्यैः ।
न विप्लवोऽयं तव शासनेऽभूदहोऽधृष्या तव शासनश्रीः ॥इति ।

न चेदमुपदेशपदवृत्तिकृत एव दूषणदानं, किन्तु "एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः ॥"

---

વાતને અન્યથા કરવા કોઈ સમર્થ નથી. તેથી શાક્યાદિ પ્રવાદો નદીતુલ્ય છે અને તેના મૂળરૂપ દ્વાદશાંગ રત્નાકર તુલ્ય છે એવો સ્તુતિકારનો અભિપ્રાય જ નથી કે જેથી એવા અર્થના સમર્થન માટે એ શ્લોકની સાક્ષી આપવી સંગત બને. સ્તુતિકારનો અભિપ્રાય તો આવો છે કે–હે નાથ ! અન્ય તીર્થિકોની પોતપોતાના માર્ગપરની શ્રદ્ધારૂપ દષ્ટિઓ તારે વિશે સમ્યગ્ ઉદય પામેલી છે, અર્થાત્ ભગવાન્ તેઓનો પણ વિષય બન્યા છે. તાત્પર્ય એ છે કે જિનેશ્વર ભગવાને અકરણનિયમ વગેરે જે કાંઈ ચીજને સુંદર કહી છે તેને અન્યતીર્થિકોએ પણ સુંદર તરીકે જ સ્વીકારી છે. આ વાત વર્ત્તમાનમાં પણ જોવા મળે છે. જેમકે હાલમાં પણ નાળિયેર વગેરે ફળોનો આહાર કરીને એકાદશી વગેરે પર્વનો ફરાળી ઉપવાસ કરનારા પણ બ્રાહ્મણો વગેરે જૈનોના ઉપવાસને જ સાચો ઉપવાસ માને છે. જ્યારે જૈનો તો તેઓના આ ફરાળી ઉપવાસને ઉપવાસના કે ધર્મના એક અંશ રૂપે પણ સ્વીકારતા નથી. માટે જ સ્તુતિકારે આગળ કહ્યું છે કે તે દષ્ટિઓમાં તું દેખાતો નથી. અર્થાત્ અન્યતીર્થિકોની શ્રદ્ધાનો વિષય બનેલ ગંગાસ્નાન વગેરે ધાર્મિક અનુષ્ઠાનને તું લેશ પણ ધર્મરૂપ (આદરણીય) માનતો નથી. અન્યતીર્થિકોની દષ્ટિઓ ભગવાન્‌માં રહી છે એ બાબતમાં દૃષ્ટાન્ત આપવા સ્તુતિકારે 'ઉદધાવિવ...' ઇત્યાદિ કહ્યું છે. તે આ રીતે– જેમ પતિ સમુદ્રમાં બધી નદીઓ સારો ઉદય પામે છે તેમ હે પ્રભો ! તારામાં બધી નદીઓ ઉદય પામેલ છે. લોકમાં પણ એ વાત પ્રસિદ્ધ છે કે પતિના મેળાપથી સ્ત્રીનો ઉદય થાય છે. 'એ દષ્ટિઓમાં તું નથી' એ બાબતમાં દૃષ્ટાન્ત તરીકે 'તાસુ ચ...' ઇત્યાદિ કહ્યું છે. અર્થાત્ જેમ જુદી જુદી નદીઓમાં સમુદ્ર હોતો નથી–એટલે કે તેઓમાં સમુદ્ર ભળતો નથી–તેમ તે જુદી જુદી દષ્ટિઓમાં તું અવતરતો નથી. આમ સ્તુતિકારે આવા અભિપ્રાયથી 'ઉદધાવિવ...' ઇત્યાદિ સ્તુતિ કરી છે નહિ કે 'અન્યદષ્ટિઓ ભગવાને કહેલ પ્રવચનમાંથી નીકળેલ હોઇ ભગવાન્‌માંથી જ નીકળી છે' એવું પ્રતિપાદન કરવાના અભિપ્રાયથી.

[ यो. स. १२८ ] इत्यादि वदतां श्रीहरिभद्रसूरीणां 'समाख्यात' इति पदसूचितग्रन्थकृदेकवाक्यताशालिश्रीसिद्धसेनदिवाकराणां तदनुसारिणामन्येषां चेत्यतिदुरन्तोऽयं कोऽपि मोहमहिमा । या चानुपपत्तिरुद्भाविता 'यदि द्वादशाङ्गं रत्नाकरतुल्यं' इत्यादिना साऽनुपपन्ना, समुद्राज्जलं गृहीत्वा मेघो वर्षति, ततश्च नद्यः प्रवृद्धा भवन्तीति प्रसिद्धेः परप्रवादानामपि नदीतुल्यानां जैनागमसमुद्रगृहीतार्थजलादांशिकक्षयोपशममेघात्प्रवृद्धिसंभवात् । एवं नदीतुल्यानां परप्रवादानां जैनागमसमुद्रमूलत्वे लोकनीत्यापि बाधकाभावात् । अत एव न समुद्रस्य नदीपितृत्वापत्तिदोषोऽपि, लोकनीत्यापि तदनुपपत्तेः । यदि चोपमानबललभ्यधर्मेण तत्सहचरितानभिमतधर्मापत्तिः स्यात् तदा चन्द्रोपमया मुखादौ कलंकितत्वाद्यापत्तिरपि स्यादिति । न चैवं मेघात्प्राग् नदीनामिव जैनागमानुसारिक्षयोपशमात्प्राक् परवादानामनुपचितावस्थत्वप्रसङ्गः, इष्टत्वात्, जैनागमानुसारिनयपरिज्ञानं विनाऽनुपनिबद्धमिथ्यात्वरूपतयैव तेषां स्थितत्वात् । न चैवं जिनदेशनाया उपचितमिथ्यात्वमूलत्वेनानर्थमूलत्वापत्तिः, विश्वहितार्थिप्रवृत्तावनुषङ्गतस्तदुपस्थितावपि दोषाभावाद्, भावस्यैव प्राधान्यात् । तदुक्तमष्टके [ २८-८ ] -

इत्थं चैतदिहेष्टव्यमन्यथा देशनाऽप्यलम् । कुधर्मादिनिमित्तत्वाद् दोषायैव प्रसज्यते ॥

---

## [પ્રાચીનવ્યાખ્યાથી વિપરીતવ્યાખ્યા કરવી એ અપસિદ્ધાન્ત]

પૂર્વપક્ષીએ કરેલી આ નવી કલ્પના ખોટી છે, કેમકે પ્રાચીન આચાર્યે કરેલી વ્યાખ્યાનું ઉલ્લંઘન કરીને એનાથી વિપરીત વ્યાખ્યા કરવી એ સિદ્ધાન્તવિરુદ્ધ છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિ મહારાજે કહ્યું છે કે (અયોગ દ્વા.૧૯) "અન્યદર્શનના પૂર્વાચાર્યોએ ભોળપણના કારણે જે કાંઈ અયુક્ત કહ્યું તેને તેમના શિષ્યોએ અન્યથા સિદ્ધ કર્યું. અર્થાત્ તેનું ખંડન કરી નવો સિદ્ધાન્ત સ્થાપ્યો. પણ પૂર્વપુરુષોના વચનોનું ખંડન કરવારૂપ આ બળવો તારા શાસનમાં થયો નથી. તેથી ખરેખર હે પ્રભો! તારી શાસનશ્રી અધૃષ્ય છે અર્થાત્ એની સામે કોઈ પડી શકે એમ નથી." વળી ઉપદેશપદની ઉક્તવૃત્તિમાં જે આ અસંગતિની કલ્પના કરો છો તે માત્ર ઉપદેશપદના વૃત્તિકારને જ દોષ દેવા રૂપ નથી કિન્તુ યોગદૃષ્ટિ સમુચ્ચય(૧૨૮)માં "કપિલાદિ તે બધાનો માર્ગ એક જ છે જે શમની પ્રધાનતા વાળો છે." ઇત્યાદિ કહેતાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજને તેમજ ઉપદેશપદની તે ગાથામાં 'સમાખ્યાત' પદ મૂકીને સૂચવેલ ગ્રન્થકાર જેવા જ અભિપ્રાયવાળા શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ વગેરેને તેમજ તેમને અનુસરનારા પછીના બધા પૂર્વાચાર્યોને પણ દોષ દેવા રૂપ છે. માટે આવી નવી કલ્પના કરવી એ મોહનો ખરેખર અતિ દુરન્ત અને કોઈક અવર્ણનીય એવો પ્રભાવ જ છે. વળી 'જો દ્વાદશાંગ સમુદ્ર તુલ્ય હોય તો...' ઇત્યાદિ કહીને જે અનુપપત્તિનું ઉદ્ભાવન કર્યું છે તે પણ અસંગત છે, કેમકે "સમુદ્રમાંથી પાણીને લઈને વાદળાં વરસે છે અને તેનાથી નદીઓ ઉભરાય છે" ઇત્યાદિ વાત પ્રસિદ્ધ હોઈ સમુદ્રમાંથી નદીઓ નીકળી હોવી કહેવી એ પણ અસંગત નથી. એમ નદીતુલ્ય પરપ્રવાદો પણ જૈનાગમરૂપ સમુદ્રમાંથી અર્થરૂપ જળનું ગ્રહણ કરનાર આંશિક ક્ષયોપશમરૂપ મેઘ દ્વારા પુષ્ટ થવા સંભવે છે. આમ નદી જેવા પરપ્રવાદો જૈનાગમસમુદ્રમૂલક હોવામાં લૌકિક માન્યતા મુજબ પણ કોઈ બાધક નથી. વળી આ રીતે સંગતિ હોવાથી જ સમુદ્ર નદીપિતા બની જવાની પણ આપત્તિ નથી, કેમકે નદીના આ રીતે ઉદ્ભવસ્થાન એવા પણ સમુદ્રને લોકો પણ નદીપિતા કહેતાં નથી. વળી અમુક ધર્મની અપેક્ષાએ આપેલ ઉપમાથી જો તે ઉપમાનમાં રહેલા બીજા (ઉપમેયમાં) અનભિમત એવા પણ ધર્મો ઉપમેયમાં આવી જવાની આપત્તિ આવતી હોય તો તો દુનિયામાં કોઈને કોઈની ઉપમા જ આપી શકાશે નહિ, કેમકે મુખમાં આતપ્રસિદ્ધ એવી પણ ચંદ્રની ઉપમા અનુપપન્ન બની જાય છે. તે એટલા માટે કે ચંદ્રના કલંકિતત્વ વગેરે ધર્મો પણ મુખમાં માનવા પડે છે જે મુખને ગૌરવ બક્ષવાને બદલે હીનતા જ બક્ષે છે.

इति । पराभिप्रायेण प्रकृतस्तुतिवृत्तव्याख्याने च 'त्वत्तः समुदीर्णाः' इति वाच्ये 'त्वयि समुदीर्णाः' इति पाठस्य क्लिष्टत्वापत्तिः । किं च 'एवं परेषां भगवदभिहितार्थश्रद्धानं भगवतश्च तल्लेशस्याप्यश्रद्धानं' एतावताभगवत्यतिशयालाभः । सांप्रदायिके त्वर्थे 'भगवत्यन्यदृष्टयः समवतरन्ति, भवांस्तु न तासु' इत्येव स्वेतरसकलदर्शनार्थव्याप्यार्थकप्रवचनवक्तृत्वरूपातिशयलाभ इत्युपमया व्यतिरेकालंकाराक्षेपात् पुष्टार्थकत्वं काव्यस्य स्यात् ।

किं च एवमपि परेषां जिनाभिहितार्थश्रद्धानाभ्युपगमे सत्प्रशंसारूपबीजलाभाभ्युपगमप्रसङ्गः । ~न च तेषां कदाचिद् यथार्थजिनोक्तश्रद्धानेऽपि तत्प्रणेतर्यर्हति देवत्वेन भावाभावाद् 'देवो रागद्वेषरहितः सर्वज्ञ एव भवति, नापरः, स चास्मदभिमतः सुगतादिरेवे'ति शाक्यादीनां 'देवोऽर्हन्नैव परमसम्मार्गप्रणेते'त्यादि च मिथ्यात्वबीजं दिगम्बरादीनामस्त्येवेति न तेषु धर्मबीजसंभव इति वाच्यम् । ~ तथापि तादृशपक्षपातरहितानां 'यः कश्चिद् रागादिरहितो विशिष्टपुरुषः स देवः'

[અન્યદર્શનો પણ જૈનાગમબોધથી પુષ્ટ થાય]

"પણ આ રીતે સંગતિ કરવામાં એવું ફલિત થવાની આપત્તિ આવશેકે ~મેઘ વર્ષા કરે એ પહેલાં નદીઓ જેમ સૂકાએલી હોય છે અને વૃષ્ટિ પછી છલકાય છે તેમ જૈનાગમને અનુસરીને થએલ ક્ષયોપશમ પૂર્વે પરદર્શનો માયકાંગલા હતા અને પછી પુષ્ટ બન્યા" ~ આવી આપત્તિની શંકા ન કરવી, કેમકે અમને એવો ફલિતાર્થ ઇષ્ટ જ છે. જ્યાં સુધી જૈનાગમ અનુસારી નયપારજ્ઞાન થયું હોતું નથી ત્યાં સુધી તેઓ ગ્રન્થાદિમાં ઉપનિબદ્ધ થયા વિનાના મિથ્યાત્વરૂપે રહ્યા હોઇ દુબળા જ હોય છે. પોતાની માન્યતાઓને ગ્રન્થાદિમાં અન્યનયાદિના ખંડનાદિપૂર્વક પ્રતિપાદિત કરવામાં જ તે તે દર્શનો પુષ્ટ થાય છે. ~ "જો હકીકત આ જ હોય તો ફલિત એ થશે કે ભગવાન્ની દેશના ઉપચિત (ગાઢ) મિથ્યાત્વનું મૂળ બનતી હોઇ અનર્થના મૂળભૂત છે" ~ એવી આપત્તિ પણ આપવી નહિ, કેમકે વિશ્વનું હિત કરનાર પ્રવૃત્તિમાં ગૌણ રીતે સાથે સાથે કો'કનું મિથ્યાત્વ (તેના પોતાના દોષના કારણે) પુષ્ટ થઇ જાય તો પણ કોઇ દોષ નથી, કેમકે પ્રવૃત્તિ દોષ રૂપ છે કે ગુણરૂપ? એ નક્કી કરવામાં પ્રવૃત્તિ કરનારનો ભાવ જ મુખ્યભાગ ભજવે છે. દેશના દેવામાં ભગવાન્નો વિશ્વનું હિત કરવાનો જ ભાવ હોય છે જે તે પ્રવૃત્તિને ગુણકર ઠેરવે છે. **અષ્ટકપ્રકરણ** ૨૮–૮ માં કહ્યું છે કે "આમ પૂર્વે કહી ગયા એ મુજબ ભગવાન પુત્રાદિને કરેલ રાજ્યદાન વગેરેને પણ નિર્દોષ માનવા જોઇએ. નાહતર તો ભગવાન્ની દેશના પણ કુધર્માદિનો પણ નિમિત્ત બનતી હોઈ દોષરૂપ જ બની જવાની આપત્તિ આવે."

[ ઉદધાવિવ.ની પૂર્વપક્ષવ્યાખ્યામાં અસંગતિ ]

વળી સ્વવાતની પુષ્ટિ માટે પૂર્વપક્ષીએ 'उदधाविव...' શ્લોકની જે વ્યાખ્યા કરી છે તેમાં તો 'त्वत्तः समुदीर्णाः' એવો પંચમ્યન્ત અર્થ કાઢવો પડે છે. (કેમકે એણે જ 'પતિના સંબંધથી સ્ત્રીઓ ઉદય પામે છે' ઇત્યાદિ જે દૃષ્ટાન્ત આપ્યું છે તેમાં પતિને પંચમી વિભક્તિ લગાડવી પડે છે.) અને તો પછી 'त्वयि समुदीर्णाः' એવો પાઠ તે અર્થ કાઢવા માટે ક્લિષ્ટ બને છે. વળી, 'આમ બીજાઓ જિનોક્ત ક્રિયા વગેરેને માને છે પણ ભગવાન્ તો તેઓએ કહેલ અર્થને લેશમાત્ર પણ માનતા નથી' આવું જે કહ્યું છે એના પરથી પણ કંઈ ભગવાન્માં અતિશય હોવો સિદ્ધ થતો નથી. જ્યારે તે શ્લોકનો સાંપ્રદાયિક જેવો અર્થ પ્રચલિત છે તેવો અર્થ કરવામાં, 'ભગવાન્માં અન્યદર્શનોનો સમવતાર થાય છે, પણ ભગવાનનો અન્યદર્શનોમાં નહિ' એવો જે અર્થ કરાય છે તેના પરથી ભગવાન્માં 'પોતાનાથી જુદા બીજા બધા દર્શનોને માન્ય અર્થને વ્યાપ્ય જે અર્થ હોય તેવા અર્થને

इत्यादि संमुग्धश्रद्धानवतां भगवदभिहितकतिपयसुन्दरार्थग्राहिणां धर्मबीजसद्भावस्य प्रतिहन्तुमशक्यत्वात्, औघिकयोगदृष्ट्या तत्प्रणीतवाक्येषु सुन्दरार्थमुपलभ्यान्यस्याप्यादिधार्मिकत्वोपपत्तेश्चेत्यध्यात्मदृष्ट्या विचारणीयं, तां विना वादप्रतिवादादिव्यापारात् तत्त्वाप्रतिपत्तेः । तदुक्तं योगबिन्दौ [ ६७-६८ ]—

वादांश्च प्रतिवादांश्च वदन्तो निश्चितांस्तथा । तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ ॥
अध्यात्ममत्र परम उपायः परिकीर्तितः । गतौ सन्मार्गगमनं यथैव ह्यप्रमादिनः ॥इति ।
अन्योऽपि व्यवहारेणान्यमार्गस्थोऽपि तदनुसारी जिनेन्द्रश्रुतमूलार्थपदानुसारी, तत् तस्मात्कारणात्, देशाराधको युक्त इति ।

---

જણાવનાર પ્રવચનનું વક્તૃત્વ'રૂપ અતિશય જણાય છે. તેથી નદી-સમુદ્રની ઉપમાથી વ્યતિરેક અલંકાર ઊભો થતો હોઈ કાવ્ય પુષ્ટાર્થક બનવાનો લાભ થાય છે.

વળી 'ઉદધાવિવ...' ઇત્યાદિ સ્તુતિનો પૂર્વપક્ષીએ કલ્પેલ અભિપ્રાય મુજબ પણ "જિનોક્ત પદાર્થની ઇતરોને શ્રદ્ધા હોય છે" એવો જે સ્વીકાર કરાયો છે તેના કારણે 'તેઓને સત્પ્રશંસારૂપ બીજની પ્રાપ્તિ થઇ ગઇ છે' એવું માનવાની પણ પૂર્વપક્ષાને આપત્તિ આવશે. (આ પૂર્વપક્ષીને જ આપત્તિરૂપ છે એ જાણવું, કેમકે ઇતરદર્શનસ્થ જીવોને માર્ગાનુસારી માન્યા ન હોઈ બીજપ્રાપ્તિ વગેરે પણ માન્યા નથી.)

શંકા—ઇતરદર્શનસ્થ જીવોને જિનોક્ત કોઇક પદાર્થની શ્રદ્ધા હોવા છતાં તેને કહેનાર શ્રી અરિહંતપરમાત્મામાં 'દેવ' તરીકેની શ્રદ્ધા હોતી નથી. જેમકે શાક્ય વગેરે પરદર્શનીઓની માન્યતા એવી હોય છે કે "દેવ રાગ-દ્વેષરહિત તેમજ સર્વજ્ઞ જ હોય છે અને તેવા તો આપણે માનેલા સુગત વગેરે જ છે" જ્યારે દિગંબર વગેરેની માન્યતા એવી હોય છે કે "દેવ તો શ્રી અરિહંત જ છે પણ તેઓ આપણા દિગમ્બર માર્ગના જ પ્રણેતા છે" ઇત્યાદિ આમ આ બધા જીવોમાં આવું મિથ્યાત્વબીજ હાજર હોવાથી ધર્મબીજપ્રાપ્તિનો સંભવ હોતો નથી.

**[ પક્ષપાતશૂન્ય જૈનેતરમાં પણ ધર્મબીજ સંભવિત ]**

**સમાધાન**—પક્ષપાતરૂપ તેવી માન્યતાવાળા અન્ય દર્શનસ્થ જીવોમાં તેનો સંભવ ન હોવા છતાં તેવા પક્ષપાત વિનાના અને 'જે કોઈ રાગાદિશૂન્ય હોય તે વિશિષ્ટ પુરુષ દેવ છે' ઇત્યાદિ મુગ્ધશ્રદ્ધાવાળા જિનોક્ત કેટલાક સુંદર પદાર્થોને સ્વીકારનારા જીવોમાં તેની હાજરીનો નિષેધ કરી શકાતો નથી. આ સિવાયના અન્ય જીવોમાં પણ તત્પ્રણીત વાક્યોમાંથી ઓઘિકયોગદષ્ટિથી સુંદર અર્થની જાણકારી મેળવીને આદિધાર્મિકત્વ હોવું એ સંગત હોવાના કારણે પણ ધર્મબીજનો નિષેધ કરી શકાતો નથી. તેથી અન્યમાર્ગસ્થ જીવોમાં 'ધર્મબીજ, આદિધાર્મિકત્વ-માર્ગાનુસારિતા વગેરે હોય કે નહિ' એ બાબત અધ્યાત્મદષ્ટિથી વિચારવી જોઇએ, કેમકે માત્ર શુષ્ક વાદ-પ્રતિવાદ (સામસામી દલીલો) કરવાથી તત્ત્વ (વાસ્તવિકતા) જાણી શકાતું નથી. યોગબિન્દુ (૬૭-૬૮)માં કહ્યું છે કે—"અસિદ્ધાદિ દોષના પરિહારપૂર્વક નિશ્ચિત વાદ અને પ્રતિવાદને કરનારા ચર્ચાકારો વાસ્તવિક તત્ત્વને પામી શકતાં નથી. જેમકે ઘાંચીનો બળદ ઘણી ગતિ કરવા છતાં કોઈ સ્થાનને મેળવતો નથી. તત્ત્વપ્રાપ્તિનો તો અધ્યાત્મ જ શ્રેષ્ઠ ઉપાય કહેવાયો છે. જેમકે ઈષ્ટનગરની પ્રાપ્તિનો ઉપાય અપ્રમત્તવ્યક્તિનું ગમન છે." આ પરમ ઉપાયભૂત અધ્યાત્મદષ્ટિથી જે જણાય છે તેને જણાવતાં ગ્રન્થકાર ઉત્તરાર્ધમાં કહે છે કે તેથી (=અન્યશાસ્ત્રમાં રહેલ સમાન અર્થપદ જિનેન્દ્રશ્રુતમૂલક હોવાના કારણે) વ્યવહારનયથી

~नन्वेतदयुक्तं, मिथ्यादृशां प्राणातिपातादिविनिवृत्तेरप्यधर्मपक्षे निवेशितत्वात् तया तेषां देशाराधकत्वाभावात् । तदुक्तं सूत्रकृताङ्गे (२-२-१९)[1]'अहावरे तच्चस्स ठाणस्स मीसगस्स विभंगे एवमाहिज्जइ, जे इमे भवंति आरण्णिआ' इत्यादि यावत् 'जाव असव्वदुक्खप्पहीणमग्गे एगंतमिच्छे असाहु' त्ति । एतद्वृत्त्येकदेशो यथा "अत्र चाधर्मपक्षेण युक्तो धर्मपक्षो मिश्र इत्युच्यते, तत्राऽधर्मस्येह भूयिष्ठत्वादधर्मपक्ष एवायं द्रष्टव्यः" । एतदुक्तं भवति- यद्यपि मिथ्यादृष्टयः काञ्चित्तथाप्रकारां प्राणातिपातादिविनिवृत्तिं विदधति तथाप्याशयस्याशुद्धत्वादभिनवे पित्तोदये सति शर्करामिश्रक्षीरपानवदूषरप्रदेशे वृष्टिवद्विवक्षितार्थाऽसाधकत्वान्निरर्थकतामापद्यते, ततो मिथ्यात्वानुभावान्मिश्रपक्षोऽप्यधर्मपक्ष एवावगन्तव्य इति" इत्यादि इति चेत् ? ~

सत्यं, न हि वयमपि सन्मार्गगर्हादिहेतुप्रबलमिथ्यात्वविशिष्टया प्राणातिपातादिविनिवृत्तिक्रियया देशाराधकत्वं ब्रूमः, किन्तु रागद्वेषासद्ग्रहादिमान्द्येन मार्गानुसारिण्यैव तया । सा च सामान्यधर्मपर्यवसन्नापि धर्मपक्षे न समवतरति, तत्र भावविरतेरेव परिगणनात्, तदभावे बालत्वात्, तदुक्तं

---

અન્યમાર્ગમાં રહેલ પણ માર્ગાનુસારીજીવ જિનેન્દ્રશ્રુતમૂલક અર્થપદને અનુસરનારો હોઈ દેશ આરાધક હોવો યુક્ત છે.

**શંકા**—તમારી આ વાત યોગ્ય નથી, કેમકે મિથ્યાત્વીઓની પ્રાણાતિપાતાદિથી થએલ નિવૃત્તિને પણ અધર્મપક્ષમાં જ માનેલી હોઈ તે ક્રિયાના કારણે તેઓમાં દેશ આરાધકત્વ આવી શકતું નથી.

**સૂત્રકૃતાંગ**—(૨-૨-૧૯)માં કહ્યું છે કે "હવે ત્રીજા મિશ્રક સ્થાનનો વિભંગ=સ્વરૂપ આ પ્રમાણે કહેવાય છે. જે આ તાપસ વગેરે કે અન્યગૃહસ્થો હોય છે તેઓ કોઈક પાપસ્થાનથી અટક્યા હોવા છતાં પ્રબળ મિથ્યાત્વથી હણાયેલા હોઈ ઉપવાસ વગેરે મોટા કાયકલેશના કારણે દેવગતિમાં જવા છતાં કિલ્બિષિક વગેરે થાય છે અને પછી મનુષ્યભવમાં મૂંગા બહેરા વગેરે રૂપે થઈ અનંત કાળ સંસારમાં રખડે છે. તેથી તેઓની આ ક્રિયા વગેરે રૂપ માર્ગ સર્વદુઃખનો ક્ષય કરનાર નથી, એકાન્તે મિથ્યા છે અને સર્વથા અસુંદર છે" આની વૃત્તિનો એક ભાગ આવો છે—"અધર્મપક્ષથી યુક્ત ધર્મપક્ષ મિશ્ર કહેવાય છે. તેમાં અધર્મ જ ઘણો હોવાથી વસ્તુતઃ આને અધર્મપક્ષ જ જાણવો. તાત્પર્ય એ છે કે જો કે મિથ્યાત્વીઓ તેવા પ્રકારની કાંઈક હિંસાનિવૃત્તિ વગેરે કરે છે ખરાં, છતાં પણ તેઓનો આશય અશુદ્ધ હોવાથી વિવક્ષિત અર્થસાધક ન બનવાના કારણે તે બધી ક્રિયાઓ નિરર્થક જ બને છે, જેમકે નવો પિત્તોદયવાળા માણસની સાકરવાળું દુધ પીવાની ક્રિયા કે ઉખરભૂમિમાં મેઘ વરસવાની ક્રિયા. તેથી મિશ્ર એવો પણ તેનો પક્ષ મિથ્યાત્વના પ્રભાવે અધર્મપક્ષ જ બની જાય છે."

## [મિથ્યાત્વીની દ્રવ્યવિરતિમાં પ્રધાનતા-અપ્રધાનતાનો વિભાગ]

**સમાધાન**—તમારી વાત સાચી છે. તેમ છતાં અમારી વાત પણ અયોગ્ય નથી, કેમકે અમે પણ કાંઈ સન્માર્ગની નિંદા વગેરેના હેતુભૂત પ્રબળ મિથ્યાત્વયુક્ત અહિંસા વગેરેના કારણે દેશઆરાધકતા કહેતાં નથી. કિન્તુ રાગ-દ્વેષ અસદ્ગ્રહ વગેરેની મંદતા યુક્ત માર્ગાનુસારી ક્રિયાના કારણે જ તે કહીએ છીએ. સામાન્યધર્મરૂપે ફલિત થતી પણ તે ક્રિયા ધર્મપક્ષમાં ગણાતી નથી, કેમકે તેમાં તો માત્ર ભાવવિરતિ જ ગણાય છે જેના અભાવમાં જીવની 'બાળ' તરીકે ગણતરી થાય છે. કહ્યું છે કે (સૂ.કૃ. ૨-૨-૮૪) "અવિરતિના

---

१ अथापरस्तृतीयस्य स्थानस्य मिश्रकस्य विभङ्ग एवमाख्यायते—य इमे भवन्त्यारण्यिकाः (यावत्) असर्वदुःखप्रक्षीणमार्गमेकान्तमिथ्यमसाध्विति ।

'अविरइं पडुच्च बाले आहिज्जइ' त्ति । एतद्वृत्तिर्यथा-येयमविरतिरसंयमरूपा सम्यक्त्वाभावान्मिथ्यादृष्टेर्द्रव्यतो विरतिरप्यविरतिरेव, तां प्रतीत्य आश्रित्य बालवद् बालोऽज्ञः, सदसद्विवेकविकलत्वात्, इत्येवमाधीयते व्यवस्थाप्यते वेति" । द्रव्यविरतिश्च मिथ्यात्वप्राबल्येऽप्राधान्येन तन्मान्द्ये च मार्गानुसारित्वरूपाप्राधान्येनापि संभवतीत्येवं विषयविभागपर्यालोचनायां न कोऽपि दोष इति । अवश्यं चैतदङ्गीकर्तव्यं, अन्यथा परस्य मार्गानुसारिणो मिथ्यादृग्विलोपापत्तिः, मिथ्यात्वसहिताया अनुकंपादिक्रियाया अप्यकिञ्चित्करत्वाद् । ~ यदीयानन्तानुबन्धिनां जीर्णत्वेन न सम्यक्त्वप्राप्तिप्रतिबन्धकत्वं तेषां मार्गानुसारित्वं, ते च सम्यक्त्वाभिमुखत्वेन सम्यग्दृष्टिष्वेवावसातव्याः ~इति त्वावयोः समानमिति । न चेदेवं तदादिधार्मिकविधिः सर्वोऽप्युच्छिद्येतेति । सर्वथाऽभिनिविष्टचित्तानां मिथ्यादृशां दयादिकं दुष्टं, अनभिनिविष्टानां तु मार्गानुसारितानिमित्तमिति ध्येयं, सामान्यधर्मस्यापि सद्धर्मबीजप्ररोहत्वेनोक्तत्वात् । तदुक्तं धर्मबिन्दौ (अ. २)

प्रायः सद्धर्मबीजानि गृहिष्वेवंविधेष्वलम् । रोहन्ति विधिनोप्तानि यथा बीजानि सत्क्षितौ ।। इति ।

કારણે જીવો 'બાળ' કહેવાય છે." આની વૃત્તિ—" મિથ્યાત્વીની દ્રવ્યવિરતિ પણ સમ્યક્ત્વનો અભાવ હોવાના કારણે અવિરતિ જ છે. આવી અસંયમરૂપ અવિરતિના કારણે જીવ બાલ=અજ્ઞ કહેવાય છે, કેમકે બાળકની જેમ એ પણ સદ્ અસદ્ વિવેકશૂન્ય હોય છે." વળી દ્રવ્યવિરતિ તો મિથ્યાત્વની પ્રબળતા હોય તો અપ્રધાનતયા (ભાવવિરતિનું કારણ પણ ન બનવાથી) અને મંદતા હોય તો માર્ગાનુસારિતારૂપે પ્રધાનતયા પણ સંભવે છે. આમ ધર્મપક્ષમાં નહિ અવતરતી એવી પણ મિથ્યાત્વીઓની ક્રિયામાં પ્રધાનતયા-અપ્રધાનતયા દ્રવ્યવિરતિ બનવા રૂપ વિશેષતા હોય છે. આવો વિષયવિભાગનું પર્યાલોચન કરવાથી કોઇ દોષ રહેતો નથી.

આવો વિષયવિભાગ અવશ્ય સ્વીકારવો પણ પડે જ છે, કેમકે નહિતરતો (આવો વિષયવિભાગ ન માનો બધા મિથ્યાત્વીઓની ક્રિયાને સમાનરીતે અધર્મપક્ષમાં ગણવાની હોય તો) અન્યમાર્ગસ્થ માર્ગાનુસારી જીવો જેવા કોઇ જીવો જ રહેશે નહિ, કેમકે તેઓની અનુકંપા વગેરે ક્રિયાઓ પણ મિથ્યાત્વયુક્ત હોઇ મોક્ષ માટે અકિંચિત્કર જ હોવાના કારણે તેઓમાં અન્ય મિથ્યાત્વીઓ (ભવાભિનંદી) કરતાં કોઈ વિશેષતા રહેતી નથી. ~"જેઓના અનંતાનુબંધી કષાયો માંદલા થઇ ગયા હોવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિનો પ્રતિબંધ કરી શકતા નથી તેવા જીવો માર્ગાનુસારી છે. અને તેઓનો તો, તેઓ સમ્યક્ત્વને અભિમુખ હોઇ સમ્યક્ત્વીઓમાં જ અંતર્ભાવ કરવાનો છે"~એવી વિવક્ષા તો આપણી બન્નેની સમાન જ છે. વળી મિથ્યાત્વીઓની ક્રિયામાં આવો તફાવત ન હોય તો તો આદિધાર્મિક જીવો અંગેની બધી વિધિનો આગળ કહી ગયા મુજબ ઉચ્છેદ જ થઈ જાય. તેથી સર્વથા અભિનિવિષ્ટ ચિત્તવાળા મિથ્યાત્વીઓની ક્રિયા માર્ગાનુસારિતાનું નિમિત્ત બને છે એટલી વિશેષતા ખ્યાલમાં રાખવી, કેમકે દયા વગેરે રૂપ તે સામાન્ય ધર્મ પણ સદ્ધર્મ બીજ બનીને ઊગી નીકળે છે એવું ધર્મબિન્દુ (અધ્યા.-૨)માં કહ્યું છે. " આવા પ્રકારના ગૃહસ્થોમાં વિધિપૂર્વક રોપેલા સદ્ધર્મ બીજો ઊગી નીકળે છે જેમકે સારી ભૂમિમાં વાવેલા બીજો." મિથ્યાત્વીની ક્રિયાઓનો આ જે વિષયવિભાગ દેખાડ્યો તેનાથી નીચેનો પૂર્વપક્ષ નિરસ્ત જાણવો.

### [ક્યા મિથ્યાત્વીની સર્વક્રિયાઓ નિષ્ફળ ? વિચારણા]

પૂર્વપક્ષ-(સ૦શ૦પૃ૦૧૯૧) "ધર્મનો પરમાર્થ ન જાણનાર જે મિથ્યાત્વીઓ લોકપૂજ્ય અને વીર હોય છે તેઓનું તપ વગેરે અંગેનું પરાક્રમ સર્વશ સફળ હોય છે" આવું જણાવનાર સૂત્રકૃતાંગ (૮-૨૨) ગાથાના ઉત્તરાર્ધની વ્યાખ્યા આવી કરી છે કે 'બાળ એવા આત્મા જીવો તપ-

१. अविरतिं प्रतीत्य बाल आधीयते ।

एतेन~ [1]जे याबुद्धा महाभागा वीरा असम्मत्तदंसिणो । असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ॥ इति सूत्रकृताऽष्टमाध्ययनगाथायां (२२) "तेषां च बालानां यत्किमपि तपोदानाध्ययनयमनियमादिषु पराक्रान्तमुद्यमः कृतस्तदशुद्धं अविशुद्धकारि प्रत्युत कर्मबन्धाय. भावोपहतत्वात्सनिदानत्वाद्वेति. कुवैद्यचिकित्सावद् विपरीतानुबन्धीति । तच्च तेषां पराक्रान्तं सह फलेन कर्मबन्धेन वर्त्तत इति सफलम् । सर्वश इति-सर्वा अपि तत्क्रियास्तपोऽनुष्ठानादिकाः कर्मबन्धायैव" इत्युत्तरार्द्धव्याख्यानात् पण्डितानामपि त्यागादिभिर्लोकपूज्यानामपि सुभटवादं वहतामपि सम्यक्तत्त्वपरिज्ञानविकलानां सर्वक्रियावैकल्याद् न मिथ्यादृशां केषामपि क्रियावतामपि लेशतोऽप्याराधकत्वं ~ इत्यपास्तम् । एतेन भवाभिनन्दिनां मिथ्यादृशां सर्वक्रियावैफल्यसिद्धावपि तद्विलक्षणानां भावानुपहतत्वेन देशाराधकत्वाप्रतिघातात्, एतेन 'मिथ्यादृशां सर्वं कृत्यं निरर्थकं' इत्यादीन्यपि वचनानि व्याख्यातानि, विशिष्टफलाभावापेक्षयापि निरर्थकत्ववचनदर्शनात् । पठ्यते च-(उप. मा. ४२५)

[2]नाणं चरित्तहीणं लिंगग्गहणं च दंसणविहूणं । संजमहीणं च तवं जो चरइ णिरत्थयं तस्स ॥

इत्यादि । अथ पोषमासे वटवृक्षाम्रवृक्षयोः सहकारफलं प्रत्यकारणत्ववचनयोर्यथा स्वरूपयोग्यतासहकारियोग्यताऽभावेन विशेषस्तथा मिथ्यादृक्कृत्यचारित्रहीनज्ञानादिनिरर्थकतावचनयोरपि स्फुट एव विशेष इति चेत्? तर्ह्ययमपरोपि विशेषः परिभाव्यताम् । सहकारफलस्थानीयं मोक्षं प्रति भवाभिनन्दिमिथ्यादृक्कृत्यं वटवृक्षवदयोग्यं अपुनर्बंधकादिकृत्यं तु सहकाराङ्कुरवत्पारंपर्येण योग्यमिति सर्वमिदं निपुणं निभालनीयम् ॥२४॥

---

દા. અધ્યયન-યમ-નિયમાદિ અંગે જે કાંઈ પરાક્રમ=ઉદ્યમ કરે છે તે અશુદ્ધ હોય છે અર્થાત્ નિર્જરા કરાવવાના બદલે ઉપરથી કર્મબંધ જ કરાવે છે, કેમકે અશુદ્ધ ભાવથી હણાયેલ હોય છે અથવા નિયાણાયુક્ત હોય છે. જેમ કે કુવૈદ્યકૃત ચિકિત્સા રોગ ઘટાડવાના બદલે વધારે જ છે. તેથી તેઓનું એ પરાક્રમ કર્મબંધરૂપ ફળથી યુક્ત હોઈ સફળ હોય છે. સર્વશ: એટલે તપ અનુષ્ઠાન વગેરે બધી ક્રિયા અર્થાત્ તેઓની બધી ક્રિયા કર્મબંધ જ કરાવે છે." આ વ્યાખ્યા પરથી જણાય છે કે પંડિત, ત્યાગ વગેરેના કારણે લોકમાં પૂજ્ય એવા પણ મિથ્યાત્વીઓ તત્ત્વોના સમ્યક્જ્ઞાનરહિત હોઈ ગમે એટલી ક્રિયાઓ કરે તો પણ લેશ પણ આરાધક હોતા નથી.

**ઉત્તરપક્ષ**-આવું કથન અયોગ્ય છે, કેમકે સૂત્રકૃતાંગની ઉક્તવ્યાખ્યાથી ભવાભિનંદી મિથ્યાત્વીઓની સર્વક્રિયાઓ નિષ્ફળ સિદ્ધ થતી હોવા છતાં તેઓ કરતાં વિલક્ષણ એવા માર્ગાનુસારી મિથ્યાત્વીની ક્રિયાઓ, અશુદ્ધભાવથી ઉપહત ન હોવાના કારણે શીલરૂપ બનતી હોવાથી તેઓમાં દેશ આરાધકત્વ અબાધિત છે. આ વાત પરથી જ "મિથ્યાત્વીઓની સર્વ ક્રિયાઓ નિરર્થક હોય છે" ઇત્યાદિ જણાવનાર શાસ્ત્રવચનોની પણ સંગતિ જાણી લેવી, કેમકે જેનાથી વિશિષ્ટફળની પ્રાપ્તિ થતી ન હોય તેને પણ નિરર્થક તરીકે જણાવનાર વચનો શાસ્ત્રમાં દેખાય છે, જેમકે ઉપદેશમાલા (૪૨૫)માં કહ્યું છે કે "ચારિત્રશૂન્ય જ્ઞાન, દર્શનરહિત સાધુવેશ અને સંયમહીન તપને જે આચરે છે તેના તે જ્ઞાનાદિ નિરર્થક છે." તાત્પર્ય એ છે કે જેમ અવિરતસમ્યક્દૃષ્ટિના સાવ નિરર્થક નહિ એવા પણ જ્ઞાન વગેરેનો ચારિત્રીના જ્ઞાન વગેરે જેવું વિશિષ્ટફળ મળતું ન હોવાથી નિરર્થક તરીકેનો વ્યવહાર શાસ્ત્રમાં દેખાય છે તેમ માર્ગાનુસારી મિથ્યાત્વીની ક્રિયાઓ અંગે પણ જાણવું.

---

१ ये चाबुद्धा महाभागा वीरा असमयक्त्वदर्शिनः । अशुद्धं तेषां पराक्रान्तं सफलं भवति सर्वशः ॥

२ ज्ञानं चारित्रहीनं लिङ्गग्रहणं च दर्शनविहीनम् । संयमहीनं च तपो यश्चरति निरर्थकं तस्य ॥

तदेवं 'शीलवानश्रुतवांश्च बालतपस्वी देशाराधकः' इति वृत्तिगतः प्रथमपक्षः समर्थितः, अथ तद्गतं द्वितीयं पक्षं समर्थयति--

पक्खंतरम्मि भणिओ गीयत्थाणिस्सिओ अगीओ सो ।
जो णभिणिविट्ठचित्तो भीरू एगंतसुत्तरुई ॥२५॥

[पक्षान्तरे भणितो गीतार्थानिश्रितोऽगीतः सः । योऽनभिनिविष्टचित्तो भीरुरेकान्तसूत्ररुचिः ॥२५॥]

पक्खंतरम्मित्ति । पक्षान्तरे अन्येषामाचार्याणां व्याख्याने, गीतार्थानिश्रितोऽगीतार्थ स देशाराधको भणितः योऽनभिनिविष्टचित्तः आत्मोत्कर्ष-परद्रोह-गुरु-गच्छादिप्रद्वेषमूलासद्ग्रहाऽकलङ्कितचित्तः भीरुः कुतोऽपि हेतोरेकाकिभावमाश्रयन्नपि स्वेच्छानुसारेण प्रवर्तमानोऽपि स्वारसिकजिनाज्ञा-(भङ्ग)भयः(यवान्) एकान्तसूत्ररुचिः अव्याकृतसूत्रमात्रानुसारी । अयं भावः-एकाकिनस्तावत्प्रायश्चारित्रासंभव एव, स्वयं गीतार्थस्य तन्निश्रितागीतार्थस्य वा चारित्रसंभवात् । न हि चारित्रपरिणामे सति गुरुकुलवासमोचनादिकमसमञ्जसमापद्यते । उक्तं च पञ्चाशके [११-१५/१७]—

---

## [અકારણતાના બે પ્રકાર]

**શંકા**—પોષ મહિનામાં વડ અને આંબો બંને પર કેરીઓ આવતી નથી. એ બન્નેનો કેરીના અકારણ તરીકે વ્યવહાર થાય છે. તેમ છતાં એ વ્યવહારમાં જેમ વિશેષતા હોય છે કે વડ તો કેરી માટે સ્વરૂપયોગ્ય જ ન હોવાના કારણે અકારણ છે, જ્યારે આંબો વિશિષ્ટકાળ વગેરે રૂપ સહકારીઓના અભાવના કારણે ફળોપધાયક તરીકે અકારણ છે. તેમ મિથ્યાત્વીની ક્રિયા અને અવિરતસમ્યક્દૃષ્ટિઓના ચારિત્ર્યશૂન્ય જ્ઞાનાદિ નિરર્થક હોવાના વ્યવહારમાં તફાવત સ્પષ્ટ જ છે. અર્થાત્ તે જ્ઞાનાદિની નિરર્થકતા તેઓની ફળોપધાયકતાના, ચારિત્રરૂપ સહાકારી ન મળવાથી થએલ અભાવમાં ફલિત થાય છે જ્યારે મિથ્યાત્વીની ક્રિયાઓની નિરર્થકતા તો સ્વરૂપયોગ્યતાના અભાવમાં જ ફલિત થાય છે.

**સમાધાન**—તમારું આ કથન અમારી વાતને જ પુષ્ટ કરે છે. 'મિથ્યાત્વીઓનું સર્વકૃત્ય નિરર્થક હોય છે' એવું શાસ્ત્રવચન પણ ભવાભિનંદી મિથ્યાત્વીની ક્રિયાઓને કેરી જેવા મોક્ષમાટે વડલાની જેમ સ્વરૂપઅયોગ્ય જણાવે છે. જ્યારે અપુનર્બંધકાદિની ક્રિયાઓને આંબાના અંકુરાની જેમ પરંપરાએ યોગ્ય હોવી (સહકારીકારણો મળશે એટલે અવશ્ય ફળ આપનાર) જણાવે છે. (અર્થાત્ અત્યારે ફળોપધાયક ન હોવામાત્રના કારણે એ નિરર્થક છે.) તેથી તે બે પ્રકારના મિથ્યાત્વીઓની ક્રિયામાં આ પણ એક તફાવત હોય છે. માટે અન્યશાસ્ત્રોક્ત ક્રિયાથી પણ અપુનર્બંધકાદિ જીવ દેશઆરાધક બની શકે છે એ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. ॥૨૪॥

આમ શીલવાન્ અશ્રુતવાન્ બાળતપસ્વી દેશ આરાધક છે એવા વૃત્તિમાં કહેલ દેશઆરાધકના **પ્રથમ** વિકલ્પનું સમર્થન કર્યું. હવે વૃત્તિમાં જ કહેલા તેના બીજા વિકલ્પનું સમર્થન કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :-દેશઆરાધકના બીજા વિકલ્પમાં ગીતાર્થની નિશ્રામાં ન રહેલ તે અગીતાર્થને દેશઆરાધક કહ્યો છે જે અભિનિવેશમુક્ત છે, જિનાજ્ઞાભીરુ છે અને એકાન્તે સૂત્રરુચિવાળો છે.

## [એકાકીને ચારિત્રનો અસંભવ]

શ્રીભગવતીજીસૂત્રની અન્ય આચાર્યોએ કરેલી વ્યાખ્યામાં ગીતાર્થ અનિશ્રિત તે અગીતાર્થને દેશઆરાધક કહ્યો છે જે અગીતાર્થ (૧) સ્વઉત્કર્ષ, પરદ્રોહ, ગુરુ-ગચ્છ વગેરે પરનો પ્રદ્વેષ વગેરે

[1]ता ण चरणपरिणामे एयं असमंजसं इहं होइ । आसन्नसिद्धियाणं जीवाण तहा य भणियमिणं ॥
[2]नाणस्स होइ भागी थिरयरओ दंसणे चरित्ते य । धन्ना आवकहाए गुरुकुलवासं ण मुंचंति ॥
ततः कष्टविहारिणोऽप्येकाकिनो गुरुकुलवासैकाकिविहारयोर्गुणदोषविपर्यासमवबुध्यमानस्य स्वाभिनिवेशात्तपोरतस्यानागमिकत्वेनकाकित्वेन च प्रवचननिन्दाकारिणः शेषसाधुषु पूजाविच्छेदाभिप्रायतश्च प्रायो बहुसमीक्षितकारित्वेनाभिन्नग्रन्थित्वाद् बाह्यवदसाधुत्वम् । तदुक्तं [पचा. ११-३७/३८]—

મૂલક (=વગેરેના કારણે) કદાગ્રહથી કલંકિત થએલા ચિત્તવાળો ન હોય, (૨) કોઇક કારણવશ એકાકી થયો હોવા છતાં અને પોતાની ઇચ્છા મુજબ પ્રવર્તતો હોવા છતાં અંદરથી જ જિનાજ્ઞાનો પોતાનાથી ભંગ ન થઇ જાય એના ભયવાળો હોય, અને (૩) વિશિષ્ટ રહસ્યભૂત અર્થકાઢવા રૂપે જેનું વિવેચન નથી થયું એવા સૂત્ર માત્રને અનુસરનારો હોય. કહેવાનો ભાવ એ છે કે ' એકાકી સાધુને આમ તો પ્રાયઃ ચારિત્રનો સંભવ જ હોતો નથી, કેમકે સ્વયં જે ગીતાર્થ હોય કે જે ગીતાર્થની નિશ્રાએ રહેલ હોય તેને જ તેનો સંભવ હોય છે, કારણકે ચારિત્રપરિણામની હાજરીમાં ગુરુકુલવાસ છોડી દેવા વગેરે રૂપ અયોગ્ય આચરણ થતું નથી. પંચાશક (૧૧-૧૫/૧૬)માં કહ્યું છે કે ' તેથી ચારિત્રપરિણામની હાજરીમાં નજીકમાં મોક્ષગામી જીવોને આ અસમંજસ થતું નથી આની પુષ્ટિ માટે તો કહ્યું છે કે તેઓ જ્ઞાનને વધારનારા બને છે તેમજ દર્શન અને ચારિત્રમાં વધુ સ્થિર થાય છે જે ધન્ય જીવો યાવજ્જીવ માટે ગુરુકુલવાસને છોડતા નથી." તેથી ગુરુકુલવાસમાં રહેવાથી દોષો થાય છે અને એકાકી રહેવામાં નિર્દોષભિક્ષા વગેરેનો લાભ છે એવી વિપરીત માન્યતાવાળા તેમજ પોતાના કદાગ્રહના કારણે તપમાં નિરત રહેનાર એવો એકાકી સાધુ પોતાના આગમવિરુદ્ધ આચરણના કારણે અને એકાકીપણાના કારણે પ્રવચનની હીલનામાં નિમિત્ત બને છે. તેમજ એ બીજા (ગચ્છવાસી) સાધુઓની પૂજા-મહત્તા વગેરે ઘટી જાય એવા અભિપ્રાયથી તેઓ તરફ કાદવ ઉડાડવા વગેરે રૂપ ઘણા અવિચારી કૃત્યો કરનારો હોવાથી અભિન્નગ્રન્થિક હોય છે એ જણાય છે. માટે જૈન સાધુપણું સ્વીકાર્યું હોવા છતાં અને કષ્ટદાયક તપ વગેરે ઘણા અનુષ્ઠાનો કરતો હોવા છતાં વાસ્તવમાં એ અન્યલિંગીઓની જેમ અસાધુ જ હોય છે. પંચાશક(૧૧-૩૭/૩૮)માં કહ્યું છે કે—

"ગુરુકુલવાસી સાધુઓ કરતાં વિપરીત બનેલા જેઓ ગુણદોષના ગૌરવ લાઘવને સમ્યક્ જાણતાં નથી, સ્વકીય કદાગ્રહના કારણે ક્રિયામાં રત છે, શાસનહીલનાના હેતુભૂત છે, ક્ષુદ્ર છે, તેઓ પ્રાયઃ અભિન્નગ્રન્થિક હોય છે. તેઓ અજ્ઞાનથી દુષ્કર તપ વગેરે કરતાં હોવા છતાં બાહ્ય કુતીર્થિકોની જેમ સાધુ નથી એ [3]ધ્વાંક્ષના=કાગડાના ઉદાહરણથી જાણવું."

१ ततो न चरणपरिणामे एतदसमञ्जसमिह भवति । आसन्नसिद्धिकानां जीवानां तथा च भणितमिदम् ॥

२ ज्ञानस्य भवति भागी स्थिरतरको दर्शने चारित्रे च । धन्या यावत्कथं गुरुकुलवासं न मुञ्चन्ति ॥

૩ સુસ્વાદુ, શીતળ, સ્વચ્છ અને કમળોની રજકણોથી સુગંધી બનેલાં એવા જળવાળી કોઈક મનોહર વાવડી હતી. તેના કિનારે ઘણા કાગડાઓ હતા. એમાંથી થોડા તૃષાતુર બન્યા હતા. પાણીને શોધતાં એવા પણ તેઓ એ વાવડીમાં જતા નહોતા. તેથી પછી જળાર્થી એવા તેઓ પોતાની આગળ મૃગજળના સરોવરો જોઈને વાવડીને છોડીને તે તરફ ઉપડયા. એ વખતે કોંકે તેઓને સલાહ આપી કે "આ તમે જે આગળ જુઓ છો એ તો મૃગજળ છે, જો તમે ખરેખર જળાર્થી છો તો વાવડી તરફ જ જાવ." આ સાંભળીને કેટલાંક કાગડાઓ વાવડીએ જ પાછા ફર્યા. બાકીના ઘણા કાગડાઓ આ વચનને અવગણીને મૃગજળ તરફ ગયા. તેથી જળને ન પામવાથી તેઓ

[1]जे उ तह विवज्जत्था सम्मं गुरुलाघवं अयाणंता । सग्गाहा किरियरया पवयणखिंसावहा खुद्दा ॥
[2]पायं अभिन्नगंठी तमाउ तह दुक्करंपि कुव्वंता । बज्झा व ण ते साहू धंखाहरणेण विन्नेया ॥

त्ति । तथापि न सर्वेषां सदृश परिणाम इति, यस्यैकाकिनो विहारिणो नातिक्रूरः परिणामः, किन्तु मृगपर्षदन्तर्गतस्य साधोरपवादादिभीरुतयैव तथाविधकर्मवशाद् गच्छवासभीरुतयैवैकाकित्वं संपन्नं, सूत्ररुचिश्च न निवृत्ता, तस्य स्वमत्यनुसारेण सदाप्रवृत्तेर्बह्वज्ञानकष्टे पतति । किञ्चित्तु कदाचित्परिणामविशेषवशादागमानुपात्यपि स्यात् । तदुक्तमुपदेशमालायां (४२५)—

[1]अपरिणिच्छियसुयणिहसस्स केवलमभिन्नसुत्तचारिस्स । सव्वुज्जमेण वि कयं अन्नाणतवे बहुं पडइ ॥

[ કેવો એકાકી દેશઆરાધક સંભવે ? ]

આમ એકલવિહારી તો પ્રાયઃ સાધુ કે સમ્યક્ત્વી જ હોતા નથી, છતાં પણ બધા એકાકીઓનો પરિણામ એકસરખો હોતો નથી. મૃગપર્ષદૂમાં રહેલ કોઇ સાધુ (કોઈ અગીતાર્થ સાધુ) ગુરુ પરનો દ્વેષ વગેરે રૂપ તેવા અતિક્રૂર પરિણામના કારણે નહિ કિન્તુ અપવાદ વગેરેનો ભય હોવાના કારણે એકલવિહારી બન્યા હોય છે. કોઈ વસ્તુના ઉત્સર્ગપદે કરેલા નિષેધને તે સૂત્રથી જાણતો હોય છે. પણ અર્થાપત્તિથી અપવાદપદે તેની જે અનુજ્ઞા હોય છે તેને તે જાણતો હોતો નથી. તેથી અપવાદપદે અનુજ્ઞાત એવી તે વસ્તુને નિષિદ્ધ જ માનતો એ પોતાનાથી તે સેવાઈ ન જાય એવા ભય વાળો હોય છે. આજ કારણે તે ગચ્છવાસથી પણ ભીરુ હોય છે. (કેમકે ગચ્છવાસમાં આવી ઉત્સર્ગનિષિદ્ધ અનેક વસ્તુનું અવરનવર સેવન સંભાવત છે.) આ ગચ્છવાસભીરુતાના કારણે જ વિચિત્રકર્મોદયવશાત્ જે એકાકી બન્યો હોય છે અને છતાં સૂત્રરુચિ (સૂત્રને અનુસરીને વર્તવાની રુચિ) ખસી ન હોવાથી, સૂત્રના સ્વમતિ મુજબ અર્થ કરી એ પ્રમાણે "હું શાસ્ત્રને અનુસરીને વર્તું છું" એવા આશ્વાસન સાથે હંમેશા પ્રવૃત્તિ કરે છે. તેની આ પ્રવૃત્તિઓ મોટા ભાગે તો અજ્ઞાનકષ્ટરૂપે જ પરિણમે છે. તેમ છતાં તેવા વિશેષપ્રકારના પરિણામના કારણે ક્યારેક ક્યાંક આગમાનુસારી કૃત્યરૂપે પણ એ પરિણમે છે. ઉપદેશમાળા (૪૧૫)માં કહ્યું છે કે "આગમમાં કહેલા યથાર્થભાવને જેણે સમ્યક્ જાણ્યો નથી, કિન્તુ સૂત્રની વિશિષ્ટ વ્યાખ્યાને જાણ્યા વગર અભિન્ન અવિવૃત સૂત્રમાત્રને અનુસરીને અનુષ્ઠાન કરવાના સ્વભાવવાળો જે છે તેણે સમસ્ત પુરુષાર્થ ફોરવીને કરેલું અનુષ્ઠાન મોટાભાગે ઈતર તાપસાદિના પંચાગ્નિસેવન વગેરે રૂપ અજ્ઞાનકષ્ટમાં જ ગણતરી પામે છે, કેમકે તાપસાદિની જેમ તે પણ વિષયોના હેય-ઉપાદેયાદિ વિભાગને જાણતો હોતો નથી."

---

વિનાશ પામ્યા. જેઓ વાવડીએ પાછા ફર્યા તેઓ પાણી પીને કૃતાર્થ બન્યા. આમાં ગુણાઢ્ય એવો ગુરુગચ્છ એ વાવડી છે, ધર્માર્થીઓ એ કાગડા છે અને ચારિત્ર એ પાણી છે. ગુરુગચ્છની બહાર રહેવું એ મૃગજળનું સરોવર છે. પેલી સલાહ આપનાર એ તે ધર્માર્થી જીવોની કૃપામાં તત્પર ગીતાર્થ જાણવો. કદાગ્રહના કારણે જે રાંકડાં ગુરુગચ્છથી બહાર નીકળી ગયા તેઓ મૃગજળ તરફ જનારા કાગડાઓની જેમ ચારિત્રનું ભાજન ન બની શક્યા. જે થોડા ધન્ય જીવો સદ્બોધ થવાથી ગુરુગચ્છમાં પાછા ફર્યા તેઓ વાવડીએ પાછા ફરેલા કાગડાઓની જેમ ચારિત્રનું ભાજન બન્યા.

१ ये तु तथाविपर्यस्ताः सम्यग् गुरुलाघवमजानन्तः । स्वाग्रहात् क्रियारताः प्रवचनखिंसावहाः क्षुद्राः ॥

२ प्रायोऽभिन्नग्रन्थयस्तमसस्तथा दुष्करमपि कुर्वन्तः । बाह्या इव न ते साधवः ध्वांक्षोदाहरणेन विज्ञेयाः ॥

इति । एतद्वृत्तिर्यथा-अपरिनिश्चितः सम्यगपरिच्छिन्नः श्रुतनिकष आगमसद्भावो येन स तथा तस्य केवलमभिन्नमविवृतार्थं यत्सूत्रं विशिष्टव्याख्यानरहितं सूत्रमात्रमित्यर्थः, तेन चरितुं तदनुसारेणानुष्ठानं कर्तुं धर्मो यस्य सोऽभिन्नसूत्रचारी तस्य, सर्वोद्यमेनापि समस्तयत्नेनापि कृतमनुष्ठानं अज्ञानतपसि पञ्चाग्निसेवनादिरूपे बहु पतति, स्वल्पमेवागमानुसारि भवति, विषयविभागविज्ञानशून्यत्वादिति ।। "यद्यपि स्वमत्या प्रवर्त्तमानानां घुणाक्षरन्यायात्समागतं किञ्चिच्छुद्धमपि कृत्यं नागमानुपाति, अन्यथा निह्नवानामपि तदापत्तेः, तथाऽपि शुद्धक्रियाजन्यनिर्जराप्रतिबन्धकस्वमतिविकल्पे 'यत्किञ्चिदागमानुपाति शिष्टसंमतं च तत्प्रमाणं न तु मन्मतानुसारित्वेनैवागमः प्रमाणं" इत्येवंविधोऽनभिनिवेशविकल्प उत्तेजक इति न दोषः । तदेवंविधो गीतार्थाऽनिश्रिततपश्चरणरतोऽगीतार्थः बालतपस्वी च शीलवानश्रुतवान् मार्गानुसारित्वेन देशाराधक इत्युभयोः पक्षयोर्नातिविशेष इति द्रष्टव्यम् ।।२५।।

ननु लौकिकमिथ्यात्वाल्लोकोत्तरमिथ्यात्वं बलीय इति हेतोरुभयोर्महाभेद एव इत्यत आह—

**लोइअमिच्छत्ताओ लोउत्तरियं तयं महापावं ।**
**इअ णेगंतो जुत्तो जं परिणामा बहुविगप्पा ।।२६।।**

[लौकिकमिथ्यात्वाल्लोकोत्तरिकं तन्महापापम् । इत्येकान्तो न युक्तो यत्परिणामा बहुविकल्पाः ।।२६।।]

---

**[ વિશિષ્ટ નિર્જરા પ્રત્યે પ્રતિબંધક અને ઉત્તેજક ]**

જો કે સ્વમતિ મુજબ પ્રવર્ત્તતા જીવોનું ઘુણાક્ષર ન્યાયે થઇ ગએલ કોઇક શુદ્ધ કાર્ય પણ આગમાનુસારી કૃત્ય બનતું નથી, કેમકે નહિતરતો નિહ્નવોના પણ ગોચરીમાં દોષપરિહાર વગેરે રૂપ સ્વરૂપતઃ શુદ્ધ એવા અનુષ્ઠાન આગમાનુસારી બની જવાની આપત્તિ આવે. (આના પરથી ફલિત એ થાય છે કે સ્વમતિવિકલ્પ શુદ્ધક્રિયાજન્ય નિર્જરા પ્રત્યે પ્રતિબંધક છે.) તેમ છતાં "મારા જે કોઇ અભિપ્રાય વગેરે આગમને અનુસરનારા હોય અને શિષ્ટસંમત હોય તે જ પ્રમાણ છે. આગમ મારા અભિપ્રાયને અનુસરનાર હોવાથી પ્રમાણ છે એવું નથી." એવો અનભિનિવેશવિકલ્પ નિર્જરા પ્રત્યે ઉત્તેજક છે. ("મારી બુદ્ધિમાં જે બેસે તે જ સાચું અને તેને અનુસરનાર હોય તે જ આગમ પ્રમાણ છે" એવો વિકલ્પ અભિનિવેશરૂપ છે. ઉક્તવિકલ્પ આનાથી વિપરીત હોઈ અનભિનિવેશવિકલ્પ છે) તેથી ઉક્ત (સૂત્રરુચિવગેરેવાળા) એકલ વિહારી સાધુને સ્વમતિવિકલ્પરૂપ નિર્જરાપ્રતિબંધક હાજર હોવા છતાં આવો અનભિનિવેશવિકલ્પ રૂપ ઉત્તેજક હાજર હોવાથી વિશિષ્ટ નિર્જરા થાય જ છે. અને તેથી તેનું એવું કાંઈક અનુષ્ઠાન આગમાનુપાતી પણ બને જ છે, તેથી કોઇ અસંગતિ નથી. આમ ગીતાર્થ અનિશ્રિત અને તપ-ચારિત્રમાં ઉજમાળ એવો આવો અગીતાર્થ અને બાળતપસ્વી એ બન્ને શીલવાન્ અશ્રુતવાન્ જીવો માર્ગાનુસારી હોઈ દેશઆરાધક છે. તેથી જુદા જુદા આચાર્યોના આ બે સાંપ્રદાયિક પક્ષમાં બહુ ભેદ નથી એ જાણવું. ।।૨૫।।

~લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તરમિથ્યાત્વ વધારે ગાઢ હોય છે. તેથી લૌકિક મિથ્યાત્વવાળા અન્યમાર્ગસ્થ માર્ગાનુસારી કરતાં લોકોત્તરમિથ્યાત્વવાળો ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થ વધુ ગાઢ મિથ્યાત્વવાળો જ હોય છે. તો એ બંનેને દેશઆરાધક જણાવનાર બે પક્ષોમાં બહુભેદ નથી એમ શી રીતે કહેવાય?~એવી શંકાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે--

**ગાથાર્થ**—'લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તર તે (મિથ્યાત્વ) મોટું પાપ છે'— એવો એકાન્ત માનવો યોગ્ય નથી, કેમકે પરિણામો અનેક પ્રકારનાં હોય છે.

लोइअमिच्छत्ताओत्ति । लौकिकमिथ्यात्वाल्लोकोत्तरिकं तत् मिथ्यात्वं महापापं इत्येकान्तो न युक्तः, यत्परिणामा बहुविकल्पा नानाभेदाः संभवन्ति । तथा च यथा लौकिकं मिथ्यात्वं तीव्रमन्दादिभेदान्नानाविधं तथा लोकोत्तरमपीति न विशेषः, प्रत्युत ग्रन्थिभेदानन्तरमल्पबन्धापेक्षया लोकोत्तरमेवाल्पपापमिति । तदुक्तं योगबिन्दुसूत्रवृत्त्योः —

भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न । पतितस्याप्यते बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ॥२६६॥

व्याख्या-भिन्नग्रन्थेस्तृतीयं तु अनिवृत्तिकरणं पुनर्भवति । एवं सति यत्सिद्धं तदाह-सम्यग्दृष्टेर्जीवस्य अतो हि अत एव करणत्रयलाभादेव हेतोः न नैव पतितस्य तथाविधसङ्क्लेशात्सम्यक्त्वात्परिभ्रष्टस्य आप्यते लभ्यते बन्धो ज्ञानावरणादिपुद्गलग्रहणरूपः, कीदृशोऽयं ? इत्याह-ग्रन्थि ग्रन्थिभेदकालभाविनीं कर्मस्थितिमित्यर्थः उल्लङ्घ्य अतिक्रम्य देशितः सप्ततिकोट्यादिप्रमाणतया प्रज्ञप्तः, बंधेण ण वोलइ कयाइ' इत्यादि वचनप्रामाण्यात् ॥

[1]एवं सामान्यतो ज्ञेयः परिणामोऽस्य शोभनः । मिथ्यादृष्टेरपि सतो महाबन्धविशेषतः ॥

एवं ग्रन्थेरुल्लङ्घनेन बन्धाभावात् सामान्यतः न विशेषेण, ज्ञेयः परिणामोऽस्य सम्यग्दृशः शोभनः प्रशस्तो, मिथ्यादृष्टेरपि सतः तथाविधमिथ्यात्वमोहोदयात्, कुतः ? इत्याह-महाबन्धविशेषतः, इह द्विधा बन्धः, महाबन्ध इतरबन्धश्च । तत्र मिथ्यादृष्टेर्महाबन्धः, शेषश्चेतरस्य । ततो महाबन्धस्य

(કર્મબન્ધના બે ભેદ-મહાબંધ અને અલ્પબંધ)

જેમ તીવ્ર-મંદ વગેરે ભેદના કારણે લૌકિક મિથ્યાત્વના અનેક પ્રકાર હોય છે તેમ લોકોત્તર મિથ્યાત્વના પણ હોય જ છે. તેથી લોકોત્તર મિથ્યાત્વ ગાઢ જ હોય અને લૌકિક કરતાં વધુ ભયંકર જ હોય એવો એકાન્ત નથી. ઉલટું ગ્રન્થિભેદ થયા પછી ક્યારેય ઉત્કૃષ્ટકર્મસ્થિતિ બંધાતી નથી પણ અલ્પ જ જે બંધાય છે તેની અપેક્ષાએ તો એમ જ માનવું યોગ્ય છે કે લોકોત્તર મિથ્યાત્વ જ લૌકિકની અપેક્ષાએ નાનું પાપ છે. યોગબિંદુ (૨૬૬ થી ૨૬૯) સૂત્ર-વૃત્તિમાં કહ્યું છે કે "ભિન્નગ્રન્થિક જીવને અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ પ્રવર્તે છે. આમ યથાપ્રવૃત્ત વગેરે ત્રણ કરણો પ્રાપ્ત થવાથી જ એ જીવ, ક્યારેક સંક્લેશના કારણે કદાચ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થાય તો પણ તેને થતો જ્ઞાનાવરણ વગેરે કર્મોનો બંધ ગ્રન્થિભેદકાલીન અંતઃકોડાકોડી સાગરોપમ કર્મસ્થિતિને ઓળંગીને ૭૦ કો૦કો૦ સાગરોપમ વગેરે પ્રમાણમાં થતો નથી એવું—બંધથી ક્યારેય તે સ્થિતિને ઓળંગે નહિ—ઇત્યાદિ જણાવનાર શાસ્ત્રવચનોથી પ્રરૂપાયેલું છે. આમ ગ્રન્થિભેદકાલીન કર્મસ્થિતિ કરતાં વધુ બંધ થતો નથી એ વાત પરથી જણાય છે કે ભિન્નગ્રન્થિક જીવોનો પરિણામ સામાન્યતયા પ્રશસ્ત જ હોય છે, કેમકે તે કદાચ મિથ્યાત્વમોહના ઉદયના કારણે મિથ્યાત્વી બને અને મહાબંધ કરે તો પણ એમાં વિશેષતા હોય છે. કર્મબંધ બે પ્રકારે હોય છે મિથ્યાત્વીઓનો મહાબંધ અને બીજા જીવોનો તે સિવાયનો (અલ્પબંધ). એમાં પણ સમ્યક્ત્વ પામી ગએલ જીવ મિથ્યાત્વી બને તો પણ જે મહાબંધ કરે છે તે અનાદિ મિથ્યાત્વી જેવો મહાબંધ હોતો નથી, કિન્તુ તેના કરતાં અત્યંત ન્યૂન હોય છે. તેના મહાબંધમાં આ વિશેષતા શા માટે હોય છે? તો કે—

[ભિન્નગ્રન્થિકનો અભિન્નગ્રન્થિક જેવો અશુભપરિણામ ન જ હોય]

મિથ્યાત્વમોહની જે ૭૦ કો. કો. સાગરોપમ સ્થિતિ કર્મગ્રન્થમાં કહેલ છે તે અભિન્નગ્રન્થિક જીવોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ હોય છે. જ્યારે ભિન્નગ્રન્થિક જીવ મિથ્યાત્વી બને તો પણ તેનો

1 बन्धेन नातिक्रामति कदाचित् । [आ. शि.]

विशेषतोऽवस्थान्तरविशेषात् । इदमुक्तं भवति-लब्धसम्यक्त्वस्य प्राणिनो मिथ्यादृष्टित्वेऽपि न सामान्यमिथ्यादृष्टेरिव बन्धः, किन्तु कश्चिदत्यन्तन्यूनः ॥ तद्विशेष एव कुतः ? इत्याह—

सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः । अभिन्नग्रन्थिबन्धो यद् न त्वेकापीतरस्य तु ॥२६८॥
सागरोपमकोटीनां कोट्यो मोहस्य सप्ततिः कर्मग्रन्थिप्रसिद्धा, अभिन्नग्रन्थेर्जीवस्योत्कर्षतो बन्धो यद् यस्मात्कारणात् नतु न पुनः एकापि सागरोपमकोटाकोटीबन्धः इतरस्य तु भिन्नग्रन्थेः पुनर्मिथ्यादृष्टेरपि सतः ॥ अथोपसंहरन्नाह—

तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः । बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ॥२६९॥
यतो ग्रन्थिमतिक्रम्यास्य न बन्धः तत् तस्माद् अत्र अनयोर्भिन्नग्रन्थीतरयोर्जीवयोर्विषये परिणामस्य अन्तःकरणस्य भेदकत्वं भेदकभावो नियोगतः नियोगेन, बाह्यं तु बहिर्भवं पुनः असदनुष्ठानमर्थोपार्जनादि प्रायो बाहुल्येन तुल्यं समं द्वयोरप्यनयोरिति ॥' सैद्धान्तिकमतमेतद् । येऽपि कार्मग्रन्थिका भिन्नग्रन्थेरपि मिथ्यात्वप्राप्तावुत्कृष्टस्थितिबन्धमिच्छन्ति, तेषामपि मतेन तथाविधरसाभावात् तस्य शोभनपरिणामत्वे न विप्रतिपत्तिः । यद्यपि अल्पबन्धेऽपि भिन्नग्रन्थेरशुभानुबन्धान्मिथ्यात्वप्राबल्येऽनन्तसंसारित्वं संभवति, तथापि मन्दीभूतं लोकोत्तरमिथ्यात्वं संनिहितमार्गावतारणबीजं स्यादिति विशेषः । न चैवं 'लौकिकमिथ्यात्वाल्लोकोत्तरमिथ्यात्वं शोभनं' इत्येकान्तोऽपि ग्राह्यः लोकोत्तरस्यापि भिन्नग्रन्थीतरसाधारणत्वात् मुग्धानां परेषां मिथ्यात्ववृद्धिजनकतया लोकोत्तरमिथ्यात्वस्यापि महापापत्वेनोक्तत्वाच्च । यदागमः—(पि. नि. १८६)

[1]जो जहवायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अण्णो । वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥
इति । तस्मादत्रानेकान्त एव श्रेयानिति ॥२६॥

---

ઉત્કૃષ્ટ સ્થિતિબંધ એક કો. કો. સાગરોપમ પણ હોતો નથી. આનો ઉપસંહાર કરતાં યોગબિંદુકાર કહે છે કે- આમ ભિન્નગ્રન્થિક અને અભિન્નગ્રન્થિક જીવોના કર્મબંધમાં જે ભેદ છે તેમાં તેઓના પરિણામને જ અવશ્ય ભેદક માનવો પડે છે, કેમકે ધન કમાવું વગેરે રૂપ બાહ્ય અસદ્અનુષ્ઠાન તો પ્રાયઃ એ બંનેના સમાન જ હોય છે." આ સિદ્ધાન્તના મતે કહ્યું. ભિન્નગ્રન્થિકજીવો પણ મિથ્યાત્વની હાજરીમાં ઉત્કૃષ્ટસ્થિતિ બંધ કરે છે એવું જે કાર્મગ્રન્થિકો માને છે તેઓએ પણ ભિન્નગ્રન્થિકજીવોને અભિન્નગ્રન્થિકજીવો જેવો તીવ્રતમ રસબંધ તો માન્યો જ નથી. તેથી ભિન્નગ્રન્થિકજીવો કંઈક શુભપરિણામવાળા હોય છે એ બાબતમાં તો કોઈ વિવાદ છે જ નહિ. ભિન્નગ્રન્થિકજીવોને બંધ અલ્પ હોવા છતાં અશુભ-અનુબંધના કારણે મિથ્યાત્વ જો પ્રબળ બને તો તેઓ અનંતસંસારી પણ જો કે બને છે, તો પણ મંદ થએલું તેઓનું લોકોત્તર મિથ્યાત્વ નજીકમાં રહેલ મોક્ષમાર્ગમાં અવતરણનું બીજ પણ બને છે એટલી વિશેષતા છે. વળી આ બધી વાતો પરથી "લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તર મિથ્યાત્વ સારુ" એવો એકાન્ત પણ પકડવો નહિ, કેમકે લોકોત્તર મિથ્યાત્વ પણ ભિન્નગ્રન્થિક કે અભિન્નગ્રન્થિક બન્ને જાતના જીવોમાં સંભવે છે. (અર્થાત્ અભિન્નગ્રન્થિકનું તે પ્રબળ પણ સંભવે જ છે.) તેમજ લોકોત્તરમિથ્યાત્વ બીજા મુગ્ધજીવોના મિથ્યાત્વને પુષ્ટ કરનાર હોઈ મહાપાપ તરીકે કહેવાયું પણ છે. જેમકે પિંડનિર્યુક્તિ (૧૮૬)માં કહ્યું છે કે "જે જેવું બોલે છે તેવું કરતો નથી તેના કરતાં વધુ ગાઢ મિથ્યાત્વી બીજા કોણ હોય ? કેમકે બીજાઓને શંકાઓ ઊભી કરતો તે તેઓના મિથ્યાત્વને વધારે છે." તેથી લૌકિક મિથ્યાત્વ પ્રબળ હોય છે કે લોકોત્તર ? એ બાબતમાં અનેકાન્ત માનવો જ યોગ્ય છે. ॥૨૬॥

---

1 यो यथावादं न करोति मिथ्यादृष्टिस्ततः खलु कोऽन्यः । वर्धयति च मिथ्यात्वं परेषां शङ्कां जनयन् ॥

गीतार्थनिश्रितमपि देशाराधकमाह—

**पढमकरणभेएणं गंथासन्नो जई व सड्ढो वा ।**
**णेगमणयमयभेआ इह देसाराहगो णेओ ॥२७॥**

[प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नो यतिर्वा श्राद्धो वा । नैगमनयमतभेदादिह देशाराधको ज्ञेयः ॥२७॥]

पढमत्ति । प्रथमकरणभेदेन यथाप्रवृत्तकरणावस्थाविशेषेण ग्रन्थ्यासन्नो ग्रन्थिनिकटवर्त्ती अपुनर्बंधकादिभावशाली यतिर्वा श्राद्धो वेह प्रकृतविचारे नैगमनयमतभेदात्प्रस्थकन्यायेन विचित्रावस्थाऽभ्युपगन्तृनैगमनयमतविशेषाश्रयणाद्देशाराधको ज्ञेयः । अयं भावः—गीतार्थास्तावत् प्रकृतिभद्रकत्वादि गुणवतां प्राणिनां योग्यताविशेषमवगम्य केषाञ्चिज्जिनपूजा-तपोविशेष-प्रतिक्रमण-सामायिकादि श्रावकधर्मं समर्पयन्ति, केषाञ्चिच्च प्रव्रज्यामपि, तेषां चाऽव्युत्पन्नदशायां सदनुष्ठानरागमात्रेण तदनुष्ठानं धर्ममात्रहेतुतया पर्यवस्यति । तदुक्तं पूजामधिकृत्य विंशिकायां [८-८]—

[1]पढमकरणभेएणं गंथासन्नस्स धम्ममित्तफला । सा हुज्जुगाइभावो जायइ तह णाणुबंधुत्ति ॥

तपोविशेषमाश्रित्योक्तं पञ्चाशके [१९-२७]—

[2]एवं पडिवत्तीए इत्तो मग्गाणुसारिभावाओ । चरणं विहिअं बहवे पत्ता जीवा महाभागा ॥

तथा प्रव्रज्यामाश्रित्य तत्रैवोक्तं [पंचा. २-४४]—

[3]दिक्खाविहाणमेअं भाविज्जंतं तु तंतणीईए । सइअपुणबंधगाणं कुग्गहविरहं लहुं कुणइ ॥

---

હવે ગીતાર્થનિશ્રિત એવા પણ દેશઆરાધકની વાત ગ્રન્થકાર કરે છે—

**ગાથાર્થ** :-પ્રથમકરણની અવસ્થાના કારણે ગ્રન્થિની સમીપમાં રહેલ સાધુ કે શ્રદ્ધાવાન્ ગૃહસ્થને પ્રસ્તુત વિચારણામાં નૈગમનયમતે દેશઆરાધક જાણવો.

**[ અવ્યુત્પન્નદશાનાં અનુષ્ઠાનો ]**

યથાપ્રવૃત્તકરણ રૂપ વિશેષ અવસ્થાના કારણે ગ્રન્થિની નજીક રહેલ અપુનર્બંધકાદિભાવ-યુક્ત સાધુને કે શ્રાદ્ધને આ પ્રસ્તુત વિચારણામાં, પ્રસ્થકના દૃષ્ટાન્ત મુજબ વિચિત્ર અવસ્થાઓને સ્વીકારનાર નૈગમનયમતને આશ્રીને દેશ આરાધક જાણવો. તાત્પર્ય એ છે કે-ગીતાર્થ મહાત્માઓ ભદ્રકપ્રકૃતિ વગેરે ગુણયુક્ત જીવોની વિશેષ પ્રકારની યોગ્યતા જોઈને કોઈને જિનપૂજા કોઈને પ્રતિક્રમણ, કોઈને સામાયિક વગેરે રૂપ શ્રાવક ધર્મ આપે છે. એમ કોઈકને દીક્ષા પણ આપે છે. આ બધા જીવોને અવ્યુત્પન્નદશામાં તે અનુષ્ઠાનો સદ્અનુષ્ઠાન પરના રાગમાત્રના કારણે ધર્મમાત્રના હેતુરૂપે પરિણમે છે. આઠમી વિંશિકામાં પૂજાના અધિકારમાં કહ્યું છે કે "પ્રથમકરણ અવસ્થાના કારણે ગ્રન્થિદેશે રહેલ જીવની તે તે ક્રિયા ધર્મમાત્રફળક બને છે. તેમજ સરળતા વગેરે ભાવો ઊભા થાય છે અને અનુબંધ પડતા નથી."

તપવિશેષને ઉદ્દેશીને પંચાશક (૧૯-૨૭)માં કહ્યું છે કે "કુશળ અનુષ્ઠાનોમાં નિરુપદ્રવતા માટે સાધર્મિકદેવતાઓની આ રીતે (તપ રૂપ ઉપચારથી) પ્રતિપત્તિ કરવાથી તેમજ કષાયનિરોધાદિની પ્રધાનતાવાળા તપથી માર્ગાનુસારી ભાવ દ્વારા ઘણા મહાભાગ્યશાળી જીવો વિહિત એવા ચારિત્રને પામ્યા છે." તથા પ્રવ્રજ્યાને આશ્રીને પંચાશક (૨-૪૪)માં જ કહ્યું છે કે "શ્રીજિનેશ્વર

---

१ प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नस्य धर्ममात्रफला । सा खल्वृजुकादिभावो जायते नानुबन्ध इति ॥

२ एवं प्रतिपत्त्येतो मार्गानुसारिभावात् । चरणं विहितं बहवः प्राप्ता जीवा महाभागाः ॥

३ दीक्षाविधानमेतद् भाव्यमानं तु तन्त्रनीत्या । सकृदपुनर्बन्धकयोः कुग्रहविरहं लघु करोति ॥

एतद्वृत्तिर्यथा-दीक्षाविधानं जिनदीक्षाविधिः एतदनन्तरोक्तं भाविज्जंतं तुत्ति भाव्यमानमपि पर्यालोच्यमानमपि आस्तमासेव्यमानं, सकृद्बन्धकापुनर्बन्धकाभ्यामिति गम्यम् । अथवा भाव्यमानमेव नाऽभाव्यमानमपि 'तु'शब्दो 'अपि'शब्दार्थ एवकारार्थो वा तन्त्रनीत्या आगमन्यायेन कयोः ? इत्याह सकृदेकदा न पुनरपि च बन्धो मोहनीयकर्मोत्कृष्टस्थितिबन्धनं ययोस्तौ सकृदपुनर्बन्धकौ तयोः, सकृद्बन्धकस्यापुनर्बन्धकस्य चेत्यर्थः । तत्र 'यो यथाप्रवृत्तकरणेन ग्रन्थिप्रदेशमागतोऽभिन्नग्रन्थिः सकृदेवोत्कृष्टां सागरोपमकोटाकोटिसप्ततिलक्षणां स्थितिं भन्त्स्यति असौ सकृद्बन्धक उच्यते' 'यस्तु तां तथैव क्षपयन् ग्रन्थिप्रदेशमागतः पुनर्न तां भन्त्स्यति भेत्स्यति च ग्रन्थिं सोऽपुनर्बन्धक उच्यते' । एतयोश्चाभिन्नग्रन्थित्वेन कुग्रहः संभवित, न पुनरविरतसम्यग्दृष्टयादीनां, मार्गाभिमुखमार्गपतितयोस्तु कुग्रहसंभवेऽपि तत्त्याग एतद्भावनामात्रासाध्य इत्यत उक्तं सकृद्बन्धकापुनर्बन्धकयोरिति । एतयोश्च भावसम्यक्त्वाभावाद्दीक्षायां द्रव्यसम्यक्त्वमेवमारोप्यते इति । कुग्रहविरहं असदभिनिवेशवियोगं लघु शीघ्रं करोति विधत्ते । [ इह विरहशब्देन हरिभद्राचार्यकृतत्वं प्रकरणस्यावेदितं विरहाङ्कत्वात्तस्येत्येवं सर्वत्रेति गाथार्थः । ] तथा च धर्ममात्रफलानुष्ठानवतां गीतार्थनिश्रितसाधुश्रावकाणामपि भावतोऽनधिगतश्रुतज्ञानत्वाच्छीलवत्त्वाच्च देशाराधकत्वमेव, तथैव परिभाषणात्, चारित्रमोहनीयक्षयोपशमविशेषाद् भावतोऽधिगतश्रुतज्ञानानां शीलवतां द्रव्यतोऽल्पश्रुतानामपि माषतुषादीनां त्वेवं सर्वाराधकत्वमेव परिशिष्यते इति द्रष्टव्यम् ॥२७॥

---

ભગવાને પ્રરૂપેલ આ દીક્ષાવિધિનું આસેવન જ નહિ, પણ સકૃદ્બંધક અને અપુનર્બંધકજીવોથી ભાવિત કરાતી પણ તે (અથવા ભાવિત કરાતી જ તે, ભાવિત ન કરાતી તે નહિ) સકૃદ્બંધક અને અપુનર્બંધકજીવોના અસદ્ગ્રહનો શીઘ્ર અભાવ કરે છે. યથાપ્રવૃત્તકરણથી ગ્રન્થિદેશે આવેલ જે અભિન્નગ્રન્થિક જીવ હવે ભવિષ્યમાં એક જ વાર ૭૦ કો.કો. સાગરોપમરૂપ મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો છે તે સકૃદ્બંધક કહેવાય છે અને કર્મસ્થિતિને કાપતો કાપતો ગ્રન્થિદેશે આવેલો જે જીવ તે ઉત્કૃષ્ટ સ્થિતિને હવે ક્યારેય બાંધવાનો નથી અને ગ્રન્થિને ભેદી નાખવાનો છે તે અપુનર્બંધક કહેવાય છે. આ બંને પ્રકારના જીવોએ ગ્રન્થિભેદ કર્યો ન હોવાથી તેઓમાં કુગ્રહ હોવો સંભવિત છે પણ અવિરત સમ્યક્ત્વી વગેરેમાં તે સંભવતો નથી. [1]માર્ગાભિમુખ અને માર્ગપતિત જીવોને કુગ્રહ સંભવતો હોવા છતાં તેનો ત્યાગ આ દીક્ષાવિધિની ભાવનામાત્રથી શક્ય ન હોઈ અહીં "સકૃદ્બંધક અને અપુનર્બંધકના કુગ્રહનો વિરહ કરે છે" એમ કહ્યું છે. આ બંને પ્રકારના જીવોમાં ભાવસમ્યક્ત્વનો અભાવ હોવાથી દીક્ષામાં દ્રવ્યસમ્યક્ત્વનું આરોપણ કરાય છે એ જાણવું. (અહીં 'વિરહ' શબ્દ એ વાતને જણાવે છે કે આ પ્રકરણ શ્રી હરિભદ્રસૂરિમહારાજે રચેલું છે, કેમકે વિરહ શબ્દ તેમનું જ ચિહ્ન છે. આ પ્રમાણે દરેક પ્રકરણોમાં સમજવું.) આમ ધર્મમાત્રફળક અનુષ્ઠાનવાળા અને ગીતાર્થનિશ્રિત એવા સાધુશ્રાવકો પણ ભાવથી શ્રુતજ્ઞાનને પામેલા ન હોઈ અને શીલયુક્ત હોઈ દેશઆરાધક જ છે એ જાણવું, કારણકે દેશઆરાધકપણાની પણ તેવી જ પરિભાષા છે. તેમજ ચારિત્રમોહનીયના વિશેષપ્રકારના ક્ષયોપશમના કારણે ભાવથી શ્રુત પામી ગએલા તેમજ શીલયુક્ત એવા શ્રીમાષતુષમુનિ વગેરે દ્રવ્યથી અલ્પશ્રુતવાળા હોવા છતાં આવી પરિભાષાને અનુસરીને સર્વઆરાધક જ હોવા ફલિત થાય છે એ જાણવું. ॥૨૭॥

---

૧. શ્રીમદ્ અભયદેવસૂરિ મહારાજે આ બેને અપુનર્બંધક કરતાં જુદા પાડી ભાવવંદનાના અનધિકારી કહ્યા છે. જૂઓ પંચા. ૩-૩ અને ૩-૭, આ બેની વ્યાખ્યા માટે જૂઓ ઉપદેશ રહસ્ય શ્લો. ૧૮ની વૃત્તિ.

विवेचितः प्रथमो भङ्गोऽथ द्वितीयं भङ्गं विवेचयन्नाह—

देसस्स भंगओ वा अलाहओ वा विराहगो बीओ ।
संविग्गपक्खिओ वा सम्मद्दिट्ठी अविरओ वा ॥२८॥

[देशस्य भङ्गतो वाऽलाभतो वा विराधको द्वितीयः । संविग्नपाक्षिको वा सम्यग्दृष्टिरविरतो वा ॥२८॥]

देसस्सत्ति । देशस्य मोक्षमार्गतृतीयांशभूतस्य चारित्रस्य गृहीतस्य भङ्गादलाभाद्वा देशस्य विराधको ज्ञेयः । स च देशभङ्गापेक्षया संविग्नपाक्षिको देशाऽप्राप्त्यपेक्षया चाविरतसम्यग्दृष्टिः । तथा च 'ज्ञानदर्शनवत्त्वे सति चारित्रभङ्गाप्राप्त्यन्यतरवत्त्वं देशविराधकत्वमि'ति परिभाषितं भवति । ~इत्थं च जिनोक्तानुष्ठानमधिकृत्यैव कृतप्रतिज्ञानिर्वहणाद्देशाराधकः विरतिपरित्यागेनैव चाविरतसम्यग्दृष्टिरपि

---

પ્રથમભંગનું વિવેચન થઇ ગયું. હવે બીજા ભંગનું વિવેચન કરતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : ચારિત્રરૂપ દેશને ભાંગી નાખનાર જીવ કે તે દેશને નહિ પામેલ જીવ બીજા ભાંગાનો સ્વામી દેશવિરાધક છે. એ સંવિગ્ન પાક્ષિક હોય છે કે અવિરત સમ્યક્ત્વી હોય છે.

મોક્ષમાર્ગના ત્રીજા અંશરૂપ ગૃહીત ચારિત્રનો ભંગ કરવાથી કે એ ચારિત્રની પ્રાપ્તિ થઈ ન હોવાથી દેશવિરાધકતા આવે છે. આમાં દેશભંગવાળા જીવ તરીકે સંવિગ્નપાક્ષિક આવે છે અને તે દેશની અપ્રાપ્તિવાળા જીવ તરીકે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ આવે છે. આના પરથી એવી પરિભાષા ફલિત થાય છે કે " જ્ઞાનદર્શનની હાજરી સાથે, ચારિત્રનો ભંગ કે ચારિત્રની અપ્રાપ્તિ એ બેમાંથી એકની હાજરી હોવી એ દેશવિરાધકત્વ છે."

**[ વૃત્તિકારે કરેલી વિકલ્પ વ્યાખ્યા અયોગ્ય-પૂર્વપક્ષ ]**

**શંકા**-ઉપર (સ. શ. શ્લો. ૭૮ની વૃત્તિમાં) જે કહી ગયા કે જિનોક્ત અનુષ્ઠાનની અપેક્ષાએ જ આરાધક-વિરાધક ભાવ રહ્યો છે તેના પરથી ફલિત થાય છે કે જિનોક્ત અનુષ્ઠાન અંગેની પ્રતિજ્ઞાનું પરિપાલન કરવાથી જ દેશઆરાધક બનાય છે, જેમકે દ્રવ્યલિંગી મિથ્યાત્વી. એમ ગ્રહણ કરેલી વિરતિનો પરિત્યાગ કરવાથી જ દેશવિરાધક બનાય છે, કારણકે 'પ્રાપ્ત-વિરતિનું પાલન ન કરવાથી દેશવિરાધક બનાય છે' એવું શાસ્ત્રવચન છે, જેમકે સાધુપણું છોડી દેનાર અવિરતસમ્યગ્દૃષ્ટિજીવ. આમ શ્રીભગવતીજીસૂત્રમાં બતાવેલ ચતુર્ભંગીના પહેલા બન્ને ભાંગાના સ્વામી જીવો તરીકે આ જીવો મળી જતાં હોવાથી બન્ને ભાંગા સવિષય બની જવાના કારણે સૂત્ર પ્રમાણભૂત ચરિતાર્થ હોવું સિદ્ધ થઇ જ જાય છે. તો પછી વૃત્તિકારે જે 'अप्राप्तेर्वा' એવું વિકલ્પે વ્યાખ્યાન કર્યું છે તે કયા અભિપ્રાયે કર્યું છે? એનો અમને સંશય છે. તેથી આ બાબતમાં કોઇ સમાધાન કરનાર મળે તો અમે પણ તેમની વાતો સાંભળવા ઇચ્છીએ છીએ એ જાણવું. તાત્પર્ય એ છે કે આ ચતુર્ભંગીના ચારેમાંથી એકેય ભાંગો શૂન્ય નથી. તેથી બીજા ભાંગામાં પણ કોઇ ને કોઇ જીવો હોવા તો જોઇએ જ. તો જ તેને જણાવનાર સૂત્ર સાર્થક બને 'પ્રાપ્તચારિત્રનું પાલન ન કરનાર જીવ દેશવિરાધક છે' આટલી જ વ્યાખ્યાથી પણ ચારિત્રભ્રષ્ટ અવિરત સમ્યક્ત્વીજીવો આ ભાંગામાં આવી જતાં હોવાથી એ ભાંગો નિરર્થક તો રહેતો જ નથી. તો પછી 'અપ્રાપ્તેર્વા' એવા વિકલ્પવ્યાખ્યાનની જરૂર શી છે? હા! હજુ 'પ્રાપ્તના અપાલનથી' એવી પ્રથમ

देशविराधकः, "प्राप्तस्य तस्यापालनाद्" इति वचनात् । इत्युभयोरपि प्रकारयोः सविषयत्वेन प्रामाण्य सिद्धे यद् 'अप्राप्तेर्वा' इति विकल्पेन व्याख्यानं तत्केनाभिप्रायेण ? इति संशये सम्यग्वक्तृवचनं वयमपि श्रोतुकामाः स्म इति बोध्यं, यतो यदप्राप्तिमात्रेण विराधकत्वं स्यात् तर्हि चरकपरिव्राजकादीनां ज्योतिष्कादूर्ध्वमुपपाताभावः प्रसज्येत, मोक्षकारणभूतानां सम्यग्ज्ञानादीनां त्रयाणां लेशतोऽप्यभावेन देशविरतिसर्वविरत्योर्युगपद्विराधकत्वात् । तथा द्वादशाङ्गपर्यन्तनानाश्रुतावधिप्रवृत्त्यप्राप्तिमान् छद्मस्थ-संयतो दूरे, केवल्यप्यप्राप्तजिनकल्पादेर्विराधकः प्रसज्येत" ~इति यत्परेण प्राचीनग्रन्थदूषणरसिकेण प्रोक्तं तत्परिभाषाज्ञानाभावविजृम्भितमिति द्रष्टव्यम् । 'यो यदप्राप्तिमान् स तद्विराधकः' इति व्याप्तावत्र तात्पर्याभावात्; किन्तूक्तपरिभाषायामेव तात्पर्यात् । तत्फलं च देशविराधकत्वेन देशद्वयाराधकत्वाक्षेपः । तथा च पूर्वभङ्गादाधिक्यं लभ्यते, तेन देशविराधकत्वेऽविरतसम्यग्दृष्टेर्देशाराधकादप्य धमत्वं स्यादित्यपास्तं, परिभाषितस्य विराधकत्वस्याधमत्वाप्रयोजकत्वात्, प्रत्युत देशद्वयाराधकत्वाक्षेप·

---

વ્યાખ્યા કરવા છતાં કોઇ જીવ આ ભાંગામાં આવી શકતો ન હોત અને તેથી આ ભાંગો શૂન્ય રહેવાના કારણે સૂત્ર અપ્રમાણ બનવાની આપત્તિ આવતી હોત તો તો એવું વિકલ્પ વ્યાખ્યાન આવશ્યક બને...પણ એવું તો છે નહિ તેથી જેમાં મોટી અસંગતિ ઊભી થાય છે તેવી આ વિકલ્પ વ્યાખ્યાની જરૂર શી છે?

### ['અપ્રાપ્તેર્વા' વ્યાખ્યામાં પૂર્વપક્ષીએ કલ્પેલી અસંગતિ]

એ મોટી અસંગતિ આ પ્રમાણે- જો અપ્રાપ્તિ હોવા માત્રથી વિરાધક થઇ જવાતું હોય તો તો ચરક-પરિવ્રાજક વગેરે જ્યોતિષ દેવલોકથી ઉપર જઇ જ શકશે નહિ, કેમકે મોક્ષના કારણભૂત સમ્યગ્જ્ઞાન વગેરે ત્રણમાંથી એકેયની આંશિક પ્રાપ્તિ પણ તેઓને ન હોવાથી તેઓ તો દેશવિરતિ-સર્વવિરતિના એક સાથે વિરાધક ઠરે છે. દેશવિરાધક જીવો જઘન્યથી ભવનપતિમાં અને ઉત્કૃષ્ટથી જ્યોતિષમાં જાય છે એવું ભગવતીજી સૂત્ર (૧-૨૫-૫)માં કહ્યું છે. તેમજ દ્વાદશાંગી સુધીનુ વિવિધ શ્રુત, અવધિજ્ઞાન વગેરેને ન પામેલ છદ્મસ્થ સાધુ તો શું, પણ કેવલજ્ઞાની પણ અપ્રાપ્ત એવા જિનકલ્પ વગેરેના વિરાધક થઈ જશે. માટે અપ્રાપ્ત હોવા માત્રથી વિરાધકતા માનવી યોગ્ય નથી.

### ['અપ્રાપ્તેર્વા' વ્યાખ્યાનુ તાત્પર્ય]

**સમાધાન**- દૂધમાંથી પોરા કાઢવાની જેમ પ્રાચીન ગ્રન્થોમાંથી દૂષણો શોધવાના રસિયા પૂર્વપક્ષીએ જે આ શંકા કરી છે તે પરિભાષાના જ્ઞાનના અભાવનું જ પરાક્રમ છે એ જાણવું. 'અપ્રાપ્તેર્વા' એવી વ્યાખ્યાનું "જેણે જેની પ્રાપ્તિ થઈ ન હોય તે તેનો વિરાધક છે" એવી સાર્વત્રિક વ્યાપ્તિ જણાવવાનું તાત્પર્ય જ નથી કે જેથી ચરકપરિવ્રાજકાદિ અપ્રાપ્ત એવા દેશવિરતિ વગેરેના અને કેવલી ભગવંતો અપ્રાપ્ત એવા જિનકલ્પ વગેરેના વિરાધક હોવા ફલિત થાય. કિન્તુ આ ચતુર્ભંગીની પરિભાષામાં જ એ વચનનું તાત્પર્ય છે. અર્થાત્ આ પારિભાષિક ચતુર્ભંગીના બીજાભાંગામાં ચારિત્રાંશને નહિ પામેલા અવિરતસમ્યક્ત્વીનો પણ પારિભાષિક દેશવિરાધક તરીકે સમાવેશ કરવો એટલુ જ એનું તાત્પર્ય છે. (તેથી ચરકાદિમાં આ પરિભાષિક દેશવિરાધકત્વ આવવા છતાં તેઓ જ્યોતિષ દેવલોકની ઉપર જઇ શકે નહિ એવી આપત્તિ આવતી નથી, કેમકે ગતિ વગેરેની પ્રાપ્તિ પારિભાષિક નહિ, પણ તાત્ત્વિક આરાધકતા-વિરાધકતા પર આધાર રાખે છે તેમજ કેવલી ભગવંતો અંગેની પણ ઉક્ત આપત્તિ છે જ નહિ, કેમકે માત્ર ચારિત્રાંશ માટેની જ આ પરિભાષા છે.) આ રીતે

कतयोत्कर्षप्रयोजकत्वात् । न च परिभाषा न सूत्रनीतिरिति शङ्कनीयं, "[1]सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वए" इत्यादीनां परिभाषासूत्राणामपि तन्त्रे व्यवस्थापितत्वाद् । यदि च देशविराधकत्वं नैव पारिभाषिकमङ्गीक्रियेत तदाऽनुपात्तव्रतः सम्यग्दृष्टिः कस्मिन् भङ्गेऽवतारणीयः ? न च नावतारणीय एव, सर्वाराधकादन्यत्र सहकारियोग्यताभावाभिधानाय त्रिभिरेव भङ्गैः सर्वेषां तद्विलक्षणानां सङ्ग्राह्यत्वादिति सूक्ष्ममीक्षणीयम् ॥२८॥

तृतीयचतुर्थभङ्गौ विवेचयति—

**तइए भंगे साहू सुअवंतो चेव सीलवंतो अ ।**
**उवयारा सड्ढोवि य भवाभिणंदी चउत्थंमि ॥२९॥**

[तृतीये भङ्गे साधुः श्रुतवांश्चैव शीलवांश्च । उपचारात् श्राद्धोऽपि च भवाभिनंदी चतुर्थे ॥२९॥

---

અવિરતસમ્યક્ત્વીનો આ ભાંગામાં સમાવેશ કરવાથી લાભ એ થાય છે કે તેને ચારિત્રાત્મક દેશનો વિરાધક કહેવાથી એ જ્ઞાન-દર્શનરૂપ શેષ બે દેશોનો આરાધક હોવો જણાઈ જાય છે. અને તેથી દેશઆરાધકના પહેલા ભાંગા કરતાં પણ એનામાં આરાધકભાવની અધિકતા હોવી જણાય છે.

તેથી જ ~ "અવિરતસમ્યક્ત્વી જો દેશવિરાધક હોય તો પૂર્વભાંગાના દેશઆરાધક કરતાં પણ તે અધમ કહેવાશે" ~ એવી શંકા દૂર થઈ જાય છે, કેમકે આ પારિભાષિક વિરાધકત્વ અધમતાને જણાવનાર નથી, કિન્તુ અન્ય બે દેશની આરાધનાને જણાવવા દ્વારા ઉત્કર્ષને જ જણાવે છે. ~ "આ ચતુર્ભંગીની પ્રરૂપણા ભગવતી સૂત્રમાં છે. અને સૂત્રમાં તો વાસ્તવિક વાતોનું જ નિરૂપણ હોય ને, પારિભાષિક વાતોનું થોડું હોય ? ~ "એવી શંકા ન કરવી, કેમકે શાસ્ત્રોમાં પરિભાષા જણાવનાર સૂત્રો પણ હોય છે. જેમકે શ્રીઆચારાંગ સૂત્રમાં (૨-૩-૮૭) "सव्वामगंधं परिन्नाय निरामगंधो परिव्वजे" ઇત્યાદિ. વળી અહીં દેશવિરાધકત્વ જો પારિભાષિક લેવાનું ન હોય અને જ્યોતિષ ઉપરની ગતિના અભાવ વગેરેનું પ્રયોજક એવું વાસ્તવિક જ લેવાનું હોય તો જેણે વ્રતગ્રહણ કર્યું નથી તેવા અવિરત-સમ્યક્દૃષ્ટિનો સમાવેશ કયા ભાંગામાં કરશો ? 'આ પ્રસ્તુત ચતુર્ભંગીના એકે ભાંગામાં એનો સમાવેશ કરવાનો જ નથી' એવું ન કહેવું, કારણકે સર્વઆરાધક સિવાયના શેષ સઘળા જીવોનો ત્રણ ભાંગાઓમાં સમાવેશ કરવાનો છે. તે પણ એટલા માટે કે "જ્ઞાન-ક્રિયા ઉભયવાળા સર્વઆરાધક જીવો જ મોક્ષની ફળોપધાયકતા ધરાવે છે, શેષ સઘળા જીવો એક અંશનો ગમે એટલો ઉત્કર્ષ પામે તો પણ વધુમાં વધુ સહકારીયોગ્યતા (જ્ઞાનાદિરૂપ અન્ય સહકારી મળે તો મોક્ષાત્મક ફળના ઉપધાયક બની શકવાની યોગ્યતા) જ ધરાવે છે અને બંને અંશ રહિત જીવોમાં તો તે યોગ્યતાનો પણ અભાવ હોય છે" એવું જણાવવા પ્રસ્તુત ચતુર્ભંગીની પ્રરૂપણા છે. આ વાત સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવી. ॥૨૮॥

ગ્રન્થકાર હવે ત્રીજા-ચોથા ભાંગાનું વિવેચન કરે છે—

**ગાથાર્થ** : શ્રુતવાન્ અને શીલવાન્ એવા સાધુ ત્રીજા ભાંગામાં આવે છે. ઉપચારથી શ્રાવકનો પણ તેમાં જ સમાવેશ જાણવો. ભવાભિનંદી જીવો ચોથાભાંગામાં અવતરે છે.

---

१ सर्वामगन्धं परित्यज्य निरामगन्धः परिव्रजेत् ॥ [आचा. २-३-८७]

तइए भंगेत्ति । श्रुतवाँश्चैव साधुस्तृतीयभङ्गे सर्वाराधकलक्षणे समवतारणीयः, उपरतत्वाद् भावतो विज्ञातधर्मत्वाच्च त्रिप्रकारस्यापि मोक्षमार्गस्याराधकत्वात् । श्राद्धोऽपि चोपचारात् तृतीयभङ्ग एव, देशविरतौ सर्वविरत्युपचारात् ज्ञानदर्शनयोश्चाप्रतिहतत्वात् । तत्र च चतुर्थे भङ्गे सर्वविराधकलक्षणे भवाभिनंदी क्षुद्रत्वादिदोषवान् देशतोऽप्यनुपरतो मिथ्यादृष्टिरिति ॥२९॥

अत्र केचिद्वदन्ति~यो मिथ्यादृष्टिरन्यमार्गस्थः स सर्वविराधको भवतु, यस्तु जैनमार्गस्थः स भवाभिनन्द्यपि न तथा, व्यवहारस्य बलवत्त्वात् '[1]ववहारो वि हु बलवं' इति वचनप्रामाण्यादिति~ तन्मतनिराकरणार्थमाह—

भावो जेसिमसुद्धो ते ववहारट्ठियावि एरिसया ।
णिच्छयपरंमुहो खलु ववहारो होइ उम्मग्गो ॥३०॥

[भावो येषामशुद्धस्ते व्यवहारस्थिता अपीदृशकाः । निश्चयपराङ्मुखः खलु व्यवहारो भवत्युन्मार्गः ॥३०॥]

भावोत्ति । भावश्चित्तपरिणामो येषामशुद्धः अपुनर्बन्धकाद्युत्तीर्णत्वेन लेशेनापि निश्चयास्पर्शी, ते व्यवहारस्थिता अपि स्वाभिमतैहिकप्रयोजनार्थं व्यवहारमाश्रिता अपि, ईदृशकाः सर्वविराधका एव,

[ ત્રીજો-ચોથો ભાંગો ]

શ્રુતવાન્ શીલવાન્ સાધુનો સર્વઆરાધક રૂપ ત્રીજા ભાંગામાં સમાવેશ કરવો, કેમકે તે પાપથી ઉપરત હોઈ અને ધર્મનો ભાવથી જાણકાર હોઈ મોક્ષમાર્ગના ત્રણે અંશોનો આરાધક હોય છે. શ્રાવક પણ ઉપચારથી આ ભાંગામાં જ આવે છે, કેમકે દેશવિરતિમાં ઉપચાર કરાએલ સર્વવિરતિ અને મૌલિક જ્ઞાન-દર્શન તેનામાં હાજર હોય છે. સર્વવિરાધક રૂપ ચોથા ભાંગામાં ક્ષુદ્રતાદિ દોષયુક્ત અને પાપથી અંશતઃ પણ ન અટકેલ એવો ભવાભિનંદી મિથ્યાત્વી આવે છે. ॥૨૯॥

આ અંગે કેટલાક વ્યાખ્યાતા કહે છે કે ~ જે મિથ્યાત્વી અન્યમાર્ગમાં રહેલ હોય તે ભલે સર્વવિરાધક હોય, પણ જે મિથ્યાત્વી જૈનમાર્ગમાં રહેલો હોય તે ભવાભિનંદી હોય તો પણ તેવો નથી, કેમકે વ્યવહાર પણ બળવાન્ છે જ. તે પણ જિનોક્ત અનુષ્ઠાનોનું પાલન કરતો હોઈ વ્યવહારથી આરાધક છે જ એ વાત 'વવહારો વિ...' ઇત્યાદિ પ્રમાણભૂત વચનથી જણાય જ છે. ~ તેઓના આવા અભિપ્રાયનું નિરાકરણ કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :-જેઓનો ભાવ અશુદ્ધ છે તેઓ વ્યવહારમાં રહ્યા હોય તો પણ આવા=સર્વવિરાધક જ છે. કેમકે નિશ્ચયને પરાઙ્મુખ વ્યવહાર ઉન્માર્ગ બની જાય છે. અર્થાત તેનો માર્ગ માર્ગરૂપ જ ન હોવાથી વાસ્તવિક રીતે જેને શાસ્ત્રકારોએ બળવાન્ કહ્યો છે તેવા 'વ્યવહાર'રૂપ પણ હોતો નથી.

[ કયો વ્યવહાર બળવાન્ ]

જેઓનો મનઃપરિણામ અશુદ્ધ હોય છે-અર્થાત્ અપુનર્બંધકાદિ અવસ્થા પામેલ ન હોઈ અંશથી પણ નિશ્ચયને સ્પર્શતો નથી-તેઓ પોતાને અભિમત ઐહિક પ્રયોજન માટે જિનોક્ત અનુષ્ઠાનરૂપ વ્યવહારને વળગેલાં હોય તો પણ સર્વવિરાધક જ છે, કેમકે નિશ્ચયને પરાઙ્મુખ

१. वहवारो विहु बलवं जं वंदइ केवली वि छउमत्थं । आहाकम्मं भुंजइ सुअववहारं पमाणंतो ॥

निश्चयपराङ्मुखः खलु व्यवहार उन्मार्गो भवतीति न तेषां क्लिष्टकर्मणां स त्राणायेति । यस्तु व्यवहारो बलवानभ्यधायि प्रवचने स निश्चयप्रापको न तु तदप्रापकः । अत एव 'अविधिनाप्यभ्यासो (प्यसौ) विधेयः(या), दुषमायां विधेर्दुर्लभत्वात्, तस्यैव चाश्रयणे मार्गोच्छेदप्रसङ्गात्' इत्याद्यशास्त्रीयाभिनिवेशपरित्यागार्थं विधियत्न एव व्यवहारशुद्धिहेतुः शास्त्रे कर्तव्यतयोपदर्शितः । तदुक्तं पञ्चाशके [३-४९]—

[१]आलोइऊण एवं तंतं पुव्वावरेण सूरीहिं । विहिजत्तो कायव्वो मुद्धाण हियट्ठया सम्मं ॥इति ।

एतद्वृत्तिर्यथा-आलोच्य-विमृश्य एवं पूर्वोक्तन्यायेन तन्त्रं प्रवचनं कथं ? इत्याह-पूर्वश्च तन्त्रस्य पूर्वो भागः, अपरश्च तस्यैवापरो भागः पूर्वापरं तेन सप्तम्यर्थे वा 'एन' प्रत्यये सति पूर्वापरेणेति स्यात्, पूर्वापरभावयोरित्यर्थः, तयोरविरोधेनेति यावत् । अनेन चालोचनमात्रस्य व्यवच्छेदः, तस्य तत्त्वावबोधासमर्थत्वादिति । सूरिभिराचार्यैः पण्डितैर्वा, विधौ विधाने वंदनागते वेलाद्याराधनरूपे यत्न उद्यमो विधियत्नः । स कर्त्तव्यो विधातव्यो विमुक्तालस्यैः स्वयं विधिना वन्दना कार्या, अन्येऽपि विधिनैव तां विधापयितव्या इत्यर्थः । किमर्थमेतदेवं ? इत्याह—मुग्धानामव्युत्पन्नबुद्धीनां हितं श्रेयः तद्रूपो योऽर्थः वस्तु स हितार्थस्तस्मै हितार्थाय सम्यगविपरीततया । यदा हि गीतार्था विधिना स्वयं वन्दनां विदधन्त्य न्यं तथैव विधापयन्ति, तदा मुग्धबुद्धयोऽपि तथैव प्रवर्त्तन्ते, प्रधानानुसारित्वान्मार्गाणाम् । आह च-

[१]जो उत्तमेहिं मग्गो पहओ सो दुक्करो न सेसाणं । आयरियंमि जयंते तयणुचरा के णु सीयंति ॥तथा

[२]जे जत्थ जया जइआ बहुस्सुआ चरणकरणउज्जुत्ता । जं ते समायरंती आलंबण तिव्वसद्धाणं ॥

---

વ્યવહાર ઉન્માર્ગરૂપ બનતો હોઈ તે ભારેકર્મી જીવોને કોઈ જાતનું રક્ષણ આપી શકતો નથી. પ્રવચનમાં પણ નિશ્ચયપ્રાપક વ્યવહારને જ બળવાન્ કહ્યો છે, નિશ્ચયઅપ્રાપક વ્યવહારને નહિ. તેથી જ "અવિધિથી પણ આ વંદના વગેરે અનુષ્ઠાનો આચરવા, કેમકે દુઃષમકાળમાં વિધિ અત્યંત દુર્લભ છે. તેથી જો વિધિને જ પકડવાનો હોય તો (અર્થાત્ 'વિધિપૂર્વક થાય તો જ અનુષ્ઠાન કરવું, નહિતર નહિ' આવી પકડ રાખવાની હોય તો) માર્ગના જ ઉચ્છેદ થઈ જવાની આપાત્ત આવશે, કેમકે હાલમાં સંપૂર્ણ વિધિપાલન લગભગ અશક્ય જ છે" ઇત્યાદિ અશાસ્ત્રીય કદાગ્રહ દૂર કરવા માટે વિધિ અંગેનો પ્રયત્ન જ વ્યવહાર શુદ્ધિનો હેતુ છે અને તે જ કર્ત્તવ્ય છે" એવું શાસ્ત્રોમાં કહ્યું છે. અર્થાત્ વિધિપૂર્વક જિનોક્ત અનુષ્ઠાન કરવા રૂપ વ્યવહાર કે જે નિશ્ચયપ્રાપક છે તેનું જ શાસ્ત્રમાં વિધાન છે. પંચાશક (૩-૪૯)માં કહ્યું છે કે—

"આમ આગળ કહી ગયા એ મુજબ શાસ્ત્રના આગળા પાછળા ભાગમાં કહેલી વાતોનો વિચાર કરીને એ બેનો વિરોધ ન થાય એ રીતે આચાર્યોએ કે પંડિતોએ વંદનાની 'યોગ્યવેળાએ તે કરવી' ઈત્યાદિરૂપ વિધિના પાલનમાં ઉદ્યમ કરવો. અર્થાત્ સ્વયં આળસ છોડીને વિધિપૂર્વક વંદન કરવું તેમજ બીજા પાસે વિધિપૂર્વક વંદન કરાવવું. આમ વિધિનો આગ્રહ રાખવાનું કારણ એ છે કે આ રીતે વિધિપાલન અંગે કરેલો પ્રયત્ન અવ્યુત્પન્ન બુદ્ધિવાળા મુગ્ધ જીવોનું સાચું હિત કરનાર બને છે. જ્યારે ગીતાર્થો સ્વયં વિધિપૂર્વક વંદન કરે છે અને બીજા પાસે કરાવે છે ત્યારે મુગ્ધજીવો તે જોઈને

---

२ आलोच्यैवं तन्त्रं पूर्वापरेण सूरिभिः । विधियत्नः कर्त्तव्यो मुग्धानां हितार्थाय सम्यग् ॥

१ य उत्तमैमार्गः प्रहतः स दुष्करो न शेषाणाम् । आचार्ये यतमाने तदनुचराः के नु सीदन्ति ? ॥

२ ये यत्र यदा यदा बहुश्रुताश्चरणकरणोपयुक्ताः । यत्ते समाचरन्ति आलंबनं तीव्रश्रद्धानाम् ॥ [आ. नि. ११७४]

जयन्ति दुःषमादौ, जइअत्ति दुर्भिक्षादाविति । तथाप्रवृत्ताश्च ते वन्दनाराधनाजन्यं हितमासादयन्ति, तद्विराधनाजन्यप्रत्यपायेभ्यश्च मोचिता भवन्तीति । अयं चोपदेशेऽसमञ्जसतया स्वयं वन्दनां विदधानांस्तथाऽनवाप्तापुनर्बन्धकाद्यवस्थेभ्यस्तथाविधजिज्ञासादितल्लिङ्गविकलेभ्यो जनेभ्यस्तां प्रयच्छतः सूरीन् वीक्ष्याचार्येण विहितः, एवं हि तत्प्रवृत्तौ तेषामन्येषां चानर्थोऽसमञ्जसक्रियाजन्या च शासनापभ्राजना मा भूदित्यभिप्रायेणेति गाथार्थः ।'' इति । अत एव च कालानुभावाज्जैनप्रवचनेऽप्यल्पस्यैव जनस्याराधकस्य दर्शनात् जिनाज्ञारुचिशुद्धेष्वेव भक्तिबहुमानादि कार्यमिति पूर्वाचार्या वदन्ति । उक्तं चोपदेशपदे (८३४)—

[1]एवं पाएण जणा कालाणुभावा इहंपि सव्वेवि । णो सुंदरत्ति तम्हा आणासुसुद्धे पडिबंधो ॥त्ति।

एतद्वृत्तिर्यथा—एवमनन्तरोक्तोदाहरणवत् प्रायेण बाहुल्येन जना लोकाः कालानुभावाद् वर्त्तमानकालसामर्थ्याद् इहापि जैनमतेऽपि सर्वेऽपि साधवः श्रावकाश्च नो नैव सुन्दराः शास्त्रोक्ताचारसारा वर्त्तन्ते, किन्त्वनाभोगादिदोषाच्छास्त्रप्रतिकूलप्रवृत्तयः, इतिः पूर्ववत्, तस्मात्कारणादाज्ञाशुद्धेषु सम्यगधीतजिनागमाचारवशाच्छुद्धिमागतेषु साधुषु श्रावकेषु च प्रतिबन्धो बहुमानः कर्त्तव्य इति ॥३०॥

---

પોતે પણ એમ જ વંદનાદિ પ્રવૃત્તિ કરે છે, કારણકે માર્ગો પ્રધાનપુરુષને અનુસરનારા હોય છે. અર્થાત્ પ્રધાનપુરુષો જે માર્ગે જાય તે માર્ગે જ અન્ય મુગ્ધ જીવો જાય છે. કહ્યું છે કે " ઉત્તમ પુરુષોએ જે માર્ગને ખેડેલો હોય તે માર્ગ જવું બીજા જીવોને દુષ્કર બનતું નથી. આચાર્ય અનુષ્ઠાનોમાં પ્રયત્નશીલ હોય તો તેમના કયા અનુચરો (શિષ્યો) તેમાં સીદાય? " તેમજ એ પણ કહ્યું છે કે 'દુઃષમા વગેરે જે કાળમાં દુર્ભિક્ષાદિ અંગે જે કાંઈ આચરે છે તે તીવ્રશ્રદ્ધાવાળા જીવોને આલંબનભૂત બને છે.' આ રીતે વિધિપાલનમાં પ્રવૃત્ત થએલા તેઓ વંદના રૂપ આરાધનાથી થનાર હિતને મેળવે છે, તેમજ તેની વિરાધનાથી થનાર નુકસાનોથી બચી જાય છે. પોતે વિધિનો ભંગ કરીને ગમે તેમ વંદનાદિ કરતાં આચાર્યોને તેમજ અપુનર્બંધકાદિ અવસ્થા નહિ પામેલા અને શુદ્ધવંદનાના લિંગભૂત જિજ્ઞાસા વગેરેથી રહિત એવા જીવોને 'ગમે તે રીતે પણ વંદના કરવી' ઈત્યાદિ ઉપદેશરૂપે વંદના (અનુષ્ઠાન) આપતાં (શીખવાડતાં) આચાર્યોને જોઈને 'આ રીતની તેઓની પ્રવૃત્તિથી તેઓને અને બીજાઓને અનર્થ પ્રાપ્તિ ન થાઓ તેમજ અયોગ્ય ક્રિયાથી થતી શાસન અપભ્રાજના અટકો' એવા અભિપ્રાયથી શ્રી હરિભદ્રસૂરિમહારાજે પ્રસ્તુત (વિધિપાલનના યત્નનો) ઉપદેશ આપ્યો છે. આ પ્રસ્તુતગાથાનો અર્થ છે." આમ વિધિઆરાધના એ જ મુખ્ય આરાધના છે અને આ દુઃષમ કાળમાં વિધિ દુર્લભ પણ છે. તેથી આ દુષમકાળના પ્રભાવે જૈનશાસનમાં પણ બહુ થોડા જ લોકો આરાધક દેખાતાં હોવાથી " જિનાજ્ઞાની રુચિ હોવાના કારણે શુદ્ધ એવા આરાધકોના જ ભક્તિ-બહુમાન વગેરે કરવા " એવું પૂર્વાચાર્યો કહે છે ઉપદેશપદ (૮૩૪)માં કહ્યું છે કે-

"આમ હમણાં કહી ગએલા ઉદાહરણ મુજબ આ દુષમકાળના પ્રભાવે આ જૈન દર્શનમાં પણ લગભગ દરેક સાધુ કે શ્રાવક લોકો પણ પ્રાયઃ કરીને સુંદર (=શાસ્ત્રોક્ત આચાર રૂપ સારવાળા) હોતા નથી, કિન્તુ અનાભોગાદિ દોષના કારણે શાસ્ત્રવિપરીત પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી આજ્ઞાશુદ્ધ સાધુઓ અને શ્રાવકો પર બહુમાન રાખવું. આજ્ઞાશુદ્ધ એટલે જિનાગમમાંથી સારી રીતે આચારો જાણેલા હોઈ શુદ્ધિ પામેલા." **નિષ્કર્ષ** :-વિધિવિકલ વ્યવહારની કોઇ મહત્તા નથી. શાસ્ત્રમાં પણ તેને બળવાન કહેલ જ નથી. તેથી તેના કારણે જીવમાં આરાધકત્વ આવી શકતું નથી. ॥૩૦॥

---

१ एवं प्रायेण जनाः कालानुभावादिहापि सर्वेपि । न सुन्दरा इति तस्मादाज्ञाशुद्धेषु प्रतिबंधः ॥

~नन्वेवं विधिविकलव्यवहारस्याराधकत्वाप्रयोजकत्वेऽपि विधिशुद्धव्यवहारस्य भावहीनस्याप्याराधकत्वप्रयोजकत्वे किं बाधकं ? परं प्रति तस्य निश्चयप्रापकत्वाद्~इत्यत आह—

**भावुज्झियववहारा ण किंपि आराहगत्तणं होइ ।**
**भावो उ बोहिबीजं सव्वण्णुमयंमि थोवोवि ॥३१॥**

[भावोज्झितव्यवहारान्न किमप्याराधकत्वं भवति । भावस्तु बोधिबीजं सर्वज्ञमते स्तोकोऽपि ॥३१॥]

भावुज्झिअत्ति । भावोज्झितव्यवहाराद् भवाभिनन्दिनां द्रव्यव्रतधारिणां विधिसमग्रादपि न किमप्याराधकत्वं भवति, परं प्रति निश्चयप्रापकस्यापि तस्य स्वकार्याऽकारित्वाद् । भावस्तु सर्वज्ञमते स्तोकोऽपि बोधिबीजं, विशेषधर्मविषयस्य स्तोकस्यापि भावस्य विशेषफलत्वाद् । अत एवापूर्वा धर्मचिन्तापि प्रथमंसमाधिस्थानमुक्तं, तदुक्तं समवायाङ्गे (१०) "[1]धम्मचिंता वा से असमुप्पण्णपुव्वा समुप्पज्जेज्जा सव्वं धम्म जाणित्तए"त्ति । एतद्वृत्तिर्यथा-तत्र धर्मो जीवादिद्रव्याणां उपयोगो

**[ ભાવશૂન્યવ્યવહાર અકિંચિત્કર ]**

૧ ~ "વિધિશૂન્ય અનુષ્ઠાનાદિ કરવા રૂપ વ્યવહાર આ રીતે આરાધકત્વને લાવી આપનાર ન હોવા છતાં, વિધિશુદ્ધ અનુષ્ઠાન કરવા રૂપ વિધિશુદ્ધવ્યવહાર ભાવહીન જીવોમાં પણ આરાધકત્વ લાવી આપતો હોય (અર્થાત્ દેવલોક પ્રાપ્તિ વગેરેના ઉદ્દેશથી પલાતુ નિરતિચાર સાધુપણું તેને પાલનાર અભવ્યાદિ મિથ્યાત્વીમાં દેશઆરાધકત્વ વગેરે લાવી આપતું હોય) તો તેને અટકાવનાર કોણ છે? કેમકે એની એ વિધિશુદ્ધ ક્રિયાઓ જોઇને બીજા જીવો ચારિત્રાદિમાં જોડાય છે અને નૈશ્ચયિક આરાધકત્વ પામે છે. આમ બીજા (=ભાવયુક્ત) જીવોને નૈશ્ચયિક આરાધકત્વ લાવી આપનાર તે વિધિશુદ્ધવ્યવહાર નિશ્ચયપ્રાપક તો છે જ ~" એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ**-ભાવશૂન્ય વ્યવહારથી કોઇપણ જાતનું આરાધકત્વ પ્રાપ્ત થતું નથી. સર્વજ્ઞમતમાં અલ્પ પણ ભાવ એ જ બોધિબીજ કહેવાય છે.

ભવાભિનંદી દ્રવ્યવ્રતધારી જીવોમાં તેઓના સમગ્ર વિધિપાલન રૂપ ભાવશૂન્ય વ્યવહારથી જરાક પણ આરાધકત્વ આવતું નથી. કેમકે (લેશ પણ ભાવયુક્ત બનીને તેનું પાલન કરનારા) બીજા જીવોને (અથવા તેનો આ વ્યવહાર જોઇ ભાવપૂર્વક અનુમોદના કરનારા બીજા જીવોને પરંપરાએ પણ) નિશ્ચયની પ્રાપ્તિ કરાવી આપનાર એવો પણ તે વ્યવહાર 'ભાવશૂન્ય આવા જીવોને તે પ્રાપ્તિ કરાવી આપવાનું' પોતાનું કામ કરી શકતો નથી. તે આટલા માટે કે સર્વજ્ઞપ્રણીત આ જૈનદર્શનમાં અલ્પ પણ વિશેષ ધર્મ વિષયક ભાવને જ વિશેષફળ આપનાર મનાયો છે, તેથી જ અપૂર્વ ધર્મચિંતાને પણ પહેલું સમાધિસ્થાન કહ્યું છે. જેમકે **શ્રીસમવાયાંગ** (૧૦)માં કહ્યું છે કે "પૂર્વે ઉત્પન્ન ન થએલ એવી ધર્મચિંતા તેણે ઉત્પન્ન થાય છે. જે ધર્મના જ્ઞાન અને કરણરૂપ બને છે." આની વૃત્તિનો અર્થ આ પ્રમાણે—અહીં ધર્મ એટલે જીવાદિ દ્રવ્યોના જ્ઞાનાદિ કે ઉત્પાદ-વ્યયાદિ સ્વભાવો. તેની અનુપ્રેક્ષા એટલે ધર્મચિંતા. અથવા 'સર્વજ્ઞભાષિત શ્રુત ચારિત્રરૂપ ધર્મ હરિહર વગેરેએ કહેલા ધર્મ કરતાં શ્રેષ્ઠ છે' ઇત્યાદિ વિચારણા એ ધર્મચિંતા. 'વા' શબ્દ આગળ કહેવાનાં બીજાં સમાધિસ્થાનોની અપેક્ષા એ વિકલ્પ દેખાડવા માટે છે. આવી ચિંતા અનાદિ અતીતકાળમાં પૂર્વે ક્યારેય ઉત્પન્ન થઈ હોતી નથી, કેમકે એ ઉત્પન્ન થયા પછી દેશોન અર્ધ પુદ્ગલપરાવર્તમાં તો અવશ્ય કલ્યાણ થઈ જ જાય છે. કલ્યાણ પામનાર તે

त्पादादय स्वभावास्तेषां चिन्ता अनुप्रेक्षा धर्मस्य वा श्रुतचारित्रात्मकस्य सर्वज्ञभाषितस्य 'हरिहरादिनिगदितधर्मेभ्य प्रधानोऽयं' इत्येवं चिन्ता धर्मचिन्ता, वाशब्दो वक्ष्यमाणसमाधिस्थानापेक्षया विकल्पार्थः, से इति यः कल्याणभागी तस्य साधोः असमुत्पन्नपूर्वा पूर्वस्मिन्ननादावतीते कालेऽनुपजाता, तदुत्पादे ह्यपार्द्धपुद्गलपरावर्त्तान्ते कल्याणस्यावश्यंभावात्, समुत्पद्येत जायते। किंप्रयोजना चेयं? अत आह - सर्वं निरवशेषं धर्मं जीवादिद्रव्यस्वभावमुपयोगोत्पादादिकं श्रुतादिरूपं वा जाणित्तए ज्ञपरिज्ञया ज्ञातुं ज्ञात्वा च प्रत्याख्यानपरिज्ञया परिहरणीयधर्मं परिहर्त्तुम्। इदमुक्तं भवति-धर्मचिन्ता धर्मज्ञानकरणभूता जायते इति॥" अत्रापूर्वधर्मचिन्ताया उत्कर्षतोऽपार्द्धपुद्गलपरावर्त्तव्यवधानेन कल्याणकारणत्वमुक्तं, अन्यत्र च मुक्त्यद्वेषादिगुणानां चरमपुद्गलपरावर्त्ताव्यवधानेनेति प्रवचनपूर्वापरभावपर्यालोचनया गुणसामान्यस्य चरमावर्त्तमानत्वमस्माभिरुन्नीयते। यदि चैवमपि स्वतन्त्रपरतन्त्रसाधारणापुनर्बन्धकादिगुणानामपार्द्धपुद्गलपरावर्त्तमानत्वमेव सकलगीतार्थसंमतं स्यात्तदा नास्माकमाग्रह इत्यस्यां परीक्षायामुपयुक्तैर्भवितव्यं गीतार्थैः प्रवचनाशातनाभीरुभिः ॥ ३१ ॥

तदेवं विवेचिता चतुर्भंगी, अथास्यां को भङ्गोऽनुमोद्यः? को वा न? इति परीक्ष्यते—

**तिण्णि अणुमोयणिज्जा एएसुं णो पुणो तुरियभंगो ।**
**जेणमणुमोयणिज्जो लेसोवि हु होइ भावस्स ॥३२॥**

[त्रयोऽनुमोदनीया एतेषु न पुनस्तुरीयभङ्गः। येनानुमोदनीयो लेशोऽपि हि भवति भावस्य ॥३२॥]

तिण्णित्ति। एतेषु देशाराधकादिषु चतुर्षु भङ्गेषु त्रयो भङ्गाः देशारधक-देशविराधक-सर्वाराधकलक्षणा अनुमोदनीयाः न पुनस्तुरीयो भङ्गः सर्वविराधकलक्षणः, येन कारणेन भावस्य

---

જીવને આ ચિંતા ઉત્પન્ન થાય છે. આ ચિંતાનું પ્રયોજન જણાવવા આગળ કહ્યું છે કે-જીવાદિ દ્રવ્યોના ઉપયોગ-ઉત્પાદાદિરૂપ કે શ્રુતાદિરૂપ ધર્મને પરિજ્ઞાથી જાણવા માટે અને જાણીને પછી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી ત્યાજ્ય ધર્મનો ત્યાગ કરવા માટે આ ચિંતા ઉપજે છે. તાત્પર્ય એ છે કે આ ધર્મચિંતા ધર્મના જ્ઞાન અને કરણ રૂપે પરિણમે છે." અહીં અપૂર્વધર્મચિંતા ઉત્કૃષ્ટથી પણ દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તના વ્યવધાનથી કલ્યાણ(મોક્ષ)નું કારણ બને છે એમ કહ્યું છે. અન્યત્ર શાસ્ત્રમાં મુક્તિઅદ્વેષ આદિ ગુણો ચરમ પુદ્ગલપરાવર્ત્તના વ્યવધાનપૂર્વક મોક્ષના કારણ બને છે એમ કહ્યું છે. તેથી પ્રવચનના આગળ પાછળા કથનોનો વિચાર કરવાથી અમે એવા અનુમાન પર આવીએ છીએ કે સામાન્યથી ગુણોની પ્રાપ્તિ ચરમ પુદ્ગલપરાવર્ત્તમાં થઇ શકે છે. તેમ છતાં "સ્વમાર્ગ-પરમાર્ગમાં રહેલા જીવોમાં સાધારણ એવા અપુનર્બંધક વગેરે ગુણો દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્તમાં જ ઉત્પન્ન થાય છે" એવું જ જો બધા ગીતાર્થ મહાત્માઓને સંમત હોય તો અમારે 'ચરમાવર્ત્તમાં તે ઉત્પન્ન થાય' એવું માનવાનો આગ્રહ નથી. તેથી આ બાબતમાં પ્રવચન આશાતનાભીરુ એવા ગીતાર્થોએ ઉપયોગપૂર્વક (આગળ-પાછળની વાતોને ધ્યાનમાં રાખવા પૂર્વક) વિચાર કરવો. ॥૩૧॥

આમ ભગવતીસૂત્રમાં બતાવેલ આરાધકવિરાધક ચતુર્ભંગીનું વિવેચન કર્યું. હવે આમાંથી કયો ભાંગો અનુમોદનીય છે અને કયો નથી? એની વિચારણા કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :-આ ચારમાંથી પહેલાં ત્રણ ભાંગા અનુમોદનીય છે, પણ ચોથો નહિ, કેમકે ભાવનો અંશ પણ અનુમોદનીય હોય છે.

लेशोऽपि ह्यनुमोदनीयः, न चासौ सर्वविराधके संभवति, देशाराधकादिषु तु मार्गानुसारिभावविशेषसंभवात् तदनुमोदनीयत्वे तद्द्वारा तेषामप्यनुमोदनीयत्वमावश्यकमिति भावः ॥३२॥ अथ किमनुमोदनीयत्वम् ? का चानुमोदना ? इत्येतल्लक्षणमाह—

अणुमोअणाइ विसओ जं तं अणुमोअणिज्जयं होइ ।
सा पुण पमोअमूलो वावारो तिण्ह जोगाणं ॥३३॥

[ अनुमोदनाया विषयो यत्तदनुमोदनीयं भवति । सा पुनः प्रमोदमूलो व्यापारस्त्रयाणां योगानाम् ॥३३॥ ]

अणुमोअणाइत्ति । अनुमोदनाया विषयो यद्वस्तु तदनुमोदनीयं भवति । तद्विषयत्वं च —

(१) भावस्य साक्षाद्, भावप्रधानत्वात्साधूनाम् । तदुक्तमोघनिर्युक्तौ [७६०]—
[1]परमरहस्समिसीणं समत्तगणिपिडगझरिअसाराणं । परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं ॥ ति

(२) तत्कारणक्रियायाश्च तदुत्पादनद्वारा, यद् हारिभद्रं वचः [पंचा. ६/३४]
[2]कज्जं इच्छंतेण अणंतरं कारणंपि इट्ठंति । जह आहारजतित्तिं इच्छंतेणेहमाहारो ॥

(३) पुरुषस्य च तत्सम्बन्धितया, इति तत्त्वतः सर्वत्र भावापेक्षमेवानुमोदनीयत्वं पर्यवस्यति । सानुमोदना पुनः प्रमोदमूलो हर्षपूर्वकः त्रयाणां योगानां कायवाङ्मनसां व्यापारो रोमाञ्चोद्गमप्रशंसाप्रणिधानलक्षणो, न तु मानसव्यापार एव, करणकारणयोरिवानुमोदनाया अपि योगभेदेन

---

આ દેશઆરાધક વગેરે ચાર ભાંગાઓમાંથી દેશઆરાધક-દેશવિરાધક અને સર્વ આરાધક એ ત્રણ ભાંગા અનુમોદનીય છે, પણ સર્વવિરાધકરૂપ ચોથો ભાંગો તેવો નથી, કેમકે ભાવનો અંશ પણ અનુમોદનીય હોય છે જે સર્વવિરાધકમાં સંભવતો નથી. જ્યારે દેશઆરાધક વગેરેમાં માર્ગાનુસારીતા રૂપ વિશેષભાવ સંભવે છે જે અનુમોદનીય હોવાના કારણે તેના દ્વારા તે દેશઆરાધક વગેરેની અનુમોદના પણ આવશ્યક બની જાય છે એ આશય છે. ॥૩૨॥

હવે, અનુમોદનીય શું છે? અને અનુમોદના શું છે? એનું લક્ષણ ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- જે વસ્તુ અનુમોદનાનો વિષય હોય તે અનુમોદનીય બને છે. જ્યારે ત્રણ યોગોનો હર્ષપૂર્વકનો વ્યાપાર એ અનુમોદના છે.

જે વસ્તુ અનુમોદનાનો વિષય હોય તે અનુમોદનીય બને છે. અનુમોદનાના વિષયો ત્રણ છે : (૧) તેમાં સાક્ષાદ્ વિષય ભાવ છે. કેમકે સાધુઓ ભાવને જ મુખ્ય કરે છે. **ઓઘનિર્યુક્તિ** (૭૬૦)માં કહ્યું છે કે "સમસ્ત દ્વાદશાંગનો સાર પામેલા અને નિશ્ચયને અવલંબીને રહેતા ઋષિઓને સંમત પરમ રહસ્ય એ જ છે કે સર્વત્ર પરિણામ (ભાવ) એ પ્રમાણ છે." (૨) આવા અનુમોદનીયભાવના કારણભૂત ક્રિયા પણ તેને ઉત્પન્ન કરનાર હોઈ અનુમોદનાનો વિષય બને છે. **શ્રીહરિભદ્રસૂરિમહારાજે** પંચાશકમાં કહ્યું છે કે (૬-૩૪) "કાર્યને ઇચ્છતી વ્યક્તિને તે કાર્યનું અનંતરકારણ પણ ઇષ્ટ હોય છે, જેમકે આહારજન્ય તૃપ્તિની ઇચ્છાવાળાને આહાર." તેમજ (૩) તે ભાવનો સંબંધી હોવા તરીકે ભાવવાન્ પુરુષ પણ અનુમોદનાનો વિષય બને છે. આમ અનુમોદનાનો વિષય બનતી ત્રણે પ્રકારની વસ્તુઓમાં વાસ્તવિક રીતે ભાવની અપેક્ષાએ જ અનુમોદનીયત્વ આવે છે એ ફલિત થાય છે. તે અનુમોદના કાય-વચન-મન એ ત્રણે યોગોના હર્ષપૂર્વકના

---

१ परमरहस्यमृषीणां समस्तगणिपिटकक्षरितसाराणाम् । परिणामः प्रमाणं निश्चयमवलंबमानानाम् ॥

२ कार्यमिच्छता अनन्तरं कारणमपीष्टमिति । यथाहारजतृप्तिमिच्छता इहाहारः ॥

त्रिविधाया सिद्धान्ते प्रतिपादनात्, मानसव्यापारस्यैवानुमोदनात्वे प्रशंसादिसंवलनादनुमोदनाफलविशेषानुपपत्तेश्च । न च यथा नैयायिकैकदेशिनां मङ्गलत्वादिकं मानसत्वव्याप्या जातिस्तथाऽस्माकमनुमोदनात्वमपि तथा, इति त्रयाणामपि योगानां हर्षमूलो व्यापारोऽनुमोदनेति वस्तुस्थितिः, यश्चानुमोदनाव्यपदेशः क्वचिच्चित्तोत्साहे एव प्रवर्त्तते स सामान्यवाचकपदस्य विशेषपरत्वात्, निश्चयाश्रयणाद्वेत्यवधेयम् ॥३३॥

एवं सति योऽनुमोदनाप्रशंसयोर्विषयभेदेन भेदमेवाभ्युपगच्छति तन्मतनिरासार्थमाह —

सामन्नविसेसत्ता भेओ अणुमोअणापसंसाणं ।
जह पुढवीदव्वाणं ण पुढो विसयस्स भेएणं ॥३४॥

[ सामान्यविशेषत्वाद् भेदोऽनुमोदनाप्रशंसयोः । यथा पृथिवीद्रव्ययोर्न पृथग् विषयस्य भेदेन ॥३४॥ ]

---

રોમાંચ ખડા થઈ જવા-પ્રશંસાનાં પુષ્પો વેરાવા-મનમાં એનું જ પ્રણિધાન રહેવું વગેરે રૂપ વ્યાપારાત્મક છે, નહિ કે માત્ર મનના વ્યાપાર રૂપ, કેમકે જેમ કરણ-કરાવણના મનથી-વચનથી અને કાયાથી એમ ત્રણ ત્રણ ભેદો શાસ્ત્રમાં કહ્યા છે તેમ અનુમોદનાના પણ તેવા ત્રણ ભેદો કહ્યા જ છે. વળી માત્ર મનનો વ્યાપાર જ જો અનુમોદના હોય તો તેમાં પ્રશંસા વગેરે ભળવાને કારણે અનુમોદના માત્રનું વિશેષ ફળ અસંગત થઈ જવાની આપત્તિ પણ આવે. તાત્પર્ય, માનસવ્યાપારરૂપ અનુમોદનાની સાથે બે સારા શબ્દો નીકળી જાય-રોમાંચ ખડા થઇ જાય તો પ્રશંસા વગેરે પણ ભળી ગએલા ગણાય. અને તેથી જે ફળ મળે તેને માત્ર અનુમોદનાનું ફળ કહેવું અસંગત બની જાય. વળી કેટલાક નૈયાયિકોએ જેમ મંગલત્વ વગેરેને માનસત્વવ્યાપ્ય જાતિ (અર્થાત્ જ્યાં જ્યાં મંગલત્વ હોય ત્યાં ત્યાં માનસવ્યાપારત્વ હોય જ) માની છે તેમ આપણે કાંઈ અનુમોદનાત્વને તેવી જાતિ માની નથી. તેથી ત્રણે યોગોનો હર્ષમૂલક વ્યાપાર અનુમોદના છે એ હકીકત છે. તેમ છતાં ક્યાંક ક્યાંક ચિત્તના ઉત્સાહ પરિણામને જ જણાવવા જે 'અનુમોદના' શબ્દ વપરાય છે તેનો 'સામાન્યવાચકપદને વિશેષપરક' સમજીને કે 'નિશ્ચયનયનો ત્યાં આશ્રય કરાયો છે' એમ સમજીને સમન્વય કરી દેવો. અર્થાત્ અનુમોદના સામાન્યરૂપ છે અને પ્રશંસા વગેરે એના વિશેષભેદો છે એ આગળ અમે બતાવવાના છીએ. માટે 'અનુમોદના' શબ્દનો ક્યાંક થયેલો તે પ્રયોગ અનુમોદનારૂપ સામાન્ય વસ્તુનો ઉલ્લેખ કરવા નહિ પણ તેના પ્રશંસાથી ભિન્ન એવા ભેદવિશેષનો ઉલ્લેખ કરવા થયો છે એમ સમજવું અથવા તો કાયિક કે વાચક અનુમોદના વખતે પણ મુખ્ય તો ચિત્તના ઉત્સાહરૂપ માનસિક અનુમોદના જ હોય છે જે 'ભાવ'રૂપ હોઈ નિશ્ચયના વિષયભૂત છે. તેથી તે ચિત્તોત્સાહમાત્રને જ જણાવનાર તે શબ્દપ્રયોગ નિશ્ચયનયને આશ્રીને થયો છે એમ સમજવું. ॥૩૩॥

હકીકત આવી છે. તેથી જેઓ "અનુમોદના અને પ્રશંસાનો વિષય જુદો જુદો હોવાથી તે બે જુદા જ છે" એવું માને છે તેઓની એ માન્યતાને દૂર કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ:**- અનુમોદના અને પ્રશંસાનો સામાન્યત્વ અને વિશેષત્વના કારણે ભેદ છે. જેમકે પૃથ્વી અને દ્રવ્યનો પણ તે બેના વિષય જુદા જુદા છે માટે તે બેનો ભેદ છે એવું નથી.

सामन्नविसेसत्तत्ति । अनुमोदनाप्रशंसयोः सामान्यविशेषत्वात् सामान्यविशेषभावाद्भेदः यथा पृथिवीद्रव्ययोः, द्रव्यं हि सामान्यं पृथिवी च विशेषः । एवमनुमोदना सामान्यं प्रशंसा च विशेष इत्येतावाननयोर्भेदः, न पुनः पृथग् विषयस्य भेदेनात्यन्तिको भेदः, प्रशंसाया अनुमोदनाभेदत्वेन तदन्यविषयत्वासिद्धेः । न हि घटप्रत्यक्षं प्रत्यक्षभिन्नविषयमिति विपश्चिता वक्तुं युक्तं, न च मानसोत्साहरूपानुमोदनाया अपि प्रशंसाया भिन्नविषयत्वनियमः, प्रकृतिसुन्दरस्यैव वस्तुनः सम्यग्दृशामनुमोदनीयत्वात्प्रशंसनीयत्वाच्च । न च ~ अनुमोदनायाः स्वेष्टसाधकमेव वस्तु विषयः, तादृशस्यैव तपः संयमादेरारंभपरिग्रहादेर्वा विरतैरविरतैश्चानुमोदनात्, न तु परेष्टसाधकमात्मनश्चानिष्टसाधनमपि, निजधनापहारस्याप्यनुमोदनीयत्वापत्तेः । प्रशंसायाश्चेष्टमनिष्टं च वस्तु विषयः, इष्टस्य धार्मिकानुष्ठानस्यानिष्टस्य चाज्ञाबाह्यस्य वस्तुनः प्रशंसाऽव्यवस्थितेः । भवति हि निजकार्यादिनिमित्तमसद्गुणस्यापि

---

જેમ દ્રવ્ય સામાન્યરૂપ છે અને પૃથ્વી તેના વિશેષ ભેદ રૂપ છે તો એ બેનો એટલી અપેક્ષાએ ભેદ છે તેમ અનુમોદના સામાન્યરૂપ છે અને પ્રશંસા તેના એક વિશેષ ભેદ રૂપ છે. માટે તે બેનો એટલો ભેદ છે. પણ તે બેના વિષયો જુદા જુદા હોવાના કારણે તે બન્ને અત્યંત ભિન્ન જ છે એવું નથી, કેમકે પ્રશંસા એ અનુમોદનાના જ ભેદ રૂપે હોઈ અનુમોદના કરતાં જુદા વિષયવાળી હોતી નથી, જેમ પ્રત્યક્ષના વિશેષ ભેદ રૂપ ઘટપ્રત્યક્ષનો વિષય 'ઘટ' એ 'પ્રત્યક્ષસામાન્યનો વિષય નથી પણ તેનાથી જુદો છે' એવું બુદ્ધિમાન્ માણસે કહેવું યોગ્ય નથી તેમ પ્રશંસાનો વિષય અનુમોદનાના વિષય કરતાં જુદો હોય છે' એવું પણ કહેવું યોગ્ય નથી. ~ "પ્રશંસા વાચિક હોય છે, અનુમોદના તમારા કથન મુજબ ત્રણે પ્રકારની હોય છે. તેથી વાચિક અનુમોદના અને પ્રશંસાનો વિષય તુલ્ય હોવા છતાં ચિત્તના ઉત્સાહરૂપ માનસિક અનુમોદનાનો જે વિષય હોય તે પ્રશંસાનો વિષય ન હોવાથી 'માનસિક અનુમોદનાનો વિષય પ્રશંસા કરતાં જુદો જ હોય છે' એમ તો કહી જ શકાય છે ને!"~ એવી શંકા ન કરવી, કેમકે જે વસ્તુ સહજ રીતે સુંદર હોય તે જ સમ્યગ્દૃષ્ટિ જીવોને અનુમોદનીય અને પ્રશંસનીય હોય છે. તેથી તેવી વસ્તુરૂપ વિષય બન્નેનો તુલ્ય જ હોય છે.

**પૂર્વપક્ષ**— પોતાના ઇષ્ટને જે સાધી આપનાર હોય તે જ વસ્તુ અનુમોદનાનો વિષય બને છે, કારણકે સાધુઓ તપ=સંયમ વગેરેની અને ગૃહસ્થો આરંભ–પરિગ્રહ વગેરેની અનુમોદના કરતાં દેખાય છે. બીજી વ્યક્તિઓના ઇષ્ટની સાધક એવી જે વસ્તુ પોતાનું અનિષ્ટ કરનાર હોય તે અનુમોદનાનો વિષય બનતી નથી, કેમકે તો પછી ચોરે કરેલી પોતાના ધનની ચોરી પણ અનુમોદનીય બની જવાની આપત્તિ આવે. જ્યારે પ્રશંસાનો તો ઇષ્ટ કે અનિષ્ટ બન્ને વસ્તુવિષય બને છે એવું જણાય છે, કેમકે ઇષ્ટ એવા ધાર્મિક અનુષ્ઠાનની અને અનિષ્ટ એવા આજ્ઞાબાહ્ય અનુષ્ઠાનની પણ પ્રશંસા થતી દેખાય છે પોતાનું કામ કઢાવી લેવા માટે અવિદ્યમાન ગુણોની પણ પ્રશંસા થાય છે. (કિન્તુ અનુમોદના થતી નથી.) તેથી જ આગમમાં (સ્થા. ૪–૩૭૦) કહ્યું છે કે "ચાર નિમિત્તોએ અવિદ્યમાન્ ગુણોની પણ પ્રશંસા થાય છે. (૧) અભ્યાસ=નજીક રહેવાના કારણે (૨) પરાભિપ્રાયને અનુસરવા માટે (૩) પોતાનું કાર્ય કરાવવા માટે અને (૪) કરેલા ઉપકારના પ્રતિઉપકાર માટે." આવી અનિષ્ટની પ્રશંસા સામાન્યત: અતિચાર રૂપ હોવા છતાં પણ વિશેષ પ્રયોજનના કારણે ક્યારેક કોઈકની કરવી પડે છે. જ્યારે અનિષ્ટની અનુમોદના તો ક્યારેય કરવાની હોતી જ નથી. તેથી એ બંનેના વિષયો જુદા છે અને તેથી જ તે બંને પણ અત્યંત ભિન્ન જ છે.

---

१ चतुर्भिः स्थानैरसतो गुणान् दीपयेत्—अभ्यासप्रत्ययं, परच्छन्दनानुवृत्तिकं, कार्यहेतु, कृतप्रतिकृत्या इति ।

प्रशंसा। अत एवायमागमोऽपि [स्था. ४/३७०] – '[1]चउहिं ठाणेहिं असंते गुणे दीवेज्जा, अब्भासवत्तियं, परछंदाणुवत्तियं, कज्जहेउ, कयपडिकइए त्ति ॥' सा चेयमनिष्टप्रशंसाऽतिचाररूपापि प्रयोजनविशेषेण कस्यचित्कादाचित्की स्याद्~इत्येतदपि वचनं शोभनं, स्वारसिकप्रशंसाया अनिष्टाऽविषयत्वात्, पुष्टालंबनकानिष्टप्रशंसाया अपीष्टविषयत्वपर्यवसानात्। न हि किञ्चिज्जात्येष्टमनिष्टं वा वस्तु विद्यते, किन्तु परिणामविशेषेण भजनीयमिति। यदुवाच कल्पाकल्पविभागमाश्रित्य वाचकमुख्यः [प्रशमरति १४५]—

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यादकल्प्यमपि कल्प्यम्। पिण्डः शय्या वस्त्र पात्रं वा भेषजाद्यं वा ॥

[1]इति। मोहप्रमादादिनाऽनिष्टविषयत्वं च प्रशंसाया इवानुमोदनाया अपि भवतीति न कोऽपि विषयभेदः। न चानिष्टविषयतावच्छेदेनोपचारानुपचारप्रवृत्त्याऽनयोरतिचारभङ्गभावाद् भेदः, अभिमतोपचारेणातिचारत्वाभावात्। अन्यथा

[2]संथरणंमि असुद्धं दोण्हवि गिण्हंतदितयाणहियं। आउरदिट्ठंतेणं तं चेव हियं असंथरणे ॥

---

**ઉત્તરપક્ષ**—પૂર્વપક્ષીની આ વાતો શોભતી નથી, કેમકે સ્વારસિક પ્રશંસા અનિષ્ટ વિષયની હોતી નથી. અને પુષ્ટ આલંબનના કારણે થતી અનિષ્ટ પ્રશંસા તો ઇષ્ટ વિષયની પ્રશંસા રૂપે જ ફલિત થાય છે. કહેવાનો આશય એ છે કે કોઈપણ વ્યક્તિ હોંશથી તો ઇષ્ટ વિષયની જ પ્રશંસા કરે છે. પણ ક્યારેક તેવી હોંશ ન હોવા છતાં પણ તેવું કોઇક કારણ ઉપસ્થિત થયું હોવાના કારણે અણગમતી ચીજની પણ પ્રશંસા કરે છે. આ પોતાને જ ગમતી ચીજની પણ તે જે પ્રશંસા કરે છે તેમાં પણ તેનો આશય તો એ પ્રશંસા દ્વારા પોતાનું ઇષ્ટ કાર્ય સાધી લેવાનો જ હોય છે. તેથી જેમ ઇષ્ટપ્રશંસા દ્વારા સ્વઇષ્ટની સિદ્ધિ પામે છે તેમ અનિષ્ટ પ્રશંસા દ્વારા પણ પરિણામે તો ઇષ્ટની જ સિદ્ધિ થાય છે. તેથી એ અનિષ્ટ પ્રશંસા પણ પરિણામે તો ઇષ્ટ પ્રશંસા રૂપ જ બને છે. તેથી અનિષ્ટની જેમ અનુમોદના હોતી નથી તેમ પ્રશંસા પણ હોતી જ નથી. વળી ~ "અનિષ્ટની પ્રશંસા પરિણામે ઇષ્ટ-પ્રશંસા રૂપ બનતી હોવા છતાં તેનો વિષય સ્વરૂપતઃ તો અનિષ્ટ જ હોય છે. અનુમોદના તો ક્યારેય સ્વરૂપતઃ અનિષ્ટ પદાર્થની હોતી જ નથી" ~ એવી શંકા ન કરવી, કેમકે કોઈ વસ્તુ સ્વરૂપે ઇષ્ટ કે અનિષ્ટ હોતી નથી, પણ પરિણામવશાત્ જ તે ઇષ્ટ કે અનિષ્ટ બને છે. કલ્પ-અકલ્પ વિભાગને આશ્રીને વાચક મુખ્ય શ્રી **ઉમાસ્વાતિમહારાજે** કહ્યું છે કે **(પ્રશમરતિ-શ્લો. ૧૪૫)**—

"તેવી વિશેષ પ્રકારની પરિસ્થિતિમાં પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, ઔષધિ વગેરે રૂપ શુદ્ધ કલ્પ્ય વસ્તુ પણ અકલ્પ્ય બની જાય છે કે ક્યારેક અશુદ્ધ-અકલ્પ્ય એવી પણ તે વસ્તુઓ કલ્પ્ય બની જાય છે." (તેઓશ્રી પ્રશમરતિમાં (શ્લોક ૫૨) જે કહ્યું છે કે "તેના તેજ પદાર્થોનો દ્વેષ કરતો જીવ ક્યારેક તેમાં જ લીન બની જાય છે (રાગ કરે છે) માટે કોઈ વસ્તુ જીવને નિશ્ચયથી ઇષ્ટ કે અનિષ્ટ હોતી નથી." તેનું પણ અહીં અનુસંધાન કરવું.) ~ "તેમ છતાં પરિણામે પણ પોતાને નુકશાન જ કરે એવી જે પ્રશંસા ક્યારેક થઈ જાય છે તે તો અનિષ્ટ વિષયક છે ને! ~ એવું પણ કહેવું નહિ, કેમકે મોહ-પ્રમાદ વગેરે કારણે જેમ એવી અનિષ્ટ વિષયક પ્રશંસા થઈ જાય છે તેમ અનુમોદના પણ ક્યારેક થઇ જ જાય છે. તેથી તે બેના વિષયમાં કોઇ ભેદ હોવો સિદ્ધ થતો નથી.

---

१ तानेवार्थान् द्विषतस्तानेवार्थान्प्रलीयमानस्य। निश्चयतोऽस्यानिष्टं न विद्यते किञ्चिदिष्टं वा ॥ [प्रशम० ५२] इत्यप्यत्रानुसन्धेयम्

२ संस्तरणेऽशुद्धं द्वयोरपि गृह्णद्ददतोरहितम्। आतुरदृष्टान्तेन तदेव हितमसंस्तरणे ॥

[पिण्डविशुद्धि] इत्यादौ कारणिकाशुद्धग्रहणप्रशंसाया अप्यतिचारत्वप्रसङ्गाद् । अनभिमतोपचारादतिचारयोस्तु परिणामभेदः प्रयोजको न तु विषयभेद इति यत्किञ्चिदेतत् । शास्त्रेऽपि प्रशंसाऽनुमोदनाविशेष एव गीयते । तदुक्तं पञ्चाशकवृत्तिकृता '[1]जइणोवि हु दव्वत्थयभेओ अणुमोअणेण अत्थित्ति' इति प्रतीकं विवृण्वता "यतेरपि भावस्तवारूढसाधोरपि न केवलं गृहिण एव । हु शब्दोऽलङ्कृतौ । द्रव्यस्तवविशेषः अनुमोदनेन जिनपूजादिदर्शनजनितप्रमोदप्रशंसादिलक्षणयाऽनुमत्या अस्ति विद्यते, इति शब्दो वाक्यपरिसमाप्ताविति" ॥३४॥

**શંકા**—છતાં કોઈ વિશેષ કારણસર કયારેક અનિષ્ટ વિષયની પણ ઇષ્ટ કાર્યાત્મક વિષયનો ઉપચાર કરીને પ્રશંસા કરાય છે જેથી તે પ્રશંસનીય વ્યક્તિ પ્રસન્ન થઇને સ્વકાર્ય કરી આપે. આ રીતે ઉપચાર કરીને અનિષ્ટ વિષયની પ્રશંસા કરવામાં અતિચાર લાગે છે. અનુમોદના તો મનમાં જ કરવાની હોય છે. તેથી એ કદાચ કરવામાં પણ આવે તો પણ સામી વ્યક્તિને તે જણાતી ન હોવાથી તેને પ્રસન્ન કરતી નથી. માટે પોતાનું કામ કઢાવી લેવા ઇષ્ટ કાર્યનો ઉપચાર કરીને પણ અનિષ્ટ વિષયની અનુમોદના કરાતી નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ વગેરેને અનિષ્ટ એવા મિથ્યામાર્ગોક્ત અનુષ્ઠાનોની અનુમોદના તો મિથ્યાત્વના ઉદય વગર થતી જ નથી, અનિષ્ટની પ્રશંસા જેમ સમ્યક્ત્વાદિના અતિચાર રૂપ બને છે તેમ અનિષ્ટની અનુમોદના માત્ર અતિચારરૂપ બનતી નથી, પણ ભંગરૂપ જ બની જાય છે. માટે અનુમોદના અને પ્રશંસા જુદી જુદી જ છે એ સ્વીકારવું જોઇએ.

**સમાધાન**- આ વાત પણ બરાબર નથી, કેમકે અનિષ્ટ વિષયની પણ શાસ્ત્રસંમત ઉપચાર કરીને કરેલી પ્રશંસા અતિચારરૂપ બનતી જ નથી. નહિતર તો પિંડવિશુદ્ધિમાં જે કહ્યું છે કે "જ્યારે ભિક્ષા વગેરે પર્યાપ્ત મળતાં હોય ત્યારે અશુદ્ધ ભિક્ષા, આપનાર અને લેનાર બન્નેનું અહિત કરનારી બને છે. પણ જ્યારે તે પૂરતા પ્રમાણમાં મળતી ન હોય ત્યારે રોગીના દૃષ્ટાન્તને અનુસરીને તે જ બંનેને હિતકર બને છે." તેનાથી સૂચિત થએલ કારણિક-અશુદ્ધ ગ્રહણની પ્રશંસા પણ અતિચાર રૂપ બની જાય. શાસ્ત્રને સંમત ન હોય એવા ઉપચારથી કરાએલ પ્રશંસા અતિચારરૂપ જે બને છે અને તેની અનુમોદના ભંગરૂપ જે બને છે તેમાં તેવો જુદો જુદો પરિણામ જ જવાબદાર છે, વિષયનો ભેદ નહિ. માટે આવી દલિલોથી તે બેના વિષયને જુદો જુદો માનવો એ વાત તુચ્છ છે. વળી શાસ્ત્રમાં પણ પ્રશંસાને અનુમોદનાના જ એક ભેદ રૂપે કહી છે. જેમકે "જઇણો વિ..." (પંચા. ૬-૨૮) શ્લોકના પ્રતીકનું વિવરણ કરતાં વૃત્તિકારે કહ્યું છે કે "માત્ર ગૃહસ્થોને જ નહિ પણ ભાવ-સ્તવ પર આરૂઢ થએલા સાધુઓને પણ શ્રાવકોથી કરાતી જિનપૂજા વગેરે જોઈ ને થએલ આનંદ-પ્રશંસા વગેરે રૂપ અનુમોદના દ્વારા એક પ્રકારનો દ્રવ્યસ્તવ હોય છે. 'હુ' શબ્દ અલંકાર તરીકે અને ઇતિ શબ્દ પરિસમાપ્તિ જણાવવા વપરાયો છે." ॥૩૪॥

આમ અનુમોદના અને પ્રશંસાના વિષય જુદા જુદા હોતા નથી એવું સિદ્ધ થએ છતે અનુમોદનીય-પ્રશંસનીયની વચ્ચે વિષમવ્યાપ્તિ નથી એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે. (જ્યાં જ્યાં 'અ' હોય ત્યાં ત્યાં 'બ' હોય અને જ્યાં જ્યાં 'બ' હોય ત્યાં ત્યાં 'અ' હોય તો 'અ' 'અને બ'ની સમવ્યાપ્તિ કહેવાય. પણ જ્યાં જ્યાં 'બ' હોય ત્યાં ત્યાં 'અ' હોય જ એવી બીજી શરત જો પરિપૂર્ણ ન હોય તો અ-બની વિષમવ્યાપ્તિ કહેવાય છે.)

१ अस्योत्तरार्धः— एयं च इत्थ णेयं इय सुद्धं तंतजुत्तीए ॥ [पंचा० ६/२८]
यतेरपि खलु द्रव्यस्तवभेदोऽनुमोदनेनास्ति इति । एतच्चात्र ज्ञेयमिति शुद्धं तन्त्रयुक्त्या ॥

एवमनुमोदनाप्रशंसयोर्विषयभेदाभावे सिद्धेऽनुमोदनीयप्रशंसनीययोर्विषमव्याप्तिं परिहरन्नाह —

तेणमणुमोअणिज्जं पसंसणिज्जं च होइ जाईए ।
सुद्धं किच्चं सव्वं भावविसिट्ठं तु अन्नंपि ॥३५॥

[तेनानुमोदनीयं प्रशंसनीयं च भवति जात्या । शुद्धं कृत्यं सर्वं भावविशिष्टं तु अन्यदपि ॥३५॥]

तेणं ति । तेनानुमोदनाप्रशंसयोर्विषयभेदाभावेन अनुमोदनीयं प्रशंसनीयं च सर्वं शुद्धं स्वरूपकृत्यं दयादानशीलादिकं च जात्या स्वरूपयोग्यताऽवच्छेदकरूपेण भवति । यद्रूपावच्छेदेन यत्र सुन्दरत्वज्ञानं तद्रूपविशिष्टप्रतिसन्धानस्य तद्रूपावच्छिन्नविषयकहर्षजनकत्वाद् । अतएव शुद्धाहारग्रहणदानादिव्यक्तीनां सर्वासामसुन्दरत्वेऽपि कासाञ्चिच्चाशुद्धाहारग्रहणदानादिव्यक्तीनामप्यपवादकालभाविनीनां सुन्दरत्वेऽपि 'साधोः शुद्धाहारग्रहणं सुन्दरं, श्रावकस्य च शुद्धाहारदानं' इत्ययमेवोपदेशो युक्तो, नत्वशुद्धाहारग्रहणदानोपदेशोऽपि, सामान्यपर्यवसायित्वात्तस्य, सामान्यपर्यवसानस्य च स्वरूपशुद्ध एव वस्तुन्युचितत्वात्, स्वरूपशुद्धं हि वस्तु जात्याप्यनुमोद्यमानं हितावहमिति ।

**ગાથાર્થ**— 'આમ તે બેના વિષય જુદા ન હોવાથી સ્વરૂપતઃ જે શુદ્ધ હોય તે બધું કાર્ય શુદ્ધ જાતિવાળું હોવા તરીકે અનુમોદનીય અને પ્રશંસનીય બંને બને છે. અને સ્વરૂપે અશુદ્ધ એવું પણ વિષયશુદ્ધ વગેરે અનુષ્ઠાન જો શુભભાવ યુક્ત હોય તો, તે તેવું હોવાના કારણે એ બંને રૂપ બને છે.

આમ અનુમોદના-પ્રશંસાના વિષયનો ભેદ ન હોવાથી નક્કી થાય છે કે દયા-દાન-શીલ વગેરે રૂપ સ્વરૂપશુદ્ધ બધું અનુષ્ઠાન શુભભાવાદિ પ્રવર્ત્તાવવાની સ્વરૂપ યોગ્યતાનો અવચ્છેદક બનનાર જાતિના કારણે અનુમોદનીય અને પ્રશંસનીય બન્ને બને છે. કહેવાનો ભાવ એ છે કે દયાદાનાદિ એવા પ્રકાર (જાતિ)નાં કૃત્યો છે કે તેઓ સુંદર તરીકે પરિણમવાની સાહજિક યોગ્યતા ધરાવે છે. તેથી કોઈપણ વ્યક્તિના દયાદાનાદિકૃત્યો તેના ભાવને આગળ કર્યા વગર 'આ કૃત્યો આવી જાતિવાળાં છે' એટલા માત્ર ધર્મને આગળ કરીને તો પ્રશંસનીય અને અનુમોદનીય બની જાય છે. કારણકે જે ધર્મને આગળ કરીને (સમ્યગ્દૃષ્ટિ વગેરેના) દયાદાનાદિમાં 'આ કૃત્ય સુંદર છે, એવી સુંદરતાબુદ્ધિ થાય છે તે ધર્મયુક્ત હોવા રૂપે થએલ બીજા કોઈપણ અનુષ્ઠાનનું (મિથ્યાત્વીના દયાદાનાદિનું) પ્રતિસંધાન (આ દયાદાનાદિમાં પણ તે ધર્મ રહેલ છે ઇત્યાદિ જ્ઞાન) તે ધર્મયુક્ત તે અનુષ્ઠાન પ્રત્યે હર્ષ પેદા કરે જ છે તેથી જ શુદ્ધ આહારના જુદી જુદી વ્યક્તિઓ વડે થતાં ગ્રહણ-દાન વગેરે બધા જ કંઇ સુંદર ન હોવા છતાં (અર્થાત્ ધર્મદ્વેષી વગેરેથી હેરાનગતિ વગેરે કરવાના આશયે કરાએલ શુદ્ધ આહારનું દાન વગેરે સુંદર ન હોવા છતાં) તેમજ કોઈક કોઇક અપવાદ કાલભાવી અશુદ્ધ આહારના ગ્રહણ-દાન વગેરે કારણિક હોઈ પરિણામે સુંદર હોવા છતાં ઉપદેશ તો એવો જ આપવો યોગ્ય બને છે કે "સાધુએ શુદ્ધ આહારનું ગ્રહણ કરવું યોગ્ય છે અને શ્રાવકે શુદ્ધ આહારનું દાન કરવું યોગ્ય છે." નહિ કે "સાધુ-શ્રાવકે અશુદ્ધ આહારનું ગ્રહણ-દાન કરવું યોગ્ય છે" એવો, કેમકે ઉપદેશ સામાન્યમાં પરિણમે છે. અર્થાત્ 'દાન કરવું જોઇએ' ઇત્યાદિ ઉપદેશ દાનત્વવિશિષ્ટ જે કોઈ અનુષ્ઠાન હોય તે બધાને જ કર્ત્તવ્ય તરીકે જણાવે છે નહિ કે શુભભાવ વિશિષ્ટ દાનને જ. માટે સામાન્યમાં ફલિત થતો ઉપદેશ સ્વરૂપ શુદ્ધ વસ્તુનો જ આપવો યોગ્ય છે. અને સામાન્યતયા ઉપદેશ તો તેનો જ અપાય છે જે વસ્તુમાં પોતાનો પક્ષપાત-સંમતિ હોય. તેથી જણાય છે કે સ્વરૂપ યોગ્યતાવચ્છેદક જાતિને આગળ કરીને સ્વરૂપશુદ્ધ વસ્તુની કરાતી અનુમોદના હિતાવહ બને છે. આમ નક્કી થાય છે

भावविशिष्टं तु अपुनर्बन्धकादिभावसंवलितं तु, अन्यदपि विषयशुद्धादिकमपि वस्त्वनुमोद्यम् । 'भावविशिष्टा क्रिया सुन्दरा' इत्यादिप्रशंसया भावकारणत्वेन विषयशुद्धादावपि कृत्ये स्वोत्साहसंभवात् । न चैवमपुनर्बन्धकोचितविषयशुद्धकृत्येऽपि साधोः प्रवृत्त्यापत्तिः, स्वाभिमततत्तद्धर्माधिकारीष्टसाधनत्वेन प्रतिसंहितेऽधस्तनगुणस्थानवर्त्यनुष्ठाने स्वोत्साहसंभवेऽपि स्वाधिकाराभावेन तत्राप्रवृत्तेः । अत एव 'शोभनमिदमेतावज्जन्मफलमविरतानां' इतिवचनलिङ्गगम्यस्वोत्साहविषयेऽपि जिनपूजादौ श्राद्धाचारे न साधूनां प्रवृत्तिरिति बोध्यम् । इत्थं च भावानुरोधादपुनर्बन्धकादेरारभ्यायोगिकेवलिगुणस्थानं यावत्सर्वमपि धर्मानुष्ठानमनुमोदनीयं प्रशंसनीयं चेति सिद्धम् । उक्तं चोपदेशपदसूत्रवृत्त्योः [२३४]–

[1]ता एअम्मि पयत्तो ओहेणं वीयरायवयणंमि । बहुमाणो कायव्वो धीरेहिं कयं पसंगेणं ॥

"तत् तस्मात्, एतस्मिन् धर्मबीजे प्रयत्नो यत्नातिशयः कर्त्तव्यो धीरैः इत्युत्तरेण योगः । किंलक्षणः प्रयत्नः कर्त्तव्यः ? इत्याशङ्क्याह—ओघेन सामान्येन, वीतरागवचने वीतरागागमप्रतिपादितेऽपुनर्बन्धकचेष्टाप्रभृत्ययोगिकेवलिपर्यवसाने तत्तच्चित्र(त्त)शुद्धसमाचारे, बहुमानो भावप्रतिबन्धः क्षयोपशमवैचित्र्यान्मृदुमध्याधिमात्रः, कर्त्तव्यो धीरैर्बुद्धिमद्भिः । उपसंहरन्नाह–कृतं प्रसंगेन पर्याप्तं धर्मबीजप्रख्यापनेनेति" । भावानुरोधेन ह्यनुष्ठानस्यानुमोदनप्रशंसे विहिते, भावश्चापुनर्बन्धकाद्यनुष्ठाने नियत एव, अन्ततो मोक्षाशयस्यापि सत्त्वात्, तस्याप्यचरमपुद्गलपरावर्त्ताभावित्वेन मोहमलमन्दतानिमित्तकत्वेन शुद्धत्वात् । तदुक्तं विंशिकायां (४-१)—

કે મિથ્યાત્વી વગેરેના પણ સ્વરૂપશુદ્ધ એવા દાનાદિ જાતિથી તો અનુમોદનીય પણ છે જ. વળી અપુનર્બંધકાદિ ભાવયુક્ત હોય તો તો વિષયશુદ્ધ વગેરે અનુષ્ઠાનો પણ અનુમોદનીય બની જાય છે. કેમકે ભાવના કારણભૂત હોઇ વિષયશુદ્ધ વગેરે રૂપ બનેલા કૃત્ય અંગે પણ 'ભાવવાળી ક્રિયા સારી હોય છે' ઇત્યાદિ પ્રશંસા દ્વારા પોતાનો ઉત્સાહ જાગી શકે છે.

**શંકા**—અપુનર્બંધકજીવ સ્વઉચિત જે વિષયશુદ્ધ અનુષ્ઠાન કરતો હોય તે જોઇને ઉક્ત પ્રશંસા દ્વારા સાધુને પણ જો તે અનુષ્ઠાનનો ઉત્સાહ જાગતો હોય તો તો સાધુએ પણ તે અનુષ્ઠાન કરવાની આપત્તિ આવશે.

**સમાધાન**—નીચલા ગુણસ્થાન યોગ્ય અનુષ્ઠાન અંગેનું "આ અનુષ્ઠાન સ્વઅભિમત એવા તે તે ધર્મના અધિકારીજીવોના ઇષ્ટનું સાધન છે" એવું જ્ઞાન થએ છતે સાધુને તે અનુષ્ઠાન અંગે ઉત્સાહ જાગવા છતાં પોતાનો અધિકાર ન હોવાથી પ્રવૃત્તિ કરવાની આપત્તિ આવતી નથી. તેથી જ 'આ બહુ સુંદર અનુષ્ઠાન થયું', ખરેખર આ જ અવિરતજીવોના જન્મનું ફળ છે' ઇત્યાદિ નીકળી પડતા શબ્દોથી જણાતી પોતાના અંદરના ઉત્સાહના વિષયભૂત બનતી એવી પણ શ્રાવકોના આચાર રૂપ જિનપૂજા વગેરેને સાધુઓ પોતે કરતાં નથી. આમ ભાવની મુખ્યતા કરીએ તો અપુનર્બંધકથી માંડીને અયોગીકેવલી ગુણઠાણા સુધીનું સઘળું ધર્માનુષ્ઠાન અનુમોદનીય અને પ્રશંસનીય છે એ વાત સિદ્ધ થાય છે. ઉપદેશપદસૂત્ર (૨૩૪) અને તેની વૃત્તિમાં કહ્યું છે કે—

"માટે ધીરપુરુષોએ આ ધર્મબીજ અંગે વિશેષ પ્રયત્ન કરવો. સામાન્યથી વીતરાગવચને પ્રતિપાદન કરેલા અપુનર્બંધકના અનુષ્ઠાનથી માંડીને અયોગીકેવલી સુધીના ચિત્તશુદ્ધિથી પ્રવર્તેલા તે તે આચારો પર સ્વક્ષયોપશમને અનુસરીને અલ્પ મધ્યમ કે ઘણું બહુમાન કરવું એ તે પ્રયત્નરૂપ છે. આનો ઉપસંહાર કરતાં કરતાં કહે છે કે ધર્મબીજ અંગેની વધુ વિચારણાથી હવે સર્યું". આમ ભાવને અનુસરીને જ અનુષ્ઠાનની અનુમોદના અને પ્રશંસા કરવાની કહી છે અને ભાવ તો અપુનર્બંધકાદિથી

1. तदेतस्मिन् प्रयत्नः ओघेन वीतरागवचने । बहुमानः कर्त्तव्यो धीरैः कृतं प्रसंगेन ॥

[1]मोक्खासओवि णण्णत्थ होइ गुरुभावमलपहावेणं । जह गुरुवाहिविगारे ण जाउ पत्थासओ सम्मं ॥२॥

इति । अन्यत्र = चरमपुद्गलपरावर्त्तादन्यत्र । ततो विषयशुद्धादिकं त्रिविधमप्यनुष्ठानं प्रशस्तमिति सिद्धम् । उक्तं च विंशिकायामेव (३/२०)—

[2] विसयसरूवणुबंधेण होइ सुद्धो तिहा इहं धम्मो । जं ता मुक्खासयाओ सव्वो किल सुन्दरो णेओ ॥

इति । विषयशुद्धादिभेदश्चायं योगबिन्दावुपदर्शितः [२११]—

विषयात्मानुबन्धैस्तु त्रिधा शुद्धमुदाहृतम् । अनुष्ठानं प्रधानत्वं ज्ञेयमस्य यथोत्तरम् ॥
आद्यं यदेव मुक्त्यर्थं क्रियते पतनाद्यपि । तदेव मुक्त्युपादेयलेशभावाच्छुभं मतम् ॥
द्वितीयं तु यमाद्येव लोकदृष्ट्या व्यवस्थितम् । न यथाशास्त्रमेवेह सम्यग्ज्ञानाद्ययोगतः ॥
तृतीयमप्यदः किन्तु तत्त्वसंवेदनानुगम् । प्रशान्तवृत्त्या सर्वत्र दृढमौत्सुक्यवर्जितम् ॥

ननु भवतु विषयशुद्धाद्यनुष्ठानत्रयमपुनर्बन्धकादौ कथञ्चित्सुन्दरं, तथापि वीतरागवचनप्रतिपादितस्यैव तद्गतस्यानुष्ठानस्यानुमोद्यत्वं, नान्यस्य, '[1]जो चेव भावलेसो सो चेव भगवओ अणुमओ' इत्यत्र भगवद्बहुमानरूपस्यैव भावलेशस्यानुमोद्यत्वप्रतिपादनादिति चेत् ?

---

માંડીને ઉપરના બધા અનુષ્ઠાનોમાં નિયમા હોય જ છે, કેમકે છેવટે મોક્ષના આશય રૂપ ભાવ તો રહ્યો જ હોય છે. જે અચરમાવર્ત્તમાં આવતો ન હોવાથી જણાય છે કે મોહ રૂપી મલ અલ્પ થવો એ એનું કારણ છે. અને જે ભાવ મોહમલની અલ્પતાથી થતો હોય તે તો શુદ્ધ જ હોય છે. **વિંશિકા** (૪-૨૦) માં કહ્યું છે કે—

**[ વિષયશુદ્ધાદિ અનુષ્ઠાન ]**

"ચરમપુદ્ગલપરાવર્ત્ત સિવાયના કાળમાં ભાવમલની પ્રચુરતાના કારણે મોક્ષનો આશય પણ આવતો નથી. જેમકે મોટા રોગ વિકારની હાજરીમાં પથ્ય જાળવવાનો સમ્યક્ આશય આવતો નથી." માટે અપુનર્બંધકાદિ દરેકનું અનુષ્ઠાન શુભભાવયુક્ત હોઈ પ્રશંસનીય અને અનુમોદનીય છે. તેથી વિષય શુદ્ધ વગેરે ત્રણે પ્રકારનું અનુષ્ઠાન પ્રશસ્ત હોય છે એ વાત સિદ્ધ થઈ. **વિંશિકામાંજ** ( ૩-૨૦ ) કહ્યું છે કે-"અહીં ધર્મ વિષય-સ્વરૂપ અને અનુબંધ એમ ત્રણ પ્રકારે શુદ્ધ હોય છે. તેથી મોક્ષના આશયના કારણે તે બધો સુંદર જાણવો."

વિષય શુદ્ધ વગેરે ભેદોનું સ્વરૂપ **યોગબિંદુ** (૨૧૧-૨૧૪)માં આવું દેખાડયું છે- "વિષય-સ્વરૂપ અને અનુબંધ એ ત્રણ ભેદે અનુષ્ઠાનને શુદ્ધ કહ્યું છે. આમાં પણ ઉત્તરોત્તર અનુષ્ઠાનને વધુ પ્રધાન (શુદ્ધ) જાણવું. 'આનાથી મારો મોક્ષ થાઓ' ઈત્યાદિ અભિપ્રાય પૂર્વક મોક્ષ માટે જે આત્મહત્યા વગેરે કરાય છે તે પહેલુ વિષયશુદ્ધ અનુષ્ઠાન છે. સ્વરૂપે અશુદ્ધ એવું પણ આ અનુષ્ઠાન મોક્ષની ઉપાદેયતાના અંશયુક્ત હોઈ શુભ છે. લોક દૃષ્ટિએ ધર્મ તરીકે લેખાતું જે યમ-નિયમાદિ અનુષ્ઠાન સમ્યગ્ જ્ઞાનાદિ ન હોવાના કારણે જૈન શાસ્ત્રાનુસારી નથી હોતું તે બીજું સ્વરૂપશુદ્ધઅનુષ્ઠાન છે. એ જ યમનિયમાદિ અનુષ્ઠાન જો જીવાદિ તત્ત્વના સમ્યક્પરિજ્ઞાન પૂર્વક હોય, તેમજ પ્રશાન્તવૃત્તિના કારણે સર્વત્ર અત્યંત ઔત્સુક્યરહિત હોય તો એ ત્રીજા પ્રકારનું અનુબંધશુદ્ધ અનુષ્ઠાન છે."

---

१. मोक्षाशयोऽपि नान्यत्र भवति गुरुभावमलप्रभावेण । यथागुरुव्याधिविकारे न जातु पथ्याशयः सम्यक् ॥
२. विषयस्वरूपानुबन्धेन भवति शुद्धो त्रिधेह धर्मः । यत्तो मोक्षाशयात्सर्वः किल सुन्दरो ज्ञेयः ॥

न, अन्यत्रापि भवाभिनन्दिदोषप्रतिपक्षमोक्षाशयभावस्य तत्त्वतो भगवद्बहुमानरूपत्वाद्, 'भवनिर्वेदस्यैव भगवद्बहुमानत्वात्' इति ललितविस्तरापञ्जिकावचनात्, स्वरूपशुद्धं चानुष्ठानं सर्वत्रापि तत्त्वतो भगवत्प्रणीतमेवेति तत्प्रशंसया भवत्येव भगवद्बहुमानः । व्युत्पन्ना अन्यशास्त्रे कथञ्चिदुपनिबद्धानपि मार्गानुसारिगुणान् भगवत्प्रणीतत्वेनैव प्रतियन्ति । तदाहुः श्रीसिद्धसेनसूरयः (द्वा. १-३०)

सुनिश्चितं नः परतन्त्रयुक्तिषु स्फुरन्ति याः काश्चन सूक्तसंपदः ।

तवैव ताः पूर्वमहार्णवोद्धृता जगत्प्रमाणं जिन ! वाक्यविप्रुषः ।। इति । नन्दिवृत्तावप्येवमेवोक्तं– 'परदर्शनशास्त्रेष्वपि हि यः कश्चित्समीचीनोऽर्थः संसारासारतास्वर्गापवर्गादिहेतुः प्राण्यहिंसादिरूपः स भगवत्प्रणीतशास्त्रेभ्य एव समुद्धृतो वेदितव्यः । न खल्वतीन्द्रियार्थपरिज्ञानमन्तरेणातीन्द्रियः प्रमाणाबाधितार्थः पुरुषमात्रेणोपदेष्टुं शक्यते, अविषयत्वाद् । न चातीन्द्रियार्थपरिज्ञानं परतीर्थिकानामस्तीत्येतदग्रे वक्ष्यामः । ततस्ते भगवत्प्रणीतशास्त्रेभ्यो मौलं समीचीनमर्थलेशमुपादाय पश्चादभिनिवेशवशतः स्वस्वमत्यनुसारेण तास्ताः स्वस्वप्रक्रियाः प्रपञ्चितवन्तः । उक्तं च स्तुतिकारेण 'सुनिश्चितं' इत्यादि ।।'

---

**શંકા** :- અપુનર્બંધકાદિના વિષયશુદ્ધ વગેરે અનુષ્ઠાનો ભલે આ રીતે કથંચિત્ સુંદર હોય, છતાં પણ જિનાગમમાં જેનું પ્રતિપાદન કર્યું હોય તેવું જ તેનું અનુષ્ઠાન અનુમોદનીય છે, બીજું નહિ, કેમકે "તે તે અનુષ્ઠાનાદિમાં જે ભાવાંશ હોય તે જ ભગવાન ને સંમત છે" (                ) ઇત્યાદિ ગ્રન્થમાં ભગવાન્ પરના બહુમાન રૂપ ભાવાંશને જ અનુમોદનીય કહ્યો છે.

**[મોક્ષાશયનો ભાવ એ તત્ત્વથી ભગવદ્ બહુમાન રૂપ]**

**સમાધાન**—તમારી શંકા યોગ્ય નથી. કેમકે જિનાગમથી અપ્રતિપાદિત અનુષ્ઠાનમાં પણ તેઓનો ભવાભિનંદીદોષોના પ્રતિપક્ષભૂત મોક્ષાશયરૂપ શુભભાવ તો ભળેલો જ હોય છે. મોક્ષના આશયરૂપ આ ભાવ ભવનિર્વેદરૂપ છે. વળી **લલિતવિસ્તરાની પંજિકા** ટીકામાં કહ્યું છે કે 'ભવનિર્વેદ જ ભગવદ્બહુમાનરૂપ છે.' તેથી મોક્ષાશય પણ ભગવદ્બહુમાન રૂપ ફલિત થતો હોઇ અપુનર્બંધકાદિના, જિનાગમમાં સાક્ષાદ્ નહિ કહેલા અન્ય અનુષ્ઠાનો પણ અનુમોદનીય હોવા સિદ્ધ થાય જ છે. તેમજ કોઇ પણ ધર્મમાં રહેલ સ્વરૂપ શુદ્ધ અનુષ્ઠાન વાસ્તવિક રીતે તો જિનપ્રણીત જ છે. તેથી તેની પ્રશંસાથી ભગવદ્ બહુમાન્ થાય જ છે. પ્રજ્ઞાવાન પુરુષો તો અન્યશાસ્ત્રોમાં કોઈક રીતે કહેવાઈ ગયેલા માર્ગાનુસારી ગુણોને જિનોક્ત હોવા તરીકે જ સ્વીકારે છે. જેમકે **શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિમહારાજે** કહ્યું છે કે (દ્વા. ૧-૩૦) "અમને આ વાતનો પૂરેપૂરો નિશ્ચય થઈ ગયો છે કે અન્યશાસ્ત્રોમાં જે કોઈ સુવચનોની સંપત્તિ ઝળહળે છે તે હે જિન ! તારા જ ચૌદ પૂર્વ રૂપ મહાસમુદ્રમાંથી ઉદ્ધરેલા (ઉડેલા) છે. તારા વચનરૂપી બિંદુઓને ઊડવાનું ક્ષેત્ર જગત્ પ્રમાણ છે.... અર્થાત્ આખા જગત્માં એ સુંદર વચનો પથરાયેલા છે."

**શ્રી નંદીસૂત્રની વૃત્તિમાં** પણ કહ્યું છે કે "અન્ય દર્શનના શાસ્ત્રોમાં પણ જે કોઈ સંસારની અસારતા જણાવનાર કે સ્વર્ગ–મોક્ષાદિના હેતુભૂત જીવ અહિંસા વગેરે રૂપ સમીચીન અર્થ જોવા મળે છે તે જિનોક્તશાસ્ત્રો માંથી જ ઉદ્ધૃત થયેલો જાણવો, કેમકે અતીન્દ્રિય પદાર્થોના જ્ઞાન વગર અતીન્દ્રિય પદાર્થની પ્રમાણથી અબાધિત પ્રરૂપણા ગમે તે પુરુષ કરી દે એ વાત શક્ય નથી. તે પણ એટલા

---

૧. यस्त्वेव भावलेशः स चैव भगवतोऽनुमतः ।

ननु दयादिवचनानि परमते तत्त्वतो जिनवचनमूलान्यपि स्वस्वमताधिदैवतवचनत्वेन परिगृहीतत्वादेव नानुमोदनीयानि, अत एव मिथ्यादृष्टिभिः स्वस्वदैवतबिम्बत्वेन परिगृहीताऽर्हत्प्रतिमाप्युपासकदशाङ्गादिष्ववन्द्यत्वेन प्रतिपादितेति चेत्? अत्र वदन्ति संप्रदायविदः– 'यथा मिथ्यादृक्परिगृहीता तीर्थकृत्प्रतिमा मिथ्यात्वाभिवृद्धिनिवारणाय न विशेषेण नमस्क्रियते, सामान्येन तु '[1]जं किंचि नाम तित्थं' इत्यादिना "[2]जावंति चेइआइं" इत्यादिना चाभिवन्द्यते एव, तत्त्वतस्तासामपि तीर्थत्वात् जिनबिम्बत्वाच्च। तथाऽत्रापि मिथ्यादृशां गुणाः 'सर्वेषां जीवानां दयाशीलादिकं शोभनं' इत्येवं सामान्यरूपेणानुमोद्यमानाः केन वारयितुं शक्यन्ते? इति। उक्तं चैतत् धर्मबिन्दुसूत्रवृत्त्योरपि (२–३) सद्धर्मदेशनाधिकारे साधारण्येन लोकलोकोत्तरगुणप्रशंसाप्रतिपादनात्, तथाहि – 'साधारणगुणप्रशंसा' इति, साधारणानां लोकलोकोत्तरयोः सामान्यानां गुणानां प्रशंसा पुरस्कारो देशनार्हस्याग्रतो विधेया। यथा—

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः प्रियं कृत्वा मौनं सदसि कथनं चाप्युपकृतेः।
अनुत्सेको लक्ष्म्या निरभिभवसाराः परकथाः श्रुते चासन्तोषः कथमनभिजाते निवसति॥ इति।

---

માટે કે એ અતીન્દ્રિય પદાર્થો તેનો (તેના અનતિશાયી જ્ઞાનનો) વિષય હોતા નથી. 'પરતીર્થિકોને અતીન્દ્રિયપદાર્થોનું જ્ઞાન હોતું નથી' એ અમે આગળ જણાવીશું. એટલે તેઓએ ભગવત્પ્રણીત શાસ્ત્રોમાંથી મૂળભૂત સમીચીન પદાર્થના મુખ્ય અંશને જાણીને પછી અભિનિવેશાદિવશાત્ પોતપોતાની મતિ અનુસારે પોતપોતાની તે તે પ્રક્રિયાઓ રચી છે એ નિશ્ચિત થાય છે. સ્તુતિકાર **શ્રીસિદ્ધસેન દિવાકર** સૂરિમહારાજે પણ કહ્યું છે કે सुनिश्चितं...' ઇત્યાદિ."

**શંકા** :– અન્ય દર્શનમાં રહેલ દયાદિપ્રતિપાદકવચનો વાસ્તવમાં જિનવચનમૂલક હોવા છતાં તે દર્શનમાં રહેલા જીવો તે વચનોને પોતપોતાના અભિમત દેવના વચન તરીકે જ સ્વીકારે છે. તેથી સ્વસ્વદેવોક્ત તરીકે કરાતાં તે અનુષ્ઠાનોને અનુમોદનીય કેમ મનાય? તાત્પર્ય એ છે કે જેમ મિથ્યાત્વીઓએ પોતપોતાના દેવ તરીકે સ્વીકારેલ જિનબિંબને ઉપાસકદશાંગ વગેરેમાં અવંદનીય તરીકે કહ્યું છે. તેમ મૂળમાં જિનોક્ત એવું પણ અનુષ્ઠાન જો અન્ય દેવોક્ત અનુષ્ઠાન તરીકે સ્વીકારાયેલું હોય તો અનુમોદનીય નથી.

## [મિથ્યાત્વીના ગુણો પણ સામાન્યરૂપે અનુમોદનીય]

**સમાધાન** :– આ બાબતમાં સંપ્રદાયના જાણકારોનો અભિપ્રાય આવો છે—મિથ્યાદૃષ્ટિએ સ્વદેવ તરીકે માનેલી અરિહંતની પ્રતિમાને વંદનાદિ કરવામાં આવે તો જોનાર વગેરેનું મિથ્યાત્વ પ્રબળ બને છે. તેથી તેવી પ્રતિમાને સાક્ષાત્ વિશેષ રૂપે (તે પ્રતિમા પાસે જઈને તેને જ ઉદ્દેશીને) નમસ્કારાદિ કરાતાં નથી. છતાં મિથ્યાત્વની વૃદ્ધિ ન થાય એ રીતે સામાન્યથી તો 'જંકિંચિ નામ તિત્થં....' 'જાવંતિ ચેઈઆઇં.' ઇત્યાદિ સૂત્રો દ્વારા વંદના કરાય જ છે. કેમકે વાસ્તવમાં તે પ્રતિમા પણ તીર્થરૂપ છે જ અને ચૈત્ય (જિનબિંબ) રૂપ પણ છે જ. એમ 'બધા જીવોના દયા–શીલ, વગેરે ગુણો સુંદર છે' ઇત્યાદિ સામાન્ય-

---

१. यत्किञ्चिन्नामतीर्थम्... २. यावन्ति चैत्यानि० (चैत्यवंदनसूत्राणि)

इयं च पुरुषविशेषानुपग्रहात्सामान्यप्रशंसैवेति। यद्यप्यत्रापि वाक्यार्थस्य विशेष एव पर्यवसानं, तथापि साधारणगुणानुरागस्यैवाभिव्यङ्ग्यत्वान्न मिथ्यात्वाभिवृद्धिरिति द्रष्टव्यम्। स्यादत्र परस्येयमाशङ्का–

"एवं सति मिथ्यादृष्टेः पुरुषविशेषस्य दयाशीलादिगुणपुरस्कारेण प्रशंसा न कर्त्तव्या स्यात्, अन्यतीर्थिकपरिगृहीतार्हत्प्रतिमाया विशेषेणावन्द्यत्ववदन्यतीर्थिकपरिगृहीतगुणानामपि विशेषतोऽप्रशंसनीयत्वात्, दोषवत्त्वेन प्रतिसन्धीयमाने पुरुषे तद्गतगुणप्रशंसायास्तद्गतदोषानुमतिपर्यवसितत्वात्। अत एव सुखशीलजनवन्दनप्रशंसयोस्तद्गतप्रमादस्थानानुमोदनापत्तिरुक्ता —

[1]किइकम्मं च पसंसा सुहसीलजणंमि कम्मबंधाय। जे जे पमायठाणा ते ते उववूहिया हुंति॥

इत्यादिनाऽऽवश्यकादाविति। तत्र ब्रूमः–यदि नाम तद्गतदोषज्ञानमेव तत्प्रशंसायास्तदीयतद्दोषानुमतिपर्यवसायकमिति मिथ्यादृष्टिगुणप्रशंसात्यागस्तवाभिमतस्तदाऽविरतसम्यग्दृष्टेः सम्यक्त्वादिगुणप्रशंसाऽप्यकर्त्तव्या स्यात्, तद्गताविरतिदोषज्ञानात्तस्यास्तदनुमतिपर्यवसानात्।

---

રૂપે કરાતી મિથ્યાત્વીના ગુણોની પણ અનુમોદનાને કોણ અટકાવી શકે છે? **ધર્મબિન્દુ સૂત્ર** (૨-૩) અને તેની વૃત્તિમાં **સદ્ધર્મ દેશનાધિકારમાં** સાધારણ રીતે લૌકિક અને લોકોત્તર ગુણોની પ્રશંસાનું પ્રતિપાદન કરવા દ્વારા આજ વાત કહી છે. તે આ રીતે–

" સાધારણ ગુણ પ્રશંસા... લોક અને લોકોત્તરમાં રહેલા હોય તેવા સાધારણ ગુણોની દેશનાયોગ્ય શ્રોતા આગળ પ્રશંસા કરવી. જેમકે ગુપ્ત રીતે દાન કરવું, ઘરે અતિથિ વગેરે આવે ત્યારે સંભ્રમ રોમાંચાદિ થવા, કોઈ પર પ્રિય = ઉપકાર કરીને જાહેરમાં બોલવું નહિ, બીજાએ પોતાના પર કરેલા ઉપકારને સભામાં યાદ કરવો, લક્ષ્મીનો ગર્વ ન કરવો, નિંદા પરાભવ વગેરેથી શૂન્ય જ પરકથા કરવી, શાસ્ત્ર ભણવામાં અસંતોષ રાખવો, આવા બધા ગુણો જીવમાં સુંદરતા આવ્યા વગર શી રીતે હોય?"

આવું કથન કોઈ જૈન માર્ગસ્થ કે ઈતરમાર્ગસ્થ પુરુષ વિશેષને ઉદ્દેશીને બોલાતું ન હોવાથી સામાન્ય પ્રશંસા રૂપ જ છે. જો કે અહીં પણ વાકયાર્થ પુરુષ વિશેષમાં જ ફલિત થાય છે, છતાં પણ એનાથી સાધારણ ગુણોનો અનુરાગ જ અભિવ્યક્ત થતો હોઈ મિથ્યાત્વની વૃદ્ધિ થતી નથી એ જાણવું. અહીં કોઈને શંકા થાય કે–

[દોષસહચરિત ગુણની અનુમોદના દોષની અનુમોદનામાં પરિણમે?]

**શંકા** :–આ રીતે તો કોઈ મિથ્યાત્વી વ્યક્તિવિશેષની તેના દયા શીલ વગેરે ગુણોને આગળ કરીને પણ પ્રશંસા કરી શકાશે નહિ, કેમકે અન્ય તીર્થિક વડે પરિગૃહીત જિનબિંબ જેમ વિશેષ પ્રકારે અવંદ્ય છે તેમ અન્યતીર્થિક વડે પરિગૃહીત ગુણો પણ વિશેષ પ્રકારે (તે પુરુષના ઉલ્લેખપૂર્વક) તો અપ્રશંસનીય જ છે. કારણ કે મિથ્યાત્વ વગેરે રૂપ દોષ જણાયા પછી તે વ્યક્તિમાં રહેલા ગુણોની કરેલીપ્રશંસા તેમાં રહેલા દોષોની અનુમોદનામાં જ ફલિત થાય છે. માટે તો સુખશીલતાને જાળવનાર શિથિલવિહારી સાધુને કરાતાં વંદન–પ્રશંસા તેમાં રહેલા પ્રમાદોની અનુમોદના રૂપે પરિણમે છે એવું આવશ્યક વગેરે શાસ્ત્રમાં કહ્યું છે. જેમકે–

---

1. कृतिकर्म च प्रशंसा सुखशीलजने कर्मबन्धाय। यानि यानि प्रमादस्थानानि तानि तान्युपबृंहितानि भवन्ति॥

अथाविरतसम्यग्दृष्ट्यादावविरत्यादेर्न स्फुटदोषत्वं, स्फुटदोषप्रतिसन्धानमेव च तद्गतप्रशंसाया दोषानुमतिपर्यवसानबीजम्, अत एव शैलकराजर्षिप्रभृतीनां पार्श्वस्थत्वादिस्फुटदोषप्रतिसन्धाने हीलनीयत्वमेवोक्तं शास्त्रे, न तु गुणसामान्यमादाय प्रशंसनीयत्वं, तत्कालीनतत्प्रशंसाया दोषानुमतिरूपत्वाद्, इत्यविरतसम्यग्दृष्ट्यादीनां सम्यक्त्वादिगुणानुमोदने न दोष इति चेत् । तर्हि मार्गानुसारिणां मिथ्यादृशां मिथ्यात्वमपि न स्फुटो दोषः, तत्त्वेतरनिन्दनाद्युपहितप्रबलमिथ्यात्वस्यैव स्फुटदोषत्वादिति तद्गतगुणप्रशंसायामपि न दोषः । अवश्यं चैतदित्थं प्रतिपत्तव्यं, अन्यथा मेघकुमारजीवहस्तिनोऽपि दयागुणपुरस्कारेण प्रशंसानुपपत्तिरिति । अन्यतीर्थिकपरिगृहीतत्वं चार्हत्प्रतिमायामिव दयादिगुणेषु न स्फुटो दोषः, दयादिगुणानामभिनिविष्टान्यतीर्थिकसाक्षिकत्वाभावेन मिथ्यात्वाभावात्, प्रत्युत तत्त्वतो

"સુખશીલજન વિશે કરેલા વંદન અને પ્રશંસા કર્મબંધ માટે થાય છે, કેમકે તેનામાં જે જે પ્રમાદો રહ્યા હોય તે બધાની આ વંદન અને પ્રશંસાથી ઉપબૃંહણા થાય છે."

**સમાધાન** :– આ શંકા અંગે અમારું કહેવું છે કે ગુણવાન્ વ્યક્તિમાં રહેલા દોષનું જ્ઞાન જ જો તેનામાં રહેલા ગુણોની પ્રશંસાને તેના તે દોષની અનુમોદના રૂપે પરિણમાવી દેતું હોય અને તેથી 'મિથ્યાત્વીના ગુણોની પ્રશંસા કરવી ન જોઈએ, એવો તમારો અભિપ્રાય હોય તો આપત્તિ એ આવશે કે અવિરતસમ્યક્ત્વીના સમ્યગ્દર્શનાદિ ગુણોની પણ પ્રશંસા કરી શકાશે નહિ, કેમકે તેનામાં રહેલ અવિરતિ દોષના જ્ઞાનથી તે પ્રશંસા અવિરતિ દોષની અનુમોદનારૂપે પરિણમવાની છે.

**શંકા**– અવિરતસમ્યક્ત્વીવગેરેમાં રહેલ અવિરતિ વગેરે વ્યક્તદોષ નથી. જ્યારે ગુણોની પ્રશંસાને દોષની અનુમોદનામાં ફલિત કરવાનું નિમિત્ત તો વ્યક્ત દોષનું અનુસંધાન જ બને છે. તેથી જ તો **શૈલકરાજર્ષિ** વગેરેમાં પાસત્થાપણા વગેરે વ્યક્તદોષનું અનુસંધાન થયા પછી તેઓ હીલનીય હોવા જ શાસ્ત્રમાં કહ્યા છે, નહિ કે બીજા સામાન્ય ગુણોને આગળ કરીને પણ પ્રશંસનીય હોવા, કેમકે સ્ફુટદોષના પ્રતિસંધાનકાલે થયેલી તેમની પ્રશંસા એ તે દોષની અનુમોદનારૂપ છે. તેથી અવિરતસમ્યક્ત્વીના સમ્યક્ત્વ વગેરે ગુણોની અનુમોદના કરવામાં તેના અવ્યક્ત અવિરતિદોષ વગેરેની અનુમોદના થઈ જવા રૂપ દોષ થતો નથી.

**[માર્ગાનુસારીના ગુણોની અનુમો. મિથ્યાત્વની અનુમો. માં ન પરિણમે]**

**સમાધાન** :–એ રીતે માર્ગાનુસારી મિથ્યાત્વીઓનું મિથ્યાત્વ પણ કાંઇ વ્યક્ત દોષ નથી કે જેથી તેના ગુણોની પ્રશંસા મિથ્યાત્વદોષની અનુમોદનામાં પરિણમે. સુદેવાદિતત્ત્વની નિંદા અને કુદેવાદિ અતત્ત્વની પ્રશંસાથી યુક્ત પ્રબળ મિથ્યાત્વ જ વ્યક્ત દોષ રૂપ છે. જે માર્ગાનુસારીમાં હોતો નથી. "આમ માર્ગાનુસારી જીવોના ગુણોની પ્રશંસામાં કોઇ દોષ લાગતો નથી" એવું માનવું આવશ્યક પણ છે જ, કેમકે નહિતર તો **મેઘકુમારના જીવ હાથીની** પણ દયા વગેરેને આગળ કરીને કરાયેલી પ્રશંસા અસંગત થઈ જાય. 'અન્ય તીર્થિકથી પરિગૃહીત હોવાપણું' એ જિનપ્રતિમા માટે જેમ વ્યક્તદોષરૂપ બની જાય છે. તેમ દયાદિગુણો માટે કાંઈ વ્યક્તદોષરૂપ બની જતું નથી. એમાં કારણ એ છે કે દયાદિગુણો

जिनप्रवचनाभिहितत्वप्रतिसन्धानेन तदस्फुटीकृतमेव । अतः 'स्तोकस्यापि भगवदभिमतस्य गुणस्योपेक्षा न श्रेयसी' इत्यध्यवसायदशायां तत्प्रशंसा गुणानुरागातिशयद्वारा कल्याणावहा । अत एव गुणानुरागसङ्कोचपरिहाराय स्तोकगुणालंबनेनापि भक्त्युद्भावनं विधेयमित्युपदिशन्ति पूर्वाचार्याः । तदुक्तं बृहत्कल्पभाष्यवृत्त्योः—

दंसणनाणचरित्तं तवविणयं जत्थ जत्तियं पासे । जिणपन्नत्तं भत्तीए पूयए तं तहिं भावं ॥

दर्शनं च निःशङ्कितादिगुणोपेतं सम्यक्त्वं, ज्ञानं चाचारादि चारित्रं च मूलोत्तरगुणानुपालनात्मकं दर्शनज्ञानचारित्रं द्वन्द्वैकवद्भावः । एवं तपश्चानशनादि, विनयश्चाभ्युत्थानादिरूपस्तपोविनयम् । एतद्दर्शनादि यत्र पार्श्वस्थादौ पुरुषे यावत् यत्परिमाणं स्वल्पं बहु वा पश्येत् जानीयात् तत्र तमेव भावं जिनप्रज्ञप्तं स्वचेतसि व्यवस्थाप्य तावत्यैव भक्त्या कृतिकर्मादिलक्षणया पूजयेद्" इति । तेन मार्गानुसारिकृत्यं सर्वमपि भावयोगादनुमोदनीयं प्रशंसनीयं चेति सिद्धम् ॥३५॥

ततश्च 'मिथ्यादृशां गुणा न ग्राह्याः' इति कदाग्रहः परित्याज्य इत्यभिप्रायेणाह—

**इअ लोइअलोउत्तर सामन्नगुणप्पसंसणे सिद्धे ।**
**मिच्छदिट्ठीण गुणे ण पसंसामोत्ति दुव्वयणं ॥३६॥**

(इति लौकिकलोकोत्तरसामान्यगुणप्रशंसने सिद्धे । मिथ्यादृष्टीनां गुणान् न प्रशंसाम इति दुर्वचनम् ॥३६॥)

इअत्ति । इत्यमुना प्रकारेण लौकिकलोकोत्तरसामान्यगुणप्रशंसने सिद्धे इष्टसाधनत्वेन व्यवस्थिते, 'मिथ्यादृष्टीनां गुणान्न प्रशंसामः' इति दुर्वचनं, गुणमात्सर्यादेव तथावचन-

---

અભિનિવિષ્ટ અન્ય તીર્થિકોને પણ સાક્ષાત્ (પ્રત્યક્ષ) તો હોતા નથી. માટે માર્ગાનુસારી અન્ય તીર્થિકના પ્રશંસા કરાતા તે ગુણો અભિનિવિષ્ટ જીવોના મિથ્યાત્વની વૃદ્ધિનો હેતુ બનતા નથી. ઉપરથી "ઓ હો! આ દયાદિગુણો વાસ્તવિક રીતે તો જિનપ્રવચનમાં કહ્યા છે" ઇત્યાદિ પ્રતિસંધાન દ્વારા મિથ્યાત્વને અવ્યક્ત (મંદ) કરનારા જ છે. તેથી "ભગવાનને સંમત નાના ગુણની પણ ઉપેક્ષા હિતાવહ નથી" એવા અધ્યવસાય વખતે તે દયાદિ નાના ગુણોની પ્રશંસા પણ ગુણાનુરાગને ચઢિયાતો બનાવવા દ્વારા કલ્યાણકારી બને છે. તેથી જ તો ગુણાનુરાગ સાંકડો ન થઈ જાય, એ માટે 'અલ્પગુણને જોઈને પણ ભક્તિ ઊભરાવવી' એવો પૂર્વાચાર્યો ઉપદેશ આપે છે. બૃહત્કલ્પભાષ્ય ( )માં કહ્યું છે કે—

"જે જીવમાં જેટલા જિનપ્રજ્ઞપ્ત દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ-વિનયને જુએ તેમાં તે ભાવને ભક્તિથી પૂજવો" **આની વૃત્તિ આ પ્રમાણે** –"નિઃશંકિતાદિ ગુણયુક્ત સમ્યક્ત્વ, આચારાંગાદિનું જ્ઞાન, મૂળ-ઉત્તરગુણના અનુપાલનરૂપ ચારિત્ર, અનશનાદિ તપ અને અભ્યુત્થાનાદિ રૂપ વિનય, જિનપ્રજ્ઞપ્ત આ ભાવોને પાસત્થા વિગેરેમાં જેટલા ઓછાવત્તા પ્રમાણમાં જુએ, તેમાં રહેલા તે ભાવને સ્વચિત્તમાં લાવી તેટલા પ્રમાણવાળી વંદનાદિરૂપ ભક્તિથી પૂજવો."

તેથી બધું માર્ગાનુસારી કૃત્ય મોક્ષાશય વગેરે ભાવયુક્ત હોઈ અનુમોદનીય અને પ્રશંસનીય છે એ વાત સિદ્ધ થાય છે. તેથી જે જે અનુમોદનીય હોય તે તે પ્રશંસનીય હોય અને જે જે પ્રશંસનીય હોય તે તે અનુમોદનીય હોય એવી સમવ્યાપ્તિ સિદ્ધ થવાથી અનુમોદના-પ્રશંસા વચ્ચે વિષયના ભેદકૃત ભેદ સિદ્ધ થતો નથી. ॥૩૫॥

प्रवृत्तेः । न च "नैवंभूतं मात्सर्यादेवोच्यते किन्तु सम्यग्दृष्टिमिथ्यादृष्टिसाधारणगुणप्रशंसया विशेषगुणातिशयभङ्गापत्तिभयादेवे" ति शङ्कनीयं, एवं सति विरताविरतसाधारणसम्यक्त्वादिगुणप्रशंसाया अपि परिहारापत्तेः, तत्रापि विरतविशेषगुणातिशयभङ्गापत्तिभयतादवस्थ्यादिति ॥३६॥

दुर्वचनत्वं चास्य व्यक्तया तत्प्रशंसाविधायकसद्वचनबाधात्सिद्ध्यतीति तदुपदर्शयति–

**मग्गाणुसारि किच्चं तेसिंपणुमोअणिज्जमुवइट्ठं ।**
**सिवमग्गकारणं तं गम्मं लिंगेहिं धीरेहिं ॥३७॥**

(मार्गानुसारिकृत्यं तेषामप्यनुमोदनीयमुपदिष्टम् । शिवमार्गकारणं तद्गम्यं लिङ्गैर्धीरैः ॥३७॥)

मग्गाणुसारित्ति । मार्गानुसारिकृत्यं तेषामपि मिथ्यादृशामपि अनुमोदनीयमुपदिष्टं भगवता । तदुक्तं चतुःशरणप्रकीर्णके :—

---

**[ 'મિથ્યાત્વીના ગુણોને નહિ પ્રશંસીએ' એ દુર્વચન ]**

તેથી 'મિથ્યાત્વીઓના ગુણ ગ્રાહ્ય નથી' એવો કદાગ્રહ ત્યાજ્ય છે એવું જણાવવાના અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :– આમ લૌકિક અને લોકોત્તરમાં સાધારણ ગુણોની પ્રશંસા કર્ત્તવ્ય હોવી સિદ્ધ થતી હોઈ, 'મિથ્યાદૃષ્ટિઓના ગુણોની અમે પ્રશંસા નહિ કરીએ' એવું કહેવાતું વચન એ દુર્વચન છે.

આમ લૌકિક–લોકોત્તર સાધારણ ગુણની પ્રશંસા ઇષ્ટસાધન છે એવું સિદ્ધ થએ છતે 'મિથ્યાત્વીઓના ગુણોની પ્રશંસા નહિ કરીએ' એવું કથન એ દુર્વચન જાણવું. કેમ કે ગુણો પરના માત્સર્યથી જ તેવું વચન બોલાય છે. "આવું વચન મિથ્યાત્વીઓના ગુણ પરના દ્વેષના કારણે જ બોલાય છે એવું નથી. પણ સમ્યક્ત્વી અને મિથ્યાત્વીમાં રહેલા સમાન ગુણોની પ્રશંસા કરવાથી સમ્યક્ત્વીના વિશેષ ગુણોના ચઢિયાતાપણાનો મગજમાંથી ખ્યાલ નીકળી જવા રૂપ ભંગ થઈ જવાના ભયના કારણે બોલાય છે." એવી દલીલ કરવી નહિ, કેમ કે તો પછી તો વિરત અને અવિરત સમ્યક્ત્વી એ બન્નેમાં સાધારણ રીતે રહેલા એવા સમ્યક્ત્વાદિ ગુણોની પ્રશંસા પણ છોડી દેવી પડશે, કારણ કે એવી પ્રશંસા કરવામાં પણ સાધુઓના વિશેષ ગુણોના અતિશયનો ભંગ થઈ જવાનો ભય તો ઊભો જ છે. ॥૩૬॥

મિથ્યાત્વીના ગુણોની પ્રશંસા કરવાનું વિધાન કરનાર સદ્વચનોનો વ્યક્ત રીતે બાધ થતો હોવાથી ઉપરોક્ત વચન દુર્વચન તરીકે સિદ્ધ થાય છે. એવું ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– તેઓના=મિથ્યાત્વીઓના પણ માર્ગાનુસારી કૃત્યને અનુમોદનીય કહ્યું છે. ધીર પુરુષોએ તે કૃત્યને તેના લિંગોવડે મોક્ષ માર્ગના કારણ તરીકે જાણવું જોઈએ.

**સમ્યક્ત્વને અનભિમુખ મિથ્યાત્વીઓના પણ માર્ગાનુસારી કૃત્યને ભગવાને અનુમોદનીય કહ્યું છે.** જેમ કે ચતુઃશરણ પ્રકીર્ણકમાં કહ્યું છે કે ( )–"અથવા વીતરાગવચનને અનુસરનારું જે કાંઈ દેરાસર બંધાવવું–પ્રતિમા ભરાવવી, તેની પ્રતિષ્ઠા કરાવવી–શાસ્ત્રો લખાવવા–

अहवा सव्वं चिय वीयरायवयणाणुसारि जं सुकडं । कालत्तएवि तिविहं अणुमोएमो तयं सव्वं ।। एतद्वृत्तिर्यथा–अथवेति सामान्यरूपप्रकारदर्शने । चियत्ति एवार्थे । ततः सर्वमेव वीतरागवचनानुसारि जिनमतानुयायि यत्सुकृतं जिनभवन–बिंबकारण–तत्प्रतिष्ठा–सिद्धान्तपुस्तकलेखन–तीर्थयात्रा–श्रीसङ्घवात्सल्य–जिनशासनप्रभावना ज्ञानाद्युपष्टंभ–धर्मसान्निध्य–क्षमा–मार्दव–संवेगादिरूपं मिथ्यादृक्संबन्ध्यपि मार्गानुयायिकृत्यं, कालत्रयेऽपि त्रिविधं मनोवाक्कायैः कृतं कारितमनुमतं च यदभूद् भवति भविष्यति चेति तत्तदित्यर्थः, तत्सर्वं निरवशेषं, अनुमन्यामहे हर्षगोचरतां प्रापयाम इति ।।"

ननु मार्गानुसारिकृत्यं न जैनाभिमतधार्मिकानुष्ठानानुसारिमिथ्यादृष्टिमार्गपतितं क्षमादिकं, किन्तु सम्यक्त्वाभिमुखगतं जैनाभिमतमेव, तच्च सम्यग्दृष्टिगतानुष्ठानान्न पार्थक्येन गणयितुं शक्यम् इत्याशङ्कायामाह तन्मार्गानुसारिकृत्यं शिवमार्गस्य ज्ञानदर्शनचारित्रलक्षणस्य कारणं धीरैर्निश्चितागमतत्त्वैः लिङ्गैः 'पावं ण तिव्वभावा कुणइ' इत्याद्यपुनर्बन्धकादिलक्षणैर्गम्यम् ।

अयं भावः– सम्यग्दृष्टिकृत्यं यथा वस्तुतश्चारित्रानुकूलमेवानुमोदनीयं तथा मार्गानुसारिकृत्यमपि सम्यक्त्वानुकूलमेव, स्वल्पकालप्राप्तव्यफलज्ञानं च तत्रानुमोदनीयतायां न तन्त्रं, किन्तु स्वलक्षणज्ञानमेव । तथा च यत्र भवाभिनन्दिदोषप्रतिपक्षगुणानामपुनर्बन्धकादिलक्षणानां निश्चयस्तत्र मार्गानुसारिकृत्यानुमोदनायां न बाधकं, विवेच्याग्रिमकालभाविफलज्ञानस्य-प्रवर्त्तकत्वे तु छद्मस्थस्य प्रवृत्तिमात्रोच्छेदप्रसङ्ग इति । अत एव मार्गानुयायिकृत्यं लक्षणशुद्धं जिनभवनकारणाद्येवोक्तं, तस्यैव मोक्षमार्गकारणत्वाद् । मोक्षमार्गो हि भावाज्ञा सम्यग्दर्शनादिरूपा, तत्कारणं चापुनर्बन्धकचेष्टा द्रव्याज्ञा । तत्र भावाज्ञा मोक्षं प्रति कारणत्वेनानुमोदनीया, द्रव्याज्ञा तु कारणकारणत्वेनेति न कश्चिद्दोष इति । तदिदमुक्तं उपदेशपदवृत्त्यैवाराधनापताकायां –

तीर्थयात्रा–श्री संघ वात्सल्य–જિનશાસનની પ્રભાવના–સ્વપરના જ્ઞાનાદિનો આધાર બનવું–ધર્મ-સાન્નિધ્ય ક્ષમા–મૃદુતા–સંવેગ વગેરે રૂપ મિથ્યાદષ્ટિનું પણ માર્ગાનુસારી કૃત્ય ત્રણે કાળમાં મન–વચન–કાયાથી કરણ–કરાવણ કે અનુમોદન રૂપે થયું હોય તે બધાને જ અમે અનુમોદીએ છીએ, અર્થાત્ તે બધાનો અમે હરખ અનુભવીએ છીએ. અહીં 'અથવા' શબ્દ સામાન્ય પ્રકાર દેખાડવા માટે અને 'ચિય' શબ્દ 'જ' કાર અર્થમાં વપરાયો છે.

"જૈન અભિમત અનુષ્ઠાનને અનુસરનારા અને મિથ્યામાર્ગમાં રહેલા એવા એ ક્ષમાદિકૃત્યો માર્ગાનુસારી કૃત્યરૂપ નથી, કિન્તુ સમ્યક્ત્વને અભિમુખ થયેલ જીવના સાધુ-દાનાદિરૂપ જૈન અભિમત કૃત્યો જ તેવા છે. અને તે અનુષ્ઠાનોને તો સમ્યક્ત્વીના અનુષ્ઠાનમાં જ અંતર્ગત ગણી લેવાના છે. માટે મિથ્યાત્વીના તો કોઈ (તે સિવાયના) અનુષ્ઠાનો અનુમોદનીય નથી." એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે–તે માર્ગાનુસારી કૃત્યને આગમતત્ત્વનો નિશ્ચય પામેલા ધીરપુરુષોએ અપુનર્બંધ-કાદિના 'તીવ્રભાવે પાપ ન કરવું" ઈત્યાદિ લક્ષણોથી જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું કારણ જાણવા. અર્થાત્ અપુનર્બંધકાદિના લક્ષણો દ્વારા મોક્ષમાર્ગના કારણ તરીકે જે ક્ષમાદિનો નિશ્ચય થાય તે પણ માર્ગાનુસારી કૃત્ય જ છે અને તેથી અનુમોદનીય છે.

**[ભાવી ફળના નિશ્ચયને પ્રવર્તક માનવામાં દોષ]**

અહીં આ રહસ્ય છે–સમ્યગ્દષ્ટિનું જે કૃત્ય ચારિત્રને અનુકૂલ હોય તે જ જેમ વસ્તુતઃ અનુમોદનીય છે તેમ માર્ગાનુસારીનું પણ તે જ કૃત્ય અનુમોદનીય છે જે સમ્ય-

अथवा सर्वमेव वीतरागवचनानुसारि यत्सुकृतम् । कालत्रयेऽपि त्रिविधमनुमोदे तकं सर्वम् ।।

१ अह दुक्कडगरहानलज्झामियकम्मिंधणो पुणो । सुकडाणुमोअणं तिव्वसुद्धपुलयंचियसरीरो ॥
२ चउतीसबुद्धअइसअअट्ठमहापाडिहेरधम्मक्हा । तित्थपवत्तणपमिई अणुमोएमि जिणिंदाणं ॥
३ सिद्धत्तमणंताणं वरदंसणनाणसुक्खविरिआइ । इगतीसं सिद्धगुणे अणुमन्ने सव्वसिद्धाणं ॥
४ पंचविहं आयारं देसकुलाई गुणे य छत्तीसं । सिस्सेसु अत्थभासणपमुहं सूरीण अणुमोए ॥
५ अंगाण उवंगाणं पइण्णसुअछेअमूलगंथाणं ॥ उवज्झायाणं अज्झावणाइ सव्वं समणुमन्ने ॥
६ समिईगुत्तीमहव्वयसंजमजइधम्मगुरुकुलणिवासं । उज्जुअविहारपमुहं अणुमोए समणसमणीणं ॥

કૃત્વને અનુકૂળ હોય. વળી 'જે કૃત્ય અલ્પકાળમાં ચારિત્રાદિરૂપ કે સમ્યક્ત્વાદિરૂપ સ્વ-ફળ લાવી આપતું દેખાય તે જ અનુમોદનીય બને છે' એવો નિયમ નથી, કિન્તુ 'જે કૃત્યની સાથે 'પાપનું તીવ્રભાવે અકરણ' વગેરે રૂપ અપુનર્બંધકપણાંના (એમ સમ્યક્ત્વાદિના) લક્ષણો જણાતા હોય તે સઘળું કૃત્ય અનુમોદનીય બને છે' (પછી ભલેને એ કૃત્ય પછીના નજીકના ભવિષ્યમાં સમ્યક્ત્વ (કે ચારિત્ર વગેરે રૂપ તેના ફળની પ્રાપ્તિ થવાની ન પણ હોય!) એવો નિયમ છે. માટે જે જીવમાં ભવાભિનંદી-દોષોના વિરોધી એવા અપુનર્બંધકપણાંના લક્ષણોનો નિશ્ચય થાય છે તેના માર્ગાનુસારી કૃત્યોની અનુમોદનાને કોઈ અટકાવી શકતું નથી. બાકી, માત્ર અનુમોદના માટે જ નહિ, સામાન્યથી કોઈપણ પ્રવૃત્તિ માટે જો અગ્રિમકાળભાવી ફળના જ્ઞાનને જ પ્રવર્ત્તક માનવાનું હોય (એટલે કે 'ભવિષ્યમાં જે ફળવિશેષ મળવાનું હોય તેનો પહેલેથી જ નિશ્ચય થાય તો જ પ્રવૃત્તિ થાય' એવું જો માનવાનું હોય) તો છદ્મસ્થની પ્રવૃત્તિ માત્રનો ઉચ્છેદ જ થઈ જશે, કેમકે સામાન્ય છદ્મસ્થોને ભાવીફળ વિશેષનો એ ફળ મળે નહિ ત્યાં સુધી (પૂર્વના પ્રવૃત્તિકાળમાં) નિશ્ચય થતો જ નથી. તેથી એ તો માત્ર ફળ લાવી આપનાર કારણોના સ્વરૂપ (લક્ષણ) ને જ જુએ છે. અને એ જોવા મળે તો પ્રવૃત્તિ કરવા માંડે છે. તેથી પ્રસ્તુત અનુમોદનાની બાબતમાં પણ એવું જ જાણવું. તેથી જ લક્ષણયુક્ત હોવાના કારણે શુદ્ધ એવા જિનમંદિર બંધાવવા વગેરે રૂપ કાર્યોને જ માર્ગાનુસારીકૃત્ય તરીકે કહ્યા છે, કેમકે તેઓ જ મોક્ષમાર્ગના કારણભૂત છે. એમાં સમ્યગ્દર્શનાદિ રૂપ ભાવઆજ્ઞા એ મોક્ષમાર્ગ છે અને અપુનર્બંધકના કૃત્ય રૂપ દ્રવ્યઆજ્ઞા એ તેનું કારણ છે. તેમાં ભાવઆજ્ઞા એ મોક્ષનું કારણ હોવાથી અનુમોદનીય છે જ્યારે દ્રવ્યાજ્ઞા એ મોક્ષના કારણનું કારણ હોવાથી અનુમોદનીય છે. તેથી માર્ગાનુસારી કૃત્યોને અનુમોદનીય માનવામાં કોઈ દોષ નથી. આ વાત **આરાધનાપતાકા**માં વ્યક્તપણે આ રીતે કહી જ છે કે–

१ अथ दुष्कृतगर्हानलध्मातकर्मेन्धनः पुनर्भणति । सुकृतानुमोदनं तीव्रशुद्धपुलकाञ्चितशरीरः ॥
२ चतुस्त्रिंशद्बुद्धातिशयाष्टमहाप्रातिहार्यधर्मकथाः । तीर्थप्रवर्तनप्रभृतीरनुमोदयामि जिनेन्द्राणाम् ॥
३ सिद्धत्वमनन्तानां वरदर्शनज्ञानसुखवीर्याणि । एकत्रिंशतं सिद्धगुणान् अनुमन्ये सर्वसिद्धानाम् ॥
४ पञ्चविधमाचारं देशकुलादीन्गुणांश्च षट्त्रिंशतम् । शिष्येष्वर्थभाषणप्रमुखं सूरीणामनुमोदे ॥
५ अङ्गानामुपाङ्गानां प्रकीर्णकश्रुतच्छेदमूलग्रन्थानाम् । उपाध्यायानामध्यापनादि सर्वं समनुमन्ये ॥
६ समितिगुप्तिमहाव्रतसंयमयतिधर्मगुरुकुलनिवासम् । उद्युक्तविहारप्रमुखमनुमोदे श्रमणश्रमणीनाम् ॥

१ सामाइअपोसहाइं अणुव्वयाइं जिणिंदविहिपूयं । एक्कारपडिमपमिई अणुमन्ने सड्ढसड्ढीणं ॥
२ जिणजम्माइसु ऊसवकरणं तह महरिसीणं पारणए । जिणसासणंमि भत्तीपमुहं देवाण अणुमन्ने ॥
३ तिरियाण देसविरइं पज्जंताराहणं च अणुमोए । सम्मद्दंसणलंभं अणुमन्ने नारयाणं पि ॥
४ सेसाण जीवाणं दाणरुइत्तं सहावविणिअत्तं । तहपयणुकसायत्तं परोवयारित्तं भव्वत्तं ।
५ दक्खिन्नदयालुत्तं पियभासित्ताइ विविहगुणनिवहं । सिवमग्गकारणं जं तं सव्वं अणुमयं मज्झ ॥

**पञ्चसूत्र्यामप्युक्तं**—अणुमोएमि सव्वेसिं अरिहंताणमणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं, सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरियं, सव्वेसिं सावगाणं मुक्खसाहणजोए, सव्वेसिं देवयाणं सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोए । होउ मे एसा अणुमोअणा ॥

**एतद्वृत्तिर्यथा**—अनुमोदेऽहमिति प्रक्रमः । सर्वेषामर्हतामनुष्ठानं धर्मकथादि, सर्वेषां सिद्धानां सिद्धभावमव्याबाधादिरूपं एवं सर्वेषामाचार्याणामाचारं ज्ञानाचारादिलक्षणं, एवं सर्वेषामुपाध्यायानां सूत्रप्रदानं सद्विधिवद् एवं सर्वेषां साधूनां साधुक्रियां सत्स्वाध्यायादिरूपां, एवं सर्वेषां श्रावकाणां मोक्षसाधनयोगान् वैयावृत्यादीन्, एवं सर्वेषां देवानामिन्द्रादीनां सर्वेषां जीवानां सामान्येनैव भवितुकामानामासन्नभव्यानां कल्याणाशयानां, एतेषां किं ? इत्याह-मार्गसाधनयोगान् सामान्येनैव कुशलव्यापारान्, अनुमोदे इति क्रियानुवृत्तिः । भवन्ति चैतेषामपि मार्गसाधनयोगाः, मिथ्यादृष्टीनामपि गुणस्थानकत्वाभ्युपगमादनभिग्रहे सति । प्रणिधिशुद्धिमाह-भवतु ममैषानुमोदनेत्यादि ॥

## [ સુકૃત અનુમોદના ]

"દુષ્કૃતગર્હારૂપ અગ્નિથી જેનું કર્મરૂપ ઇંધન બળી ગયું છે, જે તીવ્ર-શુદ્ધિવાળો તેમજ પુલકિત શરીરવાળો બન્યો છે એવો તે હવે સુકૃતની અનુમોદના કરે છે. શ્રી જિનેશ્વર ભગવંતોના ચોંત્રીસ અતિશય, જ્ઞાન, આઠ પ્રાતિહાર્યો, ધર્મદેશના, તીર્થપ્રવર્ત્તન વગેરે સુકૃતોને અનુમોદું છું. અનંતા સર્વસિદ્ધભગવંતોના શ્રેષ્ઠ દર્શન-જ્ઞાન-સુખ-વીર્યને તેમજ એકત્રીશ સિદ્ધગુણોને હું અનુમોદું છું. આચાર્યભગવંતોના જ્ઞાનાચારાદિ પાંચ આચાર, દેશ-કુલાદિ છત્રીશગુણો તેમજ શિષ્યોને અર્થવાચના આપવી વગેરે રૂપ સુકૃતોને અનુમોદું છું. ઉપાધ્યાયોના અંગ-ઉપાંગ-પ્રકીર્ણકશ્રુત-છેદગ્રંથ-મૂલગ્રંથ આ બધાના અધ્યાપનાદિ સર્વ સુકૃતને અનુમોદું છું. સાધુ-સાધ્વીજીઓના સમિતિ-ગુપ્તિ-મહાવ્રત-સંયમ-યતિધર્મ-ગુરુકુલવાસ-ઉદ્યતવિહાર વગેરે સુકૃતોને અનુમોદું છું. શ્રાવક શ્રાવિકાઓના સામાયિક-પૌષધ-અણુવ્રતો-વિધિયુક્ત જિનપૂજા-અગ્યાર પ્રતિમાવહન વગેરે સુકૃતોને અનુમોદું છું જિનજન્મકલ્યાણકાદિ વખતે તેમજ મહર્ષિઓના પારણા વખતે મહોત્સવ કરવો, જિનશાસનની ભક્તિ કરવી વગેરે રૂપ દેવોના સુકૃતોને અનુમોદું છું. તિર્યંચોની દેશવિરતિ-અંતકાલીન આરાધના વગેરેની તેમજ નારકોને થયેલ સમ્યક્ત્વપ્રાપ્તિની અનુમોદના કરું છું. શેષજીવોના પણ દાનરુચિ, સ્વાભાવિક વિનય, કષાયોની મંદતા, પરોપકારીપણું, દાક્ષિણ્ય, દયાળુતા, પ્રિયભાષિત્વ વગેરે વિવિધ ગુણોનો સમૂહ-ટૂંકમાં જે કાંઈ મોક્ષમાર્ગના કારણરૂપ હોય-તે બધું મને અનુમત છે, અર્થાત્ તે બધાની હું અનુમોદના કરું છું

---

१ सामायिकपौषधादि अणुव्रतानि जिनेन्द्रविधिपूजाम् । एकादशप्रतिमाप्रभृतीरनुमन्ये श्राद्धश्राद्धीनाम् ॥
२ जिनजन्मादिषूत्सवकरणं तथा महर्षीणां पारणके । जिनशासने भक्तिप्रमुखं देवानामनुमन्ये ॥
३ तिरश्चां देशविरतिं पर्यन्ताराधनं चानुमोदे । सम्यग्दर्शनलाभमनुमन्ये नारकाणामपि ॥
४ शेषाणां जीवानां दानरुचित्वं स्वभावविनीतत्वम् । तथा प्रतनुकषायत्वं परोपकारित्वं भव्यत्वम् ॥
५ दाक्षिण्यदयालुत्व प्रियभाषित्वादि विविधगुणनिवहम् । शिवमार्गकारणं यत्तत्सर्वमनुमतं मम ॥

अत्र हि सामान्येनैव कुशलव्यापाराणामनुमोद्यत्वमुक्तं, इति मिथ्यादृशामपि स्वाभाविकदानरुचित्वादिगुणसमूहो व्यक्त्याऽनुमोद्यो न तु तद्विशेषएवाश्रयणीयः । यत्तु "दानमपि परेषामधर्मपोषकत्वादधिकरणमिति दानरुचित्वादिगुणेष्वपि विशेषाश्रयणमावश्यकमित्यासन्नसम्यक्त्वसङ्गमनयसारादिसदृशसाधुदानादिनैव दानरुचित्वादिकं ग्राह्यमि"ति परस्याभिमतं तदसत्, भूमिकाभेदेन दानविधेरपि भेदात्, सम्यग्दृष्टिं प्रति प्रासुकैषणीयादिदानविधेरिवादिधार्मिकं प्रति 'पात्रे दीनादिवर्गे च" इत्यादेरपि दानविधेः प्रतिपादनात् । ततः सामान्येन कुशलव्यापारा आदिधार्मिकयोग्या एव ग्राह्या इति युक्तं पश्यामः ।

---

**પંચસૂત્ર**માં પણ કહ્યું છે કે-"હું અનુમોદના કરું છું એ અધિકાર છે. શેની શેની? નીચેની બાબતોની-સર્વ અરિહંત ભગવંતોના ધર્મદેશના વગેરે અનુષ્ઠાનો, સર્વસિદ્ધભગવંતોના અવ્યાબાધાદિ રૂપ સિદ્ધભાવ, એમ સર્વ આચાર્ય ભગવંતોના જ્ઞાનાચારાદિરૂપ આચાર, સર્વ ઉપાધ્યાય ભગવંતોનું વિધિયુક્ત સૂત્રપ્રદાન, સર્વ સાધુભગવંતોની સમ્યક્ સ્વાધ્યાયાદિરૂપ સાધુક્રિયા, સર્વ શ્રાવકોના વૈયાવૃત્યાદિ મોક્ષસાધનભૂતયોગો, ઇન્દ્રાદિ સર્વ દેવોના, સામાન્યથી સર્વ જીવોના પવિત્ર આશયવાળા આસન્નસિદ્ધિક જીવોના સામાન્ય રીતે કુશલ વ્યાપારરૂપ માર્ગસાધન યોગો...આ બધાને હું અનુમોદું છું. આ દેવ વગેરે જીવોમાં પણ માર્ગસાધનભૂત યોગો હોય છે, કેમ કે કદાગ્રહમુક્ત દશામાં (અનાભિગ્રહિક મિથ્યાત્વકાળમાં) તેઓમાં પણ ગુણસ્થાનક માનેલું છે. પોતાના પ્રણિધાનની શુદ્ધિને જણાવવા 'મને આ અનુમોદના...' ઇત્યાદિ કહ્યું છે."

**[સઘળાં કુશળ વ્યાપારો સામાન્યથી અનુમોદનીય]**

અહીં સામાન્યથી જ કુશળવ્યાપારોને અનુમોદનીય કહ્યા છે. તેથી મિથ્યાત્વીઓનો પણ સ્વાભાવિક દાનરુચિત્વ વગેરે ગુણોનો સમુહ પ્રકટ રીતે અનુમોદનીય છે જ. માટે 'સમ્યક્ત્વાભિમુખ મિથ્યાત્વીઓના જ દાનાદિ અનુમોદનીય છે, અન્ય મિથ્યાત્વીઓના નહિ' એવો ભેદ કરવો નહિ. પરનો જે અભિપ્રાય છે કે "અન્યમિથ્યાત્વીઓનું તો દાન પણ અધર્મનું પોષક હોઈ અધિકરણરૂપ બને છે. તેથી એ દાનાદિ અનુમોદનીય નથી. માટે 'જે કોઈ દાનાદિ ગુણો હોય તે બધા જ અનુમોદનીય હોય' એવો નિયમ નથી, કિન્તુ કેટલાક દાનાદિ અનુમોદનીય હોય છે અને કેટલાંક અનનુમોદનીય. દાનાદિ ગુણોમાં જેમ આવો વિભાગ કરવો પડે છે તેમ દાનરુચિત્વાદિ ગુણોમાં પણ અનુમોદનીય-અનનુમોદનીયનો વિભાગ પાડવો આવશ્યક બને જ છે. માટે સમ્યક્ત્વપ્રાપ્તિની નજીક રહેલા **સંગમ-નયસારાદિ** એ કરેલા દાન જેવા દાનથી જે દાનરુચિત્વાદિ ગુણો જણાય તેને જ અનુમોદનીય માનવા જોઈએ "આવો જે પરાભિપ્રાય છે તેને ખોટો જાણવો, કેમ કે ભૂમિકાભેદના કારણે દાનવિધિમાં પણ ભેદ હોય છે. સમ્યક્ત્વીને ઉદ્દેશીને પ્રાસુક-એષણીય આહારાદિની દાનવિધિ કહી છે જ્યારે આદિધાર્મિકને ઉદ્દેશીને 'પાત્ર, દીનાદિવર્ગ' વગેરેને આપવા રૂપ દાનવિધિ જે કહી છે તેના પરથી ઉક્તવાત ફલિત થાય છે. તેથી સમ્યક્ત્વાભિમુખ જીવની દાનવિધિ કરતાં વિલક્ષણ એવી આદિધાર્મિક જીવની દાનવિધિથી પણ જે દાનરુચિત્વાદિ ગુણો જણાય છે તેને અનુમોદનીય માનવા જોઈએ. માટે તમે કહ્યા તેવા વિભાગ વગર સામાન્યથી જ આદિધાર્મિક જીવ યોગ્ય સકલ કુશલ અનુષ્ઠાનોને અનુમોદનીય માનવા જોઈએ એવું અમને યોગ્ય લાગે છે.

एतेन १ पुण्यप्रकृतिहेतोरेवानुमोद्यत्वे क्षुत्तृट्सहन–रज्जूग्रहण–विषभक्षणादीनामप्यनुमोद्यत्वापत्तिः । २ पुण्यप्रकृत्युदयप्राप्तस्यैव धर्मस्यानुमोद्यत्वे च चक्रवर्तिनः स्त्रीरत्नोपभोगादेरप्यनुमोद्यत्वापत्तिः । ३सम्यक्त्वनिमित्तमात्रस्य चानुमोद्यत्वेऽकामनिर्जराव्यसनादेरप्यनुमोद्यत्वापत्तिः,

* अणुकंपऽकामणिज्जरबालतवो दाणविणयविब्भंगे । संजोगविप्पओगे वसणूसवइड्ढिसक्कारे ॥

[आ०नि०८४५] इत्यादिनाऽनुकंपादीनामपि सम्यक्त्वप्राप्तिनिमित्तत्वप्रतिपादनात् । ४ धर्मबुद्ध्या क्रियमाणस्यैवानुष्ठानस्यानुमोद्यत्वे चाभिग्रहिकमिथ्यादृशा धर्मबुद्ध्या क्रियमाणस्य जैनधर्मत्यजनत्याजनादेरप्यनुमोद्यत्वापत्तिः, इति सम्यक्त्वाभिमुखस्यैव मार्गानुसारिकृत्यं साधुदानधर्मश्रवणाद्यनुमोद्यं, न त्वन्यमार्गस्थस्य क्षमादिकमपि" इति परस्य कल्पनाजालमपास्तं, सामान्येनैवकुशलव्यापाराणामादिधार्मिकयोग्यानामनुमोद्यत्वप्रतिपादनात् असत्कल्पनाऽनवकाशात् । तीव्रप्रमादादिशबलस्य सम्यक्त्वस्येव तीव्राभिनिवेशदुष्टस्य मोक्षाशयादेरप्यननुमोद्यत्वेऽपि जात्या तदनुमोद्यत्वाऽनपायादिति फलतः स्वरूपतश्चानुमोद्यत्वविशेषव्यवस्थायां न काप्यनुपपत्तिरिति ।

[ અનુમોદનીય શું ? પૂર્વપક્ષકૃત વિકલ્પો ]

**પૂર્વપક્ષ :–** (૧) પુણ્યપ્રકૃતિ બંધના હેતુભૂત જે હોય તેને અનુમોદનીય માનવામાં ભૂખ–તરસ સહન કરવી, ગળે ફાંસો ખાવો, ઝેર પી જવું વગેરેને પણ અનુમોદનીય માનવાની આપત્તિ આવશે. (૨) પુણ્ય પ્રકૃતિના ઉદયથી પ્રાપ્ત થયેલી ચીજને અનુમોદનીય માનવામાં ચક્રવર્તી જે સ્ત્રીરત્નાદિને ભોગવે છે તેને અનુમોદનીય માનવાની આપત્તિ ઊભી થશે. (૩) સમ્યક્ત્વની પ્રાપ્તિના જે કોઈ નિમિત્ત હોય તે બધાને અનુમોદનીય માનવામાં અકામનિર્જરા–સંકટ વગેરે પણ અનુમોદનીય બની જાય, કેમ કે આવશ્યક નિર્યુક્તિ (૮૪૫)માં અનુકંપા–વગેરેનું પણ સમ્યક્ત્વની પ્રાપ્તિના નિમિત્ત તરીકે પ્રતિપાદન કર્યું છે. તે આ પ્રમાણે–અનુકંપા અકામ નિર્જરા–બાળતપ–દાન–વિનય–વિભંગ–સંયોગ–વિપ્રયોગ–વ્યસન–ઉત્સવ–ઋદ્ધિસત્કાર (આ બધા સમ્યક્ત્વ પ્રાપ્તિના નિમિત્ત કારણો છે.) ૪ ધર્મબુદ્ધિથી ( આ હું ધર્મ કરી રહ્યો છું એવા અભિપ્રાયથી) કરાતું અનુષ્ઠાન અનુમોદનીય છે એવું જો માનીએ તો આભિગ્રહિક મિથ્યાત્વીઓ ધર્મબુદ્ધિથી જૈનધર્મને છોડવા–છોડાવવાની જે પ્રવૃત્તિઓ કરે છે તે પણ અનુમોદનીય બની જવાની આપત્તિ આવે. તેથી નક્કી થાય છે કે સમ્યક્ત્વાભિમુખ જીવના જ સાધુદાન–ધર્મશ્રવણ વગેરે માર્ગાનુસારી કૃત્યો અનુમોદનીય છે નહિ કે અન્ય માર્ગમાં રહેલા જીવના ક્ષમા વગેરે પણ....

[ અનુમોદનીયના બે વિભાગ : સ્વરૂપત: અને ફળત:—ઉ. ]

**ઉત્તરપક્ષ :–**આવા પૂર્વપક્ષનું ઉપર કહી ગયેલા વચનોથી જ નિરાકરણ થઈ ગયેલું જાણવું, કેમ કે આરાધનાપતાકા–પંચસૂત્ર વગેરેમાં આદિધાર્મિક યોગ્ય કુશળ વ્યાપારોને સામાન્ય રીતે ( સમ્યક્ત્વાભિમુખત્વ વગેરે વિશેષણ વિના) જ અનુમોદનીય કહ્યા હોવાથી આવી બધી કુકલ્પનાઓ દોડાવવાને કોઈ અવકાશ જ રહેતો નથી. તીવ્ર પ્રમાદ વગેરેથી કલંકિત થયેલા સમ્યક્ત્વની જેમ તીવ્ર અભિનિવેશથી દુષ્ટ થયેલ

*अनुकंपाऽकामनिर्जराबालतपोदानविनयविभङ्गम् । संयोगविप्रयोगौ व्यसनोत्सवर्द्धिसत्कारम् ॥

यस्त्वाह्–सम्यग्दृष्टय एव क्रियावादिनः शुक्लपाक्षिकाश्च, न तु मिथ्यादृष्टय इति तेषां कृत्यं किमपि नानुमोद्यमिति–तेन न सुष्ठु दृष्टं, धर्मरुचिशालिनां सम्यग्दृशां मिथ्यादृशां चाविशेषेण क्रियावादित्वस्य शुक्लपाक्षिकत्वस्य च प्रतिपादनात्। तदुक्तं दशाश्रुतस्कन्धचूर्णौ [1]जो अकिरियावाई सो भविओ अभविओ वा, णियमा कण्हपक्खिओ। किरियावादी णियमा भविओ णियमा सुक्कपक्खिओ अन्तो पुग्गलपरिअट्टस्स णियमा सिज्झिहिति, सम्मदिट्ठी वा मिच्छदिट्ठि वा हुज्जत्ति ॥ एतत्संमतिपूर्वमुपदेशरत्नाकरेऽप्येवमुक्तं तथाहि (१ तट ३ अंश ४ तरंग)

केचित्संसारवासिनो जीवा देवादिगतौ च्यवनादिदुःखभग्ना मोक्षसौख्यमनुपमं ज्ञात्वा तदर्थं जातस्पृहाः कर्मपरिणतिवशादेव मनुष्यगतिं प्रापुः। तत्र चैकः प्रथमः कुगुरूपदिष्टशास्त्रार्थभावितत्तयाऽभिगृहीतमिथ्यात्वी दिग्मोहसमतत्त्वव्यामोहवान् पूर्वोक्तमिथ्याक्रियासु मनोवाक्कायधनादिबलवत्तया भृशमुद्युक्तो विष्णुपुराणोक्तशतधनुनृपादिदृष्टान्तेभ्यो वेदपुराणयुक्तिभ्यश्च सञ्जातजिनधर्मद्वेषात्सज्ज्ञानक्रियागर्वाच्च यक्षतुल्यं सम्यग्गुरुं तदुपदेशांश्च दूरतः परिहारादिनाऽवगणय्य सर्वेभ्यः प्रागेवेष्टपुरसमं मोक्षं गन्तुं समुत्थितो निजज्ञानक्रियागर्वादिनाऽन्यदर्शने संसर्गालापत्रायश्चित्तभिया मार्गमिलितसम्यक्पथिकतुल्यान् जैनमुनिश्राद्धादीन् सुमार्गमपृच्छन् यथा यथा प्रत्यपादत्वरितगतिसमा अनन्तजीवपिण्डात्मकमूलकसेवालादिभोजनाग्निहोत्रादिका मिथ्यात्वक्रियाः प्रबलाः कुरुते तथा तथा तज्जनितमहारंभजीवघातादिपापकर्मवशादश्वग्रीवनृपतिपुरोहितादिवद् गाढ–गाढतर–गाढतमदुःखमयकुमानुष्यतिर्यग्नरकादिकुगतिपतितो दुर्लभबोधितयाऽनन्तभवारण्ये चतुरशीतिलक्षजीवयोनिषु भ्राम्यन् शिवपुराद् भृशं दूरवर्त्त्येव जायते,

મોક્ષાશય વિગેરે વિશેષ પ્રકારે અનુમોદનીય ન હોવા છતાં જાતિથી અનુમોદનીય હોવા કંઈ મટી જતા નથી. તેથી અનુમોદનીય ચીજોના ફળતઃ અનુમોદનીય અને સ્વરૂપતઃ અનુમોદનીય એમ વિભાગ કરી દેવાથી પછી કોઈ અસંગતિ રહેતી નથી.

**[ક્રિયાવાદી નિયમા ભવ્ય, શુકૂલપાક્ષિક અને ન્યૂનપુદ્ગલાવર્ત્તસંસારી જ હોય–દશા. ચૂર્ણિમત]**

"સમ્યગ્દૃષ્ટિ જીવો જ ક્રિયાવાદી અને શુકલપાક્ષિક હોય છે, મિથ્યાત્વીઓ નહિ. તેથી તેઓનું કોઈપણ કૃત્ય અનુમોદનીય હોતું નથી." આવું જેણે કહ્યું છે તેણે શાસ્ત્રોને બરાબર જોયા નથી. કારણ શાસ્ત્રોમાં ધર્મની રુચિવાળા સમ્યક્ત્વીઓને અને મિથ્યાત્વીઓને બંનેને સામાન રીતે ક્રિયાવાદી અને શુકલપાક્ષિક કહ્યા છે, જેમ કે **શ્રી દશાશ્રુત સ્કંધની ચૂર્ણિમાં** કહ્યું છે કે "જે અક્રિયાવાદી હોય તે ભવ્ય હોય કે અભવ્ય, પણ નિયમા કૃષ્ણપાક્ષિક હોય છે, જે ક્રિયાવાદી હોય તે નિયમા ભવ્ય હોય છે, નિયમા શુકલપાક્ષિક હોય છે. તેમજ સમ્યક્ત્વી હોય કે મિથ્યાત્વી હોય તો પણ નિયમા પુદ્ગલપરાવર્તની અંદર સિદ્ધ થાય છે." **આની જ સાક્ષી પૂર્વક ઉપદેશ રત્નાકર (૧–૩–૪)માં પણ આવું જ કહ્યું છે. તે આ રીતે—**

"કેટલાક સંસારી જીવો દેવાદિગતિમાં પડનાં ચ્યવનાદિના દુઃખથી ઉદ્વિગ્ન થઇ મોક્ષ સુખને અનુપમ માની તેની સ્પૃહાવાળા થયા છે. અને કર્મપરિણતિ વશાત્ જ મનુષ્ય ગતિને પામ્યા. તેઓમાંનો એક પહેલો જીવ કુગુરુઓએ ઉપદેશેલ શાસ્ત્રાર્થથી ભાવિત મતિવાળો થયો હોવાના કારણે અભિગૃહીત મિથ્યાત્વી, દિગ્મોહ જેવા ભયંકર તત્ત્વ વ્યામોહવાળો અને મન–વચન–કાયા–ધન વગેરેનું જોર વધ્યું હોવાથી

१. योऽक्रियावादी स भव्योऽभव्यो वा, नियमात्कृष्णपाक्षिकः। क्रियावादी नियमाद् भव्यो नियमाच्छुक्लपाक्षिकः, अन्तःपुद्गलपरावर्तस्य नियमात्सेत्स्यति, सम्यग्दृष्टिर्वा मिथ्यादृष्टिर्वा भवेदिति ॥

पुनरनन्तेन कालेन तत्रागामुकत्वात्। "किरियावाई णियमा भविओ णियमा सुक्कपक्खिओ अन्तो पुग्गलपरिअट्टस्स णियमा सिज्झिहिति सम्मदिट्ठी वा मिच्छादिट्ठी वा हुज्जा।" इति दशाश्रुतस्कन्धचूर्ण्युपासकप्रतिमाधिकारादिवचनात् क्रियारुचित्वेनावश्यं शिवगामितया यथाप्रवृत्तकरणादुत्तीर्णोऽपूर्वककरणसूर्योदये स्वं भ्रान्तं मन्यमानोऽकामनिर्जरायोगादिना कथञ्चिन्मनुजभवं प्राप्य कर्मक्षयोपशमवशाज्जाततत्त्वान्वेषणश्रद्धो मिश्रादिगुणस्थानकयोगाद्गततदिग्मोहसममिथ्यात्वे[ना]ऽतत्त्वव्यामोहः कथमपि यक्षसमसद्गुरुं प्राप्य तदुपदेशबहुमानादवगतं ज्ञानादिमोक्षमार्गं तदनुगतसम्यगनुष्ठानादिना भजमान उत्कर्षतः पुद्गलपरावर्त्तमध्ये परेभ्यः पञ्चभ्योऽपि मित्रेभ्यः पश्चादनन्तेन कालेन स्वेष्टपुरसमं मोक्षमवाप्नोतीति।"

**ननु यद्यप्येवं दशाश्रुतस्कन्धचूर्ण्यनुसारेण क्रियावादिनः सम्यग्दृष्टिमिथ्यादृष्ट्यन्यतरत्वमुत्कर्षतोऽन्तःपुद्गलपरावर्त्तमानसंसारत्वेतं शुक्लपाक्षिकत्वं च नियमतो लभ्यते, अक्रियावादिनश्च नियमान्मिथ्यादृष्टित्वं कृष्णपाक्षिकत्वं च, तथापि नात्र निश्चयः कर्त्तुं पार्यते, अन्य-**

---

પૂર્વોક્તમિથ્યાક્રિયાઓમાં અત્યંત ઉદ્યમશીલ બને છે. તેમજ **વિષ્ણુપુરાણાદિમાં** કહેલ **શતધનુરાજા** વગેરેના દૃષ્ટાન્તો પરથી તેમજ **વેદપુરાણાદિના** વચનો પરથી જૈનધર્મ પરના થયેલ દ્વેષના કારણે તેમજ પોતાના જ્ઞાન અને ક્રિયાના ગર્વના કારણે યક્ષ તુલ્ય સમ્યગ્ગુરુ અને તેના ઉપદેશોને દૂરથી જ ત્યાગવા વગેરે રૂપ અવગણના કરીને બધાં કરતાં પહેલાં જ ઇષ્ટસ્થાનરૂપ મોક્ષે જવા ઉદ્યત થાય છે. પોતાના જ્ઞાન-ક્રિયા વગેરેના ગર્વ આદિના કારણે 'અન્ય ધર્મવાળાઓ સાથે સંસર્ગ આલાપ કરીશ તો મારે પ્રાયશ્ચિત્ત કરવું પડશે' એવા ભયના કારણે માર્ગમાં મળેલા સારા મુસાફરો જેવા જૈનસાધુ શ્રાવકોને સન્માર્ગ પૂછતો નથી. જેમ જેમ ઝડપી પગ ઉપાડવા સમાન, અનંત જીવોના પિંડરૂપ કંદમૂળ-સેવાલાદિનું ભોજન તેમજ અગ્નિહોત્રાદિ મિથ્યાક્રિયાઓ પ્રબળપણે કરે છે તેમ તેમ તેનાથી થયેલ મહાઆરંભ-જીવઘાતાદિ પાપકર્મવશાત્ **અંધશ્રીવનૃપતિપુરોહિત** વગેરેની જેમ ગાઢ-બહુ ગાઢ અને અત્યંત ગાઢ દુઃખમય કુમાનુષ્ય તિર્યંચગતિ નરકાદિ દુર્ગતિમાં પડે છે. દુર્લભબોધિ હોવાના કારણે અનંતભવમય જંગલરૂપ ચોર્યાશી લાખ જીવયોનિઓમાં ભમતો તે મોક્ષનગરીથી બહુ દૂર જ થાય છે, કેમ કે અનંતકાલ સુધી હવે ત્યાં પહોંચવાનો નથી. "ક્રિયાવાદી નિયમા ભવ્ય અને શુક્લપાક્ષિક હોય છે. તે સમ્યક્ત્વી હોય કે મિથ્યાત્વી પણ પુદ્ગલપરાવર્ત્ત કાળની અંદર અવશ્ય સિદ્ધ થશે." ઇત્યાદિ **દશાશ્રુતસ્કંધચૂર્ણિ ઉપાસકપ્રતિમાધિકાર** વગેરેના વચનથી જણાય છે કે તે ક્રિયારુચિવાળો હોવાના કારણે અવશ્ય મોક્ષે જવાનો છે. તેથી યથાપ્રવૃત્ત કરણને પસાર કરી અપૂર્વકરણરૂપ સૂર્યોદયે પોતાને ભ્રમિત થયેલો માનતો તે અકામનિર્જરા વગેરે થવાના કારણે ગમે તે રીતે માનવભવ પામી કર્મક્ષયોપશમવશાત્ તત્ત્વ ખોળવાની શ્રદ્ધાવાળો થઈ મિશ્ર વગેરે ગુણસ્થાનકની પ્રાપ્તિ થવાથી મિથ્યાત્વહેતુક અને દિગ્મોહસમાન એવા તત્ત્વવ્યામોહથી મુક્ત બને છે. પછી ગમે તે રીતે યક્ષસમાન સદ્ગુરુને પામીને તેમના ઉપદેશ બહુમાનાદિથી જ્ઞાનાદિરૂપ મોક્ષમાર્ગને જાણે છે તેમજ તેને અનુકૂલ સમ્યગ્ અનુષ્ઠાનાદિથી તેને આરાધે છે. આમ આરાધતો તે ક્રિયાવાદી બન્યા પછી પુદ્ગલપરાવર્ત કાળની અંદર પોતાના બીજા પાંચ મિત્રો કરતાં અનંતકાળ મોડો પોતાના ઇષ્ટનગર સમાન મોક્ષને મેળવે છે."

**[ ક્રિયાવાદીનું શુક્લપાક્ષિકપણું ભજનાએ-શ્રા.પ્ર. નો ફલિતાર્થ ]**

**શંકા**—જો કે **દશાશ્રુતસ્કંધચૂર્ણિને** અનુસરીને તો આ રીતે નીચેની વાતો જણાય છે કે (૧) ક્રિયાવાદીજીવો સમ્યક્ત્વી કે મિથ્યાત્વી બંને હોવા સંભવે છે. (૨) ઉત્કૃષ્ટથી ન્યૂન પુદ્ગલપરાવર્ત્ત સંસારવાળા હોય છે તેમજ (૩) અવશ્ય શુક્લપાક્ષિક હોય છે. અને (૪) અક્રિયાવાદી જીવો નિયમા મિથ્યાત્વી તેમજ કૃષ્ણપાક્ષિક હોય છે. તેમ છતાં આ બાબતનો નિર્ણય કરી શકાતો નથી, કેમ કે બીજા શાસ્ત્રોમાં દેશોન

**त्रापार्द्धपुद्गलपरावर्त्ताधिकसंसारस्यैव कृष्णपाक्षिकत्वप्रतिपादनात्। तदुक्तं–[श्रा. प्र.]**
जेसिमवड्ढो पुग्गलपरिअट्टो सेसओ उ संसारो। ते सुक्कपक्खिआ खलु अहिए पुण कण्हपक्खिआ॥

"येषामपार्द्धपुद्गलपरावर्त्त एव शेषः संसारस्तत ऊर्ध्वं सेत्स्यन्ते, ते शुक्लपाक्षिकाः क्षीणप्रायसंसाराः। खलुशब्दो विशेषणार्थः, प्राप्तदर्शना अप्राप्तदर्शना वा सन्तीति विशेषयति। अधिके पुनरपार्द्धपुद्गलपरावर्त्तात्संसारे कृष्णपाक्षिकाः क्रूरकर्माण इत्यर्थः।" इत्यादि श्रावकप्रज्ञप्ति वृत्तौ। योगबिन्दुवृत्तावप्युक्तं, "तत्रापि शुक्लपाक्षिको पार्द्धपुद्गलपरावर्त्तान्तर्गतसंसारः। यत उक्तं 'जेसिमवड्ढो पुग्गल.' इत्यादि"।

**ततो हि क्रियावादिनः शुक्लपाक्षिकत्वं भजनीयमेव लभ्यते। अक्रियावादिनोपि नियमतः कृष्णपाक्षिकत्वमिति विघटते एव, अपार्द्धपुद्गलपरावर्त्ताभ्यन्तरीभूतसंसाराणामप्यक्रियावादिनां संभवात् तस्यापि कृष्णपाक्षिकत्वभजनाया एव संभवात्। नास्तिकत्वपक्षो ह्यक्रियावादः,** 'अत्थि त्ति किरियावाई वयन्ति णत्थित्ति अकिरियवाई'**त्तिवचनात्। स च कर्मवैचित्र्यवशादल्पतरभवानामपि प्रदेश्यादिवद् भवतीति। अत एव भगवत्यां** सुक्कपक्खिआ जह सलेस्स' **त्ति सलेश्यातिदेशेन शुक्लपाक्षिकस्याप्यक्रियावादसंभव उपदर्शितः। तथा च सलेश्याधिकार-प्रश्ननिर्वचनसूत्रं–**
'सलेस्साणं भंते जीवा किं किरियावादी? पुच्छा। गोयमा! किरियावादीवि जाव वेणइअवादीवि" **त्ति।**

---

**અર્ધ પુદ્ગલપરાવર્ત્ત કરતાં અધિક સંસાર જેઓનો શેષ હોય તેવા જ જીવોને કૃષ્ણ-પાક્ષિક કહ્યા છે. જેમ કે શ્રાવકપ્રજ્ઞપ્તિ વૃત્તિમાં કહ્યું છે કે** "જેઓનો વધુમાં વધુ દેશોને અર્ધ પુદ્ગલપરાવર્ત્ત સંસાર જ શેષ છે–તે પછી સિદ્ધ થવાના છે તેઓ શુકલપાક્ષિક છે, જ્યારે એના કરતાં અધિક સંસારવાળા જીવો કૃષ્ણપાક્ષિક છે. શુકલપાક્ષિક એટલે ક્ષીણપ્રાય સંસારવાળા 'ખલુ' શબ્દ વિશેષતાને સૂચવે છે. તે વિશેષતા એ કે આ જીવો સમ્યક્ત્વ પામેલા હોય કે ન પણ હોય. કૃષ્ણપાક્ષિક એટલે ક્રુરકર્મ કરનારા." **યોગબિન્દુવૃત્તિમાં પણ કહ્યું છે કે,** 'તેમાં પણ શુકલપાક્ષિક એટલે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત કરતાં ઓછા સંસારવાળો, કેમકે શાસ્ત્રમાં 'જે શિમવડ્ઢો......' ઇત્યાદિ કહ્યું છે." **આ ગ્રન્થવચનો પરથી જણાય છે કે 'ક્રિયાવાદી શુકલપાક્ષિક જ હોય' એવો નિયમ નથી, પણ ભજના જ છે, કારણ કે દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં વધુ અને એકપુદ્ગલ પરાવર્ત્ત કરતાં ઓછા સંસારવાળા જીવો ક્રિયાવાદી છે પણ શુકલપાક્ષિક નથી. એમ 'અક્રિયાવાદી કૃષ્ણપાક્ષિક જ હોય' એવો નિયમ પણ રહેતો નથી, કારણ કે દેશોનઅર્ધ પુદ્ગલપરાવર્ત કરતાં અલ્પ સંસારવાળા પણ કેટલાક જીવો અક્રિયાવાદી હોય છે. જેઓ કૃષ્ણપાક્ષિક તો હોતા નથી. (કારણ કે દેશોનઅર્ધપુદ્ગલ કરતાં વધુ સંસાર-વાળાને જ કૃષ્ણપાક્ષિક કહ્યા છે.) આવા અલ્પસંસારી જીવો પણ અક્રિયાવાદી હોય છે તે નીચેની વાત પરથી જણાય છે.** "ક્રિયાવાદીઓ 'અસ્તિ' એમ બોલે છે. જ્યારે અક્રિયાવાદીઓ 'નાસ્તિ' એમ બોલે છે–"**–ઇત્યાદિ વચન નાસ્તિકત્વ પક્ષને જ અક્રિયાવાદ તરીકે જણાવે છે, જે, કર્મની વિચિત્રતાના કારણે** અલ્પતર ભવવાળા **જીવોને પણ પ્રદેશીરાજા** વગેરેની **જેમ હોય છે.**

---

१ अस्तीति क्रियावादिनो वदन्ति, नास्तीति अक्रियावादिनः।

१ शुक्लपाक्षिका यथा सलेश्याः। २. सलेश्या भगवन्! जीवाः किं क्रियावादिनः? प्रश्न, गौतम! क्रियावादिनोपि यावत् वैनयिकवाद्यपि। ३. मिथ्यादृष्टिर्यथा कृष्णपाक्षिकाः। ४. कृष्णपाक्षिकाः भगवन्! जीवाः किं क्रियावादिनः? प्रश्न, गौतम! नो क्रियावादिनः, **अक्रियावादिनोपि अज्ञानिकवादिनोऽपि वैनयिकवादिनो पीति।**

तत इमामनुपपत्तिं दृष्ट्वा भगवत्यर्थ एव मनो देयम् । भगवत्यां हि सम्यग्दृष्टय एव क्रियावादिनः प्रतिपादिताः, "मिच्छद्दिट्ठी जहा कण्हपक्खिया" इत्यतिदेशात्, "कण्हपक्खियाणं भंते जीवा किं किरियावादी ? पुच्छा । गोयमा ! णो किरियावादी, अकिरियावादीवि अन्नाणियवादीवि वेणइअवादीवि त्ति वचनात्कृष्णपाक्षिकाणां च क्रियावादित्वप्रतिषेधादिति । युक्तं चैतत्, सूत्रकृताङ्गेऽपि समवसरणाध्ययननिर्युक्तावित्थं प्रतिपादितत्वात् । तथा च तत्पाठः —[१२१]—

*सम्मदिट्ठी किरियावादी मिच्छा य सेसगावादी । जहिऊण मिच्छवायं सेवह वायं इमं सच्चं ॥ इति चेत् ?

नैवम्, एकशास्त्रावलंबनेनापरशास्त्रदूषणस्य महाशातनारूपत्वादुभयशास्त्रसमाधानस्यैव न्याय्यत्वात् । तत्र भगवत्यां सूत्रकृतनिर्युक्तौ च क्रियावादिविशेषस्यैव ग्रहणाद्, दशाश्रुतस्कन्धचूर्णौ च क्रियावादिसामान्यस्य ग्रहणान्न ग्रन्थविरोधः । तदुक्तं भगवतीवृत्तौ–"एते च सर्वेऽप्यन्यत्र यद्यपि मिथ्यादृष्टय एवोक्तास्तथापीह क्रियावादिनः सम्यग्दृष्टयो ग्राह्याः सम्यगस्तित्ववादिनामेव तेषां समाश्रयणात्" इति ।

## [ ભગવતી સૂત્રનો અભિપ્રાય ]

તેથી જ ભગવતીસૂત્રમાં શુકલપાક્ષિક જીવોને અક્રિયાવાદનો પણ સંભવ કહ્યો છે. તે આ રીતે–'सुक्कपक्खिया जहा सलेस्सत्ति' ઇત્યાદિમાં શુકલપાક્ષિક જીવોમાટે સલેશ્ય જીવોનો અતિદેશ કર્યો છે, અર્થાત્ સલેશ્યજીવોની જેમ જાણી લેવું એવું સૂચન કર્યું છે. તેમજ સલેશ્યજીવના અધિકારમાં આવા પ્રશ્ન-ઉત્તરને જણાવતું સૂત્ર કહ્યું છે. "હે ભગવન્ સલેશ્યજીવો શું ક્રિયાવાદી હોય છે? પૃચ્છા, ગૌતમ ! ક્રિયાવાદી પણ હોય છે. અક્રિયાવાદી પણ હોય છે...યાવત્ વૈનયિકવાદી પણ હોય છે." આમ દશાશ્રુતસ્કંધચૂર્ણિમા વચન પરથી ક્રિયાવાદીઓ શુકલપાક્ષિક હોવાનો અને અક્રિયવાદીઓ કૃષ્ણપાક્ષિક હોવાનો નિયમ જણાય છે જ્યારે શ્રાવકપ્રજ્ઞપ્તિ વગેરેના વચન પરથી એ વાતો ભજનાએ હોવી સિદ્ધ થાય છે. આ ગ્રન્થોની વાતોમાંથી આવી અસંગતિ ઊભી થતી હોઈ તે બધીને બાજુ પર મૂકી દઈ ભગવતીસૂત્રમાં અન્યત્ર જે અર્થ કહ્યો છે તેના પર જ મન સ્થિર કરવું યોગ્ય છે, ભગવતીસૂત્રમાં સમ્યગ્દૃષ્ટિજીવોને જ ક્રિયાવાદી કહ્યા છે, તે આ રીતે-મિથ્યાત્વીઓ માટે કૃષ્ણપાક્ષિક જીવોનો અતિદેશ કર્યો છે. અને કૃષ્ણપાક્ષિક જીવોના અધિકારના સૂત્રમાં જણાવ્યું છે કે "હે ભગવન્ કૃષ્ણપાક્ષિક જીવો શું ક્રિયાવાદી છે? ગૌતમ! અજ્ઞાનવાદી છે. ક્રિયાવાદી નથી. અક્રિયાવાદી છે, વૈનયિકવાદી પણ છે." આમાં કૃષ્ણપાક્ષિકોના ક્રિયાવાદિત્વનો કરેલો નિષેધ એ તેના અતિદેશવાળા એવા મિથ્યાત્વીઓમાં પણ લાગુ પડે છે. તેથી 'માત્ર સમ્યક્ત્વીઓ જ ક્રિયાવાદી હોય' એવું ફલિત થાય છે. આ વાત યોગ્ય પણ છે, કેમ કે સૂત્રકૃતાંગમાં સમવસરણ અધ્યયન નિર્યુક્તિ (૧૨૧)માં પણ આવું પ્રતિપાદન કર્યું છે. તે આ રીતે– ક્રિયાવાદી જીવો સમ્યગ્દૃષ્ટિ હોય છે. શેષવાદીજીવો મિથ્યા હોય છે. તેથી મિથ્યાવાદને છોડીને હે ભવ્યો ! આ સત્યવાદને સેવો." આમ ભગવતીજીના આ વચનો પરથી સમ્યક્ત્વીજીવો જ ક્રિયાવાદી અને શુકલપાક્ષિક હોવા સિદ્ધ થાય છે. માટે મિથ્યાત્વીઓનું કોઈપણ અનુષ્ઠાન અનુમોદનીય હોવું સિદ્ધ થતું નથી.

* सम्यग्दृष्टयः क्रियावादिनो मिथ्याश्च शेषका वादिनः । हित्वा मिथ्यावादं सेवध्वं वादमिमं सत्यम् ॥

सूत्रकृतवृत्तावप्युक्तं-" ननु च क्रियावाद्यपर्यालयुत्तरशतभेदोऽपि तत्र तत्र प्रदेशे कालादीनभ्युपगच्छन्नेव मिथ्यावादित्वेनोपन्यस्तस्तत्कथमिह सम्यग्दृष्टित्वेनोच्यते ? उच्यते-स तत्र 'अस्त्येव जीवः' इत्येवं सावधारणतयाऽभ्युपगमं कुर्वन्, 'तथा काल एवैकः सर्वस्यास्य जगतः कारणं', तथास्वभाव एव, नियतिरेव, पूर्वकृतमेव, पुरुषकार एव इत्येवमपरनिरपेक्षतयैकान्तेन कालादीनां कारणत्वेनाश्रयणान्मिथ्यात्वम् । तथाहि-'अस्त्येव जीवः' इत्येवमस्तिना सह जीवस्य सामानाधिकरण्याद् 'यद्यदस्ति तत्तज्जीवः' इति प्राप्तम् । अतो निरवधारणपक्षसमाश्रयणादिह सम्यक्त्वमभिहितम् । तथा कालादीनामपि समुदितानां परस्परसव्यपेक्षाणां कारणत्वेनेहाश्रयणात्सम्यक्त्वमिति । ननु च कथं कालादीनां प्रत्येकं निरपेक्षाणां मिथ्यात्वस्वभावत्वे सति समुदितानां सम्यक्त्वसद्भावः ? न हि यत्प्रत्येकं नास्ति तत्समुदाये भवितुमर्हति, सिकतातैलवत् । नैतदस्ति, प्रत्येकं पद्मरागादिमणिष्वविद्यमानापि रत्नावली समुदाये भवन्ती दृष्टा, न च दृष्टेऽनुपपन्नं नामेति यत्किञ्चिदेतदित्यादि ॥"

## [ ઉભયશાસ્ત્રનો સમન્વય કરવો એ જ ન્યાયપૂર્ણ-ઉ. ]

**સમાધાન** — આવી શંકા કરવી યોગ્ય નથી, કેમકે એક શાસ્ત્રનો આધાર લઈ ને બીજા શાસ્ત્રોને દૂષણ આપવા-અપ્રમાણ કરી દેવા એ મોટી આશાતના રૂપ છે. તેથી ઉભયશાસ્ત્રનો સમન્વય કરવો એ જ યોગ્ય છે. તે સમન્વય આ રીતે-**દશાશ્રુતસ્કંધમાં** સામાન્યતઃ કોઈપણ ક્રિયાવાદીની પ્રરૂપણા છે જ્યારે **ભગવતીસૂત્ર** અને **સૂત્રકૃતાંગ-નિર્યુક્તિમાં** અમુક ચોક્કસ ક્રિયાવાદીઓની જ વાત છે. તેથી એ એમાં થોડો ફેર દેખાય છે અને છતાં કોઈ વિરોધ નથી. **ભગવતીસૂત્રની વૃત્તિમાં** કહ્યું છે કે "આ ક્રિયાવાદી-અક્રિયાવાદી બધાને જો કે અન્યત્ર મિથ્યાદષ્ટિ જ કહ્યા છે છતાં પણ અહીં ક્રિયાવાદી તરીકે સમ્યક્ત્વી લેવા-કેમકે સમ્યગ્ અસ્તિત્વવાદી હોય એવા જ ક્રિયાવાદીનો અહીં-અધિકાર છે."

**સૂત્રકૃતાંગની વૃત્તિમાં પણ કહ્યું છે કે,**

"**શંકા**-શાસ્ત્રોમાં જુદે જુદે અનેક સ્થળે એવાજ એક્સો એંશીયે ભેદવાળા ક્રિયાવાદીને કાલાદિને સ્વીકારતા મિથ્યાવાદી તરીકે કહ્યા છે,-તો તમે કેમ અહીં તેને સમ્યગ્દષ્ટિ કહો છો?

**સમાધાન :**- અન્ય સ્થળોએ 'અસ્ત્યેવ જીવ : ( જીવ છે જ )' એવા 'જ' **કાર** સહિત સ્વીકાર કરતાં, તેમજ કાલ એક જ આ આખા જગતનું કારણ છે, એમ સ્વભાવ એક જ-નિયતિ એક જ-પૂર્વકૃત કર્મ જ, પુરુષાર્થ જ આખા જગતનું કારણ છે ઈત્યાદિરૂપે બીજાને નિરપેક્ષપણે એકાન્તે કાલ વગેરેના કારણતાને કહેતાં એવા ક્રિયાવાદીની વિવક્ષા કરી છે અને તેથી એને મિથ્યાવાદી કહ્યો છે. કેમ કે 'અસ્ત્યેવ જીવઃ' ઈત્યાદિમાં અસ્તિની સાથે જીવનું સામાનાધિકરણ્ય ( એક અધિકરણમાં રહેવાપણું ) ફલિત થતું હોઈ 'જે જે અસ્તિ (હોય) તે તે જીવ હોય' એવી વ્યાપ્તિ બની જાય છે જે ઘટાદિને પણ જીવ તરીકે પ્રતિપાદિત કરતી હોઈ અસત્ છે. જ્યારે અહીં 'જ' કાર શૂન્ય પક્ષને આશ્રીને ક્રિયાવાદીની વિવક્ષા છે. માટે તેને સમ્યક્ત્વી કહ્યા છે. એમ કાલાદિની પણ સમુદિત થયેલા અને પરસ્પર સાપેક્ષ એવા જ તેઓની કારણતાને કહેનાર ક્રિયાવાદીની અહીં વાત હોઈ સમ્યક્ત્વી કહ્યા છે. "પરસ્પર નિરપેક્ષ એવા પ્રત્યેક કાલાદિ જો મિથ્યાત્વ સ્વભાવવાળા હોય તો સમુદિત તેઓમાં સમ્યક્ત્વ સ્વભાવ શી રીતે આવી જાય ? કેમ કે પ્રત્યેકમાં ન હોય તે સમુદાયમાં પણ હોવું સંભવતું નથી, જેમ કે રેતીના કણ કણમાં ન રહેલું તેલ તેના સમુદાયમાં પણ હોતું નથી" એવી શંકા ન કરવી, કારણ કે માણેક વગેરે દરેક મણકામાં નહિ રહેલો એવો પણ રત્નનો હાર તેઓના સમુદાયમાં રહેતો દેખાય છે. અને જે આવું સાક્ષાત્ દેખાય છે તેમાં અસંગતિ ઊભી કરવાનો કોઈ પ્રશ્ન જ હોતો નથી. તેથી 'પ્રત્યેકમાં હાજર નહિ એવું સમ્યક્ત્વ તે કાલાદિના સમુદાયમાં શી રીતે આવી જાય ?' એ શંકા સાવ ફલ્ગુ છે,"

या च क्रियावादिसामान्यस्यान्तःपुद्गलपरावर्त्ताभ्यन्तरसंसारत्वेन नियमतः शुक्लपाक्षिकत्वानुपपत्तिः सा क्रियारुचिरूपेण शुक्लपक्षेण शुक्लपाक्षिकत्वमवलंब्य परिहर्त्तव्या। अत एवाक्रियावादिनो नियमात्कृष्णपाक्षिकत्वमपि सङ्गच्छते, 'क्रियापक्ष एव शुक्लोऽक्रियापक्षस्तु कृष्ण' इति। अन्यथा निरवधारणपक्षाश्रयणे क्रियावादिवदक्रियावाद्यपि सम्यग्दृष्टिः स्यात्। अथवोत्कृष्टतः पुद्गलपरावर्त्तसंसारिजातीयत्वमत्र शुक्लपाक्षिकत्वं, तदधिकसंसारिजातीयत्वं च कृष्णपाक्षिकत्वं विवक्षितमिति नदोष इति प्रतिभाति। तत्त्वं तु बहुश्रुता विदन्ति।

[શ્રાવકપ્રજ્ઞપ્તિ અને દશાશ્રુતના પ્રતિપાદનોની સંગતિ]

વળી "શ્રાવકપ્રજ્ઞપ્તિમાં દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત કરતાં વધુ સંસાર વાળા જીવોને કૃષ્ણપાક્ષિક કહ્યા છે અને દશાશ્રુતસ્કંધમાં ક્રિયાવાદીનો સામાન્યથી કાળ અંતઃ પુદ્ગલપરાવર્ત્ત કહ્યો છે. તેથી ક્રિયાવાદી શુકલપાક્ષિક જ હોય એવો નિયમ અસંગત થઈ જશે" એવું જે કહ્યું છે તેનું સમાધાન નીચેની બે વિવક્ષાએ આ પ્રમાણે કરવું-(૧) શ્રાવક પ્રજ્ઞપ્તિમાં ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્ત્ત સંસારહોવા રૂપ જે શુકલપાક્ષિકત્વની વાત છે. દશાશ્રુતસ્કંધમાં તે શુકલપાક્ષિકત્વની વાત નથી કિન્તુ ક્રિયારુચિરૂપ શુકલપક્ષની વાત છે, અર્થાત્, ક્રિયારુચિવાળો એવો ક્રિયાપક્ષ એ જ શુકલપક્ષ, અને એ વગરનો એવો અક્રિયાપક્ષ એ જ કૃષ્ણપક્ષ, આમાં દેશોન અર્ધ કે એક પુદ્ગલપરાવર્ત્તરૂપે કાળની વિવક્ષા નથી. ક્રિયાવાદીને (પછી ભલેને તે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત્તકરતાં વધુ સંસારવાળો પણ હોય) ક્રિયારુચિ તો હોય જ છે. તેથી એ શુકલપાક્ષિક જ હોવાનો નિયમ સંગત થઈ જાય છે. તેમજ અક્રિયાવાદી કોઈપણ જીવને (પછી ભલેને તેનો સંસાર અલ્પ ભવ જેટલો જ શેષ હોય) ક્રિયારુચિ ન હોવાથી તે અવશ્ય કૃષ્ણપાક્ષિક જ હોય એવો નિયમ પણ સંગત થઈ જાય છે. વળી આ રીતે 'જ'કારયુક્ત નિયમને સંગત કરવો એ આવશ્યક પણ છે જ, કેમકે નહિતર ક્રિયાવાદીની જેમ અક્રિયાવાદી પણ સમ્યક્ત્વી હોવાની આપત્તિ આવે.

["દશાશ્રુતસ્કંધ ચૂર્ણિના વચનોની સંગતિ કરવા તમે ક્રિયારુચિને આગળ કરીને શુકલપાક્ષિકત્વની વિવક્ષા કરો છો. પણ આવી વિવક્ષા ક્યાંય અન્યત્ર શાસ્ત્રમાં જોયેલી છેકે જેથી તમે કહી શકો? અન્યત્ર શાસ્ત્રમાં તો કાળની અપેક્ષાએ એની પ્રરૂપણા કરેલી દેખાય છે," આવી સંભવિત શંકાને ધ્યાનમાં રાખીને ગ્રન્થકાર વૃત્તિમાં બીજી સંગતિ દેખાડે છે.]

અથવા (૨) દશાશ્રુતસ્કંધમાં બતાવેલા નિયમની બીજી રીતે સંગતિ-ઉત્કૃષ્ટથી પુદ્ગલ પરાવર્ત્તસંસારવાળા હોવું તે અહીં શુકલપાક્ષિકત્વ તરીકે અને એના કરતાં પણ વધુ સંસારવાળા હોવું તે કૃષ્ણપાક્ષિકત્વ તરીકે વિવક્ષાયું છે-તેથી કોઈ દોષ રહેતો નથી આમ, ક્રિયારુચિની કે કાળની અપેક્ષાએ શુકલપાક્ષિકત્વની વિવક્ષા કરી ઉક્તનિયમની સંગતિ કરવી જોઈએ, એવું અમને નિર્દોષ લાગે છે, બાકી સાચું રહસ્ય તો બહુશ્રુતો જાણે છે, (પણ ગીતાર્થ પરંપરા પ્રાપ્ત કોઈ પણ ગ્રંથને અપ્રમાણ ઠેરવી ઊડાડી દેવો એ તો કોઈ રીતે યોગ્ય નથી.)

→इदं तु ध्येयं-कालापेक्षयाऽभ्युपगमापेक्षयैव च कृष्णशुक्लपक्षद्वैविध्याभिधानं ग्रन्थेष्व-विरुद्धम् । अतएव स्थानांगे [1]'एगा कण्हपक्खियाणं वग्गणा एगा सुक्कपक्खिआणं वग्गणा इत्यत्र जेसिम-वड्ढो पुग्गल...' इत्याद्येव लक्षणं वृत्तिकृतोक्तम् । '[2]दुविहा णेरइआ पण्णत्ता, तं जहा-कण्हपक्खिआ चेव सुक्कपक्खिआ चेव' इत्यत्र पाक्षिकदण्डके चेदमुक्तं-शुक्लो विशुद्धत्वात्पक्षोऽभ्युपगमः शुक्लपक्षः; तेन चरन्तीति शुक्लपाक्षिकाः शुक्लत्वं च क्रियावादित्वेनेति । आह च [3]"किरियावाई भव्वे णोअभव्वे, सुक्कपक्खिए णो कण्हपक्खिएत्ति । शुक्लानां वाऽऽस्तिकत्वेन विशुद्धानां पक्षो वर्गः शुक्लपक्षः, तत्र भवाः शुक्लपाक्षिकाः तद्विपरीताः कृष्णपाक्षिकाः" इति प्रागुक्तमेव युक्तमिति ।←

यत्तूच्यते केनचित् "अकामनिर्जराङ्गत्वान्न मिथ्यादृशां किमपि कृत्यमनुमोदनीयमि"ति तदसत्, मिथ्यादृशामपि प्रकृतिभद्रकत्वादिगुणवतां 'कर्मक्षयो मे भूयाद्' इतीच्छया स्वयोग्य-शीलतपःप्रभृतिसदनुष्ठानकारिणां सकामनिर्जराऽनपायात् । 'सह कामेन मोक्षाभिलाषेण

[ શુકલ-કૃષ્ણપક્ષની બે વિવક્ષાઓ શાસ્ત્રસિદ્ધ ]

આ વાત ધ્યાનમાં રાખવી-ગ્રન્થોમાં કૃષ્ણપક્ષ અને શુકલપક્ષ એ બે પ્રકારનું કથન, કાળની અપેક્ષાએ અને અભ્યુપગમની અપેક્ષાએ એ બંને અપેક્ષાએ હોવું વિરુદ્ધ નથી. તેથી જ ઠાણાંગમાં 'એક કૃષ્ણપાક્ષિકોની વર્ગણા છે અને એક શુકલપાક્ષિકોની' આ સૂત્રની વૃત્તિમાં વૃત્તિકારે શુકલપાક્ષિકાદિનું 'जेसिमवड्ढो पुग्गल....' ઈત્યાદિ (કાળની અપેક્ષાવાળું) જ લક્ષણ કહ્યું છે. જ્યારે 'બે પ્રકારે નારકો કહ્યા છે-કૃષ્ણપાક્ષિક અને શુકલપાક્ષિક' એવા પાક્ષિકદંડકમાં અભ્યુપગમની અપેક્ષાએ તે લક્ષણ કહ્યું છે. તે આ રીતે-વિશુદ્ધ હોવાના કારણે જે પક્ષ=અભ્યુપગમ વિશુદ્ધ છે તે શુકલપક્ષ-તેને મુખ્ય કરીને વિચરે તે શુકલપાક્ષિક. અહીં શુક્લત્વ ક્રિયાવાદિત્વની અપેક્ષાએ જાણવું. અર્થાત્ ક્રિયાવાદિતારૂપ અભ્યુપગમના કારણે તેઓ શુકલપાક્ષિક છે. કહ્યું છે કે, 'ક્રિયાવાદી ભવ્ય હોય છે. અભવ્ય નહિ. એમ શુકલપાક્ષિક હોય છે, કૃષ્ણપાક્ષિક નહિ.' અથવા આસ્તિકતાના કારણે વિશુદ્ધ હોય તેઓ શુકલ. તેઓનો પક્ષ (વર્ગ) એ શુકલપક્ષ. તેમાં થયેલા જીવો એ શુકલપાક્ષિક. એનાથી વિપરીત હોય તે કૃષ્ણપાક્ષિક." આમ દશાશ્રુતસ્કંધ ચૂર્ણિના વચનોની સંગતિ કરવા 'તેમાં ક્રિયારુચિરૂપ શુકલપક્ષની વિવક્ષા છે.' ઈત્યાદિ કહીને અમે જે સંગતિ કરી દેખાડી એ પણ, અભ્યુપગમ સાપેક્ષ લક્ષણ પણ શાસ્ત્રસિદ્ધ હોઈ નવી કલ્પના રૂપ નથી. તેથી અમે પહેલાં જે સંગતિ દેખાડી તે જ યોગ્ય છે.

[ ગ્રન્થકારે 'इदं तु ध्येयं....' વગેરે પાછળથી ઉમેર્યું લાગે છે એમાં ઉક્ત વચનોની સંગતિ કરવા પોતે જે બે વિવક્ષાઓ દેખાડી હતી તેમાંથી પ્રથમ વિવક્ષા નવી કલ્પના રૂપ નથી એ સિદ્ધ થવાથી એ જ બધી રીતે યોગ્ય છે, અને તેથી બીજી વિવક્ષાની જરૂર રહેતી નથી. એવું ગ્રન્થકારને અભિપ્રેત હોય એમ લાગે છે, કેમ કે શુકલ-પાક્ષિકને કાળની અપેક્ષાએ પણ શ્રાવકપ્રજ્ઞપ્તિ વગેરેમાં દેશોનઅર્ધપરાવર્ત્ત શેષસંસારવાળા કહ્યા છે. ચરમાવર્ત્તશેષ સંસારવાળા નહિ. ]

→←આ અધિકાર માટે પૃ. ૩૨ પરની ટીપ્પણ જુઓ

१ एका कृष्णपाक्षिकाणां वर्गणा, एका शुक्लपाक्षिकाणां वर्गणा ।

२ द्विविधा नैरयिकाः प्रज्ञप्ता, तद्यथा-कृष्णपाक्षिकाश्चैव शुक्लपाक्षिकाश्चैव ।

३ क्रियावादी भव्यः, नाभव्यः, शुक्लपाक्षिकः न कृष्णपाक्षिकः ।

वर्त्तते यासा सकामा' 'तद्विपरीता त्वकामा' इति हि सकामाकामयोर्निर्जरयोर्लक्षणम् । तदुक्तं योगशास्त्रवृत्तौ (४–८६) सा निर्जरा द्वेधा सह कामेन निर्जरा मे भूयाद् इत्यभिलाषेण युक्ता सकामा, न त्विहलोकपरलोकफलादिकामेन युक्ता, तस्य प्रतिषिद्धत्वात् यदाहुः "नो इहलोगट्ठयाए तव-महिट्ठिज्जा,(नो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नो कित्तीवण्णसद्दसिलोगट्ठयाए तवमहिट्ठिज्जा, नन्नत्थ निज्जर-ट्ठयाए तवमहिट्ठिज्जा इत्यादि इत्येका निर्जरा, द्वितीया तु कामवर्जिता कामेन पूर्वोक्तेन वर्जिता" इति ।

न च वाच्यं "ज्ञेया सकामा यमिनामकामा त्वन्यदेहिनाम् ॥८७॥" इत्यनेन योगशास्त्रस्यैव वचनान्तरेण यतीनामेव सकामा निर्जरा सिध्यति, मिथ्यादृशां तु कर्मक्षयाद्यर्थं तपःकष्टं तन्वतामप्यकामैव इति, 'ज्ञेया सकामा यमिनां' इत्यादिवचनस्योत्कृष्ट-सकामनिर्जरास्वामिकथनपरत्वाद्, उत्कृष्टा हि सकामनिर्जरा तेषामेव भवेदिति । अन्यथा देशविरतानामविरतसम्यग्दृशां चाकामनिर्जरैव प्राप्नोति,तेषामपि यमिशब्दाव्यपदेश्यत्वेन विशेषा-भावाद्, न चैतदिष्टम् । तस्मादेतद्वचनमुत्कृष्टसकामनिर्जराधिकारिकथनपरमिति न दोषः ।

### [ મિથ્યાત્વીઓમાં પણ સકામનિર્જરા સંભવિત ]

વળી "મિથ્યાત્વીનું કોઈપણ અનુષ્ઠાન અકામનિર્જરાનું જ કારણ બનતું હોઈ અનુમોદનીય હોતું નથી." એવું જે કોઈએ કહ્યું છે તે અસત્ છે, કેમકે ભદ્રકપ્રકૃતિ વગેરે ગુણવાળા અને 'મારા કર્મ ખપો' એવી ઈચ્છાથી સ્વયોગ્ય શીલ–તપ વગેરે સદ્અનુષ્ઠાન કરવાવાળા મિથ્યાત્વીઓને સકામ નિર્જરા થાય છે. એટલે કે તેઓનું તે અનુષ્ઠાન સકામનિર્જરાનું કારણ બને જ છે. કારણ કે "મોક્ષાભિલાષરૂપ કામ ( ઈચ્છા ) થી જે યુક્ત હોય તે સકામનિર્જરા અને તેનાથી વિપરીત હોય તે અકામનિર્જરા" એવા જ સકામ–અકામનિર્જરાના લક્ષણ છે જેમાંથી ઉક્ત મિથ્યાત્વીમાં સકામનિર્જરાનું લક્ષણ ઘટી જાય છે. યોગશાસ્ત્રની વૃત્તિ ( ૪–૮૬ ) માં કહ્યું છે કે-તે નિર્જરા બે પ્રકારે–
'મને નિર્જરા થાઓ' એવી અભિલાષાયુક્ત હોય તે સકામા. આમાં ઈહલોક–પરલોક સંબંધી ફળ વગેરેની ઈચ્છા ન હોવી જોઈએ. કેમ કે તેવી ઈચ્છાવાળા તપનો નિષેધ કર્યો છે. જેમ કે કહ્યું છે કે "આ લોક માટે તપ ન કરવો, પરલોક માટે તપ ન કરવો, કીર્તિ, વર્ણવાદ શ્લાઘા-પ્રશંસા માટે તપ ન કરવો, નિર્જરાની ઈચ્છા સિવાય તપ ન કરવો.' આ એક નિર્જરા થઈ. આવા 'નિર્જરાની ઈચ્છા' રૂપ કામથી વર્જાયેલી નિર્જરા તે અકામનિર્જરા."

### [ 'જ્ઞેયા સકામા યમિનામ'નું તાત્પર્ય ]

"યોગશાસ્ત્રના જ (૪–૮૭) 'સાધુઓને સકામનિર્જરા જાણવી, અન્ય જીવોને અકામ.' ઈત્યાદિ બીજા વચનથી સિદ્ધ થાય છે કે સાધુઓને જ સકામનિર્જરા હોય, મિથ્યાત્વીઓ તો કર્મક્ષયાદિ માટે તપનું કષ્ટ ઉપાડતાં હોય તો પણ અકામનિર્જરા જ કરે છે. તો તમે કેમ પ્રકૃતિભદ્રક મિથ્યાત્વીને સકામનિર્જરા કહો છો?" એવી શંકા ન કરવી, કારણ કે 'સાધુઓને સકામનિર્જરા જાણવી' ઈત્યાદિ વચન સામાન્યથી સકામનિર્જરાના સ્વામીને જણાવવાના તાત્પર્યમાં નથી કહેવાયું, પણ ઉત્કૃષ્ટ સકામ-નિર્જરાના સ્વામીને જણાવવાના તાત્પર્યમાં કહેવાયું છે. ઉત્કૃષ્ટ સકામનિર્જરા સાધુઓને જ હોય છે. જો એ વચનનું આવું તાત્પર્ય ન હોય તો તો દેશવિરતિ અને અવિરત

**किञ्च 'ज्ञेया सकामा.' इत्यादि श्लोकव्याख्यानेऽप्यकामनिर्जरास्वामिनो निरभिलाषं निरभिप्रायं च कष्टं सहमाना एकेन्द्रियादय एवोक्ताः, न तु बालतपस्व्यादयो मिथ्यादृशोऽपि।**

तथा हि-सकामा निर्जराऽभिलाषवती यमिनां यतीनां विज्ञेया। ते हि कर्मक्षयार्थं तपस्तप्यन्ते। अकामा तु कर्मक्षयलक्षणफलनिरपेक्षा निर्जरा, अन्यदेहिनां यतिव्यतिरिक्तानामेकेन्द्रियादीनां प्राणिनाम्। तथाहि—एकेन्द्रियाः पृथिव्यादयो वनस्पतिपर्यन्ताः शीतोष्णवर्षजलाग्निशस्त्राद्यभिघातच्छेदभेदादिनाऽसद्वेद्यं कर्मानुभूय नीरसं तत्स्वप्रदेशेभ्यः परिशाटयन्ति, विकलेन्द्रियाश्च क्षुत्पिपासाशीतोष्णवातादिभिः पञ्चेन्द्रियास्तिर्यञ्चश्च छेदभेददाहशस्त्रादिभिः नारकाश्च त्रिविधया वेदनया, मनुष्याश्च क्षुत्पिपासाव्याधिदारिद्र्यादिना, देवाश्च पराभियोगकिल्बिषत्वादिनाऽसद्वेद्यं कर्मानुभूय स्वप्रदेशेभ्य परिशाटयन्ती त्येषामकामनिर्जरेति॥ "समयसारसूत्रवृत्त्योरप्येवमेवोक्तं (अ. ६) तथाहि—

"इदानीं निर्जरातत्त्वं निगद्यते-[1]अणुभूअरसाणं कम्मपुग्गलाणं परिसडणं णिज्जरा- अनुभूतरसानां उपभुक्तविपाकानां कर्मपुद्गलानां परिशटनमात्मप्रदेशेभ्यः प्रच्यवनं निर्जरा। अथ तस्या भेदावाह-'सा दुविहा पण्णत्ता सकामा अकामा य'। सह कामेन 'निर्जरा मे भूयाद्'इत्यभिलाषेण न त्विहपरलोकादिकामेन, युक्ता सकामा। अनन्तरोक्तकामवर्जिता त्वकामा। 'च'शब्दः समुच्चये। उपायात्स्वतोऽपि वा फलानामिव कर्मणां पाकस्य भावान्निर्जराया इदं द्वैविध्यमिति भावः। तत्राकामा केषाम्? इत्याह 'तत्थ अकामा सव्वजीवाणं' निर्जराभिलाषिणां तपस्तप्यमानानां सकामनिर्जरेति वक्ष्यमाणत्वाद् तद्व्यतिरिक्तानां सर्वेषां जीवानामकामा, कर्मक्षयलक्षणाभिलाषवर्जितत्वाद्। एतदेव चतुर्गतिगतजन्तुषु व्यक्तीकुर्वन्नाह-

तथाहि,* एगिंदिआई तिरिआ जहासंभवं छेअभेअसीउण्हवासजलग्गिछुहापिवासाकसंकुसाईएहिं, नारगा तिविहाए वेअणाए, मणुआ छुहापिवासावाहिदालिद्दचारगणिरोहणाइणा, देवा पराभिओगकिब्बिसिअत्ताइणा असायावेअणिज्जं कम्ममणुभविउं पडि(रि)साडिंति, तेसिमकामणिज्जरा॥

---

સમ્યક્ત્વીઓને પણ અકામનિર્જરા હોવી માનવી પડે. તે એટલા માટે કે તેઓનો પણ 'યમી' શબ્દથી ઉલ્લેખ થતો ન હોવાથી 'અયમીઓ' તરીકે તેઓ મિથ્યાત્વીઓને સમાન જ હોય છે. પણ તેઓને અકામનિર્જરા માનવી તો તમને પણ સંમત નથી જ. તેથી યોગશાસ્ત્રનું એ વચન તો ઉત્કૃષ્ટસકામનિર્જરા કરનારને જણાવવાના તાત્પર્યમાં જ છે એ નક્કી થાય છે. એટલે મિથ્યાત્વીને પણ સકામનિર્જરા કહેવામાં 'એ વચનનો વિરોધ થવો' વગેરે રૂપ કોઈ દોષ રહેતો નથી.

વળી એ શ્લોકની તો ટીકામાં પણ અકામનિર્જરાના સ્વામી તરીકે અભિલાષા અને અભિપ્રાય વગર જ કષ્ટને સહન કરનારા એકેન્દ્રિયાદિ જ કહ્યા છે, નહિ કે બાળતપસ્વી વગેરે મિથ્યાત્વીઓ. તે આ રીતે—

સકામનિર્જરા એટલે અભિલાષયુક્ત નિર્જરા. તે સાધુઓને હોય છે, કેમકે તેઓ કર્મક્ષય માટે તપ તપે છે. અકામનિર્જરા એટલે કર્મક્ષયરૂપ ફળની અપેક્ષા શૂન્ય ક્રિયાથી થયેલ નિર્જરા... તે, સાધુ સિવાયના એકેન્દ્રિયાદિ જીવોને હોય છે. તે આ રીતે-પૃથ્વીકાયથી માંડીને વનસ્પતિકાય સુધીના એકેન્દ્રિય જીવો શીત-ઉષ્ણ-વર્ષા-જળ-અગ્નિ-શસ્ત્ર વગેરેના અભિઘાત છેદ-ભેદ વગેરે દ્વારા અશાતાવેદનીય કર્મને ભોગવી નીરસ બનાવી પોતાના આત્મપ્રદેશો પરથી દૂર કરે છે. એમ વિકલેન્દ્રિયો ભૂખ-તરસ-શીત-

---

* एकेन्द्रियादयस्तिर्यञ्चो यथासंभवं छेदभेदशीतोष्णवर्षाजलाग्निक्षुधापिपासाकशाङ्कुशादिभिः; नारकास्त्रिविधया वेदनया, मनुजाः क्षुधापिपासाव्याधिदारिद्र्यचारकनिरोधनादिना, देवाः पराभियोगकिल्बिषिकत्वादिना ऽशातावेदनीयं कर्मानुभूय परिशातयन्ति तेषामकामनिर्जरा।

तथाहीति पूर्वोक्तस्यैवोपक्षेपे । छेदभेदशीतोष्णवर्षजलाग्निक्षुधापिपासाकशाङ्कुशादय एकेन्द्रियादिषु पञ्चेन्द्रियपर्यन्ततिर्यक्षु यथायोगं योज्याः । नारकाणां त्रिविधा वेदना क्षेत्रजाऽन्योन्योदीरितपरमाधार्मिकजनितस्वरूपा । वाहिति व्याधिः, चारकनिरोधः कारागारग्रहः । शेषं सुबोधम् । सकामनिर्जरामाह—"[1]सकाम णिज्जरा पुण णिज्जराभिलासीणं अणसण–ओमोयरिआ–भिक्खायरिय–रसच्चाय–कायकिलेस–पडिसंलिणआभेयं छव्विहं बाहिरं, पायच्छित्त–विणअ–वेयावच्च–सज्झाय–झाण–विउस्सग्गभेअं छव्विहमब्भिंतरं च तवं तवेंताणं ॥" निर्जराभिलाषिणामनशनादिभेदं षड्विधं बाह्यं, प्रायश्चित्तादिभेदं षड्विधमाभ्यन्तरं च तपस्तप्यमानानां भवति सकामा निर्जरेति संटंक इत्यादि ।"

**न च–अत्रापि तपसः सकामनिर्जरारूपत्वप्रतिपादनाद् मिथ्यादृशां च तदभावान्न सकामनिर्जरेति–वाच्यं, मिथ्यादृशामपि मार्गानुसारिणां 'तच्च चान्द्रायणं कृच्छ्रं' इत्यादिना (यो०बि० १३१) तपसः प्रतिपादनात् । किञ्च मार्गानुसार्यनुष्ठानमात्रमेव सकामनिर्जरायां बीजं, अविरतसम्यग्दृष्ट्यनुरोधात्, न तु तपोमात्रमेवेति न काप्यनुपपत्तिः । अत एव स्फुटमोक्षाभिलाषसत्त्वेऽपि मिथ्यादृशां प्रबलासद्ग्रहदोषवतां तदभाववतामादिधार्मिकाणामिव फलतो न सकामनिर्जरा, मार्गानुसार्यनुष्ठानाभावात्, तदभावेऽपि च स्वाभाविकानुकम्पादिगुणवतां मेघकुमारजीवहस्त्यादीनां फलतः साऽबाधितेति विभावनीयम् । युक्तं**

ઉષ્ણ પવનાદિ દ્વારા, પંચેન્દ્રિય તિર્યંચો છેદ–ભેદ–દાહ–શસ્ત્રાદિ દ્વારા, નારકો ત્રણ પ્રકારની વેદના દ્વારા મનુષ્યો ક્ષુધા–પિપાસા રોગ–ગરીબી વગેરે દ્વારા અને દેવો બીજાનું આજ્ઞાપાલન–કિલ્બિષત્વ વગેરે દ્વારા–અશાતાવેદનીય કર્મ અનુભવીને પોતાના આત્મ પ્રદેશો પરથી દૂર કરે છે. તેથી આ બધા જીવોને અકામનિર્જરા હોય છે." **સમયસાર સૂત્ર** (અ૦૬) અને **તેની વૃત્તિમાં** પણ આ પ્રમાણે જ કહ્યું છે. તે આ રીતે–

હવે નિર્જરાતત્ત્વ કહેવાય છે. રસ ભોગવાઈ ગયેલા કર્મપુદ્‌ગલો આત્મપ્રદેશો પરથી ખરી પડવા એ નિર્જરા. હવે તેના ભેદો કહીએ છીએ. તે બે પ્રકારે સકામ અને અકામ. 'મારા કર્મની નિર્જરા થાઓ' એવી અભિલાષાથી યુક્ત પણ ઇહ–પરલોકાદિની ઇચ્છાથી શૂન્ય એવી નિર્જરા તે સકામ. ઉક્ત અભિલાષા વિનાની નિર્જરા તે અકામ. 'ચ' સમુચ્ચય માટે. ફળોની જેમ કર્મ પણ ઉપાયથી કે સ્વતઃ પાકતા હોવાથી નિર્જરાના આ બે ભેદ પડે છે. તેમાં અકામ નિર્જરા કોને હોય? તે કહે છે–અકામ નિર્જરા બધા જીવોને હોય છે. નિર્જરાભિલાષી તપસ્વીઓને સકામનિર્જરા કહેવાની છે. તેથી તે સિવાયના બધા જીવોને, તેઓ કર્મક્ષયની અભિલાષા વિનાના હોઈ અકામનિર્જરા હોય છે. આ જ વાત ચારે ગતિના જીવોમાં વ્યક્ત રીતે દેખાડતાં સૂત્રકાર કહે છે–એકેન્દ્રિયથી તિર્યંચપંચેન્દ્રિય સુધીના જીવો યથાસંભવ છેદ–ભેદ–શીત–ઉષ્ણ–વર્ષા–જળ–અગ્નિ–ભૂખ–તરસ–કશા (ચાબૂક) અંકુશ વગેરે દ્વારા, નારકો ક્ષેત્રજન્ય, અન્યોન્યે કરેલ અને પરમાધામીએ કરેલ એમ ત્રિવિધ વેદનાથી, મનુષ્યો ભૂખ–તરસ–વ્યાધિ–ગરીબી કેદ વગેરે દ્વારા અને દેવો પરાભિયોગ કિલ્બિષિકત્વાદિ દ્વારા અશાતા વેદનીય કર્મને અનુભવીને ખપાવે છે તે તેઓની અકામ નિર્જરા છે. હવે સૂત્રકાર સકામનિર્જરાને કહે છે–અનશન–ઊણોદરી–ભિક્ષાચર્યા–રસત્યાગ–કાયક્લેશ અને પ્રતીસંલીનતા રૂપ છ પ્રકારના બાહ્ય તેમજ પ્રાયશ્ચિત્ત–વિનય–વૈયાવચ્ચ–સ્વાધ્યાય–ધ્યાન અને કાયોત્સર્ગ રૂપ છ પ્રકારના આભ્યન્તરતપને તપતાં નિર્જરાભિલાષી જીવોને સકામનિર્જરા થાય છે. (એમ સંબંધ જોડવો.)"

"અહીં પણ તપને જ સકામનિર્જરા રૂપે કહ્યો છે. મિથ્યાત્વીઓને તપ પોતે જ સંભવતો ન હોવાથી સકામનિર્જરા પણ હોતી નથી." એવી શંકા ન કરવી, કેમ કે

१ सकामनिर्जरा पुनर्निर्जराभिलाषिणामनशनोनोदरिकाभिक्षाचर्यारसत्यागकायक्लेशप्रतिसंलीनताभेदं षड्विधं बाह्यं, प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायध्यानव्युत्सर्गभेदं षड्विधमाभ्यन्तरं तपस्तप्यमानानाम् ॥

चैतत्पञ्चस्वनुष्ठानेषु तद्धेत्वमृतानुष्ठानयोरिव(रेव)सकामनिर्जराङ्गत्वव्यवस्थितेः । अत एवानुचितानुष्ठानमकामनिर्जराङ्गमुक्तम् । तथा च धर्मबिन्दुसूत्रवृत्तिवचनम्—'अननुष्ठानमन्यदकामनिर्जराङ्गमुक्तविपर्ययादिति' [ ६।१५ ]

"अननुष्ठानमनुष्ठानमेव न भवति, अन्यद् विलक्षणमुचितानुष्ठानाद् । तर्हि कीदृशं तत् ? इत्याह—अकामनिर्जराङ्गम् अकामस्य निरभिलाषस्य तथाविधबलीवर्दादेरिव या निर्जरा कर्मक्षपणा तस्या अङ्गं निमित्तं, न तु मुक्तिफलाया निर्जरायाः कुतः ? इत्याह—उक्तविपर्ययाद् उदग्रविवेकाभावेन रत्नत्रयाराधनाऽभावादिति ॥ " उचितानुष्ठानं च साध्वादीनां यथा शुद्धचारित्रपालनादिकं तथा मार्गानुसारिणां मिथ्यादृशामपि सामान्यतः सदाचारादिकम्, भूमिकाभेदेनौचित्यव्यवस्थानात् ,ततोऽधिकारिभेदेन यद्यदोचितमनुष्ठानं तत्तदा साक्षात्पारम्पर्येण वा निर्वाणफलमिति सकामनिर्जराङ्गम् । यच्चानुचितं तद् 'अनुचितप्रतिपत्तौ नियमादसदभिनिवेशोऽन्यत्रानाभोगमात्राद्' इति वचनादभिनिवेशसहकृतत्वेन विपरीतफलमिति तत्त्वतोऽकामनिर्जराङ्गमिति मन्तव्यम् ।" इत्थं च "तओ भणियं नाइलेण[1] जहा 'मा वच्छ! तुमं एतेण परिओसमुवयासु । जहा अंहयं आसवारेण परिमुसिओ अकामणिज्जरा ए वि किंचि कम्मखओ हवइ किं पुण जं बालतवेण ? ता एते बालतवस्सिणो दट्ठव्वे, जओ णं किंचि उस्सुत्तुम्मग्गयारित्तमेएसि य दीसइ" इत्यादि महानिशीथचतुर्थाध्ययन-

મિથ્યાત્વી એવા પણ માર્ગાનુસારીને કૃચ્છ્ર ચાન્દ્રાયણતપ વગેરે હોવાનું યોગબિંદુ (૧૩૧) માં પ્રતિપાદન કર્યું છે. વળી અવિરતસમ્યગ્દૃષ્ટિમાં સકામનિર્જરા અબાધિત રહે એ માટે માર્ગાનુસારી સઘળાં કૃત્યોને સકામનિર્જરાનું બીજ માનવું પડે છે નહિ કે તપ માત્રને ( કેમકે અવિરત સમ્યક્ત્વીમાં તપ તો હોતો નથી પણ). તેથી કોઈ અસંગતિ નથી. આમ માર્ગાનુસારી અનુષ્ઠાન માત્ર સકામનિર્જરામાં બીજ ભૂત હોવાથી જ પ્રકટ મોક્ષાભિલાષ હોવા છતાં દૃઢ કદાગ્રહવાળા (અને તેથી અમાર્ગાનુસારી ) મિથ્યાત્વીઓને દૃઢ કદાગ્રહ વિનાના આદિધાર્મિકોની જેવી પરિણામે સકામનિર્જરા થતી નથી, કેમ કે માર્ગાનુસારી અનુષ્ઠાન હોતું નથી. જ્યારે પ્રકટમોક્ષ અભિલાષા ન હોવા છતાં સ્વાભાવિક અનુકંપા વગેરે ગુણવાળા મેઘકુમારના જીવ હાથી વગેરેને નિર્બાધ રીતે સકામનિર્જરા થઈ હતી તે વિચારવું. આ વાત યોગ્ય પણ છે જ, કારણ કે પાંચે અનુષ્ઠાનમાં તદ્ધેતુ–અમૃત અનુષ્ઠાનમાં જ સકામનિર્જરાની કારણતા રહેલી છે.(એટલેકે અનુષ્ઠાન વગેરેમાં તે રહી નથી )તેથી જ અનુચિત અનુષ્ઠાનને અકામ નિર્જરાનું કારણ કહ્યું છે. જેમ કે ધર્મબિંદુ ( ૬–૧૫ ) સૂત્ર અને વૃત્તિમાં કહ્યું છે કે "ઉચિત અનુષ્ઠાનથી વિલક્ષણ અન્ય અનુષ્ઠાન અનુષ્ઠાનરૂપ બનતું નથી માટે એ અનનુષ્ઠાન હોય છે. નિર્જરાની અભિલાષા વગરના તેવા બળદિયા વગેરેને ભારવહનાદિ કરવાથી જે અકામનિર્જરા થાય છે તેવી અકામનિર્જરાનું જ તે અનનુષ્ઠાનરૂપ અનુષ્ઠાન કારણ બને છે. પણ મુક્તિ અપાવી શકે એવી સકામનિર્જરાનું કારણ બનતું નથી, કેમકે પ્રબળ વિવેક ન હોવાના કારણે તે અનુષ્ઠાન રત્નત્રયીની આરાધનારૂપ બનતું નથી." આ વચનો પરથી જણાય છે કે અનુચિત અનુષ્ઠાન અકામનિર્જરાનું અંગ બને છે. વળી સાધુ વગેરેને શુદ્ધ ચારિત્રપાલનાદિ જેમ ઉચિત

१ ततो भणितं नागिलेन यथा, 'मा वत्स ! त्वमेतेन परितोषमुपयाहि, यथाऽहमश्ववारेण परिमुषितोऽकामनिर्जरयापि किञ्चित्कर्मक्षयो भवति किं पुनर्यद् बालतपसा ? तस्मादेते बालतपस्विनो द्रष्टव्याः, यतःखलु किञ्चिदुत्सूत्रोन्मार्गचारित्वमेतेषां च दृश्यते ।

वचनात् अकामनिर्जराजन्यात्कर्मक्षयात् बालतपोजन्यस्य तस्य भूयस्त्वसिद्धेः [1]अणुकंपकामणिज्जरबालतवोदाणविणयविब्भंगे इत्यादौ सम्यक्त्वप्राप्तिहेतुषु,

[2]महव्वयअणुव्वएहिं य बालतवोकामणिज्जराए य । देवाउअं णिबंधइ सम्मदिट्ठीय जो जीवो ॥

इत्यादौ देवायुःकारणेषु च भेदेनाभिधानादकामनिर्जराबालतपसोर्भेदो यः प्रोच्यते स स्वरूपभेदं निजनिजफलभेदं चापेक्ष्य 'बालतपः सर्वमेवाकामनिर्जराङ्ग" इति परस्य भ्रान्तिनिरासाय। तत्त्वतस्तु यदुचितानुष्ठानं तन्नाकामनिर्जराङ्गं, यच्चानुचितानुष्ठानं तन्निर्वाणानङ्गत्वात्फलतो बालतपो वोच्यतामकामनिर्जराङ्गं वा नाऽत्र कश्चिद्विशेष इति युक्तं पश्यामः ।

---

અનુષ્ઠાનરૂપ હોય છે તેમ માર્ગાનુસારી મિથ્યાત્વીઓના પણ સામાન્ય સદાચારપાલનાદિ તેઓ માટે તો ઉચિત અનુષ્ઠાન રૂપ જ હોય છે, કારણ કે જુદી જુદી ભૂમિકાએ ઔચિત્ય પણ જુદું જુદું હોય છે. તેથી અધિકારીની અપેક્ષાએ જે અનુષ્ઠાન જ્યારે ઉચિત હોય છે ત્યારે તે સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષફળક બનતું હોઈ સકામનિર્જરાનું કારણ બને છે. અને જે અનુષ્ઠાન અનુચિત હોય છે તે, 'અનાભોગ સિવાય થતી અનુચિત પ્રવૃત્તિમાં અવશ્ય અસદ્ અભિનિવેશ હોય છે.' એ વચનથી અભિનિવેશયુક્ત હોવું જણાય છે અને તેથી વિપરીત ફળવાળું હોઈ પરમાર્થથી અકામનિર્જરાનું કારણ બને છે. એ જાણવું.

[ અકામ નિર્જરા અને બાળતપ એ બે જુદા છે? ]

આના પરથી એ પણ નક્કી થાય છે કે, મહાનિશીથ સૂત્રના ચોથા અધ્યયનના વચનથી 'અકામનિર્જરાથી થતાં કર્મક્ષય કરતાં બાળતપથી થતો કર્મક્ષય અધિક હોય છે.' એવું જે સિદ્ધ થાય છે તેના પરથી અને સમ્યક્ત્વપ્રાપ્તિના તેમજ દેવાયુ બાંધવાના કારણોમાં અકામનિર્જરા અને બાળ તપને જુદા જુદા જે ગણ્યા છે તેના પરથી તે બેનો ભેદ હોવો જે કહેવાય છે તે સ્વરૂપભેદ અને પોતપોતાના ફળભેદની અપેક્ષાએ કહેવાય છે. અને તે પણ 'બધા જ બાળતપ અકામનિર્જરા જ કરાવે,' એવી પરની ભ્રમણા દૂર કરવા માટે જ કહેવાય છે. બાકી વાસ્તવિક રીતે તો, "જે કોઈ ઉચિત અનુષ્ઠાન હોય તે (પછી ભલેને માર્ગાનુસારીનો બાળતપ હોય) અકામનિર્જરાનું કારણ બનતું નથી, પણ સકામ નિર્જરાનું જ કારણ બને છે અને જે કાંઈ અનુચિત અનુષ્ઠાન હોય તે મોક્ષનું કારણ બનતું ન હોઈ ફળને આશ્રીને આને બાળતપ કહેવાય કે અકામનિર્જરાનું કારણ કહેવાય એમાં કોઈ ઝાઝો ભેદ નથી" એવું અમને યોગ્ય લાગે છે. મહાનિશીથ સૂત્રના એ વચનોનો અર્થ આ પ્રમાણે છે–પછી નાગિલે કહ્યું 'હે વત્સ! તું આ બધી ક્રિયાથી સંતોષ ન માન. જેમ હું અશ્વવારથી ઠગાયો હતો (તેમ તું ન ઠગા.) કેમ કે અકામ નિર્જરાથી પણ કંઈક કર્મનિર્જરા થાય છે તો બાળતપની શું વાત કરવી? તેથી આ બધાને બાળતપસ્વી જાણવા, કેમ કે એ લોકોમાં

---

१ आ. नि० ८४५ । अस्योत्तरार्धः संजोगविप्पओगेवसणूसवइड्ढिसक्कारे ।

अनुकंपाऽकामनिर्जराबालतपोदानविनयविभंगम् । संयोगविप्रयोगौ व्यसनोत्सवर्द्धिसत्कारम् ॥

२ महाव्रताणुव्रतैश्च बालतपोऽकामनिर्जराभ्यां च। देवायुर्निबध्नाति सम्यग्दृष्टिश्च यो जीवः ॥

किञ्च मिथ्यादृष्टीनामपि मार्गसाधनयोगा गुणस्थानकत्वाभ्युपगमादेव हरिभद्राचार्यैः प्रदर्शिताः, तथा च तेषामपि सकामनिर्जरायां न बाधकं, गुणलक्षणायास्तस्याः कुशलमूलत्वात्। तदुक्तं तत्त्वार्थभाष्ये नवमाध्याये-निर्जरा वेदना विपाक इत्यनर्थान्तरम्, स द्विविधो बुद्धिपूर्वः कुशलमूलश्च तत्र नरकादिषु कर्मफलविपाको योऽबुद्धिपूर्वकस्तमवद्यतोऽनुचिन्तयेद् अकुशलानुबन्ध इति ॥ तपःपरिषहजयकृतः कुशलमूलस्तं गुणतोऽनुचिन्तयेत् शुभानुबन्धो निरनुबन्धो वेति। एवमनुचिन्तयन् कर्मनिर्जरणार्थं घटते इति। अत्र ह्यकुशलानुबन्धो विपाक इत्यकामनिर्जरायाः कुशलमूलश्च सकामनिर्जरायाः संज्ञान्तरमेवेति। अथ मिथ्यादृष्टेर्बुद्धिरबुद्धिरेवेति न बुद्धिपूर्विका निर्जरेतिचेत् ? न, मार्गानुसारिण्या बुद्धेरबुद्धित्वेनापह्नोतुमशक्यत्वाद्,अन्यथा माषतुषादीनामप्यकामनिर्जराप्रसङ्गात्, तेषां निर्जराया अबुद्धिपूर्वकत्वात्, फलतो बुद्धिसद्भावस्य चोभयत्राविशेषाद्। उचितगुणस्थानपरिणतिसत्त्वे फलतो बुद्धिमत्त्वमबाधितमेवेति। तदुक्तं [ उप. पद ६०३ ]-

---

પણ કંઈક ઉત્સૂત્ર ઉન્માર્ગ આચરણ દેખાય છે. એમ આવશ્યક નિર્યુક્તિ ( ૮૪૫ )માં સમ્યક્ત્વ પ્રાપ્તિના આ હેતુઓ દર્શાવેલા છે.-અનુકંપા, અકામનિર્જરા, બાળતપ, દાન,' વિનય વિભંગ વગેરે...' દેવાયુ બાંધવાના કારણો આ દર્શાવ્યા છે-મહાવ્રત, અણુવ્રત, બાળતપ, અકામનિર્જરાથી જીવ દેવાયુ બાંધે છે. એમ સમ્યક્ત્વીજીવ પણ દેવાયુ બાંધે છે."

વળી મિથ્યાત્વીઓમાં પણ ગુણઠાણું હોવું સ્વીકારીને જ શ્રીહરિભદ્રસૂરિમહારાજે માર્ગસાધન (મોક્ષ માર્ગ લાવી આપે તેવા) યોગોની હાજરી કહી છે. અને તેથી તેઓને પણ સકામનિર્જરા અબાધિતપણે ઘટી શકે છે, કેમકે ગુણ સ્વરૂપ તે નિર્જરા કુશલ મૂલક હોય છે, તત્ત્વાર્થભાષ્યમાં નવમા અધ્યાયમાં કહ્યું છે કે-" નિર્જરા, વેદના, વિપાક એ પર્યાયવાચી શબ્દો છે. તે (વિપાક) બે પ્રકારે હોય છે. અબુદ્ધિપૂર્વક અને કુશલમૂલ. તેમાં નરકાદિમાં જે કર્મફળવિપાક અબુદ્ધિપૂર્વક હોય તેને અવદ્ય (દોષ) તરીકે વિચારવો-અર્થાત્ અકુશલાનુબંધ જાણવો. તપ-પરિષહજય વગેરેથી જે કુશલમૂલ કર્મ વિપાક થાય છે તેને ગુણ તરીકે વિચારવો, અર્થાત્ શુભાનુબંધ કે નિરનુબંધ જાણવો. આ રીતે વિચારનો તે કર્મનિર્જરા માટે ઉદ્યમશીલ બને" અહીં અકુશલાનુબંધ વિપાક ( અબુદ્ધિપૂર્વ) અને કુશલમૂલ વિપાક એવા બે જે શબ્દો વાપર્યા છે તે અનુક્રમે અકામ અને સકામ નિર્જરાના જ બીજા પર્યાયવાચક શબ્દો જાણવા. "મિથ્યાત્વીની બુદ્ધિ અબુદ્ધિ જ હોવાથી તેને બુદ્ધિ પૂર્વક નિર્જરા જ હોતી નથી, અબુદ્ધિ પૂર્વક (અકામ) નિર્જરા જ હોય છે." એવી શંકા ન કરવી, કેમકે માર્ગાનુસારી બુદ્ધિનો અબુદ્ધિ તરીકે અપલાપ કરી શકાતો નથી. નહિતર તો માષતુષ વગેરેને પણ અકામનિર્જરા જ માનવાની આપત્તિ આવશે, કેમકે તેઓની નિર્જરા પણ અબુદ્ધિ પૂર્વક જ હતી. "માષતુષાદિમાં સાક્ષાત્ બુદ્ધિ ન હોવા છતાં ગુરુપારતન્ત્ર્ય વગેરે હોવાના કારણે, બુદ્ધિની હાજરીથી જે ફળ મળવાનું હોય તે તો મળતું જ હોવાથી ફળતઃ તો બુદ્ધિની હાજરી હતી જ" એવી દલીલ માર્ગાનુસારી માટે પણ સમાન જ છે, કેમકે ગુણઠાણાની ઉચિત પરિણતિની હાજરીમાં ફલતઃ બુદ્ધિમત્તા પણ અબાધિત જ હોય છે. ઉપદેશપદમાં કહ્યું છે કે"જીવદયા વગેરે રૂપ વિશેષ ગુણના પરિણામની હાજરીમાં જીવ સારભૂત ધર્મવાળો જ માત્ર થાય છે એવું નથી કિંતુ યોગ્ય-અયોગ્યનો વિવેક કરવામાં કુશળ એવી બુદ્ધિવાળો પણ પ્રાયઃ કરીને થાય છે.

[1]गुणठाणगपरिणामे संते तह बुद्धिमं पि पाएण। जायइ जीवो तप्फलमविकलमन्ने उ णियमसि ॥

गुणविशेषस्य जीवदयादिरूपस्यात्मनि परिणामे सति तथेति समुच्चये, बुद्धिमानपि युक्तायुक्तविवेचनचतुरशेमुषीपरिगतोऽपि न केवलधर्मसार: सदा भवति, प्रायेण बाहुल्येन जायते जीवः। महतामप्यनाभोगसम्भवेन कदाचित्कृत्येष्वबुद्धिमत्त्वमपि कस्यचित्स्यादिति प्रायोग्रहणम्। अत्रैव मतान्तरमाह—तत्फलं बुद्धिमत्त्वफलं स्वर्गापवर्गादिप्राप्तिलक्षणमपेक्ष्यान्ये पुनराचार्या नियमोऽवश्यंभावो बुद्धिमत्त्वस्यानाभोगेऽपि गुणस्थानपरिणतौ सत्यामिति ब्रुवते। अयमभिप्राय:—संपन्ननिर्वाणव्रतपरिणामा प्राणिनो 'जिनभणितमिदं' इति श्रद्दधाना: क्वचिदर्थेऽनाभोगबहुलतया प्रज्ञापकदोषाद् वितथश्रद्धानवन्तोऽपि न सम्यक्त्वादिगुणभङ्गभाजो जायन्ते। तथोक्तं (उत्तरा. नि. १६३)

[2]सम्मद्दिट्ठीजीवो उवइट्ठं पवयणं तु सद्दहइ। सद्दहइ असब्भावं अयाणमाणो गुरुणिओगा ॥

इति। बुद्धिमत्त्वे सति ते व्रतपरिणामफलमविकलमुपलभन्ते एवेति। **यथा च सम्यग्दृष्ट्यादिगुणस्थानावान्तरपरिणतितारतम्येऽपि बुद्धिमत्त्वसामान्यफलाभेदस्तथा मार्गानुसारिणां मिथ्यादृशां मिथ्यात्वगुणस्थानावान्तरपरिणतितारतम्येऽपि। अत एवापुनर्बन्धकादीनामादित एवारभ्यानाभोगतोऽपि सदन्धन्यायेन मार्गगमनमेव' इत्युपदिशन्त्यध्यात्मचिन्तका:। यत्तु मिथ्यादृशां**

મોટા માણસોને પણ અનાભોગ સંભવતો હોઈ ક્યારેક કોઈને કૃત્યમાં અબુદ્ધિમત્ત્વ પણ આવી જાય છે. તેથી 'પ્રાય: કરીને' એમ લખ્યું છે. આજ બાબતમાં ઉપદેશપદકાર મતાંતર દેખાડતાં ઉત્તરાર્ધમાં કહે છે કે, બુદ્ધિમત્તાના ફળરૂપ સ્વર્ગ-મોક્ષની પ્રાપ્તિની અપેક્ષાએ અન્ય આચાર્યો તો, ગુણઠાણાની પરિણતિની હાજરીમાં અનાભોગ હોય તો પણ બુદ્ધિમત્તા તો અવશ્ય હોય જ, (કેમકે બુદ્ધિમત્તાનું ફળ તો મળી જ જાય છે.) એવો નિયમ માને છે. કહેવાનો અભિપ્રાય એ છે કે ધા (અતિચાર) મુક્ત વ્રત પરિણામ પામેલા જીવો 'આ શ્રી જિનેશ્વર ભગવાને કહ્યું છે.' એવી શ્રદ્ધા કરતાં થકાં ક્યારેક કોઈક પદાર્થ અંગે અનાભોગ બહુલતાના કારણે પ્રજ્ઞાપકની ભૂલ થવાથી ઉલ્ટી શ્રદ્ધાવાળા થાય તો પણ તેઓના સમ્યક્ત્વાદિ ગુણોનો ભંગ થતો નથી. **ઉત્તરાધ્યયનનિર્યુક્તિ** (૧૬૩)માં કહ્યું છે કે "સમ્યક્દૃષ્ટિ જીવ ઉપદેશાયેલ પ્રવચનની શ્રદ્ધા કરે છે. પણ ક્યારેક અજાણપણામાં ગુરુએ આપેલ સમજણના કારણે અસદ્ભૂત અર્થની પણ શ્રદ્ધા કરે છે." કોઈપણ રીતે, બુદ્ધિમત્તાની હાજરીમાં તેઓ વ્રત પરિણામનું સંપૂર્ણ ફળ તો મેળવે જ છે."

**જેમ સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણા યોગ્ય પરિણતિની હાજરીમાં અવાન્તર પરિણતિઓનું તારતમ્ય થવા છતાં બુદ્ધિમત્તાના સામાન્ય ફળમાં તો ભેદ પડતો નથી તેમ માર્ગાનુસારી મિથ્યાત્વીઓની મિથ્યાત્વગુણઠાણાની અવાન્તર પરિણતિઓમાં તારતમ્ય હોવા છતાં બુદ્ધિમત્તાના સામાન્ય ફળમાં તો ભેદ પડતો જ નથી. તેથી જ,** "અપુનર્બંધકાદિ જીવોનું અનાભોગ હોય તો પણ શરૂઆતથી જ સદન્ધન્યાયે માર્ગ ગમન જ થાય છે" એવું અધ્યાત્મચિન્તકો **કહે છે. 'મિથ્યાત્વીઓને પણ જો સકામનિર્જરા હોય તો સમ્યક્ત્વીઓમાં અને તેઓમાં ફેર જ રહેશે નહિ' એવું જે કોઈનું કહેવું છે તે અસત્ છે, કેમકે એ રીતે સકામ નિર્જરારૂપ સમાનતા થવા માત્રથી જો કોઈ જ ફેર રહી શકતો ન હોય તો તો શુક્લ લેશ્યારૂપ સમાનતાવાળા મિથ્યાત્વીથી માંડીને સયોગી કેવળી સુધીના જીવોમાં પણ કોઈ**

१ गुणस्थानकपरिणामे सति तथा बुद्धिमानपि प्रायेण। जायते जीवस्तत्फलमपेक्ष्यान्ये तु नियम इति ॥
२ सम्यग्दृष्टिर्जीव उपदिष्टं प्रवचनं तु श्रद्दधाति। श्रद्दधात्यसद्भावमजानन् गुरुनियोगात् ॥

सकामनिर्जरासंभवे सम्यग्दृष्टिमिथ्यादृष्ट्योरविशेषप्रसङ्गः' इति केनचिदुच्यते तदसत्, एवं सति मिथ्यादृष्ट्यादीनां सयोगिकेवलिपर्यन्तानां शुक्ललेश्यावत्त्वेनाविशेषप्रसङ्गात् । अवान्तरविशेषान्न तदविशेष इति चेत् ? सोयं प्रकृतेऽपि तुल्यः, सम्यग्दृष्टिनिर्जरापेक्षया मिथ्यादृष्टिनिर्जराया अल्पत्वस्याभ्युपगमादिति यथाशास्त्रं भावनीयम् ॥३७॥

'नन्वेवं मिथ्यादृशां गुणानुमोदनेन परपाखण्डिप्रशंसालक्षणः सम्यक्त्वातिचारः स्याद्'इत्याशङ्कां परिहर्तुमाह–

परपाखंडिपसंसा इहइं खलु कोवि णेवमइआरो ।
सो तम्मयगुणमोहा अणवत्थाए व होज्जाहि ॥३८॥

(परपाखंडिप्रशंसेह खलु कोऽपि नैवमतिचारः । स तन्मतगुणमोहादनवस्थया वा भवेद् ) ॥ ३८ ॥

परपाखंडिपसंसत्ति । एवमुक्तप्रकारेण, इह मार्गानुसारिगुणानुमोदने परपाखंडिप्रशंसाऽतिचारः कोऽपि न स्यात्, यतः स परपाखंडिप्रशंसातिचारः (१) तन्मताः परपाखंडिमात्रसंमता ये गुणा अग्निहोत्रपञ्चाग्निसाधनकष्टादयस्तेषु मोहोऽज्ञानं तत्त्वेन जिनप्रणीततुल्यत्वादिमिथ्याज्ञानलक्षणं ततो भवेत्, 'परपाखंडिनः परदर्शनिनः तेषां प्रशंसा' इत्यत्र व्युत्पत्तावर्थात् पाखंडतावच्छेदकधर्मप्रशंसाया एवातिचारत्वलाभाद् । यथा हि 'प्रमादिनो न प्रशंसनीयाः' इत्यत्र प्रमादिनां प्रमादितावच्छेदकधर्मेणाप्रशंसनीयत्वं लभ्यते, न त्वविरतसम्यग्दृष्ट्यादीनां सम्यक्त्वादिनापि, 'तथा पाखण्डिनो न प्रशंसनीयाः' इत्यत्रापि पाखंडिनां पाखंडतावच्छेदकधर्मेणैवाप्रशंसनीयत्वं लभ्यते, न तु मार्गानुसारिणां क्षमादिगुणेनापि । अभिनिवेशविशिष्टक्षमादिगुणानामपि पाखण्डतावच्छेदकत्वमेवेति तद्रूपेण प्रशंसायामप्यतिचार एव । अत एवोग्रकष्टकारिणामप्याज्ञोल्लंघनवृत्तीनां प्रशंसाया दोषावहत्वमुक्तं– [पंचा. ११-३९]

---

ફેર જ ન રહેવાની આપત્તિ આવશે. "શુક્લલેશ્યા રૂપ સામ્ય હોવા છતાં તે શુક્લલેશ્યાના અવાન્તર ભેદોનો તફાવત હોવાથી તેઓમાં વિશેષતા અબાધિતપણે રહે છે." એવો ઉત્તર પ્રસ્તુત સકામનિર્જરાની બાબતમાં પણ સમાન જ જાણવો, કેમકે સમ્યગ્દૃષ્ટિને થતી નિર્જરાની અપેક્ષાએ મિથ્યાત્વીની નિર્જરા અલ્પ હોવા રૂપ વિશેષતા તો માનેલી જ છે. માટે મિથ્યાત્વીઓને પણ સકામનિર્જરા સંભવે છે એ વાત શાસ્ત્રાનુસારે વિચારવી.

માટે 'મિથ્યાત્વીનું કોઈપણ અનુષ્ઠાન અકામનિર્જરાનું જ કારણ બનતું હોઈ અનુમોદનીય હોતું નથી' એવી પૂર્વપક્ષીય દલીલ ઊડી જાય છે. તેથી માર્ગાનુસારી મિથ્યાત્વીનું અનુષ્ઠાન અનુમોદનીય હોવું સિદ્ધ થાય છે. ॥૩૭॥

"મિથ્યાત્વીઓના ગુણની આ રીતે અનુમોદના કરવામાં પરપાખંડીની પ્રશંસા કરવા રૂપ સમ્યક્ત્વનો અતિચાર લાગશે" એવી શંકાનો પરિહાર કરવા ગ્રંથકાર કહે છે—

ગાથાર્થ : આ રીતે અનુમોદના કરવામાં પરપાખંડી પ્રશંસારૂપ કોઈ અતિચાર લાગતો નથી, કારણ કે તે અતિચાર તો (૧) માત્ર તેઓને સંમત એવા ગુણોના મોહથી કે (૨) અનવસ્થાથી થાય છે.

[1]"तेसिं बहुमाणेण उम्मग्गणुमोअणा अणिट्ठफला । तम्हा तित्थयरआणाठिएसु जुत्तोत्थ बहुमाणो ।।" इत्यादिना श्री हरिभद्रसूरिभिः । वा अथवा (२) अनवस्थया मार्गभ्रंशलक्षणयातिचारो भवेद्, मुग्धपर्षदि क्षमादिगुणमादायापि मिथ्यादृष्टिप्रशंसायां परदर्शनिभक्तत्वप्रसङ्गादेकैकासमञ्जसाचाराद्, एवं मार्गोच्छेदापत्तेः । अत एवाभिमुखमुग्धपर्षद्गतस्य परपाखण्डिसम्बन्धिकष्टप्रशंसादिना महानिशीथे परमाधार्मिकमध्योत्पत्तिरुक्ता । तथा च तत्पाठः–

'जे भिक्खू वा भिक्खुणी वा परपासंडीणं पसंसं करेज्जा, जे यावि णं णिण्हवाणं पसंसं करेज्जा जे णं णिण्हवाणं आययणं पविसेज्जा जे णं णिण्हवाणं गंथसत्थपयक्खरं वा परूवेज्जा ते णं णिण्हवाण संतिए कायाकिलेसाइए तवे इ वा संजमे इ वा नाणे इ वा विन्नाणे इ वा सुए इ वा पंडिते इ वा अभिमुहमुद्धपरिसागए सिलाहेज्जा सेवि य णं परहम्मिएसु उववज्जेज्जा, जहा सुमतित्ति'[2] तथा च यः स्वस्य परेषां च गुणानुरागवृद्धिकारणमवगत्यैव जिनप्रणीतक्षमादिगुणगणमादाय मार्गानुसारिणां मिथ्यादृशां प्रशंसां करोति तस्य न दोषगन्धोऽपि, प्रत्युत 'अहो सकलगुणसारं जिनप्रवचनं, इति धर्मोन्नतिरेव स्यादिति भावः ।।३८।।

આમ અન્યમાર્ગસ્થ માર્ગાનુસારીના ગુણોની અનુમોદના કરવામાં પણ પરદર્શનીની પ્રશંસા થઈ જવા રૂપ કોઈ અતિચાર લાગતો નથી, કેમકે તે અતિચાર લાગવાના બે કારણમાંથી એકેય અહીં સંપન્ન થતું નથી. તેમાંનું પહેલું કારણ (૧) માત્ર પરપાખંડીને જ સંમત એવા અગ્નિહોત્ર પંચાગ્નિ સાધન કષ્ટ વગેરે રૂપ ગુણોમાં 'આ બધા વાસ્તવિક રીતે જિનપ્રણીત અનુષ્ઠાનોને સમાન જ છે' ઈત્યાદિ મિથ્યાજ્ઞાન રૂપ મોહ. 'પરપાખંડી પ્રશંસા' એવા શબ્દનો વ્યુત્પત્તિથી 'પરદર્શનીઓની પ્રશંસા' એવો અર્થ થાય છે. આમાં વિચાર કરતાં અર્થાપત્તિથી જણાય છે કે, 'અહીં પાખંડીની પ્રશંસા અતિચાર રૂપ જ બને' એવું નથી પણ 'પાખંડિતાઅવચ્છેદક ધર્મની પ્રશંસા અતિચાર રૂપ જ બને' એવું છે. અર્થાત્ તે વ્યક્તિ પાખંડી હોવામાં જે ધર્મ મુખ્ય ભાગ ભજવે છે તે ધર્મની પ્રશંસા જ નિયમા અતિચાર રૂપ બને છે. જેમકે 'પ્રમાદીઓ પ્રશંસનીય નથી' એવા વચનથી, તેઓ જે ધર્મને મુખ્ય કરીને પ્રમાદી છે તે પ્રમાદિતા અવચ્છેદક ધર્મથી જ તેઓ અપ્રશંસનીય હોવા જણાય છે, નહિ કે સમ્યક્ત્વાદિ ધર્મથી પણ. કેમકે નહિતરતો અવિરત સમ્યક્ત્વી આદિની સમ્યક્ત્વને આગળ કરીને પણ પ્રશંસા કરી શકાય નહિ. આ જ રીતે 'પાખંડીઓ પ્રશંસનીય નથી' એવું વચન પણ પાખંડતા અવચ્છેદક ધર્મથી જ તેઓને અપ્રશંસનીય જણાવે છે, નહિ કે ક્ષમાદિગુણોથી માર્ગાનુસારી અન્યમાર્ગસ્થને પણ. અર્થાત્ ક્ષમાદિગુણોને આગળ કરીને માર્ગાનુસારીની કરાતી પ્રશંસા અતિચાર રૂપ બનતી નથી. 'આ રીતે તો અભિનિવિષ્ટ પાખંડી પણ તેના ક્ષમાદિગુણોના કારણે પ્રશંસનીય બની જવાની આપત્તિ આવશે' એવી શંકા ન કરવી, કેમ કે અભિનિવેશ યુક્ત ક્ષમાદિ ગુણો પણ પાખંડતા અવચ્છેદક જ છે. તેથી તેઓને આગળ કરીને કરાતી

१. तेषां बहुमानेनोन्मार्गानुमोदनानिष्टफला । तस्मात्तीर्थकराज्ञास्थितेषु युक्तोऽत्र बहुमानः ।।

२. यो भिक्षुर्वा भिक्षुकी वा परपाखण्डिनां प्रशंसां कुर्यात् योऽपि च निह्नवानां प्रशंसां कुर्यात्, यः खलु निह्नवानां ग्रन्थशास्त्रपदाक्षरं वा प्ररूपयेत्, यः खलु निह्नवानां सत्कान् कायक्लेशादीन् तपो वा संयमं वा ज्ञानं वा विज्ञानं वा श्रुतं वा पाण्डित्यं वाऽभिमुखमुग्धपर्षद्गतः श्लाघयेत् सोऽपि च परमाधार्मिकेषु उपपद्येत, यथा सुमतिरिति ।।

अथ भवन्तु मिथ्यादृशामपि केऽपि केऽपि गुणास्तथापि हीनत्वादेव ते नानुमोद्या इति आशङ्काशेषं निराकर्तुमाह–

जइ हीणं तेसिं गुणं सम्मत्तधरो ण मन्नईत्ति मई ।
ता कस्सवि सुहजोगं तित्थयरो णाणुमन्निज्जा ॥३९॥

[यदि हीनं तेषां गुणं सम्यक्त्वधरो न मन्यते इति मतिः । ततः कस्यापि शुभयोगं तीर्थकरो नानुमन्येत ॥ ३९ ॥]

**जइ हीणंति** । यदि 'हीनं' तेषां मिथ्यादृशां गुणं क्षमादिकं न मन्यते नानुमन्यते, सम्यक्त्वधर उत्कृष्टपदत्वाद् इति तव मतिः स्यात्; तदा कस्यापि शुभयोगं तीर्थकरो नानुमन्येत, तीर्थकरापेक्षया सर्वेषामपि छद्मस्थानामधस्तनस्थानवर्त्तित्वात्, न चैतदिष्टं, तत उपरितनगुणस्थानस्थानामपि सर्वं मार्गानुसारिकृत्यमनुमोदनीयमेव । यच्च सम्यक्त्व-

---

પ્રશંસામાં પણ અતિચાર તો લાગે જ છે. તેથી ઉગ્રકષ્ટ ઉપાડનારા પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરીને જીવનારા સાધુ વગેરેની પ્રશંસાને દોષાવહ કહી છે. જેમકે **પંચાશક (૧૧-૩૯)માં શ્રીહરિભદ્રસૂરિ મહારાજે** કહ્યું છે કે "તેઓના બહુમાનથી અનિષ્ટ આપનાર એવી ઉન્માર્ગની અનુમોદના થાય છે. તેથી જિનાજ્ઞામાં રહેલ જીવો પર બહુમાન કરવું એ યોગ્ય છે."

હવે ગ્રન્થકાર તે અતિચાર લાગવાનું બીજું કારણ જણાવે છે. અથવા માર્ગભ્રંશ રૂપ અનવસ્થાથી અતિચાર લાગે છે. મુગ્ધપર્ષદમાં ક્ષમાવગેરે ગુણોને આગળ કરીને પણ મિથ્યાત્વીની પ્રશંસા કરવામાં આવે તો એ જીવો મુગ્ધ હોઈ તે પરદર્શનને જ પ્રશંસનીય માની તેના ભક્ત બની જાય છે જેના કારણે પછી ઉત્તરોત્તર અયોગ્ય આચારો સેવે છે. તેથી સાચા માર્ગનો ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવે. તેથી જ "સન્માર્ગને સન્મુખ થયેલા મુગ્ધજીવોની સભામાં પરપાખંડીના કષ્ટ અનુષ્ઠાનની પ્રશંસા વગેરે કરવાથી પરમાધામીપણું મળે છે" એવું **મહાનિશીથસૂત્રમાં** કહ્યું છે. તે આ રીતે– "સન્માર્ગને સન્મુખ થયેલા મુગ્ધજીવોના સભામાં જે સાધુ કે સાધ્વી પરપાખંડીની પ્રશંસા કરે, અથવા નિહ્નવોના સ્થાનમાં જાય, નિહ્નવોના ગ્રન્થ-શાસ્ત્ર પદ કે અક્ષરની પ્રરૂપણા કરે, નિહ્નવોના કાયક્લેશાદિ તપ, સંયમ, જ્ઞાન, વિજ્ઞાન, શ્રુત, કે પાંડિત્યની શ્લાઘા કરે છે તે પણ પરમાધામી થાય છે— જેમ કે સુમતિ.

પણ આવા દોષની અસંભાવનાના કાળમાં, જેઓ 'પોતામાં અને બીજામાં ગુણાનુરાગની વૃદ્ધિ થશે" એવું જાણીને જ જિનોક્ત ક્ષમા વગેરે ગુણસમુહને મુખ્ય કરીને માર્ગાનુસારી મિથ્યાત્વીઓની પ્રશંસા કરે છે તેઓને દોષગંધની પણ સંભાવના રહેતી નથી, ઉપરથી સાંભળનારને 'અહો! જિનપ્રવચન સકલગુણોના કારણે સારભૂત છે' ઈત્યાદિ અહોભાવ કરાવવા દ્વારા ધર્મોન્નતિ જ થાય છે. ॥૩૮॥

"મિથ્યાત્વીઓમાં પણ કોઈ કોઈ ગુણો ભલે હો! પણ સમ્યક્ત્વીની અપેક્ષાએ તે ગુણો હીન કક્ષાના હોવાથી જ અનુમોદનીય નથી" આવી રહી ગયેલી થોડી શંકાને દૂર કરવા માટે ગ્રન્થકાર કહે છે–

**ગાથાર્થ** :–'તેઓના ગુણો નીચલી કક્ષાના હોય છે. તેથી સમ્યક્ત્વી તેની અનુમોદના કરે નહિ' આવો જો તમારો અભિપ્રાય હોય તો અમે કહીએ છીએ કે શ્રી તીર્થંકર પરમાત્માઓ તો કોઈના પણ શુભયોગની અનુમોદના કરી શકશે નહિ.

गुणविशेषप्रदर्शनार्थं मिथ्यादृग्गुणमात्रस्य शास्त्रेऽकिञ्चित्करत्वप्रतिपादनं नैतावता सर्वथा तद्विलोप एव सिध्यति, चारित्रगुणविशेषप्रदर्शनार्थं (आव. नि. ११७२)–

[1]दसारसीहस्स य सेणियस्स पेढालपुत्तस्स य सच्चइस्स। अणुत्तरदंसणसंपया सिया विणा चरित्तेणहरं गइं गया॥

इत्यादिना सम्यक्त्वस्यापि तत्प्रतिपादनादिति द्रष्टव्यम् ॥३९॥

तदेवमन्येषामपि मार्गानुसारिगुणानामनुमोद्यत्वसिद्धौ सम्यग्दृशाऽन्येषां गुणा नानुमोद्या एव' इत्युत्सूत्रं त्यक्तव्यं, स्तोकस्याप्युत्सूत्रस्य महानर्थहेतुत्वादित्युपदेशमाह–

**ता उस्सुत्तं मोत्तुं अणुमोइज्जा गुणे उ सव्वेसिं ।**
**जं थोवा वि तओ लहेज्ज दुक्खं मरीइव्व ॥ ४० ॥**

[तत उत्सूत्रं मुक्त्वानुमोदेत गुणान् सर्वेषां तु। यत्स्तोकादपि ततो लभेत दुःखं मरीचिरिव ॥ ४० ॥]

ता उस्सुत्तं ति। तत् तस्मात्कारणात् उत्सूत्रं मुक्त्वा तुरेवकारार्थः स च सर्वेषां इत्यनन्तरं योज्यः, सर्वेषामेव गुणाननुमोदेत भव्य इति शेषः। यद् यस्मात् स्तोकादपि ततः उत्सूत्रात् मरीचिरिव दुःखं लभेत। मरीचिर्हि "कविला इत्थंपि इहयंपि" इति स्तोकादप्युत्सूत्रात्सागरोपमकोटाकोटीमानसंसारपरिभ्रमणजन्यदुःखं लब्धवान्, ततो यो मार्गानुसार्यनुमोदनां लुम्पन्नुत्सूत्रसहस्रवादी तस्य किं वाच्यमिति भावः।

[સ્વાપેક્ષયા હીન એવા ક્ષમાદિમાં અનુમોદનીયત્વ અક્ષત]

'સમ્યક્ત્વી પોતે ઊંચે સ્થાને રહેલો હોઈ મિથ્યાત્વીના (સ્વ અપેક્ષાએ હીનકક્ષાના ક્ષમાદિ ગુણોને અનુમોદે નહિ" એવું જો તમારું કહેવું હોય તો અમારું તમને કહેવું છે કે તીર્થંકર પરમાત્માએ કોઈના પણ શુભયોગને અનુમોદવાના રહેશે નહિ, કારણ કે તેમની અપેક્ષાએ બધા છદ્મસ્થજીવો નીચલી ભૂમિકામાં રહેલા છે. પણ આ વાત ઈષ્ટ તો છે નહિ. તેથી નક્કી થાય છે કે ઉપર ઉપરના ગુણઠાણે રહેલા જીવો માટે પણ માર્ગાનુસારી કૃત્યો અનુમોદનીય છે જ. સમ્યક્ત્વગુણની વિશેષતા દેખાડવા માટે શાસ્ત્રમાં મિથ્યાત્વીના ગુણમાત્રને જે અકિંચિત્કર જણાવ્યા છે એટલા માત્રથી તેઓના ગુણોનો ગુણ તરીકે સર્વથા અભાવ સિદ્ધ થઈ જતો નથી. કેમ કે નહિતરતો એ રીતે સમ્યક્ત્વનો પણ ગુણ તરીકે અભાવ જ થઈ જશે, કારણ કે ચારિત્રગુણની વિશેષતા દેખાડવા તેને પણ શાસ્ત્રોમાં અકિંચિત્કર તરીકે જણાવ્યો જ છે. જેમકે આવશ્યકનિર્યુક્તિ (૧૧૭૨)માં કહ્યું છે કે "દશારસિંહ કૃષ્ણ, શ્રેણિક અને પેઢાલપુત્ર સત્યકિ પાસે અનુત્તર એવી સમ્યગ્દર્શનરૂપ સંપત્તિ હતી. છતાં ચારિત્ર ન હોવાના કારણે તેઓ નીચી ગતિમાં ગયા. અર્થાત્ તેઓનું સમ્યક્ત્વ તેઓને બચાવી શક્યું નહિ." ॥ ૩૯ ॥ આ રીતે અન્ય માર્ગસ્થ માર્ગાનુસારીઓના પણ ગુણો અનુમોદનીય સિદ્ધ થાય છે. માટે 'સમ્યગ્દૃષ્ટિએ બીજાના ગુણોની અનુમોદના કરાય જ નહિ' એવું કથન એ ઉત્સૂત્ર છે. અને તેથી એ ત્યાજ્ય છે, કારણ કે નાનું પણ ઉત્સૂત્ર ભયંકર અનર્થનો હેતુ બને છે. એવો ઉપદેશ આપતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** : તેથી ભવ્યજીવે ઉત્સૂત્રનો ત્યાગ કરીને બધાના ગુણોની અનુમોદના કરવી જોઈએ, કેમકે નાના પણ ઉત્સૂત્રથી જીવ મરીચિની જેમ દુઃખ પામે છે.

1 दशारसिंहस्य च श्रेणिकस्य पेढालपुत्रस्य च सत्यकेः। अनुत्तरा दर्शनसंपदासीद्विना चारित्रेणाधरां गतिं गताः॥

अत्र केचिदाहुः-मरीचिरुत्सूत्राद् दुःखं लब्धवानिति वयं न सहामहे, उत्सूत्रस्य नियमतोऽनन्तसंसारकारणत्वात्, तेन चासंख्येयसंसारार्जनात्, तत उत्सूत्रमिश्रितमेवेदं मरीचिवचनं, न तूत्सूत्रमिति प्रतिपत्तव्यम्। तथाहि-साधुधर्मे द्विरुक्तेऽपि साधुधर्मानभिमुखेन कपिलेन 'युष्मत्समीपे कश्चिद्धर्मोऽस्ति ? इति पृष्टे, आवश्यकवृत्त्यभिप्रायेण तु 'भवद्दर्शने किञ्चिद्धर्मोस्ति ?' इति पृष्टे, 'अहो। अयं प्रचुरकर्मा द्विरुक्तोऽपि साधुधर्मानभिमुखो मदुचितः सहायः संवृतः' इति विचिन्त्य 'मम देशविरतिधर्मोऽस्ति' इत्यभिप्रायेण'मनागिहाप्यस्ति' इति मरीचिरुक्तवान्। तत्र मरीचेर्यदि देशविरतिविमर्शो नाभविष्यत्तर्हि 'मनाग्' इति नाभणिष्यत्। एतद्वचनं परिव्राजकवेषे सति परिव्राजकदर्शने किञ्चिद्धर्मव्यवस्थापकं संपन्नम्, 'इह' शब्दस्या स्पष्टार्थवाचकत्वेन श्रोतुः कपिलस्य परिव्राजकदर्शनेऽपि किञ्चिद्धर्मोऽस्ति इत्यवबोधात्, अन्यथा कपिलः परिव्राजकवेषं नाग्रहीष्यत्, तस्य धर्मचिकीर्षयैव तद्वेषोपादानात् राजपुत्रत्वेनान्यकारणासंभवात्, ततश्च कापिलीयदर्शनप्रवृत्तिः, सा च कपिलस्य मरीचेरन्येषां च महानर्थकारणं, कुप्रवचनरूपत्वात्, तदेतदेवंभूतं वचनमुत्सूत्रमिश्रं, मरीच्यपेक्षया सूत्रत्वेऽपि कपिलापेक्षया उत्सूत्रत्वाद्। 'मम पार्श्वे मनाग्धर्मोऽस्ति' इति देशविरतस्य मरीचेरभिप्रायान्मरीच्यपेक्षया हि सत्यमेवैतत्, 'परिव्राजकदर्शने मनाग्धर्मोऽस्ति' इति कपिलस्य बुद्धिजनकत्वेन कपिलापेक्षया चासत्यरूपमेव इति ।

---

તેથી ઉત્સૂત્રને છોડીને ભવ્ય જીવે બધાના જ ગુણોની અનુમોદના કરવી જોઈએ, કારણ કે અલ્પ પણ ઉત્સૂત્રથી મરીચિની જેમ દુઃખ આવે છે. 'કપિલ! ત્યાં પણ છે અને અહીં પણ (ધર્મ) છે' એટલા અલ્પ ઉત્સૂત્રથી એક કોડાકોડી સાગરોપમ સુધી સંસારમાં પરિભ્રમણનું દુઃખ મરીચિ પામ્યો હતો, તો માર્ગાનુસારીની અનુમોદનાનો વિલોપ કરવા માટે હજારો ઉત્સૂત્ર બોલનારનું તો શું થશે ? એ વિચારવું જોઈએ.

[ મરીચિનું વચન ઉત્સૂત્રમિશ્ર હતું-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ** :–'મરીચિ ઉત્સૂત્રથી દુઃખ પામ્યો' એ વચનને અમે સહી શકતાં નથી, કારણ કે ઉત્સૂત્રભાષણ નિયમા અનંત સંસારનું કારણ બને છે જ્યારે મરીચિનો તો અસંખ્ય સંસાર જ વધ્યો હતો. 'તેથી તેનું ઉક્તવચન ઉત્સૂત્રમિશ્રિત જ હતું, નહિ કે ઉત્સૂત્ર' એ વાત સ્વીકારવી જ જોઈએ. તે આ રીતે યુક્ત પણ ઠરે છે-બે વાર સાધુધર્મનો ઉપદેશ આપવા છતાં સાધુ ધર્મ માટેની તૈયારી વિનાના કપિલે 'તમારી પાસે કોઈ ધર્મ છે કે નહિ ? એવું પૂછયું. (આવશ્યકવૃત્તિના અભિપ્રાય મુજબ-'તમારા દર્શનમાં કોઈ ધર્મ છે કે નહિ ? એવું પૂછયું) ત્યારે 'અહો ! બે વાર સમજાવવા છતાં ભારે કર્મી હોઈ સાધુ ધર્મને અભિમુખ ન થયેલો આ મારે માટે યોગ્ય સહાયક બની રહેશે' એવો વિચાર કરીને અને 'મારી પાસે દેશવિરતિ ધર્મ તો છે' એવા અભિપ્રાયથી મરીચિએ 'અહીં પણ કાંઈક ધર્મ છે' એવું કહ્યું. એમાં મરીચિને જો પોતાનો દેશ–વિરતિ ધર્મ નજરમાં આવ્યો ન હોત અને શિષ્યના લોભથી અસત્ય જ બોલવું હોત તો એ 'કંઈક' એવું ન કહેત. આમ મરીચિએ તો દેશવિરતિધર્મની અપેક્ષાએ જ

---

૧ कपिल ! इत्थमपीहापि

तदसत्, उत्सूत्रकथनाभिप्रायेण प्रवृत्तस्यास्य वचनस्य मायानिश्रितासत्यरूपस्योत्सूत्रत्वात् । आपेक्षिकसत्यासत्यभावाभ्यामुत्सूत्रमिश्रितत्वाभ्युपगमे च भगवद्वचनस्यापि तथात्वप्रसङ्गात् । तदपि हि भगवतस्तद्भक्तानां चापेक्षया सत्यं पाखण्डिनां चापेक्षयाऽसत्यमिति । अथ भगवता वचनं परस्यासत्यबोधाभिप्रायेण न प्रयुक्तमिति नोत्सूत्रं, मरीचिना तु प्रकृतवचनं कपिलस्यासत्यबोधाभिप्रायेणैव प्रयुक्तम् । स ह्येवं ज्ञातवान् एतन्मद्वचनं कपिलस्य परिव्राजकदर्शने धर्मबुद्धिजनकं भविष्यतीत्येवमेवायं बोधनीयः इति, कथमन्यथाऽस्य परिव्राजकवेषमयमदास्यद् ? इति महद्वैषम्यमिति चेत् ? हन्त तर्हि उत्सूत्रमेवेदं प्राप्तमिति गतमुत्सूत्रमिश्रेण,

એ વચન કહ્યું હતું, પણ એનો વેશ પરિવ્રાજકનો હોઈ એ વચનથી દેશવિરતિનું નહિ પણ પરિવ્રાજકદર્શનનું કંઈક ધર્મ તરીકે પ્રતિપાદન થયું, કેમકે 'ઇહ' શબ્દ કોઈ ચોક્કસ પદાર્થને જણાવનાર ન હોઈ સાંભળનાર કપિલને તો 'પરિવ્રાજક દર્શનમાં પણ કંઈક ધર્મ છે' એવો બોધ થયો. 'કપિલને એ દર્શનમાં પણ ધર્મનો કંઈ બોધ થયો નહોતો' એવું ન કહેવું, કેમકે તો પછી એ પરિવ્રાજક વેષ પણ લેત જ શા માટે? કારણ કે રાજપુત્ર એવા તેણે એ લેવામાં 'ખાવા પીવાની ચિંતા મટી જશે' વગેરે રૂપ અન્ય કારણ સંભવતું ન હોવાથી ધર્મની ઈચ્છાથી જ તે વેષ લીધો હોવો જણાય છે. આમ એમાં એને ધર્મનો બોધ થવાથી પછી એમાંથી કાપિલીય દર્શન નીકળ્યું. જે કુપ્રવચનરૂપ હોઈ કપિલ, મરીચિ અને બીજા અનેકોના મહાઅનર્થનું નિમિત્ત બન્યું. આમ મરીચિનું તે વચન ઉત્સૂત્રમિશ્ર હતું, કેમકે મરીચિની અપેક્ષાએ તે સૂત્રરૂપ હોવા છતાં કપિલની અપેક્ષાએ ઉત્સૂત્ર હતું. મારી પાસે દેશવિરતિરૂપ આંશિક ધર્મ છે એવો દેશવિરત મરીચિનો અભિપ્રાય હોવાથી તેની અપેક્ષાએ તો એ સત્ય જ હતું. તેમજ કપિલને પરિવ્રાજક દર્શનમાં કંઈક ધર્મ છે' એવી બુદ્ધિ કરાવનાર હોઈ કપિલની અપેક્ષાએ તે અસત્ય પણ હતું જ. માટે એ ઉત્સૂત્રમિશ્ર હોવાથી અનંત સંસારના બદલે અસંખ્ય સંસારનું કારણ બન્યું.

[માયાનિશ્રિત અસત્યરૂપ તે ઉત્સૂત્ર જ - ઉત્તર]

**ઉત્તરપક્ષઃ**- આવો પૂર્વપક્ષ ખોટો છે, કેમકે ઉત્સૂત્ર બોલવાના અભિપ્રાયથી બોલાયેલું આ વચન માયાનિશ્રિતઅસત્ય રૂપ હોઈ ઉત્સૂત્ર જ હતું. વળી તમે કહ્યું એ પ્રમાણે આપેક્ષિક સત્યત્વ-અસત્યત્વના કારણે જ એને જો ઉત્સૂત્રમિશ્ર માનવાનું હોય તો તો ભગવાન્‌ના વચનને પણ તેવું જ માનવાની આપત્તિ આવશે, કેમકે એ પણ ભગવાન્ અને ભગવાનના ભક્તોની અપેક્ષાએ સત્ય હોવા છતાં પાખંડીઓની અપેક્ષાએ તો અસત્ય જ હતું. અર્થાત્ દેશવિરતિની અપેક્ષાએ બોલાયેલું વચન પણ કપિલને જેમ પરિવ્રાજકદર્શનમાં ધર્મનું બોધ કરાવનાર બનવાથી તેની અપેક્ષાએ અસત્ય હતું તેમ સ્યાદ્વાદનું પ્રતિપાદન કરવા બોલાયેલું ભગવદ્વચન પણ પાખંડીઓને તો એકાન્તવાદનો જ બોધ કરાવનાર બનતું હોવાથી તેઓની અપેક્ષાએ તો અસત્ય હોવું ઠરે જ છે.

**પૂર્વપક્ષઃ**- "પાખંડીઓને એકાન્તવાદનો અસત્યબોધ થાઓ' એવા અભિપ્રાયથી ભગવાન્ બોલતા નથી. માટે તેઓનું વચન ઉત્સૂત્ર મિશ્ર બનતું નથી. જ્યારે મરીચિએ

द्रव्यतोऽसत्यस्य किशलयपाण्डुपत्रानुल्लापरूपसूत्रवचनस्येव द्रव्यतः सत्यस्य प्रकृतवचनस्योत्सूत्ररूपस्यापि मिश्रत्वायोगात्, शुद्धाशुद्धद्रव्यभावाभ्यां मिश्रत्वाभ्युपगमे जिनपूजादावपि मिश्रपक्षाभ्युपगमप्रसङ्गाच्च । अथ देशविरत्यभिप्रायेण मदपेक्षया मया सत्यं वक्तव्यं, परिव्राजकवेषाभिप्रायेण कपिलापेक्षया त्वसत्यमित्येवं भावभेदादेवेदमुत्सूत्रमिश्रमिति चेत् ? न, एतादृशभावयोरेकदाऽसंभवात्, उपयोगद्वययौगपद्याभ्युपगमस्यापसिद्धान्तत्वाद् । एक एवायं समूहालंबनोपयोग इति चेत् ? तर्हि केन कस्य मिश्रत्वम् ? नियमतः पदार्थद्वयापेक्षं ह्येतदिति । विषयभेदादेकत्रापि मिश्रत्वमिति चेत् ? तर्हि गतं केवलेनोत्सूत्रेण, सर्वस्याप्यसत्याभिप्रायस्य धर्म्यंशे सत्यत्वात् "सर्वं ज्ञानं धर्मिण्यभ्रान्तं प्रकारे तु विपर्ययः" इति शास्त्रीयप्रवादसिद्धेः । तर्हि प्रकारभेदादस्तु मिश्रत्वं, एकत्रैव वचने सत्यासत्यबोधकत्वावच्छिन्नप्रकारभेदोपरक्ताभिप्रायोपश्लेषादुत्सूत्रमिश्रत्वसंभवादिति चेत् ? न, सूत्रकथनांशेऽभिप्रायस्य प्राबल्येऽनुत्सूत्रस्योत्सूत्रकथनांशे तत्प्राबल्ये चोत्सूत्रस्यैव संभवान्मिथ्याव्यपदेशेन मिश्रस्यानवकाशाद्, अन्यथा 'क्रियमाणं न कृतं' इत्यंशेऽसत्यं प्रतिपादयामि इतरांशे च सत्यमिति मिथ्याव्यपदेशेन वदतो जमाल्यनुसारिणोऽपि नोत्सूत्रं स्यात् किन्तूत्सूत्रमिश्रमिति महदसमञ्जसम् ।

---

તો 'કપિલને અસત્યબોધ થાઓ' એવા અભિપ્રાયથી જ ઉક્ત વચન કહ્યું હતું. તે એવું જાણતો હતો કે "મારું આ વચન કપિલને 'પરિવ્રાજક દર્શનમાં ધર્મ છે' એવી બુદ્ધિ કરાવશે" અને 'આ રીતે જ આનેબોધ કરાવવો યોગ્ય છે.' જો એનો આવો અભિપ્રાય ન હોત તો કપિલ જ્યારે ધર્મ લેવા તૈયાર થયો ત્યારે તેને દેશવિરતિ ધર્મ ન આપતાં પરિવ્રાજક વેષ શા માટે આપે ? માટે ભગવાનના વચન અને મરીચિના ઉક્તવચનમાં તો ઘણી વિષમતા હોઈ ભગવદ્વચન ઉત્સૂત્રમિશ્ર સિદ્ધ થતું નથી.

**[વિપરીત એવા દ્રવ્ય ભાવભાંગા ભળવા માત્રથી મિશ્ર પણું ન આવે]**

**ઉત્તરપક્ષઃ**- જો આવા અભિપ્રાયથી જ મરીચિ એ વચન બોલ્યો હોત તો એ ઉત્સૂત્ર જ સિદ્ધ થઈ ગયું, ઉત્સૂત્રમિશ્રની વાત તો ઊડી જ ગઈ. કહેવાનો ભાવ એ છે કે વચન જો તેના સીધા અર્થની અપેક્ષાએ સત્ય હોય તો દ્રવ્યસત્ય બને છે અને શુભ અભિપ્રાયથી યોગ્ય રીતે કહેવાયું હોય તો ભાવસત્ય બને છે. શાસ્ત્રમાં કિશલય-પાંડુપત્ર (નવા-જુના પાંદડા) વચ્ચે વાર્તાલાપ થયાની જે વાતો આવે છે તે દ્રવ્યથી અસત્ય હોવા છતાં ભાવથી સત્ય છે. તેમાં રહેલું દ્રવ્યઅસત્યત્વ જેમ એને મિશ્રવચનરૂપ બનાવી શકતું નથી કિન્તુ સૂત્રવચનરૂપ જ રહેવા દે છે તેમ દેશવિરતિરૂપ આંશિક ધર્મ હોવાના કારણે મરીચિના વચનમાં રહેલ દ્રવ્યસત્યત્વ તે વચનને મિશ્ર બનાવી શકતું નથી કિન્તુ અસદ્અભિપ્રાયના કારણે આવેલ ભાવઅસત્યત્વના કારણે એને ઉત્સૂત્ર જ બની જવા દે છે. બાકી શુદ્ધ કે અશુદ્ધ દ્રવ્યભાંગા સાથે અશુદ્ધ કે શુદ્ધ ભાવભાંગો ભળવાથી જ જો મિશ્રત્વ માની લેવાનું હોય તો જિનપૂજાવગેરેમાં પણ મિશ્રપક્ષ માનવાની આપત્તિ આવે. અર્થાત્ જિનપૂજા વગેરેમાં પણ દ્રવ્યહિંસા અને ભાવઅહિંસા હોઈ હિંસા (કે અહિંસા)ને મિશ્રરૂપે માનવાની આપત્તિ આવે,

अपि च 'इदं मरीचिवचनमुत्सूत्रमिश्रं' इति वदता मूलत एव जैनी प्रक्रिया न ज्ञाता, यतः सूत्रोत्सूत्रव्यवस्था तावच्छ्रुतभावभाषामाश्रित्य क्रियते । सा च सत्यासत्यानुभयरूपत्वात् त्रिविधैव दशवैकालिकनिर्युक्त्यादिसिद्धान्ते प्रतिपादिता । पराभिप्रायेण तु मिश्ररूपाया अपि तस्याः सिद्धौ भगवद्भद्रबाहूक्तविभागव्याघातप्रसङ्ग इति न किञ्चिदेतद् । इत्थं च मरीच्यपेक्षया मरीचेरनुत्सूत्रमेवेदं वचनं कपिलापेक्षया च विपर्यासबुद्धिजनकत्वज्ञानेऽपीत्थमुच्यमानमेतद्वचनं ममोत्सूत्रमिति परिज्ञानाभावात्कथञ्चिदनाभोगहेतुकमुत्सूत्रमिति वदतो माता च मे वन्ध्या चेति न्यायापात इति द्रष्टव्यम् । किञ्च तस्योत्सूत्राभोगो नासीदित्यपि दुःश्रद्धानं, व्युत्पन्नस्य तस्य तादृशास्पष्टवचनेऽप्युत्सूत्रत्वप्रत्ययावश्यकत्वाद् । न च साधुभक्तस्य तस्य तथोत्सूत्र-

---

**પૂર્વપક્ષઃ**- મરીચિના ઉક્તવચનમાં દ્રવ્ય-ભાવની અપેક્ષાએ શુદ્ધત્વ-અશુદ્ધત્વ નહોતું, પણ ભાવની અપેક્ષાએ જ તે હતું. તે આ રીતે-મારામાં દેશવિરતિ છે તેથી તેના અભિપ્રાયથી મારી અપેક્ષાએ મારે સત્ય બોલવું જોઇએ અને પરિવ્રાજકવેષનો અભિપ્રાય શોભો થાય એ રીતે કપિલની અપેક્ષાએ અસત્ય બોલવું જોઈએ. આવો શુદ્ધ અને અશુદ્ધ બન્ને ભાવ મરીચિને હોવાથી ભાવના કારણે જ તે વચન ઉત્સૂત્રમિશ્ર બન્યું હતું.

**ઉત્તરપક્ષઃ**- આવા બે ભાવો એક સાથે સંભવતા નથી. કેમકે એકસાથે બે ઉપયોગો માનવા એ સિદ્ધાન્તવિરુદ્ધ છે. તેથી આ રીતે પણ એ વચનમાં મિશ્રત્વ સંભવતું નથી, "ઉક્ત બન્ને ભાવોને વિષય કરનાર સમૂહઆલંબન (સમૂહવિષયક) એક જ ઉપયોગ એ વચન બોલતી વખતે મરીચિને હતો" એવું જો તમે કહેશો તો અમે પૂછીએ છીએ કે શેનાથી કોણ મિશ્ર બન્યું ? કેમકે મિશ્રત્વ હંમેશા બે પદાર્થોની અપેક્ષાએ હોય છે. જયારે અહીં તો એક જ ઉપયોગ છે.

**પૂર્વપક્ષઃ**- ઉપયોગ એક હોવા છતાં તેના વિષયો બે ભાવરૂપ બે છે. તેથી તેઓની અપેક્ષાએ એક જ ઉપયોગમાં પણ મિશ્રત્વ સંભવે છે.

**[દરેક જ્ઞાન વિશેષ્યઅંશમાં અભ્રાન્ત હોય]**

**ઉત્તરપક્ષઃ**- તો પછી માત્ર (સંપૂર્ણ) ઉત્સૂત્ર જેવી કોઈ ચીજ જ રહેશે નહિ, કેમકે જે કોઈ અસત્યઅભિપ્રાય હશે તે બધા આ રીતે માત્ર અસત્ય નહિ પણ અસત્યમિશ્ર જ બની જાય છે. કેમકે જુદાજુદા વિષયની અપેક્ષાએ તેમાં પણ મિશ્રત્વ હોય છે. તે આ રીતે-'દરેક જ્ઞાન ધર્મીના વિષયમાં તો અભ્રાન્ત જ હોય છે. પ્રકાર અંગે વિપર્યય (ભ્રાન્ત) પણ હોય છે' એવો શાસ્ત્રીયપ્રવાદ પ્રસિદ્ધ છે. જેમકે લાલ ઘડાને ઉદ્દેશીને થએલું 'કાળો ઘડો' એવું જ્ઞાન પણ તેમાં જણાતા 'ઘડા' રૂપ વિશેષ્ય અંશમાં સાચું છે અને કાળાશરૂપ પ્રકાર (વિશેષણ) અંશમાં ભ્રાન્ત છે. તેથી વિશેષ્ય અને વિશેષણ રૂપ બે વિષયની અપેક્ષાએ તેમાં સત્યત્વ અને અસત્યત્વ બન્ને આવવાથી એ પણ અસત્યમિશ્ર જ બનશે, અસત્ય નહિ.

**પૂર્વપક્ષઃ**- આ રીતે પ્રકાર અને વિશેષ્યના ભેદે મિશ્રત્વ ન સંભવતું હોય તો પ્રકારના જ ભેદે તે માનો. અર્થાત્ એક જ વચનનો જે પ્રયોગ કરે છે તે એવા અભિપ્રાયથી થયો હોય કે જે સત્યબોધકપ્રકાર અને અસત્યબોધકપ્રકારના ભેદથી રંગાયેલો

भाषणमसंभव्येवेति शङ्कनीयं, कर्मपरिणतेर्विचित्रत्वाद् । अस्पष्टत्वं च तत्राभिमतानभिमतविधिनिषेधावधारणाऽक्षमत्वलक्षणं नोत्सूत्राभोगाभावात्, किन्त्वनभिमतनिषेधांशे देशविध्यारोपप्रयोजकतथाविधसङ्क्लेशात् । अत एव स्फुटाऽप्ररूपणमप्यस्यास्पष्टताख्यजातिविशेषशालित्वादुत्सूत्रप्ररूपण एव पर्यवस्यति । तदुक्तं पाक्षिकसप्ततिकावृत्तौ–उत्सूत्रप्ररूपणायाः संसारहेतुत्वात्, *यथोक्तं [उप० माला १०६]

* फुडपागडमकहंतो जहट्ठियं बोहिलाभमुवहणइ । जह भगवओ विसालो जरामरणमहोअही आसि ॥ त्ति ।

---

હોય એટલે કે વિશેષ્યના એક સદ્ભૂતપ્રકારને અને એક અસદ્ભૂત (ગેરહાજર) પ્રકારને જણાવવાના અભિપ્રાયથી ઉત્સૂત્રમિશ્રવચન સંભવી શકે છે.

**ઉત્તરપક્ષઃ**– એ રીતે પણ તે સંભવતું નથી, કેમકે એમાં સૂત્રકથનાંશ (સદ્ભૂત પ્રકાર) તરફ અભિપ્રાયનો જો ઝોક વધુ હોય તો અનુત્સૂત્ર (સૂત્રાનુસારી) વચન જ બોલાવું સંભવે છે અને ઉત્સૂત્રકથનાંશ (અસદ્ભૂત) પ્રકારને જણાવવાનો અભિપ્રાય જો જોર કરી જતો હોય તો ઉત્સૂત્રવચન બોલાવું સંભવે છે. તેથી મિથ્યાવ્યપદેશથી વચન પ્રયોગ મિશ્ર બનવાનો અવકાશ રહેતો નથી. નહિતર તો 'ક્રિયમાણું ન કૃતમ્' એટલા અંશમાં અસત્યનું પ્રતિપાદન કરું અને શેષઅંશમાં સત્યનું પ્રતિપાદન કરું એવા અભિપ્રાયથી મિથ્યાવ્યપદેશ કરતાં **જમાલીના** અનુયાયીઓનું વચન પણ ઉત્સૂત્રમિશ્ર જ થશે, ઉત્સૂત્ર નહિ, જે મોટું અસમંજસ છે.

### (સૂત્ર-ઉત્સૂત્ર વિભાગ શ્રુતભાવભાષાને સાપેક્ષ)

વળી આ મરીચિવચનને ઉત્સૂત્રમિશ્ર કહેનારે તો મૂળથી જ જૈનપ્રક્રિયા જાણી નથી. કેમકે સૂત્ર–ઉત્સૂત્રનો વિભાગ શ્રુતભાવભાષાની અપેક્ષાએ પાડવામાં આવે છે. જે શ્રુતભાવભાષા **દશવૈકાલિકનિર્યુક્તિ** વગેરે સિદ્ધાન્તમાં સત્ય–અસત્ય અને અનુભય એવા ત્રણ પ્રકારવાળી જ કહી છે. ઉત્સૂત્રમિશ્ર વચનને સ્વીકારનારે તો તેવા વિભાગ માટે મિશ્રરૂપ શ્રુતભાવભાષા પણ માનવી પડશે, જેનાથી **ભગવાન શ્રીભદ્રબાહુસ્વામીએ** બતાવેલ છે. વિભાગનો વ્યાઘાત થઈ જવાની આપત્તિ આવે છે. માટે મિશ્રવચન માનવાની વાત તુચ્છ છે.

મરીચિને પોતાની અપેક્ષાએ તો એ વચન અનુત્સૂત્ર જ હતું. વળી 'આ રીતે બોલાયેલું મારું વચન કપિલને વિપરીત બોધ કરાવશે, એવું મરીચિ જાણતો પણ હતો, તેમ છતાં 'આ રીતે બોલાતું વચન કપિલની અપેક્ષાએ મારું ઉત્સૂત્ર ભાષણ જ બનશે, એવો ખ્યાલ મરીચિને ન હોવાથી તેનું એ વચન કથંચિદ્ અનાભોગ પ્રયુક્ત ઉત્સૂત્ર હતું (તેથી અનંતસંસારફળક ન બન્યું.)'' આવું કહેનારે તો સમજી લેવું જોઈએ કે પોતે 'મારી મા વાંઝણી છે' એવું બોલી રહ્યો છે, કેમકે 'વિપરીત બોધ કરાવશે' એવું જાણ્યા પછી તાદૃશખ્યાલ ન આવવો એ વિરુદ્ધ વાત છે. વળી 'તેને ઉત્સૂત્રનો ખ્યાલ ન હોતો' એ વાત તો મગજમાં જ બેસે તેવી નથી, કેમકે અગ્યાર અંગ ભણવાથી વ્યુત્પન્ન

---

* સ્ફુટપ્રકટમકથયન્ યથાસ્થિતં બોધિલાભમુપહન્તિ । યથા ભગવતો વિશાલો જરામરણમહોદધિરાસીત્ ।

किञ्च 'इहत्ति' देशविरत्यभिप्रायेणैवोक्तमिति कुतो निर्णीतम् ? उपदेशमालावृत्तौ 'कपिल! इहान्यत्रापि' मत्संबंधिनि साधुसंबन्धिनि चानुष्ठाने धर्मोऽस्तीति भणनात्। न च तत्र 'साधु-सम्बन्धिनि' इति भणनेन 'मत्संबंधिनि देशविरत्यनुष्ठाने धर्मोऽस्ति' इत्येवाभिप्राय इति वाच्यं,

जिनधर्मालसं ज्ञात्वा शिष्यमिच्छन् स तं जगौ। मार्गे जैनेऽपि धर्मोऽस्ति मम मार्गेऽपि विद्यते ॥

इति हेमवीरचरित्रवचनात्स्वमार्गेऽपि तेन धर्माभिधानात्। स्वमार्गश्च तस्य स्वपरिगृहीतलिङ्गाचारलक्षणं कापिलदर्शनमेव। तत्र च मार्गे नियतकारणताविशेषसंबन्धेन धर्ममात्रमेव नास्ति कुतो देशविरत्यनुष्ठानम्? इत्युत्सूत्रमेवैतदिति। अनियमाभिप्रायेण त्वस्योत्सूत्रपरिहारेऽन्यलिङ्गादिसिद्धाभ्युपगमाच्चारित्रादेरपि तत्राभ्युपगमापत्तिरिति न किञ्चिदेतत्। एतेन-'कविला इत्थंपि' त्ति 'अपि'शब्दस्यैवकारार्थत्वान्निरुपचरितः खल्वत्रैव साधुमार्गे 'इहयंपि' त्ति स्वल्पस्त्वत्रापि विद्यते, स ह्येवमाकर्ण्य तत्सकाश एव प्रव्रजितः, मरीचिनाऽप्यनेन दुर्वचनेन संसारोऽभिनिर्वर्तितः—इति ज्ञानसागरसूरिवचनमपि व्याख्यातं, तत्रापि मार्गभेदाभिप्रायेणैव धर्मभेदाभिधानात्, न हि साधुश्रावकयोर्मार्गभेदेन धर्मभेदः संभवदुक्तिकोऽपीति विचारणीयम्।

---

થયેલા તેને તેવા અસ્પષ્ટ વચનમાં પણ ઉત્સૂત્રપણાનો ખ્યાલ અવશ્ય હોવો જ જોઈએ. "સાધુઓના ભગત એવા તેનું ભાષણ ઉત્સૂત્ર હોવું સંભવતું નથી" એવી શંકા ન કરવી, કારણકે કર્મપરિણતિવિચિત્ર હોય છે. અર્થાત્ ગમે તેવાને તે ભૂલથાપ ખવડાવી દે છે.

(સંકલેશ પ્રયુક્ત અસ્પષ્ટપ્રરૂપણા એ પણ ઉત્સૂત્રપ્રરૂપણા)

વળી કયા અભિમત અંશનું વિધાન છે અને કયા અનભિમત અંશનો નિષેધ છે એવો નિર્ણય ન થઈ શકવા રૂપ અસ્પષ્ટપણું તેના વચનમાં જે હતું તે 'તેને ઉત્સૂત્રનો ખ્યાલ નહોતો' એ કારણે નહિ, પણ અનભિમત (પરિવ્રાજકવેષ)ના નિષેધ અંશમાં પણ આંશિકવિધાન જેનાથી થઈ જાય તેવા સંકલેશના કારણે જ હતું. તેથી જ તેનું આ અસ્પષ્ટ પ્રરૂપણ પણ અસ્પષ્ટતા નામની વિશેષ પ્રકારની જાતિવાળા ઉત્સૂત્ર પ્રરૂપણમાં જ ફલિત થાય છે. આ વાત અમારા ઘરની નથી, કેમકે પાક્ષિક સાપ્તિતિકા વૃત્તિમાં કહ્યું છે કે–

"કેમકે ઉત્સૂત્ર પ્રરૂપણા એ સંસારનો હેતુ છે. ઉપદેશમાળામાં કહ્યું છે કે સ્પષ્ટ પ્રકટ રીતે યથાસ્થિત પણે ન કહેતો વકતા બોધિલાભને હણી નાખે છે. જેમ કે એવા વચનના કારણે પ્રભુ મહાવીરનો જરા-મરણના સમુદ્ર રૂપ સંસાર વિશાળ હતો (વધ્યો)."

અહીં ઉત્સૂત્ર પ્રરૂપણાની સંસારહેતુતાનો અધિકાર દેખાડી એમાં ભગવાનની અસ્પષ્ટ વચનથી થયેલ સંસારવૃદ્ધિનો ઉલ્લેખ કરનાર ઉપદેશમાળાની ગાથા સાક્ષી તરીકે વૃત્તિકારે ટાંકી છે એના પરથી નિઃશંક રીતે જણાય જ છે કે પૂર્વાચાર્યોને ઉક્ત અસ્પષ્ટ પ્રરૂપણા પણ ઉત્સૂત્ર તરીકે જ માન્ય હતી.

[ મરીચિવચનમાં રહેલ 'इह' શબ્દના અર્થની વિચારણા ]

વળી 'મરીચિએ સ્વવચનમાં 'ઇહ' શબ્દનો ઉલ્લેખ દેશવિરતિરૂપ આંશિક ધર્મની અપેક્ષાએ જ કર્યો હતો' તેવો નિર્ણય શેના પરથી કર્યો? **ઉપદેશમાલાવૃત્તિ**માં તો 'કપિલ! અહીં અને અન્યત્ર પણ' એ વાકયની 'મારા અનુષ્ઠાન અને સાધુના અનુષ્ઠાનમાં ધર્મ છે' એવી વ્યાખ્યા કરી છે. અર્થાત્ ઇહ શબ્દથી મરીચિએ છત્ર–પાવડી રાખવા વગેરે રૂપ પોતાના અનુષ્ઠાનનો જ ઉલ્લેખ કર્યો હતો.

**શંકા** :– 'સાધુસંબંધી' એવો શબ્દ વૃત્તિમાં સાથે જે વપરાયો છે તેનાથી જણાય છે કે વૃત્તિમાં રહેલ 'મત્સંબંધી' શબ્દનો અર્થ એવો કરવાનો છે કે તેનો इह શબ્દથી "મત્સંબંધી=મારા દેશવિરતિ અનુષ્ઠાનમાં ધર્મ છે" એવું જણાવવાનો અભિપ્રાય હતો.

**સમાધાન** :– આ વાત બરાબર નથી. કારણ કે "જૈનધર્મની આળસવાળો જાણીને શિષ્યને ઇચ્છતા મરીચિએ તેને કહ્યું કે જૈન માર્ગમાં પણ ધર્મ છે અને મારા માર્ગમાં પણ છે." એવા **હૈમવીરચરિત્ર**ના વચનથી જણાય છે કે તેણે પોતાના માર્ગમાં પણ ધર્મ કહ્યો હતો. અને તેનો માર્ગ તો પોતે સ્વીકારેલ લિંગ–આચારરૂપ કાપિલદર્શન જ હતું. તે માર્ગમાં નિયતકારણતાવિશેષ સંબંધથી ધર્મમાત્રનો અભાવ હતો. (અર્થાત્ તે માર્ગ માર્ગાનુસારિતા વગેરે રૂપ સામાન્યધર્મનો પણ વિશેષ પ્રકારના નિયતકારણરૂપ ન હોતો. એટલે કે શ્રીજિનેશ્વરદેવોવિશે કુશળચિત્ત, શાસ્ત્રલેખન, પૂજન વગેરે અનુષ્ઠાન-ઘટિત માર્ગ જેવા વિશેષપ્રકારના નિયતકારણરૂપ છે, આ ત્રિદંડ–શિખા વગેરે રાખવા વગેરે રૂપ કાપિલમાર્ગ તેવા વિશેષ પ્રકારના નિયત કારણરૂપ નહોતો. ધર્મ માટે જે વિશેષપ્રકારનું નિયત કારણ હોય તેમાં ધર્મ નિયતકારણતાવિશેષ સંબંધથી રહે.) તો દેશવિરતિ અનુષ્ઠાન તો કયાંથી સંભવે? તેથી એનું વચન ઉત્સૂત્ર જ હતું.

**શંકા** :– એ માર્ગ નિયતકારણરૂપ ભલે નહોતો, પણ કયારેક તો એ માર્ગથી પણ ધર્મ શકય હોઈ તે માર્ગ અનિયતકારણરૂપ તો છે જ. તેથી અનિયતકારણતા સંબંધથી તો ધર્મ એમાં રહ્યો જ હતો ને!

**સમાધાન** :– આ રીતે તો તેઓના માર્ગમાં ચારિત્રની પણ હાજરી માનવાની આપત્તિ આપશે, કેમકે અન્યલિંગસિદ્ધ વગેરે ભેદો માન્યા છે એના પરથી જણાય છે કે કોઇકને તે માર્ગ પણ ચારિત્રનું કારણ બની જાય છે. તેથી આવો બચાવ પાંગળો છે. તેથી જ, "કવિલા ઇત્થંપિમાં રહેલો 'અપિ' શબ્દ 'જ'કારાર્થક હોઈ મરીચિનું તાત્પર્ય એવું જણાય છે કે–આ સાધુમાર્ગમાં જ નિરુપચરિત રીતે ધર્મ રહ્યો છે, અને અલ્પ ધર્મ તો અહીં પણ રહ્યો છે. આવું સાંભળીને કપિલ મરીચિ પાસે દીક્ષિત થયો. મરીચિએ પણ આ દુર્વચનથી પોતાનો સંસાર વધાર્યો" એવી **જ્ઞાનસાગરસૂરિ મ.**ની વાતની પણ વ્યાખ્યા થઇ ગયેલી જાણવી. કેમકે આવા શબ્દોથી તેમણે પણ જુદા જુદા માર્ગના અભિપ્રાયથી જ ધર્મનો ભેદ કહ્યો છે. અને સાધુ અને શ્રાવકનો ધર્મ જુદા જુદા માર્ગરૂપ છે અને તેથી તે બે ધર્મ જુદા જુદા છે એવું તો કોઇ રીતે કહેવું પણ સંભવતું નથી તે પણ વિચારવું. અર્થાત્ ઇહ શબ્દથી અન્યમાર્ગ તરીકે એણે દેશવિરતિનો જ ઉલ્લેખ કર્યો હતો એવું કહેવું કોઇ રીતે યોગ્ય નથી.

**यत्तु मरिचिवचनमिदमावश्यकनिर्युक्तौ** दुर्भाषितमेवोक्तं न तूत्सूत्रमिति नेदमुत्सूत्रं वक्तव्यमिति केनचिदुच्यते **तदसत्**, दुर्भाषितपदस्यानागमिकार्थोपदेशे रूढत्वात् तदुत्सूत्रताया व्यक्तत्वात् । तदुक्तं **पंचाशकसूत्रवृत्त्योः** [१२/१७]

[1]संविग्गोणुवएसं ण देइ दुब्भासियं कडुविवागं । जाणंतो तंमि तहा अतहक्कारो उ मिच्छत्तं ॥

**व्याख्या: संविग्नो** भवभीरुर्गुरुः **अनुपदेशं** नञः कुत्सितार्थत्वेन कुत्सितोपदेशमागमबाधितार्थानुशासनं **न ददाति** परस्मै न करोति, तद्दाने संविग्नत्वहानिप्रसङ्गात् । किम्भूतः सन् ? इत्याह—दुर्भाषितमनागमिकार्थोपदेशं **कटु-विपाकं** दारुणफलं दुरन्तसंसारावहं **मरीचिभवे महावीरस्येव जानन्** अवबुध्यमानः । को हि पश्यन्नेवा-त्मानं कूपे क्षिपतीत्यादि" । तथा **श्रावकदिनकृत्यवृत्तावप्युक्तं**—'विपरीतप्ररूपणा उन्मार्गदेशना । इयं हि चतुरन्तादभ्रभवभ्रमणहेतु**र्मरीच्यादे**रिवेति ।' **धर्मरत्नप्रकरणसूत्रवृत्त्योरप्युक्तं**-(१०१)

[2]अइसाहसमेयं जं उस्सुत्तपरूवणा कडुविवागा । जाणंतेहि वि दिज्जइ णिद्देसो सुत्तबज्झत्थे ॥ "ज्वल-ज्ज्वालानलप्रवेशकारिनरसाहसादप्यधिक**मतिसाहस**मेतद्वर्त्तते, **यदुत्सूत्रप्ररूपणा** सूत्रनिरपेक्षदेशना **कटुविपाका** दारुणफला **जानानैः** अवबुध्यमानैरपि **दीयते** वितीर्यते **निर्देशो** निश्चयः **सूत्रबाह्ये** जिनेन्द्रानुक्ते **अर्थे** वस्तुविचारे । किमुक्तं भवति ?

[3]दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो । भमिओ कोडाकोडी सागरसरिणामधिज्जाणं ॥ (आ०नि० ४३८)
[4]उस्सुत्तमायरंतो बंधइ कम्मं सुचिक्कणं जीवो । संसारं च पवड्ढइ मायामोसं च कुव्वइ य ॥ (उप० मा० २२१)
[5]उम्मग्गदेसओ मग्गणासओ गूढहियमाइल्लो । सढसीलो अ ससल्लो तिरिआउं (अआउं गइं) बंधइजीवो ॥ (पंचव० १६५५)

## [ દુર્ભાષિત' એટલે પણ ઉત્સૂત્ર ]

**"આવશ્યકનિર્યુક્તિમાં આ મરીચિવચનને દુર્ભાષિત કહ્યું છે, ઉત્સૂત્ર નહિ. તેથી એને ઉત્સૂત્ર ન કહેવું જોઈએ" એવું કથન ખોટું જાણવું, કારણ કે 'દુર્ભાષિત' શબ્દનો 'અનાગમિક (આગમબાહ્ય) અર્થનો અપાતો ઉપદેશ' એવો અર્થ રૂઢ છે, અને તે ઉપદેશ ઉત્સૂત્ર હોવો તો સ્પષ્ટ જ છે. પંચાશકસૂત્ર (૧૨-૧૭) અને તેની વૃત્તિમાં કહ્યું છે કે–**

અનાગમિક અર્થના ઉપદેશરૂપ દુર્ભાષિત દુરન્તસંસારરૂપ દારુણ વિપાક વાળું હોય છે જેમકે મરીચિના ભવમાં પ્રભુ મહાવીરનું વચન. આવું જાણતા સંવિગ્ન (સંસારભીરુ) ગુરુ અનુપદેશ=આગમ-બાધિત **અર્થ** કહેવા રૂપ કુત્સિત ઉપદેશ દેતાં નથી, કેમકે તેમ કરવામાં તેઓનુ સંવિગ્નપણું જ ચાલ્યું જાય છે. એવો તો કોણ મૂરખ હોય કે જે દેખવા છતાં જાતને કૂવામાં જ પાડે." **શ્રાવક દિનકૃત્ય વૃત્તિમાં** પણ કહ્યું છે કે "વિપરીત પ્રરૂપણા એટલે ઉન્માર્ગ દેશના. તે ચતુરંત વિશાળ ભવભ્રમણનો હેતુ બને છે જેમ કે મરીચિ વગેરે ને." **ધર્મરત્ન પ્રકરણ સૂત્ર** (૧૦૧) અને તેની વૃત્તિમાં પણ કહ્યું છે કે "ભડભડતા અગ્નિમાં પ્રવેશ કરનાર પુરુષના સાહસ કરતાં પણ **આ** વધું

१ संविग्नोऽनुपदेशं न ददाति दुर्भाषितं कटुविपाकम् । जानंस्तस्मिंस्तथाऽतथाकारस्तु मिथ्यात्वम् ॥
२ अतिसाहसमेतद्यदुत्सूत्रप्ररूपणा कटुविपाका । जानानैरपि दीयते निर्देशः सूत्रबाह्यार्थे ॥
३ दुर्भाषितेनैकेन मरीचि दुःख सागरं प्राप्तः । भ्रान्तः कोटाकोटी सागरसदृगूनामधेयानाम् ॥
४ उत्सूत्रमाचरन् बध्नाति कर्म सुचिक्कणं जीवः । संसारं च प्रवर्धयति मायामृषां च करोति च ॥
५ उन्मार्गदेशको मार्गनाशको गूढहृदयमायावान् । शठशीलश्च सशल्यः तिर्यग्गतिं(गायुः) बध्नाति जीवः ॥

[1]"उम्मग्गदेसणाए चरणं णासंति जिणवरिंदाणं । वावण्णदंसणा खलु न हु लब्भा तारिसा दट्ठुं ॥ (प्रव० सा० ६४६) इत्याद्यागमवचनानि श्रुत्वापि स्वाग्रहग्रस्तचेतसो यदन्यथाऽन्यथा व्याचक्षते विदधति च तन्महासाहसमेव, अनर्वाक्पारासारसंसारापारपारावारोदर विवरभाविभूरिदुःखभाराङ्गीकारादिति ॥"

तथा श्राद्धविधिवृत्तावप्याशातनाधिकारे प्रोक्तं—

"एतासु चोत्सूत्रभाषणार्हद्गुर्वाद्यवज्ञादिर्महत्याशातनाऽनन्तसंसारहेतुश्च **सावद्याचार्यमरीजिमालिकूलवालकादेरिव** । यतः

[2]उस्सुत्तभासगाणं बोहिणासो अणंत संसारो । पाणच्चए वि धीरा उस्सुत्तं ता ण भासंति ॥

[3]तित्थयरपवयणसुअं आयरिअं गणहरं महिड्ढिअं ॥" इत्यादि । तथा **योगशास्त्रवृत्ता**वप्युक्तं–'भगवानपि हि भुवनगुरुरुन्मार्गदेशनात्सागरोपमकोटाकोटी यावद्भवे भ्रान्तस्तत्कान्येषां स्वपापप्रतीकारं कर्त्तुमशक्नुवतां गतिरिति ।

तथा तत्रैव 'अल्पादपि मृषावादाद्' इत्यस्य व्याख्यायामल्पस्यापि मृषावादस्य महानर्थहेतुत्वे संमतिवचनमिदमुपदर्शितं—

[4]अहह सवलन्नवावा वितहपन्नवणमणुमवि दुरंतं । जं मरीइभवउवज्जियदुक्कयअवसेसलेसवसा ॥

[5]सुरथुअगुणोवि तित्थंकरोवि तिहुअणअतुल्लमल्लो वि । गोवाईहिं वि बहुसो कयत्थिओ तिजयपहू तं सि ॥ त्ति

મોટું સાહસ છે કે જે 'સૂત્રનિરપેક્ષદેશના રૂપ ઉત્સૂત્ર પ્રરૂપણા દારૂણવિપાક આપે છે' એવું જાણવા છતાં જિનાગમમાં નહિ કહેલ એવી પણ બાબતોમાં નિશ્ચયાત્મક વાતો કરાય છે. કહેવાનો ભાવ એ છે કે "(આવ. નિ. ૪૩૮) એક દુર્વચનના કારણે મરીચિ દુઃખોનો સમુદ્ર પામ્યો. અને એક કોડાકોડી સાગરોપમ સુધી સંસારમાં ભમ્યો." "ઉત્સૂત્રને આચરતો જીવ અત્યંત ચીકણા કર્મ બાંધે છે. સંસારને વધારે છે તેમ જ માયામૃષાવાદ કરે છે (ઉપ. માળા–૨૨૧)." "ઉન્માર્ગદેશક, માર્ગનાશક, ગૂઢહૃદયવાળો માયાવી અને શઠતાના સ્વભાવવાળો સશલ્ય જીવ તિર્યંચાયુ બાંધે છે. (પંચવસ્તુ–૧૬૫૫)." "જીવો ઉન્માર્ગદેશનાથી શ્રી જિનેશ્વરોએ પ્રરૂપેલા ચારિત્રનો નાશ કરે છે. પોતાનું સમ્યગ્દર્શન ગુમાવનાર આ જીવોનું દર્શન કરવું પણ યોગ્ય નથી. (પ્રવ. સા. ૬૪૬)" ઈત્યાદિ આગમવચનોને સાંભળીને પણ પોતાની પકડથી ગ્રસ્ત ચિત્તવાળા જીવો જે જાતજાતની વ્યાખ્યાઓ કરે છે તેમજ આચરણ કરે છે તે ખરેખર મહાસાહસ રૂપ છે, કારણ કે એનાથી તેઓ અનાદિ–અનંત અને અસાર એવા સંસારના પાર વગરના પારાવાર દુઃખોને વહોરી લે છે."

## [ મરીચિના વચનનો ઉત્સૂત્ર તરીકે ઉલ્લેખ કરનારા શાસ્ત્રપાઠો ]

તથા **શ્રાદ્ધવિધિની** વૃત્તિમાં પણ આશાતનાના અધિકારમાં કહ્યું છે કે–

"આ બધામાં ઉત્સૂત્રભાષણ, ભગવાન્–ગુરુ વગેરેની અવજ્ઞા વગેરે મોટી આશાતના રૂપ છે તેમજ અનંત સંસારનો હેતુ બને છે. જેમકે **સાવદ્યાચાર્ય–મરીચિ–જમાલિ–કુલવાલક** વગેરે ને, કેમકે કહ્યું છે કે "ઉત્સૂત્ર ભાષક જીવોના સમ્યક્ત્વનો નાશ થાય છે તેમજ અનંતસંસાર વધે છે. તેથી ધીરપુરુષો પ્રાણ જાય તો પણ ઉત્સૂત્ર બોલતા નથી. તીર્થંકર–પ્રવચન–શ્રુત–આચાર્ય–ગણધર–મહર્દ્ધિકની દોષ ગાવા–અનુચિત વર્તન–અવજ્ઞા વગેરે રૂપ આશાતના કરનાર અનંતસંસારી થાય છે" તથા યોગ-

१ उन्मार्गदेशनया चरणं नाशयन्ति जिनवरेन्द्राणाम् । व्यापन्नदर्शनाः खलु नैव लभ्यास्तादृशा द्रष्टुम् ॥

२ उत्सूत्रभाषकाणां बोधिनाशोऽनन्तसंसारः । प्राणत्यागेऽपि धीरा उत्सूत्रं ततो न भाषन्ते ॥

३ उप० पद० ४२३। अस्योत्तरार्धः–आसायंतो बहुसो अणंतसंसारिओ होति ॥
तीर्थकरप्रवचनश्रुतमाचार्यं गणधरं महर्द्धिकम् । आशातयन् बहुशोऽनन्तसंसारिको भवति ॥

४ अहह सकलान्यपायाद् वितथप्रज्ञापनमण्वपि दुरंतम् । यन्मरीचिभवोपार्जितदुष्कृतावशेषलेशवशात् ॥

५ सुरस्तुतगुणोऽपि तीर्थंकरोऽपि त्रिभुवनेऽतुल्यमल्लोऽपि । गोपादिभिरपि बहुशः कदर्थितस्त्रिजगत्प्रभुस्त्वमसि ॥

[1]गोबंभण भूणंतगावि केइ इह दढप्पहाराई । बहुपावा वि य सिद्धा सिद्धाकिर तंमि चेव भवे ।। त्ति । **तथोपदेशरत्नाकरे**ऽपि प्रोक्तं "तथा केषांचिद्देशना पुनः प्रस्तावौचित्यादिसर्वगुणसुभगा परं केवलेनोत्सूत्र-प्ररूपणदूषणेन कलिता, सापि पुरनिर्द्धमनजलतुल्या, अमेध्यलेशेन निर्मलजलमिवोत्सूत्रलेशप्ररूपणेनापि सर्वेऽपि गुणा यतो दूषणतामिव भजन्ति, तस्य विषमविपाकत्वात् । यदागमः 'दुब्भासिएण इक्केण." इत्यादि ! तथा तत्रैव प्रदेशान्तरे प्रोक्तं–"केचिद् गुरव आलंबनं विनैव सततं बहुतरप्रमादसेवितया कुचारित्रिणः देशनायामप्य-चातुर्यभृतश्च, यथा तथाविधाः पार्श्वस्थादयः यथा वा मरीचिः 'कविला इत्थंपि इहयंपि' इत्यादि देशनाकृद् । देशनायाश्चातुर्यं चोत्सूत्रपरीहारेण सम्यक् सभाप्रस्तावौचित्यादिगुणवत्त्वेन च ज्ञेयम् ।।" (तट १ अं २ त ११) इत्यादि ।

**यत्तु** कश्चिदाह "उत्सूत्रलेशवचनसामर्थ्यादेव प्रतीयते **मरीचेर्वचनं** न केवलमुत्सूत्रमिश्रमिति तन्न, एवं सति 'जो चेव भावलेसो सो चेव भगवओ बहुमओ ।' त्ति **षष्ठपञ्चाशक**(३३)**वचनाद्** '**य एव भावलेशो भगवद्बहुमानरूपो द्रव्यस्तवाद् भवति, स एव भगवतो मुख्यवृत्त्याऽनुमतः'** **इत्यर्थप्रतीतौ तत्र भावलेशस्याभावमिश्रितस्य भगवद्बहुमतत्वापत्तेः, तस्माल्लेशपदमपकर्षाभिधायकं**

---

**શાસ્ત્ર** વૃત્તિમાં પણ કહ્યું છે કે–ત્રિભુવનગુરુ ભગવાન્ પણ ઉન્માર્ગદેશનાથી કોડાકોડી સાગરોપમ સુધી સંસારમાં ભમ્યા તો પોતાના પાપનો પ્રતીકાર કરવામાં અસમર્થ બીજા જીવોની તો વાત જ શી કરવી? તથા તેમાં જ 'અલ્પાદપિ મૃષાવાદાદ્'ની વ્યાખ્યામાં 'અલ્પ પણ મૃષાવાદ મહા **અનર્થ**નો હેતુ બને છે એ જણાવવા સાક્ષી તરીકે કહ્યું છે કે–"ઓ હો હો! નાનું પણ વિપરીત પ્રરૂપણાનું પાપ બીજા બધા પાપો કરતાં દુરંત હોય છે. કે જે મરીચિ ભવમાં કરેલ દુષ્કૃતના શેષ રહી ગયેલા અંશના કારણે, દેવોથી પ્રશંસાએલ ગુણવાળો હોવા છતાં, તીર્થંકર હોવા છતાં, ત્રિભુવનમાં અજોડમલ્લ હોવા છતાં પણ હે ત્રિજગત્ પ્રભુ! તું ગોવાળિયા વગેરે વડે ઘણી કદર્થના કરાયો. જ્યારે (તે પાપ વિનાના) ગાય–બ્રાહ્મણ–બાળના ઘાતક દઢપ્રહારી વગેરે ભયંકર પાપી કેટલાય જીવો સિદ્ધ થયા એટલું જ નહિ, તે જ ભવમાં સિદ્ધ થઈ ગયા."

તથા **ઉપદેશરત્નાકરમાં** પણ કહ્યું છે કે– "તથા કેટલાકની દેશના પ્રસ્તાવ–ઔચિત્ય વગેરે બધા ગુણોથી સુંદર હોય છે પણ માત્ર ઉત્સૂત્ર પ્રરૂપણારૂપ દૂષણથી દૂષિત હોય છે. તે પણ ગટરના પાણી જેવી જાણવી· કેમકે અશુચિપદાર્થના અંશથી જેમ નિર્મળ પાણી પણ દૂષિત થઈ જાય છે તેમ ઉત્સૂત્રના અંશની પ્રરૂપણાથી પણ બધા ગુણો જાણે કે દોષ રૂપ બની જાય છે, કારણ કે ઉત્સૂત્રાંશ-પ્રરૂપણા ભયંકર વિપાક વાળી હોય છે. આગમમાં કહ્યું છે કે 'એક દુર્ભાષિતથી...' (આ. નિ. ૪૩૮) ઇત્યાદિ" તથા ઉપદેશ રત્નાકરમાં જ બીજે (૧–૨–૧૧) કહ્યું છે કે "કેટલાક ગુરુઓ વિના કારણે જ સતત ઘણો પ્રમાદ સેવવાવાળા હોઈ કુચારિત્રી હોય છે તેમ જ દેશના આપવામાં પણ ચાતુર્ય-વિનાના હોય છે. જેમકે પાસત્થા વગેરે અથવા જેમકે 'કવિલા...' ઈત્યાદિ દેશના આપનાર **મરિચી.** ઉત્સૂત્રનો પરિહાર કરવા પૂર્વક સભા–પ્રકરણ–ઔચિત્ય વગેરે ગુણોને જાળવી રાખવા એ અહીં દેશ-નાચાતુર્ય જાણવું."

## [ 'લેશ' શબ્દ મિશ્રપણાંને જણાવતો નથી ]

"અહીં '**ઉત્સૂત્રલેશ**' એવું જે કહ્યું છે તેના પરથી જ જણાય છે કે **મરીચિનું વચન** ઉત્સૂત્ર ન હોતું પણ ઉત્સૂત્રમિશ્ર હતું." આવું કોઈએ જે કહ્યું છે તે ખોટું **જાણવું**, કેમકે 'જે ભાવલેશ હોય છે તે જ ભગવાન્‌ને બહુમત હોય છે' આવા **પંચાશક** **(૬–૩૩)ના વચનનો જે અર્થ જણાય છે કે 'દ્રવ્યસ્તવથી ભગવાન્ પર બહુમાન**

---

१ गोब्राह्मणभ्रूणान्तका अपि केचिदिह दृढप्रहार्यादयः । बहुपापा अपि च सिद्धाः सिद्धाः किल तस्मिन्नेव भवे ।।

नतु मिश्रितत्वाभिधायकमिति मन्तव्यम् । स्यादयमभिप्रायः "धर्मस्यापि ह्यशुभानुबन्धादित्याह 'धम्मो वि सबलओ होइ' इत्यादिना शास्त्रे शबलत्वमुच्यते, शबलत्वं च मिश्रत्वमेव, (इति)मरिचिवचनस्यापि कुदर्शनप्रवृत्त्याऽशुभानुबन्धान्मिश्रत्वमविरुद्धं, कुदर्शनप्रवृत्तेरेव तस्य संसारवृद्धिहेतुत्वेनावश्यकचूर्णावुक्तत्वादि'ति सोऽयं दुरभिप्रायः, यत इत्थं सति फलत एवेदमुत्सूत्रं स्यान्नतु स्वरूपतः, उच्यते स्वरूपतोऽपीदमुत्सूत्रं, उत्सूत्रत्वादेव च संसारहेतुरिति यत्किञ्चिदेतत् ।

अत एव श्राद्धप्रतिक्रमणसूत्रचूर्णावपि '[1]पडिसिद्धाणं करणे' इति व्याख्याने विपरीतप्ररूपणां विविच्य तत्कृताशुभफलभागित्वेन मरीचिरेव दृष्टान्ततयोपदर्शितः । तथा हि—

[2]विवरीअपरूवणाए य'त्ति, 'च'शब्दः पूर्वापेक्षया '[3]विवरीअं वितहं उस्सुत्तं भण्णइ, परूवणा पन्नवणा देसनत्ति णे पज्जाया' विपरीता चासौ प्ररूपणा च विपरीतप्ररूपणा, तस्यांतस्यां प्रतिक्रमणं भवति । सा चैवं रूपा—

જાગવારૂપ જે ભાવલેશ પ્રગટે છે તે જ મુખ્યતયા ભગવાનને અનુમત હોય છે' તેમાં પણ લેશ શબ્દનો અર્થ મિશ્રિતત્વ થવાથી 'અભાવમિશ્રિત ભાવ ભગવાનને અનુમત છે' એવો અર્થ ફલિત થવાની આપત્તિ આવે. તેથી 'લેશ' શબ્દ ઓછાશનો વાચક છે, મિશ્રત્વનો નહિ એ માનવું જોઇએ. કોઈને એવો અભિપ્રાય જાગે કે "ધર્મ પણ શબલ થાય છે' ઇત્યાદિવચનથી શાસ્ત્રમાં ધર્મમાં પણ અશુભઅનુબંધથી શબલત્વ કહ્યું છે. અને શબલત્વ તો મિશ્રત્વરૂપ જ છે. તેથી કુદર્શન પ્રવર્ત્તવાના કારણે અશુભઅનુબંધવાળું હોઇ મરીચિનું વચન પણ શબલ=મિશ્ર હોવું વિરુદ્ધ નથી. આવશ્યકચૂર્ણિમાં તેનાથી કુદર્શન પ્રવર્ત્યું હોવાના કારણે જ તેને સંસારવૃદ્ધિના હેતુ તરીકે કહ્યું છે." તો આ અભિપ્રાયને ખરાબ જાણવો, કારણ કે અશુભઅનુબંધના કારણે જે ધર્મ શબલ બને છે તે સ્વરૂપતઃ તો શુદ્ધ જ હોય છે, અશુભઅનુબંધ (પરંપરા)રૂપ ફળના કારણે તેમાં અશુદ્ધતા આવવાથી શબલતા આવે છે. તેમ પ્રસ્તુતમાં પણ ફલિત એ થશે કે મરીચિનું વચન સ્વરૂપતઃ તો સૂત્રરૂપ જ હતું પણ એનાથી કુદર્શનની પરંપરા જે ચાલી તે ફળની અપેક્ષાએ એમાં ઉત્સૂત્રત્વ આવવાથી એ મિશ્ર બન્યું. પણ આવું છે તો નહિ, કેમકે એ વચનને શાસ્ત્રોમાં સ્વરૂપતઃ ઉત્સૂત્ર જ કહ્યું છે. તેમજ તે પરંપરાના કારણે નહિ પણ ઉત્સૂત્રપણાના કારણે જ એ સંસારહેતુ પણ બન્યું હતું. માટે આવો અભિપ્રાય તુચ્છ છે.

[ ઉત્સૂત્રપ્રરૂપણાનું સ્વરૂપ ]

આમ, મરીચિનું વચન, કુદર્શનની પરંપરા ચાલી તેના કરણે નહિ, કિન્તુ સ્વરૂપે જ જે 'ઉત્સૂત્ર' હતું, અને સ્વરૂપે જ જે સંસારવૃદ્ધિનું કારણ હતું, તેના કારણે જ, **શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રની ચૂર્ણિમાં** પણ 'पडिसिद्धाणं करणे' ની વ્યાખ્યામાં વિપરીત પ્રરૂપણાનું ( ઉત્સૂત્રપ્રરૂપણાનું ) સ્વરૂપ દેખાડીને પછી તે સ્વરૂપવાળું ઉત્સૂત્રભાષણ કરનાર તરીકે અને તેનું સંસારભ્રમણરૂપ અશુભફળ પામનાર તરીકે મરીચિને જ દૃષ્ટાન્ત તરીકે કહ્યો છે. તે આ રીતે—

१ पडिसिद्धाणं करणे किच्चाणमकरणे य पडिक्कमणं । असद्दहणे अ तहा विवरीअपरूवणाए य ॥

१ प्रतिषिद्धानां करणे । २. विपरीतप्ररूपणायां च । ३. विपरीतं वितथं उत्सूत्रं भण्यते, प्ररूपणा प्रज्ञापना देशनेति एषां पर्यायाः ।

[1]सिअवायमए समए परूवणेगंतवायमहिगिच्च । उस्सग्गववायाइसु कुग्गहरूवा मुणेयव्वा ॥

[2]पिंडं असोहयंतो अचरित्ती इत्थ संसओ णत्थि। चारित्तंमि असंते सव्वा दिक्खा निरत्थिया ॥

[3]एवं उस्सग्गमेव केवलं पण्णवेइ । अववायं च–

[4]चेइअपूआ कज्जा जइणा वि हु वयरसामिणव्व किल । अन्नियसुअसूरीण व नीआवासे विं न हु दोसो ॥ तहा–

[5]लिंगावसेसमित्तेवि वंदणं साहुणा वि दायव्वं । 'मुक्कधुरा संपागड सेवी' इच्चाइ वयणाओ ॥ अहवा

[6]पासत्थोसन्नहाछंदे कुसीले सबले तहा। दिट्ठीए वि इमे पंच गोयमा न निरक्खिए ॥

[7]जो जहावायं न कुणइ मिच्छद्दिट्ठी तओ हु को अन्नो । वड्ढेइ य मिच्छत्तं परस्स संकं जणेमाणो ॥

[ पिं० नि० १८६, उप०मा० ५०४ ][8]इच्चाइ णिच्छयमेव पुरओ करेइ। किरिया कारणं (मोक्खस्स) न नाणं, नाणं वा न किरिया, कम्मं पहाणं न ववसाओ, ववसाओ वा न कम्मं, एगंतेण णिच्चमणिच्चं वा

---

'વિવરીઅ પરુવણાએ...' 'ચ' શબ્દ પ્રતિષિદ્ધકરણાદિની પૂર્વવાતોની અપેક્ષાએ **સમુચ્ચય કરવા** માટે છે. વિતથ-ઉત્સૂત્ર એ વિપરીત કહેવાય છે. પ્રરૂપણા એટલે પ્રજ્ઞાપના-દેશના એ તેના પર્યાયવાચી શબ્દો છે. વિપરીત એવી પ્રરૂપણા તે વિપરીત પ્રરૂપણા. તે થઈ જાય તો પ્રતિક્રમણ કરવું પડે. તે વિપરીત પ્રરૂપણાનું **સ્વરૂપ** આવું જાણવું-સ્યાદ્‌વાદમય સિદ્ધાન્તમાં એકાન્તવાદને મુખ્ય કરી **ઉત્સર્ગ** અપવાદાદિમાં કુગ્રહની પ્રરૂપણા કરવી તે વિપરીત પ્રરૂપણા. જેમકે 'ભિક્ષાને શુદ્ધ ન ગવેષતો જીવ અચારિત્રી જ છે એમાં સંશય નથી. અને ચારિત્ર ન રહે તો સંપૂર્ણ દીક્ષા જ વ્યર્થ છે.' ઈત્યાદિ રૂપે માત્ર ઉત્સર્ગને જ પ્રરૂપે. 'સાધુએ પણ **વજસ્વામીની** જેમ ચૈત્યપૂજા કરવી જોઇએ. **અર્ણિકાપુત્ર આચાર્યની** જેમ નિત્યવાસમાં પણ કોઈ દોષ નથી.' ઈત્યાદિ રૂપ માત્ર અપવાદને જ પ્રરૂપે. અથવા 'માત્ર લિંગ જ ઊભું રહ્યું હોય (સાધુતા બધી ચાલી ગઈ હોય) તો પણ તેને સાધુએ પણ વંદન કરવું, કેમકે **આવશ્યક નિર્યુક્તિમાં** 'મુક્તધુરા-સંપ્રકટ સેવી' ઈત્યાદિ વચનો કહ્યા છે.' આવો એકાન્તવાદ પકડે. અથવા 'હે ગૌતમ! પાસત્થા, અવસન્ન, યથાછંદ, કુશીલ તથા શબલ આ પાંચને નજરથી પણ જોવા નહિ. જે બોલવા મુજબ કરતો નથી તેના કરતાં વધુ મિથ્યાત્વી બીજો કોણ હોય? બીજાઓને શંકા પાડતો તે મિથ્યાત્વને વધારે છે' ઈત્યાદિ નિશ્ચયને જ આગળ કરે. અથવા ક્રિયા મોક્ષનું કારણ છે, જ્ઞાન નહિ, કે જ્ઞાન કારણ છે-ક્રિયા નહિ, અથવા કર્મ જ મુખ્ય છે, પુરુષાર્થ નહિ કે પુરુષાર્થ જ મુખ્ય છે કર્મ નહિ, અથવા વસ્તુ એકાન્તે નિત્ય જ છે-એકાન્તે અનિત્ય જ છે અથવા દ્રવ્યમય જ છે કે પર્યાય મય જ છે અથવા સામાન્ય રૂપ જ છે કે વિશેષરૂપ જ છે...' આવી બધી એકાન્તવાદની પ્રધાનતાવાળી પ્રરૂપણાઓ એ વિપરીતપ્રરૂપણા બને છે. તેથી એનું પ્રતિક્રમણ કરવું પડે છે. આ પ્રતિક્રમણનો ચોથો હેતુ બતાવ્યો. ચારેમાં આ જ સૌથી વધુ અયુક્તતર છે, તેમજ દુરન્ત

---

१. स्याद्वादमये समये प्ररूपणैकान्तवादमधिकृत्य। उत्सर्गापवादादिषु कुग्रहरूपा ज्ञातव्या ॥

२. पिण्डमशोधयन्नचारित्री अत्र संशयो नास्ति। चारित्रेऽसति सर्वा दीक्षा निरर्थका ॥

३. एवमुत्सर्गमेव केवलं प्रज्ञापयति। अपवादं च–

४. चैत्यपूजा कार्या यतिनापि खलु वज्रस्वामिनेव किल। अन्निकासुतसूरिणा इव नित्यावासेऽपि नैव दोषः ॥

५. तथा–लिङ्गावशेषमात्रेपि वंदनं साधुनापि दातव्यम् । 'मुक्तधूः संप्रकटसेवी' इत्यादि वचनात् ॥

६. पार्श्वस्थोत्सन्नयथाछन्दाः कुशीलः शबलस्तथा। दृष्ट्यापीमान् पञ्च गौतम ! न निरीक्षेत ॥

७. यो यथावादं न करोति मिथ्यादृष्टिस्ततः खलु कोन्यः। वर्धयति च मिथ्यात्वं परस्य शङ्कां जनयन् ॥

८. इत्यादि निश्चयमेव पुरतः करोति। क्रिया कारणं (मोक्षस्य) न ज्ञानं, ज्ञानं वा न क्रिया, कर्म प्रधानं न व्यवसायः, व्यवसायो वा न कर्म, एकान्तेन नित्यमनित्यं वा द्रव्यमयं पर्यायमयं वा सामान्यरूपं विशेषरूपं वा वस्तु प्रकाशयति, एवंविधा एकान्तवादप्रधाना प्ररूपणा विपरीतप्ररूपणा भवति। अतस्तेषां तिक्रमणमिति चतुर्थो हेतुः ।

दव्वमयं पज्जायमयं वा सामन्नरूवं विसेसरूवं वा वत्थुं पयासेइ, एवंविहा एगंतवायप्पहाणा परूवणा विवरीयपरूवणा भवइ, अओ तेसिं पडिक्कमणं ति चउत्थो हेऊ। इयमयुक्ततरा दुरन्तानन्तसंसारकारणं यदुक्तमागमे (आ० नि० ४३८)–

[1]दुब्भासिएण इक्केण मरीई दुक्खसागरं पत्तो। भमिओ कोडाकोडी सागरसरिणामधिज्जाणं ॥

अत्र कश्चिदाह 'नन्वत्र दुरन्तानन्तशब्दौ दुःखलभ्यान्तत्वेनाऽन्ताभावेन चासंख्यातानन्ताभिधायकौ विरुद्धार्थाविति कथमेतदुपपत्तिरि'ति, स भ्रान्तः। [उत्तरा० १०]

[2]वणस्सइकायमइगओ उक्कोसं जीवो उ संवसे। कालमणंतदुरंतं समयं गोअम ! मा पमायए ॥

इत्यादावनन्तशब्दसमानाधिकरणस्य दुरन्तशब्दस्य दर्शनाद् दुरन्तानन्तवचनस्यातिशयितानन्तवाचकत्वेन विरोधाभावाद्। इत्थं सति विपरीतप्ररूपणाया दुरन्तानन्तसंसारकारणत्वे मरीचिदृष्टान्तोपन्यासस्य साक्षात्तस्यासंख्यातभववाचकप्रमाणविरोधेनानुपपत्तिस्तु तस्या दुरन्तानन्तसंसारकारणत्वोपलक्षितायुक्ततरत्वोपनयनाभिप्रायेण निरसनीया।

---

અનંત સંસારનું કારણ છે. આગમમાં કહ્યું છે કે 'એક દુર્ભાષિતથી મરીચિ દુઃખસાગર પામ્યો. કોડાકોડિ સાગરોપમ સુધી સંસારમાં ભમ્યો."

**[ દુરંત અને અનંત એ બે વિશેષણો વિરુદ્ધ નથી ]**

"અહીં 'દુરંત' એટલે દુઃખે કરીને જેનો અંત પામી શકાય તે. તેથી એ અસંખ્યાતકાળને જણાવે છે. અને 'અનંત' એટલે જેનો અંત નથી તે. તેથી એ અનંતકાળને જણાવે છે. તેથી વિરુદ્ધ અર્થને જણાવનાર આ બંને શબ્દો એકી સાથે સંસારના વિશેષણ બનવા શી રીતે સંગત થાય ?" આવું પૂછનાર ભ્રમમાં પડેલો છે, કેમકે ઉત્તરાધ્યયનના (૧૦ અ.) "વનસ્પતિ કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટથી દુરંત અનંતકાલ રહે છે. માટે હે ગૌતમ ! એક સમયનો પણ પ્રમાદ ન કર." ઇત્યાદિ વચનથી જણાય છે કે અનંત–દુરંત શબ્દો એક જ વસ્તુના વિશેષણ હોવા પણ શાસ્ત્રસંમત છે. તે પણ એટલા માટે કે દુરન્ત અનંત શબ્દ વધુ ભીષણ અનંતનો વાચક હોઇ એમાં કોઈ વિરોધ નથી. આટલું નિર્ણીત થયે છતે આવી જે કુશંકા છે કે "વિપરીતપ્રરૂપણા દુરંત અનંત સંસારનું કારણ બને છે એ બાબતમાં મરીચિનું દૃષ્ટાંત આપવું એ અસંગત છે, કેમકે એ દૃષ્ટાન્ત તો સાક્ષાત્ અસંખ્યસંસારને જ જણાવે છે (કારણકે મરીચિનો તો અસંખ્યાતસંસાર જ વધ્યો હતો.)" તે કુશંકાને એ રીતે તોડી પાડવી કે ત્યાં દુરંત અનંતસંસારની કારણતાથી ઉપલક્ષિત એવી અયુક્તતરતાનું જ દૃષ્ટાન્ત આપવાનો અભિપ્રાય છે. તાત્પર્ય એ છે કે ઉત્સૂત્રપ્રરૂપણા કેવી અયુક્તતર ચીજ છે ? એવી જિજ્ઞાસાના જવાબ તરીકે 'અનંતસંસારનું કારણ બને તેવી' એમ જે કહેવાય છે તે લક્ષણ તરીકે નહિ પણ ઉપલક્ષણ તરીકે કહેવાય છે. તેથી દરેક ઉત્સૂત્રપ્રરૂપણા અનંતસંસાર વધારે જ એવું ફલિત નથી થતું, પણ દરેક ઉત્સૂત્રપ્રરૂપણા અનંતસંસાર વધારનાર ચીજ જેવી અયુક્તતર હોય તેવી અયુક્તતર હોય છે અને તેથી અનંતસંસાર વધારવાની સ્વરૂપયોગ્યતા ધરાવતી હોય છે. એટલું જ ફલિત થાય છે. આવી અયુક્તતરતાના ખ્યાલ માટે મરીચિનું દૃષ્ટાન્ત આપ્યું છે.

---

१. दुर्भाषितेनैकेन मरीचिर्दुःखसागरं प्राप्तः। भ्रान्तः कोटाकोटी सागरसदृग्नामधेयानाम् ॥

२. वनस्पतिकायमतिगत उत्कृष्टं जीवस्तु संवसेत्। कालमनन्तदुरन्तं समयं गौतम ! मा प्रमादीः ॥

यत्तु श्रावकस्य विपरीतप्ररूपणाया अत्र प्रकृतत्वात्तस्य चानाभोगाद् गुरुनियोगाद्वा तत्संभवात्तथाविधक्लिष्टपरिणामाभावान्नासावनन्तसंसारहेतुः, अत एव श्रावकप्रतिक्रमणसूत्रस्य वृत्तौ केवलं दुरन्तशब्दस्यैवाभिधानम्। या च विपरीतप्ररूपणा मार्गपतितानामनन्तसंसारहेतुः सा सभाप्रबन्धेन धर्मदेशनाधिकारिणां बहुश्रुतत्वेन लोकपूज्यानामाचार्यादीनां कुतश्चिन्निमित्तान्निजलज्जादिहानिभयेन सावद्याचार्यादीनामिव, परविषयकमात्सर्येण गोष्ठामाहिलादीनामिव, तीर्थकृद्वचनस्याश्रद्धाने(न) जमाल्यादीनामिवाभोगपूर्विकावसातव्या। ते चेहाधिकाराभावेनानुक्ता अप्यनन्तसंसारित्वेन स्वत एव भाव्याः। येन कारणेन कस्यचिदनाभोगमूलकमप्युत्सूत्रं कुदर्शनप्रवृत्तिहेतुत्वेन दीर्घसंसारहेतुरपि भवति, तेन दुरन्तसंसारमधिकृत्य मरीचिरेव दृष्टान्ततया दर्शितः। तस्य च तथाभूतमप्युत्सूत्रं तथैव सञ्जातं, श्रीआवश्यकचूर्णावपि तथैवोक्तत्वात्, अन्यथा द्वित्रादिभवभाविमुक्तीनामपि मुनिप्रभृतीनामनन्तसंसारित्ववक्तव्यताऽऽपत्तौ जैनप्रक्रियाया मूलत एवोच्छेदः स्याद्-इत्यादि परेणोक्तम्,

---

[ શ્રાવકની વિપરીતપ્રરૂપણામાં અસખ્યસંસારનો જ અધિકાર-પૂ. ]

શંકા–શ્રાવકની વિપરીતપ્રરૂપણાનો અહીં અધિકાર છે. અને શ્રાવકને તો અનાભોગ કે ગુરુનિયોગના કારણે તે સંભવતી હોઈ તેવો તીવ્રસંક્લિષ્ટ પરિણામ હોતો નથી. માટે એ અનંતસંસારનું કારણ બનતી નથી. તેથી જ **શ્રાવકપ્રતિક્રમણસૂત્રની** વૃત્તિમાં તો માત્ર 'દુરંત' શબ્દ જ લખ્યો છે. (તેથી દુરંત શબ્દ તો અસંખ્ય સંસારનો જ વાચક છે.) જે વિપરીતપ્રરૂપણા માર્ગમાં રહેલા જીવોના અનંતસંસારનો હેતુ બને છે તે તો સભાઓ ભરીને ધર્મદેશના આપવાના અધિકારી અને બહુશ્રુત તરીકે લોકોમાં પૂજનીય એવા આચાર્યોની જ કોઈક નિમિત્તે થઈ ગયેલી વિપરીત પ્રરૂપણા જાણવી. જેમ કે પોતાની લજ્જા વગેરેની હાનિના ભયે **સાવદ્યાચાર્યે** અન્ય પરના માત્સર્યથી **ગોષ્ઠામાહિલ** વગેરેએ અને જિનવચનની અશ્રદ્ધાથી **જમાલિ** વગેરેએ આભોગપૂર્વક કરેલી ઉત્સૂત્રપ્રરૂપણા. આ બધી ઉત્સૂત્રપ્રરૂપણાઓ અહીં અધિકાર ન હોવાના કારણે કહી નથી. તેમ છતાં આ બધી વિપરીત પ્રરૂપણા અનંતસંસારનો હેતુ બને છે એ સ્વયં વિચારી લેવું. વળી શ્રાવકનું અનાભોગથી થયેલું ઉત્સૂત્ર પણ કુદર્શનની પ્રવૃત્તિનો હેતુ બનવા દ્વારા કોઈકને દીર્ઘ (દુરંત–અસંખ્ય) સંસારનો હેતુ બને છે. તેથી દુરંતસંસારરૂપ ફળ દેખાડવાની અપેક્ષાએ જ (અનંતસંસાર ફળ નહિ) મરીચિને જ દૃષ્ટાંત તરીકે કહ્યો છે. કારણ કે અનાભોગથી બોલાયેલું ઉત્સૂત્ર પણ કુદર્શનની પરંપરા દ્વારા તેના તો દુરંતસંસારનો હેતુ બની ગયું હતું. શ્રી આવશ્યકવૃત્તિમાં પણ તેમજ કહ્યું છે. બાકી યોગ્યતા ધરાવવા માત્રથી અનંતસંસાર વધવાના અધિકારમાં દૃષ્ટાન્ત તરીકે જો મરીચિને કહી શકાતો હોય તો તો, જેમાં અનંતસંસાર વૃદ્ધિની સ્વરૂપયોગ્યતા રહેલી હોય તેવી વિરાધના કરી બેસનારા, પણ તેમ છતાં જેઓ બે–ત્રણ ભવમાં જ મુક્તિ પામનારા છે એવા પણ મહાત્માને 'આ અધિકૃત વિરાધના અનંતસંસારનું કારણ બને છે, જેમ કે, અમુક (આ) મહાત્માને' એ રીતે અનંતસંસારિતાના દૃષ્ટાંત તરીકે કહેવાની આપત્તિ આવશે. અને તો પછી અનંતસંસાર વગેરે અંગેની જૈનપ્રક્રિયાનો મૂળથી જ લોપ થઈ જશે.

तदसत्, श्रावकस्यापि 'जणस्स धम्मं परिकहेइ' त्ति वचनाद्गुरूपदेशायत्ततया धर्मकथनाधिकारित्वश्रवणात्कर्मपरिणतिवैचित्र्येण तस्यापि गुरूपदेशायत्ततां परित्यज्य कथञ्चित्सावद्याचार्यादीनामिव विपरीतप्ररूपणासंभवात्, तस्याश्च स्वरूपतोऽनन्तसंसारकारणत्वात् तत्प्रतिक्रमणार्थमिहेत्थमुपनिबन्धाद् । न चान्यत्र दुरन्ताभिधानमनन्तत्वप्रतिक्षेपकं, दुरन्तत्वस्यानन्तत्वाविरोधित्वाद् । 'अनंतसंसाराधिकाराभावादिह तद्दृष्टान्तानुक्तिः' इति तु प्रकृतग्रन्थस्य खण्डनं, न तु मंडनं, 'सा चायुक्ततरा दुरन्तानन्तसंसारहेतुः' इत्यवस्थितपाठपरित्यागेनैव तद्दृष्टान्ताऽध्याहारसंभवात्, तस्मादुक्तोपलक्षणव्याख्यानरीत्यैव प्रकृतोपनयसमर्थनं न्याय्यम् । ईदृशोत्सूत्रवचने स्वरूपतोऽनन्तसंसारहेतुत्ववचने चरमशरीरिक्रियमाणारंभेऽपि स्वरूपतो नरकहेतुत्ववचनवत् प्रक्रियाऽविरोधादिति सम्यग् विभावनीयम् । इत्थं च—

[ તેમાં પણ અનંત સંસારનો જ અધિકાર છે-ઉ. ]

**સમાધાન**-આવું કહેવું યોગ્ય નથી, કેમ કે 'શ્રાવકોને પણ ગુરુઉપદેશને આધીન રહીને ધર્મ કહેવાનો અધિકાર હોય છે' એવું ઉપદેશમાળાના (૨૩૩) 'લોકોને ધર્મ કહે' ઇત્યાદિ વચનથી જણાય છે. કર્મપરિણતિની વિચિત્રતાના કારણે ક્યારેક તે પણ ગુરુઉપદેશની આધીનતાને છોડી વિપરીતપ્રરૂપણા કરી બેસે એવું સંભવે છે, જે સ્વરૂપતઃ અનંતસંસારનું કારણ હોય છે. માટે તેનું પ્રતિક્રમણ આવશ્યક બનવાથી અહીં તેનો ઉલ્લેખ કર્યો છે. માટે અહીં પણ અનંતસંસારનો અધિકાર છે જ. વળી **આવશ્યકચૂર્ણિમાં** જે માત્ર 'દુરંત' શબ્દ જ કહ્યો છે તે પણ કાંઇ અનંતત્વના અભાવને જણાવતો નથી. (એટલે કે સંસારને લગાડેલું 'દુરંત' એવું વિશેષણ, 'પ્રસ્તુત અધિકારમાં અસંખ્ય સંસારનો જ અધિકાર છે, અનંતસંસારનો નહિ' એવું જણાવતું નથી) તેનું કારણ એ કે દુરંતત્વ એ અનંતત્વનું વિરોધી નથી. (એટલે કે વિશેષ્ય બનેલ જે સંસારમાં દુરંતપણું હોય તે સંસારમાં અનંતપણું ન જ હોય એવો નિયમ નથી.) એમ "અનંત સંસારનો અહીં અધિકાર નથી, (કારણ કે શ્રાવકને તેવા સંકલિષ્ટ અધ્યવસાય પૂર્વક વિપરીત પ્રરૂપણા હોતી નથી), તેથી અનંતસંસારનું દૃષ્ટાંત આપ્યું નથી" એવું જે કહ્યું છે તે પણ પ્રસ્તુત ગ્રન્થના ખંડનરૂપ જ છે, મંડનરૂપ નહિ. કેમ કે 'સા=વિપરીત પ્રરૂપણા અત્યંત અયુક્ત છે, કેમ કે દુરંત અનંતસંસારનો હેતુ છે' એવો જે નિશ્ચિતપાઠ મળે છે તેનો ત્યાગ કરીને જ દૃષ્ટાંતનું અકથન સંભવી શકે છે. કેમ કે એ પાઠ હોય ત્યાં સુધી તો અનંતસંસારનો અધિકાર ચૂર્ણિકારને અભિપ્રેત હોવો પ્રસ્તુતમાં જણાયા કરે છે. માટે પૂર્વે કહી ગયા એ રીતે 'ઉપલક્ષણ વ્યાખ્યાનથી મરીચિનું દૃષ્ટાંત આપ્યું છે' એ રીતે સમર્થન કરવું એ જ યોગ્ય છે. [કહેવાનો આશય એ છે કે પ્રસ્તુતમાં વિપરીતપ્રરૂપણાના અધિકારમાં સાવદ્યાચાર્ય વગેરેનું દૃષ્ટાંત ન કહેતાં મરીચિનું દૃષ્ટાંત કહેવાયું છે. મરીચિ તો અસંખ્ય સંસારજ રખડયો છે, અનંત સંસાર નહિ. માટે દૃષ્ટાન્તગ્રન્થને સંગત ઠેરવવા પૂર્વપક્ષી એમ કહે છે કે અહીં અસંખ્ય સંસારનો જ અધિકાર છે, અનંતસંસારનો નહિ, અને તેથી અસંખ્ય સંસારની કારણતાવાળી મરીચિની વિપરીત પ્રરૂપણાને અહીં દૃષ્ટાંત તરીકે કહી છે એ સંગત રહે છે. (આમ કહેવામાં પૂર્વપક્ષીનો

"आयरिअपरंपरएण आगयं जो उ आणुपुव्वीए (छेयबुद्धीए)। कोवेइ छेयवाई जमालिणासं व णासीहि ॥
(सू. कृ. ) आचार्याः श्री सुधर्मस्वामिजम्बूनामप्रभवार्यरक्षिताद्यास्तेषां परंपरा प्रणालिका पारंपर्यं तेन आगतं यद्व्याख्यानं सूत्राभिप्रायः, तद्यथा-'व्यवहारनयाभिप्रायेण क्रियमाणमपि कृतं भवति'। यस्तु कुतर्कदर्पाध्मातमानसो मिथ्यात्वोपहतदृष्टितया छेकबुद्धया निपुणबुद्धया 'कुशाग्रीयशेमुषीकोऽहं' इति कृत्वा कोपयति दूषयति अन्यथा तमर्थं सर्वज्ञप्रणीतमपि व्याचष्टे 'कृतं कृतं' इत्येवं ब्रूयाद्, वक्ति च 'न हि मृत्पिण्डक्रियाकाल एव घटो निष्पद्यते, कर्मगुणव्यपदेशानामनुपलब्धेः' स एवं छेकवादी 'निपुणोऽहं' इत्येवंवादी पंडिताभिमानी जमालिनाशं जमालीनिह्नववत्सर्वज्ञमतविगो(को)पको विनङ्क्षयति अरघट्टघटीयन्त्रन्यायेन संसारचक्रवालं बंभ्रमिष्यति"

इत्यादिसूत्रकृताङ्गयाथातथ्याध्ययननिर्युक्तिवृत्तिवचनमात्रमवलंब्य ये "जमालेररघट्टघटीयन्त्रन्यायेन संसारचक्रवालभ्रमणे साध्ये दृष्टान्ततयोपदर्शितत्वाद्, दृष्टान्तस्य च निश्चितसाध्यधर्मवत्त्वात्तस्यानन्तसंसारित्वसिद्धिरि"ति वदन्ति ते पर्यनुयोज्याः "नन्वयमपि दृष्टान्तः प्रागुक्तमरीचिदृष्टान्तवदुपलक्षणपर एव, इत्यरघट्टघटीयन्त्रन्यायोपलक्षितसंसारचक्रवालपरिभ्रमणे साध्ये नायुक्तः, इति कथमस्माद्भवतामिष्टसिद्धिः? अन्यथाऽरघट्टघटीयन्त्रन्यायोऽत्र प्रकरणमहिम्ना पुनः पुनश्चतुर्गतिभ्रमणपर्यवसित इति चतुर्गतिभ्रमणमपि जमालेरनेन न्यायेन सिद्ध्येत्।

---

આશય તો એ જ છે કે "જ્યાં અનંતસંસારનો અધિકાર નથી એવા પણ આ સ્થાનમાં મરીચિનું દૃષ્ટાંત આપ્યું છે તે સૂચવે છે કે સાવદ્યાચાર્ય વગેરેનું ઉત્સૂત્ર કે જે અનંત સંસારનો હેતુ છે તેના કરતાં મરીચિની પ્રરૂપણા વિલક્ષણ હતી. એટલે કે એ ઉત્સૂત્ર નહિ, પણ ઉત્સૂત્રમિશ્ર હતી.") ગ્રન્થકારનું કહેવું એ છે કે આ રીતે ગ્રન્થસંગતિ કરવી એ ગ્રન્થનું મંડન નથી, પણ ખંડન છે, કેમ કે ગ્રન્થમાં વિપરીત પ્રરૂપણાનું સ્વરૂપ દેખાડીને પછી જે કહ્યું છે કે "તે (આ) વિપરીતપ્રરૂપણા અત્યંત અયુક્ત છે, કેમ કે દુરન્ત અનંતસંસારનો હેતુ છે." તેના પરથી જણાય છે કે અહીં અનંતસંસારનો જ અધિકાર છે, અસંખ્ય સંસારનો નહિ. માટે જો અહીં અસંખ્યસંસારનો જ અધિકાર લેવો હોય તો 'તે અત્યંત અયુક્ત છે, કેમ કે દુરન્ત...' વગેરે પાઠ કાઢી નાંખવો પડે જે ગ્રન્થના ખંડનરૂપ છે. માટે પ્રસ્તુતમાં પણ 'અનંતસંસારનો અધિકાર છે' એવું માનવું એ જ યોગ્ય છે. તેમ છતાં અસંખ્યકાળ જ સંસારમાં રખડેલા મરીચિનું જે દૃષ્ટાંત અપાયું છે તેના કારણે થોડી અસંગતિ જેવું લાગે છે. એટલે તેનું વારણ કરવા ગ્રન્થકારે પૂર્વે દર્શાવાઇ ગયેલી ઉપલક્ષણ વ્યાખ્યાનો નિર્દેશ કર્યો છે.]

વળી પ્રક્રિયાવિલોપની જે તમે આપત્તિ આપી છે એ પણ યોગ્ય નથી, કેમ કે જેમ ચરમશરીરીથી કરાતા આરંભ સમારંભમાં પણ સ્વરૂપતઃ નરકહેતુતા કહેવામાં કોઈ પ્રક્રિયા વિરોધ નથી તેમ આવા મરીચિના ઉત્સૂત્રવચનમાં સ્વરૂપતઃ અનંતસંસારહેતુતા કહેવામાં કોઇ પ્રક્રિયાવિરોધ નથી. આ વાત બરાબર વિચારવી.

[ જમાલિનું દૃષ્ટાંતનું સમર્થન પણ ઉપલક્ષણ વ્યાખ્યાથી ]

આ રીતે દૃષ્ટાંતનું સમર્થન કરવું યોગ્ય હોવાથી જમાલિની બાબતમાં પણ આવું જ સમર્થન જાણવું. કહેવાનો ભાવ એ છે કે સૂત્રકૃતાંગ-યથાતથ્ય અધ્યયન

---

१. आचार्यपारंपर्येणागतं यस्त्वानुपूर्व्या (छेकबुद्धया)। कोपयति छेकवादी जमालिनाशं विनंक्ष्यति ॥

**यत्तु** यस्यैकेन्द्रियादिषु पुनः पुनरुत्पादेन द्राघीयसी संसारस्थितिस्तमुद्दिश्यैवायं न्यायः **प्रवर्त्तते** । तदुक्तं —

[1]एयं पुण एवं खलु अन्नाणपमायदोसओ णेयं । जं दीहा कायठिई भणिआ एगिंदियाईणं ॥

इति **उपदेशपदे** (१६) । **व्याख्यायां च**–"एकेन्द्रियादिजातिषु दूरं मनुजत्वविलक्षणास्वरघट्टघटीयन्त्र-न्यायक्रमेण पुनः पुनरावर्त्तते । एतदपि कुतः सिद्धं ? इत्याह **यद्** यस्मात्कारणद् **दीर्घा** द्राघीयसी **कायस्थितिः** पुनः पुनर्मृत्वा तत्रैव काये उत्पादलक्षणा **भणिता** प्रतिपादिता सिद्धान्ते, **एकेन्द्रियादीनां** जातीनामिति एकेन्द्रियद्वीन्द्रियादिलक्षणानां जीवानामिति ॥" **तत एकेन्द्रियादिजात्याश्रितस्यैवारघट्टघटीयन्त्रन्यायस्याश्रयणान्न** दृष्टान्तदार्ष्टान्तिकयोर्वैषम्यमिति ।

**નિર્યુક્તિ-વૃત્તિ** (   )ના વચનને પકડી ને જેઓ આવું કહે છે કે "અરઘટ્ટઘટીયંત્ર ન્યાય મુજબ સંસારચક્રમાં થતાં ભ્રમણને સિદ્ધ કરવા જમાલિને જે દૃષ્ટાંત તરીકે કહ્યો છે તેનાથી તે અનંત સંસારી હોવો સિદ્ધ થાય છે, કારણકે દૃષ્ટાંત અવશ્ય સાધ્ય ધર્મથી યુક્ત હોય છે" તેઓને ઘણી બાબતોની પૂછપરછ કરવા જેવી છે. ઉક્તનિર્યુક્તિ -વૃત્તિ વચનનો ભાવાર્થ આવો છે—

"**શ્રી સુધર્માસ્વામી-જંબૂસ્વામી-પ્રભ-સ્વામી-આર્યરક્ષિતસૂરિ મહારાજ** વગેરેની પરંપરાથી સૂત્રના અભિપ્રાયરૂપ જે વિવેચન ચાલ્યું આવતું હોય-જેમકે વ્યવહારનયના અભિપ્રાયે 'ક્રિયમાણ પણ કૃત હોય છે' ઈત્યાદિ-તેને કુતર્કના અભિમાનથી ગ્રસ્ત મનવાળી કેટલીક વ્યક્તિ મિથ્યાત્વથી સમ્યગ્-દૃષ્ટિ હણાઈ ગયેલ હોવાના કારણે 'હું તીક્ષ્ણબુદ્ધિવાળો છું' એવું વિચારીને દૂષિત ઠેરવે છે, એટલે કે સર્વજ્ઞપ્રણીત એવા પણ તે અર્થનું બીજી રીતે વિવેચન કરે છે-જેમકે કૃતં જ કૃતં હોય, મૃત્પિંડાદિક્રિયા કાલમાં કાંઈ ઘડો ઉત્પન્ન થઈ જતો નથી, કેમકે તે કાલમાં તેના (ઘડાના) કાર્ય, ગુણ, કે શબ્દોલ્લેખ દેખાતાં નથી ઈત્યાદિ. 'હું હોંશિયાર છું' એવા પંડિતપણાના અભિમાન વાળી આવી તે વ્યક્તિ છેકવાદી **જમાલિનિહ્નવની** જેમ અરઘટ્ટઘટીયન્ત્રન્યાય મુજબ સંસારચક્રવાલમાં વારંવાર ભટકે છે."

આ વચનો પરથી અરઘટ્ટઘટીયંત્રન્યાય અનંતસંસારને સૂચવે છે. અને તેમાં જમાલિનું દૃષ્ટાન્ત આપ્યું છે. તેથી જમાલિમાં તો એ ન્યાય મુજબનો અનંત સંસાર નિર્વિવાદ રીતે નિશ્ચિત માનવો જ પડે છે. (કેમકે તો જ એનું દૃષ્ટાન્ત અપાય.)

આ રીતે જમાલિનો અનંત સંસાર કહેનારને અમે કહીએ છીએ કે-હમણાં પૂર્વે મરીચિના દૃષ્ટાન્ત અંગે જેમ કહી ગયા તેમ અહીં પણ આ દૃષ્ટાન્ત ઉપલક્ષણને જણાવવામાં જ તત્પર છે. અને તેથી અરઘટ્ટઘટીયંત્રન્યાયથી ઉપલક્ષિત સંસારચક્રવાલ-પરિભ્રમણને સિદ્ધ કરવામાં જમાલિનું દૃષ્ટાન્ત અયોગ્ય નથી, કેમકે જમાલિની તે પ્રરૂપણામાં પણ તાદૃશ પરિભ્રમણનું કારણ બનવાની યોગ્યતા તો હતી જ. તેથી જમાલિને દૃષ્ટાન્ત તરીકે કહ્યો હોવા માત્રથી તેનો અનંતસંસાર શી રીતે સિદ્ધ થઈ જાય ? બાકી જો ઉપલક્ષણ લેવાનું ન હોય અને સંપૂર્ણ એ પ્રમાણે સંસારભ્રમણ જ લેવાનું હોય તો તો જમાલિને એ ન્યાય મુજબ ચારે ગતિમાં ભ્રમણ પણ સિદ્ધ થઈ

1. एतत्पुनरेवं खलु अज्ञानप्रमाददोषतो ज्ञेयम् । यद्दीर्घा कायस्थितिर्भणितैकेन्द्रीयादीनाम् ॥

**तदसत्**, तत्र मनुजत्वगतिदौर्लभ्याधिकारादरघट्टघटीयन्त्रन्यायसामान्यस्यैकेन्द्रियादिजातिमात्रेण विशेषविवक्षायामप्यत्र सर्वज्ञमतविकोपकस्य चतुरशीतिलक्षजीवयोनिसङ्कुलसंसारपरिभ्रमणाधिकारात्पुनः पुनर्गतिचतुष्टयभ्रमणाश्रितस्यैव विवक्षितत्वाद् । अत एव 'श्रुतविराधनातश्चातुर्गतिकसंसारपरिभ्रमणं भवति' इति स्फुटमेवान्यत्राभिहितं, जमालिदृष्टान्तश्च तत्रोपन्यस्त इति । तथा हि—

इच्चेइयं दुवालसंगं गणिपिडगं तीते काले अणंता जीवा आणाए विराहेत्ता चाउरंतसंसारकंतारं अणुपरिअट्टिंसु १। इच्चेइयं दुवालसंगं गणिपिडगं पडुप्पन्ने काले परित्ता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणुपरिअट्टंति २। इच्चेइयं दुवालसंगं गणिपिडगं अणागए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतसंसारकंतारं अणुपरिअट्टिस्संति त्ति ॥" **नन्दिसूत्रे**-एतद्वृत्तिर्मलयगिरिकृता, यथा-"इच्चेइयमित्यादि, इत्येतद्

---

જશે, કેમકે પ્રકરણ પરથી ખબર પડે છે કે અહીં અરઘટ્ટઘટીયંત્રનો અર્થ ચારે ગતિમાં વારંવાર ભ્રમણ કરવા રૂપ છે.

[ અરઘટ્ટઘટીયંત્રન્યાય એકેન્દ્રિયાદિમાં પુનઃ પુનઃ ભ્રમણનો સૂચક-પૂ. ]

**પૂર્વપક્ષ :-** એકેન્દ્રિયાદિમાં વારંવાર ઉત્પન્ન થવા દ્વારા જેણે સંસારમાં દીર્ઘતર કાળ ભ્રમણ કરવાનું હોય તેને ઉદ્દેશીને જ આ ન્યાય છે (નહિ કે ચારે ગતિમાં પુનઃ પુનઃ ભ્રમણ કરવાવાળા જીવને ઉદ્દેશીને.) **ઉપદેશપદ** (૧૬) માં કહ્યું છે કે—

"અજ્ઞાન અને પ્રમાદદોષથી જીવ એકેન્દ્રિયાદિમાં ભટકે છે જેની દીર્ઘ કાયસ્થિતિ કહી છે. આના પરથી આ વાત (માનવભવની દુર્લભતા) જાણવી." એની વ્યાખ્યામાં કહ્યું છે કે-"મનુષ્યપણાથી અત્યંત વિલક્ષણ એવી એકેન્દ્રિયાદિ જાતિઓમાં અરઘટ્ટઘટીયંત્ર ન્યાય મુજબ પુનઃ પુનઃ ફરે છે. આ વાત એના પરથી જણાય છે કે સિદ્ધાન્તમાં એકેન્દ્રિય બેઇન્દ્રિયાદિ જીવોની તે જ કાયમાં પુનઃ પુનઃ મરીને ઉત્પન્ન થવા રૂપ કાયસ્થિતિ દીર્ઘ કહી છે."

આમ અહીં જેમ એકેન્દ્રિયાદિજાતિની અપેક્ષાએ જ અરઘટ્ટઘટીયંત્રન્યાય કહ્યો છે તેમ જમાલિની બાબતમાં પણ તે જ રીતે એ ન્યાય લેવાથી જમાલિનો અનંતસંસાર સિદ્ધ થવા છતાં ચારે ગતિમાં ભ્રમણરૂપ દાર્ષ્ટાન્તિક અર્થ માનવાની આવશ્યકતા રહેતી નથી.

[ પ્રસ્તુતમાં એ ન્યાય ચતુર્ગતિભ્રમણનો સૂચક-ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ :-** આવી દલીલ યોગ્ય નથી, કેમકે ઉપદેશપદમાં તો માનવભવની દુર્લભતાનો અધિકાર હોઈ અરઘટ્ટઘટીયંત્રના સામાન્ય ન્યાયની પણ એકેન્દ્રિયાદિજાતિમાં ભ્રમણરૂપે વિશેષ વિવક્ષા કરી છે. કિન્તુ પ્રસ્તુતમાં તો સર્વજ્ઞમતને ઊડાડનાર જીવના ચોર્યાશીલાખ જીવયોનિથી વ્યાપ્ત સંસારમાં થતા પરિભ્રમણનો અધિકાર હોઈ ચારે ગતિમાં ભ્રમણરૂપ સામાન્યન્યાયની જ વિવક્ષા છે. તેથી જ 'શ્રુતવિરાધનાથી ચારેગતિમાં ભ્રમણ થાય છે' એવું માત્ર ઉક્ત ન્યાય દ્વારા જ નહિ, પણ સ્પષ્ટ શબ્દો દ્વારા પણ અન્ય-શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે અને ત્યાં પણ જમાલિનું દૃષ્ટાન્ત આપ્યું છે. જેમકે **નંદીસૂત્રમાં** કહ્યું છે કે—

"આ દ્વાદશાંગ ગણિપિટકને આજ્ઞાની વિરાધના દ્વારા વિરાધીને અનંતા જીવો ભૂતકાળમાં ચતુર્ગતિક સંસારરૂપ જંગલમાં ભટક્યા છે, વર્તમાનકાળે કેટલાક પરિત્તજીવો વિરાધીને ભટકી રહ્યા છે

**द्वादशाङ्गं** गणिपिटकमतीतकालेऽनन्ता जीवा आज्ञया यथोक्ताज्ञापरिपालनाऽभावतो विराध्य चतुरन्तसंसारकान्तारं विविधशारीरमानसानेकदुःखविटपिशतसहस्रदुस्तरं भवगहनं **अणुपरिअट्टिंसुत्ति** अनुपरावृत्तवन्त आसन् । इह द्वादशाङ्गं सूत्रार्थोभयभेदेन त्रिविधं, द्वादशाङ्गमेव चाज्ञा 'आज्ञाप्यते जन्तुगणो हितप्रवृत्तौ यया साऽऽज्ञे'तिव्युत्पत्तेः, ततः साऽऽज्ञा च त्रिधा, तद्यथा–सूत्राज्ञा, अर्थाज्ञा, तदुभयाज्ञा च । संप्रत्यमूषामाज्ञानां विराधनाश्चिन्त्यन्ते । तत्र यदाऽभिनिवेशतोऽन्यथा सूत्रं पठति तदा सूत्राज्ञाविराधना, सा च यथा **जमालिप्रभृतीनाम्** । यदात्वभिनिवेशवशतोऽन्यथा द्वादशाङ्गार्थं प्ररूपयति तदाऽर्थाज्ञाविराधना, सा च **गोष्ठामाहिलादीना**मिवावसातव्या । यदा पुनरभिनिवेशवशतः श्रद्धाविहीनतया हास्यादितो वा द्वादशाङ्गस्य सूत्रमर्थं च विकुट्टयति तदोभयाज्ञाविराधना, सा च दीर्घसंसारिणामभव्यानां चानेकेषां विज्ञेयेति । " तथा "आज्ञया सूत्राज्ञयाऽभिनिवेशतोऽन्यथापाठादिलक्षणया विराधनया विराध्यातीते कालेऽनन्ता जीवाश्चतुरन्तं संसारकान्तारं नरकतिर्यग्नरामरविविधवृक्षजालदुस्तरं भवाटवीगहनमित्यर्थः अनुपरावृत्तवन्त आसन् **जमालिवद्** । अर्थाज्ञया पुनरभिनिवेशतोऽन्यथाप्ररूपणादिलक्षणया विराधनया **गोष्ठामाहिलवत्** (उभयाज्ञया पुनः पञ्चविधाचारपरिज्ञानकरणोद्यतगुर्वादेशादिलक्षणया गुरुप्रत्यनीकद्रव्यलिङ्गधार्यनेकश्रमणवद्") इति तु **हारिभद्र्यामेतद्वृत्तावुक्तमिति ॥ तस्मादुपलक्षणव्याख्यान एव यथोक्तदृष्टान्तोपपत्तिरिति स्मर्त्तव्यम्** ।

---

અને ભવિષ્યકાળમાં અનંતા જીવો વિરાધીને ભટકવાના છે." **શ્રી મલયગિરિ મહારાજે** આની કરેલી વૃત્તિનો ભાવાર્થ :– આ દ્વાદશાંગીને યથોક્ત આજ્ઞાપાલનના અભાવ દ્વારા ભૂતકાળમાં વિરાધીને અનંત જીવો શારીરિક–માનસિક વિવિધ અનેક દુઃખો રૂપી લાખો વૃક્ષોના કારણે ગહન એવા ચતુરંત સંસારમાં ભટકયા છે. આમાં દ્વાદશાંગી ત્રણ પ્રકારે છે. સૂત્ર, અર્થ અને ઉભય. જીવોને જે હિતપ્રવૃત્તિમાં આજ્ઞા કરે–કુશળાનુષ્ઠાનોમાં જોડે તે આજ્ઞા. અહીં આ ત્રિવિધ દ્વાદશાંગનું જ ત્રિવિધ આજ્ઞારૂપે ગ્રહણ છે. એની વિરાધનાની વિચારણા આ પ્રમાણે–અભિનિવેશના કારણે સૂત્રને જુદી રીતે બોલે તે સૂત્રાજ્ઞાવિરાધના... જેમકે **જમાલિ વગેરેની**. દ્વાદશાંગીના અર્થને જે અભિનિવેશના કારણે અન્યથા પ્રરૂપે તો એ અર્થાજ્ઞાવિરાધના...જેમકે **ગોષ્ઠામાહિલ** વગેરેની. એમ અભિનિવેશવશાત્ શ્રદ્ધા શૂન્ય હોવાના કારણે કે હાસ્યાદિથી દ્વાદશાંગીના સૂત્ર અને અર્થને બંનેને અન્યથા બોલે તો ઉભયાજ્ઞાવિરાધના...તે દીર્ઘસંસારી તેમજ અનેક અભવ્યોને હોય છે." તથા **શ્રી હરિભદ્ર સૂરિમહારાજ** વિરચિત વૃત્તિમાં કહ્યું છે કે "આજ્ઞાથી=સૂત્રાજ્ઞાથી, અભિનિવેશથી અન્યથા પાઠ વગેરે રૂપ સૂત્ર વિરાધનાથી વિરાધીને અતીત કાલમાં અનંતા જીવો નારક–તિર્યંચ–મનુષ્ય–દેવ ગતિરૂપ વિવિધ વૃક્ષજાલના કારણે દુસ્તર એવા ચાઉરંત સંસાર કાન્તારમાં **જમાલિની** જેમ ભટકયા. અર્થાજ્ઞાથી, અભિનિવેશના કારણે અન્યથા અર્થપ્રરૂપણા રૂપ વિરાધનાથી ગોષ્ઠામાહિલાદિ (અને પંચાચારના પરિજ્ઞાન અને પાલનમાં ઉદ્યત ગુરુના આદેશાદિ રૂપ ઉભયાજ્ઞાથીઃ વિરાધના કરીને ગુરુપ્રત્યનીક દ્રવ્યલિંગી અનેક શ્રમણો) સંસારમાં ભટકયા."

**'સર્વજ્ઞમતલોપકને ચતુર્ગતિક સંસાર પરિભ્રમણ થાય છે' તે વાત જણાવીને તેમાં જમાલિનું દૃષ્ટાન્ત અનેક શાસ્ત્રમાં આપેલ છે. તેમ છતાં તમારા અભિપ્રાય મુજબ પણ જમાલિને ચારે ગતિમાં ભ્રમણ છે તો નહિ જ. તેથી ઉપલક્ષણ વ્યાખ્યા દ્વારા જ એ દૃષ્ટાન્ત સંગત થાય છે એ યાદ રાખવું. એટલે કે ચતુર્ગતિકસંસાર પરિભ્રમણની બાબતમાં જમાલિનું દૃષ્ટાન્ત આપ્યું હોવા છતાં જેમ તેનામાં ચતુર્ગતિકસંસાર પરિભ્રમણ સિદ્ધ થઇ જતું નથી (કેમકે એ નરકમાં તો જવાનો નથી) તેમ અનંતસંસારની બાબતમાં તેનું દૃષ્ટાન્ત આપ્યું હોવા માત્રથી એનો સંસાર અનંત હોવો શી રીતે સિદ્ધ થઇ જાય ? વળી દૃષ્ટાન્તભૂત જમાલિમાં જ ચતુર્ગતિભ્રમણ કે અનંતસંસાર**

यत्तु–आशातनाबहुलानां नियमेनानन्तसंसारो भवतीति ज्ञापनार्थमेवेदं जमालिदृष्टान्तोपदर्शनं, चतुरन्तशब्दस्तु संसारविशेषणत्वेन संसारस्वरूपाभिधायको, न पुनः सर्वेषामप्याशातनाकारिणां गतिचतुष्टयाभिधायकः, न हि गतिचतुष्टयगमनमेवानन्तसंसारित्वाभिव्यञ्जकं, अन्वयव्यतिरेकाभ्यां व्यभिचारात्, तस्माद् गत्यादीनां प्रतिप्राणिनं भिन्नत्वान्न तौल्यं इति–परेणात्र सामाधानं क्रियते तदसम्बद्धवाग्वादमात्रं, चतुरंतशब्दार्थस्य संसारविशेषणत्वे चतुरंतसंसारपरिभ्रमणस्य विशिष्टसाध्यस्य पर्यवसानात् चतुरंतान्वितसंसारस्य भ्रमणेऽन्वयात्, तथा च दृष्टान्ते जमालौ साध्यवैकल्यदोषानुद्धारात्, न हि विशिष्टे साध्ये विशेष्यांशसद्भावमात्रेण दृष्टान्ते साध्यवैकल्यदोष उद्धर्तुं शक्यते। 'अनभिज्ञस्यार्हच्चैत्यानगारशब्दाभ्यामिव चतुरंतसंसारकान्तारशब्दाभ्यामेकस्यैवार्थस्य बोधनं' इत्यभ्युपगमे च प्रेक्षावतामुपहासपात्रत्वापत्तिः।

---

ન હોવાથી જે અસંમતિ જેવું દેખાય છે તેની સંગતિ આગળ કહી ગયા મુજબ ઉપલક્ષણ વ્યાખ્યાથી કરવી. એટલે કે સર્વજ્ઞમતલોપક શું કરી રહ્યો છે? એવા પ્રશ્નના જવાબમાં 'ચતુર્ગતિભ્રમણ ઊભું કરી રહ્યો છે' એવું જે કહેવાય છે એ લક્ષણભૂત નથી, પણ ઉપલક્ષણભૂત છે.

[ અધ્યવસાયભેદે ગતિ-સંસારકાળ વગેરેનો ભેદ ]

**પૂર્વપક્ષ**:– 'આશાતનાપ્રચુરજીવો નિયમા અનંતસંસારી હોય છે' એવું જણાવવા માટે જ **જમાલિનું** દૃષ્ટાન્ત કહ્યું છે. ચતુરંત શબ્દ તો સંસારનું વિશેષણ હોઈ તેના સ્વરૂપ માત્રને જણાવે છે, નહિ કે 'આશાતના કરનાર બધા જીવો ચારે ગતિમાં ભમે જ' એવા નિયમને. 'ચાર' ગતિમાં ભટકવાનો ન હોય તો અનંતસંસારી હોવો જ શી રીતે જણાય ?' એવું ન પૂછવું, કેમકે ચારેગતિમાં જવું એ જ કાંઈ અનંતસંસારને જણાવનાર અભિવ્યંજક નથી, કારણકે એ ગમનમાં અન્વય–વ્યતિરેક ઉભયવ્યભિચાર છે. ચારેય ગતિમાં ૧–૨ ભવ કરનારા અનંતસંસારી હોતા નથી જ્યારે નિગોદમાં અનંતકાળ રખડી દેવ કે નરકમાં ગયા વગર મોક્ષે જનારા અનંતસંસારી હોય છે. તેથી ભટકવાની તે તે ગતિઓ તો પ્રાણીએ પ્રાણીએ ભિન્ન હોવાથી એનો નિયમ નથી, પણ અનંતસંસારનો નિયમ તો છે જ. માટે ઉપલક્ષણવ્યાખ્યાન કર્યા વિના પણ દૃષ્ટાન્તની કોઈ અસંગતિ નથી.

**ઉત્તરપક્ષ**:– તમારું આવું સમાધાન માત્ર અસંબદ્ધ પ્રલાપરૂપ જ છે, 'ચતુરંત' શબ્દનો જે અર્થ છે તે જો સંસારનું વિશેષણ હોય તો સાધ્ય વિશિષ્ટરૂપે ફલિત થઈ જશે. અર્થાત્ હવે માત્ર સંસાર ભ્રમણ સાધ્ય નહિ રહે, પણ 'ચતુરંતસંસારભ્રમણ' એ સાધ્ય બનશે. અને તેથી દૃષ્ટાન્ત જમાલિમાં સાધ્ય શૂન્યતાનો દોષ ઊભો જ રહેશે, કેમકે જ્યારે 'વિશિષ્ટ'ચીજ સાધ્ય હોય (એટલેકે 'વિશેષણ યુક્ત વિશેષ્ય' સાધ્ય હોય) ત્યારે વિશેષણશૂન્ય માત્ર વિશેષ્ય અંશની હાજરીથી જ દૃષ્ટાન્તનો સાધ્યવૈકલ્ય દોષ દૂર થઈ શકતો નથી. ''અનભિજ્ઞ (સ્થાનકવાસી) જેમ અર્હચ્ચૈત્ય અને અણગાર શબ્દથી એક જ (સાધુ) અર્થનો બોધ કરે છે તેમ ચતુરંત અને સંસારકાન્તાર શબ્દથી એકજ (અનંતસંસાર) અર્થનો બોધ કરવાનો છે'' એવું જો માનશો તો ડાહ્યામાણસોમાં હાંસી

गत्यादीनां च यथा प्रतिप्राणिनं भिन्नत्वं तथा संसारस्याप्यध्यवसायविशेषाद् भिन्नत्वं किं नेष्यते ? उम्मग्गमग्गसंपट्ठियाणं [गच्छा० प्र० ३१] इत्यादिनोत्सूत्रभाषिणां नियमादनन्तसंसारसिद्धौ च सीअलविहारओ खलु भगवंतासायणाणिओगेण ।

तत्तो भवो अणंतो किलेसबहुलो जओ भणिअं ॥ तित्थयरपवयणसुअं. इत्याद्युपदेशपदवचनात् [४२२–२३] शीतलविहारिणां पार्श्वस्थादीनां नियमादनन्तसंसारापत्तिः, इष्यते च तत्र परिणामभेदाद् भेदः, इत्यत्राप्यध्यवसायप्रत्ययः संसारविशेषो महानिशीथोक्तरीत्या श्रद्धेयः । किञ्च 'अरघट्टघटीयन्त्र-न्यायेन यत्र संसारपरिभ्रमणप्रदर्शनं तत्र नियमादनन्तसंसारः' इत्यभ्युपगमे उत्सूत्रभाषिणामिव कामासक्तानामपि नियमतोऽनन्तसंसाराभ्युपगमप्रसङ्गः, तेषामपि संसारभ्रमणे तन्न्यायप्रदर्शनात् । तदुक्तमाचाराङ्गशीतोष्णीयाध्ययन(उ०२ गा०२)वृत्तौ 'संसिच्चमाणा पुणरिंति गब्भं" इत्यवयवव्या-ख्याने 'तेन कामोपादानजनितेन कर्मणा संसिच्यमाना आपूर्यमाणाः गर्भाद् गर्भान्तरमुपयान्ति संसारचक्रवाले-ऽरघट्टघटीयन्त्रन्यायेन पर्यटन्त आसते इत्युक्तं भवतीति' । एवमनेकेषु प्रदेशेष्वित्थमभिधानमस्तीति न किञ्चिदेतत् ।

---

પાત્ર જ બનવાનું છે. વળી જીવે જીવે ભટકવાની ગતિ વગેરે જેમ જુદી જુદી માનો છો તેમ અધ્યવસાય ભેદના કારણે સંસાર પણ ઓછોવત્તો જુદો જુદો કેમ માનતા નથી? એટલે કે દરેક ઉત્સૂત્ર ભાષીનો સંસાર અનંત જ હોય એવો આગ્રહ શા માટે રાખો છો?

## [ અન્યથા અન્ય બાબતોમાં ય અનંતસંસારનો નિયમ માનવાની આપત્તિ ]

બાકી "હે ગોતમ! ઉન્માર્ગ માર્ગમાં રહેલા સન્માર્ગનાશક સાધુઓનો સંસાર અનંત હોય છે." આવું જણાવનાર ગચ્છાચારપ્રકીર્ણક (31)ના વચન પરથી ઉત્સૂત્રભાષીઓને નિયમા અનંતસંસાર હોય છે એવું જો સિદ્ધ થતું[1] હોયને, તો તો "શિથિલવિહારથી ખરેખર અવશ્ય ભગવાન્‌ની આશાતના થાય છે. અને આશાતનાથી ક્લેશપ્રચુર અનંત સંસાર થાય છે. કેમકે કહ્યું છે કે તીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, લબ્ધિ-ધર મુનિ વગેરેના દોષો ગાવા, અનુચિત વર્તવું, અવજ્ઞા કરવી વગેરે ૩૫ આશાતના કરનાર અનંતસંસારી થાય છે." ઇત્યાદિ ઉપદેશ-પદના વચન (૪૨૨–૪૨૩) થી શીતલ વિહારી પાસત્થા વગેરેનો પણ અનંતસંસાર નિયમા હોવાની આપત્તિ આવશે. એ પાસત્થા વગેરેનો સંસાર જેમ પરિણામભેદના કારણે ઓછો વત્તો માનો છો તો એ રીતે ઉત્સૂત્રભાષીઓનો પણ અધ્યવસાયનિમિત્તક સંસાર જુદો જુદો હોવો મહાનિશીથ સૂત્રમાં કહ્યા મુજબ માનવો જોઇએ. વળી "અરઘટ્ટઘટીયંત્ર ન્યાયે જ્યાં સંસારભ્રમણ દેખાડયું હોય ત્યાં નિયમા અનંતસંસાર સમજવો" એવું માનવામાં તો ઉત્સૂત્રભાષીની જેમ કામ ભોગોમાં આસક્ત જીવો માટે પણ એવો નિયમ માનવાની આપત્તિ આવશે, કેમકે તેઓના સંસારભ્રમણ અંગે પણ તે ન્યાય દેખાડયો છે. જેમકે આચારાંગશીતોષ્ણીયઅધ્યયન (૨–૨) ની વૃત્તિમાં 'સંસિચ્ચમાણા' અવયવના વિવરણમાં કહ્યું છે કે– 'કામભોગ જનિત કર્મથી ભારે થતાં તે જીવો એક ગર્ભમાંથી બીજા ગર્ભમાં જાય છે અર્થાત્ સંસારચક્રવાલમાં અરઘટ્ટ ઘટીયંત્ર ન્યાયે ભટકતાં રહે છે."

---

1. शीतलविहारतः खलु भगवदाशातनानियोगेन । तत्तो भवोऽनन्तः क्लेशबहुलो यतो भणितम् ॥ तीर्थंकर प्रवचन श्रुत०

यच्च–"[1]जमाली णं भंते! देवे ताओ देवलोगाओ आउक्खएणं जाव कहिं उववज्जिहि? गोयमा! चत्तारि पंच तिरिक्खजोणिय मणुअ–देवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति जाव अंतं काहेति" इत्यत्र "चत्वारो द्वीन्द्रियादयः पञ्च चैकेन्द्रियाः पृथिव्यादयस्ते च ते तिर्यग्योनिकाश्च तेषु देवमनुष्येषु भवग्रहणानि भ्रान्त्वा" इति व्याख्यानाद्, अत्र च तीर्थकराशातनाकृतोऽधिकृतत्वाद् भवानन्त्यलक्षणबहुत्वस्य स्पष्टत्वाद् भगवत्यपेक्षयैव जमालेरनन्तभवसिद्धिः–इति परस्य मतं तदपूर्वबुद्धिपाटवमूलं, एतादृशस्य गंभीरार्थस्य वृत्तिकृताऽस्पष्टीकृतस्य स्वयमेव स्पष्टीकरणात्। कथं चायं तपस्वी नाकलयत्येतावदपि यदमू चतुष्पञ्चशब्दौ भवग्रहणसमानाधिकरणौ भिन्नविभक्त्यन्तौ व्यस्तौ समासान्तःपातिनः तिर्यग्योनिकशब्दस्य विशेषणतामापद्येते इति। न चेमौ न विभक्त्यन्ताविति वाच्यं, विभक्त्यन्तमन्तरेण शसन्तचतुःशब्दनिष्पन्नस्य 'चत्तारि' इति शब्दस्य

---

આ ન્યાયાદિની વાત હોવા છતાં અહીં અનંતસંસારનો નિયમ નથી. આવું જ અન્યત્રપણ અનેક સ્થાનોમાં જોવા મળે છે. તેથી અરઘટ્ટઘટીયન્ત્ર ન્યાયને દેખાડીને જમાલીનું જે દૃષ્ટાન્ત આપ્યું છે એટલા માત્ર પરથી એનો અનંતસંસાર સિદ્ધ કરવો એ તુચ્છ બાબત છે.

[જમાલિના સંસારને જણાવનારું ભગવતીજીનું સૂત્ર]

**પૂર્વપક્ષ :–** "હે ભગવન્! જમાલી દેવ તે દેવલોમાંથી આયુષ્ય પૂરું કરીને કયાં ઉત્પન્ન થશે? ગૌતમ! ચાર પાંચ તિર્યંચયોનિ–મનુષ્ય–દેવ ભવ ગ્રહણ કરીને સંસારમાં ભટકી પછી સિદ્ધ થશે... યાવત્ અંત કરશે." આવું જણાવનાર **ભગવતીસૂત્રની** "અહીં ચાર એટલે બેઇન્દ્રિયાદિ (બેઇ.–તેઇ.–ચઉ. અને પંચે. તિર્યંચ) પાંચ એટલે પૃથ્વીકાયાદિ પાંચ એકેન્દ્રિય, આટલા નવ પ્રકારના તિર્યંચભવો, તેમાં અને દેવ–મનુષ્ય ભવોમાં ભમીને...." એવી વ્યાખ્યા કરવી. વળી અહીં શ્રીતીર્થંકરની આશાતના કરનારનો અધિકાર હોઇ અનંતભવરૂપ બહુત્વ તો સ્પષ્ટ જ છે. તેથી ઉક્ત વ્યાખ્યા પ્રમાણે, ભગવતીસૂત્રથી જ જમાલિને અનંતભવ હોવા સિદ્ધ થઈ જાય છે....

**ઉત્તરપક્ષ :–** ખરેખર! આવો તમારો મત અપૂર્વબુદ્ધિપટુતામૂલક જ છે, કારણકે વૃત્તિકારે પણ સ્પષ્ટ નહિ કરેલા એવા આ ગંભીર પદાર્થનું તમે સ્પષ્ટીકરણ કરો છો. પણ એ કરવા જતાં તમે બિચારા આટલું પણ જાણી શકયા નહિ કે ભવગ્રહણના વિશેષણભૂત, ભિન્નવિભક્તિવાળા અને સમાસમાં નહિ જોડાયેલા એવા આ 'ચાર' અને 'પાંચ એ બે શબ્દો સમાસમાં રહેલા 'તિર્યગ્યોનિ' શબ્દના વિશેષણ શી રીતે બને? "એ બે શબ્દો વિભક્ત્યન્ત હોવાથી સમાસમાં જોડાયેલા જ છે અને તેથી સમાસના બીજા ઘટકભૂત 'તિર્યગ્યોનિ'ના વિશેષણ બની શકે છે" એવી શંકા ન કરવી, કેમકે વિભક્તિ લાગ્યા વગર 'ચતુર્' શબ્દનું 'ચત્તારિ' રૂપ બની શકતું નથી? "અહીં વિભક્તિ લાગેલી જ છે, પણ અલુક્ સમાસ થયો હોઇ તેનો લોપ થયો નથી." એવું ન કહેવું કે, કેમકે અહીં અલુક્ સમાસ નથી.

[તે સૂત્ર પરથી અનંતભવસિદ્ધિ માટે પૂર્વપક્ષીય કલ્પનાઓ અને તેના સમાધાનો]

તેથી જ–'ચાર અને પાંચ જાતિઓમાં તિર્યંચ–મનુષ્ય–દેવભવગ્રહણ થયા' એવું

---

1. जमालिर्भगवन्! देवस्तस्माद् देवलोकादायुःक्षयेण यावत्क्व उत्पत्स्यते? गौतम! चत्वारि पञ्च तिर्यग्योनिक–मनुज–देवभवग्रहणानि संसारमनुपर्यट्य ततः पश्चात्सेत्स्यति यावदन्तं करिष्यतीति।

सर्वथाऽसिद्धेः । नाप्यत्रालुक्समासोऽस्तीति । एतेन–"चतसृषु पञ्चसु च जातिषु तिर्यग्मनुजदेवभवग्रहणानि' इति भणनादनन्तभवसिद्धिः" इत्यपास्तं, 'चत्तारि' इत्यत्र द्वितीयाबहुवचने सप्तमी बहुवचनार्थत्वस्य 'पञ्च' इत्यनन्तरसप्तमीबहुवचनलोपस्य समुच्चयार्थकचकाराध्याहारस्य च प्रसङ्गात् । किञ्च चतुष्पञ्चशब्दयोः संख्यावाचकयोर्व्यक्तिवचनत्वेन कुतस्ताभ्यां जात्युपस्थितिरिति विभावनीयम् । यदि च जमालेरनन्तः संसारः सूत्रे वक्तव्योऽभविष्यत् तदा 'तिरियमणुस्सदेवेसु अणंताइं भवग्गहणाइं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिस्सइ' इत्यादि, अथवा "[1]जहा गोसाले मंखलिपुत्ते तहेव णेरइअवज्जं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिस्सइ' इत्यादि भणनीयमभविष्यद्, अन्यथा नवसु जातिषु भवग्रहणेन भ्रमणादपि कुत आनन्त्यलाभः ? नवभिरपि वारैस्तत्पूर्तिसंभवात्, प्रतिव्यक्तिभ्रमणं च नाक्षरबलाल्लभ्यते, बाधितं च सर्वतिर्यग्देवमनुजेषु तत्, स्वेच्छामात्रेण नियतानन्ततिर्यग्योनिकभवग्रहणाश्रयणे च किं सूत्रावलंबनव्यपदेशेन ? स्वकल्पनाया महत्त्वध्यारोपस्य महदाशातनारूपत्वात् । एतेन—

કહેવાથી અનંતભવસિદ્ધિ થઇ જશે એવું પણ ન કહેવું, કારણ કે એમાં (૧) દ્વિતીયાબહુવચનાન્ત ચત્તારિ શબ્દને સપ્તમી બહુ વચનાર્થક માનવાની (૨) 'પંચ' શબ્દમાં સપ્તમી બહુવચનવિભક્તિનો લોપ થયેલો હોવાની અને (૩) સમુચ્ચયાર્થક 'ચ' નો અધ્યાહાર કરવાની કિલષ્ટ કલ્પના કરવી પડે છે. વળી સંખ્યાવાચક એવા 'ચાર' અને 'પાંચ' એ બે શબ્દ વ્યક્તિવાચક હોઇ તે બેથી જાતિની ઉપસ્થિતિ શી રીતે થાય ? તે વિચારણીય છે. વળી સૂત્રમાં જમાલિનો અનંતસંસાર કહેવાનો જ જો અભિપ્રાય હોત તો "તિર્યંચ–મનુષ્ય–દેવભવોમાં અનંતા ભવગ્રહણ કરી સંસારમાં ભટકી પછી સિદ્ધ થશે" એવું જ કહ્યું હોત. અથવા 'મંખલિપુત્ર ગોશાળો જેમ અનંતસંસાર રખડવાનો છે. તેજ રીતે માત્ર નારક ભવને છોડીને જમાલિ સંસારમાં રખડી ને પછી સિદ્ધ થશે એવું જ કહ્યું હોત. બાકી સૂત્રમાં જે શબ્દો છે તેના પરથી આ રીતે નવ જાતિમાં ભવગ્રહણનો અર્થ કાઢીએ તો પણ અનંતભવ અર્થ ક્યાંથી કાઢશો ? કેમકે માત્ર નવભવગ્રહણથી પણ નવજાતિમાં ભ્રમણ થઈ શકે છે. 'દરેક જાતિના દરેક પેટા ભેદમાં પણ જન્મ લીધા પછી જ નવજાતિમાં ભ્રમણ થયું કહેવાય. અને તેથી અનંતભવ માનવા જ પડશે' એવું પણ સૂત્રમાં કહેલ અક્ષરો પરથી નીકળી શકતું નથી. તેમજ તિર્યંચ–મનુષ્ય–દેવની બધી પેટા જાતિઓમાં જન્મ હોવો તો બાધિત પણ છે. તેથી તમે તમારી પોતાની ઈચ્છા મુજબ 'અમુક ચોક્કસ પેટાજાતિઓમાં ભ્રમણ કરી આવે એટલે તે તે જાતિનું ભ્રમણ થઈ ગયું કહેવાય' એવું જો કહેશો તો અમે કહીએ છીએ કે 'સૂત્રમાં આવું કહ્યું છે' ઇત્યાદિ ઉલ્લેખ શા માટે કરો છો ? કારણકે આ રીતે પોતાની ઈચ્છા મુજબ ઉપજાવી કાઢેલી કલ્પનાઓને 'શાસ્ત્રમાંથી આવો અર્થ નીકળે છે' એમ કહીને શાસ્ત્રકાર મહાપુરુષોના નામે ચઢાવી દેવી એ મોટી આશાતના રૂપ છે. તેથી નીચેની પૂર્વપક્ષકલ્પના પણ નિરસ્ત જાણવી.

૧. यथा गोशालो मंखलिपुत्रस्तथैव नैरयिकवर्जं संसारमनुपर्यट्य ततः पश्चात्सेत्स्यति ॥

च्युत्वा ततः पञ्चकृत्वो भ्रान्त्वा तिर्यग्नृनाकिषु । अवाप्तबोधिर्निर्वाणं जमालिः समवाप्स्यति ॥

इति हैमवीरचारित्रीय(पर्व १०-सर्ग-८) श्लोके पञ्चकृत्वःशब्दः पञ्चवाराभिधायकः, स च तिर्यक्शब्देन योजितः सन् जमालिस्तिर्यग्योनौ पञ्चवारान् यास्यतीत्यर्थाभिधायकः संपन्नः, तथा च तिर्यग्योनौ वारपूर्त्तिर्मनुजादिगत्यन्तरभवान्तरप्राप्तिमन्तरेण न भवति, सा च प्राप्तिराशातनाबहुलस्य जमालेरनन्तकालान्तरितैव स्याद्, एवं पञ्चवारगमनेऽनन्तभवग्रहणमनन्तगुणमपि संभवति । मनुजगतिवारपूर्तिस्तूत्कर्षतोऽपि सप्ताष्टभवैरेव स्याद् । देवनारकयोस्त्वनन्तरं पुनरुत्पादाभावेनैकेनैव भवेन वारपूर्त्तिः स्याद्"-इत्यादिकापि परस्य कल्पना दूरमपास्ता वेदितव्या, पञ्चकृत्वः इत्यस्य तिर्यक्शब्देनैव योजनाया असंभवात्, द्वन्द्वसमासमर्यादया प्रत्येकमेव तदन्वयाद्, भवग्रहणव्यक्त्यपेक्षस्य पञ्चवारत्वस्यानन्तवारभवग्रहणेषु जात्यपेक्षसङ्कोचेन समर्थयितुमशक्यत्वात् तादृशशाब्दबोधस्याकाङ्क्षां विनाऽनुपपत्तेः ।

---

[ત્રિષષ્ટિના શ્લોકના અર્થ અંગે પૂર્વપક્ષીની કલ્પના]

**પૂર્વપક્ષ** :-ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના (૧૦-૮-૧૦૬) શ્લોકમાં 'ત્યાંથી ચ્યવીને તિર્યંચ-મનુષ્ય-દેવ ભવમાં પાંચવાર ભમીને સમ્યક્ત્વ પામેલો જમાલિ મોક્ષ પામશે.' આવું જે કહ્યું છે તેમાં 'પાંચવાર' શબ્દનો તિર્યંચશબ્દમાં અન્વય કરવાથી 'જમાલિ તિર્યંચ યોનિમાં પાંચ વાર જશે' એવો અર્થ નીકળે છે. વળી આ પાંચવાર જવું એ અર્થ વચ્ચે વચ્ચે મનુષ્ય-દેવભવમાં જાય તો જ સંપન્ન થાય. વળી આશાતના બહુલ એવા જમાલિને તો તે વચલા વચલા મનુષ્યાદિ ભવોની પ્રાપ્તિ અનંતકાળના આંતરે આંતરે જ સંભવે છે. તેથી પાંચ વાર તિર્યંચભવમાં જવામાં અનંતભવગ્રહણ અનંતગુણ હોવું પણ સંભવે છે. મનુષ્ય ગતિમાં તો વધુમાં વધુ પણ સાત-આઠ ભવોથી વારપૂર્ત્તિ થઈ જાય, દેવ નરકમાં પુનઃ ઉત્પત્તિ થતી ન હોવાથી એકજ વારમાં વારપૂર્ત્તિ થઈ જાય...(તેથી મનુષ્યભવમાં 'પાંચવાર' શબ્દ જોડવાથી ૩૫-૪૦ ભવો મળે, દેવભવમાં જોડવાથી પાંચ ભવ મળે, પણ તિર્યંચભવમાં જોડવાથી અનંતભવ મળે છે.)

[એ કલ્પનાની અયોગ્યતા]

**ઉત્તરપક્ષ**:-આવી કલ્પના પણ અયોગ્ય છે, કારણ કે 'પાંચવાર' શબ્દને માત્ર 'તિર્યંચયોનિ' શબ્દ સાથે જ જોડી શકાતો નથી, કારણ કે દ્વન્દ્વસમાસની મર્યાદા મુજબ તે બધામાં લાગે છે. તેથી દેવભવમાં પણ તેને લગાડવો જ પડે છે. દેવભવમાં અન્ય ભવના આંતરા વગર અનેકવાર જઇ શકાતું નથી. માટે તેમાં તો ભવની સંખ્યામાં જ પંચવારત્વનો અન્વય થાય છે. આના પરથી જણાય છે કે અહીં પંચવારત્વ વ્યક્તિની અપેક્ષાએ જ છે (જાતિ-પ્રકારની અપેક્ષાએ નહિ.) (અર્થાત્ પાંચવાર શબ્દથી પાંચ ભવો જ સમજવાના છે, પાંચ પ્રકારના ઘણા ભવો નહિ.) તેથી આવા વ્યક્તિ સાપેક્ષ પંચવારત્વનું જાતિ સાપેક્ષ (જાતિની અપેક્ષાએ પંચવારત્વ લેવા રૂપ) સંકોચથી અનંતભવગ્રહણમાં સમર્થન કરી શકાતું નથી. અર્થાત્ અનંતભવગ્રહણ થાય તેનો 'પાંચવાર તિર્યંચ ભવગ્રહણ થયું' એવો ઉલ્લેખ કરી શકાતો નથી. કારણ કે પાંચવાર શબ્દ પરથી તેવો શાબ્દબોધ એવા પ્રકારની આકાંક્ષા વિના થઇ શકતો

न ह्येकत्रानन्तवारभवग्रहणाभ्युपगमेऽप्येकवारभ्रमणमेव वक्तुं युक्तं, स्थानभेदेन तत्स्थानावच्छिन्नाधिकृतक्रियाजन्यव्यापारोपहितकाललक्षणवारभेदाद् । विजातीयस्थानगमनानन्तरिततज्जातीयस्थानावच्छिन्नभ्रमणक्रियाजन्यभवग्रहणव्यापारोपहितो यावान् कालस्तावत एकवारत्वाभ्युपगमे च 'तिर्यक्ष्वनन्तवारं भ्रान्तः' इति वदत एव व्याघातः । किञ्चैवं 'बहवो जीवा नित्यनिगोदेष्वनन्तवारं जन्ममरणानि कुर्वन्ति' इत्याद्यखिलप्रवचनवचनविलोपप्रसङ्ग इति न किञ्चिदेतत् । किञ्च 'च्युत्वा ततः पञ्चकृत्वः' इत्यादिश्लोकैकवाक्यतया हि 'चत्तारि पंच' इत्यादिभगवतीसूत्रं त्वया व्याख्यातुमिष्टं, तथा च तत्र विजातीयभवान्तरिततया तिर्यक्षु पञ्चवारमेवानन्तभवग्रहणसिद्धिरिति सर्वेषामपि प्रत्यनीकानामीदृशमेव संसारपरिभ्रमणं सिध्येत्, न त्वनन्तान्यान्यभवान्तरितभवबहुलं, यतो"[1]देवकिब्बिसिया णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं ठिइक्खएणं अणंतरं चयं

નથી.' એક જાતિમાં અનંતવાર જન્મગ્રહણ માનવામાં પણ એક વાર જ ભ્રમણ થયું એમ કહેવું તો યોગ્ય નથી જ, કેમ કે 'વાર' એટલે તે તે સ્થાનમાં થયેલ ભ્રમણાદિરૂપ અધિકૃત ક્રિયાથી પેદા થયેલ વ્યાપારરૂપ ઉપાધિવાળો કાળ. અર્થાત્ આવો કાલ હોય ત્યાં સુધી એકવાર કહેવાય. તેથી જ્યારે સ્થાન બદલાય છે ત્યારે 'વાર' પણ બદલાઈ જ જાય છે. વચમાં 'વિજાતીય સ્થાનમાં જવા 'રૂપ' અંતર પાડયા વિના તે તે જાતિવાળા સ્થાનમાં થયેલ ભ્રમણક્રિયા જન્ય ભવગ્રહણ વ્યાપાર રૂપ ઉપાધિથી જેટલો કાળ યુક્ત હોય તે 'એકવાર' કહેવાય એવું માનવામાં 'તિર્યંચોમાં અનંતવાર ભમ્યો' એવું વચન બોલી જ શકાશે નહિ. કારણ કે વચ્ચે વચ્ચે જવા રૂપે પણ વિજાતીયમાં કંઇ અનંતવાર જઈને અનંતવાર તિર્યંચોમાં ભમ્યો એવું કહેવાનું તાત્પર્ય હોતું નથી. વળી 'વાર' નો આવો અર્થ કરવામાં તો "ઘણા જીવો નિત્યનિગોદમાં અનંતવાર જન્મ મરણો કરે છે." ઇત્યાદિ પ્રવચનના અખિલ વચનોનો લોપ જ થઈ જશે, કેમકે હંમેશા નિગોદમાં જ રહેલા તે જીવોના જન્મ મરણો તમારી વ્યાખ્યા મુજબ 'એક જ વારના' જન્મમરણ રૂપ છે. તેથી આવી બધી વ્યાખ્યા કસ વગરની છે.

[અન્ય પ્રત્યનીકોનો પણ સમાનસંસાર જ માનવાની આપત્તિ]

વળી 'ચ્યુત્વા ततः....' ઇત્યાદિ શ્લોકને અવિરોધી અર્થવાળું હોવા રૂપે 'ચત્તારિ પંચ....' ઇત્યાદિ ભગવતી સૂત્રની વ્યાખ્યા કરવી એ તમને ઇષ્ટ છે. અને એ પ્રમાણે તો એમ જ નક્કી થાય છે કે વચ્ચે વચ્ચે વિજાતીય ભવનું અંતર પડવા પૂર્વક તો તિર્યંચભવોમાં પાંચ વાર જ અનંતભવ થવાના છે. આના પરથી ફલિત એ થશે કે બધા પ્રત્યનીકો વિજાતીયભવનું આ રીતે અંતર પડવા પૂર્વકજ અને પાંચ વાર જ અનંતભવ ભમે છે, બીજી કોઈ રીતે ઓછાવત્તા વિજાતીયભવોના અંતરપૂર્વક ઓછાવત્તા અનંતભવ નહિ, કેમકે ઉત્સૂત્રભાષી અંગેના સામાન્યસૂત્ર કરતાં જમાલિના વિશેષસૂત્રમાં તમે 'જમાલિને નરકમાં જવાનું નથી' એટલો જ ફેર માનો છો, બીજો કોઈ નહિ. નવ જાતિઓમાં અનંતકાળ ભ્રમણ વગેરે તો સામાન્યસૂત્રને તુલ્ય જ માનો છો. તાત્પર્ય એ છે કે જમાલિના સૂત્રને તમે ઉત્સૂત્રભાષી અંગેના વિશેષસૂત્ર રૂપે માનો છો. તે અંગેનું સાક્ષાત્ તો કોઈ સામાન્યસૂત્ર મળતું નથી. તેથી માત્ર ઉક્ત ફેરવાળા જ એવા

चइत्ता कहिं गच्छिहिंति ? कहिं उववज्जिहिंति ? गोयमा ! जाव चत्तारि पंचणेरइअतिरिक्खजोणिय–मणुस्स–देवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिंति, बुज्झिहिंति जाव अंतं काहेंति" त्त्विया सामान्यसूत्रमङ्गीक्रियते, ततश्चोक्तस्य 'चत्तारि पंच' इत्यादिविशेषसूत्रस्य नारकगतिप्रतिषेधमात्रेणैव विशेषोऽभ्युपगम्यते न त्वधिकः कश्चिदपीति ।

अथ—अस्त्वन्यत्र यथा तथा, भगवत्यपेक्षया तु (९–३३) जमालेरनन्ता एव भवा लभ्यन्ते, यतो 'यावत्' शब्दः सामान्यसूत्रेऽस्ति, तस्य च प्रयोगः क्वचिद्विशेष्यत्वेन क्वचिच्च विशेषणत्वेन स्यात्, तत्र विशेष्यत्वेन प्रयुक्तो 'यावत्' शब्द उक्तगणसंबन्धिभ्यामाद्यन्तपदाभ्यां विशिष्टः सन्नेव गणमध्यवर्त्तिनां पदार्थानां सङ्ग्राहको भवति, यथा

"[1]जमाली णं भंते ! अणगारे अरसाहारे विरसाहारे अंताहारे लूहाहारे तुच्छाहारे अरसजीवी विरसजीवी जाव तुच्छजीवी उवसंतजीवी पसंतजीवी ? हंता गोयमा !'

इत्यादि सामान्यसूत्रोक्तस्य गणस्याद्यन्तशब्दाभ्यां विशिष्टो गोअमा ! जमाली णं अणगारे अरसाहारे जाव विवित्तजीवी' इतिसूत्रोक्तवाक्यगतो यावच्छब्दः । तस्य च सर्वादित्वेन बुद्धिस्थवाचकत्वान्मध्यवर्त्तिनामपि पदार्थानां नानारूपाणां नानासंख्याकानां च सङ्ग्राहकत्वं, एवमाद्यन्तशब्दयोरपि गणानुरोधेन भिन्नत्वमेव बोध्यं न पुनर्यावच्छब्दोऽपि घटपदादिवन्नियत-

---

આ નીચેના સૂત્રને જ તમે એ સામાન્યસૂત્ર તરીકે સ્વીકારો છો. "હે ભગવન્ ! કિલ્બિષિક દેવો તે દેવલોકમાંથી આયુક્ષય થવાથી, ભવક્ષય થવાથી, સ્થિતિક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને સીધા ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? હે ગૌતમ ! યાવત્ ચાર–પાંચ નારક–તિર્યંચયોનિક–મનુષ્ય–દેવભવ ગ્રહણ કરીને સંસારમાં રખડીને તે પછી સિદ્ધ થશે, બુદ્ધ થશે. યાવત્ અંતક્રિયા કરશે."

**[ સૂત્રગત 'યાવત્' શબ્દ વિશેષ્ય કે વિશેષણ રૂપે હોય–પૂર્વપક્ષ ]**

**પૂર્વપક્ષ :–** બીજા ગ્રંથોમાં ભલે ગમે તે કહ્યું હોય, **ભગવતીજી** (૯–૩૩)ના સૂત્રથી તો **જમાલિના** અનંતભવ હોવા જ સિદ્ધ થાય છે, કારણ કે સામાન્ય સૂત્રમાં 'યાવત્' શબ્દ વપરાયો છે જે ક્યારેક વિશેષ્ય તરીકે અને ક્યારેક વિશેષણ તરીકે વપરાય છે.

**[ વિશેષ્યરૂપ 'યાવત્' શબ્દનો અર્થ–પૂ. ]**

**જ્યારે વિશેષ્ય તરીકે વપરાયો હોય ત્યારે સૂત્રમાં કહેલા ગણ (સમૂહ)ના પહેલાં અને છેલ્લા પદથી વિશિષ્ટ થઈને જ ગણના મધ્યવર્તી પદાર્થોનો તે સંગ્રહ કરે છે. (અર્થાત્ તે બે પદ સાથે વપરાઇને મધ્યપદાર્થનો સંગ્રાહક બને છે.) જેમકે**

'હે ભગવન્ ! જમાલિ અણગાર અરસઆહારી, વિરસઆહારી, આન્તઆહારી, પ્રાન્ત આહારી, રૂક્ષઆહારી, તુચ્છઆહારી, અરસજીવી, વિરસજીવી યાવત્ તુચ્છજીવી, ઉપશાન્તજીવી, પ્રશાંતજીવી, વિવિક્તજીવી છે. ? હા ગૌતમ !...' ઇત્યાદિ સામાન્ય સૂત્રમાં કહેલ ગણના અરસ આહારીરૂપ અને વિવિક્તજીવીરૂપ આદ્ય અને અંતિમ શબ્દથી વિશિષ્ટ બનીને 'હે ગૌતમ ! જમાલિ અણગાર અરસ-આહારી યાવત્ વિવિક્ત જીવી છે.'

---

१. दैवकिल्बिषिका भदन्त ! तस्माद्देवलोकादायुःक्षयेण भवक्षयेण स्थितिक्षयेणानन्तरं च्यवं च्युत्वा क्व गमिष्यन्ति ? क्वोत्पत्स्यन्ते ? गौतम ! यावच्चत्वारि पञ्च नैरयिकतैर्यग्योनिकमनुष्यदेवभवग्रहणानि संसारमनुपर्यट्य ततः पश्चात्सेत्स्यन्ति यावदन्तं करिष्यन्तीति ।

पदार्थवाचक इति ।

विशेषणभूतस्तु यावच्छब्दः उक्तपदव्याख्यानामर्थानां देशकालादिनियामको भवति । तत्र देशनियामकत्वं 'यावत्पञ्चविंशतिर्योजनानि पत्तनं तावद् गन्तव्यं' इत्यादौ । कालनियामकत्वं च "[1]जाव णं से जीवे सया समिअं तं तं भावं परिणमइ ताव च णं से जीवे आरभइ सारभइ समारभइ' इत्यादौ प्रसिद्धम् । विशेषणत्वविशेष्यत्वस्वरूपविकलस्तु यावच्छब्दो डित्थडवित्थादिवदर्थशून्य एव स्यात् । तदिह यावच्छब्दो नानर्थको न वा विशेष्यभूतः, आद्यन्तशब्दाभ्यामविशिष्टत्वात्, विशेष्यभूतस्य च तस्य ताभ्यां विशिष्टस्यैव प्रयोगात्, किन्तु विशेषणभूतः, 'प्राक्पतितं विशेषणं" इति वचनात्, स चात्राधिकारात्कालनियामक इति । 'यावत्कालं चतुष्पञ्चसु त्रसस्थावरजातिषु नारकतिर्यग्योनिकमनुजदेवानां भवग्रहणानि, यत्तदोर्नित्याभिसंबन्धात् तावत्कालं संसारमनुपरावृत्त्य ततः पश्चात्सेत्स्यन्ति, यावत्सर्वदुःखानामन्तं करिष्यन्ति' इति सामान्यसूत्रार्थः पर्यवस्यति । एवं सामान्यसूत्रोक्तानुसारेण विशेषसूत्रेऽपि कालनियमार्थं तावच्छब्दवद् यावच्छब्दोऽप्यध्याहार्यः, तावन्तरेण वाक्यद्वयानुपपत्त्या कालनियमानुपपत्तिरिति व्यक्त्यैव सामान्यसूत्रादिव विशेषसूत्रादप्यनन्तभवसिद्धिरिति चेत् ?—

---

એવા સૂત્રોક્ત વાક્યમાં વપરાયેલો 'યાવત્' શબ્દ. તે 'યાવત્' શબ્દ ગણના મધ્યવર્ત્તી પદોમાં સૌ પ્રથમ હોઈ બુદ્ધિમાં ઉપસ્થિત થયેલ મધ્યપદોનો વાચક બને છે. અને તેથી વિવિધ રૂપવાળા તેમજ વિવિધ સંખ્યાવાળા મધ્યવર્ત્તી પદાર્થોનો સંગ્રહ કરે છે. (મધ્યવર્તી પદાર્થ તરીકે જ સંગ્રહ કરે છે) તેથી આ મધ્યવર્ત્તી પદોના ગણના અનુરોધથી પ્રથમ-અંતિમ શબ્દને પણ ભિન્ન જ જાણવા. એટલે કે 'યાવત્' શબ્દ પણ ઘટ-પટ વગેરે શબ્દની જેમ પ્રથમ-અંતિમ પદાર્થરૂપ નિયત પદાર્થનો વાચક ન હોવાથી તે બે તો જુદા બોલવા જ પડે છે.

[ વિશેષણભૂત 'યાવત્' શબ્દનો અર્થ-પૂ. ]

'યાવત્' શબ્દ જ્યારે વિશેષણ તરીકે વપરાયો હોય છે ત્યારે તે કહેવાયેલા પદના પદાર્થોના દેશ-કાલ વગેરેનો નિયામક બને છે. તેમાં દેશનિયામક આ રીતે-'જ્યાં સુધી શહેર ૨૫ યોજન દૂર રહે ત્યાં સુધી જવું' ઇત્યાદિમાં. કાલનિયામક તરીકે આવા પ્રયોગમાં પ્રસિદ્ધ છે કે 'જ્યાં સુધી આ જીવ સદા સમિત તે તે ભાવે પરિણમે છે ત્યાં સુધી તે જીવ આરંભ કરે છે, સંરંભ કરે છે, સમારંભ કરે છે.' જે 'યાવત્' શબ્દ વિશેષણ કે વિશેષ્ય તરીકે વપરાયો હોતો નથી તે ડિત્થ-ડવિત્થ વગેરે શબ્દોની જેમ અર્થશૂન્ય જ હોય છે.

[કાલનિયમન માટે યાવત્-તાવત્નો અધ્યાહાર-પૂ.]

દેવ કિલ્બિષિક સંબંધી ઉક્ત સામાન્ય સૂત્રમાં 'યાવત્ ચાર-પાંચ' ઇત્યાદિ જે કહ્યું છે તેમાં 'યાવત્' શબ્દ અર્થશૂન્ય તો નથી જ. (કેમકે સૂત્રમાં નિરર્થક શબ્દો વપરાતા નથી-) વળી વિશેષ્યભૂત પણ નથી, કેમકે એ આદ્ય-અંતિમ શબ્દથી વિશિષ્ટ નથી, જ્યારે વિશેષ્યભૂત 'યાવત્' શબ્દ તો એ બે શબ્દની સાથે જ વપરાય છે. તેથી એ

---

1. यावत्स जीवः सदा समितं तं तं भावं परिणमति, तावच्च स जीव आरभते संरभते समारभते ।

तदिदमसिद्धमसिद्धेन साधयतो महातार्किकत्वमायुष्मतः । यतो 'जाव चत्तारि' इत्यादावपि शसन्तचतुष्पञ्चपदसमानाधिकरणभवग्रहणपदोत्तरद्वितीयाविभक्तेरेव 'कालाध्वनोर्व्याप्तौ' [सिद्ध-है०-२-२-४२] इत्यनुशासनात्कालनियमसिद्धौ न पुनस्तदभिधानाय यावच्छब्दप्रयोगः, अर्थपुनरुक्ततायाः प्रसङ्गात् , तस्मात्तदनुरोधेन तावच्छब्दस्य विशेषसूत्रे यावत्तावच्छब्दयोश्चाध्याहारकल्पनातिजघन्यैवेति । नन्वेवं 'स्थितेर्गतिश्चिन्तनीया' (?नन्वेवंस्थिते 'सूत्रस्य गतिश्चिन्तनीया') इति यावच्छब्दस्य सूत्रस्थस्य कोऽर्थः ? इति चेत् ? "ततो देवलोकादायुःक्षयादिना च्युत्वे"ति पूर्वप्रक्रान्तपदसमुदायार्थ एवेत्यवेहि । अथैवं गणसंबन्ध्याद्यन्तपदविशिष्टस्यैव यावच्छब्दस्य पूर्वप्रक्रान्तगणवाक्यार्थवाचकत्वमिति व्युत्पत्तिभङ्ग इति चेत् ? न, तादृशनियमे प्रमाणाभावात् , पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वे यावच्छब्दस्य स्वसंबन्धिपदोपसंदानमात्रस्य तात्पर्यग्राहकत्वेनापेक्षितत्वाद् । अत एव क्वचिद्गणसंबन्ध्याद्यन्तपदविशिष्टादिव क्वचिदन्त्यपदविशिष्टादपि यावच्छब्दात्तदु-

---

વિશેષણભૂત છે, કારણ કે 'પહેલાં વપરાયેલો શબ્દ વિશેષણ હોય' એવું શાસ્ત્ર વચન છે. વળી અહીં કાલનો અધિકાર ચાલે છે. તેથી એ વિશેષણભૂત 'યાવત્' શબ્દ કાલનિયામક છે. તેથી સામાન્યસૂત્રનો અર્થ એવો ફલિત થશે કે 'જ્યાં સુધીમાં ચાર-પાંચ ત્રસ-સ્થાવર જાતિઓમાં નારક-તિર્યંચયોનિ-મનુષ્ય દેવના ભવો ગ્રહણ કરે ત્યાં સુધી સંસારમાં ભટકીને પછી સિદ્ધ થશે...યાવત્ સર્વદુઃખોનો અંત કરશે.' 'ત્યાં સુધીમાં' એવું જણાવનાર 'તાવત્' શબ્દ સૂત્રમાં ન હોવા છતાં 'યત્' 'તદ્' શબ્દો હંમેશા સંબંધ ધરાવતા હોવાથી અને અહીં યદ્ પરથી બનેલ યાવત્ (જાવ)નો પ્રયોગ હોવાથી તાવત્નો અધ્યાહાર કર્યો છે. [વળી, સામાન્યથી તો પ્રત્યનીકોનો અનંતસંસાર જણાવવો ગ્રન્થકારોને માન્ય હોય જ છે માટે, કાલનિયામક એવા આ 'યાવત્' શબ્દના પ્રયોગવાળું '૪-૫ ત્રસસ્થાવરજાતિઓમાં...' ઇત્યાદિ સામાન્યસૂત્ર અનંતભવને જણાવે છે એવું માનવું પડે છે. હવે જમાલિઅંગેના વિશેષસૂત્ર માટે વિચારીએ તો જણાય છે કે-] જમાલિસંબંધી વિશેષસૂત્રમાં સામાન્યસૂત્રની જેમ કાલનિયમન તો હોવું જ જોઈએ. અને તેથી એ માટે તાવત્ શબ્દની જેમ 'યાવત' શબ્દનો પણ અધ્યાહાર કરવો. કારણકે તે બે વિના તો બે વાક્યો જ ન બનવાથી 'જ્યાં સુધી...ત્યાં સુધી ઇત્યાદિ રૂપ કાલનિયમન જ અસંગત રહે. અને તો પછી તો સામાન્યસૂત્રની જેમ વિશેષસૂત્ર પણ કાલનિયામક એવા 'યાવત્' શબ્દના પ્રયોગ યુક્ત '૪-૫ ત્રસસ્થાવર...' આ પ્રયોગવાળું છે. માટે સામાન્યસૂત્રની જેમ એ વિશેષસૂત્રથી પણ જમાલિના અનંતભવો સિદ્ધ થઈ જશે.

[ કાલનિયમન દ્વિતીયાવિભક્તિથી થઈ ગયું છે-ઉ. ]

**ઉત્તરપક્ષ** :-જે વાત પોતે સ્વયં અસિદ્ધ છે તેનાથી અન્ય અસિદ્ધ વાતની આ રીતે સિદ્ધિ કરી રહેલા તમારી આ મહાતાર્કિકતા જ છે! (અર્થાત્ એમાં કોઈ વાસ્તવિકતા નથી.) તે એટલા માટે કે તમે સામાન્યસૂત્રમાં 'યાવત્' શબ્દ કાલનિયામક હોવાથી જમાલિસંબંધી વિશેષ સૂત્રમાં પણ તેનો અધ્યાહાર કરી કાલનિયમન જે સિદ્ધ કર્યું છે તેમાં મૂળમાં સામાન્યસૂત્રમાં જ 'યાવત્' શબ્દ કાળનિયામક નથી. એટલે કે મૂળમાં સામાન્યસૂત્રમાં જ 'યાવત્' શબ્દથી કાલનિયમન થવું અસિદ્ધ છે તો એનાથી

पस्थितिः । तथाहि--'[1]एगंतपंडिए णं भंते मणुस्से किं णेरइआउं पकरेइ ४ ? पुच्छा । गोअमा ! एगंतपंडिए णं मणुस्से आउअं सिअ पकरेइ, सिअ णो पकरेइ । जइ पकरेइ णो णेरइआउअं पकरेइ, णो तिरि० णो मणु०, देवाउअं पकरेइ । णो णेरइआउअं किच्चा णेरइएसु उववज्जइ, णो तिरि०, णो मणु०, देवाउअं किच्चा देवेसु उववज्जइ । से केणट्ठेणं जाव देवाउअं किच्चा देवेसु उववज्जइ ? गोअमा ! एगंतपंडिअस्स णं मणुस्सस्स केवलमेव दो गतीओ पण्णत्ताओ, तं० अंतकिरिया चेव कप्पोववत्तिया चेव, से तेणट्ठेणं गोअमा ! जाव देवाउअं किच्चा देवेसु उववज्जइत्ति ॥ अत्र हि यावच्छब्दस्य न गणसम्बन्ध्याद्यन्त्यपदविशिष्टतयैव पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वं, किन्तु स्वसंबन्ध्यन्त्यपदोपसन्दानादेव, तद्वदिहापि 'चत्वारि पञ्च' इत्यादिस्वसंबन्धिपदोपसन्दानाद् यावच्छब्दस्य पूर्वप्रक्रान्तवाक्यार्थवाचकत्वे न किञ्चिद्बाधकमिति युक्तं पश्यामः ।

---

વિશેષસૂત્રમાં પણ કાલનિયમન શી રીતે સિદ્ધ થાય ? સામાન્યસૂત્રમાં 'યાવત્' શબ્દથી કાલનિયમન થવું એટલા માટે અસિદ્ધ છે કે એ સૂત્રમાં, દ્વિતીયા વિભક્તિવાળા 'ચાર'-'પાંચ' પદને સમાનવિભક્તિવાળું એવું જે 'ભવગ્રહણ' પદ છે તેના પર લગાડેલી દ્વિતીયા વિભક્તિથી જ "કાલાધ્વનોર્વ્યાપ્તૌ" એવા વ્યાકરણના નિયમમુજબ કાલનિયમન થઈ ગયું છે. માટે કાલનિયમન માટે તો 'યાવત્' શબ્દ એમાં વપરાયો જ નથી, જો એ એટલા માટે વપરાયો હોય તો તો પછી અર્થની પુનરુક્તતાનો દોષ ઊભો થાય. (દ્વિતીયા વિભક્તિથી 'કાલનિયમન' રૂપ જે અર્થ કહેવાઈ ગયો છે તેને જ જો 'યાવત્' શબ્દ પણ પાછો કહેતો હોય તો એ અર્થની પુનરુક્તિ થાય છે એ વાત સ્પષ્ટ જ છે.) તેથી 'યત્–તત્‌નો નિત્ય અભિસંબંધ હોય છે' એ ન્યાયે, "સામાન્યસૂત્રમાં કાલનિયમન માટે 'યાવત્'નો જો પ્રયોગ છે તો 'તાવત્'નો પણ અધ્યાહાર કરવાનો છે" એવી કલ્પના અને એને અનુસરીને "વિશેષસૂત્રમાં પણ કાલનિયમન માટે 'યાવત્' અને 'તાવત્' એ બન્ને શબ્દોનો અધ્યાહાર કરવાનો છે" એવી કલ્પના એ બન્ને કલ્પનાઓ સાવ તુચ્છ જ છે.

**પૂર્વપક્ષ :**–આ રીતે, "દ્વિતીયાવિભક્તિથી જ કાલનિયમન થઈ ગયું છે અને તેથી 'યાવત્' શબ્દ કાલનિયમનને જણાવતો નથી" એવો જો નિર્ણય કરશો તો સૂત્રસ્થ 'યાવત્' શબ્દનો અર્થ શું કરશો ? કેમકે "સૂત્રમાં રહેલા શબ્દ વગેરેનો યોગ્ય અર્થ વિચારણીય હોય છે" ઇત્યાદિ ન્યાય મુજબ સૂત્રસ્થ 'યાવત્' શબ્દનો કાંઇકને કાંઇક અર્થ તો હોવો જ જોઇએ અને એ કહેવો જ જોઇએ ને !

**[પૂર્વપ્રસ્તુત પદસમુદાયનો જે અર્થ એજ પ્રસ્તુતમાં 'યાવત્'નો અર્થ]**

**ઉત્તરપક્ષ :**– 'તે કિલ્બિષિકદેવલોકમાંથી આયુક્ષય થવાથી ભવક્ષયથવાથી...ચ્યવીને' ઇત્યાદિમાં આયુક્ષય, ભવક્ષયવગેરે પૂર્વપ્રસ્તુતપદોનો જે સમુદાય છે તેનો જે અર્થ છે તે અર્થ જ આ 'યાવત્' શબ્દનો અર્થ છે. અર્થાત્ 'યાવત્ ચાર–પાંચ' ઇત્યાદિમાં રહેલા

---

१ एकान्तपंडितो भदन्त ! मनुष्यः किं नैरयिकायुः प्रकरोति ४ ? पुच्छा । गौतम ! एकान्तपंडित आयुः स्यात्प्रकरोति स्यान्न प्रकरोति । यदि प्रकरोति नो नैरयिकायुः प्रकरोति, नो ति०, नो म०, देवायुः प्रकरोति । नो नैरयिकायुः कृत्वा नैरयिकेषूत्पद्यते नो० ति० नो म०, देवायुः कृत्वा देवेषूत्पद्यते । अथ केनार्थेन यावद् देवायुः कृत्वा देवेषूत्पद्यते ? गौतम ! एकान्तपण्डितस्य मनुष्यस्य केवल एव द्वे गती प्रज्ञप्ते, तद्यथा—अन्तक्रियैव कल्पोपपत्तिरेव । अथ तेनार्थेन गौतम ! यावद्देवायुः कृत्वा देवेषूत्पद्यते ।

किञ्च–सूत्रे द्योतकरचनारूपमपि यावत्पदं दृश्यते । यथा स्कन्दकाधिकारे (श०२उ०१) "[1]भावओ णं सिद्धे अणंता नाणपज्जवा अणंता दंसणपज्जवा जाव अणंता अगुरुअलहुपज्जवा" इत्यत्र । न ह्यत्र गणमध्यस्थस्यान्यस्यार्थस्य परामर्शो यावच्छब्देन कर्त्तुं शक्यते, यतोऽसौ गणस्तावदीत्थमुपदर्शितः "[2]भावओ णं जीवे अणंता नाणपज्जवा अणंता दंसणपज्जवा अणंता चरित्तपज्जवा अणंता गुरुअलहुअपज्जवा अणंता अगुरुअलहुअपज्जवत्ति" । तत्र ज्ञानदर्शनपर्यायाः सिद्धस्य साक्षादेवोक्ताः, चारित्रपर्यायाश्च तस्य न संभवन्ति, '[3]णो पारभविए चरित्ते' इत्यत्र सिद्धानां चारित्रस्य व्यक्तमेव निषिद्धत्वात् । गुरुलघुपर्याया-

---

'યાવત્' શબ્દથી 'તે દેવલોકમાંથી આયુક્ષય થવાથી ભવક્ષય થવાથી...' ઇત્યાદિ અર્થ (કે જે અર્થ પૂર્વપ્રસ્તુત વાકયને છે તે) જણાય છે.–"સમુદાયસંબંધી પ્રથમ–અંતિમપદવિશિષ્ટ 'યાવત્' શબ્દ જ તેના મધ્યવર્તી પદાર્થોનો વાચક બને છે. તેથી અહીં પણ તેવું જ યાવત્ પદ પૂર્વપ્રસ્તુત ગણુ વાકયાર્થનો વાચક બને એવા નિયમનો આ રીતે તો ભંગ થઈ જશે"–એવી શંકા ન કરવી, કારણકે તેવા નિયમમાં જ કોઈ પ્રમાણ નથી. પૂર્વમાં જે વાકય આવી ગયું હોય તેના જ અર્થના વાચક બનવા માટે 'યાવત્' શબ્દને સ્વસંબંધી પદનું ઉપસંદાન (સાન્નિધ્ય) માત્ર જ તાત્પર્યગ્રાહક તરીકે અપેક્ષિત હોય છે. અર્થાત્ જુદે જુદે સ્થળે વપરાયેલ 'યાવત્' શબ્દ જુદા જુદા વાકયાર્થને જણાવતો હોય છે. એમાંથી તે તે અધિકૃત સ્થળે કયા વાકયાર્થને જણાવવાના તાત્પર્યમાં તે વપરાયો છે? એ જાણવા માટે એકપદની જરૂર રહે છે. એટલે કે "જે વાકયનું એક પદ 'યાવત્'ની સાથે વપરાયું હોય તે વાકયના અર્થને 'યાવત્' શબ્દ જણાવે છે" એવો નિયમ બાંધી શકાય છે. તેથી જ કયારેક ગણુસંબંધી આદ્ય અને અંતિમપદ વિશિષ્ટ 'યાવત્' શબ્દની જેમ કયારેક માત્રઅંત્યપદ વિશિષ્ટ 'યાવત્' શબ્દથી પણ વાકયાર્થની ઉપસ્થિતિ થઈ જાય છે. જેમકે–

"હે ભગવન્! એકાન્તે પંડિત મનુષ્ય શું નરકાયુ બાંધે? ઈત્યાદિ ચાર પ્રશ્નો. ગૌતમ! એકાંત પંડિત મનુષ્ય આયુષ્ય કદાચ બાંધે, કદાચ ન બાંધે. જો બાંધે તો પણ નરકાયુ ન બાંધે, તિર્યંચાયુ ન બાંધે, મનુષ્યાયુ ન બાંધે, દેવાયુ બાંધે. નરકાયુ બાંધી ને નરકમાં ઉત્પન્ન થતો નથી? એમ તિર્યંચ–મનુષ્યમાં ઉત્પન્ન થતો નથી, દેવાયુ બાંધી દેવમાં ઉત્પન્ન થાય છે. હે ભદંત! આવું કેમ કહો છો કે યાવત્ દેવાયુબાંધીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે? ગૌતમ! એકાન્ત પંડિત મનુષ્યની માત્ર બે જ ગતિ હોય છે. અંતક્રિયા (સિદ્ધિગતિ) કે કલ્પોપંપત્તિ (વૈમાનિક દેવલોક). આવું હોવાથી ગૌતમ! એમ કહેવાય છે કે યાવત્ દેવાયુ બાંધી ને દેવોમાં ઉત્પન્ન થાય છે."

અહીં 'યાવત્' શબ્દ નરકાયુ વગેરેના ગણુસંબંધી આદ્ય અને અંત્ય એ બંને પદથી વિશિષ્ટ બનીને પૂર્વપ્રસ્તુત એવા 'નરકાયુને બાંધીને નરકમાં ઉત્પન્ન થતો નથી' ઇત્યાદિ વાકયાર્થનો વાચક બન્યો નથી, કિન્તુ, સ્વસંબંધી 'દેવાયુ બાંધી...'ઇત્યાદિરૂપ અંત્યપદના સંનિધાનથી જ તેવો બન્યો છે. તેમ પ્રસ્તુતમાં પણ 'ચાર–પાંચ' ઇત્યાદિરૂપ સ્વસંબંધી પદના સંનિધાનથી 'યાવત્' શબ્દ પૂર્વપ્રસ્તુત વાકયાર્થનો વાચક બને એમાં કોઇ વાંધો નથી એવું અમને યોગ્ય લાગે છે.

---

૧. भावतः सिद्धेऽनन्ता ज्ञानपर्यवा अनंता दर्शनपर्यवा यावदनन्ता अगुर्वलघुपर्यवाः । २. भावतो जीवेऽनन्ता ज्ञानपर्यवा अनंता दर्शनपर्यवा अनन्ताश्चारित्रपर्यवा अनंता गुरुलघुकपर्यवा अनंता अगुर्वलघुकपर्यवाः ३. नो पारभविकं चारित्रम् ।

ऽऔदारिकादिशरीराण्याश्रित्य व्याख्याता इति तेऽपि सिद्धस्य न संभवन्ति । अगुरुलघुपर्यायाश्च कार्मणादिद्रव्याणि जीवस्वरूपं चाश्रित्य व्याख्याताः, तत्र कार्मणादिद्रव्याश्रितास्ते सिद्धस्य न संभवन्ति, जीवस्वरूपं त्वाश्रित्य सर्वांशशुद्धास्ते संभवन्ति, परं तेऽपि साक्षाच्छब्देनोक्ता इति यावच्छब्दवाच्यं नावशिष्यते इति । ततो यथा तत्र वाक्यार्थद्योतक एव यावच्छब्दस्तद्वदिहापि स्यादिति किमनुपपन्नमिति निपुणधिया निभालनीयं प्रेक्षावद्भिः ।

किञ्च 'जाव चत्तारि पंच' इत्यादि सूत्रमपि नरकोपपातातिरिक्तविशेषाभावमादाय परिमितभवजमालिजातीयदेवकिल्बिषिकविषयं जमालिसादृश्यप्रदर्शनायोपन्यस्तं, न तु देवकिल्बिषिक-

---

[ દ્યોતકસ્વરૂપ 'યાવત્' શબ્દ પણ પ્રસિદ્ધ ]

વળી સૂત્રમાં વાકયાર્થના દ્યોતક તરીકે પણ 'યાવત્' શબ્દનો પ્રયોગ થાય છે જેમ કે **ભગવતીસૂત્રમાં સ્કંદક અધિકાર**માં કહ્યું છે કે "ભાવને આશ્રીને વિચારીએ તો... સિદ્ધમાં અનંતા જ્ઞાનપર્યાયો, અનંતા દર્શનપર્યાયો યાવત્ અનંત અગુરુલઘુપર્યાયો હોય છે." અહીં ગણમાં વચમાં રહેલા બીજા કોઈ પદાર્થનો 'યાવત્' શબ્દથી ઉલ્લેખ થઇ શકતો નથી, કારણ કે તે ગણ આવો દેખાડાયો છે. "ભાવને આશ્રીને વિચારીએ તો, જીવમાં અનંત જ્ઞાનપર્યાયો, અનંત દર્શનપર્યાયો, અનંતચારિત્રપર્યાયો, અનંત ગુરુલઘુપર્યાયો, અનંતઅગુરુલઘુ પર્યાયો હોય છે..." હવે 'યાવત્' શબ્દપ્રયોગવાળા પૂર્વોક્ત સૂત્રનો અર્થ વિચારીએ. એ સૂત્રમાં આ ગણમાંના જ્ઞાન-દર્શનના પર્યાયોનો તો સાક્ષાત્ જ્ઞાન-દર્શન પર્યાય શબ્દોથી ઉલ્લેખ કર્યો છે. 'ચારિત્ર પારભવિક (અન્ય ભવમાંથી આવેલું) હોતું નથી' એ વચનથી સિદ્ધોમાં ચારિત્રનો સ્પષ્ટ નિષેધ કર્યો હોવાથી જણાય છે કે ચારિત્રપર્યાયો તો તેઓમાં હોતા જ નથી. 'ગુરુલઘુપર્યાયો ઔદારિકાદિ શરીરની અપેક્ષાએ જીવમાં હોય છે' એવી વ્યાખ્યાથી જણાય છે કે તે પર્યાયો પણ સિદ્ધોમાં હોતા નથી. અગુરુલઘુપર્યાયો કાર્મણાદિ દ્રવ્યોની અપેક્ષાએ અને જીવના સ્વરૂપની અપેક્ષાએ જીવમાં હોવા કહ્યા છે. એમાંથી કાર્મણાદિદ્રવ્યોની અપેક્ષાવાળા તે પર્યાયો તો સિદ્ધોમાં હોતા નથી. જીવસ્વરૂપને આશ્રીને સર્વાંશશુદ્ધ તે પર્યાયો હોય છે ખરાં, પણ તેઓનો પણ સાક્ષાત્ 'અગુરુલઘુપર્યાય' શબ્દથી જ ઉલ્લેખ કરી દીધો છે. આમ એ સૂત્રમાં રહેલા 'યાવત્' શબ્દથી જ્ઞાનપર્યાયોનો, દર્શનપર્યાયોનો, ચારિત્રપર્યાયોનો, ગુરુલઘુપર્યાયોનો કે અગુરુલઘુ-પર્યાયોનો તો ઉલ્લેખ નથી જ. વળી એ ગણમાં આ સિવાય એવી બીજી કોઈ ચીજ તો શેષ છે જ નહિ કે જેનો 'યાવત્' શબ્દથી ઉલ્લેખ થયો માની શકાય. માટે આ સૂત્રમાં 'યાવત્' શબ્દનો વિશેષ્ય તરીકે તો પ્રયોગ થયો નથી. વળી એ દેશ કે કાળનો નિયામક ન હોઈ વિશેષણ તરીકે પણ વપરાયો નથી. તેથી માનવું પડે છે કે એ અહીં માત્ર વાકયાર્થના દ્યોતક તરીકે જ વપરાયો છે. એજ રીતે અહીં પ્રસ્તુત 'યાવત્' ચાર પાંચ...ઇત્યાદિ સામાન્ય સૂત્રમાં પણ તે વાકયાર્થનો દ્યોતક જ હોય તો શું અસંગતિ છે કે જેથી વિશેષસૂત્રમાં પણ તેનો અને 'તાવત્'નો અધ્યાહાર કરી મારી મચડીને જમાલિનો અનંતસંસાર સિદ્ધ હોવાની કલ્પના કરવી પડે એ બુદ્ધિમાન પુરુષોએ નિપુણતાથી વિચારવું.

सामान्यविषयमिति संभाव्यते, अन्यथा 'अत्थेगइआ अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति'इत्यग्रिमसूत्राभिधानानुपपत्तेः, ततो 'अत्थेगइआ०' इत्यादिकमपरिमितभवाभिधायकं 'जाव चत्वारि' इत्यादिकं च परिमितभवाभिधायकमिति युक्तं, भवति हि सामान्याभिधानस्याप्येक-विशेषप्रदर्शने तदितरविशेषपरत्वं, यथा 'ब्राह्मणा भोजयितव्याः कौण्डिन्यो न भोजयितव्यः' इत्यत्र 'ब्राह्मणा भोजयितव्याः' इति वचनस्य कौण्डिन्येतरब्राह्मणभोजनविधिपरत्वमिति ।

यत्तु-'अत्थेगइआ' इत्यादिसूत्रमभव्यविशेषमधिकृत्यावसातव्यं, तद्व्यञ्जकं त्वन्ते निर्वाणाऽभणनमेव-इति परेणोच्यते तदसत्, अन्ते निर्वाणाऽभणनादीदृशसूत्राणामभव्यविशेषविषयत्वे

[ 'જાવ ચત્તારિ...' સૂત્ર કિલ્બિષિકવિશેષવિષયક હોવું સંભવે ]

વળી, જમાલિ નરકમાં જવાનો નથી એટલી એની વિશેષતા છે. એ સિવાય બીજો કોઇ તફાવત સામાન્યથી બીજા પરિમિતભવવાળા કિલ્બિષિક દેવોમાં હોતો નથી. તેથી 'જાવ ચત્તારિ પંચ....' ઇત્યાદિસૂત્ર તેવા પરિમિત ભવવાળા કિલ્બિષિક દેવો અંગેનું જ હોય અને જમાલિનું સાદૃશ્ય દેખાડવા માટે કહેવાયું હોય, પણ દેવ કિલ્બિષિકસામાન્યવિષયક ન હોય એવી સંભાવના લાગે છે, કારણકે નહિતરતો (એટલેકે અધિકૃતસૂત્રકિલ્બિષિકસામાન્યવિષયક હોય તો-અર્થાત્ એ બધા જ દેવકિલ્બિષિકોના ચાર-પાંચ ભવ કે (તમારી કલ્પના મુજબ) અનંતસંસાર જણાવતું હોય તો) 'કેટલાક કિલ્બિષિક દેવો અનાદિ અનવદગ્ર દીર્ઘમાર્ગરૂપ ચાતુરંત સંસાર અટવીમાં ભટકે છે.' ઇત્યાદિ જણાવનાર અગ્રિમસૂત્રકથન અસંગત થઇ જાય. આમ 'जाव चत्तारि....' ઇત્યાદિ સૂત્ર પણ વિશેષપ્રકારના દેવકિલ્બિષિક અંગેનું જ હોવું ફલિત થવાથી એ પણ માનવું યોગ્ય થઈ પડે કે 'अत्थेगइआ....' ઇત્યાદિસૂત્ર અપરિમિતભવોને જણાવનારું હોય અને 'जाव चत्तारि....' ઇત્યાદિસૂત્ર પરિમિતભવોને જણાવનારું હોય.

[ સામાન્યનું કથન પણ ક્યારેક વિશેષપરક હોય ]

**શંકા :–** તમારો કહેવાનો આશય એવો છે કે દેવકિલ્બિષિકો બે પ્રકારના હોય છે. પરિમિતભવવાળા અને અપરિમિતભવવાળા. તો પણ 'जाव चत्तारि....' સૂત્રમાં તો બેમાંથી એકે પ્રકારનો ઉલ્લેખ નથી. તેથી જણાય છે કે એ સૂત્ર તો સામાન્યથી જ દેવકિલ્બિષિક અંગેનું છે. તો તમે કેમ એને પરિમિતભવવાળા દેવકિલ્બિષિક રૂપ તેના એક વિશેષ પ્રકાર અંગેનું કહો છો ?

**સમાધાન :-** સામાન્યના એક પ્રકારરૂપ વિશેષને જણાવનાર વચનનો જ્યારે પૃથગ્ પ્રયોગ કરાયેલો હોય ત્યારે સામાન્યનું અભિધાયક વચન પોતાના બીજા પ્રકાર રૂપ વિશેષને જણાવવાના તાત્પર્યવાળું બની જાય છે. જેમ કે 'બ્રાહ્મણોને જમાડવા, કૌડિન્યને ન જમાડવો' એવા પ્રયોગમાં 'બ્રાહ્મણોને જમાડવા' એટલું વાક્ય સામાન્યથી બ્રાહ્મણોને જમાડવાનું વિધાન કરવાના તાત્પર્યવાળું હોવા છતાં કૌડિન્યરૂપ એક વિશેષ બ્રાહ્મણની વાત સ્વતંત્ર કરી દીધી હોવાથી કૌડિન્યભિન્ન બ્રાહ્મણોને જમાડવાના વિધાનરૂપ તેના બીજા વિશેષના જ તાત્પર્યવાળું બની જાય છે. પ્રસ્તુતમાં પણ 'अत्थेगइआ' સૂત્રથી અપરિમિતભવવાળા દેવકિલ્બિષિક રૂપ એક વિશેષની વાત થઇ ગઇ હોવાથી

"[1]असंवुडे णं अणगारे आउअवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधणबद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ, हस्सकालठितिआओ दीहकालठितिआओ पकरेइ, मंदाणुभागाओ तिव्वाणुभागाओ पकरेइ, अप्पपदेसग्गाओ बहुप्पदेसग्गाओ पकरेइ । आउयं च णं कम्मं सिअ बंधइ सिअ णो बंधइ, असायवेअणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणाइ, अणाइयं च णं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारमणुपरिअट्टइ ।" "कोहवसट्टे णं भंते जीवे किं बंधइ ? किं पकरेइ ? किं चिणाइ ? किं उवचिणाइ ? संखा ! कोहवसट्टे णं जीवे आउअवज्जाओ सत्तकम्मपगडीओ सिढिलबंधणबद्धाओ, एवं जह पढमसए असंवुडस्स अणगारस्स जाव अणुपरिअट्टइ । माणवसट्टे णं भंते । जीवे एवं चेव, एवं मायावसट्टेवि, एवं लोभवसट्टेवि, जाव अणुपरिअट्टइ" [भ. श. १२ उ १] इत्यादिसूत्राणामपि तथात्वापत्तेरिति ।

---

સામાન્યઅભિધાયક એવું પણ 'जाव चत्तारि....' સૂત્ર પરિમિતભવવાળા દેવકિલ્બિષિક રૂપ ઇતરવિશેષના તાત્પર્યવાળું હોવામાં પણ કોઈ અસંગતિ નથી.

**શંકા :–** 'अत्थेगइआ....' સૂત્રમાં અંતે મોક્ષગમનની વાત કરી નથી. તેના પરથી જણાય છે કે એ સૂત્ર દેવકિલ્બિષિકના અપરિમિતભાવવાળા જીવો રૂપ વિશેષને જણાવતું નથી, પણ અભવ્યજીવો રૂપ વિશેષને જણાવે છે. તેથી પરિમિતભવવાળા જીવો તેના ઇતરવિશેષરૂપ બનતા નથી, કિન્તુ ભવ્યજીવોજ ઇતરવિશેષરૂપ બને છે. માટે સામાન્ય અભિધાયક એવું 'जाव चत्तारि....' સૂત્ર પરિમિતભવવાળા જીવોના તાત્પર્યવાળું બનતું નથી, કિન્તુ ભવ્યજીવોરૂપ ઇતરવિશેષના તાત્પર્યવાળું બને છે.

**[ મોક્ષગમનની વાત ન હોવા માત્રથી સૂત્ર અભવ્યવિષયક ન બની જાય ]**

**સમાધાન :–** આ શંકા અયોગ્ય છે, કારણકે અંતે મોક્ષગમનની વાત ન કરી હોવા માત્રથી જો સૂત્ર અભવ્યરૂપ વિશેષ વિષયવાળું બની જતું હોય તો તો આ નીચે દર્શાવેલું સૂત્ર ( ભગ૦ શ૦ ૧૨ ઉ૦૧ ) પણ તેવું બની જવાની આપત્તિ આવે. "સંવરદ્વારોમાં નહિ રહેલ અણગાર આયુવર્જિત સાત કર્મોને શિથિલ બાંધેલા હોય તેને દૃઢ કરે છે, અલ્પસ્થિતિવાળા બાંધેલા હોય તો તેને દીર્ઘસ્થિતિવાળા કરે છે, મંદરસવાળા બાંધેલા હોય તેને તીવ્રરસવાળા કરે છે. અલ્પદલિકવાળાને બહુદલિકવાળા કરે છે. આયુષ્યકર્મ કદાચ બાંધે–કદાચ ન બાંધે. અશાતાવેદનીયકર્મને વારંવાર પુષ્ટ કરે છે. અનાદિ–અનવદગ્ર દીર્ઘમાર્ગરૂપ ચાતુરંત સંસાર કાંતારમાં રખડે છે." "હે ભગવન્ ! ક્રોધવશાર્ત જીવ શું બાંધે છે ? શું કરે છે ? શેનો ચય કરે છે ? શેનો ઉપચય કરે છે ? શંખ ! ક્રોધપીડિત જીવ આયુવર્જિત સાત કર્મોને શિથિલ બાંધેલાં હોય તેને દૃઢ કરે છે...ઇત્યાદિ પ્રથમશતકમાં કહેલ અસંવૃત અણગાર મુજબ જાણવું...યાવત્ સંસારમાં રખડે છે... એ જ રીતે માનવશાર્ત, માયાવશાર્ત અને લોભવશાર્ત જીવ અંગેના પ્રશ્નો અને સંસારમાં રખડે છે ત્યાં સુધીના એના ઉત્તરો જાણવા."

આ સૂત્રમાં પણ અંતે મોક્ષગમનની વાત કરી નથી. અને તેમ છતાં એને અભવ્ય અણગાર રૂપ અણગારવિશેષવિષયક માની શકાતું નથી, કેમકે એમાં એક

---

१ असंवृतोऽनगारः आयुर्वर्जाः सप्त कर्मप्रकृतीः शिथिलबन्धनबद्धा दृढबन्धनबद्धाः प्रकरोति, ह्रस्वकालस्थितिका दीर्घकालस्थितिकाः प्रकरोति, मन्दानुभागास्तीव्रानुभागाः प्रकरोति, अल्पप्रदेशाग्रा बहुप्रदेशाग्राः प्रकरोति । आयुश्च कर्म स्याद्बध्नाति स्यान्न बध्नाति, अशातावेदनीयं च कर्म भूयो भूय उपचिनाति अनादिकं चानवदाग्रं दीर्घाध्वं चातुरंतसंसारकान्तारमनुपरिवर्त्तते ।' 'क्रोधवशार्त्तो भदन्त ! जीवः किं बध्नाति ? किं प्रकरोति ? किं चिनाति ? किमुपचिनाति ? शंख ! क्रोधवशार्त्तो जीवः आयुर्वर्जाः सप्तकर्मप्रकृतीः शिथिलबन्धबद्धा एवं यथा प्रथमशतके असंवृतस्यानगारस्य यावदनुपरिवर्त्तते । मानवशार्त्तो भदन्त जीव एवमेव, एवं मायावशार्त्तोऽपि एवं लोभवशार्त्तोऽपि यावदनुपरिवर्त्तते ।

ननु यद्येवं 'चत्तारि पंच...' इत्यादिसूत्रे जमालेर्नानन्तभवविषयता तदा निर्विषयता स्यात्, चतुःपञ्चशब्दाभ्यामेकार्थाऽनभिधानादिति चेत् न, "[1]सिअ भंते ! जीवे जाव चत्तारि पंच पुढवीकाइआ एगतओ साहारणसरीरं बंधंति, एगतओ पच्छाहारेंति परिणामेंति वा सरीरं वा बंधंति ? गो० णो इणट्ठे समट्ठे । सिअ भंते जाव चत्तारि पंच आउक्काइआ, एवं सिअ भंते जाव चत्तारि पंच तेउक्काइआ" इत्यादिषु सूत्रेषु भगवत्यां, "[2]जया णं भंते तेसिं देवाणं इंदे चयइ से कहमिआणिं पकरेइ ? जाव चत्तारि पंच सामाणिआ तं तं ठाणं उवसंपज्जित्ता णं विहरंति" इत्यादि जीवाभिगमसूत्रेऽन्येषु च बहुषु स्थानेषु तयोः '[3]सत्तट्ठ भवग्गहणाइं सत्तट्ठ पयाइं' इत्यत्र सप्ताष्टपदयोरिव संकेतविशेषादेकसंख्यावाचकत्वसिद्धेः । 'पंच तिरिक्खजोणिय-मणुस्स-देवभवग्गहणाइं' इत्यादिकोप्यादर्शान्तरे पाठोऽस्ति, तत्र च शङ्कालेशस्याप्यभाव एव ।

---

વાર સાચો અણુગાર બની ગયેલો જીવ પણ અસંવૃત બને તો શું થાય તેની વાત છે. અભવ્ય તો ક્યારેય સાચો અણુગાર બન્યો હોતો નથી.

**['ચાર-પાંચ' શબ્દમાં પણ સંકેતવિશેષથી એકસંખ્યાવાચકત્વ]**

**શંકા-** 'ચત્તારિપંચ...' ઈત્યાદિસૂત્ર જમાલિના અનંતભવોને જણાવનારું નથી એવું જો આ રીતે સિદ્ધ થશે તો 'એ કશું જ જણાવનારું નથી' એવું પણ સિદ્ધ થઈ જશે, કેમકે 'ચાર' અને 'પાંચ' એ બે શબ્દો ભવોની કોઈ એક ચોક્કસ સંખ્યારૂપ અર્થ તો જણાવતાં જ નથી.

**સમાધાન-** આવી શંકા ન કરવી, કારણકે જેમ 'સાતઆઠ ભવો (મનુષ્યગતિની બાબતમાં) સાત-આઠ પગલાં (શક્રેન્દ્ર શક્રસ્તવ વખતે આગળ આવે છે તે બાબતમાં)' વગેરે વાતોમાં 'સાત' 'આઠ' શબ્દો જેમ વિશેષ પ્રકારના સંકેતના કારણે એકસંખ્યાને જણાવે છે, તેમ આ 'ચાર' 'પાંચ' શબ્દોપણ એકસંખ્યાને જણાવે છે એ વાત **ભગવતીસૂત્ર, જીવાભિગમસૂત્ર** તેમજ બીજા પણ ઘણા સ્થળોના સૂત્રો પરથી સિદ્ધ થાય છે. તે **ભગવતીજીનું** સૂત્ર આ પ્રમાણે-

"હે ભગવન્ ! યાવત્ ચાર પાંચ પૃથ્વીકાયિક જીવો એક સાથે સાધારણ શરીર બનાવે ? પછી એક સાથે આહાર કરે અથવા પરિણમાવે ? શરીર બનાવે ? હે ગૌતમ ! આ વાત બની શકતી નથી. આ રીતે ચાર-પાંચ અપ્કાયિક જીવો અને ચાર-પાંચ તેઉકાયજીવો અંગે પ્રશ્ન-ઉત્તર જાણવા." **જીવાભિગમનું** સૂત્ર આ પ્રમાણે-"હે ભગવાન્ જ્યારે દેવોનો ઇંદ્ર ચ્યવે છે તે હવે શું કરે છે ? યાવત્ ચાર-પાંચ સામાનિક દેવો તે તે સ્થાને આવીને વિહરે છે."

આ બન્ને સૂત્રોમાં રહેલ 'ચાર-પાંચ' શબ્દ 'અનંત'ને તો જણાવતા જ નથી, (કેમકે પૃથ્વીકાયિકજીવો કે સામાનિક દેવો અનંત હોવા ક્યારેય સંભવતા નથી). તેમ છતાં એ કોઈ જ સંખ્યાને જણાવતો નથી અને સાવ નિરર્થક જ છે એમ પણ કહી શકાતું નથી, (કેમ કે સૂત્રમાં નિરર્થક શબ્દ પ્રયોગ હોતો નથી.) માટે એ શબ્દોને

---

१. स्याद्भदन्त ! जीवः यावच्चत्वारः पञ्च पृथ्वीकायिका एकतः साधारणशरीरं बध्नन्ति, एकतः पश्चादाहारयन्ति, परिणामयन्ति वा शरीरं बध्नन्ति ? गो० ! नायमर्थः समर्थः । स्याद्भदन्त ! यावच्चत्वारः पंच अप्कायिकाः एवं स्याद् भदन्त ! यावच्चत्वारः पञ्च तेजस्कायिकाः । २. यदा भदन्त ! तेषां देवानामिन्द्रश्च्यवति स कथमिदानीं प्रकरोति ? यावच्चत्वारः पञ्च सामानिका देवास्तत्स्थानमुपसंपद्य विहरन्ति । ३. सप्ताष्ट भवग्रहणानि, सप्ताष्ट पदानि ।

नन्वेवमपि "पञ्चशब्दो गतित्रयानुरोधेन त्रिगुणितः किं पञ्चदशभवाभिधायकः ? उत तिर्यग्योनिकदेवसंबन्धिनौ द्वौ द्वौ भवौ एकश्च मनुजसंबन्धी, अथवा त्रयो भवास्तिर्यक्संबन्धिनः, एको देवसंबन्धी, एकश्च मनुष्यसंबंधीत्येवं पञ्चभवाभिधायकः ? इत्येवं सन्देहानिवृत्तिरेवेति चेत् ? न, शास्त्रव्युत्पन्नस्यैतादृशसन्देहानुदयाद्, द्वन्द्वसमासस्य सर्वपदप्रधानत्वेन प्रत्येकमेव पञ्चसङ्ख्यान्वयाद्, अनेनैवाऽभिप्रायेण "च्युत्वा ततः पञ्चकृत्वः" इत्याद्यभिधानात् ।

[1]जिणणाहेण भणियं सुरतिरियनरेसु पंचवेलाओ । भमिऊण पत्तबोही लहिही निव्वाणसुक्खाई ॥

इति श्रीअभयदेवसूरिसन्तानीयगुणचन्द्रगणिकृते प्राकृतवीरचरित्रेऽपीत्थमेवोक्तम् ।

तिर्यग्मनुष्यदेवेषु भ्रान्त्वा स कतिचिद्भवान् । भूत्वा महाविदेहेषु दूरान्निर्वृतिमेष्यति ॥

---

કોઇ એક સંખ્યાના વાચક માનવા જ પડે છે. એ જ રીતે પ્રસ્તુતસૂત્રમાં પણ તે બે શબ્દો ચોક્કસ સંખ્યાના વાચક છે. વળી બીજી પ્રતમાં તો 'पंच तिरिक्खजोणिय-मणुस्स-देवभवग्गहणाइं' ઇત્યાદિ પાઠ પણ દેખાય છે, તેથી તેમાં તો શંકાનો અંશ પણ નથી એ જાણવું.

[ 'પાંચ' શબ્દ અંગે અન્ય પ્રશ્નો અને ઉત્તરો ]

**પૂર્વપક્ષ :–** આ રીતે અનંતભવ હોવાનો અર્થ ન કાઢો તો પણ 'પાંચ' શબ્દ ત્રણગતિના અનુરોધથી ત્રણ સાથે ગુણાકાર પામી શું પંદર ભવને જણાવે છે ? કે તિર્યંચ અને દેવના બબ્બે તેમજ મનુષ્યનો એક એમ પાંચ ભવને જણાવે છે ? કે તિર્યંચના ત્રણ, દેવનો એક તેમજ મનુષ્યનો એક એમ પાંચ ભવને જણાવે છે ? એવો સંદેહ તો ઊભો જ રહે છે તેનું શું ?

**ઉત્તરપક્ષ :–** શાસ્ત્રવ્યુત્પન્નવ્યક્તિને આવો સંદેહ પડતો જ નથી. દ્વન્દ્વસમાસ સર્વપદપ્રધાન હોઇ પાંચ સંખ્યાનો તેના ઘટક તિર્યંચયોનિઆદિ ત્રણે પદોમાં અન્વય થાય છે. આ અભિપ્રાયથી જ 'च्युत्वा ततः पञ्चकृत्वः' ઇત્યાદિ કહ્યું છે. **શ્રીઅભયદેવસૂરિ-મહારાજની પરંપરામાં થયેલા શ્રી ગુણચન્દ્રગણિ મહારાજે પ્રાકૃતવીરચરિત્રમાં** પણ આમ જ કહ્યું છે કે

"ભગવાને કહ્યું કે સુર–નર–તિર્યંચ ગતિમાં પાંચવાર ભમીને બોધિ પામેલો (જમાલિ) નિર્વાણ સુખને પામશે." **ઉપદેશમાલાકર્ણિકામાં** પણ કહ્યું છે કે "તિર્યંચ–મનુષ્ય–દેવગતિમાં તે કેટલાક ભવો ભટકીને મહાવિદેહમાં જઇ ચિરકાળે મોક્ષ પામશે."

**પૂર્વપક્ષ :–** આમાં 'કેટલાક ભવો' એવું જે કહ્યું છે તે એ જણાવવા માટે છે કે 'કિલ્બિષિક દેવભવમાંથી ચ્યવેલો જમાલિ સર્વલોકને નિંદનીય એવા મનુષ્યાદિ દુર્ગતિના કેટલાક ભવોને સીધા કરીને પછી સૂક્ષ્મ એકેન્દ્રિય વગેરેમાં જવાનો છે.' **દશવૈ-કાલિક સૂત્રમાં** પણ કહ્યું છે કે (૫–૨–૪૭)

"દેવપણું પામીને દેવકિલ્બિષિકમાં ઉત્પન્ન થયેલો તે ત્યાં પણ જાણતો નથી કે શું કરવાથી મને આ ફળ મળ્યું ? ત્યાંથી ચ્યવીને તે મૂંગા–બહેરા–બોબડા પણું પામશે અથવા નારક–તિર્યંચયોનિ પામશે જ્યાં બોધિ અત્યંત દુર્લભ હશે."

---

1. जिननाथेन भणितं सुरतिर्यग्नरेषु पंचवेलाः । भ्रान्त्वा प्राप्तबोधिर्लप्स्यते निर्वाणसौख्यानि ॥

इत्युपदेशमालाकर्णिकायामपीत्थमेव निगदितम् । अत्र यत्परेणोच्यते—'कतिचिद्भवान्' इति यद्भणितं तत्किल्बिषिकदेवभवाच्च्युतो जमालिरनन्तरं सर्वलोकगर्हणीयान् मनुष्यादिदुर्गतिसंबन्धिनः कतिचिद् भवानवाप्य पश्चात्सूक्ष्मैकेन्द्रियादिषु यास्यतीति ज्ञापनार्थमेव । तथा चागमोऽपि—

[1]लद्धूण वि देवत्तं उववन्नो देवकिब्बिसे । तत्थवि से न याणइ किं मे किच्चा इमं फलं ॥

[2]तत्तो वि से चइत्ताणं लब्भिही एलमूअगं । णरगं तिरिक्खजोणिं वा बोही जत्थ सुदुल्लहा ॥

[दशवै० ५/२/४७-४८] इति—तदतिकदाग्रहविजृम्भितं, अत्र तिर्यगादिषु प्रत्येकं परिमितभवभ्रमणस्य व्यक्तमेवाभिधानात्, इच्छामात्रेणावशिष्टानन्तभवकल्पनस्याऽप्रामाणिकत्वात्, स्थूलभवाभिधानमात्रमेतदित्यत्र प्रमाणाभावात् । न च 'दूरान्निर्वृतिमेष्यति' इति वचनानुपपत्तिरेवात्र प्रमाणम्, आसन्नतादूरतयोरापेक्षिकत्वात् । किञ्च दूरपदं विनाप्येवंविधोऽर्थोऽन्यत्र दृश्यते । तदुक्तं सर्वानन्दसूरिविरचितोपदेशमालावृत्तौ 'तिर्यक्षु कानपि भवानतिवाह्य कांश्चिद्देवेषु चोपचितसञ्चितकर्मवशः ।

लब्ध्वा ततः सुकृतजन्मगृहे विदेहे जन्मायमेष्यति सुखैककलां विमुक्तिम् ॥ इति ।

यत्तु-जमालेः साक्षात्तीर्थकरदूषकस्यापि पञ्चदश भवाः सुबाहुकुमारस्य च जिनाज्ञाराधकस्यापि षोडश भवाः इति जिनाज्ञाराधनापेक्षया तद्विराधनमेव सम्यग्—इति परस्याभिधानं

---

[ 'પંદરભવો તો માત્ર સ્થૂલભવો છે' એ વાત અયોગ્ય]

**ઉત્તરપક્ષ :**– આ વચન અતિકદાગ્રહનો જ એક નાચ છે, કેમકે 'કેટલાક' **એવા શબ્દથી** તિર્યંચાદિ દરેક ગતિમાં પરિમિતભવભ્રમણ સ્પષ્ટ રીતે કહ્યું જ છે. તેથી તિર્યંચગતિમાં બાકીના અનંતભવભ્રમણની વાત શાસ્ત્રોક્ત ન હોવાથી મનની મરજી પ્રમાણે જ કલ્પવાની રહે છે અને તેથી જ એ અપ્રમાણ છે. 'એ પરિમિતભવભ્રમણ જે કહ્યું છે તે તો સ્થૂલભવોની અપેક્ષાએ જ કહ્યું છે' એવું પણ ન કહેવું, કેમકે એવું હોવામાં કોઈ પ્રમાણ નથી.—જો પંદર ભવમાં જ એની મુક્તિ થઇ જવાની હોય તો 'ચિરકાળે મોક્ષ પામશે' એ વચન અસંગત બની જાય. તેથી એ વચનને સંગત કરવું એ જ ઉક્ત બાબતમાં પ્રમાણ છે. અર્થાત્ એને સંગત કરવા માટે એવું માનવું જ પડે છે કે ભવોની એ સંખ્યા સ્થૂલભવોની અપેક્ષાએ છે, બાકીનો લાંબોકાળ એ નાનાભવોમાં જ પૂરો કરવાનો છે—આવી દલીલ પણ યોગ્ય નથી, કેમકે આસન્નતા અને દૂરતા એ બે આપેક્ષિક પદાર્થો છે. અર્થાત્ પોતાની શુદ્ધ આરાધનાના બળે જેટલા કાળે મુક્તિમાં જઇ શકાત એની અપેક્ષાએ એ પંદરભવનો કાળ પણ ચિરકાળ હોવાથી એવા અનંતા નાના ભવોની કલ્પના વગર પણ એ વચન સંગત બની શકે છે. વળી જમાલિ અંગેની આ વાતનો 'દૂર' શબ્દવિના પણ અન્યશાસ્ત્રમાં ઉલ્લેખ મળે છે. જેમકે **શ્રીસર્વાનંદસૂરિ** મહારાજે **ઉપદેશમાલાની રચેલી વૃત્તિમાં** કહ્યું છે કે—

"ભેગા કરેલા કર્મદલિકોના જથ્થાને વશ થઈ કેટલાક ભવો તિર્યંચમાં અને કેટલાક ભવો દેવલોકમાં કરીને પછી સુકૃત કરવા માટે જન્મગૃહસમાન એવા મહાવિદેહમાં જન્મ પામી આ (જમાલિ) સુખની અજોડ ખાણ સમાન મુક્તિને પામશે" તેથી 'દૂર' શબ્દની સંગતિ કરવા માટે અનંતભવની કલ્પના કરવી એ યોગ્ય નથી.

---

१. लब्ध्वापि देवत्वमुपपन्नो देवकिल्बिषे । तत्रापि स न जानाति किं मे कृत्वेदं फलम् ॥

२. ततोऽपि स च्युत्वा लप्स्यत एडमूकत्वम् । नारकतिर्यग्योनिं वा बोधिर्यत्र सुदुर्लभा ॥

तदविवेकमूलं, एवं हि दृढप्रहारिप्रभृतीनां घोरपापकारिणां तद्भवमुक्तिगामित्वं, आनन्दादीनां च देवमनुजभवप्राप्तिक्रमेणेति सुकृतापेक्षया दुष्कृतमेव सम्यगिति वदतोऽपि मुखं कः पिदध्यादिति । यदपि—साधुभक्तस्य द्रव्यतस्तीर्थकृतोऽपि मरीचेः कापिलीयदर्शनप्रवृत्तिहेतुसन्दिग्धोत्सूत्रभाषणनिमित्तदुर्वचनमात्रेणाप्येकेन्द्रियादिष्वसंख्येयभवभ्रमणं, जमालेश्च साक्षात्तीर्थकरदूषकस्यापि पञ्चदशभवा इति महदसमञ्जसं—इति परेणोद्घुष्यते तदपि तथाभव्यताविशेषादेव न पर्यनुयोगार्हं, अन्यथा सन्दिग्धोत्सूत्रभाषिणोऽपि मरीचेर्नरकभवदुःखप्राप्तिः, निश्चितोत्सूत्रभाषिणश्च जमालेर्नेयमित्यत्र भवतोऽपि किमुत्तरं वाच्यम्? इति रागद्वेषरहितेन चेतसा चिन्तनीयम् । दोघट्टीसंज्ञकायां वृत्तौ तु 'तश्च्युतश्चत्वारि पंच तिर्यग्मनुष्यदेवभवग्रहणानि संसारमनुपर्यट्य महाविदेहे सेत्स्यति' इति शब्दसंदर्भेण भगवतीसूत्रालापकानुवाद्येव दृश्यते ।

सिद्धर्षीयोपदेशमालाटीकायास्त्वादर्शभेदात् पाठभेदा दृश्यते, तथाहि—

आजीवन्ति द्रव्यलिङ्गेन लोकमित्याजीवका निह्नवास्तेषां गणो गच्छस्तस्य नेता नायको गुरुरित्यर्थः,

---

[ઓછાવત્તા ભવો પર આરા. વિરા.નું સારાનરસાપણું નથી]

—"તીર્થંકર ભગવાન્‌ને સાક્ષાત્ દોષ દેનાર **જમાલિને** જો માત્ર પંદર ભવો જ હોય તો તો જિનાજ્ઞાની આરાધનાની અપેક્ષાએ વિરાધના જ કરવી સારી" એવું ફલિત થઇ જશે, કારણકે જિનાજ્ઞાના આરાધક એવા પણ **સુબાહુકુમારને** સોળ ભવો કહ્યા છે. —આવું કથન એ અવિવેક મૂલક જાણવું, કેમકે આ રીતે તો "**દૃઢપ્રહારી** વગેરે ઘોર પાપીઓ તદ્‌ભવમાં મોક્ષે ગયા અને **આનંદાદિ** શ્રાવકો દેવ–મનુષ્યભવના પ્રાપ્તિક્રમે જવાના છે, તેથી સુકૃતની અપેક્ષાએ દુષ્કૃત જ કરવા સારા" એવું બોલનારનું પણ મોં કોણ દાબી શકશે? વળી–"સાધુભક્ત, દ્રવ્યથી તીર્થંકર એવા પણ **મરીચિનું**, **કાપિલીયદર્શન** પ્રવર્ત્તવામાં નિમિત્ત બનનાર સંદિગ્ધ ઉત્સૂત્રભાષણના નિમિત્તભૂત દુર્વચન માત્રથી પણ એકેન્દ્રિયાદિમાં અસંખ્યભવ ભ્રમણ થયું અને સાક્ષાત્ તીર્થંકરના દૂષક એવા **જમાલિના** પંદર ભવ જ થશે એ વાત તો અત્યંત અયોગ્ય છે."—એવી જે ઉદ્‌ઘોષણા પૂર્વપક્ષી કરે છે તેમાં તો તે બંનેનું પોતપોતાનું તેવું તથાભવ્યત્વ જ મુખ્ય ભાગ ભજવતું હોઇ બીજો કોઇ વિચાર કરવાનો રહેતો નથી. નહિતરતો "સંદિગ્ધઉત્સૂત્રભાષી એવા પણ **મરીચિને** નરકના દુઃખો વેઠવા પડયા અને નિશ્ચિતઉત્સૂત્રભાષી એવા **જમાલિને** નહિ" એ બાબતમાં તમે પણ શું જવાબ આપશો? એ રાગદ્વેષ ખંખેરીને વિચારો.

['જમાલિ' અંગેના વૃત્તિના પાઠો]

**ઉપદેશમાલાની દોઘટ્ટી** નામની વૃત્તિમાં તો "ત્યાંથી ચ્યવીને ચાર પાંચ તિર્યંચ–મનુષ્ય–દેવભવમાં સંસારમાં રખડીને મહાવિદેહમાં સિદ્ધ થશે." એવું જણાવનાર શબ્દસમૂહથી **ભગવતીસૂત્રના** આલાપકનું જ અનુસરણ દેખાય છે.

**ઉપદેશમાલાની સિદ્ધર્ષિગણિમહારાજે** બનાવેલી વૃત્તિનો તો જુદી જુદી પ્રતોમાં જુદો જુદો પાઠ મળે છે કેટલીક પ્રતોમાં એવો પાઠ મળે છે કે

राज्यश्रियं प्रहाय परित्यज्य प्रव्रज्यां गृहीत्वा 'च' शब्दादागमं चाधीत्य जमालिर्भगवज्जामाता हितमात्मनोऽकरिष्यद् 'यदि' इत्यध्याहारस्ततो न नैव वचनीये निन्द्यत्वे इह लोके प्रवचने वाऽपतिष्यत् । तथाहि मिथ्यात्वाभिनिवेशादसौ भगवद्वचनं 'क्रियमाणं कृतं' इत्यश्रद्दधानः 'कृतमेव कृतं' इति विपरीतप्ररूपणालक्षणादहिताचरणादेव लोकमध्ये वचनीये पतितोऽतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं भवं चानन्तं निर्वर्तितवान्–इत्ययं **केषुचिदादर्शेषु पाठो दृश्यते** ।–विपरीतप्ररूपणादहिताचरणादेव 'निह्नवोऽयं' इति लोकमध्ये वचनीये पतितोऽतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं निर्वर्तितवान्–**इत्ययमपि क्वचिदादर्शे पाठो दृश्यते** । क्वचिच्च–तथामिथ्यात्वाभिनिवेशादसौ भगवद्वचनं 'क्रियमाणं कृतं' इत्यश्रद्दधानः 'कृतमेव कृतं' इति विपरीतप्ररूपणलक्षणादहिताचरणादेव 'निह्नवोऽयं' इति लोकमध्ये वचनीये पतितोऽतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं भवं चानन्तं निर्वर्तितवान् । उक्तं च **प्रज्ञप्तौ** "[1]जइ णं भंते ! जमाली अणगारे अरसाहारे विरसाहारे जाव विवित्तजीवी, कम्हा णं भंते ! जमाली अणगारे कालमासे कालं किच्चा लंतए कप्पे तेरससागरोवमठिइएसु देवकिब्बिसिएसु देवेसु देवकिब्बिसियत्ताए उववन्ने ? गोयमा ! जमाली णं अणगारे आयरियपडिणीए इत्यादि यावत् लंतए कप्पे जाव उववन्ने । जमाली णं भंते ! देवे ताओ देवलोगाओ आउक्खएणं जाव कहिं उववज्जिहिति ? गोयमा ! चत्तारि पंच तिरिक्खजोणियमणुस्सदेवभवग्गहणाइं संसारमणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति जाव अंतं काहेति ।'—

"દ્રવ્યલિંગથી લોકમાં જીવે તે આજીવકો અર્થાત્ નિહ્નવો. તેઓના ગણનો નાયક અને ભગવાનના જમાઈ એવા જમાલિએ રાજ્ય લક્ષ્મીને છોડીને, દીક્ષા સ્વીકારીને, ('ચ' શબ્દથી) આગમને ભણીને જો પોતાનું (જિનોક્ત) હિત કર્યું હોત તો આ લોકમાં અને પ્રવચનમાં નિંદ્ય ન બનત. તાત્પર્ય, મિથ્યાત્વના અભિનિવેશથી ભગવાનના 'क्रियमाणं कृतं' એવા વચનની શ્રદ્ધા ન કરતો એ 'कृतमेव कृतं' એવી વિપરીત પ્રરૂપણારૂપ અહિત આચરણથી જ લોકમાં નિંદા પામ્યો, તેમજ તેણે અતિદુષ્કરતપ કરવા છતાં પણ કિલ્બિષિકદેવપણું અને અનંતસાર ઊભા કર્યા."

**વળી કોઈક પ્રતમાં એવો પણ પાઠ મળે છે કે**

વિપરીત પ્રરૂપણા રૂપ અહિતના આચરણથી જ 'આ નિહ્નવ છે' એવી લોકમાં નિંદા પામ્યો અને અતિદુષ્કર તપ કરવાં છતાં કિલ્બિષદેવપણું ઊભું કર્યું." વળી કોઈક બીજી પ્રતમાં "મિથ્યાત્વ અભિનિવેશના કારણે ભગવાનના 'क्रियमाणं कृतं' એવા વચનની શ્રદ્ધા ન કરતો એ (જમાલિ) 'कृतमेव कृतं' એવી વિપરીતપ્રરૂપણા રૂપ અહિત આચરણના કારણે જ 'આ નિહ્નવ છે' એવી લોકમાં નિંદા પામ્યો, તેમજ તેણે અતિદુષ્કરતપ કર્યો હોવા છતાં કિલ્બિષિકદેવપણું અને અનંત સંસાર ઊભા કર્યા. **પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે**–હે ભગવન્ ! જો જમાલિ અણગાર અરસ આહારી, વિરસ આહારી યાવત્ વિવિક્તજીવી હતા તો હે ભગવન્ ! શા માટે તે જમાલિ અણગાર યથાયોગ્ય કાળે કાળ કરીને (મૃત્યુ પામીને) લાંતક કલ્પમાં તેર સાગરોપમ આયુષ્યવાળા કિલ્બિષિક દેવોમાં દેવકિલ્બિષિક તરીકે ઉત્પન્ન થયા ? હે ગૌતમ ! જમાલિ અણગાર આચાર્યના પ્રત્યનીક (બળવાખોર) હતા. ઈત્યાદિ યાવત્ લાંતકકલ્પમાં ઉત્પન્ન થયા ઈત્યાદિ વાત જાણવી. હે ભગવન્ ! જમાલિ દેવ તે દેવલોકમાંથી આયુક્ષય કરીને ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! ચાર પાંચ તિર્યંચયોનિ–મનુષ્ય–દેવ ભવગ્રહણમાં સંસારમાં રખડીને પછી સિદ્ધ થશે યાવત્ અંતક્રિયા કરશે."

આવો પાઠ છે. **હેયોપાદેયવૃત્તિની** પણ કેટલીક પ્રતોમાં આ જ પાઠ છે. વળી

१. यदि भदन्त जमालिरनगारोऽरसाहारो विरसाहारो यावद्विविक्तजीवी कस्माद्भदन्त ! जमालिरनगारः कालमासे कालं कृत्वा लांतकेकल्पे त्रयोदशसागरोपमस्थितिकेषु देवकिल्बिषिकेषु देवेषु देवकिल्बिषिकतयोत्पन्नः ? गौतम ! जमालिरनगार आचार्यप्रत्यनीक इत्यादि यावल्लान्तके कल्पे यावदुत्पन्नः । जमालिर्भदन्त ! ततो देवलोकादायुःक्षयेण यावत्कुत्रोत्पत्स्यते ? गौतम ! चत्वारि पंच तिर्यग्योनिकमनुष्यदेवभवग्रहणानि संसारमनुपर्यट्य ततः पश्चात्सेत्स्यति यावदन्तं करिष्यति ।

इत्येवंभूतः पाठोऽस्ति । हेयोपादेयवृत्तावपि केषुचिदादर्शेष्वयमेव पाठोऽस्ति । आदर्शान्तरे च—अतिदुष्करतपोविधानेऽपि किल्बिषदेवत्वं निर्वर्तितवानिति, उक्तं च प्रज्ञप्तौ 'जइ णं भंते०' —इत्यादिरचनया पाठोऽस्ति ।

एवं स्थिते सति मध्यस्था गीतार्था इत्थं प्रतिपादयन्ति यदुत—भगवत्यादिबहुग्रन्थानुसारेण परिमितभवत्वं जमालेर्ज्ञायते, सिद्धर्षीयवृत्तिपाठविशेषाद्यनुसारेण चानन्तभवत्वमिति तत्त्वं तु तत्त्वविद्वेद्यम्—इति । परं भगवतीसूत्रं प्रकृतार्थे न विवृतमस्ति, तत्सांमुख्यं च वीरचरित्रादिग्रन्थेतेषु (थेषु) दृश्यते, संमतिप्रदर्शनं त्वर्थद्वयाभिधानप्रक्रमेऽप्येकार्थापुरस्कारेणापि संभवति, यथा—

"नानाकारं कायेन्द्रियं, असंख्येयभेदत्वात्, अस्य चान्तर्बहिर्भेदो निर्वृत्तेर्न कश्चित्प्रायः, प्रदीर्घत्र्यस्रसंस्थितं कर्णाटकायुधं क्षुरप्रस्तदाकारं रसनेन्द्रियं, अतिमुक्तकपुष्पदलचन्द्रकाकारं किंचित्सकेसरवृत्ताकारमध्यविनतं घ्राणेन्द्रियं, किंचित्समुन्नतमध्यपरिमण्डलाकारं धान्यमसूरवच्चक्षुरिन्द्रियं, पार्थिवभाण्डकयवनालिकाकारं श्रोत्रेन्द्रियं नालिककुसुमाकृति चावसेयं, तत्राद्यं स्वकायपरिमाणं द्रव्यमनश्च, शेषाण्यङ्गुलासंख्येयभागप्रमाणानि सर्वजीवानाम् ।

---

તેની બીજી પ્રતમાં "અતિદુષ્કરતપ કરવા છતાં પણ તેણે કિલ્બિષદેવપણું ઊભું કર્યું". પ્રજ્ઞપ્તિમાં કહ્યું છે કે "जइ णं भंते!" ઇત્યાદિ" ભગવતીના આવા પાઠ પૂર્વકનો જ પાઠ મળે છે.

[વૃત્તિપાઠો અંગે ગીતાર્થોનું પ્રતિપાદન]

આ રીતે જુદા જુદા પાઠો મળતાં હોવાથી મધ્યસ્થ ગીતાર્થો આવું પ્રતિપાદન કરે છે– "**ભગવતીસૂત્ર** વગેરે ઘણા ગ્રન્થોને અનુસરીને **જમાલિના** પરિમિતભવો જણાય છે. **સિદ્ધર્ષિગણિમહારાજની** વૃત્તિના તે તે પાઠ વગેરેને અનુસરીને અનંતભવો જણાય છે." આમાં સાચું રહસ્ય તો તત્ત્વજ્ઞો જાણી શકે. તેમ છતાં જે પ્રતમાં દેવકિલ્બિષપણું અને અનંતભવ એ બે વાત કહી ભગવતીસૂત્રની સાક્ષી આપી છે તેમાં પણ તે સાક્ષીથી માત્ર દેવકિલ્બિષિકત્વનું સમર્થન કર્યું છે, અનંતભવનું નહિ (તેથી અનંતભવની સાક્ષીતરીકે ભગવતીસૂત્ર ટાંકનાર ટીકાકાર પણ તે સૂત્રપરથી પણ જમાલિના અનંતભવ હોવાનો જ અર્થ કાઢે છે એવું કહેવું નહિ) અનંતભવનું સમર્થન કર્યું નથી એ વાત **વીરચરિત્ર** વગેરે ગ્રન્થોમાંથી જણાય છે.

[બે પ્રસ્તુત વાતોમાંથી શાસ્ત્રસંમતિ પ્રદર્શન માત્રએકનું સંભવે]

બે પ્રસ્તુત બાબતોમાંથી એક બાબતને આગળ કર્યા વગર બીજી બાબત અંગે જ શાસ્ત્રની સંમતિ દેખાડવી એ પણ સંભવિત છે, અસંભવિત નથી. જેમકે **તત્ત્વાર્થસુત્રનીવૃત્તિમાં (૨–૧૭)**—

"સ્પર્શનેન્દ્રિય અનેકપ્રકારવાળી હોઈ વિવિધ આકારની હોય છે. આની અન્તર્નિર્વૃત્તિ અને અને બહિર્નિર્વૃત્તિનો પ્રાયઃ કોઈ ભેદ નથી. પ્રદીર્ઘત્રિકોણ આકારવાળું કર્ણાટકાયુધ તે ક્ષુરપ્ર(અસ્ત્રો). રસનેન્દ્રિય તેના જેવા આકારવાળી હોય છે. સકેસર વૃત્તાકારવાળી મધ્યમાં કંઈક નમેલ એવી અતિ મુક્તકપુષ્પની પાંખડી જેવા ચંદ્રક આકારવાળી ઘ્રાણેન્દ્રિય હોય છે. મસૂરની જેમ મધ્યમાં કંઈક ઉપસેલ પરિમંડલ આકારવાળી ચક્ષુઇન્દ્રિય હોય છે...માથાના વાસણ યવનલિકા જેવી તેમજ નાલિક કુસુમના આકારવાળી શ્રોત્રેન્દ્રિય હોય છે. આમાંથી પહેલી સ્પર્શનેન્દ્રિય અને દ્રવ્યમન સ્વકાય જેટલી હોય છે. સર્વજીવોની શેષ ઇન્દ્રિયો અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી હોય છે,

तथा चागमः (प्रज्ञापना ) [1]फासिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! णाणासंठाणसंठिए । जिब्भिंदिए णं भंते ! किं संठिए पण्णत्ते ? गोयमा ! खुरप्पसंठिए । घाणिंदिए णं भंते ! किंसंठिए पण्णत्ते ? गोयमा ! अतिमुत्तयचंदगसंठिए पण्णत्ते । चक्खुरिंदिए णं भंते किं संठिए पण्णत्ते ? गोयमा ! मसुरयचंदसंठिए । सोइंदिए णं भंते ! किंसंठिए पण्णत्ते ? गोयमा ! कलंबुआपुप्फसंठिए पण्णत्ते ।"—

इति तत्त्वार्थवृत्तौ [२-१७] । अत्र इन्द्रियसंस्थानं तत्परिमाणं चेति द्वयमुपक्रान्तं, संमतिप्रदर्शनं तु पूर्वार्थ एव, इत्येवं, 'सिद्धर्षीयवृत्त्यादर्शविशेषेऽपि जमालेरनन्तभवस्वामित्वप्रदर्शनं चतुरन्तसंसारकान्तारदृष्टान्तत्वप्रदर्शनसदृशं, सूत्रसंमतिस्तु देवकिल्बिषिकत्वांश एव' इत्ययमर्थो न्याय्योऽन्यो वा तत्र कश्चित्सुन्दरोऽभिप्रायः इति यथा बहुश्रुताः प्रतिपादयन्ति तथा प्रमाणीकर्त्तव्यं न तु कुविकल्पचक्रेण ग्रन्थकदर्थना कर्त्तव्या ।

यत्तु—'वस्तुगत्या समयभाषया तिर्यग्योनिकशब्द एवानन्तभवाभिधायको भवति । यदुक्तं 'तिर्यग्योनीनां च' इति तत्त्वार्थसूत्रभाष्यवृत्तौ (३-१८) 'तिर्यग्योनयः पृथिव्यप्तेजोवायुवनस्पतिद्वित्रिचतुःपञ्चेन्द्रियास्तेषामपि परापरे स्थिती इत्यादि यावत्साधारणवनस्पतेरनन्ता अवसर्पिण्युत्सर्पिण्यः' इत्यादि"—

---

આગમ (પ્રજ્ઞાપના)માં કહ્યું છે કે,–હે ભગવન્ ! સ્પર્શનેન્દ્રિયને કેવા સંસ્થાન (આકાર)વાળી કહી છે? ગૌતમ! અનેક આકારવાળી. ભગવન્ ! જીહ્વેન્દ્રિયને કેવા આકારવાળી કહી છે? ગૌતમ ! ક્ષુરપ્ર આકારવાળી. ભગવન્ ! ઘ્રાણેન્દ્રિયને કેવા આકારવાળી કહી છે? ગૌતમ! અતિ મુક્તક ચંદ્રકાકારવાળી. ભગવન્ ! ચક્ષુઈન્દ્રિયને કેવા આકારવાળી કહી છે? ગૌતમ! મસૂર ચંદ્રકાકારવાળી. ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયને કેવા આકારવાળી કહી છે? ગૌતમ ! કદંબપુષ્પના આકારવાળી."

તત્ત્વાર્થવૃત્તિમાં અહીં ઇન્દ્રિયના સંસ્થાન અને પરિમાણ એ બંનેનો અધિકાર છે. છતાં શાસ્ત્રસંમતિ તો સંસ્થાનરૂપ પ્રથમ અધિકાર અંગેની જ દેખાડી છે. એમ **સિદ્ધર્ષિગણિની** વૃત્તિની તે તે પ્રતમાં પણ જમાલિના અનંતા ભવ જે દેખાડ્યા છે તે તો 'ચાતુરંતસંસારકાન્તારનું એ દૃષ્ટાન્ત બની શકે છે' એટલું દેખાડવા જેવી વાત છે. અને સૂત્રની સંમતિ જે દેખાડી છે તે 'એ દેવકિલ્બિષિક થવાનો છે' એટલા પ્રથમ અંશમાં જ છે. આવી હકીકત અમને યોગ્ય લાગે છે. અથવા તો એ વૃત્તિમાં બીજો જ કોઈ વધુ સુંદર અભિપ્રાય રહ્યો હશે. તેથી બહુશ્રુતો જેવું પ્રતિપાદન કરે તેને પ્રમાણ તરીકે સ્વીકારવું પણ જાત જાતના કુવિકલ્પોની પરંપરાથી પ્રાચીન ગ્રન્થોની તેઓને ખોટા ઠેરવવારૂપ કદર્થના કરવી નહિ.

[ તિર્યંચયોનિક શબ્દ અંગે વિચારણા ]

**પૂર્વપક્ષ** :– વસ્તુસ્થિતિ વિચારીએ તો ભગવતીસૂત્રના અધિકૃતસૂત્રમાં રહેલ 'તિર્યંચયોનિક' શબ્દ જ, શાસ્ત્રોમાં જે રીતે શબ્દપ્રયોગો થાય છે તે મુજબ અનંતભવને જણાવે છે. તેથી 'ચાર' પાંચ' વગેરે શબ્દનો અન્વય કોની સાથે છે? ઇત્યાદિ પ્રશ્નો

---

१. स्पर्शनेन्द्रियं भदन्त ! किंसंस्थितं प्रज्ञप्तं ? गौतम ! नानासंस्थानसंस्थितं जिह्वेन्द्रियं भदन्त ! किंसंस्थितं प्रज्ञप्तं गौतम ! क्षुरप्रसंस्थितं, घ्राणेन्द्रियं भदन्त ! किंसंस्थितं प्रज्ञप्तं ? गौतम ! अतिमुक्तकचन्द्रकसंस्थितं, चक्षुरिन्द्रियं भदन्त ! किंसंस्थितं प्रज्ञप्तं ? गौतम ! मसुरकचन्द्रसंस्थितं, श्रोत्रेन्द्रियं भदन्त ! किंसंस्थितं प्रज्ञप्तं ? गौतम ! कदम्बपुष्पसंस्थितं प्रज्ञप्तम् ।

इति परेणोक्तं तत्त्वनाकलितग्रन्थानां विभ्रमापादकं, प्रेक्षावतां तूपहासपात्रम्। परापरभवस्थितिकायस्थितिविवेकस्य तत्र प्रतिपादितत्वादुत्कृष्टकायस्थितेरेव तिर्यग्योनीनामनन्तत्व पर्यवसानात्, प्रकृते च भवग्रहणाधिकारात् न तत्कायस्थितिग्रहणं कथमपि संभवति, इति किं पल्लवग्राहिणा सममधिकविचारणयेति कृतं प्रसक्तानुप्रसक्त्या ॥४०॥

तदेवं मरीचेरिव स्तोकस्याप्युत्सूत्रस्य दुःखदायित्वात् 'अन्येषां गुणानुमोदनं न कर्त्तव्यम्' इत्युत्सूत्रं त्याज्यं, कर्त्तव्या च गुणानुमोदना सर्वेषामपीति व्यवस्थापितम्। अथ सूत्रभाषकाणां गुणमाह—

**सुत्तं भासंताणं णिच्चं हिययट्ठिओ हवइ भयवं।**
**हिययट्ठिअंमि तंमि य णियमा कल्लाणसंपत्ती ॥४१॥**

(सूत्रं भाषमाणानां नित्यं हृदयस्थितो भवति भगवान्। हृदयस्थिते तस्मिंश्च नियमात्कल्याणसंपत्तिः ॥ ४१ ॥)

---

ઊભા રહેતા નથી. 'तिर्यग्योनीनां च' એવા તત્ત્વાર્થસૂત્ર (૩-૧૮) ભાષ્યની વૃત્તિમાં કહ્યું છે કે

"તિર્યંચયોનિઓ એટલે પૃથ્વી-અપ-તેઉ-વાઉ-વનસ્પતિ બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-ચઉરિન્દ્રિય-પંચેન્દ્રિય તિર્યંચો. તેઓની જઘન્ય અને ઉત્કૃષ્ટસ્થિતિ આ પ્રમાણે હોય છે. ઇત્યાદિ...યાવત્ સાધારણ વનસ્પતિની અનંત અવસર્પિણી ઉત્સર્પિણી હોય છે."

તત્ત્વાર્થસૂત્રના આ અધિકારમાં પૂર્વના કોઈ સૂત્રમાં અનંતકાળની વાત નથી કે જેની અનુવૃત્તિ આવે. તેથી માનવું પડે છે કે સૂત્રમાં રહેલ 'તિર્યંગ્યોનિ' શબ્દ જ તેને જણાવે છે.

**ઉત્તરપક્ષ** :-તમારું આવું કથન ગ્રન્થોના અજાણ જીવોને ભલે વિભ્રમ પમાડતું હોય ! પણ પ્રેક્ષાવાન્ જીવો માટેતો મશ્કરીનું જ સ્થાન છે, કેમકે ત્યાં જઘન્ય-ઉત્કૃષ્ટ ભવસ્થિતિ અને કાયસ્થિતિનો વિવેક દેખાડયો હોવાથી ઉત્કૃષ્ટકાયસ્થિતિ જ અનંત હોવી ફલિત થાય છે. જ્યારે પ્રસ્તુતમાં તો ભવગ્રહણનો અધિકાર હોવાથી તિર્યંચયોનિ શબ્દથી તે કાયસ્થિતિગ્રહણની વાત કોઈ રીતે સંભવતી નથી. માટે તમારી આવી દલીલો, શાસ્ત્રવચનને ઉપલક દૃષ્ટિએ, સ્વકલ્પનાને પુષ્ટકરી આપનાર તરીકે જોઇને સ્વકલ્પિતાર્થની સિદ્ધિને હાથવેંતમાં માનવી અને તેથી આગળ-પાછળના સન્દર્ભનો વિચાર કર્યા વગર બોલવા માંડવું એવી છે. તેથી પલ્લવગ્રાહી (ઉપરછલ્લો વિચાર કરનાર) એવા તમારી સાથે અધિક વિચારણા કરવાથી સર્યું. તેથી ઉત્સૂત્રભાષી અંગેની મરીચિની વાતમાંથી નીકળેલ જમાલિની વાતની પણ અધિક ચર્ચાથી સર્યું. ॥૪૦॥

[ સૂત્રાનુસારે બોલનારને થતો લાભ ]

આમ અલ્પ પણ ઉત્સૂત્ર **મરીચિની** જેમ ભયંકર દુઃખી બનાવે છે. તેથી 'બીજાઓના ગુણોની અનુમોદના ન કરવી' ઇત્યાદિ ઉત્સૂત્રનો ત્યાગ કરવો. અને બધાના ગુણોની અનુમોદના કરવી એ વાતો સિદ્ધ કરી. હવે સૂત્રાનુસાર બોલનારને થતો લાભ જણાવતાં ગ્રન્થકાર કહે છે—

सुत्तं भासंताणं ति। सूत्रं भाषमाणानां नित्यं निरन्तरं भगवांस्तीर्थङ्करो हृदयस्थितो भवति, भगवदाज्ञाप्रणिधाने भगवत्प्रणिधानस्यावश्यकत्वात्, आज्ञायाः ससम्बन्धिकत्वात्। हृदयस्थिते च तस्मिन् भगवति सति नियमान्निश्चयात् कल्याणसंपत्तिः, समापत्त्यादिभेदेन तीर्थकृद्दर्शनस्य महाकल्याणावहत्वस्य पूर्वाचार्यैः प्रदर्शितत्वादिति ॥४१॥ कल्याणप्रापकत्वं च हृदयस्थितस्य भगवतोऽनर्थनिराकरणद्वारा स्यादित्यन्वयव्यतिरेकाभ्यां तस्यानर्थनिराकरणहेतुत्व-गुणमभिष्टुवन्नाह—

हिययट्ठिओ अ भयवं छिंदइ कुविगप्पमत्तभत्तस्स ।
तयभत्तस्स उ तंमि वि भत्तिमिसा होइ कुवियप्पो ॥४२॥

( हृदयस्थितश्च भगवान् छिनत्ति कुविकल्पमात्मभक्तस्य ।
तदभक्तस्य तु तस्मिन्नपि भक्तिमिषाद् भवति कुविकल्पः ॥ ४२ ॥)

हियट्ठिओ अ त्ति। हृदयस्थितश्च भगवानात्मभक्तस्य स्वसेवकस्य कुविकल्पं कुतर्काभिनिवेशरूपं छिनत्ति। दुर्निवारो हि प्राणिनामनादिभवपरंपरापरिचयान्मोहमाहात्म्यजनितः कुविकल्पः, केवलं भगवद्भक्तिरेव तमुच्छिद्य तदुत्पादं निरुध्य वा तत्कृताशुभविपाकान्नि-

---

ગાથાર્થ :– સૂત્રને બોલતાં જીવોના હૃદયમાં ભગવાન્ હંમેશા સ્થિત રહે છે. તે હૃદયમાં રહે છતે અવશ્ય કલ્યાણસંપત્તિ પ્રાપ્ત થાય છે.

સૂત્રને કહેનારાઓના (સૂત્રાનુસારી બોલનારાઓના હૃદયમાં ભગવાન્ હંમેશા વાસ કરે છે. કેમકે ભગવાનની આજ્ઞાને હૃદયમાં (નજરમાં) રાખવા માટે ભગવાનને પણ અવશ્ય રાખવા જ પડે છે. તે પણ એટલા માટે કે આજ્ઞા સસંબંધિક પદાર્થ હોઈ પોતાનો સંબંધી હૃદયમાં આવ્યા વિના પોતે હૃદયમાં આવતી નથી. તે ભગવાન્ હૃદયસ્થ થએ છતે અવશ્ય કલ્યાણસંપત્તિ મળે છે, કારણ કે 'સમાપત્તિ વગેરે પ્રકારોએ થયેલ તીર્થંકરપ્રભુનું દર્શન મહાકલ્યાણાવહ બને છે' એવું પૂર્વાચાર્યોએ કહ્યું છે. ॥૪૧॥ હૃદયસ્થિત ભગવાન્ અનર્થનું નિરાકરણ કરવાદ્વારા કલ્યાણપ્રાપક બની શકે તેથી તેઓ અનર્થનિરાકરણના હેતુભૂત છે એવું અન્વયવ્યતિરેકથી દેખાડી તેઓના તે હેતુતા રૂપ ગુણની સ્તવના કરતાં ગ્રન્થકાર કહે છે—

[ હૃદયસ્થિત ભગવાન્ કલ્યાણપ્રાપક કઈ રીતે ? ]

ગાથાર્થ :– હૃદયસ્થ ભગવાન્ પોતાના ભક્તના કુવિકલ્પનો નાશ કરે છે. ભગવાનના જેઓ ભગત નથી તેઓને તો ભગવાન્ પરની ભક્તિના નામે પણ કુવિકલ્પ જ ઊભા થાય છે.

હૃદયસ્થિતભગવાન્ પોતાના સેવકના કુતર્કના કદાગ્રહરૂપ કુવિકલ્પને છેદે છે. અનાદિભવપરંપરાના પરિચયના કારણે મોહના પ્રભાવે જીવો મહામુશ્કેલીથી દૂર થઈ શકે એવો કુવિકલ્પ ધરાવતાં હોય છે. ભગવાનની ભક્તિ એ જ એક એવી ચીજ છે કે જે તેને ઉખેડી નાખીને કે તેની ઉત્પત્તિને અટકાવીને તેના ફળ રૂપ અશુભવિપાકમાંથી ઉગારે છે. અન્ય ધર્મીઓએ પણ કહ્યું છે કે–

स्तारयतीति । तदुक्तमन्यैरपि—पुण्ये मनः कस्य मुनेरपि स्यात् प्रमाणमेनस्यपि दृश्यवृत्ति। तच्चिन्तिचित्तं परमेश्वरस्तु भक्तस्य हृष्यत्करुणो रुणद्धि ॥ इति । अन्वयप्रदर्शनमेतद् । व्यतिरेकमाह-तदभक्तस्य तु कुतर्काध्माततया भगवद्भक्तिरहितस्य तु तस्मिन्नपि सकलदोषरहिते जगज्जीवहिते भगवत्यपि, भक्तिमिषाल्लोकसाक्षिककृत्रिमभक्तिव्यपदेशात् कुविकल्पोऽसद्दोषाध्यारोपलक्षणो भवतीति, भगवतो हृदयेऽवस्थानाभावादिति भावः ॥४२॥ कथं भगवत्यपि भक्तिमिषात् कुविकल्पो भवतीत्याह्—

**जेणं भणंति केइ जोगाउ कयावि जस्स जीववहो ।**
**सो केवली ण अम्हं सो खलु सक्खं मुसावाई ॥४३॥**

(येन भणन्ति केचिद्योगात्कदापि यस्य जीववधः । स केवली नास्माकं स खलु साक्षान्मृषावादी ॥४३॥)

**जेणं ति ।** येन कारणेन भणंति केचिद्, यदुत 'यस्य योगात्कदाचिदपि जीववधो भवति सोऽस्माकं केवली न भवति, स खलु साक्षान्मृषावादी, जीववधं प्रत्याख्यायापि तत्करणात्,' इदं हि भक्तिवचनं मुग्धैर्ज्ञायते, परमार्थतस्तु भगवत्यसद्दोषाध्यारोपात्कुविकल्प एवेति भावः ॥४३॥ एतन्निराकरणार्थमुपक्रमते—

---

"પુણ્ય=પવિત્ર કાર્યોમાં મુનિનું (ભક્તજનનું) મન હોય છે. પણ કો'ક ભક્તજનનું મન ક્યારેક પાપકાર્યમાં જતું પણ જોવા મળે છે. તેમ છતાં તેના ચિત્તમાં રમતા અને કરુણાથી ઉભરાતા એવા ભગવાન્ ભક્તના તે પાપનું ચિંતન કરતા ચિત્તને (કુવિકલ્પને) રુંધે છે."

(આ સાક્ષીશ્લોકનો અર્થ બહુ સ્પષ્ટ થતો નથી. અમે આવો બેસાડયો છે. અન્ય વિદ્વાનો અન્ય રીતે પણ બેસાડી શકે છે.)

આ અન્વય દેખાડયો. હવે ઉત્તરાર્ધમાં વ્યતિરેક દેખાડે છે– કુતર્કથી અક્કડ થયેલ ભગવદ્ભક્તિશૂન્ય જીવને તો સકલદોષશૂન્ય અને જગતના જીવમાત્રના હિતકર એવા ભગવાન્ પરની લોકસાક્ષિકી કૃત્રિમભક્તિના બહાને પણ અસત્દોષનું આરોપણ કરવા રૂપ કુવિકલ્પ જાગે છે, કેમકે કુવિકલ્પને દૂર કરનાર કે અટકાવનાર એવા ભગવાન્નું તેના દિલમાં અવસ્થાન હોતું નથી. ॥૪૨॥ ભગવાન્ પરની ભક્તિના નામે કુવિકલ્પ જાગે છે એવું કેમ કહો છો? એવા પ્રશ્નનો જવાબ ગ્રન્થકાર આપે છે—

**[ કેવલીપ્રત્યેની ભક્તિના નામે કુવિકલ્પ ]**

**ગાથાર્થ :–** "જેઓના યોગના કારણે કયારેક પણ જીવવધ થાય તેને આપણા કેવલીભગવાન્ ન માનવા. તે તો સાક્ષાત્ મૃષાવાદી છે." આવું પણ કેટલાક જીવો ભક્તિના નામે બોલે છે. (તેથી અમે કહીએ છીએ કે ભક્તિના બહાને પણ અભક્તને તો કુવિકલ્પ જ જાગે છે.)

'જેના યોગથી કયારેક જીવવધ થાય તે આપણા કેવળી ન હોય, કેમકે જીવ-વધના પચ્ચક્ખાણ કરીને પણ તે તો જીવવધ જ કરતાં હોવાથી સાક્ષાત્ મૃષાવાદી હોય છે." કેટલાક કહેવાતા ભગતો આવું જે કહે છે તેને મુગ્ધો તો ભક્તિવચન જ માને છે કેમકે– 'દ્રવ્યહિંસા વગેરે પણ દોષરૂપ છે, આપણા ભગવાન્ તે દોષોથી પણ

ते इय पज्जणुजुज्जा कह सिद्धो हंदि एस णियमो मे।
जोगवओ दुव्वारा हिंसा जमसक्कपरिहारा ॥४४॥

(ते इति पर्यनुयोज्याः कथं सिद्धो हन्त्यैव नियमो भवताम् । योगवतो दुर्वारा हिंसा यदशक्यपरिहारा ॥४४॥)

ते इय त्ति। ते एवं वादिनः पर्यनुयोज्याः प्रतिप्रष्टव्याः इत्यमुनाप्रकारेण यदुत एष नियमो 'यस्य योगात्कदाचिदपि जीववधो भवति स न केवली' इत्येवंलक्षणः कथं मे भवतां सिद्धः? यद्यस्मात्कारणाद् योगवतः प्राणिन आत्रयोदशगुणस्थानं अशक्यपरिहारा हिंसा दुर्वारा, योगनिरोधं विना तस्याः परिहर्तुमशक्यत्वात्, तदीययोगनिमित्तकहिंसानुकूलहिंस्यकर्मविपाकप्रयुक्ता हि हिंसा तदीययोगाद्भवन्ती केन वार्यतामिति। अथैवं सर्वेषामपि हिंसाऽशक्यपरिहारा स्यादिति चेत्? न, अनाभोगप्रमादादिकारणघटितसामग्रीजन्यायास्तस्या आभोगाप्रमत्ततादिना कारणविघटनेन शक्यपरिहारत्वाद्, योगमात्रजन्यायास्त्वनिरुद्धयोगस्याशक्यपरिहारत्वादिति विभावनीयम्।

---

મુક્ત છે' એવું આ વચનથી સિદ્ધ થાય છે–એવું તેઓ માને છે. પણ હકીકતમાં તો, આ વચન, ગેરહાજર એવા પણ દોષનું આરોપણ કરનાર હોઇ કુવિકલ્પ રૂપ જ છે. ॥૪૩॥ તેઓના આ કુવિકલ્પનું નિરાકરણ કરવા માટેની ગ્રન્થકાર ભૂમિકા રચે છે—

ગાથાર્થ :- આવું બોલનારા તેઓને પૂછવું કે તમારો આ નિયમ શી રીતે સિદ્ધ થયો છે? કેમકે સયોગી જીવોને અશક્યપરિહારવાળી હિંસા દુર્વાર હોય છે.

[ સયોગી અવસ્થામાં અશક્યપરિહારરૂપ હિંસા હોય જ ]

'જેના યોગથી ક્યારેક પણ જીવવધ થાય તે કેવળી ન હોય' ઇત્યાદિ કહેનારને એ પૂછવું કે તમારો આ નિયમ શેના પરથી સિદ્ધ થાય છે? કારણકે યોગવાળા જીવને તેરમા ગુણઠાણા સુધી, જેનો પરિહાર અશક્ય હોય તેવી હિંસા અટકાવી ન શકાય એવી હોય છે, કારણકે યોગનિરોધ કર્યા વગર તેનો પરિહાર થઇ શકતો નથી. તાત્પર્ય, તે જીવના યોગ નિમિત્તે થનારી હિંસાને અનુકૂલ એવું જે હિંસ્ય (મરનાર) જીવનું અશુભકર્મ તેના વિપાકથી પ્રેરાયેલી હિંસા તેના યોગથી થઈ જાય તો તેને કોણ અટકાવી શકે? અર્થાત્ એ હિંસ્યજીવનું કર્મપણ હિંસામાં ભાગ ભજવતું હોઈ માત્ર કેવલીની અપ્રમત્તતા તેને અટકવી શકતી નથી. 'આ રીતે તો પ્રમત્તજીવોથી થતી હિંસા પણ અશક્યપરિહારરૂપ જ બની જશે, કેમકે એમાં પણ હિંસ્યજીવનું તેવું અશુભકર્મ ભાગ તો ભજવતું હોય છે ને!' એવું ન કહેવું, કારણકે તે હિંસાની કારણ સામગ્રીમાં અનાભોગ–પ્રમાદાદિપણ ભળેલા હોય છે. તેથી એ ઘટકોને દૂર કરીને સામગ્રીને વિકલ(=અપૂર્ણ) બનાવવા દ્વારા એ હિંસાનો પરિહાર કરી શકાય છે. જ્યારે કેવલીયોગજન્ય હિંસા એવી હોય છે કે જેની કારણસામગ્રીમાં યોગ, હિંસ્યજીવનુંકર્મ વગેરે જ ઘટકો હોય છે, પ્રમાદ–અનાભોગ વગેરે નહિ. તેથી એ કારણસામગ્રીનું વિઘટન કરવું યોગનિરોધ વગર શક્ય ન હોઈ યોગની હાજરીમાં એ અશક્યપરિહારરૂપ બની જાય છે.

नन्वीदृश्यां जीवविराधनायां जायमानायां केवलिना जीवरक्षाप्रयत्नः क्रियते न वा? आद्ये न क्रियते चेत्? तदाऽसंयतत्वापत्तिः। क्रियते चेत्, तदा चिकीर्षितजीवरक्षणाभावात्प्रयत्नवैफल्यापत्तिः, सा च केवलिनो न संभवति, तत्कारणस्य वीर्यान्तरायस्य क्षीणत्वात्, अत एव देशनाविषयकप्रयत्नविफलतायां केवलिनः केवलित्वं न संभवतीति परेषां सम्यक्त्वाद्यलाभे धर्मदेशनामप्यसौ न करोतीत्यभ्युपगम्यते। तदुक्तमावश्यकनिर्युक्तौ [५६४]—

[1]सव्वं च देसविरइं सम्मं पिच्छइ य होइ कहणाउ। इहरा अमूढलक्खो ण कहेइ भविस्सइ ण तं वत्ति॥

ततः क्षीणवीर्यान्तरायत्वादशक्यपरिहारापि जीवविराधना केवलिनो न संभवतीति चेत्?

न, यथाहि भगवतः सामान्यतः सर्वजीवहितोद्देशविषयोऽपि वाक्प्रयत्नः स्वल्पसंसारिष्वेव सफलो भवति, न तु बहुलसंसारिषु, प्रत्युत तेषु कर्णशूलायते। यत उक्तं सिद्धसेनदिवाकरैः सद्धर्मबीजवपनानघकौशलस्य यल्लोकबान्धव! तवापि खिलान्यभूवन्। तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु सूर्यांशवो मधुकरीचरणावदाताः॥ [द्वा. २-१३] इति। अत एव च लोकनाथत्वमपि भगवतो बीजाधानादि-

### [ કેવલીનો જીવરક્ષાનો પ્રયત્ન નિષ્ફળ ન રહે-પૂ૦ ]

**પૂર્વપક્ષ :–** આવી અશક્યપરિહારરૂપ હિંસા થઇ જતી હોય ત્યારે કેવલી તે જીવને બચાવવાનો પ્રયત્ન કરે છે કે નહિ? જો ન કરતા હોય તો કેવલી અસંયત બની જવાની આપત્તિ આવે. જો કરતા હોય (અને છતાં હિંસા થઇ જાય) તો કરવાને ઇચ્છાયેલી જીવરક્ષા ન થવાથી તેઓનો પ્રયત્ન નિષ્ફળ થવાની આપત્તિ આવે. પણ એ તો કેવલીને સંભવતી નથી, કારણકે પ્રયત્નને નિષ્ફળ કરનાર વીર્યાન્તરાય કર્મ તેઓનું ક્ષીણ થઇ ગયું હોય છે. તેથી જ દેશનાનો પ્રયત્ન નિષ્ફળ જાય તો કેવલીપણું જ અસંભવિત બની જતું હોઇ 'કેવલીભગવંતો બીજાઓને સમ્યક્ત્વવગેરેની પ્રાપ્તિરૂપ સફળતા થવાની ન હોય તો ધર્મદેશના પણ આપતાં નથી' એવું મનાય છે. **આવશ્યકનિર્યુક્તિ** (૫૬૪)માં કહ્યું છે કે "પોતાના કથનથી=ધર્મદેશનાથી સર્વવિરતિ–દેશવિરતિ કે સમ્યક્ત્વ થવાનું છે એવું કેવલી ભગવાન્ જુએ છે. (અને તેથી દેશના આપે છે.) ઇતરથા=તે સર્વવિરતિ આદિમાંનું કાંઇ કોઇને પ્રાપ્ત થવાનું નથી એવું જો જુએ તો અમૂઢ લક્ષવાળા કેવલી ભગવાન્ દેશના દેતા નથી." તેથી વીર્યાન્તરાયનો ક્ષય થઇ ગયો હોવાથી કેવળીઓને નિષ્ફળ પ્રવૃત્તિ હોતી નથી. તેથી ફલિત થાય છેકે તેઓને અશક્યપરિહાર રૂપે પણ હિંસા હોતી નથી.

### [ કેવળીનો દેશનાપ્રયત્ન નિષ્ફળ રહે?–ઉ૦ ]

**ઉત્તરપક્ષ :–** તમારી વાત બરાબર નથી, કારણ કે જેમ સામાન્યથી સર્વ જીવોનું હિત કરવાના ઉદ્દેશવાળો પણ ભગવાન્નો દેશના દેવાનો પ્રયત્ન અલ્પસંસારવાળા જીવોમાં જ સફળ બને છે, દીર્ઘસંસારી જીવોમાં નહિ, તેઓને તો ઉપરથી કાનમાં શૂળની જેમ પીડા કરનારો જ તે થાય છે. **શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે** (દ્વા૦ ૨–૧૩) કહ્યું છે કે "હે લોકબાંધવ પ્રભો! સદ્ધર્મરૂપ બીજ વાવવાની નિર્દોષ કુશળતા ધરાવનાર તારા પણ (વચનો) કેટલાક જીવોને જાણે કે પીડા કરનારા બને છે તે વાતમાં કાંઇ નવાઇ

१. सर्वां च देशविरतिं सम्यक्(त्वं) पश्यति च भवति कथनात्। इतरथाऽमूढलक्ष्यो न कथयति भविष्यति न तद्वेति॥

संविभक्तभव्यलोकापेक्षया व्याख्यातं ललितविस्तरायाम् 'अनीदृशि नाथत्वानुपपत्तेरिति' । न चैतावता भगवतो वाक्प्रयत्नस्य विफलत्वं, शक्यविषय एव विशेषतः साध्यत्वाख्यविषयतया तत्प्रवृत्तेस्तत्फलवत्त्वव्यवस्थितेः । तथा सामान्यतः सर्वजीवरक्षाविषयोऽपि भगवतः कायप्रयत्नो विशेषतः शक्यजीवरक्षाविषयत्वेन सफलः सन् नाशक्यविषये वैफल्यमात्रेण प्रतिक्षेप्तुं शक्यत इति । न च—अधिकृतविषये वाक्प्रयत्नो न विफलः, स्वल्पसंसार्यपेक्षया साफल्याद्, इतरापेक्षया वैफल्यस्य तत्राऽवास्तवत्वाद्; अशक्यपरिहारजीवविराधनायां तु तद्रक्षाप्रयत्नः सर्वथैव विफल इति वैषम्य-मिति तत्र वीर्यान्तरायक्षयवैफल्यापत्तिः, इति तत्साफल्यार्थं भगवद्योगानां हिंसायां स्वरूपायोग्य-त्वमेवाभ्युपेयम्—इति शङ्कनीयं, एवं सति हि भगवतः क्षुत्पिपासापरीषहविजयप्रयत्नः क्षुत्पिपासा-

---

પામવા જેવું નથી, કેમ કે ઘુવડ વગેરે પક્ષીઓ માટે સૂર્યકિરણો ભમરાના પગ જેવી કાન્તિવાળા (અંધકારરૂપ) જ બની જાય છે." તેથી જ જેઓ બીજાધાનાદિને યોગ્ય ન હોય તેઓ વિશે ભગવાનનું નાથપણું અસંગત રહે છે એવું જણાવીને **લલિતવિસ્તરામાં** એવી વ્યાખ્યા કરી છે કે ભગવાન્ લોકનાથ પણ તેવા જ ભવ્યજીવોની અપેક્ષાએ છે જેઓમાં બીજા-ધાનાદિ શક્ય હોય. આમ કાળ ન પાકેલાં વગેરે જીવોમાં બીજાધાન વગેરે થતું નથી એ નિશ્ચિત થાય છે. પણ તેમ છતાં, એટલા માત્રથી દેશના દેવાનો ભગવાનનો વાણી પ્રયાસ નિષ્ફળ બની જતો નથી કે નિષ્ફળ કહેવાતો નથી, કેમકે જે વિષયમાં ફળપ્રાપ્તિની શક્યતા હોય તે વિષયની અપેક્ષાએ જ સફળતા–નિષ્ફળતા નક્કી થાય છે. એ પણ એટલા માટે કે મુખ્યતયા એ વિષયને જ સાધ્ય તરીકે રાખીને એ પ્રયાસ થયો હોય છે. વળી તેવા સાધ્ય વિષયમાં તો એ દેશનાના પ્રયત્નથી બીજાધાનાદિ થયા જ હોય છે. માટે એને નિષ્ફળ શી રીતે કહેવાય ?

[ કેવલીના પ્રયત્નની સફળતા સાધ્યવિષયની અપેક્ષાએ જ ]

આ જ રીતે કેવળીના કાયપ્રયત્નની સફળતા–નિષ્ફળતા પણ શક્ય રક્ષાવાળા જીવો રૂપ વિષયની અપેક્ષાએ જ કહેવાની હોય છે, કેમકે સામાન્યથી બધા જીવોની રક્ષાના ઉદ્દેશવાળો હોવા છતાં તે કાયપ્રયત્ન મુખ્યતયા શક્ય રક્ષાવાળા જીવો અંગે જ હોય છે. અને તેવા જીવોની રક્ષા તો તે કાયપ્રયત્નથી થઈ જ હોય છે. એટલે એ રીતે એ સફળ જ હોય છે. તેથી પછી, અશક્ય રક્ષાવાળા જીવોની એ કાયપ્રયત્નથી રક્ષા ન થાય અને તેથી એ અંશમાં એ નિષ્ફળ રહે તો પણ એટલા માત્રથી એને 'નિષ્ફળ જ' શી રીતે કહી શકાય ?

[ કાયપ્રયત્ન અને વાક્પ્રયત્નમાં વૈષમ્ય છે-પૂ૦ ]

શંકા :– વાક્પ્રયત્નનું દૃષ્ટાન્ત લઈને તમે આ જે ઉત્તરપક્ષ કરો છો એ યોગ્ય નથી, કેમકે ભગવાનના કાયપ્રયત્ન અને વાક્પ્રયત્નમાં વિષમતા છે. કઈ રીતે વિષમતા છે ? આ રીતે–ભગવાનના વાક્પ્રયત્નનો મુખ્યતયા અધિકારી વિષય અલ્પસંસારી જીવો હોય છે અને તેઓમાં તો એ પ્રયત્ન સફળ જ હોય છે. દીર્ઘસંસારી જીવોની અપે-ક્ષાએ એમાં જે નિષ્ફળતા રહે છે તે વાસ્તવિક હોતી નથી, કેમકે તે જીવો મુખ્યતયા

निरोधं विना विफल इति वीर्यान्तरायक्षयवैफल्यापत्तिनिरासार्थं भगवतः क्षुत्पिपासयोरपि स्वरूपायोग्यत्वं कल्पनीयमिति दिगम्बरस्य वदतो दूषणं न दातव्यं स्यादिति । यदि च क्षुत्पिपासयोर्निरोद्धुमशक्यत्वात् तत्परीषहविजयप्रयत्नो भगवतो मार्गाच्यवनादिस्वरूपेणैव फलवानिति विभाव्यते तदाऽशक्यपरिहारजीवविराधनाया अपि त्यक्तुमशक्यत्वात्तत्र जीवरक्षाप्रयत्नस्यापि भगवतस्तथास्वरूपेणैव फलवत्त्वमिति किं वैषम्यम् ? इत्थं च—

---

અધિકારી વિષયરૂપ જ હોતા નથી. પણ કાયપ્રયત્ન માટે આવું નથી. તમે જે જીવોની હિંસા અશક્ય પરિહારવાળી માનો છો, અને તેથી તેઓની દ્રવ્યહિંસા સયોગી કેવળીથી પણ થવી માનો છો, એ અંગે અમે તમને પૂછ્યું કે ભગવાન તેઓની રક્ષાનો પ્રયત્ન કરે કે નહિ ? એવો પ્રયત્ન જો હોય તો એક વાત નક્કી જ છે કે એ પ્રયત્ન મુખ્યતયા આ અશક્ય રક્ષાવાળા જીવો અંગે જ છે. વળી એ જીવોની રક્ષા તો થતી જ નથી. માટે તે કાયપ્રયત્નને (જો હોય તો) નિષ્ફળ જ શા માટે ન કહેવાય ? અને તે જો નિષ્ફળ છે તો વીર્યાન્તરાયનો થયેલો ક્ષય પણ નિષ્ફળ જવાની આપત્તિ આવે જ છે. એટલે એને સફળ ઠેરવવા માટે ભગવાનના જીવરક્ષાદિ વિષયક કાયપ્રયત્નને સફળ માનવો આવશ્યક છે. અને તેથી અશક્યપરિહારરૂપે પણ તેઓના યોગથી હિંસા માની શકાતી નથી. માટે અમે કહીએ છીએ કે "કેવલિભગવાનના યોગમાં હિંસાની સ્વરૂપયોગ્યતા પણ હોતી નથી એવું માનવું જોઈએ."

[ક્ષુત્પરીષહવિજયના કાયપ્રયત્નની પ્રતિબન્દી-૭૦]

**સમાધાન :–** આવી શંકાઓ કરવી યોગ્ય નથી, કેમકે આ રીતે તો અમે પણ તમને પૂછી શકીએ છીએ કે ભગવાન્ ક્ષુત્પિપાસાપરીષહને જીતવાનો કાયપ્રયત્ન કરે છે કે નહિ ? જો ના કહેશો તો 'અસંયત' બની જવાની આપત્તિ આવશે. જો હા કહેશો તો એ તો નક્કી જ છે કે એ પ્રયત્નનો મુખ્ય વિષય ક્ષુત્પિપાસાપરીષહનો વિજય જ છે. વળી આ પ્રયત્નથી જો ભૂખતરસનો નિરોધ ન થાય તો તો એ પ્રયત્ન નિષ્ફળ જ રહે. અને એ જો નિષ્ફળ રહે તો વીર્યાન્તરાય કર્મના ક્ષયને નિષ્ફળ માનવાની આપત્તિ આવી જ પડે. માટે એ આપત્તિ ન આવે એટલા ખાતર તમારે એવું કહેવું પડશે કે "કેવલી ભગવાનમાં ભૂખ–તરસની પણ સ્વરૂપયોગ્યતા જ હોતી નથી એવું માનવું જોઈએ." અને આવું જો કહેશો તો તમે **દિગંબરને** કોઈ દોષ આપી શકશો નહિ.

[માર્ગમાં રહેવું એ જ પ્રયત્નની સફળતા]

**શંકા :–** ક્ષુધા–પિપાસાને અટકાવવા શક્ય નથી. માટે અકલ્પ્ય ભિક્ષાનો ત્યાગ વગેરે રૂપ માર્ગમાં ટકી રહેવું એ જ તે પરીષહને જીતવાના પ્રયત્નનું ફળ છે. તેથી એટલા માત્રથી પણ એ પ્રયત્ન તો સફળ રહે છે. (પછી ભલેને ભૂખતરસનો નિરોધ ન પણ થયો હોય.)

**સમાધાન :–** આ જ રીતે, અશક્યપરિહારરૂપ જીવવિરાધનાને પણ ત્યાજવી અશક્ય હોઈ તે અંગેનો ભગવાનનો જીવરક્ષા માટેનો પ્રયત્ન પણ તેવા માર્ગમાંથી ભ્રંશ

[1]"तस्स असंचेययओ संचेययओ अ जाइं सत्ताइं । जोगं पप्प विणस्संति णत्थि हिंसाफलं तस्स ।७५१। **तस्यैवं**प्रकारस्य ज्ञानिनः कर्मक्षयार्थमभ्युद्यतस्या**सञ्चेतयतो**ऽजानानस्य कं ? **सत्त्वानि** कथं ? प्रयत्नं कुर्वताऽपि कथमपि न दृष्टः प्राणी, व्यापादितश्च । तथा **सञ्चेतयतो** जानानस्य कथं ? अस्त्यत्र प्राणी ज्ञातो दृष्टश्च, न च प्रयत्नं कुर्वताऽपि रक्षितुं पारितः, ततश्च तस्यैवंविधस्य **यानि सत्त्वानि योगं** कायादिव्यापारं **प्राप्य विनश्यन्ति** । तत्र **नास्ति** तस्य साधोः **हिंसाफलं** सांपरायिकं संसारजननं दुःखजननमित्यर्थः । यदि परमीर्याप्रत्ययं कर्म भवति, तच्चैकस्मिन् समये बद्धमन्यस्मिन् समये क्षिप(क्षपय)तीति" **ओघनिर्युक्तिसूत्रवृत्तिवचने** 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः 'इति प्रतीकस्य दर्शनाज्जीवरक्षोपायानाभोगादेव तदर्थोपपत्तेः केवलिभिन्नस्यैव ज्ञानिनो योगानामीर्यापथप्रत्ययकर्मबन्धानुकूलसत्त्वहिंसाहेतुत्वं सिद्धयति, न तु केवलिनः—इति निरस्तम् ।

---

ન થવા રૂપ ફળના કારણે જ સફળ બની રહે છે. (પછી ભલેને એનાથી જીવરક્ષા ન પણ થઈ હોય.) તેથી આમાં શું વિષમતા છે કે જેથી જીવરક્ષા ન થવા માત્રથી વીર્યાન્તરાયનો ક્ષય નિષ્ફળ થવાની આપત્તિ ઊભી થાય ? આ જ પ્રમાણે નીચેના પૂર્વપક્ષનું પણ સમાધાન જાણી લેવું.

[ ઉપાયનો અનાભોગ જ જીવરક્ષાપ્રયત્નને નિષ્ફળ બનાવે-પૂ૦ ]

**પૂર્વપક્ષ :-** 'કર્મક્ષય માટે ઉદ્યત થયેલા જ્ઞાનીથી પ્રયત્ન કરવા છતાં, કોઈપણ કારણે જીવ દેખાયો નહિ અને મરી ગયો હોય તો, તેમજ 'અહીં જંતુ છે' એવું જોઈને જાણેલું હોય અને તેમ છતાં પ્રયત્ન કરવા છતાં પણ એની રક્ષા ન થઈ શકી હોય તો, એવા જ્ઞાનીના કાયયોગ વગેરેને પામીને જીવોની જે વિરાધના થાય છે તેમાં તે સાધુને દુઃખોત્પાદ રૂપ સાંપરાયિક હિંસાફળ મળતું નથી. જો ઈર્યાપ્રત્યયિક કર્મ બંધાય તો એક સમયમાં બંધાયેલું તે બીજા સમયે ખપી જાય છે." **ઓઘનિર્યુક્તિસૂત્ર** (૭૫૧) ની આ વૃત્તિમાં 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः' ઇત્યાદિ જે કહ્યું છે તેના પરથી જણાય છેકે કેવલી સિવાયના જ જ્ઞાનીના યોગો ઈર્યાપથપ્રત્યયિકકર્મબંધને અનુકૂલ જીવહિંસાના હેતુ બની શકે છે, કેવલીના યોગો નહિ, કેમકે 'પ્રયત્ન કરવા છતાં રક્ષા કરવામાટે સમર્થ ન બનવું" એ બાબત જીવરક્ષાના ઉપાયનો અનાભોગ (અજાણપણું) હોય તો જ સંગત બને છે. ઉપાયની જાણકારી હોય અને તેથી સાચા ઉપાયમાં પ્રયત્ન હોય તો કાર્ય ન થાય એવું બનતું નથી. અહીં પ્રયત્ન કર્યો છે, અને તેમ છતાં જીવરક્ષારૂપ કાર્ય થયું નથી. તેથી જણાય છે કે એ ન થવાનું કારણ સાચા ઉપાયની જાણકારીના અભાવરૂપ અનાભોગ છે જે કેવળીઓને સંભવતો નથી. માટે કેવળી જો પ્રયત્ન કરે તો જીવરક્ષા થવી જ જોઈએ. તેથી કેવળીઓને અશક્યપરિહાર રૂપે પણ દ્રવ્યહિંસા હોતી નથી.

[ ક્ષુત્પરીષહવિજયના પ્રયત્નને કોણ નિષ્ફળ બનાવે છે ?-ઉ૦ ]

**ઉત્તરપક્ષ :-** પૂર્વે જે દલીલ બતાવી હતી તેનાથી જ આ પૂર્વપક્ષનું પણ નિરાકરણ થઇ ગયેલું જાણવું. એટલે કે કેવલીને ભૂખ-તરસ લાગતા નથી એવું દિગંબરની જેમ પૂર્વપક્ષીએ પણ માનવાની આપત્તિ આવે છે, તે એટલા માટે કે કેવલી ભગવાન્ પણ ક્ષુત્પિપાસાને જીતવા માટે પ્રયત્ન તો કરે જ છે. વળી તેઓને એના

---

1. तस्यासंचेयतः संचेतयतश्च यानि सत्त्वानि । योगं प्राप्य विनश्यन्ति नास्ति हिंसाफलं तस्य ॥

न च प्रयत्नं कुर्वतापीत्यनेन प्रयत्नवैफल्यसिद्धिः, निजकायव्यापारसाध्ययतनाविषयत्वेन तत्साफल्याद्, अन्यथा तेन केवलिनो वीर्याऽविशुद्धिमापादयतो निर्ग्रन्थस्य चारित्राविशुद्धयापत्तेः तस्याप्याचाररूपप्रयत्नघटितत्वाद्, यतनात्वेन चोभयत्र शुद्धयविशेषाद् । न चाशक्यजीवरक्षास्थलीययतनायां तद्रक्षोपहितत्वाभावो रक्षोपायानाभोगस्यैव दोषो, न तु निर्ग्रन्थस्य चारित्रदोषः, स्नातकस्य तु केवलित्वान्न तदनाभोगः संभवतीति तद्योगा रक्षोपहिता एव स्वीकर्तव्या इति वाच्यं, तथाविधप्रयत्नस्यैव जीवरक्षोपायत्वात्, केवलिनापि तदर्थमुल्लङ्घनप्रलङ्घनादिकरणात् । तदुक्तं

---

સાચા ઉપાયની જાણકારી તો હોય જ છે. માટે તે પ્રયત્નની સફળતા રૂપ વિજય થઈ જ જવો જોઈએ, તેથી ભૂખ-તરસનો અનિરોધ તો કેવલીભિન્ન સાધુઓને જ હોવો જોઈએ ! આવું બધું આપણે કહીએ અને તેથી એના વારણ માટે પૂર્વપક્ષી જો એમ કહે કે પૂર્વવત્ 'માર્ગમાં અવસ્થાન એ જ સફળતા છે' તો જીવરક્ષા અંગે પણ એ ઉત્તર સમાન જ છે.

[ નિર્ગ્રન્થનું ચારિત્ર પણ અશુદ્ધ બનવાની આપત્તિ ]

વળી, 'प्रयत्नं कुर्वतापि' એટલા વૃત્તિગત વચનોથી પણ 'અધિકૃતજ્ઞાનીનો પ્રયત્ન નિષ્ફળ બને છે' એવું કાંઇ સિદ્ધ થઈ જતું નથી કે જેથી તે જ્ઞાની નિષ્ફળતાનાપ્રયોજક વીર્યાન્તરાય કર્મથી યુક્ત હોવો સિદ્ધ થવાથી કેવલીભિન્ન જ હોય એવું ફલિત થાય. કારણકે પોતાના કાયવ્યાપારથી જે સિદ્ધ થઈ શકે તેમ હોય છે એવી જયણા જ તે પ્રયત્નનો મુખ્ય વિષય હોય છે. અને તે તો એ પ્રયત્નથી સંપન્ન થઇ જ જતી હોવાથી પ્રયત્ન સફળ જ હોય છે. બાકી "જીવની રક્ષા થાય તો જ પ્રયત્ન સફળ કહેવાય અને તેથી 'प्रयत्नं कुर्वतापि...' ઈત્યાદિ જે કહ્યું છે તેનાથી પ્રયત્નવૈફલ્ય સિદ્ધ થાય છે." એવું કહીને "આ વાત જો કેવલીસંબંધી હોય તો કેવલીનું વીર્ય પણ અશુદ્ધ (નિષ્ફળતાથી કલંકિત) હોવાની આપત્તિ આવે" એવું જેઓ કહે છે તેઓના અભિપ્રાયે તો નિર્ગ્રન્થનું (ઉપશાન્ત મોહીનું) ચારિત્ર પણ અવિશુદ્ધ હોવાની આપત્તિ આવશે, કેમકે તેનું ચારિત્ર પણ આચારરૂપ પ્રયત્નથી ઘટિત (ગૂંથાયેલું) હોય છે જે પ્રયત્ન નિષ્ફળ જવામાં કલંકિત બને જ છે. 'તેના પ્રયત્નથી જીવહિંસા ન અટકવા છતાં જયણાનું પાલન તો થઈ જ જાય છે, તેથી એ પ્રયત્નરૂપ આચાર શુદ્ધ જ રહે છે' એવું તો નિર્ગ્રન્થની જેમ કેવલી વિશે પણ કહી જ શકાય છે.

શંકા :-જ્યાં જીવરક્ષા શક્ય નથી તેવા સ્થળે કરેલી જયણાથી જીવરક્ષારૂપ ફળ સંપન્ન ન થવામાં રક્ષાના ઉપાયનો અનાભોગ જ મુખ્ય ભાગ ભજવે છે. તેથી તે નિષ્ફળતા નિર્ગ્રન્થના ચારિત્રના દોષરૂપ નથી. (ભલે જ્ઞાનના દોષરૂપ હોય !) પણ સ્નાતક તો કેવલી હોવાથી તેને અનાભોગ સંભવતો નથી. તેથી તેનાથી જો જીવરક્ષા ન થાય તો, એમાં એના યોગોની જ નિષ્ફળતા જવાબદાર બને છે જે ચારિત્રના કલંકરૂપ બને છે. તેથી તેના યોગોને તો રક્ષાનું ફળોપધાયક કારણ જ માનવા જોઈએ. (અર્થાત્ તેનાથી અવશ્ય જીવરક્ષા થવી જોઈએ.)

**प्रज्ञापनायां समुद्घातान्निवृत्तस्य केवलिना काययोगव्यापाराधिकारे** [1]"कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा गच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज वा, तुअट्टेज्ज वा, उल्लंघेज्ज वा, पलंघेज्ज वा, पाडिहारियं पीढफलग-सेज्जासंथारगं पच्चप्पिणेज्जत्ति ॥ (पद-३६) **अत्र उल्लंघेज्ज वा पलंघेज्जवेत्येतत्पदव्याख्यानं यथा** "अथवा विवक्षिते स्थाने तथाविधसंपातिमसत्त्वाकूलां भूमिमवलोक्य तत्परिहाराय जन्तुरक्षानिमित्तमुल्लङ्घनं प्रलङ्घनं वा कुर्यात् । तत्र सहजात्पादविक्षेपान्मनागधिकतरः पादविक्षेप उल्लङ्घनं, स एवातिविकटः प्रलङ्घनमिति ॥" **स च जीवरक्षोपायप्रयत्नो निर्ग्रन्थेन ज्ञात एवेति तस्याशक्यपरिहारजीवहिंसायां तद्रक्षाविघटको नाऽनाभोगः किन्त्वशक्तिः, सा च योगापकर्षरूपा निर्ग्रन्थस्नातकयोः स्थानौचित्येनाविरुद्धेति प्रतिपत्तव्यम् । यदि च तादृशरक्षोपायाः केवलियोगा एव, तदनाभोगश्च निर्ग्रन्थस्य तद्विघटक इति वक्रः पन्थाः समाश्रीयते तदा प्रेक्षावतामुपहासपात्रताऽऽयुष्मतः, यत एवमनुपायादेव तस्य तद्रक्षाभाव इति**

---

[ નિર્ગ્રન્થને પણ શાસ્ત્રવિહિત ઉપાયનો અનાભોગ ન હોય ]

**સમાધાન** :– આવી શંકા યોગ્ય નથી, કારણકે ઉલ્લંઘનાદિ શાસ્ત્રવિહિતઆચાર રૂપ તેવો પ્રયત્ન જ જીવરક્ષાના ઉપાયભૂત છે (જે નિર્ગ્રન્થને પણ જ્ઞાત જ હોઈ તેમાં તેનો અનાભોગ હોતો નથી.) કારણકે કેવલીને પોતાના કેવલજ્ઞાનરૂપ આભોગથી તે ઉલ્લંઘનાદિ જ તે ઉપાય તરીકે દેખાય છે. તે પણ એના પરથી જણાય છે કે કેવલી પણ જીવરક્ષા માટે ઉલ્લંઘન–પ્રલંઘનાદિ પ્રયત્ન જ કરે છે બીજા કોઈ પ્રકારનો વિશેષ ઉપાય નહિ. **પ્રજ્ઞાપનામાં** કેવલીસમુદ્ઘાતમાંથી બહાર નીકળેલા કેવલીના કાયયોગ-વ્યાપારના અધિકારમાં કહ્યું છે કે "કાયયોગને પ્રવર્ત્તાવતા કેવલી આવે, જાય, ઊભા રહે, બેસે, પડખું ફેરવે, ઉલ્લંઘન કરે, પ્રલંઘન કરે કે અલ્પકાળ માટે લીધેલા પીઠ–ફલક–શય્યા–સંસ્તારક વગેરેને પાછા આપે. (આવી પ્રવૃત્તિ કરે.)" અહીં 'उल्लंघेज्ज वा पलंघेज्ज वा' એ પદની વ્યાખ્યા એવી કરી છે કે, "અથવા વિવક્ષિત સ્થાનમાં સંપાતિમ જીવોથી વ્યાપ્ત થયેલી ભૂમિને જોઈને તે ભૂમિનો પરિહાર કરવા જીવરક્ષા માટે ઉલ્લંઘન કે પ્રલંઘન કરે. એમાં સાહજિક ડગલાથી કંઈક મોટું ડગલું ભરવું એ ઉલ્લંઘન છે અને અત્યંત મોટી ફાળ ભરવી એ પ્રલંઘન છે." જીવરક્ષાના ઉપાયભૂત આ પ્રયત્નને નિર્ગ્રન્થ જાણતો જ હોય છે. તેથી અશક્યપરિહારવાળી જીવ-હિંસામાં તેની રક્ષા જે નથી થતી તેમાં કારણ અનાભોગ નથી હોતો પણ તેવી અશક્તિ જ હોય છે. યોગના અપકર્ષ (ઓછાશ) રૂપ તે અશક્તિ નિર્ગ્રન્થ અને સ્નાતક બંનેમાં પોતપોતાના સ્થાનના ઔચિત્ય સાથે કોઈપણ જાતના વિરોધ વિના હોવી સંભવે છે એવું માનવું જોઈએ.

[ કેવલીના યોગોને જ જીવરક્ષાના ઉપાય મનાય ? ]

**પૂર્વપક્ષ** :–કેવલીના યોગો જ અશક્યપરિહારસ્થાનીય જીવરક્ષાના ઉપાયભૂત છે (અને તેથી કેવલીથી તો જીવરક્ષા થઈ જ જાય છે.) તેમજ તે ઉપાયો અંગેનો નિર્ગ્રન્થનો અનાભોગ જ તે જીવરક્ષા થવા દેતો નથી. માટે એ જીવરક્ષા ન થાય તો પણ નિર્ગ્રન્થનું ચારિત્ર અશુદ્ધ થતું નથી.

---

१. काययोगं युञ्जान आगच्छेद्वा, गच्छेद्वा, तिष्ठेद्वा, निषीदेद्वा, त्वग्वर्त्तयेद्वा, उल्लङ्घयेद्वा, प्रलङ्घयेद्वा, प्रातिहारिकं पीठफलकशय्यासंस्तारकं प्रत्यर्पयेदिति ।

वक्तव्यं स्यात्, न तूपायानाभोगादिति, कारणवैकल्यमेव हि कार्यविघटने तन्त्रं, न तु कारणज्ञानवैकल्यमपि । न च केवलियोगानां स्वरूपत एव जीवरक्षाहेतुत्वमित्यपि युक्तिमद्, उल्लङ्घनप्रलङ्घनादिवैफल्यापत्तेः, केवलियोगेभ्यः स्वत एव जीवरक्षासिद्धौ तत्र तदन्यथासिद्धेः, अनुपायविषयेऽपि क्रियाव्यापाराभ्युपगमे च कोशादिरक्षितिसाधनार्थमपि तदभ्युपगमप्रसङ्गात् ।

यदि च साध्वाचारविशेषपरिपालनार्थ एव केवलिनोऽसौ व्यापारो न तु जन्तुरक्षानिमित्तः, तस्याः स्वतः सिद्धत्वेन तत्साधनोद्देशवैयर्थ्यात्, जन्तुरक्षानिमित्तत्वं तूपचारादुच्यते, मुख्यप्रयोजनसिद्धेश्च न तद्वैफल्यमिति वक्रकल्पना त्वयाऽऽश्रीयते तदा 'स्वशस्त्रं स्वोपघाताय' इति न्यायप्रसङ्गः, एवं ह्यशक्यपरिहारजीवहिंसास्थलेऽपि साध्वाचारविशेषपरिपालनार्थस्य भगवत्प्रयत्नस्य सार्थक्यसिद्धौ 'संचेययओ अ जाइं सत्ताइं जोगं पप्प विणस्संति' इत्यत्र छद्मस्थ एवाधिकृत इति स्वप्रक्रियाभङ्गप्रसङ्गात् । तस्मादाभोगादनाभोगाद्वा जायमानायां हिंसायां प्राणातिपात-

---

**ઉત્તરપક્ષ**:– આવો કુટિલ માર્ગ જો અપનાવશો તો તમે ડાહ્યા માણસોમાં હાંસીપાત્ર જ બનશો, કારણકે તો તો પછી ઉપાય ન હોવાના કારણે જ જીવરક્ષા ન થઇ એમ તમારે કહેવું પડશે, નહિ કે ઉપાયનો અનાભોગ હોવાના કારણે, કેમકે કાર્ય ન થવામાં કારણની વિકલતા જ જવાબદાર હોય છે, નહિ કે કારણના જ્ઞાનની (વિકલતા=અભાવ) પણ. વળી કેવલીના યોગો સ્વરૂપે જ જીવરક્ષાના હેતુભૂત છે એવું માનવું પણ યોગ્ય નથી, કેમકે તો પછી ઉલ્લંઘન–પ્રલંઘન વગેરે વ્યર્થ બની જાય, કારણકે કેવલીના યોગોથી સ્વતઃ જ જીવરક્ષા થઈ જતી હોવાથી તેના માટે તે ઉલ્લંઘનાદિ તો અન્યથાસિદ્ધ જ છે. તેથી, 'જે જીવરક્ષાના ઉપાયભૂત નથી એવા પણ ઉલ્લંઘનાદિની પ્રવૃત્તિ તેઓ જીવરક્ષા માટે કરે છે' એવું જો માનશો તો ખજાનો ભેગો કરવા અને જાળવી રાખવા માટે તેઓ એ પ્રવૃત્તિ કરે છે એવું પણ માનવું પડશે. (પછી ભલેને ઉલ્લંઘનાદિ એ ખજાનો ભેગો કરવો વગેરેના ઉપાયભૂત ન હોય!)

[ હિંસાફળાભાવની પ્રરૂપણામાં કેવલીનો પણ અધિકાર છે જ ]

–કેવલી ભગવાન ઉલ્લંઘનાદિની જે પ્રવૃત્તિ કરે છે તે તેવા વિશેષ પ્રકારના સાધ્વાચારના પરિપાલન માટે જ કરે છે, નહિ કે જીવરક્ષા માટે, કેમકે જીવરક્ષા તો સ્વતઃ જ સિદ્ધ થઇ જતી હોવાથી તેને સિદ્ધ કરવાનો ઉદ્દેશ વ્યર્થ બની જાય. તેમ છતાં છદ્મસ્થ સાધુઓ જીવરક્ષા માટે તે પ્રવૃત્તિ કરતાં હોવાથી કેવલિની પણ તે પ્રવૃત્તિ ઉપચારથી જીવરક્ષા નિમિત્તે થયેલી કહેવાય છે. તેમજ તેનાથી જીવરક્ષા સિદ્ધ થતી ન હોવા છતાં સાધ્વાચારપરિપાલન રૂપ તેનું મુખ્ય પ્રયોજન તો સિદ્ધ થઈ જ જાય છે. માટે એ પ્રવૃત્તિ નિષ્ફળ પણ રહેતી નથી.–આવી વક્રકલ્પનાનો જો તમે આશ્રય લેશો તો તમારો 'પોતાનું શાસ્ત્ર પોતાને મારનારું બને' એવો ઘાટ ઘડાશે, કારણકે આ રીતે તો અશક્યપરિહારવાળી જીવહિંસા સ્થળે પણ કેવલી ભગવાનનો પ્રયત્ન સાધ્વાચારવિશેષના પરિપાલનના પ્રયોજનવાળો જ હોવાથી સાર્થક હોવો સિદ્ધ થઇ જ જાય છે. અને તેથી 'संचेययओ अ जाइं सत्ताइं....' ઇત્યાદિ ઓઘનિર્યુક્તિ ગાથામાં છદ્મસ્થનો જ અધિકાર છે એવી તમારી પ્રક્રિયા ઊડી જાય છે, કેમકે જીવરક્ષા ન થાય તો કેવલીનો

प्रत्ययकर्मबन्धजनकयोगशक्तिविघटनं यतनापरिणामेन क्रियते इत्येतदर्थप्रतिपादनार्थं 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः' इत्युक्तम्। अत एव सूत्रेऽपीत्थमेव व्यवस्थितं, तथाहि—[ओ०नि० ६१] '[1]वज्जेमित्ति परिणओ संपत्तीए विमुचई वेरा। अवहंतो वि ण मुच्चइ किलिट्ठभावोऽतिवायस्स॥ इति। एतद्वृत्ति-र्यथा-वर्जयाम्यहं प्राणातिपातादीत्येवं परिणतः सन् संप्राप्तावपि कस्य? अतिपातस्य प्राणिप्राणविनाश-स्येत्युपरिष्टात्संबंधः, तथाऽपि विमुच्यते वैरात् कर्मबन्धात्। यस्तु पुनः क्लिष्टपरिणामः सोऽव्यापाद-यन्नपि न मुच्यते वैरादिति।—ज्ञात्वा जीवघातस्येर्यापथप्रत्ययकर्मबन्धजनने यतनापरिणामस्य सहकारित्वप्रतिपादनार्थं 'न च प्रयत्नं कुर्वतापि रक्षितुं पारितः'—इत्युक्तमित्यपरे।

यत्तु—" वर्जनाभिप्राये सत्यनाभोगवशेन जायमानो जीवघातो द्रव्यहिंसात्मको न कर्म-बन्धहेतुः, वर्जनाभिप्रायस्य कारणं तु 'जीवघाते नियमेन दुर्गतिहेतुकर्मबन्धो भवती'त्यभिप्राय एव, अन्यथा सुगतिहेतुषु ज्ञानादिष्वपि वर्जनाभिप्रायः प्रसज्येत। केवलिनस्तु वर्जनाभिप्रायो न भवत्येव, सर्वकालं सामायिकघातवेदनीयकर्मबन्धकत्वेन दुर्गतिकर्मबन्धाभावस्य निर्णीतत्वात्।

---

પ્રયત્ન નિષ્ફળ થવાની આપત્તિ આવે એવા ભયથી તમે ત્યાં કેવલીનો પણ અધિકાર હોવો માનવા રાજી નથી. પણ ઉક્ત રીતે સાર્થક્ય માનવાથી એ આપત્તિ જ રહેતી નથી તો પછી 'કેવલીનો ત્યાં અધિકાર નથી' એવું શા માટે માનવું? આમ ત્યાં કેવલીનો પણ અધિકાર હોવો અબાધિત છે તો 'न च प्रयत्नं कुर्वतापि...' ઇત્યાદિ વાક્ય 'અનાભોગના કારણે તે જીવહિંસા થઇ છે (અને તેથી એમાં કેવલીનો અધિકાર નથી) એવું જણાવવાના તાત્પર્યમાં નથી કહેવાયું' એ વાત સ્પષ્ટ છે. ઉક્ત વાક્ય તો એ જણાવવાના તાત્પર્યમાં કહેવાયું છે કે "આભોગથી કે અનાભોગથી થઇ જતી તે હિંસામાં પ્રાણનાશનિમિત્તે થનાર કર્મબંધની ઉત્પાદક જે શક્તિ યોગમાં હોય છે તેનો જયણાના પરિણામથી નાશ કરાય છે (અને તેથી તાદૃશકર્મબંધ થતો નથી)" તેથી જ સૂત્રમાં પણ આવી જ વ્યવસ્થા દેખાય છે. જેમકે ઓઘનિર્યુક્તિ (૬૧)માં કહ્યું છે કે "જીવહિંસા વગેરેને વર્જું" એવા પરિણામવાળો થયેલો જીવ પ્રાણાતિપાત થવા છતાં કર્મબંધરૂપ વેરથી મુક્ત રહે છે." જ્યારે ક્લિષ્ટ પરિણામવાળો થયેલો જીવ તો જીવને કદાચ ન મારે તો પણ કર્મબંધથી છૂટી શકતો નથી. વળી બીજાઓનો અભિપ્રાય તો એવો છે કે "જાણ્યા પછી પણ થઈ જતો જીવઘાત સાંપરાયિક કર્મબંધને અટકાવી ઈર્યાપથપ્રત્યયિક કર્મબંધનો જનક બને એમાં જયણા પરિણામ સહકારી બને છે," એવું જણાવવા માટે 'न च प्रयत्नं' ઈત્યાદિ કહ્યું છે."

[ કેવલીને પાપકર્મબંધાભાવનો નિર્ણય હોવાથી વર્જનાભિપ્રાય ન હોય-પૂ૦]

**પૂર્વપક્ષ :–** 'હું આ જીવહિંસાને વર્જું' ઇત્યાદિરૂપ વર્જનાભિપ્રાયની હાજરીમાં અનાભોગવશાત્ થઈ જતો જીવઘાત દ્રવ્યહિંસારૂપ હોઇ કર્મબંધનો હેતુ બનતો નથી. વર્જનાભિપ્રાય ઊભો થવાનું કારણ તો 'જીવઘાત જો થાય તો અવશ્ય દુર્ગતિના હેતુ-ભૂત કર્મબંધ થાય છે' આવા અભિપ્રાયને જ માનવું પડે છે, કેમકે નહિતર તો સુગતિના હેતુભૂત જ્ઞાનાદિવિશે પણ વર્જનાભિપ્રાય ઊભો થઇ જાય. તેથી કેવળીઓને તો ક્યારે ય વર્જનાભિપ્રાય સંભવતો જ નથી, કેમકે તેઓને તો હંમેશાં 'માત્ર તો એકસમય-સ્થિતિવાળો શાતાવેદનીયકર્મબંધ જ થતો હોવાથી દુર્ગતિના હેતુભૂત કર્મબંધ હોતો

---

१. वर्जयामीति परिणतः स प्राप्तौ विमुच्यते वैरात्। अव्यापादयन्नपि न मुच्यते क्लिष्टभावोऽतिपातस्य॥

तस्माज्जीवघातस्तज्जनितकर्मबन्धाभावश्चेत्युभयमप्यनाभोगवन्तं संयतलोकमासाद्यैव सिद्ध्यति"—इति परस्य मतं तदसद्, वर्जनाभिप्रायस्य भगवतः प्रज्ञापनावृत्तावेवोक्तत्वात्, स्वकीयदुर्गतिहेतुकर्मबन्धहेतुत्वाज्ञानेऽपि स्वरूपेण वर्जनीये वर्जनाभिप्रायस्य भगवत उचितप्रवृत्तिप्रधानसामयिकफलमहिम्नैव संभवाद्, अन्यथाऽनेषणीयपरिहाराभिप्रायोऽपि भगवतो न स्याद्, अनेषणीयस्यापि स्वापेक्षया क्लिष्टकर्मबन्ध(ंधा)हेतुत्वनिश्चयात्, तथा च "[1]तत्थ णं रेवतीए गाहावइणीए मम अट्ठाए दुवे कवोअसरीरा उवक्खडिया तेहिं णो अट्ठो त्ति" अनेषणीयपरिहाराभिप्रायाभिव्यञ्जकं प्रज्ञप्तिसूत्रं (श० १५) व्याहन्येत, तस्माद्यथोचितकेवलिव्यवहारानुसारेण वर्जनाद्यभिप्रायस्तस्य संभवत्येव, प्रयत्नसाफल्यं तु शक्यविषयापेक्षया न त्वितरापेक्षयेति मन्तव्यम्। एतेन—"केवलज्ञानोत्पत्तिसमय एव केवलिना सर्वकालीनं सर्वमपि कार्यं नियतकारणसामग्री-

જ નથી' એવો નિશ્ચય હોય છે. (અર્થાત્ તેઓને તે કર્મબંધ કે દુર્ગતિગમન રૂપ અનિષ્ટનો સંભવ જ ન હોવાથી જીવહિંસા વગેરેને વર્જવાનો અભિપ્રાય ઊભો થતો નથી.) તેથી કેવલીને, જો જીવઘાત થતો હોય તો એ તો કર્મબંધનો હેતુ બની જ જાય. (કારણકે વર્જનાભિપ્રાયની હાજરીમાં જ તે કર્મબંધનો જનક બનતો નથી). પણ કેવલીને (સાંપરાયિક) કર્મબંધ તો હોતો નથી, તેથી માનવું પડે છે કે કેવળીને જીવઘાત જ હોતો નથી. અને તેથી જ જીવઘાતથી થનાર સાંપરાયિકકર્મબંધનો કેવલીને જે અભાવ હોય છે તે વર્જનાભિપ્રાયની હાજરીના કારણે થયેલો હોતો નથી. (પણ જીવઘાતના અભાવના કારણે થયેલો હોય છે.) તેથી વર્જનાભિપ્રાયને આગળ કરીને, સૂત્રમાં જે જીવઘાત અને કર્મબંધાભાવ કહ્યા છે તે અનાભોગયુક્ત સંયતજીવોની અપેક્ષાએ જ સંભવે છે એ માનવું જોઈએ.

[અનેષણીયવગેરેનો વર્જનાભિપ્રાય હોવો શાસ્ત્રસિદ્ધ-ઉ૦]

**ઉત્તરપક્ષ** :–તમારો આવો મત ખોટો છે, કારણકે કેવલી ભગવાન્‌ને વર્જનાભિપ્રાય હાજર હોય છે એવું **પ્રજ્ઞાપનાવૃત્તિ**માં જ કહ્યું છે. 'જીવહિંસાવગેરે મને દુર્ગતિમાં ધકેલી શકે એવા કર્મબંધના હેતુ બની શકતા નથી' એવું જાણવા છતાં (અને તેથી પોતાને માટે ફળતઃ વર્જનીય નહિ એવી પણ), જીવહિંસા વગેરે રૂપ જે બાબતો સ્વરૂપતઃ વર્જનીય હોય છે તેમાં ભગવાન્‌નો વર્જનાભિપ્રાય ઉચિતપ્રવૃત્તિની પ્રધાનતાવાળા સામયિક ફળના પ્રભાવે જ સંભવે છે. (પછી ભલેને જીવહિંસા વગેરેથી પોતાનું અનિષ્ટ થવાનો ભય ન પણ હોય!) નહિતરતો ભગવાન્‌ને અનેષણીય (અકલ્પ્ય) પિંડનો પરિહાર કરવાનો અભિપ્રાય પણ માની શકાશે નહિ, કારણકે પોતાની અપેક્ષાએ તો અનેષણીયપિંડનો પણ ક્લિષ્ટકર્મબંધના અહેતુ તરીકે જ નિશ્ચય થયો હોય છે. અને તો પછી 'ત્યાં ગાથાપતિની સ્ત્રી રેવતીએ મારા માટે બે કૂષ્માંડફળ રાંધ્યા છે તેનું મારે પ્રયોજન નથી (અર્થાત્ તે ન લાવવા.)' ઇત્યાદિ વચનથી અનેષણીયપરિહારના અભિપ્રાયને વ્યક્ત કરનાર **પ્રજ્ઞપ્તિના** પંદરમા શતકનું સૂત્ર હણાઈ જાય. તેથી યથોચિત કેવલી-

१. तत्र च रैवत्या गाथापतिन्या मदर्थं द्वे कपोतशरीरे (कूष्मांडफले) उपस्कृते ताभ्यां नार्थ इति।

सहितमेव दृष्टं, तत्र केवलिना निजप्रयत्नोऽपि विवक्षितजीवरक्षाया नियतकारणसामग्र्या-मन्तर्भूतो दृष्टोऽनन्तर्भूतो वा ? आद्ये केवलिप्रयत्नस्य वैफल्यं न स्यात्, तस्य तस्या नियत-कारणसामग्र्यन्तर्भूतत्वेन दृष्टत्वाद्, द्वितीये विवक्षितजीवरक्षार्थं केवलिनः प्रयत्न एव न भवेत्, केवलिना तत्सामग्र्यनन्तर्भूतत्वेन दृष्टत्वादिति—'न च प्रयत्नं कुर्वताऽपि रक्षितुं [1]न पारितः' इति वचनं छद्मस्थसंयतमधिकृत्यैव–इति कल्पनाप्यपास्ता, स्वव्यवहारविषयनियतत्वेनैव केवलिना स्वप्रयत्नस्य दृष्टत्वादिति दिग् ॥४४॥ ननु जीवहिंसा गर्हणीयाऽगर्हणीया वा ? अन्त्ये लोक-लोकोत्तरव्यवहारबाधः । आद्ये च गर्हणीयं कृत्यं भगवतो न भवतीति भगवतस्तद्भावसिद्धिः–इत्याशङ्कायामाह—

વ્યવહારને અનુસરીને વર્જનાદિઅભિપ્રાયનો તેઓમાં પણ સંભવ હોય જ છે. અને એ અભિપ્રાય પૂર્વક જ તેઓનો ઉલ્લંઘન–પ્રલંઘનાદિ પ્રયત્ન હોય છે, જે શક્યવિષયની અપેક્ષાએ સફળ હોય છે, બીજા વિષયની અપેક્ષાએ નહિ એ વાત સ્વીકારવી જોઇએ.

[ કેવલીએ સ્વપ્રયત્નને કેવો જોયો હોય ? ]

**પૂર્વપક્ષ** :– કેવલજ્ઞાન ઉત્પન્ન થાય એ જ સમયે કેવલીને સર્વકાલીન સર્વ કાર્યો પોતપોતાની નિયતકારણસામગ્રીયુક્ત દેખાઇ જાય છે. તેમાં કેવલીને પોતાનો પ્રયત્ન પણ વિવક્ષિત (અશક્યપરિહારરૂપ જીવાહિંસાસ્થળીય) જીવની રક્ષારૂપ કાર્યની નિયતકારણસામગ્રીમાં અંતર્ભૂત (સામેલ) તરીકે દેખાયો હોય કે અનંતર્ભૂત (સામેલ નહિ) ? પહેલો વિકલ્પ માનવામાં તેઓનો પ્રયત્ન નિષ્ફળ ન બની શકે, કારણકે તે પ્રયત્ન જીવરક્ષાની નિયતકારણસામગ્રીમાં અંતર્ભૂત દેખાયો છે. (કેવળીએ જેને જીવ-રક્ષાના નિયતકારણ તરીકે જોયો છે તેવા સ્વપ્રયત્નથી જીવરક્ષા થવી જ જોઇએ એ વાત સ્પષ્ટ જ છે.) બીજો વિકલ્પ માનવામાં વિવક્ષિતજીવરક્ષા માટે કેવલીનો પ્રયત્ન જ ન સંભવે, કેમકે કેવલીએ તેને તેની સામગ્રીમાં અનંતર્ભૂત (અનુપાય) તરીકે જોયો છે. કેવળીએ જેને જીવરક્ષાના અકારણ તરીકે જોયો હોય તેવા પ્રયત્નને તેઓ જીવરક્ષા માટે ન જ કરે એ વાત નિઃશંક છે. માટે જેનાથી જીવરક્ષા થવાની નથી એવો જીવરક્ષાનો પ્રયત્ન છદ્મસ્થને જ સંભવિત હોઈ 'न च प्रयत्नं...' ઈત્યાદિ વચન પણ છદ્મસ્થસંયતને આશ્રીને જ છે.

**ઉત્તરપક્ષ** :– આવી તમારી કલ્પના પણ નિરસ્ત જાણવી, કેમકે કેવલી પોતાના પ્રયત્નને સ્વવ્યવહારના વિષયમાં નિયત તરીકે જ જુએ છે. અર્થાત્ જીવરક્ષાદિ અંગે પોતાનો જે ઉલ્લંઘનાદિ વ્યવહાર હોય તે વિશે પોતાનો પ્રયત્ન અવશ્ય થવાનો છે એવું જોયું હોય છે. અને તેથી એ રીતે જ પ્રયત્ન કરે છે તેમજ તે પ્રયત્ન સફળ પણ થાય જ છે. ॥૪૪॥

[ કઈ હિંસા ગર્હણીય ? દ્રવ્ય કે ભાવ ? ]

જીવહિંસા ગર્હણીય છે કે અગર્હણીય ? લૌકિક અને લોકોત્તરવ્યવહારનો બાધ થતો હોવાથી અગર્હણીય તો માની શકાતી નથી. તેથી ગર્હણીય માનીએ તો ભગવાનને તેનો અભાવ હોય છે એ સિદ્ધ થઈ જાય છે, કેમકે ભગવાન્ ગર્હ્યકાર્ય કરતાં નથી. આવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે–

૧. अयं 'न'कारोऽधिको भाति ।

**खीणे मोहे णियमा गरहाविसओ ण होइ किच्चंति ।
सा ण जिणाणंति मई दव्ववहे होइ णिव्विसया ॥४५॥**

(क्षीणे मोहे नियमाद् गर्हाविषयो न भवति कृत्यमिति । सा न जिनानामिति मतिर्द्रव्यवधे भवति निर्विषया ॥४५॥)

**खीणे मोहेत्ति** । क्षीणे मोहे निस्सत्ताकीभूते मोहनीयकर्मणि **नियमान्निश्चयेन गर्हाविषयः कृत्यं** गर्हणीयं प्राणातिपातादिकर्म **न भवति** कस्यापि प्राणिनः । तदुक्तमुपदेशपदे (७३१) "[1]इत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु" त्ति । **एतद्वृत्त्येकदेशो यथा "इतस्त्वित** एवाकरणनियमात्प्रकृतरूपाद्, **वीतरागः** क्षीणमोहादिगुणस्थानवर्त्ती मुनिः, **न नैव किञ्चिदपि करोति**, जीवघातादिकं सर्वं **गर्हणीयं** त्ववद्यं देशोनपूर्वकोटीकालं जीवन्नपीति"। इति हेतोः सा हिंसा **जिनानां** विगलितसकलगर्हणीयकर्मणां क्षीणमोहवीतरागाणां न भवतीति तव मतिः, केवलं भावप्राणातिपातनिषेधापेक्षया सविषया स्याद्, द्रव्यवधे तु निर्विषया भवति, तस्याशक्यपरिहारत्वेनागर्हणीयत्वात्, द्रव्यभावोभयरूपस्य केवलभावरूपस्य च प्राणातिपातादेर्व्रतभङ्गरूपत्वेन शिष्टलोकगर्हणीयत्वाद्, अशिष्टगर्हायाश्चाऽप्रयोजकत्वात् । क्रूरकर्माणो हि 'न स्वयंभूरयं किन्तु मनुष्य इति कथमस्य देवत्वम् ? कवलाहारवतो वा कथं केवलित्वम् ?' इत्यादिकां भगवतोऽपि गर्हां कुर्वन्त्येवेति । न चेदेवं तदोपशान्तमोहगुणस्थानवर्त्तिनो गर्हणीयप्राणातिपाताद्यभ्युपगमे यथाख्यातचारित्रविलोपप्रसङ्गः ।

---

**ગાથાર્થ** :–મોહક્ષીણ થએ છતે ગર્હાના વિષયભૂત કૃત્ય હોતું નથી. તેથી કેવલીને જીવહિંસા હોતી નથી, આવી માન્યતા દ્રવ્યવધમાં નિર્વિષય બની જાય છે.

—મોહનીયકર્મ સત્તામાંથી ઉખડી ગયા પછી કોઇપણ જીવને ગર્હાવિષયભૂત હિંસાદિકાર્ય નિયમા હોતું નથી. **ઉપદેશપદ (૭૩૧)** માં કહ્યું છે કે "પ્રસ્તુતમાં કહી ગયા તેવા અકરણનિયમના કારણે ક્ષીણમોહવગેરે ગુણઠાણે રહેલા વીતરાગ મુનિ દેશોનપૂર્વક્રોડ સુધી જીવવા છતાં જીવહિંસાવગેરે રૂપ કોઇ ગર્હણીય કાર્ય કરતા નથી." તેથી જેઓના બધા ગર્હકાર્યો રુંધાઇ ગયા છે તેવા ક્ષીણમોહવીતરાગ જીવોને જીવહિંસા હોતી નથી.—આવી તમારી માન્યતા માત્ર "ભાવહિંસા તેઓને હોતી નથી" એટલો નિષેધ કરવાની અપેક્ષાએ વિષયવાળી બને છે. અર્થાત્ આવી માન્યતાથી તેઓમાં માત્ર ભાવહિંસાનો જ નિષેધ થાય છે. દ્રવ્યવધની અપેક્ષાએ તો એ નિર્વિષયા જ બને છે, અર્થાત્ તેનાથી તેઓમાં દ્રવ્યહિંસાનો નિષેધ થઈ શકતો નથી. કારણકે દ્રવ્યહિંસા અશક્યપરિહારરૂપ હોઇ ગર્હણીય હોતી નથી. તે પણ એટલા માટે કે દ્રવ્ય–ભાવઉભય રૂપ હિંસા કે માત્ર ભાવરૂપ હિંસાવગેરે વ્રતભંગસ્વરૂપ હોઇ શિષ્ટલોકોને ગર્હણીય હોય છે, માત્ર દ્રવ્યરૂપ હિંસા વગેરે નહિ. અશિષ્ટલોકોને માત્ર દ્રવ્યહિંસા વગેરે પણ ગર્હણીય હોય તો એટલા માત્રથી કાંઈ કેવળીઓમાં તેનો નિષેધ થઈ શકતો નથી, કેમકે અશિષ્ટલોકોએ કરેલી ગર્હા વાસ્તવિક ગર્હણીયત્વની અપ્રયોજક હોય છે. કારણકે ક્રૂરકર્મવાળા તેઓ તો 'આ સ્વયંભૂ નથી પણ મનુષ્ય જ છે તેથી એ દેવ શેના ?' અથવા 'કવલાહારવાળા જીવમાં કેવલીપણું શી રીતે હોય ?' ઈત્યાદિરૂપે ભગવાન્‌ની પણ ગર્હા કરે જ છે. (એટલા માત્રથી

---

१. इतस्तु वीतरागो न किञ्चिदपि करोति गर्हणीयं तु ।

अथ—"उपशान्तमोहवीतरागस्य मोहनीयसत्ताहेतुकः कदाचिदनाभोगसहकारिकारणवशेन गर्हापरायणजनस्य प्रत्यक्षत्वाद् गर्हणीयो जीवघातो भवत्येव, न तु यथाख्यातचारित्रलोपस्तेन भवति, उत्सूत्रप्रवृत्तेरेव तल्लोपहेतुत्वात् । न च प्रतिषिद्धप्रतिषेवणमात्रेणोत्सूत्रप्रवृत्तिः, किन्तु सांपरायिकक्रियाहेतुमोहनीयोदयसहकृतेन प्रतिषिद्धप्रतिषेवणेन । सा चोपशान्तवीतरागस्य न भवति, तस्या मोहनीयानुदयजन्येर्यापथिकीक्रियया बाधितत्वात्, उत्सूत्रप्रवृत्तीर्यापथिकीक्रिययोः सहानवस्थानाद्, यदागमः—

[1]जस्स णं कोहमाणमायालोभा वुच्छिण्णा भवन्ति तस्स णं इरियावहिया किरिया कज्जति । तहेव जाव उस्सुत्तं रीयमाणस्स संपराइआ किरिया कज्जति, से णं उस्सुत्तमेव रीयइत्ति ॥" [ भग० श० ७ उ०१ ]

तथाऽस्माद् 'उत्सूत्रप्रवृत्तिप्रतिबन्धिका भावत ईर्यापथिकीक्रियैव, यथाख्यातचारित्रप्रतिबन्धिका च मोहनीयोदयजन्या सांपरायिकी क्रिया भवति' इति सम्यक्पर्यालोचनायामुपशान्तवीतरागस्य नोत्सूत्रप्रवृत्तिर्न वा यथाख्यातचारित्रहानिरिति चेत् ?—

ભગવાન્ કંઈ વાસ્તવિક ગર્હણીય બની જતા નથી) વળી માત્ર દ્રવ્યહિંસા જો અગર્હણીય ન હોય તો તો ઉપશાન્તમોહ ગુણઠાણે રહેલા મુનિમાંથી યથાખ્યાત ચારિત્રનો વિલોપ થઈ જવાની આપત્તિ આવે, કેમકે તેઓમાં તો તમે પણ દ્રવ્યહિંસા (કે જે તમારા મતે ગર્હણીય છે તે) માની જ છે.

**[ ઉપશાન્તમોહીની દ્રવ્યહિંસા પ્રતિસેવારૂપ ખરી, યથાખ્યાતનાશક નહિ-પૂ૦ ]**

**પૂર્વપક્ષ :–** ઉપશાન્તમોહવીતરાગ ગુણઠાણે રહેલા જીવથી ક્યારેક મોહનીયની-સત્તારૂપ હેતુ હાજર હોવાથી અનાભોગરૂપસહકારીકારણવશાત્ જીવઘાત થાય જ છે જે ગર્હાપરાયણલોકોને પ્રત્યક્ષ હોઈ ગર્હણીય પણ બને જ છે. પણ તેનાથી યથાખ્યાત-ચારિત્રનો લોપ થઈ જતો નથી, કારણકે ઉત્સૂત્ર (સૂત્રવિરુદ્ધ) પ્રવૃત્તિ જ તેના લોપનો હેતુ છે. વળી ઉત્સર્ગે નિષિદ્ધ હોય તેના પ્રતિસેવનમાત્રથી ઉત્સૂત્રપ્રવૃત્તિ થતી નથી કિન્તુ સાંપરાયિકક્રિયામાં જે હેતુભૂત બને એવા મોહનીયકર્મના ઉદયથી યુક્ત તે સેવનથી ઉત્સૂત્રપ્રવૃત્તિ થાય છે. આવી ઉત્સૂત્રપ્રવૃત્તિ ઉપશાન્તવીતરાગીને હોતી નથી, કેમકે મોહનીયકર્મના અનુદયના કારણે થયેલ ઈર્યાપથિકીક્રિયાથી તે પ્રતિબંધિત થઈ ગઈ હોય છે. તે પણ એટલા માટે કે ઉત્સૂત્રપ્રવૃત્તિ અને ઈર્યાપથિકીક્રિયા વચ્ચે સહઅનવસ્થાન નામનો વિરોધ રહેલો છે, ભગવતીસૂત્ર (શ૦૭ઉ૦૧)માં કહ્યું છે કે "જેના ક્રોધ–માન–માયા-લોભનો વિચ્છેદ થઈ ગયો હોય તેની ક્રિયા ઈર્યાપથિકી હોય છે...ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ ઉત્સૂત્ર આચરનારની ક્રિયા સાંપરાયિકી બને છે. તે ઉત્સૂત્રને આચરે છે." આના પરથી જણાય છેકે ભાવથી ઈર્યાપથિકીક્રિયા જ ઉત્સૂત્રપ્રવૃત્તિની પ્રતિબંધિકા છે. જ્યારે યથાખ્યાતચારિત્રની પ્રતિબંધિકા મોહનીયના ઉદયથી થએલ સાંપરાયિકી ક્રિયા છે. આવો સમ્યગ્વિચાર કરતાં જણાય છે કે ઉપશાન્તવીતરાગ જીવમાં ઉત્સૂત્રપ્રવૃત્તિ હોતી નથી કે તેના યથા-ખ્યાતચારિત્રની હાનિ થતી નથી. માટે દ્રવ્યહિંસાને ગર્હણીય માનવામાં તમે કહેલી આપત્તિ આવતી નથી.

---

1. यस्य खलु क्रोधमानमायालोभा व्युच्छिन्ना भवन्ति, तस्य खलु ईर्यापथिकी क्रिया क्रियते, तथैव याव-दुत्सूत्रं रीयमाणस्य सांपरायिकी क्रिया क्रियते । स खलूत्सूत्रं रीयते ॥

न, द्रव्यवधस्य गर्हणीयत्वे प्रतिषिद्धप्रतिषेवणरूपत्वे च तेनोपशान्तमोहस्यापि यथाख्यातचारित्रस्य निर्ग्रन्थत्वस्य च विलोपप्रसङ्गस्य वज्रलेपत्वात् । "[1] परिहारविसुद्धियसंजए पुच्छा, गो० णो पडिसेवए होज्जा अपडिसेवए होज्जा । एवं जाव अहक्खायसंजए" [उ० ६] "कसायकुसीले णं पुच्छा, गो० णो पडिसेवए होज्जा, अपडिसेवए होज्जा, एवं णिग्गथेवि, एवं सिणाए वि ॥" [भ० श० २५ उ० ७] इत्याद्यागमेनप्रतिषिद्धप्रतिषेवणस्योपरितनचारित्रनिर्ग्रन्थत्रयविरोधिताप्रतिपादनात् । 'प्रति संयमप्रतिकूलार्थस्य संज्वलनकषायोदयात् सेवकः प्रतिषेवकः' इति प्रतिषेवणाद्वारे व्याख्यानात् प्रतिषेवणाविशेषेणैव यथाख्यातचारित्रादिविरोधव्यवस्थितेः अनाभोगजद्रव्यहिंसायाः प्रतिषिद्धप्रतिषेवणरूपत्वे उपशान्तमोहवृत्तित्वे च न बाधकमिति चेत् ? न, प्रतिषेवापदविषयविभागेऽनाभोगजप्रतिषेवाया अपि परिगणनाद् । यदागमः [ठा० ७३३]

[2]दसविहा पडिसेवणा पण्णत्ता, तंजहा—

दप्प१प्पमाय२ऽणाभोगे ३ आउरे ४ आवईइ(सु) ५ य। संकिए ६ सहसक्कारे ७ भय ८ प्पदोसा ९ य वीमंस १० त्ति ॥ तस्माद् द्रव्यहिंसायाः प्रतिषेवणारूपत्वाभ्युपगमे तवाप्युपशान्तमोहस्य प्रतिषेवित्वं स्याद्, इत्यप्रतिषेवित्वव्याप्ययथाख्यातचारित्रनिर्ग्रन्थत्वयोस्तत्र का प्रत्याशा ?

[ પ્રતિષિદ્ધની પ્રતિસેવા યથા૦ અને નિર્ગ્રન્થત્વની લોપક જ હોય-ઉ. ]

**ઉત્તરપક્ષ :–** આ તમારો પૂર્વપક્ષ ખોટો છે, કારણકે દ્રવ્યવધ જો ગર્હણીય હોય અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપ હોય તો તેનાથી ઉપશાન્તમોહી જીવના પણ યથાખ્યાત ચારિત્રનો અને નિર્ગ્રન્થત્વનો વિલોપ થવાની આપત્તિ વજ્રલેપની જેમ ઊભી જ રહે છે. અર્થાત્ જેવી તેવી દલીલથી એ આપત્તિ ઉખડી શકે એવી નથી. કેમકે ભગવતીસૂત્ર (શ૦ ૨૫ ઉ૦૬)માં જે કહ્યું છે કે "પરિહારવિશુદ્ધિકસંયત અંગે પૃચ્છા, ગૌતમ ! પ્રતિસેવક ન હોય, અપ્રતિસેવક હોય, એમ યથાખ્યાત સંયત સુધી જાણવું." તેનાથી પ્રતિષિદ્ધ પ્રતિસેવનને ઉપલા ત્રણ ચારિત્રનો વિરોધી જણાવ્યો છે. તેમજ (ઉ.૭)માં જે કહ્યું છે કે "કષાયકુશીલ અંગે પૃચ્છા, ગૌતમ ! પ્રતિસેવક ન હોય, અપ્રતિસેવક હોય, એમ નિર્ગ્રન્થ અને સ્નાતક અંગે પણ જાણવું" તેનાથી પ્રતિષિદ્ધ પ્રતિસેવનને ઉપરના નિર્ગ્રન્થાદિ ત્રણ સંયતના વિરોધી તરીકે જણાવ્યું છે.

**પૂર્વપક્ષ :–** પ્રતિસેવનાદ્વારમાં પ્રતિસેવકની વ્યાખ્યા એવી કરી છે કે 'સંયમને પ્રતિકૂલ ચીજને સંજ્વલનકષાયના ઉદયના કારણે સેવે (આચરે) તે પ્રતિસેવક.' આ વ્યાખ્યા પરથી જણાય છે કે સંજ્વલનકષાયોદયથી થતી સંયમને પ્રતિકૂલ ચીજની સેવના રૂપ વિશેષ પ્રકારની પ્રતિસેવના જ જીવને પ્રતિસેવક બનાવે છે. અને તેથી ભગવતીના ઉક્તસૂત્ર પરથી તેવી વિશિષ્ટ પ્રતિસેવનાનો જ યથાખ્યાત ચારિત્રાદિ સાથે વિરોધ સિદ્ધ થાય છે, દરેક પ્રતિસેવનાનો નહિ. તેથી તેવા કષાયોદય વિના જ અનાભોગથી જ જે દ્રવ્ય-

१. परिहारविशुद्धिकसंयते पृच्छा, गौतम ! न प्रतिषेवको भवेत्, अप्रतिषेवको भवेद् एवं यावद्यथाख्यातसंयते ॥ कषायकुशीले पृ० नो प्रतिषेवको भवेद्, अप्रतिषेवको भवेत् । एवं निर्ग्रन्थेऽपि, एवं स्नातकेऽपि ॥ २. दशविधाः प्रतिसेवनाः प्रज्ञप्ताः, तद्यथा—

दर्पप्रमादानाभोगे आतुरे आपत्सु च। शङ्किते सहसात्कारे भयात्प्रद्वेषाद्विमर्शाच्च ॥

मोहोदयविशिष्टप्रतिषेवणत्वेनोत्सूत्रप्रवृत्तिहेतुमभ्युपगम्य वीतरागे मोहसत्ताजन्यप्रतिषेवणाश्रयणेऽपसिद्धान्तादिदोषा दुर्द्धरा एव प्रसज्येरन्, मोहोदयसत्ताजन्योत्सूत्रप्रवृत्तिहेतुप्रतिषेवणाभेदस्य क्वापि प्रवचनेऽश्रुतत्वात्, प्रत्युत कषायकुशीलादिपरिहारविशुद्धिकाद्युपरितननिर्ग्रन्थसंयमत्रयस्याप्रतिषेवित्वाभिधानाद् मोहोदयमात्रमपि न प्रतिषेवणाजनकमिति तत्सत्ताजन्यप्रतिषेवणवार्त्तापि दूरोत्सारितैवेति तस्या उत्सूत्रप्रवृत्तिहेतुत्वे मोहोदयविशिष्टत्वं तन्त्रमित्यत्र सूत्रसंमतिप्रदर्शनमत्यसमञ्जसं, ततः पुलाकबकुशप्रतिसेवाकुशीलत्रयवृत्त्यपकृष्टसंयमस्थाननियतसञ्ज्वलनोदयव्याप्य एव व्यापारविशेषः प्रतिषेवणारूपः स्वीकर्त्तव्यः, स एव च साधूनां गर्हणीय इति ।

હિંસા થઈ જાય છે તે નિર્બાધપણે સામાન્યથી પ્રતિષિદ્ધની પ્રતિસેવના રૂપ પણ છે જ, અને એ ઉપશાન્તમોહી જીવમાં નિર્બાધપણે હોય પણ છે જ, કારણ કે તે દ્રવ્યહિંસા વિશિષ્ટપ્રતિસેવનારૂપ ન હોવાથી યથાખ્યાતચારિત્રાદિની વિરોધી નથી.

[ અનાભોગજન્ય પ્રતિસેવા પણ પ્રતિસેવના જ છે ]

**ઉત્તરપક્ષ** :– આ વાત બરાબર નથી, કારણકે અનાભોગજન્ય પ્રતિસેવાને પણ 'પ્રતિષેવા' શબ્દનો વિષય (વાચ્ય) બનનાર વસ્તુઓના વિભાગમાં ગણેલી છે, જેમકે **ઠાણાંગ** (૭૩૩)માં કહ્યું છે કે 'દશપ્રકારે પ્રતિસેવના કહી છે. તે આ રીતે-દર્પથી, પ્રમાદથી, અનાભોગથી, આતુર (રોગી અવસ્થા)માં, આપત્તિમાં, શંકિત વસ્તુ અંગે, સહસાત્કારથી, ભયથી પ્રદ્વેષથી અને વિમર્શથી.' તેથી દ્રવ્યહિંસાને પ્રતિસેવનારૂપ જો માનશો તો ઉપશાન્તમોહીને પણ પ્રતિસેવક માનવા પડશે. અને તો પછી તેઓમાં અપ્રતિસેવકત્વવ્યાપ્ય એવા યથાખ્યાત ચારિત્રની અને નિર્ગ્રન્થત્વની હાજરીની તો આશા જ શી રાખવી? કેમકે 'જ્યાં જ્યાં યથાખ્યાત ચારિત્ર કે નિર્ગ્રન્થત્વ હોય ત્યાં ત્યાં અપ્રતિસેવકત્વ હોય' તેવી વ્યાપ્તિ ભગવતીના ઉક્તસૂત્રથી સિદ્ધ થયેલી છે. વળી—"યથાખ્યાત ચારિત્રાદિની પ્રતિબંધક એવી ઉત્સૂત્રપ્રવૃત્તિ પ્રતિસેવનામાત્રથી જન્ય હોતી નથી, પણ જે મોહોદય સહકૃત હોય એવી વિશિષ્ટ પ્રતિસેવનાથી જન્ય હોય છે. તેથી ઉપશાન્તમોહીને મોહસત્તાજન્ય પ્રતિસેવના હોવામાં કોઈ વાંધો નથી"—ઇત્યાદિ તમે જે કહ્યું તેમાં તો અપસિદ્ધાન્ત (સિદ્ધાન્તવિરોધ) વગેરે દુર્ધર દોષો રહ્યા છે, કેમકે પ્રતિસેવનાના (૧) મોહોદયજન્ય અને ઉત્સૂત્રપ્રવૃત્તિના હેતુભૂત એવી પ્રતિસેવના, (૨) મોહસત્તામાત્રજન્ય અને ઉત્સૂત્ર પ્રવૃત્તિના અહેતુભૂત એવી પ્રતિસેવના ઈત્યાદિ ભેદ આગમમાં ક્યાંય સાંભળવા મળતાં નથી ઊલટું આગમમાં તો નિર્ગ્રન્થના કષાયકુશીલ વગેરે રૂપ ઉપલા ત્રણ ભેદોમાં અને સંયમના પરિહારવિશુદ્ધિ વગેરે રૂપ ઉપલા ત્રણ ભેદોમાં તો અપ્રતિસેવકત્વ (પ્રતિસેવનાનો અભાવ) જ કહ્યું છે. બાકી મોહનો ઉદયમાત્ર પણ પ્રતિસેવનાનો જનક નથી તો તેની સત્તા માત્રથી પ્રતિસેવના ઉત્પન્ન થઈ જાય એ વાત તો દૂર જ રહે છે, એટલે મોહસત્તાજન્યપ્રતિસેવના જેવી તો કોઈ બાદબાકી કરવા યોગ્ય ચીજ જ નથી કે જેની બાદબાકી કરવા 'મોહોદયવિશિષ્ટપ્રતિસેવના ઉત્સૂત્રપ્રવૃત્તિ હેતુ છે' ઈત્યાદિમાં 'મોહોદયવિશિષ્ટ' એવું વિશેષણ લગાડવું આવશ્યક બને. અને તેથી તે બાબતમાં સૂત્ર સંમતિ દેખાડવી એ તો અત્યંત અયોગ્ય જ છે.

" [1]इत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु ॥ " इत्यनेन तदत्यंताभाव एव वीतरागस्य प्रतिपाद्यते, न तु द्रव्यहिंसाऽभावोऽपीति प्रतिपत्तव्यम् ॥४५॥ एतदेव स्फुटीकुर्वन्नाह—

**अकरणणियमावेक्खं एयं भणिअंति अपडिसेवाए ।**
**इत्तो जिणाण सिद्धी ण उ दव्ववहस्स पडिसेहो ॥४६॥**

( अकरणणियमापेक्षमेतद्भणितमित्यप्रतिषेवायाः । इतो जिनानां सिद्धिर्न तु द्रव्यवधस्य प्रतिषेधः ॥ ४६ ॥ )

**अकरणणियमावेक्खं** ति । एतद् 'वीतरागो न किञ्चिद् गर्हणीयं करोति' इत्यकरणनियमापेक्षं भणितमुपदेशपदे, तत्र तस्यैवाधिकाराद्, अकरणनियमश्च पापशरीरकार्श्यहेतुराजयक्ष्मरोगस्थानीयः क्षयोपशमविशेषः, स च ग्रन्थिभेदादारभ्याऽऽक्षीणमोहं प्रवर्द्धते, यथा यथा च तत्प्रवृद्धिस्तथा तथा पापप्रवृत्त्यपकर्ष इति क्षीणमोहे मोहक्षयरूपस्याकरणनियमस्यात्यन्तोत्कर्षस्य सिद्धौ पापप्रवृत्तेरत्यन्तापकर्ष इति तत्र पापप्रवृत्त्यत्यन्ताभावः सिद्ध्यतीति सूत्रसन्दर्भेणैव तत्र (उपदेशपदे) स्फुटं प्रतीयते । तथाहि—

---

### [ પ્રતિસેવનાની વ્યાખ્યા ]

તેથી "પુલાક–બકુશ અને પ્રતિસેવનાકુશીલ એ ત્રણમાં રહેલો હોય અને નીચલી કક્ષાના સંયમસ્થાનોમાં નિયત એવા સંજ્વલનકષાયના ઉદયને જે વ્યાપ્ય હોય તેવો વ્યાપાર એ જ પ્રતિસેવનારૂપ છે" એમ માનવું જોઈએ અને એ જ સાધુઓને ગર્હણીય છે. માટે "ઉપદેશપદના 'इत्तो उ वीयरागो...' ઇત્યાદિવચન પણ વીતરાગમાં આવી ગર્હણીય ચીજના રહેલા અત્યન્તાભાવનું જ પ્રતિપાદન કરે છે, નહિકે ગર્હણીય તરીકે તમે કલ્પેલ દ્રવ્યહિંસાના અભાવનું પણ" આ વાત સ્વીકારવી જોઈએ. ॥ ૪૫ ॥ આ જ વાતને સ્પષ્ટ કરતાં ગ્રન્થકાર કહે છે—

### [ 'इत्तो उ वीयरागो...'નો રહસ્યાર્થ ]

**ગાથાર્થ :–** ઉપદેશપદમાં ઉક્તવાત તો અકરણનિયમની અપેક્ષાએ કહી છે. તેથી એ વાત પરથી કેવળીઓમાં અપ્રતિસેવાની સિદ્ધિ થાય છે, પણ દ્રવ્યહિંસાનો નિષેધ સિદ્ધ થતો નથી.

'વીતરાગ કોઈ ગર્હણીય કૃત્ય કરતાં નથી' એવું જે **ઉપદેશપદમાં** કહ્યું છે તે તો અકરણનિયમની અપેક્ષાએ કહ્યું છે, કેમકે ત્યાં તેનો જ અધિકાર ચાલી રહ્યો છે. પાપરૂપ શરીરને કૃશ કરનાર ક્ષયરોગ જેવો વિશેષપ્રકારનો ક્ષયોપશમ એ અકરણનિયમ છે. તે ગ્રન્થિભેદથી માંડીને ક્ષીણમોહ ગુણઠાણા સુધી પ્રકર્ષ પામતો જાય છે. જેમ જેમ તે પ્રકર્ષ પામે છે તેમ તેમ પાપપ્રવૃત્તિઓ ઓછી થતી જાય છે. ક્ષીણમોહ ગુણઠાણે અકરણનિયમનો મોહક્ષયરૂપ અત્યંત ઉત્કર્ષ થવાથી પાપપ્રવૃત્તિનો અત્યંત અપકર્ષ થાય છે. અર્થાત્ ત્યાં પાપપ્રવૃત્તિનો અત્યંત અભાવ થયો હોવો સિદ્ધ થાય છે. આ વાત આજુબાજુના સૂત્રસંદર્ભ પરથી ઉપદેશપદમાં જ સ્પષ્ટરીતે જણાય છે. તે આ રીતે–૬૯૫ મી ગાથામાં કહ્યું છે કે–" અબ્રહ્મસેવન વગેરે રૂપ પાપ અંગે પૂર્વોક્તસ્વરૂપવાળો અકરણનિયમ એ, ઘણું કરીને તે પરની=અન્ય દર્શનીઓની તે પાપથી નિવૃત્તિ કરનારો હોવાથી 'અકરણનિયમ' કહેવાય

---

१. इतस्तु वीतरागो न किंचिदपि करोति गर्हणीयं तु । उप० पद–७३१ ॥

[1]पावे अकरणणियमो पायं परतन्निविति्तकरणाओ । णेओ य गंठिभेए भुज्जो तयकरणरूवो उ ॥६९५॥

कियदन्तरे च—

[2]देसविरइगुणठाणे अकरणणियमस्स एव सब्भावो । सव्वविरइगुणठाणे विसिट्ठतरओ इमो होइ ॥७२९॥

[3]जं सो पहाणतरओ आसयभेओ अओ य एसो त्ति । एत्तोच्चिय सेढीए णेओ सव्वत्थवी एसो ॥७३०॥

[4]एत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु । ता तत्तगइखवणाइकप्पमो एस विण्णेओ ॥७३१॥

त्ति । तथा चेतो वचनादप्रतिसेवाया जिनानां सिद्धिः, प्रतिषेवारूपपापस्यैव प्रवृत्तेः पूर्वगुणस्थानेष्वपकर्षतारतम्याज्जिनानां तदत्यन्तापकर्षसंभवाद्, न तु द्रव्यवधस्य प्रतिषेधः, तस्यापकर्षतारतम्याऽदर्शनाद्, न हि सम्यग्दृष्टिदेशविरत्यादियोगाज्जायमानायां द्रव्यहिंसायामपकर्षभेदो दृश्यते येन जिनेषु तदत्यन्ताभावः सिद्ध्येद्, अभ्यंतरपापप्रतिषेवणे तु प्रतिगुणस्थानं महानेव भेदो दृश्यत इति केवलिनि तदत्यंताभावसिद्धिरनाबाधैवेति ॥४६॥ नन्वेवं वीतरागपदेनोपशान्तमोहोऽपि (उपदेशपद)वृत्तिकृता कथं न गृहीतः? तस्याप्यप्रतिषेवित्वाद् इत्याशङ्कायामाह—

છે. એને ગ્રન્થિભેદ થયે તે પાપોને ફરીથી ન કરવા રૂપ જાણવો.” વળી આગળ કહ્યું છે કે (૭૨૯–૭૩૧) “પરસ્ત્રી–પરપુરુષનો ત્યાગ વગેરે રૂપ દેશવિરતિગુણઠાણે અકરણનિયમની હાજરી હોય છે એ જણાવ્યું. અને એ અકરણનિયમ યાવજ્જીવ માટે સમગ્રપાપના ત્યાગરૂપ સર્વવિરતિગુણઠાણે વિશિષ્ટતર બને છે, કેમકે તે સર્વવિરતિ પરિણામ વિશેષ સ્વરૂપ હોઈ અતિશય પ્રશસ્ત હોય છે અને તેના કારણે આ (અકરણનિયમ) પણ વિશેષપ્રકારનો હોય છે. આ ઉત્તરોત્તર વિશિષ્ટતર આશયના કારણે જ શ્રેણિમાં પણ સર્વત્ર આ અકરણનિયમ (જે જે ક્ષીણ થાય છે તેને પુનઃ કરવાનું ન હોવાથી) જાણવો. આ અકરણનિયમના વિશિષ્ટ પ્રભાવે જ વીતરાગ જીવો જીવહિંસા વગેરેરૂપ કાંઈ પણ ગર્હણીય કૃત્ય કરતાં નથી. તેથી તે તે ગતિની ક્ષપણા જેવો આને (અકરણનિયમને) જાણવો. એટલે કે જેમ ક્ષીણ થઈ ગયેલ નરકગતિ વગેરે પુનઃ ઉદયમાં આવતી નથી એમ ક્ષીણમોહી વગેરેને અકરણનિયમનો પ્રકર્ષ પ્રાપ્ત થએ, પુનઃ પાપમાં પ્રવૃત્તિ થતી નથી.”

**[ इत्तो उथी પ્રતિસેવનાના અભાવની સિદ્ધિ, નહિ કે દ્રવ્યહિંસાના ]**

આમ આ વચનપરથી જિનોમાં અપ્રતિસેવાની સિદ્ધિ થાય છે (દ્રવ્યહિંસાના અભાવની નહિ), કારણ કે પ્રતિસેવારૂપ પાપની જ પ્રવૃત્તિઓનો પૂર્વપૂર્વ ગુણઠાણા કરતાં ઉત્તરોત્તર ગુણઠાણામાં વધુ ઘસારો દેખાતો હોવાથી કેવલીમાં તેના જ અત્યંત અપકર્ષ (સર્વથા અભાવ)નો સંભવ સિદ્ધ થાય છે, નહિકે દ્રવ્યહિંસાના અત્યંત અપકર્ષનો. તે પણ એટલા માટે કે અવિરતસમ્યક્ત્વી–દેશવિરતિ વગેરે ઉત્તરોત્તર ગુણઠાણાવાળા જીવોના યોગથી થતી દ્રવ્યહિંસામાં કાંઇ તેવી ઉત્તરોત્તર હાનિ દેખાતી નથી કે જેથી કેવળીઓમાં તેની સંપૂર્ણ હાનિ (અત્યંતાભાવ) સિદ્ધ થઇ જાય. હિંસાની પરિણતિ વગેરે રૂપ અભ્યંતરપાપની પ્રતિસેવામાં તો તે તે ગુણઠાણાઓમાં મોટો ભેદ દેખાય જ છે. તેથી કેવલીમાં તેના અત્યંત અભાવની સિદ્ધિ નિરાબાધ જ રહે છે. ॥૪૬॥—આ રીતે તો ઉપદેશપદના અધિકૃતશ્લોકમાં રહેલ ‘વીતરાગ’ પદથી ઉપશાન્તમોહીનું પણ

१ पापेऽकरणनियमः प्रायः परतन्निवृत्तिकरणात् । ज्ञेयश्च ग्रन्थिभेदे भूयस्तदकरणरूपस्तु ॥

२ देशविरतिगुणस्थानेऽकरणनियमस्यैव सद्भावः । सर्वविरतिगुणस्थाने विशिष्टतरश्चायं भवति ॥

३ यत्स प्रधानतर आशयभेदोऽतश्च एष इति । इत एव श्रेण्यां ज्ञेयः सर्वत्राप्येषः ॥

४ इतश्च वीतरागो न किंचिदपि करोति गर्हणीयं तु । ततस्तत्तद्गतिक्षपणादिविकल्प एष विज्ञेयः ॥

**परिणिट्ठियवयणमिणं जं एसो होइ खीणमोहंमि ।**
**उवसमसेढीए पुण एसो परिणिट्ठिओ ण हवे ॥ ४७ ॥**

(परिनिष्ठितवचनमिदं यदेषो भवति क्षीणमोहे। उपशमश्रेण्यां पुनरेष परिनिष्ठितो न भवेत् ॥ ४७ ॥)

परिणिट्ठियवयणमिणं ति। परिनिष्ठितवचनं संपूर्णफलवचनमेतद् यदेषोऽकरणनियमः क्षीणमोहे भवतीति। उपशमश्रेण्यां त्वयमकरणनियमः परिनिष्ठितो न भवेत्, तस्याः प्रतिपातस्य नियमात् तत्राकरणनियमवैशिष्ट्यासिद्धेः, परिनिष्ठितविशिष्टाकरणनियमाधिकारादेव क्षीणमोहादिर्वीतरागो वृत्तिकृता विवक्षित इति न कोऽपि दोष इति भावः। परिनिष्ठताऽप्रतिषेवित्वफलभागित्वादेव च क्षीणमोहस्य कषायकुशीलादेर्विशेषोऽप्रतिषेवित्वं वा भगवतोऽभिधीयमानमपकृष्यमाणसकलपापाभावोपलक्षणमिति स्मर्त्तव्यम् ॥४७॥–ननु 'वीतरागो गर्हणीयं पापं न करोति' इति वचनाद् गर्हणीयपापाभावः क्षीणमोहस्य सिद्ध्यति, गर्हणीयं च पापं द्रव्याश्रव एव, तस्य गर्हापरायणजनस्य प्रत्यक्षत्वाद् इति द्रव्याश्रवाभावस्तत्र सिद्ध एव। अत एव क्षीणमोहस्य कदाचिदनाभोगमात्रजन्यसंभावनारूढाश्रवच्छायारूपदोषसंभवेऽपि न क्षतिः, तस्याध्यवसायरूपस्य छद्मस्थज्ञानागोचरत्वेनाऽगर्हणीयत्वाद्, गर्हणीयद्रव्याश्रवाऽभावादेव तत्र वीतरागत्वाहानेः–इत्याशङ्कायामाह—

---

ગ્રહણ વૃત્તિકારે કેમ ન કર્યું ? કારણકે એ પણ અપ્રતિસેવી હોય છે–એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

[ 'इत्तो उ वीयरागो...' માં ઉપશાન્તમોહનું ગ્રહણ કેમ નહિ ? ]

**ગાથાર્થ** :– 'અકરણનિયમ ક્ષીણમોહગુણઠાણે હોય છે' એવું વચન પરિનિષ્ઠિત વચન છે. ઉપશમશ્રેણિમાં એ પરિનિષ્ઠિત હોતો નથી.

'અકરણનિયમ ક્ષીણમોહજીવોમાં હોય છે' એવું વચન સંપૂર્ણફળવિષયક વચનરૂપ પરિનિષ્ઠિત વચન છે. ઉપશમશ્રેણિમાં આ અકરણનિયમ પરિનિષ્ઠિત હોતો નથી, કારણકે તેમાંથી અવશ્ય પ્રતિપાત થતો હોવાથી તે અવસ્થામાં (જે પાછો ચાલ્યો ન જાય તેવો) વિશિષ્ટપ્રકારનો અકરણનિયમ સિદ્ધ થયો હોતો નથી. જ્યારે ઉક્તસ્થળે તો પરિનિષ્ઠિતત્વવિશિષ્ટઅકરણનિયમનો જ અધિકાર છે. તેથી તેમાં ક્ષીણમોહ વગેરે વીતરાગની જ વૃત્તિકારે વિવક્ષા કરી છે, ઉપશાન્તમોહની નહિ. માટે કોઈ દોષ નથી, પરિનિષ્ઠિત-અપ્રતિસેવકત્વ રૂપ ફળની પ્રાપ્તિ થઈ હોવાથી જ ક્ષીણમોહી જીવ કષાયકુશીલાદિ કરતાં વિશેષતા ધરાવે છે એ ખ્યાલમાં રાખવું. અથવા તો ભગવાનનું આ જે અપ્રતિસેવકત્વ કહેવાય છે તે ઉત્તરોત્તર ગુણઠાણાઓમાં જે ઓછાં થતા જતા હોય તેવા સઘળાં પાપોના અભાવનું ઉપલક્ષણ છે, અર્થાત્ "તેઓમાં તેવા સઘળાં પાપોનો અભાવ હોય છે" એવું તે જણાવે છે એ યાદ રાખવું. ॥ ૪૭ ॥

[ ક્ષીણમોહ જીવમાં ગર્હણીય દ્રવ્યઆશ્રવનો અભાવ–પૂર્વપક્ષ ]

—"વીતરાગ જીવ ગર્હણીયપાપ કરતો નથી" એ વચનથી ક્ષીણમોહી જીવમાં ગર્હણીયપાપોનો અભાવ સિદ્ધ થાય છે. દ્રવ્યઆશ્રવો જ ગર્હણીયપાપ છે, કારણકે તેઓ જ ગર્હાપરાયણલોકને પ્રત્યક્ષ હોઈ ગર્હાના વિષય બને છે. તેથી વીતરાગમાં દ્રવ્ય

दव्वासवस्स विगमो गरहाविसयस्स जइ तहिं इट्ठो ।
ता भावगयं पावं पडिवन्नं अत्थओ होइ ॥ ४८ ॥

(द्रव्याश्रवस्य विगमो गर्हाविषयस्य यदि तत्रेष्टः । ततो भावगतं पापं प्रतिपन्नमर्थतो भवति ॥ ४८ ॥)

**दव्वासवस्सत्ति**। गर्हाविषयस्य द्रव्याश्रवस्य विगमो यदि, तर्हीति तत्र क्षीणमोहे इष्टोऽभिमतो भवतस्तर्हि **अर्थतो**ऽर्थापत्त्या भावगतं पापं तत्र **प्रतिपन्नं** भवति, गर्हणीयपापत्वावच्छिन्नं प्रति त्वन्मते मोहनीयकर्मणो हेतुत्वात्तन्निवृत्तौ गर्हणीयपापनिवृत्तावप्यगर्हणीयभावरूपपापानिवृत्तेः। अगर्हणीयपापेऽप्यनाभोगस्य हेतुत्वात् तन्निवृत्तौ केवलिनस्तन्निवृत्तिः, क्षीणमोहस्य त्वाश्रवच्छायारूपमगर्हणीयपापमभ्युपगम्यत एवेति न दोषः इति चेत् ? न, अभ्यन्तरपापमात्रस्य गर्हापरायणजनाऽप्रत्यक्षत्वेन त्वन्मतेऽगर्हणीयत्वात् तत्सामान्येऽनाभोगस्य हेतुत्वाभावात् ।–मोहाऽजन्याऽगर्हणीयपापेऽनाभोगस्यान्यत्र च तत्र मोहस्य हेतुत्वान्न दोषः इति चेत् ? न, गर्हणीय-

---

આશ્રવોનો અભાવ પણ સિદ્ધ જ છે. તેથી જ ક્ષીણમોહી જીવને ક્યારેક, અનાભોગમાત્રના કારણે થયેલ સંભાવનારૂઢ મૃષાવાદાદિ રૂપ જે આશ્રવો તેની છાયામાત્ર રૂપ દોષ સંભવવા છતાં (ગર્હણીયપાપાભાવના સિદ્ધાન્તની અવ્યાપ્તિ રૂપ) કોઇ વાંધો નથી, કેમકે એ સંભાવનારૂઢ મૃષાવાદાદિ તો અધ્યવસાયરૂપ હોય છે, જે છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતા ન હોઈ ગર્હણીય પણ હોતા નથી. વળી આવો સૂક્ષ્મદોષ સંભવવા છતાં તેઓની વીતરાગતા એટલા માટે હણાઈ જતી નથી કે તેને હણનાર ગર્હણીયદ્રવ્યઆશ્રવનો તો તેઓમાં અભાવ જ હોય છે.—આવી શંકાને ઉદ્દેશીને ગ્રન્થકાર કહે છે—

**[ ભાવઆશ્રવની હાજરીની આપત્તિ-ઉત્તરપક્ષ ]**

**ગાથાર્થ** :–"ક્ષીણમોહગુણઠાણે ગર્હાવિષયભૂત દ્રવ્યાશ્રવનો અભાવ હોય છે" એવું જો તમે માનશો તો અર્થાપત્તિથી ત્યાં=તે ગુણઠાણે ભાવપાપની હાજરી માનેલી સિદ્ધ થશે.

ગર્હાવિષયભૂત દ્રવ્યાશ્રવનો જો અભાવ માનશો તો અર્થાપત્તિથી ફલિત એ થશે કે ત્યાં=ક્ષીણમોહ ગુણઠાણે ભાવગત પાપ હોવું તમે સ્વીકારો છો. તે એટલા માટે કે તમારા અભિપ્રાય મુજબ મોહનીયકર્મ ગર્હણીયપાપત્વાવચ્છિન્ન (બધા ગર્હણીયપાપ) પ્રત્યે હેતુ છે. મોહનીયકર્મના અભાવથી ગર્હણીયપાપનો અભાવ થઈ જવા છતાં અગર્હણીય (ગર્હાનો વિષય ન બનતાં) એવા ભાવરૂપ પાપનો અભાવ તો થતો જ નથી.—અગર્હણીયપાપ પ્રત્યે પણ અનાભોગ તો હેતુભૂત છે જ, તેથી કેવલીમાં અગર્હણીયપાપનો પણ અભાવ હોય જ છે. અને ક્ષીણમોહી જીવોમાં તો આશ્રવની છાયા રૂપ અગર્હણીયપાપ માનેલું જ છે. તેથી તેઓમાં ભાવગતપાપ હોવામાં કોઇ આપત્તિ નથી— એવી શંકા ન કરવી, કારણ કે અગર્હણીયપાપ સામાન્ય પ્રત્યે અનાભોગ હેતુ જ નથી. તે આ રીતે–આશ્રવછાયારૂપ તે દોષને તમે અધ્યવસાય રૂપ માન્યો છે. તેથી એ પણ અભ્યન્તરપાપ રૂપ છે. અને અભ્યન્તર તો કોઈ પણ પાપ ગર્હાપરાયણલોકોને અપ્રત્યક્ષ હોઇ તમારા મતે અગર્હણીય જ છે. તેથી દ્રવ્યહિંસાથી શૂન્ય એવું 'માત્ર હિંસાના પરિણામ' રૂપ અભ્યન્તરપાપ પણ અગર્હણીય છે જેની પ્રત્યે અનાભોગ હેતુ નથી. કેમકે અશુદ્ધ અધ્યવસાયરૂપ અગર્હણીયપાપ પ્રત્યે મોહ હેતુભૂત છે.–અગર્હણીયપાપ બે પ્રકારના છે,

पापहेतोर्मोहस्यागर्हणीयपापहेतुत्वाभावाद्, अन्यथा तज्जन्यगर्हणीयागर्हणीयोभयस्वभावैकपापप्रसङ्गादिति न किञ्चिदेतत् ॥४८॥ द्रव्याश्रवस्य मोहजन्यत्वमेव व्यक्त्या निराकुर्वन्नाह—

**णियणियकारणपभवा दव्वासवपरिणई ण मोहाओ ।**
**इहरा दव्वपरिग्गहजुओ जिणो मोहवं हुज्जा ॥४९॥**

(निजनिजकारणप्रभवा द्रव्यास्रवपरिणतिर्न मोहात् । इतरथा द्रव्यपरिग्रहयुतो जिनो मोहवान् भवेत् ॥४९॥)

**द्रव्याश्रवाणां** प्राणातिपातमृषावादादीनां **परिणतिः निजनिजानि कारणानि** यानि नोदनाभिघातादियोगव्यापारमृषाभाषावर्गणाप्रयोगादीनि, **तत्प्रभवा** सती **न मोहा**न्मोहनीयकर्मणो भवति मोहजन्या नेत्यर्थः । क्वचित्प्रवृत्त्यर्थं मोहोदयापेक्षायामपि द्रव्याश्रवत्वावच्छिन्ने मोहनीयस्याऽहेतुत्वाद्, अन्यथाऽऽहारसंज्ञावतां कवलाहारप्रवृत्तौ बुभुक्षारूपमोहोदयापेक्षणात्कवलाहारत्वावच्छिन्नेऽपि मोहस्य हेतुत्वात् केवली कवलभोज्यपि न स्यादिति दिगंबरसगोत्रत्वापत्तिरायुष्मतः ।

---

મોહથી જન્ય અને અજન્ય. તેમાં મોહથી અજન્ય અગર્હણીયપાપ પ્રત્યે અનાભોગ એ હેતુ છે અને તે સિવાયના અગર્હણીયપાપ પ્રત્યે મોહ હેતુભૂત છે. તેથી કોઇ દોષ નથી–એવું પણ ન કહેવું, કારણકે ગર્હણીયપાપનો હેતુભૂત મોહ એ અગર્હણીયપાપનો હેતુ બની શકતો નથી. નહિતરતો 'તેનાથી ગર્હણીય–અગર્હણીયઉભય સ્વભાવવાળું એક જાતીય પાપ જ થાય છે' એવું માનવાની આપત્તિ આવી પડશે. તેથી 'વીતરાગને દ્રવ્યઆશ્રવનો અભાવ હોવો ઉક્ત વચનથી સિદ્ધ થાય છે' એવી વાત ફેંકી દેવા જેવી છે. ॥ ૪૮ ॥ દ્રવ્યાશ્રવ મોહજન્ય હોવાની માન્યતાનું જ વ્યક્ત રીતે નિરાકરણ કરતાં ગ્રન્થકાર કહે છે—

[ દ્રવ્યાશ્રવપરિણતિ સ્વકારણજન્ય, નહિકે મોહજન્ય ]

**ગાથાર્થ** :– દ્રવ્યાશ્રવપરિણતિ પોતપોતાની કારણ સામગ્રીથી પેદા થયેલી હોય છે, મોહથી નહિ. નહિતર તો દ્રવ્યપરિગ્રહથી યુક્ત એવા જિન મોહવાળા હોવાની આપત્તિ આવે.

પ્રાણાતિપાત–મૃષાવાદવગેરે દ્રવ્યાશ્રવોની પરિણતિ પોતપોતાના નોદન–અભિઘાત-સંયોગાદિરૂપ યોગવ્યાપાર, મૃષાભાષાવર્ગણાપ્રયોગ વગેરે રૂપ સ્વકારણોથી ઉત્પન્ન થાય છે. માટે એ મોહજન્ય હોતી નથી. મિથ્યાત્વી વગેરે જીવો જે હિંસા વગેરેની પ્રવૃત્તિ કરે છે તેમાં મોહોદય પણ ભાગ ભજવે છે. પણ એટલા માત્રથી હિંસા વગેરે રૂપ દરેક દ્રવ્યઆશ્રવ પ્રત્યે મોહનીયકર્મને કારણ માની શકાતું નથી. કારણ, એ રીતે તો, આહારસંજ્ઞાવાળા મિથ્યાત્વી વગેરે જે કવલાહારની પ્રવૃત્તિ કરે છે તેમાં પણ બુભુક્ષારૂપ મોહોદય ભાગ ભજવતો હોવાથી કવલાહારની દરેક પ્રવૃત્તિ પ્રત્યે મોહને કારણ માનવો પડશે. અને તો પછી મોહશૂન્ય એવા કેવલીઓમાં કવલાહારનો અભાવ માનવો પડવાથી તમે દિગંબરની માન્યતાવાળા બની જશો ! માટે દ્રવ્યાશ્રવ પ્રત્યે મોહને કારણ માની શકાતું નથી.

[ દ્રવ્યાશ્રવપરિણતિ મોહજન્યા-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ** :– કવલાહાર વેદનીયકર્મજન્ય છે. એટલે તેની પ્રત્યે મોહનીયકર્મ

अथ कवलाहारस्य वेदनीयकर्मप्रभवत्वान्न तत्र मोहनीयस्य हेतुत्वं, आश्रवस्य तु मोहप्रभवत्वप्रसिद्धेर्द्रव्याश्रवपरिणतिरपि मोहजन्यैव, तत्रोदितं चारित्रमोहनीयं भावाश्रवहेतुरसंयतानां संपद्यते, संयतानां तु प्रमत्तानामपि सत्तावर्त्तिचारित्रमोहनीयं द्रव्याश्रवमेव संपादयति, सुमङ्गलसाधोरिवाऽऽभोगेनापि जायमानस्य तस्य ज्ञानाद्यर्थमत्यापवादिकत्वेन तज्जन्यकर्मबन्धाभावात्संयमपरिणामस्यानपायेनाविरतिपरिणामस्याभावात्तदुपपत्तेः ।

या तु तेषामारंभिकी क्रिया सा न जीवघातजन्या, किन्तु प्रमत्तयोगजन्या 'सव्वो पमत्तजोगो आरंभोत्ति' वचनात्, अन्यथाऽऽरंभिकी क्रिया कस्यचित्प्रमत्तस्य कादाचित्क्येव स्यात्, तत्कारणस्य जीवघातस्य कस्यचित्कादाचित्कत्वात्, अस्ति चाऽऽरंभिकी क्रिया प्रमत्तगुणस्थानं यावदनवरतमेव । किञ्च यदि जीवघातेनाऽऽरंभिकी क्रिया भवेत्तदाऽपरोऽप्रमत्तो दूरे, उपशान्तवीतरागस्याप्यारंभिकी क्रिया वक्तव्या स्याद्, अस्ति च तस्य सत्यपि जीवघाते ईर्यापथिक्येव क्रिया, इति न जीवघातात्संयतस्यारंभिकी क्रिया, किन्तु प्रमत्तयोगादिति स्थितम् ।

---

હેતુ નથી. જ્યારે આશ્રવ તો મોહજન્ય હોવો પ્રસિદ્ધ છે. માટે દ્રવ્યાશ્રવપરિણતિ મોહજન્ય શા માટે ન હોય? અર્થાત્ આશ્રવ પ્રત્યે તો મોહનીયકર્મ હેતુ છે જ. એમાંથી અસંયતજીવોમાં ચારિત્રમોહનીયનો જે ઉદય હોય છે તે ભાવઆશ્રવનો હેતુ બને છે. સંયતજીવોમાં તો તેઓ પ્રમત્ત હોય તો પણ ચારિત્રમોહનો ઉદય હોતો નથી, સત્તા જ હોય છે. જે સત્તા દ્રવ્યાશ્રવનો જ હેતુ બને છે. એટલે કે એ સત્તા દ્રવ્યાશ્રવને જ ઊભા કરે છે. (ભાવઆશ્રવને નહિ.) તે આ રીતે-**સુમંગલસાધુ** વગેરેની જેમ આભોગપૂર્વક થતો પણ તે આશ્રવ જ્ઞાનાદિની વૃદ્ધિ વગેરે માટે હોઈ અત્યંત આપવાદિક હોય છે. તેથી તેનાથી કર્મબંધ થતો નથી. એટલે જ હિંસા વગેરે હોવા છતાં સંયમપરિણામને પણ અખંડિત માનવાનો હોવાથી અવિરતિપરિણામનો અભાવ જ માનવો પડે છે. આના પરથી એ નક્કી થાય છે કે એ કૃત્ય ભાવાશ્રવ રૂપે પરિણમ્યું હોતું નથી. વળી, ત્યાં હિંસારૂપ આશ્રવ પ્રવર્ત્યો છે એ તો નક્કી છે જ. એટલે એ માત્ર દ્રવ્યઆશ્રવ જ પ્રવર્ત્યો છે એવું નિશ્ચિત થાય છે. તેથી ચારિત્રમોહસત્તા માત્ર દ્રવ્યાશ્રવની જ સંપાદક છે એ વાત સંગત થાય છે.

[ સંયતની આરંભિકીક્રિયા પ્રમત્તયોગજન્યા, નહિ કે જીવઘાતજન્યા-પૂ૦ ]

વળી સંયતોમાં જે આરંભિકી ક્રિયા હોય છે તે પણ જીવઘાતજન્ય હોતી નથી, કિન્તુ પ્રમત્તયોગજન્ય હોય છે એ વાત 'સર્વ પ્રમત્તયોગ આરંભ છે' ઇત્યાદિ વચનથી જણાય છે. બાકી એ જો જીવઘાતજન્ય જ હોય તો આરંભિકીક્રિયા કોઇક પ્રમત્તને ક્યારેક જ સંભવે, કારણકે તેના કારણભૂત જીવઘાત કો'કને ક્યારેક જ હોય છે. અર્થાત્ જે પ્રમત્તથી જ્યારે જીવઘાત થાય ત્યારે જ તે પ્રમત્તમાં આરંભિકીક્રિયા માની શકાય, અન્યદા નહિ. પણ એવું મનાતું તો નથી, કારણ કે પ્રમત્તગુણઠાણા સુધી એ ક્રિયાને નિરંતર માનેલી છે. વળી જો જીવઘાતથી આરંભિકીક્રિયા થતી હોય તો તો બીજા અપ્રમત્તની વાત તો બાજુ પર રહી, ઉપશાન્તમોહી જીવમાં પણ આરંભિકીક્રિયા માનવી પડશે, (કેમકે એનાથી પણ જીવઘાત થઈ જાય છે.) જ્યારે તેનામાં તો જીવઘાત થવા છતાં પણ

स च प्रमत्तो योगः प्रमादैर्भवति। ते च प्रमादा अष्टधा शास्त्रे प्रोक्ताः अज्ञानसंशयविपर्ययरागद्वेषमतिभ्रंशयोगदुष्प्रणिधानधर्मानादरभेदात्। ते चाज्ञानवर्जिताः सम्यग्दृष्टेरपि संभवन्तोऽतः प्रमत्तसंयतपर्यन्तानामेव भवन्ति न पुनरप्रमत्तानामपि, प्रमादाप्रमादयोः सहानवस्थानात्। तेनेहाष्टासु प्रमादेषु यौ रागद्वेषौ प्रमादत्वेनोपात्तौ तौ योगानां दुष्प्रणिधानजननद्वाराऽऽरंभिकीक्रियाहेतू ग्राह्यौ, तयोश्च तथाभूतयोः फलोपहितयोग्यतया जीवघातं प्रति कारणत्वस्य कादाचित्कत्वेऽपि स्वरूपयोग्यतया तथात्वं सार्वदिकमेव। यद्यपि सामान्यतो रागद्वेषावप्रमत्तसंयतानामपि कदाचित्फलोपहितयोग्यतयापि जीवघातहेतू भवतस्तथापि तेषां तौ न प्रमादौ, यतनाविशिष्टया प्रवृत्त्या सहकृतयोस्तयोरारंभिकी क्रियाया अहेतुत्वात्, तदप्यनाभोगसहकृतयतनाविशिष्टयो रागद्वेषयोर्योगानां दुष्प्रणिधानजनने सामर्थ्याभावात्, सम्यगीर्यया प्रवृत्त्या तयोस्तथाभूतसामर्थ्यस्यापहरणात्। न चैवं प्रमत्तानां संभवति, तेषामयतनया विशिष्टयोस्तयोर्योगानामशुभताजनकत्वेनारम्भिकीक्रियाहेतुत्वाद्। अत एव प्रमत्तानां विनापवादं जीवघातादिकं प्रमादसहकृतानाभोगजन्यम्। तदुक्तं दशवैकालिकवृत्तौ (अ०४) "अयतनया चरन् प्रमादानाभोगा-

ઈર્યાપથિકી જ ક્રિયા માની છે. તેથી "કોઈ પણ સંયતમાં જીવઘાતના કારણે આરંભિકીક્રિયા હોતી નથી, પણ પ્રમત્તયોગના કારણે હોય છે" તે વાત નક્કી થઈ.

[ પ્રમત્તયોગ અંગે પૂર્વપક્ષ વિચારણા ]

તે પ્રમત્તયોગ પ્રમાદોના કારણે પ્રવર્તે છે. પ્રમાદો શાસ્ત્રમાં આ આઠ પ્રકારે કહ્યા છે– અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, મતિભ્રંશ, યોગદુષ્પ્રણિધાન અને ધર્મનો અનાદર. અજ્ઞાન સિવાયના સાત પ્રમાદો તો સમ્યક્ત્વની હાજરીમાં પણ સંભવે છે. માટે એ સાત પ્રમાદો પ્રમત્તસંયતગુણઠાણા સુધીના જીવોમાં સંભવે છે, અપ્રમત્તજીવોમાં નહિ તે પ્રમાદો અપ્રમત્ત જીવોમાં એટલા માટે સંભવતા નથી કે તેઓમાં તો અપ્રમાદ હોય છે, જ્યારે પ્રમાદ અને અપ્રમાદ સહઅનવસ્થાન (સાથે ન રહેવા રૂપ) વિરોધવાળા છે. એટલે જ અહીં રાગદ્વેષ પણ જે પ્રમાદ તરીકે કહ્યા છે તે સામાન્યથી રાગ–દ્વેષ ન સમજવા, (કારણકે તે તો અપ્રમત્તમાં પણ હોય છે), પણ યોગનું દુષ્પ્રણિધાન કરવા દ્વારા આરંભિકીક્રિયાના હેતુ બનનાર રાગદ્વેષ જાણવા. આવા તે બે (રાગ–દ્વેષ) જીવહિંસા પ્રત્યે ફળોપધાયક યોગ્યતાવાળા કારણ તરીકે ક્યારેક જ બનતાં હોવા છતાં સ્વરૂપયોગ્યકારણ રૂપે તો હંમેશા હોય જ છે. જોકે સામાન્યથી તો અપ્રમત્તસંયતના રાગદ્વેષ પણ ક્યારેક જીવઘાતના ફળોપધાયક યોગ્યતાવાળા કારણ રૂપ બની જાય છે, છતાં પણ તેઓના ફળોપધાયક બનેલા પણ તે બે પ્રમાદરૂપ બનતા નથી, કેમકે જયણાયુક્ત પ્રવૃત્તિથી સહકૃત એવા તે બે આરંભિકીક્રિયાના અહેતુ જ રહે છે, (અર્થાત્ જયણાયુક્તપ્રવૃત્તિ તે રાગદ્વેષને આરંભિકીક્રિયાના હેતુ બનવામાં પ્રતિબંધક બને છે.) આવું પણ એટલા માટે છે કે અનાભોગસહકૃતજયણાયુક્ત રાગદ્વેષમાં યોગોનું દુષ્પ્રણિધાન પેદા કરવાનું સામર્થ્ય હોતું નથી, કારણકે સમ્યગ્ ઈર્યા (સમિતિ) યુક્ત પ્રવૃત્તિથી તે બેનું તેવું સામર્થ્ય દૂર કરાયેલું હોય છે. પ્રમત્તજીવોના રાગ–દ્વેષ આ રીતે પ્રમાદરૂપ ન બનવા સંભવતા નથી, કેમકે તેના અજયણાથી યુક્ત એવા તે

भ्यां प्राणि(ण)भूतानि हिनस्तीति । ' ततः संयतानां सर्वेषां द्रव्याश्रव एव भवति । तत्र प्रमत्तसंयतानामपवादपदप्रतिषेवणावस्थायामाभोगेऽपि ज्ञानादिरक्षाभिप्रायेण संयमपरिणामानपायाद् द्रव्यत्वम्, अन्यावस्थायां त्वनाभोगाद् । अप्रमत्तसंयतानां त्वपवादानधिकारिणां घात्यजीवविषयकाभोगप्रमादयोरभाव एवेत्यर्थादनाभोगसहकृतमविशेषितं मोहनीयं कर्मैव जीवघातादिकारणं संपन्नम्, (इति) तयोरेकतरस्याभावेऽप्यप्रमत्तसंयतानां द्रव्याश्रवो न भवत्येवेति । ततः प्रमत्तान्तानां प्रमादाद् अप्रमत्तानां तु मोहनीयानाभोगाभ्यां द्रव्याश्रवपरिणतिरिति सिद्धं, इति मोहं विना द्रव्याश्रवपरिणतिर्न स्वकारणप्रभवा केवलिनः संभवतीति चेत्? तत्राह—

**इतरथा** द्रव्याश्रवपरिणतेर्मोहजन्यत्वनियमे **द्रव्यपरिग्रहेण** वस्त्रपात्ररजोहरणादिलक्षणेन **युतो जिनो मोहवान् भवेत्**, द्रव्यहिंसाया इव द्रव्यपरिग्रहपरिणतेरपि त्वन्मते मोहजन्यत्वाद् ।

---

એ (રાગદ્વેષ) યોગોમાં અશુભત્વ લાવનાર હોઈ (એટલે કે યોગોનું દુષ્પ્રણિધાન કરનાર હોઇ) આરંભિકીક્રિયાના હેતુભૂત બને છે. તેથી જ પ્રમત્તજીવોથી અપવાદ સિવાય થયેલા જીવઘાતાદિ પ્રમાદસહકૃતઅનાભોગજન્ય હોય છે. **દશવૈકાલિકસૂત્ર** (અ૦૪)ની વૃત્તિમાં કહ્યું છે કે "અજયણાથી વિચરતો તે પ્રમાદ–અને અનાભોગ (રૂપ કારણો)થી જીવોને હણે છે." તેથી બધા સંયતોને દ્રવ્યાશ્રવ જ હોય છે એ વાત નક્કી થાય છે.

**[ પ્રમત્ત-અપ્રમત્તની દ્રવ્યાશ્રવપરિણતિના હેતુઓ–પૂ૦ ]**

તેમાં પ્રમત્ત સંયતોને અપવાદપદે થતી પ્રતિસેવા વખતે આભોગ હોવા છતાં પણ જ્ઞાનાદિની રક્ષાના અભિપ્રાયના કારણે સંયમપરિણામ દૂર ન થતો હોવાથી તે પ્રવૃત્તિમાત્ર દ્રવ્યાશ્રવ રૂપ બને છે, અપવાદ સિવાયની અવસ્થામાં અનાભોગના કારણે તે માત્ર દ્રવ્યાશ્રવરૂપ બને છે. જ્યારે અપ્રમત્તસંયત તો અપવાદના અનધિકારી હોઇ તેઓને ઘાત્યજીવવિષયક આભોગનો અભાવ હોય છે (કારણકે આભોગપૂર્વકની હિંસા સંયતોને તો માત્ર અપવાદપદે જ હોય છે.) અને અપ્રમાદ હોવાથી પ્રમાદનો પણ અભાવ હોય છે. તેથી અર્થાપત્તિથી જણાય છે કે અનાભોગસહકૃત એવું અવિશેષિત મોહનીયકર્મ જ જીવઘાતાદિનું કારણ બને છે, તેથી અનાભોગ અને મોહનીયકર્મ એ બેમાંથી એકના પણ અભાવમાં અપ્રમત્તસંયતોને દ્રવ્યાશ્રવ હોતો જ નથી. આમ "પ્રમત્ત સુધીના જીવોને પ્રમાદથી અને અપ્રમત્તજીવોને મોહનીયકર્મ–અનાભોગથી દ્રવ્યાશ્રવપરિણતિ હોય છે" એ વાત સિદ્ધ થાય છે. તેથી કેવલીઓને મોહરૂપ કારણ ન હોવાથી દ્રવ્યાશ્રવપરિણતિ સંભવતી નથી. [ જોકે કેવલીને અનાભોગ પણ હોતો નથી. તેમ છતાં 'અનાભોગ અને મોહરૂપ બંને કારણો ન હોવાથી' એમ ન કહેતાં માત્ર 'મોહરૂપ કારણ ન હોવાથી' એવું એટલા માટે કહ્યું છે કે પૂર્વપક્ષીએ ક્ષીણમોહ જીવની પણ કેવલી તરીકે ગણતરી કરી તેનામાં પણ દ્રવ્યાશ્રવપરિણતિનો અભાવ સિદ્ધ કરવો છે જેમાં અનાભોગ તો હોય છે. ]

**[ દ્રવ્યાશ્રવને મોહજન્યમાનવા સામે દ્રવ્યપરિગ્રહની પ્રતિબંદી-ઉત્તરપક્ષ ]**

**ઉત્તરપક્ષ :–** આવા પૂર્વપક્ષનો જવાબ આપવા ગ્રન્થકાર ઉત્તરાર્ધમાં 'इहरा' ઇત્યાદિ કહે છે. ઇતરથા=દ્રવ્યાશ્રવપરિણતિ જો નિયમા મોહજન્ય હોય તો વસ્ત્ર–પાત્ર–

न च धर्मोपकरणस्य द्रव्यपरिग्रहत्वमशास्त्रीयमिति शंकनीयम्, "[1]दव्वओ णाम एगे परिग्गहे णो भावओ, भावओ णामेगे णो दव्वओ, एगे दव्वओ वि भावओ वि, एगे णो दव्वओवि णो भावओवि। तत्थ अरत्तदुट्ठस्स धम्मोवगरणं दव्वओ परिग्गहो णो भावओ १। मुच्छियस्स तदसंपत्तीए भावओ णो दव्वओ २, एवं चेव संपत्तीए दव्वओ वि भावओवि ३ चरिमभंगो पुण सुन्नोत्ति ४॥" इति चतुर्भङ्ग्या दशवैकालिकपाक्षिकसूत्रवृत्तिचूर्ण्यादौ सुप्रसिद्धत्वात्। न च द्रव्यपरिग्रहयुतस्यापि भगवतो मोहवत्त्वमिष्यते, अतो न द्रव्याश्रवपरिणतिर्मोहजन्येति भावः ॥४९॥ अनयैव प्रतिबन्द्या केवलिनो द्रव्यहिंसायां सत्यां रौद्रध्यानप्रसङ्गं परापादितं परिहरन्नाह—

**एएणं दव्ववहे जिणस्स हिंसाणुबंधसंपत्ती।**

**इय वयणं पक्खित्तं सारक्खणभावसारिच्छा ॥५०॥**

(एतेन द्रव्यवधे जिनस्य हिंसानुबंधसंप्राप्तिः। इति वचनं प्रक्षिप्तं संरक्षणभावसादृश्यात्॥५०॥)

एएणं ति। एतेन द्रव्यपरिग्रहयुतस्यापि भगवतो मोहाभावेन–द्रव्यवधेऽभ्युपगम्यमाने जिनस्य हिंसानुबन्धसम्प्राप्तिः हिंसानुबन्धिरौद्रध्यानप्रसङ्गः, छद्मस्थसंयतानां हि घात्यजीव-

---

રજોહરણાદિરૂપ દ્રવ્યપરિગ્રહયુક્ત જિન પણ મોહવાળા હોવાની આપત્તિ આવશે, કેમકે દ્રવ્યહિંસાની જેમ દ્રવ્યપરિગ્રહપરિણતિ પણ તમારા અભિપ્રાય પ્રમાણે મોહજન્ય છે. –ધર્મોપકરણને દ્રવ્યપરિગ્રહરૂપે માનવું જ શાસ્ત્રીય નથી, તેથી તેની હાજરીથી કેવલીમાં મોહની હાજરી સિદ્ધ થતી નથી—એવી શંકા ન કરવી, કારણકે દશવૈકાલિકસૂત્ર અને પાક્ષિકસૂત્રની વૃત્તિ–ચૂર્ણિમાં જે ચતુર્ભંગી કહેલી છે તેના દ્વારા તેને દ્રવ્યપરિગ્રહરૂપે કહેલ જ છે. તે આ રીતે "કોઈક પરિગ્રહ દ્રવ્યથી હોય છે ભાવથી નહિ, કોઈક ભાવથી હોય છે દ્રવ્યથી નહિ, કોઈક દ્રવ્યથી અને ભાવથી બંનેથી હોય છે, અને કોઈક દ્રવ્યથી પણ અને ભાવથી પણ પરિગ્રહ હોતો નથી. એમાં અરક્તદ્વિષ્ટ સાધુનું ધર્મોપકરણ દ્રવ્યથી પરિગ્રહ છે. ભાવથી નહિ; મૂર્છાવાળી વ્યક્તિને તે વિષય ન મળે ત્યારે ભાવથી પરિગ્રહ છે દ્રવ્યથી નહિ; તે વિષય મળે ત્યારે દ્રવ્ય–ભાવ બંનેથી પરિગ્રહ છે અને છેલ્લો ભાંગો શૂન્ય છે." માટે ધર્મોપકરણો દ્રવ્યપરિગ્રહરૂપ છે જ, અને તેથી દ્રવ્યઆશ્રવરૂપ પણ છે જ. વળી કેવળી પાસે પણ રજોહરણાદિ ધર્મોપકરણ હોય તો છે જ. તેમ છતાં તેઓમાં મોહની હાજરી સંમત તો નથી જ. તેથી સિદ્ધ થાય છે કે 'દ્રવ્યાશ્રવપરિણતિ મોહજન્ય હોતી નથી.' ॥૪૯॥ આ દ્રવ્યપરિગ્રહની પ્રતિબંદીથી જ 'કેવલીને જો દ્રવ્યહિંસા હોય તો રૌદ્રધ્યાન પણ માનવાની આપત્તિ આવશે' એવી સામાએ આપેલી આપત્તિનો પરિહાર કરતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :—"કેવલીમાં દ્રવ્યહિંસાની હાજરી માનવામાં તો હિંસાનુબંધી રૌદ્રધ્યાન હોવાની આપત્તિ આવશે" એવું પૂર્વપક્ષવચન ઉપરમુજબની દલીલથી નિરસ્ત જાણવું, કારણકે સંરક્ષણભાવ બંનેમાં તુલ્ય હોય છે.

**[ કેવલીમાં દ્રવ્યહિંસા માનવામાં હિંસાનુબંધી રૌદ્રધ્યાનની આપત્તિ-પૂર્વપક્ષ ]**

**પૂર્વપક્ષ**:– 'કેવળીને દ્રવ્યહિંસા માનવામાં હિંસાનુબંધી રૌદ્રધ્યાન માનવાની આપત્તિ આવશે. તે આ રીતે–છદ્મસ્થસંયતના કાયાદિવ્યાપારો ઘાત્યજીવવિષયક અના-

---

[1] द्रव्यतो नामैकः परिग्रहो न भावतः, भावतो नामैको न द्रव्यतः, एको द्रव्यतोऽपि भावतोऽपि, एको न द्रव्यतोऽपि न भावतोऽपि। तत्राऽरक्तद्विष्टस्य धर्मोपकरणं द्रव्यतः परिग्रहो न भावतः १। मूर्छितस्य तदसंप्राप्तौ भावतो न द्रव्यतः २, एवं चैव सम्प्राप्तौ द्रव्यतोऽपि भावतोऽपि ३, चरमभङ्गः पुनः शून्यः ४ इति।

विषयकानाभोगसहकृतमोहनीयलक्षणसहकारिकारणवशेन कायादिव्यापारा जीवघातहेतवो भवन्ति, त एव च योगा धात्यजीवविषयकाभोगसहकृततथाविधमोहनीयक्षयोपशमादिसहकारिकारणविशिष्टा जीवरक्षाहेतव इत्यनुभवसिद्धम् । केवलिनस्तु योगाः पराभिप्रायेणानाभोगमोहनीयाद्यभावेन परिशेषात् केवलज्ञानसहकृता एव जीवघातहेतवो भवन्ति, केवलज्ञानेन 'एतावन्तो जीवा अमुकक्षेत्रादौ ममावश्यं हन्तव्याः' इति ज्ञात्वैव केवलिना तद्घातात्, तथा च तस्य जीवरक्षादिकं कदापि न भवेत्, केवलज्ञानसहकृततद्योगानां सदा घातकत्वात्, जीवघातस्येव जीवरक्षाया अप्यवश्यभावित्वेन परिज्ञानादुभयत्र केवलज्ञानस्य सहकारिकारणत्वकल्पने च केवलिनो योगानां जीवघातजीवरक्षाहेतू शुभाशुभत्वे सर्वकालं युगपद्भवतः । एतच्चानुपपन्नं, परस्परं प्रतिबन्धकत्वाद्, इत्येकतरस्याभ्युपगमे पराभिप्रायेण सर्वकालमशुभत्वमेव सिद्ध्यति, इति हन्तव्यचरमजीवहननं यावद्धिंसानुबन्धिरौद्रध्यानप्रसङ्गः--इत्येतद्वचनं परस्य प्रक्षिप्तं, संरक्षणभावस्य

---

ભોગથી સહકૃત મોહનીયકર્મ રૂપ સહકારી કારણવશાત્ જીવઘાતના હેતુઓ બને છે. એ જ કાયાદિ યોગો ઘાત્યજીવવિષયક આભોગથી સહકૃત મોહનીય કર્મના તથાવિધ ક્ષયોપશમરૂપ સહકારી કારણવિશિષ્ટ થએ છતે જીવરક્ષાના હેતુભૂત બને છે. એટલે કે અનાભોગ અને મોહનીકર્મ જો સહકારી હોય તો યોગોથી જીવઘાત થાય છે તેમજ આભોગ અને મોહનીયનો ક્ષયોપશમ જો સહકારી હોય તો યોગોથી જીવરક્ષા થાય છે. આ વાત અનુભવસિદ્ધ છે. હવે 'કેવલીના યોગો તમારા અભિપ્રાયમુજબ જો જીવઘાતના હેતુભૂત બનતા હોય તો, તેઓને અનાભોગ અને મોહનીયાદિનો અભાવ હોવાથી પારિશેષ ન્યાયમુજબ એ જ સિદ્ધ થાય કે કેવલજ્ઞાનથી સહકૃત થએ છતે જ તેઓ જીવઘાતના હેતુ બને છે, કેમકે કેવલજ્ઞાનથી 'અમુકક્ષેત્ર વગેરેમાં મારે આટલા જીવો અવશ્ય હણવાના છે' એવું જાણવા પૂર્વક જ કેવલીથી તેઓની હિંસા થાય છે. તેથી ફલિત એ થાય કે તેઓથી જીવરક્ષાદિ તો ક્યારેય થશે જ નહિ, કારણ કે તેઓમાં કેવલજ્ઞાનસહકૃત એવા યોગો હંમેશા જીવઘાતક જ બની રહે છે.–કેવલજ્ઞાનથી જીવઘાતની જેમ 'અમુક ક્ષેત્રાદિમાં મારે અમુકજીવો અવશ્ય બચાવવાના છે' એવું જીવરક્ષાનું પણ અવશ્યભાવી તરીકે જ્ઞાન થતું હોવાથી કેવલજ્ઞાન જીવરક્ષા પ્રત્યે પણ સહકારી કારણ બને છે (અને તેથી કેવલીના યોગોથી જીવરક્ષા પણ સંભવે જ છે)–ઇત્યાદિ જો કલ્પના કરશો તો આપત્તિ એ આવશે કે કેવલીના યોગો હંમેશા એકી સાથે જીવઘાત અને જીવરક્ષાના હેતુ તરીકે શુભ–અશુભરૂપે પરિણમશે. પણ એ વાત યોગ્ય તો નથી, કેમકે બન્ને એકબીજાના પ્રતિબંધક હોવાથી બેમાંથી એકનો તો અવશ્ય પ્રતિબંધ થઇ જ જશે. તેથી બેમાંથી એક જ માનવાનું રહે છે. અને 'તેનાથી જીવઘાત થાય છે' એવો તો તમારો અભિપ્રાય છે જ. માટે તેમાં સર્વકાલે અશુભત્વ જ હોવું સિદ્ધ થાય છે. એટલે પોતે હણવા યોગ્ય ચરમ જીવની હત્યા ન થાય ત્યાં સુધી તેના યોગો જીવહિંસા માટે જ વ્યાપૃત રહેતાં હોઇ ત્યાં સુધી હિંસાનુબંધી રૌદ્રધ્યાન હોવાની આપત્તિ આવશે.

[ દ્રવ્યપરિગ્રહના કારણે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનની આપત્તિ-ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ :**– આવું પૂર્વપક્ષવચન 'દ્રવ્યપરિગ્રહયુક્ત કેવલી ભગવાન્‌ને પણ મોહનો અભાવ હોય છે' એવું જે પ્રતિપાદન કર્યું તેનાથી નિરાકૃત જાણવું. કારણકે એ રીતે,

संरक्षणानुबन्धिरौद्रध्यानस्य सादृश्याद् द्रव्यपरिग्रहाभ्युपगमे भगवतस्तुल्ययोगक्षेमत्वात् । शक्यं ह्यत्रापि भवादृशेन वक्तुं छद्मस्थसंयतानां परिग्राह्यवस्तुविषयकानाभोगसहकृतमोहनीयलक्षणसहकारिकारणवशेन कायादिव्यापाराः परिग्रहग्रहणहेतवः, अत एव च परिग्राह्यवस्तुविषयकाऽऽभोगसहकृततथाविधमोहनीयक्षयोपशमादिसहकारिकारणविशिष्टाः परिग्रहत्यागहेतव इत्यनाभोगमोहनीयाभावे केवलियोगानां परिग्रहग्रहणे केवलज्ञानमेव सहकारिकारणमिति यावत्केवलिनो धर्मोपकरणधरणं तावत्संरक्षणानुबन्धिरौद्रध्यानमक्षतमेवेति । द्रव्यपरिग्रहेऽभिलाषमूलसंरक्षणीयत्वज्ञानाभावान्न रौद्रध्यानमिति यदि विभाव्यते तदा द्रव्यहिंसायामपि स्वयोगनिमित्तकहिंसाप्रतियोगिनि जीवे स्वेष्टहिंसाप्रतियोगित्वरूपघात्यत्वज्ञानाभावादेव न तदिति प्रगुणमेव पन्थानं किमिति न वीक्षसे ? ॥५०॥

–अथ वस्त्रादिधरणं साधोरुत्सर्गतो नास्त्येव, कारणिकत्वात्, "[1]तिहिं ठाणेहिं वत्थं धरेज्जा- हिरिवत्तियं, परीसहवत्तियं दुगंछावत्तियं" इत्यागमे (स्थानाङ्गे) अभिधानात्, किन्त्वापवादिकम् । तद्धरणकारणं च जिनकल्पायोग्यानां स्थविरकल्पिकानां सार्वदिकमेव, निरतिशयत्वाद्, इति तद्धरणमपि सार्वदिकं प्राप्तम् । तदुक्तं विशेषावश्यके–

---

કેવલીમાં દ્રવ્યપરિગ્રહ જે માન્યો છે તેના સંબંધી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન માનવાની પણ આપત્તિ સમાન જ છે. તે પણ એટલા માટે કે તમારા જેવા તો આને અંગે પણ કહી શકે છે કે 'છદ્મસ્થસાધુઓના કાયાદિવ્યાપારો પરિગ્રાહ્ય વસ્તુ સંબંધી અનાભોગથી સહકૃતમોહનીયરૂપ સહકારી કારણવશાત્ પરિગ્રહ સ્વીકારના હેતુભૂત બને છે, અને તેથી જ પરિગ્રાહ્યવસ્તુવિષયક આભોગથી સહકૃત એવા મોહનીય કર્મના તથાવિધ ક્ષયોપશમાદિ રૂપ સહકારીકારણવિશિષ્ટ થયેલા તે યોગો પરિગ્રહત્યાગના હેતુભૂત બને છે. હવે કેવલીમાં તો અનાભોગ અને મોહનીયનો અભાવ જ હોય છે. અને તેમ છતાં તેઓને દ્રવ્ય પરિગ્રહનું ગ્રહણ તો હોય જ છે. માટે માનવું પડે કે તે પરિગ્રહના ગ્રહણમાં કેવલજ્ઞાન જ કેવલીના યોગોને સહકારી બને છે. તેથી જેમ દ્રવ્યહિંસા માનવામાં કેવલીના યોગોમાં એક સાથે શુભત્વ–અશુભત્વ હોવાની આપત્તિ, પરસ્પરપ્રતિબધ્ય–પ્રતિબંધકભાવ ધરાવતાં તે બે માંથી એકની જ હાજરી માનવામાં અશુભત્વની હાજરીની સિદ્ધિ, વગેરે રૂપ જેવી કલ્પનાઓ કરી હતી તેવી કલ્પના દ્રવ્યપરિગ્રહ અંગે પણ કરવી પડશે. અને તેથી કેવલીઓએ જ્યાં સુધી ધર્મોપકરણ ધારી રાખવાના હોય ત્યાં સુધી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનની હાજરી અબાધિત રહેશે.–પરિગ્રહ અંગેનું 'આ મારે સંરક્ષણીય છે' એવું જ્ઞાન અભિલાષાપૂર્વક હોય તો જ રૌદ્રધ્યાન પ્રવર્તે છે. કેવલીઓને દ્રવ્યપરિગ્રહ અંગેનું સંરક્ષણીયજ્ઞાન અભિલાષપૂર્વક હોતું નથી, માટે એ રૌદ્રધ્યાન રૂપ હોતું નથી.–એવું જો માનતાં હો તો 'મારે જે હિંસા ઇષ્ટ છે તેનો આ પ્રતિયોગી (વધ્ય) જીવ છે' ઈત્યાદિ રૂપે સ્વઇષ્ટ વિષય તરીકે ઘાત્યજીવનું જ્ઞાન હોય તો જ રૌદ્રધ્યાન પ્રવર્તે છે. કેવલીને આવું જ્ઞાન ન હોવાથી જ દ્રવ્યહિંસા હોવા છતાં રૌદ્રધ્યાન હોતું નથી એવું પણ કેમ માનતા નથી? ॥ ૫૦ ॥

¹ विहियं सुए च्चिय जओ धरेज्ज तिहिं कारणेहिं वत्थं ति । तेणं च्चिय तदवस्सं णिरतिसएणं धरेयव्वं ॥२६०२॥

²जिणकप्पाजोग्गाणं हीकुच्छपरिसहा जओ वस्सं । ही लज्जत्ति व सो संजमो तयत्थं विसेसेणं ॥२६०३॥

ति । भगवतश्च यद्यपि वस्त्रादिधरणं ह्रीकुत्सापरिषहप्रत्ययं न संभवति, तस्य तदभावात्, तथापि शीतोष्णादिपरीषहप्रत्ययं तत्, आहारनिमित्तक्षुत्पिपासापरीषहवद्वस्त्रधरणनिमित्तशीतोष्णादिपरिषहसत्ताया अपि भगवत्त्वविरोधात्, 'तथा प्रकारेण तथाविधं कर्म क्षपणीयं' इत्यभिप्रायाच्च न रागादिविकल्पः, तथाविधसाध्वाचारस्थितिपरिपालनाभिप्रायेणैव वा तद्, इति धर्मार्थमित्युपगृहीतत्वाद् द्रव्यपरिग्रहे भगवतो न दोषः । यज्जातीयद्रव्याश्रवे संयतानामनाभोगेनैव प्रवृत्तिस्तज्जातीयद्रव्याश्रवस्यैव मोहजन्यत्वाभ्युपगमादनर्थदण्डभूतद्रव्यहिंसादेरेव तथात्वाद्, धर्मोपकरणरूपे द्रव्याश्रवे तु संयतानां नानाभोगेनैव प्रवृत्तिः, किन्तु धर्मार्थमत्याऽपरिग्रहत्वाभोगेनैव, (? धर्मार्थमत्या परिग्रहत्वाभोगेनैव,) इति स्वकारणलब्धजन्मनस्तस्य भगवत्त्वविरोधः इत्याशङ्कायामाह—

## [ દ્રવ્યપરિગ્રહ આપવાદિક હોઇ કેવલીને દોષાભાવ-પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ :–** સાધુઓએ ઉત્સર્ગથી તો વસ્ત્રાદિ રાખવાના હોતા જ નથી, કારણકે ઠાણાંગમાં 'ત્રણ કારણોએ વસ્ત્ર રાખવા, લજ્જા નિમિત્તે, પરિષહનિમિત્તે અને જુગુપ્સા નિમિત્તે' ઇત્યાદિરૂપે તેને સકારણ જ રાખવાના કહ્યા છે. તેથી વસ્ત્રધારણ આપવાદિક છે. તેને ધારી રાખવાના ઉક્ત કારણોમાંથી એક કે અનેક કારણ જિનકલ્પને અયોગ્ય સ્થવિરકલ્પીસાધુઓમાં હંમેશા હાજર હોય છે, કારણ કે તેઓ તેવા અતિશય વિનાના હોય છે. માટે તેઓએ વસ્ત્રને હંમેશા રાખવા પડે છે. વિશેષાવશ્યકમાં કહ્યું છે કે 'ત્રણ કારણોએ વસ્ત્ર રાખવા એવું શ્રુતમાં જ કહ્યું છે. તેથી અતિશયશૂન્યસાધુએ અવશ્ય વસ્ત્ર રાખવા જોઈએ, કારણ કે જિનકલ્પને અયોગ્યસાધુઓને હ્રી કુત્સા અને પરિષહો અવશ્ય હંમેશાં હોય છે. તેમાંથી હ્રી એટલે લજ્જા...સંયમરૂપ લજ્જા. તેથી તે માટે તો વિશેષે કરીને વસ્ત્ર રાખવા જોઈએ." જો કે કેવળી ભગવાન્‌ને હ્રી–કુત્સાપરીષહ નિમિત્તે વસ્ત્રધારણ સંભવતું નથી, કેમ કે તેઓને હ્રી–કુત્સાપરીષહ હોતાં નથી, તો પણ શીત–ઉષ્ણ વગેરે પરીષહ નિમિત્તે વસ્ત્રધારણ તો અબાધિત પણે સંભવે છે, કેમકે આહારક્રિયાના કારણભૂત ક્ષુધા–પિપાસા વગેરે પરીષહોની હાજરીની જેમ વસ્ત્રધારણના કારણભૂત શીત–ઉષ્ણાદિપરીષહોની હાજરી પણ તેઓમાં અબાધિતપણે સંભવે જ છે. વસ્ત્રાદિ આવા કારણોએ રાખ્યા હોવા છતાં તેમાં રાગાદિ વિકલ્પ થવાથી એ ભાવપરિગ્રહરૂપ જ બની જશે એવી પણ સંભાવના હોતી નથી, કારણકે "તે તે વિશેષપ્રકારનું કર્મ આ રીતે જ ખપાવવાનું છે" એવા અભિપ્રાયથી વસ્ત્રાદિધારણ હોઈ રાગાદિ વિકલ્પ જ સંભવતા નથી. અથવા તો સાધ્વાચારની તેવા પ્રકારની મર્યાદાનું પરિપાલન કરવાના અભિપ્રાયથી જ વસ્ત્રાદિનું ધારણ હોઈ રાગાદિ વિકલ્પ થતા નથી. આમ 'આ ધર્મ માટે છે' ઇત્યાદિ બુદ્ધિથી ઉપગૃહીત હોવાના કારણે કેવલી ભગવાનને દ્રવ્યપરિગ્રહ હોવામાં કોઇ દોષ રહેતો નથી.

१ विहितं श्रुत एव यतो धारयेत्त्रिभिः कारणैः वस्त्रमिति । तेनैव तदवश्यं निरतिशयेन धारयितव्यम् ॥

२ जिनकल्पायोग्यानां ह्रीकुत्सापरिषहा यतोऽवश्यम् । ह्री लज्जेति वा स संयमस्तदर्थं विशेषेण ॥ इति ।

अववाओवगमे पुण इत्थं नूणं पइण्णहाणी ते ।
पावंति असुहजोगा एवं च जिणस्स तुज्झ मए ॥५१॥

(अपवादोपगमे पुनरित्थं नूनं प्रतिज्ञाहानिस्ते । प्राप्नुवन्ति अशुभयोगा एवं च जिनस्य तव मते ॥५१॥)

'**अववाओवगमे पुण**' त्ति । अत्र भगवतो द्रव्यपरिग्रहे, अपवादोपगमेऽपवादाङ्गीकारे **पुनस्ते तव प्रतिज्ञाहानिः** 'अपवादप्रतिषेवणं च संयतेष्वपि प्रमत्तस्यैव भवति' इति तव प्रतिज्ञेति । **च पुनः एवं** धर्मोपकरणसद्भावेनापवादतो द्रव्याश्रवाभ्युपगमे **तव मते जिनस्याशुभयोगाः प्राप्नुवन्ति** । इदं हि तव मतम्—

[ અનાભોગજન્ય દ્રવ્યઆશ્રવ જ મોહજન્ય-પૂ૦ ]

–તેમ છતાં દ્રવ્યાશ્રવ મોહસત્તાજન્ય હોવાથી કેવળીઓમાં મોહસત્તા માનવાનો દોષ તો ઊભો જ રહેશે ને !–એવી શંકા પણ ન કરવી, કારણકે જે પ્રકારના દ્રવ્યાશ્રવમાં સાધુઓની અનાભોગથી જ પ્રવૃત્તિ થતી હોય તે પ્રકારનો દ્રવ્યાશ્રવ જ મોહસત્તાજન્ય મનાયો છે. જેનાથી સંયમ વગેરે રૂપ કોઇ અર્થ (પ્રયોજન) સરતું નથી તેવી અનર્થદંડભૂત હિંસા વગેરે સાધુઓથી અનાભોગથી જ થઈ જતી હોવાથી તે મોહજન્ય છે. પણ ધર્મોપકરણરૂપ દ્રવ્યાશ્રવમાં સાધુઓ અનાભોગથી જ પ્રવર્તે છે એવું નથી, પણ ધર્માર્થબુદ્ધિથી 'આ (ભાવથી) અપરિગ્રહરૂપ છે' [ કે પછી, 'આ (દ્રવ્યથી) પરિગ્રહરૂપ છે'] એવા આભોગપૂર્વક જ પ્રવર્તે છે. માટે એ મોહજન્ય હોતો નથી. તેથી (વસ્ત્રાદિ રાખવાના) હ્રી વગેરેરૂપ સ્વકારણો ઊભા થએ છતે પ્રવર્તેલો તે દ્રવ્યપરિગ્રહ કેવલી ભગવાન્‌માં હોય તો એમાં કોઇ વિરોધ નથી. આવા પૂર્વપક્ષને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે–

[ દ્રવ્યપરિગ્રહને આપવાદિક માનવામાં પૂર્વપક્ષીને પ્રતિજ્ઞાહાનિદોષ ]

**ગાથાર્થ** :– આ દ્રવ્યપરિગ્રહની બાબતમાં અપવાદ માનવામાં તમારી પ્રતિજ્ઞા હણાઈ જશે. વળી આ રીતે તમારા અભિપ્રાયમાં તો કેવળીઓમાં અશુભયોગો હોવાની પણ આપત્તિ આવશે.

"કેવલીભગવાન્‌નો દ્રવ્યપરિગ્રહ તો કારણિક હોઈ અપવાદરૂપ હોય છે" એવું માનવામાં 'અપવાદસેવન સંયતોમાં પણ પ્રમત્તને જ હોય છે' એવી તમારી પ્રતિજ્ઞા હણાઇ જશે. વળી આમ ધર્મોપકરણની હાજરી હોવાના કારણે અપવાદથી દ્રવ્યાશ્રવ સ્વીકારવામાં, કેવળીઓમાં અશુભયોગોની હાજરીની તમારા મત મુજબ આપત્તિ આવશે. કારણકે તમારો મત આવો છે—

[ યોગો અશુભ શી રીતે બને ? પૂર્વપક્ષવિચારણા ]

**પૂર્વપક્ષ** :– યોગો જીવઘાતના ફળોપહિતયોગ્ય હેતુ બનવા માત્રથી અશુભ બની જતાં નથી, કિન્તુ ઘાત્યજીવવિષયક આભોગ પૂર્વક થતાં જીવઘાતના ફળોપધાનયોગ્ય (ફળોત્પત્તિ કરી આપનાર યોગ્યતાવાળા) હેતુ બનવાથી અશુભ બને છે. જો આવું ન માનીએ તો **ભગવતીસૂત્રમાં** (શ. ૧ ઉ. ૧) જે કહ્યું છે કે 'જેઓ અપ્રમત્ત હોય છે તેઓ આત્મારંભી હોતા નથી, પરારંભી હોતા નથી, તદુભયારંભી હોતાં નથી, અનારંભી હોય છે.' તે

योगानामशुभत्वं तावन्न जीवघातहेतुत्वमात्रेण, उपशान्तगुणस्थानं यावदप्रमत्तसंयतानां कदाचित्सद्भूतजीवघातसंभवेन "[1]तत्थ णं जे ते अपमत्तसंजया ते णं णो आयारंभा णो परारंभा णो तदुभयारंभा अणारंभा' [ भग० श० १ उ० १ ] इत्यागमप्रतिपादिताऽनारंभकत्वानुपपत्तिप्रसक्तेः अशुभयोगानामारंभकत्वव्यवस्थितेः, किन्तु फलोपहितयोग्यतया घात्यजीवविषयकाभोगपूर्वकजीवघातहेतुत्वेन । अत्र 'फलोपहितयोग्यतया' इति पदं केवलियोगानामशुभत्वनिवारणार्थमेव, तेषां स्वरूपयोग्यतयैव यथोक्तजीवघातहेतुत्वाद्, न पुनः फलोपहितयोग्यतयापि, कारणानामभावात् ।

तथाऽशुभत्वं प्रमत्तयोगानामेव, तदभिव्यञ्जकं तु प्रमत्तयोगानां फलवच्छुभाशुभत्वाभ्यां द्वैविध्याभिधायकमागमवचनमेव । तथा हि '[2]तत्थ णं जे ते पमत्तसंजया ते णं सुहं जोगं पडुच्च णो आयारंभा जाव अणारंभा । असुहं जोगं पडुच्च आयारंभावि जाव णो अणारंभत्ति' । अत्रापि प्रमत्त-

---

અસંગત બનવાની આપત્તિ આવે. તે આ રીતે-ઉપશાન્તમોહગુણઠાણા સુધીના અપ્રમત્ત સંયતોના યોગથી પણ ક્યારેક જીવઘાત થઇ જવો સંભવે છે. અર્થાત્ તેના યોગો પણ ફળોપહિતયોગ્ય ક્યારેક બની જાય છે. તેથી એટલા માત્રથી જો એ યોગો અશુભ થઇ જાય તો તો અપ્રમત્ત સાધુઓને આરંભક પણ કહેવા પડે, કેમ કે અશુભયોગો જ જીવને આરંભક બનાવે છે. આના પરથી નક્કી થાય છે કે તાદૃશજીવઘાતનો ફળોપહિતયોગ્ય હેતુ બનનાર યોગ જ અશુભ છે. આમાં ફળોપહિતયોગ્ય એવું જે કહ્યું છે તે કેવલીના યોગો અશુભ ન ઠરી જાય એ માટે જ કહ્યું છે. કેવલીના યોગો આભોગપૂર્વક થતાં જીવઘાતના સ્વરૂપયોગ્ય હેતુ જ બની રહે છે ફળોપધાનયોગ્ય નહિ, કેમકે સહકારી કારણોનું સાન્નિધ્ય ન સાંપડવાથી તેઓ ક્યારેય સદ્ભૂતજીવઘાતરૂપ ફળની ઉત્પત્તિ કરી શકતાં નથી.

[ પ્રમત્તના યોગો જ અશુભ હોય-પૂર્વપક્ષ ]

(તથા પૂર્વપક્ષીનો આ પણ એક મત છે કે) પ્રમત્તના યોગો જ અશુભ હોય છે (અર્થાત્ અપ્રમત્તના નહિ.) એ વાત પ્રમત્તના યોગોના 'ફળતઃ શુભ અને અશુભ' એવા બે પ્રકાર જણાવનાર આગમવચનથી જણાય છે. તે આગમવચનનો ભાવાર્થ– "તેમાં જેઓ પ્રમત્તસંયત હોય છે તેઓ શુભયોગની અપેક્ષાએ આત્મારંભી વગેરે હોતા નથી અનારંભી હોય છે અને અશુભયોગની અપેક્ષાએ અશુભયોગમાં હોય ત્યારે આત્મારંભી વગેરે હોય છે અનારંભી હોતા નથી." આ બાબતમાં પણ ઊંડો વિચાર કરવાથી જણાય છે કે પ્રમત્તસંયતોની બે અવસ્થા હોય છે. અશુભયોગ વખતે આરંભક અવસ્થા અને તે સિવાયના કાળમાં અનારંભક અવસ્થા. આ બન્ને અવસ્થા વખતે તેઓમાં સામાન્યતઃ પ્રમત્તતા તો હોય જ છે. તેથી તે પ્રમત્તતા તેઓમાં બાધિત ન થઇ જાય એ માટે તેઓના યોગોને આભોગપૂર્વક થતાં જીવઘાતના સ્વરૂપયોગ્ય હેતુ માનવા પડે છે. તેમજ ક્યારેક અશુભયોગ વખતે તેઓમાં આવતા આરંભકત્વની સિદ્ધિ માટે તેઓમાં ઘાત્યજીવવિષયક વ્યક્ત આભોગ પણ માનવો જ પડે છે, કારણકે આભોગપૂર્વક થતાં જીવઘાતનું ફળોપધાયક કારણ બનનાર યોગો જ અશુભ હોઇ આરંભકત્વ લાવી શકે છે. તેથી આભોગવાળા જ કોઇક

---

१ तत्र ये तेऽप्रमत्तसंयतास्ते नो आत्मारंभा नो परारंभा नो तदुभयारंभाः अनारम्भाः ।

२ तत्र ये ते प्रमत्तसंयतास्ते शुभं योगं प्रतीत्य नो आत्मारम्भा यावदनारम्भाः । अशुभं योगं प्रतीत्यात्मारंभा अपि यावन्नो अनारम्भा इति ।

संयतानां सामान्यतः प्रमत्ततासिद्ध्यर्थं तदीययोगानां स्वरूपयोग्यतयाऽऽभोगपूर्वकजीवघातहेतुत्वं वक्तव्यं, कादाचित्काशुभयोगजन्यारम्भकत्वसिद्ध्यर्थं चाभोगोऽपि घात्यजीवविषयत्वेन व्यक्तो वक्तव्यः, तद्वत एव कस्यचित्प्रमत्तस्य सुमङ्गलसाधोरिवापवादावस्थां प्राप्तस्यात्माद्यारम्भकत्वात्, संयतत्वं च तस्य तदानीमपवादपदोपाधिकविरतिपरिणामस्यानपायाद् । न चैवमप्रमत्तसंयतस्य भवति, तस्यापवादपदाधिकारित्वाभावेनाभोगपूर्वकजीवघातहेतूनां योगानामभावात् ।

यस्त्वपवादप्रतिषेवणाराहित्यावस्थायामप्यप्रमत्तानामिव सद्भूतजीवघातः स चानाभोगजन्य एव, तदानीमनाभोगस्यापि तस्य विद्यमानत्वाद्, अत एवाप्रमत्तानामिव योगानां शुभत्वेन नात्माद्यारम्भकत्वमिति ।

फलोपहितयोग्यतास्वरूपयोग्यतयोश्चायं भेदः 'यस्य यदन्तर्गतत्वेन विवक्षितकार्यं प्रति कारणता तस्य तदन्तर्गतत्वेनैव फलवत्तया फलोपहितयोग्यता,' 'अन्यथा तु स्वरूपयोग्यता,

---

**સુમંગલસાધુની** જેમ અપવાદઅવસ્થાને પામેલા પ્રમત્તસાધુ આત્મારંભક વગેરે બને છે. વળી આભોગપૂર્વક પણ જીવઘાત હોવા છતાં જ્ઞાનાદિની વૃદ્ધિ કે રક્ષા માટે અપવાદપદે એ પ્રવૃત્તિ હોઈ વિરતિપરિણામ ખંડિત થતો નથી અને તેથી સંયતપણું પણ જળવાઈ રહે છે. (તાત્પર્ય એ છે કે આભોગપૂર્વકની તાદૃશપ્રવૃત્તિ વિરતિપરિણામની પ્રતિબંધક છે અને જ્ઞાનાદિની વૃદ્ધિ–રક્ષાનો પરિણામ એ વિરતિપરિણામનો ઉત્તેજક છે. આમ સંયતપણું જળવાઈ રહેવા છતાં પ્રમત્તના યોગો અશુભ શી રીતે બને છે એ દેખાડયું.) આ રીતે અપ્રમત્તસંયતના યોગો અશુભ હોવા સંભવતા નથી, કારણકે અપવાદપદનો અધિકાર ન હોવાથી, આભોગપૂર્વક થતી જીવહિંસાના હેતુભૂત યોગો જ હોતા નથી. (જીવનો આભોગ=ખ્યાલ હોવા છતાં સંયતોની જે હિંસાજનકપ્રવૃત્તિ થાય છે તે અપવાદપદે જ થાય છે. અને તે પ્રવૃત્તિરૂપ યોગો આભોગપૂર્વકની હિંસાના હેતુભૂત કહેવાય છે. અપ્રમત્તને અપવાદપદ ન હોઇ તેવી પ્રવૃત્તિ હોતી નથી. માટે તેના યોગો તેવી હિંસાના હેતુ બનતા નથી.) માટે નક્કી થાય છે કે પ્રમત્તના જ યોગો અશુભ હોય છે.

**[ પ્રમત્તનો અપવાદભિન્ન જીવઘાત અનાભોગજન્ય જ હોય-પૂર્વપક્ષ ]**

વળી અપવાદસેવન વગરની અવસ્થામાં અપ્રમત્તની જેમ પ્રમત્તથી જે જીવઘાત થઇ જાય છે તે તો અનાભોગજન્ય જ હોય છે. (અહીં 'જ'કાર યોગાદિનો વ્યવચ્છેદ કરવા નથી કિન્તુ આભોગનો વ્યવચ્છેદ કરવા છે. અર્થાત્ આભોગજન્ય હોતો નથી.) કારણકે ત્યારે જીવવિષયક અનાભોગ પણ હાજર હોય જ છે. [નહિતર તો એનું સંયતપણું જ ઘવાઈ જાય, કારણકે અપવાદનો અવસર ન હોય (અને તેથી જ્ઞાનાદિવૃદ્ધિનો આશય ન હોય) અને તેમ છતાં આભોગપૂર્વક જીવહિંસા થાય તો તો તે જીવઅંગેની વિરતિનો પરિણામ ન ટકવાથી સર્વવિરતિ પણ ટકતી નથી.] તેથી તે વખતના યોગો તો આભોગપૂર્વકના જીવઘાતનું ફળોપધાયક કારણ ન બનતાં હોઈ શુભ જ રહે છે. માટે અપ્રમત્તની જેમ પ્રમત્ત પણ એ વખતે આત્મારંભક વગેરે બનતો નથી.

सत्यपि तस्य कारणत्वे तदितरसकलकारणराहित्येन विवक्षितकार्याऽजनकत्वात्'। परं स्वरूपयोग्यता एकस्मिन्नपि कारणे सजातीयविजातीयानेकशुभाशुभकार्याणां नानाप्रकारा आधाराधेयभावसम्बन्धेन सह जाताः कारणसमानकालीनाः, फलोपहितयोग्यतास्तु स्वरूपयोग्यताजनिता अपि कादाचित्का एव, तदितरसकलकारणसाहित्यस्य कादाचित्कत्वात्, यच्च कादाचित्कं तत्केषाञ्चित्कारणानां कदाचिदपि न भवन्त्येव, तेन फलोपहितयोग्यताः केषाञ्चित्कारणानां संभवन्त्योऽपि कादाचित्क्य एव मन्तव्याः, अत एव केवलिनां योगा अशुभकार्यमात्रं प्रति सर्वकालं स्वरूपयोग्यताभाज एव भवन्ति, न पुनः कदाचिदपि फलोपहितयोग्यताभाजोऽपि, अशुभकार्यमात्रस्य कारणानां ज्ञानावरणोदयादिघातिकर्मणामभावेन तदितरसकलकारणसाहित्याभावात्। शुभकार्याणां तु यथासंभवं कदाचित्फलोपहितयोग्यतापि स्यात्, तथैव तदितरसकलकारणसाहित्यस्य सम्भवादिति न कश्चिद्विरोधः।

---

[ ફળોપહિત-સ્વરૂપ યોગ્ય યોગોનો ભેદ-પૂર્વપક્ષવિચારણા ]

યોગોના ફળોપહિતયોગ્ય અને સ્વરૂપયોગ્ય એવા જે બે પ્રકાર છે તેનો ભેદ આવો જાણવો. જે કારણ, જે કારણસામગ્રીમાં અંતર્ગત રહીને (એકઘટક બનીને) વિવક્ષિતકાર્ય પ્રત્યે કારણ હોય તે, તે કારણસામગ્રીમાં અંતર્ગત રહીને જ ફળવાન્ બને (ફળોત્પત્તિ કરી આપે) તો ફળોપહિતયોગ્ય કારણ કહેવાય છે. અને સામગ્રીની વિકલતાને લીધે ફળવાન્ ન બને તો સ્વરૂપયોગ્ય કારણ કહેવાય છે કારણકે તે સ્વયં કારણરૂપ હોવા છતાં ઇતરસકલ કારણોનું સાંનિધ્ય પ્રાપ્ત થયું ન હોવાથી કાર્યનું અજનક જ રહે છે વળી એમાં એ પણ વિશેષતા હોય છે કે 'એક જ કારણમાં પણ, સજાતીય-વિજાતીય અનેક શુભ -અશુભ કાર્યોની અનેક પ્રકારની સ્વરૂપયોગ્યતાઓ તે કારણની પોતાની ઉત્પત્તિ થઇ હોય ત્યારે સાથે જ આધાર-આધેય ભાવસંબંધથી તેમાં ઉત્પન્ન થઈ ગયેલી હોય છે અને તેથી સ્વરૂપયોગ્યતાઓ કારણને સમાનકાલીન હોય છે (કારણ ટકે ત્યાં સુધી ટકનાર હોય છે.) જ્યારે ફળોપહિતયોગ્યતાઓ સ્વરૂપયોગ્યતાજનિત હોવા છતાં સ્વરૂપયોગ્યતાને સમાનકાલીન હોતી નથી (અને તેથી કારણને સમાનકાલીન હોતી નથી) કિન્તુ ક્યારેક જ ઉત્પન્ન થાય છે, કારણકે બીજા સઘળાં કારણોના સાન્નિધ્યની પણ તેને અપેક્ષા હોય છે, જે સાંનિધ્ય ક્યારેક જ પ્રાપ્ત થાય છે. વળી જે (ફળોપહિતયોગ્યતા) કાદાચિત્ક હોય તે તો કોઇક કોઈક (સ્વરૂપયોગ્ય) કારણમાં (કે જેને ઈતર સકલ કારણસામગ્રીનું સાંનિધ્ય જ ક્યારેય સાંપડવાનું નથી તેમાં) ક્યારેય ઉત્પન્ન જ ન થાય એવું પણ બને છે. તેથી 'ફળોપહિતયોગ્યતા સામાન્યથી દરેક સ્વરૂપયોગ્ય કારણોમાં નહિ પણ કોઇ કોઇ સ્વરૂપયોગ્ય કારણમાં સંભવે છે અને તેમાં પણ તે કાદાચિત્ક જ હોય છે' એ જાણવું.

[ કેવળીના યોગો જીવઘાતાદિ અશુભના ફળોપધાયક ક્યારેય ન બને-પૂ૦ ]

તેથી જ 'કેવલીઓના યોગો કોઇપણ અશુભકાર્ય પ્રત્યે હંમેશા સ્વરૂપયોગ્ય જ

इत्थं चापवाददशायां प्रमत्तसंयतानां योगानां फलोपहितयोग्यतयाऽऽभोगपूर्वकजीवघातहेतुत्वेन यथाऽशुभत्वं तथा केवलिन आपवादिकस्य धर्मार्थमत्या धर्मोपकरणस्य धरणेऽपि त्वन्मतनीत्याऽऽभोगपूर्वकपरिग्रहग्रहणस्य फलोपहितयोग्यतया हेतूनां योगानामशुभत्वापत्तिः स्फुटैवेति ।

अथ यद्यपवादेन धर्मोपकरणग्रहणं भगवतोऽभ्युपगम्यते तदा स्यादयं दोषः, अपवादं च केवलिनः कदापि नाभ्युपगच्छामः, तस्य प्रतिषिद्धप्रतिषेवणात्मकत्वेन स्वरूपतः सावद्यत्वात्, निरवद्यत्वं चास्य पुष्टालंबनप्रतिषेवितस्य रोगविशेषविनाशकस्य परिकर्मितवत्सनागस्येव प्रायश्चित्तप्रतिपत्त्यादिना सोपाधिकमेव । यापि "[1]गंगाए णाविओ णंदो" इत्यादिव्यतिकरोपलक्षितस्य

રહે, અને ક્યારે ય પણ ફળોપહિતયોગ્ય ન બને' એ વાત અસંભવિત રહેતી નથી. અને તેથી વાસ્તવિકતા તેવી જ બને છે, (એટલેકે કેવળીના યોગો ક્યારેય જીવઘાતાદિરૂપ અશુભના ફળોપધાયકકારણ બનતા નથી, એટલે કે કેવળીના યોગોથી ક્યારે ય જીવઘાતાદિ થતા નથી,) કારણકે અશુભકાર્ય માત્રની સામગ્રીમાં જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મનો ઉદય સામેલ હોય છે. જેનો કેવળીઓમાં અભાવ હોઈ (તે અશુભકાર્યના ઘાતીકર્મના ઉદયાદિરૂપ તે) ઈતરસકલ કારણોના સાંનિધ્યનો પણ યોગોમાં હંમેશા અભાવ જ રહે છે. જ્યારે શુભકાર્ય પ્રત્યે તેના યોગો યથાસંભવ કયારેક ફળોપહિતયોગ્ય પણ બને છે, કેમકે તે કાર્યની ઇતરસામગ્રીનું (જેમાં જ્ઞાનાવરણાદિના ઉદયાદિનો સમાવેશ નથી તેનું) સાંનિધ્ય સંભવિત છે. આમ કેવળીના યોગો ફળોપહિત યોગ્યતાનો અભાવ હોઈ જીવઘાતાત્મક દ્રવ્યહિંસા રૂપ ફળ કયારેય ઉત્પન્ન કરતાં નથી એમ માનવામાં કોઈ વિરોધ નથી. (ગ્રન્થકારે દેખાડેલો પૂર્વપક્ષનો મત પૂરો થયો.)

**ઉત્તરપક્ષ** :–અપવાદ અવસ્થાને પામેલા પ્રમત્તસંયતના યોગો આભોગપૂર્વક થતા જીવઘાતના ફળોપહિતયોગ્ય હેતુ બનતા હોઈ તમારા આવા મત પ્રમાણે જેમ અશુભ છે તેમ ધર્મના પ્રયોજનની બુદ્ધિથી આપવાદિક ધર્મોપકરણ રાખવામાં કેવલીના યોગો પણ પરિગ્રહના આભોગપૂર્વક થતા ગ્રહણના ફળોપહિતયોગ્ય હેતુ બનતા હોઈ, તમારા અભિપ્રાયમુજબ સ્પષ્ટપણે અશુભ સિદ્ધ થાય છે.

[ કેવલીનું ધર્મોપકરણધારણ આપવાદિક હોતું નથી.—પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ** :– કેવલી ભગવંતો ધર્મોપકરણનું જે ગ્રહણ કરે છે તે અપવાદપદે કરે છે એવું માનીએ તો તેઓના યોગો અશુભ હોવાની આ રીતે આપત્તિ આવે, પણ તેવું અમે માનતા જ નથી, કારણકે કેવલીઓને કયારેય પણ અપવાદ હોવો જ અમે સ્વીકારતા નથી. તે આ રીતે–ઉત્સર્ગપદે જેનો નિષેધ હોય તેનું વિશેષ કારણોની હાજરીમાં પ્રતિસેવન કરવું એ અપવાદ કહેવાય છે. આનો ઉત્સર્ગથી જે નિષેધ કર્યો હોય છે તે જણાવે છે કે એ સ્વરૂપે સાવદ્ય હોય છે. તેમ છતાં જેમ સ્વરૂપે મારક એવું પણ વત્સનાગ (ઝેર) પરિકર્મિત કર્યા પછી, વિશેષપ્રકારના રોગવાળી અવસ્થામાં તે રોગને નાબુદ કરીને જીવાડનાર બને છે. તેમ જ્ઞાનાદિની હાનિનો પ્રસંગ ઊભો થએ છતે તેની રક્ષા–વૃદ્ધિ વગેરે રૂપ પુષ્ટ આલંબનને પામીને પ્રાયશ્ચિત્ત સ્વીકાર વગેરે રૂપ

१ गंगायां नाविको नन्दः ।

धर्मरुचेरनगारस्य नाविकादिव्यापादनप्रवृत्तिः, सापि परमार्थपर्यालोचनायां पुष्टालंबनैव, तत्कृतोपसर्गस्य ज्ञानादिहानिहेतुत्वाद्, ज्ञानादिहानिजन्यपरलोकानाराधनाभयेन प्रतिषिद्धप्रवृत्तेः पुष्टालम्बनमूलत्वात्, केवलं शक्त्यभावभावाभ्यां पुष्टालंबनतदितरापवादयोः प्रशस्ताप्रशस्तसंज्वलनकषायोदयकृतो विशेषो द्रष्टव्यः । ज्ञानादिहानिभयं च केवलिनो न भवति, इति तस्य नापवादवार्त्तापि । यच्च धर्मोपकरणधरणं तद्व्यवहारनयप्रामाण्यार्थं, व्यवहारनयस्यापि भगवतः प्रमाणीकर्त्तव्यत्वाद् ।

इत्थं च श्रुतोदितरूपेण धर्मोपकरणधरणे न केवलिलक्षणहानिः, 'इदं सावद्यं' इति प्रज्ञाप्य तदप्रतिषेवणाद्, अत एव [पुष्पमाला]-

"[1]ववहारो वि हु बलवं जं वंदइ केवली वि छउमत्थं । आहाकम्मं भुंजइ सुअववहारं पमाणंतो ॥२२९॥

પરિકર્મ સહિત તેનું (ઉત્સર્ગપદે નિષિદ્ધનું) સેવન કરવાથી એ નિરવદ્ય બની જાય છે. આમ અપવાદના વિષયભૂત તે પુષ્ટઆલંબન-પ્રાયશ્ચિત્તસ્વીકાર વગેરે ઉપાધિના કારણે જ નિરવદ્ય બને છે. ધર્મરુચિઅનગારના કથાનકમાં 'गंगाए णाविओ णंदो' ઇત્યાદિ પ્રસંગમાં **ધર્મરુચિ અણગારની** નાવિક વગેરેને મારી નાખવાની જે પ્રવૃત્તિની વાત છે તે પણ પરમાર્થથી વિચારીએ તો પુષ્ટઆલંબનથી થયેલી હોવી જ જણાય છે, કારણકે તે નાવિકાદિએ કરેલ ઉપસર્ગ જ્ઞાનાદિની હાનિ કરનાર હતો. 'અહીં જ્ઞાનાદિની હાનિ થશે તો પરલોકમાં આરાધના નહિ મળે' ઇત્યાદિ ભયના કારણે કરાતી પ્રતિષિદ્ધ-પ્રવૃત્તિ પુષ્ટાલંબન મૂલક હોય છે. એમાં પણ તે હાનિને, અપવાદનું સેવન કર્યા વિના અટકાવવાનું જો સામર્થ્ય ન હોય તો એ હાનિ પુષ્ટઆલંબનરૂપ બને છે, અન્યથા નહિ. પુષ્ટઆલંબનને પામીને થયેલું અપવાદસેવન પ્રશસ્ત બને છે, અપુષ્ટઆલંબનને પામીને થયેલું અપવાદસેવન અપ્રશસ્ત બને છે. આવી વિશેષતા સંજ્વલનકષાયના વિચિત્ર ઉદયના કારણે આવે છે એ જાણવું. (અપવાદસેવન વિના પણ જ્ઞાનાદિની હાનિને અટકાવવાનું સામર્થ્ય હોવા છતાં થતું અપવાદસેવન સંજ્વલનકષાયના અપેક્ષાએ કંઈક તીવ્ર રસના ઉદયથી થાય છે અને તેથી એ અપવાદસેવન અપ્રશસ્ત બને છે.)

[ પણ વ્યવહારને પ્રમાણ ઠેરવવા હોય છે—પૂર્વપક્ષ ]

કેવલીઓને તો જ્ઞાનાદિની હાનિ થવાનો પ્રશ્ન જ હોતો નથી, તેથી પુષ્ટ આલંબન હાજર ન હોઇ અપવાદસેવનનું નામમાત્ર પણ હોતું નથી. (પુષ્ટઆલંબન વગેરે જ, સ્વરૂપે સાવદ્ય એવા પણ અપવાદ વિષયને નિરવદ્ય બનાવે છે. માટે પુષ્ટઆલંબનની ગેરહાજરીમાં તો એ સાવદ્ય જ રહેવાથી સાવદ્યપ્રવૃત્તિની આપત્તિ આવે.) માટે જ કેવળીઓ ધર્મોપકરણને પણ જે રાખે છે તે પણ અપવાદ તરીકે નહિ, કિન્તુ "વ્યવહારનય પણ પ્રમાણ (સંમત) છે" એવું વ્યવસ્થાપિત કરવા રાખે છે, કારણકે ભગવાને વ્યવહારનયને પણ પ્રમાણ કરવાનો હોય છે.

**શંકા :**– ઠાણાંગમાં કેવલીનું સ્વરૂપ વર્ણવતાં એમ કહ્યું છે કે "કેવલી ભગવંતો, તેઓએ 'આ સાવદ્ય છે' એવી જેના માટે પ્રરૂપણા કરી હોય તેનું સેવન કરતા નથી."

१ व्यवहारोऽपि खलु बलवान् यद्वन्दते केवल्यपि छद्मस्थम् । आधाकर्म भुङ्क्ते श्रुतव्यवहारं प्रमाणयन् ॥

**तद्वृत्तिः**–"न केवलं निश्चयोऽपि तु स्वविषये व्यवहारोऽपि बलवान् । यद्यस्मात्कारणात्समुत्पन्नकेवलज्ञानोऽपि शिष्यो यद्यपि निश्चयतो विनयसाध्यस्य कार्यस्य सिद्धत्वात्केवली न कस्यचिद्वन्दनादिविनयं करोति, तथापि व्यवहारनयमनुवर्त्तमानः पूर्वविहितविनयो गुरुं वन्दते–आसनदानादिकं च विनयं तस्य तथैव करोति यावदद्यापि न ज्ञायते, ज्ञाते पुनर्गुरुरपि निवारयत्येवेति भावः । अपरं च अतीवगूढाचारेण केनचिद् गृहिणा विहितमाधाकर्म तच्च श्रुतोक्तपरीक्षया परीक्षमाणेनाप्यशठेन छद्मस्थसाधुनाऽविज्ञातं गृहीत्वा केवलिनिमित्तमानीतं यथावस्थितं च केवलिनस्तज्जानतो निश्चयनयमतेनाभोक्तव्यमपि **श्रुतरूपं व्यवहारनयं प्रमाणीकुर्वन्नसौ भुङ्क्त एव,** अन्यथा श्रुतमप्रमाणं कृतं स्यात्, एतच्च किल न कर्त्तव्यं, व्यवहारस्य सर्वस्य प्रायः श्रुतेनैव प्रवर्त्तमानत्वात्, तस्माद् व्यवहारनयोऽपि बलवानेव, केवलिना समर्थितत्वाद् ।"

---

તેથી, કેવલી ભગવાન વ્યવહારને પ્રમાણ ઠેરવવા માટે ધર્મોપકરણ રાખે છે એવું માનીએ તો પણ તેઓનું આ સ્વરૂપ હણાઈ જવાની આપત્તિ તો આવશેજ, કારણકે કેવલીએ નવ પ્રકારના પરિગ્રહને જે સાવદ્ય તરીકે પ્રરૂપ્યો છે તેમાં આની પણ સાવદ્ય તરીકેની પ્રરૂપણા થઇ જ ગયેલી છે.

[ કેવલીનું અનેષણીયગ્રહણ પણ આપવાદિક નથી -પૂ૦ ]

**સમાધાન :–** (પૂર્વપક્ષ ચાલુ) આવી આપત્તિ આવતી નથી, કારણકે તેમણે રાખેલા ધર્મોપકરણ શ્રુતવ્યવહારરૂપ હોઇ સાવદ્યજ હોતા નથી અને તેથી તેનું 'આ સાવદ્ય છે' એવું કેવલીએ પ્રરૂપણ જ કર્યું હોતું નથી. તેથી જ **પુષ્પમાલા (૨૨૯)** અને તેની **વૃત્તિના** નીચે મુજબના વચનથી 'કેવલી અનેષણીય આહારનું ગ્રહણ કરવાની પ્રવૃત્તિ કરે છે' એ વાત સિદ્ધ થવા છતાં તે પ્રવૃત્તિથી તેઓમાં અપવાદની હાજરીની સિદ્ધિ થતી નથી, કારણકે જ્ઞાનાદિની હાનિના ભયથી એ પ્રવૃત્તિ હોતી નથી કિન્તુ વ્યવહારશુદ્ધિ માટે જ હોય છે. અને તેથી જ એ પણ ધર્મોપકરણ ધારણની જેમ સાવદ્ય ન હોઇ 'આ સાવદ્ય છે' ઈત્યાદિ પ્રરૂપણાનો વિષય બનતી ન હોવાના કારણે ઠાણાંગના કેવળીનું સ્વરૂપ જણાવનાર ઉક્ત વચનનો વિરોધ થતો નથી. પુષ્પમાલા (૨૨૯) અને તેની વૃત્તિનો ભાવાર્થ—

[ 'વ્યવહાર પણ બળવાન્'ની કેવલીકૃત સ્થાપના ]

માત્ર નિશ્ચય જ નહિ, પણ વ્યવહાર પણ પોતાના વિષયમાં બળવાન છે એ વાત નીચેની વાત પરથી જણાય છે. કેવલજ્ઞાન પામી ગયેલ પણ શિષ્ય, જ્યાં સુધી ગુરુ વગેરેને કેવલજ્ઞાની. પ્રાપ્તિની ખબર પડી ન હોય ત્યાં સુધી, કેવલજ્ઞાન પૂર્વે જેવા વંદન–આસનદાનાદિરૂપ વિનય વગેરે કરતો હતો તેવા છદ્મસ્થ ગુરુના વંદન–વિનયાદિ પણ વ્યવહારનયને અનુસરીને કરે જ. નિશ્ચયથી તેણે કોઈનો વિનય વગેરે કરવાના હોતા નથી, કારણ કે તે વિનયથી જ્ઞાનાવરણીયાદિ કર્મની નિર્જરા રૂપ જે કાર્ય સાધવાનું હતું તે તો હવે સધાઈ જ ગયું છે. ગુરુ વગેરેને ખબર પડી ગયા પછી તો ગુરુ જ તેને વિનયાદિ કરતા અટકાવે. એમ અત્યંત ગૂઢ આચારવાળા કોઈ ગૃહસ્થે કોઈક આધાકર્મી ચીજ બનાવી. શ્રુતમાં કહેલી પરીક્ષા મુજબ પરીક્ષા કરવા છતાં તે ગૃહસ્થની ચાલાકીના કારણે છદ્મસ્થ સાધુને એની ખબર પડી નહિ. તેથી સરળ ભાવે તેનું ગ્રહણ કરીને કેવલીને આપી. કેવલી તો પોતાના જ્ઞાનથી તેને આધાકર્મ જાણે છે અને તેથી તેમને માટે તો એ નિશ્ચયથી અભોક્તવ્ય છે. તેમ છતાં શ્રુતરૂપ વ્યવહારનયને પ્રમાણ કરતા તેઓ તેવી ચીજનો પણ આહાર કરે જ. કારણ કે નહિતર તો શ્રુત અપ્રમાણ જ ઠરી જાય. તે આ રીતે–કેવલી આવી ચીજને દોષિત કહીને ન ખાય

इति पुष्पमालासूत्रवृत्यादिवचनात् केवलिनोऽनेषणीयाहारस्य प्रवृत्तिसिद्धावपि नापवादसिद्धिः, ज्ञानादिहानिभयेन तत्राऽप्रवृत्तेः, श्रुतव्यवहारशुद्ध्यर्थमेव तत्र प्रवृत्तेः, तत्र 'इदं सावद्यं' इति भणितेरभावान्न वचनविरोधः। यदि च तदनेषणीयं कथञ्चित्कदाचिदपि केवलिना भुक्तमिति छद्मस्थज्ञानगोचरीभवेत् तर्हि केवली न भुङ्क्त एव, केवल्यपेक्षया श्रुतव्यवहारशुद्धेरेवाभावाद्, 'अशुद्धमिति ज्ञात्वापि केवलिना भुक्तं' इति छद्मस्थेन ज्ञातत्वात्। अत एव रक्तातिसारोपशमनार्थं रेवतीकृतकूष्माण्डपाको भगवता श्रीमहावीरेण प्रतिषिद्धः, कदाचित्साधुना श्रुतव्यवहारशुद्धयानीतोऽपि रेवती तु जानात्येव यद् 'भगवता श्रीमहावीरेण ज्ञात्वैव भुक्तं' इति छद्मस्थज्ञानगोचरत्वेन श्रुतव्यवहारभङ्ग एवेति। एतेन 'केवलिनोऽभिप्रायाभावाज्जीवघातादौ सत्यपि न दोषः' इति पराशङ्कापि परास्ता, रेवतीकृतकूष्माण्डपाकपरित्यागानुपपत्तिप्रसक्तेः। किञ्च स्वतंत्रक्रियावतो ज्ञानपूर्वकप्रवृत्तावभिप्रायाभावं वक्तुं कः समर्थः ?

---

તો લાવનારને વિચાર આવે કે શ્રુતમાં કહેલ ચોકસાઈ પૂર્વક જે નિર્દોષ લાગતું હતું તે પણ જો વાસ્તવમાં દોષિત સંભવી શકે છે તો શ્રુત પર વિશ્વાસ રાખવાથી સર્યું. શ્રુત આ રીતે અપ્રમાણ ઠરી જાય એવું કેવલીએ પણ કરવાનું હોતું નથી કારણ કે વ્યવહાર બધો શ્રુતથી જ ચાલે છે. આમ કેવલી પણ વ્યવહારનું સમર્થન કરતા હોવાથી વ્યવહાર પણ બળવાન છે જ."

**[ કેવલીની પ્રવૃત્તિથી શ્રુતવ્યવહારની શુદ્ધિ શી રીતે ? ૫૦ ]**

વળી તેમ છતાં, 'તે અનેષણીય ચીજ કેવલીએ ખાધી' એવી ગમે તે રીતે ગમે ત્યારે પણ છદ્મસ્થને ખબર પડવાની હોય તો કેવલી એને ખાય જ નહિ, કારણકે કેવલીની અપેક્ષાએ ત્યારે શ્રુતવ્યવહારની શુદ્ધિ જ રહેતી નથી. તે પણ એટલા માટે કે 'આ અશુદ્ધ છે એવું જાણવા છતાં કેવળીએ ખાધું' ઇત્યાદિરૂપે છદ્મસ્થે જાણેલું હોય છે. તાત્પર્ય, શ્રુતોક્ત વિધિ પ્રમાણે ચોકસાઈ કરીને ભિક્ષા લાવનાર સાધુને, કેવલી તે ભિક્ષા આરોગે એના પરથી ભિક્ષા નિર્દોષ હોવાનો નિશ્ચય થાય છે અને તેથી 'શ્રુતમાં કહ્યા પ્રમાણે વર્ત્તીશ તો દોષથી બચીશ' એવો વિશ્વાસ દૃઢ થાય છે. પણ જ્યારે 'દોષિત જાણવા છતાં કેવલીએ વાપર્યું' એવું કોઈપણ રીતે તેને ખબર પડી જાય છે ત્યારે ઉક્ત વિશ્વાસ પુષ્ટ તો થતો નથી, પણ ઉપરથી, શ્રુત–શાસ્ત્રો પરના વિશ્વાસના કારણે 'અશુદ્ધ ભિક્ષા ન ખવાય' એવો જે વિશ્વાસ ઊભો થયો હોય છે તે ડગી જવાનો સંભવ ઊભો થવાથી શ્રુતપરનો વિશ્વાસ પણ ડગી જવાનો સંભવ ઊભો થાય છે. તેથી શ્રુતવ્યવહાર શુદ્ધિનો અભાવ રહે છે. માટે કેવલી તેને આરોગતા નથી. તેથી જ તેજોલેશ્યાના કારણે થયેલો લોહીનાઝાડાનો વ્યાધિ શમાવવા માટે રેવતીએ કરેલ કૂષ્માણ્ડ પાક (કોળા પાક)નો ભગવાન **શ્રી મહાવીરપ્રભુએ** નિષેધ કર્યો હતો, કેમકે કદાચ છદ્મસ્થસાધુ શ્રુતવ્યવહારની શુદ્ધિપૂર્વક તે લાવે તો પણ રેવતી તો જાણવાની જ હતી કે **શ્રી મહાવીરપ્રભુએ** જાણવા છતાં અશુદ્ધ પિંડનો ઉપયોગ કર્યો. અને તેથી છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનવાથી શ્રુતવ્યહારનો ભંગ જ ત્યાં સંભવિત હતો, શુદ્ધિ નહિ. 'કેવલીને હિંસા વગેરેનો અભિપ્રાય ન હોવાથી જીવઘાત વગેરે થવા છતાં કોઈ દોષ લાગતો નથી' એવી શંકાનું પણ આનાથી નિરાકરણ થઈ ગયેલું જાણવું, કારણકે તો તો પછી રેવતીએ કરેલ કૂષ્માણ્ડપાકનો ભગવાને કરેલ પરિત્યાગ

न च–श्रुतव्यवहारशुद्धमनेषणीयं भुञ्जानः केवली सावद्यप्रतिषेविता भविष्यति–इति शङ्कनीयं, सर्वेषामपि व्यवहाराणां जिनाज्ञारूपत्वेन श्रुतव्यवहारस्य सावद्यत्वाभावात् तच्छुद्धयानीतस्य निरवद्यत्वाद् । अयं भावः–यथाऽप्रमत्तसंयतो जीववधेऽप्यवधकः, 'अवहगो सो उ' त्ति ओघनिर्युक्ति(७५०)वचनात्, अनाभोगे सत्यप्यप्रमत्ततायास्तथामाहात्म्यात्, यथा चोपशान्तमोहवीतरागो मोहसत्तामात्रहेतुके सत्यपि जीवघाते केवलिवद्वीतरागो नोत्सूत्रचारी च, मोहनीयानुदयस्य तथामाहात्म्यात्, तथा श्रुतव्यवहारशुद्धेर्माहात्म्यादनेषणीयमपीतरैषणीयवदेषणीयमेव, इति कुतः सावद्यप्रतिषेवित्वगन्धोऽपीति चेत् ?

तदिदमखिलं गूढशब्दमात्रेणैव मुग्धप्रतारणम् । यतो यदि भगवत्स्वीकृतद्रव्यपरिग्रहानेषणीयाहारयोः स्वरूपतः सावद्यत्वेऽपि श्रुतव्यवहारशुद्धस्योपादेयत्वधिया दोषानावहत्वं तदापवादस्थानीयत्वमेव तयोः प्राप्तं, औपाधिकशुद्धताशालित्वात् । न चापवादः स्थविरकल्पनियत इति

---

અસંગત બની જાય. તે પણ એટલા માટે કે એ ખાવામાં પણ ભગવાનને અનેષણીય ચીજ ભોગવવાનો અભિપ્રાય ન હોવાથી કોઈ દોષ તો સંભવિત રહેતો જ નહોતો. વળી, તે તે પ્રવૃત્તિ તે તે વ્યક્તિએ સ્વઅભિપ્રાય વિના કરી છે એવું ત્યારે જ કહી શકાય છે કે જો (૧) પોતાનો અભિપ્રાય ન હોવા છતાં અન્યના કહેવાથી એ પ્રવૃત્તિ કરવામાં આવી હોય અથવા (૨) પોતાના ખ્યાલ બહાર અનાભોગથી જ એ પ્રવૃત્તિ થઈ ગઇ હોય. કેવલી તો કોઈના કહેવા મુજબ નહિ, પણ સ્વતંત્ર પ્રવૃત્તિ કરતાં હોય છે, તેમજ તેઓને અનાભોગ ન હોવાથી આભોગપૂર્વક જ કરતાં હોય છે. માટે 'તે તે પ્રવૃત્તિમાં તેઓનો અભિપ્રાય હોતો નથી' એવું તો કહી જ શી રીતે શકાય ?

[ શ્રુતવ્યવહાર શુદ્ધિના પ્રભાવે અનેષણીય પણ એષણીય-પૂર્વપક્ષ ]

"શ્રુતવ્યવહારથી શુદ્ધ એવું પણ અનેષણીય ખાનાર કેવલી અનેષણીયપિંડખાવારૂપ સાવદ્યને આચરનારા બની જવાની આપત્તિ આવશે" એવી શંકા ન કરવી, કારણકે તે આહાર નિરવદ્ય જ હોય છે. તે આ રીતે–આગમવ્યવહાર-શ્રુતવ્યવહાર વગેરે રૂપ બધા વ્યવહારો જિનાજ્ઞારૂપ હોઈ નિરવદ્ય જ છે. માટે શ્રુતવ્યવહાર પણ સાવદ્ય નથી, (કારણકે નહિતર જિનાજ્ઞા સાવદ્ય હોવાની આપત્તિ આવે). માટે તેની શુદ્ધિપૂર્વક લાવેલ આહાર નિરવદ્ય જ હોય છે. તાત્પર્ય એ છે કે 'अवहगो सो उ' ઈત્યાદિ **ઓઘનિર્યુક્તિ** (૭૫૦) ના વચનથી, જીવવધ થવા છતાં અપ્રમત્તને જેમ અવધક તરીકે, અનાભોગ હોવા છતાં અપ્રમત્તતાના માહાત્મ્યના કારણે કહ્યો છે, તેમજ ઉપશાન્તમોહવીતરાગને જેમ મોહની સત્તા માત્ર હેતુક જીવઘાત હોવા છતાં કેવલીની જેમ મોહનીયના અનુદયના માહાત્મ્યના કારણે વીતરાગ અને ઉત્સૂત્ર ન આચરનાર કહ્યા છે તેમ વ્યવહાર શુદ્ધિના માહાત્મ્યના કારણે અનેષણીય પણ પિંડ બીજા એષણીયપિંડની જેમ એષણીય જ બની રહે છે. તેથી શ્રુતવ્યવહાર શુદ્ધિ માટે અનેષણીય પણ આરોગનાર કેવલીમાં સાવદ્ય પ્રતિસેવનાની તો ગંધ પણ ક્યાંથી હોય ? એમ વ્યવહાર શુદ્ધિ માટે થયેલું ધર્મોપકરણ ધારણ પણ વ્યવહાર શુદ્ધિના પ્રભાવે નિરવદ્ય જ હોઇ 'સાવદ્યઅપ્રતિષેવિત્વ' વગેરે રૂપ તેઓનું સ્વરૂપ શી રીતે હણાય ?

कल्पातीतस्य भगवतस्तदभावः, एवं सत्युत्सर्गस्याप्यभावापत्तेः, तस्यापि जिनकल्पस्थविरकल्पनियतत्वाद् । यदि चोत्सर्गविशेष एव कल्पनियत इति तत्सामान्यस्य भगवति नासम्भवस्तदाऽपवादविशेषस्यैव तथात्वे तत्सामान्यस्यापि भगवत्यनपायत्वमेव । युक्तं चैतत्, तीर्थकृतोऽप्यतिशयाद्युपजीवनरूपस्वजीतकल्पादन्यत्र साधुसामान्यधर्मताप्रतिपादनात् । तदुक्तं बृहत्कल्पभाष्यवृत्त्योः (उ० १) "अत्र परः प्राह–यदि यत्प्राचीनगुरुभिराचीर्णं तत्तत्पाश्चात्यैरप्याचरितव्यं तर्हि तीर्थकरैः प्राकारत्रयच्छत्रत्रयादिका प्राभृतिका तेषामेवार्थाय सुरैर्विरचिता यथा समुपजीविता तथा वयमप्यस्मन्निमित्तकृतं किं नोपजीवामः ? सूरिराह—

कामं खलु अणुगुरुणो धम्मा तह वि हु ण सव्व साहम्मा । गुरुणो जं तु अइसए पाहुडिआई समुवजीवे ॥ [ ९९६ ] काममनुमतं खल्वस्माकं यदनुगुरवो धर्मास्तथापि न सर्वसाधर्म्याच्चिन्त्यते किंतु

---

[ ઔપાધિકશુદ્ધતાશાલી ચીજ આપવાદિક જ કહેવાય–ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ** :– આ બધી માત્ર ગૂઢ શબ્દોથી મુગ્ધજીવોને ઠગવાની જ વાતો છે. કારણકે કેવલી ભગવાને સ્વીકારેલ દ્રવ્યપરિગ્રહ અને અનેષણીય આહાર જો સ્વપરૂતઃ સાવદ્ય હોવા છતાં 'શ્રુતવ્યવહારથી શુદ્ધ આહારાદિ ઉપાદેય હોય છે' એવી બુદ્ધિથી ગૃહીત થતા હોવાથી દોષકારક બનતા ન હોય તો તે બન્ને આપવાદિક જ સિદ્ધ થઈ જાય છે, કારણકે તાદૃશબુદ્ધિ રૂપ ઉપાધિના કારણે જ શુદ્ધિ ધરાવે છે, સ્વરૂપતઃ નહિ.— અપવાદ તો સ્થવિરકલ્પીઓમાં જ નિયત હોય છે. તેથી કલ્પાતીત એવા ભગવાનને તેનો અભાવ હોય છે–એવી શંકા ન કરવી, કારણકે તે રીતે તો કેવલીભગવાનને ઉત્સર્ગનો પણ અભાવ હોવાની આપત્તિ આવશે. કેમકે ઉત્સર્ગ પણ જિનકલ્પી કે સ્થવિરકલ્પીઓમાં જ નિયત હોય છે. 'અમુક ચોક્કસ ઉત્સર્ગો જ કલ્પમાં નિયત હોય છે, બધા ઉત્સર્ગો નહિ, તેથી ભગવાન્‌માં શેષ સામાન્ય ઉત્સર્ગો કંઈ અસંભવિત બનતા નથી.' એવી શંકા ન કરવી, કારણ કે એ રીતે તો એવું પણ કહી જ શકાય છે કે "અમુક ચોક્કસ અપવાદો જ સ્થવિરકલ્પનિયત છે. શેષ સામાન્ય અપવાદો નહિ. તેથી કેવલીભગવાન્‌માં શેષ સામાન્ય અપવાદો હોવા નિરાબાધ જ છે." વળી આ વાત યુક્ત પણ છે જ. કારણકે અતિશયાદિને ભોગવવારૂપ સ્વજીતકલ્પ સિવાય શેષ બાબતોમાં તો તીર્થંકર ભગવાનોએ પણ સામાન્ય સાધુના ધર્મોનું પાલન કરવાનું હોય છે એવું પ્રતિપાદન શાસ્ત્રોમાં કર્યું જ છે. અર્થાત્ શ્રી જિનેશ્વર ભગવંતો–કેવલીઓ કલ્પાતીત હોવા માત્રથી કલ્પમાં પણ આચરાતા ઉત્સર્ગ–અપવાદોથી પર જ હોય છે એવું ફલિત થતું નથી. **બૃહત્કલ્પભાષ્ય** (ઉદ્દેશ–૧) અને તેની વૃત્તિમાં કહ્યું છે કે અહીં કોઈ શંકા કરે છે કે–પૂર્વ પૂર્વના ગુરુઓએ જે આચર્યું હોય તે પરંપરામાં પછી આવેલા શિષ્યોએ જો આચરવાનું હોય તો, શ્રી તીર્થંકર ભગવંતોએ તેઓ માટે જ દેવોએ બનાવેલ સમવસરણ–ત્રણ છત્ર વગેરે ઋદ્ધિઓને જેમ ભોગવી તેમ આપણે પણ આપણા માટે બનાવેલ ભિક્ષા વગેરે શા માટે ન ભોગવવી? અહીં આચાર્ય (ભાષ્યકાર) આવી શંકાનો જવાબ આપે છે કે (શ્લો૦ ૯૯૬)—

[ ધર્મ ગુરુને અનુસરનારો કયી રીતે? ]

ધર્મો ગુરુને અનુસરનારા હોય છે. એ વાત અમને સંમત છે છતાં એ વાત સર્વસાધર્મ્યથી હોતી નથી કિન્તુ દેશ સાધર્મ્યથી જ હોય છે. અર્થાત્ તેઓનું બધું આચરણ શિષ્યો માટે ધર્મરૂપ

देशसाधर्म्यादेव । तथाहि– **गुरवस्तीर्थंकराः यत्तु** यत्पुनः **अतिशयान् प्राभृतिकादीन्** प्राभृतिका सुरेन्द्रादिकृता समवसरणरचना तदादीन् आदिशब्दादवस्थितनखरोमाधोमुखकण्टकादिसुरकृतातिशयपरिग्रहः, समुपजीवन्ति स तीर्थकृज्जीतकल्प इति कृत्वा न तत्रानुधर्मता चिन्तनीया, यत्र पुनस्तीर्थकृतामितरेषां च साधूनां सामान्यधर्मत्वं तत्रैवानुधर्मता चिन्त्यते । सा चेयमाचीर्णेति दर्श्यते–सगडद्दहसमभोमे अवि अ विसेसेण विरहिअतरागं । तहवि खलु अणाइन्नं एसणुधम्मो पवयणस्स ॥ ९९७ ॥ यदा भगवान् **श्रीमन्महावीरस्वामी राजगृहनगरादुदायननरेन्द्र**प्रव्राजनार्थं **सिन्धुसौवीरदेशा**वतंसं **वीतभयं** नगरं प्रस्थितस्तदा किलापान्तराले बहवः साधवः क्षुधार्त्तास्तृषार्दिताः संज्ञाबाधिताश्च बभूवुः । यत्र च भगवानावासितस्तत्र तिलभृतानि **शकटानि** पानीयपूर्णश्च **ह्रदः समभौमं** च गर्त्ताबिलादिवर्जितं स्थण्डिलमभवद्, **अपि च विशेषेण** तत्तिलोदकस्थण्डिलजातं **विरहिततर**मतिशयेनागन्तुकैस्तदुत्थैश्च जीवैर्वर्जितमित्यर्थः । **तथापि खलु भगवताऽनाचीर्णं** नानुज्ञातम्, **एषोऽनुधर्मः प्रवचनस्य** सर्वैरपि **प्रवचन**मध्यमध्यासीनैरशस्त्रोपहतपरिहारलक्षण एव धर्मोऽनुगन्तव्य इति भावः । अथैतदेव विवृणोति–[1]वुक्कंतजोणिथंडिलअतसा दिन्ना ठिई अवि छुहाइ । तहवि ण गेण्हेसु जिणो मा हु पसंगो असत्थहए ॥ ९९८ ॥ यत्र भगवानावासितस्तत्र बहूनि तिलशकटान्यावासितान्यासन् ।

---

બનતું નથી કિન્તુ અમુક આચરણ જ. તે આ રીતે–તીર્થંકર પરમાત્મા રૂપ ગુરુઓ સુરેન્દ્રાદિએ કરેલ સમવસરણ રચના રૂપ પ્રાભૃતિકા વગેરેને ('વગેરે' શબ્દથી નખ–રોમ અવસ્થિત રહેવા–કાંટા ઊંધા થઈ જવા વગેરે રૂપ દેવકૃત અતિશયોનો પણ સમાવેશ જાણવો.) જે ભોગવે છે તેને 'આ તીર્થંકર પ્રભુનો જીતકલ્પ છે' એમ વિચારી તેમાં અનુધર્મતા ન વિચારવી. અર્થાત્ તે આચરણ પણ શિષ્ય પરંપરામાં ધર્મ રૂપે ઉતરે છે એવું ન માનવું. પણ જે બાબતોમાં શ્રી તીર્થંકર ભગવાન્ અને અન્ય સાધુઓનો સમાન ધર્મ (આચરણ) હોય તેમાં જ અનુધર્મતા વિચારવી. તે આચરાયેલી અનુધર્મતા દેખાડીએ છીએ-(૯૯૭) જયારે **શ્રી મહાવીર** ભગવાન્ **રાજગૃહ** નગરથી **ઉદાયનરાજા**ની દીક્ષા માટે **સિન્ધુસૌવીર** દેશના મુકુટ સમાન **વીતભય** નગર તરફ જઈ રહ્યા હતા ત્યારે વચમાં એકવાર ઘણા સાધુઓ ભૂખ્યા તરસ્યા થયા હતા તેમજ વડીનીતિની શંકાવાળા થયા હતા. વળી ભગવાને જયાં મુકામ કર્યો હતો ત્યાં તલથી ભરેલા ગાડા, પાણીથી ભરેલું સરોવર તેમજ ખાડા–બિલ વગેરેથી રહિત સમતલ સ્થંડિલ (જંતુરહિત ભૂમિ) હતા. વળી આ ત્રણે ય આગન્તુક (=અન્યત્રથી આવેલ) કે તદુત્થ (=ત્યાં જ ઉત્પન્ન થયેલ) જીવ જંતુઓથી અત્યંત વર્જિત હતા. તેમ છતાં ભગવાને એ બધાનો ઉપયોગ કરવાની અનુજ્ઞા ન આપી. આ પ્રવચનનો અનુધર્મ છે. અર્થાત્ જૈન-પ્રવચનમાં રહેલ દરેક સાધુએ જે ભોજનાદિ (સ્વકાય કે પરકાય) શસ્ત્રથી હણાયેલ ન હોય (પછી ભલેને તે બધા જીવશૂન્ય હોય) તેનો પરિહાર કરવા રૂપ ધર્મ પાળવો. આનું જ વિવરણ કરતા ભાષ્યકાર આગળ (૯૯૮) કહે છે કે– ભગવાન્ જયાં રહ્યા હતા ત્યાં તલ ભરેલા ઘણાં ગાડાં હતા. (બીજી બધી રીતે તે કલ્પે તેવા હતા એવું દેખાડવા કહે છે કે) તે તલ શસ્ત્રથી ઉપહત ન હોવા છતાં તલના જીવોનું આયુષ્ય પૂરું થઈ ગયું હોવાથી અચિત્ત હતા. તેમજ જંતુ વગેરે રહિત સ્થંડિલ પર રહેલા હતા (તેથી, અસ્થંડિલ પર રહ્યા હોય તો અચિત્ત હોવા છતાં અકલ્પ્ય બની જાય એવો પ્રશ્ન નહોતો). (આવા પણ જો ત્રસજીવોથી સંસક્ત હોય તો અકલ્પ્ય બની જાય. તેથી એ રીતે પણ અકલ્પ્ય ન હોતા એવું દેખાડવા કહે છે કે) અત્રસ=તદુત્થ કે આગન્તુક ત્રસજીવોથી શૂન્ય હતા. (વળી એનો ઉપભોગ કરવામાં અદત્તાદાનનો દોષ લાગવાનો પણ સંભવ નહોતો એવું દેખાડવા કહે છે) તલના ગાડાના માલિકોએ તેમજ ગૃહસ્થોએ તે વાપરવાની રજા પણ આપી હતી. વળી સાથેના સાધુઓ ભૂખ પીડિત થઈને કાળ પસાર કરી રહ્યા હતા. (અથવા સાથેના સાધુઓએ ભૂખની અસહ્ય પીડાથી આયુનો સ્થિતિક્ષય કર્યો એટલે કે મૃત્યુ પામ્યા.) છતાં પણ **શ્રી વર્ધમાન સ્વામીએ**, 'તીર્થંકરે પણ ગ્રહણ કર્યું હતું' એવું મારું આલંબન લઈને મારી પરંપરામાં થનારા શિષ્યો શસ્ત્રથી ઉપહત ન થયેલ પિંડનું

तेषु च तिला **व्युत्क्रान्तयोनिका** अशस्त्रोपहता अप्यायुःक्षयेणाचित्तीभूताः। ते च यद्यस्थण्डिले स्थिता भवेयुस्ततो न कल्पेरन्, इत्यत आह **स्थण्डिले** स्थिताः, एवंविधा अपि त्रसैः संसक्ता भविष्यन्ति, अत आह **अत्रसाः** तदुद्भवागन्तुकत्रसविरहिताः, तिलशकटस्वामिभिर्गृहस्थैश्च दत्ताः, एतेनादत्तादानदोषोऽपि तेषु नास्तीत्युक्तं भवति, **अपि च** ते साधवः, क्षुधा पीडिता आयुषः स्थितिक्षयमकार्षुः, **तथापि श्रीजिनो वर्द्धमानस्वामी नाऽग्रहीत्, माभूदशस्त्रहते प्रसङ्गः**, 'तीर्थङ्करेणापि गृहीतं' इति मदीयमालम्बनं कृत्वा मत्सन्तानवर्त्तिनः शिष्या अशस्त्रोपहतं मा ग्राहिषुरिति भावः। 'व्यवहारनयबलीयस्त्वज्ञापनाय भगवता न गृहीता' इति हृदयम्। युक्तियुक्तं चैतत्प्रमाणस्थपुरुषाणाम्। यत उक्तं—

प्रमाणानि प्रमाणस्थै रक्षणीयानि यत्नतः। विषीदन्ति प्रमाणानि प्रमाणस्थैर्विसंस्थुलैः॥

इत्यादि॥" अत्र हि स्वजीतकल्पातिरिक्तस्थले तीर्थकृतः साधुसमानधर्मता प्रोक्ता, सा चाशस्त्रोपहतसचित्तवस्तुनोऽग्रहणेनोपपादिता, तच्चातिप्रसङ्गनिराकरणाभिप्रायेण, स च श्रुताप्रामाण्यबुद्ध्यैव स्यात्, न तु 'भगवता प्रतिषेवितं' इति छद्मस्थबुद्धिमात्रेण, छद्मस्थैरुत्सर्गतः प्रतिषिद्धत्वेन ज्ञायमानाया अपि भगवतो निशाहिण्डनभेषजग्रहणादिप्रवृत्तेः श्रवणात्।

---

ગ્રહણ કરી લે એવો પ્રસંગ-અનવસ્થા ઊભા ન થાય એવા અભિપ્રાયથી તે તલ વગેરેનું ગ્રહણ કર્યું ન હતું. તાત્પર્ય, આ સચિત્ત છે કે અચિત્ત એનો વ્યવહાર શસ્ત્રથી હણાયેલ છે કે નહિ તેના પરથી થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં તે તલ વગેરે નિશ્ચયથી અચિત્ત હોવા છતાં વ્યવહારથી અચિત્ત નહોતા. તેથી વ્યવહારનય વધુ બળવાન્ છે એવું જણાવવા ભગવાને તેનું ગ્રહણ કર્યું નહિ. પ્રમાણભૂત પુરુષો માટે આવું આચરણ યુક્તિયુક્ત પણ છે જ. અર્થાત્ જેઓનું આચરણ પ્રમાણ તરીકે ગણાતું હોય (આમણે આમ કર્યું હતું માટે આપણે પણ કરો આવી ગણતરીમાં લેવાતું હોય) તેઓએ આ રીતે વ્યવહારને મુખ્ય કરવો એ યોગ્ય પણ છે જ...કારણ કે કહ્યું છે કે 'પ્રમાણભૂત પુરુષોએ પ્રમાણોનું (પોતાની પરંપરામાં આવેલા શિષ્યાદિ જેના પરથી નિર્દોષ-દોષિતનો નિશ્ચય કરી શકે તેવા વ્યવહારોનું) પ્રયત્ન પૂર્વક પાલન કરવું જોઈએ. કારણ કે પ્રમાણભૂત પુરુષો તે બાબતમાં શિથિલતા દાખવે તો તે પ્રમાણો સીદાય છે. (તાદશ નિશ્ચય કરાવવાનું સામર્થ્ય જાળવી શકતા નથી.)

[ અતિપ્રસંગ છદ્મસ્થની જાણકારી માત્રથી ન થાય ]

અહીં બૃહત્કલ્પભાષ્ય-વૃત્તિમાં સ્વજીતકલ્પથી ભિન્નબાબતોમાં તીર્થંકરપ્રભુનો સાધુને સમાનધર્મ હોવો કહ્યો છે અને તેની, શસ્ત્રથી ઉપહત ન થયેલી એવી (વ્યવહારથી) સચિત્ત વસ્તુનું અગ્રહણ દેખાડીને સંગતિ કરી છે. વળી એ અગ્રહણ પણ ભગવાને અતિપ્રસંગનું (ભવિષ્યમાં સાધુઓ અશસ્ત્રોપહતનું-નિશ્ચયથી પણ સચિત્ત એવી વસ્તુનું ગ્રહણ કરી લે તેવા અતિપ્રસંગનું) વારણ કરવાના અભિપ્રાયથી કર્યું હતું. વળી એ પણ જણાય છે કે, શ્રુતમાં તો શસ્ત્રથી ઉપહત થયેલ પૃથ્વ્યાદિને છોડીને શેષ પૃથ્વ્યાદિને સચિત્ત અને અગ્રાહ્ય કહ્યા છે, જ્યારે આ તો અચિત્ત હતા. (તેથી તો ભગવાને ગ્રહણ કર્યા.) માટે 'શ્રુત અપ્રમાણ છે' એવી બુદ્ધિ થવા દ્વારા જ તે અતિપ્રસંગ સંભવે છે, 'ભગવાને પણ આવું આચરણ કર્યું હતું" એવી છદ્મસ્થની જાણકારી માત્રથી નહિ, કારણકે ઉત્સર્ગથી પ્રતિષેધ કરાએલી ચીજ તરીકે છદ્મસ્થને જેની ખબર છે તે રાત્રીવિહાર-ઔષધગ્રહણ વગેરે પ્રવૃત્તિ ભગવાને પણ કરી હતી એવું સાંભળવા મળે જ છે (એટલે કે છદ્મસ્થોને પણ એ ખબર જ છે.) છતાં એટલા માત્રથી કંઈ સાધુઓ નિષ્કારણ રાત્રીવિહારાદિરૂપ અતિપ્રસંગ કરતા નથી. "રાત્રીવિહાર વગેરે અપવાદપદે નિષિદ્ધ નથી" એવી જાણકારી હોવાના કારણે ભગ-

'अपवादतोऽप्रतिषिद्धत्वज्ञानात् तद्दर्शने न छद्मस्थानामतिप्रसङ्गः' इत्युक्तौ च सिद्धाऽनायासेनैव भगवतोऽपवादप्रवृत्तिः । तस्मादुन्नतनिम्नदृष्टान्तप्रदर्शितपरस्परप्रतियोगिकप्रकर्षापकर्षशालिगुणोपहितक्रियारूपोत्सर्गापवादाभावेऽपि साधुसमानधर्मतावचनाद् भगवति सूत्रोदितक्रियाविशेषरूपयोस्तयोर्यथोचिततया संभवाऽविरुद्ध इति युक्तं पश्यामः, तथा च धर्मोपकरणानेषणीयादिविषयप्रवृत्तेर्भगवतः स्वरूपत आपवादिकत्वेन तव मते आभोगेन प्रतिषिद्धविषयप्रवृत्त्युपधानस्य योगाऽशुभतानियामकत्वात् तया भगवद्योगानामशुभत्वापत्तिर्वज्रलेपायितैव ।

यदि च—"यत्तु श्रुतव्यवहारशुद्धस्याप्यनेषणीयत्वेनाभिधानं तत् श्रुतव्यवस्थामधिकृत्यैवावसातव्यं यथा 'अयं साधुरुदयनो राजा' इत्यत्र राजत्वमगृहीतश्रामण्यावस्थामपेक्ष्यैवेति स्ववचनाश्रयणाद्, भगवत्स्वीकृतानां श्रुतव्यवहारसि( ? शु )द्धानां प्रतिषिद्धत्वाभिमतविषयप्रवृत्तीनां

વાન્‌ની તેવી પ્રવૃત્તિ જાણવા છતાં છદ્મસ્થ શિષ્યો તેવો અતિપ્રસંગ કરતા નથી. (એટલે કે છદ્મસ્થ શિષ્યો આવો વિચાર કરે છે કે "એવું પુષ્ટ કારણ ઉપસ્થિત થયું હોય તો રાત્રીવિહારાદિ કરી શકાય, પણ તે સિવાય નહિ." તેથી તેઓ તેવા કારણ સિવાય આવી પ્રવૃત્તિ કરતા નથી. અને તેવા કારણે જે આવી પ્રવૃત્તિ કરે છે તે તો અતિપ્રસંગરૂપ છે જ નહિ. આ કારણે, જાણકારી હોવા છતાં આવા સ્થળે અતિપ્રસંગ થતો નથી.)" આવું જો કહેશો તો તો ભગવાન્‌માં પણ આપવાદિક પ્રવૃત્તિ હોય છે એ કોઈપણ જાતની તકલીફ વગર સિદ્ધ થઈ જશે. તેથી, [1]ઉન્નતનિમ્ન દૃષ્ટાન્તથી જે ઉત્સર્ગ અપવાદ દેખાડ્યા છે તેનો કેવળીમાં અભાવ હોવા છતાં 'સાધુ સમાન ધર્મ ભગવાન્‌માં હોય છે' એવું જે જણાવ્યું છે તેના પરથી લાગે છે કે સૂત્રમાં કહેલ વિશેષ ક્રિયા રૂપ ઉત્સર્ગ–અપવાદનો ભગવાન્‌માં યથાયોગ્ય રીતે સંભવ હોવો અવિરુદ્ધ છે. માટે ભગવાન્‌ની ધર્મોપકરણ–અનેષણીયપિંડાદિવિષયક પ્રવૃત્તિ સ્વરૂપતઃ આપવાદિક જ હતી. એટલે જ, પ્રતિષિદ્ધવિષયકપ્રવૃત્તિનો આભોગયુક્ત વ્યાપાર યોગને અશુભ કરે છે એવા તમારા મત મુજબ તે પ્રવૃત્તિથી ભગવાન્‌ના યોગ અશુભ બનવાની આપત્તિ વજ્રલેપ જેવી જોરદાર ઊભી જ રહે છે.

[ કેવલીગૃહીત અનેષણીય પૂર્વાવસ્થાની અપેક્ષાએ જ અનેષણીય–પૂર્વપક્ષ ]

**પૂર્વપક્ષ :–** કેવલી જે શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીયનું પણ ગ્રહણ કરે છે તે વાસ્તવમાં અનેષણીય હોતું નથી, પણ એષણીય જ હોય છે એવું આગળ કહી ગયા. (તેથી તેનું ગ્રહણ કરવાની પ્રવૃત્તિ અપવાદ રૂપે સિદ્ધ થતી નથી.) તેમ છતાં તેનો જે અનેષણીય તરીકે ઉલ્લેખ થાય છે તે તો શ્રુતની તેવી વ્યવસ્થાના કારણે જ જાણવો. તાત્પર્ય, એ ગ્રહણ શ્રુતવ્યવહારશુદ્ધિ કરાવવા દ્વારા અનેષણીય પિંડને પણ એષણીય બનાવે છે. એટલે કે જ્યાં સુધી એ શુદ્ધિ થઈ ન હોય, અશુદ્ધિની અવસ્થા હોય ત્યાં સુધી જ એ અનેષણીય રહે છે. તેથી જેમ સાધુપણું લેવા પૂર્વેની અવસ્થાની અપેક્ષાએ,

૧. જેમ ઉન્નતભૂમિ (ઊંચીભૂમિ) નિમ્નભૂમિ (નીચીભૂમિ)ની અપેક્ષાએ ઉન્નત છે, અને નિમ્નભૂમિ ઉન્નતભૂમિની અપેક્ષાએ નિમ્ન છે. એટલે કે ઉન્નત–નિમ્ન પરસ્પર સાપેક્ષ છે. એ રીતે પરસ્પર સાપેક્ષ હોય એવા ઉત્સર્ગ–અપવાદ તે ઉન્નતનિમ્ન દૃષ્ટાન્તપ્રદર્શિત ઉત્સર્ગ–અપવાદ કહેવાય છે.

वस्तुतो न प्रतिषिद्धविषयत्वं, न वा ताभिः 'इदं सावद्यं' इति प्रज्ञाप्य प्रतिषेवित्वं, 'इदं' इत्यनेन प्रत्यक्षव्यक्तिग्रहणात्, तस्याश्चानवद्यत्वाद्''—इति विभाव्यते तदा 'अनेषणीयं न ग्राह्यं' इत्यादिप्रतिषेधवाक्ये श्रुतव्यवहारशुद्धानेषणीयातिरिक्तानेषणीयादेर्निषेध्यत्वं वक्तव्यं, तथा चापवादिकमन्यदपि कृत्यं श्रुतव्यवहारसिद्धमित्यप्रतिषिद्धमेव, इत्याभोगेन प्रतिषिद्धविषयप्रवृत्तिः साधूनां क्वापि न स्याद्, इति त्वदपेक्षया यतीनामशुभयोगत्वमुच्छिद्येतैव, इति प्रमत्तानां शुभाशुभयोगत्वेन द्वैविध्यप्रतिपादकागमविरोधः ।

तस्मादाभोगेन जीवघातोपहितत्वं न योगानामशुभत्वं, अशुभयोगजन्यजीवघातो वा (ना)-ऽऽरंभकत्वव्यवहारविषयः, अशुभयोगारंभकपदयोः पर्यायत्वप्रसङ्गाद्, एकेन्द्रियादिष्वारम्भकत्वव्यवहाराभावप्रसङ्गाच्च । न हि ते आभोगेन जीवं घ्नन्तीति । अस्ति च तेष्वप्यारम्भकत्वव्यवहारः । तदुक्तं भगवतीवृत्तौ 'तत्थ णं जे ते असंजया ते अविरइं पडुच्च आयारंभा वि जाव णो अणारंभा'' इत्यस्य व्याख्याने ''इहायं भावः-यद्यप्यसंयतानां सूक्ष्मैकेन्द्रियादीनां नात्मारंभकादित्वं साक्षादस्ति, तथाप्यविरतिं प्रतीत्य तदस्ति तेषां, न हि ते ततो निवृत्ताः, अतोऽसंयतानामविरतिस्तत्र कारणमिति, निवृत्तानां तु कथञ्चिदात्माद्यारम्भकत्वेऽप्यनारंभकत्वम् । यदाह 'जा जयमाणस्स' [ओ. नि. ७५९] इत्यादि'' किन्तु

'આ સાધુ ઉદાયન રાજા છે' ઈત્યાદિ વ્યપદેશમાં રાજાપણાંનો ઉલ્લેખ થાય છે તેમ તે એષણીયનો પણ તે શ્રુતવ્યવહારશુદ્ધિપૂર્વેની અવસ્થાને અપેક્ષીને 'અનેષણીય' તરીકે ઉલ્લેખ થાય છે. (પૂર્વપક્ષી પોતાના આવા વચનને આશ્રીને વળી આવું કહે કે) તેથી સામાન્યતઃ પ્રતિષિદ્ધ તરીકે અભિમત જે શ્રુતવ્યવહારસિદ્ધ પ્રવૃત્તિનો ભગવાને સ્વીકાર કર્યો હોય તે બધી પૂર્વની અવસ્થાને આશ્રીને જ પ્રતિષિદ્ધ જાણવી, વાસ્તવમાં નહિ. તેમજ તે પ્રવૃત્તિના કારણે તેઓમાં, 'આ સાવદ્ય છે' એમ કહીને તેનું આચરણ હોવાની આપત્તિ પણ આવતી નથી, કારણકે 'આ સાવદ્ય છે' એવા પ્રયોગમાં રહેલ 'આ' શબ્દ જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેનો જ ઉલ્લેખ કરે છે. તેથી પ્રસ્તુતમાં પણ ભગવાને સ્વીકારેલ તે તે પ્રવૃત્તિનો જ 'આ' શબ્દથી ઉલ્લેખ થાય છે જે વાસ્તવમાં અનવદ્ય હોવાથી તેનો, 'આ સાવદ્ય છે' એવું કહેવા દ્વારા જે વસ્તુઓનો સાવદ્ય તરીકે ઉલ્લેખ થયો હોય છે તેમાં સમાવેશ જ હોતો નથી. તેથી એની પ્રતિસેવના 'આ સાવદ્ય છે' એવું કહ્યા વગર હોવાથી કેવલી ભગવાનના ઉક્ત લક્ષણનો ભંગ પણ થતો નથી.

[આભોગપૂર્વકની પ્રતિષિદ્ધપ્રવૃત્તિનો સાધુને અભાવ થવાની આપત્તિ-ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ** :-તમે જો આવું કહેશો તો તમારે એ પણ કહેવું પડશે કે 'અનેષણીયનું ગ્રહણ કરવું નહિ' ઇત્યાદિ નિષેધવાક્યમાં શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીય સિવાયના અનેષણીય વગેરેનો જ નિષેધ છે, કારણકે શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીય વગેરેને તો તમે વાસ્તવમાં નિષેધનો વિષય માનતા જ નથી. અને તો પછી સાધુઓ બીજી પણ જે કોઈ આપવાદિક પ્રવૃત્તિ કરતા હશે તે તો બધી જ શ્રુતવ્યવહારશુદ્ધ હોઈ વાસ્તવમાં અપ્રતિષિદ્ધ જ હશે. તેથી આભોગપૂર્વક પ્રતિષિદ્ધવિષયક કોઈ પ્રવૃત્તિ જ તેઓને કરવાની રહેશે નહિ. તાત્પર્ય, સાધુઓ આભોગપૂર્વક જે પ્રતિષિદ્ધ પ્રવૃત્તિ કરે છે તે તો આપવાદિક જ હોય છે, અન્યથા તો વિરતિપરિણામ જ ઊભો ન રહે. અને તેની તો અપવાદપદે

सूत्रोदितेतिकर्त्तव्यतोपयोगपूर्वकव्यापारत्वं शुभयोगत्वं, तदनुपयोगपूर्वकव्यापारत्वं चाशुभयोगत्वं, तदुक्तं **भगवतीवृत्तौ**—"शुभयोग उपयुक्ततया प्रत्युपेक्षणादिकरणं, अशुभयोगस्तु तदेवानुपयुक्ततया" इति । तत्र शुभयोगः संयतानां षष्ठेऽपि गुणस्थाने संयमस्वभावादेव, अशुभयोगश्च प्रमादोपाधिकः । तदुक्तं तत्रैव 'प्रमत्तसंयतस्य हि शुभोऽशुभश्चयोगः स्यात्, संयतत्वात्प्रमादपरत्वाच्च' इति । तत्र प्रमत्तसंयतानामनुपयोगेन प्रत्युपेक्षणादिकरणादशुभयोगदशायामारम्भिकीक्रियाहेतुव्यापारवत्त्वेन सामान्यत आरम्भकत्वादात्मारम्भकादित्वं, शुभयोगदशायां तु सम्यक्क्रियोपयोगस्यारम्भिकीक्रियाप्रतिबन्धकत्वात्तदुपहितव्यापाराभावेनानारम्भकत्वं, प्रमत्तगुणस्थाने सर्वदा-

---

શ્રુતમાં અનુજ્ઞા અપાયેલી હોય છે. અર્થાત્ તેવી વિશેષપ્રકારની દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિ અવસ્થાપૂર્વેની અવસ્થાને આશ્રીને તે શ્રુતમાં પ્રતિષિદ્ધ હોવા છતાં તેવી વિશેષ અવસ્થામાં તો એ અનુજ્ઞાત હોવાથી પ્રતિષિદ્ધ હોતી નથી. એટલેકે શ્રુતમાં તે તે પ્રવૃત્તિનો જે નિષેધ મળે છે તે બધો પણ આવી વિશેષઅવસ્થાવાળી અપ્રતિષિદ્ધ પ્રવૃત્તિ સિવાયની પ્રવૃત્તિઓનો જ. આ પ્રવૃત્તિઓને જો આભોગ પૂર્વક કરવા જાય તો તો વિરતિપરિણામ જ ઊભો ન રહે. તેથી સાધુઓ આભોગપૂર્વક તો કોઈ પ્રતિષિદ્ધ પ્રવૃત્તિ કરતા નથી એ સિદ્ધ થાય છે. વળી આ સિદ્ધ થયું એટલે તમારા અભિપ્રાય મુજબ સાધુઓમાં અશુભયોગનો સંભવ જ રહેશે નહિ. કારણકે અભોગપૂર્વક થતી જીવોપઘાત વગેરેરૂપ પ્રતિષિદ્ધ પ્રવૃત્તિના ફળોપધાયક હેતુ બનનાર યોગોને જ તમે અશુભ કહો છો. વળી અશુભયોગનો જો સંભવ નહિ રહે તો પ્રમત્તસાધુઓના યોગોના શુભ અને અશુભ એવા બે પ્રકાર જણાવનાર આગમનો વિરોધ થશે.

**['અશુભયોગજન્ય હિંસા એ આરંભકત્વ' માનવામાં આપત્તિ]**

તેથી 'આભોગપૂર્વક થતા જીવઘાતનું ફળોપધાયક કારણ બનનાર યોગ અશુભ છે' એવી વ્યાખ્યા માનવી એ યોગ્ય નથી, તેમજ 'અશુભયોગજન્યજીવઘાત આરંભકત્વ વ્યવહારનો વિષય છે' એવું માનવું યોગ્ય નથી. (અશુભયોગજન્યજીવઘાત થાય તો જીવ આરંભક કહેવાય' તેવું માનવું યોગ્ય નથી.) કારણકે એવું માનવામાં (૧) 'અશુભયોગ' અને 'આરંભક' (આરંભકત્વ) એ બે વચનો પર્યાયવાચી જ બની જવાની આપત્તિ આવે. (કારણકે આભોગપૂર્વક જીવઘાત થાય તો જ યોગોને અશુભ કહો છો અને જીવને આરંભક કહો છો. એથી ફલિત એ થાય છે કે જીવના જે અશુભયોગો છે તે જ એનું આરંભકત્વ છે. એટલે કે એ બે પર્યાયવાચી શબ્દો છે, વસ્તુ એક જ છે.) તેમજ (૨) એકેન્દ્રિય વગેરે જીવોને ક્યારેય આરંભક કહી ન શકાવાની આપત્તિ આવે. કારણકે તેઓ કાંઈ જીવોને આભોગપૂર્વક હણતા નથી. પણ તેઓને પણ આરંભક કહેવાય તો છે જ. **ભગવતીસૂત્રની** વૃત્તિમાં 'તેઓમાં જેઓ અસંયત હોય છે તેઓ અવિરતિના કારણે આત્મારંભી હોય છે, પરારંભી હોય છે....યાવત્ અનારંભી હોતા નથી." આવા સૂત્રની વ્યાખ્યામાં કહ્યું છે કે "અહીં આ તાત્પર્ય છે–જો કે અસંયત એવા પણ સૂક્ષ્મ એકેન્દ્રિય વગેરે સાક્ષાત્ આત્મારંભક વગેરે નથી, છતાં પણ અવિરતિને આશ્રીને તેઓ તેવા છે. તેઓ અવિરતિથી તો નિવૃત્ત થયા હોતા નથી. તેથી અસંયતો આત્મારંભક વગેરે હોવામાં 'અવિરતિ' એ કારણ છે. તેથી અવિરતિથી નિવૃત્ત થયેલા જીવો કોઈક રીતે આત્મારંભક વગેરે બનવા છતાં

ऽऽरम्भिकीक्रियाभ्युपगमस्त्वयुक्तः, अनियमेन तत्र तत्प्रतिपादनात् । तदुक्तं प्रज्ञापनायां २२ क्रियापदे [1]'आरंभिया णं भंते ! किरिया कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि पमत्तसंजयस्स' इति । एतद्वृत्तिर्यथा–"आरंभियाणं इत्यादि, अण्णयरस्सावित्ति, अत्र 'अपि'शब्दो भिन्नक्रमः, प्रमत्तसंयतस्याप्यन्यतरस्यैकतरस्य कस्यचित्प्रमादे सति कायदुष्प्रयोगभावतः पृथिव्यादेरुपमर्दसंभवाद्, अपि शब्दोऽन्येषामधस्तनगुणस्थानवर्त्तिनां नियमप्रदर्शनार्थः 'प्रमत्तसंयतस्याप्यारम्भिकी क्रिया भवति किं पुनः शेषाणां देशविरतप्रभृतीनामि'ति ॥"

अस्यां व्यवस्थायां सिद्धायां 'जानतोऽपि भगवतो धर्मोपकरणधरणेऽवर्जनीयस्य द्रव्यपरिग्रहस्येव गमनागमनादिधर्म्यव्यापारेऽवर्जनीयद्रव्यहिंसायामप्यप्रमत्तत्वादेव नाऽशुभयोगत्वमि'ति

---

અનારંભક જ હોય છે. કહ્યું છે કે 'જયણાપાલનારની જે...' ઇત્યાદિ..." તેથી 'આભોગપૂર્વક થતા જીવઘાતનો જે હેતુ બને તે અશુભયોગ' ઇત્યાદિ વ્યાખ્યા યોગ્ય નથી. કિન્તુ 'સૂત્રમાં કહેલી ઇતિકર્ત્તવ્યતાના (આચરવા યોગ્ય વિધિના) ઉપયોગપૂર્વક પ્રવૃત્તિ કરવી તે શુભયોગ છે અને તેવા ઉપયોગ વગર પ્રવૃત્તિ કરવી તે અશુભયોગ છે' એવી વ્યાખ્યા યોગ્ય છે. ભગવતીજી સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે "ઉપયુક્ત થઈને પડિલેહણાદિ કરવા તે શુભયોગ, અને તે જ અનુપયુક્ત રહીને કરવા તે અશુભયોગ." આમાંથી સંયતોને છઠ્ઠે ગુણઠાણે પણ જે શુભયોગ હોય છે તે સંયમના સ્વભાવના કારણે જ હોય છે અને જે અશુભયોગ હોય છે તે પ્રમાદાત્મક ઉપાધિના કારણે હોય છે. ભગવતી સૂત્રમાં જ કહ્યું છે કે 'પ્રમત્તસંયતનો યોગ અનુક્રમે સંયતપણાના અને પ્રમાદતત્પરતાના કારણે શુભ કે અશુભ હોય છે." એમાં અશુભયોગદશામાં ઉપયોગશૂન્યપણે પડિલેહણાદિ કરવાથી પ્રમત્તસંયતજીવો આરંભિકીક્રિયાના હેતુભૂત વ્યાપારવાળા હોઈ સામાન્યથી આરંભક હોય છે, માટે વિશેષથી આત્મારંભક વગેરે પણ હોય છે. જ્યારે શુભયોગવાળી અવસ્થામાં ક્રિયા અંગેના સમ્યગ્ ઉપયોગરૂપ જે આરંભિકીક્રિયાનો પ્રતિબંધક, તે હાજર હોઇ આરંભિકીક્રિયાના હેતુભૂત વ્યાપારનો અભાવ રહે છે. એટલે એ અવસ્થામાં પ્રમત્તસંયત પણ અનારંભક હોય છે. તેથીજ 'પ્રમત્તગુણઠાણે હંમેશા આરંભિકીક્રિયા હોય જ' એવું માનવું અયોગ્ય છે, કારણ કે તેની હાજરી અનિયમે (=ભજનાએ=વિકલ્પે) હોવાનું પ્રજ્ઞાપનાસૂત્રના (૨૨) ક્રિયાપદમાં પ્રતિપાદન કર્યું છે. તે આ રીતે "હે ભગવન્ ! આરંભિકીક્રિયા કોને હોય છે? ગૌતમ! કો'ક કો'ક પ્રમત્તસંયતને પણ" આની વૃત્તિનો ભાવાર્થ આવો છે–("અહીં 'અવિ' શબ્દ ભિન્નક્રમ વાળો છે. અર્થાત્ 'अन्यतरस्य' શબ્દ પછી આવેલા તેનો અન્વય 'પ્રમત્તસંયતસ્ય' શબ્દ પછી કરવાનો છે.) કો'ક કો'ક પ્રમત્તસંયતને પણ પ્રમાદની હાજરીમાં કાયદુષ્પ્રયોગ થવાથી પૃથ્વીકાયવગેરેનો ઉપમર્દ (વિરાધના) સંભવતો હોવાથી આરંભિકીક્રિયા હોય છે. અહીં 'અવિ' શબ્દ, 'પ્રમત્તસંયતભિન્ન નીચેના ગુણઠાણે રહેલા જીવોમાં આરંભિકીક્રિયા નિયમા હોય છે' એવું 'પ્રમત્તસંયતોને પણ આરંભિકીક્રિયા હોય છે તો દેશવિરત વગેરેની શું વાત કરવી ?' ઇત્યાદિ જણાવવા દ્વારા જણાવે છે."

## [ અપ્રમાદ યોગના અશુભત્વનો પ્રતિબંધક ]

આમ યોગમાં શુભત્વ અને અશુભત્વની વ્યવસ્થા ઉપયોગની અપેક્ષાએ હોવી સિદ્ધ થએ છતે એ માનવું આવશ્યક થઇ પડે છે કે "જાણકારી પૂર્વક ધર્મોપકરણ રાખવામાં

---

१. आरम्भिकी भदन्त ! क्रिया कस्य क्रियते ? गौतम ! अन्यतरस्यापि प्रमत्तसंयतस्य ।

प्रतिपत्तव्यम् । न च भगवतो धर्मोपकरणसत्त्वेऽपि मूर्च्छाऽभावेन परिग्रहत्वत्यागान्न परिग्रहदोषः, द्रव्यहिंसायां तु सत्यां प्राणवियोगरूपतल्लक्षणसत्त्वात् तद्दोषः स्यादेवेति व्यामूढधिया शङ्कनीयं, 'प्रमादयोगेन प्राणव्यपरोपणं हिंसा' इति तत्त्वार्थे [७-११] तल्लक्षणकरणाद् भगवति तदभावादेव । अत एव 'हिंसा नियतो दोषः, परिग्रहस्त्वनियतो दोषः' इत्यपास्तं, मैथुनादन्यत्राश्रवेऽनियतदोषत्वप्रतिपादनात् । तदुक्तं तत्त्वार्थवृत्तौ [७-११] "प्रमत्तयोगादसदभिधानमनृतं, प्रमत्तयोगाददत्तादानं स्तेयं, प्रमत्तयोगान्मूर्च्छा परिग्रहः, मैथुने प्रमत्तयोगादिति पदं न, यत्राप्रमत्तस्य तथाभावे सति कर्मबन्धाभावस्तत्र प्रमत्तग्रहणमर्थवद्भवति, प्रमत्तस्य कर्मबन्धो नाऽप्रमत्तस्येति, प्राणातिपातवत्, मैथुने तु रागद्वेषान्वयाविच्छेदात्, सर्वावस्थासु मैथुनासेविनः कर्मबन्धः, इत्यादि।" एतेन द्रव्यहिंसया भगवतः प्राणातिपातकत्वप्रसङ्गोऽपि निरस्तः, द्रव्यपरिग्रहेण परिग्रहित्वप्रसङ्गतुल्ययोगक्षेमत्वात् ।

---

અવર્જનીય (જેનો પરિહાર ન કરી શકાય) રૂપે દ્રવ્યપરિગ્રહ ભગવાન્‌માં આવી પડવા છતાં અપ્રમત્તતાના કારણે જેમ યોગો અશુભ બનતા નથી તેમ ગમનાગમનાદિ વ્યાપાર વખતે અવર્જનીયરૂપે દ્રવ્યહિંસા થઇ જવા છતાં અપ્રમત્તતાના કારણે જ યોગો અશુભ બનતા નથી."—"ધર્મોપકરણ રાખવા છતાં મૂર્ચ્છા ન હોવાના કારણે તે ધર્મોપકરણમાંથી પરિગ્રહત્વ (પરિગ્રહનું મૂર્ચ્છાત્મક સ્વરૂપ) નીકળી જતું હોઈ ભગવાન્‌ને પરિગ્રહ હોવાનો દોષ લાગતો નથી. જ્યારે દ્રવ્યહિંસાની હાજરીમાં તો પ્રાણવિયોગરૂપ હિંસાનું સ્વરૂપ જળવાઇ રહેતું જ હોવાથી હિંસાનો દોષ તો લાગશે જ"—એવી જડબુદ્ધિથી શંકા ન કરવી, કારણ કે **તત્ત્વાર્થમાં** હિંસાનું 'પ્રમાદથી પ્રાણઘાત કરવો તે હિંસા' એવું લક્ષણ કર્યું છે. કેવલીકૃત દ્રવ્યહિંસામાં માત્ર પ્રાણવિયોગ હોવા છતાં પ્રમાદ ન હોવાના કારણે 'પ્રમાદ યુક્ત પ્રાણવિયોગ' રૂપ હિંસાનું લક્ષણ ન હોવાથી દ્રવ્યહિંસા કેવલી ભગવાન્‌ને દોષરૂપ બનતી નથી.

**[મૈથુન સિવાયના આશ્રવો અનિયતદોષરૂપ]**

તેથી જ-"હિંસા એ નિયત દોષ છે, જ્યારે પરિગ્રહ એ અનિયતદોષ છે (અર્થાત્ દ્રવ્યહિંસા થાય એટલે દોષ અવશ્ય લાગી જ જાય, ધર્મોપકરણાદિરૂપ દ્રવ્યપરિગ્રહ માટે એવું નહિ.) તેથી કેવલીને દ્રવ્યહિંસા તો મનાય જ નહિ—એવી દલીલ પણ ઊડી જાય છે. કારણ કે મૈથુન સિવાયના આશ્રવોને અનિયતદોષ તરીકે કહ્યા છે. **તત્ત્વાર્થવૃત્તિમાં** કહ્યું છે કે "પ્રમત્તયોગથી જૂઠ બોલવું એ મૃષાવાદ છે. પ્રમત્ત યોગથી, નહિ અપાયેલી ચીજ લેવી તે ચોરી છે, પ્રમત્તયોગથી મૂર્ચ્છા રાખવી તે પરિગ્રહ છે. મૈથુનમાં 'પ્રમત્તયોગથી' એવો શબ્દ ન લગાડવો. જે જૂઠ બોલવું વગેરે બાબત થવા છતાં અપ્રમત્તને કર્મબંધ થતો નથી તે બાબતોને પાપરૂપે જણાવવા માટે 'પ્રમત્તયોગથી' એવો શબ્દ લગાડવો એ 'પ્રમત્તને કર્મબંધ થાય છે, અપ્રમત્તને નહિ' એવું જણાવવા દ્વારા સાર્થક બને છે, જેમકે હિંસામાં. મૈથુનમાં તો રાગદ્વેષ ચાલુ જ રહેતા હોવાથી કોઈપણ પરિસ્થિતિમાં મૈથુન સેવનારને કર્મબંધ થાય જ છે." (આશય અપ્રમત્તપણામાં પણ જીવહિંસા શક્ય છે જે કર્મબંધનું નિમિત્ત નથી. તેથી તેના વ્યવચ્છેદ માટે 'પ્રમત્તયોગાત્' શબ્દ આવશ્યક બને છે. પણ એ રીતે જે કર્મબંધનું નિમિત્ત ન બને એવું મૈથુન અપ્રમત્ત અવસ્થામાં સંભવતું નથી. તેથી વ્યવચ્છેદ કરવા યોગ્ય કોઈ બાબત ન હોવાથી 'મૈથુન' શબ્દ સાથે 'પ્રમત્તયોગથી' એવો શબ્દ લગાડવાનો રહેતો નથી.) ઇત્યાદિ. માટે હિંસા પણ અનિયત દોષ છે જ. તેથી જ 'જો ભગવાન્‌થી દ્રવ્યહિંસા થતી હશે તો ભગવાન્‌ને હિંસક કહેવાની

किञ्च वीतरागाणामप्रमत्तानां च जीवविराधनायां सत्यामप्यारम्भिकीप्राणातिपातिकीक्रियाऽभाव एव भणितः । तदुक्तं

**भगवत्यां** (श० १ उ० २) "तत्थ णं जे ते संजया ते दुविहा पण्णत्ता । तं जहा-सरागसंजया य वीयरागसंजया य । तत्थ णं जे ते वीयरागसंजया ते णं अकिरिया । तत्थ णं जे ते सरागसंजया ते दुविहा पण्णत्ता, तं जहा-पमत्तसंजया य अपमत्तसंजया य । तत्थ णं जे ते अपमत्तसंजया तेसिं णं एगा मायावत्तिआ किरिया कज्जइ, तत्थ णं जे ते पमत्तसंजया तेसि णं दो किरियाओ कज्जंति । तं जहा-आरंभिया य मायावत्तिआ य" इत्यादि । **एतद्वृत्तिर्यथा-'सरागसंजयत्ति** अक्षीणानुपशान्तकषायाः **वीयरागसंजय** त्ति उपशान्तकषायाः क्षीणकषायाश्च । **अकिरिय त्ति** वीतरागत्वेनारम्भादीनामभावादक्रियाः । **एगा मायावत्तिय** त्ति अप्रमत्तसंयतानामेकैव मायाप्रत्यया क्रिया **कज्जइत्ति** क्रियते भवति, कदाचिदुड्डाहरक्षणप्रवृत्तानामक्षीणकषायत्वादिति । **आरंभिय त्ति** प्रमत्तसंयतानां च 'सर्वः प्रमत्तयोग आरम्भः' इति कृत्वाऽऽरम्भिकी स्यात्, **अक्षीणकषायत्वाच्च** मायाप्रत्ययेति ।" तथा तत्रै**वाष्टमशते षष्ठोद्देशके** प्रोक्तं-"'जीवे णं भंते ! ओरालियसरीराओ कइकिरिए ? गोयमा ! सिय तिकिरिए, सिय चउकिरिए, सिय पंच किरिए सिय अकिरिए त्ति ।" **एतद्वृत्तिर्यथा**-"परशरीरमौदारिकमाश्रित्य जीवस्य नारकादेश्च क्रिया अभिधातुमाह-**जीवेण**मित्यादि । ओरालियसरीराओ त्ति औदारिकशरीरात्परकीयमौदारिकशरीरमाश्रित्य कतिक्रियो जीवः ? इति प्रश्नः । उत्तरं तु **सिय तिकिरिए त्ति** यदैकजीवोऽन्यस्य पृथिव्यादेः सम्बन्ध्यौदारिकशरीरमाश्रित्य कायं व्यापारयति तदा त्रिक्रियः, कायिक्यधिकरणिकीप्राद्वेषिकीनां भावाद्, एतासां च परस्परेणाविनाभूतत्वात्-'स्यात्

---

આપત્તિ આવશે' એવી આપત્તિ પણ દૂર થઇ જાય છે, કેમકે દોષરૂપ નહિ એવી પણ દ્રવ્યહિંસાથી હિંસક માનવામાં આવે તો દોષરૂપ નહિ એવા પણ દ્રવ્ય પરિગ્રહના કારણે કેવળીને પરિગ્રહી પણ માનવાની આપત્તિ સમાન રીતે ઊભી થઇ જ જાય છે (તેથી તેનું નિરાકરણ પણ સમાન રીતે થઇ જ શકે છે.)

**[વીતરાગ અને અપ્રમત્તો જીવહિંસા થવા છતાં અનારંભક]**

વળી, વીતરાગ અને અપ્રમત્તસંયતોમાં જીવ વિરાધના થવા છતાં આરંભિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયાનો તો અભાવ જ હોવો શાસ્ત્રમાં કહ્યો છે. **શ્રી ભગવતી સૂત્ર** (શ. ૧ ઉ. ૨)માં કહ્યું છે કે "તેમાં સંયતો બે પ્રકારે કહ્યા છે—સરાગસંયત અને વીતરાગસંયત. તેમાં જેઓ વીતરાગસંયત હોય છે તેઓ અક્રિય હોય છે. જેઓ સરાગસંયત હોય છે તેઓ બે પ્રકારે હોય છે—પ્રમત્તસંયત અને અપ્રમત્તસંયત. તેમાં જેઓ અપ્રમત્તસંયત હોય છે તેઓને એક માયાપ્રત્યયિકી (માયાનિમિત્તક) ક્રિયા હોય છે. જેઓ પ્રમત્તસંયત હોય છે તેઓને બે ક્રિયા હોય છે-આરંભિકી અને માયાપ્રત્યયિકી." **આની વૃત્તિનો ભાવાર્થ**-"જેઓના કષાય ક્ષીણ કે ઉપશાન્ત થયા નથી તે સરાગસંયત. જેઓના કષાય ક્ષીણ કે ઉપશાન્ત થઇ ગયા છે તે વીતરાગસંયત. વીતરાગપણાના કારણે આરંભાદિ ન હોવાથી તેઓ અક્રિય (ક્રિયાવગરના) હોય છે. અપ્રમત્તસંયતો ક્યારેક જ્યારે પ્રવચનઉડ્ડાહને અટકાવવામાં પ્રવર્ત્યા હોય છે ત્યારે તેઓને કષાયોનો નાશ ન થયો હોવાના કારણે એક માયાપ્રત્યયિકીક્રિયા હોય છે. 'બધો પ્રમત્તયોગ આરંભ છે' એ વચન મુજબ પ્રમત્તસંયતોને આરંભિકીક્રિયા હોય છે. તેમજ કષાયોક્ષીણ ન થયા હોવાના કારણે માયાપ્રત્યયિકીક્રિયા હોય છે." વળી **ભગવતીજીસૂત્રમાં** જ આઠમા શતકના છઠ્ઠા ઉદ્દેશકમાં કહ્યું છે કે—

**[કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી ક્રિયાઓનો અવિનાભાવ]**

હે **ભગવન્** ! ઔદારિકશરીરને આશ્રીને જીવ કેટલી ક્રિયાવાળો બની શકે છે ? **ગૌતમ** ! ત્રણ ક્રિયાવાળો ચારક્રિયાવાળો કે પાંચ ક્રિયાવાળો બની શકે છે તેમજ અક્રિય પણ બની શકે છે." **આની વૃત્તિનો**

त्रिक्रियः' इत्युक्तं, न पुनः 'स्यादेकक्रियः' 'स्याद् द्विक्रियः' इति । अविनाभावश्च तासामेव–अधिकृतक्रिया ह्यवीतरागस्यैव, नेतरस्य, तथाविधकर्मबन्धहेतुत्वाद् अवीतरागकायस्य चाधिकरणत्वेन प्रद्वेषान्वितत्वेन च काय-क्रियासद्भावे इतरयोरवश्यंभावः, इतरभावे च कायिकीसद्भावः । उक्तं च **प्रज्ञापनाया**मिहार्थे–"[1]जस्स णं जीवस्स काइआ किरिया कज्जइ तस्स अहिगरणिया किरिया णियमा कज्जइ जस्स अहिगरणिया किरिया कज्जइ तस्स वि काइया किरिया णियमा कज्जइ' इत्यादि । तथाऽऽद्यक्रियात्रयसद्भावे उत्तरक्रियाद्वयं भजनया भवति । यदाह–जस्स णं जीवस्स काइया किरिया कज्जइ तस्स पारियावणिया सिय कज्जइ सिय णो कज्जइ" इत्यादि । ततश्च यदा कायव्यापारद्वारेणाद्यक्रियात्रय एव वर्त्तते, न तु परितापयति न चातिपातयति, तदा त्रिक्रिय एवेति अतोऽपि 'स्यात् त्रिक्रियः' इत्युक्तम् । यदा तु परितापयति तदा चतुष्क्रियः, आद्यक्रियात्रयस्य तत्रावश्यंभावाद् । यदा त्वतिपातयति तदा पञ्चक्रियः, आद्यक्रियाचतुष्कस्य तत्रावश्यंभावाद् । **उक्तं च** "[2]जस्स पारिआवणिया किरिया कज्जइ तस्स काइया णियमा कज्जइ" इत्यादि । अत एवाह–"सिय चउकिरिए सिय पंचकिरिए' त्ति । तथा 'सिय अकिरिए 'त्ति वीतरागावस्थायामाश्रित्य, तस्यां हि वीतरागत्वादेव न सन्त्यधिकृतक्रिया इति । ''

**एतद्वचनानुसारेण ह्येतत्प्रतीयते यद्–आरंभिकीक्रिया प्रमादपर्यन्तमेव, न तु जीव विराधनायां सत्यामप्युपरिष्टादपि । प्राणातिपातक्रिया च प्रद्वेषेण प्राणातिपातकाल एव, न च**

---

**અર્થ**–"બીજાના ઔદારિકાદિ શરીરને આશ્રીને જીવ અને નરક વગેરેને કેટલી ક્રિયાઓ હોય છે તે જણાવવા ગ્રન્થકારે આ સૂત્ર કહ્યું છે. બીજાના ઔદારિક શરીરને આશ્રીને જીવ કેટલી ક્રિયાવાળો હોય છે? આ પ્રશ્ન છે. એનો ઉત્તર–જ્યારે એક જીવ બીજા પૃથ્વીકાય વગેરે જીવના ઔદારિક શરીર અંગે પોતાની કાયાને સક્રિય બનાવે છે ત્યારે ત્રણ ક્રિયાવાળો બની શકે છે, કારણ કે કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી એ ત્રણે ક્રિયાઓ પરસ્પર અવિનાભાવી હોવાથી તેનામાં હાજર હોય છે. તે એક ક્રિયાવાળો કે બેક્રિયાવાળો બની શકતો નથી. આ ત્રણક્રિયાઓનો અવિનાભાવ આ રીતે સિદ્ધ થાય છે–આ ક્રિયાઓ અવીતરાગને જ હોય છે, વીતરાગને નહિ. આ વાત એના પરથી જણાય છે કે એ ક્રિયાઓ અવીતરાગને થાય તેવા પ્રકારના કર્મબંધના હેતુભૂત હોય છે. વળી અવીતરાગની કાયા અધિકરણ રૂપ હોઈ તેમજ પ્રદ્વેષયુક્ત હોવાના કારણે પ્રદ્વેષધારાનો અવિચ્છેદ હોઈ જ્યારે કાયિકીક્રિયા યુક્ત બને છે ત્યારે બીજી બે તો અવશ્ય હાજર હોય જ છે, અને તે બેની હાજરીમાં કાયિકીની હાજરી પણ હોય જ છે." **પન્નવણાસૂત્રમાં** આ બાબતમાં કહ્યું છે કે "જે જીવને કાયિકીક્રિયા હોય છે તેને અધિકરણિકીક્રિયા નિયમા હોય છે. જે જીવને અધિકરણિકી ક્રિયા હોય છે તેને કાયિકીક્રિયા નિયમા હોય છે." વળી આ પહેલી ત્રણ ક્રિયાની હાજરીમાં પાછળની બે ક્રિયાઓ ભજનાએ હોય છે. કહ્યું છે કે 'જે જીવને કાયિકીક્રિયા હોય છે તેને પારિતાપનિકી ક્રિયા હોય પણ ખરી કે ન પણ હોય. વગેરે...' તેથી કાયપ્રવૃત્તિદ્વારા જ્યારે પહેલી ત્રણ ક્રિયા જ કરતો હોય, પરિતાપના કે અતિપાતના કરતો ન હોય ત્યારે ત્રણક્રિયાવાળો જ હોય છે. તેથી પણ 'स्यात् त्रिक्रियः' એવું કહ્યું છે. જ્યારે પરિતાપના પણ કરે છે ત્યારે ચારક્રિયાવાળો બને છે, કારણ કે પહેલી ત્રણ ક્રિયા તો આ ચોથીની હાજરીમાં અવશ્ય હાજર હોય જ છે. એમ જ્યારે અતિપાતના કરે છે ત્યારે પાંચક્રિયાવાળો બને છે, કેમકે પહેલી ચાર ક્રિયાની ત્યાં અવશ્ય હાજરી હોય છે. કહ્યું છે કે "જે પારિતાપનિકી ક્રિયા કરે છે તેને કાયિકી ક્રિયા અવશ્ય હોય છે ઈત્યાદિ" તેથી જ (ભગવતીજીના પ્રસ્તુત સૂત્રમાં) सिय चउकिरिए, सिय पंचकिरिए' એમ કહ્યું છે. તથા 'सिय अकिरिए' એવું જે કહ્યું છે તે વીતરાગ અવસ્થાને આશ્રીને જાણવું. તે અવસ્થામાં અધિકૃતક્રિયાઓ વીતરાગપણાના કારણે જ હોતી નથી."

---

१. यस्य जीवस्य कायिकीक्रिया क्रियते तस्य पारितापनिकी स्यात्क्रियते स्यान्नो क्रियते । २. यस्य पारितापनिकी क्रिया क्रियते तस्य कायिकी नियमात्क्रियते ।

पृथिव्यादीनां तदसंभवः, तत्कृताकुशलपरिणामनिवृत्त्यैव तत्प्रतिपादनादिति । साप्यप्रमत्तस्य न संभवति । न च—अवीतरागकायस्याधिकरणत्वेन प्रद्वेषान्वितत्वेन च कायिकीक्रियासद्भावे त्रिक्रियत्वस्य नियमप्रतिपादनाद् एवंभूतस्याप्रमत्तस्यापि प्राणातिपातव्यापारकाले प्राणातिपातिकीक्रियासंभव इति—वाच्यं, कायिकीक्रियाया अपि प्राणातिपातजनकप्रद्वेषविशिष्टाया एव ग्रहणाद्, इत्थमेवाद्यक्रियात्रयनियमसंभवात् । तदुक्तं—

**प्रज्ञापनावृत्तौ**–"इह कायिकीक्रिया औदारिकादिकायाश्रिता प्राणातिपातनिर्वर्त्तनसमर्था प्रतिविशिष्टा परिगृह्यते, न या काचन कार्मणकायाश्रिता वा, तत आद्यानां तिसृणां क्रियाणां परस्परं नियम्यनियामकभावः । कथमिति चेत् ? उच्यते 'कायोऽधिकरणमपि भवति' इत्युक्तं प्राक्, ततः कायस्याधिकरणत्वात् कायिक्यां सत्यामवश्यमाधिकरणिकी, आधिकरणिक्यामवश्यं कायिकी. सा च प्रतिविशिष्टा कायिकी क्रिया प्रद्वेषमन्तरेण न भवति, ततः प्राद्वेषिक्यापि सह परस्परमविनाभावः । प्रद्वेषोऽपि च काये स्फुटलिङ्ग एव, वक्त्ररूक्षत्वादेस्तदविनाभाविनः प्रत्यक्षत एवोपलम्भाद् । उक्तं च–

---

[ પ્રાણાતિપાતજનકપ્રદ્વેષવિશિષ્ટ કાયિકી ક્રિયાનો જ નિયમ ]

**શ્રી ભગવતીસૂત્ર-વૃત્તિના** આ વચન પરથી જણાય છે કે આરંભિકીક્રિયા પ્રમાદ અવસ્થા સુધી જ હોય છે, તેના કરતાં ઉપરની અપ્રમત્તસંયત વગેરે અવસ્થામાં જીવવિરાધના થાય તો પણ તે હોતી નથી. પ્રાણાતિપાતક્રિયા પ્રદ્વેષથી થતા પ્રાણાતિપાતના કાલમાં જ હોય છે. પૃથ્વીકાય વગેરે જીવોમાં તેનો અસંભવ હોતો નથી, કારણ કે તેનાથી થયેલ અકુશલપરિણામની અનિવૃત્તિને આશ્રીને જ તેઓમાં પ્રાણાતિપાતક્રિયા કહી છે અર્થાત્ તેવો અશુભપરિણામ દૂર ન થવો એ જ તેઓમાં પ્રાણાતિપાતક્રિયા હોવામાં નિમિત્ત બને છે. આ પ્રાણાતિપાતક્રિયા પણ અપ્રમત્તને સંભવતી નથી.—'અવીતરાગની કાયા અધિકરણરૂપ હોઈ અને પ્રદ્વેષયુક્ત હોઇ કાયિકીક્રિયાની હાજરીમાં અવશ્ય ત્રણે ક્રિયાવાળી હોય છે' એવો નિયમ આગમમાં કહ્યો છે. અપ્રમત્તસંયત પણ અવીતરાગ તો હોય જ છે. તેથી દ્રવ્યહિંસાની પ્રવૃત્તિ વખતે તેને પણ પ્રાણાતિપાતિકીક્રિયા સંભવે છે–એવી શંકા ન કરવી, કારણ કે, 'કાયિકીક્રિયાની હાજરીમાં ત્રણે ક્રિયા અવશ્ય હોય જ' એવો જે નિયમ દેખાડ્યો છે તેમાં કાયિકીક્રિયા તરીકે પ્રાણાતિપાતજનક પ્રદ્વેષ વિશિષ્ટ કાયિકી ક્રિયા જ લેવાની છે, સામાન્ય કાયિકીક્રિયા નહિ. કારણકે એ રીતે જ પહેલી ત્રણ ક્રિયાનો એ નિયમ સંભવે છે. **પ્રજ્ઞાપનાની વૃત્તિમાં** કહ્યું છે કે, "અહીં કાયિકીક્રિયા એટલે ઔદારિકાદિકાયમાં રહેલ અને પ્રાણાતિપાત કરી શકવામાં સમર્થ એવી વિશિષ્ટ ક્રિયા જ લેવાની છે, ઔદારિકાદિશરીરમાં રહેલ ગમે તે ક્રિયા કે કાર્મણ શરીરમાં રહેલ ક્રિયા નહિ. તેથી પહેલી ત્રણ ક્રિયાઓ વચ્ચે પરસ્પર નિયમ્ય–નિયામકભાવ છે. શી રીતે ? આ રીતે–શરીર અધિકરણ પણ બને છે એવું પૂર્વે કહી ગયા. તેથી કાયિકીક્રિયાની હાજરીમાં આધિકરણિકીક્રિયા અવશ્ય હોય છે તેમ જ આધિકરણિકીક્રિયાની હાજરીમાં કાયિકી ક્રિયા અવશ્ય હોય છે. વળી તે પણ પ્રદ્વેષ વિના વિશેષ પ્રકારની બનતી નથી. તેથી પ્રાદ્વેષિકી ક્રિયાની સાથે પણ તે બે ક્રિયાનો પરસ્પર અવિનાભાવ છે. શરીરમાં પ્રદ્વેષના ચિહ્નો પણ સ્પષ્ટ જ હોય છે, કારણ કે 'મોં લૂખું થઈ જવું' ઇત્યાદિરૂપ તેના અવિનાભાવી લિંગો પ્રત્યક્ષ દેખાય જ છે. કહ્યું છે કે–ગુસ્સો કરનારનું મુખ સૂકાય છે, આનંદી માણસનું તે સ્નિગ્ધ બને છે. ઔદારિક દેહ પણ આમ ભાવવશાત્ પરિણમે છે."

"रुक्षयति रुष्यतो ननु वक्त्रं स्निह्यति च रज्यतः पुंसः । औदारिकोऽपि देहो भाववशात्परिणमत्येवम् । इति ।"

यदि च प्रद्वेषान्वयाविच्छेदमात्रादवीतरागमात्रस्य कायिकयादिक्रियात्रयनियमः स्यात् तदा सूक्ष्मसंपराये प्राणातिपातसंपत्तौ प्राणातिपातक्रियया षड्विधबन्धकत्वस्याप्युपपत्तौ "[1]जीवे णं भंते ! पाणाइवाएणं कइ कम्मपगडीओ बंधइ ? गोअमा ! सत्तविहबंधए वा अट्ठविहबंधए वा । " इत्युक्तव्यवस्थानुपपत्तिः । नन्वेवं "[2]जीवे णं भंते ! नाणावरणिज्जं कम्मं बंधमाणे कइकिरिए ? गोअमा ! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए।" इति प्रज्ञापनासूत्रस्य (पद २२) का गतिः ? भवदुक्तरीत्या ज्ञानावरणीयं कर्म बध्नतो दशमगुणस्थानवर्त्तिनोऽक्रियत्वस्यापि संभवेन 'स्यादक्रियः' इति भङ्गन्यूनत्वादिति चेत् ? "स्वसहचरिते स्वकार्ये वा ज्ञानावरणीये प्राणातिपातस्य परिसमाप्तिनिर्वृत्तिभेदप्रकारोपदर्शनपरमेतत् सूत्रं, न तु तद्बन्धे क्रियाविभागनियमप्रदर्शनपरं" इत्येषा गतिरिति गृहाण । तदुक्तं तद्वृत्तौ—

**[ હિંસાથી થતા પ્રકૃતિબંધની વ્યવસ્થા અસંગત થવાની આપત્તિ ]**

બાકી જો પ્રદ્વેષસંતાનના અવિચ્છેદમાત્રના કારણે દરેક અવીતરાગને કાયિકી વગેરે ત્રણે ક્રિયાઓનો પરસ્પર નિયમ હોય તો સૂક્ષ્મસંપરાય ગુણઠાણે દ્રવ્યહિંસા થાય ત્યારે પ્રાણાતિપાતક્રિયા પણ માનવી પડે. એ માનવામાં આવે તો શાસ્ત્રમાં દેખાડેલી નીચેની વ્યવસ્થા અસંગત બની જાય. તે વ્યવસ્થા આ છે કે, '"હે ભગવન્ ! જીવ પ્રાણાતિપાતથી કેટલી કર્મપ્રકૃતિઓનો બંધક બને છે ? ગૌતમ ! સપ્તવિધબંધક કે અષ્ટવિધબંધક બને છે." આ વ્યવસ્થા એટલા માટે અસંગત બની જાય છે કે સૂક્ષ્મસંપરાય ગુણઠાણે જીવ ષડ્વિધ બંધક હોવાથી 'પ્રાણાતિપાતથી ષડ્વિધ બંધક બને છે' એવું પણ કહેવું આવશ્યક બને છે જે શાસ્ત્રોક્ત તે વ્યવસ્થામાં કહ્યું નથી.

**શંકા :–** તો પછી "હે ભગવન્ ! જ્ઞાનાવરણીયકર્મ બાંધતો જીવ કેટલી ક્રિયાવાળો હોય છે ? ગૌતમ ! ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળો હોય છે." આવું જણાવનાર પ્રજ્ઞાપનાના ૨૨ મા પદના સૂત્રનું શું થશે ? કારણ કે તમારા કહ્યા પ્રમાણે પ્રાણાતિપાતથી થતા કર્મપ્રકૃતિબંધને જણાવનાર સૂત્રને સંગત કરવા સૂક્ષ્મસંપરાયગુણઠાણાવાળા જીવમાં પ્રાણાતિપાતક્રિયા માનવાની રહેતી નથી. અને તેથી તેનામાં કાયિકી વગેરેમાંથી એકે ય માની શકાતી નથી, (કારણ કે એક હોય તો ત્રણ અવશ્ય હોવાથી પ્રાણાતિપાતક્રિયા પણ અવશ્ય હોય જ). એટલે કે તેને અક્રિય માનવો પડે છે. વળી અક્રિય સિદ્ધ થયેલો એવો પણ એ જ્ઞાનાવરણીયકર્મ બાંધે તો છે જ. તેથી આ સૂત્રમાં જ્ઞાનાવરણીયકર્મ બાંધનાર જીવને અક્રિય પણ કહેવો જોઈએ. પણ કહ્યો નથી, તેથી આ સૂત્ર અસંગત બને છે.

**[ જ્ઞાનાવ૦ બંધકાલીન ક્રિયાઓના પ્રતિપાદક સૂત્રનું રહસ્ય ]**

**સમાધાન :–** પ્રજ્ઞાપનાના આ સૂત્રમાં, 'જ્ઞાનાવરણીયકર્મના બંધ વખતે જીવ આટલી ક્રિયાઓવાળો હોય' એવો ક્રિયાવિભાગનો નિયમ દેખાડવાનો અભિપ્રાય નથી,

१. जीवो भदन्त ! प्राणातिपातेन कति कर्मप्रकृतीर्बध्नाति ? गौतम ! सप्तविधबन्धको वाऽष्टविधबन्धको वा ।

२. जीवो भदन्त ! ज्ञानावरणीयं कर्म बध्नन् कतिक्रियः ? गौतम ! स्यात् त्रिक्रियः, स्यात् चतुष्क्रियः स्यात्पञ्चक्रियः ।

"इह प्रागुक्तं जीवः प्राणातिपातेन सप्तविधमष्टविधं वा कर्म बध्नाति, स तु तमेव प्राणातिपातं ज्ञानावरणीयादि कर्म बध्नन् कतिभिः क्रियाभिः समापयतीति प्रतिपाद्यते । अपि च कार्येण ज्ञानावरणीयाख्येन कर्मणा कारणस्य प्राणातिपाताख्यस्य निवृत्तिभेदं उपदर्श्यते, तद्भेदाच्च बन्धविशेषोऽपीति । उक्तं च—
तिसृभिश्चतसृभिरथ पञ्चभिश्च (क्रियाभिः) हिंसा समाप्यते क्रमशः । बन्धोऽस्य विशिष्टः स्याद् योगप्रद्वेषसाम्यं चेद् ॥ इति । तमेव प्राणातिपातस्य निवृत्तिभेदं दर्शयति-सिय तिकिरिए इत्यादीति" । अथैवमप्रमत्तस्यैवाक्रियत्वस्वामिनः सुलभत्वाद् भगवतीवृत्तौ अक्रियत्वं वीतरागावस्थामाश्रित्यैव कथमुपपादितम् ? इति चेत् ? स्पष्टत्वार्थम् । बादरसंपरायं यावत् प्रद्वेषान्वयेन त्रिक्रियत्वाभ्युपगमेऽपि सूक्ष्मसंपरायस्याऽक्रियत्वस्थानस्य परिशिष्टत्वेनैतदुपपादनार्थमेतत्प्रकारस्यावश्याश्रयणीयत्वात् ।

---

કિન્તુ સ્વસહચરિત (સ્વ=પ્રાણાતિપાત) એવા જ્ઞાનાવરણીયકર્મબંધની હાજરીમાં પ્રાણાતિપાતનો અંત કેટલી ક્રિયાઓથી થાય તે, અથવા સ્વકાર્યભૂત જ્ઞાનાવરણકર્મબંધની સાથે કારણભૂત પ્રાણાતિપાત કેટલી ક્રિયાઓથી નિવૃત્ત થાય (બંધ પડે) તે દેખાડવાનો અભિપ્રાય છે. તે સૂત્રની વૃત્તિમાં કહ્યું છે કે—

"અહીં પહેલાં કહી ગયા કે જીવ પ્રાણાતિપાતથી સાત કે આઠ કર્મ બાંધે છે. જ્ઞાનાવરણીયાદિકર્મને બાંધતો તે, તે જ પ્રાણાતિપાતને કેટલી ક્રિયાઓ દ્વારા સમાપ્ત કરે છે? તેનું આ સૂત્રમાં પ્રતિપાદન કરાય છે. વળી આ સૂત્રમાં, જ્ઞાનાવરણીયકર્મરૂપ કાર્યની સાથે પ્રાણાતિપાત નામના કારણની નિવૃત્તિ થવાની રીતના ભેદો અને ભેદના કારણે થતો બંધભેદ પણ દેખાડાય છે. કહ્યું છે કે 'ક્રમશઃ ત્રણ, ચાર કે પાંચ ક્રિયાઓથી હિંસા સમાપ્ત થાય છે. યોગ અને પ્રદ્વેષનું સામ્ય રહે તો આનો બંધ વિશેષ પ્રકારે થાય છે.' પ્રાણાતિપાતના તે નિવૃત્તિભેદને જણાવવા માટે જ સૂત્રકારે 'सिय तिकिरिए' ઇત્યાદિ કહ્યું છે."

આમ જ્ઞાનાવરણીયકર્મ બાંધતો દશમગુણસ્થાનવર્તી જીવ અક્રિય હોવો સંભવવા છતાં પ્રજ્ઞાપનાના તમે નિર્દેશેલા સૂત્રની કોઈ અસંગતિ રહેતી નથી. માટે 'જીવ પ્રાણાતિપાતથી કેટલી પ્રકૃતિઓનો બંધક બને?' ઇત્યાદિસૂત્રમાં દેખાડેલી વ્યવસ્થા અસંગત ન બને એ માટે ફલિત તરીકે માનવું પડે છે કે–પ્રદ્વેષ અન્વયનો અવિચ્છેદ હોવા માત્રથી અવીતરાગમાત્રને કાયિકી વગેરે ત્રણે ક્રિયાઓ અવશ્ય હોય જ એવો નિયમ નથી, પણ પ્રાણાતિપાત જનક પ્રદ્વેષ હોય તો જ એ ત્રણે ક્રિયાઓ હોવાનો નિયમ છે. માટે તેવા પ્રદ્વેષશૂન્ય અપ્રમત્તને પ્રાણાતિપાતક્રિયા હોતી નથી એ સિદ્ધ થાય છે.

['અક્રિય' તરીકે વીતરાગનું ગ્રહણ શા માટે?–સ્પષ્ટતા માટે]

શંકા :– આ રીતે તો અપ્રમત્ત પણ અક્રિય હોવો સિદ્ધ થઇ જશે, કારણ કે ત્રણ ક્રિયાઓનો પરસ્પર નિયમ હોવાથી એકની ગેરહાજરીમાં ત્રણે ય ગેરહાજર હોય છે. અને તો પછી 'ઔદારિક શરીરને આશ્રયીને જીવ કેટલી ક્રિયાઓવાળો હોય છે?' એને જણાવનાર ભગવતીસૂત્રમાં 'सिय अकिरिए त्ति' જે કહ્યું છે તેની સંગતિ કરવા માટે વૃત્તિકારે જે કહ્યું છે, કે 'વીતરાગ અવસ્થાને આશ્રીને અક્રિયત્વ જાણવું' તેમાં પ્રશ્ન ઊભો થશે કે 'અપ્રમત્તઅવસ્થામાં પણ જો અક્રિયત્વ હોય છે તો તેને છોડીને ઠેઠ વીતરાગ અવસ્થા સુધી જવાની શી જરૂર?'

प्रद्वेषाभावेन तत्र कायिक्यधिकरणिकीक्रियाभ्युपगमे च कायिक्यादि क्रियात्रयस्य परस्परं नियमानुपपत्तिरिति 'कायिकीक्रिया द्विविधा-अनुपरतकायिकीक्रिया दुष्प्रयुक्तकायिकी क्रिया चे'ति सिद्धान्तेऽभिधानात् 'कायिकीक्रियाऽऽरंभिक्या समनियता, प्राणातिपातिकी च प्राणातिपात-व्यापारफलोपहितत्वात् तद्व्याप्यैवे'ति प्रतिपत्तव्यं, तत आरंभकत्वं प्राणातिपातकत्वं च सत्यामपि द्रव्यहिंसायां प्रमत्तस्यैव नाप्रमत्तस्येति भगवतस्तया तदापादनमयुक्तमेवेति दिक् ॥५१॥

---

**સમાધાન** :– અક્રિયત્વની વધુ સ્પષ્ટતા થાય એ અભિપ્રાયથી વૃત્તિકારે વીતરાગ અવસ્થાને આશ્રીને એ સંગતિ કરી છે. 'અપ્રમત્ત વગેરે અવસ્થામાં અક્રિયત્વ હોતું નથી' એવા અભિપ્રાયથી નહિ. બાકી પ્રદ્વેષ અન્વયમાત્રના કારણે બાદરસંપરાય (નવમા ગુણઠાણા) સુધી ત્રણે ક્રિયાઓ માનવામાં આવે તો પણ સૂક્ષ્મસંપરાયગુણ-સ્થાનકવર્તી જીવ તો અક્રિય તરીકે મળે છે. (આમાં કારણ એવું લાગે છે કે ૧૦ મે ગુણઠાણે માત્ર સૂક્ષ્મલોભ બાકી રહ્યો હોય છે જે રાગરૂપ છે, પ્રદ્વેષરૂપ નહિ. અથવા ત્યાં કષાય સૂક્ષ્મ છે જે પ્રસ્તુતમાં ઉપયોગી પ્રદ્વેષરૂપ નથી. તેથી પ્રદ્વેષની ચાલી આવતી પરંપરાનો વિચ્છેદ થઈ જાય છે.) માટે, પ્રશ્ન તો ઊભો થાય જ છે કે 'અક્રિયત્વની સંગતિ એની અપેક્ષાએ ન કરતા વીતરાગ અવસ્થાની અપેક્ષાએ કેમ કરી ?' તેથી 'સ્પષ્ટતા માટે કરી' એવો તેનો જવાબ જો વિચારવો જ પડે છે તો "સ્પષ્ટતા માટે જ અપ્રમત્તને છોડીને વીતરાગઅવસ્થાની અપેક્ષાએ અક્રિયત્વની સંગતિ કરી છે, 'અપ્રમત્ત અક્રિય નથી' તેવા કારણે નહિ." એ વાત અવશ્ય સ્વીકારવી જોઈએ.

**[ કાયિકી આરંભિકીની સમનિયત અને પ્રાણાતિપાતિકીની વ્યાપક ]**

વળી પ્રાણાતિપાતજનક પ્રદ્વેષ ન હોવા છતાં (એટલે કે પ્રાદ્વેષિકી ક્રિયા ન હોવા છતાં) અપ્રમત્તમાં કાયિકી–અધિકરણિકીક્રિયા માનવામાં તો કાયિકી વગેરે ત્રણ ક્રિયાઓનો પરસ્પર જે નિયમ છે તે અસંગત બની જાય. તેથી "કાયિકી ક્રિયા બે પ્રકારે હોય છે અનુપરતકાયિકીક્રિયા અને દુષ્પ્રયુક્તકાયિકીક્રિયા." આવું સિદ્ધાન્તમાં કહ્યું હોવાથી જણાય છે કે કાયિકીક્રિયા આરંભિકીક્રિયાને સમનિયત હોય છે. (અર્થાત્ કાયિકી હોય તો આરંભિકી હોય જ અને આરંભિકી હોય તો કાયિકી પણ હોય જ.) જ્યારે પ્રાણાતિપાતવ્યાપારનો ફળોપધાયક હેતુ બનનાર પ્રવૃત્તિ જ પ્રાણાતિપાતિકીક્રિયા બનતી હોવાથી તે તો કાયિકીક્રિયાને વ્યાપ્ય જ હોય છે (કારણ કે બધી કાયિકીક્રિયાથી કાંઈ પ્રાણાતિપાત થતો નથી.) તેથી એ પણ ફલિત થાય છે કે કાયિકીક્રિયાના અભાવમાં તો આરંભિકીક્રિયા અને પ્રાણાતિપાતિકીક્રિયાનો અભાવ જ હોય છે. તેથી અક્રિય એવા અપ્રમત્તમાં કાયિકીક્રિયા ન હોવાથી દ્રવ્યહિંસા થવા છતાં આરંભકત્વ કે પ્રાણાતિપાતકત્વ આવતું નથી, તેથી કેવલી ભગવાન્‌માં પણ તે બે આવતા નથી. માટે "કેવલી ભગવાન્‌ને જો દ્રવ્યહિંસા હોય તો તેઓ આરંભક અને પ્રાણાતિપાતક બની જશે" એવી આપત્તિ આપવી અયોગ્ય જ છે. ॥ ૫૧ ॥

अथावश्यंभाविन्यां जीवविराधनायामाभोगवतो भगवतो यद् घातकत्वमापाद्यते तत्किं लोकोत्तरव्यवहाराद्, उत लौकिकव्यवहाराद् उताहो स्वमतिविकल्पितव्यवहाराद्? नाद्यः, लोकोत्तरघातकत्वव्यवहारे आभोगेन जीवविराधनामात्रस्यातन्त्रत्वाद्, आभोगेनापि जायमानायां तस्यामपवादपदप्रतिषेविणोऽघातकत्वस्य, अनाभोगेनापि जायमानायां तस्यां प्रमादिनो घातकत्वस्य च तद्व्यवहारेणेष्टत्वाद्। नापि द्वितीयः, यतो लोका अपि नाभोगेन जीवघातमात्रादेव घातकत्वं व्यवहरन्ति, कूपनष्टायां गवि तत्कर्तुर्गोवधकर्तृत्वप्रसङ्गाद्, गोराभोगस्यापि तदा स्फुटत्वाद्, आभोगजन्यत्वस्य च हिंसायामसिद्धत्वात्। हिंसायां हि जिघांसा हेतुराभोगस्त्वन्यथासिद्ध इति, एतद्दोषवारणार्थं 'मरणोद्देश्यकमरणानुकूलव्यापारवत्त्वं हिंसा वक्तव्या, तथापि काशीमरणोद्देशपूर्वकानुष्ठाने आत्महिंसात्वापत्तिवारणार्थमदृष्टाद्वारकत्वं विशेषणं देयं, इत्यदृष्टाद्वारकमरणोद्देश्यकमरणानुकूलव्यापारवत्त्वमेव हि हिंसा न्यायशास्त्रसिद्धेति। तृतीयस्तु पक्षोऽवशिष्यते, स तु स्वमतिविकल्पितत्वादेव स्वशास्त्रप्रतिज्ञाबाधया महादोषावह इत्यभिप्रायेणाह—

**[અવશ્યંભાવી હિંસાના કારણે કહેવાતું ઘાતકત્વ કયા વ્યવહારથી ?]**

અવશ્યંભાવી જીવવિરાધનાના કારણે, આભોગયુક્ત ભગવાનૂને તમે જે 'ઘાતક' બની જવાની આપત્તિ આપો છો તે શું (૧) લોકોત્તર વ્યવહારથી આપો છો કે (૨) લૌકિકવ્યવહારથી આપો છો કે (૩) સ્વમતિકલ્પિત વ્યવહારથી ? (૧) લોકોત્તર વ્યવહારથી આપી શકાતી નથી, કારણ કે આભોગપૂર્વક જે જીવવિરાધના થાય છે માત્ર તે જ ઘાતકપણાના લોકોત્તર વ્યવહારમાં નિયામક છે એવું નથી. તે પણ એટલા માટે કે આભોગપૂર્વક પણ જીવહિંસા કરનાર અપવાદ પ્રતિસેવકને લોકોત્તરવ્યવહારમાં અઘાતક કહ્યા છે જ્યારે અનાભોગથી પણ જીવહિંસા કરનાર પ્રમાદીને ઘાતક કહ્યા છે. (૨) ઘાતક બની જવાની તે આપત્તિ લૌકિકવ્યવહારથી પણ આપી શકાતી નથી, કારણ કે લોકો પણ આભોગપૂર્વક જીવઘાત થવા માત્રથી તે કરનારને 'ઘાતક' કહેતા નથી, કેમકે તો તો પછી કોઇ કૂવામાં પડીને ગાય મરી જાય તો કૂવો ખોદાવનારને ગોવધનું પાપ લાગી જાય, કારણ કે 'આમાં પડીને ગાય મરી શકે છે' એવો આભોગ તો એ ખોદાવનારને સ્પષ્ટ રીતે હોય જ છે. વળી હિંસામાં આભોગજન્યત્વ અસિદ્ધ પણ છે, કારણ કે લૌકિક દર્શનો પણ કહે છે કે "હિંસા પ્રત્યે જિઘાંસા (હણવાની ઇચ્છા) એ હેતુ છે, આભોગ અન્યથાસિદ્ધ છે."

આભોગને અન્યથાસિદ્ધ માનનાર લૌકિક શાસ્ત્રોએ હિંસાની પહેલા આવી વ્યાખ્યા બાંધી કે "મરણને અનુકૂલ વ્યાપાર (પ્રવૃત્તિ) કરવો એ હિંસા છે." કૂવો ખોદ્યો તો તેમાં પડીને ગાય મરી. માટે કૂવો ખોદવો એ પણ મરણાનુકૂલ પ્રવૃત્તિ તો છે જ. તેથી કૂવો ખોદનારને ગાયની હિંસા લાગી જવાનો દોષ ઉભો જ રહે છે. આ દોષનું વારણ કરવા માટે એવી વ્યાખ્યા કરાય કે 'મરણના ઉદ્દેશથી મરણાનુકૂલ વ્યાપાર કરવો એ હિંસા' તો પણ કાશીમરણના ઉદ્દેશપૂર્વક થતું અનુષ્ઠાન આત્મહિંસારૂપ બની જવાની આપત્તિ આવે છે. તેથી એનું વારણ કરવા અદૃષ્ટઅદ્વારક એવું વિશેષણ લગાડવું પડે

**अणुसंगयहिंसाए जिणस्स दोसं तुहं भणंतस्स ।**
**साहूण वि आभोगा णइउत्ताराइ विहडिज्जा ॥५२॥**

[ अनुषङ्गजहिंसया जिनस्य दोषं तव भणतः । साधूनामप्याभोगाद् नद्युत्तारादि विघटेत ॥५२॥ ]

**अणुसंगयहिंसाएत्ति ।** **अनुषङ्गजया**-धर्मदेशनामात्रोद्देश्यकप्रवृत्त्युपजायमानकुनयमतखेदादिवत्स्वानुद्देश्यकप्रवृत्तिजनितया **हिंसया जिनस्य दोषं भणतस्तव साधूनामप्याभोगान्नद्युत्तारादि विघटेत**, तेषामपि नद्युत्तारादौ जलजीवादिविराधनाया अध्यक्षसिद्धत्वादिति ॥५२॥—नन्वेतदसिद्धम्, नहि जलजीवानामप्रत्यक्षत्वेन तद्विराधनायाः प्रत्यक्षत्वं संभवति, प्रतियोगिनोऽप्रत्यक्षत्वे तदनुयोगिनोऽप्यप्रत्यक्षत्वात् । न च जलस्य प्रत्यक्षत्वेन तज्जीवानामपि प्रत्यक्षत्वमिति वाच्यं, 'इदं जलं' इति ज्ञानमात्रेण 'इदं जलं सचित्तं' इति विवेकेन परिज्ञानोदयप्रसक्तेः । तस्मात् [1]दुविहा पुढविकाइआ पन्नत्ता तंजहा 'परिणया चेव अपरिणया चेव, जाव वणप्फइकाइअ' त्ति [ श्री स्थानाङ्ग सू. ७३ ] 'तत्र परिणताः स्वकायपरकायशस्त्रादिना परिणामान्तरमापादिता अचित्तीभूता

છે અર્થાત્ મરણના ઉદ્દેશથી કરાતો જે મરણાનુકૂલ વ્યાપાર અદૃષ્ટને (કર્મને) દ્વાર તરીકે રાખ્યા વગર મરણનું સાધન બનતો હોય તે હિંસા છે. આવું ન્યાયશાસ્ત્રમાં કહ્યું છે. ભગવાન્‌માં આવી હિંસા સંભવતી નથી. (૩) તેથી ત્રીજો પક્ષ બાકી રહે છે. અને તે તો સ્વમતિવિકલ્પિત હોવાના કારણે જ સ્વશાસ્ત્રપ્રતિજ્ઞાનો (શાસ્ત્રાનુસારે કંઈક કહીશ ઇત્યાદિ પ્રતિજ્ઞાનો) બાધક હોઇ મોટો દોષ ઊભો કરી આપે છે. આવા અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે—

[ સાધુઓની આભોગપૂર્વક નદ્યુત્તારપ્રવૃત્તિના અભાવની આપત્તિ ]

**ગાથાર્થ** :– આનુષંગિકહિંસાના કારણે જિનમાં હિંસકપણાનો દોષ આવી પડવાનું કહેતા તમારા મતે તો સાધુઓની આભોગપૂર્વક નદી ઉતરવી વગેરે ક્રિયાઓનો પણ અભાવ થઈ જશે.

જેમ ધર્મદેશના માત્રના ઉદ્દેશથી કરેલી પ્રવૃત્તિથી સાથે સાથે (આનુષંગિક રીતે) જેનો ઉદ્દેશ નથી તેવા કુનયમતવાળાના ખેદ વગેરે પણ થઇ જાય છે તેમ હિંસાના ઉદ્દેશ વિનાની પ્રવૃત્તિથી આનુષંગિક રીતે થઇ જતી હિંસાના કારણે કેવલીમાં દોષનું આરોપણ કરતા તમારા મતે તો સાધુઓ જે નદી ઉતરવી વગેરે ક્રિયાઓ કરે છે તે ઘટી જ શકશે નહિ, કારણકે નદી ઉતરવી વગેરે ક્રિયાઓમાં થતી જળના જીવોની વિરાધના તેઓને પ્રત્યક્ષ જ હોય છે. અર્થાત્ અવશ્યંભાવી એવી પણ હિંસા આભોગપૂર્વકની હોવામાત્રના કારણે જો કેવલીને દોષરૂપ જ બનતી હોય તો તો સાધુઓની નદી ઉતરવી વગેરે ક્રિયામાં થતી વિરાધના પણ આભોગ પૂર્વક હોઈ દોષરૂપ બની જાય, અને તેથી નદીઉત્તાર વગેરે અકર્તવ્ય બની જાય. ॥૫૨॥

[ જળજીવોનો અનાભોગ હોઈ તેની વિરાધના પણ અનાભોગજન્યા-પૂ૦ ]

**પૂર્વપક્ષ** :– તમારી વાત અસિદ્ધ છે, કારણકે એ વિરાધના આભોગપૂર્વક જ હોતી નથી. પાણીના જીવો અપ્રત્યક્ષ હોઇ તેઓની વિરાધના પ્રત્યક્ષ હોવી સંભવતી

१. द्विविधाः पृथ्वीकायिकाः प्रज्ञप्ताः तद्यथा-परिणताश्चैव अपरिणताश्चैव यावद् वनस्पतिकायिका इति ।

इत्यर्थः' इत्यादिप्रवचनवचनेन नद्यादिजले सचित्ताचित्तयोरन्यतरत्वेन परिज्ञाने सत्यपि 'इदं जलं सचित्तं-इदं चाऽचित्तं' इति व्यक्त्या विवेकमधिकृत्य परिज्ञानाभावेन छद्मस्थसंयतानामनाभोग एव, तेन सिद्धा नद्युत्तारादौ जलजीवविराधनाऽनाभोगजन्याऽशक्यपरिहारेण— इत्याशङ्कायामाह—

वज्जंतो अ अणिट्ठं जलजीवविराहणं तहिं सक्खं ।
जलजीवाणाभोगं जंपंतो किं ण लज्जेसि ॥ ५३ ॥

(वर्जयंश्चानिष्टां जलजीवविराधनां तत्र साक्षात् । जलजीवानाभोगं जल्पन् किं न लज्जसे ॥५३॥)

वज्जंतो य त्ति । तत्र नद्युत्तारे जलजीवविराधनामनिष्टां साक्षाद्वर्जयन् साक्षाद्वर्जनीयामभ्युपगच्छंश्च, जलजीवानाभोगं जल्पन् किं न लज्जसे ? अयं भावः-नद्युत्तारे बहुजलप्रदेशपरित्यागेनाल्पजलप्रदेशप्रवेशरूपा यतना तावत्त्वयापि स्वीक्रियते, सा च जलजीवानाभोगाभ्युपगमे दुर्घटा, 'स्वल्पजलं सचित्तं भविष्यति, बहुजलं चाऽचित्तं' इति विपरीतप्रवृत्तिहेतुशङ्कापिशाची-

---

નથી, કેમકે પ્રતિયોગી (જીવ) અપ્રત્યક્ષ હોય તો તેના અભાવરૂપ અનુયોગી (વિરાધના) પણ અપ્રત્યક્ષ જ રહે છે. 'પાણી પ્રત્યક્ષ હોઈ તેના જીવો પણ પ્રત્યક્ષ જ હોય છે' એવું ન કહેવું, કારણકે તો તો પછી 'આ પાણી છે' એવા પ્રત્યક્ષજ્ઞાનમાત્રથી જ 'આ પાણી સચિત્ત છે' એવા વિવેકયુક્ત જ્ઞાન થઈ જવાની આપત્તિ આવે. તેથી **શ્રીસ્થાનાંગ-સૂત્ર** (૭૩) ના, 'પૃથ્વીકાયજીવો બે પ્રકારે કહ્યા છે, પરિણત અને અપરિણત-એમ વનસ્પતિકાય જીવો સુધી જાણવું'. એવા વચનથી તેમજ **તેની** વૃત્તિના 'તેમાં પરિણત એટલે સ્વકાયશસ્ત્ર-પરકાયશસ્ત્રવગેરેથી પરિણામ પમાડાયેલા અર્થાત્ અચિત્ત થઈ ગયેલા' વગેરે વચનથી નદીવગેરેના પાણીમાં સચિત્તતા કે અચિત્તતામાંથી એકનો સામાન્યથી નિશ્ચય થવા છતાં સામે ઉપસ્થિત થયેલ પાણીને આશ્રીને વ્યક્તિગત રીતે 'આ પાણી સચિત્ત છે' અથવા 'આ પાણી અચિત્ત છે' એવા પાણીના બિંદુ બિંદુ અંગેના વિવેકની અપેક્ષાએ પરિજ્ઞાન ન હોવાના કારણે છદ્મસ્થ સાધુઓને વિરાધનાનું પણ પ્રત્યક્ષ હોતું નથી. તેથી એ વિરાધનામાં છદ્મસ્થ સાધુઓનો અનાભોગ જ હોય છે. તેથી સિદ્ધ થાય છે કે નદી ઉતરવી વગેરેમાં થતી પાણીના જીવોની વિરાધના અનાભોગજન્ય અશક્યપરિહાર રૂપે જ હોય છે. (પૂર્વપક્ષની આવી શંકા અંગે ગ્રન્થકાર કહે છે—)

[ જળજીવોનો અનાભોગ માનવામાં જયણાપાલન અસંગત-ઉ૦ ]

**ગાથાર્થ** :- તે નદી ઉતરવી વગેરેમાં અનિષ્ટ એવી પાણીના જીવોની વિરાધનાનો સાક્ષાત્ પરિહાર કરતા તમે પાણીના જીવોનો અનાભોગ હોય છે એવું બોલતાં લજ્જા કેમ પામતા નથી?

તે નદી ઉતરવા વગેરેમાં પાણીના જીવોની અનિષ્ટ વિરાધનાને વર્જતા અને વર્જનીય માનતા તમે 'પાણીના જીવોનો અનાભોગ છે' એવું બોલતા શરમાતા કેમ નથી ? કહેવાનો આશય એ છે કે નદી ઉતરતી વખતે 'જે ભાગમાં ઘણું પાણી હોય તેનો પરિહાર કરી થોડાપાણીવાળા ભાગમાંથી જવું'' ઇત્યાદિરૂપ જયણા પાળવી જોઇએ એ તો તમે પણ સ્વીકારો જ છો. પાણીના જીવોનો અનાભોગ હોય તો તો આ જયણા અસંગત જ બને.

प्रचारस्यापि दुर्वारत्वाद् । 'भगवदुक्तयतनाक्रमप्रामाण्यान्नेयं शङ्का' इति चेत् ? तर्हि यतनाया अपि बहुतरासत्प्रवृत्तिनिवृत्तिरूपाया विवेकेन परिज्ञानं न्यूनाधिकजलजीवविराधनाभोगाधीनं, इति व्यवहारसचित्ततया जलजीवाभोगाभ्युपगमावश्यकत्वात् तव वदतो व्याघात एव महात्रपाकारणमिति । किञ्च-नद्यादिजलजीवानां निश्चयतश्छद्मस्थानां सचित्तत्वापरिज्ञानेऽपि तत्र स्थितपनकसेवालादीनां निश्चयतोऽपि सचित्तत्वं परिज्ञायते एव । तदुक्तमोघनिर्युक्तौ [३६३] [पिं० नि० ४४]

"[1]सव्वो वऽणंतकाओ सचित्तो होइ णिच्छयणयस्स । ववहारओ अ सेसो मीसो पम्हाणरोट्टाइ ॥

**एतद्वृत्तिर्यथा-सर्व एवानन्तवनस्पतिकायो निश्चयनयेन सचित्तः, शेषः** परीतवनस्पतिर्व्य**वहारनयमतेन** सचित्तो मिश्रश्च प्रम्लानानि यानि फलानि कुसुमानि पर्णानि च, 'रोट्टो लोट्टो तंदुलाः कुट्टिताः तत्थ तंदुलमुहाइं अच्छंति, तेण कारणेन सो मीसो मन्नइ त्ति ।

---

કારણકે 'અલ્પપાણીવાળા ભાગનું પાણી અચિત્ત છે (કેઅલ્પ જીવંતજીવોવાળું છે) અને ઘણાપાણીવાળા ભાગનું પાણી સચિત્ત છે (કે ઘણા જીવંત જીવોવાળું છે)' એવી જાણકારીના અભાવમાં અલ્પપાણીવાળા ભાગનો પરિહાર કરાવી બહુપાણીવાળા ભાગમાંથી ગમન કરાવનાર 'બહુપાણીવાળા ભાગનું પાણી અચિત્ત હશે (કે જીવંત અલ્પજીવોવાળું હશે) અને અલ્પપાણીવાળા ભાગનું પાણી સચિત્ત હશે (કે જીવંત ઘણા જીવોવાળું હશે)' એવી શંકારૂપ ડાકણને આવતી અટકાવી શકાતી નથી.

**શંકા** :– બહુપાણીવાળા ભાગના પરિહાર વગેરે રૂપ જે જયણા પળાય છે તે 'બહુપાણીવાળા ભાગમાં પાણી સચિત્ત છે' એવા આભોગથી પળાતી નથી, કિન્તુ ભગવાને જયણાનો તેવો જે ક્રમ દેખાડ્યો છે તેને પ્રમાણ માનીને પળાય છે. તેથી અલ્પજળવાળા ભાગનો પરિહાર કરાવનાર ઉક્ત શંકા સંભવતી નથી.

[ વ્યવહારસચિત્તરૂપે આભોગ હોવો આવશ્યક ]

**સમાધાન** :– આવું કહેવું યોગ્ય નથી. મોટી વિરાધના કરનારી પ્રવૃત્તિથી બચવું એ જયણા છે. 'અહીં થોડા જીવો છે,' 'અહીં ઘણા જીવો છે' ઇત્યાદિ આભોગ હોય તો જ આ જયણાનું વિવેકપૂર્વક પરિજ્ઞાન થઈ શકે છે. તેથી જયણાના પાલન માટે છદ્મસ્થસાધુમાં પણ તેવો આભોગ તો માનવો જ પડશે. નિશ્ચયથી તેવો આભોગ શક્ય ન હોઈ વ્યવહારથી જ તેવો આભોગ માનવો પડે છે. અર્થાત્ શ્રુતમાં જેવા પાણીને સચિત્ત–અચિત્ત કે મિશ્રરૂપે કહ્યા હોય તેવા પાણીને વ્યવહારથી તેવા સચિત્તાદિ રૂપે જાણીને જ તે જયણાદિ પળાય છે. આમ જળના જીવોનો વ્યવહારસચિત્તરૂપે આભોગ હોવો આવશ્યક હોવાથી 'નદીઊત્તાર વગેરેમાં અનાભોગજન્યઅશક્યપરિહારરૂપે જીવવિરાધના થાય છે' ઇત્યાદિ બોલવામાં થતો 'વદતો વ્યાઘાત' (બોલતી વખતે જ એ વાત અપ્રમાણ સિદ્ધ થઇ જવા રૂપ) દોષ જ મારે ઘણો શરમજનક બને છે. વળી નદીવગેરેમાં રહેલ પાણીના જીવોમાં છદ્મસ્થોને નિશ્ચયથી સચિત્તપણાનું જ્ઞાન હોવા છતાં તેમાં રહેલ લીલ–સેવાલ વગેરેના તો નિશ્ચયથી સચિત્તપણાનું જ્ઞાન હોય જ છે. **ઓઘનિર્યુક્તિ** (૩૬૩ તથા પિંડનિ. ૪૪) માં અને તેની વૃત્તિમાં કહ્યું છે કે "બધો અનંતકાય

---

1. सर्व एवानन्तकायः सचित्तो भवति निश्चयनयस्य । व्यवहारतश्च शेषो मिश्रः प्रम्लानरोट्टादिः ॥

ते च पनकशेवालादयो जलेऽवश्यं भाविनः, इति तद्विषयविराधना निश्चयतोऽप्याभोगेन सिद्धा, इति 'तत्रानाभोगेनैव जीवविराधना' इति दुर्वचनम् । न च 'ते तत्रास्माभिः प्रत्यक्षतो न दृश्यन्ते, अतस्तद्विराधनाऽनाभोगजैव' इति वक्तव्यं, स्वच्छस्तोकजलनद्यादिषु पनकादीनामस्माभिरप्युपलभ्यमानत्वेन 'नास्माभिस्ते तत्र दृश्यन्त' इत्यस्यासिद्धत्वात् ।

किञ्च आगमवचनादपि तत्र तदवश्यंभावो निश्चीयते । तदुक्तं प्रज्ञापनातृतीयपदवृत्तौ-

"बादरतेजस्कायिकेभ्योऽसङ्ख्येयगुणाः प्रत्येकशरीरबादरवनस्पतिकायिकाः, तेभ्यो बादरनिगोदा असङ्ख्येयगुणाः, तेषामत्यन्तसूक्ष्मावगाहनत्वाद्, जलेषु सर्वत्रापि च भावात् । पनकसेवालादयो हि जलेऽवश्यंभाविनः, ते च बादरानन्तकायिका इति । तथा बादरेष्वपि मध्ये सर्वबहवो वनस्पतिकायिकाः, अनंतसंख्याकतया तेषां प्राप्यमाणत्वात् । ततो यत्र ते बहवस्तत्र बहुत्वं जीवानां, यत्र स्वल्पे तत्राल्पत्वम् । वनस्पतयश्च तत्र बहवो यत्र प्रभूता आपः 'जत्थ जलं तत्थ वणं' इति वचनात् तत्रावश्यं पनकसेवालादीनां भावात् । ते च पनकसेवालादयो बादरनामकर्मोदये वर्त्तमाना अप्यत्यन्तसूक्ष्मावगाहनत्वाद् अतिप्रभूतपिण्डीभावाच्च सर्वत्र सन्तोऽपि न चक्षुषा ग्राह्याः । तथा चोक्तमनुयोगद्वारेषु '[1]ते णं वालग्गा दिट्ठीओगाहणाओ असंखेज्जभागमेत्ता सुहुमपणगजीवस्स

---

નિશ્ચયનયના અભિપ્રાયે સચિત્ત હોય છે. શેષ=પ્રત્યેકવનસ્પતિકાય વ્યવહારનયમતે સચિત્ત હોય છે અને કરમાયેલા ફળ, ફૂલ તેમજ પાંદડા મિશ્ર હોય છે. તેમજ રોટ્ટ, લોટ, ખાંડેલા ચોખા વગેરે મિશ્ર હોય છે. તેમાં તંદુલમુખ રહી જાય છે, માટે એ મિશ્ર કહેવાય છે"

**[ પનક-સેવાલાદિનો નિશ્ચયથી પણ આભોગ ]**

તે લીલ-સેવાલ વગેરે તો પાણીમાં અવશ્ય હોય છે. તેથી તેઓની વિરાધના તો નિશ્ચયથી આભોગપૂર્વક થાય છે એ વાત સિદ્ધ થાય છે. માટે 'નદી ઉતરવા વગેરેમાં અનાભોગથી જ જીવવિરાધના થાય છે' એવું કથન એ દુર્વચન છે. "તે લીલ-સેવાલ વગેરે આપણને દેખાતા ન હોવાથી તેઓની વિરાધના અનાભોગજન્ય જ કહેવાય' એવું ન કહેવું, કારણકે થોડા નિર્મળપાણીવાળી નદી વગેરેમાં લીલવગેરે આપણને દેખાતી હોવાથી 'તે આપણને ત્યાં દેખાતી ન હોવાથી' ઈત્યાદિ વાત અસિદ્ધ છે. વળી તે લીલ-સેવાલ વગેરે નદીમાં અવશ્ય હોય છે એવું આગમવચનથી પણ જણાય છે. (તેથી તેનો આભોગ જ હોય છે.) પ્રજ્ઞાપનાના ત્રીજા પદની વૃત્તિમાં કહ્યું છે કે 'બાદર તેઉકાય કરતાં પ્રત્યેકશરીરી બાદરવનસ્પતિકાય અસંખ્યગુણ છે, તેના કરતાં બાદર નિગોદો (શરીરો) અસંખ્ય ગુણા છે, કારણ કે તેઓની અવગાહના અત્યંત સૂક્ષ્મ હોય છે તેમજ પાણીમાં સર્વત્ર તેઓ હોય છે. લીલ-સેવાલાદિ જળમાં અવશ્ય હોય છે અને તે બાદર અનંતકાયિક હોય છે. તેમજ બાદરજીવોમાં પણ વનસ્પતિકાયના જીવો સૌથી વધુ હોય છે, કારણ કે તેઓ અનંત સંખ્યામાં મળે છે. તેથી નક્કી થાય છે કે જ્યાં વનસ્પતિકાયના જીવો ઘણા હોય ત્યાં જીવોની સંખ્યા ઘણી હોય છે અને જ્યાં તેઓ ઓછા હોય છે ત્યાં જીવોની સંખ્યા ઓછી હોય છે. અને વનસ્પતિકાય જીવો તો ત્યાં જ ઘણા હોય છે જ્યાં પુષ્કળ પાણી હોય. કેમકે 'જ્યાં જળ હોય ત્યાં વનસ્પતિ' એવા વચનથી જણાય છે કે પાણીમાં લીલ-સેવાલ વગેરે અવશ્ય હોય છે. વળી આ લીલ-સેવાલ વગેરે બાદરનામકર્મના ઉદયવાળા હોવા છતાં અત્યંત ઝીણી અવગાહનાવાળા હોઈ તેમજ ઘણા બધા એક સાથે પિંડીભૂત થયા હોઈ નદીના પાણી વગેરેમાં સર્વત્ર રહ્યા હોવા છતાં આંખથી દેખાતા નથી. અનુયોગદ્વારમાં કહ્યું છે કે "તે વાલાગ્રો દૃષ્ટિનો વિષય બની શકનાર અવગાહના કરતાં અસંખ્યાતમા ભાગ માત્ર પ્રમાણ હોય છે તેમજ સૂક્ષ્મપનક જીવના શરીરની અવગાહના કરતાં

---

१. तानि च वालाग्राणि दृष्ट्यवगाहनातोऽसंख्येयभागमात्राणि सूक्ष्मपनकजीवस्य शरीरावगाहनातोऽसंख्येयगुणानि ॥

सरीरोगाहणाओ असंखेज्जगुणा' इति । ततो यत्रापि नैते दृश्यन्ते तत्रापि ते सन्तीति प्रतिपत्तव्याः । आह च **मूलटीकाकारः** "इह 'सर्वबहवो वनस्पतयः' इति कृत्वा यत्र ते सन्ति तत्र बहुत्वं जीवानां, तेषां च बहुत्वं '[1]जत्थ आउकाओ तत्थ णियमा वणस्सइकाइआ' इति पणगसेवालहढाई बायरा वि होंति, सुहुमा आणागेज्झा, ण चक्खुणा त्ति ।"

**किञ्च नद्युत्तारादौ मण्डुकादित्रसविराधना 'तसा य पच्चक्खया चेव'त्ति वचनादवश्यं जायमानाऽऽभोगपूर्विकैव इति। एवं च सति—"जीवोऽय"मिति साक्षात्कृत्वा यो जीवघातं करोति तस्य विरतिपरिणामो दूरे, निश्चयतः सम्यक्त्वमपि न स्यात्, अनुकंपाया अभावेन सम्यक्त्वलक्षणाभावाद्—इत्यादि परोक्तं यत्किञ्चिदेव, आप्तवचनाज्जीवत्वेन निश्चितस्य विरा-**

---

અસંખ્ય ગુણ હોય છે." આનાથી ફલિત થાય છે કે સૂક્ષ્મપનક જીવો અત્યંત ઝીણા હોય છે. તેથી જ્યાં તેઓ દેખાતા ન હોય તે પાણી વગેરેમાં પણ તેઓની હાજરી માનવી જોઈએ. **મૂલટીકાકારે** કહ્યું છે કે "વનસ્પતિ જીવો સૌથી વધુ હોય છે એ નિયમના કારણે જણાય છે કે તેઓ જ્યાં હોય ત્યાં જીવો ઘણા હોય છે. વળી જ્યાં અપ્કાય હોય ત્યાં અવશ્ય વનસ્પતિકાય હોય' તેના પરથી વનસ્પતિ જીવો ક્યાં વધુ હોય (તે જણાય છે). વળી પનક-સેવાલ હઢ વગેરે બાદર પણ હોય છે, સૂક્ષ્મ પણ. એમાંથી સૂક્ષ્મની હાજરી આજ્ઞા (જિનવચન)થી જ જાણી શકાય છે. આંખથી નહિ"

**વળી 'અને ત્રસ પ્રત્યક્ષ જ હોય છે' ઇત્યાદિ વચનથી જણાય છે કે નદી ઉતરવામાં દેડકા વગેરે ત્રસની અવશ્ય થનાર વિરાધના પણ આભોગપૂર્વક જ હોય છે. આમ 'નદી વગેરે ઉતરવામાં આવી આવી વિરાધનાઓ આભોગપૂર્વક હોય છે' એવું નક્કી થાય છે ત્યારે પૂર્વપક્ષીનું નીચેનું કથન તુચ્છ જાણવું.**

### [ છતે આભોગે થતી વિરાધનામાં સમ્યક્ત્વ પણ ન ટકે-પૂ૦ ]

**પૂર્વપક્ષ :- 'આ જીવ છે' એવું સાક્ષાત્ જાણીને તેનો જે જીવઘાત કરે છે તેનામાં વિરતિપરિણામ તો દૂર રહ્યો પણ નિશ્ચયથી સમ્યક્ત્વ પણ ટકતું નથી, કારણકે જીવની અનુકંપા ન હોઇ સમ્યક્ત્વના લક્ષણનો જ અભાવ હોય છે. તેથી નદી ઉતરવી વગેરેમાં સાધુપણું જળવાય રહે તે માટે વિરાધનાને અનાભોગજન્ય જ માનવી પડે છે. અને એ માટે 'પાણીમાં જીવો સાક્ષાત્ દેખાતા નથી (પછી આગમથી ભલે નિશ્ચય થયો હોય) એના કારણે જ સાધુઓને તે જીવોનો અને (તેથી) વિરાધનાનો અનાભોગ હોય છે.' એવું પણ માનવું જોઇએ.**

### [ પોતાને ન દેખાવા માત્રથી અનાભોગજન્યત્વ ન મનાય ]

**ઉત્તરપક્ષ :- પૂર્વપક્ષીનું આવું કથન તુચ્છ જાણવું. કારણકે આપ્તવચનથી સચિત્ત તરીકે નિશ્ચિત થયેલ વસ્તુની વિરાધના 'પોતાને દેખાતી નથી' એટલા કારણ-માત્રથી જો આભોગપૂર્વકની ન રહેતી હોય (અનાભોગપૂર્વકની બની જતી હોય) તો તો આપ્તપુરુષોએ 'જમીનપર પાથરેલ ચાદર વગેરે પર ચાલવું નહિ, કેમકે એમાં નીચે રહેલ ત્રસાદિ જીવોની વિરાધના થાય છે.' ઇત્યાદિરૂપે જે વિરાધના કહી છે તે વિરાધના પણ અનાભોગજન્ય બની જવાની આપત્તિ આવશે. કારણકે સાધુને સાક્ષાત્ તો તે**

---

૧. यत्राप्कायस्तत्र तत्र नियमाद् वनस्पतिकायिका इति। पनकसेवालहढादयो बादरा अपि भवन्ति, सूक्ष्मा आज्ञाग्राह्या न चक्षुषेति ।

धनायाः स्वादर्शनमात्रेणाभोगपूर्वकत्वाभावे आप्तोक्तवस्त्राद्यन्तरितत्रसादिविराधनायामपि तदापत्तेः, दृष्ट्वा स्थूलत्रसविराधनायामाभोगविशेषाद्विषयविशेषाच्च पातकविशेषस्तु स्याद्, न चैतावताऽन्यत्रानाभोग एव व्यवस्थापयितुं शक्यते । न खलु राजदारगमने महापातकाभिधानादन्यत्र परदारगमने परदारगमनत्वमेव नेति वक्तुं युक्तम् ।

एतेन—आभोगमूलाऽऽभोगपूर्विका च जीवविराधना विनापराधं मिथ्यादृशोऽपि प्रायोऽनार्यजनस्यैव भवति, सा च नावश्यंभाविनी, प्रायःसंभविसंभवात् । संयतानां त्वनाभोगमूलैव सा, नत्वाभोगमूला, अत एव नद्युत्तारादौ सत्यामपि जलजीवविराधनायां संयमो दुराराधो न भणितः, भणितश्च कुन्थूत्पत्तिमात्रेणापि, तत्र निदानं तावदाभोगाऽनाभोगावेव । तत्र यद्यपि संय-

ત્રસાદિ જીવો દેખાતાં જ નથી. અને તો પછી એનાથી વિશેષપ્રકારે કર્મબંધ પણ થવો ન જોઈએ. 'કીડીવગેરે ત્રસજીવને જોઇને હણવામાં જેટલો કર્મબંધ થાય છે તેટલો કર્મબંધ ચાદર વગેરે પર ચાલવાથી થતી નહિ દેખાયેલી કીડી વગેરેની વિરાધનામાં થતો નથી. તેથી જણાય છે કે એ વિરાધના અનાભોગજન્ય જ હોય છે.' એવું ન કહેવું, કારણકે જોઈને તે ત્રસસ્થૂલ જીવને હણવામાં આવે ત્યારે આભોગ અને હણાઈ રહેલ જીવ એ બન્ને વિશેષપ્રકારના હોવાના કારણે વિશેષપ્રકારનો કર્મબંધ થાય છે. પણ એટલા માત્રથી કાંઈ જોયા વગર થતી વસ્ત્રાદિથી ઢંકાએલ જીવની વિરાધનાને અનાભોગજન્ય કહી શકાતી નથી, અર્થાત્ 'વિશેષપ્રકારના આભોગથી થયેલ વિશેષપ્રકારની વિરાધનામાં જે તીવ્ર કર્મબંધ થાય છે તેવો તીવ્ર કર્મબંધ જેનાથી ન થતો હોય તેવી બધી વિરાધના અનાભોગજન્ય હોય છે, આભોગજન્ય હોતી નથી' એવું કહી શકાતું નથી. રાજરાણીને ભોગવવામાં મહાપાપ બંધાય છે એવું શાસ્ત્રકારોએ કહ્યું હોવા માત્રથી કાંઈ રાજરાણી સિવાયની પરસ્ત્રીભોગવવી (કે જેમાં રાજરાણીને ભોગવવા જેટલું જોરદાર મહાપાપ બંધાતું નથી)એ પરસ્ત્રીગમન રૂપ જ રહેતું નથી એવું કહેવું યોગ્ય નથી. એ પરસ્ત્રીગમન રૂપ દુરાચાર જ રહે છે. તેમ ઉક્ત વિરાધના પણ આભોગજન્ય જ રહે છે.

[ સંયમની દુરારાધ્યતાનું પૂર્વપક્ષપ્રદર્શિત રહસ્ય ]

**પૂર્વપક્ષ**:– હાથ–પગ વગેરેની પ્રવૃત્તિ કરતાં પહેલાં જીવ હોવાનો ખ્યાલ હોય અને તેમ છતાં એ જીવને જાણીને મારવા માટે હાથ–પગ વગેરે હલાવે તો એનાથી જે વિરાધના થાય એ આભોગમૂલક અને આભોગપૂર્વકની વિરાધના કહેવાય છે. સામા જીવના અપરાધ વિના પણ કરાતી આ વિરાધના મિથ્યાદૃષ્ટિઓમાં પણ સાવ અનાર્ય જીવો જ કરે છે. વળી આ વિરાધના અવશ્યંભાવિની (અવશ્ય થનાર) હોતી નથી, કેમકે એની સંભાવના પ્રાયઃ સંભવિત હોય છે. સંયતોથી તો જ્યારે પણ જીવવિરાધના થાય છે ત્યારે તે અનાભોગમૂલક જ હોય છે. અર્થાત્ એમાં પહેલેથી જીવનો આભોગ હોતો નથી. તેથી જ નદી ઉતરવા વગેરેમાં પાણીના જીવોની વિરાધના હોવા છતાં સંયમને દુરારાધ્ય નથી કહ્યું, જ્યારે કંથવાની ઉત્પત્તિ થવા માત્રથી તેવું કહ્યું છે. આ ફેર પડવામાં કારણ આભોગ અને અનાભોગ જ છે. અર્થાત્ જળજીવવિરાધના અના-

तानामुभयत्रापि जीवविराधनाऽनाभोगादेव, तथापि स्थावरसूक्ष्मत्रसजीवविषयकोऽनाभोगः सर्वांशैरपि सर्वकालीनो न पुनः क्वाचित्कः कादाचित्कश्च, तस्य चापगमः प्रयत्नशतैरप्यशक्यः, केवलज्ञानसाध्यत्वात् , शक्यश्च कुन्थ्वादिस्थूलत्रसजीवविषयकस्यानाभोगस्य भूयो निरीक्षणादिनेति, तथाभूतं च निरीक्षणं दुःसाधमिति संयमो दुराराधो भणितः । एवं सम्यक् प्रयत्नपरायणानामपि कदाचित् कुन्थ्वादिस्थूलत्रसजीवविराधना स्यात् । सा च प्रायोऽसम्भविसंभवेनावश्यंभाविनीति वक्तव्यम् , शक्यपरिहारजीवविषयकप्रयत्नवतोऽपि तत्परिहरणोपायस्यापरिज्ञानात् ।

साऽप्यवश्यंभाविनी विराधना द्वेधा—अनाभोगमूला अनाभोगपूर्विका, अनाभोगमूला आभोगपूर्विका चेति । तत्राद्या जीवघाते जाते सत्येव तत्परिज्ञानाद् । द्वितीया तु निम्नप्रदेशादौ पिपीलिकादिकमदृष्ट्वैवोत्पाटिते पादे दृष्ट्वापि पादं प्रत्यादातुमशक्तस्य जीवघातावसरे जीव-

---

ભોગમૂલિકા જ હોય છે. અને તેથી જ તેને આશ્રીને સંયમને દુરારાધ્ય કહ્યું નથી. એમાં જો કે બન્ને સ્થળે સંયતથી જે વિરાધના થાય છે તે અનાભોગથી જ થાય છે, તેમ છતાં એમાં વિશેષતા એ હોય છે કે સ્થાવર અને સૂક્ષ્મત્રસ જીવોના અનાભોગ સર્વાંશે અને સર્વકાલીન હોય છે, અમુક અંશમાં જ અને અમુકકાળે જ હોય છે એવું નથી. વળી સેંકડો પ્રયત્ન કરે તો પણ છદ્મસ્થ આ અનાભોગને દૂર કરી શકતો નથી. કારણ કે એ કેવલજ્ઞાનથી જ દૂર થઈ શકે છે જ્યારે કુંથવા વગેરે સ્થૂલ ત્રસજીવોના અનાભોગ વારંવાર બારીકાઇથી નિરીક્ષણાદિ કરવા દ્વારા દૂર થઈ શકે છે. અર્થાત્ એ રીતે એમાં આભોગ શકય છે. પણ તેવું નિરીક્ષણ દુઃસાધ્ય છે. તેથી કુંથવાની ઉત્પત્તિ થવા માત્રથી સંયમને દુરારાધ્ય કહ્યું છે. તાત્પર્ય, જ્યાં આભોગદ્વારા વિરાધનાનો પરિહાર શકય હોય ત્યાં તે રીતે તે વિરાધનાનો પરિહાર કરવાથી સંયમનું નિરતિચાર પાલન થાય છે. તેથી કુંથવા વગેરેનો ક્રમશઃ આભોગ અને વિરાધનાનો પરિહાર દુઃસાધ્ય હોઈ પરિણામે સંયમ પણ દુરારાધ્ય બને છે. કારણકે વિરાધનાના પરિહારના જોરદાર પ્રયત્નવાળા સાધુથી પણ ક્યારેક કુંથવા વગેરે સ્થૂલત્રસ જીવની વિરાધના થઇ જાય છે. આ વિરાધના પ્રાયઃઅસંભવિસંભવવાળી હોય છે. એટલે કે એનો સંભવ (એની સંભાવના) પ્રાયઃસંભવિત હોય છે (જેનો ઉપયોગાદિથી પરિહાર શકય હોય તે 'અવશ્ય થનારી' ન હોઇ 'પ્રાયઃ સંભવિત' કહી છે.) એવું નથી, પણ (તે વિરાધનાકાળે) અવશ્ય સંભવિત હોય છે. માટે એ વિરાધના અવશ્યંભાવિની હોય છે એમ કહેવું પડે છે. આવું, પણ એટલા માટે છે કે જેની વિરાધનાનો પરિહાર શકય છે તેવા જીવની જયણાના પ્રયત્ન વાળા સાધુને પણ તે પરિહારના ઉપાયનું પરિજ્ઞાન હોતું નથી. (અને તેથી એ પરિહાર શકય ન બનવાથી વિરાધના અવશ્ય થાય છે.)

### [ અવશ્યંભાવિની વિરાધનાના પૂર્વપક્ષકલ્પિત બે પ્રકાર ]

આ અવશ્યંભાવિની વિરાધના બે પ્રકારે હોય છે—અનાભોગમૂલા અનાભોગપૂર્વિકા અને અનાભોગમૂલા આભોગપૂર્વિકા. જીવઘાત થયા પછી જ જેની 'અહીં જીવ હતો' ઈત્યાદિ ખબર પડે છે તે અનાભોગમૂલા અનાભોગપૂર્વિકા કહેવાય છે. (વિરાધનાની જનક પ્રવૃત્તિ કરતાં પહેલાં 'અહીં જીવ છે' ઈત્યાદિ ખબર ન હોવાથી તે પ્રવૃત્તિ ચાલુ કરે, તેથી અનાભોગમૂલા કહેવાય. વળી પ્રવૃત્તિ કરતી વખતે પણ જીવની ખબર

विषयकाभोगस्य विद्यमानत्वात् । परमनाभोगमूलिकापि स्थूलत्रसजीवविराधना संयतानां तज्जन्यकर्मबन्धाभावेऽपि लोकनिन्द्या भवत्येव, तत्कर्त्तुर्हिंसाव्यपदेशहेतुत्वात्, तथाव्यपदेशः स्थूलत्रसजीवसम्बन्धित्वेन निजसाक्षात्कारविषयत्वात् । न चैवं केवलिवचसा निश्चिताऽपि सूक्ष्मत्रसजीवविराधना, तस्याश्छद्मस्थसाक्षात्कारविषयत्वाभावेन हिंसकव्यपदेशहेतुत्वाभावात् । अत एवाब्रह्मसेवायामनेकशतसहस्रपञ्चेन्द्रियजीवविराधकोऽपि देशविरतिश्रावको 'जीवविराधकः' इति व्यपदेशविषयो न भवति, भवति चैकस्या अपि पिपीलिकाया विराधनेऽनाभोगेनापि, आभोगे च स्वज्ञातिज्ञातेऽपांक्तेयोऽपि स्यात्, तेन निजसाक्षात्कारविषयीभूताऽविषयीभूतयोर्जीवघातयोर्महान् भेदः, अन्यथाऽब्रह्मसेवी श्रावको व्याघातादिभ्योऽपि जीवघातकत्वेनाधिको वक्तव्यः स्यात्—

---

ન પડે અને પ્રવૃત્તિ પૂર્ણ કરે, જેના પરિણામે વિરાધના થાય તો એ અનાભોગપૂર્વિકા બને.) નિમ્નપ્રદેશાદિમાં કીડી વગેરેને જોઈ ન હોવાથી પગ ઉપાડે (તેથી અનાભોગમૂલા) પણ પછી તરત જ્યાં પોતાનો પગ પડવાનો છે ત્યાં કીડી વગેરે જોવા છતાં પગને પડતો રોકવામાં અસમર્થ હોઈ પગ મૂકે અને વિરાધના થાય તો એ અનાભોગમૂલા-આભોગપૂર્વિકા બને છે, કારણકે તે વિરાધના વખતે જીવવિષયક આભોગ હાજર હોય છે.

[ સૂક્ષ્મત્રસની અને સ્થૂલત્રસની અનાભોગમૂલક વિરાધનાનો તફાવત-પૂ. ]

અનાભોગમૂલક થયેલી સ્થૂલત્રસજીવની વિરાધના સાધુને કર્મબંધ કરાવતી ન હોવા છતાં લોકનિન્દ્ય તો બને જ છે, કારણકે એ તેને કરનાર સાધુનો લોકમાં 'હિંસક' તરીકે વ્યપદેશ કરાવે છે. તે વિરાધના 'હિંસક' તરીકેના ઉલ્લેખમાં હેતુ એટલા માટે બને છે કે 'સ્થૂલત્રસજીવની આ વિરાધના થઇ રહી છે' એવા પોતાના (સાધુના) સાક્ષાત્કારનો તે વિષય બને છે. (અર્થાત્ જીવ અને જીવની વિરાધનાને સાક્ષાત્ જાણવા છતાં તે વિરાધના કરી રહ્યો છે માટે 'હિંસા કરે છે' એવો તેનો લોકમાં ઉલ્લેખ થાય છે.) કેવલીભગવાનના વચનથી પોતાને જેનો નિશ્ચય થઇ ગયો છે તે સૂક્ષ્મત્રસજીવની વિરાધના લોકમાં નિન્દ્ય બનતી નથી. કારણકે તે છદ્મસ્થના સાક્ષાત્કારનો વિષય બનતી ન હોવાથી વિરાધકનો 'હિંસક' તરીકેનો ઉલ્લેખ કરાવી શકતી નથી. તેથી જ અબ્રહ્મ સેવતી વખતે લાખો પંચેન્દ્રિયજીવોનો વિરાધક પણ દેશવિરતિશ્રાવક 'જીવવિરાધક' તરીકે ઉલ્લેખ પામતો નથી, જ્યારે અનાભોગથી પણ એકી કીડીની પણ વિરાધના કરે તો તેવો ઉલ્લેખ પામે છે. આભોગપૂર્વક કીડીની વિરાધના કરે તો તો તે પોતાના સમાજમાં ઊભો રહેવા યોગ્ય પણ રહેતો નથી. તેથી પોતાના સાક્ષાત્કારનો વિષય બનતાં અને ન બનતાં જીવના ઘાત વચ્ચે ઘણો તફાવત હોય છે એ માનવું જોઇએ. નહિતરતો લાખો જીવોના જિનવચનમાત્રથી થયેલા આભોગ પૂર્વક મૈથુનને જે સેવે છે તે શ્રાવકને એટલા પંચેન્દ્રિયોની હત્યા ન કરનાર શિકારી વગેરે કરતાં પણ વધુ ભયંકર માનવો પડે.

( સ્વસાક્ષાત્કારના વિષય-અવિષયભૂત જીવ વિરાધનાનો તફાવત-પૂ૦ )

સારાંશ, જેમ શ્રાવકને પોતાના સાક્ષાત્કારનો વિષય બની શકનાર કીડી વગેરેની વિરાધના કરતાં આગમદ્વારા જેનો પોતાને આભોગ છે તેવા પણ લાખો પંચેન્દ્રિય

इत्यादि परस्य कल्पनाजालमपास्तं, संयतानां नद्युत्तारे जलजीवविराधनाया आभोगमूलत्वेऽप्याज्ञाशुद्धत्वेनैवाऽदुष्टत्वात् । यच्च तया न संयमस्य दुराराधत्वं, तस्याः कादाचित्कत्वादालंबनशुद्धत्वाच्च । यथा च कुन्थूत्पत्तिमात्रेण सार्वदिकयतनाहेत्वाभोगदौर्लभ्यात् संयमस्य दुराराधत्वं, तथा तथाविधक्षेत्रकालादिवशात् सूक्ष्मबीजहरितादिप्रादुर्भावेऽपि सार्वदिकतद्यतनाहेत्वाभोगदौर्लभ्यात् संयमस्य दुराराधत्वमेवेति तु दशवैकालिकाद्यध्ययनवतामपि सूक्ष्माष्टकविदां परिणतलोकोत्तरदथास्वरूपाणां प्रतीतमेव । 'स्थावरसूक्ष्मत्रसविषयकोऽनाभोगः केवलज्ञानं विना

---

જીવોની મૈથુનસેવનમાં થતી વિરાધના જુદી પડી જાય છે, કારણ કે તે જીવો પોતાના સાક્ષાત્કારનો વિષય બની શકતા નથી. તેમ પોતાના સાક્ષાત્કારનો વિષય બની શકનાર કંથવા વગેરે સ્થૂલત્રસ જીવોની અનાભોગમૂલિકા પણ સંયતથી થયેલી વિરાધના કરતાં પોતાના સાક્ષાત્કારનો વિષય જ ન બની શકનાર જળજીવોની વિરાધના જુદી પડે જ છે. પછી ભલેને આગમદ્વારા તેનો આભોગ હોય અને તેથી જ કંથવાની ઉત્પત્તિના કારણે સંયમને દુરારાધ્ય કહ્યું છે, જળજીવોની વિરાધનાના કારણે નહિ. હવે જો આગમથી જાણકારી મળી છે એટલા માત્રથી જળજીવોનો પહેલેથી આભોગ છે એવું માની લેવાનું હોય તો, કંથવા વગેરેની વિરાધના વખતે તેનો આભોગ ન હોવા છતાં જો સંયમને દુરારાધ્ય કહ્યુ છે તો આભોગ હોવા છતાં જળજીવોની વિરાધનાનો પરિહાર અશક્ય બનતો હોઈ તેના કારણે તો સંયમને અવશ્ય વધુ દુરારાધ્ય કહેવું જ પડે. પણ કહ્યું નથી. તેમજ કીડી વગેરેની જેમ જળજીવોની વિરાધનાથી કંઇ 'હિંસક' તરીકેનો ઉલ્લેખ પણ થતો નથી. આ બન્ને પરથી નક્કી થાય છે કે જળજીવોની વિરાધના આભોગજન્ય (આભોગમૂલિકા) હોતી નથી.

[ આભોગમૂલક, છતાં આજ્ઞાશુદ્ધ હોવાથી નિર્દોષ ]

**ઉત્તરપક્ષ**:– પૂર્વે જે કહી ગયા કે 'આપ્તવચનથી જેઓનો જીવ તરીકે નિશ્ચય થયો હોય તેઓની વિરાધનામાં તેઓ પોતાને દેખાતા ન હોવા માત્રથી, આભોગપૂર્વકત્વનો અભાવ થઇ જતો નથી. વગેરે' તેનાથી પૂર્વપક્ષની આ બધી કલ્પનાના તરંગો વિખરાઇ ગયેલા જાણવા. વળી 'આભોગ હોવા છતાં હિંસા કરવી એ મોટા દોષરૂપ હોઈ સાધુનું માત્ર સાધુપણું જ નહિ, પણ સમ્યક્ત્વપણ ઊડી જાય' ઇત્યાદિ જે માન્યતાના કારણે પૂર્વપક્ષી નદી ઉતરવામાં થતી જળજીવ વિરાધનાને આભોગમૂલક માનવા તૈયાર થતો નથી તે માન્યતા જ મૂલમાં ખોટી છે, કારણ કે તે વિરાધના આભોગમૂલક હોવા છતાં આજ્ઞાશુદ્ધ હોવાના કારણે જ દોષરૂપ જ હોતી નથી. તેથી વિરાધનાને આભોગમૂલક માનવામાં કોઇ આપત્તિ આવતી નથી.

[ સંયમની દુરારાધ્યતાનું ગ્રન્થકારપ્રદર્શિત રહસ્ય ]

**પ્રશ્ન** :– જો એ પણ આભોગમૂલક હોય તો કંથવાની ઉત્પત્તિની જેમ તેના કારણે પણ સંયમ દુરારાધ્ય શા માટે નથી બનતું ?

**ઉત્તર** :– એટલા માટે કે એ વિરાધના કાદાચિત્ક હોય છે તેમજ પુષ્ટ આલંબનવાળી હોઇ શુદ્ધ હોય છે.

दुरत्ययः' इति तु सूक्ष्माष्टकयतनाविधानान्यथानुपपत्त्यैव बाधितम् ।—परिणामशुद्ध्यर्थं तद्, न तु तदाभोगार्थं—इत्येवं तदाभोगापलापे च स्थूलत्रसाभोगाभ्युपगमोऽप्युच्छिद्येत, तत्रापीत्थं वक्तुं शक्यत्वात् , —चेष्टालिङ्गाभिव्यक्तेः स्थूलत्रसाभोगोऽभिव्यक्त एव—इति चेत् ? पृथिव्यादिजीवाभोगोऽपि जिनवचनाभिहितलिङ्गादाज्ञाप्रामाण्याद्वा किं नाभिव्यक्तः ? व्यक्तीरत्तयाऽनाभोगस्तु मनाक्स्पन्दत्कुन्थुतदनुकारिरजस्त्रुटिपुञ्जेऽपि वक्तुं शक्यते, इति न किञ्चिदेतत् । ततो यतनां कुर्वतामशक्यपरिहारा हिंसा सूक्ष्मस्थूलजीवविषयकभेदेऽप्यशक्यपरिहारत्वेन समानैव, विषयभेदात्तद्भेदं तु व्यवहारेण न वारयामः । अत एवाऽब्रह्मसेवायामपि देशविरतस्य कृतसङ्कल्पमूलस्थूलजीवहिंसाप्रत्याख्यानाभङ्गान्न व्याधादिवद्दुष्टत्वम् । न चैवं देशविरतस्येव साधोरप्या-

---

**પ્રશ્ન** :– આના પરથી તમારે શું એવો ફલિતાર્થ કાઢવો છે કે સંયમ દુરારાધ્ય બનવા કે ન બનવામાં સ્વસાક્ષાત્કારરૂપ આભોગ કે તેના અભાવરૂપ અનાભોગ હેતુ બનતા નથી ?

**ઉત્તર** :– હા, હેતુ બનતા નથી, તેથી જ તો, જેમ કુંથવાની ઉત્પત્તિ થવા માત્રથી તેની સાર્વદિક (હંમેશાની) જયણા પળાવામાં હેતુ બનનાર આભોગ દુર્લભ હોઈ સંયમ દુરારાધ્ય બને છે તેમ, તથાવિધ ક્ષેત્ર–કાલાદિના કારણે બીજ–હરિતાદિ ઉત્પન્ન થયે છતે પણ, તેની સાર્વદિક જયણા પળાવી આપનાર આભોગ દુર્લભ હોઈ સંયમ દુરારાધ્ય બને જ છે. 'તે સૂક્ષ્મબીજ–હરિતાદિના જીવોનો સ્વસાક્ષાત્કારરૂપ આભોગ ન હોવાથી તેના કારણે સંયમ દુરારાધ્ય બનતું નથી' એવું નથી. આ વાત **દશવૈકાલિક** વગેરેના અધ્યયનોની જાણકારીવાળા પણ સૂક્ષ્માષ્ટકના જાણકાર અને લોકોત્તરદયાનું સ્વરૂપ જેઓમાં પરિણતિ પામ્યું છે તેવા મહાત્માઓને પ્રતીત જ છે.

[આગમથી પણ અપ્કાયવગેરે સ્થાવરોનો આભોગ શક્ય]

**પ્રશ્ન** :– સાધુઓને જળજીવોનો આભોગ હોય છે એવું તમે જે કહો છો તેને યોગ્ય શી રીતે મનાય ? કેમકે સ્થાવર અને સૂક્ષ્મત્રસ જીવોનો અનાભોગ કેવલજ્ઞાન વિના, આગમમાત્રથી દૂર થઈ શકતો નથી.

**ઉત્તર** :– સ્થાવરાદિનો આભોગ જો કેવલજ્ઞાન વિના શક્ય જ ન હોય તો, આગમમાં સૂક્ષ્માષ્ટકની જયણાનું જે વિધાન છે તે અસંગત બની જાય, કારણ કે જીવોની જ જો જાણકારી નથી તો જયણા શું પાળવાની ? તેથી 'કેવલજ્ઞાનવિના અનાભોગ દૂર ન થાય' એ વાત બાધિત હોઈ 'આગમથી પણ જળજીવોનો આભોગ શક્ય છે' એ માનવું યોગ્ય છે.–સૂક્ષ્માષ્ટકની જયણાનું વિધાન કંઈ તે જીવોનો આભોગ થાય એટલા માટે નથી, કિન્તુ સાપેક્ષભાવ જળવાઇ રહેવા રૂપ પરિણામશુદ્ધિ માટે છે, એવું ન કહેવું, કારણકે આરીતે તેઓના આભોગનો અપલાપ કરવામાં સ્થૂલત્રસ જીવોનો આભોગ હોવો જે માન્યો છે તે પણ ઊડી જશે. કારણકે તેઓનું પણ છદ્મસ્થને તો શરીર જ જણાય છે, જીવ નહિ તેથી "તેઓની જયણાનું પણ પરિણામની શુદ્ધિ માટે જ વિધાન છે 'આમાં જીવ છે' (માટે એની રક્ષા કરું) એવા આભોગ માટે નહિ" એવું પણ કહી જ શકાય છે.

भोगेन पृथिव्यादिवधे न दुष्टत्वं, इति साधोः प्रत्याख्यानभङ्गदोषविशेषसमर्थनार्थं पृथिव्यादिजीवाभोगोऽप्यवश्यमभ्युपेयः । यदि च स्थूलत्रसविषयक एवाभोगोऽभ्युपगम्येत तदा तद्विषयैव हिंसैकान्ततो दुष्टा स्यात्, न चैवं जैनप्रक्रियाविदो वदन्ति, तैः क्षुद्रमहत्सत्त्ववधसादृश्यवैसदृश्ययोरनेकान्तस्यैवाभ्युपगमात् । तदुक्तं सूत्रकृताङ्गे [श्रु०२ अ० ५-६'७]—

[1]जे केइ खुद्दगा पाणा अदुवा संति महालया । सरिसं तेहिं वेरं ति असरिसं ति य णो वए ॥

[2]एतेहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ । एतेहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ॥ त्ति ।

**શંકા** :– સ્થૂલત્રસજીવો છદ્મસ્થને ન જણાતાં હોવા છતાં તેની ચેષ્ટારૂપ લિંગ તો અભિવ્યક્ત જ હોય છે, માટે તેનો આભોગ પણ અભિવ્યક્ત હોય છે.

**સમાધાન** :– આ રીતે પૃથ્વીકાય વગેરે સ્થાવરાદિ જીવોનો આભોગ પણ જિનવચનમાં કહેલા 'શસ્ત્રથી અનુપહત' વગેરે રૂપ લિંગથી કે આજ્ઞાના પ્રામાણ્યથી શું અભિવ્યક્ત નથી હોતો ?

**પ્રશ્ન** :– તેમ છતાં અહીં કેટલા જીવો છે ? વગેરેનો સ્ફુટ આભોગ તો કંથવા વગેરે સ્થૂલત્રસમાં જ ચેષ્ટા વગેરે લિંગથી સંભવી શકે છે, આગમોક્ત લિંગથી પણ સ્થાવરાદિમાં નહિ. તેથી સ્થાવરાદિનો સ્ફુટ આભોગ શી રીતે મનાય ?

**ઉત્તર** :– એ રીતે તો, 'અત્યંત અલ્પ સ્પંદન કરતા કંથવા અને તેના જેવી જ દેખાતી રજકણોનો જ્યાં ભેગો ઢગલો થયો હશે ત્યાં પણ સ્ફુટ આભોગ શી રીતે મનાય ?' એવું પણ કહી શકાય છે. અર્થાત્ ત્યાં સંખ્યા જણાતી ન હોવા છતાં જેમ આભોગ માનો છો તેમ સ્થાવરાદિ અંગે પણ માનવો જોઈએ. માટે–'તેઓનો આભોગ કેવલજ્ઞાનસાધ્ય છે' ઈત્યાદિ વાતો તુચ્છ છે.

**[સૂક્ષ્મ અને સ્થૂલત્રસની વિરાધના અશક્યપરિહાર રૂપે સમાન જ-ઉ.]**

તેથી જયણાના પાલનમાં ઉદ્યમશીલ સાધુઓથી અશક્યપરિહારરૂપે થતી હિંસા અશક્યપરિહારરૂપે સમાન જ હોય છે (ભેદ વિનાની હોય છે,) પછી ભલેને તેમાં તે સૂક્ષ્મજીવની કે સ્થૂલજીવની હોવારૂપ ભેદ હોય, વળી તેમ છતાં આ સૂક્ષ્મ જીવ–સ્થૂલજીવરૂપ વિષય જુદા જુદા હોવાથી તે હિંસામાં ભેદ પડે છે તેનો અમે વ્યવહારથી નિષેધપણ કરતાં નથી જ. અર્થાત્ સ્થૂલજીવની હિંસાને વ્યવહારથી મોટા દોષરૂપ માનીએ જ છીએ. તેથી જ મૈથુન સેવનમાં પણ 'સંકલ્પપૂર્વક સ્થૂલજીવની હિંસા ન કરવી' એવા પોતે કરેલ પ્રત્યાખ્યાનનો ભંગ થતો ન હોવાથી જ દેશવિરત જીવ શિકારી વગેરે જેવો દુષ્ટ બનતો નથી. નહિ કે મૈથુન સેવનમાં મરતા જીવોનો આભોગ ન હોવા રૂપ કારણથી. વળી આ રીતે આભોગપૂર્વક હિંસા કરવા છતાં દેશવિરતજીવ જેમ દુષ્ટ બનતો નથી તેમ સાધુ પણ પૃથ્વીકાય વગેરેની આભોગથી વિરાધના કરવા છતાં દુષ્ટ બનતાં નથી એવું તો કાંઈ છે નહિ. એ તો દુષ્ટ બને જ છે. અને તેથી ફલિત થાય છે કે એના પચ્ચક્ખાણનો ભંગ થાય છે. આ ભંગના સમર્થન માટે

१. ये केचन क्षुद्रकाः प्राणिनोऽथवा सन्ति महालयाः । सदृशं तैर्वैरमिति असदृशमिति नो वदेत् ॥

२. एताभ्यां द्वाभ्यां स्थानाभ्यां व्यवहारो न विद्यते । एताभ्यां द्वाभ्यां स्थानाभ्यां अनाचारं तु जानीयाद् ॥

**एतद्वृत्तिर्यथा-ये केचन क्षुद्रकाः** सत्त्वाः **प्राणिनः** एकेन्द्रियद्वीन्द्रियादयोऽल्पकाया वा पञ्चेन्द्रिया **अथवा महालया** महाकायाः **सन्ति** विद्यन्ते, तेषां च क्षुद्रकाणामल्पकायानां, कुन्थ्वादीनां महान् वाऽऽलयः शरीरं येषां ते महालया हस्त्यश्वादयस्तेषां च व्यापादने **सदृशं वैरमिति** वज्रं-कर्म विरोधलक्षणं वा वैरं, सदृशं समानं, तुल्यप्रदेशत्वात् सर्वजन्तूनां, इत्येवमेकान्तेन नो वदेत् । तथा विसदृशम**सदृशं**, तद्व्यापत्तौ वैरं कर्मबन्धो विरोधो वा इन्द्रियविज्ञानकायानां विसदृशत्वात् सत्यपि प्रदेशतुल्यत्वे न सदृशं वैरं ' इत्येवमपि नो वदेत् । यदि हि वध्यापेक्षयै(क्ष ए)व कर्मबन्धः स्यात्, ततस्तद्वशात् कर्मणोऽपि सादृश्यमसादृश्यं वा वक्तुं युज्यते, न च तद्वशादेव बन्धः, अपि त्वध्यवसायवशादपि, ततश्च तीव्राध्यवसायिनोऽल्पकायसत्त्वव्यापादनेऽपि महद्वैरं, अकामस्य तु महाकायसत्त्वव्यापादनेऽपि स्वल्पमिति । एतदेव सूत्रेणैव दर्शयितुमाह-**एतेहीत्यादि** । **आभ्याम**नन्तरोक्ताभ्यां **स्थानाभ्याम**नयोर्वा स्थानयोरल्पकायमहाकायव्यापादनापादितकर्मबन्धसदृशत्वविसदृशत्वयो-र्व्यवहरणं **व्यवहारो** निर्युक्तिकत्वान्न **युज्यते** । तथा हि-न वध्यस्य सदृशत्वमसदृशत्वं वैकमेव कर्मबन्धस्य

---

પૃથ્વીવગેરે જીવોનો આભોગ અવશ્ય માનવો પડે છે. (કેમકે **અનાભોગથી થયેલ હિંસાથી કંઇ પચ્ચક્ખાણનો ભંગ થતો નથી, તે પણ એટલા માટે કે અનાભોગનો પચ્ચક્ખાણમાં આગાર હોય છે.**) બાકી સ્થૂલત્રસજીવોનો જ જો આભોગ માનવાનો હોય તો તેની હિંસા જ બીજાજીવોની હિંસા કરતાં એકાન્તે દુષ્ટ બને, અન્યજીવોની હિંસા ક્યારે ય તેના કરતાં દુષ્ટ બને નહિ, કારણકે અનાભોગપૂર્વકની હિંસા કરતા તો આભોગપૂર્વકની હિંસા વધુ દુષ્ટ હોય છે. પણ એવું કાંઈ જૈનપ્રક્રિયાના જાણકારો કહેતા નથી, કારણકે તેઓ તો તુચ્છજંતુઓની અને મોટાપ્રાણીઓની હિંસામાં એકાન્તે સાદશ્ય (સમાનતા) કે વૈસદશ્ય (અસમાનતા) ન માનતા અનેકાન્તે જ તે બે માને છે. અર્થાત્ અમુક અપેક્ષાએ બંને હિંસા તુલ્ય હોય છે, અમુક અપેક્ષાએ અતુલ્ય. **સૂત્રકૃતાંગ** (શ્રુ. ૨ અ. ૫)માં કહ્યું છે કે—"જે કોઈ નાની કે મોટી કાયાવાળા જીવો હોય તેઓના વધથી એક સરખો જ વૈર-કર્મબંધ થાય' કે 'જુદો જુદો જ કર્મબંધ થાય' તેવું કહેવું નહિ. માત્ર આ નાની-મોટી કાયાની અપેક્ષાએ ઓછા-વત્તા દોષોનો વ્યવહાર કરવો તે યોગ્ય નથી. આ બેમાં પ્રવૃત્ત થનારને અનાચાર થાય છે.

**[ કર્મબંધ વધ્યજીવની સ્થૂલતા કે સૂક્ષ્મતા માત્રને સાપેક્ષ નથી ]**

આની વૃત્તિનો ભાવાર્થ આ પ્રમાણે—

"એકેન્દ્રિય-બેઇન્દ્રિય વગેરે જીવો અથવા નાની કાયાવાળા પંચેન્દ્રિયજીવો એ બધા ક્ષુદ્રપ્રાણી. મોટી કાયાવાળા હાથી-ઘોડા વગેરે મહાલયજીવો. 'કંથવાવગેરે ક્ષુદ્રજીવોને કે હાથી વગેરે મહાલયજીવોને મારવામાં એક સરખો કર્મબંધ કે વૈરભાવ થાય છે, કારણ કે બધા જીવોના આત્મપ્રદેશો સરખા હોય છે' એવું એકાન્તે કહેવું નહિ. એમ 'વિસદશ=ઓછો-વત્તો જ કર્મબંધ થાય છે, કારણ કે આત્મપ્રદેશો તુલ્ય હોવા છતાં તેઓની ઈન્દ્રિય-જ્ઞાનમાત્રા તેમજ કાયા વિસદશ હોય છે.' એવું પણ એકાન્તે કહેવું નહિ. કર્મબંધ જો માત્ર વધ્યજીવની અપેક્ષાએ જ થતો હોત તો તો માત્ર તે જીવની અપેક્ષાએ જ કર્મબંધમાં સાદશ્ય કે વૈસદશ્ય થાય છે એવું કહેવું યોગ્ય બને, પણ એવું છે નહિ, મારનારના અધ્યવસાયની અપેક્ષાએ પણ કર્મબંધ થાય જ છે. તેથી તો તીવ્ર સંક્લેશવાળાને નાના જીવની હિંસાથી પણ ઘણો કર્મબંધ થાય છે, જ્યારે સંક્લેશશૂન્ય જીવને મોટા શરીરવાળા જીવની હિંસાથી પણ અત્યંતઅલ્પ કર્મબંધ થાય છે. આ જ વાતને સૂત્રમાં જણાવતાં સૂત્રકારે આગળની 'एतेहिं...' ઈત્યાદિ ગાથા કહી છે. ઉપર કહી ગયા તે બે સ્થાનથી (સ્થાનને આગળ કરીને) વ્યવહાર કરવો તે અથવા અલ્પકાય અને મહાકાય જીવને મારવામાં થતા કર્મબંધમાં સાદશ્ય કે

कारणं, अपि तु वधकस्य तीव्रभावो मन्दभावो ज्ञानभावोऽज्ञानभावो महावीर्यत्वमल्पवीर्यत्वं चेत्येतदपि, तदेवं वध्यवधकयोर्विशेषात्कर्मबन्धविशेष इत्येवं व्यवस्थिते वध्यमेवाश्रित्य सदृशत्वासदृशत्वव्यवहारो न विद्यत इति । तथाऽ**नयोरेव स्थानयोः** प्रवृत्तस्यानाचारं **विजानीयादिति** । तथा हि–यज्जीवसाम्यात् कर्मबन्धसदृशत्वमुच्यते तदयुक्तं, यतो न हि जीवव्यापत्त्या हिंसोच्यते, तस्य शाश्वतत्वेन व्यापादयितुमशक्यत्वाद्, अपि त्विन्द्रियादिव्यापत्त्या । तथा चोक्तं–

पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च उच्छ्वासनिःश्वासमथान्यदायुः । प्राणा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोजीकरणं तु हिंसा ॥ इत्यादि । अपि च भावसव्यपेक्षस्यैव कर्मबन्धोऽभ्युपेतुं युक्तः । तथा हि–वैद्यस्यागमसव्यपेक्षस्य सम्यक् क्रियां कुर्वतो यद्यातुरविपत्तिर्भवति तथापि न वैरानुषङ्गीभवेद्, भावदोषाभावाद् । अपरस्य तु सर्पबुद्ध्या रज्जुमपि घ्नतो भावदोषात्कर्मबन्धः, तद्रहितस्य तु न बन्ध इति, उक्तं चागमे 'उच्चालिअंमि पाए०' [ओ० नि० ७४८।७४९] इत्यादि । **तन्दुलमत्स्याख्यानकं** तु सुप्रसिद्धमेव । तदेवंविधवध्यवधकभावापेक्षया स्यात्सदृशत्वं, स्यादसदृशत्वमिति, अन्यथाऽनाचार इति ॥"

**एतेन "लौकिकघातकत्वव्यवहारविषयीभूतैव हिंसा महाऽनर्थहेतुरि"ति परस्य यत्र तत्र प्रलपनमपास्तम् । अपि चैवमापवादिकोऽपि वधो महानर्थाय संपद्यते, ज्ञानादिहानिनिवारणमात्राभिप्रायस्य संयमपरिणते(रन)पायहेतुत्वेऽपि तत्कृतवधे लौकिकघातकत्वव्यवहारविषयत्वेना-**

---

વૈસદૃશ્યનો વ્યવહાર કરવો તે યુક્તિશૂન્ય હોવાથી યોગ્ય નથી. તે આ રીતે–હિંસાથી થતા કર્મબંધમાં વધ્યજીવનું સદૃશત્વ કે અસદૃશત્વ એ એક જ કારણ નથી, કિન્તુ હિંસકના–તીવ્રભાવ કે મંદભાવ, જાણકારી કે અજાણકારી તેમજ (મારવાનો) જોરદારપ્રયત્ન કે અલ્પપ્રયત્ન–આ ત્રણ અંશો પણ કારણ બને છે. આમ વધ્ય અને/કે વધકમાં ભેદપાડવાથી કર્મબંધમાં પણ ભેદ પડે છે એ વાત નિશ્ચિત થતી હોવાથી માત્ર વધ્યને આશ્રીને સદૃશત્વ–અસદૃશત્વનો વ્યવહાર થઈ શકતો નથી. તથા આ બે સ્થાનને (અલ્પકાય–મહાકાયને) જ આગળ કરીને વ્યવહાર કરવામાં પ્રવૃત્ત થનાર અનાચારમાં જઈ રહ્યો છે તે જાણવું. તે આ રીતે–જીવોમાં તુલ્યજીવપ્રદેશ હોવા રૂપ સામ્ય હોવાથી કર્મબંધમાં જે સાદૃશ્ય કહેવાય છે તે અયુક્ત છે, કારણ કે જીવનો નાશ થવાથી 'હિંસા' કહેવાતી નથી, કેમકે જીવ તો શાશ્વત હોવાથી તેનો નાશ થઈ શકતો નથી, કિંતુ ઇન્દ્રિયાદિરૂપ પ્રાણોનો નાશ થવાથી હિંસા કહેવાય છે. કહ્યું છે કે–'પાચ ઇન્દ્રિયો, (મન–વચન–કાયાનું) ત્રિવિધ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એ દશ પ્રાણો ભગવાને કહ્યા છે. જીવથી તેઓનો વિયોગ કરવો એ હિંસા છે.' વળી કર્મબંધને ભાવસાપેક્ષ માનવો એ જ યોગ્ય છે. જેમકે–ચિકિત્સાશાસ્ત્રને અનુસારે સમ્યક્ ચિકિત્સા કરવા છતાં દર્દી મરી જાય તો વૈદ્યને કાંઈ કર્મબંધ થતો નથી, કેમકે તેનામાં અશુદ્ધ ભાવ રૂપ ભાવદોષ હોતો નથી. જ્યારે 'આ સાપ છે' 'એમ સમજીને દોરડાંને કાપનારને ભાવદોષ હોવાથી કર્મબંધ થાય છે, ભાવદોષ વગરનાને તે થતો નથી. આગમમાં કહ્યું છે કે 'પગ ઉપાડ્યા પછી અટકાવી શકાતો ન હોવાના કારણે જો જીવવિરાધના થાય તો ઇર્યાસમિતિમાં તત્પર સાધુને કર્મબંધ થતો નથી' ઇત્યાદિ...(કેમકે તેમાં ભાવદોષ હોતો નથી.) એમ **તંદુલિયા મત્સ્યનું** (હિંસા ન કરતો હોવા છતાં મારવાના ભાવરૂપ ભાવદોષ હોવાથી તેને તીવ્રકર્મબંધ થાય છે એ) દૃષ્ટાન્ત પણ સુપ્રસિદ્ધ જ છે. આમ વધ્ય–વધકના ભાવની અપેક્ષાએ કર્મબંધમાં સાદૃશ્ય પણ હોય છે અને વૈસદૃશ્ય પણ હોય છે એ માનવું જોઈએ. એ ન માને તો અનાચાર થાય છે."

**સૂત્રકૃતાંગ અને તેની વૃત્તિના આ વચનો પરથી એ ફલિત થાય છે કે ક્યારેક સ્થૂલત્રસની વિરાધના કરતાં સ્થાવર–સૂક્ષ્મત્રસની વિરાધના પણ દુષ્ટ હોય છે. અને એ માટે હિંસકમાં માનવા પડતાં તીવ્રસંક્લેશાદિની સંગતિ માટે તેઓનો આભોગ હોવો પણ માનવો પડે છે.**

शुद्धत्वानिवृत्तेः । पठ्यते च यतनादिनाऽपवादस्य शुद्धत्वमेव । तदुक्तं **बृहत्कल्पभाष्ये** [४९४६]—

[1]गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो । एगेसिं गीयकडो अरत्तदुट्ठो य जयणाए ॥

तस्माद्‌आगमोदितयतनयाऽध्यात्मशुद्धिरेव संयमरक्षाहेतुर्नत्वनाभोग इति स्थितम् । अत एव विरताविरतयोर्जानतोरजानतोश्च विराधनायां यतनाऽयतनानिमित्तकाऽध्यात्मशुद्धि-तदशुद्धि-विशेषात् कर्मनिर्जराबन्धविशेषो व्यवस्थितः । तदुक्तं **बृहत्कल्पभाष्यवृत्त्योर्द्वितीयखण्डे**-
अथ ज्ञाताज्ञातद्वारमाह [३९३८]—

[2]जाणं करेइ इक्को हिंसमजाणमपरो अविरओ अ । तत्थवि बंधविसेसो महंतरं देसिओ समए ॥

इह द्वावविरतौ, तत्रैकस्तयो **र्जानन् हिंसां करोति** विचिन्त्येत्यर्थः, **अपरः** पुनरजानन्, **तत्रापि** तयोरपि

---

**[ આભોગપૂર્વકની આપવાદિકહિંસા દુષ્ટ બની જવાની આપત્તિ ]**

'જેનાથી લોકમાં 'હિંસક' તરીકે ઉલ્લેખ થાય તેવી હિંસા જ મહા અનર્થનું કારણ બને છે' એવો પૂર્વપક્ષીએ જ્યાં ત્યાં કરેલો પ્રલાપ પણ સૂત્રકૃતાંગના આ વચનથી ખોટો હોવો જાણવો. વળી આભોગપૂર્વકની હોવામાત્રથી કે 'હિંસક' તરીકેના લૌકિક વ્યવહારનો વિષય બનતી હોવામાત્રથી જો હિંસા મહાઅનર્થકારી બની જતી હોય તો તો આપવાદિક હિંસા પણ તેવી જ બની જાય, કારણકે તેમાં જ્ઞાનાદિની થનાર હાનિનું નિવારણ માત્ર કરવાનો જે અભિપ્રાય રહ્યો હોય છે તે સંયમની પરિણતિની અખંડિતતા જાળવી રાખતો હોવા છતાં, તે હિંસામાં 'પાપ' તરીકેના લૌકિકવ્યવહારની વિષયતા તો રહી જ હોવાથી તમારા અભિપ્રાયમુજબનું અશુદ્ધત્વ પણ તેમાંથી દૂર થયું હોતું નથી. 'તેમાં તેવું અશુદ્ધત્વ રહ્યું હોઈ એ અનર્થકારી બને છે તેવું માનવામાં વાંધો શું છે?' એવું ન પૂછવું, કારણકે જયણા વગેરેથી સેવાતા અપવાદને શાસ્ત્રમાં શુદ્ધ જ કહ્યો છે, અશુદ્ધ નહિ. **બૃહત્કલ્પભાષ્ય** (૪૯૪૬) માં કહ્યું છે કે "જે ગીતાર્થ છે, જયણા પૂર્વક પ્રવર્તે છે, કૃતયોગી (તપ વગેરેનો અભ્યાસી) છે, અને જ્ઞાનાદિની રક્ષા વગેરે કારણવાળો છે, તે જે અપવાદને સેવે છે તેમાં એ નિર્દોષ હોય છે. આમ ગીતાર્થ, જયણા, કૃતયોગી, અને કારણ એ ૪ પદના ૧૬ ભાંગા થાય. એમાં આ પ્રથમ ભાંગો શુદ્ધ (નિર્દોષ) જાણવો. બીજા આચાર્યો આ ૪ ના બદલે ગીતાર્થ, કૃતયોગી, અરક્ત, અદ્વિષ્ટ અને જયણા એ પાંચ પદના ૨૫ ભાંગા માને છે. એમાંનો આ કહેલો પ્રથમ ભાંગો નિર્દોષ હોય છે."

**[ છતી વિરાધનાએ પણ સંયમરક્ષામાં અધ્યાત્મશુદ્ધિ એ હેતુ, અનાભોગ નહિ ]**

તેથી નદી ઉતરવા વગેરેમાં જીવવિરાધના થતી હોવા છતાં સંયમની જે રક્ષા થાય છે તેમાં જીવનો અનાભોગ હોવો એ હેતુ નથી પણ આગમોક્ત જયણાથી જળવાઈ રહેલ અધ્યાત્મશુદ્ધિ એ જ હેતુ છે એ વાત નક્કી થાય છે. (કારણકે જળજીવોનો આભોગ હોય છે અનાભોગ નહિ એ વાત અને આભોગ હોવા છતાં હિંસા થવામાં પણ શુદ્ધત્વ જળવાઈ રહે છે એ વાત નિશ્ચિત થઈ ગઇ છે.) તેથી જ વિરત-અવિરતથી થતી તેમજ જાણકાર-અજાણકારથી થતી વિરાધનામાં જયણા અને અજયણારૂપ નિમિત્તકારણનો ફેર પડવાથી અધ્યાત્મની જે વિશેષપ્રકારે ક્રમશઃ શુદ્ધિ કે અશુદ્ધિ થાય છે તેના કારણે

---

१. गीतार्थो यतनया कृतयोगी कारणे निर्दोषः । एकेषां गीतकृतोऽरक्तद्विष्टश्च यतनया ॥

२. जानन् करोति एको हिंसामजानन्नपरोऽविरतश्च । तत्रापि बंधविशेषो महतान्तरेण देशितः समये ॥

बन्धविशेषः **महंतरं ति** महताऽन्तरेण **देसितः समये**–सिद्धान्ते । तथाहि–यो जानन् हिंसां करोति स तीव्रानुभावं बहुतरं पापकर्मोपचिनोति, इतरस्तु मन्दतरविपाकमल्पतरं तदेवोपादत्ते । [ ३९३९ ]–

[1]विरतो पुण जो जाणं कुणति अजाणं व अप्पमत्तो य । तत्थवि अज्झत्थसमा संजायति णिज्जरा ण चओ ॥
**यः पुनर्विरतः** प्राणातिपातादिनिवृत्तः स **जानानोऽपि** 'सदोषमिदं' इत्यवबुध्यमानोऽपि गीतार्थतया द्रव्य-क्षेत्राद्यागाढेषु प्रलंबादिग्रहणेन हिंसां करोति, यद्वा न जानाति परमप्रमत्तो विकथादिप्रमादरहित उपयुक्तः सन् यत्कदाचित् प्राण्युपघातं करोति **तत्राप्यध्यात्मसमा** चित्तप्रणिधानतुल्या **निर्जरा सञ्जायते** । यस्य यादृशस्तीव्रो मन्दो मध्यमो वा शुभाध्यवसायस्तस्य तादृश्येव कर्मनिर्जरा भवतीति भावः । **न चओत्ति** न पुनश्चयः कर्मबन्धः सूक्ष्मोऽपि भवति, प्रथमस्य भगवदाज्ञया यतनया प्रवर्त्तमानत्वाद्, द्वितीयस्य तु प्रमादरहितस्याजानतः कथञ्चित्प्राण्युपघातसम्भवेऽप्यदुष्टत्वादिति ।

**यत्तु "जीवघातवर्जनाभिप्रायवतां यतनया प्रवर्त्तमानानां छद्मस्थसंयतानामनाभोगजन्याशक्य-परिहारेण जायमानं जीवघातानृतभाषणादिकं संयमपरिणामानपायहेतुः, संयमपरिणामानपायहे-**

---

**કર્મનિર્જરા કે કર્મબંધ થાય છે એવું શાસ્ત્રમાં દેખાડયું છે. બૃહત્કલ્પભાષ્ય અને તેની વૃત્તિમાં દ્વિતીયખંડમાં કહ્યું છે કે (૩૯૩૮-૩૯૩૯)—**

હવે જ્ઞાત-અજ્ઞાત દ્વાર કહે છે–બે અવિરત જીવો છે. એમાંથી એક જાણીને=મારવાનો વિચાર કરીને હિંસા કરે છે અને બીજો અજાણપણે હિંસા કરે છે. તો તે બંનેમાં અવિરતપણું સરખું હોવા છતાં કર્મબંધમાં મોટો ફેર પડે છે એવું સિદ્ધાંતમાં કહ્યું છે. જે જાણીને હિંસા કરે છે તે તીવ્ર રસવાળું ઘણું કર્મ બાંધે છે. જ્યારે બીજો મંદરસવાળું અલ્પ કર્મ બાંધે છે. પ્રાણાતિપાત વગેરે પાપથી અટકેલ બે વિરતિધર છે. તેમાં એક 'મારી પ્રલંબગ્રહણાદિની આ પ્રવૃત્તિ સદોષ છે=હિંસાદિ દોષયુક્ત છે' એવું જાણતો હોવા છતાં ગીતાર્થ હોવાના કારણે તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્રાદિરૂપ આગાઢ કારણે જયણાપૂર્વક પ્રલંબાદિ (ફળ વગેરે)નું ગ્રહણ કરવા દ્વારા હિંસા કરે છે. અને બીજો (પોતાની ઇર્યાસમિતિપાલન પૂર્વકની ગમનાદિ વર્તમાન પ્રવૃત્તિને હિંસાદિ) દોષયુક્ત જાણતો નથી, અને વિકથાદિ પ્રમાદ રહિતપણે અપ્રમત્તપણે ઉપયુક્ત થઈને પ્રવૃત્તિ કરે છે. તેમ છતાં તે પ્રવૃત્તિથી ક્યારેક હિંસા કરે છે. તે બંને સાધુઓ અધ્યાત્મને=ચિત્તના પ્રણિધાનને અનુસરીને કર્મનિર્જરા કરે છે. અર્થાત્ જેનો જેવો તીવ્ર મંદ કે મધ્યમ શુભઅધ્યવસાય હોય તેવી તે કર્મનિર્જરા કરે છે, પણ અલ્પ પણ કર્મબંધ કરતો નથી. જાણવા છતાં હિંસા કરનાર પહેલાં સાધુને તે જિનાજ્ઞાથી જયણાપૂર્વક પ્રવૃત્ત થયો હોવાથી અને બીજા સાધુને, અજાણપણે કથંચિત્ હિંસા થવા છતાં તે પ્રમાદ રહિત હોવાના કારણે, અદુષ્ટ રહેતો હોવાથી કર્મબંધ થતો નથી, પણ નિર્જરા જ થાય છે."

**આમ આભોગ હોવા છતાં અધ્યાત્મશુદ્ધિદ્વારા દુષ્ટત્વને અને કર્મબંધને અટકાવી શકાય છે. તેથી 'જળજીવોનો જો આભોગ હોય તો જળજીવોની વિરાધના કરવામાં સંયમ ન જ ટકે' એવી વાત ઊડી જાય છે. તેથી જ 'નદી ઉતરવા વગેરેમાં વિરાધના અનાભોગજન્ય અશક્યપરિહારરૂપ હોય છે' એવું માનવું પડતું નથી.**

**[ સંયમપરિણામની રક્ષામાં વર્જનાભિપ્રાય એ હેતુ-પૂ૦ ]**

**પૂર્વપક્ષ :– નદી ઉતરવામાં જળજીવોની વિરાધના થવા છતાં સંયમપરિણામ જે ટકી રહે છે તેમાં વર્જનાઅભિપ્રાય ભાગ ભજવે છે, તમારા અભિપ્રાય મુજબની આભોગ હોવા છતાં જળવાઈ રહેતી અધ્યાત્મશુદ્ધિ નહિ. કારણકે પાણીના જીવોનો આભોગ થઈ**

---

૧. विरतः पुनर्यो जानन् करोत्यजानन् वाऽप्रमत्तश्च यः । तत्रापि अध्यात्मसमा संजायते निर्जरा न चयः ॥

तुत्वं हि वर्जनाभिप्रायोपाधिकमेव, जीवविराधनायाः संयमपरिणामापगमहेतोर्जीवघातपरिणामजन्यत्वलक्षणस्य निजस्वरूपस्य वर्जनाभिप्रायेण परित्याजनात् । अयं भावः–'यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपाधिः' इति नियमाद्, वर्जनाभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं संयमनाशहेतुं परित्यजति, तेन संयमपरिणामानपायद्वारा वर्जनाभिप्रायजन्यां निर्जरां प्रति जीवविराधनाया अपि प्रतिबन्धकाभावत्वेन कारणतापि । यदागमः—[ओ०नि०७५९]

[1]जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स । सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥

[ पिं०नि०७६० ] अत्र हि **सुत्तविहिसमग्गस्सत्ति** कृतसर्वसावद्यप्रत्याख्यानस्य वर्जनाभिप्रायवतः साधोरित्यर्थः । तत्र जायमानाया निर्जराया जीवविराधना प्रतिबन्धिका न भवति, जीवघातपरिणामजन्यत्वाभावेन वर्जनाभिप्रायोपाध्यपेक्षया दुर्बलत्वाद् । एतेन—'जीवविराधनापि यदि

ગયો હોવા છતાં, જો તેની વિરાધના કરનારી પ્રવૃત્તિ કરવામાં આવે તો તે જીવો અંગેનો વિરતિપરિણામ ઊભો રહી શકતો ન હોવાથી સર્વવિરતિપરિણામનો ઉચ્છેદ જ થઇ જાય. જાણુવા છતાં, તે જીવોની વિરાધના કરનારી પ્રવૃત્તિ કરવામાં પણુ જો વિરતિ પરિણામ ટકી શકતો હોય તો તો દેશવિરતિગુણુઠાણાનો જ ઉચ્છેદ થઈ જશે. કારણુકે પૃથ્વીકાય વગેરે જીવોનો આરંભ કરનારી પ્રવૃત્તિ કરવા છતાં સર્વવિરતિપરિણામ શ્રાવકમાં પણુ ટકી શકે છે. આવી આપત્તિ ન આવે એ માટે માનવું પડે છે કે જેમાં વર્જના-અભિપ્રાયરૂપ ઉપાધિ ભળી હોય તેવી જીવવિરાધના વગેરે સંયમપરિણામને ટકાવી રાખવામાં હેતુ બને છે. શ્રાવકને પૃથ્વીકાયવગેરે જીવોની હિંસાને વર્જવાનો અભિપ્રાય ન હોવાથી સંયમ પરિણામ ટકી શકતો નથી. સાધુઓમાં નદી ઉતરતી વખતે પણુ આ પરિણામ હોય તો છે જ. હવે જો એ વખતે પાણીના જીવોની જાણુકારી પણુ હોય તો તો તેની વિરાધનાને વર્જવાનો પરિણામ આગળ આવી નદી ઉતરવા જ ન દે. તેમ છતાં સાધુ જો નદી ઉતરે તો એ વર્જનાપરિણામ ઊભો ન રહે અને તેથી સંયમપરિણામ પણુ હણાઈ જાય. પણ સાધુ નદી પણુ ઉતરે છે અને સંયમપરિણામ પણુ જળવાઇ રહે છે. તેથી માનવું પડે છે કે વર્જનાપરિણામ હોવા છતાં તેનું વર્જન અશક્ય હોઇ અશક્ય પરિહારરૂપે એ વિરાધના થાય છે. વળી અહીં જીવો છે એવું જો જ્ઞાન થઈ જાય તો તો જ્યાં જીવો ન હોય તેવા સ્થાનેથી જતાં તેને કોઇ રોકનાર ન હોવાથી વિરાધનાનો પરિહાર અશક્ય ન રહે તેથી માનવું પડે છે કે એ અશક્યપરિહાર પણુ જીવોના અનાભોગના કારણે હોય છે.

[ જીવઘાતાદિમાં વર્જનાભિપ્રાય ઉપાધિરૂપ–પૂ૦ ]

આ બધી વાતો પરથી ફલિત એ થાય છે કે જીવઘાતના વર્જનાભિપ્રાયવાળા અને જયણાપૂર્વક પ્રવર્ત્તતા એવા છદ્મસ્થસાધુઓથી અનાભોગજન્ય અશક્યપરિહાર રૂપે થતા જીવઘાત–મૃષાભાષણ વગેરે સંયમપરિણામ અખંડિત રહેવામાં હેતુ છે. જીવઘાતાદિમાં આ જે હેતુતા આવે છે તે વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિથી પ્રયુક્ત જ હોય છે. કેમકે જીવ-

१. या यतमानस्य भवेद्विराधना सूत्रविधिसमग्रस्य। सा भवति निर्जराफलाऽध्यात्मविशोधियुक्तस्य ॥

निर्जरां प्रति कारणं भवेत्, तर्हि तथाभूतापि विराधना तपःसंयमादिवद् भूयस्येव श्रेयस्करी, भूयोनिर्जराहेतुत्वाद्,'—इति पराशङ्कापि परास्ता, स्वरूपतः कारणभूतस्य तथा वक्तुं शक्यत्वात्, न चैवं जीवविराधना तथा, तस्याः संयमपरिणामापगमद्वारा स्वरूपतो निर्जरायाः प्रतिबन्धकत्वात्। प्रतिबन्धकं च यथायथाऽल्पमसमर्थं च तथातथा श्रेयः, तेन तस्याः कारणत्वं प्रतिबन्धकाभावत्वेन, प्रतिबन्धकाभावस्य च भूयस्त्वं प्रतिबन्धकानामल्पत्वेनैव स्याद्, अन्यथा तद्भावस्य कारणता न स्याद्" इत्यादिकूटकल्पनारसिकेणोच्यते,

---

વિરાધનામાં સંયમપરિણામના નાશના હેતુભૂત જે જીવઘાતપરિણામ જન્યત્વ રૂપ (જીવને મરવાના પરિણામથી ઉત્પન્ન થવારૂપ) પોતાનું સ્વરૂપ હોય છે તે વર્જનાભિપ્રાયથી દૂર થયું હોય છે. તાત્પર્ય આ છે કે—જે ધર્મવાળી બનીને જે વસ્તુ પોતાનું સ્વરૂપ છોડી દે છે તે ધર્મ તે વસ્તુમાં ઉપાધિ કહેવાય છે. (જેમકે અમુક સંસ્કાર કરાયેલું ઝેર પોતાનું મારકત્વસ્વરૂપ છોડી દે છે, તો એ સંસ્કાર ઝેરમાં ઉપાધિરૂપ બને છે) વર્જનાભિપ્રાય વિશિષ્ટ બનેલી જીવવિરાધના પોતાના જીવઘાતપરિણામજન્યત્વરૂપ સંયમનાશકત્વસ્વરૂપને છોડી દે છે. તેથી વર્જનાભિપ્રાય એમાં ઉપાધિરૂપ છે. આ વર્જનાભિપ્રાયના કારણે સંયમપરિણામ ટકી રહેતો હોવાથી કર્મનિર્જરા પણ ચાલુ રહે છે. વર્જનાભિપ્રાયજન્ય આ નિર્જરા પ્રત્યે જીવવિરાધના પ્રતિબંધક બનતી ન હોવાથી પ્રતિબંધકાભાવ તરીકે કારણ બને છે. **ઓઘનિર્યુક્તિ** (૭૫૯) માં કહ્યું છે કે "સૂત્રવિધિસમગ્ર, અધ્યાત્મવિશુદ્ધિયુક્ત અને જયણાપૂર્વક પ્રવર્ત્તતા સાધુથી જે વિરાધના થઈ જાય છે તે નિર્જરાત્મક ફળવાળી બને છે" અહીં સૂત્રવિધિસમગ્ર એટલે સર્વસાવદ્યયોગોના પચ્ચક્ખાણવાળા અને તેથી વર્જનાભિપ્રાયવાળા.

[ વર્જના૦ યુક્ત જીવવિરાધના પ્રતિબંધકાભાવરૂપે નિર્જરાનો હેતુ–પૂ૦ ]

આ વિરાધના નિર્જરાની પ્રતિબંધક બનતી નથી. કારણ કે તેનામાં જીવઘાતપરિણામજન્યત્વ ન હોવાના કારણે તે વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિની અપેક્ષાએ દુર્બળ હોય છે. આમ વિરાધનાને વર્જનાભિપ્રાયરૂપ ઉપાધિના કારણે નિર્જરાનું કારણ જે કહી તેનાથી આવી શંકાનું નિરાકરણ થઈ જાય છે કે 'જીવવિરાધના જો નિર્જરાપ્રત્યે કારણ બનતી હોય તો તેવી પણ વિરાધના તપ–સંયમવગેરેની જેમ વધુ ને વધુ કરવી એ જ વિપુલનિર્જરાના હેતુભૂત બનતી હોઇ હિતાવહ બની જશે.' આ શંકાનું નિરાકરણ એટલા માટે થઈ જાય છે કે જે વસ્તુ તપ વગેરેની જેમ સ્વરૂપે કારણ બનતી હોય તેને માટે જ એવું કહી શકાય છે. જીવવિરાધના કંઈ સ્વરૂપથી નિર્જરાનું કારણ નથી, કેમકે સ્વરૂપે તો એ સંયમપરિણામનો નાશ કરવા દ્વારા નિર્જરાની પ્રતિબંધક જ છે. અને નિર્જરાનો પ્રતિબંધક તો જેમ જેમ અલ્પ અને અસમર્થ હોય તેમ તેમ જ હિતાવહ બને છે, તેથી તે પ્રતિબંધકાભાવ તરીકે જ નિર્જરાનું કારણ બને છે. (કારણકે અભવામાં જ અલ્પત્વ અને અસામર્થ્યનો પ્રકર્ષ હોય છે.) અને પ્રતિબંધકાભાવની અધિકતા તો પ્રતિબંધકરૂપ વિરાધનાની ઓછાશમાં જ સંભવે છે, નહિતરતો પ્રતિબંધકનો અભાવ કારણ જ ન બને. માટે 'વિરાધના વધુ કરવી હિતાવહ બનશે'

तदसत्, निश्चयतः सर्वत्र संयमप्रत्ययनिर्जरायामध्यात्मशुद्धिरूपस्य भावस्यैव हेतुत्वात्, तदङ्गभूतव्यवहारेण चापवादपदादिप्रत्ययाया हिंसाया अपि निमित्तत्वे बाधकाभावात्, '[1]जे आसवा ते परिस्सवा' इत्यादिवचनप्रामाण्यात्। निमित्तकारणोत्कर्षापकर्षौ च न कार्योत्कर्षापकर्षप्रयोजकौ, इति न निर्जरोत्कर्षार्थं तादृशहिंसोत्कर्षाश्रयणापत्तिः। यच्च 'जा जयमाणस्स०' इत्यादिवचनपुरस्कारेण वर्जनाभिप्रायेणानाभोगजन्याऽशक्यपरिहारहिंसायाः प्रतिबन्धकाभावत्वेन कारणत्वाभिधानं तत्तु तद्वृत्त्यर्थानाभोगविजृम्भितं, तत्रापवादप्रत्ययाया एव हिंसाया व्याख्यानात्। तथा हि–'यतमानस्य सूत्रोक्तविधिसमग्रस्य सूत्रोक्तविधिपरिपालनपूर्णस्य अध्यात्मविशोधियुक्तस्य रागद्वेषाभ्यां रहितस्येति भावः, या भवेद्विराधनाऽपवादपदप्रत्यया सा भवति निर्ज्जराफला।

એવું કહી શકાતું નથી. નિષ્કર્ષ– નિર્જરા થવામાં જે મુખ્યભાગ ભજવે છે તે વર્જનાભિપ્રાય 'આભોગ'ની હાજરીમાં સંભવતો ન હોઈ સાધુની નદ્યુત્તારવગેરે ક્રિયામાં અનાભોગજન્ય અશક્યપરિહારરૂપે જ જીવવિરાધના માનવી જોઈએ. અને તેથી કેવળીઓને 'અનાભોગ' જ ન હોઇ દ્રવ્યહિંસા માનવી જ ન જોઇએ.

[ નિશ્ચયનયે વિરાધના નિર્જરાનો હેતુ જ નથી–ઉ. ]

**ઉત્તરપક્ષ :–** ખોટી ખોટી કલ્પનાઓના તરંગો રચવાના રસવાળા પૂર્વપક્ષીએ કહેલી આ વાતો જૂઠી જાણવી. કારણકે સંયમનિમિત્તે થતી બધી નિર્જરાઓ પ્રત્યે નિશ્ચયથી અધ્યાત્મશુદ્ધિરૂપ ભાવ જ હેતુ છે, જીવવિરાધના વગેરે નહિ. નિશ્ચયના અંગભૂત વ્યવહારનયે અપવાદપદાદિનિમિત્તક હિંસા પણ તેમાં નિમિત્ત બનવામાં કોઇ બાધક નથી. કારણકે "जे आसवा" 'જે આશ્રવો હોય છે તે પરિસ્રવ=સંવર બની જાય છે" ઇત્યાદિ પ્રમાણભૂત વચનથી એ વાત જણાય છે. આશય એ છે કે પૂર્વપક્ષીએ જીવવિરાધનાને જે પ્રતિબંધકાભાવ તરીકે નિર્જરાની કારણ કહી છે એવું નથી.

**પ્રશ્ન :–** જો એ પ્રતિબંધકાભાવ તરીકે કારણ નથી તો તપ વગેરેની જેમ વધુને વધુ કેમ ન કરવી જોઇએ ?

**ઉત્તર :–** નિમિત્તકારણના ઉત્કર્ષ–અપકર્ષ કંઇ કાર્યના ઉત્કર્ષ–અપકર્ષ (વત્તાઓછાપણા)માં પ્રયોજક નથી. દાંડા વધારે હોવામાત્રથી કંઈ ઘડા ઘણા (કે મોટા) બની જતા નથી. તેથી નિર્જરારૂપકાર્યના ઉત્કર્ષ માટે નિમિત્તકારણરૂપ હિંસા વિધારવાની આપત્તિ આવતી નથી. વળી 'जा जयमाणस...' ઈત્યાદિ વચનને આગળ કરીને 'અનાભોગજન્યઅશક્યપરિહારરૂપ હિંસા વર્જનાભિપ્રાયદ્વારા પ્રતિબંધકાભાવતરીકે નિર્જરાનું કારણ બને છે' ઇત્યાદિ જે કહ્યું તે તો તે સૂત્રવચનની વૃત્તિના અર્થના અજ્ઞાનનું જ ફળ છે, કારણકે તે વૃત્તિમાં આ નિર્જરાફલક વિરાધના તરીકે અપવાદપદભાવી વિરાધનાની જ વાત કરી છે. (અને અપવાદપદભાવી વિરાધનામાં તો અનાભોગજન્યત્વ કે વર્જનાભિપ્રાય હોતો નથી.) તે વૃત્તિ આ રીતે– "જયણાપૂર્વક પ્રવર્તતા, સૂત્રોક્તવિધિનું પરિપાલન કરવાથી પૂર્ણ (ખામી ન્યૂનતા વગરના) તેમજ અધ્યાત્મવિશોધિયુક્ત=રાગ–દ્વેષ રહિત એવા સાધુથી જે અપવાદપદનિમિત્તે વિરાધના થાય છે તે નિર્જરાફલક બને છે. તાત્પર્ય, કૃતયોગી, ગીતાર્થ અને કારણવશાત્ અપવાદને સેવતા એવા સાધુથી જે વિરાધના થાય છે તે સિદ્ધિફલક બને છે." આવું પિંડનિર્યુક્તિ (૭૬૦)ની વૃત્તિમાં કહ્યું છે.

१. ये आस्रवास्ते परिस्रवाः।

इदमुक्तं भवति–कृतयोगिनो गीतार्थस्य कारणवशेन यतनयाऽस्वादस्दमासेवमानस्य या विराधना सा सिद्धिफला भवति' इति **पिण्डनिर्युक्तिवृत्तौ**। न चेयमनाभोगजन्या वर्जनाभिप्रायवती वा, किन्तु ज्ञानपूर्वकत्वेन-र्जुसूत्रनयमतेन विलक्षणैव सती व्यवहारनयमतेन च विलक्षणकारणसहकृता सती बन्धहेतुरपि निर्जराहेतुः, घटकारणमिव दण्डो घटभङ्गाभिप्रायेण गृहीतो घटभङ्गे। अत एवेयमनुबन्धतो-ऽहिंसारूपा सत्यैदम्पर्यार्थापेक्षया 'न हिंस्यात् सर्वाणि भूतानि' इति निषेधार्थलेशमपि न स्पृशति, अविधिहिंसाया एवात्र निषेधाद्, विधिपूर्वकस्वरूपहिंसायास्तु सदनुष्ठानान्तर्भूतत्वेन परमार्थतो

---

**[ આપવાદિક વિરાધનામાં અનાભોગ કે વર્જનાભિપ્રાય હોતો નથી ઉ૦ ]**

અપવાદપદે થતી આ હિંસા અનાભોગજન્ય કે * વર્જનાભિપ્રાયવાળી હોતી નથી. કારણ કે અપવાદપદનો અર્થ જ એ કે 'એમાં હિંસા વગેરે થવાના છે' એ ખબર હોવા છતાં પુષ્ટ આલંબનને લઇને તેવી પ્રવૃત્તિ કરવાની હોય. માટે ત્યાં અનાભોગ કહેવાય નહિ. વળી 'આટલો અપવાદ સેવી લઉં તો જ્ઞાનાદિની સારી વૃદ્ધિ થશે' ઇત્યાદિ અભિપ્રાય હોવાથી તે આપવાદિક હિંસાને વર્જવાનો નહિ પણ સેવવાનો જ અભિપ્રાય હોય છે. માટે તો જંગલાદિના વિહાર વખતે, શૈક્ષ (નૂતનદીક્ષિત) વગેરે અગીતાર્થો અપવાદ-સેવનનો નિષેધ કરતા હોય તો પણ ગીતાર્થો તેમને તે વખતે અપવાદ સેવી લેવાની સલાહ આપે છે. માટે નક્કી થાય છે કે એ વિરાધના અનાભોગજન્ય કે વર્જનાભિપ્રાયવાળી હોતી નથી. અને તેથી તમારી પ્રક્રિયા જ જો સાચી હોય તો તો એ નિર્જરાનું કારણ ન બનતાં પ્રતિબંધક જ બની જાય.

---

* આશય એ છે કે, નદી ઉતરીને અન્ય દેશ વગેરેમાં વિહાર કરવાનો હોય છે ત્યારે એ નદી ઉતરતી વખતે જે જીવોની જે વિરાધના થવાની હોય છે તે વિરાધનાને વર્જવાનો સીધો અભિપ્રાય તો હોતો નથી, નહિતર તો નદી ઉતરવાનું જ માંડી વાળે. 'મારા જ્ઞાન–સંયમ વગેરેની વૃદ્ધિ–રક્ષણ થશે' એવો અભિપ્રાય હોવાથી સાધુને નદી ઉતરવાની, આધાકર્મસેવનની વગેરે વિરાધના કરવાનો પણ અભિપ્રાય થઈ જ જાય છે. (અગીતાર્થાદિને ન થાય તો તેવા દેશકાળાદિમાં ગીતાર્થો તેવો અભિપ્રાય ઊભો કરાવે છે.)

નદી ઉતરવાની ક્રિયામાં 'एगं पायं जले किच्चा.' ઈત્યાદિ વિધિનું પરિપૂર્ણ પાલન વગેરે કરીને જયણા વગેરેને સાધુ જે જાળવે છે તેનાથી ઘણા જીવોની રક્ષા થાય છે. એટલે તેઓની વિરાધનાને વર્જવાનો અભિપ્રાય તો સ્પષ્ટ છે જ. પણ સંપૂર્ણ વિધિપાલન વગેરે હોવા છતાં જે જીવોની વિરાધના અટકી શકતી નથી. તેઓની વિરાધનાને વર્જવાનો અભિપ્રાય હોતો નથી. (કેમ કે એ હોય તો નદી ઉતરવાનું જ માંડી વાળવું પડે.)

**પ્રશ્ન** : સાધુ નદી ઉતરવાની પણ આ જે ક્રિયા કરે છે તે સંયમાદિના પાલન–વૃદ્ધિ વગેરે માટે જ. આ સંયમાદિથી તો આખરે એ વિરાધાતા જીવોની વિરાધના અટકવાનો પણ એનો અભિપ્રાય હોય જ છે. તો તમે કેમ એમ કહો છો કે તેઓની વિરાધનાનો વર્જનાભિપ્રાય હોતો નથી.

**ઉત્તર** : તમારી વાત સાચી છે. પરિણામતઃ (પરંપરાએ–તાત્ત્વિક દૃષ્ટિએ–નિશ્ચયથી) તો તેઓની વિરાધનાનો પણ વર્જનાભિપ્રાય હોય જ છે, કારણ કે સર્વવિરતિપરિણામ હોય છે. પણ અહીં ગ્રન્થકારે વર્જનાભિપ્રાયનો જે નિષેધ કર્યો છે તે ઉપરોક્ત સ્થૂલ–વ્યાવહારિક વર્જનાભિપ્રાયનો છે. આને સમજવા પ્રસ્તુત અધિકારને વિચારીએ–

પ્રસ્તુતમાં 'जा जयमाणस्स' ઇત્યાદિ શાસ્ત્રવચનનો અધિકાર ચાલી રહ્યો છે. એમાં વિરાધનાને

मोक्षफलत्वात् । तदुक्तमुपदेशपदसूत्रवृत्त्योः 'अथ साक्षादेव कतिचित्सूत्राण्याश्रित्य पदार्थादीनि व्याख्याङ्गानि दर्शयन्नाह (८६५)-

हिंसिज्ज ण भूयाइं इत्थ पयत्थो पसिद्धगो चेव । मणमाइएहिं पीडं सव्वेसिं चेव ण करिज्जा ॥

**हिंस्याद्** व्यापादयेद् **न** नैव **भूतानि** पृथिव्यादीन् प्राणिनः **अत्र** सूत्रे **पदार्थः प्रसिद्धश्चैव** प्रख्यातरूप एव, तमेव दर्शयति **मनआदिभिर्मनो**वाक्कायैः **पीडां** बाधां **सर्वेषां चैव न कुर्याद्** न विदध्यादिति ॥

**[ બંધહેતુ નિર્જરાહેતુ શી રીતે બને? નયવિચારણા ]**

**પ્રશ્ન :–** તો પછી હવે તમે જ કહો કે બંધહેતુભૂત એવી પણ તે વિરાધના નિર્જરાનો હેતુ શી રીતે બની જાય છે?

**ઉત્તર :–** ઋજુસૂત્રનય તો આ હિંસાને તે જ્ઞાનપૂર્વક હોઇ અવિધિહિંસા કરતાં વિલક્ષણ જ (એક જુદી વસ્તુરૂપ જ) માને છે. અને તેથી અવિધિહિંસા કર્મબંધના હેતુભૂત હોવા છતાં આ વિધિહિંસા કર્મનિર્જરાનોહેતુ હોવામાં કોઈ પ્રશ્ન રહેતો નથી. વ્યવહારનયનો અભિપ્રાય એવો છે કે બંધહેતુભૂત એવી પણ એની એ જ હિંસા જ્યારે પુષ્ટઆલંબન–જયણા વગેરે રૂપ વિલક્ષણ સહકારી કારણોથી યુક્ત બને છે ત્યારે નિર્જરાનો હેતુ બની જાય છે. આ બંને નયોની માન્યતામાં દૃષ્ટાન્ત તરીકે દંડ સમજવો. ઋજુસૂત્રનયમતે ઘડો બનાવવાના અભિપ્રાયથી લેવાયેલા અને ઘડાના કારણભૂત એવા દંડ કરતાં ઘડાનો નાશ કરવાના અભિપ્રાયથી લેવાયેલો દંડ વિલક્ષણ હોય છે, અને તેથી એ ઘડાના નાશનો હેતુ બને છે. વ્યવહારનયમતે–ચક્ર–કુંભાર વગેરે સહકારી કારણોના સાંનિધ્યવાળો અને તેથી ઘડાની ઉત્પત્તિનું કારણ બનતો એવો પણ દંડ તોફાની છોકરો વગેરે રૂપ સહકારી કારણોના સાંનિધ્યમાં ઘડાના નાશનો હેતુ બની જાય છે. બે નયમાં મુખ્ય ભેદ આ પડયો કે વ્યવહારનય સહકારી ભેદે દંડનો ભેદ નથી માનતો, પણ, "દંડ તો એનો એ જ રહ્યો, પણ સહકારી બદલાયા એટલે એનાથી થનાર કાર્ય પણ બદલાઈ ગયું" એવું માને છે. જ્યારે ઋજુસૂત્રનય સહકારીભેદે દંડભેદ માને છે. એટલે કે સહકારી બદલાયા એટલે દંડ પણ બદલાઇ જ ગયો. અને તેથી એનાથી ઉત્પન્ન થનાર કાર્ય પણ બદલાયું. પ્રસ્તુતમાં જ્ઞાનાદિની વૃદ્ધિવગેરેનો અભિપ્રાય વગેરે રૂપ સહકારીભેદના કારણે વિરાધનાથી ઉત્પન્ન થનાર કાર્ય બદલાઈ જાય છે. તેથી જ, દંડ ઘટોત્પત્તિના બદલે ઘટનાશનો જેમ પ્રતિબંધકાભાવરૂપે નહિ, પણ સીધા કારણ તરીકે જ હેતુ બની જાય છે તેમ આ હિંસા પણ નિર્જરાનો સીધો જ હેતુ બની જાય છે,

નિર્જરાનું કારણ કહી છે. આમાં પૂર્વપક્ષીનું કહેવું એવું છે કે વિરાધના વર્જનાભિપ્રાયવાળી હોવાથી નિર્જરાનું કારણ બને છે. એટલે એના અભિપ્રાયે વર્જનાભિપ્રાય એ વિરાધનાનું વિશેષણ બન્યો અને વિરાધના એ વિશેષ્ય બની. આમાં વિશેષ્યબનનાર વિરાધના એ માત્ર વ્યાવહારિક દૃષ્ટિએ (સ્વરૂપે) જ વિરાધનારૂપ છે, નિશ્ચયદૃષ્ટિએ વિરાધનારૂપ નથી. (કેમકે નિશ્ચયદૃષ્ટિની વિરાધના તો નિર્જરાફલક હોય જ નહિ.) એટલે તેના વિશેષણ તરીકે જે વર્જનાભિપ્રાય લેવાનો હોય તે પણ વ્યાવહારિક દૃષ્ટિનો જ વર્જનાભિપ્રાય લેવો એ વધુ યોગ્ય ઠરે, તાત્ત્વિકદૃષ્ટિએ (પરંપરાએ) જે વર્જનાભિપ્રાય રૂપ હોય તે નહિ. અને આવો વ્યાવહારિકદૃષ્ટિનો વર્જનાભિપ્રાય તો ઉપર કહી ગયા એ મુજબ આપવાદિક વિરાધનામાં હોતો નથી જ. માટે ગ્રન્થકારે એનો નિષેધ કર્યો છે.

तथा, आरंभिपमत्ताण इत्तो चेइहरलोचकरणाई । तक्करणमेव अणुबंधओ तहा एस वक्कत्थो ॥ ८६६ ॥

**व्याख्या**–आरम्भः पृथिव्याद्युपमर्दः स विद्यते येषां ते **आरंभिणो** गृहस्थाः, प्रमाद्यन्ति निद्राविकथादिभिः प्रमादैः सर्वसावद्ययोगविरतावपि सत्यां ये ते **प्रमत्ता** यतिविशेषाः, आरंभिणश्च प्रमत्ताश्च आरम्भिप्रमत्तास्तेषां, **इतः** पदार्थात् **चैत्यगृहलोचकरणादि** चैत्यगृहमर्हतो भगवतो बिम्बाश्रयः, लोचकरणं च केशोत्पाटनरूपं, आदिशब्दात् तत्तदपवादपदाश्रयणेन तथा तथा प्रवचनदुष्टनिग्रहादिपरपीडाग्रहस्तेषां करणं, **तत्करणमेव** प्राग्निषिद्धहिंसादिकरणमेव प्राप्तम् । कुतः ? इत्याशङ्क्याह–**अनुबन्धतो**ऽनुगमात् **तथा** तत्प्रकारायाः परपीडाया इत्येष चालनारूपो **वाक्यार्थ** इत्यर्थः ॥

अविहिकरणंमि आणाविराहणादुट्ठमेव एएसिं । तो विहिणा जइअव्वंति महावक्कत्थरूवं तु ॥ ८६७ ॥

व्याख्या–**अविधिकरणे**ऽनीतिविधाने चैत्यगृहलोचादेरर्थस्य **आज्ञाविराधनाद्** भगवद्वचनविलोपनाद् **दुष्टमेव एतेषां** चैत्यगृहादीनां करणं, तत्र चेयमाज्ञा–

जिनभवनकारणविधिः शुद्धा भूमिर्दलं च काष्ठादि । भृतकानतिसन्धानं स्वाशयवृद्धिः समासेन ॥ षो० [६/३] लोचकर्मविधिस्तु—

---

**પ્રતિબંધકાભાવ તરીકે નહિ. આમ પરિણામે નિર્જરાહેતુ બની જતી હોવાથી જ એ અનુબંધથી અહિંસારૂપ હોય છે. અને તેથી ઐદંપર્યાર્થની અપેક્ષાએ તો એ 'न हिंस्यात्...' 'કોઈપણ જીવને મારવો નહિ' ઈત્યાદિમાં કરેલા નિષેધનો અંશતઃ પણ વિષય બનતી નથી, કેમકે તેમાં તો અવિધિહિંસાનો જ નિષેધ છે, વિધિપૂર્વક થતી સ્વરૂપહિંસા તો સદ્ અનુષ્ઠાનોમાં અંતર્ભૂત હોઈ પરમાર્થથી મોક્ષફલક હોય છે. (માટે તેનો નિષેધ હોય ન શકે.) ઉપદેશપદસૂત્ર ( ૮૬૫–૮૬૮ ) માં કહ્યું છે કે—**

**[ ઐદંપર્ય અંગે ઉપદેશપદગત પ્રરૂપણા ]**

હવે સાક્ષાત્ જ કેટલાક સૂત્રોને આશ્રીને પદાર્થ વગેરે વ્યાખ્યાના અંગોને દેખાડતાં ગ્રન્થકાર (ઉપદેશપદકાર) કહે છે–'પૃથ્વીકાયાદિ જીવોને હણવા નહિ' એ સૂત્રમાં પદાર્થ પ્રસિદ્ધ જ છે. તેને જ જણાવે છે–મન વગેરે(વગેરે એટલે વચન અને કાયા)થી બધા જીવોને બાધા પહોંચાડવી નહિ. તથા (હવે વ્યાખ્યાના ચાલનારૂપ અંગને જણાવે છે–) પૃથ્વીકાયવગેરે જીવોનો ઘાત કરે તે આરંભી=ગૃહસ્થો. સર્વસાવદ્યયોગની વિરતિ હોવા છતાં નિદ્રા–વિકથા વગેરે પ્રમાદોથી જે પ્રમત્ત બને તે પ્રમત્તસંયત... ગૃહસ્થો જે ભગવાનનું જિનમંદિર બંધાવે છે તે, પ્રમત્તસંયતોનો જે લોચ કરવામાં આવે છે (વાળ ઉખેડવામાં આવે છે) તે તેમજ (આદિ શબ્દથી) અપવાદપદે પ્રવચનદુષ્ટવ્યક્તિઓનો નિગ્રહ વગેરે રૂપ જે પરપીડા કરવામાં આવે છે તે, આ બધામાં તો 'કોઈપણ જીવોને પીડા કરવી નહિ' ઈત્યાદિ આ પદાર્થથી જેનો નિષેધ કર્યો છે તે પરપીડાને જ કરવા રૂપ બની જશે, કારણ કે એ દરેકમાં તેવી પરપીડા સંકળાયેલી છે. એટલે જિનમંદિર–લોચ વગેરે કરવા એ નિષિદ્ધના સેવનરૂપ બની જવાની આપત્તિ આવી. આ ચાલના રૂપ વાક્યાર્થ કહ્યો. [હવે વ્યાખ્યાનું અન્ય અંગ પ્રત્યવસ્થાન (ચાલનામાં કરેલી શંકાનું સમાધાન) દેખાડે છે–] ચૈત્યગૃહ–લોચ વગેરે અવિધિથી કરવામાં જિનાજ્ઞાનો લોપ થતો હોવાથી તે રીતે જિનમંદિર વગેરે કરવા એ દુષ્ટ જ છે. તેથી જિનોપદેશ રૂપ (શ્રી જિનેશ્વરદેવે દર્શાવેલ) વિધિપૂર્વક પ્રવર્તવું. આ પ્રત્યવસ્થાન રૂપ મહાવાક્યાર્થ કહ્યો. ચૈત્યગૃહાદિ બાબતમાં જિનાજ્ઞા આવી છે–શુદ્ધ ભૂમિ, કાષ્ઠ વગેરે દલ, નોકરો પાસે કામ ઘણું ન ખેંચાવવું, પોતાના શુભઆશયની વૃદ્ધિ કરતા રહેવું આ દેરાસર બંધાવવાની સંક્ષેપથી વિધિ જાણવી. લોચક્રિયાની વિધિ–જિનકલ્પીઓને ધ્રુવ લોચ હોય, સ્થવિરોને ચોમાસમાં હોય, તરુણસાધુઓને ચાર મહિને અને વૃદ્ધોને છ મહિને લોચ હોય. આ મહાવાક્યાર્થનો જ પછીની ગાથાના પૂર્વાર્ધથી ઉપસંહાર કરતા ઉપદેશપદકાર ઐદંપર્યને

[1]धुवलोओ अ जिणाणं वासावासेसु होइ थेराणं । तरुणाणं चउमासे वुड्ढाणं होइ छम्मासे ॥
इत्यादि, तत्तस्माद् **विधिना** जिनोपदेशेन **यतितव्यं**–इत्येवं **महावाक्यार्थस्य** प्राक्चालितप्रत्यवस्थानरूपस्य **रूपं** तु स्वभावः पुनः ॥ महावाक्यार्थमेव गाथापूर्वार्धेनोपसंहरन्नैदम्पर्यमाह—

एवं एसा अणुबंधभावओ तत्तओ कया होइ । अइदंपज्जं एवं आणा धम्ममिम सारो त्ति ॥८६८॥
**एवं** विधिना यत्ने क्रियमाणे ***एषाऽहिंसा अनुबन्धभावत** उत्तरोत्तरानुबन्धभावान्मोक्षप्राप्तिपर्यवसानानुगमात् **तत्त्वतः** परमार्थतः कृता भवति, मोक्षमसम्पाद्य जिनाज्ञाया उपरमाभावादिति **ऐदम्पर्यमे**तदत्र **यदुताज्ञा धर्मे सारः । इति** परिसमाप्ताविति ॥

**प्रतिबन्धकाभावत्वेनोक्तहिंसाया निर्जराहेतुत्वे चाभ्युपगम्यमाने, केवलायास्तस्याः प्रतिबन्धकत्वाभावाज्जीवघातपरिणामविशिष्टत्वेन प्रतिबन्धकत्वे, विशेषणाभावप्रयुक्तस्य विशिष्टाभावस्य**

---

જણાવે છે–આમ જિનગૃહાદિ અંગે જિનોક્ત વિધિ મુજબ પ્રયત્ન કરવામાં આવે તો અનુબંધભાવ ઊભો થવાના કારણે 'हिंसिज्ज ण भूयाइं.' ઈત્યાદિ વચનથી જે *અહિંસા (હિંસાત્યાગ) જણાવી છે તે પરમાર્થથી સંપન્ન થાય છે. આશય એ છે કે જિનોક્તવિધિ મુજબ જિનગૃહાદિ કરવામાં આવે તો મોક્ષપ્રાપ્તિ રૂપ અંતિમફળ સુધી અહિંસાની પરંપરા ચાલે છે. એટલે સ્વરૂપે હિંસારૂપ હોવા છતાં તાત્ત્વિક દૃષ્ટિએ અનુબંધભાવથી એ અહિંસારૂપ જ બની રહે છે. મોક્ષપ્રાપ્તિ સુધી એની પરંપરા ચાલે છે એવું એટલા માટે કહ્યું કે (જીવ જો જિનાજ્ઞાને છોડે નહિ તો) જિનાજ્ઞા મોક્ષપ્રાપ્તિ કરાવ્યા વગર અધવચ્ચે અટકી જતી નથી (એટલે કે એ મોક્ષપ્રાપ્તિ કરાવે જ છે.) આ બાબતમાં ઐદંપર્ય આ છે કે આજ્ઞા એ ધર્મમાં સાર રૂપ છે એટલે કે કોઈપણ અનુષ્ઠાન ધર્મરૂપ બને છે કે નહિ તેમાં સ્વરૂપતઃ હિંસા કે અહિંસા, સ્વરૂપતઃ સત્ય કે અસત્ય વગેરે મુખ્ય ભાગ ભજવતા નથી પણ આજ્ઞા કે આજ્ઞાનો અભાવ એ જ મુખ્યભાગ ભજવે છે. 'ઈતિ' શબ્દ અધિકારની સમાપ્તિ જણાવવા માટે વપરાયો છે." (ઉપદેશપદનો ઉદ્ધૃત અધિકાર પૂર્ણ થયો.)

**[ જીવઘાતપરિણામને નિર્જરાહેતુ માનવાની આપત્તિ ]**

વળી ઉક્ત જીવઘાતપરિણામશૂન્ય હિંસાને પ્રતિબંધકાભાવ તરીકે નિર્જરાનો હેતુ માનવામાં દેવાનાંપ્રિય (મૂર્ખ) એવા તમારે જીવઘાતપરિણામને પણ નિર્જરાનો હેતુ માનવાની આપત્તિ આવશે. તે આ રીતે–જીવઘાતપરિણામરૂપ વિશેષણ વગરની માત્ર વિશેષ્યરૂપ હિંસાને તમે પ્રતિબંધક તરીકે નથી માનતા. એનો ફલિતાર્થ એ થયો કે

---

૧. ध्रुवलोचश्च जिनानां वर्षावासेषु भवति स्थविराणाम् । तरुणानां चातुर्मास्यां वृद्धानां भवति षण्मास्याम् ॥

* "एषा='हिंसिज्ज ण भूयाइं...' इत्यादिवचनोक्ताऽहिंसा" इत्यर्थः ।

* ધર્મપરીક્ષાની પૂર્વમુદ્રિત પ્રતમાં અને ઉપદેશપદની પ્રતમાં અવગ્રહ (अकार) ના પ્રશ્લેષ વિના 'एषा हिंसा' એમ છપાયું છે. પણ ઉપદેશપદમાં જ આ પદાર્થ, વાક્યાર્થ વગેરેને સમજાવવા માટે બીજો 'चइज्ज गंथ'' નો જે અધિકાર છે તેમાં વૃત્તિકારે જે વ્યાખ્યા કરી છે કે "एतद्=ग्रन्थत्यजन' 'चएज्ज ग्रंथ'' इति वचनोक्त**मेवमा**ज्ञानुसरणेनाधिकरणत्यागतोऽसंयमपरित्यागाद् **भावतः** परमार्थेन **कृतं** भवति ।' તેના પરથી લાગે છે કે અહીં પણ "एषा='हिंसिज्ज ण०' ઈત્યાદિ વચનોક્ત હિંસાત્યાગ (અહિંસા)" અર્થ હોવો જોઈએ. એટલે કે 'एषाऽहिंसा' પાઠ યોગ્ય છે.

એમ ધર્મપરીક્ષાની પૂર્વમુદ્રિતપ્રતમાં અને ઉપદેશપદની મુદ્રિત પ્રતમાં 'मोक्षसंपाद्यजिनाज्ञायाः' એ રીતે છપાયું છે અને તેથી ઉપદેશપદના ભાષાંતરમાં પણ એ રીતે અર્થ કરવાનો પ્રયાસ કરાયો છે. પણ ધર્મપરીક્ષાની સંવેગી ઉપાશ્રયની હસ્તલિખિત પ્રતમાં 'मोक्षमसंपाद्य जिनाज्ञायाः' એવો પાઠ છે. આ રીતે પાઠ રાખવાથી પ્રાપ્ત થતો અર્થ સુયોગ્ય લાગે છે. એટલે આ પુસ્તકમાં એ પાઠ રાખ્યો છે.

शुद्धविशेष्यस्वरूपत्वे, विशेष्याभावप्रयुक्तस्य तस्य शुद्धविशेषणरूपस्यापि संभवाज्जीवघातपरिणामोऽपि देवानांप्रियस्य निर्जराहेतुः प्रसज्येत, इत्यहो ! काचनापूर्वेयं तर्कागमचातुरी । **वर्जनाभिप्रायेण** जीवघातपरिणामजन्यत्वलक्षणं स्वरूपमेव विराधनायास्त्याज्यतेऽतो नेयमसती प्रतिबन्धिका इति **चेत्** ? किमेतद्विराधनापदप्रवृत्तिनिमित्तमुत विशेषणं विराधनापदार्थस्य ? आद्ये 'पदप्रवृत्तिनिमित्तं नास्ति, पदार्थश्च प्रतिपाद्यते' इत्ययमुन्मत्तप्रलापः । अन्त्ये च विशिष्टप्रतिबन्धकत्वपर्यवसाने उक्तदोषतादवस्थ्यं, इति मुग्धशिष्यप्रतारणमात्रमेतत् । **न च** 'यद्धर्मविशिष्टं यद्वस्तु निजस्वरूपं जहाति स धर्मस्तत्रोपाधिः' इति नियमाद् 'वर्जनाभिप्रायविशिष्टा हि जीवविराधना जीवघातपरिणामजन्यत्वं संयमनाशहेतुं परित्यजति' इति भावार्थपर्यालोचनाद-

---

તેવા વિશેષણવિશિષ્ટ વિરાધના એ પ્રતિબંધક છે. વળી સામાન્યથી કોઇપણ કાર્યપ્રત્યે પ્રતિબંધકનો અભાવ કારણ હોય છે. તેથી નિર્જરારૂપ કાર્ય પ્રત્યે પણ તેવી વિશિષ્ટ-વિરાધનારૂપ પ્રતિબંધકનો અભાવ એ કારણ છે. જ્યાં વર્જનાભિપ્રાયથી જીવઘાતપરિણામ દૂર કરાયો છે ત્યાં હિંસા હોવા છતાં જીવઘાતપરિણામરૂપ વિશેષણ ન હોવાથી વિશેષણ વિશિષ્ટ હિંસા રૂપ પ્રતિબંધકનો અભાવ હાજર રહે છે અને તેથી નિર્જરારૂપ કાર્ય થાય છે. આમાં તે અભાવ કારણ બને છે પણ તમે તે કારણ તરીકે માત્ર વિશેષ્યરૂપ 'હિંસા'નો જ ઉલ્લેખ કરી દો છો.તેથી ફલિત એ થાય છે કે જીવઘાતપરિણામરૂપ વિશેષણનો અભાવ હોવાના કારણે (હિંસારૂપ વિશેષ્યની હાજરીમાં પણ) ઉભો થયેલ વિશિષ્ટ હિંસારૂપ પ્રતિબંધકનો અભાવ (કે જે કારણભૂત છે તે) કેવલહિંસાત્મક શુદ્ધ (માત્ર) વિશેષ્યસ્વરૂપ છે. આમ વિશેષણના અભાવના કારણે ઊભો થયેલો વિશિષ્ટનો અભાવ જો શુદ્ધ (વિશેષણ શૂન્ય) વિશેષ્યરૂપ બની જતો હોય તો એ રીતે વિશેષ્યના અભાવના કારણે ઉભો થએલ વિશિષ્ટનો અભાવ શુદ્ધ વિશેષણસ્વરૂપ બની જવો પણ સંભવે છે. વળી વિશિષ્ટનો અભાવ કારણ તો છે જ. તેથી તત્સ્વરૂપ શુદ્ધ વિશેષણને પણ કારણ માનવું પડશે. અર્થાત્ શિકારી વગેરે જીવો જ્યારે હિંસા કરતા ન હોય ત્યારે તેઓમાં રહેલ કેવલ વિશેષણસ્વરૂપ જીવઘાતપરિણામ કર્મનિર્જરાનો હેતુ બની જશે. આમ આવી આપત્તિ આવી પડતી હોવા છતાં તમે શુદ્ધહિંસાને પ્રતિબંધકાભાવ તરીકે જે નિર્જરાહેતુ માનો છો એ ખરેખર ! તમારું તર્ક અને આગમ લગાડવાનું કોઇ અપૂર્વ ચાતુર્ય જ છે.

[ વિરાધનાનું હિંસાપરિણામજન્યત્વ વર્જનાથી દૂર થાય-પૂ. ]

**પૂર્વપક્ષ :–** વિરાધનાનું જીવઘાતપરિણામ એ વિશેષણ છે જે વર્જનાભિપ્રાયથી દૂર કરાય છે ઈત્યાદિ અમે કહેતાં જ નથી. અમે તો એમ કહીએ છીએ કે જીવઘાતપરિણામજન્યત્વ એ વિરાધનાનું સ્વરૂપ છે જે વર્જનાભિપ્રાયથી દૂર કરાય છે. તેથી વર્જનાભિપ્રાયની હાજરીમાં તે સ્વરૂપ ઊભું ન રહેવાથી હિંસા પણ ઊભી રહેતી જ નથી (કારણ કે સ્વરૂપના અભાવમાં સ્વરૂપવાન્ નો પણ અભાવ થઇ જ જાય.) તેથી અસત્ (અવિદ્યમાન) એવી તે નિર્જરાની પ્રતિબંધક શી રીતે બને ? અર્થાત્ ન જ બને, તેથી અમે તેને પ્રતિબંધકાભાવ તરીકે કારણ કહીએ છીએ.

नुपहितविराधनात्वेन प्रतिबन्धकत्वं लभ्यते, इत्युपहितायास्तस्याः प्रतिबन्धकाभावत्वं स्वरूपेणाक्षतं इत्यपि युक्तं, प्रकृतविराधनाव्यक्तौ जीवघातपरिणामजन्यत्वस्यासत्त्वेन त्याजयितुमशक्यत्वाद् । अत एव तत्प्रकारकप्रमितिप्रतिबन्धरूपस्यापि तद्धानस्यानुपपत्तेः । अथ–वर्जनाभिप्रायाभावविशिष्टविराधनात्वेन प्रतिबन्धकत्वे न कोऽपि दोषः, प्रत्युत वर्जनाभिप्रायस्य पृथक्कारणत्वाऽ-

[ હિંસાપરિણામજન્યત્વને વિરાધનાનું સ્વરૂપ કહેવું એ મુગ્ધપ્રતારણ-ઉ. ]

**ઉત્તરપક્ષ :–** જીવઘાતપરિણામજન્યત્વ એ 'વિરાધના' પદનું પ્રવૃત્તિનિમિત્ત (એ શબ્દનો ઉચ્ચાર થવામાં બનતું નિમિત્તકારણ) છે કે હિંસારૂપ વિરાધના પદાર્થનું વિશેષણ છે? પ્રવૃત્તિનિમિત્ત માની શકાતું નથી. કારણ કે તાદૃશજન્યત્વશૂન્યહિંસામાં તેવું પદ પ્રવૃત્તિનિમિત્ત નથી અને છતાં 'વિરાધના' તરીકે તેનો જે ઉલ્લેખ કરો છો તે ઉન્મત્તના પ્રલાપ જેવો બની જવાની આપત્તિ આવે. એને વિશેષણ પણ માની શકાતું નથી, કારણ કે વિશેષણવિશિષ્ટવિશેષ્ય એ પ્રતિબંધક તરીકે ફલિત થવાથી ઉપર આપેલ દોષ એમનો એમ ઊભો જ રહે છે. માટે 'જીવઘાતપરિણામજન્યત્વ એ વિરાધનાનું સ્વરૂપ છે' ઇત્યાદિ વાતો કરવી એ મુગ્ધશિષ્યોને માત્ર ઠગવાની જ વાતો છે.

**પૂર્વપક્ષ :–** 'જે ધર્મવિશિષ્ટ થયેલી જે વસ્તુ પોતાના સ્વરૂપને છોડી દે છે તે ધર્મ તેમાં ઉપાધિ કહેવાય છે' આ નિયમને અનુસારે વિચારતાં તેમજ 'વર્જનાભિપ્રાયવિશિષ્ટ એવી જીવવિરાધના પોતાના જીવઘાતપરિણામજન્યત્વરૂપ સંયમનાશકતા સ્વરૂપને છોડી દે છે' એ હકીકતને વિચારતાં જણાય છે કે વર્જનાભિપ્રાયથી અનુપહિત (વર્જનાભિપ્રાયના સાંન્નિધ્ય વગરની) વિરાધના તરીકે જ વિરાધના એ નિર્જરાપ્રતિબંધક છે. તેથી વર્જનાભિપ્રાયથી ઉપહિત વિરાધનામાં સ્વરૂપે જ પ્રતિબંધકાભાવત્વ અબાધિતપણે જળવાઈ રહે છે. અર્થાત્ જીવઘાતપરિણામથી વિશિષ્ટ હોવા રૂપે એ પ્રતિબંધક જ નથી તો તમે કહેલ આપત્તિ શી રીતે આવે?

**ઉત્તરપક્ષ :–** પ્રસ્તુત વિરાધના 'આ જીવને હણું' ઇત્યાદિ અભિપ્રાયથી થઇ ન હોવાથી તેમાં પહેલેથી જીવઘાતપરિણામજન્યત્વ જ હોતું નથી તો વર્જનાભિપ્રાયથી તે દૂર કરવું પણ અશક્ય જ રહે છે.

**પૂર્વપક્ષ :–** તમારી વાત સાચી છે. તેમ છતાં, વિરાધના વિશે સામાન્યથી જે 'આ જીવઘાતપરિણામજન્ય છે' એવી જીવઘાતપરિણામજન્યત્વપ્રકારક પ્રમા થતી હોય છે તે પ્રમાનો પ્રતિબંધ કરવારૂપ જે વિરાધનાના સ્વરૂપનો ત્યાગ તે તો વર્જનાભિપ્રાયથી થવો અશક્ય રહેતો નથી ને?

**ઉત્તરપક્ષ :–** હા, એ પણ અશક્ય જ રહે છે, કારણ કે આ વિરાધના જીવઘાતપરિણામજન્ય ન હોઈ તેને વિશે તેવી પ્રમા(યથાર્થજ્ઞાન) જ મૂળમાં સંભવતી ન હોઈ તેનો પ્રતિબંધ પણ શી રીતે થાય?

**પૂર્વપક્ષ :–**વર્જનાભિપ્રાયના અભાવવિશિષ્ટવિરાધના તરીકે જ વિરાધનાને પ્રતિબંધક માનવામાં ઉપરનો કોઇ દોષ રહેતો નથી. ઉપરથી વર્જનાભિપ્રાયને નિર્જરાનું પૃથક્ કારણ માનવું ન પડવાથી લાઘવ થવા રૂપ ગુણ જ થાય છે.

कल्पनाल्लाघवमेव—इति चेत् ? न, वर्जनाभिप्रायमात्रस्याज्ञाबाह्यानुष्ठानेऽपि सत्त्वान्नोत्तेजकत्वं, इत्याज्ञाशुद्धभावस्येहोत्तेजकत्वं वाच्यं, स च विशिष्टनिर्जरामात्रे स्वतन्त्रकारणं, इति न तत्रास्ये-(तस्ये)होत्तेजकत्वं युज्यते, अन्यथा दण्डाभावविशिष्टचक्रत्वादिनापि घटादौ प्रतिबन्धकता कल्पनीया स्याद्, इति न किञ्चिदेतत् । तस्मादाज्ञाशुद्धभाव एव सर्वत्र संयमरक्षाहेतुर्न त्वनाभोगमात्रम् , इति नद्युत्तारेऽपि यतीनां तत एवादुष्टत्वं, न तु जलजीवानाभोगादिति स्थितम् । ॥५३॥ अथ तत्र जलजीवानाभोगे व्यक्तं दूषणमाह—

[ સર્વત્ર વિશિષ્ટ નિર્જરા પ્રત્યે આજ્ઞાશુદ્ધભાવ એ સ્વતંત્ર કારણ]

**ઉત્તરપક્ષ** :–જેમ સૂર્યકાન્તમણિના અભાવવિશિષ્ટ ચંદ્રકાન્તમણિનો અભાવ એ દાહ પ્રત્યે પ્રતિબંધક છે તો સૂર્યકાન્તમણિ દાહ પ્રત્યે ઉત્તેજક બને છે, તેમ તમારા કહ્યા મુજબ પ્રતિબંધકતા માનવામાં ફલિત એમ થશે કે વર્જનાભિપ્રાય એ નિર્જરાપ્રત્યે ઉત્તેજક છે. પણ વર્જનાભિપ્રાય માત્ર એ ઉત્તેજક બનવો સંભવતો નથી, કેમકે એ તો આજ્ઞા-બાહ્યઅનુષ્ઠાનમાં પણ હોય છે જેનાથી નિર્જરારૂપ કાર્ય થતું નથી. અર્થાત્ કોઇ અગીતાર્થાદિ જીવઘાત વર્જવા માટે સ્વબુદ્ધિમુજબ જે આજ્ઞાબાહ્યઅનુષ્ઠાન કરે અને પરિણામે વિરાધના થાય તો એ વિરાધનામાં વર્જનાભિપ્રાય હોવા છતાં નિર્જરા તો થતી નથી. માટે વર્જનાભિપ્રાય ઉત્તેજક નથી. માટે જો ઉત્તેજક માનવો હોય તો આજ્ઞાશુદ્ધ ભાવને જ માની શકાય છે જે અગીતાર્થના ઉક્તઅનુષ્ઠાનમાં હાજર ન હોવાથી નિર્જરા થઇ નહિ. પણ એને પણ ઉત્તેજક માનવો એ યોગ્ય નથી, કેમકે એ તો વિરાધનાથી કે તપ વગેરેથી જે કોઈ વિશિષ્ટનિર્જરા થાય છે તે બધી પ્રત્યે સ્વતંત્ર કારણ છે, (કારણકે આજ્ઞાશુદ્ધભાવશૂન્ય એવા પણ તપ વગેરે કંઈ નિર્જરા પ્રત્યે પ્રતિબંધક નથી કે જેથી આજ્ઞાશુદ્ધભાવને ઉત્તેજક માની શકાય. વસ્તુસ્થિતિ તો એટલી જ છે કે માત્ર તપ વગેરેથી સામાન્ય નિર્જરા થાય છે જ્યારે આજ્ઞાશુદ્ધભાવનું સંનિધાન હોય તો વિશિષ્ટ નિર્જરા થાય છે. તેથી ફલિત થાય છે કે આજ્ઞાશુદ્ધભાવ એ વિશિષ્ટ નિર્જરાનું સ્વતંત્ર કારણ છે) તેથી વિરાધનાજન્યનિર્જરાસ્થળે પણ તે સ્વતંત્રકારણ તરીકે જ વર્તતો હોઇ તેને ઉત્તેજક માનવો એ યોગ્ય નથી. નહિતર તો (સ્વતંત્ર કારણને પણ આ રીતે ઉત્તેજક માની શકાતો હોય તો) ઘડા પ્રત્યે સ્વતંત્રકારણભૂત એવા દંડ વગેરેને ઉત્તેજક માનવા માટે દંડાભાવવિશિષ્ટચક્ર તરીકે ચક્રવગેરેને પણ ઘડાના પ્રતિબંધક માનવાની આપત્તિ આવે. માટે વર્જનાભિપ્રાયને ઉત્તેજક માનવાની અને તેના અભાવવિશિષ્ટવિરાધનાને પ્રતિબંધક માનવાની વાતો તુચ્છ છે, તેથી * આજ્ઞાશુદ્ધભાવ જ સર્વત્ર વિશિષ્ટનિર્જરાનો

* 'न चेयमनाभोगजन्या वर्जनाभिप्रायवती वा' એવા વચનપ્રયોગ દ્વારા ગ્રન્થકાર આગળ કહી ગયા કે પ્રસ્તુતમાં જે અપવાદપદ પ્રત્યયિકી વિરાધનાની વાત છે તે વર્જનાભિપ્રાયવાળી નથી. વળી અહીં કહ્યું કે 'આજ્ઞા શુદ્ધભાવ જ સર્વત્ર વિશિષ્ટનિર્જરા પ્રત્યે સ્વતંત્ર કારણ છે.' આના પરથી જણાય છે કે ગ્રન્થકારને 'વર્જનાભિપ્રાય' એ સ્વતંત્રકારણ તરીકે માન્ય નથી. વળી **દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** ગ્રન્થની દાનબત્રીશીના ૩૧ મા શ્લોકની સ્વોપજ્ઞવૃત્તિમાં 'तस्माद्वर्जनाभिप्रायस्यैव फलविशेषे निश्चयतो हेतुत्वम्' (એટલે કે, તથા વર્જનાભિપ્રાય જ વિશિષ્ટકર્મનિર્જરા વગેરે રૂપ ફળવિશેષ પ્રત્યે નિશ્ચયથી હેતુ છે.) આ પ્રમાણે ગ્રન્થકારે કહ્યું છે. એટલે ગ્રન્થકારના આ બે વિધાનોમાં પરસ્પર વિરોધ હોવો સ્પષ્ટપણે

**जलजीवाणाभोगा णइउत्तारंमि जइ ण तुह दोसो ।**
**पाणेवि तस्स ता सो मूलच्छेज्जो ण हुज्जाहि ॥ ५४ ॥**

( जलजीवानाभोगान्नद्युत्तारे यदि न तव दोषः । पानेऽपि तस्य तर्हि स मूलच्छेद्यो न भवेद् ॥५४॥ )

હેતુ છે (અને તેથી) સંયમરક્ષાનો હેતુ છે, અનાભોગમાત્ર નહિ. નદી ઉતરવામાં પણ સાધુઓ જે નિર્દોષ રહે છે તે પણ આજ્ઞાશુદ્ધભાવના કારણે જ, નહિ કે એમાં થતી વિરાધના જળજીવોના અનાભોગથી જન્ય અશક્યપરિહારરૂપ હોવાથી સંયમરક્ષાનો હેતુ બનતી હોવાના કારણે, એ વાત નિશ્ચિત થાય છે. ॥ ૫૩ ॥ હવે નદી ઉતરવામાં પાણીના જીવોનો અનાભોગ માનવામાં જે ચોક્ખો દોષ આવી પડે છે તે દેખાડતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :– નદી ઉતરવામાં, જળજીવોનો અનાભોગ હોવાથી દોષ લાગતો નથી એવું જો તમને માન્ય છે તો તમારા મતે તે પાણી પીવામાં પણ અનાભોગ હોવાના કારણે જ મૂલછેદ્ય દોષ લાગશે નહિ.**

ભાસે છે, કેમકે અહીંના અધિકારમાં તો વર્જનાભિપ્રાયનું નિર્જરાના વિશિષ્ટકારણ તરીકે ખંડન છે. પણ મહામહોપાધ્યાયજીના વચનોમાં પૂર્વાપરવિરોધ હોવો એ સંભવિત નથી. વળી બત્રીશીમાં ઉક્ત વાત કહ્યા પછી 'विरञ्चितं चेदमन्यत्र...' (આ વાતની અન્યત્ર વિસ્તારથી વિચારણા કરી છે) આ પ્રમાણે જે કહ્યું છે તેમાં अन्यत्र પદથી પ્રસ્તુત ધર્મપરીક્ષા ગ્રન્થના આ અધિકારનો જ નિર્દેશ હોય એમ લાગે છે. એટલે જો અહીંના આ અધિકારમાં બત્રીશીના એ અધિકારનું ખંડન હોય તો તો ત્યાં આ અધિકારનો અતિદેશ જ ન હોય. આના પરથી પણ જણાય છે કે ઉપલક દૃષ્ટિએ બે અધિકારોમાં વિરોધ હોવો સ્પષ્ટ ભાસતો હોવા છતાં વાસ્તવિક રીતે તે બેમાં વિરોધ છે નહિ. અને તો પછી એ બે વચનો વચ્ચે સમન્વય શોધવો જોઈએ. મને (આ ગ્રન્થના ભાવાનુવાદ કર્તાને) એ સમન્વય માટે આવા વિકલ્પો યોગ્ય લાગે છે.

(૧) બત્રીશીના એ અધિકારમાં 'तस्माद्वर्जनाभिप्रायस्यैव' એવા પદના સ્થાને 'तस्मादाज्ञाशुद्ध-मात्रस्यैव' એવું જ પદ હોય. જો કે આવું પદ ત્યાં હોય એવું માનવું એ ઘણું વધારે પડતું છે, કેમકે અમદાવાદમાં હાજા પટેલની પોળમાં સંવેગી ઉપાશ્રયમાં બત્રીશીની જે હસ્તલિખિત પ્રત છે (કે જેનું ગ્રન્થકારે સ્વયં સંશોધન કર્યું છે એમ કહેવાય છે) તેમાં પણ 'तस्माद्वर्जनाभिप्रायस्यैव' એવું જ પદ છે. વળી આ પદની નજીકના પૂર્વના વાક્યોમાં 'વર્જનાભિપ્રાયને સ્વતંત્ર કારણ માનવો નહિ પડે એવું લાઘવ છે' ઈત્યાદિ પૂર્વપક્ષીએ કહ્યું છે તેના પરથી તેમજ 'આજ્ઞાશુદ્ધભાવ'ની ત્યાં કોઈ વાત નથી તેના પરથી પણ લાગે છે કે ત્યાં ગ્રન્થકારનો વર્જનાભિપ્રાયને જ સ્વતંત્ર કારણ તરીકે કહેવાનો અભિપ્રાય છે. એટલે આ વિરોધનો સમન્વય સાધવા બીજો વિકલ્પ આવો સૂઝે છે કે

(૨) ધર્મપરીક્ષાના આ અધિકારમાં જે વર્જનાભિપ્રાયનો નિર્જરાના કારણ તરીકે નિષેધ છે તે વ્યવહારથી (બાહ્ય દૃષ્ટિએ સાક્ષાત્) જે વર્જનાભિપ્રાય છે એનો છે. આ વાતનું સમર્થન નીચેની બે બાબતોથી થાય છે.

(અ) અગીતાર્થાદિનું આજ્ઞાબાહ્ય અનુષ્ઠાન કે જે વિશિષ્ટનિર્જરા કરાવતું નથી તેમાં એનો 'આ આ વિરાધનાથી છૂટું'' એવો જે સ્થૂલ વર્જનાભિપ્રાય છે એ વાસ્તવિક (નૈશ્ચયિક–તાત્ત્વિક) વર્જનાભિપ્રાય રૂપ તો નથી જ. એટલે કે તેના એ અનુષ્ઠાનમાં તાત્ત્વિક વર્જનાભિપ્રાય રહ્યો નથી. તેમ છતાં જે વર્જનાભિપ્રાયનો પ્રસ્તુતમાં અધિકાર ચાલી રહ્યો છે (અને તેથી જેનો વિશિષ્ટ નિર્જરાના કારણ તરીકે નિષેધ કરવો છે) તે વર્જનાભિપ્રાય માટે તો ગ્રન્થકારે કહ્યું છે કે 'વર્જનાભિપ્રાય તો

जलजीवाणाभोगत्ति । नद्युत्तारे जलजीवानाभोगाद् यदि तव न दोषः, तर्हि तस्य जलस्य पानेऽपि स दोषो मूलच्छेद्यो मूलप्रायश्चित्तविशोध्यो न भवेत्, नहि नदीमुत्तरतो जलजीवानाभोगस्तत्पाने च तदाभोग इति त्वया वक्तुं शक्यते, तदनाभोगस्य त्वया केवलज्ञाननिवर्त्तनीयत्वाभ्युपगमात्, तथा चोभयत्रैव मिथ्यादुष्कृतप्रायश्चित्तशोध्यमेव पापं स्यात्, ननु (न तु) ज्ञात्वा जलपानेऽपि मूलच्छेद्यम्, तच्च श्रुतपरंपराविरुद्धं, इत्याभोगविषयतापि जलजीवानामवश्यं वक्तव्या, प्रायश्चित्तभेदस्तु यतनाऽयतनाविशेषादिति । यदि च 'ज्ञात्वा जलपाने न

[ જીવોનો અનાભોગ હોય તો જળપાનમાં મૂળપ્રાયશ્ચિત્ત ન આવે ]

પાણીના જીવોનો અનાભોગ હોવાથી નદી ઉતરવામાં જો તમને દોષ લાગતો નથી તો તે પાણીમાં પીવામાં પણ તમને *મૂલ નામના પ્રાયશ્ચિત્તના આઠમા પ્રકારથી જે શુદ્ધ થઈ શકે તેવો દોષ લાગવો ન જોઇએ. 'નદી ઉતરતી વખતે તે જીવોનો અનાભોગ હતો અને પીતી વખતે આભોગ આવી જાય છે' એવું તો તમે કહી શકતા નથી જ, કારણ કે 'તે અનાભોગ કેવલજ્ઞાનથી જ દૂર થઇ શકે છે' એવું તમે માન્યું છે. માટે નદી ઉતરવાની જેમ તેનું પાણી પીવાની ક્રિયા પણ અનાભોગથી થયેલી હોવાથી બંનેમાં, 'મિચ્છામિદુક્કડમ્' દેવા માત્રથી જે દૂર થઇ શકે તેવું જ પાપ લાગવું જોઇએ, (કારણકે અનાભોગથી થયેલ આ ક્રિયાઓનું એટલું જ પ્રાયશ્ચિત્ત શાસ્ત્રોમાં બતાવ્યું છે.) નહિ કે જાણીને પણ પાણી પીવામાં મૂલછેદ્ય. પણ જાણીને પણ નદી

આજ્ઞાબાહ્ય અનુષ્ઠાનમાં પણ રહ્યો છે.'

(ब) અધ્યાત્મ વિશોધિયુક્ત મહાત્માની અપવાદપદપ્રત્યયિકી તે વિરાધના કે જે વિશિષ્ટ નિર્જરાનું કારણ બને છે તેના માટે ગ્રન્થકારે કહ્યું છે કે 'એ વિરાધના અનાભોગજન્ય નથી કે વર્જનાભિપ્રાયવાળી નથી.' આ વિરાધનામાં વર્જનાભિપ્રાયનો જે નિષેધ કર્યો છે તે 'આ નદી ઉતરવાની વિરાધનાને વર્જું' ઇત્યાદિરૂપ જે બાહ્યદૃષ્ટિએ સીધો વર્જનાભિપ્રાય હોય તેનો જ સંભવે છે. બાકી અધ્યાત્મવિશોધિયુક્ત મહાત્માને, અપવાદપદે જે જીવોની વિરાધના થતી હોય તે જીવોની વિરાધનાને પણ પરિણામે તો વર્જવાનો અભિપ્રાય જ હોય છે. એટલે આના પરથી પણ જણાય છે કે ધર્મપરીક્ષાના આ અધિકારમાં તાત્ત્વિક વર્જનાભિપ્રાયની વાત નથી પણ વ્યાવહારિક વર્જનાભિપ્રાયની વાત છે અને એનો વિશિષ્ટ નિર્જરાના કારણ તરીકે નિષેધ કર્યો છે.

જ્યારે બત્રીશીના એ અધિકારમાં તાત્ત્વિકવર્જનાભિપ્રાયની વાત છે, (કેમ કે એ જ નિર્જરાનું કારણ બની શકે છે, વ્યાવહારિક વર્જનાભિપ્રાય નહિ.) (વળી આજ્ઞાશુદ્ધભાવ હોય તો જ તાત્ત્વિક વર્જનાભિપ્રાય સંભવે છે. તેથી જેમ વર્જનાભિપ્રાયયુક્ત વિરાધનાને છોડીને નિશ્ચયનય વર્જનાભિપ્રાયને નિર્જરાનું કારણ માને છે તેમ એના કરતાં યે વધુ સૂક્ષ્મ નિશ્ચયનયને આગળ કરીને આજ્ઞાશુદ્ધ ભાવયુક્ત વર્જનાભિપ્રાયને છોડીને આજ્ઞાશુદ્ધ ભાવને જ ગ્રન્થકારે ધર્મપરીક્ષામાં કારણ તરીકે કહ્યો હોય એમ સંભાવના લાગે છે.) અથવા (૩) પૂર્વપક્ષીનો વર્જનાભિપ્રાયને ઉત્તેજક માનવાનો અને સ્વતંત્ર કારણ ન માનવાનો જે અભિપ્રાય છે તેનું ગ્રન્થકારે બત્રીશીમાં ટૂંકમાં ખંડન કર્યું છે અને 'વર્જનાભિપ્રાય પણ કારણ નથી, આજ્ઞાશુદ્ધભાવ જ કારણ છે' એવી જે ઉપરની કોટિ છે તેનો ધર્મપરીક્ષામાં વિસ્તાર કર્યો છે, અને બત્રીશીમાં તેનો અતિદેશ કર્યો છે. માટે આ બે ગ્રન્થાધિકારમાં વાસ્તવિક વિરોધ નથી.

* પ્રાયશ્ચિત્તના દશપ્રકાર–આલોચના, પ્રતિક્રમણ, તદુભય, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, મૂલ, અનવસ્થાપ્ય અને પારાંચિત. પૂર્વનો સઘળો પર્યાય મૂળથી જેમાં કાપી નાંખવામાં આવે તે મૂલપ્રાયશ્ચિત્ત.

जलजीवाभोगात्प्रायश्चित्तविशेषः, किन्तु निःशुकत्वादि'त्युच्यते तर्हि स्थूलत्रसाभोगोऽप्युच्छिद्येत, तद्वधेऽपि निःशुकताविशेषादेव पातकविशेषोपपत्तेः । शास्त्रे त्वाभोगाऽनाभोगावकर्त्तव्यत्वज्ञान-तदभावरूपावेवोक्तौ । तदुक्तं पञ्चाशकवृत्तौ—'तत्राभोगोऽकर्त्तव्यमिति ज्ञानं अनाभोगस्त्वज्ञानमि'ति । तौ चोभयविराधनायामपि सम्भवत एव । प्रतिपादितं च प्रायश्चित्तमाभोगानाभोगभेदात् पृथिव्यादि-विराधनायामपि पृथगेवेति न किञ्चिदेतत् । एतेन यदुच्यते "विनापवादं ज्ञात्वा जीवघातको यद्यसंयतो न भवेत् तर्ह्यसंयतत्वमुच्छिन्नसंकथं भवेद्" इत्यादि परेण तदपास्तं, अपवादमन्त-रेणापि सामान्यसाधूनामपवादपदानधिकारिणां चोत्कृष्टचारित्रवतां प्रतिमाप्रतिपन्नजिनकल्पिकादीनां

---

વગેરેનું પાણી પીવામાં આવું મિથ્યાદુષ્કૃત પ્રાયશ્ચિત્ત માનવું એ શ્રુતપરંપરાવિરુદ્ધ છે (કારણકે શ્રુતપરંપરાથી તે મૂલપ્રાયશ્ચિત્ત તરીકે જણાય છે.) માટે એ મૂલપ્રાયશ્ચિત્તની સંગતિ માટે પાણીના જીવો આભોગનો વિષય પણ બને છે તે અવશ્ય માનવું જોઇએ.

[ પાણી પીવામાં અને ઉતરવામાં પ્રાયશ્ચિત્તભેદ કેમ ? વિચારણા ]

**પ્રશ્ન** :– તો પછી પાણી પીવાની જેમ નદી ઉતરતી વખતે પણ આભોગ શક્ય હોવાથી નદી ઉતરવામાં પણ પાણી પીવા જેટલું જ (મૂલ) પ્રાયશ્ચિત્ત ન આવતાં ભેદ કેમ પડે છે?

**ઉત્તર** :–એ ભેદ આભોગ–અનાભોગના ભેદનાકારણે નહિ, પણ જયણા–અજયણાના ભેદના કારણે પડે છે.

**પૂર્વપક્ષ** :– 'જાણીને નદીવગેરેનું પાણી પીવામાં પાણીના જીવોનો આભોગ હોવાથી પ્રાયશ્ચિત્ત વધુ આવે છે' એવું નથી પણ નિઃશૂકતા (હિંસાની સૂગ ઊડી જવી તે)ના કારણે આવે છે. અર્થાત્ પાણી પીતી વખતે કે નદી ઉતરતી વખતે બે માંથી એકેય વખતે આભોગ તો હોતો જ નથી, પણ પીતી વખતે હિંસાની સૂગ ઊડી જતી હોઇ પ્રાયશ્ચિત્ત વધુ આવે છે.

**ઉત્તરપક્ષ** :– તો પછી સ્થૂલત્રસજીવોની હિંસામાં જે વધુ પાપ લાગે છે તે પણ તેઓનો આભોગ હોવાથી વધુ લાગે છે એવું ન માનતાં વિશેષપ્રકારે નિઃશૂકતા થવાના કારણે આવે છે એમ સંગતિ થઈ જતી હોવાથી તેઓનો પણ આભોગ હોતો નથી એમ માનવું પડશે.

**શંકા** :–હલનચલન વગેરે ચેષ્ટા પરથી થતા 'સામે રહેલા પિંડમાં જીવ છે' એવા જ્ઞાનરૂપ આભોગ સ્થૂલત્રસ જીવો અંગે તો શક્ય જ છે. માટે તેની હિંસામાં આવતાં વધુ પ્રાયશ્ચિત્તની સંગતિ આભોગથી કરી શકાય છે. પાણી વગેરે સ્થાવરજીવો વિશે તેવો આભોગ શક્ય ન હોવાથી આભોગથી એવી સંગતિ કરી શકાતી નથી. માટે પાણી પીતી વખતે કે પાણી ઉતરતી વખતે જે વત્તુંઓછું પાપ લાગે છે તેની સંગતિ ક્રમશઃ નિઃશૂકતા (સૂગનો અભાવ) અને સૂગની હાજરીના કારણે કરવી જોઇએ.

[ આભોગ અનાભોગ શું છે ? ]

**સમાધાન** :– આવી શંકા યોગ્ય નથી, કારણ 'સામા રહેલા પિંડમાં જીવ છે' ઈત્યાદિ જ્ઞાન એ આભોગ છે અને એ જ્ઞાન ન હોવું એ અનાભોગ છે એવું કહ્યું નથી. શાસ્ત્રમાં તો અકર્ત્તવ્યત્વજ્ઞાનને જ આભોગ તરીકે અને તેના અભાવને જ અનાભોગ

नद्युत्तारादावाभोगपूर्वजीवविराधनायाः साधितत्वात् । नद्युत्तारश्च जिनकल्पिकादीनामपि [1]'जत्थ-त्थमेइसूरो०' इत्यादि प्रवचनेषु दिवसतृतीयपौरुष्यतिक्रमे नद्याद्युत्तरतस्ते जलात्पदमात्रमपि बहिर्न निक्षिपन्ति, किन्तु तत्रैव तिष्ठन्ति' इत्यादिभणनेन प्रतीत एव । सोऽप्यापवादिकश्चेत्, तर्हि विहाराऽऽहारादि-क्रियास्वौत्सर्गिकीषु जीवविराधनया योगसमुत्थया जिनकल्पिकादीनामसंयतत्वप्रसक्तेर्वज्रलेपत्वमेव, तस्या योगावश्यम्भावित्वस्य प्रवचनादेव निश्चयाद्, अङ्गीकृतं चैतत्परेणापि । यदुक्तं तेन 'यत्रानुष्ठाने आरम्भस्तज्जिनैः प्रतिषिद्धमेव ? उत जिनोपदिष्टक्रियायामारम्भो न भवत्येव ?'

---

તરીકે કહેલ છે. જેમકે **પંચાશકની વૃત્તિમાં** કહ્યું છે કે "તેમાં આભોગ એટલે 'આ મારે અકર્ત્તવ્ય છે' એવું જ્ઞાન અને તેવું જ્ઞાન ન હોવું એ અનાભોગ.' આવા પ્રકારના આભોગ–અનાભોગ તો સ્થૂલત્રસ અને સ્થાવરાદિ બંનેની વિરાધનામાં કે પાણી પીવાની અને નદી ઉતરવાની બંને ક્રિયાથી થતી વિરાધનામાં સંભવી જ શકે છે. બાકી, 'સ્થાવરાદિ જીવોનો છદ્મસ્થને આભોગ સંભવે જ નહિ' એ વાત તો સાવ શાસ્ત્રવિરુદ્ધ છે, કારણકે પૃથ્વીકાયાદિની વિરાધનામાં પણ આભોગ–અનાભોગના કારણે જુદું જુદું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં બતાવ્યું છે જે પૃથ્વીકાય વગેરેનો આભોગ અસંભવિત જ હોય તો અસંગત બની જાય. માટે 'પાણી પીવામાં આભોગના કારણે નહિ પણ નિઃશૂકતાના કારણે વધુ પ્રાયશ્ચિત્ત આવે છે' એ વાત તુચ્છ છે. "અપવાદશૂન્ય અવસ્થામાં પણ જાણીને જીવઘાત કરનારો જો અસંયત (સંયમભ્રષ્ટ) ન બની જતો હોય તો અસંયતપણાનું દુનિયામાં નામનિશાન નહિ રહે" ઇત્યાદિ જે પૂર્વપક્ષી કહે છે (આવું કહીને પૂર્વપક્ષી કહેવા એ માંગે છે કે કેવલી ભગવાનને સર્વજીવોનો આભોગ તો હોય જ છે. વળી તેઓને અપવાદ હોતો નથી. એમ છતાં જો અશક્યપરિહારરૂપે પણ તેઓ હિંસા કરતાં હોય તો તેઓ અસંયત જ બની જવાની આપત્તિ આવે.) તેનું પણ આનાથી નિરાકરણ જાણવું, કારણ કે અપવાદ વગર પણ સામાન્ય સાધુઓને તેમજ અપવાદપદના અનધિકારી અને ઉત્કૃષ્ટચારિત્રયુક્ત એવા પ્રતિમાધારી કે જિનકલ્પી સાધુઓને નદી ઉતરવા વગેરેમાં આભોગપૂર્વક જીવવિરાધના થાય છે (અને તેમ છતાં તેઓનું સાધુપણું જળવાઈ રહે છે) એ વાત સિદ્ધ થઇ ગઇ છે. 'જિનકલ્પીઓને તો નદી ઉતરવાની હોતી જ નથી' ઈત્યાદિ ન કહેવું, કારણકે 'जत्थत्थ...' 'જ્યાં સૂર્ય અસ્ત પામે' ઈત્યાદિ શાસ્ત્રવચનોની વ્યાખ્યા રૂપે કહેવાયેલા 'દિવસનો ત્રીજો પ્રહર પૂરો થાય ત્યારે તેઓ જો નદી ઉતરતા હોય તો ત્યાં જ ઊભા રહે, એક ડગલું પણ બહાર મૂકતા નથી' ઈત્યાદિ વચનો દ્વારા પ્રતીત જ છે. "તે નદી ઉતરવી વગેરે પણ આપવાદિક જ હોય છે, અને આપવાદિક આભોગપૂર્વકની વિરાધનામાં સંયતપણું જળવાઇ રહે છે એવું તો અમે પણ માનીએ જ છીએ" એવી જો શંકા કરશો તો અમારો એનો જવાબ એ છે કે જિનકલ્પી વગેરેની વિહાર–આહારાદિ ક્રિયાઓને તો ઔત્સર્ગિકી માનો છો ને? એમાં થતી યોગનિમિત્તક વિરાધનાના કારણે તેઓને અસંયત માનવાની આપત્તિ તમારા મતમાં વજ્રલેપ જેવી બની રહેશે, કેમકે

---

1. यत्रास्तमियात्सूर्यः (   )

इति लुम्पकीयपक्षद्वयदूषणार्थं ग्रन्थान्तरे, आद्यपक्षे साधूनां विहाराहारनीहारनद्युत्तारप्रतिक्रमणप्रतिलेखनोपाश्रयप्रमार्जनादिक्रियाणां प्रवचनप्रसिद्धानामारम्भाविनाभाविनीनां प्रतिषेधे संपन्ने तवैव गलपादुका। द्वितीयेऽध्यक्षबाधा, नद्युत्तारादिषु षण्णामपि जीवानां विराधनासम्भवात्, "[2]जत्थ जलं तत्थ वणं" इत्यागमवचनात्, प्रतिक्रमणप्रतिलेखनादिषु च वायुजीवादीनामारम्भस्यागमप्रसिद्धत्वात्, एजनादिक्रियायुक्तस्यारम्भाद्यवश्यंभावात्। यदागमः "[3]जाव णं एसजीवे एअइ वेयइ चलइ फंदइ इत्यादि यावदारंभे वट्टइ इत्यादि।

किं च-अपवादे आभोगपूर्विकायामपि जीवविराधनायां सम्यक्त्वनाशादिदूषणं यत्त्वया नोच्यते, तत्र किं म्रियमाणानां जीवानां प्राणत्यागाभावः, सद्गतिर्वा कारणं? द्वयमप्यागमबाधितमित्याशयशुद्धत्वमेव तत्र कारणं वाच्यं, इत्यशक्यपरिहारजीवविराधनायामप्याशयशुद्ध-

---

તે જિનકલ્પી વગેરેને 'આ આહારાદિ કરવામાં યોગનિમિત્તે વિરાધના થવાની છે' ઇત્યાદિની શાસ્ત્રવચનોથી ખબર હોય જ છે (તેથી અપવાદ વિના પણ જાણકારીપૂર્વક આ વિરાધના થતી હોવાથી તમારા મત મુજબ સંયતપણું શી રીતે ટકે?)

**[ ગીતાર્થમાં વિરાધનાની જાણકારીનો પૂર્વપક્ષીકૃતસ્વીકાર ]**

તેઓને આ જાણકારી હોય છે એ વાતને તો પૂર્વપક્ષી પણ સ્વીકારે જ છે, કારણકે તેણે જ "જે અનુષ્ઠાનમાં આરંભ થતો હોય તેનો શ્રીજિનેશ્વરોએ નિષેધ જ કર્યો છે કે પછી જિનોપદિષ્ટ ક્રિયાઓમાં આરંભ જ થતો નથી?" એવા લૂંપકે (સ્થાનકવાસીએ) કરેલા બે વિકલ્પમાં દૂષણ આપવા માટે અન્ય ગ્રન્થમાં (               ) કહ્યું છે કે "પહેલો વિકલ્પ માનવામાં તારા (લૂંપકના) ગળામાં જ પાદુકા આવી પડે છે (તું જ ફસાઈ જાય છે) કારણ કે સાધુઓની વિહાર–આહાર-નિહાર–નદ્યુત્તાર-પ્રતિક્રમણ–પડિલેહણ–ઉપાશ્રયપ્રમાર્જન વગેરે શાસ્ત્રમાં કહેલી ક્રિયાઓ આરંભ વિના થતી ન હોવાથી જિનેશ્વરોથી નિષિદ્ધ જ બની જાય છે જેને તું હોંશે હોંશે કરે છે. બીજો વિકલ્પ પ્રત્યક્ષબાધિત છે, કારણ કે જિનોક્ત એવી પણ નદ્યુત્તારાદિ ક્રિયામાં છ એ જીવનિકાયની વિરાધના સંભવિત છે એ 'जत्थजलं...' 'જ્યાં પાણી હોય ત્યાં વનસ્પતિ હોય' ઇત્યાદિ આગમ વચનથી જણાય છે. તેમજ જિનોક્ત એવા જ પ્રતિક્રમણ–પડિલેહણાદિ ક્રિયામાં વાયુકાયાદિજીવોનો આરંભ થાય છે એ વાત આગમપ્રસિદ્ધ છે. કારણ કે 'જ્યાં સુધી આ જીવ કંઈક કંપે છે–વિવિધ રીતે કંપે છે, ચાલે છે, સ્પંદન કરે છે ત્યાં સુધી આરંભમાં રહ્યો છે–આરંભ કરે છે'–ઇત્યાદિ આગમવચનથી એજનાદિ ક્રિયાયુક્ત જીવથી આરંભાદિ અવશ્ય થાય છે એ નિશ્ચિત છે." આમ 'પડિલેહણાદિક્રિયાથી વિરાધના થાય છે એવી સાધુને જાણકારી હોય છે' એવું પૂર્વપક્ષીએ પણ સ્વીકાર્યું જ છે તે તેના આ વચનોથી જણાય છે.

**[ વિરાધના છતાં જળવાતી નિર્દોષતાનો હેતુ : આશયશુદ્ધિ ]**

વળી અપવાદપદે થતી આભોગપૂર્વકની હિંસામાં 'તે સમ્યક્ત્વાદિની નાશક છે' એવો દોષ તમે પણ નથી માનતા તેમાં કારણ શું છે? મરાતા જીવોનો પ્રાણત્યાગ નથી થતો એ કે પ્રાણત્યાગ થવા છતાં તેઓની સદ્ગતિ થાય છે એ? આ બે માંથી એકેય કારણ માની શકાતું નથી, કારણકે બંને આગમબાધિત છે. તેઓનો પ્રાણત્યાગ થાય છે તે તેમજ તેઓની પોતપોતાના સંક્લેશ વગેરેને અનુસરીને દુર્ગતિ થાય છે

---

२. यत्र जलं तत्र वनम् ३. यावदेष जीव एजते व्येजते चलति स्पन्दते इत्यादि यावदारम्भे वर्त्तते।

त्वादेव दोषाभावोऽस्तु किमनाभोगप्रपञ्चेन ? अत एव जीवघनेऽपि लोके द्रव्यहिंसाया भावहिंसायां शब्दादीनां रताविवानैकान्तिककारणत्वात् जीवरक्षाविषयकप्रयत्नेनैव साधोरन्तस्तत्त्वशुद्धेरदुष्टत्वं **विशेषावश्यके** उपपादितं नत्वनाभोगेनैव, तथा च तद्ग्रन्थः

एवमहिंसाऽभावो जीवघणंति ण य तं जओभिहियं । सत्थोवहयमजीवं ण य जीवघणंति तो हिंसा ॥१७६२॥

**नन्वेवं** सति लोकस्यातीवपृथिव्यादिजीवघनत्वादहिंसाऽभावः, संयतैरप्यहिंसाव्रतमित्थं निर्वाहयितुमशक्यमिति भावः, **तदेतन्न,** यतोऽनन्तरमेवाभिहितमस्माभिः शस्त्रोपहतं पृथिव्यादिकमजीवं भवति । तदजीवत्वे चाकृताकारितादिपरिभोगेन निर्वहत्येव यतीनां संयमः । न च 'जीवघनो लोकः' इत्येतावन्मात्रेणैव हिंसा संभवतीति ॥ आह ननु जीवाकुले लोकेऽवश्यमेव जीवघातः संभवी, जीवांश्च घ्नन् कथं हिंसको न स्याद् ? इत्याह—

ण य घायउत्ति हिंसो णाघायंतोत्ति णिच्छियमहिंसो । ण विरलजीवमहिंसो ण य जीवघणंति तो हिंसो ।१७६३।
अहणंतो वि हु हिंसो दुट्ठत्तणओ मओ अहिमरोव्व । बाहिंतो ण वि हिंसो सुद्धत्तणओ जहा विज्जो ।१७६४।

---

તે એ બન્ને આગમમાં જણાવ્યું જ છે. આમ આભોગપૂર્વકની આપવાદિક હિંસા નિર્દોષ જે રહે છે તેમાં આવું કોઇ કારણ માની શકાતું ન હોવાથી અપવાદ સેવનારની આશયશુદ્ધિને જ તે નિર્દોષતાનું કારણ માનવી પડે છે. અને તો પછી, અશક્યપરિહારરૂપે થતી જીવવિરાધનામાં પણ વિરાધકને જે કોઇ દોષ લાગતો નથી, તેમાં પણ એ રીતે તેની આશયશુદ્ધિને જ કારણ માનો ને! અનાભોગને કારણ માની 'તે જીવોનો અનાભોગ હોય છે' ઈત્યાદિ સિદ્ધ કરવાના ફાંફા શા માટે મારો છો? આમ અશક્ય પરિહારરૂપ હિંસા વગેરેમાં જળવાઇ રહેતી નિર્દોષતામાં અનાભોગ નહિ, પણ આશયશુદ્ધિ જ કારણભૂત હોવાના કારણે જ **વિશેષાવશ્યકભાષ્યમાં** પણ, લોક જીવઘન છે=જીવોથી વ્યાપ્ત છે. તેથી એમાં દ્રવ્યહિંસા સંભવિત જ રહે છે. તેમ છતાં, જેમ શબ્દાદિ વિષયો મોટે ભાગે રતિના કારણ બનતા હોવા છતાં એકાન્તે કારણ બને જ એવું નથી, પણ અનૈકાન્તિક કારણ છે, તેમ દ્રવ્યહિંસા પણ ભાવહિંસાનું અનૈકાન્તિક કારણ છે. તેથી દ્રવ્યહિંસા થવા છતાં ભાવહિંસા ન થવાથી સાધુમાં હિંસકત્વાભાવાદિરૂપ જે નિર્દોષતા જળવાઈ રહે છે તેની જીવરક્ષાવિષયક પ્રયત્નથી જ થયેલ આશયશુદ્ધિથી સંગતિ કરી છે નહિકે અનાભોગથી જ. તે ગ્રન્થ આ પ્રમાણે છે (૧૭૬૨ થી ૧૭૬૮)—

**શંકા :-** આ રીતે લોક પૃથ્વીકાયાદિજીવોથી અત્યંત વ્યાપ્ત હોય તો અહિંસાનો જગત્માંથી અભાવ જ થઈ જશે, અર્થાત્ સાધુઓને પણ અહિંસાવ્રતનું પાલન અશક્ય બની જશે.

**સમાધાન :-** આવી શંકા બરાબર નથી, કારણકે હમણાં પૂર્વે જ અમે કહી ગયા કે શસ્ત્રથી હણાયેલ પૃથ્વી વગેરે અચિત્ત હોય છે. પોતે અચિત્ત નહિ કરેલ, નહિ કરાવેલ કે કોઈએ અચિત્ત કરી હોય તેને અનુમોદનાનો વિષય નહિ બનાવેલ એવી રીતે તે અચિત્તપૃથ્વીવગેરેના પરિભોગથી સાધુઓનું સંયમપાલન શક્ય છે. લોક જીવઘન હોવામાત્રથી કંઈ હિંસા થઈ જતી નથી. "જીવાકુલ લોકમાં જીવઘાત તો અવશ્ય સંભવે છે. તો જીવને હણતી વ્યક્તિ હિંસક શી રીતે ન બને? (અર્થાત્ તે હિંસક બને જ અને તેથી સંયમ શી રીતે જળવાય?)" એવી શંકાના નિવારણ માટે ભાષ્યકાર કહે છે—

### [ હિંસ અને અહિંસપણાની વ્યવસ્થા ]

નિશ્ચયનયમતે, જીવનો ઘાત કરવા માત્રથી જીવનો ઘાતક તે જીવ હિંસ બની જતો નથી કે ઘાત ન કરવા માત્રથી અઘાતક જીવ અહિંસ બની જતો નથી. એમ લોકમાં બહુ ઓછા જીવ હોવા માત્રથી

**न हि घातकं** इत्येतावता हिंस्रः, **न चाऽघ्नन्नपि निश्चयनयमतेनाहिंस्रः नाऽपि विरलजीवं** इत्येतावन्मात्रेणाहिंस्रः, **न चापि जीवघनं** इत्येतावता च **हिंस्र** इति ॥ किं तर्हि ? **अभिमरो** गजादिघातकः स इव दुष्टाध्यवसायोऽघ्नन्नपि हिंस्रो मतः। बाधमानोऽपि च शुद्धपरिणामो न हिंस्रः, यथा वैद्य इति॥ घ्नन्नप्यहिंस्रोऽघ्नन्नपि च हिंस्र उक्तः । स इह कथंभूतो ग्राह्यः ? इत्याह—

पंचसमिओ तिगुत्तो नाणी अविहिंसओ ण विवरीओ। होउ व संपत्ती से मा वा जीवोवरोहेणं ॥ १७६५॥

**पञ्चभिः समितिभिः समितः तिसृभिश्च गुप्तिभिर्गुप्तो ज्ञानी** जीवस्वरूपतद्रक्षाक्रियाभिज्ञः सर्वथा जीवरक्षापरिणामपरिणतस्तत्प्रयतश्च कथमपि हिंसन्नप्यविहिंसको मतः। एतद्विपरीतलक्षणस्तु नाहिंसकः, किन्तु हिंस्र एवायं, अशुभपरिणामत्वाद्, भाव(बाह्य)जीवहिंसायास्तु **जीवोपरोधेन** जीवस्य कीटादेरुपरोधेनोपघातेन **संपत्तिर्भवतु मा भूद्वा,** से तस्य साध्वादेः हिंसकत्वे तस्य अनैकान्तिकत्वादिति॥ कुतस्तस्या अनैकान्तिकत्वं ? इत्याह—

असुहो जो परिणामो सा हिंसा सो उ बाहिरणिमित्तं। कोवि अवेक्खेज्ज ण वा जम्हा णेगंतियं बज्झं।१७६६।

**यस्मादिह** निश्चयनयतो **योऽशुभपरिणामः** स एव हिंसेत्याख्यायते। **स च बाह्यं** सत्त्वातिपातक्रियालक्षणं **निमित्तं कोऽप्यपेक्षते,** कोऽपि पुनस्तन्निरपेक्षोऽपि भवेत्, यथा तन्दुलमत्स्यादीनाम्, यस्मादनैकान्तिकमेव बाह्यनिमित्तं, तत्सद्भावेप्यहिंसकत्वात्, तदभावेऽपि च हिंसकत्वादिति॥ **नन्वेवं** तर्हि बाह्यो जीवघातः किं सर्वथैव हिंसा न भवति ? **उच्यते**—कश्चिद् भवति, कश्चित्तु न, कथं ? इत्याह—

असुहपरिणामहेऊ जीवाबाहोत्ति तो मयं हिंसा। जस्स उ ण सो णिमित्तं संतो वि ण तस्स सा हिंसा।१७६७।

ततस्तस्माद् यो जीवाबाधोऽशुभपरिणामस्य हेतुरथवाऽशुभपरिणामो हेतुः कारणं यस्यासा**वशुभपरिणामहेतुर्जीवाबाधो** जीवघातः स एव **हिंसेति मतं** तीर्थकरगणधराणाम्। **यस्य तु** जीवाबाधस्य **सोऽशुभपरिणामो न निमित्तं** स जीवाबाधः **सन्नपि तस्य** साधो**र्न हिंसेति**॥ अमुमेवार्थं दृष्टान्तेन द्रढयन्नाह—

---

અહિંસ બની જવાતું નથી કે લોક જીવોથી વ્યાપ્ત હોવામાત્રથી હિંસ બની જવાતું નથી. તો શી રીતે બનાય છે? આ રીતે–હાથી વગેરેના ઘાતક અભિમર જેવા દુષ્ટ અધ્યવસાયવાળોજીવ અન્યને હણતો ન હોય તો પણ હિંસક કહેવાયો છે. જ્યારે શુદ્ધ પરિણામવાળો જીવ બીજાને હણતો હોય તો પણ હિંસ મનાયો નથી, જેમકે વૈદ્ય. ॥ આમ હણનારને પણ અહિંસ અને નહિ હણનારને પણ હિંસ કહ્યો. તે અહીં કેવા જીવોને અહિંસક વગેરે જાણવા? એનો ઉત્તર–પાંચસમિતિ અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત, જીવનુંસ્વરૂપ અને તેની રક્ષાના ઉપાયોનો જાણકાર, સર્વથા જીવરક્ષાના પરિણામથી પરિણત તેમજ જીવરક્ષામાં પ્રયત્નશીલ એવો સાધુ કો'ક રીતે હિંસા કરતો હોય તો પણ અહિંસક મનાયો છે. આનાથી વિપરીતસ્વરૂપવાળો જીવ સાધુ હોય તો પણ અહિંસક નહિ, પણ અશુભપરિણામવાળો હોઈ હિંસક જ છે, પછી કીડાવગેરેના ઉપઘાત દ્વારા બાહ્યહિંસા થાવ કે ન થાવ. કારણકે તે સાધુના હિંસકપણામાં બાહ્યહિંસા એ અનૈકાન્તિ છે. તે શા માટે અનૈકાન્તિક છે? એ હવે ભાષ્યકાર જણાવે છે– તે એટલા માટે અનૈકાન્તિક છે કે નિશ્ચયનયથી તો અશુભપરિણામ જ હિંસા કહેવાય છે. અને તે અશુભપરિણામ તો કો'ક જ બાહ્ય જીવઘાતક્રિયારૂપ નિમિત્તની અપેક્ષા રાખે છે, જ્યારે તે સિવાયનો બીજો કો'ક અશુભપરિણામ તો બાહ્યહિંસાને નિરપેક્ષ રીતે પણ પ્રવર્તે છે. જેમકે તંદુલિયા મત્સ્યવગેરેનો અશુભપરિણામ. તેથી બાહ્યહિંસારૂપ બાહ્ય નિમિત્ત તો અનૈકાન્તિક જ છે. કારણકે તેની હાજરીમાં પણ અહિંસકપણું જળવાઈ રહેવું શક્ય છે તેમજ તેની ગેરહાજરીમાં પણ હિંસકપણું આવી શકે છે. ॥ **શંકા–** તો પછી આ રીતે બાહ્ય જીવઘાત શું સર્વથા હિંસારૂપ બનતો જ નથી? **સમાધાન–** કોઈક બને છે, કોઈક નથી બનતો. શી રીતે? આ રીતે–

તેથી જે જીવઘાત અશુભપરિણામનો હેતુ (બનતો) હોય અથવા અશુભપરિણામ છે હેતુ જેનો એવો (અશુભપરિણામથી થયેલ) હોય તે હિંસા છે એવું શ્રી તીર્થંકરો અને ગણધરોને સંમત છે.

सद्दादओ रइफला ण वीयमोहस्स भावसुद्धीओ। जह तह जीवाबाहो ण सुद्धमणसोवि हिंसाए ॥१७६८॥

**यथेह** वीतरागद्वेषमोहस्य भगवत इष्टा **शब्दरूपादयो भावविशुद्धितो** न कदाचिद्**रतिफला** रतिजनकाः संपद्यन्ते, यथा वेह शुद्धात्मनो रूपवत्यामपि मातरि न विषयाभिलाषः संजायते, **तथा शुद्धपरिणामस्य** यत्नवतः साधोः सत्त्वोपघातोऽपि **न हिंसायै** संपद्यते, ततोऽशुभपरिणामजनकत्वे बाह्यं निमित्तमनैकान्तिकमेवेति ॥"

यदि चाशक्यपरिहारविराधनाऽऽभोगः साधूनां सम्यक्त्वक्षतिकरः स्यात् तदौत्सर्गिकविहारादिक्रियापरित्याग एव स्यात्, तत्रापि योगजन्यविराधनानिश्चयाद्. न च प्रमाणान्तरेण निश्चितेऽपि स्वादर्शनमात्रेणानाभोगः शक्यो वक्तुमित्युक्तमेव। न चेदेवं तदा निरंतरजीवाकुलभूमिं निर्णीयापि रात्रौ तत्रैव स्वैरंगमने जीवाप्रत्यक्षत्वेन तत्र तज्जीवविराधनाऽनाभोगजा वक्तव्या स्यात्, तथा च लोकशास्त्रविरोधः। किं चैवमब्रह्मसेवायामपि केवलिवचसा निश्चीयमानाया अपि त्रसविराधनाया अनाभोगपूर्वकत्वे साधोः प्रथममहाव्रतभङ्गो न स्यात्, स्याच्च प्रकृष्टावधिमतां प्रत्यक्षयोगजन्यविराधनानामिति न किञ्चिदेतत् ॥५४॥ एवं व्यवस्थिते सत्यत्र विश्रान्तस्य परस्याक्षेपं समाधत्ते—

---

જે જીવઘાતનો, અશુભપરિણામ હેતુ ન બન્યો હોય તે જીવઘાત, સાધુને હિંસારૂપ બનતો નથી. ॥ આ જ વાતને દૃષ્ટાન્તથી દઢકરતાં ભાષ્યકાર કહે છે– જેમ વીતમોહ (વીતરાગ)ને ભાવવિશુદ્ધિના કારણે શબ્દ–રૂપાદિવિષયો ક્યારે ય પણ રતિ કરાવતા નથી અથવા જેમ શુદ્ધઆત્મવાળા જીવને (સજ્જનને) અત્યંતરૂપવતી એવી પણ માતા પ્રત્યે વિષયાભિલાષ જાગતો નથી તેમ શુદ્ધપરિણામી, જીવરક્ષામાં પ્રયત્નશીલ એવા સાધુને જીવઘાત પણ હિંસા માટે થતો નથી. તેથી અશુભપરિણામનું જનક બનવામાં બાહ્યનિમિત્ત અનેકાન્તિક જ છે ॥"

**[ અનાભોગને નિર્દોષતાની જાળવણીનો હેતુ માનવામાં આપત્તિઓ ]**

આમ નિર્દોષતા જળવાઇ રહેવામાં અનાભોગ કારણ નથી પણ આશયશુદ્ધિ કારણ છે એવું વિશેષાવશ્યક ભાષ્યમાં કરેલું પ્રતિપાદન જણાવ્યું. બાકી અનાભોગ જ જો એનું કારણ બનતો હોય તો ફલિત એ થાય કે અશક્યપરિહારરૂપે પણ થતી વિરાધનામાં સાધુને જો આભોગ હોય તો એ આભોગ તેના સમ્યક્ત્વને પણ હણી નાંખે. આ ફલિતાર્થ જો ખરેખર વાસ્તવિકતા હોય તો ઔત્સર્ગિક એવી વિહારાદિ ક્રિયાનો પણ સાધુએ ત્યાગ જ કરી દેવો પડે, કેમકે તેમાં પણ યોગજન્યવિરાધનાનો નિશ્ચય (આભોગ) સાધુને હોય જ છે. "તેમાં વિરાધનાનો આગમરૂપ પ્રમાણાન્તરથી નિશ્ચય થઇ ગયો હોવા છતાં પોતાને તે વિરાધના સાક્ષાત્ દેખાતી ન હોવાથી અનાભોગ જ હોય છે (અને તો પછી એ વિરાધના સમ્યક્ત્વની હાનિ કરનારી ન રહેવાથી વિહારાદિ છોડવા નહિ પડે.)" આવું કહી શકાતું નથી એ તો આગળ બતાવી જ ગયા છીએ. બાકી જો આવું કહી શકાતું હોય તો તો દિવસે, જીવોથી અત્યંત છવાયેલ ભૂમિનો નિશ્ચય કર્યા પછી પણ, રાત્રે ત્યાં સ્વૈરગમન કરવામાં થતી વિરાધનાને, જીવો પોતાને દેખાતાં ન હોવાથી અનાભોગજન્ય કહેવાની આપત્તિ આવે. અને એમ કહેવામાં લોકવ્યવહાર અને શાસ્ત્રનો વિરોધ સ્પષ્ટ રીતે થાય છે. વળી એ રીતે તો કેવલીના વચનથી નિશ્ચિત થએલી એવી પણ ત્રસજીવોની વિરાધના છદ્મસ્થસાધુને અનાભોગપૂર્વક બનવાથી અબ્રહ્મસેવનમાં પણ પ્રથમ મહાવ્રતનો ભંગ નહિ થાય, તેમજ પ્રકૃષ્ટ અવધિજ્ઞાની મહાત્માને વિહારાદિમાં થતી યોગજન્યવિરાધનાથી પણ તેનો ભંગ થઈ જશે, કારણકે

**णणु आभोगा इत्थं विरयाणं हुज्ज देसविरयत्तं ।**
**णेवं जं पडिपुन्ना पडिवत्ती सुत्तआणा य ॥५५॥**

( नन्वाभोगादत्र विरतानां भवेद्देशविरतत्वम् । नैवं यत्प्रतिपूर्णा प्रतिपत्तिः सूत्राज्ञा च ॥५५॥ )

**णणुत्ति** । नन्वत्र नद्युत्तारे जलजीवविराधनायामाभोगाद्विरतानां सर्वसंयमवतां देशविरतत्वं भवेत्, निश्चितेऽपि जलजीवघातेऽवस्थितस्य विरतिपरिणामस्याभ्युपगमे तस्य देशविरतिरूपस्यैव पर्यवसानाद्, निश्चितेऽपि जलजीवघाते तज्जीवविषयकविरतिपरिणामस्यानपायेन चारित्राखण्डताभ्युपगमे च सर्वेषामपि सम्यग्दृशां सर्वविरतिप्रतिपत्तौ न किञ्चिद्बाधकमिति देशविरत्युच्छेद एव स्यादिति भावः । **नैवं, यद्** यस्मात्कारणाद्विरतानां **प्रतिपूर्णा प्रतिपत्तिः** अष्टादशशीलाङ्गसहस्रग्रहणलक्षणा **सूत्राज्ञा च** । तेन न निश्चितायामपि जलजीवविराधनायां नद्युत्तारादौ

---

તે વિરાધના અવધિજ્ઞાનથી પ્રત્યક્ષ હોય છે. આમ આવી બધી આપત્તિઓ આવતી હોવાથી જણાય છે, કે નિર્દોષતામાં અનાભોગને હેતુ માનવો એ વાતમાં કોઇ માલ નથી. ॥ ૫૪ ॥ આ રીતે અનાભોગને હેતુ માની શકતો નથી એ વાત નક્કી થયે છતે, હવે એ બાબતમાં દલીલ કરવામાં થાકી ગયેલા પૂર્વપક્ષીને જે આપત્તિની શંકા રહ્યા કરે છે તેનું સમાધાન કરતાં ગ્રન્થકાર જણાવે છે.–

**ગાથાર્થ** :– શંકા– આમાં=નદી ઉતરવામાં જો આભોગ હોય તો એનાથી સાધુમાં દેશવિરતિપણું જ આવી જશે. **સમાધાન–ના**, એ નહિ આવે, કેમકે આભોગ હોવા છતાં પોતે સ્વીકારેલ સર્વવિરતિ અને સૂત્રઆજ્ઞા પરિપૂર્ણ રહે છે.

[ વિરાધનાનો આભોગ માનવામાં દેશવિરતિની આપત્તિ-નિરાકરણ ]

શંકા :– નદી ઉતરવામાં જળજીવવિરાધનાનો જો આભોગ હોય તો સર્વવિરતિધર સાધુઓ દેશવિરતિશ્રાવક જ બની જશે, કારણકે 'જળજીવઘાતનો નિશ્ચય હોવા છતાં પણ વિરતિપરિણામ ટકી શકે છે' એવું માનવામાં આવે તો તેને દેશવિરતિરૂપે પરિણમેલો જ માનવો પડે છે. તે પણ એટલા માટે કે 'આ પ્રવૃત્તિ કરવાથી જળજીવોની વિરાધના થશે' એવું જે પ્રવૃત્તિ માટે નિશ્ચિત થઇ ગયું હોય તે પ્રવૃત્તિ, 'મારે જળજીવોની પણ હિંસા કરવાની નથી' એવો જળજીવોની હિંસાથી અટકવાનો પરિણામ ટકયો ન હોય તો જ સંભવી શકે છે. અને એ જો ન ટકયો હોય તો સર્વવિરતિ પરિણામ પણ શી રીતે ટકે ? એટલે વિરતિ પરિણામને દેશવિરતિરૂપે પરિણામેલો માનવો પડે છે. 'તેવા નિશ્ચયની હાજરીમાં તે પ્રવૃત્તિ કરવા છતાં, જળજીવોની હિંસાથી અટકવાનો પરિણામ ટકી રહે છે અને તેથી સર્વવિરતિ પરિણામ (ચારિત્ર) અખંડિત રહે છે' એવું જો માનવામાં આવે તો આપત્તિ એ આવશે કે બધા સમ્યક્ત્વીઓને સર્વવિરતિ સ્વીકારવામાં કોઇ બાધક ન રહેવાથી દેશવિરતિગુણઠાણાનો ઉચ્છેદ જ થઇ જાય. કહેવાનો આશય એ છે કે ચારિત્રમોહનીયના ઉદયવાળા જીવોને તે ઉદયના કારણે ભોગાદિમાં પ્રવૃત્ત થવું પડે છે. વળી ભોગાદિપ્રવૃત્તિમાં જેનો પોતાને સમ્યક્ત્વાદિના બળે નિશ્ચય છે તેવા હિંસાદિ થાય છે. એટલે તેઓ તે હિંસાદિની પણ વિરતિથી સંકળાયેલ એવી સર્વવિરતિ સ્વીકારી શકતા નથી. હવે, તેવો નિશ્ચય હોવા છતાં તેવી

देशविरतत्वं, प्रतिपन्नसर्वविरतेः सूत्राज्ञयाऽखण्डनात् । न च प्रतिदिनकर्त्तव्यविचित्रोत्सर्गापवाद-गहनाष्टादशशीलाङ्गसहस्रप्रतिपत्तियोग्यतां स्वात्मन्यनिश्चित्यादित एव तत्प्रतिपत्तिर्युक्ता, इति तदधस्तनगुणस्थानयोग्यतया देशविरतिप्रतिपत्तिसंभवान्न तदुच्छेद इति भावः । इदं तु ध्येयं-निश्चयनयमतेनाष्टादशापि शीलाङ्गसहस्राण्यसङ्ख्येयात्मप्रदेशवत्परस्परनियतान्येवेत्येकस्यापि सुपरिशुद्धस्य शीलाङ्गस्य सत्त्वं शेषसद्भाव एव स्याद्, इति समुदितैरेव तैः सर्वविरतिसंभवः । तदुक्तं हरिभद्राचार्यैः—[पंचा० १४/१०-१२]-

[1]एत्थ इमं विण्णेयं अइदंपज्जं तु बुद्धिमंतेहिं । इक्कंपि सुपरिसुद्धं सीलंगं सेससब्भावे ॥
[2]एक्को वाऽऽयपएसोऽसंखेज्जपएससंगओ जह उ । एयं पि तहा णेयं सतत्तचाओ इहरहा उ ॥
[3]जम्हा समग्गमेयंपि सव्वसावज्जजोगविरई उ । तत्तेणेगसरूवं ण खंडरूवत्तणमुवेइ ॥

હિંસા કરવામાં પણ જો સર્વવિરતિ પરિણામ ટકી શકતો હોય તો તેઓ પણ સર્વવિરતિ શા માટે સ્વીકારી ન લે? કારણકે સર્વવિરતિની તાલાવેલી તો તેઓને હોય જ છે. પછી ભલેને ભોગાદિમાં પ્રવૃત્ત થઈ જીવઘાત કરવો પડે. !

**સમાધાન :–** આવી શંકા યોગ્ય નથી. કારણકે આભોગ હોવા છતાં નદી ઉતરવાની પ્રવૃત્તિ કરવામાં અઢારહજાર શીલાંગના ગ્રહણરૂપ પ્રતિપત્તિ અને સૂત્રાજ્ઞા પરિપૂર્ણ રહે છે. તેથી, જળજીવવિરાધના નિશ્ચિત હોવા છતાં, નદી ઉતરવામાં સ્વીકારેલ સર્વવિરતિનું સૂત્રાજ્ઞાથી (સૂત્રાજ્ઞા મુજબ ઉતરતા હોવાથી) ખંડન થતું ન હોવાથી દેશવિરતિપણું આવી જવાની આપત્તિ આવતી નથી. પ્રતિદિન કર્ત્તવ્ય તેમજ વિચિત્ર ઉત્સર્ગ અને અપવાદથી ગહન એવા અઢારહજાર શીલાંગનો સ્વીકાર કરવાની યોગ્યતાનો પોતાના આત્મામાં નિશ્ચય કર્યા વગર પહેલેથી એ શીલાંગનો સ્વીકાર કરી લેવો એ યોગ્ય નથી. તેથી તેવી ઊંચી યોગ્યતા પ્રગટ ન થઈ હોય અને નીચેના ગુણઠાણાયોગ્ય યોગ્યતા પ્રગટ થયેલ હોય તો તે યોગ્યતા મુજબ દેશવિરતિનો સ્વીકાર પણ સંભવિત રહે જ છે. માટે તેનો ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવતી નથી. આ વાત ખાસ વિચારવા યોગ્ય છે કે— જેમ અસંખ્ય આત્મ પ્રદેશો પરસ્પર નિયત છે (અર્થાત્ એક હોય તો શેષ સઘળા હોય જ અને શેષ સઘળા હોય તો જ એક પણ હોય) તેમ નિશ્ચયનયમતે અઢારે હજાર શીલાંગો પરસ્પર નિયત જ છે. તેથી શેષ શીલાંગોની હાજરીમાં જ એક પણ સુપરિશુદ્ધ =નિરતિચાર શીલાંગ ટકી શકે છે. માટે તે બધા સમુદિત જ હોય છે, અને એ સમુદિત શીલાંગોથી જ સર્વવિરતિ સંભવે છે. માટે તો યોગ–કરણ વગેરે પદોમાંથી બે વગેરેના સંયોગથી થતાં ભાંગાથી સર્વવિરતિ ન કહેતા સર્વપદોના સંયોગથી થયેલ છેલ્લા ભાંગાના જ આ અઢારહજાર ભાંગાથી સર્વવિરતિનો સ્વીકાર કર્યો છે. તેથી એકપણ શીલાંગનો જો ભંગ થાય તો સર્વ શીલાંગનો અભાવ જ થઇ જાય છે. અને તેથી સર્વવિરતિ ટકી શકતી નથી. **શ્રી હરિભદ્રસૂરિમહારાજે પંચાશક** (૧૪/૧૦-૧૨) માં કહ્યુ છે કે—

૧. अत्रेदं विज्ञेयमैदंपर्यं तु बुद्धिमद्भिः । एकमपि सुपरिशुद्धं शीलाङ्गं शेषसद्भावे ॥
२. एकोप्यात्मप्रदेशोऽसंख्येयप्रदेशसंगतो यथा तु । एतदपि तथा ज्ञेयं स्वतत्त्वत्याग इतरथा तु ॥
३. यस्मात्समग्रमेतदपि सर्वसावद्ययोगविरतिस्तु । तत्त्वेनैकस्वरूपं न खण्डरूपत्वमुपैति ॥

व्यवहारनयमते त्वेकाद्यङ्गभङ्गेऽपि सञ्ज्वलनोदयस्य चरणैकदेशभङ्गहेतुत्वादपरशीलाङ्गसद्भावादवशिष्टप्रतिपन्नचारित्रसद्भावान्न देशविरतत्वं, न हि पर्वतैकदेशलोष्ट्वाद्यपगमेऽपि पर्वतस्य लोष्टुत्वमापद्यते, मूलभङ्गे तु चारित्रभङ्ग एव । अत एव, यो मन्यते 'लवणं भक्षयामि' इति, तेन 'मनसा न करोत्याहारसंज्ञाविहीनो रसनेन्द्रियसंवृतः पृथिवीकायसमारंभं मुक्तिसंपन्नः' इत्येकतद्भङ्गः कृतः । ततस्तद्भङ्गेन (तद्भङ्गे च प्रतिक्रमणप्रायश्चित्तेन शुद्धिः स्यात्, अन्यथा मूलेनैव स्यादिति । न च तद्भक्षणेऽपि (तदङ्गक्षयेऽपि) शेषाङ्गसत्त्वान्न मूलापत्तिरिति शङ्कनीयं, मण्डपशिलादृष्टान्तेनैकस्यापि गुरुदोषस्य मूलनाशकत्वाभ्युपगमात् । इदं च शीलाङ्गान्यूनत्वं भावविरतिमपेक्ष्य द्रष्टव्यं, न तु बाह्यामपि प्रवृत्तिमपेक्ष्य, यतः सा परतन्त्रस्य स्वतन्त्रस्य वा

---

**[૧૮૦૦૦ શીલાંગો અંગે નિશ્ચયનયમત]**

"આ બાબતમાં બુદ્ધિમાનોએ તાત્પર્ય આ જાણવું કે એક પણ શીલાંગ, શેષ સઘળાં શીલાંગોની હાજરી હોય તો જ સુપરિશુદ્ધ હોય છે. જેમ એક પણ આત્મપ્રદેશ અન્ય અસંખ્ય પ્રદેશોથી યુક્ત જ હોય છે તેમ આ શીલાંગ પણ અન્ય સઘળાં શીલાંગોથી યુક્ત જ હોય છે. જો સ્વતંત્ર એક શીલાંગ હોય તો તે સર્વવિરતિનો ન કહેવાય, કારણ કે એમાં સર્વવિરતિનું સ્વસ્વરૂપ (અઢાર હજાર શીલાંગસ્વીકારરૂપ) હોતું નથી: જો કોઈ એમ કહે કે અહીં એકાદિ પ્રદેશહીન આત્મા છે તો તે ખરેખર આત્મા સંભવતો નથી તેમ અઢારહજારમાંથી એકાદિ શીલાંગ ન્યૂન હોય તો સર્વવિરતિ ચારિત્ર ન જ હોય. આ સમગ્ર ભાંગાઓ સર્વસાવદ્યયોગવિરતિ રૂપ છે. તેથી તે તત્ત્વતઃ એક હોઈ તેના ખંડ થઈ શકતા નથી." આમ **નિશ્ચયનયમુજબ** વિચારીએ તો જણાય છે કે જળજીવોના આભોગ પૂર્વક નદી ઉતરવામાં જો અપ્કાયસંબંધી એક પણ શીલાંગનો અભાવ થતો હોય તો તો સર્વશીલાંગોનો અભાવ જ થઈ જવાથી અવિરતિ જ આવી જાય. અને જો એકનો પણ વાસ્તવમાં અભાવ થતો ન હોય તો બધા જ શીલાંગ ટકી રહેતા હોઈ સર્વવિરતિ જ ઊભી રહે. માટે દેશવિરતિપણું આવવાની તો આપત્તિ રહેતી જ નથી.

**[૧૮૦૦૦ શીલાંગો અંગે વ્યવહારનયમત]**

**વ્યવહારનયમતે** તો કોઇ એક વગેરે શીલાંગ ભાંગવામાં પણ ચારિત્રનો એક દેશ જ ભાંગે છે, કારણ કે એ શીલાંગભંગ જેનાથી થાય છે તે સંજ્વલનનો ઉદય ચારિત્રના એક દેશના ભંગનો જ હેતુ છે. તેથી અન્યશીલાંગોની હાજરીના કારણે શેષ સ્વીકારેલ ચારિત્ર હાજર રહેતું હોઇ દેશવિરતપણું આવી જતું નથી. પર્વતના એકદેશભૂત પથરો દૂર થવા માત્રથી કંઇ પર્વત પથરારૂપ (દેશરૂપ) બની જતો નથી. પણ મૂળ (મૂળગુણ) ભાંગવામાં તો આ મતે પણ ચારિત્રભંગ થઇ જ જાય છે. એકાદ શીલાંગનો ભંગ આ રીતે–'હું મીઠું ખાઉ" એવું જે વિચારે છે તેણે 'આહારસંજ્ઞા રહિત રસનેન્દ્રિયથી સંવૃત (સંવરવાળો) મુક્તિથી (નિર્લોભતા=સંતોષથી) સંપન્ન રહીને મનથી પૃથ્વીકાય સમારંભ કરવો નહિ' એવા એક શીલાંગનો ભંગ કર્યો. આ રીતે એકાદિ શીલાંગ ભાંગવાથી આ નયમુજબ ચારિત્રનો એક દેશ ખંડિત થતો હોવાથી જ પ્રતિક્રમણ વગેરે પ્રાયશ્ચિત્તમાત્રથી તેની શુદ્ધિ થઈ જાય છે, અન્યથા (એટલે કે શેષ સઘળા શીલાંગોનો પણ જો તેમાં અભાવ થઇ જતો હોય અને તેથી ચારિત્ર જ નાશ પામી જતું હોય તો) મૂલપ્રાયશ્ચિત્તથી જ તેની શુદ્ધિ થાય. "મીઠું ખાવા છતાં પણ (તે અંગનો ક્ષય થયો

पुष्टालंबनदशायांस्वतन्त्रभङ्गेच्छारूपाविरतिभावं विना द्रव्यहिंसादिकारिण्यपि स्यादेव, न च तया सर्वार्थानभिष्वङ्गस्य भावविरतिबाधनं, उत्सूत्रा तु प्रवृत्तिर्बाधत एव विरतिभावं, केवलं सा गीतार्थप्रज्ञापनायोग्या निरनुबन्धा, अभिनिवेशवती तु न मूलच्छेद्यातिचारजातमन्तरेण स्याद्, इति गीतार्थस्य तन्निश्रितस्य वाऽऽज्ञापरतंत्रस्योत्सूत्रप्रवृत्तिरहितस्याष्टादशशीलाङ्गसहस्रमयो सर्वविरतिपरिणामः पूर्णो भवति, बाह्यप्रवृत्तिपूर्णतामात्रं त्वत्रातन्त्रमिति । तदुक्तं [पंचा० १४/१३–२३]–

[1]एयं च एत्थ एवं विरईभावं पडुच्च दट्ठव्वं । ण उ बज्झंपि पवित्तिं जं सा भावं विणावि भवे ॥

[2]जह उस्सग्गंमि ठिओ खित्तो उदगंमि केणइ तवस्सी । तव्वहपवित्तकाओ अचलियभावोऽपवित्तो उ ॥

હોવા છતાં પણ) અન્યઅંગો અક્ષત રહ્યા હોવાથી મૂલપ્રાયશ્ચિત્ત આવતું નથી" એવી શંકા ન કરવી, કેમકે એક પણ ગુરુદોષ ચારિત્રનો મૂલથી નાશક છે એવું મંડપશિલા દૃષ્ટાન્તથી શાસ્ત્રકારોએ માન્યું છે. અર્થાત્ આ શીલાંગભંગ જો ઉત્તરગુણના અતિચારરૂપ ન બનતાં ગુરુદોષરૂપ જ બનતો હોય તો તો એ સંયમનો મૂલથી નાશક હોવાથી મૂલપ્રાયશ્ચિત્ત આવે જ.

[શીલની અખંડિતતામાં અપેક્ષા ભાવવિરતિની, નહિ કે બાહ્યપ્રવૃત્તિની]

વળી અહીં જે શીલની અખંડિતતા કહી છે તે ભાવવિરતિની અપેક્ષાએ જ જાણવી, નહિ કે બાહ્યપ્રવૃત્તિની અપેક્ષાએ પણ. કારણ કે બાહ્યપ્રવૃત્તિ તો, પરતંત્રપણે કે પુષ્ટઆલંબન વખતે સ્વતંત્રપણે, સ્વતંત્રરીતે (પુષ્ટઆલંબનને વશ થઈને નહિ) તે તે અંગને ભાંગવાની ઇચ્છારૂપ જે અવિરતિભાવ છે તેના વિના (પણ) દ્રવ્યહિંસા વગેરે કરનારી પણ બને જ છે. આ પ્રવૃત્તિથી સર્વપદાર્થોમાં અનાસક્ત સાધુની ભાવવિરતિનો બાધ થતો નથી. જ્યારે સ્વમતિઅનુસારે નિર્દોષ માનેલી સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિથી તો વિરતિભાવનો બાધ થાય જ છે. પણ એમાં પણ વિશેષતા એ જાણવી કે એ ઉત્સૂત્રપ્રવૃત્તિ બે પ્રકારે છે. (૧) પ્રજ્ઞાપનીય=અન્ય ગીતાર્થ રોકે કે 'આ પ્રવૃત્તિ સૂત્ર વિરુદ્ધ છે, માટે તમે ન કરો' તો એમની વાતનો સ્વીકાર કરનાર સાધુની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ. (૨) તે સિવાયના સાધુની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ એ અપ્રજ્ઞાપનીય, આમાંથી પ્રજ્ઞાપનીય પ્રવૃત્તિ નિરનુબંધ હોય છે. અર્થાત્ અટકાવી શકાય તેવી (અથવા અશુભકર્મના અનુબંધ રહિત) હોય છે. કારણ કે તેને કરનાર સાધુમાં અભિનિવેશ હોતો નથી. અપ્રજ્ઞાપનીયપ્રવૃત્તિ અતત્ત્વના અભિનિવેશ (કદાગ્રહ) વાળી હોઈ સાનુબંધ (અટકાવી ન શકાય તેવી કે અશુભ અનુબંધ વાળી) હોય છે. આ અપ્રજ્ઞાપનીય પ્રવૃત્તિ મૂલથી ચારિત્રનો છેદ કરી નાખે તેવા પ્રકારના અતિચાર વિના થતી નથી. અર્થાત્ તેનાથી સર્વવિરતિનો બાધ થઈ જાય છે. ગીતાર્થ અને તેની નિશ્રામાં રહેલ આજ્ઞાપરતંત્ર અગીતાર્થ સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા ન હોવાથી (કે કરતા હોય તો અન્યથી રોકાતા હોવાથી) ઉત્સૂત્રપ્રવૃત્તિ રહિત હોય છે. અને તેથી તેઓને અઢારહજાર શીલાંગમય સર્વવિરતિપરિણામ સંપૂર્ણ હોય છે, ખંડિત થતો નથી. પછી અપવાદપદે બાહ્યપ્રવૃત્તિ ભલે કદાચ હિંસાદિ કરનારી હોય. માટે માત્ર બાહ્યપ્રવૃત્તિની પૂર્ણતા આ શીલાંગોની પૂર્ણતા કે ન્યૂનતામાં (અને તેથી સર્વવિરતિ

१. एतच्चात्रैवं विरतिभावं प्रतीत्य द्रष्टव्यम् । न तु बाह्यामपि प्रवृत्तिं यत्सा भावं विनापि भवेत् ॥

२. यथा कायोत्सर्गे स्थितः क्षिप्त उदके केनचित्तपस्वी । तद्वधप्रवृत्तकायोऽप्यचलितभावोऽप्रवृत्तस्तु ॥

[3]एवं चिय मज्झत्थो आणाओ कत्थई पयट्टंतो। सेहगिलाणादट्ठा अपवत्तो चेव णायव्वो ॥
[4]आणापरतंतो सो सा पुण सव्वन्नुवयणओ चेव। एगंतहिया वेज्जगणाएणं सव्वजीवाणं ॥
[5]भावं विणावि एवं होइ पवित्ती ण बाहए एसा। सव्वत्थ अणभिसंगा विरईभावं सुसाहुस्स ॥
[6]उस्सुत्ता पुण बाहइ समइविअप्पसुद्धा वि णियमेण। गीयणिसिद्धपवज्जणरूवा णवरं णिरणुबंधा ॥
[7]इहरा उ अभिणिवेसा इयरा न य मूलछेज्जविरहेण। होएसा एत्तो च्चिय पुव्वायरिया इमं चाहु ॥
[8]गीयत्थो अ विहारो बीओ गीयत्थमीसिओ चेव। इत्तो तइअविहारो णाणुन्नाओ जिणवरेहिं ॥
[9]गीयस्स ण उस्सुत्ता तज्जुत्तस्सेयरस्स वि तहेव। णियमेणं चरणवं जं ण जाउ आणं विलंघेइ ॥
[10]ण य तज्जुत्तो (गीयत्थो) अण्णं न णिवारए जोग्गयं मुणेऊणं। एवं दोण्ह वि चरणं परिसुद्धं अण्णहा चेव ॥
[11]ता एवं विरतिभावो संपुन्नो एत्थ होइ णायव्वो। णियमेणं अट्ठारससीलंगसहस्सरूवो उ ॥ त्ति।

---

ટકવા કે ન ટકવામાં) ભાગ ભજવતી નથી, કેમકે આંતરિક વિરતિપરિણામ વિના પણ કોઇ અભવ્યાદિની બાહ્ય પ્રવૃત્તિ પરિપૂર્ણ હોવી સંભવે છે. અને તેવા પરિણામવાળાની પણ કયારેક બાહ્ય પ્રવૃત્તિ પૂર્ણ ન હોય તેવું બને છે. પંચાશક (૧૪/૧૩ થી ૨૩)માં કહ્યું છે કે—

"પ્રસ્તુતમાં શીલનું અન્યૂનત્વ વિરતિભાવને આશ્રીને જાણવું, નહિ કે બાહ્ય પ્રવૃત્તિને આશ્રીને પણ. કેમકે તે તો આંતરિક અવિરતિના ભાવ વિના પણ સંભવે છે. જેમકે કાઉસ્સગ્ગમાં રહેલા સાધુને કોઇએ પાણીમાં નાખી દીધો. તો તેની કાયા અપ્કાયજીવોની હિંસામાં પ્રવૃત્ત હોવા છતાં સમભાવના (કે વિરતિભાવના) પરિણામથી ચલિત થયા ન હોવાથી તે સાધુ પરમાર્થથી હિંસામાં પ્રવૃત્ત નથી. સમભાવમાં રહેલો સાધુ આપ્તવચનરૂપ આજ્ઞાથી કયારેક નવદીક્ષિત, ગ્લાન, આચાર્ય વગેરે માટે દ્રવ્યહિંસામાં પ્રવૃત્ત બનવા છતાં પરમાર્થથી હિંસામાં અપ્રવૃત્ત જ જાણવો. કેમકે તે સાધુ આજ્ઞાને આધીન છે, અને તે આજ્ઞા સર્વજ્ઞની હોવાથી જ વૈદ્યના દૃષ્ટાન્ત મુજબ સર્વજીવોનું એકાન્તે હિત કરનારી છે. અવિરતિના પરિણામ ન હોવા છતાં આજ્ઞા પરતંત્રતાથી આવી પ્રવૃત્તિ થાય છે. એ પ્રવૃત્તિ દ્રવ્ય, ક્ષેત્ર વગેરેમાં પ્રતિબંધ (રાગભાવ) રહિત હોવાથી સુસાધુના વિરતિભાવને ખંડિત કરતી નથી. સ્વમતિ કલ્પનાથી શુદ્ધ (નિર્દોષ) એવી પણ ઉત્સૂત્ર (સૂત્રવિરુદ્ધ) પ્રવૃત્તિ વિરતિપરિણામને અવશ્ય ખંડિત કરે છે. પણ એ જો ગીતાર્થે કરેલ નિષેધના સ્વીકારથી અટકે તેવી હોય તો નિરનુબંધ (પ્રજ્ઞાપનીય) જાણવી. અભિનિવેશના કારણે, જો એ અટકે તેવી ન હોય તો સાનુબંધ =અપ્રજ્ઞાપનીય જાણવી. એ મૂલચ્છેદ્ય અતિચાર વિના થતી નથી. તેથી જ તો પૂર્વાચાર્ય (શ્રી ભદ્રબાહુ સ્વામી) એ આ પ્રમાણે કહ્યું છે કે-શ્રી જિનેશ્વરોએ ગીતાર્થોનો કે ગીતાર્થની નિશ્રાવાળા અગીતાર્થોનો એમ બે પ્રકારે વિહાર કહ્યો છે. પણ એના કરતાં જુદો (માત્ર એક કે અનેક અગી-

---

३. एवमेव मध्यस्थ आज्ञातः क्वचित्प्रवर्त्तमानः। शैक्षग्लानाद्यर्थमप्रवृत्त एव ज्ञातव्यः ॥
४. आज्ञापरतन्त्रः सः सा पुनः सर्वज्ञवचनतश्चैव। एकान्तहिता वैद्यकज्ञातेन सर्वजीवानाम् ॥
५. भावं विनाप्येवं भवति प्रवृत्तिर्न बाधते एषा। सर्वत्रानभिष्वङ्गाद् विरतिभावं सुसाधोः ॥
६. उत्सूत्रा पुनर्बाधते स्वमतिविकल्पशुद्धापि नियमेन। गीतार्थनिषिद्धप्रपदनरूपा नवरं निरनुबंधा ॥
७. इतरथा त्वभिनिवेशादितरान्न च मूलच्छेद्यविरहेण। भवत्येषाऽत एव पूर्वाचार्या इदं चाहुः ॥
८. गीतार्थश्च विहारो द्वितीयो गीतार्थमिश्रितश्चैव। इतस्तृतीयो विहारो नानुज्ञातो जिनवरैः ॥
९. गीतार्थस्य नोत्सूत्रा तद्युक्तस्येतरस्य च तथैव। नियमेन चरणवान् यन्न जात्वाज्ञां विलङ्घयति ॥
१०. न च तद्युक्तोऽन्यं न निवारयति योग्यतां ज्ञात्वा। एवं द्वयोरपि चरणं परिशुद्धमन्यथा नैव ॥
११. तस्मादेवं विरतिभावः संपूर्णोऽत्र भवति ज्ञातव्यः। नियमेनाष्टादशशीलाङ्गसहस्ररूपस्तु ॥

ततो नद्युत्तारादावुत्सूत्रप्रवृत्त्यभावादाज्ञाशुद्धस्य साधोर्न सातिचारत्वमपीति कुतस्तरां देशविरतत्वम् ? तदेवं नद्युत्तारेऽन्यत्र वाऽपवादपदे भगवदाज्ञया द्रव्याश्रवप्रवृत्तावपि न दोषत्वमिति स्थितम् । एवं चात्र विहितानुष्ठानेऽनुबन्धतोऽहिंसात्वेन परिणतायां द्रव्यहिंसायामपि भगवदाज्ञैव प्रवृत्तिहेतुरिति संपन्नं, आज्ञातः क्वचिद् द्रव्यहिंसादौ प्रवर्त्तमानोऽप्यप्रवृत्त इति पञ्चाशकवृत्तिवचनात् । यत्तूच्यते परेण—नद्युत्तारादौ जलजीवविराधनानुज्ञा किं साक्षादादेशरूपा, उत कल्प्यताभिव्यञ्जिता ? नाद्यः, 'स साधुर्जीवविराधनां करोतु' इत्यादिरूपेण केवलिनो वाक्प्रयोगाऽसंभवात् । यदुक्तं '[1]अरिहंता भगवंतो' (उप०मा० ४४८) इत्यादि । अत एव दीक्षां जिघृक्षताऽपि विज्ञप्तो भगवान् 'जहासुहं' इत्येवोक्तवान्, न पुनः 'त्वं गृहाण' इत्यादि । यत्तु क्रियाकालेऽभ्यर्थितो भगवानादेशमुखेनाप्यनुज्ञां ददाति, तत्रानुज्ञायाः फलवत्त्वेन भाषाया

તાર્થોનો) વિહાર કહ્યો નથી. આના પરથી જણાય છે કે ગીતાર્થ કે ગીતાર્થયુક્ત અગીતાર્થની સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ ન થાય. કારણ કે ગીતાર્થચારિત્રી અવશ્ય ક્યારેય પણ આપ્તવચનનું ઉલ્લંઘન કરતા નથી. તેમજ આજ્ઞાયુક્ત ચારિત્રી (ગીતાર્થ) અન્ય યોગ્ય સાધુને સૂત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતા જાણે તો રોકે છે. આમ બન્નેનું ચારિત્ર નિર્દોષ હોય છે. અન્યથા=આ સિવાયના ત્રીજા વિહારમાં તેવું સંભવતું નથી. આમ 'આજ્ઞાપરતંત્રની બાહ્યપ્રવૃત્તિ વિરતિને ખંડિત કરતી નથી' એ નિયમથી પ્રસ્તુતમાં સર્વવિરતિનો સંપૂર્ણભાવ નિયમા અઢાર હજાર શીલાંગરૂપ જાણવો."

[ વિહિતાનુષ્ઠાનીય દ્રવ્યહિંસામાં જિનાજ્ઞા જ પ્રવર્ત્તક ]

આમ, ભગવાનની આજ્ઞામુજબ નદી ઉતરવામાં ઉત્સૂત્રપ્રવૃત્તિ ન હોવાથી આજ્ઞાશુદ્ધ સાધુને અતિચાર પણ લાગતો નથી તો એ દેશવિરત બની જવાની તો વાત જ ક્યાં ? આ રીતે એ વાત નક્કી થઇ કે નદી ઉતરવામાં કે બીજી આપવાદિક પ્રવૃત્તિમાં ભગવાનની આજ્ઞાથી દ્રવ્યહિંસાવગેરેરૂપ દ્રવ્યઆશ્રવમાં સાધુ પ્રવૃત્ત થાય તો પણ એને દોષ લાગતો નથી. તેમજ 'આજ્ઞાથી ક્યાંક દ્રવ્યહિંસા વગેરેમાં પ્રવર્ત્તતો પણ સાધુ અપ્રવૃત્ત જ છે' ઇત્યાદિ **પંચાશકવૃત્તિના** વચનથી એ પણ નક્કી થયું છે કે વિહિત અનુષ્ઠાનમાં થતી અને અનુબંધથી (પરિણામે) અહિંસાતરીકે પરિણમતી દ્રવ્યહિંસામાં પણ ભગવાનની આજ્ઞા જ પ્રવૃત્તિનો હેતુ બને છે. અર્થાત્ દ્રવ્યહિંસા કરનારી તે પ્રવૃત્તિ ભગવાનની આજ્ઞાથી જ થઇ હોય છે.

[ આપવાદિક હિંસાની આદેશરૂપે જિનાજ્ઞા અસંભવિત-પૂ૦ ]

**પૂર્વપક્ષ :–** નદી ઉતરવા વગેરેમાં થતી જળજીવવિરાધનારૂપ દ્રવ્યહિંસામાં સાધુ ભગવાનની આજ્ઞાથી પ્રવર્તે છે એવું કહેવું એ અયોગ્ય છે, કારણકે ભગવાન જળજીવવિરાધનાની અનુજ્ઞા આપે એ વાત સંભવતી નથી. તે આ રીતે–ભગવાને એની જો અનુજ્ઞા આપી તો એ સાક્ષાત્ આદેશરૂપે આપી હોય કે કલ્પ્યતાથી અભિવ્યંજિત કરેલી હોય ? સાક્ષાત્ આદેશરૂપે સંભવતી નથી, કારણકે 'તે સાધુ જીવવિરાધના કરે' 'તું કર' ઇત્યાદિ વચનપ્રયોગ કેવળીઓ કરે એ સંભવતું નથી. **ઉપદેશમાળામાં** કહ્યું છે કે (૪૪૮) "અરિહંત ભગવંતો માણસને બળાત્કારે હાથથી પકડીને કોઈ અહિતમાંથી વારતા નથી કે હિતમાં પ્રવર્ત્તાવતા નથી." તેથી જ દીક્ષાનો અભિલાષુક દીક્ષા લેવાનું પણ પૂછે તો ભગવાન 'जहा सुहं' 'જેમ તને સુખ ઉપજે તેમ (કર)' ઇત્યાદિ જ કહે છે. નહિ કે 'તું ગ્રહણ

१. अरिहंता भगवंतो अहि अं व हिअंव नवि इह किं चि। वारिंति कारवेंति अ घित्तूण जणं बला हत्थे ॥

निरवद्यत्वात् । नापि द्वितीयः, यतः कल्प्यता नद्युत्तारस्येष्टफलहेतुत्वेनैव स्यात्, इष्टफलं सहेतुत्वं (इष्टफलहेतुत्वं) च नद्युत्तारस्य यतनाविशिष्टस्यैव भणितं, अयतनाविशिष्टस्य तु तस्य प्रतिषेध एवेत्ययतनाजन्यजीवविराधनयैव नद्युत्तारोऽप्यनिष्टफलहेतुत्वेनाकल्प्यो भणितः, इति 'जलजीवविराधनाविशिष्टो नद्युत्तारः केवलिनाऽनुज्ञातः' इति वक्तुमप्ययुक्तम् । न च 'यतनया नदीमुत्तरतः साधोरनाभोगजन्याशक्यपरिहारेण या जलजीवविराधना साऽनुज्ञाते'त्युच्यत इति वाच्यं, तस्यामनुज्ञाया अनपेक्षणान्निष्फलत्वाद्, ज्ञातेऽपि प्रायश्चित्तानुपपत्तिप्रसक्तेश्च, जिनाज्ञया कृतत्वात् ।

---

કર' ઈત્યાદિ (કારણકે એમ કહે અને કદાચ કોઈ કારણુસર તે દીક્ષા લઈ ન શકે તો ભાષા નિષ્ફળ બનવાથી સાવદ્ય બને). દીક્ષાગ્રહણાદિની ક્રિયા વખતે લેનારે માંગેલ આદેશના જવાબરૂપે ભગવાન્ આદેશ દ્વારા જે અનુજ્ઞા આપે છે તે પણ ત્યાં અનુજ્ઞા તે આદેશના સ્વીકારાદિરૂપે સફળ બનતી હોઈ ભાષા નિરવદ્ય રહેતી હોવાથી જ....માટે જણાય છે કે કેવળીઓ સામાન્યથી સાક્ષાત્ આદેશ રૂપ વાકયપ્રયોગ કરતા નથી.

[ કલ્પ્યતાભિવ્યંજિત રૂપે પણ અસંભવિત-૫૦ ]

"જીવવિરાધનાની અનુજ્ઞા કલ્પ્યતાથી અભિવ્યક્ત થાય છે અર્થાત્ ભગવાને તેની સાક્ષાત્ અનુજ્ઞા ન આપી હોય, પણ 'કલ્પ્ય' તરીકે કહ્યું હોય તો તેનાથી 'ભગવાનની તેમાં અનુજ્ઞા છે' એમ અભિવ્યક્ત થાય છે" એવી માન્યતાવાળો બીજો પક્ષ પણ અયોગ્ય છે. કેમકે એ કલ્પ્યતારૂપ અભિવ્યંજકનો જ અભાવ હોઈ તેનાથી અભિવ્યંજિત થનાર અનુજ્ઞા અસંભવિત રહે છે. એ કલ્પ્યતાનો અભાવ એટલા માટે છે કે નદ્યુત્તારમાં જો કલ્પ્યતા હોય તો ઈષ્ટફળ હેતુ તરીકે જ હોય. અર્થાત્ નદ્યુત્તાર જો ઈષ્ટફળનો હેતુ બનતો હોય તો જ કલ્પ્ય બને. હવે જે નદ્યુત્તાર જયણાયુક્ત હોય તેને જ ઈષ્ટફળનો હેતુ હોવો આગમમાં કહ્યો છે. અજયણાવાળા નદ્યુત્તારનો તો આગમમાં નિષેધ જ કર્યો છે. [અહીં જયણાયુક્ત નદ્યુત્તાર વગેરેમાં જયણા એટલે 'એક પગ પાણીમાં મૂકી બીજો અદ્ધર આકાશમાં રાખવો....' ઈત્યાદિરૂપ જાણવી અને ઈષ્ટફળ તરીકે પાપકર્મબંધનો અભાવ વગેરે જાણવો. જેઓ આવી જયણા કરી શકતા નથી તેઓનો અજયણાયુક્ત નદ્યુત્તાર અનિષ્ટફળનો હેતુ હોઈ અકલ્પ્ય છે. (એટલે આગમમાં अजयं चरमाणो उ...ઈત્યાદિ રૂપે તેનો પ્રતિષેધ જ કર્યો છે)] આમ અયતનાજન્ય જીવવિરાધનાના કારણે જ નદ્યુત્તારને પોતાને પણ, તે અનિષ્ટ ફળનો હેતુ હોઈ અકલ્પ્ય કહ્યો છે. તેથી 'જળજીવવિરાધનાયુક્ત નદ્યુત્તાર (કલ્પ્ય છે અને તેથી) કેવલીથી અનુજ્ઞાત છે' એવું તો બોલવું પણ યોગ્ય નથી. 'અરે ! અમે જે નદ્યુત્તારમાં થતી જળજીવવિરાધનાને કેવલીથી અનુજ્ઞાત હોવી કહીએ છીએ તે અજયણાથી થતા નદ્યુત્તારાદિમાં થતી વિરાધનાને નહિ, કિન્તુ જયણાપૂર્વક થતા નદ્યુત્તારમાં અનાભોગજન્યઅશકય પરિહાર રૂપે થતી જીવવિરાધનાને અનુજ્ઞાત કહીએ છીએ' એવી શંકા ન કરવી, કારણકે તે વિરાધનામાં તો અનુજ્ઞાની અપેક્ષા જ ન હોઈ (એ વિરાધનાનો પરિહાર અશકય હોઈ કદાચ અનુજ્ઞા ન હોત તો પણ એ તો થવાની જ હતી) અનુજ્ઞા નિષ્ફળ થવાની આપત્તિ આવે. વળી અનાભોગના બદલે

एवमन्यत्रापि कल्प्यताऽकल्प्यता च फलद्वारा साक्षाद्वोक्ताऽवसातव्या, परं सर्वत्रापि वस्तुस्वरूपनिरूपणोपदेशेन, न पुनः क्वाप्यादेशेनापि । अयं भावः–जिनोपदेशो हि सम्यग्दृशां वस्तुस्वरूपपरिज्ञानार्थमेव भवति । तत्र वस्तुनः स्वरूपं हेयत्वज्ञेयत्वोपादेयत्वभेदेन त्रिधा । तत्र किञ्चिद्वस्तु जीवघाताद्याश्रवभूतं हेयं, दुर्गतिहेतुत्वात् । किञ्चिच्च जीवरक्षादि संवररूपमुपादेयं, सुगतिहेतुत्वात् । किञ्चिच्च स्वर्गनरकादिकं ज्ञेयमेव, उभयस्वभावविकलत्वात् । यत्तु ज्ञातं सर्वमपि वस्तु सुगतिहेतुस्तत्र "[1]सविशेषणे." इत्यादिन्यायेन ज्ञानस्यैव प्राधान्यं, तच्चोपादेयान्तर्भूतमवसातव्यम् । एवं च किञ्चिदेकमेव वस्तु विशेषणाद्यपेक्षया त्रिप्रकारमपि भवति । यथैकैव गमनक्रिया जीवघातादिहेतुत्वेनाऽयतनाविशिष्टा साधूनां हेयैव, हेयत्वेन चाकल्प्यैव, तथा सैव क्रिया जीवरक्षादिहेतुत्वेन यतनाविशिष्टा साधूनामुपादेया, उपादेयत्वेन च कल्प्या, उभयविशेषणरहिता तु ज्ञेयैव । एवं धार्मिकानुष्ठानमात्रे वक्तव्ये सविशेषणे. इत्यादिन्यायेन

કદાચ વિરાધનાનો આભોગ થઈ જાય તો તો તેનું પ્રાયશ્ચિત્ત લેવું આવશ્યક બને. પણ એ પણ આ રીતે તો અસંગત બની જાય છે, કારણ કે તમારા અભિપ્રાય મુજબ એ વિરાધના જિનાજ્ઞાથી કરેલ છે. જિનાજ્ઞાથી કરેલ ચીજનું કાંઇ પ્રાયશ્ચિત્ત હોતું નથી. તેથી વિરાધનાની અનુજ્ઞા માની શકાતી નથી.

( જિનોપદેશ માત્ર વસ્તુસ્વરૂપની જાણકારી માટે જ–પૂ૦ )

આમ ઈષ્ટફળ કે અનિષ્ટફળના ઉપદર્શન દ્વારા જે કલ્પ્યત્વ કે અકલ્પ્યત્વ શાસ્ત્રમાં કહ્યું છે તે બતાવ્યું. એમ જ્યાં ફળદ્વારા તે દર્શાવાયું ન હોય ત્યાં સાક્ષાત્ કહેલું હોવું જાણવું. જેમકે પર્યુષણાકલ્પમાં કહ્યું છે કે 'એક પગ પાણીમાં બીજો આકાશમાં...એ રીતે રાખીને જે નદી વગેરેને પસાર કરી શકે તે નદી ઉતરીને ચારે બાજુ સવાયોજન જેટલું ભિક્ષા માટે જઇ પાછા ફરવું કલ્પે.' પણ આ ફળદ્વારા કહેલ કલ્પ્યતા કે અકલ્પ્યતા પણ વસ્તુસ્વરૂપનું નિરૂપણ કરનાર ઉપદેશથી જ જણાવેલ હોય છે, નહિ કે કયાંય પણ 'તું આ કર' 'તારે આ કરવું' ઇત્યાદિરૂપ આદેશથી. આ તાત્પર્ય છે–જિનોપદેશ સમ્યક્ત્વીઓને વસ્તુસ્વરૂપનું પરિજ્ઞાન થાય એ માટે જ હોય છે. એમાં વસ્તુનું સ્વરૂપ ત્રણ પ્રકારે હોય છે–હેયત્વ, ઉપાદેયત્વ અને જ્ઞેયત્વ. જીવઘાત વગેરે રૂપ આશ્રવભૂત કેટલીક વસ્તુ દુર્ગતિના હેતુભૂત હોઈ હેય હોય છે. જીવરક્ષા વગેરે સંવરરૂપ કેટલીક વસ્તુઓ સુગતિના હેતુભૂત હોઈ ઉપાદેય હોય છે. અને સ્વર્ગ–નરકાદિ રૂપ કેટલીક વસ્તુ માત્ર જ્ઞેય જ હોય છે, કેમકે હેયત્વ–ઉપાદેયત્વ (કે દુર્ગતિહેતુત્વ–સુગતિહેતુત્વ) રૂપ ઉભયસ્વભાવ રહિત હોય છે. વળી જ્ઞાત (જણાયેલ) સ્વર્ગનરકાદિ સર્વવસ્તુઓ જે સુગતિહેતુ બને છે તેમાં પણ "[1]सविशेषणे...." ન્યાયથી જ્ઞાનનું જ પ્રાધાન્ય છે અને તે તો ઉપાદેયમાં અંતર્ભૂત છે જ એ જાણવું. (આશય એ છે કે જ્ઞાન તો સઘળી ચીજોનું

1. 'सविशेषणे विधिनिषेधौ विशेषणमुपसङ्क्रामतो विशेष्याऽऽबाधके सति' इति न्यायः ।

1 ક્રિયાએ વિધાન કે નિષેધ જો વિશેષ્યમાં બાધિત હોય તો વિશેષણમાં લાગુ પડે છે. પ્રસ્તુતમાં, વિષયતા સંબંધથી જ્ઞાન વિશિષ્ટ જે સ્વર્ગાદિ તેમાં સુગતિહેતુતા છે. એમાં માત્રવિશેષ્ય રૂપ સ્વર્ગાદિમાં તે ન હોવાથી વિશેષણરૂપ જ્ઞાનમાં જ તેની પ્રધાનતયા હાજરી ગણાય છે.

विधिनिषेधमुखेन यतनाऽयतनाविषयक एव जिनोपदेशः संपन्नः, तथा च जीवरक्षार्थं यतनोपादेयत्वेन कल्प्या, अयतना च जीवघातहेतुत्वेन हेयत्वेनाऽकल्प्येत्येवं विधिनिषेधमुखेन वस्तुस्वरूपावबोधको जिनोपदेशो मन्तव्यः। एवं छद्मस्थसंयतानां ज्ञानाद्यर्थमपवादपदप्रतिषेवणेऽप्यनादिसिद्धकल्प्यत्वादिलक्षणवस्तुस्वरूपावबोधको जिनोपदेशो भवति। यथा साध्व्या उपसर्गकर्त्तारमधिकृत्य "[1]पंचिंदियववरोवणा कप्पिअ'त्ति निशीथचूर्णावुक्तं, न पुनः 'स हन्तव्यः' इति विधिमुखेन जिनोपदेशो भवति, "[2]सव्वे पाणा सव्वे भूआ सव्वे जीवा सव्वे सत्ता ण हंतव्वा' इत्याद्यागमेन विरोधप्रसङ्गात्। यच्च दशाश्रुतस्कन्धचूर्णौ "[3]अवण्णवाइं पडिहणेज्ज' त्ति भणितं, तदाचार्यशिष्याणां परवादनिराकरणे सामर्थ्यं दर्शितम्। यथा—'[4]मिच्छदिट्ठीसु पडिहएसु सम्मत्तं थिरं होइ' त्ति

મેળવવાનું કહ્યું છે, એટલે સ્વર્ગાદિનું જ્ઞાનપણ ઉપાદેય તો છે જ, તેથી જ્ઞાનનો વિષય બનવારૂપે સ્વર્ગાદિ પણ સુગતિહેતુ બને છે તેમજ ઉપાદેય બને છે.) આમ કોઇ એકની એક વસ્તુ પણ વિશેષણવગેરેની અપેક્ષાએ ત્રણે પ્રકારની બની શકે છે. જેમકે એકની એક જ ગમનાદિ ક્રિયા અયતનારૂપ વિશેષણ યુક્ત બનીને જીવઘાતાદિનો હેતુ બનવા દ્વારા સાધુઓને હેય બને છે, અને હેય હોવાથી જ અકલ્પ્ય બને છે. તથા તેની તે જ ક્રિયા જયણા રૂપ વિશેષણથી યુક્ત બનીને જીવરક્ષાદિનો હેતુ બનવા દ્વારા સાધુઓને ઉપાદેય બને છે. અને ઉપાદેય હોવાથી કલ્પ્ય બને છે. વળી એ જ ક્રિયા આ બન્ને વિશેષણ શૂન્ય હોય તો માત્ર જ્ઞેય જ રહે છે.

( સર્વત્ર વિધિ-નિષેધ જયણા-અજયણાના જ-પૂ૦ )

આ રીતે દરેક ધાર્મિક અનુષ્ઠાન અંગે વિચારીએ તો જણાય છે કે 'सविशेषणे...' ઈત્યાદિન્યાય મુજબ વિધિ-નિષેધ દ્વારા યતના અયતના અંગે જ જિનોપદેશ છે. અર્થાત્ જિનોપદેશથી જે જે વિધાન થયા છે તે બધા જયણા અંગેના જ છે અને જે જે નિષેધ થયા છે તે પણ અજયણા અંગેના જ છે. તેથી 'જયણા જીવરક્ષા માટે હોઇ ઉપાદેય હોવાથી કલ્પ્ય છે અને અજયણા જીવઘાતના હેતુભૂત હોઇ હેય હોવાના કારણે અકલ્પ્ય છે' ઇત્યાદિરૂપે જિનોપદેશ વિધિ નિષેધ દ્વારા વસ્તુસ્વરૂપને જણાવનાર છે એ માનવું જોઇએ. આ ધાર્મિક અનુષ્ઠાન અંગેની વાત કરી. એમ છદ્મસ્થસંયતો જ્ઞાન વગેરે માટે જે અપવાદ સેવે છે તેમાં પણ જિનોપદેશ અનાદિસિદ્ધ એવા કલ્પ્યત્વ વગેરે રૂપ વસ્તુ સ્વરૂપને જ જણાવનારો હોય છે. પણ 'એ વખતે જીવ વિરાધના કરવી જોઇએ-કરો' ઈત્યાદિ વિધિ રૂપે હોતો નથી. જેમકે-સાધ્વીને ઉપસર્ગકરનારને ઉદ્દેશીને 'પંચેન્દ્રિયની હત્યા કલ્પે' એવું **નિશીથચૂર્ણિ**માં કહ્યું છે. અર્થાત્ એમાં રહેલા કલ્પ્યત્વસ્વરૂપને જ તે જણાવે છે. કિન્તુ 'તે હણવા યોગ્ય છે.' ઈત્યાદિ વિધિમુખે જિનોપદેશ હોતો નથી. કારણ કે એ જિનોપદેશ જો એ રીતે હોય તો 'સર્વપ્રાણીઓ, સર્વ ભૂત, સર્વ જીવ, સર્વ સત્ત્વોને હણવા નહિ' ઈત્યાદિ આગમવચનનો વિરોધ થાય. વળી **દશાશ્રુતસ્કંધની ચૂર્ણિ**માં 'અવર્ણવાદીને પડિહણવો' ઈત્યાદિ જે કહ્યું છે તેનાથી

१. पञ्चेन्द्रियव्यपरोपणा कल्प्या। २. सर्वे प्राणाः सर्वे भूताः सर्वे जीवाः सर्वे सत्त्वा न हन्तव्याः। ३. अवर्णवादिनं प्रतिहन्यात्। ४. मिथ्यादृष्टिषु सम्यक्त्वं स्थिरं भवति।

श्रीसूत्रकृदङ्गचूर्णौ भणितम् । अत एव "साहूण चेइआण य.' (उप०माला-२४२) इत्यादौ सर्वबलेनेति स्वप्राणव्यपरोपणं यावदित्येवं भणितं, न पुनर्जिनप्रवचनाहितकर्त्ता हन्तव्य इति, जैनानां तथाभाषाया वक्तुमप्यनुचितत्वात् । यद्यपि सर्वबलेन निवारणे पंचेन्द्रियव्यापादनं कादाचित्कं भवत्यपि, तथापि 'स व्यापादनीयो व्यापाद्यतां च' इत्यादिरूपेण मनोव्यापारवानपि केवली न भवति, तथाभूतस्यापि मनोव्यापारस्य सावद्यत्वेन प्रत्याख्यातत्वाद् ।

न चापवादिकस्तथाव्यापारः सावद्यो न भविष्यतीति शङ्कनीयं, यतोऽपवादप्रतिषेवणं च संयतेष्वपि प्रमत्तस्यैव भवति, कथं तर्हि सर्वोत्कृष्टनियताप्रमत्तस्य केवलिनोऽपीति ? परं पञ्चे-

જૈનશાસન વગેરેની નિંદા કરનારને–વિરુદ્ધ બોલનારને મારી નાખવાનું વિધાન નથી કર્યું (કે જેથી ઉક્ત આગમ સાથે વિરોધ આવે) પણ 'આચાર્ય અને શિષ્યો પરવાદનું =વિરુદ્ધવાદનું નિરાકરણ કરવામાં સમર્થ છે' એટલું જ જણાવ્યું છે. જેમ કે **સૂત્રકૃતાંગની ચૂર્ણિમાં** જે કહ્યું છે કે 'મિથ્યાદષ્ટિઓ પડિહણાયે છતે સમ્યક્ત્વ સ્થિર થાય છે.' તેનો 'મિથ્યાદષ્ટિઓ મરી ગયે છતે સમ્યક્ત્વ સ્થિર થાય છે' એવો અર્થ ઘટતો ન હોવાથી 'મિથ્યાદષ્ટિઓનો વાદ હણાયે=નિરાકારણ થએ છતે સમ્યક્ત્વસ્થિર થાય છે' એવો સુસંગત અર્થ કરાય છે. તેમ અહીં પણ 'અવર્ણવાદી'નો અર્થ 'અવર્ણવાદીનો વાદ' અને 'પડિહણેજ્જ'નો અર્થ 'નિરાકરણ કરવુ' એવો હોવાથી ઉક્ત આગમનો વિરોધ આવતો નથી. આમ ઉક્ત આગમનો વિરોધ ન આવે એ રીતે અર્થ સંગત કરવાનો હોવાથી જ **ઉપદેશમાળામાં** જે કહ્યું છે કે 'સાધુઓના અને ચૈત્યોના પ્રત્યનીકને અને અવર્ણવાદને તેમજ જિન પ્રવચનના અહિતને સર્વશક્તિથી વારવુ' તેમાં 'સર્વશક્તિથી' એવું જે કહ્યું છે તેનો 'પોતાના પ્રાણ ચાલ્યા જાય ત્યાં સુધી...' એવો અર્થ કહ્યો છે નહિ કે 'જિનપ્રવચનનું અહિત કરનારને હણવો (હણવા સુધી પોતાની શક્તિ વાપરવી)' એવો, કેમકે જૈનોએ તેવો ભાષાપ્રયોગ કરવો પણ અનુચિત છે. જો કે પોતાની બધી તાકાત લગાડીને તેનું વારણ કરવામાં ક્યારેક પંચેન્દ્રિય જીવની (તે અહિત કરનાર મનુષ્યાદિની) હત્યા થઈ પણ જાય, તો પણ 'તે મારવા યોગ્ય છે' 'તેને મારી નાખો' ઈત્યાદિ રૂપે તો કેવળી મનની પ્રવૃત્તિ પણ કરતાં નથી (તો તેવા વચન પ્રયોગની તો વાત જ ક્યાં?) કારણ કે તેવી મનની પ્રવૃત્તિ પણ સાવદ્ય હોવાથી તેનું પણ તેઓને પચ્ચક્ખાણ હોય છે.

[જિનાજ્ઞાથી વસ્તુસ્વરૂપનું જ્ઞાન, પ્રવૃત્તિ-નિવૃત્તિ સ્વતઃ-પૂ૦]

'કેવળી જો તેવો મનોવ્યાપાર કરે તો તે આપવાદિક હોવાથી સાવદ્ય હોતો નથી' એવી શંકા ન કરવી, કેમકે છદ્મસ્થ–સંયતોમાં પણ અપવાદસેવન પ્રમત્તોને જ હોય છે, અપ્રમત્તોને નહિ, તો સર્વોત્કૃષ્ટ અને નિયત (હંમેશા) અપ્રમત્ત એવા કેવલીઓને શી રીતે હોય ? વળી છદ્મસ્થપ્રમત્તો જે જ્ઞાનાદિની હાનિના ભયથી અપવાદસેવન કરે છે તે ભય રૂપ કારણ જ કેવલીઓને તો ન હોવાથી અપવાદસેવન હોતું નથી. આમ 'પંચેન્દ્રિય જીવ હણવા યોગ્ય છે' ઇત્યાદિ રૂપે કેવળીઓનો વચનપ્રયોગ અપવાદપણે પણ હોતો નથી એ નક્કી થયું. તેમ છતાં 'પંચેન્દ્રિયજીવની હત્યાના ભયથી

न्द्रियव्यापादनभयेन यदि सति सामर्थ्ये प्रवचनाहितं न निवारयति, तर्हि संसारवृद्धिर्दुर्लभबोधिता चेत्यादि श्रीकालिकाचार्यकथादौ भणितम् । अहितनिवारणे च क्रियमाणे कदाचित्पञ्चेन्द्रियव्यापत्तौ प्रायश्चित्तप्रतिपत्त्याशयस्य शुद्धत्वाज्जिनाज्ञाऽऽराधकः सुलभबोधिश्चेत्यादिरूपेण वस्तुस्वरूपावबोधको जिनोपदेशो भवतीति तात्पर्यम् । एवं जिनोपदेशेन वस्तुस्वरूपमवगम्य स्वत एव यथौचित्येन प्रवृत्तिनिवृत्तिभ्यां जिनाज्ञाराधको भवतीति जिनोपदेशस्य कल्प्याकल्प्यतावबोध एव चारितार्थत्वाज्जलजीवविराधनानुज्ञा केवलिनः कलङ्क एव । न च 'नद्युत्तारस्य कारणत्वेन जलजीवविराधनाऽऽप्यापवादिकीति तत्र जिनोपदेशो भविष्यति' इति शङ्कनीयं, अचित्तजलनद्युत्तारस्याभावापत्त्या तस्या नद्युत्तारे कारणत्वाभावात् । तस्मान्नद्युत्तारस्य कारणं

---

જો સામર્થ્ય હોવા છતાં પ્રવચનનું અહિત નિવારે નહિ તો સંસારવૃદ્ધિ અને દુર્લભબોધિતા થાય' ઇત્યાદિ **શ્રીકાલિકાચાર્યની** કથા વગેરેમાં કહ્યું છે. તેથી તાત્પર્ય એવું જણાય છે કે જિનોપદેશ આ રીતે તેમજ 'અહિત નિવારણ કરતી વખતે કદાચ પંચેન્દ્રિયજીવની હત્યા થઈ જાય તો પણ પ્રાયશ્ચિત્ત લેવા દ્વારા આશયશુદ્ધ હોવાના કારણે જિનાજ્ઞાના આરાધક અને સુલભબોધિ બની શકાય છે.' ઇત્યાદિ રીતે વસ્તુ સ્વરૂપને જ જણાવનાર હોય છે. નિષ્કર્ષ–જિનોપદેશ ધાર્મિક અનુષ્ઠાનમાં 'સવિશેષણે...' ન્યાયથી જયણા–અજયણા અંગેની કલ્પ્યતા–અકલ્પ્યતાને જણાવનાર હોય છે. અપવાદ સેવનના અવસરે આપવાદિક પ્રવૃત્તિ કરવામાં ન આવે તો બોધિદુર્લભતા વગેરે થાય છે, અને તે પ્રવૃત્તિ કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તાદિ દ્વારા સુલભબોધિતા થાય છે. આપવાદિક વસ્તુનું આવું જે અનાદિસિદ્ધ વસ્તુ સ્વરૂપ હોય છે તેને જ જિનોપદેશ જણાવે છે. જિનોપદેશથી આ પ્રમાણે વસ્તુસ્વરૂપને જાણીને સ્વયં યથાયોગ્ય પ્રવૃત્તિ–નિવૃત્તિ કરવાથી જિનાજ્ઞાના આરાધક બનાય છે. આમ જિનોપદેશ તો કલ્પ્યતા–અકલ્પ્યતાને જણાવવામાં જ ચરિતાર્થ થઈ જતો હોઈ "કેવલીએ જળજીવવિરાધનાની પણ 'તમે જળજીવવિરાધના કરો' ઇત્યાદિરૂપે અનુજ્ઞા આપી છે" એવું કહેવું એ તો કેવલીને કલંક જ લગાડવાનું છે.

"જેમ નદ્યુત્તાર આપવાદિક છે તેમ તેના કારણ તરીકે જળજીવવિરાધના પણ આપવાદિક છે. તેથી જેમ અપવાદપદે નદ્યુત્તાર અંગે જિનોપદેશ છે તેમ અપવાદપદે તે વિરાધના અંગે પણ હોવો જોઈએ" ઇત્યાદિ શંકા ન કરવી, કારણ કે જળજીવવિરાધના નદ્યુત્તારનું કારણ જ નથી. નહિતર તો જ્યાં જળજીવવિરાધનાનો અભાવ છે તેવા અચિત્તજળમાં જળજીવવિરાધનારૂપ તે કારણ હયાત ન હોવાથી તેમાંથી નદ્યુત્તાર જ થઈ ન શકવાની આપત્તિ આવે. માટે નદ્યુત્તારનું કારણ જળજીવવિરાધના નથી, પણ પગ વગેરેની તેવી ક્રિયા જ છે. આગમમાં પણ 'एगं पायं जले...' ઇત્યાદિ દ્વારા એનું જ સમર્થન કર્યું છે. આમ, જિનોપદેશથી જયણા અને અજયણાના જ વિધિ–નિષેધ છે વગેરે જે જણાવ્યું તેનાથી જ નીચેની શંકા દૂર થઈ જાય છે. એ શંકા આ કે–'ગળણાંથી ગાળેલું જ પાણી પીવું, નહિ ગાળેલું (અળગણ) નહિ' એવો ઉપદેશ દેતા કેવળી એ પાણી ગાળવામાં થતી જળજીવવિરાધના અને સચિત્તજળપાન-

न जलजीवविराधना, किन्तु पादादिक्रियैवेति । एतेन—'जलं वस्त्रगालितमेव पेयं, नागलितं' इत्युपदिशता केवलिना जलजीवविराधना सचित्तजलपानं चोपदिष्टं भविष्यति—इति शङ्कापि परास्ता, यतः सविशेषणे० इत्यादिना न्यायेन तत्र जलगलनमेवोपदिष्टं, तच्च त्रसजीवरक्षार्थमिति ।

न च 'केवलिना जीवघातादिकं साक्षादनुज्ञातमिति न ब्रूमः, विहारादिकमनुजानता तदविनाभावेन जायमानमनुज्ञातमि'त्यस्यापि वचनस्यावकाशः, एवं सति गजसुकुमालश्मशानकायोत्सर्गमनुजानतः श्रीनेमिनाथस्य तदविनाभावितदीयशिरःप्रज्वालनस्याप्यनुज्ञापत्तेः । न च 'नद्युत्तारे जलजीवविराधना यतनया कर्त्तव्या' इति जिनोपदेशो भविष्यति-इत्यपि संभावनीयं, यतनाविराधनयोः परस्परं विरोधाद्, यतना हि जीवरक्षाहेतुरयतना च जीवघातहेतुरिति ।

નો ઉપદેશ આપ્યો કહેવાશે–આ શંકા એટલા માટે દૂર થઈ જાય છે કે 'सविशेषणे...' ઇત્યાદિ ન્યાયથી એ ઉપદેશમાં પાણીને ગાળવાનો ઉપદેશ જ ફલિત થાય છે જે ત્રસજીવોની રક્ષા માટે હોઈ જયણા રૂપ છે. તેથી જિનોપદેશ એનું વિધાન કરે એ આપત્તિરૂપ નથી (આમાં ગલનક્રિયારૂપવિશેષણ યુક્ત પાણી પીવાની વાત છે. એમાં માત્ર વિશેષ્યરૂપ પાણી અંગે તો પીવાનો ઉપદેશ બાધિત છે. તેથી એ ઉપદેશ ગલનક્રિયારૂપ વિશેષણને લાગુ પડે છે. તેમજ, અચિત્તજળને પણ ગાળી શકાય છે. માટે જળજીવવિરાધના એ કાંઈ ગલનક્રિયાનું કારણ નથી કે જેથી એ રીતે પણ એનો ઉપદેશ હોવો ફલિત થાય)

(જીવવિરાધના અજયણાજન્ય જ હોય-પૂ૦)

—અપવાદાદિપદે કેવલીએ જીવઘાતાદિની સાક્ષાત્ અનુજ્ઞા આપી છે એવું અમે નથી કહેતા, પણ અમે તો એટલું જ કહીએ છીએ કે વિહારાદિની અનુજ્ઞા આપતા કેવલીએ તેમાં અવિનાભાવે (અવશ્ય રીતે) થતા જીવઘાતાદિની પણ અર્થાપત્તિથી અનુજ્ઞા આપી છે—એવું બોલવાનો પણ પ્રસ્તુતમાં કોઈ અવકાશ નથી. કેમકે 'જેની અનુજ્ઞા આપી હોય તેમાં અવિનાભાવે થનાર દરેકની અનુજ્ઞા પણ આવી જ જાય' એવો નિયમ નથી. તે પણ એટલા માટે કે જો એવો નિયમ હોય તો 'ગજસુકુમાલને શ્મશાનમાં કાઉસ્સગ્ગ કરવાની અનુજ્ઞા આપતા **શ્રીનેમિનાથ** ભગવાને તેનું માથું બળવાની પણ અનુજ્ઞા આપી હતી' એવું માનવાની આપત્તિ આવે, કેમકે ભગવાન્ પોતાના જ્ઞાનમાં કાઉસ્સગ્ગમાં અવિનાભાવે માથું બળવાનું પણ જોતા જ હતા.

—'નદ્યુત્તારમાં જીવવિરાધના કરવી' એવો જિનોપદેશ ભલે ન હોય, પણ 'નદ્યુત્તારમાં જયણાથી જીવવિરાધના કરવી' એવો ઉપદેશ તો સંભવે છે ને?—એવી પણ શંકા ન કરવી, કારણ કે જયણા અને વિરાધના એ બે પરસ્પર વિરોધી છે. જયણા એ જીવરક્ષાનો હેતુ છે. અર્થાત્ જયણાથી જીવવિરાધના થઈ ન શકે. (સેંકડો ઉપાયોથી પણ સાકર કંઈ મીઠાનું કામ કરી શકતી નથી. વળી એવી જયણાથી થયેલી દેખાતી જીવવિરાધનાને પણ જિનાજ્ઞા–જિનોપદેશથી થયેલી તો માની શકાતી જ નથી, કેમકે એ રીતે તો કંથવા વગેરે મરી ન જાય એવા અભિપ્રાયથી કોઈ ગાયની ગરદન પૂંજીને

तस्माज्जीवविराधना नियमादयतनाजन्यैव, 'अयतना चान्ततो जीवघातवदनाभोगजन्याशक्यपरिहारेणैव, जीवरक्षा च यतनाजन्यैव' इत्यनादिसिद्धो नियमो मन्तव्यः । अत एव छद्मस्थसंयतानामुपशान्तवीतरागपर्यन्तानां यतनया प्रवर्तमानानामपि या विराधना सा नियमादनाभोगवशेनायतनाजन्यैव, परमप्रमत्तसंयतानां नातिचारहेतुरपि, आशयस्य शुद्धत्वात् । एतच्च संभावनयाप्यात्मकृतत्वेनाज्ञातायां छद्मस्थसाक्षात्कारगम्यजीवविराधनायामवसातव्यं, ज्ञातायां च प्रायश्चित्तप्रतिपित्सोरेव, अन्यथा तु निःशूकतया संयमापगमः प्रतीत एव । न चाप्रमत्तानामयतना न भविष्यतीति शङ्कनीयं, अनाभोगजन्याऽयतनायाश्छद्मस्थमात्रस्य सत्त्वेनाऽप्रमत्तताया अनाबाधकत्वात्, तेन संयतानां सर्वत्राप्यनाभोगजन्याऽशक्यपरिहारेण जायमाने जीव-

છરો ફેરવી હત્યા કરે તો એને પણ જયણાપૂર્વક થઈ હોવાથી જિનાજ્ઞાથી કરેલી હોવી કહેવાની આપત્તિ આવે.) તેથી (૧) જીવવિરાધના નિયમા અજયણાજન્ય જ હોય છે, અને એ અજયણા પણ અંતતઃ (બીજો કોઈ માર્ગ ન રહેવાથી) જીવઘાતની જેમ અનાભોગજન્ય અશક્યપરિહારથી જ હોય છે એવો તેમજ (૨) જીવરક્ષા જયણાજન્ય જ હોય છે એવો અનાદિસિદ્ધ નિયમ માનવો જોઈએ.

[છતી જયણાએ થતી વિરાધના અનાભોગપ્રયુક્તઅજયણાજન્ય-પૂ૦]

તેથી જ ઉપશાન્તવીતરાગ સુધીના છદ્મસ્થસંયતોથી, જયણાપૂર્વક પ્રવર્ત્તવા છતાં પણ, જે વિરાધના થાય છે તે પણ અનાભોગવશાત્ થયેલ અયતનાજન્ય જ હોય છે. પણ અપ્રમત્તસંયતોને તે અતિચાર પણ લગાડતી નથી, કારણ કે તેઓનો આશય શુદ્ધ હોય છે. આ વાત પણ, છદ્મસ્થના સાક્ષાત્કારનો વિષય બની શકે એવી પણ જે વિરાધના 'આ વિરાધના મારાથી થઈ હોવાનો સંભવ છે' એ રીતે પણ જણાયેલી ન હોય તેને અંગે જાણવી. બાકી એ રીતે જે જણાઈ ગએલી હોય તે વિરાધના થયે છતે તો પ્રાયશ્ચિત્ત લેવાની ઇચ્છાવાળા માટે જ આ વાત જાણવી. અર્થાત્ તેવી ઇચ્છાવાળા અપ્રમત્તને જ તે અતિચારનો હેતુ પણ બનતી નથી. બાકી જાણવા છતાં પ્રાયશ્ચિત્ત લેવાને જે ઇચ્છતો નથી તેને તો વિરાધનાની સૂગ જ ઊડી જવાથી સંયમનાશ જ થઈ જાય છે એ વાત પ્રસિદ્ધ જ છે—અપ્રમત્તતાની બાધક એવી અજયણા અપ્રમત્તને સંભવતી જ નથી તો તજ્જન્ય વિરાધના પણ શી રીતે સંભવે?—એવી શંકા ન કરવી, કેમકે જે અજયણા અનાભોગજન્ય હોય છે તે દરેક છદ્મસ્થને અવશ્ય હોય જ છે અને તેથી જ એ અપ્રમત્તતાની બાધક પણ હોતી નથી. આમ 'વિરાધના અજયણાજન્ય જ હોય છે' એવા સિદ્ધ થયેલા નિયમથી નક્કી થાય છે કે સંયતોથી સર્વત્ર અનુષ્ઠાનોમાં અનાભોગજન્ય અશક્યપરિહારરૂપે જે જીવઘાત–મૃષાભાષણાદિ થાય છે તત્સ્વરૂપવિરાધનાના અંશમાં જિનોપદેશ હોતો જ નથી, કેમકે તેવી પણ તે વિરાધના અજયણાજન્ય હોઈ નિષિદ્ધ જ છે, (કેમકે મૂળમાં અજયણા જ અકલ્પ્ય હોઈ નિષિદ્ધ છે.)

(દ્રવ્યહિંસાનું પચ્ચક્ખાણ પણ આવશ્યક-પૂ૦)

તેથી જ સંયતોને, કર્મબંધનું કારણ નહિ બનતી એવી પણ દ્રવ્યહિંસા કરેલા પચ્ચક્ખાણનો ભંગ કરનાર હોઈ આલોચનાનો વિષય તો બને જ છે. (અર્થાત્ તેની

घातमृषाभाषणाद्यंशे जिनोपदेशो न भवत्येव, तथाभूताया अपि विराधनाया अयतनाजन्यत्वेन निषिद्धत्वाद्, अत एव संयतानां द्रव्यतोऽपि हिंसा कर्मबन्धकारणमसत्यपि कृतप्रत्याख्यानभङ्गेनाऽऽलोचनाविषयः । यदागमः '[1]से अ पाणाइवाए चउव्विहे पण्णत्ते, तं जहा दव्वओ खित्तओ कालओ भावओ' इत्यादि । प्रत्याख्यानं च सर्वविरतिसिद्ध्यर्थमेव तस्या अपि, द्रव्यत आश्रवरूपत्वात् सूक्ष्मपृथिव्यादीनामिवाऽविरतिप्रत्ययकर्मबन्धहेतुत्वात्, भावहिंसायाः कारणत्वाच्च । एतेन—यत्र क्वापि धार्मिकानुष्ठाने संभावनयाप्यवद्यं भवति, तदनुष्ठानविषयको जिनोपदेशो न भवति, तावन्मात्रस्याश्रवस्योपदेशविषयत्वापत्त्या कृतसर्वसावद्यप्रत्याख्यानवतः प्रत्याख्यानभङ्गेन केवली यथावादी तथा कर्त्ता न भवेद्—इत्येवं प्ररूपणात्मकं पाशचन्द्रमतमप्युपेक्षितं द्रष्टव्यं, जैनप्रवचने प्रागुक्तप्रकारेण तदंशे जिनोपदेशापत्तेरेवानङ्गीकारात् ।

तस्मादयं भावः—यद्वस्तुजातं चिकीर्षितकार्यस्य प्रतिकूलमननुकूलं वा भवेत्तद् अविनाभावसंबंधेन जायमानमप्यनुकूलकारणवदुपदेशविषयो न भवति, यथा नद्युत्तारादुपदेशे जीवघातो यथा वा क्षुद्वेदनादुपशमनार्थाहारविधौ तिक्तमधुरादिरसास्वादः, परं यत्र चिकीर्षितकार्यस्यानु-

---

પણ આલોચના લેવી જ પડે છે.) **આગમમાં** પણ "તે પ્રાણાતિપાત ચાર પ્રકારે કહેવાયો છે–દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી." ઇત્યાદિ કહ્યું છે. તેથી, આ ચારે પ્રકારના પ્રાણાતિપાતાદિના પચ્ચક્ખાણથી જ સંભવતી એવી સર્વવિરતિ સંપન્ન થાય તે માટે દ્રવ્યહિંસાનું પણ પચ્ચક્ખાણ હોય જ છે, કારણ કે તે દ્રવ્યથી આશ્રવરૂપ હોઇ (જો તેનું પચ્ચક્ખાણ કર્યું ન હોય તો) સૂક્ષ્મપૃથ્વીકાય વગેરેની જેમ અવિરતિનિમિત્તક-કર્મબંધનો હેતુ બને છે. તેમજ દ્રવ્યહિંસા એ ભાવહિંસાનું કારણ બનતી હોવાથી (પણ એ સર્વવિરતિની બાધક હોઇ) એનું પચ્ચક્ખાણ આવશ્યક છે. આમ 'દ્રવ્યહિંસાદિ અંશમાં જિનોપદેશ હોતો નથી' એવું જે કહ્યું તેનાથી જ નીચેનો પાર્શ્વચન્દ્રીય મત ઉપેક્ષાપાત્ર ઠરી જાય છે—જે કોઇ પણ ધાર્મિકઅનુષ્ઠાનમાં અવદ્યની સંભાવના પણ હોય તે અનુષ્ઠાનનો જિનોપદેશ હોતો નથી, કેમકે તે અનુષ્ઠાનનો ઉપદેશ દેવામાં તેટલા અવદ્યરૂપ દ્રવ્યવિરાધનાત્મક આશ્રવનો પણ ભેગો ઉપદેશ આવી જવાના કારણે સર્વસાવદ્યના પચ્ચક્ખાણવાળા એવા ભગવાન્‌ના (બીજા પાસે પાપ કરાવવું નહિ ઇત્યાદિરૂપ અંશના) પચ્ચક્ખાણનો ભંગ થવાથી 'કેવલી જેવું બોલે છે તેવું કરનારા હોતા નથી' એવું માનવાની આપત્તિ આવી જાય છે—આવો **પાર્શ્વચંદ્રમત** પણ ઉપેક્ષણીય છે એવું સિદ્ધ એટલા માટે થાય છે કે પૂર્વે કહી ગયા એ મુજબ, 'તે અવદ્યઅંશમાં પણ જિનોપદેશ લાગુ પડી જાય છે' એવું જૈનપ્રવચનમાં માન્યું જ નથી.

[ વ્યવહારસાવદ્યકારણોની જિનાનુજ્ઞા કલ્પ્યત્વાભિવ્યંજિત ઉપદેશમુખે-પૂ૦ ]

તેથી આવું રહસ્ય ફલિત થાય છે કે–ચિકીર્ષિત કાર્યની સાથે અવિનાભાવસંબંધે (અવશ્યપણે) જે વસ્તુઓ ઊભી થઇ જાય છે તે ત્રણ પ્રકારની હોય છે–ચિકીર્ષિતકાર્યને અનુકૂલ, પ્રતિકૂલ કે અનનુકૂલ (ઉદાસીન). એમાંથી અનુકૂલ ચીજ ચિકીર્ષિતકાર્યનો જે ઉપદેશ હોય છે તે ઉપદેશનો વિષય બને છે. પણ પ્રતિકૂલ કે અનનુકૂલચીજ તે ઉપદેશનો વિષય બનતી નથી. જેમકે નદ્યુત્તાર વગેરેના ઉપદેશમાં પ્રતિકૂલ એવા જીવઘાતાદિ

कूलकारणान्यपि व्यवहारतः सावद्यानि भवन्ति, तद्विषया जिनानुज्ञा कियाकालेऽप्यादेशमुखेन न स्याद्, एवं व्यवहारतो भाषायाः सावद्यत्वप्रसक्तेः, किंत्विष्टफलोपदर्शनेन कल्प्यत्वाभिव्यञ्जितोपदेशमुखेनैवावसातव्या । सा चानुज्ञा निश्चयतो निरवद्यैव, संसारप्रतनुकरणपूर्वकसानुबन्धिपुण्यप्रकृतिबन्धहेतुत्वात् । एतेन—कुसुमादिभिर्जिनेन्द्रपूजामुपदिशता कुसुमादिजीवविराधनाप्युपदिष्टैव, पूजाविनाभाविल्वेन ज्ञात्वैव पूजायामुपदिष्टत्वाद्—इति वचनमपास्तं, कुसुमादिजीवविराधनायाः पूजायाः कर्त्तुर्द्रष्टुश्चाप्रत्यक्षत्वेन पूजाविषयकपरिणामव्यवहाराहेतुत्वेन कल्पितकुसुमादीनामिव द्रव्यपूजासामग्र्यनन्तर्भूतत्वात्, उपदेशमन्तरेणापि जायमानत्वात्, पूजां कुर्वता त्यक्तुमशक्यत्वाच्च, अन्यथा कुसुमादीनामिव तस्या अपि भूयस्त्वमेव विशिष्टपूजाङ्गं वाच्यं स्याद्, न च कुसुमादिभूयस्त्वे तद्भूयस्त्वमावश्यकं, कुसुमादीनां सचित्ताचित्ततया द्वैविध्यव-

---

અને ક્ષુધાવેદનીયને ઉપશમાવવા માટે ઉપદેશેલ આહારવિધિમાં ઉદાસીન એવો તિક્ત–મધુરાદિરસોનો આસ્વાદ. (આ ચીજો ઉપદેશનો વિષય ન બનવામાં બીજા બે કારણો એ પણ જાણવા કે તે ઉપદેશ વગર જ ઉત્પન્ન થયેલ હોય છે તેમજ ઉપદિષ્ટ ચીજ કરતી વખતે તેને છોડવી અશક્ય હોય છે.) પણ જ્યાં ચિકીર્ષિતકાર્યના અનુકૂલ કારણો પણ (કે જે ચિકીર્ષિતકાર્યના ઉપદેશનો વિષય બનવા આવશ્યક બની જાય છે તે) વ્યવહારથી સાવદ્ય હોય છે ત્યાં તેના વિષયની (તે ચિકીર્ષિતકાર્યની) જિનાનુજ્ઞા ક્રિયાકાલમાં પણ આદેશમુખે 'તું આમકર' ઇત્યાદિરૂપે હોતી નથી, કેમકે એવી ભાષા વ્યવહારથી સાવદ્ય બની જવાની આપત્તિ એમાં આવે છે. તેથી તેની જિને આપેલ અનુજ્ઞા આદેશમુખે નથી હોતી પણ ઉપદેશમુખે હોય છે જે ઇષ્ટફળ દેખાડવા દ્વારા અભિવ્યક્ત થયેલી હોય છે. વળી એ અનુજ્ઞા સંસારની અલ્પતા કરવા પૂર્વક સાનુબંધપુણ્યપ્રકૃતિબંધના હેતુભૂત હોઇ નિશ્ચયથી તો નિરવદ્ય જ હોય છે. આમ અવિનાભાવે થતી અનનુકૂલ કે પ્રતિકૂલ ચીજોનો જિનોપદેશ હોતો નથી એવું જે સિદ્ધ થયું તેનાથી જ આ શંકા પણ દૂર થઇ જાય છે કે—શ્રી જિનેશ્વરપરમાત્માની ફુલ વગેરે વડે પૂજા કરવાનો ઉપદેશ દેતા ભગવાનથી ફુલવગેરેના જીવોની વિરાધનાનો પણ ઉપદેશ અપાઇ જ ગએલ છે, કેમકે 'પૂજામાં તે વિરાધના અવશ્ય થવાની જ છે' એવું જાણીને જ પૂજાનો ઉપદેશ અપાયો હોય છે—આવી શંકા દૂર જે થઇ જાય છે તેમાં નીચેના ત્રણ કારણો જાણવા. (૧) પૂજા કરનારને અને જોનારને તે ફુલ વગેરેના જીવોની વિરાધના અપ્રત્યક્ષ હોઇ પૂજાવિષયકપરિણામના વ્યવહારનો હેતુ બનતી નથી. તેથી કલ્પિત (સોના ચાંદી વગેરેના કૃત્રિમ) ફુલ વગેરેની જેમ દ્રવ્યપૂજાની સામગ્રીમાં તે કંઇ અંતર્ભૂત હોતી નથી, અર્થાત્ જેમ ફુલ વગેરેને જોઇને જોનાર વગેરે પણ પરસ્પર વ્યવહાર કરે છે કે 'આ પૂજા કરવા જાય છે' ઇત્યાદિ તેથી ફુલ વગેરે દ્રવ્યપૂજાની સામગ્રીમાં અંતર્ભૂત છે. પણ એ રીતે પુષ્પજીવોની વિરાધનાને જોઇને કંઈ તેવો વ્યવહાર થતો નથી, કારણકે તે વિરાધના જ છદ્મસ્થોને દેખાતી નથી. માટે તે વિરાધના પૂજાની સામગ્રીમાં અંતર્ભૂત નથી. અર્થાત્ તે વિરાધના પૂજાને અનુકૂલ હોતી નથી. અને તેથી જ પૂજાની સાથે અવિનાભાવે તે થતી હોવા છતાં ઉપદેશનો વિષય બનતી નથી. (૨) એ વિરાધના ઉપદેશ વગર જ

स्थानात्। तस्मात्तीर्थकृतामाज्ञोपदेशः 'कर्मक्षयनिमित्तं प्रत्युपेक्षणेर्यासमित्यादिषु संयता यतनया प्रवर्त्तेरन्, नान्यथा, संसारवृद्धिहेतुत्वाद्, इत्येवं विधिनिषेधमुखाभ्यामेवावसातव्यो न पुनः 'त्वमित्थं कुरु' इत्यादि साक्षादादेशमुखेनापि। न च—यतनया नद्युत्तारवत्तया द्रव्यपूजापि संयतानां भवतु—इति शंकनीयं, साधूनां त्रसस्थावरजीवरक्षायतनाधिकाराद्, नद्युत्तारे 'एगं पायं जले किच्चा' इत्यादिविधिना तन्निर्वाहाद्; द्रव्यस्तवे च त्रसजीवरक्षार्थयतनावतां श्राद्धानामेवाधिकारात्, सर्वारंभपरिजिहीर्षापूर्वकपृथिव्यादियतनापरिणामे च तेषामपि चारित्र एवाधिकार इति। तत्कारापणं च साधूनामुपदेशमुखेन युक्तं, निश्चयतोऽनुज्ञाविषयत्वाद्, न त्वादेशमुखेन, पृथिवीदलानां तत्कारणानां व्यवहारतः सावद्यत्वात्। सोऽप्युपदेशो जिनपूजायतनाविषय एवेति सर्वत्र यतनायामेव भगवदाज्ञा, न तु क्वचिद् द्रव्यहिंसायामपीति।

---

થઈ જાય છે તેમજ (૩) પૂજા કરતી વખતે તેનો ત્યાગ અશક્ય હોય છે. બાકી પુષ્પ-જીવવિરાધના પણ જો દ્રવ્યપૂજાની સામગ્રીમાં અન્તર્ભૂત હોય તો તો જેમ ઘણા પુષ્પો વિશિષ્ટપૂજાનું કારણ બને છે તેમ ઘણી વિરાધના પણ વિશિષ્ટપૂજાનું કારણ બનવી જોઈએ. "જેમ વિરાધના વધારે હોય તેમ પણ પૂજા વિશિષ્ટ થાય જ છે, કારણ કે પુષ્પો જેમ વધુ હોય તેમ વિરાધના પણ અવશ્ય વધુ હોય જ છે" એવી શંકા ન કરવી, કારણકે ફુલો સચિત્ત-અચિત્ત એમ બે પ્રકારના આગમમાં કહ્યા છે. એટલે કે જો અચિત્ત પુષ્પો જ વધારવામાં આવે તો વિરાધના વધ્યા વગર પણ પૂજા વિશિષ્ટ થાય છે.

[ યતનાની જિનાજ્ઞા, દ્રવ્યહિંસાની ક્યાંય નહિ-પૂ૦ ]

તેથી જણાય છે કે તીર્થંકરની આજ્ઞાનો ઉપદેશ "સાધુઓએ કર્મક્ષય માટે પડિલેહણ-ઈર્યાસમિતિ વગેરેમાં યતનાથી પ્રવર્ત્તવું, અન્યથા (અયતનાથી) નહિ, કેમકે અયતના એ સંસારવૃદ્ધિનો હેતુ છે." ઈત્યાદિરૂપે વિધિ-નિષેધ મુખે જાણવો, નહિ કે 'તું આમ કર' ઈત્યાદિરૂપે સાક્ષાત્ આદેશમુખે પણ. "આ રીતે જયણા-અજયણાનું જ મુખ્યતયા વિધાન-નિષેધ હોય તો જયણાથી નદ્યુત્તારની જેમ જયણાથી જિનપૂજા વગેરે કરવાનું પણ સાધુઓ માટે વિધાન હોવું જોઈએ" એવી શંકા ન કરવી, કેમકે એમાં સાધુઓની જયણા જ સંભવી શકતી નથી. તે આ રીતે-જીવમાત્રની વિરાધના સાવદ્ય હોઈ સાધુઓને તેનું પચ્ચક્ખાણ હોય છે. એટલે નદ્યુત્તારવગેરેમાં સાધુઓએ ત્રસ અને સ્થાવર બધા જીવોની જયણા પાળવાની હોય છે. તેથીજ તો નદ્યુત્તારમાં एगं पायं...' ઇત્યાદિ વિધિ કહી છે જેનાથી ત્રસ-સ્થાવરજીવની જયણાનું પાલન થાય છે. દ્રવ્યસ્તવમાં સ્થાવરજીવોની રક્ષા માટે જયણા સંભવતી જ નથી, કેમકે તે જીવોના શરીરરૂપ પાણી-પુષ્પ વગેરે જ પૂજાના અંગ (કારણ) ભૂત છે. તેથી માત્ર ત્રસજીવોની રક્ષા માટે જ એમાં જયણા સંભવે છે. અને તેથી જ એમાં શ્રાવકોનો જ અધિકાર હોય છે. "પૃથ્વી-જળ વગેરેનો પણ ઓછામાં ઓછો ઉપયોગ કરવા રૂપે સ્થાવરજીવોની પણ જયણા દ્રવ્યપૂજાવગેરેમાં શ્રાવકોને સંભવે છે" એવી શંકા ન કરવી, કેમકે સાંસારિક આરંભને આશ્રીને અંશતઃ તેવી જયણા હોય જ છે. વળી સર્વત્ર તેવી જયણા તો સર્વઆરંભને છોડવાની ઇચ્છાથી જ સંભવે છે. કેમકે 'જેની અલ્પતા ઇચ્છનીય

तत्र ब्रूमः—अनुज्ञा तावद्भगवतो विधिवचनरूपा नद्युत्ताराद्यविनाभाविन्यां जलजीवप्राणवियोगरूपायां जलजीवविराधनायां न कथञ्चिदेव, तस्या उदासीनत्वात्। तदनुकूलरूपायां तु तस्यां नद्युत्तारादिव्यापाररूपायां साऽवर्जनीयैव, उभयस्वभावस्यानैकान्तिकस्य निमित्तकारणस्य बुद्धिभेदेन पृथक्कर्त्तुमशक्यत्वात्। यत एव च यतनाविशिष्टस्य नद्युत्तारस्येष्टफलहेतुत्वं भणितं, अत एव नैमित्तिकविधिरूपाया भगवदाज्ञाया बहुलाभाल्पव्ययद्रव्यहिंसायां व्यवहारतः पर्यवसानम्, उत्सर्गतः प्रतिषिद्धं हि केनचिन्निमित्तेनैव विधीयत इति। तत इदमुच्यते '[1]अप्पेण बहुं इच्छइ विसुद्धआलंबणो समणो।' निश्चयतस्तु नैकान्ततो बाह्यं वस्तु विधीयते निषिध्यते वा,

હોય તેનો અભાવ તો નિર્વિવાદ રીતે વધુ ઇચ્છનીય બની રહે છે' એ વાત તો સર્વને માન્ય છે. તેથી પૃથ્વીકાય વગેરેનો આરંભ ઓછો થાય તેવી ઇચ્છા–પ્રવૃત્તિ પણ સર્વ આરંભને છોડવાની ઇચ્છાથી જ સંભવે છે જે ઇચ્છા સર્વવિરતિપરિણામરૂપ હોવાથી તેની હાજરીમાં તો ચારિત્ર જ આવી જાય. માટે સ્થાવરજીવોની જયણા શ્રાવકોને હોતી નથી. અને તેથી દ્રવ્યપૂજાનો અધિકાર શ્રાવકોને જ હોય છે. સાધુઓને હોતો નથી. વળી શ્રાવકો પાસે તે કરાવવી પણ સાધુઓને ઉપદેશમુખે ઘટે છે, કારણકે નિશ્ચયથી એ અનુજ્ઞાનો વિષય છે જ, પણ આદેશમુખે ઘટતી નથી, કારણકે પૃથ્વીદળ–પુષ્પવગેરે રૂપ તેના કારણો વ્યવહારથી સાવદ્ય છે. વળી તેનો ઉપદેશ પણ આગળ કહી ગયા તે મુજબ વાસ્તવમાં તો જિનપૂજાઅંગેની જયણાનો જ હોય છે. તેથી નિશ્ચિત થાય છે કે નદ્યુત્તાર કે જિનપૂજા વગેરેમાં સર્વત્ર જયણાના અંશમાં જ જિનાજ્ઞા હોય છે ક્યાંય પણ દ્રવ્યહિંસામાં નહિ...

[ વ્યવહારનયે પાદાદિક્રિયારૂપ વિરાધનાની જિનાનુજ્ઞા–ઉ૦ ]

**ઉત્તરપક્ષ** :– જળજીવોની વિરાધના બે રૂપે છે—જળજીવોના પ્રાણોના વિયોગરૂપ અને એ વિયોગને અનુકૂલ પગને હલાવવાવગેરે ક્રિયાત્મક વ્યાપાર રૂપ. જીવોની વિરાધના થઈ હોય કે ન થઈ હોય તો પણ નદી વગેરેમાંથી પસાર થાય એટલે સાધુને 'પાણીની વિરાધના થઈ' ઈત્યાદિ અભિપ્રાય થાય જ છે. એમાંથી, વિધ્યર્થપ્રયોગ વગેરેરૂપ વિધિવચનાત્મક ભગવાન્‌ની અનુજ્ઞા નદ્યુત્તારને અવિનાભાવી એવી જળજીવપ્રાણવિયોગરૂપ વિરાધના વિશે તો કોઈ પણ રીતે હોતી જ નથી, કેમકે નદ્યુત્તારાદિ પ્રત્યે એ વિરાધના ઉદાસીન હોય છે. પણ જળજીવોના પ્રાણવિયોગને અનુકૂલ એવી પાદાદિક્રિયારૂપ વિરાધનામાં તો એ અનુજ્ઞા આવી જ પડે છે, કારણકે ઉભયસ્વભાવવાળા અનૈકાન્તિક નિમિત્ત કારણને બુદ્ધિભેદે પૃથક્ કરી શકાતા નથી. અર્થાત્ પાદાદિક્રિયા એકબાજુ ઇષ્ટ એવા સંયમપાલનાદિનું કારણ છે અને બીજી બાજુ જળજીવોની વિરાધના રૂપ અનિષ્ટનું નિમિત્તકારણ છે. આમ ઉભયવિરુદ્ધસ્વભાવવાળું હોઈ એ સ્યાદ્વાદ–અનેકાંતથી ગર્ભિત છે. એટલે કે એ અનૈકાન્તિક નિમિત્તકારણ રૂપ છે. પણ એટલા માત્રથી, પાદાદિક્રિયાના સંયમરક્ષારૂપ ઇષ્ટનું કારણ અને જીવવિરાધનારૂપ અનિષ્ટનું કારણ એવા બે અંશ કલ્પી નદ્યુત્તારના કારણ રૂપ પાદાદિક્રિયાની અનુજ્ઞા છે અને જીવવિરાધનાના નિમિત્ત-

[1] अल्पेन बहु इच्छति विशुद्धालंबनः श्रमणः ।

केवलं शुभभावो विधीयतेऽशुभभावस्तु निषिध्यते । अत एव भावानुरोधेन बाह्ये वस्तुनि विधि-निषेधकामचारः, तदुक्तं सङ्घदासगणिक्षमाश्रमणपूज्यपादैः (बृ०क० भा० ३३३०)-

²णवि किंचि अणुण्णायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं । एसा तेसिं आणा कज्जे सच्चेण होअव्वं ।। ति ।

तथा च 'यदेव निश्चयाङ्गव्यवहारेण नद्युत्तारादेरनुज्ञातत्वं तदेव द्रव्यहिंसाया अपि' इत्यवशिष्टकल्पनाजालमनुत्थानोपहतम् ।

इदं तु ध्येयं-अनुज्ञाविषयतावच्छेदकं न हिंसात्वं नद्युत्तारत्वादिकं वा, किन्तु सामान्य-विशेषविधिविधेयतावच्छेदकविधिशुद्धव्यापारत्वं यतनाविशिष्टनद्युत्तारत्वादिकं वा । फलतस्तु विधिशुद्धहिंसाया अप्यनुज्ञाविषयत्वं व्यवहाराऽबाधितमेव, अत एव विधिना क्रियमाणाया जिनपूजादिविषयहिंसाया अनुबन्धभावतो मोक्षप्राप्तिपर्यवसानत्वमुपदेशपदपञ्चवस्तुकादावुक्तम् ।

---

કારણરૂપ પાદાદિક્રિયાની અનુજ્ઞા નથી એમ કલ્પી શકાતું નથી. જયણાયુક્ત નદ્યુત્તારને ઈષ્ટફળનો હેતુ કહ્યો છે એટલે કે માત્ર જયણાને નહિ, પણ જેમાં અવશ્યપણે જીવવિરાધના થવાની છે તેવા નદ્યુત્તારને (પછી ભલેને એ જયણાયુક્ત હોવી જોઈએ) ઈષ્ટફળનું કારણ કહ્યું છે તેના પરથી જણાય છે કે વિશિષ્ટ નિમિત્ત પામીને જેનું વિધાન હોય તે સંબંધી જિનાજ્ઞા વ્યવહારથી, બહુલાભ કરાવી આપનાર અલ્પવ્યયરૂપ દ્રવ્યહિંસામાં ફલિત થાય છે. "પણ 'सव्वे पाणा...' ઈત્યાદિ આગમથી હિંસાનો નિષેધ છે. એટલે નદ્યુત્તારાદિમાં જો તેનું વિધાન હોય તો આગમમાં પૂર્વાપર વિરોધ થવાનો દોષ નહિ આવે ?" એવું ન પૂછવું, કેમકે ઉત્સર્ગથી નિષિદ્ધ વસ્તુનું પુષ્ટઆલંબનવિના પણ ઉત્સર્ગથી જ વિધાન હોય તો એ દોષ આવે છે. અહીં તો જ્ઞાનાદિની રક્ષા વગેરે રૂપ કો'ક નિમિત્ત પામીને જ અપવાદપદે તેનું વિધાન છે. તેથી તેમાં કોઈ વિરોધ નથી. તેથી જ શાસ્ત્રકારો આવું કહે છે કે 'વિશુદ્ધ આલંબન વાળા સાધુ અલ્પના બદલામાં ઘણું ઈચ્છે છે.' આમ ઉક્ત અનુજ્ઞા વ્યવહારથી દ્રવ્યહિંસામાં ફલિત થાય છે એ સિદ્ધ થયું.

[ **નિશ્ચયનયે તો શુભભાવનું જ વિધાન** ]

નિશ્ચયથી તો બાહ્ય વસ્તુનું એકાન્તે વિધાન પણ હોતું નથી કે નિષેધ પણ હોતો નથી. માત્ર શુભભાવનું જ વિધાન અને અશુભભાવનો જ નિષેધ કરાય છે. તેથી જ ભાવને અનુસરીને બાહ્યવસ્તુ અંગે તો વિધિ–નિષેધનો કામચાર (અનિયમ) હોય છે. પૂજ્યપાદ શ્રી **સંઘદાસગણિક્ષમાશ્રમણે** (બૃહત્કલ્પભાષ્ય ૩૩૩૦) કહ્યું છે કે

"શ્રી જિનેશ્વરોએ કોઈ વસ્તુની અનુજ્ઞા કે નિષેધ કર્યો નથી. તેઓની આ જ આજ્ઞા છે કે દરેક કાર્યમાં સત્ય (નિષ્કપટ) રહેવું." તેથી "નદ્યુત્તારાદિની નિશ્ચયના અંગભૂત વ્યવહારથી જે અનુજ્ઞા છે તે જ દ્રવ્યહિંસાની અનુજ્ઞા છે." એવી કોઈએ કરેલી કલ્પનાઓ તો ઊભી જ થતી ન હોવાથી હણાઈ ગયેલી છે એ જાણવું.

[ ફળતઃ તો વિધિશુદ્ધહિંસા પણ અનુજ્ઞાનો વિષય ]

આ બાબતનો ખ્યાલ રાખવો કે- દ્રવ્યહિંસાની પણ વ્યવહારથી જે અનુજ્ઞા છે તે તેમાં રહેલા હિંસાત્વ ધર્મના કે નદ્યુત્તારત્વ ધર્મના કારણે નથી, પણ સામાન્ય કે

---

२. नापि किञ्चिदनुज्ञातं प्रतिषिद्धं वापि जिनवरेन्द्रैः । एषा तेषामाज्ञा कार्ये सत्येन भवितव्यम् ।।

यत्तु 'अरिहंता भगवंतो' इत्यादि संमतिप्रदर्शनेन भगवतो विराधनाविषयकवाक्प्रयोगासंभव उपपादितस्तदत्यन्तमसमञ्जसं, संमतिवचनस्य कायव्यापारेणैव प्रवर्त्तकत्वनिवर्त्तकत्वाभावाभिधानतात्पर्यात्, वाक्प्रयोगस्याप्यप्रवर्त्तकनिवर्त्तकत्वे विधिनिषेधव्यापारवैयर्थ्याद् । यदपि सविशेषणे० इत्यादिन्यायेन यतनाऽयतनाविषयत्वमेव सर्वत्र जिनोपदेशस्योपदर्शितं तदपि विशेष्यभागस्याकिञ्चित्करत्वप्रदर्शनार्थं महावाक्यार्थपर्यवसानार्थं ऐदंपर्यार्थपर्यवसानार्थं वा ? नाद्यः, नद्युत्तारजन्यस्य भिक्षाचर्याविहारादिफलस्य यतनामात्रादसिद्धेर्विशेष्यभागस्याकिञ्चित्करत्वाऽसंभवाद् । न द्वितीयः, महावाक्यार्थस्य सर्वैरेव पदार्थैः पर्यवसानाद् । नापि तृतीयः, 'आज्ञा धर्मे सार' इति सार्वत्रिकैदंपर्यार्थस्य प्रकृतवाक्यार्थे योजनायामपि विशेष्यस्य त्यागायोगात् । किञ्चैवं 'जयं चरे.' इत्यादौ यतनांश एवोपदेशो न तु चरणाद्यंश इत्येकत्र वाक्ये कथं पदपदार्थयोजना ?

---

વિશેષવિધિઓનું વિધિશુદ્ધ વ્યાપારત્વરૂપ જે ધર્મને આગળ કરીને વિધાન હોય છે તે ધર્મના કારણે છે અથવા જયણાયુક્ત નદ્યુત્તારત્વવગેરેરૂપ ધર્મને આગળ કરીને હોય છે. વળી ફળની અપેક્ષાએ તો અનુજ્ઞાની વિધિશુદ્ધહિંસામાં રહેલી વિષયતા પણ વ્યવહારથી અબાધિત જ છે. અર્થાત્ એ હિંસાના ફળ તરીકે પણ મોક્ષમાર્ગમાં પ્રગતિ થતી હોવાથી એની અનુજ્ઞા બાધિત શા માટે બને ? તેથી જ વિધિથી કરાતી જિનપૂજાવગેરેવિષયક હિંસા અનુબંધ ભાવે (ઉત્તરોત્તરપરંપરાએ) મોક્ષપ્રાપ્તિમાં પરિણમે છે એવું **ઉપદેશપદ-પંચવસ્તુ** વગેરેમાં કહ્યું છે. પૂર્વપક્ષીએ ઉપદેશમાળાની 'અરિહંતા ભગવંતો...' ઇત્યાદિ ગાથારૂપ સાક્ષી આપીને 'ભગવાન્‌ને વિરાધનાવિષયક વચનપ્રયોગ સંભવતો નથી' ઇત્યાદિને જે સંગત કરી દેખાડયું છે તે તો અત્યંત અયોગ્ય છે, કારણકે વચનપ્રયોગનો અસંભવ જણાવવાનું તે સાક્ષી ગાથાનું તાત્પર્ય જ નથી, કિન્તુ "હાથ પકડીને અનુષ્ઠાન કરાવવું" વગેરે રૂપ કાયવ્યાપાર દ્વારા તેઓ જીવોને પ્રવર્ત્તાવતા નથી કે નિવૃત્ત કરતા નથી' ઇત્યાદિ જણાવવાનું જ તાત્પર્ય છે. બાકી તેઓનો વચન પ્રયોગ પણ જો પ્રવર્ત્તક કે નિવર્ત્તક ન હોય તો વિધાન કે નિષેધ કરવાનો તેઓનો પ્રયત્ન જ નિષ્ફળ બની જાય, કારણકે તે વિધાન કે નિષેધથી જો કોઇ પ્રવૃત્ત કે નિવૃત્ત થતું ન હોય તો એ સિવાય તો એનું બીજું ફળ જ શું હોય ?

**[ માત્ર જયણાનું જ વિધાન માનવામાં અસંગતિઓ ]**

વળી 'સવિશેષણે...' ઇત્યાદિ ન્યાય લગાડીને જિનોપદેશ સર્વત્ર જયણા કે અજયણા અંગે જ હોય છે એવું જે દેખાડયું છે તે પણ (૧) નદ્યુત્તારાદિરૂપ વિશેષ્ય અંશ સાવ અકિંચિત્કર (વ્યર્થ) હોય છે એવું જણાવવા ? કે (૨) મહાવાકયાર્થનું પર્યવસાન કરવા ? કે (૩) ઐંદપર્ય (રહસ્ય) ભૂતઅર્થનું પર્યવસાન કરવા ? દેખાડયું છે ? આમાંથી પહેલો વિકલ્પ માની શકાતો નથી, કારણકે નદ્યુત્તારજન્ય ભિક્ષાચર્યા-વિહારવગેરેરૂપ ફળ જયણા માત્ર રૂપ વિશેષણથી સિદ્ધ થતું ન હોવાથી નદ્યુત્તારાદિરૂપ વિશેષ્યઅંશ અકિંચિત્કર હોવો સંભવતો નથી. બીજો વિકલ્પ પણ યોગ્ય નથી, કેમકે આખા લાંબા મહાવાકયનું પર્યવસાન (ફલિતાર્થ) સર્વપદાર્થોથી જ થઇ શકે છે, માત્ર

यदपि—ज्ञानाद्यर्थमपवादप्रतिसेवणेऽप्यनादिसिद्धकल्प्यत्वादिलक्षणवस्तुस्वरूपावबोधक एव जिनोपदेशः, प्रवृत्तिस्त्वौचित्यज्ञानेन स्वत एवेत्युक्तं—तदप्यगाधभ्रमसमुद्रमज्जनविजृम्भितं, जिनोपदेशात्कल्प्यत्वादिबोधे स्वत एव प्रवृत्तिवचनस्याविचारितरमणीयत्वात्, कल्प्यताबोधकस्योपदेशस्यैव प्रवृत्तिजनकेच्छाजनकज्ञानविषयेष्टसाधनतादिबोधकत्वेन प्रवर्त्तकत्वाद्, एतदेव हि सर्वत्र विधेः प्रवर्त्तकत्वमभ्युपयन्ति शास्त्रविदः, विधेः प्रवर्त्तकत्वादेव च कल्प्यतादिबोधकादर्थवादादपि विधिकल्पनमाद्रियते, इत्थं च—'पञ्चेन्द्रियववरोवणा वि कप्पिय'त्ति **निशीथचूर्णावुक्तं**, न पुनः 'स हन्तव्यः' इति—इति यदुक्तं तत् ध्वनिभेदेनार्थपरावर्त्तमात्रम् । यच्च 'सव्वे पाणा०' इत्यादिना विरोधोद्भावनं कृतं तन्न 'हन्तव्यः' इत्यादिशब्दसादृश्यमात्रेणैव, किन्तु हिंसाविषयकोपदेशार्थमात्रेण स्यात्, तन्निराकरणं चैतत्सूत्रस्याविधिकृतहिंसाविषयत्वेनैव **हरिभद्रसूरिभिः**

વિશેષણીભૂત પદાર્થથી નહિ. ત્રીજો વિકલ્પ પણ ઘટતો નથી, કેમકે 'આજ્ઞા ધર્મમાં સારભૂત છે' એવા સાર્વત્રિક ઐદંપર્યાર્થને 'જયણાપૂર્વક નદી ઉતરવી' ઇત્યાદિરૂપ પ્રસ્તુત વાક્યાર્થમાં લગાડવા છતાં નદ્યુત્તારાદિરૂપ વિશેષ્યનો ત્યાગ કરી શકાતો નથી, કેમકે તે અંશમાં પણ આજ્ઞા હોવી વ્યવહારથી અબાધિત છે એ ઉપર દેખાડી ગયા છીએ. વળી આ રીતે માત્ર જયણા–અજયણાના વિધાન–નિષેધ માનવામાં તો 'जयं चरे...' ઇત્યાદિ દશવૈકાલિકસૂત્રના વાક્યમાં જયણા અંશમાં જ ઉપદેશ માનવો પડશે, ચરણ (વિહારાદિરૂપ પ્રવૃત્તિ) અંશમાં નહિ, અને તો પછી એક વાક્યમાં પણ પદ–પદાર્થની ઘટના શી રીતે કરશો? અર્થાત્ 'जयं' નો અર્થ તો જયણાપૂર્વક છે જ, હવે જો 'चरे' માં જે વિધ્યર્થપ્રયોગ છે તેનાથી પણ જયણાનું જ જો વિધાન હોય તો 'જયણાપૂર્વક જયણા કરવી' ઇત્યાદિ અર્થ નીકળે જે અસંગત રહે છે.

[આપવાદિક પ્રવૃત્તિને સ્વતઃ જ કહેવી એ મહાભ્રાન્તિ]

'જ્ઞાનાદિની રક્ષા–વૃદ્ધિ માટે સેવાતા અપવાદ અંગે પણ જે જિનોપદેશ છે તે તો અનાદિસિદ્ધ એવું કલ્પ્યત્વ વગેરે રૂપ વસ્તુસ્વરૂપને જ જણાવે છે, સાધુ વગેરેને પ્રવર્ત્તાવતો નથી, સાધુ વગેરે તો તે ઉપદેશથી ઔચિત્યજ્ઞાન પામે છે જેના દ્વારા પછી સ્વતઃ જ પ્રવૃત્તિ કરે છે' ઇત્યાદિ જે કહ્યું છે તે પણ અગાધભ્રમસમુદ્રમાં ડૂબવાના કારણે થયેલી જ ચેષ્ટા છે. કારણ કે જિનોપદેશથી જો કલ્પ્યત્વાદિનો બોધ થઇ ગયો હોય તો 'પ્રવૃત્તિ સ્વતઃ જ કરે છે' ઇત્યાદિ જણાવનાર વચન જ્યાં સુધી એના પર વિચાર કરાયો નથી ત્યાં સુધી જ રમણીય લાગે છે, વિચાર કરવાથી તો એ અરમણીય જ ભાસે છે. તે આ રીતે–પ્રવૃત્તિની જનક ઇચ્છા છે અને ઇચ્છાનું જનક ઇષ્ટસાધનતા જ્ઞાન છે. કલ્પ્યતાને જણાવનાર જે ઉપદેશ છે તે જ પ્રવૃત્તિની જનક જે ઇચ્છા તેના જનક જ્ઞાનના વિષયભૂત ઇષ્ટસાધન વગેરેનો (આ મારી ઇષ્ટ ચીજનું સાધન છે') બોધક હોઇ પ્રવર્ત્તક (પ્રવૃત્તિ કરાવનાર) હોય છે. ઇષ્ટ સાધનતાનું જ્ઞાન–પ્રવૃત્તિ કરવાની ઇચ્છા અને પ્રવૃત્તિ એવા જ્ઞાન, ઇચ્છા અને પ્રવૃત્તિના આ ક્રમમાં ઇષ્ટ સાધનતાનો બોધ કરાવવો એ જ વિધ્યર્થપ્રયોગનું પ્રવર્ત્તકત્વ છે એવું શાસ્ત્રજ્ઞો માને છે. વિધિવાક્ય આ રીતે પ્રવર્ત્તક હોવાથી જ કલ્પ્યતાદિના બોધક અર્થવાદથી પણ વિધિની

कृतमिति नात्र पर्यनुयोगावकाशः । किञ्च सामान्यतः सर्वजीवपरितापनानिषेधेऽपि क्वचिदपवादतस्तदुपदेशो विधिमुखेनापि दृश्यते, यथा भगवत्यां 'तं छंदेण अज्जो तुब्भे गोसालं मंखलिपुत्तं धम्मियाए पडिचोयणाए पडिचोएह, धम्मिआए पडिसारणाए पडिसारेह, धम्मिएणं पडोआरेणं पडोआरेह, धम्मियाएहिं अट्ठेहिं हेऊहिं पसिणेहिं य णिप्पिट्ठपसिणवागरणं करेह' त्ति । एतद्धि गोशालस्य परितापजनकं वचनं भगवतैव लाभं दृष्ट्वाऽऽज्ञाप्तम् । न चोत्सर्गतः परपरितापजनकं वचनं साधूनां वक्तुं युज्यते, इत्यवश्यमपवादविधिरुत्सर्गविधिवदङ्गीकर्त्तव्यः । इत्थं च 'अवग्गवाइं पडिहणेज्ज' त्ति दशाश्रुतस्कन्धचूर्णिवचनस्य यदन्यार्थपरिकल्पनं तदयुक्तमेव । मिथो विरुद्धं चेदं यदुतापवादविधिप्रतिषेधः पञ्चेन्द्रियव्यापादनभयेन सति सामर्थ्ये प्रवचनाऽहिताऽनिवारणे

કલ્પેના કરવામાં આવે છે. અર્થાત્ તે તે વસ્તુના પ્રશંસક વાક્યો પણ તેની જે પ્રશંસા કરી છે તેનાથી જ તેની કલ્પ્યતાને જણાવે છે, અને માટે વિધ્યર્થપ્રયોગ ન હોવા છતાં એનાથી વિધાન થાય છે એવી કલ્પના કરાય છે. આમ–'પંચેન્દ્રિયની હત્યા કલ્પે છે' એવું જ નિશીથચૂર્ણિમાં કહ્યું છે 'પંચેન્દ્રિય હણવા યોગ્ય છે' એવું નહિ–ઇત્યાદિ જે કહ્યું છે તે શબ્દો બદલીને અર્થનું માત્ર પરાવર્તન જ કર્યું છે. અર્થાત્ 'પંચેન્દ્રિયની હત્યા કલ્પે છે' એ વાક્ય 'પંચેન્દ્રિય હણવા યોગ્ય છે' એ વાક્યનાજ અર્થને જુદા શબ્દોમાં જણાવે છે. વળી–'स हन्तव्यः' ઇત્યાદિ કહે તો 'सव्वे पाणा...' ઇત્યાદિ વચનો સાથે વિરોધ આવે–ઇત્યાદિ જે કહ્યું છે તેમાં તે વિરોધ જો ખરેખર હોય તો 'हन्तव्यः એવા શબ્દના સાદૃશ્ય માત્રના કારણે 'न हन्तव्याः' ની સાથે હોવો તો સંભવતો નથી (કેમકે વાસ્તવિક વિચારણામાં માત્ર શબ્દવિરોધ અકિંચિત્કર છે.) કિન્તુ 'हन्तव्यः' શબ્દના હિંસાવિષયક ઉપદેશરૂપ અર્થમાત્રના કારણે 'ન હન્તવ્યાઃ' ઇત્યાદિ વચનના હિંસાનિષેધવિષયક ઉપદેશરૂપ અર્થ સાથે હોવો સંભવે છે. અને તેનું નિરાકરણ તો શ્રી હરિભદ્રસૂરિ મહારાજે જ 'सव्वे पाणा...' ઇત્યાદિ સૂત્ર 'અવિધિથી કરાયેલ હિંસાવિષયક છે. (અર્થાત્ એમાં અવિધિથી કરાતી હિંસાનો જ નિષેધ છે)' એવું જણાવીને કરી દીધું છે તે આ રીતે–અવિધિહિંસાનો નિષેધ કરનાર તે સૂત્રનો વિધિપૂર્વક કરવાની આજ્ઞાશુદ્ધ હિંસાનો ઉપદેશ વિરોધી નથી જ. તેથી અહીં એ અંગે કોઈ પ્રશ્નોત્તરીને અવકાશ રહેતો નથી.

[અપવાદપદે વિરાધનાનો ઉપદેશ પણ વિધિમુખે સંભવિત]

વળી સર્વજીવોને પીડા કરવાનો સામાન્યથી નિષેધ હોવા છતાં ક્યારેક અપવાદ પદે તેનો ઉપદેશ વિધિમુખે હોવો પણ જણાય જ છે. જેમકે શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે કે "તેથી હે આર્ય! તમે ઇચ્છાપૂર્વક મંખલિપુત્ર ગોશાળાને ધાર્મિક પડિચોયણાથી પ્રેરણા કરો, ધાર્મિક પ્રતિસ્મારણાથી સ્મરણ કરાવો, ધાર્મિક પ્રશ્નોત્તરીથી પ્રશ્નોત્તરી (ચર્ચા)નાં ઉતારો, ધાર્મિક અર્થપદો, હેતુઓ અને પ્રશ્નો દ્વારા બોલતો બંધ કરી દો." ગોશાળાને પરિતાપ પેદા કરનાર આ વચનની ભગવાને જ લાભ જોઇને આજ્ઞા કરેલી હતી. વિધિમુખે ઉપદેશરૂપ આ વચન ઔત્સર્ગિકવિધિ રૂપ તો નથી જ, કેમકે ઉત્સર્ગથી તો સાધુઓએ પરપીડાજનક વચન બોલવું એ ઘટતું નથી. તેથી આ વચનને આપવાદિક વિધિરૂપે જાણવું જોઈએ.

१. तच्छन्देन आर्य ! यूयं गोशालं मंखलिपुत्रं धार्मिकया प्रतिचोदनया प्रतिचोदयत, धार्मिकया प्रतिसारणया प्रतिसारयत, धार्मिकेण प्रत्यवतारेण प्रत्यवतारयत धार्मिकैरर्थैर्हेतुभिः प्रश्नैश्च निष्पृष्टप्रश्नव्याकरणं कुरुतेति ।

संसारवृद्धिर्दुर्लभबोधिता चेति । इत्थं हि प्रवचनाहितनिवारणे निमित्ते पञ्चेन्द्रियव्यापादनस्य बलवदनिष्टाननुबन्धित्वबोधार्थमपवादविधिरवश्यं कल्पनीयः, अन्यथा सामान्यनिषेधजनितभयाऽनिवृत्तेरिति । यच्चाहितनिवारणे क्रियमाणे कदाचित्पञ्चेन्द्रियव्यापत्तौ प्रायश्चित्तप्रतिपत्त्याऽऽशयस्य शुद्धत्वाज्जिनाराधकत्वं सुलभबोधिकत्वं चोक्तं तदविचारितरमणीयं, यतनावतोऽपवादपदेऽपि प्रायश्चित्तानुपदेशात् । तदुक्तं बृहत्कल्पवृत्तौ तृतीयखण्डे-

---

માટે 'ઔત્સર્ગિક વિધાનોની જેમ આપવાદિકવિધાનો પણ હોય છે.' એ વાત સ્વીકારવી જોઈએ. અને તેથી અપવાદપદે હિંસા વગેરેનો પણ વિધિમુખે ઉપદેશ સંભવિત છે.

[ અપવાદપદે વિરાધનાનું વિધાન આવશ્યક ]

આમ આપવાદિકહિંસા વગેરેનો વિધિમુખે જિનોપદેશ હોવો સંભવિત હોવાથી જ **દશાશ્રુતસ્કંધનીચૂર્ણિ**ના 'अवण्णवाइं...' ઈત્યાદિ વચનનો 'પરવાદીનું નિરાકરણ કરવું' ઈત્યાદિ રૂપ જે અન્ય અર્થ કલ્પ્યો છે તે અયોગ્ય જ ઠરે છે. કારણકે એના યથાશ્રુત સીધા અર્થમાં કોઈ અસંગતિ રહેતી નથી કે જેના વારણ માટે અન્ય અર્થ કલ્પવો આવશ્યક બને. વળી એ વાત પરસ્પર વિરુદ્ધ પણ છે કે જે એકબાજુ 'ઉત્સર્ગથી જેનો નિષેધ હોય તેવા હિંસાદિનું અપવાદપદે પણ વિધાન હોતું નથી' એવું માનવું અને બીજી બાજુ 'સામર્થ્ય હોવા છતાં પંચેન્દ્રિયની હત્યાના ભયના કારણે, પ્રવચન પર આવેલી આફતનું નિવારણ ન કરવામાં સંસારવૃદ્ધિ અને દુર્લભબોધિતા થાય છે તેવા વચનોને સ્વરૂપ દર્શક તરીકે સ્વીકારવા.' અહિત અનિવારણમાં આ જે સંસારવૃદ્ધિ આદિ કહ્યા છે તેનાથી જ 'પ્રવચનના અહિતના નિવારણરૂપ નિમિત્તે થયેલ પંચેન્દ્રિયની હત્યા એ મોટું અનિષ્ટ કરનાર હોતી નથી' ઈત્યાદિ જણાવવા અપવાદપદે તે હિંસાદિનું વિધાન અવશ્ય માનવું પડે છે, અન્યથા ઉત્સર્ગપદે સામાન્યથી હિંસાદિના કરેલા નિષેધથી હિંસાદિનો ઊભો થયેલ ભય દૂર ન થવાથી તે આપવાદિક હિંસા પણ કોઈ ન કરે. આશય એ છે કે નિષેધકવચનપરથી 'આ અનુષ્ઠાન બળવદ્ અનિષ્ટ કરનાર છે' એવો બોધ થાય છે. અને 'આ બળવદ્અનિષ્ટ કરનાર નથી' એવો બોધ વિધિવાક્યથી થાય છે. પંચેન્દ્રિયહત્યામાં ઔત્સર્ગિક નિષેધ વચનથી બળવદ્અનિષ્ટ અનુબંધિત્વનું જે જ્ઞાન થયું હોય છે તે જ્યાં સુધી દૂર ન થાય ત્યાં સુધી તે બળવદ્અનિષ્ટનો ભય ઊભો રહેતો હોઈ અપવાદ પદે પણ કોઈ તેમાં પ્રવૃત્તિ કરે નહિ. એ અનુબંધિત્વનું જ્ઞાન દૂર કરવા માટે તેમાં બળવદ્અનિષ્ટના અનનુબંધિત્વનું જ્ઞાન જરૂરી બને છે જે જ્ઞાન વિધિવાક્યથી થાય છે. માટે અપવાદપદે હિંસાદિનું વિધાન પણ અવશ્ય માનવું પડે છે. વળી 'અહિતનું વારણ કરવામાં ક્યારેક પંચેન્દ્રિયની હત્યા થઈ જાય તો પ્રાયશ્ચિત્તસ્વીકારથી આશય શુદ્ધ હોવાના કારણે જિનાજ્ઞાઆરાધકત્વ અને સુલભબોધિપણું જળવાઈ રહે છે' ઇત્યાદિ જે કહ્યું તે પણ અવિચારિતરમણીય છે, કારણકે જયણાયુક્ત સાધુને અપવાદપદે થતી હિંસા વગેરેમાં પ્રાયશ્ચિત્ત જ કહ્યું નથી. બૃહત્કલ્પવૃત્તિ તૃતીયખંડમાં કહ્યું છે કે—

"तथा मूलगुणप्रतिसेव्यप्यालम्बनसहितः पूज्यः, पुलाकवत्, स हि कुलादिकार्ये चक्रवर्त्तिस्कन्धावारमपि गृह्णीयाद् विनाशयेद्वा, न च प्रायश्चित्तमाप्नुयाद्" इत्यादि । यत्तु तस्य 'हिट्ठट्ठाणट्ठिओ वि' (बृ. क. भा. ४५२५) इत्यादिनाऽधस्तनस्थानस्थायित्वमुक्तं तत्स्वाभाविकं, न तु प्रतिषेवणाकृतमिति बोध्यम् । किञ्च तस्य प्रायश्चित्तं स्यात्तदा पुनर्व्रतारोपणादि स्याद्, आकुट्या पञ्चेन्द्रियघाते मूलादिमहाप्रायश्चित्ताभिधानाद् । उक्तं च तस्य हस्तशताद्बहिर्गमन इव निरतिचारताभिव्यञ्जकं सूक्ष्माश्रवविशोधकमालोचनाप्रायश्चित्तमेव, तथा च द्वितीयखण्डे बृहत्कल्पभाष्यवृत्तिग्रन्थः [२९६३]–

आयरिए गच्छम्मि य कुलगणसंघे अ चेइअविणासे । आलोइअपडिक्कंतो सुद्धो जं णिज्जरा विउला ॥

व्या० षष्ठीसप्तम्योरर्थं प्रत्यभेदा**दाचार्यस्य वा गच्छस्य वा कुलस्य वा गणस्य वा चैत्यस्य वा विनाशे** उपस्थिते सति सहस्रयोधिप्रभृतिना स्ववीर्यमहापयता तथा पराक्रमणीयं यथा तेषामाचार्यादीनां विनाशो नोपजायते, स च तथा पराक्रममाणो यद्यपराधमापन्नस्तथा**ऽप्यालोचितप्रतिक्रान्तः शुद्धः** गुरुसमक्षमालोच्य मिथ्यादुष्कृतप्रदानमात्रेणैवासौ शुद्ध इति भावः । कुतः? इत्याह–यद्यस्मात्कारणाद् **विपुला** महती **निर्जरा** कर्मक्षयलक्षणा तस्य भवति, पुष्टालंबनमवगम्य भगवदाज्ञया प्रवर्त्तमानत्वादिति ॥

**इत्थं च 'सर्वत्र वस्तुस्वरूपावबोधक एवापवादोपदेशः, न तु विधिमुखः' इति यत्किञ्चिदेत्र, बहूनां छेदग्रन्थस्थापवादसूत्राणां विधिमुखेन स्पष्टमुपलंभात् ।**

---

**[જયણાપૂર્વક થયેલી આપવાદિક હિંસામાં પ્રાયશ્ચિત્તનો અભાવ]**

"તથા મૂળગુણ અંગેનું પ્રતિસેવન કરનાર પણ આલંબન યુક્ત હોય તો પૂજ્ય છે, જેમકે પુલાક. તે કુલ–ગણ આદિનું તેવું કાર્ય ઉપસ્થિત થયું હોય તો ચક્રવર્તીની છાવણીનું પણ ગ્રહણ કરે અથવા નાશ પણ કરે અને તેમ છતાં પ્રાયશ્ચિત્ત ન પામે." વગેરે, વળી બૃહત્કલ્પનીજ **૪૫૨૫ મી 'हिट्ठट्ठाणट्ठिओ वि...' ઈત્યાદિ ગાથાથી તેને નીચલા સંયમસ્થાનમાં રહેલો જે કહ્યો છે તેમાં પણ તે નીચલું સ્થાન પણ સ્વાભાવિક જ જાણવું, તે પ્રતિસેવનાના કારણે થયેલું ન માનવું. વળી આ પ્રતિસેવનવગેરેનું જો ખરેખર પ્રાયશ્ચિત્ત હોય તો તો તેને મહાવ્રતોનું પુનઃ આરોપણ જ કરવું પડે, કેમકે આકુટ્ટિથી કરાયેલ પંચેન્દ્રિયની હત્યાનું મૂલવગેરેરૂપ મહાપ્રાયશ્ચિત્ત જ કહ્યું છે. જયારે આવા અપવાદનું સેવન કરનારને તો શાસ્ત્રમાં, સો હાથથી વધુ દૂર ઇર્યાસમિતિવગેરેપૂર્વક જવામાં, સૂક્ષ્મ આશ્રવોની વિશુદ્ધિ કરનાર અને નિરતિચારતાનું અભિવ્યંજક એવું જે આલોચના પ્રાયશ્ચિત્ત હોય છે તેવું આલોચના પ્રાયશ્ચિત્ત જ કહ્યું છે. બૃહત્કલ્પભાષ્યવૃત્તિના દ્વિતીયખંડમાં કહ્યું છે કે–**

(ષષ્ઠી–સપ્તમી વિભક્તિનો અર્થ એક હોય છે.) આચાર્ય, ગચ્છ, કુલ, ગણ, સંઘ કે ચૈત્યનો વિનાશ ઉપસ્થિત થએ છતે સહસ્રયોધી વગેરેએ પોતાની શક્તિને ગોપવ્યા વિના તેવું પરાક્રમ દાખવવું કે જેથી તે આચાર્યવગેરેનો વિનાશ ન થાય. એ રીતે પરાક્રમ કરતા તેનાથી જો કોઈ અપરાધ થઇ જાય તો પણ ગુરુસમક્ષ આલોચના કરીને 'મિચ્છામિ દુક્કડમ્' દેવા માત્રથી તે શુદ્ધ થઈ જાય છે. શા માટે? તો કે–પુષ્ટ આલંબનને જાણીને જિનાજ્ઞાથી પ્રવર્તતો હોવાથી તેને કર્મક્ષયાત્મક વિપુલ નિર્જરા થઈ હોય છે." **તાત્પર્ય, જે માત્ર આલોચનાપ્રતિક્રમણ કહ્યું છે તેનાથી જ જણાય છે કે તે નિરતિચાર હોય છે તેમજ અપવાદપદે કરેલ હિંસાનું કોઈ પ્રાયશ્ચિત્ત હોતું નથી. (કેમકે તે આલોચના પ્રાયશ્ચિત્ત તો થઈ ગયેલ સૂક્ષ્મ આશ્રવોની વિશુદ્ધિ માટે હોય છે.) માટે 'અપવાદપદીય ઉપદેશ માત્ર વસ્તુસ્વરૂપનોજ બોધક હોય છે,**

**तथा आचाराङ्गेऽपि** '[1]से तत्थ पयलमाणे वा पवडमाणे वा रुक्खाणि वा गुच्छाणि वा लयाओ वा वल्लीओ वा तणाणि वा तणगहणाणि वा हरिआणि वा अवलंबिय उत्तरिज्जा, से तत्थ पाडिपहिआ उवागच्छंति ते पाणिं जाएज्जा, तओ संजयामेव अवलंबिय २ उत्तरेज्जा, तओ संजयामेव गामाणुगामं दूइज्जिज्जा ।'

**इत्यत्र गच्छगतस्य साधोर्वल्ल्याद्यालंबनस्य विधिमुखेनैवोपदेशात् ।**

**न च** [1]से भिक्खू वा भिक्खुणी वा गामाणुगामं दूइज्जमाणे अंतरा से वप्पाणि वा फलिहाणि वा पागाराणि वा तोरणाणि वा अग्गलाणि वा अग्गलपासगाणि वा गत्ताओ वा दरीओ वा सति परक्कमे संजयामेव परक्कमिज्जा णो उज्जुअं गच्छिज्जा । केवली बूआ, आयाणमेयंति' । [आ० द्वि० श्रु० अ० ३ उ० २]

**प्रागुक्तनिषेधकारणानिष्टसंभावनावचनमेतद्, न तु विधिवचनमिति-वाच्यं, विधिवचनत्वेनापि वृत्तिकृता वृत्त्यां व्याख्यानात् । तथा हि-**

"से इत्यादि, स भिक्षुर्ग्रामान्तराले यदि वप्रादिकं पश्येत् , ततः सत्यन्यस्मिन् सङ्क्रमे तेन ऋजुना पथा न गच्छेद् यतस्तत्र गर्तादौ निपतन् सचित्तं वृक्षादिकमवलंबेत, तच्चायुक्तम् । अथ कारणिकस्तेनैव गच्छेत् कथञ्चित्पतितश्च गच्छगतो वल्ल्यादिकमप्यवलंब्य प्रातिपथिकं हस्तं वा याचित्वा संयत एव गच्छेदिति ॥'

**तथा सामान्यतः प्रतिषिद्धं लवणभक्षणमप्यपवादतो विधिमुखेन तत्रैवानुज्ञातं दृश्यते । तथा हि-**

---

વિધિમુખ (વિધાનાત્મક) નહિ' એ વાત તો ફેંકી દેવા જેવી જ છે, કારણ કે છેદગ્રન્થમાં રહેલા ઘણા અપવાદસૂત્રો વિધાનાત્મક હોવા દેખાય જ છે. તેમજ **આચારાંગના નીચેના** સૂત્રમાં પણ ગચ્છવાસી સાધુને વેલડી વગેરેનો ટેકો લેવાનો વિધિમુખે જ ઉપદેશ હોવો દેખાય જ છે-"ત્યાં (વિષમભૂમિમાં) ચાલતો કે પડતો સાધુ વૃક્ષોનો, ગુચ્છાઓનો, લતાઓનો, વેલડીઓનો, તૃણોનો, તૃણગહનોનો કે હરિતોનો આધાર લઈ ઉતરે. ત્યાં જો બીજા કોઈ પથિકો સામા આવતાં હોય તો તેઓનો હાથ માંગે (તે પકડીને નીચે ઉતરે). પછી સમ્યક્ જયણાપૂર્વક જ ઉતરે, એક ગામથી બીજે ગામ જાય."

**[વેલડી વગેરેના આલંબનનું વિધાન કરતું સૂત્ર]**

**શંકા** :-આ તમે કહેલું આચારાંગનું સૂત્ર વેલડી વગેરેનો ટેકો લેવાનો વિધિમુખે ઉપદેશ આપનારું નથી, પણ એ **આચારાંગના** જ સૂત્ર [૨-૩-૨] માં પૂર્વે વૃક્ષાદિનો ટેકો લેવાનો જે નિષેધ કરેલ છે તેના કારણે સાધુ કદાચ ટેકો ન લે તો મોટું અનિષ્ટ થવાની જે સંભાવના રહે છે તે દેખાડનારું જ આ વચન છે.

તે (૨-૩-૨) સૂત્ર આ પ્રમાણે છે-સાધુ કે સાધ્વીને, એક ગામથી બીજા ગામ જતી વખતે વચમાં જો વાવડી, ખાઈ, કિલ્લો તોરણ, સાંકળ, અર્ગલા પાશક, ખાડા ગુફા વગેરે આવે તો પરાક્રમ હોય તો તો સંયત રહીને જ પરાક્રમ કરવું અર્થાત્ જયણા પૂર્વક બીજે રસ્તે જવું. કારણ કે કેવળી કહે છે કે એ સીધા માર્ગે જવું એ આદાન=આશ્રવ છે."

**સમાધાન** :-આવી શંકા અયોગ્ય છે, કારણ કે વૃત્તિકારે વૃત્તિમાં તેની વિધિવચન હોવા રૂપે પણ વ્યાખ્યા કરી છે. તે આ રીતે—

---

१. अथ स तत्र प्रचलन् प्रपतन् वृक्षान् गुच्छान् वा लता वा वल्लीर्वा तृणानि वा तृणगहनानि वा हरितानि वाऽवलंब्योत्तरेत्, अथ तत्र प्रातिपथिका उपागच्छन्ति तेषां पाणिं याचेत, ततः संयत एवावलंब्योत्तरेत् , ततः संयत एव ग्रामानुग्रामं गच्छेत् ॥

१. अथ भिक्षुर्वा भिक्षुकी वा ग्रामानुग्रामं गच्छन्नन्तरा तस्य वप्रा वा परिखा वा प्राकारा वा तोरणानि वा अर्गला वा अर्गलपाशका वा गर्ता वा दर्यो वा सति पराक्रमे संयत एव पराक्रमेत, नो ऋजुकं गच्छेत् । केवली ब्रूयादादानमेतत् ॥

से भिक्खू वा २ जाव समाणे सिया से परो अवहट्टु अंतो पडिग्गहे बिडं वा लोणं वा उब्भियं वा लोणं परिभाइत्ता णीहट्टु दलइज्जा, तहप्पगारं पडिग्गहं परहत्थंसि वा परपायंसि वा अफासुअं जाव णो पडिग्गाहिज्जा से आहच्च पडिग्गाहिए सिया, तं च णाइदूरगयं जाणेज्जा, से तमादाय तत्थ गच्छेज्जा, पुव्वामेव आलोइज्जा, आउसो त्ति वा भगिणित्ति वा इमं ते किं जाणया दिन्नं उदाहु अजाणया ? से य भणेज्जा, नो खलु मे जाणया दिन्नं, अजाणया दिन्नं, कामं खलु आउसो इदाणिं णिसिरामि तं भुंजह वा णं परिभाएह वा णं तं परेहिं समणुन्नायं समणुसिट्ठं तओ संजयामेव भुंजेज्ज वा पिबेज्ज वा, जं च णो संचाएति भोत्तए वा पायए वा साहम्मिया तत्थ वसंति, संभोइआ समणुण्णा अपरिहारिआ अदूरगया तेसिं अणुप्पदायव्वं सिया, णो जत्थ साहम्मिआ सिआ, जहेव बहुपरिआवन्नं कीरइ, तहेव कायव्वं सिया, एवं खलु तस्स भिक्खुस्स भिक्खुणीए वा सामग्गिअंति । [ द्वि० श्रु० अ० १ उ० १० ] **एतद्वृत्तिर्यथा-"स भिक्षुर्गृहादौ** प्रविष्टः स्यात्, तस्य च कदाचित्परो गृहस्थः **अभिहट्टु अंतो** इति अंतः प्रविश्य पतद्ग्रहे काष्ठच्छब्बकादौ ग्लानाद्यर्थं खण्डादियाचने सति **बिडं** वा **लवणं** खनिविशेषोत्पन्नं, उद्भिज्जं वा लवणाकराद्युत्पन्नं **परिभाइत्त** त्ति दातव्यं विभज्य दातव्यद्रव्यात्कञ्चिदंशं गृहीत्वेत्यर्थः, ततो **निःसृत्य दद्यात्**, तथाप्रकारं **परहस्तादिगतमेव** प्रतिषेधयेत्, **तच्चाहच्चेति** सहसा **प्रतिगृहीतं भवेत्** । **तं च** दातारमदूरगतं **ज्ञात्वा** स भिक्षुस्तल्लवणादिकमादाय तत्समीपं **गच्छेद्**, गत्वा च पूर्वमेव तल्लवणादिक**मालोकये**द्दर्शयेद्, एतच्च ब्रूयाद् **'अमुक'** इति वा **भगिनीति वा** ! एतच्च लवणादिकं **किं त्वया जानता** दत्तमुताजानता ? एवमुक्तः सन् पर एवं वदेद् यथा पूर्वं मयाऽजानता दत्तं, सांप्रतं तु यदि भवतोऽनेन प्रयोजनं ततो दत्तमेतत्परिभोगं कुरुध्वम् । तदेवं परैः समनुज्ञातं समनुसृष्टं सत्प्रासुकं कारणवशादप्रासुकं वा भुञ्जीत पिबेद्वा, यच्च न शक्नोति भोक्तुं पातुं वा तत्साधर्मिकादिभ्यो दद्यात्, तदभावे बहुपर्यापन्नविधिं प्राक्तनं विदध्याद्, एतत्तस्य भिक्षोः सामग्र्यमिति ॥"

---

"તે ભિક્ષુ બીજે ગામ જતાં વચમાં જો વપ્ર વગેરે જુએ તો બીજો રસ્તો વગેરે હોતે છતે તે સીધા માર્ગે (કે જેમાં વચ્ચે વપ્રાદિ ઓળંગવાના આવે છે તે માર્ગે) ન જાય કેમ કે ખાડામાં પડતા તેણે કદાચ વૃક્ષાદિનો પણ ટેકો લેવો પડે જે અયોગ્ય છે હવે કદાચ કોઈ કારણે તે રસ્તે જ જવું પડે, અને કદાચ પડી પણ જાય, તો ગચ્છવાસી સાધુ વેલડી વગેરેનો ટેકો લઈ, બીજા પથિકનો હાથ માંગી સંયત રહીને જ જાય."

**વળી સામાન્યથી નિષિદ્ધ એવા પણ લવણભક્ષણની અપવાદથી તેમાં (આચારાંગમાં) જ વિધિ મુખે જ અનુજ્ઞા આપેલી દેખાય છે. તે આ રીતે-**

**[ લવણ અંગેનું આપવાદિક વિધાનસૂત્ર ]**

"તે ભિક્ષુએ ગૃહસ્થના ઘરમાં જઈને ગ્લાનવગેરે માટે ખાંડ માંગી. તે ગૃહસ્થે બિડ (વિશેષપ્રકારની ખાણમાં ઉત્પન્ન થએલું) કે ઉદ્‌ભિજ્જ (લવણાકરાદિમાં ઉત્પન્ન થએલું) પ્રકારનું લવણ પોતાના ભાજનમાંથી થોડું લઈને આપવાની તૈયારી કરી તેને અપ્રાસુક જાણીને સામાના હાથ કે ભાજનમાં હોય ત્યારે જ તેનો નિષેધ કરવો, પણ ગ્રહણ કરવું નહિ. પણ જો એ લવણ સહસા પોતાના પાત્રમાં આવી જાય અને હજુ તે દાતા (અથવા પોતે) બહુદૂર ગયો ન હોય ને ખબર પડી જાય તો, તે લવણાદિ લઈ દાતા પાસે જવું અને જઈને પહેલાં પોતે એ લવણાદિને જોવા, તેમજ આ કહેવું કે 'ભાઈ ! (અથવા બહેન !) આ લવણાદિ તેં જાણવા છતાં આપ્યું હતું કે અજાણપણે ? સામો કહે કે 'પહેલાં મેં અજાણપણે આપ્યું હતું. પણ હવે જો તમને જરૂર હોય તો મેં આપેલું જ છે, વાપરજો.' આ રીતે સામા વડે અનુજ્ઞા અપાએલ અને દાન તરીકે અપાએલ લવણાદિ પ્રાસુક (અચિત્ત) હોય તો ખાવા (કે પીવા૦) અને કારણવશાત્ તો અપ્રાસુક હોય તો પણ વાપરવા. વળી જેને પોતે ખાવા કે પીવા માટે સમર્થ ન હોય તે સાધર્મિકાદિને આપવું, સાધર્મિકાદિ ન હોય તો પૂર્વોક્ત બહુપર્યાપન્નવિધિ (પરઠવવા અંગેની એક વિધિ) કરવી. આ ભિક્ષુપણાના ભાવનું કારણ છે."

न चापवादविषयोऽपि मनोव्यापारः सावद्यत्वात्केवलिनो न संभवतीति शङ्कनीयं, अधिकृतपुरुषविशेषेऽधिकनिवृत्तितात्पर्यावगाहित्वेनास्य निरवद्यत्वाद्, अन्यथा देशविरत्युपदेशोऽपि न स्यात् , तस्य चरणाशक्तपुरुषविषयत्वेनापवादिकत्वात् , अत एव चारित्रमार्गमनुपदिश्य देश-विरत्युपदेशे स्थावरहिंसाऽप्रतिषेधानुमतेः क्रमभङ्गादपसिद्धान्त उपदर्शितः ।

यत्तु—'जलं वस्त्राऽऽगलितमेव पेयम्' इत्यत्र सविशेषणे. इत्यादिन्यायाज्जलगालनमेवोपदिष्टं, न तु विधिमुखेन निषिद्धोपदेशः कारणतोऽपि—इति तदसद् , यतो जलगालनमपि जलशस्त्रमेव, तदुक्तमाचाराङ्गनिर्युक्तौ—

उस्सिंचण गालणधोअणे य उवगरण कोस(मत्त)भंडे अ । बायरआउक्काए एयं तु समासओ सत्थं ॥

ति । अत्र गालनं घनमसृणवस्त्राद्धान्तेन इति वृत्तौ संपूर्य व्याख्यातम् । तच्च त्रिविधं त्रिविधेन निषिद्धमिति विधिमुखेन तदुपदेशे निषिद्धस्यापवादतस्तथोपदेशाऽविरोधाद्, निषिद्धमपि

'હિંસાદિ અંગે તો અપવાદવિષયક પણ મનોવ્યાપાર સાવદ્ય હોઇ કેવલીને સંભવતો નથી' એવી શંકા ન કરવી, કેમકે અધિકૃતપુરુષવિશેષ અંગેના 'તે આટલો અપવાદ સેવી લેશે તો બીજા ઘણા દોષોથી બચી શકશે' ઇત્યાદિ તાત્પર્યવાળો હોઈ તે મનોવ્યપાર પણ નિરવદ્ય જ હોય છે. આવા તાત્પર્યવાળો પણ અપવાદવિષયક વ્યાપાર જો સાવદ્ય જ હોય તો દેશવિરતિનો પણ ઉપદેશ આપી શકાશે નહિ, કેમકે, તે પણ ચારિત્રમાં અસમર્થ પુરુષવિષયક હોઇ આપવાદિક હોય છે. તે આપવાદિક હોય છે એ કારણે જ તો ચારિત્રમાર્ગનો ઉપદેશ દીધા વગર દેશવિરતિનો ઉપદેશ દેવામાં ક્રમભંગ થવાથી સ્થાવરજીવોની હિંસાની અપ્રતિષેધ અનુમતિ (ન નિષિદ્ધં અનુમતં એ ન્યાયે થઈ જતી અનુમતિ) રૂપ સિદ્ધાન્તવિરુદ્ધ દોષ લાગે છે એવું જણાવ્યું છે. બાકી જો એ પણ ઔત્સર્ગિકવિધાન જ હોત તો 'ઉત્સર્ગની વાત કર્યા પછી અપવાદની વાત કરવી' ઈત્યાદિરૂપ ક્રમનો પ્રશ્ન જ રહેવાથી એ દોષ શી રીતે લાગે ?

( નિષિદ્ધનું પણ અપવાદપદે વિધાન હોય )

વળી–"પાણી કપડાંથી ગાળેલું જ પીવું" એવા ઉપદેશવચનમાં 'सविशेषणे...' ઈત્યાદિ ન્યાયમુજબ જળગલનરૂપ વિશેષણનો જ ઉપદેશ છે, નિષિદ્ધ એવી વિરાધનાનો તો ત્રસજીવરક્ષાના કારણ તરીકે પણ વિધિમુખે ઉપદેશ નથી-ઇત્યાદિ જે કહ્યું તે પણ ખોટું છે, કેમકે જળગાલન પણ જળજીવો માટે શસ્ત્ર જ છે જે ત્રિવિધ–ત્રિવિધે નિષિદ્ધ છે. **આચારાંગની નિર્યુક્તિ (૧૧૩)** માં કહ્યું છે કે 'ઉત્સેચન–ગાલન–ધોવણ–ઉપકરણ અને કોશભાંડ (વાસણ) ધોવા–આ બધા અપ્કાયના સંક્ષેપથી શસ્ત્રો જાણવા. આમાં 'ગાલન ઘન અને મૃદુ વસ્ત્રથી કરવું" એવી વૃત્તિમાં વ્યાખ્યા કરી છે. ત્રિવિધ–ત્રિવિધે નિષિદ્ધ એવા પણ ગાલનનો જો તમારા અભિપ્રાયમુજબ ઉક્ત ઉપદેશવચનમાં વિધિમુખે ઉપદેશ હોય તો ફલિત થઈ જ ગયું કે નિષિદ્ધ ચીજનો પણ અપવાદથી વિધિમુખે ઉપદેશ હોવો વિરુદ્ધ નથી. અર્થાત્ નિષિદ્ધ વસ્તુપણ ક્યાંક (જંગલાદિમાં) ક્યારેક (દુષ્કાલાદિ કાળે) કોઈક રીતે (અસહુ પુરુષાદિને આશ્રીને) વિહિત બની જાય છે.

---

૧. उत्सेचनगालनधोवनं चोपकरणकोशभाण्डं च । बादराप्काये एतत्तु समासतः शस्त्रम् ।

हि क्वचित्कदाचित् कथञ्चिद्विहितमपि भवतीति। यत्तूक्तं–द्रव्यहिंसाया अप्यनाभोगवशादयतनाजन्यत्वेन निषिद्धत्वमेव-इति तन्न, अयतनाजन्यहिंसायाः कटुकफलहेतुत्वात्, तत्र आशयशुद्धेः प्रतिबन्धिकाया यतनातिरिक्ताया असिद्धेः, तस्याश्चायतनया सह विरोधात्, स्थूलयतनायां स्थूलाऽयतनायाः प्रतिबन्धकत्वेन सूक्ष्माऽयतनाकल्पने प्रमाणाभावाद्, अयतनासत्त्वेऽप्रमत्तानामप्रमत्तताऽसिद्धेः। या च सूक्ष्मा विराधना द्वादशगुणस्थानपर्यन्तमालोचनाप्रायश्चित्तबीजमिष्यते सा न सूक्ष्मायतनारूपा, सूक्ष्माया अप्ययतनायाश्चारित्रदोषत्वेनोपशान्तक्षीणमोहयोर्यथाख्यातचारित्रिणोस्तदनुपपत्तेः, किन्त्वनाभोगलक्षणसूक्ष्मप्रमादजनितचेष्टाश्रवरूपा, अत एव द्वादशगुणस्थानपर्यन्तं तन्निमित्तालोचनाप्रायश्चित्तसंभवः। तदुक्तं प्रवचनसारोद्धारवृत्तौ–

[ દ્રવ્યહિંસાનું પણ અપવાદપદે વિધાન ]

"અનાભોગવશાત્ થયેલ અજયણાથી જન્ય હોવાના કારણે દ્રવ્યહિંસા પણ નિષિદ્ધ જ છે (કેમકે અજયણા નિષિદ્ધ છે.)" એ વાત પણ સત્યથી વેગળી છે, કેમકે અજયણાજન્યહિંસા તો કટુક ફળનો હેતુ હોય છે જ્યારે નદ્યુત્તારાદિમાં થયેલી દ્રવ્યહિંસા કંઇ કટુક ફળનો હેતુ બનતી નથી કે જેથી એને અજયણાજન્ય કહેવાય. **પ્રશ્ન :–** અજયણાજન્ય એવી પણ તે દ્રવ્યહિંસા કટુકફળ આપતી નથી એમાં કારણ એ છે કે આશયશુદ્ધિ કટુકફળનો પ્રતિબંધક છે. માટે આશયશુદ્ધિવાળા સાધુને નદ્યુત્તારાદિમાં થતી દ્રવ્યહિંસાથી કટુક ફળ મળતું નથી. પણ એટલા માત્રથી તે દ્રવ્યહિંસા અજયણાજન્ય નથી એમ કેમ કહેવાય ? **ઉત્તર :–** તમે જેને પ્રતિબંધક કહો છો તે આશયશુદ્ધિ જયણાથી ભિન્ન હોવી અસિદ્ધ છે. અર્થાત્ જયણા પોતે જ આશયશુદ્ધિ છે. અને તે જયણાને તો અજયણા સાથે વિરોધ છે. એટલે કે જ્યાં જયણા હાજર છે ત્યાં અજયણા રહેતી નથી. માટે જયણારૂપ આશયશુદ્ધિવાળી તે દ્રવ્યહિંસા અજયણાજન્ય હોવી સંભવતી નથી. **પૂર્વપક્ષ :–**'સ્થૂલ જયણા પ્રત્યે સ્થૂલ અજયણા જ પ્રતિબંધક (વિરોધી) છે. વળી કોઇપણ હિંસા અજયણાજન્ય હોય છે, જયણાજન્ય નહિ એવું તો અમે દેખાડી ગયા છીએ. તેથી સ્થૂલ જયણારૂપ આશયશુદ્ધિવાળી દ્રવ્યહિંસામાં સૂક્ષ્મઅજયણા હોવાની અમે કલ્પના કરીએ છીએ.

[સૂક્ષ્મવિરાધના સૂક્ષ્મઅજયણારૂપ નથી]

**ઉત્તરપક્ષ :–** એવી કલ્પના કરવામાં કોઇ પ્રમાણ નથી, કેમકે આગમ–પ્રત્યક્ષ વગેરે સિદ્ધ થયેલા પદાર્થોને જે અસિદ્ધ ન કરતી હોય તેવી જ કલ્પના પ્રામાણિક બને છે. તમારી કલ્પેલી અજયણાથી તો અપ્રમત્તસાધુઓની આગમસિદ્ધ એવી અપ્રમત્તતા જ અસિદ્ધ થઈ જાય છે. કારણકે અજયણા પ્રમાદરૂપ છે. **પૂર્વપક્ષ :–** અપ્રમત્તતા અસિદ્ધ થઈ જવાની આ વાત બરાબર નથી, કારણકે અમે દ્રવ્યહિંસાની જનક જે સૂક્ષ્મઅજયણા કહીએ છીએ તે પ્રમાદરૂપ નથી. આ વાત આના પરથી નિશ્ચિત થાય થાય છે કે બારમા ગુણઠાણા સુધીના જીવોને આલોચનાપ્રાયશ્ચિત્તના અધિકારી કહ્યા છે. સૂક્ષ્મકષાયોથી પણ મુક્ત અવસ્થાવાળા અગ્યાર–બારમાગુણઠાણાવાળા જીવોને જે આલોચનાપ્રાયશ્ચિત્ત આવે છે તેના કારણ તરીકે તેઓમાં જે સૂક્ષ્મ વિરાધના માનવી

"इयं चालोचना गमनागमनादिष्ववश्यंकर्त्तव्येषु सम्यगुपयुक्तस्यादुष्टभावतया निरतिचारस्य छद्मस्थस्याप्रमत्तयतेर्द्रष्टव्या, सातिचारस्य तूपरितनप्रायश्चित्तसंभवात्, केवलज्ञानिनश्च कृतकृत्यत्वेनालोचनाया अयोगात्। आह—यतीनामवश्यकर्त्तव्यानि गमनागमनादीनि, तेषु सम्यगुपयुक्तस्यादुष्टभावतया निरतिचारस्याप्रमत्तस्य किमालोचनया? तामन्तरेणापि तस्य शुद्धत्वाद्, यथासूत्रं प्रवृत्तेः। सत्यमेतत्, केवलं याश्चेष्टानिमित्ताः सूक्ष्मप्रमादनिमित्ता वा सूक्ष्मा आश्रवक्रियास्ता आलोचनामात्रेण शुद्ध्यन्तीति तच्छुद्धिनिमित्तमालोचनेति॥" **तथा व्यवहारदशमोद्देशकवृत्तावप्युक्तं —**

"निर्ग्रन्थस्यालोचनाविवेकरूपे द्वे प्रायश्चित्ते, स्नातकस्यैको विवेक इति। तथाऽऽलोचना गुरोः पुरतः स्वापराधस्य प्रकटनं, क्वचित्तावन्मात्रेणैव शुद्धिः, यथावश्यकृत्ये हस्तशतात् परतो गमनागमनादौ सम्यगुपयुक्तस्य

---

પડે છે, તેને કષાયોદયાદિરૂપ માની શકાતી ન હોવાથી સૂક્ષ્મઅજયણા રૂપ માનવી પડે છે. વળી આ જીવોમાં પ્રમાદ તો છે જ નહિ. માટે એ સૂક્ષ્મઅજયણા પ્રમાદ રૂપ નથી. **ઉત્તરપક્ષ :–** આલોચના પ્રાયશ્ચિત્તના કારણભૂત આ સૂક્ષ્મ વિરાધનાને જ સૂક્ષ્મઅજયણારૂપ માની શકાતી નથી, કેમકે તેવું માનીએ તો સૂક્ષ્મ પણ અજયણા ચારિત્રના દોષરૂપ હોઈ સંપૂર્ણ દોષશૂન્ય (નિરતિચાર) એવા યથાખ્યાત ચારિત્રવાળા ઉપશાન્તમોહી-ક્ષીણમોહી જીવોને તે વિરાધના જ અસંગત બની જાય (જેથી આલોચના પ્રાયશ્ચિત્તપણ અસંગત બની જવાની આપત્તિ આવે.) તેથી એ વિરાધનાને અનાભોગરૂપ સૂક્ષ્મપ્રમાદથી થયેલ ચેષ્ટાત્મક આશ્રવરૂપ માનવી જોઈએ. એવી માનવાથી જ બારમાગુણઠાણા સુધી તેના નિમિત્તે આલોચનાપ્રાયશ્ચિત્ત આવવું સંભવિત બને છે. ("આલોચના પ્રાયશ્ચિત્તની કારણભૂત આ સૂક્ષ્મવિરાધનાને અનાભોગાત્મક સૂક્ષ્મપ્રમાદરૂપ પણ શી રીતે મનાય? કેમકે તો પછી અપ્રમત્તમુનિઓને પ્રમાદ અસંભવિત હોઈ તે વિરાધના પણ અસંભવિત બની જાય" એવી શંકા ન કરવી, કેમકે અજ્ઞાન એક પ્રમાદ તરીકે શાસ્ત્રમાં કહેવાયેલો હોવા છતાં અનાભોગાત્મક આ સૂક્ષ્મ પ્રમાદ અપ્રમત્તાદિગુણઠાણાઓની અપ્રમત્તતાના બાધક પ્રમાદ રૂપ બનતો નથી, કેમકે નહિતર તો બારમા ગુણઠાણા સુધી અપ્રમત્તતા માની જ નહિ શકાય. વિકથાદિરૂપ સ્થૂલપ્રમાદ જ અપ્રમત્તતાનો બાધક છે. તેથી સૂક્ષ્મપ્રમાદ રૂપ આ વિરાધના અપ્રમત્તાદિ મુનિઓને અસંભવિત બનતી નથી.) **પ્રવચન સારોદ્ધારની વૃત્તિમાં કહ્યું છે કે** આ આલોચના અવશ્યકર્ત્તવ્યભૂત ગમનાગમનાદિમાં સમ્યગ્ઉપયુક્ત તેમજ નિર્દોષભાવ હોવાના કારણે નિરતિચાર એવા છદ્મસ્થ અપ્રમત્તયતિને જાણવી. સાતિચાર સાધુને તો ઉપરના પ્રાયશ્ચિત્તો સંભવે છે. જ્યારે કેવલજ્ઞાનીઓ કૃતકૃત્ય હોઈ તેઓને આલોચના સંભવતી નથી. **શંકા :–** ગમનાગમન વગેરે સાધુઓને અવશ્ય કર્ત્તવ્ય હોય છે. તો તેમાં સમ્યગ્ ઉપયુક્ત રહીને, નિર્દોષભાવના કારણે નિરતિચાર એવા અપ્રમત્તસાધુને આલોચનાનું શું કામ છે? કેમકે સૂત્રાનુસારે પ્રવૃત્તિ કરતાં તેઓ તે વિના પણ શુદ્ધ જ હોય છે. **સમાધાન :–** તમારી વાત સાચી છે. પણ ચેષ્ટાનિમિત્તક કે સૂક્ષ્મ પ્રમાદનિમિત્તક જે સૂક્ષ્મ આશ્રવક્રિયાઓ હોય છે તે આલોચનામાત્રથી શુદ્ધ થઈ જાય છે. તેથી એના માટે આલોચના હોય છે." **તથા વ્યવહારસૂત્રના દસમા ઉદ્દેશકની વૃત્તિમાં પણ કહ્યું છે કે–**

**[સૂક્ષ્મઆશ્રવક્રિયાઓ માટે ક્ષીણમોહ સુધી આલોચના]**

"નિર્ગ્રન્થને આલોચના અને વિવેક એ બે પ્રાયશ્ચિત્ત હોય છે, સ્નાતકને એક જ વિવેક પ્રાયશ્ચિત્ત હોય છે. તથા આલોચના એટલે પોતાના અપરાધને ગુરુ સમક્ષ જાહેર કરવો...ક્યારેક આવી આલોચના કરવા માત્રથી શુદ્ધિ થઈ જાય છે. જેમકે આવશ્યક કાર્ય માટે સો હાથથી દૂર

निरतिचारस्य यतेः, सातिचारस्य तूपरितनप्रायश्चित्तसंभवात् ।—यतेरवश्यकृत्ये गमनागमनादौ निरतिचारस्यालोचनां विनापि कथं न शुद्धिः ? यथासूत्रं प्रवृत्तेः—सत्यं, परं याश्चेष्टानिमित्ताः सूक्ष्मा आश्रवक्रियास्तासां शुद्ध्यर्थमालोचनेति ॥" **तथा यतिजीतकल्पवृत्तावप्युक्तं** "अत्राह शिष्यः—निरतिचारो यतिः करणीयान् योगान् करोति, ततः किमालोचनया विशोध्यं ? गुरुराह–सूक्ष्मा आश्रवक्रियाः सूक्ष्मप्रमादनिमित्तका अविज्ञातास्तासामालोचनामात्रेण शुद्धिरित्यादि ॥" **तथा पञ्चाशकसूत्रवृत्त्योरप्युक्तं** (१६–५)

ता एवं चिय एयं विहियाणुट्ठाणमेत्थ हवइत्ति । कम्माणुबंधछेअगमणहं आलोअणाइजुअं ॥

"यस्मात्सर्वावस्थासु कर्मबन्धोऽस्ति, कर्मबन्धानुमेया च विराधना, इष्यते चासौ द्रव्यतो वीतरागस्यापि छद्मस्थस्य, चतुर्णामपि मनोयोगादीनामभिधानात्, **ता** तस्माद्, **एवंचियत्ति** एवमेव विराधनायाः शोधनीयत्वेन, **एतद्** भिक्षाटनादिकं **विहितानुष्ठानं** विधेयक्रिया **अत्र** कर्मानयनप्रक्रमे **भवति** स्याद् । **इति** शब्दः समाप्त्यर्थो गाथान्ते योज्यः । किंविधं भवति ? इत्याह **कर्मानुबन्धच्छेदनं** कर्मसन्तानछेदकं **अनघं** अदोषं, परोक्तदूषणाभावात् । किंभूतं सद् ? इत्याह **आलोचनादियुतं** आलोचनाप्रतिक्रमणादिप्रायश्चित्तसमन्वितमिति गाथार्थः" इति ॥

**वस्तुतः कर्मबन्धानुमेया द्रव्यविराधना निर्ग्रन्थस्य स्नातकस्य च तुल्या, द्वयोरपि सामयिककर्मबन्धहेतुत्वात्, परं छद्मस्थानां विहितानुष्ठानमालोचनादियुतमिष्टसाधनं, तथैव विधानात्,**

---

ગમનાગમનાદિ કરવામાં સમ્યગ્ ઉપયોગવાળા નિરતિચારસાધુની શુદ્ધિ થઈ જાય છે. સાતિચાર સાધુને તો **ઉપરના પ્રાયશ્ચિત્તો સંભવે છે. શંકા :** આવશ્યક કાર્ય અંગે ગમનાગમનાદિ કરવામાં સાધુની **આલોચના** વિના પણ શુદ્ધિ શા માટે ન થાય ? કેમકે તે સૂત્ર અનુસારે જ પ્રવર્ત્યો હોય છે. **સમાધાન :** એ સાચું, પણ ચેષ્ટાનિમિત્તે જે સૂક્ષ્મ **આશ્રવક્રિયાઓ** થઈ હોય છે તેની શુદ્ધિ માટે આલોચના **હોય છે." તથા યતિજીતકલ્પની વૃત્તિમાં** પણ કહ્યું છે કે–અહીં શિષ્ય પ્રશ્ન કરે છે. નિરતિચાર સાધુ કર્ત્તવ્યભૂત યોગોને કરે છે તો તેમાં આલોચના પ્રાયશ્ચિત્ત શેની શુદ્ધિ કરવા માટે ? ગુરુનો **જવાબ**–સૂક્ષ્મપ્રમાદ નિમિત્તે થયેલ સૂક્ષ્મઆશ્રવક્રિયાઓ છદ્મસ્થસાધુને જણાયેલી હોતી નથી. તેની આલોચનામાત્રથી શુદ્ધિ થાય છે." **તથા પંચાશકસૂત્ર અને વૃત્તિ (૧૬–૫) માં પણ કહ્યું છે કે** "સર્વ અવસ્થાઓમાં કર્મબંધ થાય છે, તેમજ કર્મબંધ વિરાધનાના લિંગભૂત હોઈ તેનાથી વિરાધનાનું અનુમાન થાય છે. વળી વીતરાગ એવા પણ છદ્મસ્થને દ્રવ્યથી તો આ વિરાધના માની છે, કારણ કે તેઓને ચારે ય મનોયોગ વગેરે હોવા કહ્યા છે. તેથી આ રીતે વિરાધના આલોચના પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થઈ શકે તેવી હોવાથી જ આ કર્માશ્રવના અધિકારમાં જણાય છે કે આલોચનાપ્રતિક્રમણાદિ પ્રાયશ્ચિત્તયુક્ત આ ભિક્ષાટનાદિ વિહિતઅનુષ્ઠાન એ કર્મના અનુબંધો તોડનારું તેમ જ નિર્દોષ હોય છે, કેમકે એમાં પરોક્તદૂષણ સંભવતું નથી. (અહીં 'ઇતિ' શબ્દનો અર્થ 'સમાપ્તિ' છે એને ગાથાને અંતે લગાડવો.)."

**[છદ્મસ્થના અનુષ્ઠાનો આલોચનાદિયુક્ત હોય તો જ ઇષ્ટસાધન]**

**વસ્તુતઃ તો કર્મબંધથી જેનું અનુમાન થઈ શકે તેવી દ્રવ્યવિરાધના નિર્ગ્રન્થ અને સ્નાતક બંનેને તુલ્ય હોય છે, કારણકે એકસામયિક કર્મબંધરૂપ સમાનલિંગની બંને કારણભૂત છે. (તેથી કેવલીને જેમ યોગો, દ્રવ્યવિરાધના અને સામયિકકર્મબંધ હોવા છતાં આલોચનાપ્રાયશ્ચિત્ત હોતું નથી તેમ સમાન દ્રવ્યવિરાધનાદિવાળા અગ્યાર–બારમા ગુણઠાણાવાળા નિર્ગ્રન્થને પણ તે હોવું ન જોઇએ એવી શંકા ન કરવી, કેમકે) તેમ છતાં છદ્મસ્થોના વિહિત અનુષ્ઠાનો આલોચનાદિ યુક્ત હોય તો જ ઇષ્ટસાધન બને છે, કેમકે તે રીતે જ તેઓનું શાસ્ત્રમાં વિધાન છે, અર્થાત્ તેમાં ઇષ્ટસાધનતા જળવાય**

छद्मस्थयोगानां शोध्यत्वेन प्रायश्चित्तस्य च शोधकत्वेन व्यवस्थितेः, इत्यकषायस्य योगा ऐर्यापथिककर्मबन्धहेतुत्वेन नायतनयाऽशुद्धाः । अकषायश्च वीतरागः सरागश्च सञ्ज्वलनकषायवानप्यविद्यमानतदुदयो मन्दानुभावत्वात् **तत्त्वार्थवृत्तौ** निर्दिष्टः, 'अनुदरा कन्या' निर्देशवत्, इत्यकषायस्य नायतना न वा तस्यावश्यंभाविद्रव्यहिंसादिकमप्ययतनाजन्यमिति प्रतिपत्तव्यम् ।

यत्तूक्तं—द्रव्यतोऽपि हिंसायाः कृतप्रत्याख्यानभङ्गेनालोचनाविषयत्वमिति—तज्जैनसिद्धान्तपरिभाषाज्ञानाभावविजृम्भितं, द्रव्याद्याश्रयेण हिंसादिभावस्यैव प्रत्याख्यातत्वाद् द्रव्यहिंसादिना हिंसादिप्रत्याख्यानभङ्गाभावाद् । अनेनैवाभिप्रायेण धर्मोपकरणाङ्गीकरणे "[1]से अ परिग्गहे चउव्विहे पण्णत्ते, दव्वओ खित्तओ०' इत्यादिक्रमेण प्रत्याख्यातस्य परिग्रहस्य न भङ्गदोष इति **विशेषावश्यके** दिगंबरनिराकरणस्थलेऽभिहितम् । तथा च तद्ग्रन्थः—

---

રહે એ માટે આલોચનાદિ આવશ્યક બને છે. **પ્રશ્ન** – "જ્યાં જ્યાં છદ્મસ્થનાં ભિક્ષાટનાદિ અનુષ્ઠાનોનું વિધાન છે ત્યાં ત્યાં તે આલોચનાદિ યુક્ત કરવા' એવું તો કહેલું દેખાતું નથી. તો તમે કેમ તેવા વિધાનની વાત કરો છો ? **ઉત્તર** – 'છદ્મસ્થના યોગો પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરવા યોગ્ય છે અને પ્રાયશ્ચિત્ત તેની શુદ્ધિ કરનાર છે' એવી જે વ્યવસ્થા શાસ્ત્રમાં બતાવી છે તેના પરથી જણાય છે કે વિહિતઅનુષ્ઠાનોનું વિધાન આલોચનાદિયુક્ત તરીકે જ હોય છે. આના પરથી નિશ્ચિત થાય છે કે અકષાય જીવના યોગને તેઓ ઐર્યાપથિકકર્મબંધના હેતુભૂત હોઈ અજયણાના કારણે અશુદ્ધ કહેવા એ યોગ્ય નથી. કેમકે અજયણા તો કટુકફળનાહેતુભૂત હોઇ માત્ર ઐર્યાપથિક કર્મબંધ અસંગત બની જાય. વળી **તત્ત્વાર્થસૂત્રની વૃત્તિમાં** અકષાયજીવો તરીકે વીતરાગજીવને તેમજ સંજ્વલન કષાયવાળા પણ તે સરાગજીવને કહ્યા છે. જે સરાગજીવો મંદ અનુભાવ(રસ)ના કારણે તેના ઉદયશૂન્ય કહેવાય છે જેમકે અત્યંત કૃશ ઉદર (પેટ) વાળી કન્યા અનુદરા કહેવાય છે. તેથી (અપ્રમત્તાદિ) અકષાયીજીવોને અજયણા હોતી નથી તેમજ તેઓની અવશ્યંભાવી દ્રવ્યહિંસાવગેરે અજયણાજન્ય હોતી નથી તે સ્વીકારવું જોઇએ.

[ દ્રવ્ય-ક્ષેત્ર વગેરે આશ્રીને પણ હિંસાભાવનું જ પચ્ચક્ખાણ ]

'દ્રવ્યથી પણ હિંસા, દ્રવ્યથી પ્રાણાતિપાત વગેરેના કરેલ પચ્ચક્ખાણના ભંગરૂપ હોઈ આલોચનાના વિષયભૂત છે' એવું જે કહ્યું છે તે પણ **જૈનસિદ્ધાન્તોની પરિભાષાના** અજ્ઞાનનો જ નાચ છે, કેમકે દ્રવ્યથી હિંસાનું જે પચ્ચક્ખાણ છે તે પણ દ્રવ્યહિંસાનું પચ્ચક્ખાણ નથી, કિન્તુ દ્રવ્યાદિને આશ્રીને થતા હિંસાવગેરેભાવનું (ભાવહિંસાવગેરેનું) જ પચ્ચક્ખાણ છે. તેથી દ્રવ્યહિંસાદિથી હિંસાદિના પચ્ચક્ખાણનો ભંગ જ થતો ન હોવાથી તે આલોચનાનો વિષય શી રીતે બને ? આમ, 'दव्वओ, खित्तओ...' ઈત્યાદિ ચતુર્વિધહિંસાવગેરેના કરેલ પચ્ચક્ખાણો એ દ્રવ્ય, ક્ષેત્રવગેરેને આશ્રીને થતી ભાવહિંસા વગેરેના જ પચ્ચક્ખાણરૂપ છે, દ્રવ્યહિંસા-ક્ષેત્રહિંસાવગેરેના પચ્ચક્ખાણરૂપ નથી એવો શાસ્ત્રકારોનો જે અભિપ્રાય છે તે અભિપ્રાયે જ વિશેષાવશ્યકભાષ્યમાં દિગંબરનું નિરાકરણ કરતાં કહ્યું છે કે "ધર્મોપકરણનું ગ્રહણ કરવા છતાં પણ, 'તે પરિગ્રહ ચારપ્રકારે છે,

---

૧. स च परिग्रहश्चतुर्विधः प्रज्ञप्तः, द्रव्यतः क्षेत्रतः ।

अपरिग्गहया सुत्तेत्ति जा य मुच्छा परिग्गहोऽभिमओ । सव्वदव्वेसु न सा कायव्वा सुत्तसब्भावो ॥ २९८०॥ "**या च** '**सव्वाओ** परिग्गहाओ वेरमणं इत्यादिनाऽ**परिग्रहता सूत्रे** प्रोक्तेति त्वया गीयते तत्रापि मूर्च्छैव **परिग्रहस्तीर्थ**कृता**मभिमतो** नान्यः । **सा च** मूर्च्छा यथा वस्त्रे तथा **सर्वेष्वपि** शरीराहारादिद्रव्येषु **न कर्त्तव्येति सूत्रसद्भाव**ः सूत्रपरमार्थः, न पुनस्त्वदभिमतः सर्वथा वस्त्रपरित्यागोऽपरिग्रहतेति सूत्राभिप्रायः, तस्मादपरिज्ञातसूत्रभावार्थो मिथ्यैव खिद्यसे त्वमिति हृदयम् ॥"

**किञ्च यदि द्रव्यहिंसया कृतप्रत्याख्यानभङ्गः स्यात्तदा तवाप्युपशान्तमोहस्य यथाख्यातचारित्रं न स्यात्, अंशतो भङ्गावश्यंभावादिति । यच्च सर्वविरतिसिद्ध्यर्थं द्रव्यहिंसाया अपि प्रत्याख्यानमुपपादितं तदयुक्तं, एवं योगानामपि प्रत्याख्यानापत्तेः 'अयोगिकेवलिष्वेव सर्वतः संवरो मतः' इति वचनादयोगिष्वेव सर्वसंवरसिद्धेः । यच्च द्रव्याश्रवस्य सूक्ष्मपृथिव्यादीना-**

---

**દ્રવ્યથી, ક્ષેત્રથી...'** ઇત્યાદિ રૂપે કરેલા પચ્ચક્ખાણનો ભંગ થતો નથી. તે ગ્રન્થ આ **રીતે છે—** 'सव्वाओ परिग्गहाओ वेरमणं...' ઈત્યાદિ વચનથી સૂત્રમાં જે અપરિગ્રહતા કહી છે [એવું તું (દિગંબર) કહે છે] તેમાં પણ શાસ્ત્રકારોને પરિગ્રહ તરીકે મૂર્ચ્છા જ અભિપ્રેત છે, બીજું કાંઈ નહિ. (અર્થાત્ તે મૂર્ચ્છાનો જ દ્રવ્યાદિને આશ્રીને નિષેધ છે, દ્રવ્યપરિગ્રહાદિનો નહિ.) અને તે મૂર્ચ્છા તો જેમ વસ્ત્રમાં કરવાની નથી તેમ શરીર-આહારવગેરે દ્રવ્યમાં પણ કરવાની નથી એવો સૂત્રનો પરમાર્થ છે.' સર્વથા વસ્ત્રનો પરિત્યાગ કરવો એ અપરિગ્રહતા છે. એવો તારો અભિપ્રાય એ સૂત્રના અભિપ્રાયભૂત નથી. તેથી સૂત્રનો ભાવાર્થ જાણ્યા વગર તું ફોગટ જ ખેદ પામે છે...આ ભાવાર્થ છે." **વળી જો દ્રવ્યહિંસાથી જ, કરેલા પચ્ચક્ખાણનો ભંગ થઈ જતો હોય તો તો તમારે પણ ઉપશાન્તમોહીને યથાખ્યાતચારિત્ર માની શકાશે નહિ, કારણકે તમે પણ તેઓમાં જે દ્રવ્યહિંસાદિ માનેલા છે તેનાથી (તમારા અભિપ્રાય પ્રમાણે) પચ્ચક્ખાણનો આંશિક ભંગ થઈ જાય છે.**

**વળી, 'સર્વવિરતિની પરિપૂર્ણતા સિદ્ધ કરવા માટે દ્રવ્યહિંસાનું પણ પચ્ચક્ખાણ આવશ્યક છે' ઈત્યાદિ પણ જે સિદ્ધ કર્યું છે તે પણ અયોગ્ય છે, કારણકે સર્વવિરતિ એટલે સર્વઆશ્રવસ્થાનોથી અટકવું એવો જે અર્થ કર્યો છે તેનો ફલિતાર્થ એ થાય છે કે તે સર્વસંવર રૂપ છે. અને તો પછી યોગોનું પણ પચ્ચક્ખાણ કરવું આવશ્યક બની જવાની આપત્તિ આવશે, કેમકે 'અયોગી કેવલીઓમાં જ સર્વતઃ સંવર મનાયો છે' ઈત્યાદિ વચનોથી જણાય છે કે અયોગીમાં જ સર્વસંવર હોય છે. વળી 'દ્રવ્યહિંસા વગેરેરૂપ દ્રવ્યઆશ્રવ સૂક્ષ્મપૃથ્વીકાયાદિની જેમ થતા અવિરતિનિમિત્તક કર્મબંધનો હેતુ છે' એવું જે કહ્યું છે તે પણ ખોટું જ છે, કેમકે સૂક્ષ્મપૃથ્વીકાયાદિના યોગો દ્રવ્યહિંસાના હેતુભૂત ન હોઇ (કેમકે તેઓના શરીરાદિથી કોઇ જીવની વિરાધના થતી નથી.) તેઓને દ્રવ્યહિંસા જ ન હોવાના કારણે, તેઓને જે કર્મબંધ થાય છે તે અવિરતિપણાનિમિત્તો જ થતો હોવો કહ્યો છે (અર્થાત્ તેઓનું દૃષ્ટાન્ત લઇને દ્રવ્યઆશ્રવને કર્મબંધનો હેતુ સિદ્ધ કરી શકાતો નથી.) વળી "દ્રવ્યહિંસા ભાવહિંસાના કારણભૂત હોઈ સર્વવિરતિની બાધક છે અને તેથી એનું પણ પચ્ચક્ખાણ આવશ્યક છે" એ વાત પણ બરાબર નથી, કેમકે ભાવહિંસાની કારણતા હોવા છતાં યોગો જેમ સર્વવિરતિના બાધક બનતા નથી તેમ દ્રવ્યહિંસા પણ બાધક જ બનતી નથી.**

मिथ्याविरतिप्रत्ययकर्मबन्धहेतुत्वमुक्तं तद् वृथैव, तेषामविरतिभावं प्रतीत्यैव कर्मबन्धाभिधानात्, तद्योगानां द्रव्यहिंसाऽहेतुत्वाद्, भावहिंसाकारणत्वं च योगानामिव द्रव्यहिंसाया अपि न बाधकमिति। यत्त्वेतेनेत्यादिना पार्श्वचन्द्रमतमुपेक्ष्य 'तस्मादयं भावः' इत्यादिना किञ्चित्संप्रदायानुसारि भणितं तदर्द्धजरतीयन्यायानुकारि, हिंसांशे जिनोपदेशाभावेन तन्मताश्रयणे 'पूजाद्युपदेशाभावापत्तेः, तदविनाभाविहिंसांशे उपदेशाभावेन प्रकृतोपदेशसमर्थनसंभवेऽपि तदङ्गकुसुमार्चनाद्यंशे तस्य कुसुमादिजीवबधानुकूलव्यापाररूपहिंसावगाहित्वस्य निराकर्त्तुमशक्यत्वाद्, एवमनिष्टबीजरूपमनपोह्येष्टफलहेतुत्वेन कल्प्यत्वाभिव्यक्तेरप्यनुपपत्तेः, कुसुमादिहिंसायाः सन्दिग्धत्वेन

---

[ પુષ્પચડાવવા વગેરેરૂપ હિંસાનો ઉપદેશ સાક્ષાદ્ વિધિમુખે ]

વળી 'एतेन...' ઇત્યાદિથી **પાર્શ્વચન્દ્રમતની** ઉપેક્ષા કરીને 'तस्मादयं भावः' ઇત્યાદિથી જે થોડું કાંઇક સંપ્રદાયાનુસારી કહ્યું છે તે પણ અર્ધજરતીયન્યાયને અનુસરનારું છે. કેમકે હિંસાઅંશમાં જિનોપદેશ હોતો નથી એટલું જ માત્ર સિદ્ધ કરીને તેના (પાર્શ્વચંદ્રના) મતને અનુસરવામાં પૂજાદિના ઉપદેશનો અભાવ થઈ જવાની આપત્તિ આવે છે. તે આ રીતે– પૂજાને અવિનાભાવી એવા પણ પ્રાણવિયોગ રૂપ હિંસાઅંશમાં જિનોપદેશ ન હોવાના કારણે પૂજાનો ઉપદેશ અસંગત રહેતો નથી' એ રીતે એ ઉપદેશનું સમર્થન સંભવતું હોવા છતાં પણ તેના (પૂજાના) અંગભૂત 'પુષ્પ ચડાવવા' વગેરે રૂપ અંશમાં જે જિનોપદેશ સાક્ષાદ્ વિધિમુખે છે તે પુષ્પાદિના જીવના વધને અનુકૂલવ્યાપારરૂપ હિંસાને વિષય બનાવે છે એ વાત છોડી શકાતી નથી. અને તેથી તે અંશમાં ઉપદેશ હયાત જ હોવાથી, 'તે સાવદ્યઅંશમાં જિનોપદેશ જ ન હોવાથી ઉપદેશાભાવ થવાની આપત્તિ આવતી નથી' એવું કહીને એ આપત્તિ ટાળી શકાતી નથી. કેમકે તેટલો આશ્રવ ઉપદેશનોવિષય બની જવાની આપત્તિ ઊભી રહેવાથી પાર્શ્વચંદ્રના મત મુજબ પૂજોપદેશનો અભાવ માનવો આવશ્યક બની જ રહે છે. સારાંશ, હિંસારૂપ આશ્રવપણ ઉપદેશવિષય બની જવાની આપત્તિ આવતી હોઈ પૂજાનોઉપદેશ સંભવતો નથી એ પાર્શ્વચંદ્રનો મત છે પૂર્વપક્ષીએ પૂજનાઉપદેશની સંભાવના આ રીતે સંગત કરી દેખાડી કે પૂજાનો ઉપદેશ દેવામાં પણ પ્રાણવિયોગરૂપ હિંસાત્મક આશ્રવ તે ઉપદેશનો વિષય જ બનતો નથી. ગ્રન્થકાર પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે તેમ છતાં પ્રાણવિયોગાનુલકૂલ વ્યાપારરૂપ પુષ્પ ચડાવવાના ઉપદેશનો તો તે વ્યાપાર રૂપ હિંસા વિષય બની જ રહે છે. માટે આ રીતે પૂજોપદેશની સંગતિ થઈ શકતી નથી.

[ પૂજાભાવીહિંસાઓમાં અનુબંધશુદ્ધતાના કારણે જિનાજ્ઞા ]

પૂર્વપક્ષી આવી પણ દલીલ કરી શકતો નથી કે–પણ અમે આવું કહી તો ગયા છીએ કે 'વ્યવહારથી સાવદ્ય એવા તે વ્યાપારનો પણ ઉપદેશ સાક્ષાદ્ વિધિમુખે હોતો નથી, કિન્તુ જે કલ્પ્યતા જણાવી છે તેના પરથી એ અભિવ્યક્ત થયો હોય છે. તેથી પૂજાનો ઉપદેશ આપવામાં વ્યવહારસાવદ્યભાષા કે પચ્ચક્ખાણભંગ થવાની આપત્તિ આવતી નથી ઇત્યાદિ...' પૂર્વપક્ષી આવી દલીલ એટલા માટે કરી શકતો નથી કે જ્યાં સુધી, તેમાં રહેલી અનિષ્ટના બીજભૂત જીવવધાનુકૂલ વ્યાપારરૂપ જે હિંસા, તે અંગેનો

तथाविधपातकाहेतुत्वे मिथ्यादृशामपि तस्यास्तथात्वापत्तेः, तस्माद् द्रव्यस्तवस्थलीयहिंसायामनुबन्धशुद्धत्वेनैव भगवदाज्ञा, सम्यक्त्वादिभावहेतुत्वादिति ॥५५॥ तदेवमाभोगेऽपि द्रव्यहिंसाया दोषानावहत्वं यत्सिद्धं तदाह—

तम्हा दव्वपरिग्गह–दव्ववहाणं सममि(मेवि) आभोगे ।
ण हु दोसो केवलिणो केवलनाणे व चरणे वा ॥५६॥

[ तस्माद् द्रव्यपरिग्रहद्रव्यवधयोः समेऽप्याभोगे । नैव दोषः केवलिनः केवलज्ञाने वा चरणे वा ॥५६॥ ]

तम्हत्ति । तस्माद् द्रव्यपरिग्रहद्रव्यवधयोः समेऽप्याभोगे साक्षात्कारे केवलिनो नैव दोषः केवलज्ञाने चारित्रे वा, ज्ञानावरणचारित्रमोहनीयक्षयजन्ययोः केवलज्ञानचारित्रयोर्द्रव्याश्रवमात्रेणानपवादात् । यत्तु—क्षीणमोहस्यापि स्नातकचारित्राभावात्संभावनारूढातिचाररूपस्यापि

---

ખુલાસો કર્યો નથી ત્યાં સુધી ઈષ્ટફળની હેતુતા માત્રથી તેમાં કલ્પ્યત્વાભિવ્યક્તતા માનવી એ અસંગત જ રહે છે. તે પણ એટલા માટે કે બળવદ્ અનિષ્ટની અનનુબંધિતાના અનુસંધાન વિના તે કલ્પ્યતા જ અજ્ઞાત રહે છે.

**પૂર્વપક્ષ** :–ફુલ ચડાવવા વગેરેમાં ફુલના જીવોની હિંસા થાય જ એવો નિયમ નથી. એટલે, તે હિંસા સંદિગ્ધ રહેતી હોવાથી તે વ્યાપારરૂપ હિંસા વિશેષ પ્રકારના પાપનો (બળવદ્ અનિષ્ટનો) હેતુ બનતી નથી. તેથી બળવદ્અનિષ્ટની અનનુબંધિતા તેમાં અક્ષત હોવાથી કલ્પ્યત્વાભિવ્યક્તિ અસંગત રહેતી નથી.

**ઉત્તરપક્ષ** :– આ રીતે તો મિથ્યાત્વી વગેરેની પૂજા પણ વિશેષ પાપનો અહેતુ બની જવાના કારણે કલ્પ્ય બની જવાની આપત્તિ આવશે. માટે, 'જીવવધાનુકૂલવ્યાપાર રૂપ હિંસામાં સાક્ષાદ્ વિધિમુખે જિનોપદેશ નથી' ઇત્યાદિરૂપે સંગતિના ફાંફા મારવા કરતાં 'દ્રવ્યપૂજાસંબંધી હિંસા અનુબંધશુદ્ધ હોવાના કારણે જ એમાં જિનાજ્ઞા હોય છે, કેમકે તે સમ્યક્ત્વાદિ ભાવોનો હેતુ બને છે...' ઈત્યાદિ માનીને જિનપૂજાના ઉપદેશનું સમર્થન કરવું એ યોગ્ય છે ।।૫૫।। આમ આભોગની હાજરીમાં પણ થતી દ્રવ્યહિંસા આ રીતે દોષકારક નથી એવું જે સિદ્ધ થાય છે તેને ગ્રન્થકાર જણાવે છે—

**[ છતે આભોગે દ્રવ્યપરિગ્રહની જેમ દ્રવ્યહિંસાથી દોષ નહિ ]**

**ગાથાર્થ** :– તેથી દ્રવ્યપરિગ્રહ અને દ્રવ્યવધનો સાક્ષાત્કાર સમાન હોવા છતાં પણ કેવલીને કેવલજ્ઞાન કે ચારિત્રઅંગે કોઈ દોષ લાગતો નથી.

તેમાં કારણ એ છે કે જ્ઞાનાવરણકર્મના અને ચારિત્રમોહનીયકર્મનાના ક્ષયથી પ્રકટ થયેલા એવા કેવલજ્ઞાન અને ક્ષાયિકચારિત્રને માત્ર દ્રવ્યઆશ્રવની કોઈ અસર પહોંચતી નથી.—'ક્ષીણમોહીજીવને મોહનીયની સત્તા પણ ન હોવા છતાં સ્નાતકચારિત્રનો જે અભાવ કહ્યો છે તેના પરથી જણાય છે કે જેની અતિચાર તરીકે સંભાવના છે એવો દ્રવ્યઆશ્રવ સ્નાતકચારિત્રનો પ્રતિબંધક છે. હવે, સંભાવનારૂઢ અતિચારરૂપ એવો પણ એ જો સ્નાતકચારિત્રનો પ્રતિબંધક છે તો ભલે દ્રવ્યહિંસારૂપ હોય, તેમ છતાં જે સાક્ષાત્ જીવઘાત રૂપ છે તે તો તેનો પ્રતિબંધક હોવો જ જોઇએ. તેથી કેવલીને પણ દ્રવ્યહિંસા હોવી એ પોતાના સ્નાતકચારિત્રમાટે દોષ રૂપ છે જ'—એવું પૂર્વપક્ષીએ જે કહ્યું છે તે અસત્ જાણવું. કેમકે સ્નાતકપણું એ ચારિત્રનો ભેદ નથી પણ નિર્ગ્રન્થનો

द्रव्याश्रवस्य यदि तत्प्रतिबन्धकत्वं तदा साक्षाज्जीवघातस्य द्रव्यरूपस्यापि तन्न्यायप्राप्तमेवेति केवलिनोऽपि द्रव्यहिंसा चारित्रदोष एव—इति परेण प्रोच्यते तदसत्, स्नातकस्य निर्ग्रन्थभेदत्वात् यथाख्यातस्यैव चारित्रभेदत्वात्, तत्प्रतिबन्धकत्वस्य च द्रव्यहिंसायां त्वयाप्यनभ्युपगमात्। यदि च स्नातकचारित्रस्य द्रव्यहिंसा दोषः स्यात् तदा निर्ग्रन्थचारित्रस्यापि दोषः स्यादेव, निर्ग्रन्थस्नातकयोरेकसंयमस्थानाभ्युपगमात्, "[1]णिग्गंथसिणायाणं तुल्लं इक्कं च संजमट्ठाणं" इति पञ्चनिर्ग्रन्थीवचनाद् इति द्रष्टव्यम् ॥५६॥ हिंसाचतुर्भङ्ग्यनुसारेणैव द्रव्यहिंसया भगवतो दोषाभावमाह—

**णोदव्वा णोभावा जह तह हिंसा ण दव्वमित्तेणं ।**
**तेणं तीए दोसं जिणस्स को भसए सण्णी ॥५७॥**

[नोद्रव्याद् नोभावाद्यथा तथा हिंसा न द्रव्यमात्रेण । तेन तया दोषं जिनस्य को भाषते संज्ञी ॥५७॥]

**णोदव्वत्ति** । **नोद्रव्याद् नोभावाद्** यथा न हिंसा, तथा द्रव्यमात्रेणापि हिंसा तत्त्वतो न **हिंसा** । **तेन** तया=द्रव्यहिंसया **दोषं** जिनस्य कः **संज्ञी भाषेत** ? अपि तु न कोऽपीत्यर्थः। इदमुक्तं भवति—हिंसामधिकृत्य द्रव्यभावाभ्यां चतुर्भङ्गी तावदियं श्रावकप्रतिक्रमणसूत्रवृत्तावुक्ता,

ભેદ છે, 'યથાખ્યાત' જ ચારિત્રનો ભેદ છે. અર્થાત્ 'સ્નાતકચારિત્રનો પ્રતિબંધક...' ઈત્યાદિ કહેવું જ અયોગ્ય છે, કારણ કે સ્નાતક નામનું કોઈ ચારિત્ર નથી. આશય એ છે કે કેવલી પોતે, નિર્ગ્રન્થોના જે પુલાક વગેરે ભેદો છે તેમાંથી સ્નાતકભેદવાળા હોય છે, પણ ચારિત્ર તો તેમનું યથાખ્યાત જ હોય છે. અને 'દ્રવ્યહિંસા એ યથાખ્યાત ચારિત્રની પ્રતિબંધક છે' એવું તો તમે પણ માનતા જ નથી, (કારણકે દ્રવ્યહિંસાયુક્ત એવા પણ ઉપશાન્તમોહીને તમે પણ યથાખ્યાતચારિત્ર જ માન્યું છે.) તેથી 'દ્રવ્યહિંસા કેવળીના ચારિત્ર માટે દોષરૂપ છે' એવું આ રીતે સિદ્ધ થઈ શકતું નથી. (શંકા– 'સ્નાતક' એ ભલે ચારિત્રનો ભેદ નથી. તેમ છતાં એ ચારિત્રીનો ભેદ તો છે જ. તેથી 'સ્નાતકચારિત્રીનું જે ચારિત્ર એ સ્નાતકચારિત્ર' એવી વિવક્ષાથી તો એ સિદ્ધ થઈ જશે ને! સમાધાન–) વળી આ રીતે દ્રવ્યહિંસાને જો તમે સ્નાતકચારિત્ર માટે દોષરૂપ હોવી માનશો, તો એ (નિર્ગ્રન્થચારિત્રીના) નિર્ગ્રન્થ ચારિત્ર માટે પણ દોષરૂપ બનશે જ, કારણ કે નિર્ગ્રન્થ અને સ્નાતક એ બંનેને તુલ્ય અને એક સંયમસ્થાન હોવું **પંચનિર્ગ્રન્થીમાં** કહ્યું છે. (આનાથી આપત્તિ એ આવશે કે ઉપશાન્તમોહી કે જે નિર્ગ્રન્થ છે અને જેને દ્રવ્યહિંસા હોવી તો પૂર્વપક્ષી પણ માને છે તેનું સંયમસ્થાન એક હોવાની શાસ્ત્રીયવાતનો વિરોધ થશે. તે એટલા માટે કે દ્રવ્યહિંસા જો એના ચારિત્રમાટે દોષરૂપ હોય તો એ તેના સંયમસ્થાનને નીચું લાવ્યા વગર રહે જ નહિ.) ॥૫૬॥ હિંસાની ચતુર્ભંગીને અનુસરીને જ, 'દ્રવ્યહિંસાથી કેવલી ભગવાન્‌ને કોઈ દોષ લાગતો નથી' એવું ગ્રન્થકાર જણાવે છે–

**ગાથાર્થ** :– 'ન દ્રવ્યથી–ન ભાવથી' એવો ચોથો ભાંગો જેમ હિંસા નથી તેમ માત્ર દ્રવ્યથી હિંસા (દ્રવ્યથી–ન ભાવથી એવો બીજો ભાંગો) એ પણ તાત્ત્વિક હિંસારૂપ

1. निर्ग्रन्थस्नातकयोस्तुल्यमेकं च संयमस्थानम् ।

१ द्रव्यतो भावतश्च हिंसा 'हन्मि' इति परिणतस्य व्याधादेर्मृगवधे । २ द्रव्यतो न भावतः ईर्यासमितस्य साधोः सत्त्ववधे, यदागमः–

वज्जेमित्ति परिणओ संपत्तीए विमुच्चइ वेरा । अवहंतो वि ण मुच्चइ किलिट्ठभावोऽतिवायस्स ॥

त्ति । ३ भावतो न द्रव्यतः अङ्गारमर्दकस्य कीटबुद्धयाऽङ्गारमर्दने, मन्दप्रकाशे रज्जूमहिबुद्धया घ्नतो वा । ४ न द्रव्यतो न भावतः मनोवाक्कायशुद्धस्य साधोरिति ॥

अत्र परश्चतुर्थभङ्गस्वामिनं सयोगिकेवलिनमेवाह । यत्तु **चूर्णिकारेण** 'चउत्थो सुण्णो' त्ति भणितं तन्न स्वामिनमधिकृत्य, केवलिनस्तत्स्वामिनो विद्यमानत्वात्, तस्य सर्वोत्कृष्टचारित्रान्यथानुपपत्त्या मनोवाक्कायैः शुद्धत्वाद्, अन्यथा स्नातकः केवली न स्यात्, किन्तु हिंसास्वरूपमधिकृत्यैवोक्तम्, तच्चैवं–यदि हिंसा तर्हि 'न द्रव्यतो न भावतः' इति वक्तुमप्यशक्यं, द्रव्यभावयोरन्यतरत्वेनावश्यंभावात्, तेन चतुर्थो भङ्गः शून्यो भणितः, विरोधाद् । न च

---

નથી. તેથી કયો સંજ્ઞી (વિચારક) તેના કારણે=માત્રદ્રવ્યહિંસાના કારણે કેવલીને દોષ લાગવાનું કહે ? અર્થાત્ કોઇ ન કહે.

આશય એ છે કે **શ્રાવકપ્રતિક્રમણસૂત્રની**વૃત્તિમાં હિંસાના અધિકારમાં દ્રવ્ય–ભાવથી આ ચતુર્ભંગી કહી છે. (૧) દ્રવ્યથી અને ભાવથી હિંસા– 'હણું' એવા પરિણામવાળા શિકારી વગેરેએ હરણિયા વગેરેના કરેલા વધમાં આ ભાંગો હોય. (૨) દ્રવ્યથી–ભાવથી નહિ. ઈર્યાસમિતિપૂર્વક ગમનાદિ કરતા સાધુથી થઈ ગયેલ હિંસામાં આ ભાંગો હોય. આગમમાં કહ્યું છે કે–'જીવહિંસાને વર્જું' એવા પરિણામવાળો જીવ, હિંસા થવા છતાં કર્મબંધથી મુક્ત રહે છે. જ્યારે મારવાના ક્લિષ્ટભાવવાળો જીવ હણતો ન હોય તો પણ પાપથી છૂટી શકતો નથી.' (૩) ભાવથી–ન દ્રવ્યથી. કીડાઓની બુદ્ધિથી કોલસીને દબાવતાં અંગારમર્દક આચાર્યને...અથવા અંધારામાં સાપ સમજીને દોરડાંને કાપનારને આ ભાંગો હોય. (૪) દ્રવ્યથી નહિ–ભાવથી નહિ. મન-વચન–કાયાની શુદ્ધિયુક્ત સાધુને આ ભાંગો હોય, આ ચતુર્ભંગીમાં પૂર્વપક્ષી ચોથા ભાંગાના સ્વામી તરીકે સયોગીકેવલીને જ માને છે.

**[ચતુર્થભાંગાની શૂન્યતા હિંસાના સ્વરૂપની અપેક્ષાએ-પૂ૦]**

**પૂર્વપક્ષ** :– આમાં ચૂર્ણિકારે ચોથા ભાંગાને જે શૂન્ય કહ્યો છે તે સ્વામીની અપેક્ષાએ નહિ (અર્થાત્ તેના કોઇ સ્વામી હોતા નથી એવી અપેક્ષાએ નહિ) કિન્તુ હિંસાના સ્વરૂપની અપેક્ષાએ જ જાણવું. કારણ કે કેવલીઓ તેના સ્વામી તરીકે હયાત છે. તેઓ એના સ્વામી એટલા માટે છે કે જો તેઓના મન–વચન–કાયા શુદ્ધ ન હોય તો તેઓનું સર્વોત્કૃષ્ટચારિત્ર જ અસંગત બની જાય. માટે તેઓ મન–વચન–કાયાથી શુદ્ધ હોય છે. જો તેઓ પણ મન–વચન–કાયાથી શુદ્ધ ન હોય તો સ્નાતક તરીકે કેવલી પણ આવી ન શકે. હિંસાના સ્વરૂપને આશ્રીને ચોથો ભાંગો શૂન્ય છે. તે આ રીતે–જો હિંસા (સ્વરૂપે) હાજર છે તો 'દ્રવ્યથી નહિ અને ભાવથી ય નહિ' એવું બોલી પણ શકાતું નથી, કેમકે જ્યાં હિંસા હોય ત્યાં દ્રવ્ય કે ભાવ બે માંથી એક તો અવશ્ય હોય જ છે. તેથી "હિંસા છે અને તેમ છતાં એ દ્રવ્યથી ય નથી–ભાવથી પણ નથી" એવું કહેવામાં વિરોધ ઊભો થાય છે. માટે ચોથા ભાંગાને શૂન્ય કહ્યો છે. આના પરથી પણ એ ફલિત થાય છે કે ચોથા ભાંગાના સ્વામી એવા સયોગીકેવલીને દ્રવ્યહિંસા પણ

---

१. वर्जयामीति परिणतः संप्राप्तौ विमुच्यते वैरात् । अघातयन्नपि न मुच्यते क्लिष्टभावोऽतिपातस्य ॥

शैलेश्यवस्थायां केवली स्वामी भविष्यतीति शङ्कनीयं, तस्य सिद्धस्येव योगाभावेन मनोवाक्कायैः शुद्धत्वाभावाद्, नह्यविद्यमाने वस्त्रे 'वस्त्रेण शुद्धः' इति व्यवह्रियते—इत्याद्यसौ समर्थयामास। तन्नायुक्तं, हिंसाव्यवहाराभावमधिकृत्यैव चतुर्थभङ्गशून्यत्वाभिधानाद्, विरुद्धधर्माभ्यां तदभावस्येव तद्वद्भेदस्यापि संभवेन तच्छून्यत्वव्यवहारोपपत्तेः। हिंसास्वरूपमधिकृत्य तु द्रव्यमात्रहिंसाया-मप्यहिंसात्वं प्रवचने प्रतीतं, इति कदाचिद् द्वितीयभङ्गस्वामित्वेऽपि भगवतः स्नातकस्य निर्ग्रन्थस्येव चतुर्थभङ्गस्वामित्वाऽविरोध एव, अहिंसापरिणत्यभेदाश्रयणेन तद्भङ्गस्यापि संभव-दुक्तिकत्वात्।

---

હોતી નથી. કેમકે જો તે હોય, તો તો તેઓના યોગો શુદ્ધ ન રહેવાથી તેઓમાં પણ ચતુર્થભાંગો સંભવશે નહિ. વળી એ જો નહિ સંભવે તો 'મન-વચન-કાયાથી શુદ્ધ સાધુને ચોથો ભાંગો હોય છે એવું' જે કહ્યું છે તે અસંગત બની જાય, કેમકે તેના કોઈ સ્વામી જ રહેતા નથી. 'શૈલેશીઅવસ્થામાં રહેલા કેવલીઓ એના સ્વામી તરીકે સંભવે છે' એવી પણ શંકા ન કરવી, કેમકે સિદ્ધોની જેમ તેઓને પણ યોગો ન હોવાથી તેઓને મન-વચન-કાયાથી શુદ્ધ કહી શકાતા નથી. જેની પાસે વસ્ત્ર જ નથી એનો કાંઈ 'વસ્ત્રથી શુદ્ધ' તરીકે વ્યવહાર કરી શકાતો નથી.

[તે શૂન્યતા હિંસાના વ્યવહારના અભાવની અપેક્ષાએ-ઉ૦]

**ઉત્તરપક્ષ** :- આવો પૂર્વપક્ષ અયોગ્ય છે, કેમકે શાસ્ત્રોમાં ચોથા ભાંગાવાળા અંગે હિંસાનો વ્યવહાર જે થતો નથી તેની અપેક્ષાએ જ ચૂર્ણિમાં ચોથાભાંગાને શૂન્ય કહ્યો છે. કારણકે હિંસાથી વિરુદ્ધ એવા અહિંસારૂપ ધર્મના વ્યવહારથી જેમ તદભાવ= હિંસાના વ્યવહારનો અભાવ સંભવે છે તેમ હિંસાવ્યવહારવાન્ (હિંસક)ના ભેદનો (અહિંસકનો) વ્યવહાર પણ દ્રવ્યહિંસાવાળા કેવળી વિગેરેમાં (અહિંસાના શાસ્ત્રીય વ્યવહારના કારણે) ઘટે છે. તેથી તચ્છૂન્યત્વ=હિંસાવ્યવહાર શૂન્યત્વનો અથવા હિંસાના અભાવનો વ્યવહાર ઘટી શકે છે. તાત્પર્ય-ચોથા ભાગામાં દ્રવ્ય-ભાવ એકેય હિંસા નથી...તેથી હિંસા બેમાંથી એકે ય સ્વરૂપે ન હોવાથી ચૂર્ણિકારે ચોથા ભાંગાને શૂન્ય કહ્યો છે... આવા પૂર્વપક્ષીના અભિપ્રાય અંગે ગ્રન્થકાર કહે છે કે આવો અભિપ્રાય ખોટો છે, કારણકે પ્રવચનમાં તો માત્ર દ્રવ્યહિંસા હોય તેવા સ્થળે પણ અહિંસાનો વ્યવહાર થાય છે એ પ્રસિદ્ધ છે. અર્થાત્ હિંસાનો વ્યવહાર થતો નથી. હિંસાશૂન્યત્વ વ્યવહાર થાય છે. (તેથી ૪ થા ભાંગાના સ્વામી કહેવાય છે.) તમે પણ (૧૧-૧૨મે) નિર્ગ્રન્થને બીજા ભાંગાના સ્વામી હોય ત્યારે (દ્રવ્યહિંસા થઈ હોય ત્યારે) પણ ૪ થા ભાંગાના સ્વામી માનો છો (શાસ્ત્રમાં પણ કહ્યા છે), તેમ કેવળી (સ્નાતક) ભગવંતને પણ દ્રવ્યહિંસા થાય ત્યારે પણ બીજા ઉપરાંત ૪થા ભાંગાના સ્વામી પણ માનવા અવિરુદ્ધ છે. કારણકે અહિંસાની પરિણતિની અપેક્ષાએ બીજા ભાંગાવાળાનેપણ ચોથાભાંગાવાળો કહેવો સંભવિત છે. અહિંસાની પરિણતિ જેવી ૪થા ભાંગામાં હોય છે તેવી જ બીજા ભાંગમાં હોય છે. તેથી આ સામ્યના કારણે બન્ને ભાંગાનો સંભવ કહ્યો. તેથી ૪થા ભાંગાની જેમ બીજા ભાંગામાં પણ હિંસાના વ્યવહારનો અભાવ (અહિંસાનો વ્યવહાર) સંગત બને છે.

न चैवं द्वितीयभङ्गकालेऽपि चतुर्थभङ्गापत्तिः, द्रव्यहिंसाकालेऽप्यप्रमत्तयतीनां मनोवाक्कायशुद्धत्वानपायादिति वाच्यं, चतुर्थभङ्गोपपादकमनोवाक्कायशुद्धताया गुप्तिरूपाया एव ग्रहणाद्, अत एव नियतचतुर्थभङ्गस्वामित्वमयोगिकेवलिनोऽपि नानुपपन्नं, शुद्धप्रवृत्तिव्यापारेणै(णे)व निरोधव्यापारेणापि मनोवाक्कायशुद्धताऽनपायाद्, अन्यथा तदविनाभाविध्यानानुपपत्तेः । उक्तं हि ध्यानं करणानां सत्प्रवृत्तिनिरोधान्यतरनियतं,

[1]सुदढप्पयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं । झाणं करणाण मयं ण उ चित्तणिरोहमेत्तागं ॥

इत्यादिग्रन्थेन **विशेषावश्यके** [३०७१] । शोधकेन च व्यापारमुपसंपद्योपरतेनापि शुद्धत्वव्यवहारो भवत्येव, यथा जलेन शुद्धं वस्त्रं, इति सर्वोत्कृष्टमनोवाक्कायशुद्धतयाऽयोगिकेवली नियमेनैव चतुर्थभङ्गस्वामी युज्यत इति । न च शैलेश्यवस्थायामपि शरीरस्पर्शमागतानां मशकादीनां व्यापत्तौ चतुर्थभङ्गस्वामित्वनियमानुपपत्तिः, द्रव्यहिंसायास्तदनुकूलनोदनाख्ययोगव्यापारनियतत्वात्, तत्र तदभावात्, तत्संबन्धमात्रस्यातिप्रसञ्जकत्वादिति दिक् ॥५७॥

## [ ચોથાભાંગામાં યોગની શુદ્ધતા ગુપ્તિરૂપ લેવાની છે ]

—"આ રીતે માત્ર દ્રવ્યહિંસાને પણ અહિંસા=હિંસાનાઅભાવ તરીકે માનવામાં બીજાભાંગા વખતે પણ ચોથો ભાંગો માનવાની આપત્તિ આવશે, કેમકે દ્રવ્યહિંસાવખતે પણ અપ્રમત્ત સાધુઓમાં મન-વચન-કાયાથી શુદ્ધત્વ તો જળવાયેલું જ હોય છે"—એવી શંકા ન કરવી, કેમકે ચોથો ભાંગો લાવી આપનાર જે મનવચનકાયશુદ્ધતા છે તે ગુપ્તિરૂપ જ લેવાની છે. દ્રવ્યહિંસામાં પ્રવૃત્ત અપ્રમત્તયતિની કાયા ગુપ્તિયુક્ત ન હોઈ તે વખતે તેનામાં ઉક્ત શુદ્ધતા ન હોવાના કારણે ચોથો ભાંગો હોતો નથી. આમ ગુપ્તિરૂપ શુદ્ધતા લેવાથી જ નિયમા ચોથા ભંગના જ સ્વામી હોવાપણું અયોગી કેવળીમાં પણ અસંગત રહેતું નથી, કેમકે ગુપ્તિ પ્રવૃત્તિની જેમ નિવૃત્તિરૂપ પણ હોવાના કારણે, શુદ્ધપ્રવૃત્તિવ્યાપારથી જેમ તે શુદ્ધતા જળવાઈ રહે છે તેમ નિરોધવ્યાપારથી પણ તે જળવાઇ રહે જ છે. નહિતર તો એ શુદ્ધતાને અવિનાભાવી એવું ધ્યાન અસંગત બની જાય. 'ધ્યાન કરણોની સત્પ્રવૃત્તિ કે નિરોધ બેમાંથી એકની સાથે નિયત છે.' એ વાત **વિશેષાવશ્યકભાષ્ય** (૩૦૭૧) માં દેખાડી છે. તે આ રીતે-
'કરણોને સુદૃઢ પ્રયત્નપૂર્વક વ્યાપૃત કરવા તે અથવા વિદ્યમાન (પ્રવર્તમાન) કરણોનો નિરોધ કરવો તે ધ્યાન તરીકે સંમત છે. ચિત્તનિરોધ કરવો એ જ માત્ર ધ્યાન છે એ વાત શાસ્ત્રકારોને માન્ય નથી.'
વળી 'મન વગેરેની હાજરી જ નથી તો તેનાથી શુદ્ધ શી રીતે કહેવાય ?' ઈત્યાદિ વાતથી અયોગી કેવલીમાં ચોથાભાંગાનો જે નિષેધ કર્યો છે તે પણ અયોગ્ય છે, કેમકે શુદ્ધિકરનાર શોધક શુદ્ધિકરવાનો વ્યાપાર ઊભો કરી આપી પછી અટકી જાય તો પણ તેનાથી શુદ્ધત્વ થયાનો વ્યવહાર તો થાય જ છે, જેમકે પાણીથી શુદ્ધ થયેલું વસ્ત્ર. માટે અયોગી સર્વોત્કૃષ્ટ મન-વચન-કાયશુદ્ધતાવાળા હોઈ નિયમા ચતુર્થભાંગાના સ્વામી હોવા ઘટે છે. —"તેઓને નિયમા ચોથા ભંગના સ્વામી કહેવા યોગ્ય નથી, કેમકે શૈલેશીઅવસ્થામાં શરીરને અડીને મચ્છર વગેરે મરી જાય ત્યારે તેઓની કાયાથી દ્રવ્યહિંસા

1. सुदृढप्रयत्नव्यापारणं निरोधो वा विद्यमानानाम् । ध्यानं करणानां मतं न तु चित्तनिरोधमात्रकम् ॥

यदि च 'न द्रव्यतो न भावतो मनोवाक्कायशुद्धस्य साधोः' इति वचनानुरोधेन सयोगिकेवलिनश्चतुर्थभङ्गस्वामित्वमेवाभिमतं भवेत्तदाऽप्रमत्तादीनां सयोगिकेवलिपर्यन्तानां द्रव्यहिंसया दोषाभावतौल्यं प्रवचनाभिहितं न घटेतेत्याह—

**पयडं चिय वयणमिणं दट्ठव्वं होइ कप्पभासस्स ।**
**जं अपमत्ताईणं सजोगिचरमाण णो हिंसा ॥ ५८ ॥**

(प्रकटमेव वचनमिदं द्रष्टव्यं भवति कल्पभाष्यस्य । यदप्रमत्तादीनां सयोगिचरणमाणां नो हिंसा ॥ ५८ ॥)

**पयडंचिय** त्ति । **प्रकटमेवैतद्वचनं कल्पभाष्यस्य द्रष्टव्यं भवति रागद्वेषरहितेन परीक्षकेण, यदप्रमत्तादीनां सयोगिकेवलिचरमाणां नो** नैव **हिंसा,** व्याप्रियमाणयोगानामपीति शेषः । तथा च तद्ग्रन्थः—

[1]अप्पेव सिद्धंतमजाणमाणो तं हिंसगं भाससि जोगवंतं ।
दव्वेण भावेण य संविभत्ता चत्तारि भंगा खलु हिंसगत्ते ॥३९३२॥

**अपी**त्यभ्युच्चये अस्त्यन्यदपि वक्तव्यमिति भावः । यदेवं **योगवन्तं** वस्त्रच्छेदनादिव्यापारवन्तं जीवं **हिंसकं त्वं भाषसे,** तन्निश्चीयते सम्यक् सिद्धान्तमजानत(नान) एवं प्रलापः (प्रलपसि) । सिद्धान्ते योगमात्रप्रत्ययादेव न हिंसोपवर्ण्यते, अप्रमत्तसंयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तदभावात् । कथं तर्हि सा प्रवचने प्ररूप्यते ? इत्याह–**द्रव्येण भावेन च संविभक्ताश्चत्वारो भङ्गाः खलु हिंसकत्वे** भवन्ति । तथा हि–१ द्रव्यतो नामैका हिंसा न भावतः २ भावतो नामैका हिंसा न द्रव्यतः ३ एका द्रव्यतोऽपि भावतोऽपि ४. एका न द्रव्यतो नापि भावतः ॥ अथैषामेव यथाक्रमं भावनां कुर्वन्नाह—

---

થતી હોવાથી તેઓ બીજાભાંગામાં આવી જાય છે"—એવી શંકા ન કરવી, કેમકે દ્રવ્યહિંસા પોતાને અનુકૂલ એવો જે નોદન નામનો યોગવ્યાપાર હોય છે તેને નિયત છે. અર્થાત્ જે જીવના તેવા વ્યાપારથી તે દ્રવ્યહિંસા થઇ હોય તે જીવને તે બીજા ભાંગામાં લઇ જાય છે, અન્યને નહિ. શૈલેશી અવસ્થામાં યોગવ્યાપાર અયોગી કેવલીઓનો ન હોવાથી તે દ્રવ્યહિંસા તેઓની કહેવાતી નથી, બાકી તેઓના શરીર સાથેના સંબંધમાત્રના કારણે થઈ હોવાથી એ દ્રવ્યહિંસા જો તેઓની કહેવાતી હોય તો તો અતિપ્રસંગ એ આવે કે તેઓના શરીરથી નિરંતર થયા કરતી વાયુકાયની દ્રવ્યહિંસા પણ તેવી બની જાય અને તો પછી અયોગી કેવળીઓ પણ ચોથા ભાંગામાં આવી નહિ શકે. ॥૫૭॥

[ અપ્રમત્તથી સયોગી, દ્રવ્યહિંસાથી તુલ્યરીતે નિર્દોષ )

'ન દ્રવ્યથી–ન ભાવથી એ ભાંગો મન–વચન–કાયશુદ્ધ સાધુને હોય છે' એવા વચનને અનુસરીને સયોગી કેવલીમાં જો ચોથો ભાંગો જ માનવાનો હોય તો 'અપ્રમત્તસાધુથી માંડીને સયોગીકેવલી સુધીના જીવો દ્રવ્યહિંસાની અપેક્ષાએ સમાનરીતે દોષ વગરના રહે છે' એવું પ્રવચનમાં જે કહ્યું છે તે ઘટશે નહિ એવું જણાવતાં ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** કલ્પભાષ્યનું 'અપ્રમત્તથી માંડીને સયોગી કેવલી સુધીના જીવોને હિંસા હોતી નથી' એ સ્પષ્ટ વચન જ (પૂર્વપક્ષીએ) જોવા જેવું છે.

રાગદ્વેષશૂન્ય પરીક્ષકે કલ્પભાષ્યનું આવું જે સ્પષ્ટ વચન છે કે યોગનો વ્યાપારવાળા એવા પણ અપ્રમત્તથી માંડીને સયોગીકેવલી સુધીના જીવોને હિંસા હોતી નથી'

आहच्च हिंसा समिअस्स जा उ सा दव्वओ होइ ण भावओ उ।
भावेण हिंसा उ असंजयस्स जे वा वि सत्ते ण सदा वहेइ ॥३९३३॥
संपत्ति तस्सेव जदा भविज्जा सा दव्वहिंसा खलु भावओ अ।
[3]अज्झत्थसुद्धस्स जदा ण होज्जा वधेण जोगो दुहओवि हिंसा ॥ ३९३४ ॥ **समितस्ये**र्यासमितावुपयुक्तस्य **योऽऽहत्य** कदाचिदपि **हिंसा** भवेत् **सा द्रव्यतो** हिंसा, इयं च प्रमादयोगाभावात् तत्त्वतोऽहिंसैव मन्तव्या, 'प्रमत्तयोगात्प्राणव्यपरोपणं हिंसा' (तत्त्वा० ७/८) इति वचनात्, न भावत इति। **भावेन** भावतो या **हिंसा** न तु द्रव्यतः साऽसंयतस्य प्राणातिपातादेरनिवृत्तस्य उपलक्षणत्वात्संयतस्य वाऽनुपयुक्तगमनागमनादिकुर्वतो, **यानपि सत्त्वानसौ सदैव न हन्ति** तानप्याश्रित्य मन्तव्या "[1]जे वि न वाविज्जंती णियमा तेसिंपि हिंसओ सो उ (ओ० नि० ७५३) त्ति वचनाद्। **यदा** तु तस्यैव प्राणिव्यपरोपणसंप्राप्तिर्भवति तदा **सा द्रव्यतो भावतश्च(तोपि) हिंसा** प्रतिपत्तव्या। यः पुनरध्यात्मना चेतःप्रणिधानेन शुद्ध उपयुक्तगमनागमनादिक्रियाकारीत्यर्थः, तस्य **यदा वधेन** प्राणिव्यपरोपणेन सह **योगः** संबन्धो **न भवति तदा द्विधापि** द्रव्यतो भावतोऽपि च अहिंसा हिंसा न भवतीति भावः॥ तदेवं भगवत्प्रणीते प्रवचने हिंसा विषयाश्चत्वारो भङ्गा उपवर्ण्यन्ते। अत्र चाद्यभङ्गे हिंसायां व्याप्रियमाणकाययोगेऽपि भावत उपयुक्ततया भगवद्भिरहिंसक एवोक्तः, ततो यदुक्तं भवता 'वस्त्रच्छेदनव्यापारं कुर्वतो हिंसा भवति' इति तत्प्रवचनरहस्यानभिज्ञतासूचकमिति" ॥५८॥

---

તે વિચારવું જોઈએ. તે ગ્રન્થ આ પ્રમાણે છે— "વળી સિદ્ધાન્તને ન જાણતો જ તું યોગયુક્ત તેને હિંસક કહે છે. હિંસકપણામાં દ્રવ્ય અને ભાવથી ચાર ભાંગાનો વિભાગ દેખાડયો છે." **તેની વૃત્તિનો ભાવાર્થ આ પ્રમાણે**–'अपि' શબ્દ અભ્યુચ્ચય અર્થમાં છે. (અર્થાત્ બીજું પણ કાંઈ કહેવાનું છે.) વસ્ત્રછેદનાદિ વ્યાપારરૂપ યોગ વાળા જીવને તું (કલ્પભાષ્યમાં પૂર્વની ગાથાઓમાં જેણે પૂર્વપક્ષ ઉઠાવ્યો હતો તે પૂર્વપક્ષી) જે હિંસક કહે છે તેનાથી નિશ્ચિત રીતે જણાય છે કે સિદ્ધાન્તને સમ્યગ્ નહિ જાણતો જ તું આવું બોલે છે. સિદ્ધાન્તમાં 'યોગમાત્રનિમિત્તે જ હિંસા થાય છે' એવું કહ્યું નથી, કેમકે અપ્રમત્તસંયતથી માંડીને સયોગી કેવલી સુધીના યોગયુક્ત જીવોને પણ હિંસાનો અભાવ હોય છે. (તો શી રીતે હિંસા થવી કહી છે? એવા પ્રશ્નનો ઉત્તરાર્દ્ધમાં ઉત્તર આપ્યો છે–) હિંસકતા અંગે દ્રવ્ય અને ભાવથી વિભાજિત કરાયેલા ચાર ભાંગા કહ્યા છે. તે આ રીતે– ૧. દ્રવ્યથી હિંસા, ભાવથી નહિ ૨. ભાવથી હિંસા, દ્રવ્યથી નહિ. ૩. દ્રવ્યથી પણ અને ભાવથી પણ હિંસા અને ૪. દ્રવ્યથી પણ નહિ અને ભાવથી પણ નહિ॥ આ ભાંગાઓની યથાક્રમ વિચારણા કરતાં કલ્પભાષ્યકાર આગળ કહે છે—

## [ હિંસા અંગેની ચતુર્ભંગીની ભાવનાનો અધિકાર ]

"ઈર્યાસમિતિમાં ઉપયોગવાળા સાધુથી જે કયારેક હિંસા થઈ જાય છે તે 'દ્રવ્યથી–ભાવથી નહિ એવા પ્રથમભાંગાની હિંસા જાણવી. પ્રમત્તયોગ ન હોવાના કારણે તાત્ત્વિકદૃષ્ટિએ તો આને અહિંસા જ જાણવી, કેમકે તત્ત્વાર્થસૂત્રમાં પ્રમત્ત યોગથી થયેલા પ્રાણવ્યપરોપણને હિંસા કહી છે. 'ભાવથી હિંસા–દ્રવ્યથી નહિ' એવો બીજો ભાંગો પ્રાણાતિપાતાદિથી નહિ અટકેલ અસંયતને જાણવો. ઉપલક્ષણથી અનુપયુક્ત રીતે ગમનાગમનાદિ કરતા સંયતને પણ તે જાણવો. ઓઘનિર્યુક્તિ (૭૫૩)ના 'જે જીવો મરતા નથી તેઓનો પણ તે નિયમા હિંસક છે,' ઈત્યાદિ વચનમુજબ જે જીવોને તે હંમેશા (કયારેય પણ) હણતો નથી તેઓને આશ્રીને પણ આ ભાંગો અસંયતાદિને હોય છે. તે જ અસંયતાદિથી જ્યારે ખરેખર અન્યના પ્રાણોનો વિયોગ થાય છે ત્યારે 'દ્રવ્યથી પણ હિંસા–ભાવથી પણ' એવો ત્રીજો ભાંગો થાય છે. જે જીવ ચિત્તપ્રણિધાનરૂપ અધ્યાત્મથી શુદ્ધ હોય છે, અર્થાત્ ઉપયોગ પૂર્વક

---

१. येऽपि न व्यापद्यन्ते नियमात् तेषामपि हिंसकः स तु।

नन्वत्र 'अप्रमत्तादीनामधिकृतवस्त्रच्छेदनव्यापारवान् हिंसकः, योगवत्त्वाद्' इति परोपन्यस्तानुमानदूषणव्यभिचारस्फोरणाय व्यभिचारस्थानत्वं प्रदर्शितम् । व्यभिचारश्च 'हेतुसत्त्वे साध्यासत्त्वमि'ति केवलिनोऽप्रमत्तादिसाधारण्येन योगवत्त्वमहिंसकत्वं च सिद्धयति, न तु कथमपि द्रव्यहिंसेति चेत् ? न, 'अत्र चाद्यभङ्गे' इत्यादिनिगमनवचनविचारणया 'अधिकृतवस्त्रच्छेदनव्यापारवानहिंसकः, हिंसाव्याप्रियमाणकाययोगवत्त्वेऽपि भावत उपयुक्तत्वात्, अप्रमत्तादिवद्' इति स्वतन्त्रसाधनदृष्टान्तयैव (इति स्वतन्त्रसाधनदृष्टान्तावैव लभ्येते, तत्साधनेनैव च) भगवति तत्सिद्धेः । किञ्च पूर्वपक्षिणा वस्त्रच्छेदनादिव्यापारे हिंसान्वितयोगत्वं तावद् भगवतीवचनेनैव प्रदर्शितम्, तथाहि—

सद्दो तहिं मुच्छइच्छेअणा वा धावंति ते दोवि उ जाव लोगो । वत्थस्स देहस्स य जो विकंपो ततोवि वातादि भरेन्ति लोगं ॥३९२२॥ भो आचार्य ! **तत्र वस्त्रे छिद्यमाने शब्दः संमूर्च्छति छेदनका वा** सूक्ष्मपक्ष्मावयवा उड्डीयन्ते, एते च द्वयेऽपि ततो विनिर्गता **लोकान्तं यावत् धावन्ति** प्राप्नुवन्ति। तथा **वस्त्रस्य देहस्य च यो** विकंपश्चलनं ततोऽपि विनिर्गता **वातादयः** प्रसरन्तः सकलमपि **लोकमापूरयन्ति** ॥

---

ગમનાગમનાદિક્રિયા કરનારો હોય છે, તેનાથી જ્યારે કોઈનો વધ થતો નથી ત્યારે બન્ને રીતે દ્રવ્યથી અને ભાવથી પણ-અહિંસા હોય છે–હિંસા હોતી નથી. અર્થાત્ ચોથો ભાંગો પ્રવર્તે છે. આમ જિનપ્રવચનમાં હિંસા અંગે ચાર ભાંગા કહ્યા છે. આમાં પહેલાં ભાગામાં કાયયોગ હિંસામાં વ્યાપૃત હોવા છતાં પણ ભાવથી ઉપયુક્તતા હોવાના કારણે ભગવાને તે ભાંગાવાળાને અહિંસક જ કહ્યો છે. તેથી તમે 'વસ્ત્ર ફાડવા વગેરેની ક્રિયા કરનારને હિંસા લાગે છે' એવું જે કહો છો એ તમારા (કલ્પભાષ્યના પૂર્વપક્ષીના) પ્રવચનના રહસ્યના અજ્ઞાનને જ સૂચવે છે. (આ પ્રમાણે એ ગ્રન્થ છે.)" ॥૫૮॥

**[ તે અધિકારથી કેવળીમાં અહિંસકત્વની સિદ્ધિ, દ્રવ્યહિંસાની નહિ–પૂ૦ ]**

**શંકા :–** કલ્પભાષ્યના પૂર્વપક્ષીએ જે અનુમાન આપ્યું હતું કે 'અપ્રમત્તાદિ સંબંધી જે અધિકૃત વસ્ત્રછેદનાદિનો વ્યાપાર, તેનાથી યુક્ત જીવ હિંસક હોય છે, કેમકે યોગયુક્ત હોય છે' તે અનુમાનમાં દૂષણ તરીકે વ્યભિચાર આપવા માટે કલ્પભાષ્યના ઉક્તઅધિકારમાં વ્યભિચારનું સ્થાન દેખાડયું છે. અને વ્યભિચાર એટલે તો હેતુ હોવા છતાં સાધ્ય ન રહેવો તે. તેથી ઉક્ત અધિકારથી કેવલીમાં અપ્રમત્તાદિની સમાન રીતે યોગવત્તા અને અહિંસકપણું (હિંસકપણું સિદ્ધ ન થવાથી) સિદ્ધ થાય છે, પણ દ્રવ્યહિંસા હોવી તો કોઈ રીતે સિદ્ધ થતી નથી. તેથી તે અધિકાર અહીં દેખાડવાની જરૂર શી છે ?

**[ તેના નિગમનવચનથી દ્રવ્યહિંસાની સિદ્ધિ–ઉ૦ ]**

**સમાધાન :–** તમારી શંકા બરાબર નથી. ચાર ભાંગાની ભાવના પછી 'अत्र चाद्यभङ्गे...' ઇત્યાદિ જે તેનું નિગમન કરતું વચન ત્યાં કહ્યું છે તેની વિચારણા કરતાં જ કેવલીભગવાન્‌ને પણ દ્રવ્યહિંસા હોવી સિદ્ધ થઇ જાય છે. તે વિચારણા આ રીતે– એ નિગમન વચન વ્યભિચારસ્થાનને દેખાડવા માટે કહેવાયું નથી, પણ અધિકૃત વસ્ત્રછેદનાદિવ્યાપારયુક્ત જીવ અહિંસક હોય છે, કેમકે હિંસામાં વ્યાપૃત (પરોવાયેલા) કાયયોગવાળો હોવા છતાં ભાવથી ઉપયુક્ત હોય છે, જેમકે અપ્રમત્તવગેરે' ઇત્યાદિરૂપ સ્વતંત્રસાધન દૃષ્ટાન્ત દેખાડવા કહેવાયું છે. અર્થાત્ એ એક સ્વતંત્ર અનુમાનપ્રયોગ જ છે જેમાં પૂર્વપક્ષીના અનુમાનમાં રહેલ હેતુ અને દૃષ્ટાન્ત કરતાં ભિન્ન–સ્વતંત્ર જ હેતુ

अहिच्छसी जंति ण ते उ(य) दूरं संखोभिया तेहऽवरे वयंती । उड्ढं अहेयावि चउद्दिसिंपि पूरिंति लोगं तु खणेण सव्वं ॥३९२३॥ **अथचार्य ! त्वमिच्छसि** मन्यसे, ते च वस्त्रच्छेदनसमुत्थाः शब्दपक्ष्मवातादि-पुद्गला=**न दूरं लोकान्तं यान्ति,** तर्हि तैः **संक्षोभिताश्चालिताः** सन्तोऽपरे **व्रजन्ति,** एवमपरापर-पुद्गलप्रेरिताः पुद्गलाः प्रसरन्तः क्षणेनोर्ध्वमधस्तिर्यक्चतसृष्वपि **दिक्षु सर्वमपि लोकमापूरयन्ति** । यत एवमतः

विन्नाय आरंभमिणं सदोसं तम्हा जहालद्धमहिट्ठिएज्जा। वुत्तं सएओ खलु जाव देही ण होइ सो अंत-करी तु ताव ॥३९२४॥ **इदमनन्तरोक्तं** सर्वलोकपूरणात्मक**मारंभं सदोषं** सूक्ष्मजीवविराधनया सावद्यं, **विज्ञाय तस्मा**त्कारणाद् **यथालब्धं वस्त्रमधितिष्ठेत्** न छेदनादिकं कुर्याद् । यत **उक्तं** भणितं **व्याख्याप्रज्ञप्तौ यावदयं देही** जीवः **सैजः** सकंपश्चेष्टावानित्यर्थः, तावदसौ कर्मणो भवस्य वाऽन्त**कारी न** भवति । **तथा च तदालापकः** "[१]जाव णं एस जीवे सया समिअं एअइ वेअइ चलइ फंदइ घट्टइ खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ ताव णं तस्स जीवस्स अंते अंतकिरिया ण भवइ' त्ति।

तथा च हिंसान्वितयोगत्वेन वस्त्रच्छेदनव्यापारवतो हिंसकत्वमापादयन्तं पूर्वपक्षिणं प्रत्य-प्रमत्तादिष्वापादकसत्त्वेऽप्याप्याभावात् तर्कमूलव्याप्त्यसिद्धेस्तस्य मूलशैथिल्यरूपदोषप्रदर्शनार्थ-मित्थमुक्तं, तथाचापादकसत्त्वादेवाप्रमत्तादिवत्केवलिनोऽपि द्रव्यहिंसासंभवेऽपि न दोष इत्येतदेवाह-

અને દૃષ્ટાન્ત વપરાયેલા છે. કલ્પભાષ્યના અધિકાર પરથી ફલિત થતા આ સ્વતંત્ર હેતુ દૃષ્ટાન્તવાળા અનુમાનપ્રયોગથી જ કેવલી ભગવાન્‌માં દ્રવ્યહિંસા હોવી સિદ્ધ થઈ જાય છે. કેમ કે એ સિદ્ધ હોય તો જ હેતુનો ઘટક બની શકે. તે પણ એટલા માટે કે નહિતર 'હિંસામાં વ્યાપૃત થયેલ કાયયોગવાળું હોવાપણું" એવું હેતુનું જે વિશેષણ છે તે કેવલીરૂપ પક્ષમાં ન હોવાથી હેતુ પણ ન રહેવાના કારણે સ્વરૂપ અસિદ્ધ હેત્વાભાસ લાગે. વળી (કલ્પભાષ્યના) પૂર્વપક્ષીએ વસ્ત્રછેદનાદિ વ્યાપારમાં યોગ હિંસાયુક્ત બને છે એ વાત તો ભગવતી સૂત્રના વચન પરથી જ દેખાડી છે. તે આ રીતે (કલ્પભાષ્ય–૩૯૨૨)–

## [વસ્ત્રછેદન અંગે કલ્પભાષ્યગત પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ :**–હે આચાર્ય ! વસ્ત્ર છેદાતે છતે શબ્દ ઉત્પન્ન થાય છે, સૂક્ષ્મ પૂમડાંઓ (રૂંવાટીઓ) ઊડે છે. આ બંને ત્યાંથી નીકળીને લોકાન્ત સુધી પહોંચે છે. તેમજ વસ્ત્ર અને દેહના કંપનથી પ્રવર્તેલા વાયુ વગેરે પ્રસરતા પ્રસરતાં સંપૂર્ણ લોકને ભરી દે છે. ॥ હવે જો આચાર્ય ! તમે એવું માનતા હો કે વસ્ત્રછેદનમાંથી ઊડેલા શબ્દ–પક્ષ્મ–વાયુવગેરેના પુદ્‌ગલો દૂર લોકાન્ત સુધી જતા નથી, તો પણ તેઓ વડે સંક્ષોભિત થયેલા બીજા પુદ્‌ગલો ઓર થોડા આગળ જશે. તેઓથી સંક્ષોભિત થયેલા પુદ્‌ગલો ઓર આગળ...એમ બીજાબીજા પુદ્‌ગલોથી પ્રેરાએલા પુદ્‌ગલો પ્રસરતાં પ્રસરતાં ઉર્ધ્વઅધો તિર્યગ્‌લોકમાં ચારે દિશાઓમાં ક્ષણવારમાં સંપૂર્ણ લોકને વ્યાપ્ત કરી દે છે. ॥ તેથી આ સર્વલોક-પૂરણાત્મક આરંભ ને, સૂક્ષ્મ જીવવિરાધનાના કારણે સાવદ્ય જાણીને વસ્ત્ર જેવું મળે તેવું વાપરવું, પણ તેના છેદનાદિ કરવા નહિ કારણકે **ભગવતીસૂત્રમાં** કહ્યું છે કે 'જ્યાં સુધી આ જીવ સએજ=સકંપ=ચેષ્ટાવાન્ છે ત્યાં સુધી કર્મનો કે ભવનો અંત કરનારો બની શકતો નથી.' ભગવતીસૂત્રનો તે આલાવો આ પ્રમાણે–'જ્યાં સુધી આ જીવ હંમેશા સમિયં=સપ્રમાણ એજનાદિ કરે છે, તે તે ભાવે પરિણમે છે ત્યાં સુધી તે જીવના મરણાંતે અંતક્રિયા થતી નથી. (આનો વિશેષ અર્થ ૬૧મી ગાથાની વૃત્તિમાંથી જોઈ લેવો.)

१. यावदेष जीवः सदा समितमेजते व्येजते चलति स्पन्दते घट्टयति क्षुभ्यति उदीरयति तत्तद्भावं परिणमति तावत्तस्य जीवस्य अंतेऽन्तक्रिया न भवतीति।

हिंसगभावो हुज्जा हिंसण्णियजोगओत्ति तक्करस ।
दाएउं इय भणिअं पसिढिलमूलत्तणं दोसं ॥५९॥

( हिंसकभावो भवेत् हिंसान्वितयोगत इति तर्कस्य । दर्शयितुमिति भणितं प्रशिथिलमूलत्वं दोषम् ॥ )

**हिंसगभावो त्ति** । हिंसकभावो भवेद्धिंसान्वितयोगतोऽधिकृतवस्त्रच्छेदनव्यापारवत इति शेषः, इत्येतस्य **तर्कस्य प्रशिथिलमूलत्वमापाद्यापादकव्याप्त्यसिद्धिरूपं दोषं दर्शयितुमिति भणितं** यदुताऽप्रमत्तादीनां सयोगिकेवलिपर्यन्तानां हिंसाव्याप्रियमाणकाययोगे सत्यपि भावत उपयुक्तत्वान्न हिंसकत्वमिति । योगवत्त्वमात्रं च नापादकमिति तत्रापाद्यव्याप्त्यसिद्धिप्रदर्शनमकिञ्चित्करमेवेति भावः ॥५९॥ नन्वप्रमत्तादीनामुपयुक्तानां योगवतामप्यहिंसकत्वप्रदर्शनेन हिंसान्वित-

[ હિંસાન્વિતયોગમાં હિંસકપણાંની વ્યાપ્તિ નથી ]

કલ્પભાષ્યના પૂર્વપક્ષીના આ વચનો પરથી જણાય છે કે તે વસ્ત્રછેદનાદિ વ્યાપારવાળા જીવમાં હિંસાન્વિતયોગરૂપ આપાદકથી (આપત્તિ લાવી આપનાર બીજથી, હિંસકત્વનું આપાદન (આપત્તિ) કરવા માંગે છે. એટલે કે 'જેનામાં હિંસાન્વિતયોગ હોય તેનામાં હિંસકત્વ હોય' એવી વ્યાપ્તિ બાંધીને વસ્ત્રછેદનાદિવ્યાપારયુક્ત સાધુમાં હિંસકત્વ આવી જવાની આપત્તિ આપવા માંગે છે. હમણાં પૂર્વની ૫૮ મી ગાથાની વૃત્તિમાં હિંસકત્વની ચતુર્ભંગી દેખાડનાર કલ્પભાષ્ય ગ્રન્થનો જે અધિકાર દેખાડયો તે આ પૂર્વપક્ષના સમાધાનરૂપ છે. એમાં આ સમાધાન આપ્યું છે કે કાયયોગ હિંસામાં વ્યાપૃત હોવા છતાં, ભાવથી ઇર્યાસમિતિમાં ઉપયોગવાળા હોવાથી તે સાધુને ભગવાને અહિંસક કહ્યા છે.' બૃહત્કલ્પભાષ્યના આ પૂર્વપક્ષગ્રન્થ અને સામાધાન ગ્રન્થ પરથી એ વાત સ્પષ્ટ જણાય છે કે તેમાં, 'અપ્રમત્તથી માંડીને સયોગી સુધીના જીવોને હિંસામાં વ્યાપૃત કાયયોગ હોવા છતાં હિંસકત્વ હોતું નથી' એવું જે કહ્યું છે તે, 'આપાદક હોવા છતાં આપાદ્ય ન હોવાથી તર્કના મૂળભૂત વ્યાપ્તિ જ અસિદ્ધ છે' એવું જણાવીને મૂલશિથિલ હોવા રૂપ દોષ દેખાડવા માટે કહ્યું છે. (અને તેથી પૂર્વપક્ષીએ આપેલી આપત્તિ આવતી નથી.) અર્થાત્ અપ્રમત્ત વગેરેમાં હિંસકત્વની આપત્તિ આપવા પૂર્વપક્ષીએ જે પ્રયાસ કર્યો છે તેનું એ રીતે નિરાકરણ નથી કર્યું કે 'અપ્રમત્ત વગેરેમાં હિંસાન્વિત કાયયોગ રૂપ આપાદક જ હોતો નથી તો હિંસકત્વરૂપ આપાદ્ય શી રીતે હોય ?'–કિન્તુ એ રીતે જ એ નિરાકરણ કર્યું છે કે 'હિંસાન્વિતકાયયોગરૂપ આપાદકમાં હિંસકત્વ રૂપ આપાદ્યની વ્યાપ્તિ જ નથી, તો હિંસકત્વની આપત્તિ શી રીતે આપી શકાય ?' આના પરથી એ પણ ફલિત થાય છે કે અપ્રમત્તવગેરેમાં હિંસાન્વિત કાયયોગરૂપ આપાદક જ હોતો નથી એવું ભાષ્યકારને માન્ય નથી. એટલેકે એ આપાદક તો હોય જ છે.તેથી અપ્રમત્તવગેરેની જેમ કેવલીમાં પણ હિંસાન્વિત યોગ (=દ્રવ્યહિંસા) રૂપ આપાદક સંભવવા છતાં હિંસકત્વનો દોષ નથી એવું જણાવતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– હિંસાન્વિતયોગથી હિંસકપણું આવી જશે એવા તર્કનું મૂળ પ્રશિથિલ છે એવો દોષ દેખાડવા એ પ્રમાણે કહ્યું છે.

योगाभाव एव प्रदर्शितो भवति, तथा च प्रकृते आपादकाप्रसिद्धिप्रदर्शनपर एवायं ग्रन्थोऽस्तु—इत्यत आह—

**आपायगाऽपसिद्धी ण य भणिया वत्थच्छेय अहिगारे।**
**ता तस्संमइवयणं पण्णत्तीए ण अण्णट्ठं ॥६०॥**

(आपादकाऽप्रसिद्धिर्न च भणिता वस्त्रच्छेदाधिकारे। ततस्तत्संमतिवचनं प्रज्ञप्तेर्नान्यार्थम् ॥६०॥)

**आपायगापसिद्धित्ति** । आपादकस्य हिंसान्वितयोगस्याप्रसिद्धिः न च भणिता वस्त्रच्छेदाधिकारे, किंतु भगवतीवचनादारम्भस्य क्रियाविनाभावित्वमङ्गीकृत्यापि प्रतिबन्द्यैव पूर्वपक्षिणो दूषणं दत्तम्। तथाहि—

'आरंभमिट्ठो जइ आसवाय गुत्ती य सेआय तहा नु साहू। णो(मा) फंद वारेहि व छिज्जमाणं पइण्णहाणी व अतोऽण्णहा ते ॥३९२७॥ **आरंभमिट्ठोत्ति** । मकारोऽलाक्षणिकः। हे नोदक! यथाऽऽरंभस्तव

'અધિકૃત વસ્ત્રછેદનવ્યાપારયુક્ત જીવમાં હિંસાયુક્તયોગના કારણે હિંસકત્વ આવશે' એવા તર્કનું મૂળ પ્રશિથિલ છે. અર્થાત્ આપાદ્ય–આપાદકની વ્યાપ્તિ અસિદ્ધ છે'—એવો દોષ દેખાડવા માટે 'અપ્રમત્તથી માંડીને સયોગી કેવળી સુધીના જીવો, હિંસામાં વ્યાપૃત કાયયોગવાળા હોવા છતાં ભાવથી ઉપયુક્ત હોઈ હિંસક હોતા નથી' ઈત્યાદિ કહ્યું છે. તેથી શંકાકારે જે કહ્યું છે કે—પૂર્વપક્ષીનું જે અનુમાન છે કે 'અપ્રમત્તાદિસંબંધી વસ્ત્રછેદનવ્યાપારયુક્ત જીવ હિંસક હોય છે, કેમકે યોગયુક્ત હોય છે' ઈત્યાદિ, તે અનુમાનમાં વ્યભિચાર દેખાડવા ઉક્ત ગ્રન્થાધિકાર છે અને તેથી એ અનુમાનથી કેવલીમાં હિંસકત્વની સિદ્ધિ થઈ ન શકવાથી અહિંસકત્વ સિદ્ધ થયું, પણ દ્રવ્યહિંસા સિદ્ધ થઈ નહિ—વગેરે તે ખોટું ઠરે છે, કેમકે માત્ર યોગયુક્તતા તો આપાદક જ ન હોઈ તેમાં આપાદ્યની વ્યાપ્તિની અસિદ્ધિ દેખાડવી એ નિરુપયોગી જ છે (અને તેથી એ અનુમાનમાં વ્યભિચાર દેખાડવો એ પણ નિરર્થક હોઈ 'તે દેખાડવા માટે ઉક્ત ગ્રન્થાધિકાર છે' એવું કહેવું એ અયોગ્ય છે) 'માટે કેવલીમાં દ્રવ્યહિંસા સિદ્ધ થઈ નહિ' એ વાત અસિદ્ધ કરે છે. ॥૫૯॥

( વસ્ત્રછેદાધિકાર હિંસાન્વિતયોગના અભાવનો જ્ઞાપક-પૂ૦ )

**શંકા:**– ઉપયુક્ત અપ્રમત્તાદિ જીવો યોગયુક્ત હોવા છતાં અહિંસક હોય છે' એવું 'અપ્રમત્તથી માંડીને સયોગી સુધીના જીવો યોગવાળા હોવા છતાં અહિંસક હોય છે' ઈત્યાદિ વચનથી જે જણાવ્યું છે, તેનાથી 'તેઓમાં હિંસાન્વિતયોગનો અભાવ હોય છે' એ વાત જ દેખાડેલી છે. અને તેથી ઉક્તગ્રન્થને પ્રસ્તુતમાં, વ્યાપ્તિની અસિદ્ધિરૂપ દોષ દેખાડવાના તાત્પર્યવાળો નહિ, પણ અપ્રમત્તાદિમાં હિંસાન્વિતયોગ રૂપ આપાદક જ હોતો નથી એવું દેખાડવાના તાત્પર્યવાળો જ માનો ને! (અને તેથી સયોગી કેવલીને દ્રવ્યહિંસા હોતી નથી એ વાત સિદ્ધ થઈ જશે.) આવી શંકાનું **સમાધાન** કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ**:– વસ્ત્રછેદનના અધિકારમાં આપાદકની અપ્રસિદ્ધિ (=અભાવ) કહી નથી. તેથી વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું તે સાક્ષીવચન અન્ય અર્થને જણાવનાર નથી.

**आस्त्रवाय** कर्मोपादानाय **इष्टो**ऽभिमतः गुप्तिश्च तत्परिहाररूपा **श्रेयसे** कर्मानुपादानायाभिप्रेता, **तथा** च सति हे **साधो ! मा स्पन्द** मा वा वस्त्रं **छिद्यमानं वारय**। किमुक्तं भवति ? यदि वस्त्रच्छेदनमारंभतया भवता कर्मबन्धनिबन्धनमभ्युपगम्यते ततो येयं वस्त्रच्छेदनप्रतिषेधाय हस्तस्पन्दनात्मिका चेष्टा क्रियते, यो वा तत्प्रतिषेधको ध्वनिरुच्चार्यते तावप्यारंभतया भवता न कर्त्तव्यौ, अतो मदुक्तादुपदेशादन्यथा चेत्करोषि ततस्ते **प्रतिज्ञाहानिः** स्ववचनविरोधलक्षणं दूषणमापद्यत इत्यर्थः । अथ ब्रुवीथाः–योऽयं मया वस्त्रच्छेदनप्रतिषेधको ध्वनिरुच्चार्यते स आरंभप्रतिषेधकत्वान्निर्दोषः–इति, अत्रोच्यते–

अदोसवं ते जइ एस सद्दो अण्णोवि कम्हा ण भवे अदोसो ।
अहिच्छया तुज्झ सदोस एक्को एवं सती कस्स भवे ण सिद्धी ॥३९२८॥

"**यद्येष** त्वदीयः शब्दोऽदोषवान्, ततोऽन्योऽपि वस्त्रच्छेदनादिसमुत्थः शब्दः **कस्माददोषो न भवेत् ?** तस्यापि प्रमाणातिरिक्तपरिभोगविभूषादिदोषपरिहारहेतुत्वात् । **अथेच्छया** स्वाभिप्रायेण **तवैको** वस्त्रच्छेदनशब्दः सदोषोऽपरस्तु निर्दोषः, **एवं सति कस्य न स्वपक्षसिद्धिर्भवेत् ?** सर्वस्यापि वा गाढवचन(वागाडम्बर)-मात्रेण भवत इव स्वाभिप्रेतार्थसिद्धिर्भवेदिति भावः । ततश्चास्माभिरप्येवं वक्तुं शक्यं 'योऽयं वस्त्रच्छेदनसमुत्थः शब्दः स निर्दोषः, शब्दत्वाद्, भवत्परिकल्पितशब्दवद्' इत्यादि ॥"

[ પ્રતિબંદીથી પૂર્વપક્ષીને આપેલો દોષ તેના સદ્ભાવનો જ્ઞાપક-ઉ૦ ]

પૂર્વપક્ષીના અભિપ્રાય મુજબ હિંસકત્વની જે આપત્તિ આવે છે તેને ટાળવા માટે, વસ્ત્રછેદાધિકારમાં પૂર્વપક્ષીને એવું દૂષણ આપ્યું નથી કે 'હિંસાન્વિતયોગરૂપ આપાદકનો અપ્રમત્તાદિમાં અભાવ હોય છે' કિન્તુ **ભગવતીજીસૂત્રના** વચન પરથી 'ક્રિયા કરો એટલે આરંભ થાય જ' એવું સ્વીકારીને પણ પ્રતિબંદીથી જ દૂષણ આપ્યું છે. અર્થાત્ પૂર્વપક્ષી વસ્ત્રછેદનાદિમાં જે જે દોષ આપે છે તે તે દોષ, વસ્ત્રછેદનાદિનો નિષેધ વગેરે કરવારૂપ જે જે ચેષ્ટાઓ તે કરે છે તેમાં આવે છે તેવું દેખાડવા રૂપ તેમજ પોતાની તે તે ચેષ્ટામાં આવતી આપત્તિનું તે જે જે રીતે વારણ કરે છે તે તે રીતે વસ્ત્રછેદનાદિમાં પણ વારણ સંભવિત છે એવું દેખાડવારૂપ પ્રતિબંદી ન્યાયથી જ પૂર્વપક્ષીને દૂષણ આપ્યું છે. નહિ કે 'હિંસાન્વિતયોગરૂપ આપાદક અપ્રમત્તાદિમાં નથી, તેથી તેમાં હિંસકત્વની આપત્તિ આપનાર તું સિદ્ધાન્તનો અનભિજ્ઞ લાગે છે' ઇત્યાદિ રીતે. બાકી એ રીતે આપત્તિ ટાળવા માટે તો 'અપ્રમત્તાદિમાં હિંસાન્વિતયોગ જ હોતો નથી' એ સિદ્ધ કરવું પડે જેના માટે 'એજનાદિક્રિયા આરંભને અવિનાભાવી હોય છે' એવા નિયમનો અભાવ માનવો પડે. કારણકે અપ્રમત્તાદિમાં યોગ (એજનાદિ ક્રિયા) તો હોય જ છે અને તેમ છતાં હિંસા (આરંભ) માનવી નથી. વળી એ અભાવ માનવા માટે ભગવતી સૂત્રનું જીવેણં एस जीवे...' ઇત્યાદિ જે સૂત્ર પૂર્વપક્ષીએ સાક્ષી તરીકે આપ્યું છે તેનો બીજો અર્થ કલ્પવો પડે. કેમકે સીધો અર્થ તો 'ક્રિયા કરો એટલે આરંભ થાય જ' એવા ઉક્ત અવિનાભાવ નિયમને જણાવે છે, તે નિયમના અભાવને નહિ. અને તો પછી તો કલ્પભાષ્યકાર, 'વસ્ત્રછેદનાદિ ન કરવા જોઈએ' ઇત્યાદિ પોતાની વાતનું સમર્થન કરવા માટે આ સૂત્રનો ઉપન્યાસ કરનાર પૂર્વપક્ષીને, તે અભાવ રૂપ અન્ય અર્થ જણાવીને તેને 'તું આવા અભિપ્રાયનો અનભિજ્ઞ છે' ઇત્યાદિ જ કહેત... પણ આવું કાંઈ કહ્યું નથી, એને પ્રતિબંદીથી જ દોષ જણાવ્યો છે. તેનાથી જણાય

तत्तस्मात्कारणात्तत्र वस्त्रच्छेदाधिकारे संमतिवचनं प्रज्ञप्तेः 'जाव णं एस जीवे' इत्यादि वाक्यार्थं किं त्वेजनादिक्रियाणामारंभाविनाभावित्वप्रतिपादकमेव, अन्यथैतदर्थसमर्थनार्थमेतत्सूत्रमुपन्यस्तवन्तं तं पूर्वपक्षिणमन्यार्थप्रदर्शनेनैतदभिप्रायानभिज्ञमवक्ष्यत् कल्पभाष्यकृदिति । अस्मादेव भगवतीसूत्रादबाधितयथाश्रुतार्थाद्यावदेजनादिक्रिया तावदारंभादिसंभवः, इति केवलिनो द्रव्यहिंसायां न सन्देह इति भावः ॥६०॥ एतदेव स्पष्टयति—

**किरिआओ अंतकिरियाविरोहिणीओ जिणेण भणिआओ ।**
**आरंभाइजुआओ मंडियपुत्तेण पुट्ठेणं ॥ ६१ ॥**

( क्रिया अन्तक्रियाविरोधिन्यो जिनेन भणिताः । आरंभादियुता मंडितपुत्रेण पृष्टेन ॥ ६१ ॥ )

**किरिआओत्ति** । मण्डितपुत्रेण पृष्टेन जिनेन श्रीवर्धमानस्वामिना क्रिया एजनाद्याः आरंभादियुताः आरंभादिनियताः अन्तक्रियाविरोधिन्यो भणिताः । तथा च भगवतीसूत्रं—

---

છે કે કલ્પભાષ્યકારને ભગવતીના અધિકૃતસૂત્રનો સીધો અર્થ જ માન્ય છે, અન્ય અર્થ માન્ય નથી. અને તેથી એ સૂત્રના અબાધિત સીધા અર્થથી જણાય છે કે જ્યાં સુધી એજનાદિક્રિયા હોય ત્યાં સુધી આરંભાદિ સંભવિત છે. અને તેથી જ એજનાદિક્રિયા યુક્ત સયોગી કેવલીને પણ દ્રવ્યહિંસા હોવામાં કોઇ સંદેહ રહેતો નથી. કલ્પભાષ્યકારે પૂર્વપક્ષીને પ્રતિબંદીથી જે દૂષણ આપ્યું છે તે આ રીતે (૩૯૨૭-૨૮)-

[ પૂર્વપક્ષીને પ્રતિબંદીથી આપેલ દૂષણ ]

હે નોદક! (પૂર્વપક્ષ કરનારા) આરંભ કર્મબંધ માટે થાય છે અને તેના પરિહારરૂપ ગુપ્તિ સંવરરૂપ શ્રેય માટે થાય છે એવું તને જો સંમત છે તો તું સ્પન્દન ન કર, વસ્ત્રાદિનું છેદનકરનારા અન્ય સાધુઓને વારવાની ચેષ્ટા ન કર! અર્થાત્-વસ્ત્રછેદનાદિ આરંભરૂપ હોવાથી તેને કર્મબંધના કારણ તરીકે જો તું માને છે તો વસ્ત્રછેદનાદિનો નિષેધ કરવા હાથ હલાવવા વગેરે રૂપ જે ચેષ્ટા તું કરે છે, અથવા જે નિષેધક શબ્દો તું બોલે છે તે બંને પણ આરંભરૂપ હોવાથી તારે કરવા ન જોઇએ. 'તે બે તારે ન કરવા જોઇએ' એવા મારા આ ઉપદેશ કરતાં જો તું કંઈક જુદું કરે છે, તો તારી પ્રતિજ્ઞાની હાનિ થાય છે. અર્થાત્ તારા જ વચનનો વિરોધ થવા રૂપ દૂષણ આવે છે. હવે જો તારો એવો બચાવ હોય કે 'વસ્ત્રછેદનનો નિષેધ કરનાર જે શબ્દ હું બોલું છું તે અન્ય મોટા આરંભરૂપ મોટા દોષનો નિષેધક હોઇ નિર્દોષ છે' તો એનો જવાબ આવો જાણ-જો તારો એ શબ્દ નિર્દોષ છે તો વસ્ત્રછેદનાદિથી થયેલ શબ્દ પણ શા માટે નિર્દોષ ન હોય? કેમકે એ પણ, કહેલ પ્રમાણથી વધુ વસ્ત્રનો પરિભોગ-વિભૂષા વગેરે રૂપ મોટા દોષોના પરિહારના હેતુભૂત છે. 'વસ્ત્રછેદનાદિનો શબ્દ સદોષ છે અને નિષેધક શબ્દ નિર્દોષ છે' એવી બસ તારી ઇચ્છા માત્ર જ હોય અને એટલા માત્રથી જ અભિપ્રેત અર્થની સિદ્ધિ થઈ જવાની હોય તો તો દુનિયામાં કોની સ્વપક્ષસિદ્ધિ ન થાય? અર્થાત્ વાણીનાવિલાસ માત્રથી તો તારી જેમ દરેકની પોત પોતાની માન્યતાની સિદ્ધિ થઈ જાય. અને તો પછી તો અમે પણ કહી શકીશું કે-વસ્ત્રછેદનથી થયેલ અવાજ નિર્દોષ હોય છે, કેમકે શબ્દરૂપ છે, જેમકે તમે કલ્પેલો નિષેધક શબ્દ." ॥ ૬૦ ॥

પોતે કહેલી વાતનું જ સમર્થન કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :- મંડિતપુત્ર વડે પૂછાયેલા શ્રી વર્ધમાનસ્વામીપ્રભુએ "એજનાદિ ક્રિયાઓ આરંભાદિને નિયત હોઇ અંતક્રિયાને વિરોધી હોય છે" એવું કહ્યું છે.**

जीवे णं भंते ! सया समियं एअइ वेयइ चलइ फंदइ घट्टइ खुब्भइ उदीरइ तं तं भावं परिणमइ ? हंता मंडियपुत्ता ! जीवे णं सया समियं एअइ जाव तं तं भावं परिणमइ । जावं च णं भंते ! से जीवे सया समियं जाव तं तं भावं परिणमइ तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवइ ? णो इणट्ठे समट्ठे ॥ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ–जावं च णं से जीवे सया समिअं जाव अंतकिरिआ णो भवइ ? मंडियपुत्ता ! जावं च णं से जीवे सया समिअं जाव परिणमइ तावं च णं से जीवे आरंभइ सारंभइ समारंभइ, आरंभे वट्टइ सारंभे वट्टइ समारंभे वट्टइ, आरंभमाणे सारंभमाणे समारंभमाणे, आरंभे वट्टमाणे सारंभे वट्टमाणे समारंभे वट्टमाणे बहूणं पाणाणं भूआणं जीवाणं सत्ताणं दुक्खावणयाए सोआवणयाए जूरावणयाए तिप्पावणयाए पिट्टावणयाए किलामणयाए उद्दावणयाए परियावणयाए वट्टइ, से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चइ जावं च णं से जीवे सया समियं एजति जाव परिणमति, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया ण हवइत्ति ॥"

**एतद्वृत्तिर्यथा–**' क्रियाधिकारादिदमाह **जीवे णं** इत्यादि । इह जीवग्रहणेऽपि सयोग एवासौ ग्राह्यः, अयोगस्यैजनादेरसंभवात् **सदा** नित्यं **समियं**ति सप्रमाणं **एयइत्ति** एजते कंपते, 'एजृ कंपने' इति वचनात् **वेयइत्ति** व्येजते विविधं कंपते, **चलइत्ति** स्थानान्तरं गच्छति, **फंदइत्ति** स्पन्दते किञ्चिच्चलति, 'स्पदि किञ्चिच्चलने' इति वचनात्, अन्यमवकाशं गत्वा पुनस्तत्रैवागच्छतीत्यन्ये, **'घट्टइ'** त्ति सर्वदिक्षु चलति, पदार्थान्तरं वा स्पृशति, **खुब्भइत्ति** क्षुभ्यति पृथिवीं प्रविशति, क्षोभयति वा पृथिवीं, बिभेति वा **उदीरइत्ति** प्राबल्येन प्रेरयति, पदार्थान्तरं वा प्रतिपादयति । शेषक्रियासङ्ग्रहार्थमाह-**तं तं भावं परिणमति** त्ति उत्क्षेपणाव(प)क्षेपणाकुञ्चनप्रसारणादिकं परिणामं यातीत्यर्थः । एषां चैजनादिभावानां क्रमभावित्वेन सामान्यतः सदेति मन्तव्यं, न तु प्रत्येकमपेक्षया, क्रमभाविनां युगपदभावादिति । **तस्स जीवस्स अंतेत्ति** मरणान्ते **अंतकिरिय** त्ति सकलकर्मक्षयरूपा । **आरंभइ** त्ति आरभते पृथिव्यादीनुपद्रवयति **सारंभइ** त्ति संरभते तेषु विनाशसंकल्पं करोति, **समारंभइ** त्ति समारभते तानेव परितापयति, आह च–

---

[ કંપનાદિ ક્રિયાઓ અંગેનો-ભગવતીજીનો અધિકાર ]

આ અધિકારનું ભગવતીસૂત્ર અને વૃત્તિનો અર્થ આ પ્રમાણે–

('અહીં 'જીવ' શબ્દ લખ્યો છે, પણ તેનાથી સયોગી જીવ અર્થ લેવો, કેમકે અયોગી જીવને એજનાદિ સંભવતા નથી.) (ક્રિયાનો અધિકાર હોવાથી આ સૂત્ર કહ્યું છે.)

**પ્રશ્ન** :–હે ભગવન્ ! આ જીવ હંમેશા સમિત=સપ્રમાણ કંપે છે ? (एज् ધાતુ કંપન અર્થમાં છે) વ્યેજતે=વિવિધ રીતે કંપે છે ? ચાલે છે ? स्पन्दते=કંઈક ચાલે છે ? (स्पंद् ધાતુ કંઈક ચાલવાના અર્થમાં છે.) અથવા બીજાઓના અભિપ્રાયમુજબે–અન્ય સ્થાને જઈને પુનઃત્યાં જ આવે છે ? घट्टइ સર્વ દિશાઓમાં ચાલે છે ? અથવા બીજા પદાર્થને સ્પર્શે છે ? खुब्भई=પૃથ્વીમાં પ્રવેશે છે ? અથવા પૃથ્વીને ક્ષોભ પમાડે છે ? અથવા બીએ છે ? उदीरइ=પ્રબળતાથી પ્રેરે છે ? અથવા અન્યપદાર્થનું પ્રતિપાદન કરે છે ? ટૂંકમાં, ઉત્ક્ષેપણ–અપક્ષેપણ–આકુંચન–પ્રસારણાદિ તે તે પરિણામ પામે છે ? હા મંડિતપુત્ર ! જીવ હંમેશા સપ્રમાણ એજનાદિ કરે છે...યાવત્ તે તે ભાવે પરિણમે છે. આ એજનાદિ ભાવો ક્રમભાવી હોવાથી 'હંમેશા' એવું જે કહ્યું છે તે તે બધાની સાધારણ રીતે જાણવું, પ્રત્યેક હંમેશા હોય છે એવી અપેક્ષાએ નહિ, કેમકે ક્રમભાવી ભાવો એકસાથે હોતા નથી. **પ્રશ્ન** :–હે ભગવન્ ! જ્યાં સુધી આ જીવ એજનાદિ કરે છે યાવત્ તે તે ભાવે પરિણમે છે ત્યાં સુધી તેની સકલકર્મક્ષયરૂપ અંતક્રિયા થાય છે ? **ઉત્તર**–હે મંડિતપુત્ર ! એ વાત બની શકતી નથી. **પ્રશ્ન**– ભગવન્ ! એવું કેમ કહો છો ? **ઉત્તર**– મંડિતપુત્ર ! કારણકે (જ્યાં સુધી જીવ એજનાદિ કરે છે) ત્યાં સુધી જીવ आरंभइ=પૃથ્વીકાયાદિને ઉપદ્રવ કરે છે, सारंभइ=પૃથ્વીકાયાદિના વિનાશનો સંકલ્પ કરે છે. समारंभइ=તેઓને પરિતાપ કરે છે. (અને તેથી અંતક્રિયા કરી શકતો નથી.) કહ્યું છે કે–"સર્વ વિશુદ્ધનયોનામતે સંરંભ એ સંકલ્પ રૂપ છે, સમારંભ એ પરિતાપ કરવા રૂપ છે, અને આરંભ એ ઉપદ્રવરૂપ છે" વસ્તુતઃ તેની ક્રિયાથી

'संकप्पो संरंभो परितावकरो हवे समारंभो। आरंभो उद्दवओ सव्वणयाणं विसुद्धाणं ॥

इदं च क्रियाक्रियावतोः कथञ्चिदभेद इत्यभिधानाय तयोः समानाधिकरणतः सूत्रमुक्तम्। अथ तयोः कथञ्चिद्भेदोऽप्यस्तीति दर्शयितुं पूर्वोक्तमेवार्थं व्यधिकरणत आह-**आरंभे** इत्यादि, **आरंभे**ऽधिकरणभूते वर्त्तते जीवः, एवं **संरंभे समारंभे च**, अनन्तरोक्तवाक्यार्थद्वयानुवादेन प्रकृतयोजनामाह--'**आरभमाणः** संरभमाणः समारभमाणो जीवः' इत्यनेन प्रथमो वाक्यार्थोऽनुदितः, 'आरंभे वर्त्तमानः' इत्यादिना तु द्वितीयः, दुक्खा**वणयाए** इत्यादौ 'व'शब्दस्य प्राकृतप्रभवत्वाद् दुःखापनायां मरणलक्षणदुःखप्रापणायां, अथवेष्टवियोगादिदुःखहेतुप्रापणायां वर्त्तते इति योगः। तथा **शोकापनायां** दैन्यप्रापणायां, **जूरावणयाए** त्ति शोकातिरेकाच्छरीरजीर्णताप्रापणायां, **तिप्पावणयाए** त्ति तेपापनायां 'तिपृ-ष्टेपृ क्षरणार्थावि'ति वचनात्, शोकातिरेकादेवाश्रुलालादिक्षरणप्रापणायाम्। **पिट्टावणयाए** त्ति पिट्टनप्रापणायां, ततश्च **परितापनायां** शरीरसंतापे वर्त्तते, क्वचित्पठ्यते **दुक्खावणयाए** इत्यादि, तच्च व्यक्तमेव। यच्च तत्र '**किलामणयाए उद्दवणयाए** इत्यधिकमभिधीयते तत्र **किलामणयाए**त्ति ग्लानिनयने, **उद्दवणयाए** त्ति उत्त्रासन इति॥"

अत्र ह्येजनादिक्रियाणामारम्भादिद्वारैवान्तक्रियाविरोधित्वं प्रतीयते आरंभादीनां चैजनादिक्रियानियतत्वम्। नियमश्चायं यथासंभवं द्रष्टव्यः, तेन नाप्रमत्तानामारंभवत्संरम्भसमारंभयोरप्यापत्तिरिति वृद्धाः। युक्तं चैतत्,

---

આરંભાદિ થાય છે. તેમ છતાં 'ક્રિયા અને ક્રિયાવાનનો કથંચિદ્ અભેદ હોય છે' એવું જણાવવા તે સમાનાધિકરણથી (વિશેષણ વિશેષ્યભાવને મનમાં રાખીને) આ સૂત્ર કહ્યું છે. હવે તે બેનો કથંચિદ્ ભેદ પણ છે એ દર્શાવવા વ્યધિકરણથી સૂત્ર કહે છે...ત્યાં સુધી જીવ આરંભમાં, સંરંભમાં અને સમારંભમાં વર્તે છે. (આ બંને વાક્યાર્થના અનુવાદપૂર્વક હવે આગળ કહે છે-) આરંભ-સંરંભ અને સમારંભ કરતો જીવ તેમજ આરંભ-સંરંભ-સમારંભમાં વર્તતો જીવ ઘણા પ્રાણીઓને, ભૂતોને, જીવોને, સત્ત્વોને દુઃખાપના વગેરે ક્રિયામાં વર્તે છે. એમાં દુઃખાપના=મરણાત્મક દુઃખ પમાડવું અથવા ઈષ્ટવિયોગાદિદુઃખનો હેતુ પમાડવો, શોકાપના=દીનતા પમાડવી, જૂરાવણા=શોકના અતિરેકથી શરીરની જીર્ણતા કરવી, તિપ્પાવણયા=શોકના અતિરેકના કારણે જ આંસુ-લાલવગેરે પડે તેવી અવસ્થા પમાડવી. પિટ્ટાવણયા=પીટવાની ક્રિયા, પરિતાપના=શરીરસંતાપ પમાડવો (ક્યાંક दुक्खावणयाए એવો પાઠ પણ મળે છે, એનો અર્થ સ્પષ્ટ છે.) એમ ક્યાંક 'किलामणयाए उद्दवणयाए' એટલો પાઠ વધુ મળે છે તેમાં કિલામણયાએ=ગ્લાનિપમાડવી ઉદ્દવણયા=અત્યંતત્રાસ પમાડવો. આમ આવી ક્રિયામાં વર્તતો હોવાથી કહીએ છીએ કે જ્યાં સુધી જીવ એજનાદિ કરે છે ત્યાં સુધી અંતક્રિયા કરતો નથી."

## [કંપનાદિક્રિયા આરંભાદિ દ્વારા અંતક્રિયાવિરોધી-ફલિતાર્થ]

ભગવતીસૂત્રના આ અધિકારમાં બે વાતો જણાય છે (૧) એજનાદિ ક્રિયાઓ આરંભાદિ દ્વારા જ અંતક્રિયાની વિરોધી છે તેમજ (૨) આરંભાદિ એજનાદિ ક્રિયા-નિયત છે અર્થાત્ એજનાદિ ક્રિયા થાય તો આરંભાદિ અવશ્ય થાય છે. પણ એ આરંભાદિ અવશ્ય થવાનો નિયમ યથાસંભવ જાણવો...અર્થાત્ જે જીવોમાં આરંભ-સંરંભાદિમાંથી જેટલાનો સંભવ હોય તેમાં તે નિયમા થાય છે. તેથી અપ્રમત્તાદિમાં એજનાદિની હાજરીથી આરંભની જેમ સંરંભ-સમારંભની પણ અવશ્ય હાજરી માનવાની આપત્તિ આવતી નથી. આવું સંપ્રદાય વૃદ્ધો (અનુભવીઓ) કહે છે. આ વાત યોગ્ય પણ છે એ ભગવતીજીના નીચેના સૂત્ર પરથી જણાય છે. "જ્યાં સુધી આ જીવ સદા સપ્રમાણ

---

१. संकल्पः संरम्भः परितापकरो भवेत्समारम्भः। आरंभ उद्रावकः सर्वनयानां विशुद्धानाम् ॥

[1]'जाव णं एस जीवे सया समिअं एअइ वेयइ जाव तं तं भावं परिणमइ ताव णं अट्ठविहबंधए वा सत्तविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा नो णं अबंधए।"

इत्यत्रैजनादिक्रियाणामष्टविधाद्यन्यतरबन्धव्याप्यत्ववत्प्रकृतेऽप्यारंभाद्यन्यतरव्याप्यत्वस्यैव व्युत्पत्तिमर्यादया लाभात्। परः पुनरेनमेवार्थं—'सुमुनीनां शोभना मुनयः सुमुनयः सुसाधवस्तेषामप्रमत्तगुणस्थानकादारभ्य त्रयोदशगुणस्थानं यावदारम्भे वर्त्तमानानामप्यारम्भिकी क्रिया न भवति'—इत्यादि स्वयमेव ग्रन्थान्तरे लिखितमस्मरन्निवान्यथैवात्र व्याख्याप्रकारमारचयति। तथाहि–अन्तक्रियाप्रतिबन्धकास्तावद्योगा एव, यावद्योगास्तावदन्तक्रिया न भवति, योगनिरोधे च भवतीति तेषां तत्प्रतिबन्धकत्वाद्(त्वं), 'यदभावो यत्र कारणं तदेव तत्र प्रतिबन्धकमिति जगत्स्थितेः। न चैवं क्वाप्यागमे जीवघातनिरोधे तज्जन्यकर्मबन्धनिरोधे वाऽन्तक्रिया भणिता।

---

એજનાદિ ક્રિયા કરે છે...યાવત્ તે તે ભાવે પરિણમે છે ત્યાં સુધી અષ્ટવિધબંધક હોય છે અથવા સપ્તવિધબંધક હોય છે અથવા ષડ્વિધબંધક હોય છે અથવા એકવિધ બંધક હોય છે. પણ અબંધક હોતો નથી." ભગવતીજીના આ સૂત્રમાં 'એજનાદિ ક્રિયા અષ્ટવિધબંધકત્વાદિ પ્રત્યેકને વ્યાપ્ય હોય છે' એવું નથી કહ્યું, પણ 'અષ્ટવિધ બંધકત્વ–સપ્તવિધ બંધકત્વ વગેરેમાંથી પણ કોઇપણ એકને (અન્યતરને) વ્યાપ્ય હોય છે' એવું કહ્યું છે. આ જ રીતે પ્રસ્તુતમાં પણ તેવી વ્યુત્પત્તિમર્યાદાના કારણે (પરસ્પર આકાંક્ષાવાળા શબ્દોના તેવા સામર્થ્યના કારણે) એજનાદિક્રિયામાં આરંભાદિ દરેકનું વ્યાપ્યત્વ હોવું સિદ્ધ નથી થતું, પણ આરંભાદિમાંથી કોઈ પણ એકનું (અન્યતરનું) (એજનાદિક્રિયા હોય તો આરંભાદિ ત્રણમાંથી કોઇપણ એક અવશ્ય હોય જ એવું) વ્યાપ્યત્વ હોવું જ સિદ્ધ થાય છે. વળી પૂર્વપક્ષી તો આ જ બાબતમાં પોતે જ અન્ય ગ્રન્થમાં જે કહ્યું છે કે "અપ્રમત્તગુણઠાણાથી માંડીને તેરમા ગુણઠાણા સુધીના સુસાધુઓ આરંભમાં વર્ત્તતા હોય તો પણ તેઓને આરંભિકી ક્રિયા હોતી નથી" તે જાણે કે યાદ જ આવતું ન હોય તેમ અહીં જુદા પ્રકારની બે કલ્પનાઓ કરીને વ્યાખ્યા કરે છે. તે આ રીતે—

## [ યોગો જ અંતક્રિયાવિરોધી-પૂ૦ ]

**પૂર્વપક્ષ :** (૧) અંતક્રિયાના પ્રતિબંધક યોગો જ છે, કેમકે જ્યાં સુધી યોગો હોય છે ત્યાં સુધી અંતક્રિયા થતી નથી અને યોગનિરોધ થએ છતે તે થાય છે. 'જેનો અભાવ જેમાં કારણ હોય તે જ તેનો પ્રતિબંધક હોય' એવી જગત્સ્થિતિ છે. પણ આ રીતે આગમમાં ક્યાંયપણ એવું કહ્યું નથી કે 'જીવઘાતનો કે તજ્જન્યકર્મબંધનો નિરોધ થયે છતે અંતક્રિયા થાય છે.' તેથી નક્કી થાય છે કે સાક્ષાત્ જીવઘાતરૂપ આરંભ અંતક્રિયાનો પ્રતિબંધક નથી. કારણ કે તેના અભાવને અંતક્રિયાના કારણ તરીકે કહ્યો નથી. ઉલ્ટું અરણિકાપુત્ર આચાર્ય-ગજસુકુમાલ વગેરેના દૃષ્ટાંતથી તો જણાય છે કે જીવવિરાધના હોવા છતાં કેવલજ્ઞાન–અંતક્રિયા થઈ શકે છે. તેથી 'જીવવિરાધના અંતક્રિયાની પ્રતિબંધક છે' એવી તો શંકા પણ ક્યાંથી ઊઠે? (૨) ભગવતીજીના ઉક્ત સૂત્રમાં

---

१. यावदेष जीवः सदा समितमेजते, व्येजते यावत्तं तं भावं परिणमते तावदष्टविधबन्धको वा सप्तविधबन्धको वा षड्विधबन्धको वा एकविधबन्धको वा, नोऽबन्धकः॥

तस्मात्साक्षाज्जीवघातलक्षण आरम्भो नान्तक्रियायाः प्रतिबन्धकः, तदभावेऽन्तक्रियाया अभणनात्, प्रत्युतान्निकापुत्रार्यगजसुकुमारादिदृष्टान्तेन सत्यामपि जीवविराधनायां केवलज्ञानान्तक्रिययोर्जायमानत्वात् कुतस्तत्प्रतिबन्धकत्वशङ्कापि ? इत्यत्र सूत्रे एजनादिक्रियाजन्य आरम्भो न भणितः किन्तु क्रियारम्भयोरेकाधिकरणे नियमो भणितः, स चैवं 'यो यावत्कालं यत(एज)नादिक्रियावान् तावत्कालं स आरंभादिमानेव,' एवं च सति कंपनादिक्रिया व्याप्या, आरंभश्च व्यापकः, तेन कंपनादिक्रिया नारंभहेतुः, किन्त्वारंभः कंपनादिक्रियाहेतुः, यथा 'यावत्कालं यो धूमवांस्तावत्कालं स आर्द्रेन्धनप्रभववह्निमानेव' इत्यत्र धूमस्तथाभूतवह्नेर्जनको न भवति, भवति च तथाभूतो वह्निर्धूमजनकः, इत्यन्तक्रियाप्रतिबन्धकारंभव्याप्यत्वेन कंपनादिक्रियाणामन्तक्रियाप्रतिबन्धकत्वं व्याख्येयं, आरंभशब्देन च योगा उच्यन्ते, जीवघातादिलक्षणारंभादिजनकत्वेन कारणे कार्योपचारात्, शास्त्रसंमतं च योगानामारम्भत्वम् । तदुक्तं भगवतीवृत्तौ-

---

એજનાદિ ક્રિયાથી આરંભ થાય છે (અર્થાત્ ક્રિયા કારણ છે અને આરંભ કાર્ય છે) એવું નથી કહ્યું, કિન્તુ ક્રિયા અને આરંભનો એક અધિકરણમાં નિયમ જણાવ્યો છે. તે આ રીતે- જે જેટલા કાળ સુધી એજનાદિક્રિયા વાળો હોય તે તેટલા કાળ સુધી આરંભાદિયુક્ત જ હોય છે. આ નિયમ પરથી જણાય છે કે કંપનાદિ ક્રિયા વ્યાપ્ય છે અને આરંભ વ્યાપક છે. વળી વ્યાપ્ય-વ્યાપક ભાવ ધરાવનાર ચીજો જો પરસ્પર કાર્ય કારણભાવ પણ ધરાવતી હોય તો તેમાંથી વ્યાપ્ય જ કાર્ય બને છે અને વ્યાપક જ કારણ બને છે. વ્યાપ્ય ચીજ કારણ બની શકતી નથી. જેમકે 'જે જ્યાં સુધી ધૂમવાન હોય તે' ત્યાં સુધી આર્દ્ર ઇન્ધન (ભીનાં બળતણ) થી ઉત્પન્ન થએલ અગ્નિ વાળો હોય છે' એવા નિયમમાં ધૂમ તેવા અગ્નિનું કારણ નથી બનતો પણ તેવો અગ્નિ જ ધૂમાડાનું કારણ બને છે. તેથી પ્રસ્તુતમાં પણ કંપનાદિક્રિયા આરંભના હેતુભૂત નથી પણ આરંભ જ કંપનાદિક્રિયાનો હેતુ છે. આમ ઉક્ત ભગવતીસૂત્રમાં 'એજનાદિ ક્રિયાથી આરંભ થાય છે' એવું કહ્યું નથી પણ 'એજનાદિ ક્રિયા આરંભને વ્યાપ્ય છે તેમજ આરંભનું કાર્ય છે' તેવું જણાવ્યું છે. માટે 'કંપનાદિક્રિયા આરંભાદિ દ્વારા અંતક્રિયાની પ્રતિબંધક છે' એવી વ્યાખ્યા કરવી ન જોઈએ, પણ એવી વ્યાખ્યા કરવી જોઇએ કે-

(ભગવતીજીના સૂત્રની પૂર્વપક્ષી કલ્પિત વ્યાખ્યા)

કંપનાદિ ક્રિયા અંતક્રિયાના પ્રતિબંધક એવા આરંભને વ્યાપ્ય હોવાથી અંતક્રિયાની પ્રતિબંધક છે. અર્થાત્ અંતક્રિયાનો સાક્ષાત્ પ્રતિબંધક તો યોગ જ છે. કંપનાદિ ક્રિયાઓ તો તે યોગ (આરંભ) ને વ્યાપ્ય હોઇ અંતક્રિયાની પ્રતિબંધક બને છે.' વળી આમાં, 'આરંભ' શબ્દનો અર્થ 'સાક્ષાત્ જીવઘાત' ન કરવો કિન્તુ જીવઘાત વગેરે રૂપ આરંભાદિનો જનક એવો 'યોગ' રૂપ અર્થ કારણમાં કાર્યનો ઉપચાર કરીને કરવો. કેમકે (૧) જીવઘાત થવાથી કાંઇ એજનાદિ ક્રિયા થતી નથી, તેમજ (૨) સાક્ષાત્ જીવઘાત નહિ, કિન્તુ યોગો જ અંતક્રિયાના પ્રતિબંધક છે એવું અમે દેખાડી જ ગયા છીએ. વળી 'આરંભ' શબ્દથી યોગ અર્થ પણ લઇ શકાય છે એ વાત શાસ્ત્ર સંમત પણ છે જ. ભગવતી સૂત્ર (૧-૨-૨૧) ની વૃત્તિમાં કહ્યું છે કે-

"ननु 'मिथ्यात्वाविरतिकषाययोगाः कर्मबन्धहेतवः' इति प्रसिद्धिः, इह तु आरंभिकयादयोऽभिहिता इति कथं न विरोधः? उच्यते-आरंभपरिग्रहशब्दाभ्यां योगपरिग्रहः, योगानां तद्रूपत्वात्, शेषपदेषु च शेषबन्धहेतुपरिग्रहः प्रतीत एवेति।"

एतच्चायुक्तं, आरंभादिशब्दत्रयेण योगाभिधानस्य दुर्घटत्वात्, एजनादिक्रियातिरिक्त-कायादिसध्रीचीनजीवव्यापाररूपयोगसद्भावे प्रमाणाभावाद्, योगानां योगनिरोधरूपान्तक्रियायां प्रतिबन्धकत्वाभावाच्च, नहि घटो घटनाशं प्रति प्रतिबन्धक इति। तस्माद्,

'एजनादिरहितो नारंभादिषु वर्त्तते, यथा च न प्राणादीनां दुःखापनादिषु, तथा च योगनिरोधाभिधानशुक्ल-ध्यानेन सकलकर्मध्वंसरूपाऽन्तक्रिया भवती'ति

---

**શંકા :–** મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગો કર્મબંધના હેતુ તરીકે પ્રસિદ્ધ છે જ્યારે અહીં તો આરંભિકી વગેરે ક્રિયાને તે હેતુ તરીકે કહી છે. તો આમાં વિરોધ નથી? **સમાધાન :–** અહીં 'આરંભ-પરિગ્રહ' શબ્દથી યોગનું જ ગ્રહણ કર્યું છે. કારણકે યોગ તદ્રૂપ છે. શેષપદોમાં બંધના શેષહેતુઓનું ગ્રહણ છે એ તો પ્રતીત જ છે." માટે ભગવતીજીના ઉક્ત સૂત્રથી એવો અર્થ ફલિત કરી શકાય છે કે 'જ્યાં સુધી એજનાદિ હોય છે ત્યાં સુધી યોગાત્મક આરંભાદિ (યોગ) હોય છે,' પણ એવો અર્થ ફલિત કરી શકાતો નથી કે 'એજનાદિયુક્ત એવા સયોગી કેવળીને આરંભ-જીવઘાત (દ્રવ્યહિંસા) અવશ્ય સંભવે છે.'

[ કંપનાદિનો યોગ સાથે નિયમ બતાવ્યાની પૂર્વપક્ષકલ્પના અયોગ્ય ]

**ઉત્તરપક્ષ :–** આરંભાદિને યોગરૂપ માની, 'ઉક્તસૂત્રથી કેવળીઓને દ્રવ્યહિંસા સિદ્ધ થતી નથી' એવું કહેવું એ અયોગ્ય છે, કેમકે આરંભાદિ ત્રણ શબ્દો યોગને જણાવે એ વાત સીધેસીધી ઘટી શકે એવી નથી. તે પણ એટલા માટે કે 'આરંભાદિનો અર્થ યોગ તરીકે લઈને સૂત્રમાં એજનાદિક્રિયાનો યોગ સાથે નિયમ બતાવ્યો છે' એ વાત અત્યંત અસંગત છે, કેમકે એજનાદિ ક્રિયાથી જે ભિન્ન હોય અને તેમ છતાં જે કાયાદિની સહાયથી પ્રવર્ત્તેલા જીવવ્યાપારરૂપ હોય તેવો યોગ હોવામાં કોઈ પ્રમાણ નથી. અર્થાત્ એજનાદિ ક્રિયાથી ભિન્ન હોય એવી યોગ જેવી કોઈ ચીજ જ નથી કે જેની સાથે એજનાદિક્રિયાનો નિયમ દેખાડવા સૂત્ર કહેવું પડે. અને પોતાનો તો પોતાની સાથે નિયમ સર્વત્ર સિદ્ધ જ હોય છે. એટલે સૂત્રથી તેને તો દેખાડવાનો હોતો નથી. તેથી એજનાદિ ક્રિયાનો સ્વસ્વરૂપ યોગની સાથે નિયમ દેખાડયો છે તે વાત સંગત નથી. વળી જેમ ઘડો ઘડાના નાશ પ્રત્યે પ્રતિબંધક નથી તેમ યોગ પણ યોગનિરોધરૂપ અંતક્રિયા પ્રત્યે પ્રતિબંધક નથી જ. તો પછી, જેમાં અંતક્રિયાના પ્રતિબંધક તરીકે આરંભાદિને જણાવ્યા હોય તે વાકયમાં આરંભાદિનો અર્થ યોગ શી રીતે કરી શકાય? તેથી ઉક્તસૂત્રની પૂર્વપક્ષીએ કરેલી આવી વ્યાખ્યા યોગ્ય નથી. પણ ભગવતીસૂત્રની વૃત્તિમાં જ જે આગળ વ્યતિરેક દેખાડયો છે તેનાથી 'એજનાદિક્રિયા આરંભાદિદ્વારા અંતક્રિયાવિરોધી છે' એવી વ્યાખ્યા કરવી જ યોગ્ય છે. તે વ્યતિરેક આ રીતે દેખાડયો છે—એજનાદિ-રહિતજીવ આરંભાદિમાં વર્ત્તતો નથી, અને તેથી જીવોને દુઃખાદિ પમાડવાની ક્રિયા કરતો નથી. તેથી એની યોગનિરોધનામના શુકલધ્યાનથી સંપૂર્ણ કર્મક્ષયરૂપ અંતક્રિયા થાય છે.' વળી પૂર્વપક્ષીએ નીચે મુજબ જે કહ્યું છે તે પણ ઉપહાસ પાત્ર જ છે.

भगवतीवृत्तावेवाग्रे व्यतिरेकप्रदर्शनादेजनादीनामारम्भादिद्वाराऽन्तक्रियाविरोधित्वव्याख्यानमेव न्याय्यमिति । यत्तु—एवमपि यद्यारम्भादिशब्दैरुक्तप्रकारेणेहाऽव्याख्यातत्वात् साक्षाज्जीवघातोऽभिमतः, तर्हि 'जीवे णं भंते ! सया समिअं एयइ' इत्यादिसामान्यसूत्रे सयोगिजीवः केवलिव्यतिरिक्त एव ग्राह्यः, अन्यथा सत्तहिं ठाणेहिं केवलिं जाणेज्जा' इत्यादि विशेषसूत्रविरोधेन सूत्राभिप्रायकल्पने मतिकल्पना महानर्थहेतुः—इत्याद्युक्तं तदुपहासपात्रं, वृत्तिकृदभिप्रायोल्लङ्घनेन स्वस्यैव मतिकल्पनाया महानर्थहेतुत्वात्, 'सत्तहिं ठाणेहिं' इत्यादिसूत्रस्य भिन्नविषयत्वेन प्रकृतसामान्यसूत्रावधिकविशेषसूत्र(त्व)स्य केनापि ग्रन्थकारेणानुपदर्शितत्वाच्चेति ॥६१॥

स्यादियमाशङ्का-सकलसयोगिगतैजनादिक्रियासामान्यस्य न साक्षादारंभादिनियतत्वं, भगवतीवृत्तावेव सूक्ष्मपृथिव्यादीनां साक्षादात्मारंभकत्वनिषेधाद् । एवं च भवत्यपि केवलिनः सदा साक्षादारंभानभ्युपगमेन यदा तदभावस्तदा द्वाराभावादेजनादिक्रिययाऽप्रतिबन्धात्केवलज्ञानोत्पत्त्य-

---

[અન્ય પૂર્વપક્ષકલ્પના અને તેની ઉપહાસ્યતા]

**પૂર્વપક્ષ :–** આવું હોવા છતાં પણ (પૂર્વપક્ષીએ આરંભાદિનો અર્થ જે યોગ કર્યો તેનું ભગવતીજીના અન્ય સૂત્રની વૃત્તિથી સમર્થન થતું હોવા છતાં પણ) અધિકૃત સૂત્રની વ્યાખ્યામાં આરંભાદિ શબ્દની એ રીતે વ્યાખ્યા કરી ન હોવાથી યોગરૂપ અર્થ ન લેતાં સાક્ષાત્ જીવઘાતરૂપ અર્થ લેવો જ જો અભિમત હોય તો 'जीवे णं भंते ! सया समिअं एयइ....' ઇત્યાદિ સામાન્ય સૂત્રમાં 'જીવ' તરીકે 'સયોગી જીવો' નહિ પણ 'કેવલી સિવાયના સયોગી જીવો' લેવા પડશે, કેમકે નહિતર સયોગી જીવને પણ એજનાદિ ક્રિયા હાજર હોઈ જીવઘાતરૂપ આરંભ માનવો એ આવશ્યક બની જવાથી 'કેવલી પ્રાણાતિપાત કરનારા ન હોય' વગેરે રૂપ કેવલીના લિંગો દર્શાવનાર જે 'सत्तहिं ठाणेहिं केवलिं जाणेज्जा.' ઇત્યાદિ વિશેષસૂત્ર છે તેનો વિરોધ થવાની આપત્તિ આવશે. પણ સામાન્યથી, વિશેષસૂત્રથી સામાન્યસૂત્ર બાધિત થતું હોય છે, સામાન્યસૂત્રથી વિશેષસૂત્ર નહિ. અને તેથી જો એ વિશેષસૂત્રનો વિરોધ ન થાય એવો કોઇ નવો અભિપ્રાય કલ્પવામાં આવે તો સ્વમતિકલ્પના દોડાવવારૂપ મહા અનર્થનો હેતુ આવી પડશે.

**ઉત્તરપક્ષ :–** પૂર્વપક્ષીએ આવું જે કહ્યું છે તે ઉપહાસપાત્ર છે, કેમકે (૧) વૃત્તિકારે જીવ તરીકે બધા સયોગીજીવ લેવાનો જે અભિપ્રાય દેખાડ્યો છે તેને ઉલ્લંઘીને 'કેવલી સિવાયના સયોગી જીવ લેવા' એવી વ્યાખ્યા કરવી એ પોતાની જ મતિકલ્પનારૂપ હોઈ મહાઅનર્થનો હેતુ છે. વળી (૨) 'सत्तहिं ठाणेहिं...' ઇત્યાદિસૂત્ર એ ભિન્નવિષયવાળું છે, તેથી 'પ્રસ્તુત 'जीवे णं...' ઇત્યાદિ સૂત્ર એ સામાન્યસૂત્ર છે અને તે 'सत्तहिं ठाणेहिं' ઇત્યાદિ સૂત્ર એ તે સામાન્યસૂત્ર સંબંધી વિશેષસૂત્રરૂપ છે' એવું તો કોઇ ગ્રન્થકારે દેખાડ્યું જ નથી. (એટલે એ બે સૂત્રો સામાન્ય-વિશેષસૂત્ર રૂપ નથી.) તો 'સામાન્યસૂત્રથી વિશેષસૂત્ર બાધિત થતું નથી' ઇત્યાદિ વાત જ અહીં ક્યાં પ્રસ્તુત રહી ? માટે પ્રસ્તુત સૂત્રના 'આરંભાદિ' શબ્દથી યોગ નહિ, પણ 'જીવઘાતાદિરૂપ' આરંભ જ લેવાનો છે અને તેથી સયોગી કેવલીને પણ દ્રવ્યહિંસા હોવી સિદ્ધ થાય છે. ॥૬૧॥

नन्तरमेव केवलिनोऽन्तक्रियाप्रसङ्गः । यदि चान्तक्रियायां कदाचित् क्रियामात्रस्य कदाचिच्च साक्षादारंभस्याऽनियतविरोधित्वं स्वीक्रियते तदा नियतारंभादिद्वारकत्वेन तद्विरोधित्वव्याख्यानविरोध इत्यत्राह—

**आरंभाइजुअत्तं तस्सत्तीए फुडेहि ण उ तेहिं।**
**तस्सत्तीविगमे पुण जोगणिरोहो अपडिबद्धो ॥ ६२ ॥**

[ आरंभादियुतत्वं तच्छक्त्या स्फुटैर्न तु तैः । तच्छक्तिविगमे पुनर्योगनिरोधोऽप्रतिबद्धः ॥६२॥ ]

आरम्भादियुतत्वं आरंभादिनियतत्वं क्रियाणामिति प्राक्तनमिहानुषज्यते, तच्छक्त्या आरंभादिशक्त्या तुरेवकारार्थो भिन्नक्रमश्च, न तु तैः स्फुटैः स्फुटैरेव तैरारंभादिभिर्नेत्यर्थः । अयं भावः—स्थूलकालावच्छेदेन तावदेतत्सूत्रोक्तए(क्तै)जनादिक्रियाणां साक्षादारंभनियमो बादर-

[ એજનાદિ આરંભાદિને સાક્ષાદ્ નિયત નથી-શંકા ]

કદાચ શંકા પડે કે—**ભગવતીજીના** (૧-૧-૧૬) સૂત્રની **વૃત્તિમાં** જ 'જો કે અસંયત એવા સૂક્ષ્મએકેન્દ્રિય વગેરેને આત્મારંભકત્વ વગેરે સાક્ષાત્ હોતું નથી, તો પણ અવિરતિની અપેક્ષાએ તે જાણવું...' ઈત્યાદિ કહીને સાક્ષાત્ આરંભકત્વનો નિષેધ કર્યો છે. તેનાથી જણાય છે કે 'સકલ સયોગીઓમાં રહેલ એજનાદિ સામાન્ય ક્રિયા સાક્ષાત્ આરંભાદિને નિયત નથી. (અર્થાત્ તે ક્રિયા હોય તો સાક્ષાત્ આરંભાદિ હોય જ એવો નિયમ નથી.) માટે સયોગી કેવલીઓમાં પણ, 'એજનાદિ ક્રિયા હોવા માત્રથી હંમેશા સાક્ષાદ્ આરંભ હોય જ' એવું માનવું આવશ્યક રહેતું નથી. તેથી એજનાદિ હોવા છતાં જ્યારે સાક્ષાદ્ આરંભનો અભાવ હોય ત્યારે આરંભાત્મક દ્વારનો જ અભાવ હોવાથી એજનાદિક્રિયા અંતક્રિયાનો પ્રતિબંધ કરશે નહિ, (કેમકે એજનાદિ ક્રિયાને આરંભદ્વારા અંતક્રિયાની પ્રતિબંધક માની છે) અને તો પછી કેવલજ્ઞાનની ઉત્પત્તિ થયા પછી તરત જ એ વખતે કેવલીને અંતક્રિયા થઈ જવાની આપત્તિ આવશે. એ આપત્તિ ન આવે એ માટે એવું જો માનશો કે 'અંતક્રિયા પ્રત્યે કયારેક સાક્ષાત્ આરંભ અને કયારેક (સાક્ષાદ્ આરંભવિકલ એવી) ક્રિયામાત્ર પ્રતિબંધક બને છે. તેથી ઉક્તકાળે આરંભ ન હોવા છતાં ક્રિયામાત્ર જ અંતક્રિયાનો પ્રતિબંધ કરી દેતી હોઈ એ આપત્તિ આવતી નથી' એવું જો માનશો તો તેમાં અનિયતવિરોધિતા માનવી પડવાથી (એટલે કે અંતક્રિયાનો કોઈ એક ચોક્કસ વિરોધી=પ્રતિબંધક નથી. પણ કયારેક સાક્ષાત્ આરંભ વિરોધી છે અને ક્યારેક આરંભવિકલ ક્રિયા વિરોધી છે એમ અનનુગતવિરોધિતા માનવી પડવાથી) વૃત્તિકારે જે નિયતવિરોધિતાનું વ્યાખ્યાન કર્યું છે કે 'કંપનાદિ ક્રિયા સ્વનિયત આરંભાદિ દ્વારા અંતક્રિયાની વિરોધી છે' તેનો વિરોધ થશે—આવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

[ આરંભાદિજનનશક્તિની અપેક્ષાએ સાક્ષાત્ નિયત-સમાધાન ]

**ગાથાર્થ** :– એજનાદિ ક્રિયાઓને આરંભાદિને નિયત જે કહી છે તે તેમાં રહેલી આરંભાદિજનનશક્તિની અપેક્ષાએ કહેલી જાણવી, સ્ફુટ એવા આરંભાદિની અપેક્ષાએ કહેલી નહિ. આરંભાદિને પેદા કરવાની આ શક્તિ જ્યારે ચાલી જાય છે, ત્યારે યોગનિરોધ અપ્રતિબદ્ધ બની જાય છે, અર્થાત્ પછી તેનો પ્રતિબંધ થતો નથી.

योगानां नासंभवी, इत्थंभूतनियमस्यापि सूत्रेऽभिधानाद्, अत एव यस्मिन् समये कायिकी क्रिया तस्मिन् पारितापनिकी प्राणातिपातिकी च प्रज्ञापनोक्तेदृशनियमेनैव वृत्तिकृतोपपादिता । तथा हि– "समयग्रहणेन चेह सामान्यः कालो गृह्यते, न पुनः परमनिरुद्धो यथोक्तस्वरूपो नैश्चयिकः समयः, परितापनस्य प्राणातिपातस्य वा बाणादिक्षेपजन्यतया कायिक्याः प्रथमसमय एवाऽसंभवादिति" । अयं च नियम आरंभजातीयस्य दोषत्वस्फुटीकरणार्थं व्यवहारेणोच्यते, न तु केवलिनोऽप्यारंभो दोष (इति स्फुटीकरणार्थं) इति नानुपपत्तिः । तथापि निश्चयतो योगानां केवलानामेव यत्प्रतिबन्धकत्वं परेणोद्भाव्यते तत्र वयं वदामः—

न स्फुटारंभयुक्तानां नवा केवलानां योगानामन्तक्रियाप्रतिबन्धकत्वं निश्चिनुमः, किन्त्वारंभशक्तियुक्तानामन्तक्रियाविरोधित्वं, प्राणिघातानुकूलपुद्गलप्रेरणाकारिस्थूलक्रियारूपारंभजननशक्तिसहितैर्योगैः स्थूलक्रियारूपारंभजननद्वाराऽन्तक्रियाप्रतिघाताद्, अत एव चरमयोगे आरंभजननशक्त्यनन्वयात्तेन नान्तक्रियाप्रतिबन्धः, इति तदनन्तरमेवान्तक्रियासंभवस्तदिदमाह– तच्छक्तिविगमे आरंभादिजननशक्तिविलये पुनर्योगनिरोधोऽप्रतिबद्धोऽस्खलितसामग्रीकः, चरम-

---

ભાવાર્થ આ છે–આ સૂત્રમાં એજનાદિક્રિયાઓનો જે સાક્ષાદ્આરંભનિયમ કહ્યો છે તે અંતર્મુહૂર્ત્તાદિરૂપ સ્થૂલકાલની અપેક્ષાએ બાદરયોગવાળા જીવોને માટે અસંભવિત નથી. અર્થાત્ 'બાદરયોગવાળા જીવની અંતર્મુહૂર્ત્તાદિ સ્થૂલકાળભાવી એજનાદિ ક્રિયાઓ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી સાક્ષાત્ જીવવિરાધના વગેરે રૂપ આરંભાદિ હોય છે' એવો નિયમ તો અસંભવિત નથી જ.—પણ સૂત્રમાં તો 'जाव' ઈત્યાદિ શબ્દપ્રયોગ છે જેનાથી 'સમય' રૂપ સૂક્ષ્મકાળ પણ પકડી શકાય છે. તેથી આવો સ્થૂલકાલાદિઘટિત નિયમ સૂત્રમાં તો કહ્યો નથી"—એવી શંકા ન કરવી, કેમકે સૂત્રમાં 'जाव' આદિશબ્દોથી આવા નિયમનું પણ અભિધાન કર્યું હોવું દેખાય છે. માટે જ તો **પ્રજ્ઞાપનામાં** 'જે સમયમાં કાયિકી ક્રિયા હોય તે સમયમાં પારિતાપનિકી અને પ્રાણાતિપાતિકી ક્રિયા હોય છે' ઈત્યાદિ જે કહ્યું છે તેની આવા સ્થૂલકાલાદિઘટિત નિયમથી જ વૃત્તિકારે સંગતિ કરી છે. તે આ રીતે–"સમય શબ્દથી અહીં સામાન્ય કાળ લેવો, અત્યંતસૂક્ષ્મ યથોક્તસ્વરૂપવાળો નૈશ્ચયિક સમય નહિ. કેમકે પરિતાપન અને પ્રાણાતિપાત તીર વગેરે ફેંકવાથી થતા હોવાથી તે બંનેની કાયિકીક્રિયા શરૂ કરી એના પહેલાં જ સમયે તે બે થઈ જાય એવું સંભવતું નથી."

**[ આરંભજનનશક્તિયુક્ત યોગો અંતક્રિયાના પ્રતિબંધક ]**

વળી સ્થૂલકાલાદિઘટિત આ નિયમ પણ 'આરંભને સમાન જાતીય જે કોઈ હોય તે સામાન્યથી દોષરૂપ હોય' એવું વ્યક્ત કરવા માટે વ્યવહારથી કહેવાય છે, નહિ કે 'કેવલીઓને પણ આરંભ દોષરૂપ હોય છે' એવું જણાવવા માટે. તેથી કેવલીઓમાં તેવો દોષ આવી પડવાની અસંગતિ ઊભી થતી નથી. તેમ છતાં, પૂર્વપક્ષી નિશ્ચયથી માત્ર યોગોને જ જે પ્રતિબંધક તરીકે સ્થાપે છે તે અંગે અમે કહીએ છીએ.

સ્પષ્ટ આરંભ યુક્ત યોગોમાં કે તેવા આરંભ શૂન્ય માત્ર યોગોમાં અન્તક્રિયાની પ્રતિબંધકતાનો અમે નિશ્ચય કરતા નથી, કિન્તુ આરંભની શક્તિ યુક્ત યોગોમાં તેનો નિશ્ચય કરીએ છીએ, કેમકે જેમથી પ્રાણીનો ઘાત થાય તેવા પુદ્ગલને પ્રેરી શકે એવી સ્થૂલક્રિયારૂપઆરંભ ઉત્પન્ન કરવા દ્વારા અંતક્રિયા અટકે છે. તેથી જ, ચરમયોગમાં આવી

योगक्षणस्यैव योगनिरोधजनकत्वाद् । इदं च सूक्ष्मर्जुसूत्रनयमतमित्यविरुद्धमिति मन्तव्यम् ॥६२॥—नन्वेवमनेन सूत्रेण केवलिन आरंभजननशक्त्यन्वितयोगवत्त्वं भवद्भिरभ्युपगतं, तच्चाऽस्माकमपि संमतमेव, आरंभस्वरूपयोग्यतायाः केवलियोगेष्वस्माभिरप्यभ्युपगमात् । न चैतावता केवलिन्यारंभसंभवोऽपि, मोहनीयाभावेन तन्निरूपितफलोपहितयोग्यतायास्तत्राऽस्वीकाराद्—इति पराशङ्कायामाह—

पोग्गलपणोल्लणाए जो आरंभो इमीइ किरियाए ।
णियमा मुणीण भणिओ सत्थिअनाएण सोऽदुट्ठो ॥ ६३ ॥

[ पुद्गलप्रणोदनायां य आरंभोऽनया क्रियया । नियमान्मुनीनां भणितः शास्त्रियकज्ञातेन सोऽदुष्टः ॥६३॥ ]

पोग्गलपणोल्लणाए त्ति । अनयाऽऽरंभशक्त्या हेतुभूतया, क्रियया एजनादिलक्षणया, पुद्गलप्रणोदनायां जीवघनलोकान्तःस्थापरापरपुद्गलप्रेरणायां तथाविधसहकारिसंपर्कसमुद्भूतायां

---

ક્રિયારૂપ આરંભની જનનશક્તિ ભળેલી ન હોવાથી તેનાથી અંતક્રિયાનો પ્રતિબંધ થતો નથી અને તેથી તે પછી તરત જ અંતક્રિયા થાય છે. આ જ વાતને 'तच्छक्ति...' ઇત્યાદિ ઉત્તરાર્ધથી કહી છે. આરંભાદિજનનશક્તિનો નાશ થયે છતે યોગનિરોધ અસ્ખલિત સામગ્રીવાળો બને છે, કેમકે ચરમયોગક્ષણ જ યોગનિરોધજનક છે જે એ વખતે હાજર થઈ ગઇ હોય છે.

**શંકા** :– ચરમયોગક્ષણ એટલે ૧૩ મા ગુણઠાણાના ચરમ સમયનો યોગ. તમે એને યોગનિરોધજનક કહો છો જ્યારે શાસ્ત્રકારો તો ૧૩ મા ગુણઠાણાના ચરમ અંતર્મુહૂર્તભાવી સૂક્ષ્મકાયયોગ વગેરે કે જે યોગો બાદરકાયયોગ વગેરેને રૂંધે છે તે બધા સમયભાવી યોગોને યોગનિરોધજનક કહે છે. એટલે એમાં શું વિરોધ નથી ?

**સમાધાન** :–ના, આ અમે જે ચરમયોગક્ષણને યોગનિરોધની જનક કહીએ છીએ તે સૂક્ષ્મઋજુસૂત્રનયમતે કહીએ છીએ. માટે કોઈ વિરોધ નથી એ જાણવું. ॥૬૨॥

**શંકા** :– આ સૂત્રથી તમે 'કેવલીઓ આરંભજનનશક્તિયુક્ત યોગવાળા હોય છે' એવું સ્વીકાર્યું (સાક્ષાદ્ આરંભજનક યોગવાળા હોય છે એવું નહિ) અને એ તો અમને પણ સંમત જ છે, કેમકે આરંભજનન શક્તિ એટલે આરંભની સ્વરૂપયોગ્યતા, જેને કેવલીના યોગોમાં અમે પણ માનેલી જ છે. પણ એટલા માત્રથી કેવલીઓમાં સાક્ષાત્જીવઘાતરૂપ આરંભની સંભાવના પણ સિદ્ધ થઇ જતી નથી કે જેથી દ્રવ્યહિંસાની સિદ્ધિ થાય, કેમકે તે યોગોમાં સ્વરૂપયોગ્યતા હોવા છતાં, મોહનીય કર્મરૂપ સહકારી કારણનો અભાવ થયો હોવાના કારણે ફળોપહિતયોગ્યતા હોવી અમે માનતા નથી. આવી શંકાના સમાધાન માટે ગ્રન્થકાર કહે છે—

( એ શક્તિના કારણે એજનાદિથી થયેલ આરંભ સાધુઓને નિર્દોષ )

**ગાથાર્થ** :– આ આરંભજનનશક્તિના કારણે એજનાદિ ક્રિયાથી, જીવઘન એવા લોકમાં રહેલા એકબીજા પુદ્ગલોની, અમુક ચોક્કસ પ્રકારના સહકારીના સંપર્કથી ઉદ્ભવેલ પ્રેરણા થયે છતે જે આરંભ થાય છે તે મુનિઓને માટે શાસ્ત્રિકદૃષ્ટાન્ત મુજબ અવશ્ય અદુષ્ટ કહ્યો છે.

**सत्यां य आरंभो** भवति, **स नियमान्मुनीनां शास्यिकज्ञातेनाऽदुष्टो भणितः** । अयं भावः– स्थूलक्रियया पुद्गलप्रेरणायामारंभस्तावत्साधूनामप्यवर्जनीयो भवति । अत एवाऽऽहारकसमुद्घातनिःसृष्टपुद्गलैरपि शरीरसंबद्धैस्तदसंबद्धैर्वा प्राणादिघाते त्रिक्रियत्वादिकमुक्तम् । तथा च **समुद्घातपदे प्रज्ञापनासूत्रं** (३४२)—

[1]"तेणं भंते! पोग्गला णिच्छूढा समाणा जाइं तत्थ पाणाइं भूआइं जीवाइं सत्ताइं अभिहणंति जाव उद्दवेंति, तेहिंतो णं भंते जीवे कइकिरिए? गोयमा! सिय तिकिरिए सिय चउकिरिए सिय पंचकिरिए। ते णं भंते! जीवा ताओ जीवाओ कइकिरिआ? गो० एवं चेव, से णं भंते! जीवे ते य जीवा अण्णेसिं जीवाणं परंपराघाएणं कइकिरिया? गो० तिकिरियावि चउकिरियावि पंचकिरियावि त्ति।"

**परं प्रमत्ततादशायामारम्भप्रत्यया क्रिया निमित्तं, अप्रमत्ततादशायां तु धार्मिकक्रिया योगान्तर्भूततया शास्यिकदृष्टान्तेन** हितत्वाद् योगातिरिक्तदोषविधया न दोषभाक् । तदुक्तं **बृहत्कल्पभाष्ये**–

[2]आहारणीहारविहीसु जोगो सव्वो अदोसाय जहा जयस्स। हिआय सस्संमि व सस्सियस्स भंडस्स एयं परिकम्मणं तु ॥३९३१॥ **यथा यतस्य** प्रयत्नपरस्य साधोः, **आहारनीहारादिविधिविषयः सर्वोऽपि योगो** भवन्मतेनाप्य**दोषाय** भवति तथा **भाण्डस्यो**पकरणस्य परिकर्मणमपि छेदनादिकमेवमेव यतनया क्रियमाणं निर्दोषं द्रष्टव्यम् । दृष्टान्तमाह–**हियाय सस्संमि व सस्सिअस्स** त्ति । शस्येन चरतीति **शास्यिकः**

---

અહીં આ તાત્પર્ય છે–સ્થૂલક્રિયાથી થયેલ પુદ્ગલપ્રેરણામાં થતો આરંભ સાધુઓને પણ અવર્જનીય હોય છે. તેથી જ આહારકસમુદ્ઘાતમાં છોડેલા શરીરસંબદ્ધ કે અસંબદ્ધ પુદ્ગલોથી પણ પ્રાણાદિઘાત થયે છતે ત્રિક્રિયત્વાદિ કહ્યા છે **સમુદ્ઘાતપદમાં પન્નવણાનું** સૂત્ર આવું જણાવે છે—હે ભદન્ત! છોડાયેલા તે પુદ્ગલો ત્યાં જે સ્પર્શાયેલા પ્રાણી–ભૂત–જીવ–સત્ત્વોને હણે છે...યાવત્ ઉપદ્રવ કરે છે, હે ભગવન્! સમુદ્ઘાતમાં રહેલ તે જીવ તે પુદ્ગલોના કારણે તે પ્રાણી વગેરેના બારામાં કેટલી ક્રિયાવાળો બને છે? ગૌતમ! ત્રણક્રિયાવાળો બને, ક્યાં તો ચાર ક્રિયાવાળો બને યા તો પાંચક્રિયાવાળો બને છે. તેમ હે ભગવન્! હણાઈ રહેલા તે પ્રાણી વગેરે જીવો સમુદ્ઘાતમાં રહેલા તે જીવની બાબતમાં કેટલી ક્રિયાવાળા બને છે? ગૌ૦ ઉપર પ્રમાણે જ ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળા બને છે. હે ભગવન્! સમુદ્ઘાતગત તે જીવથી હણાઈ રહેલા તે પ્રાણી વગેરેથી બીજા જે જીવો હણાતા હોય તેઓ વગેરેની અપેક્ષાએ તે સમુદ્ઘાતગત જીવ અને ઉક્ત પ્રાણી વગેરે કેટલી ક્રિયાવાળા હોય છે? ગૌતમ! ત્રણ ક્રિયાવાળા હોય, ચાર ક્રિયાવાળા હોય કે પાંચક્રિયાવાળા પણ હોય."

**આમ આરંભ અવર્જનીય હોવા છતાં વિશેષતા એ હોય છે કે પ્રમત્તતાદશામાં આરંભપ્રત્યયિકક્રિયા તેમાં નિમિત્ત બને છે (અર્થાત્ તે વિશેષકર્મબંધના કારણભૂત સ્વતંત્ર દોષરૂપ બને છે.) જ્યારે અપ્રમત્તતાદશામાં તે ક્રિયા ધાર્મિકક્રિયા અંગેના યોગમાં અંતર્ભૂત હોવાના કારણે શાસ્યિકદૃષ્ટાન્ત મુજબ હિતાવહ હોઈ યોગભિન્ન સ્વતંત્રદોષ તરીકે દોષકરનાર બનતી નથી. એટલેકે યોગનિમિત્તે કર્મબંધાદિ રૂપ જે દોષ થવાનો હોય તેના કરતાં વિશેષ કોઈ દોષ કરનારી બનતી નથી. બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે—**

---

૧. ते भदन्त! पुद्गला निक्षिप्ताः सन्तः यांस्तत्र प्राणान् भूतान् जीवान् सत्त्वान् अभिघ्नन्ति, यावदुपद्रवन्ति स भदन्त! जीवः कतिक्रियः, गौ० स्यात् त्रिक्रियः स्यात् चतुष्क्रियः स्यात्पञ्चक्रियः । ते च भदन्त जीवाः ते कतिक्रियाः? गौ० एवमेव । स च भदन्त! जीवः ते च जीवा अन्येषां जीवानां परंपराघातेन कतिक्रियाः? गौ० स्यात् त्रिक्रिया अपि, चतुष्क्रिया अपि पञ्चक्रिया वेति ॥

२. आहारनीहारविधिषु योगः सर्वोऽदोषाय यथा यतस्य। हिताय शस्ये वा शास्यिकस्य भाण्डस्यैतत्परिकर्मणं तु ॥

कृषीवलः, तस्य यथा तद्वि(शस्यवि)षयं परिकर्मण निद्दिणनादिकं हिताय भवति तथेदमपि भाण्डपरिकर्मणम् । तथा चोक्तं–

यद्वच्छस्यहितार्थं शस्याकीर्णेऽपि विचरतः क्षेत्रे । या भवति शस्यपीडा यत्नवतः साऽल्पदोषाय ॥
तद्वज्जीवहितार्थं जीवाकीर्णेऽपि विचरतो लोके । या भवति जीवपीडा यत्नवतः साल्पदोषाय ॥"

इति । तथा च स्थूलक्रियैवारंभरूपा संपन्ना, मोहनीयं च न तस्यां हेतुः, दृष्टेष्टविरोधाद्–इत्येवंभूतारंभस्य भगवति सत्त्वे न बाधकमित्यारंभशक्तिरेवारंभाक्षेपिका, अन्यथा तु चरमयोग इव प्राक्तनयोगेष्वप्यारंभशक्तिकल्पने प्रमाणाभावः, निश्चयेन कार्यं कुर्वत एव कारणत्वाभ्युपगमाद् । न च शक्तिविशेषं विना योगत्वेनैव केवलियोगस्यारंभस्वरूपयोग्यत्वाभ्युपगमो यौक्तिकः, चरमयोगस्यापि तत्त्वापत्तेः । न चेष्टापत्तिः, आरंभस्वरूपयोग्ययोगत्वेनान्तक्रियाविरोधित्वाद्, इत्यारंभशक्तिसत्त्वे केवलिनः स्थूलक्रियारूपारंभो नानुपपन्न इति ॥ ६३ ॥ एतदेवाह—

"જેમ જયણા વગેરેના પ્રયત્નમાં તત્પર સાધુનો આહારનીહારાદિની વિધિ અંગેનો બધો યોગ તમારા મતે પણ દોષ માટે બનતો નથી તેમ ઉપકરણનું જયણાપૂર્વક કરાતું છેદનાદિ રૂપ પરિકર્મ પણ નિર્દોષ જાણવું જોઈએ. તેમાં દષ્ટાન્ત–શસ્ય=ધાન્ય, તેનાથી જીવે તે શાસ્યિક=ખેડૂત. તે શસ્ય અંગે નિદ્દિણનાદિ (=આજુબાજુ વધેલું ઘાસ ઉખેડવું વગેરે) જે પરિકર્મ કરે છે તે ધાન્યના હિત (વૃદ્ધિ આદિરૂપ) માટે થાય છે તેમ ઉપકરણનું આ પરિકર્મ પણ જાણવું. કહ્યું છે કે 'ધાન્યથી લચી પડેલા ખેતરમાં ધાન્યના હિત માટે પ્રયત્નપૂર્વક ફરતા ખેડૂતથી ધાન્યને જે થોડી ઘણી પીડા થાય છે તે જેમ ખેડૂતને અલ્પદોષ માટે થાય છે તેમ જીવોના હિતને માટે, જીવોથી ભરેલા લોકમાં જયણાદિના પ્રયત્નપૂર્વક વિચરતા સાધુથી જીવોને જે પીડા થાય છે તે અલ્પદોષ માટે થાય છે."

**[સ્થૂલક્રિયા રૂપ આરંભ કેવલીમાં અબાધિત]**

આમ સ્થૂલક્રિયા જ આરંભરૂપે સિદ્ધ થાય છે અને વળી મોહનીય કર્મ તેમાં કારણભૂત નથી, કેમ કે જો એ કારણ હોય તો દૃષ્ટનો અને ઇષ્ટનો વિરોધ થાય છે. માટે સ્થૂલક્રિયારૂપ આરંભ કેવલી ભગવાન્‌માં હોવામાં કોઈ બાધક ન હોવાથી આરંભશક્તિને જ આરંભની આક્ષેપિકા (ખેંચી લાવનારી) માનવી જોઇએ. નહિતર તો ચરમ યોગમાં જેમ આરંભની શક્તિ માનવામાં કોઈ પ્રમાણ નથી (અને તેથી તે મનાતી નથી) તેમ પૂર્વકાલીન યોગોમાં પણ આરંભશક્તિ હોવાની કલ્પના કરવામાં કોઈ પ્રમાણ રહેશે નહિ. તાત્પર્ય એ લાગે છે કે આરંભજનન શક્તિ ચક્ષુ વગેરેનો વિષય બનતી નથી. તેથી તેનું આરંભરૂપ કાર્યથી જ અનુમાન કરવાનું રહે છે. માટે જ (કોઇના ય) ચરમયોગથી કયારે ય આરંભ થતો ન હોવાથી એમાં જેમ આરંભશક્તિનું અનુમાન કરી શકાતું નથી તેમ (કોઈપણ કેવલીના) અચરમ યોગથી પણ ક્યારેય પણ જો આરંભ થતો ન હોય તો તે યોગમાં પણ આરંભશક્તિનું અનુમાન કરી શકાશે નહિ. તેમજ નિશ્ચયનય તો કાર્ય કરતી ચીજને જ કારણ તરીકે સ્વીકારતો હોઇ આરંભાત્મક કાર્ય કરતો હોય તે યોગમાં જ આરંભજનન શક્તિ માને છે. તેથી જો કેવલીનો યોગ આરંભાત્મક કાર્ય કરતો ન હોય તો તેમાં તે શક્તિ માનવાની ન હોવાથી આરંભની સ્વરૂપયોગ્યતા પણ મનાશે નહિ. તેવી શક્તિ વિના પણ માત્ર યોગત્વ ધર્મના કારણે

**सो केवलिणो वि हवे चलोवगरणत्तणं जमेयस्स ।**
**सहगारिवसा णियय पायं थूलाइ किरियाए ॥ ६४ ॥**

(स केवलिनोऽपि भवेद् चलोपकरणत्वं यदेतस्य । सहकारिवशान्नियतं प्रायः स्थूलया क्रियया ॥६४॥)

**सो त्ति ।** स पुद्गलप्रेरणाद्वारक आरंभः **केवलिनोऽपि भवेद् यद्** यस्मादेतस्य **केवलिनश्चलोपकरणत्वं सहकारिवशाद्** गमनक्रियापरिणामादिसहकारिवशात् **प्रायः स्थूलया क्रियया नियतं** वर्त्तते । अयं भावः—चलोपकरणत्वं तावद्भगवतोऽप्यस्त्येव, तथा च **भगवतीसूत्रं**—

"[1]केवली णं भंते ! अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा पायं वा बाहुं वा उरुं वा ओगाहित्ता णं चिट्ठइ पभू णं केवली सेअकालंसि तेसु चेव आगासपएसेसु हत्थं वा जाव ओगाहित्ता णं चिट्ठित्तए ? गोयमा ! णो इणट्ठे समट्ठे । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जाव केवली णं अस्सिं समयंसि जेसु आगासपएसेसु जाव चिट्ठइ णो णं पभू केवली सेयकालंसि वि तेसु चेव आगासपएसेसु हत्थं वा जाव चिट्ठित्तए ? गोयमा ! केवलिस्स णं वीरियसजोगसद्दव्वयाए चलाइं उवगरणाइं भवंति, चलोवगरणट्ठयाए अ णं केवली अस्सिं समयंसि जेसु आगासपएसेसु हत्थं वा जाव चिट्ठइ णो णं पभू केवली सेय-

જ તેવી સ્વરૂપ યોગ્યતા તેમાં માનવી એ તો યુક્તિ સંગત નથી જ, કેમ કે તો પછી તો ચરમયોગમાં પણ તેવી સ્વરૂપયોગ્યતા માનવાની આપત્તિ આવે. 'એ આપત્તિ ઈષ્ટ જ છે' એવું પણ કહી શકાતું નથી, કેમકે કોઈપણ યોગ આરંભના સ્વરૂપ યોગ્ય યોગ તરીકે અંતક્રિયાનો વિરોધી હોઈ તે પણ તેવો બની જવાથી અંતક્રિયા જ ન થાય. માટે કેવલીના યોગમાં આરંભ શક્તિ હોય તો સ્થૂલક્રિયારૂપ આરંભ પણ હોવો જ જોઈએ. માટે તેની હાજરી માનવી એ અસંગત નથી. ॥૬૩॥ આ જ વાતને ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :–તે પુદ્ગલ પ્રેરણા દ્વારા થતો આરંભ કેવલીઓને પણ સંભવે છે, કેમ કે આ કેવલીની ચલોપકરણતા ગમનક્રિયાના પરિણામ વગેરે રૂપ **સહકારીવશાત્ પ્રાયઃ સ્થૂલક્રિયાને નિયત હોય છે. અર્થાત્ એની સાથે પ્રાયઃ સ્થૂલક્રિયા પણ અવશ્ય થાય જ છે.**

કહેવાનો ભાવ આ છે—"ચલોપકરણતા તો કેવલીભગવાન્‌માં પણ હોય જ છે. **ભગવતીસૂત્ર** (૫–૪–૨૦૦) માં કહ્યું છે 'હે ભગવન્ ! કેવલી આ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથ, પગ, બાહુ કે ઉરુ ને અવગાહીને રહ્યા હોય તે જ આકાશપ્રદેશોમાં હાથ વગેરેને અવગાહીને ભવિષ્યકાળમાં રહેવા માટે સમર્થ હોય છે ? ગૌતમ ! આવું બનવું શક્ય નથી. હે ભગવન્ ! ભવિષ્યમાં પણ તે જ આકાશપ્રદેશોમાં રહેવા માટે તેઓ સમર્થ નથી એવું શા માટે કહો છો ? ગૌતમ !

१. केवली भदन्त ! अस्मिन् समये येष्वाकाशप्रदेशेषु हस्तं वा पादं वा बाहुं वा उरुं वावगाह्य तिष्ठति प्रभुः केवली एष्यत्काले तेष्वेवाकाशप्रदेशेषु हस्तं वा यावदवगाह्य स्थातुम् ? गौ० नायमर्थः समर्थः । स केनार्थेन भदन्त ! एवमुच्यते 'यावत्केवली अस्मिन् समये येष्वाकाशप्रदेशेषु यावत्तिष्ठति न प्रभुः केवली एष्यत्कालेऽपि तेष्वेवाकाशप्रदेशेषु हस्तं वा यावत्स्थातुम् ? गौतम ! केवलिनो वीर्यसयोगसद्द्रव्यतया चलानि उपकरणानि भवन्ति, चलोपकरणार्थतया च केवली अस्मिन् समये येष्वाकाशप्रदेशेषु हस्तं वा यावत्तिष्ठति, न प्रभुः केवली एष्यत्कालेऽपि तेष्वेव स्थातुं, स तेनार्थेन यावदुच्यतेऽस्मिन् समये यावत्स्थातुम् ।

कालंसि वि तेसु चेव चिट्ठित्तए, से तेणट्ठेणं जाव वुच्चइ केवली अस्सिं समयंसि जाव चिट्ठित्तए ॥"
**एतद्वृत्तिर्यथा–अस्सिं समयंसि त्ति ।** **अस्मिन्** वर्त्तमान**समये** उग्गाहित्ता णं ति अवगाह्य आक्रम्य **सेयकालंसि** वित्ति एष्यत्कालेऽपि **वीरियसजोगसद्दव्वयाए** त्ति वीर्यं वीर्यान्तरायक्षयप्रभवा शक्तिः तत्प्रधानं सयोगं मानसादिव्यापारयुक्तं यत् सद्रियमानं द्रव्यं जीवद्रव्यं तत्तथा, वीर्यसद्भावेऽपि जीवद्रव्यस्य योगान् विना चलनं न स्यादिति सयोगशब्देन सद्द्रव्यं विशेषितम् । सदिति विशेषणं च तस्य सदासत्तावधारणार्थम् । अथवा स्व आत्मा तद्रूपं द्रव्यं स्वद्रव्यं ततः कर्मधारयः, अथवा वीर्यप्रधानः सयोगो योगवान् वीर्यसयोगः, स चासौ 'सद्रव्यश्च मनःप्रभृतिवर्गणायुक्तो वीर्यसयोगसद्रव्यस्तस्य भावस्तत्ता, तया हेतुभूतया **चलाइं** त्ति अस्थिराणि **उवगरणाइं** अङ्गानि **चलोवगरणट्ठयाए य** त्ति चलोपकरणलक्षणो योऽर्थस्तद्भावश्चलोपकरणता तया, **'च' शब्दः** पुनरर्थे इति ॥"

एतच्च चलोपकरणत्वं निरन्तरसूक्ष्मगात्रसञ्चारबीजं चलनसामान्यसामग्र्यां निविशमानं गमनादिक्रियापरिणाममात्रसहकृतं सद् गमनादिस्थूलक्रियामपि जनयत्येव । सा च स्थूलक्रियाऽवर्जनीयारंभसङ्गता सती केवलिनो न वीर्यान्तरायक्षयक्षतिकरी, यतस्तत्सामान्यकारणं चलोपकरणत्वमपि नामकर्मपरिणतिविशेषापादितयोगाशक्तिनियतमेव । यदाह **सूत्रकृताङ्गवृत्तिकृत्**–'सयोगी जीवो न शक्नोति क्षणमप्येकं निश्चलं स्थातुं, अग्निना ताप्यमानोदकवत्कार्मणशरीरानुगतः सदा परिवर्त्तयन्नेवास्ते' इत्यादि । इति तत्कार्यस्थूलक्रियायामप्यशक्यपरिहारारंभात्यागे योगा-

---

કેવલીનું જીવદ્રવ્ય વીર્યાન્તરાયકર્મના ક્ષયથી થયેલ વીર્યશક્તિની પ્રધાનતાવાળા માનસાદિવ્યાપારરૂપ યોગયુક્ત હોવાના કારણે અંગોરૂપ ઉપકરણો ચલ=અસ્થિર હોય છે. આવી ચલોપકરણતાના (અંગો ચલ હોવારૂપ બાબતના) કારણે 'ભવિષ્યમાં પણ તે જ આકાશપ્રદેશોમાં રહેવા સમર્થ નથી' ઇત્યાદિ કહેવાય છે. વીર્ય હોવા છતાં યોગ વિના જીવદ્રવ્યનું ચલન હોતું નથી. માટે અહીં સદ્દ્રવ્યનું સયોગ એવું વિશેષણ જોડયું છે. વળી જીવદ્રવ્ય હંમેશા સત્તાયુક્ત હોય છે તેનું અવધારણ કરવા 'સત્' એવું વિશેષણ લગાડયું છે. અથવા 'સત્'ના બદલે 'સ્વ' શબ્દ લઈએ તો સ્વ=આત્મા, તદ્રૂપ દ્રવ્ય એ સ્વદ્રવ્ય...પછી 'વીર્યસયોગ' શબ્દ સાથે એનો કર્મધારય સમાસ કરવો. અથવા જે વીર્યના પ્રાધાન્યયુક્ત યોગવાન હોય તે વીર્યસયોગ. તેનો સદ્રવ્ય સાથે કર્મધારય કરવો. તેથી વીર્યસયોગસદ્રવ્ય એટલે મન વગેરે વર્ગણાયુક્ત. યોગવાન્. તેનો ભાવ તે વીર્યસયોગસદ્રવ્યતા. તેના કારણે ચલોપકરણતા હોય છે એવો અર્થ લેવો. 'ચ' શબ્દ પુનઃ અર્થમાં છે."

[ચલોપકરણતા નામકર્મપરિણતિને નિયત]

ગાત્રના નિરંતર ચાલ્યા કરતા સૂક્ષ્મ સંચારના બીજભૂત આ ચલોપકરણતા ચલનની સામાન્ય સામગ્રીમાં નિવિષ્ટ છે અને તેથી ગમનાદિક્રિયાના પરિણામમાત્રરૂપ સહકારીથી સહકૃત થયેલી તે ગમનાદિરૂપ સ્થૂલક્રિયાને પણ ઉત્પન્ન કરે જ છે. અવર્જનીય આરંભથી યુક્ત બનવા છતાં તે સ્થૂલક્રિયા વીર્યાન્તરાયના થયેલા ક્ષયને નિરર્થક બનાવવા વગેરે રૂપ ક્ષતિ કરનારી બનતી નથી, કેમ કે તેના સામાન્ય કારણભૂત ચલોપકરણત્વ પણ નામકર્મની પરિણતિ વિશેષથી યોગની થયેલ અશક્તિને જ નિયત છે, (વીર્યની ઓછાશને નહિ.) સૂત્રકૃતાંગના વૃત્તિકારે કહ્યું છે કે "સયોગીજીવ એક ક્ષણ પણ નિશ્ચલ રહેવા સમર્થ હોતો નથી. અગ્નિથી ઉકાળાતા પાણીની જેમ કાર્મણ શરીરથી અનુગત તે હંમેશા પોતાની અવગાહનામાં ઉથલ પાથલ અનુભવ્યા કરતોજ હોય છે" વગેરે...તે ચલોપકરણતાના કાર્યભૂત સ્થૂલક્રિયાની હાજરીમાં અશક્ય પરિહારરૂપ આરંભનો જે પરિત્યાગ થઈ શકતો નથી તેમાં પણ આવી યોગની અશક્તિ જ નિમિત્ત બને છે. (વીર્યની કચાશ

शक्तिरेव निमित्तमिति । केचित्तु सूक्ष्मक्रियाणामिव स्थूलक्रियाणामपि चलोपकरणतावशादनियतदेशत्वावश्यकत्वात् तत्प्रयुक्तारंभसंभवः केवलिनोऽपि दुर्निवार इत्याहुः ॥६४॥ ननु—यद्येवं स्थूलक्रियैव द्रव्यारंभस्तदा केवलिनस्तस्य कादाचित्कत्वं न स्याद्, इष्यते चायमन्यसाधूनामपि कादाचित्क एव, [1]'आहच्च हिंसा समिअस्स जा उ सा दव्वओ होइ ण भावओ उ' त्ति वचनाद्—इत्याशङ्कां 'एतद्वचनं फलीभूतसाक्षात्संबद्धारंभविषयत्वान्नानुपपन्नं, स च केवलिनोऽपि कादाचित्क एव' इत्यभिप्रायेण निराचिकीर्षुराह—

सक्खं तु कायफासे जो आरंभो कयाइ सो हुज्जा ।
अहिगिच्च तं णिमित्तं मग्गिज्जइ कम्मबंधठिई ॥६५॥

(साक्षात्तु कायस्पर्शे य आरंभः कदाचित्स भवेत् । अधिकृत्य तं निमित्तं मृग्यते कर्मबन्धस्थितिः ॥६५॥)

**सक्खं तुत्ति ।** साक्षात्तु कायस्पर्शे य आरम्भः स कदाचिदेव भवेत् तं च साक्षात्कायस्पर्शाज्जायमानं द्रव्यारंभं व्यवहारिजनप्रतीयमानमिति गम्यं, निमित्तमधिकृत्य कर्मबन्धस्थितिर्मृग्यते शास्त्रकारैरिति गम्यम् । यद्यप्यप्रमत्तानामवश्यम्भावी जीवघातो न प्राणातिपातत्वेन दोषः, तथापि निमित्तभूतस्यास्यैकाधिकरणोपादानसद्भावासद्भावकृतं फलवैचित्र्यं विचार्यत इत्यर्थः । ॥६५॥ कथमित्याह—

---

નહિ.) વળી કેટલાક વિવેચકો તો એમ કહે છે કે સૂક્ષ્મક્રિયાવાળા જીવોની જેમ સ્થૂલક્રિયાવાળા જીવોનો પણ ચલોપકરણતાના કારણે દેશ અનિયત માનવો આવશ્યક હોઈ તે દેશનો ફેરફાર થવામાં થતા આરંભની સંભાવના કેવલીઓમાં પણ દુર્નિવાર છે. ॥૬૪॥ શંકા :–આ રીતે સ્થૂલક્રિયા જ જો (ભાવઆરંભના કારણભૂત હોઇ) દ્રવ્યઆરંભ રૂપ હોય તો કેવલીમાં તે દ્રવ્યઆરંભનું કદાચિત્કત્વ રહેશે નહિ. પણ દ્રવ્યઆરંભ તો અન્ય સાધુઓમાં પણ 'ઈર્યાસમિતિયુક્ત સાધુથી ક્યારેક જે હિંસા થાય તે દ્રવ્યથી હોય છે ભાવથી નહિ' ઇત્યાદિ વચન મુજબ કાદાચિત્ક માન્યો છે તો કેવલીઓમાં તો નિર્વિવાદ તેવો જ હોવો જોઈએ ને !

**સમાધાન** :–આ તમે કહેલું શાસ્ત્રવચન ફળીભૂત સાક્ષાત્સંબદ્ધ આરંભ વિષયક છે. અર્થાત્ ઈર્યાસમિતિયુક્ત સાધુથી સાક્ષાત્ સંબદ્ધ જીવોનો જે આરંભ થાય છે તે જ તેના પરથી કાદાચિત્ક તરીકે ફલિત થાય છે, અને તે તો કેવલીને પણ કાદાચિત્ક જ હોય છે. પણ એ સિવાયનો અન્ય આરંભ કેવલીને પણ સાર્વદિક હોવામાં કોઈ અસંગતિ નથી. આવા અભિપ્રાયથી ઉપરની શંકાનું નિરાકરણ કરવાની ઇચ્છાવાળા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- સાક્ષાત્ કાયસ્પર્શ થવામાં જે આરંભ થાય છે તે ક્યારેક જ થાય છે. લોકવ્યવહારમાં પ્રતીત થતા તે સાક્ષાત્કાયસ્પર્શથી થયેલા દ્રવ્યઆરંભને નિમિત્ત તરીકે ગણીને શાસ્ત્રકારો કર્મબંધસ્થિતિનો વિચાર કરે છે.

જોકે અવશ્યંભાવી જીવઘાત અપ્રમત્તોને પ્રાણાતિપાત તરીકે દોષ રૂપ નથી, અર્થાત્ એ પ્રાણાતિપાત તરીકે વર્તીને સ્થિતિબંધાદિ કરાવતો નથી અને તેથી તેને નિમિત્ત

---

1. आहत्य हिंसा समितस्य या तु सा द्रव्यतो भवति न भावतस्तु । [क० भा० ३९३३]

तत्थ णिमित्ते सरिसे जेणोवादाणकारणाविक्खो ।
बंधाबंधविसेसो भणिओ आयारवित्तीए ॥६६॥

( तत्र निमित्ते सदृशे येनोपादानकारणापेक्षः । बन्धाबन्धविशेषो भणित आचारवृत्त्याम् ॥६६॥ )

**तत्थत्ति** । तत्र साक्षात्कायस्पर्शाज्जायमानारंभे **निमित्ते सदृशे** आकेवलिनमेकरूपे सति **येन** कारणेनोपादानकारणस्यापेक्षा नियतसद्भावासद्भावाश्रयणरूपा यत्र स तथा **बन्धाबन्धविशेषः**, कर्मबन्धतारतम्यतदभावप्रकारो **भणित** इति **आचारवृत्तौ** । तत्र प्रथममेतदधिकारसंबद्धमाचाराङ्गलोकसाराध्ययनचतुर्थोद्देशकस्थं सूत्रं (१५८) लिख्यते—

"से अभिक्कममाणे पडिक्कममाणे संकुचमाणे पसारमाणे विणिवट्टमाणे संपलिज्जमाणे एगया गुणसमिअस्स रीयंतो कायसंफासं समणुचिन्ना ऐगइआ पाणा उद्दाइंति, इहलोगवेदणवेज्जावडियं जं आउट्टिकयं कम्मं तप्परिन्नाय विवेगमेति, एवं से अप्पमादेणं विवेगं किट्टइ वेयवीत्ति ॥" **अथतद्वृत्तिः-से** इत्यादि । स भिक्षुः सदा गुर्वादेशविधायी एतद्व्यापारवान् भवति, तद्यथा—**अभिक्रामन्** गच्छन् **प्रतिक्रामन्** निवर्त्तमानः, सङ्कुचन् हस्तपादादिसङ्कोचनतः, **प्रसारयन्** हस्तादीनवयवान् विनिवर्त्तमानः समस्ताशुभव्यापारात् सम्यक् परिः समन्तात् हस्तपादादीनवयवांस्तन्निक्षेपस्थानानि वा रजोहरणादिना मृजन् संपरिमृजन् गुरुकुलवासे वसेदिति सर्वत्र संबन्धनीयम् । तत्र निविष्टस्य विधिः—भूम्यामेकमूरुं व्यवस्थाप्य द्वितीयमुत्क्षिप्य तिष्ठेत्, निश्चलस्थानासहिष्णुतया भूमीं प्रत्युपेक्ष्य प्रमृज्य(मार्ज्य) च कुक्कुटीविजृम्भितदृष्टान्तेन सङ्कोचयेत्प्रसारयेद्वा, स्वपन्नपि मयूरवत् स्वपिति, स किलान्यसत्त्वभयादेकपार्श्वशायी सचेतनश्च स्वपिति, निरीक्ष्य च परिवर्त्तनादिकाः क्रिया विधत्ते इत्येवमादि संपरिमृजन् सर्वाः क्रियाः करोति । एवं चाप्रमत्ततया पूर्वोक्ताः क्रियाः कुर्वतोऽपि कदाचिदवश्यंभावितया यत्स्यात्तदाह—एगया इत्यादि । **एकदा कदाचिद् गुणसमितस्य** गुणयुक्तस्याप्रमत्ततया यतेः रीय-

---

તરીકે આગળ કરીને સ્થિતિબંધ વગેરે રૂપ ફળનું વૈચિત્ર્ય વિચારવાનું હોતું નથી. તેમ છતાં નિમિત્તભૂત આ આરંભના એકાધિકરણમાં ઉપાદાનની હાજરી અને ગેરહાજરીના કારણે થયેલ ફલવૈચિત્ર્ય વિચારાય છે. ॥૬૫॥ તે શી રીતે વિચારાય છે? એ હવે ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– સાક્ષાત્ કાયસ્પર્શથી થતા તે આરંભરૂપ નિમિત્ત કેવલી સુધીના જીવોને સમાન હોવા છતાં, 'નિયત સદ્ભાવ–અસદ્ભાવનો આશ્રય કરવા રૂપ ઉપાદાનકારણની અપેક્ષાએ બન્ધ–અબન્ધની વિશેષતા થાય છે, અર્થાત્ તેને આશ્રીને, કર્મબંધ થતો હોય તો તેમાં તારતમ્યરૂપ અને નહિતર અબંધ રૂપ વિશેષતા ઊભી થાય છે' એવું **આચારાંગની વૃત્તિમાં** કહ્યું છે. તેથી તે નિમિત્તના અધિકારમાં કર્મબંધસ્થિતિ વિચારાય છે.

[ અવશ્યંભાવી વિરાધનાથી કર્મબંધ-અબંધનો આચારાંગવૃત્તિનો અધિકાર ]

સૌ પ્રથમ આ અધિકાર અંગેનું **આચારાંગના લોકસાર અધ્યયનના ચોથા ઉદ્દેશકનું (૧૫૮) સૂત્ર અને તેની વૃત્તિ** કહીએ છીએ—હંમેશા ગુરુના આદેશનું પાલન કરનાર તે ભિક્ષુ આવી પ્રવૃત્તિવાળો બને. જેમકે જતો હોય, પાછો આવતો હોય, હસ્તપાદાદિને સંકોચતો હોય, પહોળા કરતો હોય, સમસ્ત અશુભવ્યાપારથી પાછો ફરતો હોય, હાથ-પગ વગેરે અવયવોને કે તેને મૂકવાના સ્થાનોને રજોહરણાદિથી ચારે બાજુએ પ્રમાર્જતો હોય. આવું કરતો તે ગુરુકુલવાસમાં રહે. તેમાં બેસેલા સાધુનો વિધિ-જમીન પર એક ઉરુને સ્થાપીને બીજીને ઊંચી રાખે.

माणस्य सम्यगनुष्ठानवतोऽभिक्रामतः प्रतिक्रामतः सङ्कुचतः प्रसारयतो विनिवर्त्तमानस्य संपरिमृजतः कस्याञ्चिदवस्थायां कायः शरीरं तत्संस्पर्शमनुचीर्णाः कायसङ्गमागताः संपातिमादयः प्राणिन एके परितापमाप्नुवन्ति, एके ग्लानतामुपयान्ति, एकेऽवयवविध्वंसमापद्यन्ते। अपश्चिमावस्थां तु सूत्रेणैव दर्शयति-एके प्राणाः प्राणिनः, अपद्रान्ति प्राणैर्विमुच्यन्ते। अत्र च कर्मबन्धं प्रति विचित्रता। तथाहि-शैलेश्यवस्थायां मशकादीनां कायसंस्पर्शेन प्राणत्यागेऽपि बन्धोपादानकारणयोगाभावान्नास्ति बन्धः, उपशान्तक्षीणमोहसयोगिकेवलिनां स्थितिनिमित्तकषायाभावात् सामयिकः, अप्रमत्तयतेर्जघन्यतोऽन्तर्मुहूर्त्तं, उत्कृष्टतश्चान्तःकोटाकोटिस्थितिरिति। प्रमत्तस्य त्वनाकुट्टिकयाऽनुपेत्य प्रवृत्तस्य क्वचित्प्राण्याद्यवयवसंस्पर्शात् प्राण्युपतापनादौ जघन्यत उत्कृष्टतश्च कर्मबन्धः प्राक्तन एव विशेषिततरः। स च तेनैव भवेन क्षिप्यत इति सूत्रेणैव दर्शयितुमाह-**इहलोग इत्यादि**। इहास्मिन् लोके जन्मनि वेदनमनुभवनमिहलोकवेदनं तेन वेद्यमनुभवनीयमिहलोकवेदनवेद्यं तत्रापतितमिहलोकवेदनवेद्यापतितं, इदमुक्तं भवति-प्रमत्तयतिनापि यदकामतः कृतं कर्म कायसङ्घट्टनादिना तदैहिकभवानुबन्धि, तेनैव भवेन क्षिप्यमाणत्वाद्, आकुट्टीकृतकर्मणि तु यद्विधेयं तदाह **जं आउट्टी** इत्यादि। **यत्तु** पुनः **कर्माकुट्ट्या कृतमा**गमोक्तकारणमन्तरेणोपेत्य प्राण्युपमर्दनेन विहितं **तत्परिज्ञाय** ज्ञपरिज्ञया **विवेकमेति** विविच्यतेऽनेनेति विवेकः प्रायश्चित्तं दशविधं, तस्यान्यतरं भेदमुपैति, तद्विवेकं वाऽभावाख्यमुपैति, तत्करोति येन कर्मणोऽभावो भवतीति॥

अत्र गुर्वादेशविधायिनमभिक्रमणादिव्यापारवन्तमप्रमत्तसंयतमवश्यम्भाविजीवविराधनाभागिनमनूद्य कर्मबन्धाबन्धविशेषविधानं वृत्तौ पूरितं, अनाकुट्टिकयाऽऽकुट्टिकया च जीव-

---

એ રીતે નિશ્ચલ રહેવા સમર્થ ન હોય તો ભૂમિને જોઈને, પ્રમાર્જીને કુકડીની ચેષ્ટાના દૃષ્ટાન્ત મુજબ તેનું સંકોચન કે પ્રસારણ કરે. સૂએ તો પણ મોરની જેમ. તે બીજા જીવોના ભયથી એક પડખે સૂએ છે તેમજ જાગ્રત જેવો જ સૂએ છે. વળી તે જોઈને પડખું ફેરવવાની વગેરે ક્રિયા કરે છે... તેમ તે સાધુ પણ સારી રીતે પ્રમાર્જનાદિપૂર્વક સર્વ ક્રિયાઓ કરે છે. આમ અપ્રમત્તતાપૂર્વક ઉક્ત ક્રિયા કરતા સાધુથી ક્યારેક અવશ્યંભાવી તરીકે જે થાય છે તે કહે છે-અપ્રમત્તતાના કારણે ગુણવાળા તેમજ ગમન, આગમન, સંકોચન, પ્રસારણ, અશુભવ્યાપારોથી વિનિવર્તન તેમજ સંપરિમાર્જન વગેરે સમ્યક્ અનુષ્ઠાનવાળા સાધુના શરીરને કોઈક અવસ્થામાં સ્પર્શેલા સંપાતિમ વગેરે જીવોમાંથી કોઈક પરિતાપ પામે છે, કોઈક ગ્લાનિ પામે છે, કોઈકના અવયવો તૂટી જાય છે...યાવત્ કેટલાક જીવો મરી જાય છે. આમાં જે કર્મબંધ થાય છે તેમાં વિચિત્રતા હોય છે. તે આ રીતે-શૈલેશી અવસ્થામાં કાયસ્પર્શથી મશક વગેરે મરવા છતાં કેવળીને બંધના ઉપાદાન કારણભૂત યોગનો અભાવ હોવાના કારણે કર્મબંધ હોતો નથી. ઉપશાન્તમોહી ક્ષીણમોહી તેમજ સયોગીકેવલી જીવોને સ્થિતિના નિમિત્ત કારણભૂત કષાયનો અભાવ હોવાના કારણે સામયિક કર્મબંધ થાય છે. અપ્રમત્તયતિને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અંતઃ કોડાકોડી સાગરોપમ જેટલો સ્થિતિબંધ થાય છે. અનાકુટ્ટિથી (=જાણકારી વગર) પ્રવૃત્ત થએલા પ્રમત્તના હાથ વગેરે અવયવોના સ્પર્શથી જીવ મર્યે છતે જઘન્યથી અને ઉત્કૃષ્ટથી ઉપરનો જ કર્મબંધ કંઈક વધુ સ્થિતિ વગેરે રૂપ વિશેષતાવાળો થાય છે. 'તે કર્મબંધ તે જ ભવમાં ક્ષીણ થઈ જાય છે' તે વાત સૂત્રથી જ જણાવવા આગળ કહે છે—આ લોક=આ જન્મમાં થતા અનુભવ દ્વારા વેદવા યોગ્ય કર્મમાં સમાવિષ્ટ થઈ ગએલું હોય તે ઇહલોકવેદનવેદ્યાપતિત. પ્રમત્તયતિથી પણ ઇચ્છા વગર જ કાયસંઘટ્ટનાદિથી જે કર્મ બંધાયું હોય તે આ ભવમાં જ ટળનારું હોય છે, કેમ કે આ જ ભવમાં ખપી જવાનું હોય છે. આકુટ્ટીથી બંધાએલ કર્મ અંગે શું કરવું તે હવે કહે છે-વળી જે કર્મ આકુટ્ટિથી=આગમોક્ત કારણ વગર જ જાણીને જીવહિંસા કરવા દ્વારા બાંધ્યું હોય તે જ્ઞપરિજ્ઞાથી જાણીને વિવેકનો વિષય બને છે. એમાં વિવેક એટલે જેનાથી કર્મનો વિવેક=પૃથગ્ભાવ=છુટકારો થાય તે દશપ્રકારનું પ્રાયશ્ચિત્ત. આકુટ્ટિથી થએલ કર્મ આ દશમાંથી એક પ્રાયશ્ચિત્તનો વિષય બને છે. અથવા તે કર્મ અભાવ નામનો વિવેક પામે છે...અર્થાત્ સાધુએ એવું કરવું કે જેથી તે કર્મનો અભાવ થાય.

विराधनाकारिणं प्रमत्तसंयतमनूद्येहलोकवेदनवेद्यापतितस्य विवेकयोग्यस्य च कर्मबन्धस्य विधानं साक्षादेव सूत्रेऽभिहितं, तत्र—केवली 'उद्देसो पासगस्स णत्थि'त्ति वचनाद् गुर्वादेशविधायित्वाभावात् संभावितभाविजीवघातभयाविनाभाविनियताभिक्रमणादिक्रियाऽभावाच्च नानूद्य इति तद्बहिर्भावेनैवावश्यम्भाविजीवविराधनानिमित्तकबन्धाबन्धविचारः—इति परोऽभिमन्यते तन्महामृषावादविलसितं, साक्षादेव केवलिनमनूद्य वृत्तौ तत्समर्थनस्य ब्रह्मणापि पराकर्तुमशक्यत्वात् । तत्रानूद्यतावच्छेदकधर्मे विरोधोद्भावनेन च वृत्तिकृत एव सूत्राभिप्रायानभिज्ञतां वक्तुमुपक्रान्तो

અહીં ગુરુના આદેશ મુજબ વર્તનાર અભિક્રમણાદિ વ્યાપારયુક્ત અપ્રમત્તસંયતને અવશ્યંભાવી જીવ વિરાધનાના સ્વામી તરીકે કહીને કર્મના બંધ–અબંધ અંગેની વિશેષતાનું વિધાન વૃત્તિમાં ઉમેરેલું છે. અનાકુટ્ટિ અને આકુટ્ટિથી જીવવિરાધના કરનાર, પ્રમત્તસંયતનો નિર્દેશ કરીને ઇહલોક વેદનવેદ્યાપતિત કર્મબંધ અને વિવેકયોગ્ય કર્મબંધનું વિધાન તો સાક્ષાત્ સૂત્રમાં જ કહ્યું છે. આચારાંગના આ અધિકાર અંગે પૂર્વપક્ષી આવું કહે છે.

[એ અધિકારમાં કેવળી અનૂદ્ય નથી–પૂ૦]

**પૂર્વપક્ષ :–** આ બધામાં કેવલીને તો બાકાત રાખીને અન્ય જીવો અંગે જ અવશ્યંભાવી જીવવિરાધનાનિમિત્તક બન્ધ–અબન્ધનો વિચાર છે. કેમકે (૧) 'उद्देसो पासगस्स णत्थि' એ વચન મુજબ કેવલીમાં ગુરુના આદેશને અનુસરવાપણાનો અભાવ હોય છે. જ્યારે આ અધિકારમાં તો ગુરુના આદેશને અનુસરનારની વાત છે, વળી (૨) 'રખેને મારાથી જીવઘાત થઈ જાય' એવો ભાવી જીવઘાતની સંભાવનાનો ભય હોય તો એ જીવઘાતથી બચવા માટે જયણાપૂર્વક અભિક્રમણ વગેરે કરવામાં આવે છે. કેવળીઓને તો ક્ષપકશ્રેણીમાં ભયમોહનીય કર્મ જ ક્ષીણ થઈ ગયું હોવાથી ભય જ હોતો નથી, તો જયણાયુક્ત અભિક્રમણ વગેરે પણ ક્યાંથી હોય ? [એમ આ અભિક્રમણાદિ ક્રિયાઓ છદ્મસ્થતાની લિંગભૂત છે. તેથી પણ એ કેવળીઓને હોતી નથી.] આ (૧) અને (૨) કારણોથી જણાય છે કે આ અધિકારમાં કેવલીનો નિર્દેશ કરવાનો નથી. એના સિવાયના જીવો અંગે વિચારણા કરવાની છે.

**[ વૃત્તિમાં કેવલીના કરેલ નિર્દેશનો અપલાપ અશક્ય–ઉ૦ ]**

**ઉત્તરપક્ષ :–** આવું બધું કહેવું એ મોટા જૂઠનો જ વિલાસ છે. કેમકે વૃત્તિમાં કેવલીનો સાક્ષાત્ શબ્દથી નિર્દેશ કરીને જે સમર્થન કર્યું છે તેને બ્રહ્મા પણ ઉથલાવી શકવા માટે સમર્થ નથી. વળી, પૂર્વપક્ષીએ કેવલીને જે અનૂદ્ય માન્યા નથી (જેને ઉદ્દેશીને વિધાન કરવાનું હોય તે અનૂદ્ય કહેવાય.) તેમાં કારણ દર્શાવવા માટે એણે અનૂદ્યતાઅવચ્છેદક ધર્મમાં વિરોધનું ઉદ્ભાવન કર્યું છે. (પોતાનામાં રહેલા જે વિશેષ ધર્મના કારણે તે તે વસ્તુ કે વ્યક્તિ અનૂદ્ય બને તે ધર્મ અનૂદ્યતાઅવચ્છેદક કહેવાય.) છદ્મસ્થ અપ્રમત્ત સંયત વગેરે પોતાનામાં રહેલા ગુર્વાદેશ વિધાયિત્વ (ગુરુના આદેશને અનુસરવાપણું') (તેમજ ઉક્તક્રિયાકારિત્વ) રૂપ ધર્મને આગળ કરીને પ્રસ્તુતમાં અનૂદ્ય બન્યા છે. એટલે આ ધર્મ અનૂદ્યતાઅવચ્છેદક છે. હવે કેવલીને પણ જો આ સૂત્રમાં

देवानांप्रियस्तमेव मन्यमानस्तमेव चावमन्यस(त) इति महाकष्टं तद् । न चैतद्विरोधोद्भावनं विचार्यमाणं चमत्कारकारि, गुर्वादेशविधायित्वस्य भगवति फलतोऽभिधानाविरोधाद्, अत एव 'किं ते भंते ! जत्ता ? सोमिला ! जं मे तवणियमसंजमसज्झायज्झाणावस्सयमाईसु जयणा, से तं जत्ता' इत्यत्र सूत्रे 'एतेषु च यद्यपि भगवतो न किञ्चित्तदानीं विशेषतः संभवति, तथापि तत्फलसद्भावात्तदस्तीत्यवगन्तव्यमि'त्युक्तम् । अभिक्रमणादियतनाव्यापाराश्च यादृशाश्छद्मस्थसंयतानामयतनाभयाऽविनाभाविनस्तादृशा एवायतनाभयाभावेऽपि भगवतः संभवन्त्येव साधुसमानधर्मतयैव

અનૂદ્ય માનવાના હોય તો તેઓમાં પણ આ અનૂદ્યતાઅવચ્છેદક ધર્મની હાજરી માનવી પડે. (કેમકે તો જ એ ધર્મને આગળ કરીને તેઓ અનૂદ્ય બની શકે.) અને તો પછી એમાં વિરોધ સ્પષ્ટ જ છે, કેમકે કેવલીઓએ ગુરુના આદેશ મુજબ પ્રવૃત્તિ-નિવૃત્તિ કરવાની હોતી નથી, (તેમજ તેઓમાં ઉક્તક્રિયાકારિત્વ હોતું નથી.) પૂર્વપક્ષીએ આ રીતે વિરોધનું ઉદ્ભાવન કર્યું છે. એ ઉદ્ભાવન કરીને, 'આ સૂત્રમાં કેવલી અનૂદ્ય નથી' એવું કહેવા દ્વારા, 'તેઓને અનૂદ્ય કહેનારા વૃત્તિકાર સૂત્રના અભિપ્રાયના અજાણ છે' એવું કહેવા તૈયાર થયેલો મૂર્ખ પૂર્વપક્ષી 'એકબાજુ વૃત્તિકારને જ માન્ય કરે છે અને બીજી બાજુ વૃત્તિકારની અવજ્ઞા કરે છે' એ વાત મહાકાષ્ટ રૂપ છે. (અપ્રમત્તાદિને ઉદ્દેશીને કર્મના બંધ-અબંધની જે વાત છે એનો સૂત્રમાં તો કોઈ શબ્દોથી ઉલ્લેખ નથી, વૃત્તિકારે જ એ વાત ઉમેરેલી છે. તેમ છતાં પૂર્વપક્ષીને પણ એ વાત માન્ય છે, છે. એટલે વૃત્તિકાર પણ એને માન્ય છે.) બીજી બાજુ વૃત્તિકારને સૂત્રના અભિપ્રાયના અજાણ કહેવા એમાં એમની અવજ્ઞા પણ સ્પષ્ટ છે. વળી આવું વિરોધનું ઉદ્ભાવન પણ, વિચાર કરીએ તો કોઈ ચમત્કાર દેખાડતું નથી... કેમ કે (૧) કેવલીમાં સ્વરૂપે ગુર્વાદેશવિધાયિત્વ ન હોવા છતાં ફળતઃ તો તે હોય જ છે. માટે ફળતઃ તેનું અભિધાન વિરોધી નથી. આશય એ છે કે જે અવસ્થામાં જે અનુષ્ઠાન વગેરે ચીજની સ્વરૂપે હાજરી ન હોવા છતાં તે અનુષ્ઠાન વગેરે ચીજનું ફળ જો હાજર હોય તો તે અવસ્થામાં પણ તે ચીજની હાજરી હોવી સૂત્રમાં ક્યાંક ક્યાંક દેખાડી છે. આવી હાજરીને ફળતઃ હાજરી કહેવાય છે. એવી હાજરીનું કથન હોવું એ પણ વિરોધી નથી. તેથી જ જે સૂત્ર આવું જણાવે છે કે 'હે ભગવન્! તમારી સંયમયાત્રા શું છે? સોમિલ! તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક વગેરેમાં મારી જે જયણા હોય છે તે જ મારી સંયમ યાત્રા છે.' તેની વ્યાખ્યામાં પણ કહ્યું છે કે 'જો કે ભગવાન્‌ને આ તપ વગેરેમાંથી કોઈ ચીજ વિશેષ રીતે સંભવતી નથી, (તેથી તે અંગેની જયણા પણ સંભવતી નથી) તેમ છતાં તે બધીથી જીવને જે ફળ પ્રાપ્ત થતું હોય છે તે ફળ ભગવાન્‌ને પણ મળેલું હોવાથી તે તપ વગેરે પણ હોય છે એમ માનવું.' વળી (૨) અભિક્રમણાદિ અંગેની અજયણાના ભયને અવિનાભાવી એવી પણ જેવી જયણાપ્રવૃત્તિ છદ્મસ્થસંયતોને હોય છે તેવી જ જયણાપ્રવૃત્તિનો, અજયણાનો ભય ન હોવા છતાં કેવલી ભગવાન્‌ને સંભવ હોય જ છે, કેમકે જેમ કેવલીભગવાન્‌ને અકલ્પિકના પરિહારાદિ અંગેની જયણા સાધુસમાનધર્મતાના

૧. किं ते भगवन्! यात्रा? सोमिल! यन्मे तपोनियमसंयमस्वाध्यायध्यानावश्यकादिषु यतना। अथ तद्यात्रा।

तस्याकल्पिकपरिहारादियतनावदभिक्रमणादियतनाया अप्युपपत्तेः, इति न किञ्चिदेतत् । यत्तु—अवश्यंभावित्वं प्रायोऽसंभविसंभविकार्यत्वं, यदेव हि प्रायोऽसंभवि सत्कदाचित्संभवति तदेवावश्यंभावीति व्यवह्रियते, अन्यथा सर्वमपि कार्यमवश्यंभावित्वेन वक्तव्यं स्यात्, पञ्चसमवायवादिभिर्जैनैः सर्वस्यापि कार्यस्य नियतिजन्यतामधिकृत्यावश्यम्भावित्वेनेष्टत्वात्, कालादिषु पञ्चसु कारणेषु नियतेरपि परिगणनाद्, अत एव 'जमालिनिमित्तकनिह्नवमार्गोत्पत्तिरवश्यम्भाविनी' इति प्रवचने प्रतीतिः । तीर्थकरदीक्षितशिष्यात् निह्नवमार्गोत्पत्तेः प्रायोऽसंभविसंभवाद्, एवमप्रमत्तसंयतस्य कायादिव्यापाराज्जायमानाऽनाभोगवशेन कादाचित्कीत्यवश्यंभाविनी वक्तुं युज्यते, न तु केवलिनः, तस्य तत्कादाचित्कतानियामकानाभोगाभावाद, इति नावश्यम्भाविविराधनावन्तं केवलिनमनूद्य किमपि विचारणीयमस्ति—इति परेणोद्घुष्यते,

---

કારણે (છદ્મસ્થ સાધુને જેવો સંયમ ધર્મ છે તેવો સંયમધર્મ હોવાના કારણે) હોય છે તેમ અભિક્રમણાદિ અંગેની જયણા હોવી પણ સંભવે છે. માટે 'ઉક્તક્રિયાઓ ન હોવાના કારણે કેવલીઓને આ વિચારણામાંથી બાકાત રાખ્યા છે' એવું પણ કહેવું એ તુચ્છ છે. માટે જ 'કેવલીઓને તેમાંથી બાકાત રાખ્યા છે' તેવું કહીને 'તેઓને અવશ્યંભાવી જીવવિરાધના વગેરે રૂપ દ્રવ્યહિંસા હોતી નથી' એવું ઉક્ત સૂત્ર પરથી સિદ્ધ કરી શકાતું નથી.

[ અવશ્યંભાવિત્વઅંગે પૂર્વપક્ષવિચારણા ]

**પૂર્વપક્ષ** :– અવશ્યંભાવિત્વ એટલે પ્રાયઃઅસંભવિસંભવિકાર્યત્વ. અર્થાત્ પ્રાયઃ= બહુલતાએ, જે પ્રાયઃ અસંભવિત હોય અને તેમ છતાં કદાચિત્ (કયારેક) તે સંભવી જતું હોય તો તેવા કાર્યનો જ અવશ્યંભાવી તરીકે વ્યવહાર થાય છે. આશય એ છે કે જે કાર્ય પ્રાયઃ સંભવિસંભવિ હોય અથવા સર્વથા અસંભવિત હોય તેનો અવશ્યંભાવી તરીકે વ્યવહાર થતો નથી. આમાં પ્રાયઃ સંભવિસંભવિ એટલે એવું કાર્ય કે જે બહુલતાએ થતું જ હોય અને થાય. જેમકે ભોજન, પુરુષતીર્થંકર વગેરે. જે અચ્છેરા વગેરે રૂપે પણ કયારે ય સંભવતું ન હોય તે સર્વથા અસંભવિત કાર્ય છે. જેમકે નપુંસક તીર્થંકર વગેરે. આ બન્નેથી જુદા પ્રકારના જે પ્રાયઃ અસંભવિસંભવિ કાર્ય હોય છે તેનો જ અવશ્યંભાવી તરીકે ઉલ્લેખ થાય છે. જો આવો નિયમ માનવામાં ન આવે તો દરેક કાર્યને અવશ્યંભાવી જ કહેવા પડે. કેમકે 'કાલ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), પૂર્વકૃત (કર્મ) અને પુરુષાર્થ એ પાંચના સમુહથી કાર્ય થાય છે' એવું માનનારા જૈનોને 'દરેક કાર્ય, તેમાં રહેલી નિયતિજન્યતાની અપેક્ષાએ અવશ્યંભાવી છે' એવું માનવું એ ઇષ્ટ છે. તે પણ એટલા માટે કે જે કાર્યના જેટલા કારણો હોય તે દરેક કારણથી તે કાર્ય જન્ય હોય છે, નિયતિ પણ, કાલાદિ પાંચ કારણોમાં ગણતરી તો પામેલી જ છે. માટે દરેક કાર્ય નિયતિજન્ય પણ છે જ. વળી નિયતિનો તો અર્થ જ એ છે કે 'જે જેવું થવાનું હોય તે તેવું અવશ્ય થાય જ.' એટલે દરેક કાર્યને અવશ્યંભાવી માનવાની આપત્તિ આવી પડે છે એ વાત સ્પષ્ટ છે. એ આપત્તિના વારણ માટે ઉક્ત નિયમ માનવો આવશ્યક છે. એટલે જ **જમાલિથી**

तदसत्, अनाभोगादेरिव विषयासन्निधानादेरपि कादाचित्कत्वेनावश्यंभावित्वोपपत्तेः केवलिनोऽप्यप्रमत्तयतेरिवावश्यम्भाविजीवविराधनोपपत्तेः, अन्यथा तमधिकृत्य वृत्तिकृता यत्सामयिककर्मबन्धाबन्धव्याख्यानं कृतं तस्यात्यन्तमनुपपत्तेः । किञ्च—अवश्यंभाविनी जीवविराधना प्रायोऽसंभविसंभवाऽप्रमत्तस्यैव न तु प्रमत्तस्य, तदीयकायव्यापाराज्जायमानस्य जीवघातस्य प्रायःसंभविसंभवत्वात्, प्रमत्तयोगानां तथास्वभावत्वाद्, अत एव प्रमत्तसंयतस्य प्रमत्तयोगानङ्गीकृत्यारंभिकी क्रियापि, तेषां योगानां जीवघाताहत्वाद्, अन्यथा प्रमत्ताप्रमत्तयोरविशेषः संपद्येत—इति परस्याभ्युपगमेऽवस्थितसूत्रस्यैवानुपपत्तिः, अनाकुट्टिकयाऽनुपेत्य प्रवृत्तमवश्यम्भाविजीवविराधनावन्तं प्रमत्तसंयतमधिकृत्यैवेहलोकवेदनवेद्यापतितकर्मबन्धस्य साक्षात्सूत्रेऽभिधानात्, तस्य च जीवविराधनाया अवश्यम्भावित्वस्य प्रायःसंभविसंभवत्वेन परेण निषेधात् । तस्मान्नायं पन्थाः, किन्त्वनभिमतत्वे सत्यवर्जनीयसामग्रीकत्वमवश्यम्भावित्वव्यवहारविषयः, अत एव

---

નિહ્નવમાર્ગની જે ઉત્પત્તિ થઈ તે અવશ્યંભાવી હતી એવું પ્રવચનમાં પ્રસિદ્ધ છે, કારણ કે શ્રી તીર્થંકર પરમાત્માએ જેને દીક્ષા આપેલી હોય તે શિષ્યમાંથી નિહ્નવમાર્ગની ઉત્પત્તિ થવી એ પ્રાયઃઅસંભવિસંભવવાળી હોય છે. આ જ રીતે, અપ્રમત્ત છદ્મસ્થ સાધુ કે જે જયણાપૂર્વક પ્રવર્તે છે તેના કાયાદિ વ્યાપારથી ઘણું ખરું તો વિરાધના થવી સંભવિત જ નથી (કેમકે એ જયણાપૂર્વક પ્રવર્તે છે.) તેમ છતાં તેનાથી અનાભોગવશાત્ કદાચિત્ જે વિરાધના થઈ જાય છે તે પ્રાયઃ અસંભવિસંભવવાળી હોઈ અવશ્યંભાવિની કહી શકાય છે. પણ આ રીતે કેવલીથી પણ જો વિરાધના થઈ જતી હોય તો તેને અવશ્યંભાવિની કહી શકાતી નથી, કેમકે આવા કાર્યોમાં રહેલ કાદાચિત્કતાનો (ક્યારેક જ થઈ જવાપણાનો) નિયામક જે અનાભોગ હોય છે તે જ કેવલીઓને હોતો નથી. તેથી કેવલીથી જો વિરાધના થતી હોય તો એમાં કાદાચિત્કતા ન હોવાથી અવશ્યંભાવિત્વ પણ હોતું નથી. એટલે કે, કેવલીઓ અવશ્યંભાવી વિરાધનાવાળા હોતા નથી. માટે તેઓને અનૂદ્ય બનાવીને (તેઓનો નિર્દેશ કરીને) અવશ્યંભાવીવિરાધનાની બાબતમાં કાંઈ વિચારવાનું હોતું નથી.

**[અનાભોગાદિની જેમ વિષયાસંનિધાનાદિથી પણ કાદાચિત્કતા સંભવિત]**

**ઉત્તરપક્ષ** :–આવો પૂર્વપક્ષ ખોટો છે, કારણ કે કાદાચિત્કત્વનો એકલો અનાભોગ એ જ નિયામક છે એવું નથી, પણ વિષયનું અસંનિધાન વગેરે પણ એના નિયામક છે. જે જીવની વિરાધના થઇ રહી હોય તે જીવ કેવલીના જ્ઞાનના વિષય તરીકે સંનિહિત હોવા છતાં પ્રયત્નના વિષય તરીકે અસંનિહિત હોવો પણ સંભવે છે. એટલે કે કેવલીના ઉચિત પ્રયત્નનો એ યોગ્ય અવસરે વિષય બનતો નથી અને તેથી એની રક્ષા શક્ય બનતી નથી. આવા બધા પ્રકારના વિષયના અસંનિધાન વગેરે કારણે કાદાચિત્કત્વ સંભવિત હોઇ અવશ્યંભાવિત્વ પણ સંભવે જ છે. તેથી અપ્રમત્તયતિની જેમ કેવલીને પણ અવશ્યંભાવી જીવવિરાધનાનો સંભવ હોવો સંગત છે. જો આવું ન માનીએ તો કેવલી અંગે વૃત્તિકારે જે વ્યાખ્યા કરી છે કે 'સયોગી કેવલીને સામયિક કર્મબંધ થાય છે અને અયોગી કેવલીને અબંધ હોય છે' તે અત્યંત અસંગત

'जिज्ञासिताऽजिज्ञासितयोर्वस्तुनोः पुरःस्थितयोरेकस्य दर्शनार्थमुन्मीलितेन चक्षुषाऽपरस्यापि दर्शनमवश्यं भवति' इति व्यवह्रियते। अत एव च जमालेर्भगवता दीक्षणे निह्नवमार्गोत्पादस्यावश्यम्भावित्वमपि नानुपपन्नं, तदानीं तस्यानभिमतस्याप्यवर्जनीयसामग्रीकत्वाद्, एवंविधा

બની જાય, કારણ કે કેવલીના કાયસ્પર્શવગેરેથી જો વિરાધના જ ન થતી હોય તો વિરાધનાથી થતા કર્મનાબંધ-અબંધની વિચારણામાં તેનો ઉલ્લેખ કરવાની જરૂર જ શી? વળી પૂર્વપક્ષીની જે નીચેની માન્યતા છે તેને સ્વીકારવામાં અધિકૃત સૂત્ર જ અસંગત થઈ જાય છે.

**પૂર્વપક્ષમાન્યતા** :-પ્રાયઃ અસંભવિસંભવવાળી જે વિરાધના હોય તે અવશ્યંભાવી કહેવાય છે. અને તે તો અપ્રમત્તને જ હોય છે, પ્રમત્તને નહિ. કેમકે તેની (પ્રમત્તની) કાયપ્રવૃત્તિથી થતો જીવઘાત પ્રાયઃસંભવિસંભવવાળો હોય છે. અર્થાત્ પ્રમત્તના યોગો જીવઘાત કરવાના સ્વભાવવાળા હોઈ તેનાથી થનાર જીવઘાત બહુલતાએ 'ન થનાર' નથી હોતો, પણ 'થનાર' હોય છે, તેથી જ તો એ પ્રમત્તયોગોની અપેક્ષાએ પ્રમત્તસંયતને આરંભિકી ક્રિયા પણ હોવી માની છે, કેમકે તેઓના યોગો જીવઘાત કરવાને યોગ્ય હોય છે. અપ્રમત્તના યોગોને પણ આવા સ્વભાવવાળા માની શકાતા નથી. તે એટલા માટે કે પ્રમત્ત અને અપ્રમત્ત સંયતમાં કષાયાદિકૃત ભેદ તો હોતો નથી. તેથી જુદા જુદા સ્વભાવરૂપ યોગકૃતભેદ પણ જો તેઓમાં માનવાનો ન હોય તો એ બેમાં કોઈ ભેદ જ ન રહેવાની આપત્તિ આવે.

[પૂર્વપક્ષવિચારણાને સ્વીકારવામાં સૂત્રની અસંગતિનો દોષ]

**ઉત્તરપક્ષ** :- પૂર્વપક્ષીની આવી માન્યતા સ્વીકારવામાં અધિકૃતસૂત્ર જ એટલા માટે અસંગત થઈ જાય છે કે અનાકુટ્ટિથી (આકુટ્ટિ વગર) અનુપેત્ય (અજાણપણે) પ્રવૃત્ત થએલા અને અવશ્યંભાવી જીવવિરાધનાવાળા એવા પ્રમત્તસંયતને ઉદ્દેશીને જ ઇહલોકવેદનવેદ્યાપતિતકર્મબંધની વાત સૂત્રમાં સાક્ષાત્ કરી છે. જ્યારે પૂર્વપક્ષી તો પોતાની માન્યતા મુજબ, 'પ્રમત્તસંયતથી થતી વિરાધના પ્રાયઃ સંભવિસંભવવાળી હોઈ અવશ્યંભાવી જ હોતી નથી' એ રીતે પ્રમત્તસંયતમાં અવશ્યંભાવી જીવવિરાધનાનો જ નિષેધ કરે છે. માટે અવશ્યંભાવિત્વવ્યવહારની આવી માન્યતા યોગ્ય નથી. તો કેવી માન્યતા યોગ્ય છે? એને જણાવવા વૃત્તિકાર (ગ્રન્થકાર) આગળ કહે છે—અનભિમત હોવા સાથે જે અવર્જનીયસામગ્રીવાળું હોય તે અવશ્યંભાવી કહેવાય અર્થાત્ જે વસ્તુ ઇષ્ટ નથી, તેમ છતાં તેની કારણ સામગ્રી અવર્જનીય હોઈ તે પણ અવશ્ય થઈ જતી હોય તો એ અવશ્યંભાવી કહેવાય. તેથી જ જિજ્ઞાસિત અને અજિજ્ઞાસિત એમ સામે રહેલી બે વસ્તુમાંથી જિજ્ઞાસિત વસ્તુ જોવા માટે આંખ ખોલવામાં આવે તો અજિજ્ઞાસિત વસ્તુનું પણ અવશ્ય દર્શન થઈ જાય છે એવો વ્યવહાર કરાય છે. (અજિજ્ઞાસિત વસ્તુનું દર્શન ઇષ્ટ નથી. તેમ છતાં, એ વસ્તુ યોગ્ય સ્થાનમાં હોવી, આંખ ખોલવી વગેરે એના દર્શનની જે કારણ સામગ્રી છે તે પણ જિજ્ઞાસિત ચીજના દર્શન માટે આંખ ખોલવામાં આવે છે ત્યારે સંપન્ન થઈ જાય છે. એટલે એ અજિજ્ઞાસિત ચીજનું

चावश्यंभाविनी विराधना संयतानां सर्वेषामपि संभवति, इति तामधिकृत्य वृत्तिकृदुक्ता व्यवस्था केवलिन्यपि युक्तिमत्येवेति । वस्तुतः सर्वस्यापि कार्यस्य पुरुषकारभवितव्यतोभयजन्यत्वेऽपि 'इदं कार्यं पुरुषकारजनितं' 'इदं च भवितव्यताजनितं' इति विभक्तो व्यवहार एकैकस्योत्कटत्वलक्षणां बहुत्वलक्षणां वा मुख्यतामादायैव शास्त्रकारैरुपपादितः । तदिह साधूनामनाकुट्या जायमाने जीवघाते भवितव्यताया एव मुख्यतया व्याप्रियमाणत्वात् तत्रावश्यम्भावित्वव्यवहारः, न त्वनाभोगजन्यत्वमेव तत्र तन्त्रं, आभोगपूर्वकस्य कारणिकस्यापि तस्य विवेकयोग्यबन्धहेतोः पृथक्करणेनेहलोकवेदनवेद्यापतितकर्मबन्धहेतुतया परिशेषितस्यावश्यम्भावित्वेनैव परिगणनात्, ततो जीवरक्षापरिणामवतामाकुट्या जीवघातप्रवृत्तिरहितानां सर्वेषामेव संयतानां या काचिद्विराधना भवति सावश्यम्भाविनी, इति कायस्पर्शमनुचीर्णैः प्राणिभिरुपजायमानां तामाश्रित्याऽऽकेवलिनं वृत्तिकृदुक्तव्यवस्थायां न कोऽपि सन्देह इति सूक्ष्ममीक्षणीयम् ।।६६।।

---

પણ દર્શન થઈ જાય છે. આવા દર્શનનો 'ભાઈ, એ પણ સાથે અવશ્ય દેખાઈ જ જાય' ઈત્યાદિરૂપે અવશ્યંભાવી તરીકે વ્યવહાર થાય છે) અવશ્યંભાવીનો વ્યવહાર આવો હોવાથી જ ભગવાને જમાલિને દીક્ષા આપી એમાં નિહ્નવ માર્ગની ઉત્પત્તિ અવશ્યંભાવી બની ગઈ એ વાત પણ અસંગત બનતી નથી. કેમકે એ વખતે અનભિમત એવી પણ તે નિહ્નવમાર્ગની ઉત્પત્તિની સામગ્રી અવર્જનીય હતી. આમ અવર્જનીય સામગ્રીના કારણે થતી આવી અવશ્યંભાવિની વિરાધના બધા સંયતોને સંભવે છે. જીવની વિરાધના થવામાં તે જીવનું તેવું કર્મ, અન્ય જીવની કાયાનો તેવો સ્પર્શ વગેરે કારણસામગ્રી રૂપ છે. એમાં કાયાનો સ્પર્શ રૂપ જે એક ઘટક છે તે ચાહે પ્રમત્તસંયતની કાયાનો હોય, અપ્રમત્તની કાયાનો હોય, સયોગી કેવળીની કાયાનો હોય કે અયોગી કેવલીની કાયાનો હોય, તે કારણસામગ્રીને સંપન્ન થવામાં એનો કોઈ ફેર પડતો નથી. તેથી અપ્રમત્તની કાયા દ્વારા જેમ તે અવર્જનીય કારણસામગ્રીના કારણે અવશ્યંભાવિની જીવ વિરાધના થઈ જવી સંભવે છે તેમ શેષ પણ સઘળા સંયતોની કાયા દ્વારા તે સંભવિત છે જ. એટલે અવશ્યંભાવી જીવવિરાધનાના આ અધિકારમાં વૃત્તિકારે જે વ્યવસ્થા દેખાડી છે તે કેવલીઓમાં પણ યુક્તિયુક્ત જ છે.

[ અવશ્યંભાવિત્વ અંગે વાસ્તવિકતા ]

અવશ્યંભાવિત્વ અંગેની વાસ્તવિકતાનો વિચાર કરીએ તો જણાય છે કે દરેક કાર્ય પુરુષાર્થ અને ભવિતવ્યતા ઉભયજન્ય હોવા છતાં 'આ કાર્ય પુરુષાર્થથી થયું છે' કે 'આ કાર્ય ભવિતવ્યતાથી (અવશ્યંભાવી હોવાથી) થયું છે' એવો જુદો જુદો જે વ્યવહાર થાય છે તેની, તે બેમાંથી એક એકની ઉત્કટતારૂપ કે બહુલતારૂપ મુખ્યતાને આગળ કરીને જ શાસ્ત્રકારોએ સંગતિ કરી છે. એટલે કે જે કાર્ય માટેનો યોગ્ય પ્રયત્ન જોરદાર હોય (કે વારંવાર કરાયો હોય) અને કાર્ય થાય તો એ કાર્ય પુરુષાર્થજન્ય કહેવાય છે. જેવા કાર્ય માટેનો યોગ્ય પુરુષાર્થ જોરદાર (અને વારંવારનો) હોવા છતાં, કે વિપરીત કાર્યનો પુરુષાર્થ મુખ્યતયા ન હોવા છતાં વિપરીત કાર્ય થઈ જાય તો એ વિપરીત જે કાર્ય થાય છે તેને માટે 'ભવિતવ્યતા જ એવી જોરદાર હતી ત્યાં

एवं सत्यपि परस्येयं शङ्कोन्मीलति यदुत—'अत्र कर्मबन्धं प्रति विचित्रता, तथाहि—शैलेश्यवस्थायां कायसंस्पर्शेन मशकादीनां प्राणत्यागेऽपि पञ्चविधोपादानकारणाभावान्नास्ति बन्धः' इत्यत्र कर्तुः सम्यग्विचारे मशकादीनां प्राणत्यागस्य कर्त्ता किमयोगिकेवली उतान्यः कश्चिद् ? नाद्यः, अयोगित्वकर्तृत्वयोर्विरोधेनायोगिकेवलिनः कर्तृत्वाभावात्, न हि कायादिव्यापारमन्तरेण कर्त्ता भवितुमर्हति, 'क्रियाहेतुः स्वतन्त्रः कर्त्ता' इति वचनात्। यदि चायोगिकेवलिनः शरीरस्य संपर्कादपि जायमानो जीवघातस्तन्निमित्तकत्वेन तत्कर्तृको भण्यते, तर्हि अपसिद्धान्तः स्यात्, पुरुषप्रयत्नमन्तरेणापि प्राणत्यागलक्षणस्य कार्यस्य जायमानत्वेन पञ्चसमवायवादित्वहानेः, निमित्तत्वमात्रेण च कर्तृत्वव्यपदेशोऽपि न भवति, साध्व्यादिनिमित्तकोपसर्गस्य दानादेश्च साध्वा-

---

કોઇ ગમે એટલો પ્રયત્ન કરે શું થાય ?' ઇત્યાદિ રૂપે ભવિતવ્યતાજન્યતાનો (અવશ્યંભાવિત્વનો) વ્યવહાર થાય છે. પ્રસ્તુતમાં પણ, સાધુઓથી અનાકુટ્ટિથી જે જીવવિરાધના થઇ જાય છે તેમાં ભવિતવ્યતા જ મુખ્ય ભાગ ભજવે છે, કારણ કે જીવને મારવાના પુરુષાર્થનો મુખ્યતયા અભાવ હોય છે (ઉપરથી બચાવવાનો પુરુષાર્થ હોય શકે). તેથી એ જીવવિરાધનાનો અવશ્યંભાવી તરીકે વ્યવહાર થાય છે. પૂર્વપક્ષીએ 'અનાભોગજન્યત્વ જ એ વ્યવહારમાં નિયામક છે' એવું જે કહ્યું છે તેવું તો છે જ નહિ, કેમકે આભોગપૂર્વકનો પણ કારણિક જીવઘાત અવશ્યંભાવી તરીકે જ ગણાયો છે. તે આ રીતે–જેને દૂર કરવા વિવેક (પ્રાયશ્ચિત્ત) આવશ્યક બને તેવા કર્મબંધના હેતુભૂત આકુટ્ટિકૃત જીવઘાત વગેરેથી જુદો ગણીને આ જીવઘાતને ઈહલોકવેદનવેદ્યાપતિતકર્મબંધના હેતુ તરીકે પરિશેષિત કર્યો છે. (અર્થાત્ પારિશેષન્યાયથી તે જીવઘાતને તાદૃશ કર્મબંધના હેતુ તરીકે સિદ્ધ કર્યો છે.) અને ઇહલોકવેદનવેદ્યાપતિત કર્મબંધના હેતુભૂત એવા તેની તો વૃત્તિકારે 'પૂર્વોક્ત ક્રિયા કરતા સાધુથી અવશ્યંભાવી તરીકે જે થાય છે તે હવે કહે છે' ઈત્યાદિ રીતે 'અવશ્યંભાવી'ના ઉલ્લેખવાળી પૂર્વભૂમિકા (અવતરણિકા) રચીને પછી તેને જણાવનાર સૂત્રની વ્યાખ્યા રૂપે વાત કરી છે. તેથી એની પણ અવશ્યંભાવી તરીકે ગણતરી છે એ સિદ્ધ થાય છે. માટે જીવરક્ષાપરિણામવાળા અને જીવઘાતની આકુટ્ટિ પૂર્વકની પ્રવૃત્તિ વિનાના એવા પ્રમત્તાદિ બધા સાધુઓથી જે કોઇ વિરાધના થાય તે અવશ્યંભાવિની હોય છે એ નક્કી થાય છે. (પછી ભલેને એમાં આભોગ હોય કે ન પણ હોય.) તેથી કાયસ્પર્શને પામીને થતી જીવવિરાધનાને આશ્રીને આભોગયુક્ત એવા પણ કેવલી સુધીના જીવોના કર્મબંધાદિની વૃત્તિકારે જે વ્યવસ્થા દેખાડી છે તેમાં કોઇ સંદેહ રહેતો નથી એ સૂક્ષ્મતાથી વિચારવું. ॥૬૬॥

[ કેવલીમાં વિરાધનાકર્તૃત્વ અસંભવિત હોઇ નિર્દેશ અયોગ્ય-પૂ૦ ]

આમ વૃત્તિકારે દેખાડેલી વ્યવસ્થામાં કોઇ સંદેહ રહેતો ન હોવા છતાં પૂર્વપક્ષીને શંકા પડયા કરે છે કે–આચારાંગવૃત્તિના આ અધિકારમાં કર્મબંધ પ્રત્યે વિચિત્રતા દેખાડેલી છે. જેમકે 'શૈલેશી અવસ્થામાં કાયસ્પર્શથી મશકાદિ મરતા હોવા છતાં કર્મબંધના મિથ્યાત્વાદિરૂપ પંચવિધ ઉપાદાનકારણનો અભાવ હોવાથી કર્મબંધ થતો નથી, ઇત્યાદિ'. આમાં બરાબર વિચાર કરીએ તો પ્રશ્ન ઊઠે છે કે 'મશકાદિ મરે છે

दिकर्तृकत्वेन व्यपदेशप्रसक्तेः । द्वितीयविकल्पे'ऽन्यः कश्चित् कर्त्ता' इत्यत्रानन्यगत्याऽनाभोगवतः कूपपातवदनिष्टोऽपि मशकादीनां निजप्राणत्यागोऽनाभोगवशेन म्रियमाणमशकादिकर्तृक एव, 'यदि मशकादीनां निजकायादिव्यापारो नाभविष्यत् तर्हि शरीरसंपर्काभावेन निजप्राणत्यागोऽपि नाभविष्यद्' इति व्याप्तिबलेन मशकादियोगजन्यत्वात् । तथा चायोगिकेवलिनि मशकादिकर्तृका

---

તેઓની હિંસાનો કર્તા કોણ ? અયોગી કેવલી કે બીજો કોઈ ?' અયોગી કેવલીને તેનો કર્તા માની શકાતો નથી, કારણ કે અયોગિત્વ અને કર્તૃત્વને વિરોધ હોઈ અયોગી કેવલીમાં કર્તૃત્વ હોતું નથી તે વિરોધ એટલા માટે છે કે 'ક્રિયાનો જે સ્વતંત્ર હેતુ હોય તે કર્તા' એ વચનપરથી જણાય છે કે 'કાયાદિના વ્યાપાર (યોગ) સિવાય જીવ ક્રિયાનો હેતુ બની શકતો ન હોવાથી એનામાં કર્તૃત્વ આવી શકતું નથી.' વળી એવું જો કહેશો કે 'જીવના કાયવ્યાપાર વગેરેથી થયેલો જીવઘાત જેમ તજ્જીવનિમિત્તક કહેવાય છે તેમ જીવના શરીરના સંપર્કથી થયેલો જીવઘાત પણ તજ્જીવનિમિત્તક કહેવાય છે. એટલે અયોગી કેવલીના શરીરના સંપર્કથી થયેલો જીવઘાત પણ અયોગી કેવલીનિમિત્તક હોઈ અયોગીકેવલીકર્તૃક જ છે' (આવું જો કહેશો) તો અપસિદ્ધાન્ત થશે તે આ રીતે–જેને કર્તા માન્યા છે તે અયોગી કેવલી તો કોઈ વ્યાપાર કરતા નથી. શરીર સાથે અથડાવાનો જેનો વ્યાપાર છે તે મશકાદિને તો કર્તા માન્યા ન હોઈ તેનો તે વ્યાપાર અહીં પુરુષાર્થ તરીકે ગણી શકાતો નથી. એટલે કે આ જીવઘાતરૂપ કાર્યમાં કોઈનો પુરુષાર્થ નિમિત્ત બનતો નથી. તેથી પુરુષપ્રયત્ન વિના જ પ્રાણત્યાગરૂપ કાર્ય થયેલું માનવું પડવાથી, 'કોઈપણ કાર્ય નિયતિ, પુરુષાર્થ વગેરે પાંચ કારણ જન્ય હોય છે.' એવો પંચ સમવાયવાદિત્વનો જે સિદ્ધાન્ત છે તે હણાઈ જાય છે. વળી શરીરસંપર્ક વગેરેના કારણે જીવમાં કાર્યનું નિમિત્તત્વ હોવા માત્રથી તે જીવનો 'કર્તા' તરીકે તો ઉલ્લેખ પણ થતો નથી, (કેમકે સ્વતન્ત્ર હેતુત્વ હોય તો તે ઉલ્લેખ થાય છે.) બાકી એ રીતે ઉલ્લેખ થઈ જતો હોય તો તો સાધુને જે ઉપસર્ગ થાય છે અને આહારાદિનું જે દાન થાય છે તેને પણ સાધુકર્તૃક કહેવા પડશે, કેમકે સાધુ પણ તે ઉપસર્ગ, દાન વગેરે કાર્યના નિમિત્ત કારણ તો છે જ. (તે પણ એટલા માટે કે સાધુ વિદ્યમાન હતા તો તે ઉપસર્ગ, દાન વગેરે થયા.)

[મશકાદિકર્તૃકજીવઘાત સયોગીકેવળીને અસંભવિત-પૂ૦]

'તે હિંસાનો કર્તા બીજો કોઈ છે' એવો બીજો વિકલ્પ સ્વીકારીએ તો છેવટે બીજો કોઈ માર્ગ ન દેખાતાં, બીજા જીવતરીકે તે મરી રહેલા મશકાદિને જ કર્તા માનવા પડે છે. અર્થાત્ પોતાને ઇષ્ટ ન હોવા છતાં અનાભોગવશાત્ કોઈ વ્યક્તિ કૂવામાં પડી જાય અને મરી જાય તો જેમ તે પોતે જ પોતાના પ્રાણત્યાગનો કર્તા મનાય છે તેમ પ્રસ્તુતમાં મશકાદિના પ્રાણત્યાગને પણ સ્વકર્તૃક જ માનવો પડે છે, કેમકે 'મશકાદિએ જો અયોગી કેવલીની કાયાને સ્પર્શવાનો કાયાદિ વ્યાપાર કર્યો ન હોત તો શરીરસંપર્ક ન થવાથી તેઓનો પોતાનો પ્રાણત્યાગ પણ ન થાત' એવી વ્યાપ્તિના કારણે તે પ્રાણત્યાગ મશકાદિના યોગજન્ય જ હોય છે. તેથી મશકાદિકર્તૃક જીવવિરાધના કે જે અયોગીકેવલી

जीवविराधना बन्धाभाववती सम्भवत्यपि सयोगिकेवलिनि तु सा कथं स्यात् ? तत्र हिंसा भवन्ती तद्योगान्वयव्यतिरेकानुविधायित्वेन तत्कर्तृकापि स्यात्, न च केवलिनो जीवविराधना-कर्तृत्वमिष्यते, इति कर्तृकार्यभावसम्बन्धेन जीवविराधना विचारे कथं केवलिनो निर्देशो युज्यते ?इति । तत्र आह--

**कारगसंबंधेणं तस्स णिमित्तस्सिमा उ मज्जाया ।**
**कत्ता पुणो पमत्तो णियमा पाणाइवायस्स ॥ ६७ ॥**

(कारकसंबंधेन तस्य निमित्तस्येयं तु मर्यादा । कर्त्ता पुनः प्रमत्तो नियमात्प्राणातिपातस्य ॥ ६७ ॥)

**कारगसंबंधेणं ति ।** कारकस्याधिकरणादिरूपस्यायोगिकेवल्यादेः पश्चानुपूर्व्या प्रमत्तसंयतान्तस्य **संबंधेन, तस्य** साक्षात्कायस्पर्शप्रत्ययारंभस्य **निमित्तस्य इयमाचाराङ्गवृत्तिकृदुक्ता मर्यादा**–'अयोगिकेवल्यादिकारकसंबन्धमात्रेणैव साक्षादारंभस्य बाह्यस्य निमित्तस्य प्रस्तुता फलाफलविचारणा क्रियते, न तु कर्तृकार्यभावसंबन्धेन जीवविराधनाविचारः क्रियते' इति नोक्तानुपपत्तिरित्यर्थः । **कर्त्ता पुनः प्राणातिपातस्य नियमात् प्रमत्त एव,** शास्त्रीयव्यवहारेण प्रमादवत एव प्राणातिपातकत्वव्यवस्थितेः, ततो यदि कर्तृकार्यभावसंबन्धेनैवात्र जीवविराधनाविचारः प्रस्तुतस्तदा पराभ्यु-

---

ને કોઈ કર્મબંધ કરાવતી નથી તે અયોગીકેવલીને સંભવે પણ છે, પણ સયોગીકેવલીને તો તે શી રીતે સંભવે ? કેમકે તેના શરીરને સ્પર્શીને જો જીવ વિરાધના થતી હોય તો તે કેવલીના પોતાના જ યોગના અન્વય-વ્યતિરેકને અનુસરનારી હોઈ તેને કેવલી-કર્તૃક જ માનવી પડે. પણ કેવલીમાં તો જીવવિરાધનાનું કર્તૃત્વ હોવું ઇષ્ટ નથી. તેથી સયોગીકેવલીના શરીરને સ્પર્શીને મશકાદિની જીવવિરાધના થાય છે એવું માની શકાતું નથી. આમ કર્તૃ-કાર્યભાવના સંબંધથી વિચાર કરતાં જણાય છે કે અયોગી કે સયોગી કોઈ પણ કેવલી જીવવિરાધનાના કર્તા હોવા સંભવતા નથી. અને તો પછી જીવવિરાધનાની વિચારણામાં કેવલીનો નિર્દેશ કરવો શી રીતે ઘટે ? પૂર્વપક્ષીની આવી શંકાનું **સમાધાન** કરવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** પાછલા ક્રમે અયોગીકેવલીથી માંડીને પ્રમત્તસંયતસુધીના જીવો કે જેઓ હિંસાદિના અધિકરણ વગેરે રૂપ કારક બને છે તેઓના સંબંધથી (સંબંધને આગળ કરીને) સાક્ષાત્ કાયસ્પર્શનિમિત્તે થયેલ તે આરંભના નિમિત્તની **આચારાંગના વૃત્તિકારે** કહેલી આ મર્યાદા છે. પ્રાણાતિપાતનો કર્તા તો નિયમા પ્રમત્ત જ હોય છે, અપ્રમત્તવગેરે નહિ.

[**નિર્દેશ કર્તૃત્વને નહિ, કારકત્વને આગળ કરીને છે-ઉ૦**]

તે મર્યાદા આવી છે–અહીં અયોગીકેવલી વગેરે રૂપ કારકના સંબંધ માત્રની અપેક્ષાએ, સાક્ષાત્આરંભના બાહ્યનિમિત્તને મળતા ફળ-અફળની પ્રસ્તુત વિચારણા કરાય છે, નહિ કે કર્તૃકાર્યસંબંધથી જીવવિરાધનાની વિચારણા...અર્થાત્ કાયસ્પર્શથી જીવવિરાધના રૂપ કાર્યના જે જે કોઈ કર્તા સંભવતા હોય તેઓને કર્મબંધ થાય કે ન થાય ? થાય તો કેટલો થાય ? ઈત્યાદિ વિચારણા અહીં પ્રસ્તુત નથી, કિન્તુ તે જીવવિરાધનાના અધિકરણાદિરૂપ કારક જે અયોગીકેવલી વગેરે સંભવતા હોય તેઓને થતા કર્મના અબંધ-

पगमरीत्या केवलिन इवाप्रमत्तसंयतस्यापि निर्देशोऽप्रामाणिक इति सर्वमेव वृत्तिकृदुक्तं विशीर्येत । यदि चोपचारेणाप्रमत्तयतेरपि कथञ्चित्कर्तृत्वमिष्यते तदोपरिष्टादप्युपचारेणैतत्कल्पनं ग्रन्थकाराभिप्रायानुरोधादेव निराबाधम् । इति यदुच्यते परेण—'सयोगिकेवली कदाचिज्जीवविराधकः संभवति, भवस्थकेवलित्वाद्, अयोगिकेवलिवद्' इत्यत्र कदाचिज्जीवविराधकत्वं साध्यमयोगिकेवलिनि दृष्टान्ते नास्ति, तस्याऽकर्तृत्वात् । किञ्च—अयोगिकेवलिदृष्टान्तदातुरयोगित्वकर्तृत्वयोर्विरोधापरिज्ञानमपि स्फुटमेव—इत्यादि, तत्सर्वं ग्रन्थाभिप्रायापरिज्ञानविजृम्भितमिति मन्तव्यं, न ह्येवमधिकृताचाराङ्गवृत्तिग्रन्थः कथमप्युपपादितो भवतीति ॥ ६७ ॥

---

કેટલોબંધ વગેરેની વિચારણા પ્રસ્તુત છે. તેથી 'કેવલીઓ જીવવિરાધનાના કર્ત્તા હોવા સંભવતા ન હોઇ તેઓનો નિર્દેશ કરવો અસંગત છે' એવી આપત્તિ રહેતી નથી. બાકી શાસ્ત્રીય વ્યવહાર મુજબ પ્રમાદયુક્તજીવ જ હિંસક કહેવાતો હોઇ હિંસાનો કર્ત્તા તો અવશ્ય પ્રમત્ત જ હોય છે. તેથી પૂર્વપક્ષીની માન્યતા મુજબ કર્તૃ-કાર્યભાવસંબંધને આગળ કરીને જ જો આ વિચારણા હોય તો કેવલીની જેમ અપ્રમત્તસંયત પણ હિંસાનો કર્ત્તા ન બનતો હોઈ તેનો પણ નિર્દેશ અપ્રામાણિક બની જવાથી વૃત્તિકારે કરેલી બધી પ્રરૂપણા જ ઊડી જાય.

**શંકા** :–અપ્રમત્તયતિ વગેરેપણ હિંસાના કર્ત્તા હોતા નથી. તેમ છતાં તેઓમાં કાયવ્યાપારાદિરૂપ યોગ હાજર હોવાથી અને તે હિંસા તેઓના યોગના અન્વયવ્યતિરેકને અનુસરતી હોવાથી તેઓને ઉપચારથી હિંસાના કર્ત્તા કહી વૃત્તિકારે તેઓનો નિર્દેશ કર્યો છે. આવું જો માનીએ તો એ પ્રરૂપણા ઊડી જવાની આપત્તિ આવતી નથી.

[અથવા ઉપચરિતકર્તૃત્વને આગળ કરીને છે–ઉ૦]

**સમાધાન** :–તો પછી આ રીતે તો સયોગીકેવલીમાં પણ યોગોની હાજરીના કારણે ઉપચારથી કથંચિત્ કર્તૃત્વ હોવાની કલ્પના ગ્રન્થકારના તેવા અભિપ્રાયમુજબ નિરાબાધ જ હોઇ તેઓનો નિર્દેશ પણ અસંગત રહેશે નહિ. માટે અહીં કારકસંબંધને આગળ કરીને કર્મબંધ–અબંધની વિચારણાનો અભિપ્રાય છે તે, અથવા જો કર્તૃકાર્યભાવસંબંધને આગળ કરીને વિચારણા હોય તો અપ્રમત્તાદિનો ઉપચરિતકર્તૃત્વાદિની અપેક્ષાએ નિર્દેશ છે તેવો અભિપ્રાય છે તે, સ્વીકારવું જોઇએ. તેથી જ (વૃત્તિકારનો આવો અભિપ્રાય હોવાથી જ) પૂર્વપક્ષીએ નીચેની જે શંકા કરી છે તેના પરથી જણાય છે કે પૂર્વપક્ષી આ અભિપ્રાયથી અજાણ છે એનો જ એ ખેલ છે. તે શંકા–અયોગીકેવલીના શરીરસંસ્પર્શથી થતી જીવવિરાધનાને આગળ કરીને ઉત્તરપક્ષી જો આવો અનુમાનપ્રયોગ કરે કે 'સયોગીકેવલી ક્યારેક જીવવિરાધક બનવો સંભવે છે, કેમકે ભવસ્થકેવલી છે, જેમકે અયોગીકેવલી' તો તેમાં, અયોગીકેવલી કર્ત્તા ન હોઇ 'ક્યારેક જીવવિરાધકપણું' રૂપ સાધ્ય અયોગીકેવલીરૂપ દૃષ્ટાન્તમાં નથી. અર્થાત્ આપેલ દૃષ્ટાન્ત સાધ્યવિકલ હોઇ અનુમાનપ્રયોગ ખોટો ઠરે. વળી આ રીતે અયોગીકેવલીનું દૃષ્ટાન્ત આપનાર 'અયોગીત્વ અને કર્તૃત્વ વિરોધી છે' એ બાબતનો અજાણ છે એ વાત પણ સ્પષ્ટ જણાય છે.—પૂર્વપક્ષીની આવી શંકા ગ્રન્થના હમણાં જ કહી ગયા તેવા અભિપ્રાયનું પૂર્વપક્ષીને જે અપરિજ્ઞાન

नन्वयं ग्रन्थः प्रासङ्गिक एव । तथाहि—अयोगिकेवलिनि मशकादिघातस्तावन्मशकादिकर्तृक एव, तथा च कर्मबन्धोऽप्यध्यवसायानुगतो मशकादीनामेव भवति, एककर्तृकयोरेव कर्मबन्धोपादानकारणयोः परस्परं कार्यकारणभावसंबन्धाद्, न पुनर्भिन्नकर्तृकयोरपि, सांसारिकजीवकर्तृकैः पञ्चविधोपादानकारणैः सिद्धानामपि कर्मबन्धप्रसक्तेः । तस्मादन्वयव्यतिरेकाभ्यामनादिसिद्धकार्यकारणभावव्यवस्थासिद्ध्यर्थं 'अत्र च कर्मबन्धं प्रति विचित्रता' इत्यादि प्रसङ्गतोऽभिहितम् । तत्र 'अयोगिन्युपादानकारणाभावात्कर्मबन्धाभावः' इति व्यतिरेकनियमः प्रदर्शितः, स चान्वय-

---

છે તેનો જ ખેલ એટલા માટે છે કે ઉપર દેખાડી ગયા તેવો અભિપ્રાય હોવાથી અમારે આવા અનુમાનપ્રયોગની જરૂર જ નથી. અમે તો એવો અનુમાનપ્રયોગ ફલિત કરીએ છીએ કે, 'સયોગી કેવલી ક્યારેક જીવવિરાધનાના અધિકરણાદિરૂપ કારક બનવા સંભવે છે, કેમકે ભવસ્થકેવલી છે, જેમકે અયોગી કેવલી.' બાકી પારમાર્થિક (અનુપચરિત) કર્તૃત્વ–કાર્યત્વને આગળ કરીને પ્રસ્તુત વિચારણા હોવાની માન્યતાનું તમારું જે અભિમાન છે તે તો તદ્દન ખોટું જ છે, કેમકે એ પ્રમાણે તો અધિકૃત **આચારાંગવૃત્તિગ્રન્થ** કોઇ રીતે સંગત બનતો નથી. માટે પ્રસ્તુત ગ્રન્થ કારકસંબંધની અપેક્ષાએ કે ઉપચરિત કર્તૃત્વાદિસંબંધની અપેક્ષાએ હોઈ સયોગીકેવલીનો વૃત્તિકારે કરેલ નિર્દેશ અયોગ્ય નથી. અને તેથી જ, તેઓની ઉપશાન્તમોહી વગેરેની સાથે સમુચ્ચયથી (ભેગી) જે વાત કરી છે તેના પરથી જણાય છે કે સયોગીકેવલી અને ક્ષીણમોહી એ બન્ને પ્રકારના જીવો જીવવિરાધનાના કારકવગેરે બનવાની બાબતમાં ઉપશાન્તમોહી ને તુલ્ય જ હોય છે. માટે ઉપશાન્તમોહીની જેમ તેઓને પણ દ્રવ્યહિંસા હોવી આ ગ્રન્થાધિકારથી સિદ્ધ થાય છે.

[ આચારાંગનો આ ગ્રન્થાધિકાર પ્રાસંગિક જ છે-પૂ૦ ]

**પૂર્વપક્ષ** :– આચારાંગસૂત્ર અને તેની વૃત્તિના આ અધિકાર પરથી કેવલીમાં દ્રવ્યહિંસાની સિદ્ધિ તમે આ રીતે કરો છો કે "આ અધિકારમાં પ્રમત્તસંયત વગેરેના સાક્ષાત્ કાયસ્પર્શથી જીવોને પરિતાપ વગેરેરૂપ જે વિરાધના થાય છે તેને પહેલાં જણાવીને પછી આ બાબતમાં થતા કર્મબંધમાં જે વિચિત્રતા છે તે જણાવી છે. અને એ વિચિત્રતાના અધિકારમાં ઉપશાન્તમોહી, ક્ષીણમોહી અને સયોગીકેવલી એ ત્રણેયને સમાન સામયિક બંધ કહ્યો છે. એટલે કે ઉપશાન્તમોહીને દ્રવ્યહિંસાથી જેમ સામયિકબંધ થાય છે તેમ ક્ષીણમોહી અને સયોગીકેવલીને પણ દ્રવ્યહિંસાથી સામયિક બંધ થાય છે એવું આમાં સ્પષ્ટ જણાય છે. તેથી ક્ષીણમોહી અને સયોગીકેવલીને દ્રવ્યહિંસા હોય છે એ પણ સિદ્ધ થઇ જ જાય છે." પણ, તમે આ રીતે આ અધિકાર પરથી દ્રવ્યહિંસાની જે સિદ્ધિ કરો છો એ યોગ્ય નથી. કેમકે આ અધિકારમાં કર્મબંધની જે વાત છે, તે એ અધિકારના પ્રારંભમાં સાક્ષાત્ કાયસ્પર્શથી થતી વિરાધનાની જે વાત કરી છે એના જ અંગેની વિશેષ પ્રરૂપણા રૂપ નથી, કિન્તુ 'કર્મબંધ અને ઉપાદાન કારણ વચ્ચેના અનાદિસિદ્ધ કાર્યકારણભાવની વ્યવસ્થાની સિદ્ધિ માટે વૃત્તિકારે કરેલી પ્રાસંગિક પ્રરૂપણા રૂપ છે. એટલે 'સાક્ષાત્ કાયસ્પર્શથી થયેલ જીવઘાતથી જે કર્મબંધ

नियमस्य दार्ढ्यहेतुः, अन्यथा कर्मबन्धविचित्रताविचारेऽबन्धकस्यायोगिकेवलिनो भणनमनर्थकमेव संपद्येत, प्रयोजनाऽभावाद् । योगवत्सु च 'उपादानकारणसत्त्वे कर्मबन्धलक्षणकार्यसत्त्व'' इत्यन्वयनियमं प्रदर्शयन्नेव 'योगवतामपि कर्मबन्धवैचित्र्यमुपादानकारणवैचित्र्यायत्तमेव' इति नियमसिद्धयर्थं प्रथमं कारणावैचित्र्ये कार्य(र्या)ऽवैचित्र्यं 'उपशान्तक्षीणमोहसयोगिकेवलिनां स्थितिनिमित्तकषायोदयाभावात् सामयिकः कर्मबन्धः' इति समुच्चयभणनेन बभाण वृत्तिकारः, तेषां च त्रयाणामपि मिथ्यात्वाविरतिकषाययोगप्रमादलक्षणानां पञ्चविधोपादानकारण नां मध्ये केवलयोगस्यैव सत्त्वेन कर्मबन्धोऽपि सत्यस्यय एव, स च सामयिकसातवेदनीयकर्मबन्धलक्षणः समान एव भवति, विचित्रताहेतुमोहनीयोदयाभावात् , न पुन'रुपशान्तस्येव क्षीणमोहस्यापि जीवघातादिकं भवति' इति

થાય છે તેની વિચિત્રતાની જ અહીં વાત છે' એવું કહી શકાતું ન હોવાથી એવું પણ કહી શકાતું નથી કે આ 'અધિકારમાં કેવલીનો પણ જે નિર્દેશ છે તેનાથી જ જણાય છે કે કેવલીના કાયસ્પર્શથી પણ જીવઘાત (દ્રવ્યહિંસા) થાય જ છે.. આચારાંગવૃત્તિનો આ ગ્રન્થ પ્રાસંગિક જ છે તે વાતની સિદ્ધિ આ રીતે જાણવી.

[ એ અધિકાર કર્મબંધ અંગેના કાર્યકારણભાવની વ્યવસ્થાની સિદ્ધિ માટે-પૂ૦ ]

અયોગી કેવલીના શરીર પર થતો મશકાદિનો ઘાત મશકાદિકર્તૃક જ હોય છે. તેથીસ્તો કર્મબંધ પણ મશકાદિને જ પોતપોતાના અધ્યવસાયને અનુરૂપ થાય છે. પણ અયોગીકેવલીને થતો નથી. કેમકે એકકર્તૃક એવા જ કર્મબંધ અને યોગાદિરૂપ ઉપાદાનકારણ વચ્ચે કાર્યકારણભાવ છે. અર્થાત્ જે જીવ યોગાદિને કરે છે (પ્રવર્ત્તાવે છે) તે જ જીવ જે કર્મબંધ કરે છે તે કર્મબંધ અને યોગાદિ વચ્ચે જ કાર્યકારણ ભાવ છે. પણ ભિન્ન કર્તૃક તે બે વચ્ચે કાર્યકારણ ભાવ નથી. અર્થાત્ એક જીવના યોગાદિથી બીજાને કર્મબંધ થવા રૂપ કાર્ય થતું નથી, કેમકે એવું હોય તો તો સાંસારિક જીવે સેવેલા મિથ્યાત્વાદિ રૂપ પાંચ ઉપાદાનકારણોથી સિદ્ધોને પણ કર્મબંધ થવાની આપત્તિ આવે. તેથી એક કર્તૃક કર્મબંધ અને ઉપાદાનકારણ વચ્ચે જે અનાદિસિદ્ધ કાર્યકારણભાવ છે તેની વ્યવસ્થાની અન્વયવ્યતિરેકથી સિદ્ધિ કરવા માટે વૃત્તિકારે 'अत्र च कर्मबन्धं प्रति विचित्रता' ઇત્યાદિ વાતો પ્રસંગ પામીને કહી છે. તે પ્રરૂપણામાં અન્વયવ્યતિરેક આ રીતે દેખાડયા છે. 'અયોગી કેવલીમાં (તેના શરીરને સ્પર્શીને જીવઘાત થતો હોવો છતાં) યોગાદિ રૂપ ઉપાદાન કારણનો અભાવ હોવાથી કર્મબંધનો પણ અભાવ હોય છે' એવું જે જણાવ્યું છે તે વ્યતિરેકનિયમ દેખાડયો. તે પણ અન્વયનિયમની દઢતા માટે જ દેખાડેલો જાણવો, કેમકે નહિતરતો કર્મબંધની વિચિત્રતાની વિચારણામાં જેને કર્મબંધ જ થતો નથી એવા અયોગીકેવલીની વાત નિષ્પ્રયોજન હોઇ નિરર્થક જ બની જાય. યોગયુક્ત જીવોમાં 'ઉપાદાનકારણ હાજર હોઈ કર્મબંધ રૂપ કાર્ય પણ હાજર હોય છે' એનો અન્વય નિયમ દેખાડતાં જ વૃત્તિકારે ભેગી ભેગી 'કર્મબંધરૂપ કાર્યની વિચિત્રતા ઉપાદાનકારણની વિચિત્રતાને આધીન જ છે' એવા નિયમની સિદ્ધિ કરવી છે. એ સિદ્ધિ માટે પહેલાં તે નિયમનો જે વ્યતિરેક છે કે 'કારણમાં વિચિત્રતા ન હોય તો કાર્યમાં પણ વિચિત્રતા ન આવે' તે વ્યતિરેક દેખાડવા

बुद्धया समुच्चयेन भणनं, सर्वांशसाम्यमधिकृत्य समुच्चयेन भणितेरसंभवाद्, अन्यथोपशान्तस्येव क्षीणमोहस्यापि जीवघातादिहेतुमोहनीयसत्तापि वक्तव्या स्यात्, तथा केवलिवदुपशान्तस्यापि सर्वज्ञत्वं वक्तव्यं प्रसज्येत, नहि 'नारकतिर्यग्नरामराः कर्मबन्धकाः' इत्यादि समुच्चयभणनेन सर्वेषामपि साम्यं कस्यापि संमतम्। तस्माद्यथा सामान्यतः कर्मबन्धमधिकृत्य नारकादीनां समुच्चयेन भणनं तथा सामयिकसातवेदनीयकर्मबन्धमधिकृत्योपशान्तादीनां समुच्चयेम भणनं, इत्यत्र प्रासङ्गिके प्रथमाङ्गवृत्तिग्रन्थे नास्माकमनभीप्सितसिद्धिरित्याशङ्कायामाह—

जो पुण इह कत्तारं नियमा मसगाइजीवमहिकिच्च।
भणइ इमं पासंगियमइप्पसंगो फुडो तस्स ॥६८॥

(यः पुनरिह कर्त्तारं नियमान्मशकादिजीवमधिकृत्य। भणतीदं प्रासङ्गिकमतिप्रसङ्गः स्फुटस्तस्य ॥६८॥)

માટે 'ઉપશાન્તમોહી, ક્ષીણમોહી અને સયોગીકેવલી જીવોને સ્થિતિબંધના કારણભૂત કષાયનો ઉદય ન હોવાથી સામયિક કર્મબંધ હોય છે' એવું વૃત્તિકારે સમુચ્ચયથી કહ્યું છે. આ ત્રણે પ્રકારના જીવોને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદરૂપ પાંચ ઉપાદાનકારણોમાંથી માત્ર યોગ જ હાજર હોઇ કર્મબંધ પણ તન્નિમિત્તક જ થાય છે. અને તે શાતાવેદનીયકર્મના સામયિક બંધરૂપે તે દરેકને એક સરખો જ થાય છે, કેમકે તેમાં વિષમતા લાવનાર મોહનીય કર્મના ઉદયનો તે દરેકમાં અભાવ હોય છે.

[ ઉપશાન્તાદિની સમુચ્ચયથી વાત વૈચિત્ર્યનો વ્યતિરેક દેખાડવા-પૂ૦ ]

આમ કારણ-કાર્ય અંગેના વૈચિત્ર્યના નિયમનો વ્યતિરેક દેખાડવા જ તે અંશમાં સમાન એવા આ ત્રણેની ભેગી વાત કરી છે, નહિ કે 'ઉપશાન્તમોહીની જેમ ક્ષીણમોહી (અને સયોગીકેવલી) પણ મશકાદિની હિંસાના કારક બને છે અને તેથી તેઓને પણ જીવઘાતાદિ હોય છે' એવું દેખાડવાની બુદ્ધિથી. કેમકે કર્મબંધના અંશમાં સામ્ય હોય છે તે તો દેખાડવું જ છે. હવે જો જીવઘાતાદિ અંશનું પણ સામ્ય દેખાડવું હોય તો ફલિત એ થાય કે સર્વ અંશોમાં સામ્ય દેખાડવું છે. અને એ માટે તો સમુચ્ચયપૂર્વક કથન કરવું જ અસંભવિત છે, કેમકે સર્વાંશમાં સામ્ય દેખાડવા માટે તો ઉપશાન્તમોહીની જેમ ક્ષીણમોહી જીવમાં પણ જીવઘાતાદિની હેતુભૂત મોહસત્તા કહેવી પડે, તેમ જ સયોગી કેવલીની જેમ ઉપશાન્તમોહીને પણ એ જ કથન દ્વારા (સર્વજ્ઞતા અંશમાં પણ તુલ્ય જણાવવા આવશ્યક હોઇ) સર્વજ્ઞ પણ કહેવા પડે. 'નારક-તિર્યંચ-મનુષ્ય અને દેવો કર્મબંધક હોય છે' ઈત્યાદિ સમુચ્ચય વચન પરથી 'તે દરેકનું દરેક અંશમાં સામ્ય કહ્યું છે' એવું કાંઈ કોઇને સંમત નથી. તેથી જેમ સામાન્યથી કર્મબંધને ઉદ્દેશીને નારકાદિની સમુચ્ચયથી જે વાત કરી છે તેના પરથી 'તેઓમાં અન્ય અંશનું પણ સામ્ય હોય છે' એવું સિદ્ધ કરી શકાતું નથી તેમ સાતાવેદનીયના સામયિકકર્મબંધને ઉદ્દેશીને જ ઉપશાન્તાદિની સમુચ્ચયથી વાત કરી હોવાથી તેના પરથી 'તેઓમાં જીવઘાતાદિની હાજરી રૂપ અંશનું પણ સામ્ય હોય છે' એવું સિદ્ધ કરી શકાતું નથી. આમ પ્રથમાંગવૃત્તિનો ઉક્ત અધિકાર આ બાબતમાં પ્રાસંગિક હોવાથી

जो पुण त्ति । यः पुनरिह शैलेश्यवस्थायामवश्यंभाविन्यां जीवविराधनायां कर्त्तारं नियमान्मशकादिजीवमधिकृत्येदमाचाराङ्गवृत्युक्तं प्रासङ्गिकं भणति तद्विराधनाकर्तृमशकादिजीवगतोपादानकर्मबन्धकार्यकारणभावप्रपञ्चप्रदर्शनमात्रप्रसङ्गप्राप्तं वदति, न तु स्वसम्बद्धजीवविराधनाफलाफलवैचित्र्यप्रदर्शनपरं, तस्य स्फुट एवातिप्रसङ्गः । एवं ह्यप्रमत्तसंयतस्यापि प्रमादनियतजीवविराधनाकर्तृत्वाभावेन जीवविराधनानिमित्तककर्मबन्धो म्रियमाणजीवगत एव पर्यवस्येद्, नत्वप्रमत्तसंयतनिष्ठ इति कर्मबन्धानुमेयविराधनाया अप्रमत्तसंयतादिषु विचित्राया अभिधानमखिलं व्यधिकरणमेव स्यादिति । किञ्च-'अत्र कर्मबन्धं प्रति विचित्रता' इत्यत्र 'अत्र' इति निमित्तसप्तम्याश्रयणात् संयतसम्बद्धावश्यंभाविजीवविराधनानिमित्तमधिकृत्यैव कर्मबन्धविचित्रता वक्तुमुपक्रान्ता, सा च कर्मबन्धाभावकर्मबन्धावान्तरभेदान्यतररूपेति नायोगिनि तद्विचित्रताऽनुप-

---

એના પરથી અમારા અનિષ્ટની (કેવલીમાં દ્રવ્યહિંસાની) સિદ્ધિ થઈ જતી નથી. આવી **પૂર્વપક્ષશંકા** ને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :- ઉત્તરપક્ષ-** પૂર્વપક્ષીનું આવું જે કથન છે કે "શૈલેશી અવસ્થામાં થતી અવશ્યંભાવિની જીવવિરાધના અંગેની વાત કર્ત્તાની અપેક્ષાએ તો નિયમા મશકાદિજીવ માટે જ હોવી સંભવે છે. અર્થાત્ તે વિરાધનાથી થતા કર્મબંધની વાત કરવી હોય તો એ મશકાદિને થતા કર્મબંધની જ હોવી સંગત બને, અયોગીને થતા કર્મબંધાભાવની નહિ. કેમકે એ તો એના કર્ત્તા ન હોવાથી વિરાધનાફળની વિચારણાનો વિષય જ બનતા નથી. તેથી, **આચારાંગની વૃત્તિમાં** અયોગીની પણ વાત કરી છે તેનાથી જણાય છે કે એ વિચારણા તે તે વિરાધનાથી કેટલો કેટલો કર્મબંધ થાય એ જણાવવા માટે નથી કિન્તુ આ પ્રસંગને પામીને કંઈક અન્ય પ્રરૂપણા કરવાની આ કોઈ પ્રાસંગિક વાત છે. અર્થાત્ તે વિરાધનાના કર્ત્તા મશકાદિજીવમાં રહેલ યોગાદિરૂપ ઉપાદાનકારણ અને કર્મબંધરૂપ કાર્ય વચ્ચેના કાર્યકારણભાવનો પ્રપંચમાત્ર દેખાડવા માટે તે પ્રાસંગિક વિચારણા કરી છે, નહિ કે સ્વસંબદ્ધ જીવવિરાધનાથી પણ અયોગી વગેરે ભિન્ન ભિન્ન જીવોમાં ફળ-ફળાભાવ વગેરેનું વૈચિત્ર્ય કેવું ઊભું થાય છે એ દેખાડવા માટે." તે કથન પર સ્પષ્ટ અતિપ્રસંગની **આપત્તિ આવી પડે છે.**

[ તે અધિકારને પ્રાસંગિક માનવામાં અતિપ્રસંગ -૩૦ ]

તે અતિપ્રસંગ આ રીતે- 'અયોગીકેવલીમાં યોગનિયત (યોગ-વ્યાપાર હોય તો જ કર્તૃત્વ હોય) એવું જીવવિરાધનાનું કર્તૃત્વ ન હોવાથી જીવવિરાધનાનિમિત્તક કર્મબંધ મરી રહેલા જીવને જ થાય છે' એવું માનવામાં ફલિત એ થશે કે અપ્રમત્તસંયતમાં પણ પ્રમાદનિયત એવું જીવવિરાધનાનું કર્તૃત્વ ન હોવાથી જીવવિરાધનાનિમિત્તક કર્મબંધ મરી રહેલા જીવને જ થશે, અપ્રમત્તસંયતને નહિ. (કારણકે પ્રમાદયુક્ત જીવને જ શાસ્ત્રમાં હિંસક=હિંસાના કર્ત્તા કહ્યા હોવાથી જણાય છે કે તે કર્તૃત્વ પ્રમાદનિયત છે.) અને તો પછી કર્મબંધરૂપ લિંગથી જેનું અનુમાન થાય છે તે વિરાધના અપ્રમત્તસંયતાદિમાં વિચિત્ર (જુદી જુદી) હોય છે એવું દેખાડવું એ સંપૂર્ણ વ્યધિકરણ જ બની જશે. અર્થાત્ કર્મબંધ જો મરી રહેલા જીવને થાય છે તો તે, તેના અધ્યવસાયાદિને

पत्तिः । अत एव—[1]'सेलेसिं पडिवन्नस्स जे सत्ता फरिसं पप्प उद्दायंति मसगादी, तत्थ कम्मबंधो णत्थि, सजोगिस्स कम्मबंधो दो समया । जो अपमत्तो उद्दवेइ तस्स जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अट्ठमुहुत्ता । जो पुण पमत्तो न य आउट्टिआए तस्स जहन्नेणं अंतोमुहुत्तं, उक्कोसेणं अट्ठसंवच्छराइं । जो उण आउट्टिआए पाणे उवद्दवेइ तवो वा छेओ वा वेयावडं वा करेइ ॥" इत्याचाराङ्गचूर्णावप्यवश्यम्भाविजीवविराधनानिमित्तक एव कर्मबन्धाभावः कर्मबन्धविशेषश्चायोगिकेवल्यादीनां संयतानां पश्चानुपूर्व्या व्यक्तः प्रतीयते । कर्मबन्धाभावादौ निमित्तत्वं च तत्र स्वसमानाधिकरणोपादानानुरोधेनाऽभिधीयमानं 'निमित्तमनैकान्तिकं' इति सम्प्रदायादविरुद्धम् । तथा च 'सजोगिस्स कम्मबंधो दो समया' इत्यत्र 'तत्र' इत्यस्यावश्यमनुषङ्गात् 'तत्र=कायस्पर्शं प्राप्य सत्त्वोपद्रवे सयोगिकेवलिनो द्वौ समयौ कर्मबन्धः' इति स्फुटार्थप्रतीतावुपशान्तक्षीणमोहयोरपि तत्समानजातीयत्वेन तत्र द्वावेव समयौ कर्मबन्धः स्फुटः, इति—वृत्तावुपशान्तादीनां समुच्चयेन भणनं न जीवघातमधिकृत्य—इति

જણાવી શકે, અપ્રમત્તસંયતાદિના અધ્યવસાયાદિને નહિ. એટલેકે કર્મબંધ જો મરી રહેલા જીવના અધ્યવસાય–વિરાધકભાવાદિને આધારે થાય છે તો એ અપ્રમત્તાદિમાં રહેલા વિરાધકભાવને (વિરાધનાદિને) શી રીતે જણાવે? વળી, 'अत्र कर्मबन्ध प्रति विचित्रता' ઈત્યાદિમાં 'अत्र' શબ્દમાં જે સપ્તમીવિભક્તિ છે તે નિમિત્તસપ્તમીના અર્થમાં છે. અર્થાત્ સંયતસંબદ્ધ અવશ્યંભાવી જીવવિરાધનારૂપ નિમિત્તને આશ્રીને જ કર્મબંધની વિચિત્રતા કહેવાનો પ્રયાસ છે. અને તે વિચિત્રતા કર્મબંધાભાવ અને કર્મબંધ રૂપ તેના બે અવાન્તરભેદમાંથી અન્યતર (એક) રૂપ હોય છે. તેથી અયોગી કેવલીમાં પણ કર્મબંધાભાવરૂપ તે વિચિત્રતા હોવી અસંગત નથી. તેથી જ **આચારાંગની ચૂર્ણિમાં** પણ, અવશ્યંભાવીજીવવિરાધનાનિમિત્તક જ જે કર્મબંધાભાવ કે કર્મબંધવિશેષ અયોગી કેવલીથી માંડીને સંયત સુધીના જીવોને હોય છે તે પાછલા ક્રમે કહ્યો હોવો પ્રતીત થાય છે. તે ચૂર્ણિ આ પ્રમાણે– "સ્પર્શ પામીને જે મશક વગેરે જીવો મરી જાય છે તે અંગે શૈલેશી અવસ્થાને પામેલા જીવને કર્મબંધ હોતો નથી. સયોગી કેવલીને બે સમયનો બંધ હોય છે. જે અપ્રમત્ત વિરાધના કરે છે તેને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી આઠ મુહૂર્તનો કર્મબંધ થાય છે. જે પ્રમત્ત અનાકુટ્ટિથી વિરાધના કરે છે તેને જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી આઠ વર્ષનો સ્થિતિબંધ થાય છે. જે પ્રમત્ત આકુટ્ટિથી પ્રાણઘાત કરે છે તેને તપ કે છેદ પ્રાયશ્ચિત્ત આવે છે અથવા વૈયાવચ્ચ કરવાની હોય છે."

### [ નિમિત્ત કારણ અનૈકાન્તિક પણ હોય ]

**શંકા** :– આમાં 'જીવવિરાધનાનિમિત્તક જ કર્મબંધાભાવ કે કર્મબંધવિશેષ....' ઈત્યાદિ કહ્યું છે એવું તમે જે કહ્યું તેમાં પ્રશ્ન ઊઠે છે કે જીવવિરાધના કર્મબંધના અભાવનું નિમિત્ત કારણ શી રીતે બની શકે? કેમકે એક તો જીવવિરાધના કર્મબંધ કરાવવાના સ્વભાવવાળી છે. તેમજ મશકાદિની વિરાધના રહિત પણ અયોગીકેવલીઓને

१. शैलेशीं प्रतिपन्नस्य ये सत्त्वाः स्पर्शं प्राप्यापद्रान्ति मशकादयः तत्र कर्मबन्धो नास्ति, सयोगिनः कर्मबन्धो द्वौ समयौ । योऽप्रमत्तोऽपद्रायति तस्य जघन्येनान्तर्मुहूर्त्तमुत्कर्षेणाष्टमुहूर्त्तानि । यः पुनः प्रमत्तो न चाकुट्टया, तस्य जघन्येनान्तर्मुहूर्तमुत्कर्षेणाष्ट संवत्सराणि । यः पुनराकुट्टया प्राणिनोऽपद्रापयति तपो वा छेदोवा वैयावृत्त्यं वा करोतीत्यादि ॥

यदुच्यते तद्बहुश्रुतत्वयशःक्षतिकरमेव, समुच्चयप्रतियोगिनां पदार्थानां तुल्यवत्प्रकृतधर्मविशिष्टक्रियान्वयित्वेनैव समुच्चयनिर्वाहाद् । एवं च यथा 'सिकतादौ घृतादिसंसर्गेऽपि स्नेहाभावान्न बन्धः, बदरचूर्णसक्तुचूर्णादीनां तु चिरकालस्थितिहेतुस्नेहविशेषाभावादल्पकालीनो बन्धः, कणिक्कादीनां तु स्नेहोत्कर्षादुत्कृष्टबन्धः' इत्यत्र बदरचूर्णादीनां तुल्यवदेव स्नेहविशेषाभावविशिष्टप्रकृतघृतादिसंसर्गनिमित्तकाल्पकालीनबन्धभवनक्रियान्वयेनैव समुच्चयः प्रतीयते, तथा

---

કર્મબંધનો અભાવ હોઈ કર્મબંધાભાવ પ્રત્યે તે અનૈકાન્તિક પણ છે. **સમાધાન** :-પોતે જે અધિકરણમાં થઇ રહી છે તે કેવલી વગેરે રૂપ અધિકરણમાં રહેલ યોગાદિઉપાદાનકારણને અનુસરીને કર્મબંધાભાવ-સામયિકકર્મબંધ વગેરે રૂપ વિચિત્રતાના નિમિત્તકારણ તરીકે તેને કહી છે. વળી 'નિમિત્તકારણ અનૈકાન્તિક હોય છે' (જેમકે દાન એ પુણ્યબંધનું નિમિત્તકારણ છે, તેમ છતાં કોઇને દાન કર્યા વિના પણ શુભભાવથી જ પુણ્યબંધ થઇ જાય છે. જેમકે જીરણશેઠને.) એવો સંપ્રદાય હોવાના કારણે તેને એ રીતે નિમિત્ત કહેવામાં કોઈ વિરોધ પણ નથી. માટે અહીં કર્મબંધાભાવ–સામયિક કર્મબંધ વગેરે પ્રરૂપણા વિરાધનારૂપ નિમિત્તને આશ્રીને હોઈ सजोगिस्स कम्मबंधो दो समया' એવું જે કહ્યું છે ત્યાં પણ નિમિત્ત સપ્તમીને જણાવનાર 'तत्र' પદનો અવશ્ય અન્વય કરવો પડે છે. અને તેથી 'તત્ર=કાયસ્પર્શને પામીને થયેલ જીવઘાતમાં (જીવઘાતનિમિત્તે) સયોગીકેવલીને બે સમયનો કર્મબંધ થાય છે' એવો સ્પષ્ટ અર્થ પ્રતીત થયે 'સ્થિતિબંધના નિમિત્તભૂત કષાયોદયની બાબતમાં (તેનો અભાવવાળા હોવા રૂપે) સયોગીકેવલીને સમાનજાતીય એવા ઉપશાન્તમોહી–ક્ષીણમોહી જીવોને પણ બે સમયનો જ કર્મબંધ હોય છે' એ પણ સ્પષ્ટ રીતે જણાય જ છે.

### [ સમુચ્ચયના અનિર્વાહની આપત્તિ ]

ચૂર્ણિ પરથી પણ આ રીતે જીવઘાતરૂપ નિમિત્તની અપેક્ષાએ ત્રણેને કર્મબંધ સમાન હોય છે એવું સ્પષ્ટ જણાતું હોવા છતાં, 'વૃત્તિમાં ઉપશાન્તમોહી વગેરેનું સમુચ્ચયથી જે કથન કર્યું છે તે તેઓમાં જીવઘાતની હાજરીરૂપ સામ્ય પણ જણાવવાની બુદ્ધિથી કર્યું નથી....' ઇત્યાદિ પૂર્વપક્ષી જે કહે છે તે તેની બહુશ્રુત તરીકેની જે ખ્યાતિ–યશ છે તેને ધક્કો લગાડનાર જ છે, કેમકે સમુચ્ચયના પ્રતિયોગી (ઘટકીભૂત) પદાર્થોમાં પ્રસ્તુત ધર્મવિશિષ્ટ ક્રિયાનો અન્વય સમાન રીતે કરવામાં આવે તો જ સમુચ્ચયનો નિર્વાહ થાય છે. અર્થાત્ જ્યાં દ્વન્દ્વસમાસ, 'ચ' કાર 'આદિ' વગેરે દ્વારા સમુચ્ચય જણાવવાનું તાત્પર્ય હોય ત્યાં જેઓનો સમુચ્ચય હોય તે બધામાંથી સાક્ષાદુક્ત એક પદાર્થમાં જે પ્રસ્તુતધર્મવિશિષ્ટ ક્રિયાનો જે રીતે અન્વય થતો હોય તેની સમાન રીતે જ તે ક્રિયાનો ઉક્ત અન્યપદાર્થોમાં કે 'આદિ' વગેરેથી સૂચિત અન્ય પદાર્થોમાં અન્વય થતો હોય તો સમુચ્ચય જળવાય છે. આનું તાત્પર્ય આ દૃષ્ટાન્ત પરથી જાણી શકાશે–રેતી વગેરેમાં ઘી ભેળવવા છતાં પોતાનામાં સ્નેહ ન હોવાથી રેતીનો પરસ્પર બન્ધ થતો નથી (પરસ્પર ચોંટતા નથી), બોરનુંચૂર્ણ–સક્તુચૂર્ણ વગેરેમાં લાંબો કાળ ટકી શકે એવા બંધના હેતુભૂત વિશેષપ્રકારનો સ્નેહ ન હોવાથી અલ્પકાલીન બંધ

प्रकृतेऽप्युपशान्तादीनां तुल्यवदेव स्थितिनिमित्तकषायाभावविशिष्टप्रकृतजीवघातनिमित्तकसामयिकबन्धभवनक्रियान्वयेनैव समुच्चयोपपत्ते(त्ति):, इति 'नारकतिर्यग्नरामराः...' इति दृष्टान्तेन प्रत्येकपदार्थधर्ममादाय समुच्चयखण्डनमपाण्डित्यविजृम्भितमेव, तस्य केनाप्यनभ्युपगतत्वात् । प्रकृतधर्मविशिष्टक्रियान्वयतुल्यतारूपसमुच्चयखण्डने तु समुच्चयतात्पर्यकवाक्यस्यैवानुपपत्तिः, इति न किञ्चिदेतत् ॥६८॥

---

થાય છે અને કણિક્કાવગેરેમાં સ્નેહ ઘણો હોવાથી લાંબો કાળ ટકી શકે એવો ઉત્કૃષ્ટ બંધ થાય છે. અહીં બદરચૂર્ણમાં, સ્નેહવિશેષના અભાવવિશિષ્ટ જે પ્રસ્તુત ઘૃતાદિ સંસર્ગ, તન્નિમિત્તક અલ્પકાલીન બંધ થવાની ક્રિયાનો જેવો અન્વય થાય છે તેને સમાનરીતે જ 'આદિ' શબ્દથી જેઓનો સમુચ્ચય કરવાનો છે તેવા સક્તુચૂર્ણ વગેરેમાં પણ તેવી અલ્પકાલીન બંધ થવાની ક્રિયાનો અન્વય થવા દ્વારા જ સમુચ્ચય ભાસે છે. જો સક્તુચૂર્ણ વગેરેમાં ઘૃતાદિસંસર્ગનિમિત્તક અલ્પકાલીન બંધ થવાની ક્રિયાનો તે રીતે અન્વય ન હોય, કિન્તુ તે સંસર્ગ વિના જ થયેલ તેવી ક્રિયાનો અન્વય હોય અથવા બંધાભાવરૂપ કે ઉત્કૃષ્ટબંધરૂપ ક્રિયાનો અન્વય હોય તો તો રેતી વગેરેની જેમ એનો પણ બદરચૂર્ણાદિ સાથે સમુચ્ચય થઈ શકતો નથી. આ રીતે પ્રસ્તુતમાં, ઉપશાન્તમોહ જીવમાં સ્થિતિબંધના નિમિત્તભૂત કષાયના અભાવવિશિષ્ટ જે પ્રસ્તુત જીવઘાત તન્નિમિત્તક સામયિકબંધ થવા રૂપ ક્રિયાનો જેવો અન્વય થાય છે તેને સમાન રીતે જ જો ક્ષીણમોહ અને સયોગી કેવલીમાં તાદૃશજીવઘાત નિમિત્તક સામયિકબંધ થવા રૂપ ક્રિયાનો અન્વય થતો હોય તો જ સમુચ્ચય થઈ શકે છે. તેથી સયોગી કેવલીમાં દ્રવ્યહિંસારૂપ જીવઘાત હોવો પણ તેનાથી જ જણાઈ જાય છે. માટે 'નારકતિર્યગ્નરામરાઃ....' ઇત્યાદિ દૃષ્ટાન્ત લઈને, સમુચ્ચયના પ્રતિયોગીભૂત ઉપશાન્તમોહ વગેરેરૂપ એક પદાર્થના 'મોહનીયસત્તા' વગેરે રૂપ ધર્મની સયોગી કેવલી વગેરેમાં આપત્તિ આપીને સમુચ્ચયનું જે ખંડન કર્યું છે તે તો અપાંડિત્યનો જ પ્રભાવ છે, કેમકે તેવા દરેક પદાર્થોના દરેક ધર્મને લઈને સમુચ્ચય હોવાનું તો કોઈ માનતું જ નથી.

**પૂર્વપક્ષ** :– નારક વગેરેના દૃષ્ટાન્તથી અમે 'પ્રત્યેક ધર્મને આગળ કરીને સમુચ્ચય હોવો સંભવિત નથી' ઈત્યાદિ રૂપે સમુચ્ચયનું ખંડન કરતા નથી કિન્તુ પ્રસ્તુત જીવઘાત નિમિત્તકત્વ વિશિષ્ટ સામયિક કર્મબંધ રૂપ ક્રિયાનો તુલ્ય રીતે અન્વય કરવા રૂપ જે સમુચ્ચય તમે કહી રહ્યા છો તેનું જ 'તેમાં સામયિક કર્મબંધરૂપ ક્રિયામાત્રનો (પછી ભલે ને તે ક્રિયામાં જીવઘાતનિમિત્તકત્વ ન પણ હોય) અન્વય કરવારૂપ સમુચ્ચય ભાસે છે.' એવું કહીને ખંડન કરીએ છીએ.

**ઉત્તરપક્ષ** :–આવું કહેવું યોગ્ય નથી, કેમકે તો પછી ઉપર બદરચૂર્ણાદિના દૃષ્ટાન્તમાં કહી ગયા તે મુજબ સમુચ્ચય જણાવવાના તાત્પર્યવાળું વાક્ય જ અસંગત રહે છે. માટે આ રીતે 'આચારાંગવૃત્તિ ગ્રન્થ પરથી અમારું અનિષ્ટ સિદ્ધ થઈ જવાની આપત્તિ નથી' ઇત્યાદિ પૂર્વપક્ષીની દલીલો વાહિયાત છે. ॥૬૮॥

तदेवमाचाराङ्गवृत्त्यभिप्रायेण यावदयोगिकेवलिनं संयतानामपि कायस्पर्शेनावश्यंभाविन्या जीवविराधनाया व्यक्तमेव प्रतीतावपि ये 'अयोगिकेवलिन्यवश्यंभावी मशकादिघातो मशकादिकर्तृको नत्वयोगिकेवलिकर्तृकः' इति शब्दमात्रेण मुग्धान् प्रतारयन्ति त एवं प्रष्टव्याः 'सोऽयमेवंविध एव सयोगिकेवलिनः कथं न भवति ?' इति । इत्थं पृष्टाश्च त एवमुत्तरं ददते—योगवतो हि केवलिनो जीवरक्षैव भवति, तत्कारणानां शुभयोगानां सत्त्वात्, अयोगिकेवलिनस्तु योगानामेवाभावेन स्वरूपयोग्यतयापि निजयोगजन्यजीवघातसामग्र्या अभाववज्जीवरक्षासामग्र्या अप्यभाव एव—इति तत्राह—

जियरक्खा सुहजोगा जइ तुह इट्ठा सजोगिकेवलिणो ।
हंदि तया तयभावे अजोगिणो हुज्ज हीणत्तं ॥६९॥

(जीवरक्षा शुभयोगाद्यदि तवेष्टा सयोगिकेवलिनः । हंदि तदा तदभावेऽयोगिनो भवेद्धीनत्वम् ॥ ६९ ॥)

जिअरक्खत्ति । जीवरक्षा=जीवघाताभावरूपा, यदि तव मते सयोगिकेवलिन इष्टा, केवलियोगानामेव जीवरक्षाहेतुत्वात्, हन्दीत्याक्षेपे, तदा तदभावे योगाभावेन जीवरक्षाऽभावेऽयोगिकेवलिनो हीनत्वं=सयोगिकेवल्यपेक्षयाऽपकृष्टत्वं भवेद् । अयं भावः—जीवघाताभावरूपा

---

[ અયોગીવત્ સયોગીના શરીર પર જીવઘાત કેમ નહીં ? પૂ૦ ને પ્રશ્ન ]

આમ **આચારાંગવૃત્તિના** અભિપ્રાય મુજબ, 'અયોગી કેવલી સુધીના સંયતોને પણ કાયસ્પર્શથી અવશ્ય થનારી જીવવિરાધના સંભવે છે' એ સ્પષ્ટ રીતે જણાતું હોવા છતાં જેઓ 'અયોગી કેવલીમાં અવશ્યંભાવી એવો મશકાદિઘાત મશકાદિકર્તૃક જ હોય છે, અયોગીકેવલીકર્તૃક નહિ' એવા શબ્દમાત્રથી મુગ્ધ જીવોને ઠગે છે તેઓને પૂછવું કે 'આવો મશકાદિકર્તૃક જ મશકાદિ જીવઘાત સયોગીકેવલીને કેમ થતો નથી ?' આ પ્રશ્નનો તેઓ એવો જવાબ આપે છે કે–'યોગયુક્ત કેવલીઓને જીવરક્ષા જ થાય છે, જીવઘાત નહિ, કેમકે જીવરક્ષાના કારણભૂત શુભયોગો હાજર હોય છે. જ્યારે અયોગી કેવલીને તો યોગોનો જ અભાવ હોઈ સ્વરૂપયોગ્યતાની અપેક્ષાએ પણ, સ્વયોગજન્યજીવઘાતની સામગ્રીનો જેમ અભાવ હોય છે તેમ જીવરક્ષાની સામગ્રીનો પણ અભાવ જ હોય છે.'—તેઓના આવા ઉત્તર અંગે ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- કેવલીના યોગો જ (જ્ઞાનાદિ નહિ) જીવરક્ષાના જ હેતુભૂત હોઈ સયોગીકેવલીઓને જીવઘાતના અભાવરૂપ જીવરક્ષા હોય છે એવું જો તમારા મતે સંમત છે તો અયોગી કેવલીઓ સયોગી કેવલી કરતાં હીન (ઉતરતા) બની જવાની આપત્તિ આવશે, કેમકે તેઓને યોગોનો અભાવ હોવાથી જીવરક્ષા પણ હોતી નથી.

[ 'સયોગીના યોગ જીવરક્ષાના હેતુ છે, માટે' એવા ઉત્તરમાં આપત્તિ ]

કહેવાનો આશય આ છે— સયોગીકેવલીને જીવઘાતના અભાવ રૂપ જે જીવરક્ષા જ હોવી તમે કહો છો તેને તમે કેવી માનો છો ? ગુણરૂપ ? દોષરૂપ ? ઉભયરૂપ ? કે અનુભયરૂપ ? ગુણરૂપ માનવામાં, અયોગીકેવલીમાં તે ગુણનો અભાવ હોઇ સયોગીકેવલી કરતાં હીનતા હોવી દુર્નિવાર જ બની જશે. દોષરૂપમાનવામાં તમારી પોતાની માન્યતા હણાય જશે. કારણકે 'સયોગીકેવલીમાં (તમે જેને દોષરૂપ માનેલ હોય તેવો પણ)

जीवरक्षा किं त्वया गुणरूपाऽभ्युपगम्यते, दोषरूपा, उभयरूपा अनुभयरूपा वा ? आद्ये तद्गुणवैकल्येनायोगिकेवलिनो हीनत्वं दुर्निवारमेव । द्वितीये तु स्वाभ्युपगमस्य हानिर्लोकशास्त्रविरोधश्च । तृतीयश्च पक्षो विहितक्रियापरिणतयोगरूपां जीवरक्षामधिकृत्य विहितक्रियात्वेन गुणत्वं योगत्वेन च दोषत्वमभिप्रेत्य सम्भवदुक्तिकोऽपि स्वाभाविकजीवघाताभावरूपां जीवरक्षामधिकृत्यासंभवदुक्तिक एव, न हि स गुणो दोषश्चेत्युभयरूपतामास्कन्दतीति । चतुर्थे तु तदभावेऽप्योगिकेवलिन इव सयोगिकेवलिनोऽपि न बाधक इति किं तत्रावश्यम्भाविजीवविराधनानिरासव्यसनितया ?

अथ जीवघाताभावमात्ररूपा जीवरक्षा न गुणः, किन्तु योगजन्यजीवघाताभावरूपा, सा च मशकादिकर्तृकमशकादिजीवघातकालेऽयोगिकेवलिनोऽपि विशिष्टाभावसत्त्वान्नानुपपन्नेति न तस्य तद्गुणवैकल्यम् । न वा सयोगिकेवलिनोऽपि योगात्कदाचिदपि जीवघातापत्तिः, तादृश-

---

દોષ સંભવે નહિ' એવી તમારી માન્યતાને પુષ્ટ કરવા તો 'તમે દોષરૂપ માનેલી એવી દ્રવ્યહિંસા તેઓમાં હોતી નથી' એવું સિદ્ધ કરવાનો તમારો પ્રયાસ છે. અને એ કરવા જતાં, તમે જેને દોષ રૂપ માની એ જીવરક્ષા માનવાની આપત્તિ આવી પડી. તેથી સયોગી કેવલીઓ નિર્દોષ હોય એવી માન્યતા તો હણાઈ જ ગઇ. વળી જીવરક્ષાને દોષરૂપ માનવી એ લોકવિરુદ્ધ અને શાસ્ત્રવિરુદ્ધ પણ છે. ઉભયરૂપ ત્રીજો પક્ષ પણ યોગ્ય ઠરતો નથી, કેમકે જીવરક્ષાને વિહિતક્રિયાતરીકે પરિણમેલા યોગરૂપ લઇને એમાં વિહિતક્રિયા તરીકે ગુણત્વનો અભિપ્રાય રાખીને અને યોગતરીકે લઇને દોષત્વનો અભિપ્રાય રાખીને ઉભયરૂપત્વ કહેવું એ સંભવિત હોવા છતાં સ્વાભાવિક જીવઘાતાભાવરૂપ જીવરક્ષા માટે તો તે કહેવું સંભવતું જ નથી, કેમકે તે અભાવ ગુણ અને દોષ ઉભય રૂપતાને પામી શકતો નથી. તેને અનુભય રૂપ માનવાનો ચોથો વિકલ્પ સ્વીકારવામાં આવે તો અયોગીકેવલીની જેમ સયોગીકેવલીને પણ તેવી જીવરક્ષાનો અભાવ (જીવઘાતાભાવાભાવ=જીવઘાત) હોવામાં પણ કોઇ બાધક નથી. અર્થાત્ જીવરક્ષા જો સયોગી કેવલીને ગુણ કે દોષ ઉભયરૂપ નથી, તો તેના અભાવરૂપજીવઘાત પણ દોષ કે ગુણ ઉભયરૂપ ન બનવાથી, સયોગીકેવલીને દ્રવ્યહિંસા માનવામાં 'તેઓને તદ્રૂપદોષયુક્ત' માનવાની આપત્તિ રૂપ જે બાધક આવતો હતો, તે આવશે નહિ. અને તો પછી 'અવશ્યંભાવી જીવવિરાધના રૂપ દ્રવ્યહિંસા તેઓને હોતી જ નથી' એવું સિદ્ધ કરવાના વ્યસનથી સર્યું ? અર્થાત્ હવે તમારે તમારી આગમવિરુદ્ધ બોલવાની એ કુટેવ છોડી દેવી જોઈએ.

[ચારિત્રમોહક્ષયથી જીવરક્ષાનો અતિશય પેદા થાય—પૂ૦]

**પૂર્વપક્ષ :** – જીવઘાતાભાવમાત્રરૂપ જીવરક્ષા એ ગુણ નથી, પણ યોગજન્યજીવઘાતના અભાવરૂપ જીવરક્ષા એ ગુણ છે. આવો ગુણ મશકાદિકર્તૃક મશકાદિજીવઘાતકાલે પણ અયોગી કેવલીમાં પણ અસંગત નથી, કેમકે જીવઘાત હોવા છતાં તે સ્વયોગજન્ય ન હોવાથી વિશિષ્ટજીવઘાતનો અભાવ તેનામાં જળવાઈ રહે છે. તેથી તેનામાં સયોગીકેવલીની અપેક્ષાએ તે અભાવાત્મક જીવરક્ષા રૂપ જે ગુણ તેના અભાવરૂપ ન્યૂનતા હોવાની

जीवरक्षारूपातिशयस्य चारित्रमोहनीयक्षयसमुत्थस्य ज्ञानावरणीयक्षयसमुत्थकेवलज्ञानस्येव सर्वकेवलिसाधारणत्वात्, संयतानां यज्जीवविषयकाभोगस्तज्जीवरक्षाया नियतत्वाच्च । अत एव सामान्यसाधूनामप्यनाभोगजन्यायामेव विराधनायां परिणामशुद्धया फलतोऽवधकत्वमुपदर्शितम् । तथा चोक्तं हितोपदेशमालायां—

[1]णणु कह उवउत्ताण वि छउमत्थमुणीण सुहुमजिअरक्खा । सच्चं तह वि ण वहगा उवओगवरा जओ भणिअं ॥

**एतद्व्याख्या यथा** "नन्विति पूर्वपक्षोपन्यासे, **छद्मस्थानां** विशिष्टातिशयज्ञानरहितानां **मुनीनां** साधूनामुप**युक्तानामपि** सम्यगीर्यासमितानामपि सूक्ष्माणां चर्मचक्षुषामदृश्यानां **जीवानां कथं रक्षासंभवः**? आचार्य आह–सत्यमवितथमेतत्, **तथापि** विशिष्टज्ञानशून्या अपि यद्युपयोगपराः पूर्वोक्तयुक्त्या चङ्क्रमणप्रवृत्तास्तदा संभवत्यपि प्राणिवधे **न वधका** न वधकार्यपापभाजः । न चैतत्काल्पनिकं, यत 'उच्चालिअंमि पाए०' [ ] इत्यादि भणितम् ॥

---

આપત્તિ આવતી નથી. એમ સયોગી કેવલીના પણ યોગથી ક્યારેય પણ જીવઘાત થવાની આપત્તિ આવતી નથી, કેમકે (૧) જ્ઞાનાવરણીયના ક્ષયથી ઉત્પન્ન થયેલ કેવલજ્ઞાનરૂપ અતિશય જેમ દરેક કેવલીઓમાં સમાન હોય છે તેમ ચારિત્રમોહનીય કર્મના ક્ષયથી દરેક કેવલીઓમાં તેવી જીવરક્ષા થવારૂપ એક સરખો અતિશય ઉત્પન્ન થયો હોય છે. તેમજ (૨) 'સાધુ માત્રને જે જીવનો આભોગ હોય તે જીવની રક્ષા તેઓ અવશ્ય કરે જ' (કારણકે નહિતરતો તે જીવની હિંસાની વિરતિ ન ટકવાથી સર્વવિરતિનો અભાવ થઈ જાય) એવો નિયમ હોવાથી સર્વજીવોના આભોગવાળા કેવલીને સર્વજીવોની રક્ષા જ હોવી સિદ્ધ થાય છે. માટે જ સામાન્યસાધુઓને પણ અનાભોગ જન્ય વિરાધના અંગે જ, પરિણામશુદ્ધિ જળવાઇ રહેતી હોવાથી ફળતઃ અવધકત્વ કહ્યું છે. જેમકે **હિતોપદેશમાલામાં** કહ્યું છેકે–"નનુ શબ્દ પૂર્વપક્ષનો ઉપન્યાસ કરવા માટે. **શંકા**–વિશિષ્ટ અતિશયિતજ્ઞાનરહિત સાધુઓને તેઓ સમ્યગ્ ઈર્યાસમિતિ વગેરેથી યુક્ત હોય તો પણ ચર્મચક્ષુથી ન દેખી શકાય એવા સૂક્ષ્મ જીવોની રક્ષા શી રીતે સંભવે? **સમાધાન**–તમારી શંકા સાચી છે. તે રક્ષા સંભવતી નથી. તેમ છતાં વિશિષ્ટજ્ઞાનશૂન્ય એવા પણ સાધુઓ જો ઉપયોગ પૂર્વક ચંક્રમણાદિમાં પ્રવૃત્ત થએલા હોય તો પ્રાણીવધ થવા છતાં વધક બનતા નથી. અર્થાત્ તે વધના ફળરૂપ પાપકર્મ બાંધતા નથી. આ વાત કાલ્પનિક નથી. કેમ કે 'उच्चालिअंमि पाए...' ઇત્યાદિમાં પણ આ વાત કરી છે." વળી કેવલીભગવાન્‌ને આ અહિંસા (જીવરક્ષા)નો અતિશય હોય છે. તેથી જ 'अणासवो केवलीणं ठाणं...' ઈત્યાદિ **પ્રશ્નવ્યાકરણસૂત્રમાં** 'અનાશ્રવ કેવલીઓનું સ્થાન છે, કેમ કે કેવલીઓ અહિંસામાં રહ્યા હોય છે.' ઇત્યાદિ કહ્યું છે. એમ **ચતુઃશરણપ્રકીર્ણક** (ગા.૧૭) 'सव्वजिआणमहिंसं अरिहंता' એ અંશનું 'સર્વ=સૂક્ષ્મ–બાદર–ત્રસ–સ્થાવર રૂપ બધા જીવો, તેઓની અહિંસાને=ન હિંસા=હિંસાના અભાવને યોગ્ય.' એવું વિવરણ કર્યું છે.

**ઉત્તરપક્ષ**:– આમ 'કેવળીઓ અહિંસામાં રહ્યા છે' ઇત્યાદિ વચન પરથી દરેક કેવળીઓમાં યોગજન્ય જીવઘાતના અભાવરૂપ જીવરક્ષાનો અતિશય સ્વીકારનાર તમારા મતે સયોગીકેવલીને સ્વયોગજન્યજીવઘાતનો અભાવ સિદ્ધ થતો હોવાથી તેવો જીવઘાત ભલે ન હો! પણ મશકવગેરેના પોતાના જ યોગથી, અયોગીકેવલીના શરીરસ્પર્શથી પણ તે થતો હોય તો તેનું વારણ શી રીતે કરશો?

यत एव भगवतोऽहिंसातिशयः, अत एव 'अणासवो केवलीण' ठाण' ' इति प्रश्नव्याकरण-सूत्रे 'केवलिनां स्थानं', केवलिनामहिंसायां व्यवस्थितत्वाद्' इत्युक्तम्। तथा चतुःशरणप्रकीर्णकेऽपि 'सव्वजिआणमहिंसं अरिहंता' इत्यत्र 'सर्वे सूक्ष्मबादरत्रसस्थावरलक्षणा ये जीवास्तेषां न हिंसाऽहिंसा तामर्हन्तः' इति विवृतमिति चेत्? नन्वेवं योगजन्यजीवघाताभावरूपाया जीवरक्षाया भगवतोऽतिशयत्वं स्वीकुर्वाणस्य तव मते सयोगिकेवलिनो योगाज्जीवघातो मा भूद्, अयोगिकेवलिवन्मशकादियोगादेव तत्कायस्पर्शेन मशकादिघातस्तु जायमानः कथं वारणीयः?—समानावच्छेदकतासंबंधेन तत्र केवलियोगानां प्रतिबन्धकत्वात् स वारणीयः—इति चेत्?

तत्किं प्रतिबन्धकत्वं शुभयोगत्वेन, उत केवलियोगत्वेन, आहोस्वित्क्षीणमोहयोगत्वेन? नाद्यः, अप्रमत्तसंयतानामपि जीवघातानापत्तेः, तेषामप्यात्माद्यनारंभकत्वेन शुभयोगत्वात्। न द्वितीयः, केवलियोगत्वेन जीवघातप्रतिबन्धकत्वे क्षीणमोहयोगात् तदापत्तेरप्रतिबन्धात्, सा च

---

[ કેવલીના યોગો જીવઘાત પ્રત્યે પ્રતિબંધક-પૂ૦ ]

**પૂર્વપક્ષ :-** સમાનઅવચ્છેદકતાસંબંધથી તે જીવઘાતપ્રત્યે કેવલીના યોગોને પ્રતિબંધક માની અમે તેનું વારણ કરીએ છીએ. અર્થાત્ તે જીવઘાતનું અધિકરણ કેવલીનું શરીર છે. તેથી તે જીવઘાત શરીરરૂપદેશાવચ્છેદેન થયો કહેવાય. એટલે કે સયોગીકેવલીનું શરીર તેનો અવચ્છેદક બન્યો. એમ સયોગીકેવલીનો યોગ પણ તે શરીરમાં છે. તેથી તેનો અવચ્છેદક પણ શરીર બન્યું. અને તેથી તે બન્ને અવચ્છેદકતા સંબંધથી શરીરમાં રહ્યા કહેવાય. હવે પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ એવો છે કે જ્યાં અવચ્છેદકતા સંબંધથી યોગો રહ્યા હોય ત્યાં તેઓ અવચ્છેદકતા સંબંધથી ઉત્પન્ન થતા જીવઘાતનો પ્રતિબંધ કરે. તેથી મશકાદિના પોતાના યોગથી પણ જે જીવઘાત થવાનો હોય તે કેવલીના યોગોથી પ્રતિબંધ પામેલ હોઇ સયોગીકેવલીના શરીરસ્પર્શથી પણ થતો નથી. જ્યારે અયોગી કેવલીના શરીરમાં તો અવચ્છેદકતાસંબંધથી યોગો રહ્યા હોતા નથી. તેથી કોઇ પ્રતિબંધક ન રહેવાથી તે જીવઘાત થાય છે.

[ અયોગીના શરીરથી પણ જીવઘાતાભાવની આપત્તિ-ઉ૦ ]

**ઉત્તરપક્ષ :-** તમે યોગોમાં આ જે પ્રતિબંધકત્વ માનો છો તે, તે યોગોમાં રહેલા કયા ધર્મના કારણે માનો છો? શુભયોગત્વ ધર્મના કારણે? કેવલીયોગત્વ ધર્મના કારણે કે ક્ષીણમોહયોગત્વ ધર્મના કારણે? પહેલો વિકલ્પ માની શકાય નહિ, કેમકે 'આત્માદિ અનારંભક' હોવાના કારણે અપ્રમત્તસંયતો પણ શુભયોગવાળા હોઇ તેઓમાં પણ જીવઘાત માની ન શકાવાની આપત્તિ આવે. બીજો પક્ષ પણ તમે માની શકતા નથી, કારણકે ક્ષીણમોહીના યોગમાં તે કેવલીયોગત્વ ધર્મ ન હોઈ તેના યોગો પ્રતિબંધક ન બનવાથી ક્ષીણમોહીને જીવઘાત સંભવિત બની જશે જે તમને માન્ય નથી. ત્રીજો વિકલ્પ પણ અયોગ્ય છે, કેમકે ક્ષીણમોહયોગત્વ ધર્મને આગળ કરીને તે પ્રતિબંધકત્વ માનવામાં ફલિત એ થાય કે જીવઘાતનો પ્રતિબંધ થવામાં મોહક્ષય પણ આવશ્યક છે. અને તો પછી મોહક્ષયને જ પ્રતિબંધક માનવામાં લાઘવ હોવાથી તેને જ પ્રતિબંધક માનવો ઉચિત બને. (તે લાઘવ આ રીતે-ક્ષીણમોહયોગત્વ ધર્મને આગળ કરીને પ્રતિબંધકતા

तत्रानिष्टेति । नापि तृतीयः, क्षीणमोहयोगत्वेन तत्प्रतिबन्धकत्वे कल्पनीये आवश्यकत्वाल्लाघवाच्च मोहक्षयस्यैव तथात्वकल्पनौचित्यात् । तथा चायोगिकेवलिनोऽपि कायस्पर्शान्मशकादिव्यापत्त्यभ्युपगमो दुर्घटः स्यादिति । न च सर्वजीवाहिंसालक्षणोऽतिशयोऽहिंसायाः केवलिस्थानत्वं वाऽयोगिकेवलिबहिर्भावेन क्वापि प्रतिपादितमस्ति येन त्वया तत्र व्यभिचारवारणाय क्षीणमोहयोगत्वेन जीवघातप्रतिबन्धकत्वं कल्प्यमानं युक्तिक्षमं स्याद्, इति सर्वजीवाहिंसादिप्रतिपादनं सकलभावाश्रवाकरणनियमनिष्ठाभिधानाभिप्रायेणैव, न तु हिंसाया अपि सर्वथाऽभावाभिप्रायेण। अनाभोगस्तु न तज्जनको येन तदभावात्तदभावः स्यादिति तु शतशः प्रतिपादितमेव, इति न किञ्चिदेतदिति स्मर्त्तव्यम् । किंच मशकादिकर्तृकजीवघातं प्रत्यपि केवलि-

---

માનવાનો અર્થ જ એ થાય કે મોહક્ષયયુક્ત યોગને પ્રતિબંધક માનવો. મોહક્ષય યુક્તયોગને પ્રતિબંધક માનવો એના કરતાં મોહક્ષયને પ્રતિબંધક માનવો એમાં લાઘવ છે એ તો સ્પષ્ટ જ છે.) અને એ તો અયોગીકેવલીમાં પણ હોય જ છે. તેથી અયોગીના કાયસ્પર્શથી પણ મશકાદિનો જીવઘાત માની શકાશે નહિ.

**પૂર્વપક્ષ :–** અયોગી કેવલીના કાયસ્પર્શથી જીવઘાત થાય છે એ તો તમને પણ માન્ય છે જ. તેથી મોહક્ષય થયો હોવા છતાં જીવઘાતનો પ્રતિબંધ થતો ન હોવાથી જણાય છે કે મોહક્ષયને પ્રતિબંધક માનવામાં અનૈકાન્તિકતા (વ્યભિચાર) છે. અયોગીકેવલી અંગે આવતા આ વ્યભિચારનું વારણ કરવા જ અમે (ગૌરવ હોવા છતાં) ક્ષીણમોહયોગને પ્રતિબંધક કહીએ છીએ.

[ 'કેવલીનું સ્થાન અહિંસા છે' એ અયોગીમાં પણ લાગુ પડે-ઉ૦ ]

**ઉત્તરપક્ષ :–** 'સર્વજીવની અહિંસારૂપ અતિશય કે કેવલીનું સ્થાન અહિંસા છે તે અયોગીકેવલી સિવાયના કેવલી માટે કહ્યા છે' એવું કોઇ શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું નથી કે જેના કારણે અયોગીમાં વ્યભિચાર આવે. અર્થાત્ એ અતિશય કે એ અહિંસાસ્થાનત્વના કારણે જો સયોગી કેવલીમાં જીવઘાતાભાવ માનો છો તો એ એના કારણે અયોગીકેવલીમાં પણ જીવઘાતાભાવ માનવો જ પડે છે. અને તો પછી તેમાં પણ જીવઘાતનો પ્રતિબંધ થતો જ હોવાથી મોહક્ષયને પ્રતિબંધક માનવામાં વ્યભિચાર ક્યાં રહ્યો ? કે જેથી ગુરુભૂત એવા ક્ષીણમોહયોગત્વ ધર્મને આગળ કરીને યોગને પ્રતિબંધક માનવો એ યુક્ત ઠરે. **પ્રશ્ન :–** પણ આ રીતે તે અતિશયાદિના કારણે અયોગી કેવલીમાં પણ જીવઘાતનો અભાવ માનવાનો હોય તો તેઓના શરીરને સ્પર્શીને થતા મશકાદિઘાતની શાસ્ત્રમાં કરેલ પ્રરૂપણા ખોટી નહિ ઠરે ? **ઉત્તર :–** ના, કેમકે એ અતિશયની કે અહિંસાસ્થાનત્વની પ્રરૂપણા રૂપ સર્વજીવોની અહિંસાનું પ્રતિપાદન 'કેવલીઓને હિંસાનો સર્વથા અભાવ હોય છે' એવું જણાવવાના અભિપ્રાયથી નથી, કિન્તુ 'તેઓ ભાવહિંસા વગેરે રૂપ સકલ ભાવઆશ્રવોના અકરણનિયમમાં રહેલા હોય છે', એવું જણાવવાના અભિપ્રાયથી જ છે.

[ અહિંસાસ્થાનત્વ ભાવ આશ્રવાભાવના તાત્પર્યમાં ]

તાત્પર્ય એ છે કે એક બાજુ અયોગીકેવલીની બાદબાકી કર્યા વગર બધા કેવલીમે

योगानां यत् त्वया प्रतिबन्धकत्वं कल्प्यते तत् केवलं व्यसनितयैव, उत तादृशस्यापि तस्य दोषत्वात् । नाद्यः, व्यसनितामात्रकृतकल्पनाया अनादेयत्वाद् । न द्वितीयः, तादृशस्य जीवघातस्य सयोगिकेवलिनो दोषत्वेऽयोगिकेवलिनोऽपि तद्दोषत्वाप्रच्यवात्, इति बहुतरमूहनीयम् ॥६९॥

अथ केवलिनो योगा एव रक्षाहेतव इति पराभ्युपगमप्रकारं विकल्प्य दूषयन्नाह—

**सा तस्स सरूवेणं वा वावारेण आइमे पक्खे ।**
**पडिलेहणाइहाणी बितिए अ असक्कपरिहारो ॥७०॥**

[ सा तस्य स्वरूपेण वा व्यापारेणादिमे पक्षे । प्रतिलेखनादिहानिः द्वितीये चाशक्यपरिहारः ॥७०॥ ]

ઉદ્દેશીને અહિંસાનું પ્રતિપાદન કર્યું છે અને બીજી બાજુ અયોગીકેવલીને મશકાદિની હિંસા હોય છે એવું સાક્ષાત્ શબ્દોથી પ્રતિપાદન કર્યું છે તેથી આ બેનો વિરોધ ન થાય એ રીતે વિચારીએ તો જણાય છે કે અહિંસાનું પ્રતિપાદન હિંસાના સર્વથા અભાવના અભિપ્રાયથી નથી કિન્તુ ઉક્ત અભિપ્રાયથી જ છે, (તેથી જો માનવો હોય તો તેવી ભાવહિંસા વગેરે રૂપ ભાવઆશ્રવ પ્રત્યે જ મોહક્ષયને (કે ક્ષીણમોહયોગને) પ્રતિબંધક માની શકાય છે.) માટે તે અહિંસાના પ્રતિપાદનથી અયોગીકેવલીની જેમ સયોગી કેવલીમાં પણ ભાવહિંસાનો જ અભાવ સિદ્ધ થાય છે, દ્રવ્યહિંસાનો નહિ. વળી 'સાધુઓને જે જીવનો આભોગ હોય તેની તો રક્ષા જ થાય, હિંસા નહિ. કેવળીઓને બધા જીવોનો આભોગ હોય છે, કોઇનો અનાભોગ હોતો નથી, એટલે દ્રવ્યહિંસા પણ હોતી નથી' આવું પૂર્વપક્ષીએ જે કહ્યું છે તે પણ અયોગ્ય છે, કારણકે અનાભોગ તો દ્રવ્યહિંસાનો જનક જ નથી કે જેથી સયોગીકેવલીમાં તેનો અભાવ હોવાથી દ્રવ્યહિંસાનો અભાવ હોવો સિદ્ધ થાય. આ વાત સેંકડોવાર કહી ગયા છીએ. માટે શાસ્ત્રવચનોના મન ફાવે તેવા અર્થ કાઢીને સયોગીકેવલીમાં દ્રવ્યહિંસાનો પણ અભાવ હોવો સિદ્ધ કરવો એ તુચ્છ વાત છે એ યાદ રાખવું. વળી મશકાદિકર્તૃક જીવઘાત પ્રત્યે પણ (અર્થાત્ સયોગીકેવલીકર્તૃક જીવઘાત પ્રત્યે તો ખરા જ) કેવલીનાયોગોને તમે જે પ્રતિબંધક માનો છો તે માત્ર તમને તેવી કુટેવ પડી હોવાના કારણે જ કે તેવો જીવઘાત પણ સયોગી કેવલીઓને દોષરૂપ બને છે માટે? પહેલો પક્ષ મનાય નહિ, કેમકે વ્યસન માત્રના કારણે કરેલી કલ્પના ગ્રાહ્ય હોતી નથી. બીજો પણ મનાય નહિ, કેમકે તેવો જીવઘાત સયોગીકેવલીને દોષરૂપ હોય તો અયોગીકેવલીને પણ એ દોષરૂપ જ બનવાની આપત્તિ આવે. આમ સયોગીકેવલીને દ્રવ્યહિંસાનો અભાવ સિદ્ધ કરવાની પૂર્વપક્ષની દલીલો અંગે ઘણી ઘણી બાબતો વિચારણીય છે તેનો ગીતાર્થ બહુશ્રુતોએ વિચાર કરવો. ॥૬૯॥

કેવલીના યોગો જ જીવરક્ષાના હેતુભૂત હોય છે એવી પૂર્વપક્ષમાન્યતાને વિકલ્પો રચીને દૂષિત ઠેરવતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– તે જીવરક્ષા (૧) કેવલીને શુભયોગની હાજરી હોવા માત્રથી થઇ જાય છે કે (૨) જીવરક્ષા માટે 'પોતે વિવક્ષિત દેશમાંથી ખસી જવાના' અથવા 'રક્ષણીયજીવને ખસેડી દેવાના' અનુકૂલ પરિણામ રૂપ વ્યાપારથી થાય છે? પ્રથમ પક્ષમાં

**सा तस्सत्ति** । सा जीवरक्षा तस्य केवलिनः शुभयोगस्य स्वरूपेण सत्तामात्रेण वाऽथवा व्यापारेण जीवरक्षार्थं स्वस्य रक्षणीयजीवस्य वाऽन्यदेशनयनाभिमुखपरिणामेन । आदिमे प्रथमे पक्षे प्रतिलेखनादिहानिः । प्रतिलेखना हि केवलिनः प्राणैः संसक्तस्यैव वस्त्रादेः प्रवचने प्रसिद्धा । तदुक्तमोघनिर्युक्तौ [२५७]—

[1]पाणेहि उ संसत्ता पडिलेहा होइ केवलीणं तु । संसत्तमसंसत्ता छउमत्थाणं पडिलेहा ॥

सा च स्वरूपेणैव योगानां जीवरक्षाहेतुत्वेऽनुपपन्ना स्यात्, तद्व्यापारं विनापि जीवरक्षोपपत्तौ तद्विविक्तीकरणप्रयासस्य पलिमन्थत्वाद्, न च पलिमन्थः केवलिनोऽपि युज्यते, अत एव 'प्रत्युपेक्षितमपि वस्त्राद्यवश्यम्भाविजीवसंसर्गं जानन् केवली पलिमन्थादेव नाऽनागतमेव प्रत्युपेक्षते, किन्तूपभोगकाल एव प्रत्युपेक्षते' इति व्यवस्थितम् । तदुक्तं [२५८]—

પડિલેહણાદિની હાનિ થશે. બીજા પક્ષમાં કેવલીઓને પણ અશક્ય પરિહાર હોય છે તે અવશ્ય માનવું પડશે.

**[ કેવલીયોગોને સ્વરૂપે જીવરક્ષક માનવામાં પડિલેહણાભાવની આપત્તિ ]**

પ્રથમપક્ષમાં પ્રતિલેખનાની હાનિ આ રીતે—'કેવલીઓએ જીવોથી સંસક્ત થએલા વસ્ત્રાદિની જ પડિલેહણા કરવાની હોય છે' એ વાત પ્રવચનમાં પ્રસિદ્ધ છે. ઓઘનિર્યુક્તિ (૨૫૭) માં કહ્યું છે કે 'કેવલીઓને જીવસંસક્ત વસ્ત્રાદિનું પડિલેહણ હોય છે. છદ્મસ્થોને જીવથી સંસક્ત કે અસંસક્ત બધા વસ્ત્રાદિનું પડિલેહણ કરવાનું હોય છે.' કેવલીના યોગો જો સ્વરૂપથી જ જીવરક્ષાના હેતુભૂત હોય તો આ પડિલેહણ અસંગત બની જાય, કેમકે પડિલેહણ વગર પણ જો યોગની હાજરી માત્રથી જીવરક્ષા થઈ જતી હોય તો તે જીવને દૂર કરવાના પ્રયાસરૂપ પડિલેહણ પલિમન્થ (સ્વાધ્યાયાદિની હાનિ) રૂપ બની જાય જે કેવલીને માટે પણ યોગ્ય નથી. તેથી જ તો 'પડિલેહણ કરેલા પણ વસ્ત્રમાં જીવસંસર્ગ અવશ્ય થવાનો છે' એવું જો કેવલી જાણે તો પલિમન્થ ન થાય એ કારણે જ કેવલીભગવાન્ તેનું પડિલેહણાદિકાળે પડિલેહણ કરતાં નથી, કિન્તુ જ્યારે તેનો ઉપભોગ કરવાનો હોય ત્યારે જ કરે છે, એવી વ્યવસ્થા શાસ્ત્રમાં દેખાડી છે. કહ્યું છે કે (ઓ. નિ. ૨૫૮) "આ વસ્ત્રાદિનું પડિલેહણ કર્યું ન હશે તો એ અવશ્ય પ્રાણીઓથી સંસક્ત બનશે આવું જાણીને કેવલીઓ પહેલેથી જ પડિલેહણ કરી લે છે. પણ જો પોતાના જ્ઞાનમાં એવું દેખાય કે 'અત્યારે પડિલેહણ કરેલ પણ વસ્ત્રાદિ ઉપભોગ વખતે સંસક્ત થવાનું' છે તો અત્યારે પડિલેહણ ન કરતાં ઉપભોગકાલે સંસક્ત થએલા જ તે વસ્ત્રાદિનું પડિલેહણ કરે છે. કેમ કે પાછળથી ઉપભોગકાળે જો પડિલેહણ કરવાનું છે તો અત્યારે કરવામાં પલિમંથદોષ લાગે છે." મૂળ શ્લોકમાં 'પડિલેહણાદિ' શબ્દમાં જે 'આદિ' શબ્દ છે તેનાથી જીવરક્ષામાટે કેવલીઓ જે ઉલ્લંઘન–પ્રલંઘનાદિ કરે છે તેની વાત જાણવી. અર્થાત્ પોતે જે સ્વાભાવિક ગતિવગેરેથી જઈ રહ્યા હોય તદ્રૂપ યોગથી પણ સ્વરૂપે જ જો જીવરક્ષા થઈ જવાની છે તો એ ઉલ્લંઘનાદિ પણ વ્યર્થ જ બની જવાથી તેની પણ હાનિ થશે એ જાણવું. એવું ન થાય એ માટે કેવલીના યોગોથી સ્વરૂપે જ નહિ; કિન્તુ અમુક પડિલેહણ–ઉલ્લંઘનાદિરૂપ

1. प्राणैः संसक्तानां प्रतिलेखा भवतिकेवलिनां तु । संसक्तासंसक्तानां छद्मस्थानां तु प्रतिलेखा ॥

[२]संसज्जइ धुवमेअं अपेहिअं तेण पुव्व पडिलेहे। पडिलेहिअंपि संसज्जइत्ति संसत्तमेव जिणा ॥

त्ति। **एतद्व्याख्या यथा-संसज्यते** प्राणिभिः संसर्गमुपयाति, ध्रुवमवश्यं **एतद्**वस्त्रादि अप्रत्युपेक्षितं सद्, **तेन पूर्वमेव** केवलिनः **प्रत्युपेक्षणां कुर्वन्ति**। यदि पुनरपि (यदा तु पुनरेवं) संविद्रते 'इदमिदानीं वस्त्रादि **प्रत्युपेक्षित**मप्युपभोगकाले **संसज्यते** तदा **संसक्तमेव जिण** त्ति संसक्तमेव जिनाः केवलिनः प्रत्युपेक्षन्ते, न त्वनागतमेव, पलिमन्थदोषादिति" ॥

**'पडिलेहणाइहाणी'** इत्यत्रादिना जीवरक्षाहेतूल्लङ्घनप्रलङ्घनादिव्यापारस्यापि केवलिनो वैयर्थ्यं बोध्यम्। 'नियतव्यापारेणैव केवलियोगाज्जीवरक्षा' इति द्वितीये च पक्षेऽङ्गीक्रियमाणेऽशक्यपरिहारोऽप्यवश्यमभ्युपगन्तव्य इति गम्यम्, सर्वत्र जीवरक्षाव्यापारस्य स्वकायस्य जीवानां वा विविक्तीकरणपर्यवसितस्य दुष्करत्वात् ॥७०॥ तथाहि–

**ण हु सक्का काउं जे इह बायरवाउकायउद्धरणं।**
**केवलिणावि विहारे जलाइजीवाण य तयंति ॥ ७१ ॥**

(नैव शक्यं कर्तुमिह बादरवायुकायिकोद्धरणम्। केवलिनापि विहारे जलादिजीवानां च तदिति ॥७१॥)

**ण हु सक्कत्ति। ण हु** नैव **शक्यं**, दीर्घत्वं प्राकृतत्वात्, **कर्तुं 'जे'** इति पादपूरणार्थो निपातः, **इह** जीवघने लोके बादरवायुकायिकानां जीवानां स्वत एवोपनिपत्य केवलिनः कायमुपस्पृशतामुद्धरणं विविक्तदेशसङ्क्रमणं केवलिनापि च पुनः विहारे जलादिजीवानां तदुद्धरणं इतिः वाक्यार्थपरिसमाप्तौ। अयं भावः–केवलियोगव्यापारस्य जीवरक्षाहेतुत्वे यत्र स्वाऽभाव-

ચોક્કસ પ્રકારના નિયત વ્યાપારદ્વારા જ જીવરક્ષા થાય છે એવો બીજો વિકલ્પ જો સ્વીકારવામાં આવે તો 'કેવલીઓને પણ અશક્ય પરિહાર હોય છે' એ વાત પણ અવશ્ય સ્વીકારવી પડશે, કેમકે જીવરક્ષામાટે કરેલો વ્યાપાર સર્વત્ર (જ્યાં જ્યાં જીવહિંસા સંભવિત હોય ત્યાં ત્યાં સર્વત્ર) પોતાના શરીરને અથવા રક્ષણીય જીવોને તેઓની રક્ષા થાય એ રીતે દૂર કરવામાં પરિણમે=સફળ થાય એ વાત દુષ્કર છે. અર્થાત્ જ્યાં એ બેમાંથી એકેયને એ રીતે દૂર ન કરી શકે ત્યાં કેવલીને પણ હિંસાનો પરિહાર અશક્ય બને જ છે. માટે અશક્યપરિહારરૂપે તેઓમાં દ્રવ્યહિંસા સંભવિત છે. ॥૭૦॥ વ્યાપાર સર્વત્ર સફળ થવો દુષ્કર છે એવું જે કહ્યું તે આ રીતે—

**ગાથાર્થ** :– આ જીવઘન (જીવોથી વ્યાપ્ત) લોકમાં પોતાની મેળે જ આવી આવીને કેવલીના શરીરને સ્પર્શતા બાદરવાયુકાય જીવોનું અન્ય સલામત સ્થળે ખસેડવા રૂપ ઉદ્ધરણ કેવલીએ પણ કરવું શક્ય નથી. એમ વિહારવખતે પાણી વગેરેના જીવોનું તે=ઉદ્ધરણ કરવું પણ શક્ય નથી.

**[ નિયતવ્યાપારથી સઘળા જીવોનું ઉદ્ધરણ અશક્ય ]**

શ્લોકમાં 'सक्का' શબ્દ પ્રાકૃત હોવાથી દીર્ઘ થયો છે તેમજ 'जे' પાદપૂર્તિમાટેનો નિપાત છે એ જાણવું. શ્લોકમાં કહેવાનો આશય આ છે– કેવલીનો યોગવ્યાપાર જો જીવરક્ષાનો હેતુ હોય તો જ્યાં તે વ્યાપારના અભાવના કારણે જીવરક્ષાની વિકલતા હોય ત્યાં તે વ્યાપાર ભલે સાર્થક બને, પણ જ્યાં જીવો નિરંતર ભરાયેલા હોવાના

२. संसज्यते ध्रुवमेतद् प्रत्युपेक्षितं तेन पूर्वं प्रतिलिखन्ति। प्रतिलेखितमपि संसज्यते संसक्तमेव जिनाः ॥

प्रयुक्तं तद्वैकल्यं तत्र तत्सार्थक्यमस्तु, यत्र तु जीवनिरन्तरतयैव जीवविविक्तीकरणमशक्यं तत्रावश्यम्भाविन्यां जीवविराधनायां जिनस्य तद्योगानां वा को दोषः ? न हि कारणान्तरवैकल्यप्रयुक्तकार्याभावेऽधिकृतकारणस्याशक्ततोद्भावनमधीततर्कशास्त्रा विदधते, इत्थं सति दंडसत्त्वेऽपि चक्राभावे घटाभावाद्दण्डस्यापि घटाशक्तताया उद्भावनीयत्वप्रसङ्गादिति ॥७१॥ अत्र परः शङ्कते–

**णणु जिण जोगाउ तहा जलाइजीवाणऽघायपरिणामो ।**
**अचित्तपएसे णं जह गमणं पुप्फचूलाए ॥ ७२ ॥**

(ननु जिनयोगात्तथा जलादिजीवानामघातपरिणामः । अचित्तप्रदेशे यथा गमनं पुष्पचूलायाः ॥ ७२ ॥)

**णणु त्ति ।** नन्विति पूर्वपक्षे, यथा पुष्पचूलायाः साध्व्या अवाप्तकेवलज्ञानाया अपि मेघे वर्षत्यपि तथाविधजलपरिणतिविशेषाद् अचित्तप्रदेशे खे गमनं संपन्नं, तथा विहारेऽपि

---

કારણે જ તેઓને અન્યત્ર ખસેડવા અશક્ય હોય ત્યાં અવશ્યંભાવિની જીવવિરાધના થાય તો તેમાં કેવલીની કે તેમના યોગોની શી ખામી ? અન્યકારણની ગેરહાજરીના કારણે જ્યાં કાર્ય ન થાય ત્યાં અધિકૃતકારણ તે કાર્ય માટે અશક્ત છે એવું કંઇ તર્કશાસ્ત્રના જાણકારો કહેતાં નથી, કેમકે તો તો પછી દંડની હાજરીમાં પણ ચક્રની ગેરહાજરીના કારણે જ્યાં ઘટોત્પત્તિ થતી નથી ત્યાં દંડને ઘટોત્પત્તિમાં અસમર્થ કહેવાની આપત્તિ આવે. સારાંશ પૂર્વપક્ષીનો આવો જે અભિપ્રાય છે કે "કેવલીને જીવોનો આભોગ હોય છે. તેથી સંયતમાત્રમાં સહજ એવો તેની રક્ષાનો વ્યાપાર પણ તે કરે જ. હવે તેમ છતાં પણ જો એ જીવની હિંસા થતી હોય તો તો તેઓના તે પ્રયત્નને જ તે જીવરક્ષાના અસામર્થ્યરૂપ કચાશવાળો કહેવો પડે જે ક્ષાયિકવીર્યયુક્ત તેઓ માટે અસંભવિત છે. તેથી તેઓથી દ્રવ્યહિંસા પણ થતી જ નથી કિન્તુ જીવરક્ષા થાય છે એવું માનવું જોઇએ જેથી તેઓના પ્રયત્નને અસમર્થ માનવાની આપત્તિ ન આવે." પૂર્વપક્ષીનો આ તે અભિપ્રાય 'દંડને ઘટપ્રત્યે અસમર્થ માનવાની આપત્તિ આવે' ઇત્યાદિ જે કહ્યું તેનાથી નિરસ્ત જાણવો. ॥૭૧॥ અહીં પૂર્વપક્ષી શંકા કરે છે કે—

[ પુષ્પચૂલાના દૃષ્ટાન્તથી જીવોના અઘાતપરિણામની સિદ્ધિ-પૂ૦ ]

**ગાથાર્થ** :- **પૂર્વપક્ષ**- જેમ કેવલજ્ઞાન પામી ગયેલ પણ **પુષ્પચૂલા** સાધ્વીનું વરસાદ વરસતે છતે પણ જળની તેવા પ્રકારની પરિણતિવિશેષ થઇ હોવાના કારણે અચિત્તપ્રદેશમાંથી જ ગમન થયું તેમ વિહારમાં પણ જળવગેરે જીવોનો 'કેવલીના યોગોથી મરવું નહિ' એવો અઘાતપરિણામ જ માની લેવો જોઇએ કે જેથી બાદરવાઉકાય વગેરેનું ઉદ્ધરણ કરી ન શકવા છતાં દ્રવ્યહિંસા માનવાની આપત્તિ ન આવે.

**પુષ્પચૂલા** સાધ્વીના દૃષ્ટાન્ત પરથી જણાય છે કે સચિત્તપ્રદેશના જળજીવોનો એવો સ્વભાવ જ માનવો જોઇએ કે કેવલીના યોગોથી મરવું નહિ. તેઓના આ સ્વભાવે જ એવું કાર્ય કર્યું કે જેથી સાધ્વીજી એ યથાસુખ કરેલ પણ ગમન અચિત્ત જળમાંથી જ થયું. આ જ રીતે વિહારાદિ પ્રવૃત્તિ વખતે પણ વચ્ચે આવતાં જળ વગેરેના જીવોમાં તેવો સ્વભાવ માનવો યુક્ત હોઇ સયોગીમાં દ્રવ્યહિંસાનો અભાવ હોવાની અમારી માન્યતામાં કોઇ અસંગતિ રહેતી નથી. આમ કોઇપણ કેવલી સાથે કોઇપણ જીવનો

जलादिजीवानां जिनयोगाद्घातपरिणामोऽस्तु, न ह्येवमस्माकं काप्यनुपपत्तिरस्ति, केवलिमात्र-जीवमात्रयोर्घात्यघातकसम्बन्धाभावे केवलिनोऽघातकस्वभावेन जीवानां चाघात्यस्वभावेन तथैव केवलिनो विहारादिनिर्वाहो भवति यथा न पृथिव्यादिजीवानां स्वयोगेन भयादिलेशोऽपि सम्पद्यत इति ॥७२॥ अत्र समाधानमाह-

**भण्णइ सव्वं एयं भणियं णु तए परोप्परविरुद्धं ।**
**दिट्ठंतियदिट्ठंता जमेगरूवा ण संपन्ना ॥ ७३ ॥**

( भण्यते सर्वमेतद्भणितं नु त्वया परस्परविरुद्धम् । दार्ष्टान्तिकदृष्टान्तौ यदेकरूपौ न संपन्नौ ॥ ७३ ॥ )

**भण्णइत्ति ।** भण्यते=अत्रोत्तरं दीयते सर्वमेतत् नु इति वितर्के त्वया परस्परविरुद्धं भणितं यद्=यस्माद् दार्ष्टान्तिकदृष्टान्तौ नैकरूपौ संपन्नौ ॥७३॥ तथाहि-

**एगत्थ जलमचित्तं अण्णत्थ सचित्तयंति महभेओ ।**
**अफुसिअगमणं तीए, ण सुअं अण्णस्स व जिणस्स ॥७४॥**

( एकत्रजलमचित्तमन्यत्र सचित्तमिति महाभेदः । अस्पृष्टगमनं तस्या न श्रुतमन्यस्य वा जिनस्य ॥ ७४ ॥ )

**एगत्थ त्ति ।** एकत्र पुष्पचूलाया वर्षति मेघे गमने, अचित्तं जलं साक्षादेव शास्त्रे प्रोक्तं, अन्यत्र केवलिनां विहारादौ नद्युत्तारे च जलं सचित्तमिति महान् तयोर्दृष्टान्तदार्ष्टान्तिकयोर्भेदः ।

---

ઘાત્ય-ઘાતકભાવ હોતો નથી. એટલે કે કેવલીનો અઘાતક સ્વભાવ હોવાના કારણે અને જીવોનો અઘાત્ય સ્વભાવ હોવાના કારણે કેવલીના વિહારાદિ એ રીતે જ થાય છે કે જેથી પૃથ્વીકાયાદિ જીવોને, કેવલીના યોગના કારણે આંશિક પણ ભય ઊભો ન થાય. ॥૭૨॥ આવા પૂર્વપક્ષનું સમાધાન આપતા ગ્રન્થકાર કહે છે—

[ દૃષ્ટાન્ત-દાર્ષ્ટાન્તિકનું વૈષમ્ય-ઉ૦ ]

**ગાથાર્થ :– ઉત્તરપક્ષ :–** આવા પૂર્વપક્ષનો જવાબ અપાય છે, સાંભળો–તમારા વડે આ બધું જે કહેવાયું તે પરસ્પર વિરુદ્ધ છે, કેમકે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક એક રૂપ વાળા (સમાનધર્મવાળા) નથી. આની વૃત્તિનો અર્થ સુગમ છે. ॥૭૩॥ તે બે એક રૂપવાળા જે નથી તે આ રીતે—

**ગાથાર્થ :–** એકત્ર=વરસતા વરસાદમાં પુષ્પચૂલા સાધ્વીના થયેલા ગમનરૂપ દૃષ્ટાન્તમાં પાણી અચિત્ત હતું તે વાત શાસ્ત્રમાં સાક્ષાત્ કહી છે. અન્યત્ર=કેવલીના વિહારાદિ અને નદ્યુત્તાર રૂપ દાર્ષ્ટાન્તિકમાં જળ સચિત્ત હોય છે. તેથી દૃષ્ટાન્ત–દાર્ષ્ટાન્તિક વચ્ચે મોટો ભેદ છે. પુષ્પચૂલા સાધ્વી કે અન્યકેવલીનું ગમન સચિત્તજળાદિને સ્પર્શ્યા વગરનું જ હતું (કે હોય છે) તે વાત કોઇ શાસ્ત્રમાં સંભળાતી નથી.

'દૃષ્ટાન્તમાં દાર્ષ્ટાન્તિક કરતાં વિલક્ષણતા ન જ જોઇએ' એવો નિયમ નથી. પણ જે અંશ માટે દૃષ્ટાન્ત અપાયું હોય તે અંશમાં તો વિલક્ષણતા ન જ જોઇએ. પુષ્પ-ચૂલા સાધ્વીજીના પ્રસંગમાં પાણી અચિત્ત હતું એ જ દ્રવ્યહિંસાના અભાવમાં નિમિત્ત બન્યું હતું, નહિકે જીવોનો અઘાત્યસ્વભાવ ( કેમકે જીવો જ ત્યાં હાજર નહોતા...). તો પછી એ દૃષ્ટાન્ત લઇને 'કેવલીના વિહારાદિમાં પણ વચમાં આવતા જળાદિ જીવો અઘાત્યસ્વભાવવાળા હોઇ મરતા નથી' ઈત્યાદિ શી રીતે કહેવાય? શંકા – અરે!

नहि केवलिनो विहारादावनियतनद्युत्तारे निरन्तरप्रवाहपतितं तज्जलमचित्तमेवेति क्वाप्युक्तमस्ति । अथैवमप्युक्तं नास्ति यदुत 'तीर्थकृद्व्यतिरिक्तोऽमुकनामा केवली नदीमुत्तीर्णवान्' इति । तीर्थकृतस्तु सुरसञ्चारितकनककमलोपरि गमनागमनपरिणतस्य जलस्पर्शस्याप्यभावः, तथापि केवलिनो नद्युत्तरणसंभावनायामचित्तप्रदेशैरेव नद्युत्तारः कल्प्यते, न हि स विविच्य व्यवहर्तुं परिहर्तुं च जानन् सचित्तप्रदेशैर्नदीमुत्तरति, केवलित्वहानेः । तस्मात्पुष्पचूलादृष्टिदृष्टान्तेन नद्यादौ यथास्थितमेव जलं जलवायुसूर्यकिरणादिलक्षणस्वकायपरकायशस्त्रादिना तथाविधकालादिसामग्रीयोगेन कदाचिदचित्ततया परिणमति, पुनरपि तदेव जलं सचित्तभवनहेतुकालादिसामग्रीयोगेन सचित्ततयापि परिणमति । तत्र दृष्टान्तः सम्मूर्च्छिममनुष्योत्पत्तिस्थानान्येव, परमेतत्परिणतिस्तथाभूता केवलिगम्या, इति केवली तथापरिणतमेव जलं निश्चित्य नदीमुत्तरतीति कल्प्यत इति चेत् ?

---

'કેવળીના સંસર્ગમાં આવવા છતાં પોતાના અઘાત્યસ્વભાવના કારણે જીવો મરતા નથી' એવું અમે કહેતાં નથી કે એ માટે પુષ્પચૂલા સાધ્વીજીનું દૃષ્ટાન્ત આપતા નથી. કિન્તુ અમે એવું કહીએ છીએ કે 'તેઓના તેવા સ્વભાવના કારણે વાસ્તવિકતા જ એવી બને છે કે કેવલી જ્યાંથી પસાર થાય ત્યાં જળાદિ અચિત્ત જ હોય, સચિત્ત નહિ, જેમકે પુષ્પચૂલા સાધ્વીજીનો પ્રસંગ...' તેથી કોઈ અસંગતિ નથી. **સમાધાન**– આ વાત પણ બરાબર નથી, કેમકે કોઈ શાસ્ત્રમાં એવું કહ્યું નથી કે કેવલી વિહારાદિમાં અનિયતપણે (અમુક ચોક્કસ ભાગમાંથી જ જવું એ રીતે નિયતપણે નહિ) જે નદ્યુત્તાર કરે છે તે વખતે તેમણે પસાર થવાના સ્થાનમાં નદીનો જે નિરંતર પ્રવાહ ચાલુ હોય છે તેમાં આવતું પાણી અચિત્ત જ હોય.

[ કેવલીના વિહરણક્ષેત્રમાં જળાદિ અચિત્ત જ હોય–પૂ૦ ]

**પૂર્વપક્ષ** :–એમ તો શાસ્ત્રમાં એવું પણ કહ્યું નથી કે 'શ્રી તીર્થંકરદેવથી ભિન્ન અમુકનામવાળા કેવલી નદી ઉતર્યા.' એટલે 'શ્રી તીર્થંકરભિન્ન સામાન્યકેવલી નદી ઉતરે છે' એવું પણ શી રીતે માની શકાય ? અને શ્રી તીર્થંકરને તો દેવરચિત સુવર્ણકમલો પર જ ચાલવાનું હોઈ જળસ્પર્શનો જ અભાવ હોય છે તેથી કેવલી ભગવંતોથી નદી ઉતરવામાં જળજીવવિરાધના થાય છે એવું શી રીતે મનાય ? શાસ્ત્રમાં ન કહ્યું હોવા છતાં પણ 'કેવલીઓ નદી ઉતરે છે' એવી જો સંભાવના કરીએ છીએ તો શાસ્ત્રમાં ન કહ્યું હોવા છતાં "તેઓ અચિત્તપ્રદેશોમાંથીજ નદી ઉતરે છે" એવું પણ કલ્પવું જોઇએ. તે એટલા માટે કે સામાન્યથી છદ્મસ્થો 'આ પાણી સચિત્ત છે' 'આ અચિત્ત છે' એવા વિવેકપૂર્વક વ્યવહાર કરી શકતા ન હોવાથી સચિત્તપાણીનો પરિહાર કરી શકતા ન હોવાથી તેઓની અપેક્ષાએ નદીના બધા પાણીનો સચિત્ત તરીકે વ્યવહાર કરાય છે. પણ એટલા માત્રથી એ બધું પાણી સચિત્ત જ હોય એવું માની શકાતું નથી. કેમકે તો પછી 'પૃથ્વીકાયવગેરે બે પ્રકારે હોય છે સ્વકાયશસ્ત્રાદિથી પરિણત અને અપરિણત...' ઈત્યાદિ શાસ્ત્રીય પ્રરૂપણાનું શું થાય ? માટે નદી વગેરેમાં અચિત્તપાણી પણ હોય છે. કેવલી 'આ ભાગ સચિત્ત છે' 'આ ભાગ અચિત્ત છે' એવો વ્યવહાર કરવાનું અને સચિત્તભાગનો પરિહાર કરવાનું જાણતા હોવાથી સચિત્તપ્રદેશોથી નદી ઉતરતા નથી, કેમકે

सर्वमेतदभिनिवेशविजृम्भितं, स्वकर्णश्रवणमात्रेण केवलिनो नद्युत्तारस्य निषेद्धुमशक्यत्वाद् । अन्ततोऽनन्तानां जलमध्येऽन्तकृत्केवलिनामपि श्रवणेन सर्वत्र जलाचित्तताकल्पनस्याप्रामाणिकत्वात् । किञ्च 'सर्वत्र स्वोत्तरणादिकाले जलमचित्ततया परिणतं तदाश्रितपनकत्रसादिजीवाश्चापक्रान्ताः' इति किं तव कर्णे केवलिनोक्तम् ? येनेत्थं कल्पयसि । पुष्पचूलादृष्टान्तेन तथा कल्पयामीति चेत् ? तत्किं दृष्टान्तमात्रेण साध्यं साधयन्नपूर्वनैयायिकत्वमात्मनः प्रकटीकर्त्तुमुद्यतोऽसि । केवलियोगानामघातकत्वाऽन्यथानुपपत्त्यैव तथा कल्पयामीति चेत् ? तर्हि जलाचित्तताकल्पने तव का व्यसनिता ? सचित्तमेव जलं केवलियोगमपेक्ष्याऽघात्यस्वभावं त्वया किं न कल्प्यते ? न खलु तव श्रुतपरंपराङ्कुशरहितस्यादृष्टार्थकल्पने बाधकमस्ति । न चेदेवं तदा सचित्तवायुस्पर्शेऽपि तव केवलियोगानामघातकत्वसमर्थनं कथं स्याद् ? इति । अथ वायुरपि सचित्ताचित्ततया प्रवचने द्विप्रकार उक्त इति सचित्तवायुस्पर्शमपि भगवतो नाभ्युपगच्छामः, किन्त्वचित्तवायुस्पर्शमेव, अन्यथा तु भगवत्कायस्पर्शेनापि पृथिव्यादीनां भयोत्पत्तिः स्याद्, न चैवं संभवति । यदस्माकमभ्युपगमः (सर्व० श० ४९)—

---

તેમાં 'કેવલી યથાવાદી તથા કર્તા હોય' ઈત્યાદિરૂપ પોતાનું કેવલિત્વસ્વરૂપ હણાઈ જાય. તેથી **પુષ્પચૂલા**ના વૃષ્ટિગમન દૃષ્ટાન્તથી જણાય છે કે જેમ એ વૃષ્ટિનું પાણી સ્વકાયશસ્ત્રાદિથી પરિણત થયેલ હતું તેમ નદીવગેરેમાં રહેલ પાણી સહજ રીતે જ જળ–વાયુ–સૂર્યકિરણ વગેરેરૂપ સ્વકાયશસ્ત્ર–પરકાયશસ્ત્ર વગેરેથી તથાવિધ કાલાદિની સામગ્રીના યોગમાં ક્યારેક અચિત્ત તરીકે પણ પરિણમે છે. અને વળી પાછું એ જ ક્યારેક સચિત્ત બનવાના હેતુભૂત કાલાદિ સામગ્રીનો યોગ થવાથી સચિત્ત તરીકે પરિણમે છે. જેમકે સંમૂચ્છિમ-મનુષ્યના ઉત્પત્તિસ્થાનો વળી આ સચિત્તતા–અચિત્તતાની પરિણતિ કેવલીગમ્ય (કેવલી જાણી શકે એવી) હોય છે. તેથી 'કેવલી પાણીને તે રીતે અચિત્તતરીકે પરિણત જાણીને જ તે ભાગમાંથી જ નદી ઉતરે છે' એવી અમે કલ્પના કરીએ છીએ.

[ જળસ્થ અનંતા અંતકૃત કેવલી વખતે સર્વત્ર અચિત્ત જળ અસંભવિત ]

**ઉત્તરપક્ષ** :– સયોગીકેવલીને દ્રવ્યહિંસા હોય નહિ આવો જે અભિનિવેશ પકડાયો છે તેનો જ આ બધો ખેલ છે કેમકે 'અમુક નામના કેવલી નદી ઉતર્યા' એવું પોતાના કાને સાંભળવા ન મળ્યું હોવા માત્રથી કેવલીના નદ્યુત્તારનો નિષેધ કરી શકાતો નથી. વળી સિદ્ધશિલાપર લવણાદિ સમુદ્રની બરાબર ઉપરના ભાગમાં પણ અનંતા સિદ્ધો રહ્યા છે એ જણાવે છે કે પાણીની વચમાં પણ અનંતા અંતકૃત્કેવલીઓ થઇ ગયા છે. 'અનંતકાળમાં તે તે અનંતા કેવલીઓ સમુદ્રાદિના સર્વત્ર તે તે ભાગોમાં જ્યારે જ્યારે હતા ત્યારે ત્યારે ત્યાં ત્યાંનું પાણી અચિત્ત જ હતું' એવી કલ્પના અપ્રામાણિક છે. વળી 'જ્યારે પોતે નદી ઉતરી હતી ત્યારે ત્યાંનું પાણી અચિત્ત તરીકે પરિણમ્યું હતું અને તેમાં રહેલ પનક–ત્રસ વગેરે જીવો અન્યત્ર ચાલ્યા ગયા હતા' એવું શું કોઈ કેવલી આવીને તમારા કાનમાં કહી ગયા છે? (કારણ કે શાસ્ત્રમાંથી કે ગુરુપરંપરાથી તો એવું કાંઇ જાણવા મળતું નથી) કે જેથી આવી કલ્પના કરો છો? **પૂર્વપક્ષ** :– **પુષ્પચૂલાસાધ્વીજી**ના દૃષ્ટાન્તમાં અચિત્ત જળ કહ્યું છે તેના પરથી અમે આવી કલ્પના

¹पुढवीपमुहा जीवा उप्पत्तिप्पमुहभाइणो हुंति। जह केवलिजोगाओ भयाइलेसंपि ण लहंति ॥

इति चेत्? हन्तैवं सचित्तास्पर्श एव भगवतोऽतिशयः प्राप्तः, तत्राह–सचित्तस्यास्पर्शो न पुनर्जिनातिशयः सिद्धः, भक्तिभरनम्रमनुष्यादिस्पर्शस्य भगवति सार्वजनीनत्वाद्। ॥७४॥ अथ न सचित्तस्पर्शाऽभावमात्रं भगवतोऽतिशयः, किन्तु यादृशसचित्तस्पर्शः साधूनां निषिद्धस्तादृश-स्पर्शाभाव एवेति सचित्तजलादिस्पर्शाभावो भगवतोऽतिशयसिद्ध इति नानुपपत्तिरिति, तत्राह्—

**सोऽइसओ कायकओ जोगकओ वा हविज्ज केवलिणो।**
**दुहओ वण्णियपुत्ताइणायओ पायडविरोहो ॥ ७५ ॥**

( सोऽतिशयः कायकृतो योगकृतो वा भवेत्केवलिनः। उभयतोऽप्यन्निकापुत्रादिज्ञाततः प्रकटविरोधः ॥ ७५ ॥)

---

કરીએ છીએ. **ઉત્તરપક્ષ**:–તે શું દૃષ્ટાન્તમાત્રથી હેતુ–વ્યાપ્તિ વગર જ સાધ્યની સિદ્ધિ કરતા તમે તમારી જાતને કોઇ નવા જ નૈયાયિક તરીકે જાહેર કરવા તૈયાર થયા છો? **પૂર્વપક્ષ**:–માત્ર દૃષ્ટાન્તથી નહિ, પણ કેવલીયોગોનું અઘાતપણું અન્યથા (તે પાણીને અચિત્ત માન્યા સિવાય) અસંગત રહેતું હોવાથી અમે તેવી કલ્પના કરીએ છીએ. **ઉત્તરપક્ષ**:–કેવલીયોગોનું તમે કલ્પેલું અઘાતકપણું જાળવી રાખવા માટે પણ તમારે જળને અચિત્ત કલ્પવાની કુટેવ રાખવાની જરૂર નથી, કેમકે એ જળ સચિત્ત હોવા છતાં અને કેવલીની કાયાથી સંઘટ્ટનાદિ પામવા છતાં 'એનાથી મરવું નહિ' એવા અઘાત્યસ્વભાવવાળું છે એવું પણ તમે કલ્પી શકો છો. **શંકા**:– પણ એવી કલ્પના શાસ્ત્રોનો કોઈ આધાર ન મળવારૂપે બાધિત છે જયારે પાણીને અચિત્ત માનવાની કલ્પનામાં શ્રુતોક્ત પુષ્પચૂલાસાધ્વીજીના પ્રસંગનો દૃષ્ટાન્ત તરીકે આધાર મળે છે. માટે એ કલ્પના કરીએ છીએ. **સમાધાન**:–ઓ હો હો! શ્રુતપરંપરાના અંકુશ વગરના તમને એવા અદૃષ્ટ અર્થની કલ્પનામાં વળી કોણ બાધક બનવાનું? અર્થાત્ શ્રુતપરંપરા જેની ના પાડે છે એવી પણ ડગલે ને પગલે કલ્પનાઓ કરનાર તમારે વળી આ બાબતમાં શ્રુતપરંપરા સામે જોવાની શી જરૂર છે? આમે ય તમે તેના અંકુશમાં તો છો જ નહિ. માટે અમે કહી એવી કલ્પના જો તમે નહિ કરો તો, અચિત્તજળ જ તેઓને સ્પર્શે છે એવું નિશ્ચિત કરી તેની અપેક્ષાએ તો કેવલીયોગોમાં અઘાતકપણાનું સમર્થન કરી શકશો, પણ તેઓને સચિત્તવાયુ જે સ્પર્શે છે તેને અંગે તેનું સમર્થન શી રીતે કરશો?

[ કેવલીયોગથી પૃથ્વ્યાદિને ભયલેશનો પણ અભાવ-પૂ. ]

**પૂર્વપક્ષ**:– વાયુ પણ સચિત્ત–અચિત્ત બે પ્રકારે હોવો શાસ્ત્રમાં કહ્યો છે. માટે અમે કેવલી ભગવાન્‌ને સચિત્ત વાયુસ્પર્શે છે એ વાત પણ માનતા નથી, અચિત્તવાયુ જ સ્પર્શે છે એવું માનીએ છીએ. અર્થાત્ અચિત્ત પૃથ્વીકાયાદિ જ ભગવાન્‌ને સ્પર્શે છે એવું માનીએ છીએ. નહિતરતો, ભગવાન્‌ના શરીરસ્પર્શથી પણ પૃથ્વીકાયાદિજીવોને ભય પેદા થાય જે સંભવિત નથી, કેમકે અમારી માન્યતા આ છે– (સર્વજ્ઞ શ. ૪૯) "પૃથ્વીકાયાદિ જીવો તેવી રીતે ઉત્પન્ન થાય છે જીવે છે, અને મરે છે કે જેથી કેવલીના યોગોથી તેઓને ભયની એક લહેર પણ સ્પર્શે નહિ."

---

१. पृथ्वीप्रमुखा जीवा उत्पत्तिप्रमुखभाजो भवन्ति। यथा केवलियोगाद् भयादिलेशमपि न लभन्ते ॥

सोऽसओ त्ति। स जलादिस्पर्शाभावलक्षणोऽतिशयः, कायकृत=कायनिष्ठफलविपाकप्रदर्शको, योगकृतो वा=योगनिष्ठफलविपाकप्रदर्शको वा, केवलिनो भवेद् ? उभयतोऽप्यग्निका-पुत्रादिज्ञाततः प्रकटविरोध एव। न ह्यग्निकापुत्रगजसुकुमारादीनामन्तकृत्केवलिनां सयोगिना-मयोगिनां वा सचित्तजलतेजस्कायिकजीवादिस्पर्शस्त्वयापि नाभ्युपगम्यते, केवलं योगवता-मयोगवतां वा तेषामन्तकृत्केवलिनां कायस्पर्शात्तज्जीवविराधनाऽविशेषेण 'घुणाऽक्षरन्यायेन' स्वयमेव भवता स्वग्रन्थे क्वापि लिखिता, स्वाभ्युपगमरीत्या तु त्रयोदशगुणस्थानमुल्लङ्घ्य चतुर्दशगुणस्थाने वक्तुमुचितेति विशेषः। परतन्त्रस्यैवायं जलादिस्पर्शः केवलिनो, न तु स्वतन्त्र-स्येति चेद् ? नेयं भाषा भवतस्त्राणाय, "[1] खीणम्मि अंतराए णो से य असक्कपरिहारो।" त्ति वाङ्मात्रेणाशक्यपरिहाराभावमावेदयत आयुष्मतः केवलिनः परतन्त्रतयापि जलादिस्पर्शत-ज्जीवविराधनयोरभ्युपगन्तुमनुचितत्वाद्, अन्यथा केवली यत्र स्थितस्तत्रागन्तुकवायोरपि सचि-

---

**ઉત્તરપક્ષ** :–આનાથી ફલિત એ થયું કે કેવલીભગવાન્‌નો 'કોઇ સચિત્તનો સ્પર્શ ન થવા'રૂપ અતિશય હોય છે. પણ તેવો તેઓનો અતિશય સિદ્ધ નથી, કેમકે ભક્તિ-નિર્ભર અને નમ્ર એવા મનુષ્યાદિનો ભગવાન્‌ને સ્પર્શ હોય છે એ વાત સર્વજનપ્રસિદ્ધ છે. ॥૭૪॥ **શંકા** :– અમે, કોઇપણ સચિત્તનો ભગવાન્‌ને સ્પર્શ જ ન હોય એવો અતિશય નથી કહેતા, કિન્તુ જેવો સચિત્તસ્પર્શ સાધુઓને નિષિદ્ધ છે તેવા સચિત્તસ્પર્શ-નો જ અભાવ હોવાનો અમે અતિશય કહીએ છીએ. અને તેથી તેવા અતિશયના કારણે સચિત્તજળ વગેરેનો ભગવાન્‌ને સ્પર્શ હોતો નથી એવું સિદ્ધ થઈ જવામાં કોઈ અસંગતિ રહેતી નથી. આવી શંકાનું **સમાધાન** આપવા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– સચિત્તજળ વગેરેના સ્પર્શના અભાવરૂપ એ અતિશય કાયકૃત=શરીર નિષ્ઠ ફળવિપાક પ્રદર્શક છે કે યોગકૃત=યોગનિષ્ઠફળવિપાક પ્રદર્શક ? બન્ને વિકલ્પમાં અગ્નિકાપુત્રઆચાર્ય વગેરેના દૃષ્ટાન્તથી વિરોધ હોવો પ્રકટ રીતે જણાય છે.

[ સચિત્તજળસ્પર્શાભાવનો અતિશય કિંકૃત ? ઉ૦ ]

તે અતિશય કાયકૃત હોવાનો અર્થ એ થાય કે કેવલીનું શરીર જ એવું થઇ ગયું હોય કે જેથી તેને સચિત્ત જળાદિનો સ્પર્શ ન થાય. પણ તો પછી અયોગીકેવલીના શરીરસ્પર્શથી જે મશકાદિઘાત કહ્યો છે તે અસંગત બની જાય. તેથી જો તેને યોગકૃત માનો તો એનો અર્થ એ થાય કે કેવલીના કાયાદિ યોગો એવી રીતે પ્રવર્ત્તે છે કે જેથી એના શરીર અને સચિત્ત જળાદિનો પરસ્પર સ્પર્શ થાય નહિ. પણ આમાં અગ્નિકા-પુત્રાદિના દૃષ્ટાન્તથી વિરોધ સ્પષ્ટ છે. **અગ્નિકાપુત્ર-ગજસુકુમાર** વગેરે અંતકૃત્કેવલી સયોગી કે અયોગી અવસ્થામાં સચિત્તજળ, તેઉકાયાદિના જીવોના સ્પર્શવાળા હતા એ તો તમે પણ માનતા નથી એવું તો નથી જ. ફક્ત વિશેષતા એટલી છે કે 'યોગયુક્ત કે અયોગી એવા તે બન્ને પ્રકારના અંતકૃત્કેવલીના શરીરસ્પર્શથી થયેલ તે જીવવિરાધના સમાન રીતે ઘુણાક્ષરન્યાયે જ થાય છે' તેવું તમે જ તમારા ગ્રન્થમાં ક્યાંક લખ્યું છે.

---

१. अस्य पूर्वार्धः– खीणंमि मोहणिज्जे णावज्जं हुज्ज सव्वहा सव्वं। (सर्व० श० २६)
क्षीणे मोहनीये नावद्यं भवेत् सर्वथा सर्वम्। क्षीणेऽन्तराये न तस्य चाशक्यपरिहारः॥

त्तताया अनिषेधप्रसङ्गात्(इत्यः), तस्मात् सचित्तजलादिस्पर्शेन केवलिनः सयोगस्याप्यवश्यं-भाविनी जीवविराधना वा स्वीक्रियतां, तद्योगाक्रान्तानामपि वा जीवानामघातपरिणाम एव (मो वा) स्वीक्रियतां, न तु तृतीया गतिरस्ति । तत्र च प्रथमः पक्षोऽस्मन्मतप्रवेशभयादेव त्वया नाभ्युपगन्तव्य इति द्वितीयः पक्षस्तवाभ्युपगन्तुमवशिष्यते ॥७५॥ तत्राह—

**एवं सव्वजिआणं जोगाओ च्चिय अघायपरिणामे ।**
**केवलिणो उल्लंघण-पल्लंघाईण वेफल्लं ॥ ७६ ॥**

( एवं सर्वजीवानां योगादेवाघातपरिणामे । केवलिन उल्लङ्घनप्रलङ्घनादीनां वैफल्यम् ॥ ७६ ॥ )

જ્યારે તમારા સ્વઅભ્યુપગમ પ્રમાણે તેરમા ગુણઠાણાને ઉલ્લંઘીને ચૌદમા ગુણઠાણે થતી તેને જ ઘુણાક્ષરન્યાયે થયેલી કહેવી યોગ્ય છે. આટલી વિશેષતા જાણવી. **શંકા**–સયોગી-પણામાં પણ સચિત્તજળાદિનો સ્પર્શ હોવો **અગ્નિકાપુત્ર** વગેરેના દૃષ્ટાન્તથી જે સિદ્ધ થાય છે તે પરાધીનપણે જ તે કેવલીને થયો હોય છે, સ્વતંત્રપણે નહિ. તેથી એ હિંસાને પણ ઘુણાક્ષરન્યાયે કહેવી એ અનુચિત નથી. **સમાધાન** :– આવો વચનપ્રયોગ તમને બચાવ આપી શકતો નથી, કેમકે 'અંતરાકર્મ ક્ષીણ થયે છતે તેને અશક્યપરિહાર હોતો નથી' એવા વચનમાત્રથી કેવલીઓને અશક્યપરિહારનો અભાવ જણાવતા તમારે કેવલીને પરતંત્રપણે સચિત્તજળાદિનો સ્પર્શ થાય છે તે તેમજ જીવવિરાધના થાય છે તે માનવું એ યોગ્ય નથી. તે પણ એટલા માટે કે તે સ્પર્શ અને વિરાધનાનો પણ પરિહાર તેઓ માટે તમારા મતે તો અશક્ય નથી જ. નહિતર તો એ રીતે સચિત્ત વાયુનો સ્પર્શ અને વિરાધના એ બંનેનો પરિહાર પણ અશક્ય હોવો સંભવિત હોઇ, તેઓને તે બે ન જ હોય એવું સિદ્ધ કરવા 'તેઓ જ્યાં રહ્યા હોય ત્યાં વાતો વાયુ સચિત્ત ન જ હોય' એવો તમે જે નિષેધ કરો છો તે ન કરી શકવાની આપત્તિ આવશે. આમ અગ્નિકાપુત્ર આચાર્ય વગેરેના દૃષ્ટાન્તથી 'સયોગીકેવલીને સચિત્તજળાદિનોસ્પર્શ ન જ હોય' એવો અતિશય બાધિત હોવાથી તેઓને સચિત્તજળવગેરેનો સ્પર્શ સંભવિત છે જ. માટે સયોગીકેવલીને પણ અવશ્યંભાવી જીવવિરાધના હોવી કાં તો સ્વીકારો, કાં તો અમે પૂર્વે તમને જેવી કલ્પના કરવી દેખાડી હતી તે મુજબ તેના યોગમાં આવેલ જીવોનો પણ તેવો અઘાત્યપરિણામ સ્વીકારો કે જેના કારણે તેઓ સ્પર્શ પામવા છતાં ન મરવાથી કેવલીને જીવવિરાધનાની હાજરી માનવી આવશ્યક ન બને. આ બે સિવાય તમારે માટે ત્રીજો કોઇ રસ્તો રહેતો નથી. આ બેમાંથી પહેલી વાત તો તમે સ્વીકારી શકતા જ નથી, કેમકે એમાં તમારે અમારી જ માન્યતામાં બેસી જવાનો ભય છે. તેથી બીજી વાત સ્વીકારવાની બાકી રહે છે. ॥૭૫॥ એ બીજી વાતને તમે જો સ્વીકારશો તો શું આપત્તિ આવશે તે દેખાડતા ગ્રન્થકાર કહે છે—

[જીવોનો અઘાત્યપરિણામ માનવામાં ઉલ્લંઘનાદિની નિષ્ફળત્વાપત્તિ-૬૦]

**ગાથાર્થ** :– આમ સચિત્ત જલવગેરેના સ્પર્શનો અભાવ હોવાની વાત વિરોધગ્રસ્ત હોઇ, "સર્વજીવોમાં કેવલીના યોગથી જ 'તે યોગથી મરવું નહિ' એવો અઘાત્યપરિણામ ઉત્પન્ન થાય છે" એવું જો માનવામાં આવે તો કેવલીઓના ઉલ્લંઘન–પ્રલંઘનાદિ વ્યાપારો નિષ્ફળ બની જવાની આપત્તિ આવે.

एवं ति। एवं जलादिस्पर्शाभावाभ्युपगमस्य विरोधग्रस्तत्वे, सर्वजीवानां केवलिनो योगादेवाघातपरिणामे स्वीक्रियमाणे, उल्लंघनप्रलङ्घनादीनां व्यापाराणां वैफल्यं प्रसज्यते। स्वावच्छिन्नप्रदेशवर्तिजीवेषु केवलियोगक्रियाजनितात् केवलियोगजन्यजीवघातप्रतिबन्धकपरिणामादेव जीवघाताभावोपपत्तौ हि जीवाकुलां भूमिं वीक्ष्य केवलिन उल्लङ्घनादिकमकर्त्तव्यमेव स्यात्, प्रत्युत तेषु स्वयोगव्यपार एव कर्त्तव्यः स्यात्, तस्य जीवरक्षाहेतुत्वादिति महदसमञ्जसमापद्यते। यदि चोल्लङ्घनादिव्यापारः शास्त्रसिद्धः केवलिनोऽप्यभ्युपगन्तव्यस्तदा केवलियोगानां न स्वरूपतो रक्षाहेतुत्वं, किन्तु नियतव्यापारद्वारेति तदविषयावश्यंभाविजीवविराधना दुर्निवारा। यदि च—केवलियोगानां स्वरूपत एव जीवरक्षाहेतुत्वं, उल्लङ्घनादिव्यापारश्च न तस्य जीवरक्षामात्रप्रयोजनः, किन्तु स्वव्यवहारानुपातिश्रुतव्यवहारपरिपालनमात्रप्रयोजनः—इति विभाव्यते, तदा तादृशादपि ततो जीवानामपसरणं भवति नवेति वक्तव्यम्? आद्ये साऽपसरणक्रिया भयपूर्विकेति 'केवलियोगात्पृथिव्यादिजीवा भयलेशमपि न प्राप्नुवन्ति' इति स्वप्रतिज्ञाव्याघातः। अन्त्ये चादृष्टपरिकल्पना, न ह्युल्लंघनादिक्रिययोल्लङ्घ्यमानादिजीवानामनपसरणं क्वापि दृष्टमिति।—

---

"પોતે જે આકાશપ્રદેશોમાં રહ્યા હોય તે આકાશપ્રદેશોમાં રહેલા જીવોમાં, કેવલીની યોગક્રિયાથી જ, કેવલીના યોગથી જે જીવઘાત થવાનો હોય તેનો પ્રતિબંધ કરી શકે એવો પરિણામ ઊભો થયો હોય છે" એવું જો માનવામાં આવે તો, તે પરિણામના કારણે જ જીવઘાતનો અભાવ સંભવિત બની જતો હોઈ જીવાકુલ ભૂમિને જોઈને કેવલી જે ઉલ્લંઘનાદિ કરે છે તે અકર્ત્તવ્ય જ બની જશે, કેમકે એ વગર પણ તેઓનો જીવઘાત તો થવાનો હતો જ નહિ. ઉલ્ટું, તેઓને તો એ જીવો પર ચાલવા વગેરે રૂપ સ્વયોગવ્યાપાર જ કરવો કર્ત્તવ્ય બની જવાનું મોટું અસમંજસ ઊભું થાય, કેમકે તેમના યોગો સ્વરૂપે જીવરક્ષાના હેતુભૂત હોવાથી એ રીતે યોગો પ્રવર્ત્તાવવાથી જ જીવરક્ષા થવાની છે. માટે શાસ્ત્રવચનોથી સિદ્ધ થયેલ એવો ઉલ્લંઘનાદિ વ્યાપાર જો કેવલીઓમાં માનવાનો હોય તો કેવલીના યોગોને સ્વરૂપે જ જીવરક્ષાના હેતુભૂત માની શકાય નહિ, કિન્તુ ઉલ્લંઘનાદિરૂપ નિયત વ્યાપાર દ્વારા જ તેવા માનવા પડે. અને તો પછી, જે જીવો તે નિયતવ્યાપારનો વિષય ન બની શકે તેઓની અવશ્યંભાવી જીવવિરાધનાનું વારણ દુઃશકય બની જ જાય છે.

[ કેવલીના ઉલ્લંઘનાદિવ્યાપાર શ્રુતવ્યવહાર પાલન માટે-પૂ૦ ]

—કેવલીના યોગો તો સ્વરૂપે જ જીવરક્ષાના હેતુભૂત હોય છે, અને તેમ છતાં કેવલીઓ ઉલ્લંઘનાદિ જે વ્યાપાર કરે છે તે જીવરક્ષા માત્રના પ્રયોજનથી નથી હોતો, કિન્તુ પોતાના વ્યવહારમાં જે શ્રુતવ્યવહાર સમાવિષ્ટ છે કે 'વચમાં કીડી વગેરે જીવો હોય તો તેઓને ઓળંગીને આગળ જવું પણ તેઓ પરથી ચાલીને ન જવું" ઈત્યાદિ, તેનું પરિપાલન થઈ જાય એટલા જ માત્ર પ્રયોજનથી હોય છે—એવું જો કહેશો, તો 'તેવા પ્રયોજનવાળા પણ તે વ્યાપારથી જીવો આઘા પાછા થાય છે કે નહિ?' તે તમારે કહેવું પડશે. જો 'થાય છે' એમ કહેશો તો તે આઘા પાછા થવારૂપ અપસરણ ક્રિયા ભયપૂર્વિકા હોવાથી 'કેવલીના યોગોથી પૃથ્વીવગેરે જીવો ભયનો અંશ પણ

किं चैवं–आदिपदग्राह्यप्रतिलेखनावैफल्यं दुरुद्धरमेव, जीवसंसक्तवस्त्रादेर्विविक्तीकरणेनैव तत्साफल्यसंभवात् । न च तत्केवलियोगाऽजीवानामनपसरणस्वभावकल्पने निर्वहतीति ॥७६॥

एवं चापसरणा(न)पसरणादिद्वारं विना स्वरूपत एव केवलियोगानां जीवरक्षाहेतुत्वे उल्लङ्घनादिव्यापारवैफल्यापत्तौ व्यवस्थापितायां केवलियोगव्यापारकाले जीवानां स्वत एवापसरणस्वभावत्वं यत्परेण कल्पितं तदपि निरस्तमित्याह–

एएण मच्छियाई सहावकिरिआपरायणा हुंति ।
ण हु जिणकिरियापेरिअकिरियं जंतित्ति पडिसिद्धं ॥७७॥

(एतेन मक्षिकादयः स्वभावक्रियापरायणा भवन्ति । न खलु जिनक्रियाप्रेरितक्रियां यान्तीति प्रतिषिद्धम् ॥७७॥)

**एएण मच्छिआइ त्ति ।** एतेनोक्तहेतुना मक्षिकादयो मक्षिकापिपीलिकादंशमशकादयः स्वभावक्रियापरायणाः सहजसमुत्थगमनादिक्रियाकारिणो भवन्ति णहु नैव जिनस्य या क्रिया गमनागमनादिरूपा तया प्रेरिता तन्निमित्तका या क्रिया तां यान्ति केवलियोगहेतुकस्वशरीरसङ्को-

---

પામતા નથી' એવી તમારી પ્રતિજ્ઞા ડૂલ થઈ જશે. 'તેઓ આઘા પાછા થતા નથી' એવો બીજો વિકલ્પ પણ કહી શકાતો નથી, કેમકે એ તો અદષ્ટની પરિકલ્પના રૂપ છે. ઉલ્લંઘનાદિક્રિયા થતી હોય ત્યારે ઉલ્લંઘાતા જીવો જરાય આઘા પાછા ન થાય એવું ક્યાંય પણ જોયું નથી. વળી તે જીવોનો અનપસરણ સ્વભાવ (આઘા પાછા ન થવું એવો સ્વભાવ) માનવામાં, 'પ્રલંઘનાદિ' પદમાં 'આદિ' શબ્દથી જેનું ગ્રહણ કરવાનું છે તે પ્રતિલેખના નિષ્ફળ થવાની આપત્તિ દુરુદ્ધર જ રહે છે. કેમકે જીવસંસક્ત વસ્ત્રાદિમાંથી તે જીવોને દૂર કરવા માટે જે કરવામાં આવે છે તે પડિલેહણ ક્રિયા તે જીવો દૂર થાય તો જ સફળ બને. હવે કેવલીના યોગોથી જો તે જીવોમાં અનપસરણ સ્વભાવ પેદા થયો હોય તો કેવલી ભગવાન ગમે એટલો પ્રયત્ન કરે તો પણ તેઓ ત્યાંથી ખસવાના જ નથી. એટલે પડિલેહણક્રિયા તો નિષ્ફળ જ રહીને ! ॥૭૬॥ આમ જીવોના અપસરણ–અનપસરણવગેરે રૂપ દ્વાર વિના, સ્વરૂપે જ કેવલીના યોગોને જીવરક્ષાના હેતુભૂત માનવામાં ઉલ્લંઘનાદિ વ્યાપાર નિષ્ફળ બનવાની આપત્તિનો નિર્ણય થયે છતે, 'કેવલીના યોગવ્યાપાર વખતે જીવોમાં સ્વતઃ જ અપસરણ સ્વભાવ ઊભો થઈ જાય છે' એવું પૂર્વપક્ષીએ જે કલ્પ્યું છે તેનો પણ નિરાસ થઇ ગયેલો જાણવો એવું ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ :–** ઉપર કહ્યા મુજબના કારણે પૂર્વપક્ષની નીચેની કલ્પના નિષિદ્ધ થઇ ગએલી જાણવી. તે કલ્પના આ–'માખી, કીડી, મચ્છરવગેરે જીવો સ્વભાવક્રિયાપરાયણ=સહજ પ્રવર્તેલી ગમનાદિ ક્રિયા કરનારા હોય છે, નહિ કે કેવલીની ગમનાગમનાદિ ક્રિયાથી પ્રેરાઇને ક્રિયા કરનારા, અર્થાત્ કેવલીના યોગરૂપ કારણ પામીને તો તેઓ શરીરનો સંકોચ પણ કરતા નથી.'

[ કેવલીનાં વિહરણકાલે જીવો સ્વત: જ આઘાપાછા થઇ જાય–પૂ૦ ]

પૂર્વપક્ષીનો આશય એ છે કે (પૂર્વપક્ષ)–શ્રુતવ્યવહારપરિપાલન માટે કેવલીએ કરેલ ઉલ્લંઘનાદિ વ્યાપારથી ઉલ્લંઘાતા જીવો અપસરણાદિ કરે છે કે નહિ ઇત્યાદિ

चमपि न कुर्वन्तीत्यर्थः । केवलिनो हि गमनागमनादिपरिणतौ पिपीलिकादयः क्षुद्रजन्तवः स्वत एवेतस्ततोऽपसरन्ति, अपसृता वा भवन्ति। यदि च कदाचिदसातवेदनीयकर्मोदयेन दंशमशकादयो नापसरन्ति, तदा केवली तत्कर्मक्षयनिमित्तं तत्कृतवेदनां सम्यगधिसहते, केवलज्ञानोत्पत्तिसमय एव तेनैव प्रकारेणात्मीयासातवेदनीयकर्मक्षयस्य दृष्टत्वात् । न तु केवलियोगजनितां कामपि क्रियां कुर्वन्ति । तदिदमाह [ सर्व० श० ५० ]—

[1]तेणं मच्छिअपमुहा, सहावकिरियापरायणा हुंति । ण य जिणकिरियापेरिअकिरियालेसंपि कुव्वंति ॥

इत्येतत् प्रतिषिद्धं, स्वत एव जीवानामपसरणस्वभावत्वे केवलिन उल्लङ्घनादिव्यापारवैफल्यापत्तेर्वज्रलेपत्वात् । यच्च केवलियोगव्यापारमपेक्ष्य जीवानां स्वतोऽपसरणस्वभावत्वकल्पनं तदपां दहनान्तिके दाहजननस्वभावकल्पनसदृशमेव ।

---

તમે જે વિકલ્પ કર્યા તેમાં 'નથી કરતા' એવો બીજો વિકલ્પ તો અમે પણ માનતા જ નથી. વળી 'કરે છે' એવો પ્રથમ વિકલ્પ માનવામાં 'તેઓ ભયલેશ પણ પામતા નથી' એવા અમારા અભ્યુપગમની હાનિ થશે એવું તમે જે કહ્યું તે પણ યોગ્ય નથી, કેમકે કેવલી જ્યારે ગમનાગમનાદિ પરિણતિવાળા બને ત્યારે કીડી વગેરે ક્ષુદ્ર જન્તુઓ પોતાની મેળેજ (કેવલીના યોગથી પ્રેરાઇને નહિ) આઘાપાછા થઇ જાય છે, અથવા તો એ વખતે પહેલેથી જ આઘા પાછા થઈ ગયેલા હોય છે. તેથી તેઓની આ ક્રિયાને કેવલીપ્રયુક્ત ભયપૂર્વકની કહી શકાતી નથી કે જેથી અમારી માન્યતાની હાનિ થાય. વળી જો કયારેક કેવલીના અશાતાવેદનીય કર્મના ઉદયના કારણે દંશ-મશકાદિ દૂર ન જાય તો તે કર્મના ક્ષય માટે કેવલી તેઓએ કરેલી વેદનાને સમ્યક્ રીતે સહે છે, કેમકે કેવલજ્ઞાનોત્પત્તિ સમયે જ તેઓએ પોતાના અશાતાવેદનીય કર્મનો એ રીતે જ ક્ષય થવાનો જોયો હોય છે. પણ તે દંશ-મશકાદિ કેવલીયોગ પ્રેરિત તો કોઇ ક્રિયા કરતા નથી. કહ્યું છે કે (સર્વજ્ઞ શ. ૫૦) "(શ્રીતીર્થંકર-ચક્રવર્તી વગેરે નિયત સંખ્યામાં જ થાય એવી જેમ જગત્સ્થિતિ છે તેમ જ્યાં કેવલી વિચરે ત્યાં તેમના સ્પર્શમાં આવતા જળ-વાયુ વગેરે અચિત્ત જ હોય ઇત્યાદિ પણ એક જગત્સ્થિતિ જ છે એવું જે કહ્યું) તેનાથી જણાય છે કે 'માખી વગેરે જીવો સ્વભાવક્રિયાપરાયણ હોય છે, પણ કેવલીની ક્રિયાથી પ્રેરાઇને તો લેશક્રિયા પણ કરતા નથી."

( જીવોને સ્વતઃ અપસરણવાળા માનવામાં આપત્તિ ઉ૦ )

**ઉત્તરપક્ષ :–** જીવો જો સ્વતઃ જ અપસરણસ્વભાવવાળા હોય તો કેવલીના ઉલ્લંઘનાદિવ્યાપાર નિષ્ફળ બનવાની આપત્તિ વજ્રલેપ જેવી બની જતી હોવાથી પૂર્વપક્ષીનો આવો આશય પ્રતિષિદ્ધ જાણવો. વળી કેવલીના યોગવ્યાપાર વખતે જીવોના થતા અપસરણને તેઓના સ્વભાવરૂપ માની લેવાની કલ્પના તો અગ્નિના સાંનિધ્યમાં ગરમ થઇને દાહ કરતાં પાણીને દાહજનનસ્વભાવવાળું માનવાની કલ્પના જેવી જ છે. અર્થાત્ પાણી જે દાહ કરે છે તેમાં અગ્નિ કોઇ ભાગ ભજવતો નથી, પાણી તેવા સ્વ-સ્વભાવે જ દાહ કરે છે એવો નીકળતો ફલિતાર્થ બાધિત હોઇ તેવી કલ્પના જેમ અયોગ્ય છે તેમ તમારી કલ્પના અંગે પણ જાણવું.

---

૧. तेन मक्षिकाप्रमुखाः स्वभावक्रियापरायणा भवन्ति । न च जिनक्रियाप्रेरितक्रियालेशमपि कुर्वन्ति ॥

अथ केवलिनः प्रतिलेखनादिव्यापाराज्जीवानामपसरणस्य प्रमाणसिद्धत्वात् केवलिक्रियानिमित्तकं क्रियामात्रं न तेषां प्रतिषिध्यते किंतु भयपूर्विका क्रिया प्रतिषिध्यते, नह्यभयदस्य भगवतः प्राणिनां साक्षात्त्रासजनकव्यापाररूपं भयदानं संभवति, परेषां भापनस्य भयमोहनीयाश्रवत्वात्, ततः केवलिक्रियातः प्रतिलेखनादिव्यापारकाले या प्राणिनामपसरणादिक्रिया भवति सा न भयमूलेति स्वत एवेत्युच्यत इति चेत् ? न, भयं विनैव केवलियोगात् सत्त्वापसरणकल्पने हिंसां विना तन्मरणकल्पनेऽपि बाधकाभावाद्, अदृष्टकल्पनाया उभयत्र तुल्यत्वाद् । आवश्यकक्रियावश्यंभाविना च प्राणिभयेन च * यदि भयमोहनीयाश्रवभूतं भापनमुच्यते, तदा तव मतेऽपि सूक्ष्मसंपरायोपशान्तमोहयोर्द्रव्यहिंसाऽभ्युपगमेन भापनावश्यंभावाद् भयमोहनीयकर्मबन्धसंभवे षड्विधबन्धकत्वमेकविधबन्धकत्वं च भज्यते । न च—'जानतो भय-

[ જીવો કેવલીક્રિયાનિમિત્તક ભય વિના જ ક્રિયાવાળા હોય-પૂ૦ ]

**પૂર્વપક્ષ :**–કેવલીના પડિલેહણાદિવ્યાપારો શાસ્ત્રસિદ્ધ છે. તે વ્યાપારોની સફળતા માટે 'તે વ્યાપારથી જ જીવોનું અપસરણ થાય છે' એવું માનવું પડે છે. આમ કેવલીના વ્યાપારથી જીવોનું અપસરણ થાય છે તે તો પ્રમાણસિદ્ધ છે. માટે 'કેવલીની ક્રિયા નિમિત્તે તેઓની કોઇ ક્રિયા થતી નથી' એવો ક્રિયામત્રનો અમે નિષેધ કરતા નથી, પણ 'માખી વગેરે, કેવલીની ક્રિયાથી ભય પામીને કોઇ ક્રિયા કરતા નથી' એ રીતે ભયપૂર્વકની ક્રિયાનો જ નિષેધ કરીએ છીએ. કેમકે સર્વજીવોને અભય આપનારા ભગવાન્ જીવોને સાક્ષાત્ ત્રાસ પમાડે તેવો વ્યાપાર કરવા રૂપ ભય પમાડે એ વાત સંભવતી નથી. તે પણ એટલા માટે કે બીજાઓને ભય પમાડવો એ ભયમોહનીય કર્મ બંધાવી આપનાર આશ્રવરૂપ છે. જ્યારે ભગવાન્‌ને તો તેવા સઘળા આશ્રવોનો વિચ્છેદ થઇ ગયો છે. તેથી નક્કી થાય છે કે પડિલેહણાદિપ્રવૃત્તિવખતે કેવલીની ક્રિયાથી જીવોની જે અપસરણાદિ ક્રિયા થાય છે તે ભયમૂલક હોતી નથી. અને તેથી એને સ્વતઃ થયેલી કહેવાય છે.

[ હિંસા વિનાજ તેઓ મરી જાય છે એવું પણ માનોને !-ઉ૦ ]

**સમાધાન :**– 'કેવલીના યોગથી ભય પામ્યા વિના જ જીવો ખસી જાય છે' એવી કલ્પના જો થઈ શકતી હોય તો તો 'હિંસા વિના જ તે જીવો મરી જાય છે' તેવી કલ્પના કરવામાં પણ કોઈ બાધક રહેતો ન હોવાથી તેવી પણ કલ્પના કરોને ! અને તો પછી, 'કેવલીના સંપર્કમાં જે જળાદિ આવે તે સચિત્ત હોય જ નહિ' એવી શાસ્ત્રમાં નહિ સાંભળેલી અને મગજમાં ન બેસે તેવી કલ્પના કરવાની શી જરૂર છે ? કેમકે તે જળાદિ સચિત્ત હોય, અને તેથી જીવો મરતા હોય તો પણ સયોગી કેવલીમાં દ્રવ્યહિંસા ન માનવાનો તમારો હઠાગ્રહ તો અકબંધ રહી જ શકે છે. **શંકા :**– પણ 'હિંસા વિના મરે છે' એ વાત તો ક્યાંય દેખાતી નથી. તેથી કલ્પી શી રીતે કરી શકાય ? **સમાધાન :**–આ દલીલ તો 'ભયવિના જ આઘાપાછા થઇ જવાની' કલ્પના માટે પણ સમાન જ છે. વળી આવશ્યકક્રિયાઓથી પ્રાણીઓને થતા અવશ્યંભાવી ભયના કારણે

* अयं 'च' कारोऽधिको भाति ।

प्रयोजकव्यापाररूपमेव भापनं भयमोहनीयाश्रवः' इति नायं दोषः—इति वाच्यं, जानतोऽपि भगवतो योगात् त्रिपृष्ठवासुदेवभवविदारितसिंहजीवस्य पलायननिमित्तकभयश्रवणात् । यत्तु—तस्य भयहेतवो न श्रीमहावीरयोगाः किन्तु तदीययोगा एव, यथाऽयोगिकेवलिशरीरान्मशकादीनां व्यापत्तौ मशकादीनां योगा एव कारणं—इति कल्पनं तत्तु स्फुटातिप्रसङ्गग्रस्तं, शक्यं ह्येवं वक्तुं, साधुयोगादपि न केषामपि भयमुत्पद्यते, किन्तु स्वयोगादेवेति ।

अथ भगवत्यभयदत्वं प्रसिद्धम्, तदुक्तं शक्रस्तवे 'अभयदयाणं' ति। एतद्वृत्त्येकदेशो यथा. "प्राणान्तिकोपसर्गकारिष्वपि न भयं दयन्ते, यद्वाऽभया सर्वप्राणिभयत्यागवती दया कृपा येषां तेऽभयदयास्तेभ्य

---

સયોગીમાં ભયમોહનીયકર્મના આશ્રવભૂત ભાપન (ભય પમાડવાની ક્રિયા) માનવાની જે આપત્તિ દેખાડો છો તો શાસ્ત્રોક્ત વ્યવસ્થાપડી ભાંગવાનો દોષ આવશે. તે આ રીતે–તમારા મતે પણ સૂક્ષ્મસંપરાય–ઉપશાન્તમોહ ગુણઠાણાવાળાને દ્રવ્યહિંસા માન્ય છે. તેથી ભાપન માનવું પણ આવશ્યક બનવાથી તેઓને ભયમોહનીયકર્મબંધ માનવો પડશે જેને લીધે શાસ્ત્રમાં તેઓને અનુક્રમે જે ષડ્વિધબંધક અને એકવિધબંધક કહ્યા છે તેનું ખંડન થઇ જશે, કેમકે મોહનીયનો બંધકજીવ અષ્ટવિધબંધક કે સપ્તવિધબંધક હોય છે.

**શંકા :**– ભયપ્રયોજક વ્યાપાર માત્ર રૂપ ભાપનને અમે ભયમોહનીયનો આશ્રવ નથી કહેતાં, કિન્તુ જાણકારી પૂર્વકના તેવા વ્યાપારરૂપ ભાપનને તે આશ્રવ કહીએ છીએ. ઉક્ત બે ગુણઠાણાવાળાને જાણકારી ન હોવાથી તે આશ્રવની હાજરી માનવાનો દોષ ઊભો થતો નથી.

**[ ભગ૦ના યોગથી ખેડૂત ભય પામી નાશ્યો એ પ્રસિદ્ધ-ઉ૦ ]**

**સમાધાન :**–આ રીતે તેઓમાં દોષનું વારણ કરી તમારી કલ્પનાને પુષ્ટ કરશો તો પણ, જાણકારી યુક્ત એવા પણ ભગવાન્‌ના યોગથી, **ત્રિપૃષ્ઠવાસુદેવના**ભવમાં તેઓએ ફાડેલા **સિંહનો જીવ** જે ભાગી ગયો તેના કારણભૂત ભય પેદા થયો હતો તેવું સંભળાય છે. (એ જીવ ખેડૂત બનેલો જે ગૌતમ સ્વામીથી પ્રતિબોધ પામી સાધુ બનેલ....અને પછી ભગવાન્‌ને જોઈ ને ભાગી ગએલ તેવો સંપ્રદાય છે.) તેથી તેઓમાં ભયમોહનીયના આશ્રવની હાજરી માનવાનો દોષ તો ઊભો જ રહે છે. તેથી જાણકારીયુક્ત અને અવશ્યંભાવી ભયનો પ્રયોજક એવો યોગવ્યાપાર હોવામાત્રથી ભયમોહનીયના આશ્રવની આપત્તિ આપવી યોગ્ય નથી. **શંકા :**–તે સિંહના જીવને જે ભય લાગ્યો તેમાં **પ્રભુમહાવીરદેવના** યોગો નહિ પણ તેના જ યોગો કારણભૂત હતા. જેમકે અયોગીનાશરીરસ્પર્શથી મશકાદિની થતી વિરાધનામાં મશકાદિના યોગો જ કારણ બને છે.

**સમાધાન :**–આવી કલ્પના સ્પષ્ટ અતિપ્રસંગવાળી છે, કેમકે આ રીતે તો એવું પણ કહી શકાય છે કે 'સાધુઓના યોગથી પણ કોઇને ભય પેદા થતો નથી, કિન્તુ સ્વયોગથી જ ભય પેદા થાય છે.'

**પૂર્વપક્ષ :**–ભગવાન્ સર્વજીવોને અભયદેનારા હોય છે એ વાત પ્રસિદ્ધ છે. જેમકે **શક્રસ્તવ**માં કહ્યું છે કે 'अभयदयाण'. આની આંશિક**વૃત્તિનો** અર્થ આ પ્રમાણે–'મારણાન્તિક ઉપસર્ગ કરનારાઓને પણ ભય પમાડતા નથી. અથવા, અભયા=સર્વજીવોના ભયન

इति" तन्निर्वाहार्थं केवलियोगादन्येषां न भयोत्पत्तिरिति कल्प्यते, साधुषु च तथाकल्पने न प्रयोजनमस्तीति चेद्? न, अस्मिन्नप्यर्थे सम्यग् व्युत्पन्नोऽसि? किं न जानासि संयमस्यैवाभयत्वम्? येन संयमिनां संयमप्रामाण्यादेवान्यभयाजनकयोगत्वं न कल्पयसि। न जानामीति चेत्? तर्हि 'तं नो करिस्सामि समुट्ठाए मंता मइमं अभयं विदित्ता' इत्याद्याचाराङ्गसूत्रे एवाभयपदार्थं पर्यालोचय येनाऽज्ञाननिवृत्तिः स्याद्, 'अविद्यमानं भयमस्मिन् सत्त्वानामित्यभयः संयमः' इति प्रोक्तं वृत्ताविति ॥७७॥ परमतस्यैवोपपादकान्तरं निराकरोति—

जंपि मयं णारंभो लद्धिविसेसाउ चेव केवलिणो।
तं पि इमीइ दिसाए णिराकयं होइ णायव्वं ॥७८॥

(यदपि मतं नारंभः लब्धिविशेषादेव केवलिनः। तदप्यनया दिशा निराकृतं भवति ज्ञातव्यम् ॥ ७८ ॥)

ત્યાગયુક્ત છે દયા=કૃપા જેઓની તેઓ અભયદયા. તેઓને નમસ્કાર હો.' આ 'અભયદયાણું' વિશેષણનો નિર્વાહ કરવા 'કેવલીના યોગોથી કોઈને ભય થતો નથી' એવી કલ્પના કરીએ છીએ. સાધુઓ માટે આવું કોઈ વિશેષણ શાસ્ત્રોમાં કહ્યું નથી કે જેની સંગતિ માટે 'સાધુના યોગથી કોઈને ભય થતો નથી' ઈત્યાદિ કલ્પવું પડે.

(સંયમ અભયરૂપ છે.)

**ઉત્તરપક્ષ :**–આ વાત પણ બરાબર સમજીને બોલો છો ને? સંયમ પોતે જ અભયરૂપ છે તે શું તમે જાણતા નથી કે જેથી સાધુઓમાં રહેલ સંયમની હાજરીને સંગત કરવા જ 'અન્યજીવોને ભય ન પહોંચાડે એવા જ યોગો તેઓમાં હોય છે' એવી કલ્પના કરતા નથી. **શંકા :**–સંયમ જ અભયરૂપ હોવાની એ વાત અમે જાણતા નથી. **સમાધાન :**–તો પછી 'તં નો करिस्सामि...' ઈત્યાદિ આચારાંગસૂત્ર ( ) માં કહેલ 'અભય' પદના અર્થનો બરાબર વિચાર કરો કે જેથી એ અજ્ઞાન દૂર થાય. તે સૂત્રની વૃત્તિમાં કહ્યું જ છે કે 'જે અવસ્થામાં પોતાના તરફથી જીવોને ભય ઊભો ન રહે તે અભય, એટલે કે સંયમ.' તેથી જો 'સાધુના યોગથી કોઈને ભય થતો નથી' એવી કલ્પના વગરપણ સંયમ અભયરૂપ હોવું તમે સંગત માનો છો તો એ રીતે 'ભગવાન્‌ના યોગથી કોઈને ભય થતો નથી' એવી કલ્પના વગર પણ તેઓનું 'અભયદયાણું' વિશેષણ સંગત શું કામ ન બને? કે જેથી 'તે સિંહનો જીવ ભગવાન્‌ના યોગથી ભય પામ્યો નહોતો' એવું માનવું આવશ્યક બને? અને તેથી ભગવાન્‌ના યોગથી તે ભય પામ્યો હોવા છતાં જેમ ભગવાન્‌માં ભયમોહનીયનો આશ્રવ માનવો પડતો નથી તેમ પડિલેહણાદિકાળે ભગવાન્‌ના યોગવ્યાપારથી કીડી વગેરે ભયપામીને અપસરણાદિ કરે છે એમ માનવામાં પણ તે આશ્રવ માનવો પડતો ન હોવાથી તે અપસરણાદિ ક્રિયાને ભયપૂર્વિકા માની શકાય છે. માટે તેને તેઓના તેવા સ્વભાવથી થયેલી માનવાની વાત ઊડી જાય છે. ॥૭૭॥ 'સયોગીકેવલીને દ્રવ્યહિંસા હોતી નથી' એવા પરમતનું સમર્થન કરનાર અન્ય દલીલનું નિરાકરણ કરતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :**– 'વિશેષપ્રકારની લબ્ધિના કારણે કેવલીને આરંભ (=હિંસા) હોતો નથી' એવો જે મત છે તેનું પણ આ જ રીતે નિરાકરણ થઈ ગયેલું જાણવું.

जं पि मयं ति । यदपि मतं लब्धिविशेषादेव केवलिनो नारंभः, प्रसिद्धं खल्वेतद् यदुत घातिकर्मक्षयोपशमावाप्तजलचारणादिनानालब्धिमतां साधूनां नदीसमुद्रादिजलज्वलनशिखोपवन-वनस्पतिपत्रपुष्पफलादिकमवलंब्य यदृच्छया गमनागमनादिपरायणानामपि जलजीवादिविराधना न भवतीति । तदुक्तं 'खीरासवमहुआसव' इत्यादि चतुःशरण(३४)गाथावृत्तौ-'चारणेत्यादि यावत्केचित्तु पुष्पफलपत्रहिमवदादिगिरिश्रेणि-अग्निशिखानीहारावश्यायमेघवारिधारामर्कटतन्तुज्योतीरश्मिपवनलता-द्यालंबनेन गतिपरिणामकुशलाः, तथा वापीनद्यादिजले तज्जीवानविराधयन्तो भूमाविव पादोत्क्षेपनिःक्षेपकुशला जलचारणा इत्यादि"। कथं तर्हि घातिकर्मक्षयावाप्तलब्धिभाजः केवलिनो जीवविराधनासंभवः? एकस्या अपि क्षायिकलब्धेः सर्वक्षायोपशमिकलब्ध्यात्मकत्वेन क्षायोपशमिकलब्धिसाध्यस्य जीव-रक्षादिकार्यमात्रस्य साधकत्वात् । सा च क्षायिकी लब्धिर्भगवतो जीवरक्षाहेतुरनुत्तरचारित्रान्त-र्भूता द्रष्टव्या । तत्प्रभावादेव न केवलिनः कदाप्यारंभ इति । तदपि मतमनया दिशा निराकृतं ज्ञातव्यं भवति, लब्धिस्वभावादेव जीवरक्षोपपत्तौ केवलिन उल्लङ्घनादिव्यापारवैयर्थ्यापत्तेरिति भावः ॥७८॥ दिग्दर्शितमेव दूषणं विकल्प्य स्फुटीकुर्वन्नाह—

[ઘાતીકર્મક્ષયજન્યલબ્ધિના પ્રભાવે જીવઘાત ન હોય-પૂ૦]

**પૂર્વપક્ષ** :-આ વાત તો પ્રસિદ્ધ છે કે ઘાતી કર્મના ક્ષયોપશમથી જલચારણાદિ અનેક પ્રકારની લબ્ધિ પામેલા સાધુઓ નદીસમુદ્રાદિના જળનું, અગ્નિની શિખાનું, ઉપવનોના ઝાડ-પાંદડાં-ફૂલ-ફળાદિનું આલંબન લઈને ઇચ્છા મુજબ ગમનાગમનાદિ કરે તો પણ પાણીના જીવ વગેરેની વિરાધના થતી નથી. **ચઉસરણપયણ્ણા**(૩૪) ની 'खीरासव....' ઈત્યાદિ ગાથાની વૃત્તિમાં કહ્યું છે કે-"ચારણેત્યાદિ...વળી કેટલાક લબ્ધિધારી મહાત્માઓ તો પુષ્પ-ફળ-પાંદડાં-હિમવંત વગેરે પર્વતનીશ્રેણિ-અગ્નિશિખા-નીહાર-અવશ્યાય-મેઘ-પાણીની ધારા-મર્કટતંતુ-જ્યોતિ-કિરણ-પવન-લતા વગેરેના આધારે ચાલવામાં પણ કુશળ હોય છે. એમ વાવડી-નદી વગેરેના પાણીમાં તેના જીવોની વિરાધના કર્યા વગર જમીન પર ચાલે એમ પગલાં ભરીને ચાલવામાં જે કુશળ હોય છે તે જળચારણ વગેરે." આમ ઘાતીકર્મના ક્ષયોપશમથી થયેલ લબ્ધિના કારણે જો જીવવિરાધનાથી મુક્ત રહેવાતું હોય તો ઘાતીકર્મના ક્ષયથી થએલ લબ્ધિવાળા કેવલીઓને જીવવિરાધના શી રીતે સંભવે? કેમ કે એક પણ ક્ષાયિક લબ્ધિ સર્વક્ષાયોપશમિક લબ્ધિ સ્વરૂપ હોઈ ક્ષાયોપશમિક લબ્ધિથી સિદ્ધ થનાર જીવ-રક્ષા વગેરે રૂપ દરેક કાર્યની સાધક હોય છે. 'લબ્ધિની ગણતરીમાં આવી કોઈ લબ્ધિ ગણાવેલ નથી' એવી શંકા ન કરવી, કેમ કે જીવરક્ષાના હેતુભૂત બનનાર આ ક્ષાયિક લબ્ધિ ભગવાન્‌ના અનુત્તર ચારિત્રમાં જ અંતર્ભૂત હોય છે. તેના પ્રભાવથી જ કેવલીને ક્યારેય આરંભ હોતો નથી.

**ઉત્તરપક્ષ** :-પૂર્વપક્ષના આવા મતનું નિરાકરણ પણ ઉક્ત રીતે જાણવું, કેમ કે લબ્ધિના પ્રભાવે સ્વભાવથી જ (જીવરક્ષા યોગ્ય વિશેષ પ્રયત્ન વગર જ) જીવરક્ષા જો થઈ જવાની હોય તો તેઓનો ઉલ્લંઘનાદિ વ્યાપાર નિષ્ફળ થઇ જવાની આપત્તિ આવે. ॥૭૮॥ આ રીતે એ મતમાં આવતા અને દિગ્દર્શિત કરેલા વિકલ્પો દેખાડી સ્પષ્ટ કરતા ગ્રન્થકાર કહે છે—

तं खलु उवजीवंतो पमायवं तुह मए जिणो हुज्जा ।
सेलेसीए वि फलं ण तस्स उवजीवणाभावे ॥ ७९ ॥

(तं खलूपजीवन् प्रमादवांस्तव मते जिनो भवेत् । शैलेश्यामपि फलं न तस्योपजीवनाभावे ॥ ७९ ॥)

**तं खलुत्ति** । तं लब्धिविशेषमुपजीवन्=जीवरक्षार्थं व्यापारयन् **खलु**=निश्चितं **जिनः**=केवली, तव मते प्रमादवान् स्याद्, 'लब्ध्युपजीवनं हि प्रमत्तस्यैव भवतीति' शास्त्रमर्यादा ।—अस्तु तर्हि स लब्धिविशेषोऽनुपजीवित एव जीवरक्षाहेतुः, क्षायिकीनां हि लब्धीनां न प्रयुञ्जना भवति, तासामनवरतमेकस्वभावेनैव सर्वकालीनत्वात्, तासां च फलवत्त्वमपि तथैव । तदितराणां तु कादाचित्कत्वेन फलवत्त्वात् प्रयुञ्जनेति विशेषः—इत्येव ह्यस्मन्मतमित्यत्राह–**तस्य** लब्धिविशेषस्य **उपजीवनाभावे** तु शैलेश्यामपि फलं जीवरक्षारूपं नास्ति, तदानीं तत्कायस्पर्शेन मशकादिव्यापत्तेस्त्वयापि स्वीकारात्, किं पुनः सयोगिकेवलिनि वाच्यं ? तथा चोपजीवनानुपजीवनविकल्पव्याघातात् तादृशलब्धिविशेषकल्पनमप्रामाणिकमेवेति भावः ॥ ७९ ॥

अथ—चारित्र मोहनीयकर्मक्षयजनिता जीवरक्षाहेतुर्लब्धिर्योगगतैव कल्प्यते, इति शैलेश्यवस्थायां नोक्तदोषः—इत्याशङ्कायामाह—

[ તે લબ્ધિનું ઉપજીવન કરે તો પ્રમત્તતાની આપત્તિ-ઉ૦ ]

**ગાથાર્થ** :–તમારા મત પ્રમાણે જીવરક્ષા માટે તે લબ્ધિવિશેષને વાપરતા કેવલી પ્રમાદવાળા બનવાની આપત્તિ આવશે; કેમ કે 'લબ્ધિનો ઉપયોગ પ્રમત્તને જ હોય છે' એવી શાસ્ત્રમર્યાદા છે. 'તેનો ઉપયોગ કરવાનો હોતો નથી એ સ્વયં જ સ્વકાર્ય કરી દે છે' એવું માનવામાં શૈલેશી અવસ્થામાં પણ તેના જીવરક્ષારૂપ ફળનો જે અભાવ રહે છે તે આપત્તિરૂપ બની જશે.

**પૂર્વપક્ષ** :–લબ્ધિનો ઉપયોગ કરવાનું માનવામાં આપત્તિ આવતી હોવાથી અમે તો એવું માનીએ છીએ કે કેવલીની આ લબ્ધિ એવી હોય છે કે તેનો ઉપયોગ કર્યા વગર જ તે જીવરક્ષાનો હેતુ બને છે. આવું માનવું અયોગ્ય પણ નથી, કારણ કે ક્ષાયિક લબ્ધિઓને પ્રયુંજવાની (વાપરવાની) હોતી નથી, કેમકે તેઓ નિરંતર એકસ્વભાવવાળી જ હોઇ સર્વકાલીન હોય છે. તેમજ એ રીતે જ (અનુપજીવિત રહીને જ) તેઓ સર્વકાલીન ફળવાળી હોય છે. તે સિવાયની=ક્ષાયોપશમિક લબ્ધિઓ ક્યારેક ફળવાળી બનતી હોવાથી તેઓની પ્રયુંજના હોય છે. આટલો ક્ષાયિક અને ક્ષાયોપશમિક લબ્ધિમાં ફેર જાણવો.

[ લબ્ધિનું અનુપજીવન માનવામાં આપત્તિ ]

**ઉત્તરપક્ષ** :– પૂર્વપક્ષીના આવા મત અંગે ગ્રન્થકાર આગળ કહે છે કે તે લબ્ધિવિશેષનું ઉપજીવન કર્યા વગર જ જો જીવરક્ષા થઈ જવી માનશો તો આપત્તિ એ છે કે શૈલેશી અવસ્થામાં તે લબ્ધિ હાજર હોવા છતાં જીવરક્ષારૂપ ફળ (કાર્ય) કરતી નથી. તે અવસ્થામાં તેના કાયસ્પર્શથી મશકાદિજીવો મરે છે (તેઓની જીવરક્ષા થતી નથી) એ તો તમે પણ સ્વીકારો જ છો. આમ અયોગીને પણ તે પોતાનું ફળ દેખાડતી નથી તો સયોગી અંગે તો શી વાત કરવી ? માટે લબ્ધિનું ઉપજીવન કે અનુપજીવન

**जोगगया सा लद्धी अजोगिणो खाइगावि जइ णत्थि ।**
**ता तक्कम्मस्सुदओ तस्सेव हवे पराहुत्तो ॥ ८० ॥**

(योगगता सा लब्धिः अयोगिनः क्षायिक्यपि यदि नास्ति । तदा तत्कर्मण उदयः तस्यैव भवेत्परावृत्तः ॥८०॥)

**जोगगयत्ति** । सा जीवरक्षाहेतुः लब्धिर्योगगतेति कृत्वा **क्षायिक्यपि यदि अयोगिनोऽयोगिकेवलिनो नास्ति तदा** तस्यैवायोगिकेवलिन एव, तत्कर्मणश्चारित्रमोहनीयकर्मण उदयः **परावृत्तो भवेत्**, चारित्रमोहक्षयकार्याभावस्य चारित्रमोहोदयव्याप्यत्वादिति भावः । किंच-यदि लब्ध्युपजीविजलचारणादिषु परिदृष्टा जीवविराधनाऽभावलब्धिरनुपजीव्या यदि केवलिनि कल्प्यते तदा तादृशजङ्घाचारणादिषु परिदृष्टाऽतिशयचरणलब्धिरप्यनुपजीव्या केवलिनि कस्मान्न कल्प्यते? तस्या उपजीव्यत्वनियमान्न तत्कल्पनं केवलिनि कर्त्तुं शक्यत इति चेद्? तदेतदन्यत्रापि तुल्यमिति स्वयमेव विभावय । तस्मान्नियतयोगव्यापारादेव भगवतां जीवरक्षा, न तु स्वरूपत

રૂપ બન્ને વિકલ્પો દ્વારા તેનાથી જીવરક્ષા થવી માની શકાતી ન હોવાથી તેવી લબ્ધિવિશેષની કલ્પના કરવી એ અપ્રામાણિક જ છે એ રહસ્યાર્થ છે. ॥૭૯॥ 'ચારિત્રમોહનીયકર્મક્ષયથી પ્રકટ થયેલ અને જીવરક્ષાના હેતુભૂત એવી પ્રસ્તુત લબ્ધિ યોગમાં જ પ્રકટ થાય છે. માટે શૈલેશી અવસ્થામાં યોગનો અભાવ હોવાથી જીવરક્ષા ન થાય તો પણ દોષ નથી.' એવી શંકાને મનમાં રાખીને ગ્રન્થકાર કહે છે—

[ તે લબ્ધિને યોગગતમાનવામાં આપત્તિ ]

**ગાથાર્થ** :– 'જીવરક્ષાહેતુભૂત તે લબ્ધિ યોગગતા હોય છે એમ માની, ક્ષાયિકી એવી પણ તે લબ્ધિ અયોગીકેવલીમાં હોતી નથી' એવું જો માનશો તો 'ચારિત્રમોહનીયકર્મનો તેઓને પુનઃ ઉદય થાય છે' એવું માનવાની આપત્તિ આવશે, કેમકે ચારિત્રમોહના ક્ષયથી જે કાર્ય થતું હોય તેનો અભાવ એ ચારિત્રમોહોદયને વ્યાપ્ય હોય છે.

અર્થાત્ 'એ કાર્યરૂપ લબ્ધિનો જ્યાં જ્યાં અભાવ હોય ત્યાં ત્યાં ચારિત્રમોહોદય હોય' એવી વ્યાપ્તિ હોઈ અયોગીમાં તે ઉદય માનવો તમારા મતે આવશ્યક બને છે. વળી લબ્ધિને વાપરનારા જળચારણાદિ સાધુમાં જીવવિરાધનાના અભાવરૂપ જે લબ્ધિ જોવા મળે છે તેને જો કેવલીમાં અનુપજીવ્ય (પ્રયોગ કરાયા વગર સ્વકાર્ય કરનાર) માનો છો તો લબ્ધિપ્રયુંજનારા જંઘાચારણાદિમાં એક એક ડગલે અત્યંત મોટું અંતર કાપવા વગેરે રૂપ જે અતિશયિત ચરણલબ્ધિ જોવા મળે છે તેને પણ કેવલીમાં અનુપજીવ્ય કેમ માનતા નથી? કેમકે એ પણ ક્ષાયિક હોઈ તમારી દલીલ મુજબ અનુપજીવ્ય જ છે. જો અનુપજીવ્ય માનશો તો તો કેવલીના કોઈ પ્રયત્ન વગર તેમનું નંદીશ્વરદ્વીપ વગેરેમાં ગમન થઈ જવાની આપત્તિ આવે. **શંકા** :–એ લબ્ધિઓ અવશ્ય ઉપજીવ્ય (પ્રયુંજવામાં આવે તો જ સ્વકાર્ય કરનાર) હોવાનો નિયમ હોવાથી કેવલીમાં પણ અમે તેને અનુપજીવ્ય માનતા નથી. **સમાધાન** :–આ વાત તો જીવરક્ષાહેતુભૂત લબ્ધિ અંગે પણ સમાન જ છે એ સ્વયં વિચારો. જળચારણાદિ પણ કંઈ લબ્ધિપ્રયોગવિના

इत्यवश्यम्भाविन्यां जीवविराधनायां न किञ्चिद्बाधकमिति स्थितम् ॥८०॥ ननु—एवमवश्यम्भाविन्यापि जीवविराधनया केवलिनोऽष्टादशदोषरहितत्वं न स्याद्, हिंसादोषस्य तदवस्थत्वाद् । "न (च) 'देवोऽष्टादशदोषरहित एव' इत्यत्राप्येकान्तवादो जैनानामनिष्टः" इति शङ्कनीयं, अनेकान्तवादस्याप्यनेकान्तत्वेनात्रैकान्ताभ्युपगमेऽपि दोषाभावाद्—इत्याशङ्कायामाह—

**दव्वारंभं दोसं अट्ठारसदोसमज्झयारम्मि ।**
**जो इच्छइ सो इच्छइ णो दव्वपरिग्गहं कम्हा ॥ ८१ ॥**

(द्रव्यारंभं दोषमष्टादशदोषमध्ये । य इच्छति स इच्छति न द्रव्यपरिग्रहं कस्मात् ॥ ८१ ॥)

**दव्वारंभंति** । अष्टादशदोषमध्ये **यो द्रव्यारंभं दोषमिच्छति स द्रव्यपरिग्रहं दोषं कस्मान्नेच्छति?** तथा च धर्मोपकरणसद्भावाद् द्रव्यपरिग्रहेण यथा न दोषवत्त्वं तथा द्रव्यारंभेणापि न दोषवत्त्वं, भावदोषविगमादेव भगवति निर्दोषत्वव्यवस्थितेरिति भावनीयम् । यच्चोक्तं निर्दोषत्वे भगवतो नानेकान्त इति तदसद्, दोषविभागकृतानेकान्तस्य तत्राप्यविरोधाद् । यच्च अनेकान्तस्यानेकान्तत्वमधिकरणानियमापेक्षयोद्भावितं तत्केनाभिप्रायेण? इति वक्तव्यम्, अन्ततः स्वपररूपापेक्षयाऽप्यनेकान्तस्य सर्वत्र संभवाद्, अत एवात्माऽनात्मापेक्षया सर्वत्रानेकान्तो वाचकपुङ्गवेनोक्तः प्रशमरतौ [२०२]–

---

તે જળાદિજીવોની વિરાધનાને અટકાવી શકતા નથી. એટલે કે એ લબ્ધિપણ પ્રયુંજવામાં આવે તો જ જીવરક્ષા કરી શકે છે. માટે કેવલીમાં પણ તેને અનુપજીવ્ય માની શકાતી નથી. અને ઉપજીવ્ય માનીએ તો તેના ઉપયોગકાળે પ્રમત્તતા માનવાની આપત્તિ આવે છે. એટલે ઉપજીવ્ય કે અનુપજીવ્ય એકે ય પ્રકારની તેવી લબ્ધિ માની શકાતી ન હોવાથી 'તેવી લબ્ધિથી જ જીવરક્ષા થઈ જાય છે.' એ માનવું યોગ્ય નથી. માટે "ઉલ્લંઘનાદિરૂપ નિયત યોગવ્યાપારથી જ જીવરક્ષા થાય છે, સ્વરૂપે કે લબ્ધિથી નહિ, અને તેથી તે યોગવ્યાપારના અવિષયભૂત જીવની અવશ્યંભાવિની જીવવિરાધના કેવલીઓને પણ હોવામાં કોઇ બાધક રહેતો નથી" એ વાત નિશ્ચિત થાય છે. ॥૮૦॥ **પૂર્વપક્ષ :–** આ રીતે અવશ્યંભાવિની જીવવિરાધના માનવામાં પણ 'કેવલી અઢારદોષથી રહિત હોય છે' એ વાત ભાંગી પડશે, કેમકે હિંસા દોષ તો છદ્મસ્થાવસ્થાની જેમ તદવસ્થ જ રહ્યો હોય છે. એવી શંકા ન કરવી કે—'કેવલી ભગવાન્ (દેવ) અઢારદોષ રહિત જ હોય' એ બાબતમાં પણ જૈનોને એકાન્તવાદ અનિષ્ટ છે. અર્થાત્ જૈનો દેવને એકાન્તે અઢારદોષશૂન્ય માનતા નથી, કિન્તુ અનેકાન્તે માને છે. એટલે કે કયારેક કથંચિત્ દ્રવ્યહિંસાદિરૂપ દોષયુક્ત પણ માને છે. તેથી કોઈ વાંધો નથી—આવી શંકા એટલા માટે ન કરવી કે અનેકાન્તવાદને પણ અનેકાન્તે માનવાનો હોઈ (અર્થાત્ અનેકાન્ત સર્વત્ર લગાડવો એવો એકાન્ત ન હોઈ) આ દોષરહિતત્વની બાબતમાં અનેકાન્ત ન માનતા એકાન્ત માનવામાં પણ કોઇ દોષ નથી." આવી પૂર્વપક્ષશંકા અંગે ગ્રન્થકાર કહે છે—

[જો દ્રવ્યહિંસા એ દોષ, તો દ્રવ્યપરિગ્રહ પણ દોષ]

**ગાથાર્થ :–** અઢારદોષમાં જે દ્રવ્યારંભની પણ દોષ તરીકે ગણતરી કરે છે તે પૂર્વપક્ષી દ્રવ્યપરિગ્રહની કેમ દોષ તરીકે ગણતરી કરતો નથી?

द्रव्यात्मेत्युपचारः सर्वद्रव्येषु नयविशेषेण । आत्मादेशादात्मा भवत्यनात्मा परादेशात् ॥ इति ।

अनेकान्तस्यानेकान्तत्वं तु स्याद्वादाङ्कसप्तभङ्गीवाक्यघटकैकतरभङ्गावच्छेदकरूपापेक्षया व्यवस्थितम् । अत एव [सम्मति० २७]—

[1]भयणा वि हु भइअव्वा जह भयणा भयइ सव्वदव्वाइं । एवं भयणाणियमो वि होइ समयाविराहणया (रोहेण) ॥ त्ति । [टी० **यथा भजनाऽनेकान्तो भजते सर्ववस्तूनि** तदतत्स्वभावतया ज्ञापयति, तथा **भजना**नेकान्तोऽपि **भजनीयो**ऽनेकान्तोऽप्यनेकान्त इत्यर्थः । नयप्रमाणापेक्षया एकान्तश्चानेकान्तश्चेति । एवं ज्ञापनीय एवं च भजनाऽनेकान्तः संभवति, नियमश्चैकान्तश्च सिद्धान्तस्य 'रयणप्पभा सिय सासया सिय असासया' इति, एवमनेकान्तप्रतिपादकं स्यादित्यादि तृतीयकांडे) सम्मतिगाथायां भजनाऽभजनायाः **समयाविराधना** । '[2]इमा णं भंते ! रयणप्पभा पुढवी किं सासया असासया ? गोयमा ! सिय सासया सिअ असासया' इति ।

---

તેથી ધર્મોપકરણની હાજરીના કારણે રહેલા દ્રવ્યપરિગ્રહથી જેમ કેવલી દોષયુક્ત બનતા નથી તેમ દ્રવ્યારંભથી પણ દોષયુક્ત બનતા નથી. કેમકે ભાવદોષોનો અભાવ થયો હોવાથી જ ભગવાનનો નિર્દોષ તરીકે વ્યવહાર થાય છે.

[અનેકાન્ત અનેકાન્તે કઈ રીતે?]

વળી 'ભગવાન્ નિર્દોષ જ હોય છે' એ બાબતમાં અનેકાન્ત નથી એવું જે કહ્યું તે ખોટું છે, કેમકે દોષવિભાગની અપેક્ષાએ થએલ અનેકાન્ત એ બાબતમાં પણ વિરુદ્ધ નથી. વળી અનેકાન્ત અનેકાન્તે છે એ વાત અધિકરણના અનિયમની અપેક્ષાએ જે સંગત કરી તે કયા અભિપ્રાયે? એ કહેવું પડશે. અર્થાત્ "તે તે દરેક વસ્તુરૂપ અધિકરણમાં અનેકાન્ત રહ્યો જ છે એવો નિયમ નથી, ક્યાંક (જેમકે શ્રી અરિહંત પરમાત્મામાં નિર્દોષત્વના અસ્તિત્વરૂપ બાબતમાં) તે ન પણ રહ્યો હોય–એકાન્ત પણ રહ્યો હોય. માટે સર્વત્ર અનેકાન્ત જ છે એવો એકાન્ત નથી. માટે અનેકાન્ત અનેકાન્તે છે. આવું તમે જે કહો છો તે કયા અભિપ્રાયે? એ જણાવવું પડશે." કેમકે દરેક વસ્તુઓમાં છેવટે સ્વપરરૂપની અપેક્ષાએ પણ સ્વરૂપે સત્ પરરૂપે અસત્ ઇત્યાદિરૂપ અનેકાન્ત સંભવે છે. તાત્પર્ય, અનેકાન્ત એકાન્તે નથી, અનેકાન્તે છે એનો અર્થ એવો નથી કે 'અમુક વસ્તુઓમાંજ અનેકાન્ત છે, શેષમાં એકાન્ત છે.' તો શું? દરેક વસ્તુઓમાં અનેકાન્ત તો છે જ. પણ સપ્તભંગી વાકય (કે પ્રમાણવાકય)ની અપેક્ષાએ દરેકમાં અનેકાન્ત છે. અને તે સાતમાંથી કોઈ એક એક ભંગની અપેક્ષાએ (કે નયવાકયની અપેક્ષાએ) તેમાં એકાન્ત છે. જેમકે રત્નપ્રભાપૃથ્વીરૂપ વસ્તુ સ્યાત્શાશ્વત–સ્યાત્અશાશ્વતરૂપે અનેકાન્તયુક્ત છે. અને દ્રવ્યનય મુજબ 'તે શાશ્વત જ છે' (કે પર્યાયનયમતે તે અશાશ્વત જ છે) ઇત્યાદિ રૂપે તે એકાન્તયુક્ત છે, દ્રવ્યનયે 'તે અશાશ્વતપણ છે' એવું નથી. એટલે કે આ નયની વિચારણામાં પણ તે અનેકાન્ત યુક્ત છે એવું નથી. માટે કહેવાય છે કે અનેકાન્ત અનેકાન્તે છે. તેથી જ આત્મા–અનાત્માની અપેક્ષાએ સર્વત્ર અનેકાન્ત છે એવું **વાચકપુંગવ શ્રી ઉમાસ્વાતિ મહારાજે પ્રશમરતિ** (૨૦૨)માં કહ્યું છે. તે આ રીતે–'સર્વદ્રવ્યોમાં નયવિશેષની અપેક્ષાએ દ્રવ્યાત્મા એવો ઉપચાર થાય છે. આત્માની (પોતાની) અપેક્ષાએ આત્મા છે. બીજાની અપેક્ષાએ અનાત્મા છે." વળી શ્રાદ્ધપ્રતિક્રમણસૂત્રવૃત્તિ વગેરેમાં અનેકાન્તને જે અનેકાન્તે કહ્યો છે તે

---

१. भजनापि खलु भक्तव्या यथा भजना भजते सर्वद्रव्याणि । एवं भजनानियमोऽपि भवति समयाविराधनया ॥
२. इयं भदन्त ! रत्नप्रभा पृथ्वी किं शाश्वती अशाश्वती ? गौतम ! स्यात् शाश्वती स्यादशाश्वती ।

स्याद्वाददेशनायां, द्रव्यार्थतया शाश्वत्येव, पर्यायार्थतया त्वशाश्वत्येव", इत्यधिकृतभङ्गरूपनिर्द्धारणापेक्षया वृत्तौ व्याख्याता । निक्षेपादिप्रपञ्चोऽपि हि सर्वत्र स्याद्वादघटनार्थमेव, यतः प्रस्तुतार्थव्याकरणाद-प्रस्तुतार्थापाकरणाच्च निक्षेपः फलवानुच्यते, ततश्च स्याद्वादसिद्धिरिति । अत एव सर्वत्रौत्सर्गिकी स्याद्वाददेशनैवोक्तेति सम्मत्यादिग्रन्थानुसारेण सूक्ष्ममीक्षणीयम् ॥८१॥ अथ य एवमवश्यम्भा-विन्याऽपि जीवविराधनया सद्भूतदोषमुत्प्रेक्ष्य भगवतोऽसद्दोषाध्यारोपणं कुर्वन्ति तेषामपायमा-विष्कुर्वन्नाह–

**मिच्छादोसवयणओ संसाराडविमहागहणंमि ।**
**जिणवरणिंदारसिआ भमिहिंति अणोरपारम्मि ॥ ८२ ॥**

( मिथ्यादोषवचनतः संसाराटवीमहागहने । जिनवरनिन्दारसिका भ्रमिष्यन्ति अनर्वाक्पारे ॥८२॥ )

**मिच्छादोसवयणओत्ति । मिथ्यादोषवचनाद्**=असद्भूतदोषाभिधानाद् **जिनवरनिन्दार-सिका** अभव्या दूरभव्या वा जनाः, **संसाराटवीमहागहने**ऽनर्वाक्पारे भ्रमिष्यन्ति, तीव्राभिनि-वेशेन तीर्थकराशातनाया दुरन्तानन्तसंसारहेतुत्वात् । उक्तञ्च–[ उप० पद–४२३ ]

[1]तित्थयर पवयणसुअं आयरिअं गणहरं महिड्ढीयं । आसायंतो बहुसो अणंतसंसारिओ होइ ॥

---

પણ સ્યાદ્વાદના અંગભૂત સપ્તભંગીવાક્યના ઘટકીભૂત કોઈ એક ભંગાત્મક અવચ્છેદકરૂપની અપેક્ષાએ જાણવું. તેથી જ **સમ્મતિપ્રકરણ તૃતીયકાંડની** ૨૭મીગાથામાં ભજના–અભજનાથી સિદ્ધાન્તની અવિરાધના (અખંડિતતા) જણાવી છે. તે આ રીતે– જેમ ભજના=અનેકાન્ત સર્વવસ્તુઓને તત્સ્વભાવ અને અતત્સ્વભાવ તરીકે અનેકાન્તે જણાવે છે તેમ ભજના=અનેકાન્ત પણ ભજનીય=અનેકાન્તે છે. અર્થાત્ અનેકાન્ત જેમ વસ્તુઓને અનેકાન્તે (એકાન્તે એક સ્વભાવવાળી નહિ)=અનેકાન્તમય જણાવે છે તેમ પોતે પણ અનેકાન્તમય છે. નયની અપેક્ષાએ એકાન્ત હોય છે. અને પ્રમાણની અપેક્ષાએ અનેકાન્ત હોય છે. આમ જ્ઞાપનીય ચીજ અંગે સિદ્ધાન્તને અવિરોધપણે ભજના=અનેકાન્ત સંભવે છે અને નિયમ=એકાન્ત સંભવે છે. સિદ્ધાન્તમાં કહ્યું છે કે 'હે ભગવન્! આ રત્નપ્રભા પૃથ્વી શું શાશ્વત છે કે અશાશ્વત ? ગૌતમ ! સ્યાત્ શાશ્વત છે કે અને સ્યાત્ અશાશ્વત છે, એ પ્રમાણે સ્યાદ્વાદયુક્ત દેશનામાં જાણવું. દ્રવ્યાર્થતયા શાશ્વતીજ છે પર્યાયાર્થતયા અશાશ્વતી જ છે એ રીતે અધિકૃત ભંગરૂપ નિર્ધારણની અપેક્ષાએ એકાન્ત જાણવો એવું તેની વૃત્તિમાં વ્યાખ્યાન કર્યું છે. વળી નિક્ષેપાદિની વિસ્તૃત પ્રરૂપણા પણ 'સર્વત્રસ્યાદ્વાદ લાગુ પડે છે' એ વાતને ઘટાવવા માટે જ છે, કેમકે પ્રસ્તુતપદાર્થનું (ભાવસામાયિકાદિનું) સમર્થન કરવા વડે અને અપ્રસ્તુતપદાર્થનું (નામ-સામાયિકાદિનું) નિરાકરણ કરવા વડે નિક્ષેપસફળ બને છે. એનાથી સ્યાદ્વાદની સિદ્ધિ થાય છે. તેથી જ સર્વત્ર ઉત્સર્ગથી સ્યાદ્વાદદેશના જ કરવાનીકહી છે. માટે **સમ્મતિ** વગેરે ગ્રન્થના અનુસારે અનેકાન્તવાદ શી રીતે અનેકાન્તે છે ? ઇત્યાદિ વાતો સૂક્ષ્મતાથી વિચારવી. ॥૮૧॥ જેઓ અવશ્યંભાવિની પણ જીવવિરાધનાને સદ્ભૂતદોષ રૂપે માનીને ભગવાન્‌માં અસત્ (અવિદ્યમાન) દોષનું અધ્યારોપણ કરે છે તેઓને થનાર નુકશાનને સ્પષ્ટ રીતે જણાવતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- મિથ્યા=અસદ્ભૂત દોષ કહીને, શ્રીજિનેશ્વર ભગવાન્‌ની નિંદા કરવામાં રસિક એવા અભવ્ય કે દૂરભવ્ય જીવો અનોરપાર અને મહાગહન એવી સંસાર અટવીમાં

---

1. तीर्थकरप्रवचनश्रुतं आचार्यं गणधरं महर्द्धिकम् । आशातयन् बहुशोऽनंतसंसारिको भवति ॥

इत्यादि ॥८२॥ अथ केवलिछद्मस्थलिङ्गविचारणया न केवलिनोऽवश्यम्भाविनी विराधना संभवतीति व्यामोहोपि न कर्त्तव्यः, सम्यग्विचारपर्यवसानत्वात्तस्य, इत्यभिप्रायवानाह—

जोवि य जायइ मोहो छउमत्थजिणाण लिंगवयणाओ ।
उवउत्तस्स ण चिट्ठइ सो वि य परमत्थदिट्ठीए ॥ ८३ ॥

(योऽपि च जायते मोहः छद्मस्थजिनयोर्लिङ्गवचनात् । उपयुक्तस्य न तिष्ठति सोऽपि परमार्थदृष्टौ ॥८३॥)

जो वियत्ति । योऽपि च छद्मस्थजिनयोर्लिङ्गवचनात् स्थानाङ्गस्थात्, मोहो जायते दुर्व्याख्यातुर्व्याख्यां श्रृण्वतामिति शेषः, सोऽपि परमार्थदृष्टावुपयुक्तस्य न तिष्ठति, अपण्डित व्याख्याकृतभ्रमस्य पण्डितकृतव्याख्याऽवधारणमात्रनिवर्त्तनीयत्वादिति भावः । तत्र छद्मस्थ-केवलिलिङ्गवचनमित्थं स्थानाङ्गे व्यवस्थितं—

[1]'सत्तहिं ठाणेहिं छउमत्थं जाणेज्जा । तंजहा—पाणे अइवाइत्ता भवति १, मुसं वदित्ता भवति २, अदिन्नमादित्ता भवति ३, सद्दफरिसरूवगंधे आसाइत्ता भवति ४, पूआसक्कारमणुवूहित्ता भवइ ५, 'इमं सावज्जं' ति पण्णवेत्ता पडिसेवेत्ता भवति ६, णो जहावादी तहाकारी यावि भवति ७, सत्तहिं ठाणेहिं केवली जाणिज्जा ॥ तंजहा—णो पाणे अइवाइत्ता भवइ, जाव जहावाई तहाकारी यावि भवइ" इति । एतद्वृत्तिर्यथा-भयं च

---

ઘણું ભમશે, કેમકે તીવ્ર અભિનિવેશથી કરાયેલી શ્રીતીર્થંકરની આશાતના એ દુરંતઅનંત સંસારનું કારણ છે.

ઉપદેશપદ (૪૨૩)માં કહ્યું છે કે 'શ્રીતીર્થંકર, પ્રવચન, શ્રુત, આચાર્ય, ગણધર, મહર્દ્ધિકની વારંવાર આશાતના કરતો જીવ અનંતસંસારી બને છે." ॥૮૨॥ વળી એવો વ્યામોહ પણ કરવા જેવો નથી કે 'આગમમાં કહેલા કેવલીના અને છદ્મસ્થના લિંગોનો વિચાર કરવાથી જણાય છે કે કેવલીઓને અવશ્યંભાવિની વિરાધના સંભવતી નથી.' આવો વ્યામોહ એટલા માટે કરવો નહિ કે સમ્યગ્વિચાર કરવાથી એ વ્યામોહનો અંત આવી જાય છે. આવા અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :**— છદ્મસ્થ અને કેવલીના લિંગને જણાવનાર સ્થાનાંગસૂત્રના વચન પરથી, દુર્વિવેચક પાસે તેનું વિવેચન સાંભળનારાઓને જે વ્યામોહ થાય છે તે પણ પરમાર્થદૃષ્ટિમાં ઉપયુક્ત થયેલા જીવને ટકતો નથી. તાત્પર્ય, અપંડિતે કરેલી વ્યાખ્યાથી થયેલો ભ્રમ પંડિતે કરેલી વ્યાખ્યાને ધ્યાનથી સાંભળવા માત્રથી દૂર થઈ શકે તેવો હોય છે.

[છદ્મસ્થના અને કેવલીના લિંગોનું દર્શક સૂત્ર]

છદ્મસ્થ અને કેવલીના લિંગોને જણાવનાર વચન ઠાણાંગમાં આ પ્રમાણે છે—

"ભય છદ્મસ્થોને જ હોય છે. તે છદ્મસ્થ જે સ્થાનોથી જાણી શકાય તે સ્થાનોને જ હવે સૂત્રથી ગ્રન્થકાર કહે છે. 'सत्तहिं ठाणेहिं...' ઇત્યાદિ. હેતુભૂત સાત સ્થાનોથી સામી વ્યક્તિને છદ્મસ્થ જાણવો. તે સ્થાનો આ રીતે—(૧) પ્રાણીઓનો અતિપાતયિતા હોય=ક્યારેક જીવોને મારનારો હોય. અહીં લિંગ

---

1. सप्तभिः स्थानैः छद्मस्थं जानीयात्, तद्यथा प्राणानतिपातयिता भवति १, मृषा वदिता भवति २, अदत्तमादाता भवति ३, शब्दस्पर्शरसरूपगंधानास्वादयिता भवति ४, पूजासत्कारावनुबृंहयिता भवति ५, इदं सावद्यमिति प्रज्ञाप्य प्रतिषेविता भवति ६, नो यथावादी तथाकारी ७, चापि भवति । सप्तभिः स्थानैः केवलिनं जानीयात्, तद्यथा—नो प्राणानतिपातयिता भवति, यावत् यथावादी तथाकारी चापि भवति ।

छद्मस्थस्यैव भवति, स च यैः स्थानैर्ज्ञायते तान्याह-**सत्तहिं ठाणेहिं सप्तभिः स्थानैर्हेतुभूतैश्छद्मस्थं जानीयात्** । तद्यथा-**प्राणानतिपातयिता**=तेषां कदाचिद् व्यापादनशीलो भवतीति । इह च प्राणातिपातनमिति वक्तव्येऽपि धर्मधर्मिणोरभेदादतिपातयितेति धर्मी निर्दिष्टः । प्राणातिपातनाच्छद्मस्थोऽयमित्यवसीयते, केवली हि क्षीणचारित्रावरणत्वान्निरतिचारसंयमत्वादप्रतिसेवित्वान्न कदाचिदपि प्राणानामतिपातयिता भवति इत्येवं सर्वत्र भावना कार्या तथा **मृषा वदिता भवति । अदत्तमादाता** ग्रहीता भवति । **शब्दादीनास्वादयिता भवति** । पूजासत्कारौ पुष्पार्चनवस्त्राद्यर्चने, **अनुबृंहयिता** परेण स्वस्य क्रियमाणस्य तस्यानुमोदयिता तद्भावे हर्षकारीत्यर्थः । तथेदमाधाकर्मादि सावद्यं सपापमित्येवं प्रज्ञाप्य तदेव प्रतिषेविता भवति । तथा सामान्यतो नो **यथावादी तथाकारी**-अन्यथाऽभिधायान्यथा कर्ता भवति । **चापीति** समुच्चये । एतान्येव विपर्यस्तानि केवलिगमकानि भवन्ति । इत्येतत्प्रतिपादनपरं केवलिसूत्रं सुगममेवेति ।।"

अत्रेयं परस्य प्रक्रिया-छद्मस्थसंयतः परीक्षाऽवसरेऽप्रमत्त एव पक्षीकर्त्तव्यः, तत्रैव चक्षुःपक्ष्मनिपातमपि सूत्रोक्तयतनया कुर्वाणे 'किमयं छद्मस्थ उत केवली' इति संशये सति छद्मस्थतासाधनाय लिङ्गापेक्षोपपत्तेः, उक्तस्वरूपरहितस्य तु निद्राविकथादिप्रमादवतश्छद्मस्थत्वेन संशयाभावान्न परीक्षायां प्रवेश इति न तस्य पक्षत्वम्, आह च (सर्व० श० ८)—

[1]छउमत्थो पुण केवलिकप्पो अपमत्तसंजओ णेओ । सो विअ संजमजोगे उवउत्तो सुत्तआणाए ।। त्ति ।

लिंगानि च तत्र पञ्चमहाव्रतातिक्रमापवादानाभोगविषयसप्तस्थानप्रतिपादितानि द्रव्यप्राणातिपातादिरूपाण्येव ग्राह्याणि, न तु भावप्राणातिपातादिरूपाण्यपि, तेषां छद्मस्थज्ञानाऽगोचरत्वेन लिङ्गत्वाभावाद्, लिङ्गं हि छद्मस्थज्ञानहेतवे प्रयुज्यते, तच्च ज्ञातमेव ज्ञापकं, नाऽज्ञातमपीति । तानि च मोहनीयाऽविनाभावीनि यावदुपशान्तवीतरागं भवन्ति, न परतोऽपि, तत ऊर्ध्वं मोहनीयसत्ताया अप्यभावाद् । आह च (सर्व० श०७)–

---

તરીકે જો કે પ્રાણીના અતિપાતન રૂપ ધર્મ કહેવો જોઈએ, તેમ છતાં ધર્મ-ધર્મીનો અભેદ હોવાથી અતિપાતયિતા રૂપ ધર્મીનો નિર્દેશ કર્યો છે. જીવહિંસારૂપ લિંગથી 'આ છદ્મસ્થ છે' એવું જણાય છે. કેમકે ચારિત્રમોહનીયકર્મનો ક્ષય થઈ ગયો હોવાથી કેવલી ભગવાન્ નિરતિચાર સંયમવાળા હોવાના કારણે અપ્રતિસેવી હોય છે અને તેથી તેઓ તો ક્યારેય પણ જીવોના અતિપાતયિતા બનતા નથી. છદ્મસ્થના બીજા વગેરે લિંગ અંગે પણ આ પ્રમાણે જાણવું. બીજા વગેરે લિંગો—(૨) મૃષાવાદી હોય. (૩) અદત્તનું ગ્રહણ કરનાર હોય. (૪) શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ ને ભોગવનાર હોય. (૫) બીજાઓ પોતાની પુષ્પ વગેરેથી પૂજા અને વસ્ત્રાદિથી સત્કાર કરતા હોય તો તેનું અનુમોદન કરનાર હોય-રાજી થનાર હોય. (૬) 'આ સાવદ્ય છે' એવી આધાકર્માદિની પ્રરૂપણા કરી તેનું જ પ્રતિસેવન કરનાર હોય. તથા (૭) યથાવાદી તથાકારી હોતા નથી. અર્થાત્ જુદું બોલીને જુદું કરનારાં હોય છે. 'च' અને 'अपि' શબ્દો સમુચ્ચય અર્થમાં જાણવા. આનાથી વિપરીત લિંગો કેવલીને જણાવનારા હોય છે. તેથી એનું પ્રતિપાદન કરનાર કેવલી સૂત્ર સુગમ છે. ટૂંકમાં તેનો અર્થ સાત સ્થાનોએ કેવલીને જાણવા. પ્રાણીઓના અતિપાતયિતા ન હોય, મૃષાવાદી ન હોય...એમ યાવત્ યથાવાદી તથાકારી હોય."

**[ છદ્મસ્થલિંગોના પક્ષ અને લિંગ અંગે પૂર્વપક્ષ વિચારણા ]**

કેવલી-છદ્મસ્થના સાત લિંગો અંગે પૂર્વપક્ષીની પ્રક્રિયા આવી છે. **પૂર્વપક્ષ:**- સ્થાનાંગમાં કહેલા આ સાત લિંગો પરથી છદ્મસ્થત્વની પરીક્ષા કરવાના અવસરે અપ્રમત્ત

---

૧. छद्मस्थः पुनः केवलिकल्पोऽप्रमत्तसंयतो ज्ञेयः । सोऽपि च संयमयोगे उपयुक्तः सूत्राज्ञया ।।

[1]छउमत्थनाणहेऊ, लिंगाइं दव्वओ ण भावओ । उवसंतवीयरायं जा तावं ताणि जाणाहिं ॥ ति ।

नन्वपूर्वादिषु पञ्चसु गुणस्थानकेषु चतस्रोऽपि भाषा भवन्तीति कर्मग्रन्थे भणितं, तथा च सिद्धं क्षीणमोहस्यापि मृषा भाषणं, तच्च छद्मस्थत्वादबोधकं लिङ्गमेव, तत्कथमुच्यते छद्मस्थत्वज्ञापकलिङ्गानि यावदुपशान्तवीतरागमेव भवन्ति ? इति चेद् ? मैवं, छद्मस्थज्ञानगोचरस्यैव मृषाभाषणस्य लिङ्गत्वेनाभिमतत्वात् । तच्च द्रव्यतो मृषाभाषणं क्षीणमोहस्य न भवति, क्रोधादिजन्यत्वाद्, यदागमः '[2]सव्वं भंते ! मुसावायं पच्चक्खामि, से कोहा वा, लोहा वा, भया वा, हासा वा' इत्यादि ॥ क्षीणमोहस्य च क्रोधादयो न भवन्तीति कारणाऽभावाद् द्रव्यतो मृषाभाषणस्याभावः, तथा च भावतो मृषाभाषणस्य सुतरामभावः, तस्य मोहनीयोदयजन्यत्वात् । तथा च क्षीणमोहस्य द्रव्यतो भावतो वा मृषाभाषणं न भवत्येव, संयतानां जीवघातादावनाभोगसहकृतमोहनीयकर्मणो हेतुत्वात् । मोहनीयाभावे चानाभोगो वास्तवमृषाभाषणं प्रत्यकारणं सन्नपि संभावनारूढमृषाभाषणं प्रति कारणं भवत्येव, अनाभोगस्य तथास्वभावस्यानुभवसिद्धत्वात्, तेन

---

છદ્મસ્થસંયતને જ પક્ષ તરીકે લેવો. કેમકે આંખની પાંપણ ખોલ–બંધ કરવાની ક્રિયા પણ સૂત્રોક્તજયણા પૂર્વક કરતા તેના વિષયમાં જ 'આ છદ્મસ્થ હશે કે કેવલી ?' એવો સંશય પડતો હોવાથી છદ્મસ્થતાની સિદ્ધિ કરવા માટે લિંગની અપેક્ષા હોવી સંગત બને છે. આવા સ્વરૂપ વિનાના, નિદ્રાવિકથાદિરૂપ પ્રમાદવાળા જીવ અંગે તો છદ્મસ્થપણાંનો સંશય જ રહેતો ન હોવાથી લિંગદ્વારા પરીક્ષા કરવાનો પ્રશ્ન રહેતો નથી, તેથી એને પક્ષ તરીકે ન લેવો. કહ્યું છે કે (સર્વજ્ઞ શ. ૮) 'છદ્મસ્થ તરીકે પણ કેવલી જેવો અપ્રમત્ત સંયત લેવો. વળી તે પણ સૂત્રાજ્ઞા મુજબ સંયમયોગમાં ઉપયુક્ત હોય તેવો જાણવો.' વળી આવા પક્ષમાં, પ્રાણાતિપાત વગેરે રૂપ પાંચમહાવ્રતોના અતિક્રમ, અપવાદ સેવન અને અનાભોગવિષયક જે સાત સ્થાનો લિંગ તરીકે કહ્યા છે તે પણ દ્રવ્યપ્રાણાતિપાત વગેરે રૂપ જ જાણવા, નહિ કે ભાવપ્રાણાતિપાત વગેરે રૂપ પણ, કેમકે માત્ર ભાવપ્રાણાતિપાત વગેરે અનુમાન કરનાર છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતા ન હોવાથી લિંગ બની શકતા નથી. તે પણ એટલા માટે કે છદ્મસ્થને અનુમિતિરૂપ જ્ઞાન થાય એ માટે લિંગનો પ્રયોગ થાય છે. અને તે તો સ્વયં જ્ઞાત હોય તો જ સાધ્યનું અનુમિતિરૂપ જ્ઞાન કરાવે છે, સ્વયં અજ્ઞાત રહેલું નહિ. ભાવપ્રાણાતિપાત વગેરે છદ્મસ્થ એવા અનુમાતાને અજ્ઞાત રહેતા હોવાથી તેના માટે લિંગરૂપ પણ બનતા નથી. માટે દ્રવ્યપ્રાણાતિપાત વગેરે જ અહીં લિંગરૂપ જાણવા. અને તે તો મોહનીયકર્મને અવિનાભાવી હોઈ ઉપશાન્તવીતરાગ ગુણઠાણા સુધી હોય છે, તે પછી નહિ, કારણકે ત્યાં મોહનીયની સત્તાનો પણ અભાવ હોય છે. કહ્યું છે કે (સ. શ ૭) 'છદ્મસ્થના જ્ઞાનના હેતુભૂત લિંગ તરીકે દ્રવ્યથી પ્રાણાતિપાતાદિને જાણવા, ભાવથી નહિ. તે લિંગો ઉપશાન્ત વીતરાગ સુધી હોય છે તે જાણો.

શંકા :– 'અપૂર્વકરણાદિ પાંચ (૮ થી ૧૨) ગુણઠાણાઓમાં ચારે (સત્ય, અસત્ય, મિશ્ર, વ્યવહાર) ભાષાઓ હોય છે' એવું કર્મગ્રન્થમાં કહ્યું છે. તેથી 'ક્ષીણમોહ ગુણ-

---

૧. छद्मस्थज्ञानहेतवो लिङ्गानि द्रव्यतः न भावतः । उपशान्तवीतरागं यावत्तावत्तानि जानीहि ॥

૨. सर्वं भगवन् ! मृषावादं प्रत्याख्यामि, अथ क्रोधाद्वा लोभाद्वा भयाद्वा हास्याद्वा ।

क्षीणमोहस्याप्यनाभोगहेतुकं संभावनारूढजीवविराधनावन्मृषाभाषणमपि भवत्येव, तच्च छद्मस्थज्ञानागोचरत्वेन छद्मस्थत्वावबोधकं लिङ्गं न भवति, तस्य केवलज्ञानगम्यत्वात्, न च संभावनारूढस्य मृषाभाषणस्य मृषाभाषणत्वव्यपदेशो न भविष्यतीति शङ्कनीयं, संभावनारूढं मृषाभाषणमिति भणित्वापि मृषाभाषणव्यपदेशो न भविष्यतीति भणतो वदद्व्याघातापत्तेः। किञ्च जैनानामलोकेऽपि कल्पितलोकस्याङ्गीकारे कल्पनाया इव संभावनाया अपि प्रामाण्यमेव, अत एव कालशौकरिकस्य कल्पितमहिषव्यापादनं महिषव्यापादनतया भगवता श्रीमहावीरेण भणितमिति प्रवचने प्रसिद्धिः, तस्मात् कर्मबन्धाऽहेतुत्वेऽपि संभावनारूढमृषाभाषणस्य स्नातकचारित्रप्रतिबन्धकत्वेन द्रव्यमृषाभाषणस्येव दोषत्वं, चित्रलिखितायां नार्यां नारीत्वव्यपदेशस्येव मृषावादव्यपदेशस्य च विषयत्वं प्रतिपत्तव्यमिति न दोष इति; तस्माद् यावदुपशान्तवीतरागमेव छद्मस्थत्वज्ञापकानि लिङ्गानीति स्थितम्।

---

ઠાણે પણ મૃષાભાષણ હોય છે' એ સિદ્ધ થાય છે. એ પણ છદ્મસ્થતાને જણાવનાર લિંગ રૂપ જ છે. તેથી છદ્મસ્થતાના જ્ઞાપક લિંગો ઉપશાન્ત વીતરાગ સુધી જ હોય છે એવું શા માટે કહો છો?

[ક્ષીણમોહને માત્ર સંભાવનારૂઢ મૃષાભાષણાદિ હોય-પૂર્વપક્ષ]

**સમાધાન :–** જે મૃષાભાષણ છદ્મસ્થના જ્ઞાનનો વિષય બની શકતું હોય તે જ અહીં લિંગ તરીકે અભિમત છે. અને તેવું વિષય બનતું દ્રવ્યમૃષાભાષણ ક્ષીણમોહી જીવને હોતું નથી, કારણકે પાક્ષિકસૂત્રનું જે વચન છે કે 'હે ભગવન્! સર્વ મૃષાવાદનું પચ્ચક્ખાણ કરું છું. તે મૃષાવાદ ક્રોધથી, લોભથી, ભયથી કે હાસ્યથી હોય છે...' તેના પરથી જણાય છે કે 'દ્રવ્યમૃષાભાષણ ક્રોધાદિજન્ય હોય છે.' ક્ષીણમોહી જીવને ક્રોધાદિ ન હોવાના કારણે, કારણનો અભાવ હોવાથી કાર્યરૂપ દ્રવ્યથી મૃષાભાષણ પણ હોતું નથી. અને તેથી ભાવથી મૃષાવાદનો અભાવ હોવો તો નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે, કેમકે તે તો મોહનીયના ઉદયજન્ય હોય છે. તેથી કોઈપણ ક્ષીણમોહજીવને દ્રવ્યથી કે ભાવથી મૃષાભાષણ હોતું જ નથી, કારણકે સંયતોથી થતા જીવઘાત મૃષાભાષણ વગેરેમાં અનાભોગસહકૃત મોહનીયકર્મ હેતુભૂત છે જે ક્ષીણમોહજીવોને હોતું નથી. શંકા :–પણ તો પછી કર્મગ્રન્થમાં ક્ષીણમોહીને પણ ચારે ય ભાષા કહી છે તેનું શું?

[સંભાવનારૂઢ મૃષાભાષણ પણ મૃષાવાદ છે, દોષરૂપ છે-પૂ૦]

**સમાધાન :–** મોહનીયકર્મની ગેરહાજરીમાં અનાભોગ વાસ્તવિક મૃષાભાષણનું કારણ બનતો ન હોવા છતાં સંભાવનારૂઢ મૃષાભાષણ પ્રત્યે કારણ બને જ છે. અર્થાત્ અનાભોગ, મોહનીય ન હોવાના કારણે ક્યારેય મૃષાભાષણ કરાવતો ન હોવા છતાં એની સંભાવના તો ઊભી જ રાખે છે, કેમકે અનાભોગ તેવા સ્વભાવવાળો હોવો અનુભવસિદ્ધ છે. (જૂઠું બોલવાનો અભિપ્રાય ન હોય તો પણ અનાભોગથી જૂઠું બોલાઈ જાય છે એ વાત સર્વજનસિદ્ધ છે.) તેથી ક્ષીણમોહજીવને પણ અનાભોગહેતુક એવું સંભાવનારૂઢ જીવવિરાધનાની જેમ સંભાવનારૂઢ મૃષાભાષણ પણ હોય જ છે. કર્મગ્રન્થમાં આવા મૃષાભાષણને આશ્રીને જ ચારેય ભાષા હોવી કહી છે. વળી આ મૃષાભાષણ કેવલ-

तानि च प्रत्यक्षगम्यानि मिथ्याकारादिलिङ्गगम्यानि वा, 'अयं साधुः साक्षात् संभावनया वा प्राणातिपातादिप्रतिषेवितैव, मिथ्याकारान्यथानुपपत्तेः, अस्मदादिवद्' इत्येवंलिङ्गगम्येनापि प्राणातिपातादिना लिङ्गेन 'छद्मस्थोऽयं संयतः' इत्येवं निश्चयसंभवात् । स च मिथ्याकारः कादाचित्के एव जीवघातादौ भवति, पुनरकरणाभिप्रायेण तस्य फलवत्त्वात्, सार्वदिकस्य तु तस्य संभवे सर्वविरतिपरिणामस्यैवानुपपत्तिः, 'प्रतिसमयमनवरतं जीवघातो भवत्येव' इत्यभिप्रायस्य तत्प्रतिबन्धकत्वादिति । अत्र च छद्मस्थत्वज्ञापकलिङ्गानां सप्तानामपि मोहनीयकर्मजन्यत्वेन परस्परानुविद्धानां स्वरूपयोग्यतया निश्चयतः सर्वकालीनत्वेऽपि फलोपहितयोग्यतया व्यवहारेणानवरतं नियमाभावोऽप्याद्येषु पञ्चस्वेव, चरमयोस्तु द्वयोर्लिङ्गयोः सामान्यतः सर्वकालीनत्वेन सूक्ष्मदृशां पुरःस्फुर्त्तिकत्वात् ताभ्यां छद्मस्थत्वनिर्णयो विवक्षितपरीक्षाकाले सुलभ एव । तथाहि—

---

જ્ઞાનગમ્ય હોઈ છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતું નથી, તેથી તે છદ્મસ્થતાને જણાવનાર લિંગ બની શકતું નથી. માટે 'ક્ષીણમોહજીવમાં આ લિંગો હોતા નથી' એ વાત સિદ્ધ થાય છે. 'સંભાવનારૂઢ મૃષાભાષણનો મૃષાભાષણ તરીકે વ્યપદેશ થઈ શકતો નથી' એવી શંકા ન કરવી, કેમકે એનો 'સંભાવનારૂઢ મૃષાભાષણ' તરીકે પોતે જ ઉલ્લેખ કર્યા પછી 'મૃષાભાષણ તરીકે વ્યપદેશ (ઉલ્લેખ) થશે નહિ' એવું બોલવામાં વદતોવ્યાઘાત થવાની (બોલતી વખતે જ સ્વવચન હણાઇ જવાની) આપત્તિ આવે છે. વળી જૈનોએ તો અલોકમાં પણ કલ્પિતલોક માની એનાથી અધ્યવસાયસ્થાનાદિની પ્રરૂપણા કરી છે. અને તેથી એ કલ્પનાને જેમ પ્રમાણ માની છે તેમ સંભાવના પણ પ્રમાણભૂત છે જ. તેથી જ તો **'કાલશૌકરિકે** કલ્પિત પાડાના કરેલા વધને ભગવાન્ **શ્રી મહાવીર પ્રભુએ** પાડાના વધ તરીકે કહ્યો હતો' એવી પ્રવચનમાં પ્રસિદ્ધિ છે. તેથી, કર્મબંધનો હેતુ ન બનતું હોવા છતાં સ્નાતકચારિત્રનું પ્રતિબંધક બનતું હોઈ સંભાવનારૂઢ મૃષાભાષણ દ્રવ્યમૃષાભાષણની જેમ દોષરૂપ છે. તેમજ ચિત્રમાં દોરેલી સ્ત્રી જેમ 'સ્ત્રી' ઉલ્લેખનો વિષય બને છે તેમ તે 'મૃષાવાદ' ઉલ્લેખનો વિષય બને છે એ વાત સ્વીકારવામાં કોઇ દોષ નથી. આમ છદ્મસ્થના જ્ઞાનનો પણ વિષય બની શકે એવું મૃષાભાષણ તો ઉપશાન્તમોહ ગુણઠાણા સુધી જ હોઈ ત્યાં સુધી જ છદ્મસ્થત્વને જણાવનાર લિંગો હોય છે એ વાત નક્કી થઈ.

[ છદ્મસ્થલિંગોનો પૂર્વપક્ષાભિમત કાળ ]

પક્ષીકૃત સામી વ્યક્તિમાં એ લિંગોની હાજરી પ્રત્યક્ષથી કે મિથ્યાકાર (મિચ્છામિ દુક્કડમ્) વગેરે લિંગથી જણાય છે. 'આ સાધુ સાક્ષાત્ કે સંભાવનાથી પ્રાણાતિપાતાદિનો પ્રતિષેવિતા છે જ, કેમકે તેણે દીધેલ મિચ્છામિદુક્કડમ્ અન્યથા અનુપપન્ન રહે છે, જેમકે મારું મિચ્છામિ દુક્કડમ્' ઈત્યાદિ અનુમાનથી જણાતા પ્રાણાતિપાતાદિ રૂપ લિંગથી 'આ સંયત છદ્મસ્થ છે' એવું જાણી શકાય જ છે. વળી તે મિથ્યાકાર કાદાચિત્ક (ક્યારેક થતા) જીવઘાતાદિ અંગે જ હોય છે, કેમકે પુનઃ તે જીવઘાતાદિ પાપ ન કરવાના અભિપ્રાયથી જ તે સફળ બનતો હોય છે. તેથી જો સાર્વદિક જીવઘાત અંગે

इच्छाकारादिसाधुसामाचारीपरायणस्य छद्मस्थसंयतस्य गमनागमनस्थितिशयनाशनासनप्रत्युपेक्षणादिक्रियासु चक्षुषा पुनः पुनर्निरीक्षणं, निरीक्ष्य च यथासंभवं रजोहरणादिना प्रमार्जनं, प्रमृज्य च हस्तपादाद्यवयवानां यथास्थानेऽभ्यसनं त्वक्परावर्त्तनं, तथैव वस्त्रपात्राद्युपकरणानामादाननिक्षेपणं, प्रमृजतश्च रजोहरणादिक्रियया मक्षिकापिपीलिकादीनां भयत्रासोत्पादनेनेतस्ततो नयनं चेत्याद्यनेकप्रकारमनुष्ठानं संभावितभाविजीवघातादिदोषभयजन्यं कालमधिकृत्यानियतमप्यन्यतर(म)त्किंचिदनवरतं भवत्येव। तत्रापि पिपीलीकादिजन्तूनां भयत्रासोत्पादनं सावद्यमिति प्रज्ञाप्य जीवघातवर्जनाभिप्रायवतोऽप्यशक्यपरिहारेण तत्प्रतिषेवणं षष्ठलिङ्गात्मकं छद्मस्थत्वाभिव्यञ्जकं सामान्यतः सर्वकालीनं सुलभमेव। तत्प्रतिषेवणे च संयतो 'न यथावादी तथाकर्त्ता' इत्यपि मन्तव्यम्, अशक्यपरिहारेणापि प्रत्याख्यातस्य सावद्यस्य प्रतिषेवणादिति। केवलिनोऽपि परीक्षायां विपरीतानि छद्मस्थलिङ्गानि द्रव्यरूपाण्येव ग्राह्याणि, तेषामेव छद्मस्थज्ञानगोचरत्वेनानुमितिजनकत्वात्। यथाहि छद्मस्थसंयतोऽनाभोगसहकृतमोहनीयवशेन कदाचित्प्राणानामतिपातयिता भवति, परीक्षोपयोगिघात्यजीवानां संपर्कस्य तद्विषयकानाभोगस्य च कादाचित्कत्वात्, तथा केवली न भवति, इत्येवं प्राणातिपातादिविपर्ययलिङ्गैर्द्रव्यरूपैः केवलित्वं साध्यमिति।

---

તે હોય તો તો તે જીવઘાતના પુનઃ અકરણનો અભિપ્રાય અસંભવિત બનવાથી મિથ્યાકાર જ નિષ્ફળ બની જાય. વળી સાર્વદિક જીવઘાત જો સંભવિત હોય તો તો સર્વવિરતિ પરિણામ જ અસંગત બની જાય. કેમકે 'સમયે સમયે નિરંતર જીવઘાત થયા જ કરે છે' આવો મનમાં જે અભિપ્રાય (અધ્યવસાય) ઊભો થાય છે, તે સર્વહિંસા વગેરેની વિરતિના પરિણામનો પ્રતિબંધક છે. છદ્મસ્થતાને જણાવનાર આ સાતે ય લિંગો મોહનીયકર્મજન્ય હોઈ પરસ્પર અનુવિદ્ધ (સંકળાયેલા) હોય છે, સ્વરૂપયોગ્યતાની અપેક્ષાએ નિશ્ચયતઃ સર્વકાલીન હોય છે. તેમ છતાં ફળોપહિતયોગ્યતાની અપેક્ષાએ વ્યવહારથી 'નિરંતર તેઓ હોય જ' એવા નિયમનો અભાવ પણ પ્રથમ પાંચ લિંગોમાં છે. છેલ્લા બે લિંગો સામાન્યથી સર્વકાલીન હોઇ સૂક્ષ્મદૃષ્ટિથી જોનારને સ્પષ્ટ રીતે જણાય છે. અર્થાત્ યોગ્યતારૂપે સાતે ય લિંગો હંમેશા રહ્યા હોય છે, એમાંથી પહેલાં પાંચ લિંગો કાર્યરૂપે ક્યારેક પરિણમે છે, ક્યારેક નહિ, જ્યારે છેલ્લા બે લિંગો કાર્ય તરીકે પણ નિરંતર પરિણમતા હોય છે. તેથી તે બે દ્વારા છદ્મસ્થતાનો નિર્ણય કોઇપણ વિવક્ષિતકાળે સુલભ જ હોય છે. તે આ રીતે–

ઇચ્છાકાર વગેરે સાધુસામાચારીના પરિપાલનમાં તત્પર છદ્મસ્થસંયત ગમનાગમન–સ્થિતિ–શયન–ભોજન–આસન–પડિલેહણાદિ ક્રિયાઓમાં આંખથી પુનઃ પુનઃ નિરીક્ષણ કરીને યથાસંભવ રજોહરણાદિથી પ્રમાર્જન કરે છે, પ્રમાર્જીને હસ્ત વગેરે અવયવોનું યથાસ્થાન હલન ચલન કરે છે, આ જ ક્રમે ત્વક્પરાવર્તન, વસ્ત્રપાત્રાદિઉપકરણોનું ગ્રહણ–મોચન કરે છે. પ્રમાર્જન કરતા તેની રજોહરણાદિક્રિયાથી માખી–કીડી વગેરેને ભય–ત્રાસ ઉત્પન્ન થવા પૂર્વક આમ તેમ ખસેડવાની ક્રિયા કરે છે. સંભવિતભાવિજીવઘાતાદિદોષના ભયજન્ય આવા અનેક પ્રકારના તેના અનુષ્ઠાનો કાલને આશ્રીને અનિયત હોવા છતાં કોઇ એક તો નિરંતર હોય જ છે. અર્થાત્ તે દરેક હંમેશાં હોય એવો નિયમ ન હોવા છતાં

स च केवली द्विविधो ग्राह्यः-सद्भूतकेवली, अन्तर्मुहूर्त्तभाविकेवलज्ञानाभिमुखः क्षीणमोहश्च। यथाहि बद्धदेवायुर्देवगत्यभिमुखत्वेन देवत्वव्यपदेशविषयः प्रवचने प्रतीतः, तथाऽन्तर्मुहूर्त्तेनोत्पत्स्यमानकेवलज्ञानः क्षीणमोहोऽपि केवलिव्यपदेशविषयो भवत्येवेति, तथा 'भाविनि भूतवदुपचारः' इति न्यायात् प्रत्यासन्नभाविपर्यायस्य भूतवद्भणनं युक्तमेव। यथा गर्भस्थोऽप्यर्हन् शक्रेण भावार्हत्तया स्तुतः। एवं क्षीणमोहमात्रस्य छद्मस्थवीतरागस्यापि कथञ्चित्केवलित्वव्यपदेशो न दोषावहः। किं च केवलित्वगमकानि सप्तापि लिङ्गानि मोहनीयक्षयसमुत्थान्येव, 'केवली हि क्षीणचारित्रावरणत्वान्निरतिचारसंयमत्वादप्रतिषेवित्वान्न कदाचिदपि प्राणानामतिपातयिता भवति' इति वचनात्, तेन लिङ्गापेक्षया द्वयोरपि साम्यमेव। एवं च सति यदि क्षीणमोहस्य छद्मस्थवीतरागस्य कथंचित्केवलित्वं नाभ्युपगम्यते, तर्हि क्षीणमोहे छद्मस्थवीतरागे सप्तापि लिङ्गानि व्यभिचरन्ति, तत्र हेतुषु विद्यमानेषु साध्यस्य केवलित्वस्याऽसत्त्वात्। नन्वास्तामन्यत्, परं

---

કોઈ એક તો હંમેશા હોય જ છે. અને તેમાં કીડી વગેરે જીવડાંઓને ભય–ત્રાસ પહોંચે છે. તેથી, 'જીવડાંઓને ભયત્રાસ પમાડવા એ સાવદ્ય છે' એવું પોતે જ પ્રરૂપણ કરીને, જીવઘાત વર્જનાભિપ્રાયવાળા તેનાથી અશક્યપરિહારરૂપે તે ભયત્રાસ પહોંચાડવા રૂપ પ્રતિસેવન તે પ્રમાર્જનાદિમાં થઇ જ જાય છે. તેથી છદ્મસ્થતાને જણાવનાર આ છટ્ઠું લિંગ સામાન્યતઃ સર્વકાલીન ન હોવું સુલભ છે. વળી સાવદ્ય તરીકે જણાવીને તેનું જ પ્રતિસેવન કરવામાં 'સાધુ યથાવાદી તથા કર્ત્તા નથી' એવું સાતમું લિંગ પણ તેનામાં હંમેશા રહેલું હોય છે એ પણ જાણવું. કારણ કે જેનું પોતે પચ્ચક્ખાણ કર્યું છે તે સાવદ્યનું અશક્યપરિહાર રૂપે તો પ્રતિસેવન કરે જ છે. છદ્મસ્થની જેમ કેવલીની પરીક્ષા માટે પણ છદ્મસ્થના લિંગો કરતાં જે વિપરીત લિંગો કહ્યા છે તે પણ દ્રવ્યરૂપ જ લેવા, કેમ કે તેઓ જ છદ્મસ્થજ્ઞાનના વિષય બનતા હોઈ અનુમિતિજનક બને છે. અનાભોગ સહકૃત મોહનીય કર્મ વશાત્ છદ્મસ્થસંયત જેમ પ્રાણોનો અતિપાતયિતા ક્યારેક બને છે, કેમ કે જેનાથી છદ્મસ્થતાની પરીક્ષા થઈ શકે તેવા ઘાતથી ઘાત્યજીવોનો સંપર્ક અને તેઓનો અનાભોગ કાદાચિત્ક હોય છે. તેમ કેવલી પ્રાણોના અતિપાતયિતા ક્યારેય પણ બનતા નથી આમ પ્રાણાતિપાતાદિથી વિપરીત અને દ્રવ્યરૂપ એવા લિંગથી કેવલીપણાનો નિશ્ચય કરવો.

[ક્ષીણમોહને પણ કેવલી ગણવાના છે–પૂર્વપક્ષ]

તે કેવલી બે પ્રકારના લેવા. વાસ્તવિક કેવલી જીવો અને અંતર્મુહૂર્ત્તમાં જેઓ કેવલજ્ઞાન પામવાના છે તેવા કેવલજ્ઞાનાભિમુખ ક્ષીણમોહ જીવો. દેવાયુ બાંધેલ જીવ દેવગતિને અભિમુખ હોવાથી જેમ 'દેવ' તરીકેના ઉલ્લેખનો વિષય બને છે એ વાત પ્રવચનમાં પ્રતીત છે તેમ અંતર્મુહૂર્ત્તમાં કેવલજ્ઞાન પામનાર ક્ષીણમોહ જીવ પણ 'કેવલી' તરીકેના ઉલ્લેખનો વિષય બને જ છે. એમ, ભવિષ્યત્કાલીન વસ્તુમાં તે ભૂતકાલીન હોય તેવો ઉપચાર કરવાનું જણાવનાર 'भाविनि भूतवदुपचारः એ ન્યાયથી નજીકમાં થનાર કેવલીપણા વગેરે રૂપ ભાવી પર્યાય ભૂતકાલીન (થઈ ગયો) હોવા રૂપે કહેવો એ પણ યોગ્ય છે જ. જેમકે ગર્ભમાં રહેલા શ્રીઅરિહંતપરમાત્માને પણ શક્રેન્દ્રે, તેમના નજીકમાં પ્રકટ થનાર ભાવઅરિહંતપણાનો ઉપચાર કરીને ભાવઅરિહંત તરીકે સ્તવ્યા. આ રીતે દરેક

केवलिनः पञ्चानुत्तराणि भवन्ति। यदागमः—'[1]केवलिस्स णं पंच अणुत्तरा पन्नत्ता, तं जहा-अणुत्तरे नाणे, अणुत्तरे दंसणे, अणुत्तरे चरित्ते, अणुत्तरे तवे, अणुत्तरे वीरिएत्ति'। एतानि पञ्चापि केवलिनि वर्त्तमानानि कथं केवलित्वगमकलिङ्गतया नोक्तानि? इति चेद्? उच्यते–एतेषां पञ्चानामपि छद्मस्थज्ञानाऽगोचरत्वेनानुमितिजनकत्वाभावात् न लिङ्गानि भवितुमर्हन्ति, प्रत्युत केवलज्ञानादिपरिज्ञानार्थमेवोक्तलिङ्गानां प्रज्ञापनेति। एतेन—सप्तापि प्राणातिपातादीनि छद्मस्थानां रागद्वेषजनितानि, तेषां तयोः सत्त्वात्। केवलिनस्तु रागद्वेषजनितानां तेषां निषेधो, न पुनः सर्वथा निषेधः, चक्षुःपक्ष्मनिपातमात्रजन्याया असंख्येयवायुकायजीवविराधनायाः केवलिनोऽप्यनिवृत्तेः—इति निरस्तं, अशक्यपरिहारस्यापि केवलिनि निरासात्। किं च परकीयरागद्वेषयोस्तदभावस्य च

ક્ષીણમોહ જીવનો, તે છદ્મસ્થવીતરાગ હોવા છતાં અમુક અપેક્ષાએ કેવલી તરીકે ઉલ્લેખ કરવો એ દોષાવહ નથી. વળી ઠાણાંગના ઉક્ત સૂત્રની વૃત્તિનું જે વચન છે કે 'કેવલી ચારિત્રાવરણ ક્ષીણ થયું હોવાથી નિરતિચાર સંયમવાળા હોવાના કારણે અપ્રતિસેવી હોય છે અને તેથી કયારેય પણ પ્રાણોના અતિપાતયિતા બનતા નથી' તે વચન પરથી જણાય છે કે "કેવલીપણાંને જણાવનારાં જે 'પ્રાણોના અતિપાતયિતા ન હોવું" વગેરે લિંગો છે તે સાતે ય લિંગો મૂળમાં ચારિત્રાવરણના (મોહનીયના) ક્ષયથી ઉત્પન્ન થયા હોય છે. મોહનીયનો ક્ષય તો ક્ષીણમોહી જીવમાં પણ થયો જ હોય છે. એટલે ક્ષીણમોહી જીવમાં પણ સાતેય લિંગો હાજર હોય જ છે. માટે એ સાત લિંગોની વિચારણામાં તો ક્ષીણમોહી અને કેવલી એ બન્ને સમાન જ હોય છે. તેથી છદ્મસ્થવીતરાગ એવા પણ ક્ષીણમોહી જીવમાં કથંચિત્ (આ સાત લિંગોની અપેક્ષાએ) કેવલીપણું જો માનવામાં ન આવે તો તે છદ્મસ્થવીતરાગ ક્ષીણમોહ જીવમાં સાતેય લિંગો વ્યભિચારી (અનૈકાન્તિક) બનવાની આપત્તિ આવે, કેમકે તે જીવમાં 'પ્રાણોના અતિપાતયિતા ન હોવું" વગેરે રૂપ સાતેય લિંગ (હેતુ) હોવા છતાં સાધ્યભૂત કેવલીપણું હોતું નથી. તેથી ક્ષીણમોહી જીવોમાં પણ કથંચિત્ કેવલીપણું માનવું એ આવશ્યક હોઈ તેઓનો પણ આ સાતલિંગોના પક્ષ તરીકે સમાવેશ છે.

**શંકા :–** બીજી વાત જવા દો. 'કેવલીને પાંચ વસ્તુઓ અનુત્તર હોવી કહી છે. તે આ પ્રમાણે–અનુત્તર જ્ઞાન, અનુત્તર દર્શન, અનુત્તર ચારિત્ર, અનુત્તર તપ અને અનુત્તર વીર્ય.' આવા આગમવચનથી જણાય છે કે કેવલીભગવંતોને આ પાંચ ચીજો અનુત્તર હોય છે. દરેક કેવલી ભગવંતોમાં આ પાંચે ય હોવા છતાં કેવલીપણાના લિંગ તરીકે આ પાંચને કેમ ન કહ્યા?

[દ્રવ્યપ્રાણાતિપાતાભાવાદિ જ કેવલીના લિંગ છે–પૂર્વપક્ષ]

**સમાધાન :–**આ પાંચેય ચીજો છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતી ન હોવાથી અનુમિતિજનક બનતી નથી. અને તેથી તે લિંગ બની શકતી નથી. તેથી એ પાંચ તો કેવલીપણાંને જણાવી શકતી નથી, પણ ઉપરથી એ પાંચને જાણવા માટે જ ઉપરના સાત

१. केवलिनः पञ्च अनुत्तराणि प्रज्ञप्तानि, तद्यथा–अनुत्तरं ज्ञानं, अनुत्तरं दर्शनं, अनुत्तरं चारित्रं, अनुत्तरं तपः अनुत्तरं वीर्यमिति।

निरतिशयच्छद्मस्थज्ञानाऽगोचरत्वेन तथाभूतच्छद्मस्थमात्रानुमितिजनकलिङ्गानां विशेषणत्वासंभवात्, संभवे च 'यो रागद्वेषवान् स छद्मस्थः, यस्तु रागद्वेषरहितः स केवली' इति विशेषणज्ञानमात्रेण छद्मस्थकेवलिनोर्विवेकेन सम्यग् निर्णये जाते प्राणातिपातादीनां तन्निषेधरूपाणां च विशेष्यपदानां भणनमुन्मत्तप्रलापकल्पं संपद्येत, प्रयोजनाभावात्, धर्मोपदेशादिक्रियामात्रस्यापि तथात्वेन सप्तसङ्ख्याभणनस्यायुक्तत्वाच्च । किंचाप्रसिद्धविशेषणदानेन हेतूनां सन्दिग्धस्वरूपासिद्धतापि, तथा रागद्वेषवत्त्वछद्मस्थत्वयोस्तद्राहित्यकेवलित्वयोश्चैक्यमेवेति हेतोः

---

લિંગોની જરૂર પડે છે અને તેથી તેઓની જ લિંગ તરીકે પ્રરૂપણા છે. આમ સર્વ કેવલીઓમાં રહેલ અને કેવલીથી ભિન્ન કોઈ જીવમાં ન રહેલ એવા પણ અનુત્તરજ્ઞાનાદિને તે છદ્મસ્થજ્ઞાનના વિષય બનતા ન હોવાથી જે લિંગ તરીકે નથી કહ્યા તેના પરથી પણ જણાય છે કે જે પ્રાણાતિપાતનો અભાવ વગેરેને લિંગો તરીકે કહ્યા છે તે છદ્મસ્થજ્ઞાનના વિષયભૂત પ્રાણાતિપાતાભાવ વગેરે લેવા. અને તે તો દ્રવ્યપ્રાણાતિપાતાભાવ વગેરે રૂપ જ છે, કેમ કે ભાવપ્રાણાતિપાત કે તેનો અભાવ વગેરે છદ્મસ્થના જ્ઞાનના વિષય બનતા નથી. તેથી જ નીચેની શંકા દૂર થઇ જાય છે.

[રાગદ્વેષજનિતત્વાદિ તેનું વિશેષણ નથી પૂર્વપક્ષ]

—પ્રાણાતિપાતાદિ સાતેય બાબતો છદ્મસ્થોને રાગદ્વેષ જનિત હોય છે, કેમ કે તેઓમાં તે બંનેની હાજરી હોય છે. કેવલીમાં લિંગ તરીકે પ્રાણાતિપાતાદિનો જે અભાવ (નિષેધ) કહ્યો છે તે સર્વથા અભાવરૂપ નથી, કિન્તુ રાગદ્વેષજનિત પ્રાણાતિપાત વગેરેના અભાવ રૂપ જ છે. કેમ કે આંખની પાંપણ હલાવવા માત્રમાં થતી અસંખ્યવાયુકાય જીવોની વિરાધનાથી કેવલીઓ પણ છૂટી શકતા નથી. સારાંશ, પ્રસ્તુત સૂત્રમાં રાગદ્વેષજનિત પ્રાણાતિપાતાદિના અભાવ વગેરેને કેવલીપણાના લિંગો તરીકે કહ્યા છે— આવી શંકા પણ દૂર થઈ ગયેલી જાણવી, કેમકે કેવલીઓને અશક્ય પરિહાર જ હોતો નથી કે જેથી એ રીતે પણ જીવવિરાધના સંભવે વળી પરકીય રાગદ્વેષ કે તેનો અભાવ અતિશયશૂન્ય છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનતા ન હોઈ તેવા છદ્મસ્થમાત્રની અનુમિતિ માટેના લિંગના વિશેષણ બની શકતા નથી. બાકી જો તેઓ એ રીતે વિશેષણ બની શકતા હોય તો અને તેથી અનુમિતિ પૂર્વે તેનું જ્ઞાન થઈ ગયું હોય છે એવું માની લેવાતું હોય (કેમકે તો જ પછી અનુમિતિ થઇ શકે) તો તો 'જે રાગદ્વેષવાન્ હોય તે છદ્મસ્થ' અને 'જે રાગદ્વેષ રહિત હોય તે કેવલી' એ રીતે રાગદ્વેષાત્મક કે તેના અભાવાત્મક વિશેષણના જ્ઞાનમાત્રથી છદ્મસ્થનો અને કેવલીનો પૃથગ્ પૃથગ્ રીતે સમ્યગ્નિર્ણય થઈ જતો હોવાથી પછી પ્રાણાતિપાતાદિ કે તેના નિષેધરૂપ વિશેષ્યને જણાવનાર પદો બોલવા (અને એ રીતે સાત લિંગો કહેવા) એ તો ઉન્મત્ત કરેલા બબડાટ રૂપ જ બની જાય, કેમકે (૧) એ બોલવાનું કોઇ પ્રયોજન રહેતું નથી તેમજ (૨) ધર્મોપદેશ વગેરે રૂપ કોઇપણ ક્રિયા તેવા વિશેષણયુક્ત તો છદ્મસ્થનો કે કેવલીનો પૃથક્ નિશ્ચય કરાવી શકતી હોવાથી એ બધી પણ લિંગ બની શકતી હોવાના કારણે માત્ર સાતલિંગ કહેવા એ અયોગ્ય બની જાય છે. વળી પ્રાણા-

साध्यघटितत्वेन हेतुस्वरूपहानिः, तस्मादविशिष्टानामेव छद्मस्थगम्यप्राणातिपातादिनिषेधरूपाणां केवलित्वगमकलिंगत्वं प्रतिपत्तव्यम् । यत्तु छद्मस्थत्वज्ञापकलिङ्गेषु 'कदाचिद्' इति विशेषणं टीकाकारेण दत्तं तत्सप्तानामपि लिङ्गानां स्वरूपासिद्धिवारणार्थं, नहि छद्मस्थसाधावनवरतं प्राणातिपातादिशीलत्वं संभवतीति । यच्च केवलित्वज्ञापकलिङ्गेषु 'कदाचिदपि' इति विशिष्टविशेषणमुपात्तं तच्छद्मस्थसाधौ व्यभिचारवारणाय, भवति ह्येतद्विशेषणं विना छद्मस्थसाधौ प्राणातिपाताद्यभावावस्थायां हेतुषु विद्यमानेषु केवलित्वाभावेन व्यभिचार इति ।

अत्र वदन्ति-'सत्तहिं ठाणेहिं छउमत्थं जाणिज्जा' इत्यत्राप्रमत्तस्य पक्षीकरणे प्राणातिपातकत्वादयः सर्वेऽपि हेतवः स्वरूपासिद्धतामनुभवन्ति, प्राणातिपातादिनिमित्तक्रियाऽभावेन

---

તિપાતાદિમાં તેવું, અનુમિતિ કરનાર છદ્મસ્થને અપ્રસિદ્ધ વિશેષણ લગાડવાથી તે હેતુ સંદિગ્ધસ્વરૂપઅસિદ્ધ બનવાનો દોષ પણ ઊભો થશે. અર્થાત્ પક્ષ બનાવેલી સામી વ્યક્તિથી થતો પ્રાણાતિપાત રાગદ્વેષજનિત છે કે નહિ એનો છદ્મસ્થને સંદેહ જ રહેતો હોવાથી પક્ષમાં હેતુનો અભાવ હોવા રૂપ જે સ્વરૂપ અસિદ્ધ દોષ છે તેનો સંદેહ રહ્યા કરવા રૂપ દોષ ઊભો થાય છે. વળી રાગદ્વેષયુક્તતા અને છદ્મસ્થતા એ બે તેમજ રાગદ્વેષશૂન્યતા અને કેવલિત્વ એ બે એક એક વસ્તુરૂપ જ હોવાથી રાગદ્વેષજનિતપ્રાણાતિપાતને હેતુ કહેવો એ છદ્મસ્થતાજનિત પ્રાણાતિપાતને હેતુ કહેવા રૂપ હોઈ હેતુ સાધ્યઘટિત બની જાય છે. અને તો પછી પ્રાણાતિપાતાદિમાંથી હેતુનું સ્વરૂપ જ હણાય જશે. માટે કોઈપણ વિશેષણ વિનાના અવિશિષ્ટ અને છદ્મસ્થગમ્ય એવા જ પ્રાણાતિપાતાદિના નિષેધો કેવલિત્વને જણાવનાર લિંગભૂત છે એ સ્વીકારવું જોઈએ.

[ कदाचिद् અને कदाचिदपि સ્વરૂપાસિદ્ધિ અને વ્યભિચારના વારક-૫૦ ]

વળી, છદ્મસ્થતાના લિંગોમાં 'કદાચિદ્' એવું જે વિશેષણ ટીકાકારે જોડ્યું છે તે સાતેય લિંગોના સ્વરૂપઅસિદ્ધિ દોષના વારણ માટે છે, કેમકે છદ્મસ્થ સાધુ નિરંતર પ્રાણાતિપાતાદિ કર્યા કરવાના સ્વભાવવાળા હોય એવું સંભવતું નથી. એમ કેવલીના લિંગોમાં 'अपि' શબ્દ વિશિષ્ટ એવું 'कदाचिदपि' રૂપ જે વિશેષણ જોડ્યું છે તે છદ્મસ્થસાધુમાં લિંગ ચાલ્યા જવા રૂપ વ્યભિચાર ન આવે એ માટે જાણવું. કેમકે એવું વિશેષણ જો લગાડ્યું ન હોય તો જ્યારે છદ્મસ્થ પ્રાણાતિપાતાદિ કાંઈ કરતો ન હોય ત્યારે તેમાં પ્રાણાતિપાતાભાવાત્મક માત્રવિશેષ્યરૂપ લિંગ રહી જવા છતાં કેવલિત્વ રહ્યું ન હોઈ વ્યભિચાર આવે. નિષ્કર્ષ :– આમ આટલી વાત ફલિત થાય છે. (૧) પરીક્ષાઅવસરે પ્રમાર્જનાદિમાં પ્રવૃત્ત અપ્રમત્ત સંયતને પક્ષ તરીકે લેવો. (૨) લિંગ તરીકે દ્રવ્યપ્રાણાતિપાતાદિ લેવા. (૩) છદ્મસ્થતાના લિંગો ઉપશાન્ત મોહ સુધી હોય છે. (૪) ક્ષીણમોહને માત્ર સંભાવનારૂઢ મૃષાભાષણાદિ હોય. (૫) છદ્મસ્થતાના પહેલાં પાંચ લિંગો કાદાચિત્ક હોય છે અને છેલ્લા બે સાર્વદિક. (૬) ક્ષીણમોહને પણ પ્રસ્તુત અધિકારમાં કેવલી તરીકે ગણવાના છે. (૭) રાગદ્વેષાદિવિશેષણ શૂન્ય અવિશિષ્ટ પ્રાણાતિપાતાદિ જ અહીં લિંગ તરીકે છે. (૮) कदाचिद् અને कदाचिदपि એ બે વિશેષણો અનુક્રમે સ્વરૂપઅસિદ્ધિ અને વ્યભિચાર દોષના વારણ માટે છે.

तस्य प्राणातिपातकत्वाद्यभावात् । यथाहि कर्मग्रन्थाद्यभिप्रायेण निद्रोदयस्याप्रमत्तादिगुणस्थानेषु सत्त्वेऽपि न तेन प्रमत्तत्वं, द्रव्यतो निद्राविषयादिवत्त्वस्य प्रमत्तत्वाऽप्रयोजकत्वात्, तथा द्रव्यतो जीवविराधनायामप्यप्रमत्ताः प्राणातिपातका न प्रोच्यन्त इति । न चौपचारिकैरपारमार्थिकैर्द्रव्यतः प्राणातिपातकत्वादिभिस्त्वत्कल्पितैरपि पारमार्थिकं छद्मस्थत्वं साधयितुं शक्यते, द्रव्यतो विरतिमहाव्रतवत्त्वादिभिः परिव्राजकेष्वभव्यनिह्नवादिषु च पारमार्थिकविरतत्वचारित्रित्वादिसाधनप्रसक्तेः । किञ्च–औपचारिकं प्राणातिपातकत्वं 'यावज्जीवः सयोगस्तावदारभते' इत्याद्यागमवचनादेव प्रसिद्धव्यभिचारम् । इति सद्भूतप्राणातिपातकत्वादिभिश्छद्मस्थत्वस्य साधनात् प्रमत्त एवात्र पक्षीकार्यः, तेन न स्वरूपासिद्धिः, तत्र पारमार्थिकानां हेतूनां सत्त्वादिति । किञ्च 'व्यापादनशीलो भवति' इत्यत्र 'फलनिरपेक्षा वृत्तिः शीलम्' इति शीलार्थ-

[ અપ્રમત્તને પક્ષ તરીકે લેવામાં દોષો-ઉત્તરપક્ષ ]

**ઉત્તરપક્ષ :–** 'सत्तहिं ठाणेहिं छउमत्थं जाणिज्जा' ઈત્યાદિમાં પક્ષ તરીકે અપ્રમત્ત સંયતને લેવામાં બધા હેતુઓ સ્વરૂપ અસિદ્ધ બની જવાની આપત્તિ આવશે. કેમકે અપ્રમત્તમાં પ્રાણાતિપાતાદિના નિમિત્તકારણભૂત ક્રિયાઓ ન હોવાથી પ્રાણાતિપાતકત્વ વગેરે રૂપ હેતુ હોતા નથી. જેમ કર્મગ્રન્થ વગેરેના અભિપ્રાય મુજબ અપ્રમત્ત વગેરે ગુણઠાણાઓમાં નિદ્રાનો ઉદય હોવા છતાં તે નિદ્રોદયના કારણે તેઓમાં પ્રમત્તતા આવતી નથી કે કહેવાતી નથી, કેમકે દ્રવ્યથી નિદ્રાવિષયાદિની હાજરી એ પ્રમત્તતાની પ્રયોજક નથી તેમ દ્રવ્યથી જીવવિરાધના થવા છતાં તે વિરાધના પ્રમત્તતાની અપ્રયોજક હોઈ અપ્રમત્તસંયતો પ્રાણાતિપાતક (હિંસક) કહેવાતા નથી. (પ્રમત્તનો જ હિંસક તરીકે ઉલ્લેખ થાય છે એ આગળ બતાવી ગયા છીએ) [આ આપત્તિનું વારણ કરવા જો તમે એમ કહો કે પારમાર્થિક પ્રાણાતિપાતકત્વાદિ અપ્રમત્તમાં ન હોવા છતાં, તેઓની પ્રવૃત્તિનિમિત્તે જે દ્રવ્યહિંસાદિ થાય છે તેના હિંસકત્વનો તેઓમાં ઉપચાર તો કરી શકાય છે. અને તેથી તેવા અપારમાર્થિક ઔપચારિક દ્રવ્યતઃ હિંસકત્વાદિને લિંગ તરીકે લઈને છદ્મસ્થત્વની સિદ્ધિ અમે કરીએ છીએ–તો અમારો જવાબ એ છે કે તમે કલ્પેલા] આવા અપારમાર્થિક લિંગોથી પણ પારમાર્થિક છદ્મસ્થતા સિદ્ધ કરી શકાતી નથી. કાળાશના કારણે ધૂમાડા તરીકે ઉપચરિત થયેલ વાદળું કંઇ પારમાર્થિક અગ્નિની સિદ્ધિ કરી શકતું નથી. વળી એ રીતે તો દ્રવ્યવિરતિમાં ભાવવિરતિનો અને દ્રવ્યથી મહાવ્રતયુક્તત્વમાં ભાવચારિત્રનો અનુક્રમે ઉપચાર કરી તે બે ઔપચારિક લિંગોથી પરિવ્રાજકોમાં અને અભવ્ય–નિહ્નવાદિમાં અનુક્રમે પારમાર્થિક વિરતત્વની અને પારમાર્થિક ચારિત્રની સિદ્ધિ કરવાની આપત્તિ આવે.

(પારમાર્થિક હિંસાદિનો સ્વભાવ છદ્મસ્થલિંગ તરીકે વિવક્ષિત-ઉ.)

વળી જો ઉક્તસૂત્રમાં આવા ઔપચારિક પ્રાણાતિપાતકત્વાદિનો જ લિંગ તરીકે ઉલ્લેખ હોય તો તો 'જ્યાં સુધી જીવ સયોગી હોય છે ત્યાં સુધી આરંભ હોય છે' ઈત્યાદિ આગમવચન અનુસારે તેમાં વ્યભિચાર દોષ હોવો પણ પ્રસિદ્ધ થઈ જાય, કેમકે એ આરંભના કારણે સયોગી કેવલીમાં પણ ઔપચારિક પ્રાણાતિપાતકત્વ રૂપ લિંગ

त्वात्, तस्याश्च स्वभावनिबन्धनत्वात्प्राणातिपातादिस्वभावहेतुसिद्ध्यर्थं प्रमत्त एव पक्षीकर्त्तव्य इति। न च प्रमत्तत्वादेव तत्र छद्मस्थत्वरूपसाध्यस्यापि प्रतीतत्वात्साध्यत्वाभावः; 'अप्रतीतमनिराकृतमभीप्सितं साध्यं' (प्रमाणन० त० ३।१४) इति वचनादिति वाच्यं, व्यामूढमनसां तद्व्यामोहनिवृत्त्यर्थं छद्मस्थत्वस्य साध्यमानत्वोपपत्तेः।

प्रसिद्धानां प्रमाणानां लक्षणोक्तौ प्रयोजनम्। तद्व्यामोहनिवृत्तिः स्याद्व्यामूढमनसामिह ॥

इति न्यायावतार(४)वचनात्। यथाहि–सास्नादिमत्त्वाद् गवि गोत्वे सिद्धेऽपि व्यामूढस्य तत्प्रतिपत्त्यर्थं प्रयोगः क्रियते यथा 'इयं गौः, सास्नादिमत्त्वात्, यत्र गोत्वाभावस्तत्र सास्नादिमत्त्वाभावो यथा महिषे,' इत्यादि, एवमत्रापि पुरुषविशेषे प्रमत्तत्वाच्छद्मस्थत्वे सिद्धेऽपि व्यामूढस्य ज्ञापनार्थमनुमाने कर्त्तव्ये छद्मस्थत्वस्य साध्यत्वं घटत एवेति। एतेन—निद्राविकथादिप्रमादवतश्छद्मस्थत्वेन संशयानुपपत्तेर्न तत्परिज्ञानाय लिङ्गापेक्षा—इत्यपि निरस्तं, उक्तयुक्त्या व्यामोहनिरासार्थं तदुपपत्तेः, विप्रतिपत्त्यादिना केवलिछद्मस्थविशेषज्ञस्यापि संशये सति तत्साधनोपपत्तेश्च। न च सूत्रे प्राणातिपातकत्वादीनां सामान्येन छद्मस्थलिङ्गत्वेन प्रोक्तत्वात् प्रमत्तछद्मस्थरूपविशेषे व्याख्यायमाने सूत्राशातनेति वाच्यं, सूत्रस्य सूत्रान्तरसंमत्या व्याख्यानकरणे आशातनायाः परित्यागात्।

---

રહ્યું છે અને છદ્મસ્થત્વરૂપ સાધ્ય રહ્યું નથી. આવા બધા દોષો ન આવે એ માટે અહીં પારમાર્થિક પ્રાણાતિપાતકત્વાદિને જ લિંગ તરીકે લઇ છદ્મસ્થત્વની સિદ્ધિ કરવાની છે, એ સ્વીકારવું જોઇએ. અને તેથી પ્રમત્તને જ પક્ષતરીકે લેવો જોઇએ કે જેથી સ્વરૂપઅસિદ્ધિ દોષ ન આવે, કેમકે પ્રમત્તમાં પારમાર્થિક પ્રાણાતિપાતકત્વાદિ રૂપ લિંગો રહ્યા છે. વળી વૃત્તિમાં 'व्यापादनशीलो भवति' એવું જે કહ્યું છે તેમાં 'શીલ' શબ્દનો 'ફળને નિરપેક્ષપણે જે સ્વાભાવિક વર્ત્તન થાય તે શીલ' એવો અર્થ હોવાથી અને તેવું વર્ત્તન સ્વભાવનિમિત્તક હોવાથી ફલિત એ થાય છે કે ઉક્તસૂત્રમાં પ્રાણાતિપાતાદિનો સ્વભાવ એ હેતુ છે.

(પક્ષ તરીકે પ્રમત્તજીવ લેવો-ઉત્તરપક્ષ)

વળી એ હેતુ સ્વરૂપઅસિદ્ધ ન થાય એ માટે તો પ્રમત્તને જ પક્ષ બનાવવો પડે છે, કારણ કે પ્રમાદના કારણે એ જ તેવા સ્વભાવવાળો હોય છે.—પણ પ્રમત્તરૂપ પક્ષમાં તે પ્રમત્તતાથી જ છદ્મસ્થતા રૂપ સાધ્ય પણ પ્રતીત બની જતું હોઈ તેમાં સાધ્યત્વ જ રહેશે નહિ, કેમકે 'જે અપ્રતીત (અજ્ઞાત) અનિરાકૃત (અબાધિત) અને અભીપ્સિત (સિદ્ધ કરવાને ઇચ્છિત) હોય તે સાધ્ય' એવું પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર (૩-૧૪) માં કહ્યું છે.—એવી શંકા ન કરવી, કેમકે પ્રમત્તમાં પણ છદ્મસ્થતા અંગેના વ્યામોહવાળા જીવોનો તે વ્યામોહ દૂર કરવા માટે, છદ્મસ્થતાને સાધ્ય બનાવવું એ પણ, **ન્યાયાવતારના** આ વચન મુજબ યોગ્ય છે.— 'પ્રમાણ અંગેના વ્યામોહવાળા જીવોનો તે વ્યામોહ દૂર કરવો એ પ્રસિદ્ધ એવા પણ પ્રમાણોનું લક્ષણ કહેવાનું પ્રયોજન છે.' સાસ્નાવગેરેના કારણે ગાયમાં ગોત્વ સિદ્ધ હોવા છતાં વ્યામૂઢ જીવને તેની પ્રતીતિ કરાવવા માટે જેમ પ્રયોગ કરાય છે કે 'આ ગાય (ગોત્વયુક્ત) છે. કારણ કે સાસ્નાદિયુક્ત છે. જ્યાં ગોત્વ નથી

किञ्च भवतोऽप्यप्रमत्तरूपछद्मस्थविशेषमुपादायैव व्याख्यानकरणान्नैतद्विषये पर्यनुयोग एव युज्यते,

यत्रोभयोः समो दोषः परिहारोऽपि वा समः । नैकः पर्यनुयोक्तव्यस्तादृगर्थविचारणे ॥ इति वचनात् ।

ननु प्रमत्तस्य पक्षत्वेऽप्रमत्तसंयते कथं छद्मस्थत्वं स्यात् ? लिंगाभावादिति चेत् ? न, लिङ्गिनि लिङ्गावश्यंभावनियमाभावाद्, धूमं विनापि तप्तायोगोलके वह्निदर्शनात् । ननु यद्येवं प्रमत्तस्य पक्षत्वं भावतः प्राणातिपातकत्वादीनां च लिंगत्वं तदा छद्मस्थत्वगमकलिङ्गेषु 'कदाचिद्' इति

---

હોતું ત્યાં સાસ્નાદિ પણ નથી હોતા, જેમકે પાડામાં...વગેરે.' એમ પ્રસ્તુતમાં પણ વિવક્ષિત પુરુષમાં પ્રમત્તત્વના કારણે છદ્મસ્થત્વ સિદ્ધ હોવા છતાં વ્યામૂઢ જીવને જણાવવા માટે અનુમાન કરવાનું હોય તો 'આ છદ્મસ્થ (છદ્મસ્થતાયુક્ત) છે, કારણ કે પ્રમત્ત છે' ઇત્યાદિરૂપ પ્રયોગમાં છદ્મસ્થતા સાધ્ય બનવી પણ ઘટે જ છે. તેથી જ આવી જે શંકા છે કે—નિદ્રાવિકથાદિપ્રમાદ યુક્ત જીવ અંગે છદ્મસ્થતાનો સંશય પડવો જ અસંગત હોઈ તેના પરિજ્ઞાનમાટે લિંગની અપેક્ષા જ રહે નહિ—તે પણ નિરાકૃત જાણવી, કેમકે ઉક્ત યુક્તિ મુજબ વ્યામોહ દૂર કરવા લિંગની અપેક્ષા હોવી એ ઘટી જાય છે. તેમ જ કેવલી અને છદ્મસ્થ વચ્ચેના ભેદના જાણકારને પણ વિપ્રતિપત્તિ (વિપરીત જાણકારી) વગેરેના કારણે સંશય પડયે છતે આવા લિંગથી સિદ્ધિ કરવી સંગત પણ છે જ. આવી શંકા પણ ન કરવી કે—પણ આ રીતે ભાવપ્રાણાતિપાતકત્વાદિરૂપ પારમાર્થિક લિંગ લેવામાં અપ્રમત્તાદિજીવોમાં છદ્મસ્થતાની સિદ્ધિ કરી શકાશે નહિ. અને તેથી 'અહીં સામાન્યરીતે જે કોઈ છદ્મસ્થ હોય તે બધા છદ્મસ્થસામાન્યના લિંગની વાત નથી, કિન્તુ જેઓ પ્રમત્ત હોય તેવા જ છદ્મસ્થવિશેષના લિંગની વાત છે' એવું જો કહેશો તો સૂત્રની આશાતનાનું પાપ લાગશે, કેમકે સૂત્રમાં પ્રાણાતિપાતકત્વ વગેરેને છદ્મસ્થસામાન્યના લિંગ તરીકે કહ્યા છે.—આવી શંકા એટલા માટે ન કરવી કે બીજા સૂત્રની સંમતિ (સમન્વય) સધાય એ રીતે સૂત્રની વ્યાખ્યા કરવામાં આશાતના ઊભી રહેતી નથી.

વળી તમે પણ અપ્રમત્તરૂપ છદ્મસ્થવિશેષને જ પક્ષ તરીકે લઈ વ્યાખ્યાન કર્યું છે, છદ્મસ્થસામાન્યને પક્ષ તરીકે લઇને નહિ. તેથી "જે બાબતમાં વાદી અને પ્રતિવાદી બન્નેને સમાન દોષ ઊભો થતો હોય કે તેનું સમાન રીતે વારણ થતું હોય તે બાબતની વિચારણામાં એમાંથી એકેયને પૂછવાપણું રહેતું નથી" એ વચન મુજબ આ અંગે કોઈપણ જાતનો પર્યનુયોગ યોગ્ય નથી.

શંકા :–આ રીતે પ્રમત્તને પક્ષ બનાવવાની તમારી પકડને તમે વળગી રહેશો તો અપ્રમત્તમાં છદ્મસ્થતા શી રીતે માની શકાશે? કેમ કે એનામાં ભાવપ્રાણાતિપાતકત્વાદિરૂપ લિંગ હોતું નથી. **સમાધાન** :–તપેલા લોખંડના ગોળામાં ધૂમાડા વિના પણ અગ્નિરૂપ લિંગી રહેતો હોવાથી જણાય છે કે લિંગી હોય ત્યાં લિંગ અવશ્ય હોય જ એવો નિયમ નથી. તેથી અપ્રમત્તાદિમાં ભાવપ્રાણાતિપાતકત્વાદિરૂપ લિંગ ન હોવા છતાં છદ્મસ્થત્વરૂપ લિંગી હોવામાં કોઈ વાંધો નથી.

विशेषणे यत् टीकाकारेण दत्तं तदनुपपन्नं स्यात्, अप्रमत्तसंयतपक्षे द्रव्यप्राणातिपातादीनां लिङ्गत्वे हि तेषां सार्वदिकत्वाभावेन स्वरूपासिद्धिवारणार्थं तदुपपन्नं स्यात्, प्रमत्तसंयतपक्षे भावप्राणातिपातस्य सार्वदिकत्वेन तद्विशेषणस्यानुपपत्तिरेवेति । मैवं, अविशेषेणोक्तस्य प्राणातिपातकत्वादेः स्वरूपाऽसिद्धत्वाभावेन 'कदाचिद्' इत्यस्योभयमतेऽपि स्वरूपविशेषणत्वात्, कालिकसंबंधेन व्याप्तेरभिप्रेतत्वेऽपि 'कदाचित्' इत्यस्य कालान्तरोपसङ्ग्रहेऽनुपयोगाद्, 'यदा प्राणातिपातकत्वादिकं तदा छद्मस्थत्वं' इति नियमसिद्धौ 'कदाचिद्' इत्यनेन किमुपकर्त्तव्यमेतादृशनियमस्फोरणं विनेति ।

---

શંકા :– જો આ રીતે પ્રમત્ત જ પક્ષ હોય અને ભાવપ્રાણાતિપાતકત્વાદિ જ લિંગ હોય તો છદ્મસ્થતાને જણાવનાર લિંગોમાં 'कदाचित्' એવું ટીકાકારે જે વિશેષણ જોડયું છે તે અસંગત બની જશે, કેમ કે અપ્રમત્તસંયતરૂપ પક્ષમાં દ્રવ્યથી પ્રાણાતિપાતકત્વાદિને લિંગ બનાવવાથી જ, તેઓથી દ્રવ્યહિંસાદિ જ્યારે ન થતા હોય ત્યારે તેઓમાં હેતુ સ્વરૂપ અસિદ્ધ થવાનો જે દોષ ઊભો થાય છે તેનું વારણ કરવા એ પદ લગાડવું સંગત બને છે. પણ પ્રમત્તને પક્ષ તરીકે લઈને ભાવપ્રાણાતિપાતકત્વ વગેરેને લિંગ બનાવવામાં તો એ અસંગત જ રહે છે, કેમ કે એ લિંગ પ્રમત્તમાં હંમેશાં રહેનારું હોવાથી એ વિશેષણ વિના પણ સ્વરૂપઅસિદ્ધિ દોષ આવવાનો પ્રશ્ન જ હોતો નથી.

[ 'कदाचित्' વગેરે સ્વરૂપવિશેષણ, દોષવારક નહિ ]

**સમાધાન** :–તમારી શંકા બરાબર નથી, કેમકે 'સાર્વદિકત્વ' કે 'કાદાચિત્કત્વ' રૂપ વિશેષ (ભેદ) વિના સામાન્યથી જ પ્રસ્તુતમાં લિંગ તરીકે કહેવાયેલા હિંસકત્વાદિ સ્વરૂપ અસિદ્ધ નથી. તમારા મત મુજબના અપ્રમત્તસંયતરૂપ પક્ષમાં દ્રવ્યહિંસકત્વરૂપ લિંગ સાવ અસિદ્ધ છે એવું નથી (પછી ભલેને સાર્વદિક દ્રવ્યહિંસકત્વ તેમાં અસિદ્ધ હોય) કે અમારા મત મુજબના પ્રમત્તસંયતરૂપ પક્ષમાં ભાવહિંસકત્વરૂપ લિંગ અસિદ્ધ નથી. ધુમાડો પર્વતમાં હંમેશા ન રહેતો હોવા માત્રથી કાંઈ સ્વરૂપ અસિદ્ધ બની જતો નથી કે જેથી એને 'કદાચિદ્ધૂમવત્ત્વાત્' ઇત્યાદિરૂપે 'કદાચિત્' વિશેષણની સ્વરૂપઅસિદ્ધિના વારક તરીકે અપેક્ષા રાખવી પડે. (એ તો જ્યારે રહ્યો હોય ત્યારે વહ્નિ હોવાનું અનુમાન કરાવી આપે.) તેથી 'कदाचिद्' એવું વિશેષણ તમારા કે અમારા બન્નેના મતે સ્વરૂપઅસિદ્ધિદોષવારક નથી, કિન્તુ માત્ર સ્વરૂપવિશેષણ જ છે. (અર્થાત્ ઉક્ત દોષના વારણ માટે એ નથી વપરાયું, પણ હેતુનું સ્વરૂપ માત્ર દેખાડવા વપરાયું છે.)

**શંકા** :–ઉક્ત સૂત્રમાં, 'જેમાં દ્રવ્યહિંસકત્વ હોય તેમાં છદ્મસ્થતા હોય' એવી દૈશિક વ્યાપ્તિ અભિપ્રેત નથી, કિન્તુ 'જ્યારે દ્રવ્યહિંસકત્વ હોય ત્યારે છદ્મસ્થતા હોય' એવી કાલિકસંબંધથી વ્યાપ્તિ અભિપ્રેત છે. એટલે 'कदाचिद्' એવું વિશેષણ ન લગાડયું હોય તો સ્વરૂપઅસિદ્ધિ દોષ ઊભો જ રહે છે. માટે એ વિશેષણ તે દોષના વારક તરીકે જ વપરાયું છે.

**સમાધાન** :– આવી શંકા પણ યોગ્ય નથી, કેમકે કાલિકસંબંધથી વ્યાપ્તિ

केचित्तु—'केवली कदाचिदपि प्राणानामतिपातयिता न भवति' इति यत्केवलिनो लिङ्गमुक्तं तत्सर्वोऽप्रमत्तानामपि समानं, इति तद्व्यावृत्त्यर्थं छद्मस्थलिङ्गेषु 'कदाचिद्' इति विशेषणमुक्तम् । इत्थं चाप्रमत्तानां प्रमत्तगुणस्थानवर्त्तित्वे प्रमत्तत्वात् 'कदाचिद्भावतोऽपि प्राणातिपातकत्वं' संभवति, न तु केवलिनः, तस्य देशोनपूर्वकोटीकालमप्यप्रमत्तत्वस्यैव भावादिति विशेषोऽवबुद्धो भवति । न चाप्रमत्ता अपि सर्वदा प्राणानतिपातका एव भवन्ति, प्रमत्तत्वेन प्राणातिपातकत्वे त्वप्रमत्ता एव नोच्यन्ते इत्यतिप्रसक्तमेवैतल्लक्षणमिति वाच्यं, अप्रमत्तस्य प्रमत्तगुणस्थानवर्त्तिनो जीवघाते 'अहो ! अप्रमत्तोऽपि जीवघातं करोति' इति व्यपदेशसंभवात्,

---

અભિપ્રેત હોય તો પણ 'कदाचित्' વિશેષણ અનુપયોગી જ રહે છે. આશય એ છે કે વ્યાપ્તિ દૈશિક હોય કે કાલિક, પક્ષમાં હંમેશા હેતુ હોવો જ જોઈએ એવો નિયમ નથી. જે કાલમાં હેતુ રહ્યો હોય તે કાલમાં સાધ્ય રહ્યું હોવાની એ સિદ્ધિ કરી આપે છે. હેતુને 'कदाचिद्' એવું વિશેષણ લગાડવા છતાં પણ એ, જે કાળમાં પ્રાણાતિપાતકત્વ વગેરે નથી રહ્યું તે કાળમાં છદ્મસ્થત્વ હોવાની સિદ્ધિ તો કરી આપતો નથી જ. અને જે કાળમાં પ્રાણાતિપાતકત્વ વગેરે રહ્યા છે તે કાળમાં તો તેવા વિશેષણ વિનાનો હેતુ પણ તેની સિદ્ધિ કરી આપે છે. તેથી એ માત્ર સ્વરૂપવિશેષણ હોવું જ યોગ્ય છે. 'જ્યારે પ્રાણાતિપાતકત્વાદિ હોય ત્યારે છદ્મસ્થત્વ હોય' એવા કાલિકસંબંધથી વ્યાપ્તિરૂપ નિયમની સિદ્ધિ થયે છતે 'કદાચિદ્' એવા વિશેષણે તેવો નિયમ જ સિદ્ધ કરવા સિવાય બીજો કયો ઉપકાર કરવાનો હોય છે ?

[कदाचिद् વગેરે વિશે૦ અંગે અન્યનો અભિપ્રાય]

વળી કેટલાકોનું કહેવું એવું છે કે–'કેવલી ક્યારેય પણ હિંસક હોતા નથી' એવું કેવલીનું જે લિંગ કહ્યું છે તે બધા અપ્રમત્તોમાં પણ સમાન રીતે હોય છે, કેમ કે અપ્રમત્ત પણ હિંસક હોતા નથી. તેથી તેઓમાં કેવલીપણાનો નિર્ણય ન થઈ જાય એ માટે છદ્મસ્થના લિંગોમાં 'कदाचिद्' એવું વિશેષણ જોડ્યું છે. અને તેથી એ લિંગો અપ્રમત્તમાં જવાથી છદ્મસ્થતાનો નિર્ણય થાય છે, કેમ કે અપ્રમત્તો અપ્રમત્તઅવસ્થામાં હિંસક બનતા ન હોવા છતાં જ્યારે પ્રમત્તઅવસ્થામાં આવે છે ત્યારે તેઓમાં પ્રમાદના કારણે છદ્મસ્થનું 'ક્યારેક ભાવથી હિંસકત્વ' રૂપ લિંગ સંભવે છે. કેવલીમાં તેવું સંભવતું નથી, કેમ કે તેઓ તો દેશોનપૂર્વક્રોડ સુધીના કાલમાં પણ હંમેશા અપ્રમત્ત જ રહે છે. આમ 'કદાચિદ્' એવું વિશેષણ કેવલી અને અન્ય અપ્રમત્તોમાં રહેલ આ વિશેષતાને જણાવવા માટે છે. શંકા :–કેવલી જેમ કેવલીઅવસ્થામાં હંમેશાં અહિંસક જ હોય છે તેમ અપ્રમત્ત પણ પોતાની અપ્રમત્તઅવસ્થામાં હંમેશાં અહિંસક જ હોય છે, વળી પ્રમત્તતાના કારણે જ્યારે હિંસક બને છે ત્યારે તો અપ્રમત્ત જ કહેવાતા નથી. માટે તે બેમાં તમે કહેલી એવી કોઈ વિશેષતા જ ન હોવાથી 'કદાચિદ્' એવું વિશેષણ પણ અપ્રમત્તમાં કેવલિત્વના કહેલા લિંગની થતી અતિવ્યાપ્તિને અટકાવી શકતું નથી.

**સમાધાન :** આવી શંકા ન કરવી, કેમ કે અપ્રમત્તથી પ્રમત્ત ગુણઠાણે જઈને પણ જીવઘાત થયે છતે 'અહો ! અપ્રમત્ત પણ જીવઘાત કરે છે' એવો ઉલ્લેખ સંભવે જ છે,

चतुर्दशपूर्व्यादीनां चतुर्गतिकत्वादिवचनवदेतदुपपत्तेः । यथा हि "भगवानपि भुवनगुरुरुन्मार्गदेशनात्सागरोपमकोटाकोटीं भ्रान्तः" इति योगशास्त्रवृत्तिवचनं, लोकेऽपि च घृतघटे घृताभावेऽपि 'घृतघटः' इति व्यपदेशो भाविनि भूतवदुपचारेण दृश्यते, तथैवाप्रमत्तादिगुणस्थानवर्त्तिनोऽपि प्रमादवत्त्वे भावतः प्राणातिपातकत्वादिव्यपदेशो भवति, न तु केवलिनः, तस्य कदाचिदपि प्रमादवत्त्वाभावादिति नातिव्याप्त्यादिदोष इत्याहुः ।

तेषां यद्ययमाशयः—अप्रमत्तसंयतेषु केवलित्वगमकप्राणातिपाताभावादिलिङ्गानां व्यभिचारः 'कदाचिदपि' इति विशेषणेन तद्योग्यताऽभावानां लिङ्गत्वलाभेन वार्यते, इति छद्मस्थलिङ्गेषु 'कदाचिद्' इति विशेषणं योग्यतास्पष्टत्वार्थमिति—तदा सा योग्यता प्राणातिपातादिप्रागभावरूपा ग्राह्येति केवलिपरीक्षायां क्षपकश्रेणावपूर्वकरणादीनां तदभावात्तेषु व्यभिचारो दुर्वारः । छद्मस्थपरीक्षायां च प्रमत्तस्यैव पक्षत्वे योग्यताग्रहणवैफल्यं, सर्वेषां तु छद्मस्थानां पक्षत्वे तेष्वेवासिद्धिः, इति किमप्रमत्तादावौपचारिकप्राणातिपातकत्वादिविवक्षया ? इति प्रमत्ताप्रमत्त-

---

પછી ભલેને તે વખતે એ અપ્રમત્ત ન પણ હોય. જેમ 'ચૌદપૂર્વી ચારે ય ગતિમાં જનારા હોય છે' એવું વચન નરકાદિ ગતિમાં જતી વખતે તે ચૌદપૂર્વી ન હોવા છતાં પૂર્વકાલીન ચૌદપૂર્વીપણાના પર્યાયના કારણે સંગત છે તેમ પ્રસ્તુત ઉલ્લેખ પણ સંગત છે. અથવા **યોગશાસ્ત્રવૃત્તિના** 'જગદ્ગુરુ ભગવાન પણ ઉન્માર્ગદેશનાના કારણે કોડાકોડી સાગરોપમ સંસારમાં ભમ્યા' ઇત્યાદિ ભવિષ્યકાલીન ભગવત્ત્વ પર્યાયને લક્ષમાં રાખીને થએલ વચનપ્રયોગ મુજબ ઉક્ત પ્રયોગ પણ સંગત છે. લોકમાં પણ ઘીના ઘડામાં ઘીનો અભાવ હોય ત્યારે પણ, ભવિષ્યકાલીન ચીજનો ભૂતકાલીન ચીજ જેવો ઉપચાર કરીને 'ઘૃતઘટ' તરીકે ઉલ્લેખ થતો દેખાય છે. તેમ અપ્રમત્તાદિગુણઠાણે રહેલ જીવનો પણ તે ભવિષ્યમાં પ્રમત્ત બનીને હિંસક બનવાનો હોય તેને લક્ષમાં રાખીને હિંસક તરીકે વ્યપદેશ થાય છે, કેવલીનો તો નહિ જ, કેમ કે તે ક્યારેય પણ હિંસક બનવાના હોતા નથી. માટે 'कदाचिद्' વગેરે વિશેષણ લગાડવાથી પછી અપ્રમત્તાદિમાં અતિવ્યાપ્તિ વગેરે દોષ ઊભા રહેતા નથી. (કેમ કે 'કદાચિદ્' એટલે જ તે પ્રમત્ત થાય ત્યારે.)

(અન્યના અભિપ્રાયની સમાલોચના)

આવું કહેનારાઓનો આશય જો એ હોય કે—કેવલિત્વના પ્રાણાતિપાતાભાવ વગેરે જે લિંગો છે તેના અપ્રમત્ત સંયતોમાં આવતા વ્યભિચારનું 'कदाचिदपि' એવા વિશેષણથી વારણ થાય છે. તે આ રીતે–આ વિશેષણ એવો ભાવાર્થ કાઢી આપે છે કે 'ક્યારે ય પણ હિંસક બને નહિ' અર્થાત્ હવે તેઓમાંથી હિંસક બનવાની યોગ્યતા જ નીકળી ગઇ. તેથી ફલિત એ થયું કે અહીં લિંગ તરીકે હિંસકત્વાદિની યોગ્યતાનો અભાવ અભિપ્રેત છે. અપ્રમત્તાદિમાં તે યોગ્યતા રહેલી છે, અને કેવલિત્વ રહ્યું નથી. તેથી વ્યભિચાર નથી. વળી આના પરથી એ પણ ફલિત થાય છે કે તો પછી છદ્મસ્થના લિંગ તરીકે પણ 'હિંસકત્વાદિ' નથી પણ 'હિંસકત્વાદિની યોગ્યતા' છે. આ વાતને જ સ્પષ્ટ કરવા વૃત્તિકારે એ લિંગોમાં 'कदाचिद्' એવું વિશેષણ જોડયું છે.—તેઓનો આશય જો આવો હોય તો ક્ષપકશ્રેણમાં અપૂર્વકરણ ગુણઠાણે રહેલ જીવોમાં કેવલિત્વની પરી-

साधारणपक्षकछद्मस्थत्वसाधने प्राणातिपातादिलिङ्गेषु 'कदाचिद्' इति विशेषणेन साध्याधिकरणकिञ्चित्कालावच्छिन्नत्वं देयम्, केवलित्वगमकलिङ्गेषु च साध्याधिकरणयावत्कालावच्छिन्नत्वं देयम्, इति नोद्देश्यासिद्धिर्न वा व्यभिचार इति विभावनीयम् । यत्तु भावभूतलिङ्गानां न छद्मस्थज्ञानोपयोगित्वमिति तदसद्, भावभूतानामेव शमादिलिङ्गानां छद्मस्थानां परनिष्ठसम्यक्त्वज्ञानजनकत्वप्रतिपादनात् । तदुक्तं योगशास्त्र(२-१५) वृत्तौ-'पञ्चभिर्लक्षणैर्लिङ्गैः परस्थं परोक्षमपि सम्यक्त्वं सम्यगुपलक्ष्यते लिङ्गानि तु शमसंवेगनिर्वेदानुकंपास्तिक्यस्वरूपाणी'त्यादि । बाह्यपरिणतिविशेषादेव तत्र शमादिभावलिङ्गज्ञानसौलभ्यमिति चेद्? अत्रापि तत एव न भावलिङ्गज्ञानदौर्लभ्यं परीक्षकाणाम् । एतेन—छद्मस्थत्वगमकानि लिङ्गानि यावदुपशान्तवीतरागमेव भवन्ति, यच्च क्षीणमोहस्य मृषाभाषणं तत् छद्मस्थज्ञानाऽगोचरत्वेन न लिङ्गं, द्रव्यतो मृषाभाषणस्य

---

ક્ષાના 'યોગ્યતાના અભાવરૂપ' તે લિંગોનો વ્યભિચાર તો દુર્વાર જ રહે છે, કેમકે એમાં યોગ્યતા હિંસકત્વાદિના પ્રાગભાવરૂપ લેવાની છે. અર્થાત્ અપ્રમત્તાદિ હજુ ભવિષ્યમાં પ્રમત્ત બનીને જે હિંસકત્વાદિ પામવાના છે તેનો અપ્રમત્ત અવસ્થામાં રહેલો પ્રાગભાવ જ તે યોગ્યતારૂપ છે. અને તે તો કેવલીની જેમ ઉક્ત અપૂર્વકરણાદિગુણઠાણાવાળાઓમાં પણ રહ્યો હોતો નથી, (કારણ કે હવે તેઓ પણ ક્યારેય પ્રમત્ત બની, હિંસક બનવાના નથી. અર્થાત્ જેટલા હિંસકત્વાદિ પર્યાયો તેઓમાં સંભવિત હતા તે તો બધા અત્યાર સુધીમાં આવી ગયા, હવે કોઈ હિંસકત્વાદિપર્યાય તેઓમાં ભવિષ્યમાં આવવાનો નથી કે જેનો પ્રાગભાવ વિવક્ષિત કાળે રહ્યો હોય) અને તેમ છતાં કેવલિત્વ તેઓમાં હોતું નથી. તેથી વ્યભિચાર સ્પષ્ટ છે. વળી છદ્મસ્થતાની પરીક્ષામાં જો પ્રમત્તને જ પક્ષ બનાવવાનો હોય તો લિંગમાં ઉમેરેલ અંશ વ્યર્થ બની જશે, કેમ કે તેઓ તો યોગ્યતારૂપે નહિ પણ વાસ્તવિક રૂપે હિંસકાદિ હોય છે.

**શંકા** :–અહીં છદ્મસ્થતાના અનુમાનમાં અપ્રમત્ત વગેરે છદ્મસ્થો પણ પક્ષમાં અંતર્ગત છે. તેઓમાં વાસ્તવિક હિંસકત્વ રહ્યું નથી. એટલે એની યોગ્યતાને અહીં લિંગ તરીકે લેવાની છે (જે અપ્રમત્તવગેરેમાં પણ રહી છે.)

**સમાધાન** :–આ રીતે બધા છદ્મસ્થોને જો પક્ષ બનાવશો તો ઉપર કહી ગયા મુજબ અપૂર્વકરણાદિગુણઠાણાવાળા જીવોમાં હેતુ અસિદ્ધ બનવાની આપત્તિ આવશે. માટે અપ્રમત્તાદિમાં પણ ઔપચારિક હિંસકત્વાદિની વિવક્ષા કરી તેઓને પક્ષ બનાવી છદ્મસ્થતાની સિદ્ધિ કરવાના આવા બધા ફાંફા મારવાથી સર્યું !

### [ 'कदाचिद्' થી નીકળતો ફલિતાર્થ ]

બાકી પ્રમત્ત-અપ્રમત્ત બંનેનો સમાવેશ થઈ જાય તેવો પક્ષ લઈ છદ્મસ્થતાની સિદ્ધિ કરવી હોય તો પ્રાણાતિપાતાદિ લિંગોના 'कदाचिद्' એવા વિશેષણથી ફલિતાર્થ એવો કાઢવો કે હિંસકત્વાદિ લિંગો છદ્મસ્થત્વરૂપસાધ્યના અધિકરણીભૂત કોઈક કાલથી અવચ્છિન્ન છે. એટલે કે સાધ્યના અધિકરણભૂત કોઈક કાલથી અવચ્છિન્ન (કોઈક કાલમાં રહેલા) એવા હિંસકત્વાદિ છદ્મસ્થતાના લિંગ છે. એમ સાધ્યભૂત કેવલિત્વના અધિકરણભૂત

क्रोधाद्यभावेन क्षीणमोहेऽभावाद्—इत्यादि यदुक्तं तन्निरस्तं, उक्तरीत्या द्रव्यव्यतिरिक्तस्यापि मृषावादस्य सुपरीक्षकाणां सुग्रहत्वात् । किञ्च 'क्षीणमोहस्य द्रव्यतो मृषाभाषणं नास्ति' इति सर्वशास्त्रविरुद्धं, यस्मात्सर्वावस्थासु कर्मबन्धोऽस्ति, कर्मबन्धानुमेया च विराधना, इष्यते चासौ द्रव्यतो वीतरागस्यापि, छद्मस्थस्य चतुर्णामपि मनोयोगादीनामभिधानादिति पञ्चाशकवृत्तौ द्रव्यत एव मृषावादस्य क्षीणमोहेऽभिधानात् । अत एव सूक्ष्मप्रमादनिमित्तविराधनयाऽऽलोचनाप्रायश्चित्तं तत्रोक्तं, तथाहि—

[१]आलोअणा विवेगो वा णियंठस्य दुवे भवे । विवेओ अ सिणायस्स एमेया पडिवत्तिओ ॥ त्ति ॥

यतिजीतकल्पसूत्रे प्रोक्तम् । आलोचनाप्रायश्चित्तं विवेकप्रायश्चित्तमित्येते द्वे प्रायश्चित्ते निर्ग्रन्थस्य भवतः, स्नातकस्य केवल एको विवेकः, इति तद्वृत्तौ ॥

---

યાવત્કાલથી અવચ્છિન્ન (સંપૂર્ણકાલમાં રહેલા) હિંસકત્વાભાવાદિ કેવલિત્વને જણાવનાર લિંગ છે. તેથી છદ્મસ્થતાના લિંગો અપ્રમત્તાદિરૂપ પક્ષમાં અસિદ્ધ રહેવાનો કે કેવલિત્વના લિંગો અપ્રમત્તાદિમાં વ્યભિચારી હોવાનો દોષ રહેશે નહિ.

[ભાવહિંસકત્વાદિ લિંગ બનવા અસમર્થ નથી]

વળી પૂર્વપક્ષીએ 'ભાવરૂપ હિંસકત્વાદિ છદ્મસ્થને અનુમાન કરાવવામાં અનુપયોગી છે' ઇત્યાદિ જે કહ્યું છે તે ખોટું છે, કેમકે ભાવરૂપ ઉપશમાદિને જ સામામાં રહેલ સમ્યક્ત્વાદિનું છદ્મસ્થને જ્ઞાન કરાવનાર અનુમાનના લિંગ તરીકે શાસ્ત્રોમાં કહ્યું છે.

**યોગશાસ્ત્રની વૃત્તિ (૨-૧૫) માં કહ્યું છે કે**

'પાંચ લક્ષણ=લિંગોથી સામામાં રહેલું પરોક્ષ એવું પણ સમ્યક્ત્વ સમ્યગ્ રીતે જાણી શકાય છે. તે લિંગો શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્ય રૂપ છે'

**શંકા:**—શમાદિભાવલિંગો સીધેસીધા જણાતા નથી, કિન્તુ વિશેષપ્રકારની બાહ્ય પરિણતિથી જ તે સમ્યગ્ રીતે જણાય છે અને પછી સમ્યક્ત્વનો નિશ્ચય કરાવે છે. અર્થાત્ તેઓ પણ છદ્મસ્થના જ્ઞાનનો વિષય બનીને જ સ્વસાધ્ય એવા સમ્યક્ત્વનો નિશ્ચય કરાવે છે, વિષય બન્યા વગર નહિ. **સમાધાન:**—બાહ્યપરિણતિવગેરેથી ભાવરૂપ હિંસકત્વાદિ જાણવા પણ છદ્મસ્થપરીક્ષકોને દુર્લભ ન હોઈ પ્રસ્તુતમાં પણ ભાવરૂપ લિંગો સ્વસાધ્યનો નિશ્ચય કરાવી શકે છે. તેથી જ પૂર્વપક્ષીની આ વાત પણ નિરસ્ત જાણવી કે—છદ્મસ્થતાને જણાવનાર લિંગો ઉપશાન્તવીતરાગ સુધી જ હોય છે. તેમજ ક્ષીણમોહીને જે મૃષાભાષણ હોય છે તે છદ્મસ્થના જ્ઞાનનો વિષય ન હોઇ લિંગરૂપ નથી, કેમકે ક્રોધાદિનો અભાવ હોવાના કારણે ક્ષીણમોહીને દ્રવ્યથી મૃષાભાષણ હોતું નથી. ઇત્યાદિ—પૂર્વપક્ષીના આ વચનો એટલા માટે નિરસ્ત જાણવા કે દ્રવ્યભિન્ન મૃષાવાદ પણ ઉક્ત રીતે સુપરીક્ષકોને જાણી શકાય તેવું હોવાથી લિંગ બની શકે છે. અને તેથી ક્ષીણમોહમાં પણ આ લિંગો હાજર હોય જ છે.

(ક્ષીણમોહમાં દ્રવ્યમૃષાવાદાભાવની માન્યતા શાસ્ત્રવિરુદ્ધ)

વળી 'ક્ષીણમોહજીવનને દ્રવ્યથી મૃષાભાષણ હોતું નથી' એ વાત તો સર્વશાસ્ત્રવિરુદ્ધ છે, કેમકે સર્વઅવસ્થાઓમાં કર્મબંધ હોય છે જેનાથી વિરાધનાનું અનુમાન

---

१. आलोचना विवेको वा निर्ग्रन्थस्य द्वे भवतः । विवेकश्च स्नातकस्य एवमेताः प्रतिपत्तयः ॥

अत्र स्नातकस्य केवलविवेकप्रायश्चित्तभणनेन निर्ग्रन्थयोरुपशान्तक्षीणमोहयोरालोचना-विवेकप्रायश्चित्ते द्वे अविशेषेणैवोक्ते संभाव्येते, अन्यथा निर्ग्रन्थे विकल्पद्वयमकरिष्यद्, यथा 'कुत्रचिन्निर्ग्रन्थे विवेकप्रायश्चित्तमेव, कुत्रचिच्चालोचनाविवेकरूपे द्वे' इति, न चैवं क्वचिदुपदर्शितमिति माध्यस्थ्येन पर्यालोच्यम् । तथा चालोचनाप्रायश्चित्तशोध्या द्रव्यविराधना केवलिविलक्षणे क्षीणमोहे शास्त्रसिद्धा, इति 'द्रव्यतो मृषाभाषणं क्षीणमोहे न भवति' इति यद्वचनं तन्निरर्थकमेव । यत्तु तत्रानाभोगहेतुकं संभावनारूढं जीवविराधनावन्मृषाभाषणमुपपादितं तत्र दृष्टान्तासिद्धिः, द्रव्यतो जीवविराधनायास्तत्रोपपादितत्वाद्, भगवत्यामपि तत्र जीवविराधनायाः स्पष्टमुक्तत्वाच्च । तथा च तत्सूत्रं (१८ श० ८३०) [1]अणगारस्स णं भंते । भावि-अप्पणो पुरओ दुहओ जुगमायाए पेहाए रीयं रीयमाणस्स पायस्स अहे कुक्कुडपोयए वा वट्टापोयए वा कुलिंगच्छाए वा परियावज्जेज्जा, तस्स णं भंते ! किं इरियावहिया किरिया कज्जइ ? संपराइया किरिया कज्जइ ? गोयमा ! अणगारस्स णं भाविअप्पणो जाव तस्स णं इरियावहिआ किरिया कज्जइ, णो संपराइआ किरिआ कज्जइ । से केणट्ठेणं भंते । एवं वुच्चइ ? जहा सत्तमसए संवुडुद्देसए जाव अट्ठो णिक्खित्तो

---

થાય છે. અને આ વિરાધના દ્રવ્યથી તો વીતરાગમાં હોવી પણ ઇષ્ટ છે, કેમકે છદ્મસ્થ માત્રને ચારે ય મનોયોગાદિ હોવા કહ્યા છે. એમ **પંચાશકવૃત્તિમાં** ક્ષીણમોહીને દ્રવ્યથી જ મૃષાવાદ હોવો કહ્યો છે. તેથીસ્તો ક્ષીણમોહઅવસ્થામાં પણ સૂક્ષ્મપ્રમાદ નિમિત્તે થએલ વિરાધનાના કારણે આલોચનાપ્રાયશ્ચિત્ત હોવું કહ્યું છે.

**યતિજીતકલ્પસૂત્ર** અને તેની વૃત્તિમાં કહ્યું છે કે—

'નિર્ગ્રન્થને આલોચના પ્રાયશ્ચિત્ત અને વિવેક પ્રાયશ્ચિત્ત એમ બે પ્રાયશ્ચિત્તો હોય છે. સ્નાતકને માત્ર વિવેક પ્રાયશ્ચિત્ત હોય છે. (આ પ્રમાણે પ્રાયશ્ચિત્ત સ્વીકાર જાણવો.)

આમાં 'સ્નાતકને માત્ર વિવેક પ્રાયશ્ચિત્ત હોય છે' એવું જે કહ્યું છે તેના પરથી સંભાવના થાય છે કે 'ઉપશાન્તમોહ અને ક્ષીણમોહરૂપ બન્ને નિર્ગ્રન્થને આલોચના અને વિવેકરૂપ બન્ને પ્રાયશ્ચિત્તો સમાન રીતે હોવા કહ્યા છે. આવું જો ન હોત તો નિર્ગ્રન્થની બાબતમાં બે વિકલ્પો દેખાડત..તે આ રીતે—કેટલાક નિર્ગ્રન્થને (ક્ષીણમોહને) માત્ર વિવેકપ્રાયશ્ચિત્ત જ હોય છે જ્યારે કેટલાક નિર્ગ્રન્થને (ઉપશાન્તમોહને) આલોચના અને વિવેક એ બન્ને પ્રાયશ્ચિત્તો હોય છે. પણ આ રીતે કોઇ શાસ્ત્રમાં દેખાડયું નથી. માટે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ બન્નેમાં સમાન રીતે બન્ને પ્રાયશ્ચિત્તો હોય છે એ મધ્યસ્થ ભાવે વિચારવું. અને તેથી આલોચનાપ્રાયશ્ચિત્તથી જેની શુદ્ધિ થાય તેવી દ્રવ્યવિરાધના કેવલીથી વિલક્ષણ એવા ક્ષીણમોહમાં હોય છે એ વાત શાસ્ત્રસિદ્ધ છે. માટે 'ક્ષીણમોહ જીવને દ્રવ્યથી મૃષાભાષણ હોતું નથી' એ વાત નિરર્થક જ છે.

'ક્ષીણમોહજીવમાં જીવવિરાધનાની જેમ અનાભોગહેતુક સંભાવનારૂઢ મૃષાભાષણ હોય છે' એ વાતની જે સંગતિ કરી છે તેમાં પણ જીવવિરાધનારૂપ દૃષ્ટાન્ત અસિદ્ધ છે, કેમકે તેઓમાં જીવવિરાધના સંભાવનારૂઢ નહિ પણ દ્રવ્યથી હોય છે એ વાત અમે સિદ્ધ કરી ગયા છીએ. વળી **ભગવતીસૂત્રમાં** પણ તેઓને જીવવિરાધના હોવી સ્પષ્ટ રીતે કહી જ છે. તે સૂત્ર (૧૮શ૦/૮૩૦) આ પ્રમાણે—

त्ति ॥ "**पुरओ** त्ति अग्रतः, **दुहओ** त्ति द्विधा अन्तराऽन्तरा पार्श्वतः पृष्ठतश्चेत्यर्थः **जुगमायाए** त्ति यूप(युग)मात्रया दृष्ट्या, **पेहाएत्ति** प्रेक्ष्य **रीयंति** गतं गमनं, **रीयमाणस्स**त्ति कुर्वत इत्यर्थः, **कुक्कुडपोयए**त्ति कुर्कुटादिपोतः **वट्टापोयए**त्ति इह वर्त्तकः पक्षिविशेषः, **कुलिंगच्छाए वत्ति** पिपीलिकादिसदृशः, **परियावज्जेज्ज**त्ति पर्यापद्येत म्रियते । **एवं जहा सत्तमसए** इत्यादि । अनेन च यत्सूचितं तस्यार्थलेश एवं–अथ केनार्थेन भदंत ! एवमुच्यते ? गौतम ! यस्य क्रोधादयो व्यवच्छिन्ना भवन्ति, तस्यैर्यापथिक्येव क्रिया भवतीति" **इत्यादि तद्वृत्तावुक्तम्** । अत्र भावितात्माऽनगार उपशान्तः क्षीणमोहश्च ग्राह्यः, अन्यस्येर्यापथिकीक्रियाऽभावात्, केवलिनश्चानाभोगप्रयुक्तोक्तविशिष्टगमनासंभवादिति वदन्ति ।

**तथा संभावनारूढं मृषाभाषणं द्रव्यभावाभ्यां भिन्नं न कुत्राप्युपदर्शितं, इति क्षीणमोहे तदभिधानं भवतोऽपूर्वपाण्डित्याभिव्यञ्जकमेव, द्रव्यभावातिरिक्तस्य संभावनारूढस्य शशविषाणवदवस्तुत्वात् । यच्च व्यक्तिशक्तिरूपं संभवे संभाव्ये च योगवीर्यमुक्तं तद्भावपरिणामरूपमेव, यथोक्तं सूत्रकृताङ्गवीर्याध्ययनवृत्तौ** "तथा मनोवाक्कायादीनां तद्भावपरिणतानां यद्वीर्यं सामर्थ्यं तद्द्विविधं सम्भवे संभाव्ये च । सम्भवे तावत्तीर्थकृतामनुत्तरोपपातिकानां च सुराणामतीवपटूनि मनोद्रव्याणि भवन्ति । तथाहि, तीर्थकृतामनुत्तरोपपातिकसुरमनःपर्यायज्ञानिप्रश्नव्याकरणस्य द्रव्यमनसैव करणाद्, अनुत्तरोपपातिकसुराणां च सर्वव्यापारस्यैव मनसा निष्पादनादिति । सम्भाव्ये तु यो हि यमर्थं पटुमतिना प्रोच्यमानं न शक्नोति सांप्रतं परिणमयितुं, संभाव्यते त्वेष परिकर्म्यमाणः शक्ष्यत्यमुमर्थं परिणमयितुमिति । २ वाग्वीर्यमपि द्विविधं–संभवे संभाव्ये च । तत्र संभवे तीर्थकृतां योजननिर्हारिणी वाक् सर्वस्वस्वभाषानुगता च, तथाऽन्येषामपि क्षीरमध्वाश्रवादिलब्धिमतां वाचः सौभाग्यमिति । तथा हंसकोकिलादीनां संभवति स्वरमाधुर्यम् । संभाव्ये तु सम्भाव्यते श्यामायाः स्त्रियो गानमाधुर्यम्, तथा चोक्तं 'श्या(सा)मा गायति मधुरं काली गायति खरं च रूक्षं (रुक्ख) च"
[ ] इत्यादि । तथा संभावयाम एनं श्रावकदारकमकृतमुखसंस्कारमप्यक्षरेषु यथावदभिलप्तव्येष्विति, तथा संभावयामः शुकसारिकादीनां वाचो मानुषभाषापरिणामः । ३ कायवीर्यमप्यौरस्यं यन्त्रस्य बलम् । तदपि द्विविधं–

---

"હે ભગવન્ ! આગળ યુગમાત્ર દૃષ્ટિથી જોતાં જોતાં તેમજ વચમાં વચમાં પાછળ અને બાજુમાં જોતાં જોતાં ચાલતા જે ભાવિતાત્મા અણગારના પગ નીચે કુકડા વગેરેનું બચ્ચું કે વર્તકાદિ પક્ષી વિશેષનું બચ્ચું કે કીડી વગેરે જેવા જીવો મરી જાય તે જીવને હે ભગવન્ ! શું ઇર્યાપથિકી ક્રિયા લાગે ? સાંપરાયિકી ક્રિયા લાગે ? ગૌતમ ! તે ભાવિતાત્મા અણગારને ઇર્યાપથિકીક્રિયા લાગે, સાંપરાયિકી ક્રિયા નહિ. હે ભગવન્ ! કયા કારણે આમ કહો છો ? ઇત્યાદિ યાવત્ સાતમા શતકના સંવૃત ઉદ્દેશક પ્રમાણે જાણવું. સંવૃત્ત ઉદ્દેશકના અતિદેશપરથી જેનું સૂચન કર્યું છે તેનો સંક્ષેપ અર્થ તેની વૃત્તિમાં આ પ્રમાણે કહ્યો છે–ભગવન્ ! કયા કારણે આવું કહો છો ? ગૌતમ ! જે જીવના ક્રોધાદિ વિચ્છિન્ન થઈ ગયા હોય તેની માત્ર ઇર્યાપથિકી જ ક્રિયા થાય છે"

**"અહીં ભાવિતાત્મા અણગાર તરીકે ઉપશાન્તમોહ અને ક્ષીણમોહ જીવ લેવાના છે. કેમકે બીજા જીવોને ઇર્યાપથિકી ક્રિયા હોતી નથી અને કેવલીઓને અનાભોગપ્રયુક્ત ઉક્ત પ્રકારનું વિશિષ્ટ ગમન સંભવતું નથી" એવું આચાર્યો કહે છે.**

**['સંભાવનારૂઢ'માં 'સંભાવના'નો શબ્દાર્થ]**

**તથા સંભાવનારૂઢ મૃષાભાષણ પણ દ્રવ્ય અને ભાવ બન્નેથી ભિન્ન હોવું તો ક્યાંય દેખાડ્યું નથી. 'ક્ષીણમોહમાં ભાવ મૃષાભાષણ હોતું નથી' એ તો તમને અને અમને બન્નેને માન્ય છે. વળી તમારે તેઓમાં દ્રવ્ય મૃષાભાષણ પણ માનવું નથી. અને તેમ છતાં સંભાવનારૂઢ મૃષાભાષણની તેઓમાં તમે જે હાજરી કહો છો એ તો તમારા**

संभवे सम्भाव्ये च । सम्भवे यथा चक्रवर्त्तिबलदेववासुदेवादीनां यद्बाहुबलादिकायबलम् । तद्यथा '**कोटिशिला** त्रिपृष्ठेन वामकरतलेनोद्धृता, यदि वा 'सोलसरायसहस्सा...' [ ] इत्यादि यावदपरिमितबला जिनवरेन्द्रा इति । संभाव्ये तु संभाव्यते तीर्थंकरो लोकमलोके कन्दुकवत् प्रक्षेप्तुम्, तथा मेरुं दण्डवत् गृहीत्वा वसुधां छत्रकवद्धर्तुमिति । तथा संभाव्यतेऽन्यतरसुराधिपो **जम्बूद्वीपं** वामहस्तेन छत्रकवद्धर्तुमयत्नेनैव मन्दरमिति । तथा संभाव्यतेऽयं दारकः परिवर्द्धमानः शिलामेनामुद्धर्त्तुं हस्तिनं दमयितुमश्वं वाहयितुमित्यादि, [४ इन्द्रियबलमपि श्रोत्रेन्द्रियादिस्वविषयग्रहणसमर्थं पञ्चधा । एकैकमपि द्विधा संभवे संभाव्ये च । संभवे यथा श्रोत्रेन्द्रियस्य द्वादशयोजनानि विषयः, एवं शेषाणामपि यस्य यो विषय इति । संभाव्ये तु यस्य कस्यचिदनुपहतेन्द्रियस्य श्रान्तस्य क्रुद्धस्य पिपासितस्य परिग्लानस्य वाऽर्थग्रहणासमर्थमपि इन्द्रियं सद्यथोक्तदोषोपशमे तु सति सम्भाव्यते विषयग्रहणायेति ।]" तद्वदिह यदि क्षीणमोहे संभावनारूढं मृषाभाषणं संभवे वक्तव्यं तदा व्यक्तित

---

અપૂર્વ પાંડિત્યને જ જણાવે છે ! કેમકે દ્રવ્ય-ભાવથી ભિન્ન એવું સંભાવનારૂઢ મૃષાભાષણ શશવિષાણની જેમ અવસ્તુ છે. વળી સંભવ અને સંભાવ્ય અંગે વ્યક્તિ કે શક્તિરૂપ જે યોગવીર્ય કહ્યું છે તે તો ભાવરૂપ જ છે. **સૂત્રકૃતાંગના વીર્યઅધ્યયનની વૃત્તિમાં** કહ્યું છે કે

"તથા તદ્ભાવરૂપે પરિણમેલા મન-વચન-કાયા વગેરેનું જે વીર્ય સામર્થ્ય હોય છે તે બે પ્રકારનું હોય છે-સંભવવિશેનું અને સંભાવ્યવિશેનું. તેમાં સંભવવીર્ય એટલે શ્રી તીર્થંકરો અને અનુત્તરોપપાતિક દેવોનું જે અતીવપટુ મનોદ્રવ્ય હોય છે તે. શ્રીતીર્થંકર પરમાત્માઓ અનુત્તરોપપાતિક દેવોએ અને મનઃપર્યવજ્ઞાનીઓએ પૂછેલ પ્રશ્નોનો જવાબ દ્રવ્યમનથી જ આપે છે. એમ અનુત્તરવાસી દેવો દરેક પ્રવૃત્તિ મનથી જ કરી દે છે. માટે અતીવપટુ મનોદ્રવ્યના કારણે તેઓનું વીર્ય સંભવવિશેનું વીર્ય કહેવાય છે. પટુબુદ્ધિવાળાથી કહેવાતી વાતને જે વિવક્ષિતકાળે પરિણમાવવા સમર્થ હોતો નથી, પણ પરિકર્મ કરતો કરતો તે ક્યારેક તેને પરિણમાવી શકશે એવી સંભાવના કરી શકાતી હોય તો તેનું મનોવીર્ય સંભાવ્યવીર્ય કહેવાય. એમ **વાગ્વીર્ય** પણ બે પ્રકારે હોય છે. સંભવ અંગે અને સંભાવ્ય અંગે...એમાં સંભવવીર્યમાં શ્રી તીર્થંકરોની એક યોજનમાં પ્રસરતી તેમજ દરેકને પોતપોતાની ભાષામાં સમજાતી એવી વાણી આવે. એમ અન્ય પણ ક્ષીરાશ્રવ-મધ્વાશ્રવ વગેરે લબ્ધિયુક્ત જીવોનું વાણીસૌભાગ્ય સંભવવીર્યમાં જાણવું. એ જ રીતે હંસ-કોયલ વગેરેનું સ્વરમાધુર્ય પણ સંભવવીર્યમાં જાણવું. તથા શ્યામાસ્ત્રીઓના ગીત માધુર્યની જે સંભાવના કરાય છે તે સંભાવ્યવીર્યમાં જાણવું. કહ્યું છે કે 'શ્યામા સ્ત્રી મધુર ગાય છે. કાલી સ્ત્રી કર્કશ અને રૂક્ષ ગાય છે.' એમ મુખસંસ્કાર નહિ કરાવેલ પણ આ શ્રાવકપુત્ર યથાવદ્ અભિલાપ કરવા યોગ્ય અક્ષરોમાં સમર્થ બનશે એવી જે સંભાવના કરાય છે તે તેમજ શુક-સારિકાની વાણી મનુષ્ય ભાષાના પરિણામવાળી બનવાની જે સંભાવના કરાય છે તે બધી સંભાવ્યવાગ્વીર્યમાં જાણવી. જેનું જે ઉત્કૃષ્ટ બળ હોય છે તે **કાયવીર્ય** છે. તે પણ સંભવ અને સંભાવ્ય અંગેનું એમ દ્વિવિધ છે. તેમાં ચક્રવર્તી-બળદેવ-વાસુદેવ વગેરેનું જે હાથ વગેરેમાં બળ હોય છે તે સંભવવીર્ય. તે આ પ્રમાણે-ત્રિપૃષ્ઠવાસુદેવે કોટિશિલા વામ કરતલથી ઉપાડી...અથવા સોળ હજાર રાજાઓ સાંકળ પકડીને ખેંચે...ઈત્યાદિ જે પ્રરૂપણા આવે છે તે પ્રમાણે જાણી લેવું...યાવત્ શ્રી જિનેશ્વર પ્રભુઓ અપરિમિત બળવાળા હોય છે ત્યાં સુધી ..આ બધું સંભવવીર્ય છે. સંભાવ્યવીર્યમાં શ્રી તીર્થંકર પ્રભુ લોકને દડાની જેમ અલોકમાં ફેંકવા સમર્થ છે, એમ મેરૂને દંડની જેમ પકડી પૃથ્વીને છત્રની જેમ ધારી રાખવા સમર્થ છે. કોઈ પણ ઈન્દ્ર જંબુદ્વીપને ડાબાહાથથી કોઇપણ જાતની તકલીફ વિના મેરૂથી પકડીને છત્રની જેમ ધારી રાખવા માટે સમર્થ છે. તથા સંભાવના છે કે વધતો જતો આ છોકરો આ શિલાને ધારી શકશે, હાથીને દમી શકશે, અશ્વની સવારી કરી શકશે...ઈત્યાદિ...[શ્રોત્રેન્દ્રિયાદિ

एव भावरूपं संपन्नं, यदि च संभाव्ये तदा शक्तितः, इति न कथमपि पृथग् भवितुमर्हति। न च क्षीणमोहे मृषाभाषणं केवलं संभाव्यमेव, अपूर्वादिषु पञ्चसु गुणस्थानकेषु चतसृणां भाषाणां कर्मग्रंथे–द्वितीयतृतीयवाग्योगौ मिथ्यादृष्टेरारभ्यौ यावत्क्षीणकषायवीतरागछद्मस्थस्तावल्लभ्येते, तथोपशान्तकषायस्थाने क्षीणकषायस्थाने च 'नवयोगा बन्धहेतवः'–इत्यस्य चार्थस्याविशेषेणैवाभिधानाद् । अवश्यंभावित्वाभिप्रायेण च यत्सम्भाव्यत्वाभिधानं तत्तु सत्संयतमात्रस्यैव मृषाभाषणादेः स्यादिति द्रष्टव्यम् ।

किञ्च सर्वमपि मृषाभाषणं क्रोधमूलकमेवेति वदतस्तव सम्भावनारूढमपि मृषाभाषणं तन्मूलकमेव स्यात्, तथा च क्षीणमोहे तस्याप्यभावः प्राप्नोति । ननूक्तं तदनाभोगहेतुकमेवेति चेत्? तर्हि तादृशं द्रव्यतो मृषाभाषणमेव किमिति नाभ्युपेयते? किं संभावनया? न च द्रव्यभूतेन तेन प्रत्याख्यानभङ्गो भवति, भावभूतस्यैव तस्य प्रत्याख्यातत्वात् 'प्रमत्तयोगादसदभिधानं मृषा' इति तत्त्वार्थवृत्तिवचनाद् । न च—भावतः प्राणातिपातमृषाभाषणादेर्यत्कारणं

શબ્દાદિરૂપ સ્વવિષયનું ગ્રહણ કરવામાં જે સમર્થ હોય છે તે ઈન્દ્રિયબળ પણ પાંચ પ્રકારનું હોય છે. તે દરેકના પાછા બબ્બે ભેદ...સંભવ અને સંભાવ્ય અંગે...શ્રોત્રેન્દ્રિયનો વિષય બાર યોજન હોય છે. એમ શેષ ઇન્દ્રિયોનો પણ પોત પોતાનો વિષય જાણવો. આ બધું સંભવ ઈન્દ્રિયબળ જાણવું. ઈન્દ્રિય હણાયેલી ન હોય એવા માણસની થાકની–ગુસ્સાની–પિપાસાની કે પરિગ્લાનિની અવસ્થામાં અર્થગ્રહણ કરવામાં અસમર્થ એવી પણ ઈન્દ્રિય ઉક્તદોષ શમી જતે છતે વિષય ગ્રહણ કરી શકશે એ સંભાવ્યઈન્દ્રિયબળ જાણવું]"

સૂત્રકૃતાંગવૃત્તિને અનુસરીને ક્ષીણમોહ જીવમાં જે સંભાવનારૂઢ મૃષાભાષણ 'સંભવ' પ્રકારનું માનવું હોય તો એ વ્યક્તિથી (પ્રકટરૂપે) ભાવમૃષાભાષણરૂપ બની ગયું અને 'સંભાવ્ય' પ્રકારનું જો માનવું હોય તો શક્તિથી (યોગ્યતારૂપે) ભાવમૃષાભાષણરૂપ બની ગયું...પણ તે બેથી પૃથગ્ હોવું તો કોઇ રીતે સંભવતું નથી. વળી ક્ષીણમોહ જીવમાં મૃષાભાષણ માત્ર સંભાવ્યભેદનું જ હોય છે એવું પણ નથી, કેમકે અપૂર્વાદિ પાંચે ય ગુણઠાણાઓમાં ચારેય ભાષાઓ હોવી કહી છે. 'બીજો અને ત્રીજો વચનયોગ મિથ્યાદૃષ્ટિથી માંડીને ક્ષીણકષાયછદ્મસ્થવીતરાગ સુધી હોય છે' એ વાત તેમજ "ઉપશાન્તકષાયગુણઠાણે અને ક્ષીણકષાયગુણઠાણે 'બંધના હેતુ તરીકે નવ યોગો હોય છે" એ વાત તે બે ગુણઠાણામાં કોઈ ભેદ પાડયા વિના કર્મગ્રન્થમાં કહી છે. અર્થાત્ મૃષાભાષણ અંગે ઉપશાન્તમોહી અને ક્ષીણમોહી બન્ને સરખા છે. એટલે ઉપશાન્તમોહીની જેમ ક્ષીણમોહીમાં પણ સંભવભેદનું મૃષાભાષણ સંભવે છે. ક્ષીણમોહીનું મૃષાભાષણ અવશ્યંભાવનું હોઇ સંભાવ્યભેદનું જો કહેવાતું હોય તો તો દરેક સુસાધુના મૃષાભાષણને તેવું જ કહેવું પડે એ ખ્યાલમાં રાખવું.

['ભાવના કારણો જ દ્રવ્યના કારણ બને' એ નિયમ ખોટો]

વળી 'બધું મૃષાભાષણ ક્રોધાદિમૂલક જ હોય છે' એવું કહેનાર તમારા મતે તો સંભાવનારૂઢ મૃષાભાષણ પણ તેવું જ બની જશે, અને તો પછી ક્રોધાદિશૂન્ય એવા ક્ષીણમોહ જીવમાં તેનો પણ અભાવ થઇ જશે.—અરે! અમે કહી ગયા ને કે એ ક્રોધ-

तदेव तस्य द्रव्यतोऽपि, इति क्षीणमोहे न तत्संभवतीति—वाच्यं; एवं सति भावतो ज्ञानदर्शनचारित्राणां यानि कारणानि तान्येव द्रव्यभूतानां तेषां कारणानि स्युः, इत्यभव्यादीनामपि द्रव्यतो ज्ञानदर्शनचारित्रवतां ज्ञानावरणीयदर्शनमोहनीयचारित्रमोहनीयकर्मक्षयोपशमाः कारणानि स्युः, तथा चागमबाधा। किञ्च, एवं केवलिनो द्रव्येन्द्रियाणामप्यभावापत्तिः, भावेन्द्रियहेतुज्ञानावरणदर्शनावरणक्षयोपशमयोः केवलिन्यभावाद्। न च द्रव्येन्द्रियाभावः केवलिन्युक्तः, किन्तु भावेन्द्रियाभाव एवेति। किञ्चोपशान्तमोहे यथा जीवविराधना मोहनीयकारणमन्तरेणापि भवति, तथा क्षीणमोहे मोहाभावेऽपि द्रव्यतो जीवविराधनामृषाभाषादिसद्भावे किं बाधकम्?

अथ—अस्त्येवागमबाधा। तथाहि **रायगिहे** जाव एवंवयासी, [1]अह भंते! पाणाइवाए मुसावाए अदिण्णादाणे मेहुणे परिग्गहे एस णं कतिवण्णे कतिगंधे कतिरसे कतिफासे पण्णत्ते? गोयमा! पंचवण्णे दुगंधे पंचरसे चउफासे पण्णत्ते। इत्यादि **भगवतीसूत्रे द्वादशशते पञ्चमोद्देशके** प्रोक्तम्। '**रायगिहे**' इत्यादि

મૂલક નહિ પણ અનાભોગહેતુક હોય છે—એવું જો કહેશો તો અમે કહીએ છીએ કે અનાભોગમૂલક એવા તેને દ્રવ્યથી મૃષાભાષણ રૂપ જ શા માટે નથી માનતા? માટે તેને સંભાવનારૂઢ માનવાથી સર્યું. કેમકે દ્રવ્યરૂપ તેનાથી મૃષાવાદના પચ્ચક્ખાણનો કંઈ ભંગ થઈ જતો નથી. તે પણ એટલા માટે કે ભાવરૂપ મૃષાવાદનું જ પચ્ચક્ખાણ હોય છે. આ વાત **તત્ત્વાર્થસૂત્રની વૃત્તિના** નીચેના વચનોથી જણાય છે. "(આ વિરતિના અધિકારમાં) મૃષા એટલે પ્રમત્તયોગથી થતું અસદ્અભિધાન (જાણવું)" અહીં આવું ન કહેવું કે—ભાવથી થતા પ્રાણાતિપાત-મૃષાવાદાદિના જે કારણો હોય છે તે જ દ્રવ્યથી થતા તેઓના કારણો બને છે, અને તેથી ક્ષીણમોહ જીવમાં ભાવમૃષાવાદના કારણોની જેમ દ્રવ્યમૃષાવાદના કારણો પણ હોતા નથી (અને તેથી દ્રવ્યથીમૃષાવાદ પણ હોતું નથી.)—આવું એટલા માટે ન કહેવું એ રીતે તો ભાવથી જ્ઞાન-દર્શન-ચારિત્રના જે જ્ઞાનવરણીય વગેરે કર્મના ક્ષયોપશમરૂપ કારણો હોય છે તે તે જ દ્રવ્યથી જ્ઞાન વગેરેના કારણ બની જશે. અને તો પછી દ્રવ્યથી જ્ઞાન-દર્શન-ચારિત્રવાળા અભવ્યાદિને પણ જ્ઞાનાવરણ-દર્શનમોહનીય-ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમરૂપ કારણો માનવા પડશે જેમાં સ્પષ્ટરીતે આગમબાધા છે. વળી આ રીતે તો કેવલીઓમાં દ્રવ્યેન્દ્રિયોનો પણ અભાવ થઈ જવાની આપત્તિ આવશે, કેમ કે ભાવેન્દ્રિયના હેતુભૂત જ્ઞાનાવરણ-દર્શનાવરણના ક્ષયોપશમોનો તેઓમાં અભાવ હોવાથી દ્રવ્યેન્દ્રિયોના પણ તદ્રૂપ કારણોનો અભાવ માનવો પડે છે. પણ કેવલીઓમાં દ્રવ્યેન્દ્રિયોનો અભાવ હોવો કહ્યો નથી, કિન્તુ ભાવેન્દ્રિયોનો જ અભાવ કહ્યો છે. તેથી 'ભાવના જે કારણો હોય તે જ દ્રવ્યના પણ હોય' એવું માની શકાતું નથી. અને તેથી 'ક્ષીણમોહીને ભાવમૃષાના કારણભૂત ક્રોધાદિ ન હોવાથી દ્રવ્યમૃષાનું પણ કારણ હોતું નથી. એટલે દ્રવ્યમૃષાવાદ પણ હોતું નથી' ઇત્યાદિ માની શકાતું નથી. વળી ઉપશાન્તમોહ ગુણઠાણે જીવવિરાધના જેમ મોહનીયકર્મરૂપ કારણ વિના પણ થાય છે તેમ

१. अथ भदन्त! प्राणातिपातः, मृषावादः, अदत्तादानं, मैथुनं, परिग्रहः, एष कतिवर्णः, कतिगंधः, कतिरसः, कतिस्पर्शः प्रज्ञप्तः? गौतम! पञ्चवर्णः, द्विगंधः, पंचरसः, चतुःस्पर्शः प्रज्ञप्तः।

**पाणाइवाए**त्ति प्राणातिपातजनितं तज्जनकं वा चारित्रमोहनीयं कर्मोपचारात् प्राणातिपात एव, एवमुत्तरत्रापि, तस्य च पुद्गलरूपत्वाद्वर्णादयो भवन्ति, अत उक्तं पंचवण्णे इत्यादि । आह च—

[२]'पंचरसपंचवण्णेहिं परिणयं दुविहगंधचउफासं । दवियमणंतपएसं सिद्धेहिं णंतगुणहीणं ॥

इत्याद्येतद्वृत्तावुक्तम् । एतदनुसारेण च प्राणातिपातादीनां चारित्रमोहनियतत्वात् क्षीणमोहे तदनुपपत्तिः, उपशान्तमोहे तु मोहसद्भावात्प्राणातिपाताद्यङ्गीकारे न किञ्चिद् बाधकमिति—चेद्?

एतदप्यसत्, भावप्राणातिपातापेक्षयैवोक्तोपचारव्यवस्थितेः, अन्यथा द्रव्यप्राणातिपातादीनां चारित्रमोहनीयकर्मजनकत्वे सूक्ष्मसंपरायादौ षड्विधबन्धकत्वादि न स्यात् । तज्जन्यत्वे च तस्योदितस्यानुदितस्य वा जनकत्वं वाच्यम् । आद्ये उपशान्तमोहे द्रव्यप्राणातिपाताद्यनुपपत्तिः । अन्त्ये च चारित्रमोहनीयसत्तामात्रादुपशान्तमोहे तत्कार्यप्राणातिपातस्वीकारे नाग्न्यादीनां सप्तानां परीषहाणामपि तत्र स्वीकारापत्तेः, तेषामपि चारित्रमोहनीयकार्यत्वप्रतिपादनात् । तदुक्तं भगवत्यां (श० ८ उ० ८) 'चारित्तमोहणिज्जे णं भंते ! कम्मे कति परीसहा समोअरंति ? गोयमा ! सत्तपरीसहा समोअरंति, तं जहा—

---

ક્ષીણમોહ ગુણઠાણે પણ મોહાભાવ હોવા છતાં દ્રવ્યથી જીવવિરાધના મૃષાવાદાદિ હોય તો એમાં શું બાધક છે?

[પ્રાણાતિપાતાદિ ચારિત્રમોહનીયને નિયત છે-પૂર્વપક્ષ]

**પૂર્વપક્ષ** :-ક્ષીણમોહમાં દ્રવ્યથી હિંસા વગેરે માનવામાં આગમ જ બાધક છે. **ભગવતીસૂત્ર બારમું શતક પાંચમા ઉદ્દેશકમાં** કહ્યું છે કે "રાજગૃહમાં... યાવત્ આ પ્રમાણે કહ્યું. અથ ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ એ પાંચ કેટલા વર્ણ, કેટલી ગંધ, કેટલા રસ (સ્વાદ), કેટલા સ્પર્શવાળા હોવા કહેવાયા છે? ગૌતમ! પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શવાળા હોવા કહેવાયા છે." **આની વૃત્તિમાં કહ્યું છે કે** "અહીં પ્રાણાતિપાત એટલે પ્રાણાતિપાતજનિત કે પ્રાણાતિપાતજનક એવું ચારિત્ર મોહનીયકર્મ ઉપચારથી લેવું. એ પ્રમાણે મૃષાવાદાદિમાં જાણવું...તે કર્મપુદ્ગલ રૂપ હોઈ તેમાં વર્ણ વગેરે હોય છે. તેથી સૂત્રમાં પાંચ વગેરે વર્ણો કહ્યા છે. કહ્યું છે કે-'(બંધાતા કર્મપુદ્ગલો) પાંચ રસઅને પાંચ વર્ણથી પરિણત હોય છે, દ્વિવિધગંધ અને ચારસ્પર્શવાળા હોય છે, અનંતપ્રદેશવાળું અને તેમ છતાં સિદ્ધો કરતાં અનંતગુણહીન એવા દ્રવ્યરૂપ હોય છે." આ વચનને અનુસારે પ્રાણાતિપાતાદિ ચારિત્ર મોહનીયને નિયત હોઈ ક્ષીણમોહમાં હોવા અસંગત બને છે એ જ તેઓમાં તેને માનવાનો બાધક બને છે. જ્યારે ઉપશાન્તમોહગુણઠાણાવાળાને તો મોહની હાજરી હોઇ પ્રાણાતિપાતાદિ માનવામાં વળુ કોઇ બાધક નથી.

[ભાવપ્રાણાતિપાતાદિ તેવા છે, દ્રવ્ય નહિ-ઉત્તરપક્ષ]

**ઉત્તરપક્ષ** :-આવી આગમબાધાની વાત પણ ખોટી છે, કેમ કે તે આગમમાં ભાવપ્રાણાતિપાતની અપેક્ષાએ જ કર્મને ઉપચારથી પ્રાણાતિપાત તરીકે કહ્યા હોવા જણાય છે, કેમ કે નહિતરતો (એટલે કે દ્રવ્યપ્રાણાતિપાતાદિની અપેક્ષાએ કર્મમાં જો ઉપચાર હોય તો) દ્રવ્યપ્રાણાતિપાતાદિને ચારિત્ર મોહનીય કર્મના જનક માનવા પડે કાં તો તેનાથી જન્ય માનવા પડે. જો જનક માનીએ તો સૂક્ષ્મસંપરાયાદિ ગુણઠાણે

---

२. पंचरसपंचवर्णैः परिणतं द्विविधगंधचतुःस्पर्शम् । द्रव्यमनंतप्रदेशं सिद्धैरनन्तगुणहीनम् ॥

[1]अरती अचेल इत्थी णिसीहिआ जायणा य अक्कोसा । सक्कारपुरक्कारे चरित्तमोहंमि सत्तेते ॥

**तत्त्वार्थभाष्येऽप्युक्तं** [९-१५]-'चारित्रमोहे नाग्न्यरतिस्त्रीनिषद्याक्रोशयाचनासत्कारपुरस्काराः ॥ परीषहा उक्ताः ।' इति । **एतद्वृत्तिर्यथा**-दर्शनमोहवर्जं शेषं चारित्रमोहनीयं-चारित्रान्मूलोत्तरगुणसंपन्नान्मोहनात्पराङ्मुखत्वाच्चारित्रमोहनीयं, तदुदये सत्येते नाग्न्यादयः सप्त परीषहा भवन्ति । नाग्न्यं जुगुप्सोदयाद् १ अरत्युदयादरतिः २, स्त्रीवेदोदयात्स्त्रीपरिषहः ३, निषद्या स्थानासेवित्वं भयोदयात् ४, क्रोधोदयादाक्रोशपरीषहः ५, मानोदयाद् याञ्चापरीषहः ६, लोभोदयात्सत्कारपुरस्कारपरीषहः ७, इति । **अथ चारित्रमोहोदये सत्येते परीषहाः प्रोक्ताः, तस्मादुपशान्ते न भवन्तीति चेत्? तर्हि चारित्रमोहनीयकर्मोदये सति प्राणातिपातादयः प्रोक्ताः, अतस्तेऽपि तत्र मा भूवन् । अथ भावत एव प्राणातिपातादयश्चारित्रमोहनीयोदयसमुत्थाः, द्रव्यतस्तु चारित्रमोहनीयस्य सत्तायामपि तत्र ते भवन्तीति चेत्? तर्हि भावत एव चारित्रमोहनीयोदयसमुत्थाः सप्त परीषहाः सूक्ष्मसम्परायगुणस्थानं यावद्भवन्ति, द्रव्यतस्तु त एवोपशान्तमोहेऽपि चारित्रमोहसत्तानिमित्तका भवन्तु, युक्तेरुभयत्र तौल्यादिति । यच्च संभावनारूढमृषाभाषणनिषेधव्याघातेनैव तत्सिद्धिसमर्थनं कृतं तत्तु शशशृङ्गस्यापि निषेध-**

---

ષડ્વિધબંધકત્વાદિ રહે નહિ, કેમ કે હાજર રહેલ દ્રવ્યહિંસાદિ તેઓને ચારિત્રમોહ પણ બંધાવતા હોવાથી તેઓમાં સપ્તવિધબંધકત્વ આવી જાય છે. તેથી દ્રવ્યહિંસાદિને જો ચારિત્રમોહકર્મથી જન્ય માનીએ તો તે ચારિત્રમોહ કર્મને તેઓનું જનક માનવું પડે. એમાં ઉદય પામેલ તે કર્મને જનક માનવું કે ઉદય ન પામેલ પણ તેને ? ઉદય પામેલ તેને જનક માનવામાં ઉપશાન્તમોહ ગુણઠાણે દ્રવ્યહિંસાદિ અસંગત બની જશે, કેમ કે ત્યાં ચારિત્રમોહનો ઉદય હોતો નથી. ઉદય ન પામેલા તેને જનક માનવાના અંત્ય વિકલ્પમાં ફલિત એ થાય કે ચારિત્રમોહનીય કર્મની સત્તામાત્રથી ઉપશાન્તમોહ ગુણઠાણે તેના કાર્યભૂત પ્રાણાતિપાતાદિ થાય છે. આનાથી એવો નિયમ ફલિત થાય કે 'ચારિત્ર મોહનીય કર્મનું જે કાર્ય હોય છે તે ચારિત્રમોહકર્મની સત્તામાત્રથી પણ થઈ જાય છે.' અને તો પછી નગ્નતા વગેરે સાતેય પરીષહો પણ ત્યાં માનવાની આપત્તિ આવશે, કેમ કે તેઓને પણ ચારિત્ર મોહનીયના કાર્ય તરીકે શાસ્ત્રોમાં કહ્યા છે.

[નગ્નતાદિ સાત પરીષહો માનવાની આપત્તિ]

**ભગવતીજી સૂત્ર** (શ૦૮ ઉ૦૮) માં કહ્યું છે કે "હે ભગવન્ ! ચારિત્રમોહનીયકર્મમાં કેટલા પરીષહોનો સમવતાર છે? ગૌતમ ! સાત પરીષહોનો સમવતાર છે. તે આ-અરતિ, અચેલ, સ્ત્રી, નિષદ્યા, યાચના, આક્રોશ અને સત્કાર એ સાત પરીષહો ચારિત્રમોહકર્મના કાર્યરૂપે જાણવા." **તત્ત્વાર્થભાષ્ય (૯-૧૫)માં કહ્યું** છે કે "ચારિત્રમોહમાં નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કારપુરસ્કારપરીષહો આવે છે. પરીષહો કહેવાઈ ગયા." **તેની વૃત્તિમાં કહ્યું છે** કે-"દર્શનમોહ સિવાયનું મોહનીયકર્મ એ ચારિત્રમોહનીય. એમાં મૂલોત્તરગુણસંપન્ન ચારિત્રને કલૂષિત કરે અથવા ચારિત્રથી પરાઙ્મુખ રાખે તે ચારિત્રમોહનીયકર્મ...તેના ઉદયે નાગ્ન્ય, વગેરે પરીષહો આવે છે. એમાં જુગુપ્સાના ઉદયથી નગ્નતાપરીષહ આવે છે. એમ અરતિના ઉદયથી અરતિપરીષહ, સ્ત્રીવેદના ઉદયથી સ્ત્રીપરીષહ, ભયના ઉદયથી સ્થાન આસેવનરૂપ નિષદ્યાપરીષહ, ક્રોધના ઉદયથી આક્રોશપરીષહ, માનના ઉદયથી યાચ્ઞાપરીષહ અને લોભના ઉદયથી સત્કારપુરસ્કારપરીષહ આવે છે."

---

1. अरतिरचेलस्त्री नैषेधिकी याचना चाक्रोशः । सत्कारपुरस्कारौ चारित्रमोहे सप्तैते ॥

व्याघातात्तत्सिद्धिसमर्थनप्रायम् । या चालोके लोककल्पनातुल्या संभावना प्रोक्ता, सा तु प्रकृतार्थस्यातिशयितत्वमेव प्रतिपादयेद् । अलोके लोकप्रमाणासंख्येयखण्डप्रमाणावधिज्ञानविषयकल्पना हि वैज्ञानिकसंबंधेन तद्विषयविशिष्टतामवधिज्ञानस्यैव ज्ञापयतीति । आह च भाष्यकारः-

[१]वड्ढंतो पुण बाहिं लोगत्थं चेव पासइ दव्वं । सुहुमयरं सुहुमयरं परमोही जाव परमाणुं ॥

(वि० भा० ६०६) इति। तद्वदिहापि संभावनया विशिष्टमेव मृषाभाषणं प्रसज्येत, इति विपरीतैवेयं कल्पना भवत इति ।

यच्च 'अत एव कालशौकरिकस्य...' इत्याद्युक्तं तत्तु तं प्रत्येव लगति, यतः कालशौकरिकस्य महिषव्यापादनं महिषव्यापादनत्वेन भगवतोक्तं तद्भावमाश्रित्य, तेन तत्र तत्कल्पनायाः प्रामाण्यं, संभावनारूढमृषाभाषणादेर्मृषाभाषात्वादिकं तु भावतो नोच्यते, इति कथं तत्कल्पना स्याद् ? न ह्यसतः संभावनापि संभवति, न हि क्षीणमोहे मैथुनादीनां भवतापि संभावना

—આ પરીષહો ચારિત્રમોહના ઉદયથી કહ્યા છે, માટે ઉપશાન્તમોહીને હોવાની આપત્તિ નથી—એવું જો કહેશો તો એ રીતે 'પ્રાણાતિપાતાદિ પણ ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે' એવું માનવું પડવાથી ઉપશાન્તમોહીને તે પણ માની શકાશે નહિ.—ભાવ હિંસા વગેરે જ ચારિત્રમોહનીયના ઉદયથી થાય છે, દ્રવ્યહિંસા વગેરે તો તેની સત્તામાત્રથી પણ ઉપશાન્તાદિગુણઠાણે થાય છે—એવી જો યુક્તિ દોડાવશો તો 'ચારિત્રમોહનીયના ઉદયથી થએલ તે સાતેય ભાવપરીષહો જ સૂક્ષ્મસંપરાયગુણઠાણા સુધી હોય છે, દ્રવ્યથી તો ચારિત્રમોહની સત્તાનિમિત્તક તેઓ ઉપશાન્તમોહગુણઠાણે પણ હોય છે' એવું પણ માનવું પડશે, કારણ કે યુક્તિ સર્વત્ર સમાન રીતે જ દોડે છે. 'ક્ષીણમોહ ગુણઠાણે અનાભોગ હોવાથી મૃષાભાષણની સંભાવનાનો નિષેધ કરી શકાતો નથી' ઈત્યાદિરૂપે સંભાવનારૂઢ મૃષાભાષણના નિષેધને માત્ર તોડી પાડીને જે તેની હાજરીની સિદ્ધિનું સમર્થન કર્યું છે તે તો શશશૃંગના પણ નિષેધનો વ્યાઘાત કરીને તેની સિદ્ધિનું સમર્થન કરવારૂપ જ છે. અર્થાત્ એ રીતે જેમ શશશૃંગની સિદ્ધિ થઈ શકતી નથી તેમ સંભાવનારૂઢમૃષાભાષણની પણ સિદ્ધિ થઈ શકતી નથી. વળી 'અલોકમાં લોકની કલ્પના જૈનોને જેમ પ્રમાણભૂત છે તેમ સંભાવના પણ પ્રમાણભૂત છે' ઈત્યાદિરૂપે સંભાવનાને અલોકમાં લોકની કલ્પનાને તુલ્ય જે કહી તે તો પ્રસ્તુત (મૃષાવાદાદિ) વાતનું ચઢિયાતાપણું જ જણાવે છે. અર્થાત્ એ તો ક્ષીણમોહમાં વધુ તીવ્રપ્રકારના મૃષાવાદની હાજરી જણાવશે જે આપત્તિરૂપ છે. અલોકમાં લોકાકાશ જેટલા પ્રમાણવાળા અસંખ્ય ખંડો પ્રમાણ અવધિજ્ઞાનના વિષયની કલ્પના વૈજ્ઞાનિક સંબંધથી અવધિજ્ઞાનની જ તે વિષયવાળા હોવા રૂપ વિશિષ્ટતાને જણાવે છે. શ્રી ભાષ્યકારે કહ્યું છે કે (વિ. આ. ભા. ૬૦૬)–'વર્ધમાન અવધિ લોકમાં રહેલ સૂક્ષ્મ–સૂક્ષ્મતર દ્રવ્યને જ જુએ છે યાવત્ પરમાવધિ પરમાણુને પણ જુએ છે.' હવે સંભાવના પણ જો કલ્પનાને તુલ્ય હોય તો તે પણ એવું જ જણાવશે કે ક્ષીણમોહીને વિશિષ્ટતર મૃષાભાષણ હોય છે. માટે આ રીતે તેઓમાં સંભાવનારૂઢ મૃષાભાષણની તમે કરેલી કલ્પના તો સાવ વિપરીત જ છે.

१. वर्धमानः पुनरवधिर्लोकस्थमेव पश्यति द्रव्यम् । सूक्ष्मतरं सूक्ष्मतरं परमावधिर्यावत्परमाणुम् ॥

क्रियते, अत एव 'क्षीणमोहे सम्भावनारूढमृषाभाषादेः स्नातकचारित्रप्रतिबन्धकत्वेन दोषत्व' मित्यपि निरस्तं, असतो दोषत्वाऽयोगात् । अत एव चित्रलिखितनारीदृष्टान्तोऽपि निरस्तः, असत आकारमात्रताया अप्यभावाद्, इति न किञ्चिदेतत् । यच्च—छद्मस्थलिङ्गानां द्रव्यभूतानां मिथ्याकारादिलिङ्गगम्यत्वस्यापि संभवान्मिथ्याकारस्य चाऽनवरतप्रवृत्तावसंभवात्संयतानां द्रव्यहिंसादिकं कादाचित्कत्वेनानाभोगप्रयुक्तमेव—इत्यभिधानं तदयुक्तं, प्रत्याख्यातभावहिंसादेरेवानाभोगप्रयुक्तकादाचित्कभङ्गपरिणतिवतो मिथ्याकारविषयत्वाद्, द्रव्यहिंसामात्रे तदभावाद्, अन्यथाऽपवादपदजिनपूजाऽऽहारविहारादिक्रियाणामपि मिथ्याकारविषयत्वापत्तेः । यच्च षष्ठसप्तमलिङ्गयोश्छद्मस्थमात्रे सुलभत्वमुक्तं, तत्प्रतिलेखनाप्रमार्जनादिक्रियाणां पिपीलिकादिक्षुद्रजन्तुभयोत्पादकत्वेन सावद्यत्वे स्यात्, तदेव तु नास्ति, कायादिनियताचाररूपाणां तासामौत्सर्गिकीणां क्रियाणामत्यन्तनिरवद्यत्वात् । अपवादकल्पत्वादासां कथञ्चित्सावद्यत्वमिति चेत् ?

---

[સાવ અસત્‌ની સંભાવના પણ ન કરાય]

વળી 'તેથી જ કાલશૌકરિકે કલ્પિત પાડાની કરેલી હિંસા....' ઈત્યાદિ પૂર્વપક્ષીએ જે કહ્યું છે તે તો તેના જ માથે પડે એવું છે, કેમકે કાલશૌકરિકની ક્રિયાને પાડાની હિંસા તરીકે ભગવાને જે કહી છે તે તો કાલશૌકરિકના તેવા ભાવને આશ્રીને જ કહ્યું હતું. અર્થાત્ તેનામાં ભાવહિંસા રહી હોવાથી જ તેની બાહ્યક્રિયાની હિંસારૂપે કલ્પના કરવામાં આવી હતી. અને તેથી જ તે કલ્પના પ્રમાણભૂત હતી. જ્યારે સંભાવનારૂઢમૃષાભાષણાદિની તમે જે ક્ષીણમોહમાં મૃષાભાષા તરીકે કલ્પના કરો છો તે કંઈ ભાવમૃષાવાદને આશ્રીને કરતા નથી કે જેથી એવી પ્રમાણભૂત કલ્પના કરી શકાય. વળી જે સાવ અસત્ હોય તેની તો સંભાવના પણ થઈ શકતી નથી. જેમ કે તમે પણ ક્ષીણમોહજીવમાં મૈથુનાદિની તો સંભાવના કરતા નથી. (તો પછી મૃષાભાષણાદિની શી રીતે કરાય ?) તેથી જ 'ક્ષીણમોહમાં રહેલ સંભાવનારૂઢમૃષાભાષણાદિ સ્નાતક ચારિત્રના પ્રતિબંધક હોઈ દોષરૂપ છે' એ વાત પણ ઊડી જાય છે કેમકે સાવ અસત્ એવા તે સંભાવનારૂઢમૃષાભાષણાદિ દોષરૂપ બની શકતા નથી. તેથી જ તમે આપેલ ચિત્રમાં દોરેલ નારીનું દૃષ્ટાન્ત પણ નિરસ્ત થઈ જાય છે, કેમ કે દૃષ્ટાન્તમાં તો આકારને આશ્રીને સ્ત્રીની કલ્પના છે જ્યારે પ્રસ્તુતમાં, સાવ અસત્ એવી ચીજમાં તો આકારમાત્ર પણ ન હોવાથી મૃષાભાષણાદિની કલ્પના શી રીતે થાય ? માટે આ રીતે દૃષ્ટાન્તથી તમારી માન્યતાની સિદ્ધિ કરવી એ તુચ્છ વાત છે.

[અંત્ય બે લિંગો છદ્મસ્થમાત્ર સુલભ નથી]

વળી—છદ્મસ્થના દ્રવ્યહિંસા વગેરે રૂપ દ્રવ્યભૂત લિંગો મિથ્યાકારાદિલિંગ ગમ્ય હોવા પણ સંભવિત છે. વળી અપુનઃકરણથી સફળ બનતો એવો મિથ્યાકાર નિરંતર થયા કરતી પ્રવૃત્તિઅંગે સંભવતો નથી. તેથી જેના અંગે મિથ્યાકાર થાય છે તે દ્રવ્યહિંસાદિ કાદાચિત્ક હોય છે અને તેથી અનાભોગપ્રયુક્ત જ હોય છે—ઈત્યાદિ જે કહ્યું છે તે પણ અયોગ્ય છે, કેમકે પોતે જેનું પચ્ચક્ખાણ કર્યું છે તેવી ભાવહિંસાવગેરેની જ અનાભોગના કારણે ક્યારેક થઈ ગયેલી ભંગપરિણતિ મિથ્યાકારનો વિષય બને છે,

न; अपवादस्यापि विधिशुद्धस्य सावद्यत्वाभावे तत्कल्पत्वेनाभिमते तदभावाद् । न चोत्सर्गापवादव्यतिरिक्तोऽपवादकल्पो राशित्रयकल्पनारसिकं भवन्तं विनाऽन्येन केनापीष्यत इति(न) तत्सद्भावे प्रमाणमस्ति । शक्याशक्यपरिहारविषयभेदेनापवादापवादकल्पयोर्भेदाभ्युपगमे च दुष्करसुकरत्वादिभेदेनानशनयुक्ताहारादिक्रियाणामुत्सर्गोत्सर्गकल्पभेदकल्पनाया अप्यापत्तेः, इति न किञ्चिदेतत् । तस्मात्षष्ठसप्तमलिङ्गयोः सौलभ्यमपि प्रमत्तस्यैव प्रतिषेवणदशायां ज्ञेयं, अप्रमत्तस्य तु सत्तामात्रेणैव तद् द्रष्टव्यम् । यत्तु केवलिनोऽपि परीक्षायां छद्मस्थज्ञानगोचरत्वेन द्रव्यरूपाण्येव लिङ्गानि ग्राह्याणीत्युक्तं, तन्न चतुरचेतश्चमत्कारकारि, द्रव्यरूपाणामपि प्राणातिपातादीनामभावस्य सर्वकालीनत्वस्य हेतुघटकस्य दुर्ग्रहत्वात् । सूक्ष्मदृष्ट्या तद्ग्रहे च भावरूपलिङ्गानामपि न दुर्ग्रहत्वमिति । यच्चोक्तं 'स च केवली द्विविधो ग्राह्यः' इत्यादि तदसत्, क्षीणमोहे केवलित्वस्यागमबाधितत्वात्, आगमे छद्मस्थवीतरागमध्य एव क्षीणमोहस्य परिगणितत्वात् । उक्तं च प्रज्ञापनायाम्—

---

માત્રદ્રવ્યહિંસા તેનો વિષય બનતી નથી. નહિતર તો અપવાદપદ–જિનપૂજા–આહાર–વિહારાદિક્રિયાઓ પણ મિથ્યાકારનો વિષય બની જવાની આપત્તિ આવે. વળી—"આ 'સાવદ્ય છે' એવી પ્રરૂપણા કરીને તેનું જ પ્રતિસેવન કરનાર હોય એવું છઠ્ઠું અને 'યથાવાદી' તથાકારી હોતા નથી' એવું સાતમું લિંગ તો છદ્મસ્થમાત્રમાં સુલભ છે'—એવું જે કહ્યું છે તે 'પ્રતિલેખન–પ્રમાર્જન વગેરે ક્રિયાઓ કીડી વગેરે ક્ષુદ્ર જીવોને ભયોત્પાદક હોઇ સાવદ્ય હોય છે' એવું માનીએ તો જ સંભવે છે, પણ તેવું માની શકાતું નથી, કેમકે કાયોવગેરેના નિયત આચારરૂપ તે ઔત્સર્ગિકી ક્રિયાઓ અત્યન્ત નિરવદ્ય છે. 'એ ક્રિયાઓ અપવાદ કલ્પ(=જેવી) હોઈ કથંચિત્ સાવદ્ય છે' એવું કહેવું એ પણ યોગ્ય નથી, કેમકે વિધિશુદ્ધ અપવાદ એ પોતે જ સાવદ્ય ન હોઈ તેને સમાન આ ક્રિયાઓ શી રીતે સાવદ્ય બને? આમ ઉત્સર્ગ કે અપવાદ બન્ને રૂપે એ સાવદ્ય નથી. વળી એ બેથી જુદો ત્રીજો જ કોઈ અપવાદકલ્પ કે જે કથંચિત્ સાવદ્ય હોય તેને આરાધક, વિરાધક અને અનારાધક વગેરે રૂપ ત્રણ રાશિઓની કલ્પના કરવાના રસિયા એવા તમને છોડીને બીજું કોઈ તો સ્વીકારતું નથી. એટલે અપવાદકલ્પ જેવી કોઇ ચીજ હોવામાં કોઈ પ્રમાણ નથી.—જે શક્યપરિહારનો વિષય હોય તે અપવાદ અને જે અશક્ય પરિહારનો વિષય હોય તે અપવાદકલ્પ—આ રીતે અપવાદ કરતાં અપવાદકલ્પને જુદો માનવામાં આવે તો એવું પણ માનવાની આપત્તિ આવે કે 'જે દુષ્કર હોય તે ઉત્સર્ગ, દા. ત. અનશન વગેરે અને જે સુકર હોય (=કરવું સરળ હોય) તે ઉત્સર્ગકલ્પ, દા. ત. સાધુઓ દેશ–કાળ–પ્રકૃતિ આદિને યોગ્ય જે નિર્દોષ આહાર વગેરે કરે છે તે. માટે પડિલેહણ વગેરે ક્રિયાઓને અપવાદકલ્પરૂપ માની કથંચિત્ સાવદ્ય માનવા દ્વારા તેઓના કારણે કીડી વગેરેને ભય–ત્રાસાદિની ઉત્પત્તિ માનવી, અને તેથી છઠ્ઠા સાતમા લિંગને છદ્મસ્થમાત્રમાં સુલભ હોવું માનવું એ યોગ્ય નથી. માટે છઠ્ઠું–સાતમું લિંગ પ્રમત્તને જ પ્રતિસેવનદશામાં સુલભ હોય છે, અને અપ્રમત્તને તો તે સત્તામાત્રરૂપે હોય છે એ જાણવું.

[1]से किं तं खीणकसायवीयरायचरित्तारिआ ? खीणकसायवीयरागचरित्तारिआ दुविहा पन्नत्ता। तंजहा-छउमत्थखीणकसायवीयरायचरित्तारिया य केवलीखीणकसायवीयरागचरित्तारिया य' इत्यादि। यदि चैतामागमबाधामुल्लङ्घ्यापि 'भाविनि भूतवदुपचारः' इति न्यायाद् द्वादशे गुणस्थाने कथञ्चित्केवलित्वमभ्युपगम्यते, तर्हि चरमशरीरिणि प्रथमादिगुणस्थानवर्त्तिनि क्षपकश्रेण्यारूढे वा सप्तमादिगुणस्थानवर्त्तिनि तदभ्युपगन्तव्यं स्यात्। किञ्च क्षीणमोहस्य केवलित्वविवक्षा केनापि न कृतेति कथं भवता कर्त्तव्या ? न हि स्वल्पकालभाविकेवलज्ञानस्यापि छद्मस्थस्य केवलित्वविवक्षा कर्त्तुं युज्यते। अत एव [2]छ ठाणाइं छउमत्थे सव्वभावेणं ण जाणइ, ण पासइ। तं जहा-धम्मत्थिकायं १ अधम्मत्थिकायं २ आगासं ३ जीवं असरीरपडिबद्धं ४ परमाणुपोग्गलं ५ सद्दं ६। एताणि चेव उप्पण्णणाणदंसणधरे अरहा जिणे जाव सव्वभावेणं जाणति पासति तं जहा धम्मत्थिकायं जाव

## [ક્ષીણમોહને કેવલી માનવા એ આગમબાધિત]

વળી 'કેવલીની પરીક્ષામાં પણ દ્રવ્યરૂપ હિંસકત્વના અભાવાદિને જ લિંગ તરીકે લેવા, કેમકે તેઓ છદ્મસ્થજ્ઞાનના વિષયભૂત છે.' એવું જે કહ્યું તે પણ ચતુર માણસોને ચમત્કાર પમાડે એવું નથી, કેમકે દ્રવ્યરૂપ પ્રાણાતિપાત વગેરેના અભાવરૂપ હેતુના વિશેષણ તરીકે ઘટક બનેલ સર્વકાલીનત્વનું છદ્મસ્થે જ્ઞાન કરવું મુશ્કેલ છે. સૂક્ષ્મદૃષ્ટિથી તેનું જ્ઞાન કરવાનું હોય તો એ રીતે તો ભાવરૂપ લિંગો પણ જાણવા શક્ય હોઇ લિંગ શા માટે ન બને? વળી 'તે કેવલી બે પ્રકારના જાણવાં....' ઈત્યાદિ જે કહ્યું છે તે પણ ખોટું છે, કેમકે ક્ષીણમોહનો 'કેવલી' તરીકે ઉલ્લેખ માનવો એ આગમબાધિત છે. આગમમાં ક્ષીણમોહની ગણતરી છદ્મસ્થવીતરાગમાં જ કરી છે, કેવલી વીતરાગમાં નહિ. **શ્રીપન્નવણા** સૂત્રમાં કહ્યું છે કે—

"તે ક્ષીણકષાયવીતરાગચારિત્રાર્ય શું છે? ક્ષીણકષાયવીતરાગચારિત્રઆર્ય બે પ્રકારે છે :–છદ્મસ્થક્ષીણકષાયવીતરાગચારિત્રઆર્ય અને કેવલી ક્ષીણકષાયવીતરાગચારિત્રઆર્ય." ઇત્યાદિ. આ આગમથી થતી બાધાને ઉલ્લંઘીને પણ જો ભાવિમાં ભૂતનો ઉપચાર કરવાના ન્યાયથી બારમા ગુણઠાણે કથંચિત્ કેવલિત્વ માનવું હોય તો એ ન્યાયથી પ્રથમાદિ ગુણઠાણામાં રહેલા ચરમશરીરીમાં કે ક્ષપકશ્રેણિમાંડનારા અપ્રમત્તાદિગુણઠાણે રહેલા જીવમાં પણ તે માનવું પડશે (કેમ કે તેઓ પણ નજીકના ભવિષ્યમાં કેવલી બનવાના છે.) વળી ક્ષીણમોહ જીવની કેવલી તરીકે વિવક્ષા તો કોઈએ કરી નથી તો તમે પણ શી રીતે કરી શકો? સ્વલ્પકાળમાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરનાર પણ છદ્મસ્થની કેવલી તરીકે વિવક્ષા કરવી ઘટતી તો નથી! તેથી જ **સ્થાનાંગસૂત્ર**માં જે કહ્યું છે કે 'છદ્મસ્થો ૭ સ્થાનોને સર્વભાવે જાણતા નથી કે જોતા નથી. તે આ–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, શરીર સાથે નહિ જોડાયેલો જીવ,

૧. अथ किं तत् क्षीणकषायवीतरागचारित्रार्याः ? क्षीणकषायवीतरागचारित्रार्या द्विविधाः प्रज्ञप्तास्तद्यथा–छद्मस्थक्षीणकषायवीतरागचारित्रार्याश्च केवलिक्षीणकषायवीतरागचारित्रार्याश्च।

૨. षट् स्थानानि छद्मस्थः सर्वभावेन न जानाति न पश्यति, तद्यथा–धर्मास्तिकायं, अधर्मास्तिकायं, आकाशं जीवमशरीरप्रतिबद्धं, परमाणुपुद्गलं, शब्दम्। एतान्येवोत्पन्नज्ञानदर्शनधरोऽर्हा जिनो यावत्सर्वभावेन जानाति पश्यति, तद्यथा–धर्मास्तिकायं यावत् शब्दं जानाति।

सद्दं जाणति' इत्यादि **स्थानाङ्गसूत्रे** । "इह छद्मस्थो विशिष्टावध्यादिविकलो न त्वकेवली, यतो यद्यपि धर्माधर्माकाशाशरीरजीवं च परमावधिर्न जानाति तथापि परमाणुशब्दौ जानात्येव, रूपित्वात्तयोः, रूपिद्रव्यविषयत्वाच्चावधेः ।" इत्यादि **वृत्तावुक्तम्** । अत्र परमावधेरन्तर्मुहूर्त्तादूर्ध्वमुत्पत्स्यमानकेवलज्ञानस्यापि केवलित्वविवक्षा न कृता । यदि च परमावधिमतः केवलित्वविवक्षामकरिष्यन्, तदा व्यभिचारशङ्कैव नास्ति, इति छद्मस्थपदस्य विशेषपरत्वं नावक्ष्यद् वृत्तिकारः । तस्मात्क्षीणमोहस्याप्यन्तर्मुहूर्त्तादूर्ध्वमुत्पत्स्यमानकेवलज्ञानस्य कथञ्चित्केवलित्वविवक्षा शास्त्रबाधितैवेति । यदि च क्षीणचारित्रावरणत्वाद्धेतोः क्षीणमोहे केवलित्वं दुर्निवारं, तदा निरतिचारसंयमत्वादप्रतिषेवित्वाच्चोपशान्तमोहे कषायकुशीले च तद् दुर्निवारं स्यादिति बोध्यम् । यच्च रागद्वेषवत्त्वच्छद्मस्थत्वादीनामैक्योद्भावनेन दूषणं दत्तं, तत्तु न किञ्चिद्, एवं सति समनियतधर्ममात्रव्याप्त्युच्छेदप्रसङ्गादिति दिग् ।

---

પરમાણુપુદ્‌ગલ અને શબ્દ. આ જ છએ ચીજોને ઉત્પન્ન થયેલ (કેવલ) જ્ઞાન-દર્શનને ધારણ કરનાર અરિહંત કેવલી સર્વભાવે જાણે છે અને જુએ છે તે ૭ વસ્તુઓ આ-ધર્માસ્તિકાય વગેરે યાવત્ શબ્દને જાણે છે...' તેની વૃત્તિમાં કહ્યું છે કે 'અહીં' છદ્મસ્થ તરીકે વિશિષ્ટ અવધિવગેરેથી શૂન્ય જીવ લેવા, નહિ કે અકેવલી=કેવલીભિન્ન સર્વજીવો. કેમ કે કેવલીભિન્નજીવ તરીકે તો પરમાવધિવાળો જીવ પણ આવે જે, જો કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અશરીરીજીવ ને જાણતા નથી તો પણ પરમાણુ અને શબ્દને તો જાણે જ છે, કેમકે તે બે રૂપી હોય છે, અને અવધિજ્ઞાન રૂપી પદાર્થ વિષયક હોય છે." (આમ 'છદ્મસ્થ' શબ્દથી કેવલી ભિન્ન સર્વજીવોને લેવામાં પરમાવધિવાળા જીવમાં વ્યભિચાર ઊભો થતો હોવાથી વૃત્તિકારે 'છદ્મસ્થ' શબ્દનો વિશેષ અર્થ કર્યો છે.) અંતર્મુહૂર્ત્ત કાળમાં કેવલજ્ઞાન પામી જનાર એવા પણ પરમાવધિયુક્ત જીવની વૃત્તિકારે અહીં કેવલી તરીકે વિવક્ષા કરી નથી. જો પરમાવધિયુક્ત જીવની કેવલી તરીકે વિવિક્ષા થઇ શકતી હોત તો છદ્મસ્થમાં તેની ગણતરી ન રહેવાથી વ્યભિચારની શંકા જ રહે નહિ અને તો પછી વૃત્તિકાર 'છદ્મસ્થ' શબ્દનો આવો વિશેષ અર્થ કરત નહિ. (માત્ર 'એ જીવોની પણ અહીં કેવલી તરીકે વિવક્ષા છે. માટે કોઇ વ્યભિચાર નથી' એ રીતે વિવક્ષા જ દેખાડી દેત.) પણ એવું કર્યું નથી. એનાથી જણાય છે કે એવી વિવક્ષા શાસ્ત્રબાધિત હોવી જોઇએ. તેથી અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન પામનારા હોવાના કારણે ભાવિનિ ભૂતવદ્ ઉપચાર ન્યાયે ક્ષીણમોહ જીવની પણ કથંચિત્ કેવલી તરીકે વિવક્ષા કરવી એ આગમબાધિત જ છે. બાકી 'કેવલી ચારિત્રાવરણ ક્ષીણ થઇ ગયું હોવાથી, નિરતિચાર સંયમવાળા હોવાથી, અપ્રતિસેવી હોવાના કારણે કયારેય પણ હિંસક બનતા નથી' ઈત્યાદિ પ્રસ્તુત સ્થાનાંગસૂત્રના વૃત્તિવચન પરથી, 'હિંસકત્વાભાવનો ચારિત્રાવરણ ક્ષીણ હોવા રૂપ જે હેતુ આપ્યો છે તે તો ક્ષીણમોહ જીવમાં પણ હોય છે માટે ક્ષીણમોહજીવમાં પણ હિંસકત્વાભાવરૂપ લિંગ રહ્યું છે, અને તેથી એમાં કેવલિત્વ માનવું એ દુર્નિવાર છે' એવું જો કહેશો તો નિરતિચારસંયમરૂપ અને અપ્રતિસેવિત્વરૂપ હેતુના કારણે અનુક્રમે ઉપશાંતમોહ અને કષાયકુશીલમાં પણ હિંસકત્વાભાવ માનવો પડવાથી કેવલિત્વ માનવું પણ દુર્નિવાર બની જાશે એ જાણવું. એમ રાગદ્વેષયુક્તતા અને છદ્મસ્થતાનું ઐક્ય સ્થાપીને જે દૂષણ આપ્યું તે તો સાવ કશ વગરનું

इदं त्विहास्माकमाभाति यद्—आलोचनायोग्यविराधनादिकं छद्मस्थमात्रलिङ्गं, तदभावश्च केवलिनो लिङ्गं, 'कदाचिद्' इत्यनेन 'न कदाचिदपि' इत्यनेन चैतदर्थस्यैव स्फोरणात् । आलोचनायोग्यताया अनाभोगप्रयुक्तकादाचित्कतानियतत्वाद्, इतरत्र च तदभावाद् । इत्थं च 'केवली न कदाचिदपि प्राणानामतिपातयिता भवति, क्षीणचारित्रावरणत्वाद्' इत्यादौ विशिष्टो हेतुरनुसन्धेयः, अन्यथा "केवलित्वगमकानि लिङ्गानि क्षीणमोहे लिङ्गत्वेन न सन्ति, किन्तु

---

જ છે, કેમ કે જે કોઈ ધર્મો પરસ્પર સમનિયત હોય તે બધાનું પરસ્પર ઐક્ય હોય એવો નિયમ માનીએ તો એ દૂષણ આપી શકાય છે. અને એવો નિયમ જો માનીએ તો સમનિયત વ્યાપ્તિનો જ ઉચ્છેદ થઈ જવાની આપત્તિ આવે છે. (કેમ કે તેના તેજ ધર્મની પોતાની સાથે તો વ્યાપ્તિ કંઈ મનાતી નથી) (જ્યાં જ્યાં अ હોય ત્યાં ત્યાં ब હોય, અને જ્યાં જ્યાં ब હોય ત્યાં ત્યાં अ હોય આવો પરસ્પર નિયમ ધરાવતા ધર્મો પરસ્પર સમનિયત કહેવાય છે. દા. ત. પદાર્થત્વ અને જ્ઞેયત્વ.)

[અધિકૃત સ્થાનાંગસૂત્રનું તાત્પર્ય]

છદ્મસ્થ અને કેવલીના લિંગ દેખાડનાર ઉક્ત સ્થાનાંગ સૂત્રનું **તાત્પર્ય અમને આવું લાગે છે.**—આલોચનાયોગ્ય જીવવિરાધના વગેરે (માત્ર જીવઘાત વગેરે નહિ) છદ્મસ્થમાત્રના લિંગભૂત છે અને તેઓનો અભાવ એ કેવલીના લિંગભૂત છે. કેમકે 'कदाचिद्' અને 'कदाचिदपि' એ બન્ને શબ્દોથી આ જ વાત ધ્વનિત થાય છે. કેમકે આલોચના-યોગ્યતા એ અનાભોગપ્રયુક્ત કાદાચિત્કતાને નિયત છે અને કેવલીમાં તો આલોચના-યોગ્યતા કે અનાભોગનો જ અભાવ હોય છે. તાત્પર્ય એ છે કે 'कदाचिद्' શબ્દ કાદા-ચિત્કતાને જણાવે છે જે અનાભોગપ્રયુક્ત હોય છે. આવી અનાભોગપ્રયુક્ત કાદાચિત્કતા-વાળી જે વિરાધના હોય છે તે આલોચનાયોગ્ય હોય છે. માટે 'કદાચિદ્ વિરાધના'ના ફલિતાર્થ તરીકે આલોચનાયોગ્ય વિરાધના જ જણાય છે. એટલે એવી વિરાધના એ જ છદ્મસ્થમાત્રનું લિંગ છે. કેવલીને ક્યારેય પણ અનાભોગ ન હોવાથી અનાભોગ પ્રયુક્ત કાદાચિત્કતાવાળી આવી આલોચનાયોગ્ય વિરાધના પણ હોતી નથી. માટે તેવી વિરાધનાનો અભાવ એ કેવલીનું લિંગ છે એવું 'न कदाचिदपि' શબ્દપરથી ફલિત થાય છે. અને તેથી વૃત્તિકારે જે અનુમાનપ્રયોગ આપ્યો છે કે 'કેવલી ક્યારેય પણ પ્રાણોના અતિપાતયિતા (હિંસક) બનતા નથી, કેમકે ક્ષીણ ચારિત્રાવરણવાળા હોય છે' તેમાં કો'ક વિશિષ્ટ હેતુ વિચારી કાઢવો જોઈએ. આશય એ છે કે ઠાણાંગના પ્રસ્તુત સૂત્રમાં કેવલીના જે સાત લિંગો કહ્યા છે તેનો નિશ્ચય કરવા માટે વૃત્તિકારે 'केवली न कदाचिदपि प्राणानामतिपातयिता.' ઈત્યાદિ અનુમાનપ્રયોગ આપ્યો છે. સાતેય લિંગો માટે આવા સાત અનુમાનપ્રયોગો સમજવાના છે. આ અનુમાનપ્રયોગોમાં 'क्षीणचारित्रावरणत्वाद्' એવો જે હેતુ આપ્યો છે તેને કોઈ વિશેષણયુક્ત કરીને વિશિષ્ટ બનાવવો આવશ્યક છે. એ રીતે એને જો વિશિષ્ટ ન બનાવીએ તો 'ચારિત્રમોહનીયકર્મક્ષીણ થઈ ગયેલું હોવા' રૂપ જે શુદ્ધ (વિશેષણશૂન્ય કેવલ) હેતુ છે તે તો બારમાગુણઠાણે રહેલા ક્ષીણમોહ જીવમાં પણ હોવાથી એ જીવમાં પણ કેવલીપણાનું લિંગ રહ્યું છે એમ નિર્ણીત થાય. વળી તેમ છતાં તેનામાં કેવલીપણું તો રહ્યું નથી જ. એટલે આ પ્રસ્તુત ઠાણાંગસૂત્રમાં

स्वरूपतः सन्ति, यथा 'वह्निरनुष्णः कृतकत्वात्' इत्यनुमाने कृतकत्वं वह्नौ स्वरूपतः सद्प्यनुष्णत्वगमकलिङ्गत्वेन नास्ति, इति प्रत्यक्षबाधितपक्षत्वादगमकं प्रोच्यते, तद्वत् 'क्षीणमोहे सप्तापि स्थानानि *[ स्वरूपतः सन्त्यपि केवलित्वगमकलिङ्गत्वेन न सन्ति, इति आगमबाधितपक्षत्वादगमकानि ]" इत्युक्तावपि न निस्तारः, तद्वदेवाप्रयोजकत्वेन प्रकृतलिङ्गव्यभिचारानुद्धारात् ।

દર્શાવેલ કેવલીપણાના લિંગોમાં વ્યભિચાર ઊભો થાય છે. લિંગોના આ વ્યભિચારનું વારણ કરવા માટે, વૃત્તિકારે લિંગોના નિશ્ચય માટે જે 'क्षीणचारित्रा०' હેતુ આપ્યો છે તેને એવું વિશેષણ જોડવું જોઈએ કે જેથી બારમાગુણઠાણા વાળા જીવમાંથી તે વિશેષણયુક્ત વિશિષ્ટ હેતુની બાદબાકી થઈ જાય. (તે વિશેષણ 'અનાભોગરહિતત્વ' હોય શકે. એટલે વૃત્તિકારે આપેલ અનુમાનપ્રયોગનો હેતુ 'अनाभोगरहितत्वे सति क्षीणचारित्रावरणत्वात्' એવો હોય શકે.) હેતુને આવા કોઈ વિશેષણ યુક્ત વિશિષ્ટ માનવામાં ન આવે તો પ્રસ્તુતલિંગોના ક્ષીણમોહજીવમાં થતા વ્યભિચારનું વારણ થઈ શકતું નથી.

શંકાઃ– વૃત્તિકારે આપેલ અનુમાનના હેતુને આવું કોઇ વિશેષણ ન જોડીએ તો સૂત્રોક્ત લિંગોની ક્ષીણમોહજીવોમાં પણ વિદ્યમાનતા નક્કી થવાથી તેઓમાં પણ કેવલીપણાંનો નિર્ણય થઈ જવાની આપત્તિ આવે છે એવું માનીને તમે વિશિષ્ટ હેતુ લેવાની વાત કરો છો. પણ મૂળમાં એ આપત્તિ જ આવતી નથી. એવું વિશેષણ ન લગાડીએ તો ક્ષીણમોહ જીવમાં પણ કેવલીપણાંના લિંગની હાજરીનો નિર્ણય થઇ જાય એ વાત સાચી. પણ એટલા માત્રથી એનામાં કેવલીપણાંનો નિર્ણય કાંઈ થઇ જતો નથી. લિંગ સ્વરૂપે રહ્યું હોય એટલામાત્રથી સ્વસાધ્યનો નિર્ણય કરાવી દેતું નથી કિન્તુ સાધ્યગમક (સાધ્યના નિર્ણાયક) લિંગ તરીકે રહ્યું હોય તો જ સાધ્યનો નિર્ણય કરાવે છે. આશય એ છે કે 'અગ્નિ અનુષ્ણ હોય છે, કેમ કે કૃતક (કરાયેલો) હોય છે, જેમ કે ઘડો' આવા અનુમાન પ્રયોગનો कृतकत्व એવો જે હેતુ છે તે અગ્નિમાં સ્વરૂપે રહ્યો હોવા છતાં અનુષ્ણત્વ રૂપ સાધ્યના ગમક હેતુ તરીકે રહ્યો નથી. અગ્નિ ઉષ્ણ હોય છે એ પ્રત્યક્ષ સિદ્ધ છે. એટલેકે અનુષ્ણત્વરૂપસાધ્યવાન્ તરીકે અગ્નિરૂપ પક્ષ એ પ્રત્યક્ષબાધિત છે. તેથી અગ્નિમાં સ્વરૂપે રહેલું અને તેમ છતાં અનુષ્ણત્વગમકલિંગ તરીકે નહિ રહેલું એવું કૃતકત્વ અનુષ્ણત્વનું અગમક (અનિર્ણાયક) કહેવાય છે. આ જ રીતે 'ક્ષીણમોહીજીવ કેવલી હોય છે, કેમકે ક્યારેય પણ પ્રાણોના અતિપાતયિતા હોતો નથી, જેમકે તેરમા ગુણઠાણે રહેલો જીવ' આવા બધા સાતે ય લિંગોવાળા સાત અનુમાનોના જે ઉક્ત સાતલિંગ રૂપ સાત હેતુઓ છે તેઓ ક્ષીણમોહ જીવમાં સ્વરૂપે રહ્યા છે (આવો નિર્ણય વૃત્તિકારે આપેલાં અનુમાનોથી થાય છે) તેમ છતાં કેવલિત્વરૂપ સાધ્યના ગમકલિંગ તરીકે કાંઈ રહ્યાં નથી (કારણકે વૃત્તિકારે દેખાડેલ અનુમાનથી તેઓની ગમકલિંગ તરીકેની હાજરીનો નિર્ણય થતો નથી.) પન્નવણા આગમમાં ક્ષીણમોહજીવને છદ્મસ્થવીતરાગ તરીકે જ જણાવ્યા છે. એટલે કેવલિત્વરૂપ સાધ્યવાન્ તરીકે ક્ષીણમોહીજીવરૂપ પક્ષ એ આગમબાધિત છે. તેથી ક્ષીણમોહજીવમાં સ્વરૂપે રહેલા અને તેમ છતાં કેવલિત્વના ગમકલિંગ તરીકે નહિ રહેલા એવા આ સાતે ય સ્થાનો કેવલિત્વના અગમક

* બ્રેકેટ અંતર્ગત પાઠનું કલ્પનાથી અનુસંધાન કર્યું છે.

न हि 'अयःपिण्डो धूमवान्, वह्निमत्त्वाद्' इत्यत्र पक्षदोषमात्रेण हेतुदोषो निराकर्तुं शक्यते, इत्यनुमानहेतुत्वे उक्तप्रकार आश्रयणीयः, सम्भावनाहेतुत्वे तु न किमप्युपपादनीयमित्युपर्युक्तैर्विभावनीयमिति दिक् ॥८३॥ तदेवं 'केवलिनोऽवश्यम्भाविनी जीवविराधना न भवति' इति स्वमतिविकल्पनमनर्थहेतुः, इत्येतादृशाः कुविकल्पा मोक्षार्थिना त्याज्या इत्याह—

---

છે. તેથી ક્ષીણમોહજીવમાં કેવલિત્વની સિદ્ધિ થઇ જવાની આપત્તિ આવતી નથી. તો પછી વૃત્તિકારે આપેલ અનુમાનમાં વિશિષ્ટહેતુ માનવાની શી જરૂર છે?

**સમાધાન**– આ રીતે 'ક્ષીણમોહજીવમાં કેવલિત્વની સિદ્ધિ થઇ જવાની આપત્તિ આવતી નથી' ઇત્યાદિ કહી દેવા છતાં નિસ્તાર થતો નથી. તે આ કારણે–કૃતકત્વ માટે જે કહ્યું તે બધું કૃતકત્વથી અગ્નિમાં થતી અનુષ્ણત્વની સિદ્ધિને રોકતું હોવા છતાં કૃતકત્વહેતુમાં અનુષ્ણત્વ સાધ્યના રહેલા વ્યભિચારને દૂર કરવા માટે તો અપ્રયોજક (અસમર્થ) જ બની રહે છે તેમ પ્રસ્તુતમાં પણ તમારું સઘળું કથન ક્ષીણમોહજીવમાં સાતલિંગોથી થતી કેવલિત્વની સિદ્ધિને રોકતું હોવા છતાં તે સાત લિંગોમાં કેવલિત્વ-સાધ્યનો જે વ્યભિચાર રહ્યો છે તેને દૂર કરવા તો અપ્રયોજક જ બની રહે છે. 'પક્ષ બાધિત છે' વગેરે રૂપે પક્ષનો દોષ કહી દેવા માત્રથી હેતુના વ્યભિચારાદિ દોષનું નિરાકરણ થઈ જતું નથી. જેમકે, 'લોખંડનો ગોળો ધૂમાડાવાળો છે, કેમકે અગ્નિવાળો છે' આવા અનુમાનમાં 'લોખંડના ગોળામાં ધૂમાડો નથી' એ પ્રત્યક્ષસિદ્ધ હોવાથી પક્ષ પ્રત્યક્ષબાધિત છે એવું કહી દઇએ તો એટલા માત્રથી અગ્નિમાં રહેલા ધૂમસાધ્યના વ્યભિચારનું કંઈ નિરાકરણ થઈ જતું નથી.

માટે ઠાણાંગજીમાં વિરાધના વગેરેને અને તેના અભાવવગેરેને અનુક્રમે છદ્મસ્થતાના અને કેવલિત્વના લિંગ તરીકે જે કહ્યા છે તેમાં તેઓને છદ્મસ્થતારૂપ કે કેવલિત્વરૂપ સાધ્યની સિદ્ધિ કરી આપનાર અનુમાનના હેતુરૂપ જો માનવા હોય તો ઉપર કહી ગયા તેવી રીત અપનાવવી. એટલે કે આલોચના યોગ્ય વિરાધના વગેરેને છદ્મસ્થતાના અને તેવી વિરાધના ક્યારેય ન હોવા રૂપ તેના અભાવ વગેરેને કેવલિત્વના હેતુ સમજવા. તેથી વ્યભિચાર વગેરે કોઇ દોષ રહેશે નહિ. અને જો વિરાધના વગેરેને અને તેના અભાવ વગેરેને અનુક્રમે છદ્મસ્થતાની કે કેવલિત્વની સંભાવના કરી આપનાર હેતુ તરીકે જો માનવા હોય તો તો કોઇ બાબતની સંગતિ કરવાની રહેતી નથી. આશય એ છે કે સાધ્યનું અનુમાન કરાવી આપનાર તરીકે જે હેતુ કહેવાયો હોય તેમાં તો સાધ્યની વ્યાપ્તિ હોવી આવશ્યક જ હોય છે. એટલે તેવા હેતુમાં જો જરાપણ અન્યથાત્વ જોવા મળતું હોય તો એ વ્યભિચારાદિ દોષરૂપ હોઈ અસંગતિરૂપ બને છે (અને તેથી એને દૂર કરીને કોઈ સંગતિ કરવી પડે છે.) પણ જ્યારે હેતુ, સાધ્યની સંભાવના કરાવી આપનાર તરીકે વપરાયો હોય ત્યારે તે હેતુમાં સાધ્યની વ્યાપ્તિ તેવી હાર્ડ એન્ડ ફાસ્ટ રૂપે હોવી આવશ્યક હોતી નથી. તેથી તેવા હેતુમાં જરાક અન્યથાત્વ જોવા મળતું હોય તો પણ એ દોષરૂપ ન હોઇ અસંગતિ રૂપ બનતું નથી. (તેથી એને દૂર કરનાર કોઇ સંગતિ શોધવી પડતી નથી.) (દા. ત. રાત્રે સળગતા અગ્નિને જોઈ કોઇ વ્યક્તિ અન્યને 'ત્યાં ધૂમાડો છે, કારણકે અગ્નિ છે' આ રીતે અનુમાન કરાવવા ચાહે, તો,

तिव्वासग्गहदोसा एयारिसया हवंति कुविगप्पा ।
ते उच्छिंदिय सम्मं आणाइ मुणी पयट्टिज्जा ॥८४॥
(तीव्रासद्ग्रहदोषादेतादृशका भवन्ति कुविकल्पाः । तानुच्छिद्य सम्यगाज्ञायां मुनिः प्रवर्तेत ॥८४॥)

तीव्रात् सम्यग्वक्तृवचनानिवर्त्तनीयत्वेनोत्कटाद्, अभिनिवेशाद्विपर्ययग्रहादेतादृशकाः कुविकल्पा भवन्ति, तानुच्छिद्य सम्यगाज्ञायां गुरुशास्त्रपारतन्त्र्यलक्षणायां मुनिः प्रवर्त्तेत, न तु बहुश्रुतत्वादिख्यातिमात्रेण स्वमतिविकल्पजालग्रथनरसिको भवेदिति । एतादृशकाः इत्यतिदेशेन

---

'અગ્નિ તો ધૂમાડા વિના પણ લોખંડના ગોળામાં રહી જાય છે' એવું જે ક્યાંક અન્યથાત્વ જોવા મળે છે એ વ્યભિચારરૂપ હોઈ અસંગતિ ઊભી થાય છે અને અનુમાન થઈ શકતું નથી. પણ જો એ વ્યક્તિ 'ત્યાં ધૂમાડો હોવો જોઈએ, કારણકે ત્યાં અગ્નિ છે' એવી માત્ર સંભાવના જ દેખાડે તો સામી વ્યક્તિ પણ એને સ્વીકારી લે છે અને કોઈ અસંગતિ થતી નથી.)

[ इत्यनुमानहेतुत्वे...ઇત્યાદિ આ અધિકાર આ રીતે પણ લગાડી શકાય- માટે વૃત્તિકારે 'ક્ષીણચારિત્રાવરણત્વાદ્' એવો જે હેતુ આપ્યો છે એને ક્યારેય પણ પ્રાણોના અતિપાતચિંતા ન હોવા રૂપ સાધ્યનું અનુમાન કરાવનાર હેતુરૂપ જો માનવો હોય તો તેમાં વિશેષણ જોડીને વિશિષ્ટ હેતુ લેવાની ઉપરોક્ત રીત અપનાવવી અને જો એને તે સાધ્યની માત્ર સંભાવના કરાવી આપનાર હેતુરૂપ માનવો હોય તો આવી વિશિષ્ટ હેતુ લેવા રૂપ કોઈ સંગતિની જરૂર રહેતી નથી. (જેમકે અગ્નિને ધૂમ સાધ્યની સિદ્ધિ કરી આપનાર અનુમાનનો જો હેતુ બનાવવો હોય તો એમાં 'આર્દ્રેન્ધનજન્યત્વ' રૂપ વિશેષણ જોડીને વિશિષ્ટ હેતુ લેવો પડે છે. પણ ધૂમ સાધ્યની માત્ર સંભાવના કરાવનાર હેતુ જો બનાવવો હોય તો એમાં આવી કોઈ વિશેષણ જોડીને વિશિષ્ટહેતુ લેવા રૂપ સંગતિની જરૂર રહેતી નથી.) ]

આ વાતને બરાબર પૂર્વાપર ઉપયોગ પૂર્વક વિચારવી. ॥૮૩॥ આમ "કેવલીને અવશ્યંભાવિની જીવવિરાધના હોતી નથી" એવી કલ્પના એ સ્વમતિ કલ્પના છે અને એ અનર્થનો હેતુ છે એ વાત નિશ્ચિત થઈ. તેથી મોક્ષાર્થીએ આવા બધા કુવિકલ્પોનો ત્યાગ કરવો જોઈએ એવું ગ્રન્થકાર કહી રહ્યા છે—

[ પલાદન વિચારણા ]

**ગાથાર્થ** :-સમ્યગ્ સમજાવનારના વચનથી પણ દૂર ન થઈ શકે તેવા તીવ્ર-ઉત્કટ વિપરીત પકડરૂપ અભિનિવેશ દોષના કારણે આવા કુવિકલ્પો જાગે છે. તેઓનો ઉચ્છેદ કરીને સાધુએ ગુરુપારતન્ત્ર્ય અને શાસ્ત્રપારતન્ત્ર્યરૂપ સમ્યગ્ આજ્ઞામાં પ્રવર્ત્તવું જોઈએ, પણ 'બહુશ્રુત' તરીકેની થયેલી ખ્યાતિમાત્રથી પ્રેરાઈને સ્વમતિવિકલ્પોની જાળ ગૂંથવામાં રસિક બનવું નહિ.

અહીં 'एतादृशकाः' એવા અતિદેશ શબ્દથી અન્યનો જે આવો કુવિકલ્પ છે કે 'જે માંસ ખાતો હોય તેનામાં સમ્યક્ત્વ ન જ હોય' તે પણ નિરસ્ત થઈ ગએલો જાણવો. માત્ર સમ્યક્ત્વધારી જીવ અવિરતિના જ પ્રભાવે, બીજા અભક્ષ્યના ભક્ષણની જેમ માંસભક્ષણથી

यः परस्यायं कुविकल्पोऽस्ति 'यो मांसमश्नाति तस्य सम्यक्त्वं न भवत्येव' इति, सोऽप्यपास्तो बोद्धव्यः, केवलसम्यक्त्वधारिणोऽविरतेरेव माहात्म्यादितराभक्ष्यभक्षणस्येव मांसभक्षणादपि निवृत्तेरनियमात् । यदि च 'सद्यः सम्मूर्च्छितानन्तजन्तुसन्तानदूषितं तद् ज्ञात्वा भुञ्जानस्य सर्वांशानुकंपाराहित्यान्न सम्यक्त्वं' इत्यभ्युपगमः, तदाऽनन्तजन्तुमयं ज्ञात्वा मूलकादिकं भक्षयतोऽपि सम्यक्त्वक्षतिरभ्युपगन्तव्या स्याद् । यदि च मांसभक्षणस्यातिनिन्द्यत्वात्तस्य सम्यक्त्वनाशकत्वं तदा परदारगमनस्य तत्सुतरां स्याद्, इति तद्व्यसनवतः सत्यकिप्रभृतेः सम्यक्त्वमुच्छिद्येत ।

**एतेन**—बिलवासिनामपि मनुजानां तथाविधकर्मक्षयोपशमेन यदि मांसपरिहारनियन्तृत्वं तदा सम्यग्दृशां तत्सुतरां स्याद्, इति मांसभक्षणे सम्यक्त्वक्षतिरेव—इति निरस्तं, सम्यक्त्वस्य भावधर्मत्वेन कुलधर्ममात्रत्वाभावात्, तथाविधकर्मपरिणतेरनुचितप्रवृत्तिमतोऽपि श्रद्धानगुणेन तदनपगमात् । अन्यथा स्तेनानामपि केषाञ्चित्परदारगमनपरिहारनियन्तृत्वात् ततोऽनिवृत्तस्य सत्यकिप्रभृतेः सम्यक्त्वमुच्छिद्येतैवेति । न च मांसाहारस्य नरकायुर्बन्धस्थानत्वादेव तदनिवृत्तौ न सम्यक्त्वमिति शङ्कनीयं, महारंभमहापरिग्रहादीनामपि तथात्वात् तदनिवृत्तौ

---

પણ ન અટકે એવું બની શકે છે, કેમકે 'માત્રસમ્યક્ત્વધારીજીવ માંસભક્ષણથી અટકે જ' એવો નિયમ નથી. વળી એવું જો માનશો કે 'તરત સંમૂર્ચ્છિત થએલા અનંત જીવોની પરંપરાથી દૂષિત થએલું જાણીને તેને ખાનાર સર્વાંશે અનુકંપા રહિત બની જતો હોઈ સમ્યક્ત્વી હોતો નથી' તો 'મૂળા વગેરેને અનંતજંતુમય જાણવા છતાં ખાનાર અવિરતસમ્યક્ત્વીમાંથી સમ્યક્ત્વ ચાલ્યું જાય છે' એવું માનવાની આપત્તિ આવશે. 'મૂળા વગેરેને ખાવા એ અતિનિન્દ્ય નથી, જ્યારે માંસ ખાવું એ તો અતિનિન્દ્ય છે. માટે તેનાથી સમ્યક્ત્વનો નાશ થઈ જાય છે' એવું જો કહેશો તો પરસ્ત્રીગમન તો નિર્વિવાદ રીતે અતીવ નિન્દ્ય હોઈ સમ્યક્ત્વનાશક બની જશે. અને તો પછી પરસ્ત્રીગમનના વ્યસની એવા સત્યકિ વગેરેના સમ્યક્ત્વનો ઉચ્છેદ થઈ જશે.

[અનુચિતપ્રવૃત્તિમાનમાં પણ શ્રદ્ધાગુણથી સમ્યક્ત્વ ટકે]

તેથી જ 'બિલવાસી મનુષ્યો પણ તેવા વિશેષપ્રકારના કર્મક્ષયોપશમથી જો માંસ ત્યાગનો નિયમ કરી શકતા હોય તો સમ્યક્ત્વીઓમાં તો એ નિર્વિવાદ રીતે હોવો જ જોઈએ. અને તેથી માંસભક્ષણ કરનારમાં સમ્યક્ત્વ ટકે જ નહિ એ માનવું જોઇએ' એ વાત પણ નિરસ્ત જાણવી, કેમકે સમ્યક્ત્વ ભાવધર્મરૂપ હોઈ માત્રકુલધર્મરૂપ નથી. આશય એ છે કે જે કુલમાં માંસભક્ષણાદિનો રિવાજ હોય તે કુલમાં પણ એ ભાવધર્મ સંભવિત છે. કેમકે તેવી વિચિત્રકર્મપરિણતિના કારણે અનુચિતપ્રવૃત્તિ વાળા બનેલા જીવમાં પણ શ્રદ્ધાગુણના કારણે સમ્યક્ત્વ ટકી શકે છે, નહિતરતો 'કેટલાક ચોરો પણ પરસ્ત્રીગમનનો નિયમ કરી શકતા હોય તો સમ્યક્ત્વીને તો સુતરાં હોવો જોઇએ' એવું પણ કહી શકાતું હોવાથી પરસ્ત્રીગમનથી નહિ અટકેલા સત્યકિ વગેરેનું સમ્યક્ત્વ પણ ચાલ્યું જવાની આપત્તિ આવે. 'માંસાહાર નરકાયુબંધના હેતુભૂત હોઇ, તેનાથી નહિ અટકેલ જીવને સમ્યક્ત્વ માની શકાતું નથી, કેમકે સમ્યક્ત્વની હાજરીમાં તો નરકાયુ બંધાતું નથી' એવી પણ શંકા કરવી નહિ, કેમકે એમતો મહાઆરંભ–મહાપરિગ્રહ પણ નરકાયુબંધના હેતુભૂત હોઈ તેનાથી નહિ અટકેલ કૃષ્ણવાસુદેવ વગેરેમાં

कृष्णवासुदेवादीनामपि सम्यक्त्वापगमापत्तेः । किञ्च सम्यक्त्वधारिणां कृष्णप्रभृतीनां मांसभक्षणेऽपि सम्यक्त्वानपगमः शास्त्रेऽपि श्रूयते । तदुक्तं षष्ठाङ्गे-(१६।११८) 'तएणं से दुवए राया कंपिल्लपुरं णगरं अणुपविसइ, अणुपविसित्ता विउलं असणं ४ उवक्खडावेइ, उवक्खडावित्ता कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी, गच्छह णं तुब्भे देवाणुप्पिया विउलं असणं ४ सुरं च मज्जं च मंसं च सीधुं च पसन्नं च सुबहुपुप्फफलवत्थगंधमल्लालंकारं च वासुदेवपामोक्खाणं रायसहस्साणं आवासेसु साहरह, तेवि साहरंति, तएणं ते वासुदेवप्पामोक्खा तं विउलं असणं ४ जाव पसन्नं च आसाएमाणा विहरंति त्ति' । न च—अत्र मांसभक्षणादिकं स्वपरिवारभूतमिथ्यादृशामेव 'तदाज्ञानिमित्तकत्वात्तत्कर्तृकं' व्यपदिष्टं—इति शङ्कनीयं, 'वासुदेवप्रमुखा' इत्यत्र सर्वेषामेकक्रियायोगात्, सम्यक्त्वनाशके तत्र तदाज्ञापनास्याप्यनुपपत्तेश्च । यत्तु वर्णनमात्रत्वेनैतत्सूत्रस्याकिञ्चित्करत्वं परेणोद्भाव्यते तस्य महानेव कृतान्तकोपः, एवं सति स्वर्गद्धर्यादिप्रतिपादकसूत्राणामपि वर्णनमात्रत्वेनाकिञ्चित्करतायाः वावदूकेन वक्तुं शक्यत्वाद्, लोकनिन्द्यविषयमात्रेणापि यथास्थितार्थप्रतिपादकसूत्रविलोपे नास्तिकत्वस्यानिवारितप्रसरतया सर्वविलोपप्रसङ्गादिति ॥

---

પણ સમ્યક્ત્વનો અભાવ થઇ જવાની આપત્તિ આવે. વળી સમકીતધારી કૃષ્ણ વગેરેનું સમ્યક્ત્વ માંસભક્ષણ હોવા છતાં ચાલ્યું ગયું નહોતું એવું શાસ્ત્રમાં પણ જાણવા મળે છે. **છઠ્ઠા જ્ઞાતાધર્મકથાઅંગ** (અ. ૧૬ સૂ. ૧૧૮) માં કહ્યું છે કે— 'ત્યારે તે દ્રુપદરાજા **કાંપિલ્યપુર** નગરમાં પ્રવેશે છે, પ્રવેશીને વિપુલ પ્રમાણમાં અશન-પાન-ખાદિમ-સ્વાદિમ તૈયાર કરાવે છે. તૈયાર કરાવીને કૌટુંબિક પુરુષોને બોલાવે છે. બોલાવીને આ પ્રમાણે કહે છે-હે દેવાનુપ્રિયો ! તમે જાવ, અને વિપુલ અશનાદિ ચાર તેમજ દારુ, મદ્ય, માંસ, સીધુ, પ્રસન્ન (તરુવિશેષ), ઘણા પુષ્પ-ફળ-વસ્ત્ર-ગંધમાલ્ય અને અલંકારોને વાસુદેવ વગેરે હજારો રાજાઓના રાજમહેલોમાં લઈ જાવ. તેઓ પણ લઈ જાય છે. ત્યારે તે વાસુદેવવગેરે રાજાઓ તે વિપુલ અશનાદિ યાવત્ પ્રસન્નને ખાતા ખાતા વિહરે છે.'—અહીં જે માંસભક્ષણ કહ્યું છે તે તો કૃષ્ણના પરિવારમાં જ રહેલ મિથ્યાત્વીઓએ કર્યું છે. પણ તેમ છતાં તે માંસભક્ષણ કૃષ્ણની આજ્ઞાનિમિત્તક હોઈ તે ભક્ષણનો 'કૃષ્ણકર્તૃક' તરીકે ઉલ્લેખ કર્યો છે—એવી શંકા ન કરવી, કેમકે 'વાસુદેવવગેરે' એવું જે કહ્યું છે તેમાં જેટલાની ગણતરી છે તે બધાનો એક ક્રિયામાં અન્વય હોવાથી અન્યની જેમ કૃષ્ણમાં પણ વાસ્તવિક કર્તૃત્વ જ જણાય છે, આજ્ઞાનિમિત્તે થયેલ ઔપચારિક કર્તૃત્વ નહિ. વળી માંસાહાર જો સમ્યક્ત્વનાશક હોય તો તો કૃષ્ણ તેની આજ્ઞા આપે એ વાત પણ અસંગત છે. વળી 'આ સૂત્ર તો માત્ર વર્ણનરૂપ છે, વાસ્તવિકતાને જણાવવા માટે એ અકિંચિત્કર છે' ઈત્યાદિ પૂર્વપક્ષીએ જે કહ્યું છે તેમાંતો મોટો કૃતાન્ત કોપ આવી પડે છે, કેમકે એ રીતે તો "સ્વર્ગની ઋદ્ધિ વગેરેનું પ્રતિપાદન કરતા સૂત્રો પણ વર્ણનમાત્ર કરનારા છે, વાસ્તવિકતાને જણાવવા માટે અકિંચિત્કર છે" એવું વાચાળ પૂર્વપક્ષી કહી શકે છે. વળી સૂત્રનો વિષય લોકનિન્દ્ય હોવા

---

१. तदाऽथ द्रुपदो राजा काम्पिल्यपुरं नगरमनुप्रविशति, अनुप्रविश्य विपुलमशनं ४ उपस्कारयति उपस्कारयित्वा कौटुंबिकपुरुषान् शब्दापयति, शब्दापयित्वैवं अवदत् "गच्छत यूयं देवानुप्रियाः । विपुलं अशनं ४ सुरां च मद्यं च मांसं च सीधुं च प्रसन्नं च सुबहु पुष्पफलवस्त्रगन्धमाल्यालङ्कारं च वासुदेवप्रमुखाणां राजसहस्राणामावासेषु नयत, तेऽपि नयन्ति, तदा ते वासुदेवप्रमुखाः तद् विपुलमशनं ४ यावत्प्रसन्नं चास्वादमाना विहरन्ति ।

किञ्च यद्यनन्तकायादिमांसादिभक्षणे सम्यक्त्वस्य मूलोच्छेदः स्यात्तदा तत्र तपःप्रायश्चित्तं नोपदिष्टं स्यात्, उक्तञ्च तत्तत्र । तदुक्तं **श्राद्धजीतसूत्रवृत्त्योः—**

[1]चउगुरु णंते, चउलहु परित्तभोगे सचित्तवज्जिस्स । मंसासववयभंगे छग्गुरु चउगुरु अणाभोगे ॥९१॥

**व्याख्या-सचित्तवर्जकस्य** श्रावकादेः **अनन्त**त्ति अनन्तकायानां मूलकार्द्रकादीनां भक्षणे **चतुर्गुरु** प्रायश्चित्तं भवति । **यदागमः**

[2]सो उण जिणपडिकुट्ठो अणंतजीवाण गायणिप्फण्णो । गेही पसंगदोसो अणंतकाओ अओ गुरुगा ॥

[ ] **तथा** सचित्तवर्जकस्यैव श्राद्धादेः **परित्तत्ति प्रत्येकपरिभोगे** प्रत्येकाम्रादिपुष्पफलादिभोगे चतुर्लघु प्रायश्चित्तम् । **तथा मांसासवयोरु**पलक्षणान्मधुनवनीतयोश्च **वयभंगेत्ति** अनाभोगतः पृथग्वक्ष्यमाणत्वादत्राभोगतो ज्ञेयम् । ततश्चाभोगे सति व्रतस्य नियमस्य भङ्गे **षड्गुरु, चउगुरुत्ति** अनाभोगे सति मांसासवमधुनवनीतानां व्रतभङ्गे चतुर्गुरु प्रायश्चित्तं भवतीति **गाथाक्षरार्थः इति** । ततो **'मांसभक्षणे सम्यक्त्वं नश्यत्येव'** इत्ययमपि कुविकल्प एवेति बोध्यम् ॥८४॥

ननु कुविकल्पोच्छेदेनाज्ञाया प्रवृत्तिर्हितावहोक्ता, न चाज्ञामात्रानुसरणं हितावहं संभवति, सर्वत्र सौलभ्याद्, दृश्यन्ते हि सर्वेऽपि निजनिजगुर्वाद्याज्ञायत्ता इत्युपादेयाज्ञाविशेषमाह—

**आणा पुण जगगुरुणो एगंतसुहावहा सुपरिसुद्धा ।**
**अपरिक्खिआ ण गिज्झा सा सव्वा णाममित्तेणं ॥८५॥**

(आज्ञा पुनर्जगद्गुरोरेकान्तसुखावहा सुपरिशुद्धा । अपरीक्षिता न ग्राह्या सा सर्वा नाममात्रेण ॥ ८५ ॥)

---

માત્રથી એનો યથાસ્થિતઅર્થ પ્રતિપાદક સૂત્ર તરીકે વિલોપ કરી દેવામાં આવે તો સર્વજ્ઞ-પ્રણીત સૂત્રને ન માનવા રૂપ નાસ્તિકતા જ નિર્બાધ રીતે આવી જવાથી સર્વસૂત્રોનો વિલોપ કરવાની આપત્તિ આવી પડે.

**[ તપ પ્રાયશ્ચિત્ત અસંગત બનવાની આપત્તિ ]**

વળી અનંતકાયાદિનું કે માંસાદિનું ભક્ષણ કરવામાં સમ્યક્ત્વનો જો મૂળથી જ ઉચ્છેદ થઇ જતો હોય તો તેનું તપ પ્રાયશ્ચિત્ત કહ્યું ન હોત, પણ તે કહ્યું તો છે. **શ્રાદ્ધજીતકલ્પસૂત્ર અને તેની વૃત્તિ (૯૧)** માં કહ્યું છે કે– "સચિત્તવર્જક શ્રાવકવગેરે મૂળા–આદુ વગેરે અનંતકાયનું ભક્ષણ કરે તો ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે. આગમમાં કહ્યું છે કે 'તે અનંતકાયમાંથી બનેલ પિંડ શ્રી જિનેશ્વરોથી નિષિદ્ધ છે, અનંત જીવોના શરીરથી બનેલ છે. વિશેષગૃદ્ધિ કરાવનાર છે (અને તેથી) પુનઃ તેવો દોષ થવાનો સંભવ રહેવા રૂપ પ્રસંગદોષવાળો છે, તેમજ અનંતકાય છે માટે ગૃહસ્થને ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત આવે.' તથા સચિત્તવર્જક જ શ્રાવકાદિને પ્રત્યેક વન. એવા આમ્રાદિ કે પુષ્પફળાદિનો પરિભોગ કરવામાં ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત આવે. તથા માંસના, દારૂના, મધના અને માખણના વ્રતનો આભોગપૂર્વક ભંગ થવામાં ષડ્ગુરુ પ્રાયશ્ચિત્ત જાણવું. અને અનાભોગપૂર્વક તે ભંગ થવામાં ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્ત જાણવું. અહીં મધ અને માખણરૂપ મહાવિગઈનું ગ્રહણ માંસાદિના ઉપલક્ષણથી જાણવું. તેમજ અનાભોગથી થયેલ વ્રતભંગની વાત ચતુર્ગુરુ પ્રાયશ્ચિત્તમાં જુદી કરી છે તેથી ષડ્ગુરુ પ્રાયશ્ચિત્તમાં વ્રતભંગ આભોગપૂર્વકનો લેવો એ જાણવું. આ પ્રમાણે ગાથાક્ષરાર્થ જાણવો." માટે **'માંસભક્ષણ કરવામાં સમ્યક્ત્વનો નાશ થઈ જાય'** એ વાત પણ **કુવિકલ્પ જ છે એ જાણવું. ॥૮૪॥**

---

१. चतुर्गुर्वनन्ते चतुर्लघु प्रत्येकभोगे सचित्तवर्जकस्य । मांसासवव्रतभङ्गे षड्गुरु चतुर्गुरु अनाभोगे ॥

२. स पुनः जिनप्रतिकुष्टोऽनन्तजीवानां गात्रनिष्पन्नः । गृद्धिः प्रसङ्गदोषोऽनन्तकायोऽतो गुरुकाः ॥

आणापुणत्ति । आज्ञापुनर्जगद्गुरोस्त्रिभुवनधर्मगुरोर्भगवतो वीतरागस्य सुपरिशुद्धा सम्यक्परीक्षाप्राप्ता, एकान्तसुखावहा नियमेन स्वर्गापवर्गादिसुखहेतुर्ग्राह्येति योगः । साऽऽज्ञा सर्वा नाममात्रेणापरीक्षिता सती न ग्राह्या, प्रेक्षावत्प्रवृत्तेः परीक्षानियतत्वादिति भावः ॥८५॥

एतत्परीक्षोपायमाह—

**कसछेयतावजोगा परिक्खियव्वा य सा सुवण्णं व ।**
**एसा धम्मपरिक्खा णायव्वा बुद्धिमंतेणं ॥ ८६ ॥**

(कषच्छेदतापयोगात्परीक्षितव्या च सा सुवर्णमिव । एषा धर्मपरीक्षा ज्ञातव्या बुद्धिमता ॥ ८६॥)

सा आज्ञा । कषच्छेदतापयोगात्सुवर्णमिव परीक्षणीया । यथाहि युक्तिस्वर्णे जात्यस्वर्णे च सुवर्णमात्रसाम्येन मुग्धलोकैरभेदेन प्रतीयमाने कषच्छेदतापैर्विचक्षणास्तत्परीक्षणं कर्त्तुमुत्सहन्ते, तथाऽऽज्ञायामपि मुग्धैः सर्वत्र नाममात्रादेकत्वेन प्रतीयमानायां विचक्षणास्तत्परीक्षां कषच्छेदतापैः कर्त्तुमुत्सहन्त इति । बुद्धिमतैषा धर्मपरीक्षा ज्ञातव्या । यैव ह्याज्ञा सा सर्व एव धर्म इत्याज्ञापरीक्षैव धर्मपरीक्षेतिभावः ॥८६॥ कषादीनेवात्र योजयितुमाह—

---

[ સુપરિશુદ્ધ આજ્ઞા જ ગ્રાહ્ય છે ]

'—કુવિકલ્પોને છોડીને આજ્ઞામુજબ પ્રવૃત્તિ કરવી હિતાવહ છે' એવું તમે કહ્યું. પણ આજ્ઞામાત્રને અનુસરવું એ કાંઇ હિતાવહ હોવું સંભવતું નથી, કેમકે લગભગ બધા જ પોતપોતાના ગુરુ–વડીલ વગેરેની આજ્ઞાને આધીન હોવા દેખાય જ છે અને તેમ છતાં તેઓનું હિત દેખાતું નથી'—એવી શંકાના સમાધાન તરીકે ગ્રન્થકાર ઉપાદેય (હિતાવહ) આજ્ઞાવિશેષને જણાવે છે—

**ગાથાર્થ :–** ત્રણ ભુવનના ધર્મગુરુ વીતરાગપરમાત્માની, સમ્યક્પરીક્ષામાંથી ઉત્તીર્ણ થએલ હોઇ સુપરિશુદ્ધ એવી આજ્ઞા એ એકાન્તે સુખાવહ હોય છે, અર્થાત્ તે નિયમા સ્વર્ગ–મોક્ષાદિસુખની હેતુ બને છે એ જાણવું. વળી તે આજ્ઞા, આજ્ઞા ફરમાવનાર વ્યક્તિના નામમાત્રને આગળ કરીને, પરીક્ષા કર્યા વગર જ સ્વીકારી લેવી ન જોઈએ, કેમકે ડાહ્યા માણસો સર્વપ્રવૃત્તિઓ પરીક્ષા કરીને જ કરે છે. [ટીકાનો અર્થ સરળ છે.] ॥૮૫॥ આજ્ઞાની પરીક્ષાના ઉપાય દેખાડતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** તે આજ્ઞાની સુવર્ણની જેમ કષ–છેદ અને તાપથી પરીક્ષા કરવી. બુદ્ધિમાન્ પુરુષોએ આ આજ્ઞાની પરીક્ષાને જ ધર્મપરીક્ષા સમજવી, કેમકે જે વીતરાગભગવંતની આજ્ઞા છે તે સઘળી ધર્મરૂપ છે.

[ ધર્મની કષાદિ પરીક્ષા ]

જેમ યુક્તિથી બનાવેલ સુવર્ણ (ખોટું સોનું) અને જાત્ય સુવર્ણ મુગ્ધલોકોને એકસરખા સોના તરીકે પ્રતીત થતું હોવા છતાં વિચક્ષણપુરુષો તેની પરીક્ષા કરવા ઉત્સાહિત બને છે તેમ 'પ્રભુમહાવીરની આજ્ઞા, ધર્મ' વગેરે રૂપ એકનામથી ચાલતી આજ્ઞાને મુગ્ધ જીવો નામમાત્રના કારણે એક જ માનતા હોવા છતાં વિચક્ષણપુરુષો કષ–છેદ–તાપથી તેની પરીક્ષા કરવા ઉત્સાહિત બને છે. આ જે આજ્ઞા છે તે જ બધો ધર્મ છે. એટલે આ આજ્ઞાની પરીક્ષા એ જ ધર્મપરીક્ષા છે. ॥૮૬॥ આજ્ઞાની કષ વગેરેથી પરીક્ષા શી રીતે કરવી એ જણાવતા ગ્રન્થકાર કહે છે—

**विहिपडिसेहा उ कसो तज्जोगक्खेमकारिणी किरिया ।**
**छेओ तावो य इहं वाओ जीवाइतत्ताणं ॥८७॥**

(विधिप्रतिषेधौ तु कषस्तद्योगक्षेमकारिणी क्रिया । छेदस्तापश्च इह वादो जीवादितत्त्वानाम् ॥८७॥)

**विहिपडिसेहाउत्ति** । **विधिः** अविरुद्धकर्त्तव्यार्थोपदेशकं वाक्यम् । स्वर्गकेवलार्थिना तपोध्यानादि कर्त्तव्य'' इत्यादि । **प्रतिषेधः** पुनः 'न हिंस्यात्सर्वभूतानि' इत्यादि । एतौ द्वाविह धर्मपरीक्षायां कष एव सुवर्णपरीक्षायां कषपट्टकरेखेव । इदमुक्तं भवति-यत्र धर्मे उक्तलक्षणौ विधिप्रतिषेधौ पुष्कलावुपलभ्येते स धर्मः कषशुद्धः, न पुनः—

''अन्यधर्मस्थिताः सत्त्वा असुरा इव विष्णुना । उच्छेदनीयास्तेषां हि वधे दोषो न विद्यते ॥''

इत्यादिवाक्यगर्भ इति । तयोर्विधिप्रतिषेधयोर्योगोऽनाविर्भूतयोः संभवः, क्षेमं चाविर्भूतयोः पालना, तत्कारिणी क्रिया भिक्षाटनादिबाह्यव्यापाररूपा छेदः । यथा कषशुद्धावप्यन्तर्गतामशुद्धिमाशङ्कमानाः सौवर्णिकाः सुवर्णगुलिकादेश्छेदमाद्रियन्ते तथा कषशुद्धावपि धर्मस्य छेदमपेक्षन्ते प्रेक्षावन्तः । स च छेदो विशुद्धबाह्यचेष्टारूपः, विशुद्धा च चेष्टा सा यत्राऽसन्तावपि विधिप्रतिषेधावबाधितरूपौ स्वात्मानं लभेते, लब्धात्मानौ चातिचारविरहितावुत्तरोत्तरां वृद्धिमनुभवतः, ईदृशी यत्र धर्मे चेष्टा सप्रपञ्चा प्रोच्यते स धर्मश्छेदशुद्ध इति ।

**तापश्च** जीवादितत्त्वानां वादः स्याद्वादरीत्योपन्यासः । यथाहि कषच्छेदशुद्धमपि सुवर्णं तापमसहमानं कालिकोन्मीलनदोषान्न सुवर्णभावमश्नुते, एवं धर्मोऽपि सत्यामपि कषच्छेद-

---

**ગાથાર્થ** :- આ ધર્મપરીક્ષામાં વિધિ અને પ્રતિષેધ એ કષ છે, તેનો યોગ-ક્ષેમ કરનાર ક્રિયા એ છેદ છે અને જીવાદિ તત્ત્વોનો વાદ એ તાપ છે.

અવિરુદ્ધ કર્તવ્યભૂતઅર્થનું ઉપદેશક વાકય એ **વિધિ**. જેમકે સ્વર્ગના અર્થીએ તપ-ધ્યાન વગેરે કરવા. 'સર્વજીવોને હણવા નહિ' ઈત્યાદિ વાકય એ **પ્રતિષેધ** છે. જેમ સુવર્ણપરીક્ષામાં કષપટ્ટક પર પડતી રેખા એ કષપરીક્ષા છે તેમ આ ધર્મની વિધિ અને પ્રતિષેધ એ બે કષપરીક્ષા છે. તાત્પર્ય, જે ધર્મમાં આવા ઘણા વિધિ અને પ્રતિષેધો હોય તે કષશુદ્ધ જાણવો પણ ''જેમ વિષ્ણુએ અસુરોનો ઉચ્છેદ કર્યો તેમ અન્યધર્મમાં રહેલા જીવોનો ઉચ્છેદ કરવો. તેઓનો વધ કરવામાં કોઈ દોષ નથી.'' ઈત્યાદિ વાકયગર્ભિત ધર્મ એ કષશુદ્ધ નથી. (કેમ કે એમાં હિંસાનો નિષેધ નથી.) આ બે વિધિ-પ્રતિષેધનો યોગ (=પ્રકટ ન થએલ હોય તેને પ્રકટ કરવું તે) અને ક્ષેમ (=પ્રકટ થએલને જાળવી રાખવા તે) કરનારી ભિક્ષાટનાદિ બાહ્ય પ્રવૃત્તિરૂપ ક્રિયા એ છેદ છે. જેમ કષપરીક્ષામાંથી શુદ્ધ તરીકે બહાર પડેલ સોનાની પણ અંતર્ગત અશુદ્ધિની શંકા કરતા સોનીઓ સુવર્ણગુલિકા વગેરેનો છેદ કરે છે એમ કષશુદ્ધ એવા પણ ધર્મની બુદ્ધિમાનો છેદ પરીક્ષા કરે છે એ છેદ વિશુદ્ધ બાહ્ય ચેષ્ટારૂપ છે. અને વિશુદ્ધ ચેષ્ટા તેને કહેવાય છે જેનાથી ગેરહાજર એવા પણ વિધિપ્રતિષેધ અબાધિતરૂપે સ્વસ્વરૂપ પામે, અને સ્વસ્વરૂપ પામી ગએલ વિધિપ્રતિષેધ અતિચાર શૂન્ય રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામે. આવી વિશુદ્ધચેષ્ટા વિસ્તાર પૂર્વક જે ધર્મમાં કહેલી હોય તે ધર્મને છેદશુદ્ધ જાણવો.

शुद्धौ तापपरीक्षायामनिर्वहमाणो न स्वभावमासादयति, अतो जीवादितत्त्वानां स्याद्वादप्ररूपणया तापशुद्धिरन्वेषणीया । यत्र हि शास्त्रे द्रव्यरूपतयाऽप्रच्युतानुत्पन्नः, पर्यायात्मकतया च प्रतिस्वमपरापरस्वभावास्कन्दनेनानित्यस्वभावो जीवादिरवस्थाप्यते, स्यात्तत्र तापशुद्धिः । यतः परिणामिन्येवात्मादौ तथाविधा(? ध)शुद्धपर्यायप्रादुर्भावादुक्तलक्षणः कषो बाह्यचेष्टाशुद्धिलक्षणश्च छेद उपपद्यते, न पुनरन्यथेति । अत्र च तापपरीक्षा बलवती, कषच्छेदभावेऽपि तापाभावे परीक्षाऽसिद्धेः, न हि तापे विघटमानं हेम कषच्छेदयोः सतोरपि स्वं स्वरूपं प्रतिपत्तुमलं, युक्तिस्वर्णत्वात्तस्येति ॥८७॥ एताभिः परीक्षाभिर्धर्मे परीक्षिते धर्मवान् गुरुरपि परीक्षित एव भवतीत्यभिप्रायवानाह—

**एयाहिं परिक्खाहिं सुद्धे धम्मंमि परिणया जे उ ।**
**गुरुणो गुणजलणिहिणो ते चि विसुद्धा सुवण्णं व ॥८८॥**

(एताभिः परीक्षाभिः शुद्धे धर्मे परिणता ये तु । गुरवो गुणजलनिधयस्तेऽपि विशुद्धाः सुवर्णमिव ॥८८॥)

---

## [તાપપરીક્ષા ત્રણેમાં મુખ્ય]

જીવાદિ તત્ત્વોનો સ્યાદ્વાદરીતિએ ઉપન્યાસ કરવા રૂપ વાદ એ તાપપરીક્ષા છે. જેમ કષ અને છેદપરીક્ષાથી શુદ્ધ એવું પણ સોનું તાપને સહન ન કરી શકવાથી શ્યામપડી જવાનો દોષ પામે તે સાચું સુવર્ણ નથી કહેવાતું એમ ધર્મ પણ કષ અને છેદની શુદ્ધિ હોવા છતાં તાપ પરીક્ષામાં ઊભો રહી ન શકે તો 'ધર્મ'રૂપ રહેતો નથી. તેથી જીવાદિ તત્ત્વોની સ્યાદ્વાદપ્રરૂપણાથી તાપ શુદ્ધિ વિચારવી. જે શાસ્ત્રમાં જીવાદિને દ્રવ્યરૂપે અપ્રચ્યુત–અનુત્પન્ન (નિત્ય) કહ્યા હોય અને પર્યાયરૂપે વ્યક્તિ વ્યક્તિ ક્ષણે ક્ષણે જુદા જુદા રૂપ પામવા દ્વારા અનિત્ય સ્વભાવવાળા હોવા કહ્યા હોય તેમાં તાપશુદ્ધિ જાણવી, કેમકે પરિણામી એવા જ આત્મામાં તેવો વિશેષપ્રકારનો અશુદ્ધપર્યાય પ્રકટ થતો હોય તો જ અને તેનો નાશ શક્ય હોય તો જ તેને દૂર કરનાર તરીકે ઉક્તસ્વરૂપવાળો કષ અને બાહ્ય ચેષ્ટાશુદ્ધિરૂપ છેદ સંગત બને છે, અન્યથા નહિ. [અહીં 'तथाविधाशुद्ध' ના સ્થાને 'तथाविधशुद्ध' એવો પાઠ યોગ્ય લાગે છે. એવો પાઠ હોય તો આ પ્રમાણે અર્થ જાણવો–કેમકે પરિણામી એવા આત્મામાં જ તેવો વિશેષ પ્રકારનો શુદ્ધ પર્યાય થતો હોવાથી ઉક્તસ્વરૂપવાળો કષ અને બાહ્યચેષ્ટા શુદ્ધિરૂપ છેદ સંગત બને છે, અન્યથા નહિ.] આ ત્રણેમાં તાપ પરીક્ષા મુખ્ય છે, કેમકે કષ–છેદ હોવા છતાં તાપ ન હોય તો પરીક્ષા સિદ્ધ થતી નથી. તાપ પરીક્ષામાં ઉત્તીર્ણ ન થતું સુવર્ણ કષ–છેદમાંથી શુદ્ધ રીતે ઉત્તીર્ણ થયું હોય તો પણ પોતાને સુવર્ણ તરીકે ઓળખાવી શકતું નથી, કેમકે એ કૃત્રિમસુવર્ણ હોય છે. ॥૮૭॥ આ પરીક્ષાઓ વડે ધર્મની પરીક્ષા થએ છતે ધર્મવાન્ ગુરુની પણ પરીક્ષા થઈ જાય છે તેવા અભિપ્રાયથી ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :– આ કષાદિપરીક્ષાઓથી શુદ્ધ એવા ધર્મમાં જેઓ પરિણત થએલા છે તે ગુણસમુદ્ર ગુરુઓ પણ સુવર્ણની જેમ વિશુદ્ધ જાણવા.

एताभिः कषादिपरीक्षाभिः शुद्धे धर्मे ये परिणता एव ते गुरवोऽपि गुणजलनिधयः सुवर्णमिव विशुद्धा द्रष्टव्याः, 'यद्द्रव्यं यदा यद्रूपेण परिणमते तत्तदा तन्मयमेव' इति शुद्धधर्मपरिणता गुरवोऽपि शुद्धधर्मरूपत्वेनैवादरणीया इति भावः ॥८८॥ सुवर्णसदृशत्वमेव गुरूणां भावयन्नाह—

**सत्थोइयगुणजुत्तो सुवन्नसरिसो गुरू विणिद्दिट्ठो ।**
**ता तत्थ भणंति इमे विसघायाई सुवन्नगुणे ॥८९॥**

(शास्त्रोदितगुणयुक्तः सुवर्णसदृशो गुरुर्विनिर्दिष्टः । तस्मात्तत्र भणन्तीमान् विषघातादीन्सुवर्णगुणान् ॥८९॥)

**सत्थोइयत्ति** । शास्त्रे दशवैकालिकादावुदिताः प्रतिपादिता ये गुणाः साधुगुणास्तैर्युक्तः सहितः सुवर्णसदृशो गुरुर्विनिर्दिष्टः तत्तस्मात्कारणात् तत्र गुरौ विषघातादीन् इमाननन्तरमेव वक्ष्यमाणान् सुवर्णगुणान् योजयन्ति ॥८९॥ अत्रार्थेऽष्टसुवर्णगुणप्रतिपादनाय भावसाधौ गुरौ तद्योजनाय च पूर्वाचार्य(श्रीहरिभद्रसूरि)कृता एव तिस्रो गाथा उपन्यस्यति—

**विसघाइ–रसायण–मंगलत्थ–विणए–पयाहिणावत्ते ।**
**गुरुए–अडज्झ–ऽकुच्छे अट्ठ सुवन्ने गुणा हुंति ॥९०॥**

(विषघातिरसायनमंगलार्थविनतं प्रदक्षिणावर्त्तम् । गुरुकमदाह्याकुत्स्यमष्टौ सुवर्णे गुणा भवन्ति ॥९०॥)

**विसघाइ** इत्यादि । विषघाति=गरदोषहननशीलं सुवर्णं भवति । रसायनमङ्गलार्थविनीतमिति कर्मधारयपदम् । रसायनं वयःस्तम्भनं, मङ्गलार्थं मङ्गलप्रयोजनं, विनीतमिव विनीतं, कटककेयूरादीष्टविशेषैः परिणमनात् । तथा प्रदक्षिणावर्त्तमतितापने प्रदक्षिणावृत्ति, तथा गुरुकं अलघुसारत्वात् । अदाह्याकुत्स्यमिति कर्मधारयपदं, तत्रादाह्यमग्नेरदहनीयं, सारत्वादेव, अकुत्स्यमकुत्सनीयं, अकुथितगन्धत्वादिति । एवमष्टौ सुवर्णे हेम्नि गुणा असाधारणधर्मा भवन्ति स्युरिति गाथार्थः ॥९०॥ एतत्समानान् साधुगुणानाह—

---

જે દ્રવ્ય જ્યારે જે રૂપે પરિણમે છે ત્યારે તે તન્મય જ બની જાય છે. માટે શુદ્ધધર્મરૂપે પરિણમેલા ગુરુઓ પણ શુદ્ધધર્મરૂપ જ હોઇ આદરણીય બને છે. આ તાત્પર્યાર્થ છે.॥૮૮॥ ગુરુઓ સુવર્ણસદૃશ બને છે એ વાતની ભાવના કરતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ :–** દશવૈકાલિકાદિ શાસ્ત્રમાં સાધુના જે ગુણો કહ્યા છે તે ગુણોથી યુક્ત ગુરુ સુવર્ણસદૃશ કહેવાયા છે. તેથી તે ગુરુમાં હમણાં આગળ કહેવાનાર વિષઘાત વગેરે રૂપ સુવર્ણગુણોની ઘટના કરવી. (ટીકાર્થ સુગમ છે.) ॥૮૯॥ આ બાબતમાં સુવર્ણના આઠ ગુણોનું પ્રતિપાદન કરવા અને ભાવસાધુરૂપ ગુરુમાં તેને ઘટાવવા માટે પૂર્વાચાર્ય (શ્રી હરિભદ્રસૂરિમ૦) ની ત્રણ ગાથાઓનો ગ્રન્થકાર ઉપન્યાસ કરે છે—

**ગાથાર્થ :–** સુવર્ણના આ આઠ અસાધારણ ધર્મરૂપ ગુણો હોય છે–વિષઘાતી, રસાયણ, મંગલાર્થ, વિનીત, પ્રદક્ષિણાવર્ત્ત, ગુરુ, અદાહ્ય અને અકુત્સ્ય.

[ શુદ્ધધર્મપરિણત સાધુના સુવર્ણસદૃશ આઠ ગુણો ]

સુવર્ણના આઠ અસાધારણ ધર્મો. (૧) **વિષઘાતિ**–તે ગરના દોષને હણી નાખવાના સ્વભાવવાળું હોય છે. (૨) **રસાયણ**–ઉંમરની અસરોને અટકાવનાર છે (૩) **મંગલાર્થ**–મંગલનું પ્રયોજન સારે છે. (૪) **વિનીત**–જેમ વિનીત બાળકને જેવો ઘડવો હોય તેવો ઘડી શકાય છે તેમ સુવર્ણ પણ કટક–કેયુર વગેરે રૂપે જેવું ઘડવું

इय मोहविसं घायइ १ सिवोवएसा रसायणं होइ २ ।
गुणओ य मंगलत्थं ३ कुणइ विणीओ अ जोग्गोत्ति ४ ॥९१॥

(इति मोहविषं घातयति शिवोपदेशाद्रसायनं भवति । गुणतश्च मङ्गलार्थं करोति विनीतश्च योग्य इति ॥९१॥)

इयत्ति । इत्येवं सुवर्णवदित्यर्थः, १ मोहविषं विवेकचैतन्यापहारि, घातयति नाशयति केषाञ्चित् साधुरिति प्रक्रमः । कुतः ? इत्याह शिवोपदेशात्=मोक्षमार्गप्ररूपणात् । तथा २ स एव रसायनमिव रसायनं भवति जायते, शिवोपदेशादेवाऽजरामररक्षाहेतुत्वात् । तथा ३ गुणतश्च स्वगुणमाहात्म्येन च मङ्गलार्थं मङ्गलप्रयोजनदुरितोपशममित्यर्थः करोति विधत्ते । ४ विनीतश्च प्रकृत्यैव भवत्यसौ, योग्य इति कृत्वा ॥९१॥ तथा—

मग्गणुसारि पयाहिण ५ गंभीरो गरुअओ तहा होइ ६ ।
कोहग्गिणा अडज्झो ७ अकुच्छो सइ सीलभावेणं ८ ॥९२॥

(मार्गानुसारित्वं प्रदक्षिणत्वं गंभीरः गुरुककस्तथा भवति । क्रोधाग्निनाऽदाह्योऽकुत्स्यः सदा शीलभावेन ॥९२॥)

मग्गणुसारित्ति । ५ मार्गानुसारित्वं सर्वत्र यत्साधोस्तत्प्रदक्षिणावर्त्तत्वमुच्यते । ६ गंभीरोऽतुच्छचेताः गुरुकको गुरुक इत्यर्थः । तथा इति समुच्चये भवति स्यात् । तथा ७ क्रोधाग्निनाऽदाह्यः सुवर्णवत् तथा ८ अकुत्स्यः सदा शीलभावेन शीललक्षणसौगन्ध्यसद्भावेनेति ॥९२॥

निगमयन्नाह—

एवं सुवन्नसरिसो पडिपुन्नाहिअगुणो गुरू णेओ ।
इयरो वि समुचियगुणो ण उ मूलगुणेहिं परिहीणो ॥९३॥

(एवं सुवर्णसदृशः प्रतिपूर्णाधिकगुणो गुरुर्ज्ञेयः । इतरोऽपि समुचितगुणो न तु मूलगुणैः परिहीनः ॥९३॥)

હોય તેવું ઘડી શકાય એવું હોય છે. (૫) **પ્રદક્ષિણાવર્ત્ત**–અત્યંત તપાવવામાં પ્રદક્ષિણાવૃત્તિવાળું હોય છે. (૬) **ગુરુક**–લઘુસાર–હલકું=તુચ્છ હોતું નથી (૭) **અદાહ્ય**–અગ્નિથી ન બળે તેવું અને (૮) **અકુત્સ્ય**–કુથિત ગંધવિનાનું હોઈ અકુત્સનીય હોય છે. ॥૯૦॥ આને સમાન સાધુના આઠ ગુણોને ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– સુવર્ણની જેમ સાધુ પણ (૧) વિવેકરૂપી ચૈતન્યને દૂર કરનાર **મોહરૂપી** વિષને મોક્ષમાર્ગની પ્રરૂપણાથી હણે છે માટે **વિષઘાતી** છે. (૨) મોક્ષમાર્ગના ઉપદેશ દ્વારા જ અજરામરરક્ષાના હેતુભૂત હોઈ રસાયણની જેમ **રસાયણ** છે. તથા (૩) સ્વગુણોના પ્રભાવે **મંગલાર્થી** હોય છે અર્થાત્ મંગલનું જે દુરિતના ઉપશમરૂપ પ્રયોજન હોય છે તે પ્રયોજન સારનારા હોય છે. તેમજ (૪) યોગ્યતાના કારણે પ્રકૃતિથી જ **વિનીત** હોય છે. (ટીકાર્થ પણ આમાં આવી ગયો.) ॥૯૧॥ તથા—

**ગાથાર્થ** :– (૫) સાધુ સર્વત્ર જે માર્ગાનુસારિતા જાળવે છે એ જ તેનું **પ્રદક્ષિણાવર્તત્વ** છે. (૬) તુચ્છતા–ક્ષુદ્રતાવિનાના ચિત્તવાળા હોઈ **ગુરુક** હોય છે. તથા (૭) ક્રોધ રૂપી અગ્નિથી **અદાહ્ય** હોય છે. તેમજ (૮) હંમેશા શીલરૂપ સુગંધથી યુક્ત હોઈ **અકુત્સ્ય** હોય છે. (ટીકાર્થ સુગમ છે.) ॥૯૨॥ આ આઠ ગુણોનું નિગમન કરતા ગ્રન્થકાર કહે છે—

पर्वंति । एवमुक्तप्रकारेण सुवर्णसदृशः सामान्यतो भावसाधुगुणयोगात् । तथा प्रतिपूर्णा अन्यूनाः अधिकगुणाः प्रतिरूपादिविशेषगुणा यस्य स तथा गुरुर्ज्ञेयः । अपवादाभिप्रायेणाह– इतरोऽपि कालादिवैगुण्यादेकादिगुणहीनोऽपि समुचितगुणः पादार्द्धहीनगुणो गुरुर्ज्ञेयः, न तु मूलगुणैः परिहीनः, तद्रहितस्य गुरुलक्षणवैकल्यप्रतिपादनाद् । उक्तं च [पंचा० ११/३५]– 'गुरुगुणरहिओ वि इहं दट्ठव्वो मूलगुणविउत्तो जो' त्ति । मूलगुणसाहित्ये तु समुचितगुणलाभाद् न किञ्चिद्गुणवैकल्येनाऽगुरुत्वमुद्भावनीयमिति भावः । उक्तं च–[1]'ण उ गुणमित्तविहूणोत्ति चंडरुद्दो उदाहरणं ॥'' ति ॥९३॥ उचितगुणश्च गुरुर्न परित्याज्यः, किन्तु तदाज्ञायामेव वर्त्तितव्यमित्याह–

**एयारिसो खलु गुरू कुलवहुणाएण णेव मोत्तव्वो ।**
**एयस्स उ आणाए जइणा धम्मंमि जइअव्वं ॥९४॥**

(एतादृशः खलु गुरुः कुलवधूज्ञातेन नैव मोक्तव्यः । एतस्य त्वाज्ञया यतिना धर्मे यतितव्यम् ॥९४॥)

एतादृश उचितगुणः, खलु निश्चये गुरुः कुलवधूज्ञातेन नैव मोक्तव्यः । यथाहि कुलवधूर्भर्त्रा भर्त्सितापि तच्चरणौ न परित्यजति, तथा सुशिष्येण भर्त्सितेनाप्युचितगुणस्य गुरोश्चरणसेवा न परित्याज्येति भावः । तु पुनः एतस्योचितगुणस्य गुरोराज्ञया यतिना धर्मे यतितव्यम् ॥९४॥ तदाज्ञास्थितस्य च यो गुणः संपद्यते तमाह—

---

**ગાથાર્થ :–** આ પ્રમાણે સુવર્ણતુલ્ય તથા પરિપૂર્ણ કે અધિકગુણવાળા સાધુ ગુરુ જાણવા. મૂળગુણોથી રહિત ન હોય તેવા ઇતર પણ સમુચિતગુણવાળા સાધુ ગુરુ જાણવા.

સામાન્યથી ભાવસાધુના ગુણો હોવાથી સુવર્ણસદૃશ, અને એમાંનો એકપણ ઓછો ન હોવાથી પ્રતિપૂર્ણગુણી, તેમજ પ્રતિરૂપવગેરે વિશેષગુણોથી પણ યુક્ત હોવાથી અધિકગુણી આવા સાધુને ગુરુ જાણવા. અપવાદના અભિપ્રાયથી ઉત્તરાર્ધમાં કહે છે કે— કાલવગેરેની હીનતાના કારણે એક–બે વગેરે ગુણોથી હીન હોય યાવત્ ચોથા ભાગના કે અડધા ભાગના ગુણોથી હીન હોય તો પણ જો સમુચિત ગુણોવાળા હોય તો એમને ગુરુ જાણવા. પણ મૂલગુણોથી રહિત હોય તેને ગુરુ ન માનવા, કેમકે તેનામાં ગુરુપણાના લક્ષણો હોતા નથી એવું શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે. પંચાશક (૧૧–૩૫)માં કહ્યું છે કે 'ગુરુગુણરહિત તરીકે અહીં તે સાધુ લેવા જે મૂળગુણરહિત હોય.' મૂળગુણની હાજરી હોય તો તો સમુચિતગુણો હાજર હોઇ કોઈ કોઈ ગુણની ગેરહાજરી હોવા માત્રથી અગુરુ માની ન લેવા. કહ્યું છે કે 'એકાદ ગુણમાત્રવિહીન હોય તેને ગુરુગુણ રહિત ન માનવા. એમાં ચંડરુદ્રાચાર્ય ઉદાહરણ જાણવું'' ॥૯૩॥ વળી 'ઉચિતગુણવાળા ગુરુનો ત્યાગ ન કરવો કિન્તુ તેમની આજ્ઞામાં જ રહેવું'' એવું ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ :–** આવા ઉચિતગુણવાળા ગુરુને કુલવધૂના દૃષ્ટાન્તમુજબ છોડવા નહિ. જેમ કુલવધૂ પતિ તરફથી તિરસ્કાર પામે તો પણ પતિના ચરણોને છોડતી નથી તેમ સુશિષ્યે ગુરુવડે ઠપકારાય તો પણ ઉચિતગુણવાળા ગુરુના ચરણની સેવા છોડવી નહિ. ઉપરથી ઉચિતગુણવાળા આ ગુરુની આજ્ઞાનુસારે જ સુશિષ્યે ધર્મમાં પ્રવર્તવું. (ટીકાર્થ સુગમ છે.) ॥૯૪॥ આવા ઉચિતગુણવાળા ગુરુની આજ્ઞામાં રહેલ સાધુને જે ગુણ (લાભ)

---

१. गुरुगुणरहितोऽपीह द्रष्टव्यो मूलगुणवियुक्तो यः । न तु गुणमात्रविहीन इति चंडरुद्र उदाहरणम् ॥

गुरुआणाइ ठियस्स य वज्झाणुट्ठाणसुद्धचित्तस्स ।
अज्झप्पज्झाणम्मि वि एगग्गत्तं समुल्लसइ ॥९५॥

(गुर्वाज्ञायां स्थितस्य च बाह्यानुष्ठानशुद्धचित्तस्य । अध्यात्मध्यानेऽपि एकाग्रत्वं समुल्लसति ॥९५॥)

**गुरुआणाइ** त्ति । गुर्वाज्ञास्थितस्य च परिणतव्यवहारस्य सतो बाह्यानुष्ठानेन विहितावश्यकादिक्रियायोगरूपेण शुद्धचित्तस्य ज्ञानयोगप्रतिबन्धककर्ममलविगमविशदीकृतहृदयस्य निश्चयावलंबनदशायां शुद्धात्मस्वभावपरिणतौ प्रकटीभूतायां अध्यात्मध्यानेऽपि एकाग्रत्वं समुल्लसति ॥९५॥ ततः किं भवति ? इत्याह—

तंमि य आयसरूवं विसयकसायाइदोसमलरहिअं ।
विन्नाणाणंदघणं परिसुद्धं होइ पच्चक्खं ॥९६॥

(तस्मिंश्चात्मस्वरूपं विषयकषायादिदोषमलरहितम् । विज्ञानानंदघनं परिशुद्धं भवति प्रत्यक्षम् ॥९६॥)

**तंमियत्ति** । तस्मिंश्चाध्यात्मध्यानैकाग्रत्वे समुल्लसिते विषयाः शब्दादय इन्द्रियार्थाः, कषायाः क्रोधमानमायालोभास्तदादयो ये दोषमला जीवगुणमालिन्यहेतवस्तद्रहितं तथा विज्ञानानन्दघनं स्वरूपप्रतिभासप्रशमसुखैकरसतामापन्नं परिशुद्धमनुपहितस्फटिकरत्नवत् प्रकृत्यैव निर्मलमात्मस्वरूपं प्रत्यक्षं भवति ॥९६॥ ततश्चात्मन्येव रतस्य तत्रैव तृप्तस्य तत्रैव च सन्तुष्टस्य स्वात्ममात्रप्रतिबन्धविश्रान्ततया विकल्पोपरमः स्यादित्याह—

---

થાય છે તે હવે ગ્રન્થકાર જણાવે છે—

[ સુવર્ણસદૃશગુરુની આજ્ઞામાં રહેલાને થતાં લાભો ]

**ગાથાર્થ** :– ગુર્વાજ્ઞામાં રહેલા, પરિણતવ્યવહારવાળા તેમજ વિહિત એવી આવશ્યકાદિ ક્રિયાયોગરૂપ બાહ્યાનુષ્ઠાનથી શુદ્ધચિત્તવાળા થયેલા સાધુને અધ્યાત્મધ્યાનમાં પણ એકાગ્રતા વિલસે છે.

ઉક્તક્રિયાયોગથી જ્ઞાનયોગપ્રતિબંધક કર્મમલ દૂર થઇ હૃદય–અંતઃકરણ વિશદ બને છે. આવા વિશદ અંતઃકરણવાળા સાધુને નિશ્ચય અવલંબન દશામાં શુદ્ધઆત્મસ્વભાવપરિણતિ થાય છે. અને ત્યારે અધ્યાત્મધ્યાનમાં પણ એકાગ્રતા આવે છે. ॥૯૫॥ એ પછી શું થાય છે તે હવે ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– તે અધ્યાત્મધ્યાનમાં એકાગ્રતા ઉલ્લસિત થએ છતે શબ્દાદિ ઇન્દ્રિયવિષયોરૂપ અને ક્રોધ-માન–માયા–લોભાદિ કષાયોરૂપ જે દોષમલો હોય છે તે વગરનું વિજ્ઞાનઆનંદઘન એવું પરિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે.

ઇન્દ્રિયના વિષયો અને કષાયો જીવના ગુણોની મલિનતા કરનાર હોઈ દોષમલરૂપ છે. સ્વરૂપપ્રતિભાસ અને પ્રશમસુખ સાથે એકરસ બની ગયેલ સ્વરૂપ તે વિજ્ઞાનઆનંદઘનસ્વરૂપ. આજુબાજુમાં કોઇ રંગીન વસ્તુની ઉપાધિ ન હોય એવા સ્ફટિકરત્ન જેવું સ્વભાવથી જ નિર્મળ આત્મસ્વરૂપ એ પરિશુદ્ધ આત્મસ્વરૂપ. ॥૯૬॥ એ પ્રત્યક્ષ થયા પછી આત્મામાંજ લીન બનેલો, તેમાં જ તૃપ્ત થએલો, અને તેમાં જ સંતોષ પામેલો જીવ સ્વાત્મમાત્રના પ્રતિબંધમાં વિશ્રાન્ત થયેલો હોઈ તેના વિકલ્પો અટકી જાય છે. અર્થાત્ સ્વાત્મભિન્ન અન્ય કોઈ જડ કે ચેતન દ્રવ્ય અંગે હવે એને પ્રતિબંધ=મમતા-

जलहिंमि असंखोभे पवणाभावे जह जलतरंगा ।
परपरिणामाभावे णेव विअप्पा तया हुंति ॥९७॥

(जलधावसंक्षोभे पवनाभावे यथा जलतरङ्गाः । परपरिणामाभावे नैव विकल्पास्तदा भवन्ति ॥९७॥)

जलहिम्मित्ति । असंक्षोभे संक्षोभपरिणामरहिते जलधौ समुद्रे पवनाभावे यथा जलतरङ्गा नैव भवन्ति तथा तदा आत्मस्वरूपप्रत्यक्षतादशायां परपरिणामस्य पुद्गलग्रहणमोचनपरिणामस्याभावे नैव विकल्पाः शुभाशुभरूपाश्चित्तविप्लवा भवन्ति ॥९७॥

अध्यात्मध्यानजनितायामात्मस्वरूपप्रत्यक्षतादशायां संहृतसकलविकल्पावस्थायां सूक्ष्मविकल्पोपरमेणैव स्थूलविकल्पोपरमदाढर्यमाह—

का अरती आणंदे केवत्ति वियप्पणं ण जत्थुत्तं ।
अण्णे तत्थ वियप्पा पुग्गलसंजोगजा कत्तो ॥९८॥

(का अरतिः ? आनन्दः कः ? वेति विकल्पनं न यत्रोक्तम् । अन्ये तत्र विकल्पाः पुद्गलसंयोगजाः कुतः ॥९८॥)

का अरति त्ति । का अरतिः ? को वाऽऽनन्दः ? विकल्पनमपि न यत्र आत्मस्वरूपप्रत्यक्षतायाम् उक्तम् अध्यात्मशास्त्रे, स्वरूपानुभवमग्नतया सन्निहितसुखदुःखविकल्पस्य सूक्ष्मस्याप्यनवकाशात्, तत्रान्ये विकल्पाः स्थूलाः पुद्गलसंयोगजा गृहधनस्वजनभोजनादिपुद्गलसंसर्गजनिताः कुतो भवन्ति ? अपि तु न कुतश्चित्, स्वाभाविकधर्मज्ञानसामग्र्या औपाधिकधर्मज्ञानमात्रं प्रति प्रतिबन्धकत्वादिति भावः । तदयं शुद्धात्मस्वभावानुभवनामा सन्मात्रार्थनिर्भासो धर्मशुक्लध्यानफलं विगलितवेद्यान्तरचिदानन्दनिष्यन्दभूतोऽविकल्पः समाधिरुपगीयते ॥ ९८ ॥
अस्यैवाविकल्पसमाधेरुपायभूतं शुद्धं विकल्पमुपदर्शयति—

---

મૂર્છા થતા નથી, કેમકે પોતાની જાતમાં જ અતીવ આનંદ આવે છે. અને તેથી પર દ્રવ્યની વિચારણા રૂપ વિકલ્પો તેને ઊઠતા નથી. એવું ગ્રન્થકાર જણાવે છે—

[આત્મપ્રત્યક્ષતાદશાનું સ્વરૂપ]

**ગાથાર્થ** :– ખળભળાટ વગરના સમુદ્રમાં પવન ન હોય ત્યારે જેમ પાણીના તરંગો હોતા નથી તેમ તદા=આત્મસ્વરૂપ પ્રત્યક્ષ હોવાની અવસ્થામાં પુદ્ગલને લે-મૂક કરવાના પરિણામરૂપ પરપરિણામની ગેરહાજરીમાં શુભ–અશુભ ચિત્તવિપ્લવરૂપ વિકલ્પો થતા નથી. (ટીકાર્થ સરળ છે.) ॥૯૭॥ અધ્યાત્મધ્યાનથી થયેલ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ થવાની અવસ્થામાં કે જેમાં બધા વિકલ્પો શાંત થઈ ગયા છે તે સૂક્ષ્મવિકલ્પો અટકવા વડે જ સ્થૂલવિકલ્પોની અટકાયત દૃઢ બને છે એવું ગ્રન્થકાર જણાવે છે—

**ગાથાર્થ** :– જે આત્મસ્વરૂપપ્રત્યક્ષતા દશામાં અરતિ શું ? આનંદ શું ? એવા પણ વિકલ્પો હોતા નથી એવું અધ્યાત્મશાસ્ત્રમાં કહ્યું છે તો તેમાં પુદ્ગલના સંયોગથી થએલા અન્ય સ્થૂલ વિકલ્પો ક્યાંથી સંભવે ?

આ અવસ્થામાં જીવ સ્વરૂપના અનુભવમાં મગ્ન હોઈ સંનિહિત એવા પણ સુખ-દુઃખના સૂક્ષ્મ પણ વિકલ્પોનો અવકાશ રહેતો નથી. તેથી ઘર–ધન–સ્વજન–ભોજનાદિ-પુદ્ગલના સંસર્ગથી થતા સ્થૂલ વિકલ્પો કોઈ રીતે થતા જ નથી, કેમકે સ્વાભાવિકધર્મના

**अण्णे पुग्गलभावा अण्णो एगो य नाणमित्तोहं ।**
**सुद्धो एस वियप्पो अविअप्पसमाहिसंजणओ ॥९९॥**

(अन्ये पुद्गलभावा अन्य एकश्च ज्ञानमात्रमहम् । शुद्ध एष विकल्पोऽविकल्पसमाधिसंजनकः ॥९९॥)

**अण्णेत्ति ।** **पुद्गलभावाः** पुद्गलपरिणामाः कायमनोवागानप्राणकर्मवर्गणाधनगृहक्षेत्रारामादिसंस्थानभाजोऽविद्याप्रपञ्चोपरचितममकारविषयीभूताः, **अन्ये** मदात्मद्रव्यादेकान्तेन पृथग्भूताः कालत्रयेऽप्युपयोगलक्षणासंस्पर्शादिति भावः । **अहं च ज्ञानमात्र**मुपयोगमात्रस्वभाव इति हेतोः पुद्गलभावेभ्योऽन्य **एकश्च**, कालत्रयेऽप्यन्यद्रव्यसंसर्गेऽपि तत्स्वभावापरिग्रहाद्, अनन्तपर्यायाविर्भावतिरोभावाभ्यामप्यविचलितशुद्धात्मद्रव्यैकशक्तिमत्त्वाच्च । न च ज्ञानदर्शनचारित्ररूपरत्नत्रयस्वभावशालित्वेनापि शुद्धात्मद्रव्यस्यैकत्वक्षतिः संभवति, प्रभानैर्मल्यदोषहरणशक्तिगुणयोगाज्जात्यरत्नस्येवेति । **एष** शुद्धात्मद्रव्यविषयत्वेन **शुद्धो विकल्पः**, **अविकल्पसमाधेः सम्यक्** प्रकारेण **जनकः** एतज्जनितसंस्कारस्य विकल्पान्तरसंस्कारविरोधित्वेन ततस्तदनुत्थानाद्, एतस्य च वह्निर्दाह्यं विनाश्यानुविनाशवदशुभविकल्पजालमुच्छेद्य स्वत एवोपरमादिति ॥९९॥

જ્ઞાનની સામગ્રી ઔપાધિકધર્મનાજ્ઞાન માત્ર પ્રત્યે પ્રતિબંધક હોય છે. આ અવિકલ્પ અવસ્થા સમાધિ કહેવાય છે જે અવિકલ્પ 'શુદ્ધ આત્મસ્વભાવનો અનુભવ' નામવાળો છે, સત્તામાત્રઅર્થના બોધસ્વરૂપ છે, ધર્મ–શુક્લધ્યાનનાફળરૂપ છે. સંવેદન કરવા યોગ્ય અન્ય સર્વ ચીજો સંવેદનમાંથી નીકળી ગઈ હોવાથી ચિદાનંદના નિષ્યન્દ=ઝરણાં રૂપ હોય છે. ॥૯૮॥ આવી અવિકલ્પ–સમાધિના ઉપાયભૂત શુદ્ધ વિકલ્પને દેખાડતા ગ્રન્થકાર કહે છે—

[ શુદ્ધવિકલ્પ અવિકલ્પસમાધિનો જનક ]

**ગાથાર્થ** :– 'પુદ્ગલના પરિણામો મારા કરતા જુદા છે, ઉપયોગમાત્ર સ્વભાવવાળો હોઈ હું પુદ્ગલભાવોથી જુદો છું અને એક છું.' આવો શુદ્ધવિકલ્પ એ અવિકલ્પસમાધિનો સમ્યક્પ્રકારે જનક છે.

શરીર, મન, વચન, શ્વાસોશ્વાસ, કર્મવર્ગણા, ધન, ઘર, ક્ષેત્ર, બગીચો વગેરે આકારે પરિણમેલા અને અવિદ્યાના પ્રપંચથી ઊભી થયેલ મમતાના વિષયભૂત બનેલા એવા આ બધા પુદ્ગલના પરિણામો છે. ત્રણે કાલમાં ક્યારેય પણ જીવના લક્ષણભૂત ઉપયોગનો સંસ્પર્શ પણ પામતા ન હોઈ આ બધા મારા આત્મદ્રવ્યથી એકાન્તે પૃથગ્ છે. ત્રણેકાળમાં અન્યદ્રવ્યનો સંસર્ગ થવા છતાં ક્યારેય પણ પુદ્ગલદ્રવ્યના સ્વભાવને સ્વીકારતો ન હોવાથી હું પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છું. તેમજ અનંતપર્યાયોના આવિર્ભાવ અને તિરોભાવ થવા છતાં અવિચલિત રહેલી શુદ્ધ આત્મદ્રવ્યની એકમાત્ર શક્તિ (યોગ્યતા) વાળો હોવાથી હું એક છું. 'શુદ્ધાત્મ દ્રવ્યપણ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ રત્નત્રયસ્વભાવવાળું હોવાથી તેમાં એકત્વ સંભવતું નથી' એવું ન માનવું, કેમકે પ્રભા–નિર્મળતા, દોષદૂરકરવાની શક્તિરૂપગુણ વગેરે અનેક સ્વભાવવાળા જાત્યરત્નમાં જેમ એકત્વ હોય છે તેમ આમાં પણ હોય છે. ઉક્ત વિકલ્પ શુદ્ધઆત્મદ્રવ્યવિષયક હોઈ શુદ્ધ છે. એનાથી થયેલ સંસ્કાર અન્ય વિકલ્પના સંસ્કારનો વિરોધી હોઈ અને અગ્નિ જેમ

तदेतदध्यात्मध्यानमविकल्पसमाधिसंबन्धबन्धुरमित्येतदेवाभिष्टुवन्नाह—

**एयं परमं नाणं परमो धम्मो इमो च्चिय पसिद्धो ।**
**एयं परमरहस्सं णिच्छयसुद्धं जिणा बिंति ॥१००॥**

(एतत्परमं ज्ञानं परमो धर्मोऽयमेव प्रसिद्धः । एतत्परमरहस्यं निश्चयशुद्धं जिना ब्रुवते ॥१००॥ )

**एयं परमंति** । एतदध्यात्मध्यानं परमं ज्ञानं, ज्ञानस्य विरतिफलत्वाद्, विरतेश्च समतासारत्वात्, समतायाश्चैतदायत्तत्वादिति भावः । **परमो धर्मोऽयमेव प्रसिद्धः** दुर्गतौ पततो जन्तोर्धरणात् सिद्धिगतौ नियमेन धारणाच्च । एतच्च परमरहस्यमुत्कृष्टोपनिषद्भूतं, **निश्चयशुद्धं** पारमार्थिकनयविशदीकृतं **जिनास्तीर्थकरा ब्रुवते** । यदागमः– [ ओ० नि० ]

परमरहस्समिसी(मी)णं समत्तगणिपिडगझरिअसाराणं । परिणामियं पमाणं णिच्छयमवलंबमाणाणं ॥ ७६० ॥

[ पंच व० ६०२ ] ॥१००॥ अध्यात्मस्य प्रवचने परमरहस्यत्वादेव परीक्षकैः सर्वत्र तदनुल्लङ्घनेनैव प्रवृत्तिः कर्त्तव्येत्यभिप्रायवानाह—

**अज्झप्पाबाहेणं विसयविवेगं अओ मुणी बिंति ।**
**जुत्तो हु (हि) धम्मवाओ ण सुक्कवाओ विवाओ वा ॥१०१॥**

(अध्यात्माबाधेन विषयविवेकमतो मुनयो ब्रुवन्ति । युक्तः खलु(हि) धर्मवादो न शुष्कवादो विवादो वा ॥१०१॥)

**अज्झप्पाबाहेणं ति** । अतोऽध्यात्मस्य परमरहस्यत्वादध्यात्माबाधेन स्वपरगतमैत्र्यादिसमन्वि-

---

બળતણનો નાશ કરી પછી પોતે પણ સ્વયં નાશ પામી જાય છે તેમ આ વિકલ્પ પણ અશુભવિકલ્પોની જાળનો ઉચ્છેદ કરી સ્વયં શાંત થઈ જતો હોઈ આ શુદ્ધવિકલ્પ અવિકલ્પ સમાધિનો સમ્યક્પ્રકારે જનક બને છે. ॥૯૯॥

[ અધ્યાત્મજ્ઞાનની સ્તુતિ ]

આમ આ અધ્યાત્મધ્યાન અવિકલ્પસમાધિના જનકત્વરૂપ સંબંધને ધરાવતું હોઈ ઘણું સુંદર છે. તેથી તેની જ સ્તવના કરતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :–આ અધ્યાત્મધ્યાન જ પરમજ્ઞાન છે, પરમધર્મ તરીકે આ જ પ્રસિદ્ધ છે, આ જ નિશ્ચયશુદ્ધ પરમ રહસ્ય છે એવું શ્રી તીર્થંકરો કહે છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે જેનો સાર સમતા છે. આ સમતા અધ્યાત્મધ્યાનને આધીન છે માટે શ્રેષ્ઠજ્ઞાનનું પરંપરાએ જે સારભૂત કાર્ય છે તે સમતા આ અધ્યાત્મધ્યાનથી થતી હોઇ એ અધ્યાત્મધ્યાનને પરમજ્ઞાન કહ્યું છે. એમ એ દુર્ગતિમાં પડતા જીવને ધારનાર (બચાવનાર) હોઈ તેમજ સિદ્ધિગતિમાં અવશ્ય ધારનાર (લઈજનાર-ટકાવનાર) હોઈ પરમ ધર્મ છે. પારમાર્થિકનય–નિશ્ચયનયથી વિશદ બનેલ તે ઉત્કૃષ્ટ ઉપનિષદ્ભૂત છે. ઓઘનિર્યુક્તિ ( ૭૬૦ ) ( અને પંચવસ્તુ–૬૦૨ ) માં કહ્યું છે કે– 'જેઓએ સમસ્ત દ્વાદશાંગીનો સાર ધારી રાખેલો છે તેવા અને નિશ્ચયનું અવલંબન કરતા એવા ઋષિઓને આ પરમરહસ્ય તરીકે સંમત છે કે પરિણામ એ પ્રમાણ છે. (અર્થાત્ બાહ્યક્રિયાનહિ પણ જીવના અધ્યવસાય જ કર્મનાબંધ કે નિર્જરા વગેરેમાં મુખ્ય ભાગ ભજવે છે.)' ॥૧૦૦॥ આમ પ્રવચનમાં અધ્યાત્મ જ પરમરહસ્યભૂત હોઈ પરીક્ષકોએ સર્વત્ર તેનું ઉલ્લંઘન ન થાય એ રીતે જ પ્રવૃત્તિ કરવી જોઇએ એવા અભિપ્રાયવાળા ગ્રન્થકાર કહે છે–

तच्छुभाशयाविच्छेदेन विषयविवेकं निर्णिनीषितार्थनिर्णयं ब्रुवते मुनयो विगलितरागद्वेषाः साधवः कर्त्तव्यमिति शेषः । हि यतो धर्मवाद एव मध्यस्थेन पापभीरुणा च समं तत्त्वनिर्णयार्थमपक्षपातेन कथाप्रारंभलक्षणो युक्तः, तत्त्वज्ञानफलत्वात् तस्य, न शुष्कवादः, जये पराजये वा परस्य स्वस्य चानर्थलघुत्वापत्तेः कण्ठशोषमात्रफलः, विवादो वा दुःस्थितेनार्थिना सह छलजातिप्रधानो जल्पः युक्तः, साधूनां माध्यस्थ्यप्रधानत्वात्, शुभानुबन्धित्वाच्च साधूनां प्रयत्नस्य ॥१०१॥

तदेवं धर्मवादेनैवाध्यात्माबाधेन तत्त्वनिर्णयस्य कर्त्तव्यत्वाच्छिष्टाचारानुरोधेन तथोद्देशेनैव प्रारब्धस्य स्वग्रन्थस्य फलोपहितत्वं प्रदर्शयन्नन्यैरपि तत्त्वनिर्णयसिद्ध्यर्थमित्थमेव भणितव्यमित्युपदेशमाह—

**भणियं किंचि फुडमिणं दिसाइ इय धम्मवायमग्गस्स ।**
**अण्णेहि वि एवं चिय सुआणुसारेण भणियव्वं ॥१०२॥**

(भणितं किञ्चित्स्फुटमिदं दिशेति धर्मवादमार्गस्य । अन्यैरप्येवमेव श्रुतानुसारेण भणितव्यम् ॥१०२॥)

---

[ ધર્મવાદ જ કર્ત્તવ્ય ]

**ગાથાર્થ** :- 'અધ્યાત્મ પરમરહસ્યભૂત હોઈ તેને બાધા ન પહોંચે એ રીતે અર્થાત્ સ્વપરમાં રહેલ મૈત્રીવગેરે યુક્ત શુભઆશયનો વિચ્છેદ ન થાય એ રીતે-નિર્ણય કરવાને ઈચ્છાયેલ અર્થના નિર્ણયરૂપ વિષયવિવેક કરવો' એવું જેઓના રાગદ્વેષ ખરી પડયા છે તેવા સાધુઓ કહે છે. કેમકે ધર્મવાદ કરવો એ જ યોગ્ય છે, શુષ્કવાદ કે વિવાદ નહિ

મધ્યસ્થ અને પાપભીરુ એવા વાદી સાથે તત્ત્વનો નિર્ણય કરવા માટે પક્ષપાત વિના ચર્ચા કરવી એ ધર્મવાદ છે. એના ફળ રૂપે તત્ત્વનું જ્ઞાન થતું હોવાથી એ કર્ત્તવ્ય છે. જય કે પરાજયમાં સામાના કે પોતાના અનર્થ–લઘુતા વગેરે થતાં હોવાથી માત્ર ગળું દુઃખાવવારૂપ ફળ આપનાર શુષ્કવાદ કે દુઃસ્થિત એવા અર્થી સાથે છલ–જાતિ વગેરેની પ્રચુરતાવાળા જલ્પરૂપ વિવાદ એ બે કર્ત્તવ્ય નથી, કેમકે સાધુઓ માધ્યસ્થ્યને મુખ્ય કરનારા હોય છે તેમજ તેઓનો કોઈપણ પ્રયત્ન શુભાનુબંધી હોય છે. શુષ્કવાદ કે વિવાદમાં માધ્યસ્થ્ય જળવાઈ રહેતું નથી તેમજ તેના પ્રયત્નથી શુભાનુબંધ પડતા નથી. ॥૧૦૧॥ આમ ધર્મવાદથી જ અધ્યાત્મને બાધા ન પહોંચે એ રીતે તત્ત્વનિર્ણય કરવો એ શિષ્ટાચાર છે. આવા શિષ્ટાચારના અનુરોધથી તેવા જ ઉદ્દેશથી શરૂ કરેલ સ્વગ્રન્થ સફળ છે તે દેખાડતા ગ્રન્થકાર સાથે સાથે, 'બીજાઓએ પણ તત્ત્વનિર્ણયની સિદ્ધિ કરવા માટે આ રીતે જ બોલવું જોઈએ' એવો ઉપદેશ આપે છે—

[ અંત્ય ઉપદેશ ]

**ગાથાર્થ** :- ઉપર કહી ગયા એ કારણે મારા વડે ધર્મવાદમાર્ગની દિશાએ જ પ્રસ્તુતઅર્થની બાબતમાં આ કંઈક સ્પષ્ટ રીતે કહેવાયું છે. તેથી તાત્પર્યભૂત અર્થદૃષ્ટિથી તત્ત્વનિર્ણયસિદ્ધિ પણ કરી જ છે. અર્થાત્ 'ધર્મવાદના માર્ગસૂચન પ્રમાણે સ્પષ્ટ રીતે વિચારણા કરવાથી તત્ત્વનિર્ણય થઈ જાય છે' એવો નિયમ હોવાથી પોતે જે એ પ્રમાણે સ્પષ્ટવાતો કરી છે તેના તાત્પર્યનો વિચાર કરતાં જ તત્ત્વનિર્ણયની સિદ્ધિ પણ થઈ જ

भणियं ति। इत्युक्तहेतोः धर्मवादमार्गस्य दिशैव स्फुटमिदं किञ्चित्प्रकृतार्थगोचरं भणितं मया, तेन च तात्पर्यार्थदृष्ट्या तत्त्वनिर्णयसिद्धिरपि कृतैवेति भावः। अन्यैरपि धर्मपरीक्षकैः एवमेव श्रुतानुसारेण भणितव्यम्। इत्थमेव प्रकृतार्थभ्रमनिवृत्त्या तत्त्वज्ञानसिद्धेः, रागद्वेषपरिणामाभावेन कल्याणबीजसंपत्तेश्चेति भावनीयम् ॥१०२॥ सर्वस्वोपदेशमाह—

**किं बहुणा इह जह जह रागद्दोसा लहुं विलिज्जंति ।**
**तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ॥१०३॥**

(किं बहुनेह यथा यथा रागद्वेषौ लघु विलीयेते । तथा तथा प्रवर्तितव्यमेषाऽऽज्ञा जिनेन्द्राणाम् ॥१०३॥)

**एसा धम्मपरिक्खा रइआ भविआण तत्तबोहट्ठा ।**
**सोहिंतु पसायपरा तं गीयत्था विसेसविऊ ॥१०४॥**

(एषा धर्मपरीक्षा रचिता भव्यानां तत्त्वबोधार्थाय । शोधयन्तु प्रसादपराः तां गीतार्था विशेषविदः ॥१०४॥)

स्पष्टा ॥१०३॥ स्पष्टा ॥१०४॥

**प्रशस्ति :-**

सूरिश्रीविजयादिदेवसुगुरोः पट्टाम्बराहर्मणौ
सूरि श्रीविजयादिसिंहसुगुरौ शक्रासनं भेजुषि ।
सूरिश्रीविजयप्रभे श्रितवति प्राज्यं च राज्यं कृतो
ग्रन्थोऽयं वितनोतु कोविदकुले मोदं विनोदं तथा ॥ १ ॥

---

જાય છે. બીજા ધર્મપરીક્ષકોએ પણ આ જ રીતે શ્રુતાનુસારે બોલવું જોઇએ કેમકે એ રીતે જ પ્રસ્તુત બાબતો અંગેનો ભ્રમ દૂર થવા દ્વારા તત્ત્વનું જ્ઞાન થાય છે. તેમજ એ રીતે બોલવામાં રાગદ્વેષપરિણામનો અભાવ રહેતો હોઈ (કેમકે એમાં માધ્યસ્થ્ય જાળવવાનું હોય છે) કલ્યાણના બીજની સંપ્રાપ્તિ થાય છે. આ વાત બરાબર ભાવવી. (આમાં ટીકાર્થ આવી ગયો.) ॥૧૦૨॥ હવે સર્વસારભૂત ઉપદેશને જણાવતા ગ્રન્થકાર કહે છે—

**ગાથાર્થ** :- વધારે શું કહેવું ? આ જિનપ્રવચનમાં શ્રી જિનેશ્વરભગવંતોની આજ્ઞા એ જ છે કે જે જે રીતે રાગ અને દ્વેષ શીઘ્ર વિલીન થાય તે તે રીતે પ્રવૃત્તિ કરવી. આનો ભાવાર્થ સ્પષ્ટ છે. ॥૧૦૩॥

ગાથાર્થ : ભવ્યજીવોને તત્ત્વોનો બોધ થાય એ માટે આ **ધર્મપરીક્ષા** મારા વડે રચાઇ છે. કૃપા કરવામાં તત્પર અને સૂત્રોના સૂક્ષ્મરહસ્યોના વિશેષના=ભેદના જાણકાર એવા ગીતાર્થો તેનું સંશોધન કરો. આનો ભાવાર્થ સ્પષ્ટ છે. ॥૧૦૪॥

**–પ્રશસ્તિ–**

સુગુરુ આચાર્ય શ્રી વિજય **દેવસૂરીશ્વરજી** મ. સા.ની પાટરૂપ આકાશમાં સૂર્યસમાન સુગુરુ આચાર્ય શ્રી વિજય **સિંહસૂરીશ્વરજી** મ. સા. શક્રાસનને ભજતે છતે અને આચાર્ય શ્રી વિજય **પ્રભસૂરીશ્વરજી** મ. જૈનશાસનરૂપ વિશાળરાજ્ય ધારણ કરતે છતે રચાએલો આ ગ્રન્થ વિદ્વાનોના સમુહમાં આનંદને તથા વિનોદને ફેલાવે. ॥૧॥

महोपाध्यायश्रीविनयविजयैश्चारुमतिभिः प्रचक्रे साहाय्यं तदिह घटनासौष्ठवमभूत् ।
प्रसर्पत्कस्तूरीपरिमलविशेषाद्भवति हि प्रसिद्धः शृङ्गारस्त्रिभुवनजनानन्दजननः ॥ २ ॥
सन्तः सन्तु प्रसन्ना मे ग्रन्थश्रमविदो भृशम् । येषामनुग्रहादस्य सौभाग्यं प्रथितं भवेत् ॥३॥

॥ इति जगद्गुरुबिरुदधारिभट्टारकश्रीहीरविजयसूरीश्वरशिष्यमुख्यषड्तर्कीविद्याविशारदमहोपाध्यायश्रीकल्याणविजयगणिशिष्यावतंसशास्त्रज्ञतिलकपण्डितश्रीलाभविजयगणिशिष्यरत्नगुणगणगरिष्ठपण्डितश्रीजीतविजयसतीर्थ्यतिलकविपुलयशःप्रतापसौभाग्यनिधिपण्डितश्रीनयविजयगणिचरणकमलसेविना पण्डितश्रीपद्मविजयगणिसहोदरेण पण्डितयशोविजयेन कृतोऽक्षय्यतृतीयायां धर्मपरीक्षानामा ग्रन्थः संपूर्णः ॥

---

ચારુમતિવાળા મહામહોપાધ્યાય **શ્રી વિનયવિજય** મહારાજે આ ગ્રન્થમાં સહાય કરી છે તેથી ગ્રન્થમાં (ઘટના=સંકલન વગેરેનું) વિશેષપ્રકારે સૌષ્ઠવ ઊભું થયું છે. પ્રસિદ્ધ શ્રૃંગાર પણ તેમાં કસ્તૂરીની પ્રસરતી વિશેષપ્રકારની સુગંધ ભળવાથી ત્રિભુવનજનને આનંદજનક બને છે. ॥૨॥

મારા ગ્રન્થરચનાના શ્રમના જાણકાર સજ્જનો અત્યંત પ્રસન્ન થાઓ, જેઓના અનુગ્રહથી આ ગ્રન્થનું સૌભાગ્ય દુનિયામાં ફેલાય. ॥૩॥

આમ 'જગદ્ગુરુ' બિરુદધારક ભટ્ટારક આચાર્યશ્રી વિજય **હીરસૂરીશ્વરજી** મહારાજાના મુખ્યશિષ્ય અને ષડ્દર્શનની વિદ્યાના વિશારદ એવા મહોપાધ્યાયશ્રી **કલ્યાણવિજય** ગણિવરના શિષ્યોમાં મુકુટસમાન અને શાસ્ત્રજ્ઞોમાં તિલકસમાન એવા પંડિત શ્રી **લાભવિજય** ગણિવરના શિષ્યરત્ન ગુણગણગરિષ્ઠ પંડિત શ્રી **જીતવિજય** ગણિવરના ગુરુબંધુઓમાં તિલક સમાન અને વિપુલ યશ–પ્રતાપ–સૌભાગ્યના નિધિ એવા પંડિતશ્રી **નયવિજય** ગણિના ચરણકમલના કિંકર તેમજ પંડિતશ્રી **પદ્મવિજય** ગણિના સહોદર એવા પંડિતશ્રી **યશોવિજય** મહારાજ વડે આ **ધર્મપરીક્ષા** નામનો ગ્રન્થ અક્ષયતૃતીયાના દિવસે પૂર્ણ કરાયો.

કર્મસાહિત્યનિષ્ણાત, સચ્ચારિત્રચૂડામણિ, સિદ્ધાન્તમહોદધિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સંઘહિતચિંતક આચાર્યદેવેશશ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન અધ્યાત્મરસિક સિદ્ધાન્તકોવિદ આચાર્યદેવ શ્રી **ધર્મજિત્** સૂરીશ્વરજીમહારાજના શિષ્યરત્ન પ્રભુભક્તિરસિક વિદ્વદ્વર્ય પંન્યાસ પ્રવર **શ્રી જયશેખર વિજય** ગણિવર્યના શિષ્યાણુ **મુનિ અભયશેખર** વિજયે **ધર્મપરીક્ષા** ગ્રન્થનો કરેલો આ ગુર્જર ભાવાનુવાદ સાનંદ સંપૂર્ણ થયો. એમાં ગ્રન્થકારના આશયવિરુદ્ધ કે પરમપાવની શ્રી જિનાજ્ઞાવિરુદ્ધ જે કાંઈ લખાયું હોય તેનું મિચ્છામિ દુક્કડમ્ તેમજ ગીતાર્થ બહુશ્રુતોને તેની શુદ્ધિ કરવા નમ્ર વિનંતિ. આ ગ્રન્થરત્નનો ભાવાનુવાદ કરવાથી જે પુણ્યપ્રાગ્ભારનું ઉપાર્જન થયું હોય તેના પ્રભાવે ભવ્યજીવો આ ગ્રન્થના અધ્યયન વગેરેમાં ઉદ્યમશીલ બની સ્વ–પર હિત સાધો એ જ શુભેચ્છા. शुभं भवतु श्रीश्रमणसङ्घस्य.... [ વિ. સં. ૨૦૪૩ ]

श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः

न्यायविशारद न्यायाचार्योपाध्याय यशोविजय विरचितः

# विचारबिन्दुः

[ धर्मपरीक्षाग्रन्थस्य वार्त्तिकम् ]

ऐँ नमः ।

ऐन्द्रश्रेणिनतं नत्वा जिनं तत्त्वार्थदेशिनम् ।
कुर्वे धर्मपरीक्षार्थे लेशोद्देशेन वार्त्तिकम् ॥१॥

## [ અનંતસંસારનિયમ વિચાર ]

કોઈક કહે છે જે 'ઉત્સૂત્રભાષીનિં અનંત જ સંસાર હોઈ' એ નિર્ધાર ન ઘટે જે માટિં—'जे णं तित्थकरादीणं महतिं आसायणं कुज्जा से णं अज्झवसायं पडुच्च जाव णं अणंत-संसारियत्तणं लभिज्जा' એ **મહાનિશીથ**સૂત્રનિં વચનિં, ઉત્સૂત્ર ભાષણ પણિ મોટી આશાતના જ છે. તથા **છટ્ઠઈ અંગિં કાલીદેવી** પ્રમુખનિં 'अहाछंद अहाछंदविहारिणीओ' એહવું કહિઉં છે અનિં યથાછંદપણું તે ઉત્સૂત્રભાષિં જ હોઇ, જે માટે **આવશ્યક મધ્યે** કહિઉં છે—उस्सुत्तमायरंतो उस्सुत्तं चेव पण्णवेमाणो । एसो उ अहाछंदो इच्छा छंदो य एगट्ठा ॥ અનિં તેહનિ તો એક ભવાંતરિં મોક્ષગામિપણું કહિઉં છઈ એ વિચારવું.

હવૈ કોઈક ઈમ કહસ્યૈ જે 'યથાછંદાનિ નિયત ઉત્સૂત્રભાષણ ન હોઈ, તે જુઆં જુઆં ઉત્સૂત્રભાષૈ અનિં મતિનિં નિયત ઉત્સૂત્રભાષણ હોઇ તે માટિં મતિનિં તે(હનિં) અનંત જ સંસાર, યથાછંદાનિં નિર્ધાર ન હોઇ' તે જૂઠું, જે માટિં અનિયત હિંસાદિક દોષની પરિં અનિયત ઉત્સૂત્રભાષણિં સંસારની ન્યૂનતા શાસ્ત્રિ કહી નથી અનિં ઇહાં યુક્તિ પણિ નથી, ઈણિ કરિઈ—

उम्मग्गमग्गसंपट्ठियाण साहूण गोयमा ! नूनं । संसारो अ अणंतो होइ सम्मग्गनासीणं ॥

એ **ગચ્છાચારપયન્ના**ની ગાથાથી નિર્ધાર લેખવે છે તે ન ઘટે, જે માટિં ઉન્માર્ગગામી યથાછંદો પણિ કહિઈ. તથા **નેમિચરિત્ર**મધ્યે—

निर्मिता द्वारकास्माभिः संहृता च यियासुभिः । कर्त्ता हर्ता च नान्योऽस्ति स्वर्गदा वयमेव च ॥

ઇત્યાદિક **બળભદ્રનાં** વચન કહિયાં છે, અનિં તેહનિં તો અલ્પ જ સંસાર છે, તે માટિં ઉત્સૂત્રભાષીની પણિ પરિણામવિશેષિં સંખ્યાતાદિક ત્રિવિધસંસાર સંભવૈ । અનંત તે વ્યવહારભાષાઇં જ કહેવાઇ તે માટિં વિચારીનિં જોવો ॥૧॥

'કર્યા પાપનું પ્રાયશ્ચિત્ત ઇહ ભવિં ન (? જ) હોઇ, પણિ ઉત્સૂત્રભાષણાદિક પાપની પ્રાયશ્ચિત્ત જન્માન્તરનિં વિષૈ ન હોઈ' ઇત્યાદિક કોઇક કહૈ છૈ તિહાં—

'जावाउ सावसेसं' ઈત્યાદિક ઉપદેશમાલાની (૨૫૮) ગાથાની સંમતિ કહે છે તે ન ઘટૈ, જે માટિં તે ગાથામાં પ્રમાદ પરિહારનો અર્થ છે, પણિ તે અ....ર્થા, તથા કાલીદેવી પ્રમુખનિં અનંતભવ અંતરવિના ભવાંતરિ જ પ્રાયશ્ચિત્ત કહિઉં છે જે માટિં દીક્ષા તે ભવાંતરસર્વ પાપનું પ્રાયશ્ચિત્ત છે. सव्वा वि हु पव्वज्जा पायच्छित्तं भवंतरकडाणं। ઈત્યાદિ હરિભદ્ર વચનાનુસારિં તથા 'इहभवियमन्नभवियं' चतुःशरणप्रकीर्णके [५०] 'इहं वा भवे अन्नेसु वा भवग्गहणेसु' पाक्षिक सूत्रे, 'इत्थं वा जम्मे जम्मंतरेसु वा' पञ्चसूत्रे।

કોઈક કહેસ્યૈ એ અક્ષરથી 'હિંસાદિક પાપનું પ્રાયશ્ચિત્ત ભવાંતરિં કહિઉં, પણિ ઉત્સૂત્રભાષણનું ન હોઈ' તે જૂઠું, જે માટિં 'अरिहंतेसु वा' ઈત્યાદિક પંચસૂત્રિં (સૂ. ૯) કહિઉં છે। અનિં બાહુલ્યાભિપ્રાઈ તો હિંસાદિક પાપનો પણિ અનંત અનુબંધ કહિઓ છે ઇતિ. 'से परस्स अट्ठाए कूराइं कम्माइं बाले पकुव्वमाणे तेण दुक्खेण मूढे विप्परियासमुवेइ' ઇત્યાદિક આચારાંગ મધ્યે, તે માટિં ઈહ ભવિં તથા ભવાંતરિં પ્રાયશ્ચિત્ત આશ્રિ પણિ પરિણામવિશેષ જ અનુસરવો. ॥૨॥

'મિથ્યાત્વમધ્યે અનાભોગમિથ્યાત્વ અવ્યક્ત, બીજા ચ્યાર વ્યકત, તિહાં અભવ્યનિં અવ્યકત મિથ્યાત્વ જ હોઇ, ભવ્યનિં બેહૂં હોઇ' એહવું કોઇ કહે છે તે જૂઠું, જે માટિં 'अभव्याश्रितमिथ्यात्वेऽनाद्यनन्ता स्थितिर्भवेत्' ગુણસ્થાનકક્રમારોહગ્રન્થિં (૧૦), 'अभव्यानाश्रित्य मिथ्यात्वे सामान्येन व्यक्ताव्यक्तविषये' એહવું વૃત્તિં લિખ્યું છે.' તથા 'अधम्मे अधम्मसन्ना' ઈત્યાદિક વ્યકતમિથ્યાત્વ, દ્રવ્યદીક્ષા લેઈ ગ્રૈવેયકિં જાઈ છે જે અભવ્ય તેહનિં પ્રગટ દીસે છે. 'તેહનિં વ્યવહારિં વ્યકત અનિં નિશ્ચયથી અવ્યકત' એહવું જિ કોઈ કુકલ્પના કરે છે તેહ તો બીજાઇ મિથ્યાત્વીનિ કહિઈ તો કહવાઈ, પણિ એકવાર 'બાહ્યવ્યકત અંતરઅવ્યકત' એ બેહુ ઉપયોગ જિનશાસનં જાણે તે કિમ ભાખૈ ? ॥૩॥

'અનાભોગમિથ્યાત્વ નિજઘર સરિખું છે. તિહાં વર્ત્તતા જીવ ન માર્ગગામી તથા ન ઉન્માર્ગગામી આવઇ, તે છાંડી જૈનમાર્ગમાં આવૈ તો માર્ગગામી કહિઈ, શાકયાદિ દર્શનમાં આવૈ તો ઉન્માર્ગગામી કહિઇ। અનિં અભવ્ય એ બેહુ એકૈમાં નહી, તે માટિં ત્રીજા ભેદમાં હોઈ' ઈમ કોઈ કહે છે તે જૂઠ્ઠું, જે માટિં જિનશાસનમાં બઈ જ રાશિ છે. અભવ્યપણિ—

णत्थि ण णिच्चो ण कुणइ कयं ण वेएइ णत्थि णिव्वाणं।
णत्थि य मोक्खोवाओ छम्मिच्छत्तस्स ठाणाइं ॥ [३-५५]

એ સમ્મતિગ્રન્થમધ્યે ૬ મિથ્યાત્વસ્થાનક કહિયાં છઈ, તે માંહિલે એક સ્થાનકઈ વ્યવહારરાશિમધ્યે આવ્યઈ ઉન્માર્ગગામી જ કહવાઈ ॥૪॥

## [બાદરનિગોદવ્યવહારિત્વ વિચાર]

"ववहारीणं णियमा संसारो जेसि हुज्ज उक्कोसो। तेसिं आवलियअसंखभागसमय पुग्गलपरट्टा॥

એ ગાથા વ્યાખ્યાનવિધિશતક (૮૨) મધ્યિં છઇ, તે માટિં અનંતપુદ્ગલપરાવર્ત્તસંસારી અભવ્ય વ્યવહારિં ન કહિઇ" ઈમ કોઈક કહે છે તે મિથ્યા, જે માટિં સંગ્રહણીવૃત્તિમાં કહઇ છઇ—

"एते च निगोदे वर्त्तमाना जीवा द्विधाः–सांव्यवहारिका असांव्यवहारिकाश्च । तत्र ये सांव्यवहारिकास्ते निगोदेभ्य उद्वृत्य शेषजीवराशिमध्ये समुत्पद्यन्ते । तेभ्य उद्वृत्य केचिद्‌भूयोऽपि निगोदमध्ये समागच्छन्ति । तत्राप्युत्कर्षत आवकालिकाऽसंख्येयभागगतसमयप्रमाणान् पुद्‌गलपरावर्त्तान् स्थित्वा भूयोऽपि शेषजीवेषु मध्ये समागच्छन्ति । एवं भूयोभूयः सांव्यवहारिकजीवा गत्यागती कुर्वन्तीति" [ ]

એ વચનથી વારંવાર ગમનાગમનઇં વ્યવહારીનઇં અનંતપુદ્ગલપરાવર્ત્ત પણિ સમ્ભવઇં, નપુંસકવેદઇં ઉત્કર્ષથી આવલિકાસંખ્યાતપુદ્ગલપરાવર્ત્ત કહિયાં છઇં, તે નિરંતરપણાનિં ઉત્કર્ષઇં મેલવિઇં. કોઈક કહસ્યઇં જે 'વારંવાર ભ્રમણઇં અસંખ્યાતનું અસંખ્યાતપણું જ આવઇં પણિ અનંતપણું નાવઇં' તેહનઈં કહિઈં 'તો ગ્રંથાંતરિ' અનંતપુદ્ગલ કહિયા તે કિમ મિલૈ ? જે માટિ, एवं विकलेन्द्रियेषु गतागतैरनन्तपुद्गलपरावर्त्तान् निरुद्धोऽतिदुःखितः' ઇત્યાદિક **ભુવનભાનુકેવલિચરિત્ર** મધ્યે મહાપ્રબંધઇં કહિઉં છઇં. **તથા,** अनादिरेषसंसारो नानागति समाश्रयः । पुद्‌गलानां परावर्त्ता अत्रानन्तास्तथा मताः ॥ એ યોગબિન્દુ (૭૪) ગ્રન્થમધ્યે પણિ નરનારકાદિભાવઇં અનંતપુદ્ગલપરાવર્ત્ત ગત્યાગતી કહિ છઇં, તે માટે ગ્રંથાનુરોધિ કલ્પના કીજઇ, પણિ કલ્પનાનુરોધિ ગ્રન્થકદર્થના ન કીજઈ ॥૫॥

એણે કરીને 'બાદરનિગોદજીવનઈં અવ્યવહારિયા કહઇ છઇ' તે પણિ જુઠું જાણવું, જે માટિ નિગોદભાવસ્થિત્યાદિકાલમાન સૂત્રિ કહિઉં છઇ તે સૂક્ષ્મબાદરાદિ ક્રમપર્યાયસ્પર્શઇં જ ઘટઈં, અનઈં, વારંવાર ગમનાગમનિ અનંતપુદ્ગલપરાવર્ત્ત પણિ સંભવઈ. અનંતપુદ્ગલિ માટઈં બાદરનિગોદજીવનઇ તથા અભવ્યનઈ અવ્યવહારી કહિઈં, તો **ભુવનભાનુ** (કેવલિચરિત્ર) પ્રમુખ વિરાધેઈં, સર્વજિનશાસનપ્રક્રિયા વિઘટઈં, તે માટિ એ કુયુક્તિ ન કરવી. હવૈ બાદરનિગોદે જીવ વ્યવહારિયા કહિઈં તિહાં ગ્રંથસાખિ લિખિઇ છૈ. सर्वे जीवा व्यवहार्यव्यवहारितया द्विधा, सूक्ष्मा निगोदा एवान्त्यास्तेऽन्ये च व्यवहारिणः । इति योगशास्त्रवृत्तौ । "तत्र येऽनादिसूक्ष्मनिगोदेभ्य उद्वृत्य शेषजीवेषु उत्पद्यन्ते ते पृथिव्यादिव्यवहारयोगात् सांव्यवहारिकाः । ये पुनरनादिकालादारभ्य सूक्ष्मनिगोदेष्वेवावतिष्ठन्ते ते तथाविधव्यवहारातीत्वादसांव्यवहारिका" इति प्रवचनसारोद्धारवृत्तौ । [ ]

गमागमादिकं लोकव्यवहारममी पुनः । कुर्वन्ति सर्वदा तेन प्रोक्ताः सांव्यवहारिकाः ॥ १ ॥

इति लघूपमितिभवप्रपञ्चग्रन्थे । [ ] 'यदा तत्रासंव्यवहारनगरेऽभूवं तदा मम जीर्णा' जीर्णामपरां गुटिकां दत्तवती केवलं सूक्ष्ममेव रूपमेकाकारं सर्वदा तत्प्रयोगेण विहितवती ॥'–इति वृद्धोपमितभवप्रपञ्चग्रन्थे । [ ]

तेरसविहा जहा–एगे सुहुमणिगोयरूवे असंववहारभेए । बारस संववहारिया य, ते अ इमे–पुढवि–आउ-तेउ-वाउ णिगोआ, सुहुमबायरत्तेण दुदुभेया पत्तेयवणस्सई तसा य ॥

समयसारसुत्ते [सू० १३] ।

असंव्यवहारपुरान्निष्कास्य समानीतो व्यवहारनिगोदेषु । भवभावनावृत्तौ ।

व्यवहारराशिप्रवेशत उत्कर्षेण बादरनिगोदे पृथिव्यप्तेजोवायुषु प्रत्येकं सप्ततिसागरोपमाणि तिष्ठन्ति ॥ श्रावकदिनकृत्यवृत्तौ [ ]

अववहारणिगोएसु, ताव चिट्ठंति जंतुणो सव्वे। पढमं अणंतपोग्गलपरियट्टे थावरत्तेण ॥१॥
तत्तो विणिग्गया वि हु, ववहारवणस्सयंमि णिवसंति।
कालमणंतपमाणं, अणंतकायाइभावेणं ॥२॥ पुष्पमालाबृहद्वृत्तौ [ ]
अव्यवहारिकाराशौ, भ्रमयित्वाऽनन्तपुद्गलविवर्त्तान्।
व्यवहृतिराशौ कथमपि, जीवोऽयंविशति तत्राऽपि ॥१॥
बादरनिगोदपृथिवी-जलदहनसमीरणेषु जलधीनाम्।
सप्ततिकोटाकोटयः कायस्थितिकाल उत्कृष्टः ॥२॥ धर्मरत्नप्रकरणवृत्तौ। [ ]
निगोदा एव गदिता जिनैरव्यवहारिणः।
सूक्ष्मास्तदितरे जीवास्तेऽन्येऽपि व्यवहारिणः ॥१॥ —संस्कृतनवतत्त्वसूत्रे। [ ]

એહવાં વચન દેખીનઈ જે વચનમાંહિ અનાભોગ કહિઇ છઈ તે પૂર્વાચાર્યની મોટી આશાતના કરઈ છઈ. ॥૬॥ જમાલિનઈ અભિનિવેશમૂલ અભિનિવેશ કોઈક કહઈ છઇ, ન સદ્દહવું તે, જે માટઈ मइभेएण जमाली पुव्वगाहिएण गोविंदो।
संसग्गिसावगभिक्खू गोट्ठामाहिलअभिणिवेसे ॥ [६-२६८]

એ વ્યવહારભાષ્યનઈ વચનઈ પૂર્વઇ તેહનઇ મતિભેદમિથ્યાત્વ જણાઇ છઈ ॥૭॥ [મંદમિથ્યાત્વની સુંદરતા] 'અનાભિગ્રહિકમિથ્યાત્વ આભિગ્રહિક સરિખું ભારે' એહવું કોઈક કહઇ છઇ તે જૂઠ્ઠું, જે માટિ, सर्वान् देवान्नमस्यन्ति नैकं देवं समाश्रिताः। जितेन्द्रियाः जितक्रोधा दुर्गाण्यतितरन्ति ते ॥ ઇત્યાદિક યોગબિન્દુ (૧૮૮) વચનઇ અનુસારઈ આદિધાર્મિકનઈ અનાભિગ્રહિક મિથ્યાત્વ ગુણકારી જણાઈ છઈ ॥૮॥ 'સમ્યક્ત્વાલાપકમધ્યે અન્યદેવાદ્યર્ચન નિષિદ્ધ છઈ, તે માટઈ માર્ગાનુસારિનઈ પણિ તે ગુણકારિ ન હોઇ' ઇમ કોઇક કહઈ છઈ તે જુઠ્ઠું, જે માટઈ ઉત્તરભૂમિકાઈ નિષિદ્ધ પણિ પૂર્વ ભૂમિકાઈ આશયવિશેષઈ શ્રાદ્ધનઈ જિનાર્ચાની પરિ ગુણકારી જ સંભવઈ ॥૯॥ કોઇક કહઈ છઈ જે 'માર્ગાનુસારિપણું પણિ અજાણતાંઇ જૈનધર્માચરણઇ જ હોઇ, પણિ અન્યધર્માચરણઇ ન હોઇ', એ એકાન્ત ન ધારવો, જે માટઇ યોગબિન્દુ મધ્યે કહિઉં છઇ—

अपुनर्बन्धकस्यैवं सम्यग्नीत्योपपद्यते। तत्तत्तन्त्रोक्तमखिलमवस्थाभेदसंश्रयात् ॥ २५१ ॥
'तत्तत्तन्त्रोक्तकापिलसौगतादिशास्त्रप्रणीतं मुमुक्षुजनयोग्यमनुष्ठानमखिलं समस्तम्' वृत्तौ ॥૧૦॥ એણિ કરિ—

जं किंचि वि परसमए णाभिमयं अभिमयं च जिणसमए।
सम्मत्ताभिमुहाणं तं खु असग्गहविणासयरं ॥ [सर्वज्ञशतक-६८]

એ એકાન્ત નિરસ્ત જાણવો, જે માટિ ઉભયસંમત અકરણનિયમાદિ કઈ પણિ પતંજલિપ્રમુખનઇ હરિભદ્રસૂરિં માર્ગાનુસારી કહિયા છઈ, તથાહિ, 'उक्तं च योगमार्गज्ञैस्तपोनिर्धूतकल्मषैः' યોગબિન્દૌ, 'निरूपितं पुनर्योगमार्गज्ञैरध्यात्मविद्भिः पतञ्जलिप्रभृतिभिस्तपोनिर्धूतकल्मषैः प्रशमप्रधानतपसा क्षीणप्रायमार्गानुसारिबोधबाधकमोहमलैरिति तद्वृत्तौ। તે માટિ માર્ગાનુસારિનઈ વિચિત્રાવસ્થપણે સામાન્યધર્મિતયા વિશેષધર્મિ માર્ગાનુસારિપણું અવિરુદ્ધ જાણવું. ॥૧૧॥

'સંગમ, નયસાર, અમ્બડપ્રમુખ નિશ્ચયથી પરસમયબાહ્ય હોઇ તેહનઈં જ માર્ગાનુસારિપણું હોઇ, પણિ પતંજલિપ્રમુખ તો મહામિથ્યદૃષ્ટિ જ છઈં' ઇમ કોઇક કહઈં છઇ તેણિ હરિભદ્રસૂરિના ગ્રન્થ જાણ્યા નથી, જે માટિં યોગદૃષ્ટિસમુચ્ચયગ્રન્થઈં પતંજલિપ્રમુખનઈં મિત્રાદિ દૃષ્ટિ કહિ છઇ. તે માટઈં અપક્ષપાતિનઈં પરસમયની ક્રિયાઇ પણિ માર્ગાનુસારિપણું ન ટલઇ, તે મધ્યઇ પણિ નિશ્ચયભાવ જૈનનો ન છઇ ઇમ સદ્દહવું ॥૧૨॥

'માર્ગાનુસારિનઈં દ્રવ્યાજ્ઞા એકભવાંતરિં' ભાવાજ્ઞા પામઈં તેહનઇં જ હોઇ, તે સંગમનયસારાદિક જ' એહવું કોઇ કહઈં છઇ, તે પણિ મિથ્યા, જે માટિં દ્રવ્યસ્તવ ભાવસ્તવથી બહુ અન્તરઇ હોઈ 'પ્રસ્થકન્યાયઇ' નૈગમનયમતાનુસારિં તિમ દ્રવ્યાજ્ઞા પણિ ભાવાજ્ઞાથી બહુ અન્તરઇ પણિ સંભવઈં ॥૧૩॥

## [ માર્ગાનુસારિતાનો કાળ ]

'માર્ગાનુસારિપણું જૈનનઈં જ ઉત્કર્ષથી અપાર્દ્ધ પુદ્ગલપરાવર્ત્ત શેષ સંસારીનઇં જ હોઇ' એહવું કોઇ કઇ લિખ્યું છઇ, તે મિથ્યા, જે માટઇ વચનપ્રયોગકાલ વ્યવહારથી અપુનર્બન્ધકાદિકનિ તથા નિશ્ચયથી સમ્યગદૃષ્ટિનિ કહિઈં છઇ, તિહાં કાલભેદ દેખાડયો છૈ. તથાહિ--घणमिच्छत्तो कालो एत्थमकालो हु होइ णायव्वो ।

कालो उ अपुणबंधगपभिई धीरेहि णिद्दिट्ठो ॥४३२॥

णिच्छयओ पुण एसो विण्णेओ गंठिभेयकालो उ ।

एयम्मि विहिसयपालणा उ आरोग्गमेयाओ ॥४३३॥

इहरावि हंदि एयम्मि एस आरोग्गसाहगो चेव ।

पोग्गलपरिअट्टद्धं जमूणमेअंमि संसारो ॥४३४॥ उपदेशपदे ।

તથા બીજા પ્રામિઈં પુદ્ગલપરાવર્ત્ત વીસવીશીં મધ્યે કહિઓ છઈં, यतः

ण य एयंमि अणंतो जुज्जइ णेयस्स णाम कालुत्ति ।

ऊसप्पिणी अणंता हुंति जओ एगपरिअट्टे ॥५-७॥१४॥

'અન્યતીર્થિકસંમત અકરણનિયમાદિક સુંદર શાસ્ત્રિ કહિઉં છઇ તે હિંસાસક્તનું મનુષ્યત્વ સુંદર તિમ વ્યવહારનયાભિપ્રાયઇં જાણવું, પણિ નિશ્ચયથી બેહુ બરાબરી' એહવું કોઇક કહઇ છઇ તે મહાઅભિનિવેશી જાણવો, જે માટઇં મનુષ્યત્વ નિમિત્તકારણ છઇ અનઇં અકરણનિયમમતે (૧ નિયમ તે) સામાન્યધર્મરૂપ વિશેષધર્મનું ફલ છઈં, એહમાંહિ ઘણો અંતર છઇ ॥૧૫॥

## [ આરાધક-વિરાધક ચતુર્ભંગી ]

"एवं खलु मए चत्तारि पुरिसज्जाया पण्णत्ता—सीलसंपण्णे णामं एगे णो सुयसंपण्णे । सुयसंपण्णे णामं एगे णो सीलसंपण्णे । एगे सीलसंपण्णे वि सुयसंपण्णे वि । एगे णो सुयसंपण्णे णो सीलसंपण्णे । तत्थ णं जे पढमे पुरिसजाए ते णं पुरिसे सीलवं असुयवं, उवरए अविण्णायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे देसाराहए पण्णत्ते । तत्थ णं जे से दुच्चे पुरिसज्जाए ते असीलवं सुअवं, अणुवरए विण्णायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे देसविराहए पण्णत्ते । तत्थ णं जे से तच्चे पुरिसज्जाए से णं पुरिसे सीलवं सुयवं, उवरए विण्णायधम्मे, एस णं गोयमा ! मए पुरिसे सव्वाराहए पण्णत्ते । तत्थ णं जे से चउत्थे

पुरिसज्जाए से णं पुरिसे असीलवं असुयवं, अणुवरए अविण्णायधम्मे, एस णं गोयमा! मए सव्वविराहए पण्णत्ते" [८, १०]

**ભગવતીસૂત્ર**મધ્યે એ ચઉભંગી કહિ છઇં. તિહાં પ્રથમભંગસ્વામી વૃત્તિકારિં બાળતપસ્વી અથવા ગીતાર્થાનિશ્રિત અગીતાર્થ ફલાવ્યો છઇં, તે કથંચિત્ માર્ગાનુસારિ પણિ સંભવઈ. અનઈં કોઇક કહઇં છઇં જે 'અભવ્યાદિક જૈન ક્રિયાપરાયણ દેશારાધક જાણવો' તે જુઠું જાણવું, જે માટિં ઔદયિક આરાધકપણું ઇહાં ગણિઉં નથી, તે ગણિઉં હોય તો અભવ્યનઇ શ્રુતસામાયિક લેઇનઇ સર્વારાધકપણું થઈ જાઈ, બીજું પ્રત્યેકિં અંશસત્તા હોઇ તો સમુદાઈ સર્વસત્તા થાઈ, તે માટિં માર્ગાનુસારિનઈં કેવલ-ક્રિયાઇ મોક્ષની અંશસત્તા એ ભાંગઇ જાણવી, यत उक्तं विशेषावश्यके-

पत्तेयमभावाओ निव्वाणं समुदियासु वि ण जुत्तं ।
णाणकिरियासु वोत्तुं सिकतासमुदायतेल्लं व ॥११६३॥
वीसुं ण सव्वह च्चिय, सिकतातेल्लं व साहणाभावो ।
देसोवगारिया जा सा समवायंमि संपुण्णा ॥११६४॥

દેશોપકારિપણું તો મોક્ષ પ્રતિ અભવ્યાનુષ્ઠાનઇં નથી, તે માટિં એ ભાંગાનો સ્વામી અભવ્ય કહઇ છઇ તેહનઇ વૃત્તિવિરોધઈં મહાઉત્સૂત્ર જાણવું. ॥૧૬॥

બીજઈં ભાંગઇં સંવિગ્નપાક્ષિક અથવા **શ્રેણિકાદિક** અવિરતસમ્યગ્દષ્ટિ આવઇ જે માટિં **ભગવતીવૃત્તિ** મધ્યે એહવું લિખ્યું છઇ જે 'प्राप्तस्य तस्यापालनाद्, अप्राप्तेर्वा', અનઇ કોઇક અજ્ઞાની ઇમ કહઈ છઇ જે "લેઈ ભાંગ્યા વિના વિરાધકપણું કિમ હોઈ? તે માટિં 'अप्राप्तेर्वा' ઇમ લિખ્યું તે ન મિલઇ" **કલ્પભાષ્યાદિક** માંહિ કહી જે પરિભાષા સૂત્રનીતિ તે જાણતો નથી. ચારિત્રાલાભઇં વિરાધકત્વ ઇહાં પરિભાષિત છઇં, પણિ પ્રસિદ્ધ નહિં, તેણિં કરિ કોઈ દોષ નહીં ॥૧૭॥

'અન્યદર્શન મધ્યે અકરણનિયમાદિવર્ણન ઘુણાક્ષરન્યાયિં જ હોઈ' ઇમ કોઇક કહઇ છઇ તે જૂઠું, જે માટિં **ધર્મબિન્દુવૃત્તિ**મધ્યે ઈમ કહિઉં છઇ—यच्च यदृच्छाप्रणयनप्रवृत्तेषु तीर्थान्तरीयेषु रागादिमत्स्वपि घुणाक्षरोत्किरणव्यवहारेण क्वचित्किञ्चिद् विरुद्धमपि वचनमुपलभ्यते, मार्गानुसारिबुद्धौ वा प्राणिनि क्वचित्तदपि जिनप्रणीतमेव, तन्मूलत्वात् तस्येति ॥१८॥

જે ઈમ કહઇ છઈ જે 'અન્યદર્શનમધ્યે શુભભાવ જ ન હોઇ તો શુભવચન ન હોઇ' તે મિથ્યા, જે માટિં માર્ગાનુસારિનઇં મિથ્યાત્વમંદતાઈં શુભભાવપણિ હોઈ જ, यतः

इत्तो अकरणणियमो अण्णेहि वि वण्णिओ ससत्थंमि ।
सुहभावविसेसाओ ण चेवमेसो ण जुत्तो त्ति ॥ उपदेशपदे ॥६९२॥ ॥१९॥
सव्वप्पवायमूलं दुवालसंगं जओ जिण(सम)क्खायं ।
रयणागरतुल्लं खलु तो सव्वं सुंदरं तंमि ॥६९४॥

એ **ઉપદેશપદની** ગાથામાંહિં કોઇક ઈમ સન્દેહ ધરઈં છઈ 'સર્વપ્રવાદ શુભ અશુભ હોઈ તિહાં અશુભનું મૂલ જિનશાસન કિમ હોઈ? તે માટિં મિથ્યાદૃષ્ટિનઇ

પરિણામઇં દ્વાદશાંગસ્વરૂપથી સર્વનયાત્મક હોઈ, પણિ ફલથી ન હોઇ, સાધુનું ફલથી પણિ હોઇ, તે માટિં નાનાજલસંભૂત જલજ જિમ સામાન્યથી જલજ કહિઇ તિમ સર્વપ્રવાદમૂલ દ્વાદશાંગ કહિઇ' તે જુઠ્ઠું, જે માટિં સ્વસમયપરસમયપ્રરૂપણાપ્રકારઈં સર્વપ્રમાદમૂલપણું દ્વાદશાંગનઈં કહિતાં કોઈ દોષ નથી. ॥૨૦॥ અભિનિવેશિં 'उदधाविव सर्वसिन्धवः' એ કાવ્યનો અર્થ ખંડયો છઇ તે મહામિથ્યાત્વ જાણવું. ॥૨૧॥ 'પરપ્રવાદની અવજ્ઞાઇં જિનશાસનની અવજ્ઞા હોઈ, તો 'जीवो हन्तव्यः' એ વચનની અવજ્ઞાઇ પણિ જિનશાસનની અવજ્ઞા હોઈ' એ વચનપણિ અપૂર્વ પંડિતનું જાણવું, જે માટિં અન્ય સંબંધી શુભ વચનની અવજ્ઞાઈ જિનશાસનની અવજ્ઞા કહી છઈ, यतः

न च द्वेषस्तत्रापि वचनद्वेषः कार्यो विषयस्तु यत्नतो मृग्यः ।

तस्यापि न सद्वचनं सर्वं यत्प्रवचनादन्यत् ॥१६-१३॥षोडशके ॥२२॥

'લૌકિક મિથ્યાત્વથી લોકોત્તર મિથ્યાત્વ જ ભારે' એ એકાંત ન કહિવો, જે માટિ ભિન્નગ્રન્થિક મિથ્યાદૃષ્ટિનઈં પણિ કોટાકોટિથી અધિક બંધ નથી. એ પરિણામઇ લોકોત્તર મિથ્યાદૃષ્ટિ હલુઓ જણાઇં છઈ, यतः योगबिन्दौ ॥२६६, २६८, २६९॥
भिन्नग्रन्थेस्तृतीयं तु सम्यग्दृष्टेरतो हि न । पतितस्याप्यते बन्धो ग्रन्थिमुल्लङ्घ्य देशितः ॥
सागरोपमकोटीनां कोद्‌यो मोहस्य सप्ततिः । अभिन्नग्रन्थौ बन्धोऽयं यन्न त्वेकापीतरस्य तु ॥
तदत्र परिणामस्य भेदकत्वं नियोगतः । बाह्यं त्वसदनुष्ठानं प्रायस्तुल्यं द्वयोरपि ॥ इति ॥૨૩॥

## [ અનુમોદના-પ્રશંસાવિચાર ]

'અનુમોદનાથી પ્રશંસા ભિન્ન, અનુમોદના ચિત્તોત્સાહરૂપ, પ્રશંસા તે વચનમાત્ર' એહવું કોઇક કહઇ છઇ તે જૂઠું, જે માટિ "प्रमोदप्रशंसादिलक्षणयाऽनुमत्या' એહવું પંચાશકવૃત્તિ કહિઉં છઇ ॥૨૪॥ 'અનુમોદના ઇષ્ટની જ હોઇ, અનઈ પ્રશંસા અનિષ્ટની પણિ હોઇ, તંજહા-तदुक्तं-'चउहिं ठाणेहिं असंते गुणे दीवेज्जा, असब्भाववत्तियं, परच्छंदाणुवत्तियं, कज्जहेउं, कतपडिकतेति वा' ठाणांगे (४-४)' ઇમ કોઇ કહઇ છઇ તે જૂઠું, જે માટિં અનિષ્ટ પણિ કારણવિશેષિં ઈષ્ટ હોઇ, આધાકર્મિકની પરિ, તે વારિ ઈષ્ટની જ પ્રશંસા હુઇ ॥૨૫॥ એણિ કરી 'મિથ્યાદૃષ્ટિના દયાદિગુણ કારણવિશેષિ પ્રશંસિઈ પણિ અનુમોદિઇ નહી'' ઇમ કોઈક કહઈ છઇ તે ઉત્સૂત્રભાષી જાણવો, જે માટિં અપુનર્બંધકથી માંડીનઈ ચઉદમા ગુણઠાણા તાઇં 'જે ભાવમાત્ર છઇ તે સર્વ અનુમોદનીય કહિઓ છઈ, यतः, ता एयम्मि पयत्तो ओहेणं वीयरागवयणम्मि । बहुमाणो कायव्वो धीरेहिं कयं पसंगेणं ॥ उपदेशपदे [२३४] 'वीतरागागमप्रतिपादितेऽपुनर्बन्धकचेष्टाप्रभृत्ययोगिकेवलिपर्यवसाने' वृत्तौ । અન્યગ્રન્થસ્થ અકરણનિયમાદિક તે વીતરાગાગમનાં છઇ તે તો પૂર્વિ પ્રમાણિઉ છઈ ॥૨૬॥

'જો મોક્ષાર્થિનું ધર્મબુદ્ધિ જે અનુષ્ઠાનમાત્ર, તે અનુમોદના યોગ્ય કહિઇ તો સ્વધર્મબુદ્ધિં તીર્થાન્તરીયકૃતચૈત્યધ્વંસાદિક પણિ તિમ હોઇ' ઇમ કોઈક કહઈ છઇ તે ઉલ્લંઠ વચન જાણવું, જે માટિં જાતિં અનુમોદવા યોગ્ય સ્વરૂપશુદ્ધ જ ક્રિયા, નઈ વિષયશુદ્ધાનો તે (તો) ભાવમાત્ર જ અનુમોદ્ય છઇ, નહીં તો અપવાદિ હિંસા વિહિત

છઇ, તો જાતિ હિંસા નું(તું) કિમ નથી અનુમોદતો ? ॥૨૭॥ 'પરગૃહીત દયાદિવચન પ્રશસ્ત છઇ, તો પણિ ન પ્રશંસિઇ, જિમ પરગૃહિ(હી)ત જિનપ્રતિમા પણિ ન વાંદિઇ' ઇમ કોઇક કહઈ છઇ, તે મિથ્યા, જે માટિં ઇહાં મધ્યસ્થનઇ સ્વપરદૃષ્ટિ છઇ નહીં', બીજઇ જ્ઞાનદર્શનથઇ ટલૈ છૈ, यतः, अयि इह मनाक्पुंसस्तद्रागदर्शनग्रहो भवति । न भवत्यसौ द्वितीये चिन्तायोगात्कदाचिदपि ॥ षोडशके [ ] તે માટિં સાધારણ પણિ લોકલોકોત્તર ગુણપ્રશંસા ઘટઇ. उक्तं च– 'साधारणगुणप्रशंसा' 'धर्मबिन्दौ' [३–६१] ॥૨૮॥

'પાર્શ્વસ્થાદિકની કૃતિકર્મપ્રશંસાઇ જિમ તદ્ગતદોષની અનુમોદના હોઇ, તિમ મિથ્યાદૃષ્ટિના દયાદિગુણ અનુમોદિઇ તો તદ્ગતદોષની અનુમોદના થાઇ' ઇમ કોઇક કહઇ છઇ તે જૂઠું, જે માટિં મંદમિથ્યાત્વ તે અસ્ફુટ દોષ છઇ, જિમ અવિરતસમ્યગ્દૃષ્ટિનો અવિરતિદોષ. પાર્શ્વસ્થાદિક તે ચારિત્રિયાનઇ સ્ફુટદોષ છઇ, તેણઇ કરી પાર્શ્વસ્થાદિકના ગુણ ન અનુમોદઇ. અત એવ સંવિગ્નપક્ષતાઇ પાર્શ્વસ્થતાદિક દોષ અસ્ફુટ થાઇ, તે વારઇ તેહના ગુણ ચારિત્રિયાની પરિં સર્વનઇ અનુમોદવા યોગ્ય શાસ્ત્રિ સિદ્ધ છઇ ॥૨૯॥

'પુણ્યપ્રકૃતિહેતુ અનુમોદનીય કહિઇ તો વ્યંતરત્વહેતુ બાળમરણાદિ તથા હોઇ. પુણ્યોદયપ્રાપ્ત અનુમોદનીય કહિઇ તો ચક્રીનઇ સ્ત્રીરત્નોપભોગ તથા હોઇ. સમ્યક્ત્વનિમિત્તમાત્ર અનુમોદનીય કહિઇ તો અકામનિર્જરાદિ તથા હોઇ. ધર્મબુદ્ધિક્રિયમાણ અનુમોદનીય કહિઇ તો યાજ્ઞીયહિંસા તથા હોઇ તે માટિ સમ્યક્ત્વ સહિત જ અનુમોદવાયોગ્ય' ઇમ કોઇ કહઇ છઇ તે નહીં', જે માટિં...આદિધાર્મિકયોગ્ય કુશલવ્યાપારપણિ અનુમોદનીય કહિયા છઇ, तथाहि–'सव्वेसिं जीवाणं होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे...अणुमोएमित्ति पंचसूत्रे [सू. १] 'अहवा सव्वं चिय वीअरायवयणाणुसारि जं सुकडं(यं)' चतुःशरणे [५८]

सेसाणं जीवाणं दाणरुइत्तं सहावविणिअत्तं ।
तह पयणुकसायत्तं परोवयारित्तभव्वत्तं ॥
दक्खिण्णदयालुत्तं पियभासित्ताइविविहगुणणिवहं ।
सिवमग्गकारणं जं तं सव्वं अणुमयं मज्झ ॥ आराधनापताकायाम् ॥૩૦॥

## [ શુકલપાક્ષિક-કૃષ્ણપાક્ષિક વિચાર ]

સમ્યગ્દૃષ્ટિ જ ક્રિયાવાદી શુકલપાક્ષિક હોઇ, પણિ મિથ્યાદૃષ્ટિ નહિ' ઇમ કોઇ કહઇ છઇ, તે જૂઠઉં, જે માટિં દશાચૂર્ણિઇ કહિઉં છઇ—"जो अकिरियावाई सो भविओ अभविओ वा णियमा कण्हपक्खिओ । किरियावादी णियमा भविओ णियमा सुक्कपक्खिओ अंतोपुग्गलपरिअट्टस्स णियमा सिज्झिहिति, सम्मदिट्ठी वा मिच्छदिट्ठी वा हुज्जत्ति ॥ કિહાંઇક અપાર્ધપુદ્ગલાવર્ત્ત જ શુકલપાક્ષિક કહિઓ છઇ તે શુકલપાક્ષિક સમ્યક્ત્વપ્રાપ્તિ વખાણવો, અનઇ દશામધ્યે તે માર્ગાનુસારિભાવર્ઇજ ઇમ ૨ ગ્રન્થનો અવિરોધ જાણવો. अत एव 'सम्मदिट्ठी किरियावाई मिच्छा य सेसगा वाई' ઇત્યાદિ સૂત્રકૃતાંગચૂર્ણિપ્રમુખગ્રન્થ મધ્યે કહિઉં છઇ, તિહાં પણિ ક્રિયાવાદિવિશેષ લેવો, ક્રિયાવાદી સામાન્યનઇ તે (તો) દશાચૂર્ણિ મધ્યે કાલ કહિઓ છઇ તેહજ જાણવો. ॥૩૧॥

'मिथ्यादृष्टिनी सकामनिर्जरा न होई' इम कोइ कहइं छइं, ते जूठ्ठुं, जे मोक्षाशयथी निर्जरा ते मार्गानुसारीनई अंशथी सकाम कहिइं, 'सह कामेन निर्जरा मे भूयादित्यभिलाषेण युक्ता सकामा' इति योगशास्त्रवृत्तौ। 'सकामणिज्जरा पुण णिज्जराहिलासीणं' समयसारे [अ-६] इत्यादि ॥३२॥ 'मिथ्यादृष्टिनई सकामनिर्जरा होइ तो सम्यग्दृष्टिथी स्यो विशेष?' इम कोई कहइं छइं तेणि 'मिथ्यादृष्टिनई शुक्ललेश्या सद्भाविइं केवलीथी स्यो विशेष?' एहवो पणि संदेह धरवो. ॥३३॥

'मिथ्यादृष्टिना गुण अनुमोदतां परपाखंडप्रशंसारूप अतिचार थाइं' इम कोई कहइं छइं ते जूठ्ठुं, जे माटइं जे रूपइं पाखंडता ते रूपइं प्रशंसाइंजि अतिचार होइं, पणि ते मांहिला गुण प्रशंसतां न होइ, जिम प्रमादीनई प्रमादीपणि प्रशंसता अतिचार, पणि तेहनी सम्यक्त्वादि गुणप्रशंसतां अतिचार नहीं ॥३४॥ 'हीनमिथ्यादृष्टिनो गुण सम्यग्दृष्टि उच्चगुणस्थानवर्त्ती किम प्रशंसइं' इम जे कोइ शंकित थाइ छइं, तेहनई मतइं तीर्थंकरनई कोइना गुण प्रशंस्या न जोईइ, जे माटिं सर्व तीर्थंकरथी हीणा छइं ॥३५॥

[मरीचिवचन विचार]

"कविला इत्थंपि इहयं पि' ए मरीचिनुं वचन उत्सूत्रमिश्र कहिइं पणि उत्सूत्र नहिं, जे माटिं मरीचिनइं देशविरतिनई अभिप्रायि ए सत्य छइं, कपिलनइं परिव्राजकदर्शनोदयतानि अभिप्रायइं असत्य छइं" एहवुं [जे कहे छे] कोइ कहई छइ ते अशुद्ध, जे माटिं उत्सूत्रकथनाभिप्रायक मायानिश्रित असत्य वचन ज ए छइं, आपेक्षिक सत्यासत्यभावइं उत्सूत्रमिश्र कहिइं तो स्वपर नयाभिप्रायइं भगवद्वचन पणि तथारूप होइं, तथा श्रुतभावभाषामिश्ररूप दशवैकालिकनिर्युक्ति निषेधी छइं तो उत्सूत्रमिश्र किम कहिइं ॥३६॥

"दुब्भासिएण इक्केण' [आ. नि. ४३२] इत्यादि वचनइं मरीचिवचन दुर्भाषित कहिइं पणि उत्सूत्र न कहिइं?" इम कोइक शब्दमात्रइं भ्रम धारई छइं ते जूठ्ठो, जे माटिं 'दुर्भाषितमनागमिकार्थोपदेशम्' इम पंचाशकवृत्तिमध्ये कहिइं छइं, 'दुब्भासियं उस्सुत्तं ति एगट्ठा' तच्चूर्णौ 'भगवानपि भुवनगुरुरुन्मार्गदेशनाद्'इत्यादि योगशास्त्रवृत्तौ ॥३७॥ उत्सूत्रलेश वचनथी उत्सूत्रमिश्र जे मरीचिनई कहइं छइं तेणइं "जो चेव भावलेसो' इत्यादि वचनथी द्रव्यस्तवमांहि पणि भावमिश्र पक्ष ग्रहिओ जोईइ ॥३८॥

[जमालिना संसारकाळनी विचारणा]

"जमालिनिह्नववत् सर्वज्ञमतविगोपको विनङ्क्ष्यत्यरघट्टघटीयन्त्रन्यायेन संसारचक्रवालं विभ्रमिष्यति' इत्यादि सूत्रकृतवृत्तिवचनइं जमालिनई अनंतसंसार कोईक कहइं छइं, ते न घटइं, जे माटइं हिंसाफल पणि अरघट्टघटीयंत्रन्यायइं संसारपरिभ्रमण आचारवृत्ति कहिउं छइं, अनइं दृष्टान्तमात्रइं अर्थसिद्धि थाइं तो 'इच्चेयं दुवालसंगं गणिपिडगं, तीए काले अणंता जीवा आणाए विराहित्ता चाउरंतं संसारकंतारं अणुपरियट्टिंसु' इति नन्दीसूत्रे [सू. ५७] 'अनुपरावृत्तवन्त आसन्, जमालिवत्' ए वृत्तिना दृष्टान्तथी जमालिने चतुरंतसंसार पणि आवइ, ते माटिं दृष्टान्त एकदेशमात्रई ज कहेवो. ॥३९॥

"जमाली णं भंते ! देवे ताओ देवलोगाओ आउक्खएणं...जाव कहिं उववज्जिहिंति ?

गोयमा ! चत्तारि पंच तिरिक्खजोणियमणुस्सदेवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति [श० ९ उ. ३३]' એ **ભગવતી સૂત્રઈં** ૪ એઈન્દ્રિયાદિક ૫ થાવર ઈમ ૯ તિર્યંચ કહિઈં, તેહમાંહિ–ભમતાં અનંતસંસાર થાઈં," ઈમ કોઈં કહઈં છઈં તે જૂઠ્ઠો, જે માટિં સમાસમધ્યસ્થિત 'તિર્યગ્યોનિક' શબ્દનું ભિન્ન વિશેષણ ભિન્ન વિભક્ત્યન્ત 'ચત્તારિ પંચ' પદ સંભવઈ નહીં. તથા એહવો કઠિન અર્થ હોઈ તો વૃત્તિકાર વ્યાખ્યાન કિમ ન કરઈં ? ॥૪૦॥ જમાલિનઈ ભગવતીનઇ જે અનંત સંસાર કહ્યો છઈં, તેહનઈ ઇમ સૂત્ર જોઈં 'जहेव मंखलिपुत्ते तहेव णेरइयवज्जं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिस्सइ' ॥૪૧॥ च्युत्वा ततः पंचकृत्वो भ्रान्त्वा तिर्यग्नृनाकिषु । अवाप्तबोधिर्निर्वाणं जमालिः समवाप्स्यति ॥ हैमवीरचरित्रे, ઈહાં ૫ વારઇ (૩) ગતિં ભમતાં ૧૫ ભવ સ્પષ્ટ છઈં, ઇહાં કોઇક 'નર નારકિ ભવાંતરિં ૫ વાર તિર્યંચમાંહિ ભમતાં અનંત સંસાર થાઈ છઈં' ઇમ કહઈં છઈં તે મિથ્યા, (ખોટું) કાયસ્થિતિ એકવાર ગણતાં 'निगोदेष्वेवानन्तवारं भ्रान्ताः' ઇત્યાદિ વચનવ્યાઘાત થાઈં, ભવસ્થિતિ ૫ વાર કરતાં તો ૧૫ જ ભવ થાઈ, તે માટિં હઠ છાંડી વિચારવો ॥૪૨॥ 'देव किब्बिसिया णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छन्ति ? कहिं उववज्जंति ? गोयमा ! जाव चत्तारि पंच नेरइयतिरिक्खजोणियमणुस्सदेवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झंति बुज्झंति मुच्चंति जाव अंतं करेंति' એ સૂત્રમાંહિ યાવચ્છબ્દઈં કાલનિયમ આવઈં" ઇમ કોઈ કહઇ છઈ તે મહા અભિનિવેશી જાણવો, જે માટિં ઈહાં 'યાવત્' શબ્દિં દેવલોકચ્યવનાદિ પૂર્વોક્ત અર્થ જ પરામર્શ્યઈ છઈ. તથા 'भावओ णं सिद्धे अणंता णाणपज्जवा अणंता दंसणपज्जवा जाव अणंता अगुरुलघु य पज्जवा' ઇત્યાદિક સ્થાનઈ દ્યોતક યાવચ્છબ્દ પણિ દીસઇ છઇ ॥૪૩॥ 'સામાન્યસૂત્રઈં' ૨૦ ભવ જિમ ન ઘટઈં તિમ વિશેષસૂત્રઈં ૧૫ ન ઘટઈં' ઇમ કોઇ કહઈં છઈં તે પણિ જૂઠ્ઠું, જે માટિં સામાન્યસૂત્ર નારકભવ ટાલી જમાલિ સરિખાનું જ કહિઉં છઈં, નહીં તો अत्थेगइआ अणादीयं अणवदग्गदीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरिअट्टंति' [શ૦ ૯ ઉ૦ ૩૨] એ બીજું સૂત્ર નિ મિલઈં ॥૪૪॥ "अत्थेगइआ....' ઈત્યાદિસૂત્ર અભવ્યવિષય, અંતિં નિર્વાણ નથી કહિઉં તે માટિં" ઇમ કોઈ કહઈં છઈં તે મિથ્યા, જે માટિંઇ 'असंवुडे णं अणगारे आउयवज्जाओ सत्तकम्मपयडिओ सिढिलबंधणबद्धाओ घणियबंधणबद्धाओ पकरेइ, त(ह)स्सकालट्ठितिआओ दीहकालट्ठितिआओ पकरेइ, मंदाणुभावाओ तिव्वाणुभावाओ पकरेइ, अप्पपदेसग्गाओ बहुप्पदेसग्गाओ पकरेइ, आउयं च णं कम्मं सिय बंधइ सिय णो बंधइ, अस्सायावेयणिज्जं च णं कम्मं भुज्जो भुज्जो उवचिणाइ, अणाइयं च अणवदग्गदीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरिअट्टइ' [भग० श० १ उ० १] ઇત્યાદિક સૂત્રઈ અંતિ નિર્વાણ નથી કહિઉં, અનઇ અભવ્યવિષય તે સૂત્ર નથી. ॥૪૫॥

'ચત્તારિપંચ કહિતાં ૫ જ કિમ હોઈ ?' ઈમ કોઇ પૂછઇ તેહનઇ ઉત્તર–જિમ 'सत्तट्ठपयाइं सत्तट्ठभवग्गहणाइं' ઇત્યાદિક સ્થાનઈં આઠ જ કહિઈ તિમ, એ સૂત્રશૈલિ છઈં ॥૪૬॥ "**જમાલિ** (નઈ) ૧૫ અનઇ **સુબાહુકુમાર**નઇ ૧૬ ભવ હોઇ, તો આજ્ઞારાધનથી

વિરાધન ભલુ'' ઇમ કોઇ કહઇં છઇં'' તે ઉલ્લંઠ વચન જાણવું, જે માટિં '**દૃઢપ્રહારીપ્રમુખ** મહાહિંસકનઇં તદ્ભવિં મુક્તિ, **આનંદાદિકનઇં** ભવાંતરિં, તો સુકૃતથી દુષ્કૃત ભલુ'' ઇમ કહિતાં પણિ મૂર્ખમુખ કોણ ઢાંકઇ? ॥૪૭॥ '**મરીચિનઇં** સંદિગ્ધઉત્સૂત્રથી કોટાકોટિ સંસાર, **જમાલિનઇં** નિશ્ચિત ઉત્સૂત્રથી પણિ ૧૫ ભવ એ કિમ ઘટઇં'?' ઇમ કોઇક સંદેહ ધરઇ, તેહનઇં કહિઇં જે ઇહાં તથાભવ્યત્વવિશેષ જ નિયામક; નહીં તો ઉભયવાદિસિદ્ધ નરકગતિ નિષેધ ઇસ્યું નિયામક તે પ્રીછી જ્યો. ॥૪૮॥ શ્રીરસ્તુ ॥

* * * * * *

[ કેવલીમાં દ્રવ્યહિંસાનો નિર્ણય ]

"કેવલીનઇં જીવરક્ષાપ્રયત્ન વિફલ ન હોઇં, તો વીર્યાન્તરાયક્ષય નિરર્થક થઇ, તે માટિ કેવલિના યોગ હિંસાસ્વરૂપાયોગ્ય કલ્પિઇ'' ઇમ કોઈક તાર્કિકમન્ય કહઇં છઇં'' તે જૂઠું, જિમ વાગ્યોગ વિશેષઇં સફલ છે તિમ જીવરક્ષાકાયોગ શક્યસ્થાનઇં સફલ છઇં, તેહમાંહિ દોષ નથી, નહીં તો જીવરક્ષા સફલતાનઇં અર્થિ જિમ કેવલિયોગ હિંસાસ્વરૂપાયોગ્ય માનો છો, તિમ પરીષહજયયત્ન સફલતાનઇં અર્થિ કેવલિયોગ ક્ષુત્પિપાસાદિસ્વરૂપાયોગ્ય કલ્પીનઇં દિગંબરમત કાં નથી અનુસરતાં? ॥૧॥ કેવલીના યોગથી સ્વરૂપઇ હિંસા ન હોઇ તો 'उल्लंघेज्ज वा पलंघेज्ज वा' એ **પન્નવણાનું** વચન ન મિલે. ॥૨॥ 'કેવલિનિ વર્જનાભિપ્રાય નથી તે માટિં જીવઘાત હોઇ તો ભાવહિંસા થાઇં'' ઈમ કહઇં છઇં તે જુઠ્ઠું, જે માંહિં 'तथाविधसंपातिमसत्त्वाकुलां भूमिमवलोक्य तत्परिहाराय जन्तुरक्षानिमित्तमुल्लङ्घनं प्रलङ्घनं वा कुर्यात्' [ ] ઇમ **પ્રજ્ઞાપનાવૃત્તિ** મધ્યે કહિઉં છઇ ॥૩॥ 'તથાવિધ કર્મબંધ નથી, તે માટિ વર્જનાભિપ્રાય ન હોઇ'' તે પણિ જુઠું, જે માટિ સ્વરૂપિં વર્જનીયનઇં વર્જનીય જ કેવલી જાણઇ અનેષણીયવત્, उक्तं च 'तत्थ णं रेवतीए गाहावइणीए मम अट्ठाए दुवे कवोयसरीरा उवक्खाया तेहिं णो अट्ठो'त्ति भगवत्याम् [ श० १५ ] ॥૪॥ 'જે જીવરક્ષાયત્ન રક્ષાનુકૂલ ન દીઠો તેહનો પ્રયોગ કિમ હોઇં?' ઇમ ન કહિવું, જે માટિં વ્યવહારસાધન પણિ જ કેવલિયોગ-પ્રયોગ સંભવઇં. ॥૫॥

[ ગર્હણીયકૃત્ય વિચાર ]

"इत्तो उ वीयरागो ण किंचि वि करेइ गरहणिज्जं तु' 'गर्हणीयं जीवघातादिकं' **तद्वृत्तौ, उपदेशपदे** [૭૩૧] એ વચનથી કેવલીનઇં દ્રવ્યહિંસા ન હોઈ'' ઇમ કોઈ કહઈ છઇં તે જુઠ્ઠું જે માટિં ગર્હણીય પાપ તે ભાવરૂપ જ હોઈ, પણિ દ્રવ્યરૂપ નહીં, અશક્યપરિહારનઇં ગર્હણીયપણું સ્યું? ॥૬॥ 'જો ગર્હાપરાયણ જન પ્રત્યક્ષતા દ્રવ્યવધ જ ગર્હણીય કહિઇં, તો તાહરિં મતિં ઇગ્યારમિ ગુણઠાણિં મોહસત્તાજન્ય દ્રવ્યવધ ગર્હણીય છઇ, તેહથી યથાખ્યાત ચારિત્ર દુષ્ટ થાઈ, અનિ જો 'ઉત્સૂત્ર પ્રવૃત્તિ વિના તિહાં દોષ નહીં', મોહોદયસહિત નિષિદ્ધ સેવાઈ જ ઉત્સૂત્રપ્રવૃત્તિ માનસ્યો' તો વીતરાગ-નઇં દ્રવ્યવધ અદુષ્ટ થયો. ॥૭॥ 'અનાભોગજ દ્રવ્યવધઇ પ્રતિસેવા ન કહઇં'' ઇમ કોઈ કહઈ છઇં, તે પણિ જુઠ્ઠું, જે માટિં પ્રતિસેવામધ્યે અનાભોગજ પણિ સંગ્રહીઇ છઈ, યદાગમઃ 'दसविहा पडिसेवणा पण्णत्ता, तं. दप्पप्पमायणाभोगे आउरे आवतीति य संकिए सहसक्कारे, भयप्पओसा य वीमंसा, भगवत्याम् [श० २५ उ.७] [ठाणांगसू. ७३३] ॥૮॥

'ગર્હણીયપાપ દ્રવ્યવધાદિક, તે પ્રતિં જ મોહનીય કર્મ હેતુ, અત એવ આરમિં' ગુણઠાણિં સંભાવનારૂઢ મૃષાવાદાદિક આશ્રવ હોઇ તો ના નહીં, તિહાં કેવલ અનાભોગ જ હેતુ છઇ" ઇમ કહિઇં તો મોહ વિના ભાવગત પાપ અર્થથી આવઇ. ॥૯॥ 'ભાવાશ્રવ પરિણામઈ મોહોદય કારણ છઈ, દ્રવ્યાશ્રવપરિણામઇ મોહસત્તા કારણ છઇ' ઇમ કોઈ કહઈ છઇં, તે જૂઠ્ઠું, જે માટિં ઈમ તો 'દ્રવ્યકવલાહાર પ્રતિ મોહસત્તા કારણ છઇ" એ દિગંબર કલ્પના કરતાં પણિ કુણ વારઈ ॥૧૦॥ દ્રવ્યવધ મોહજન્ય જ કહિઇં તો દ્રવ્યપરિગ્રહપરિણતિ પણિ મોહજન્ય હોઈ, તે માટિં ધર્મોપકરણવંત કેવલી મોહી થયો જોઇઈ, અનઇ ધર્મોપકરણનઇં દ્રવ્યપરિગ્રહ ધર્મપરિગ્રહપણું અશાસ્ત્રીય નથી, યતઃ ' तत्थ साहुणो मुच्छमगच्छं(यं) दव्वओ परिग्गहो णो भावओ' दशवैकालिकचूर्णौ [૭-૧૪૮] ॥૧૧॥ એણિ કરિ જે ઈમ કહઈ છઇ "કેવલિના યોગ પરાભિપ્રાયિં કેવલજ્ઞાન સહકૃત જ જીવઘાત હેતુ છઇં', 'એટલા જીવ અમુકક્ષેત્રઈ મઇ હણવા' ઇમ કેવલજ્ઞાનઇં જાણી જ કેવલી જીવ હણઇં છઇં, ઈમ કર(હ)તાં હિંસાણુબંધીણામઇ પહિલો રૌદ્રધ્યાનનો પાયો આવઇ"' તે વચન નિરાકરિઉં, જે માટિં વસ્ત્રધારણાભિપ્રાય પણિ કેવલીનઇં કેવલજ્ઞાનઈ જ છઇં. તેહથી સંરક્ષણાનુંબંધી નામઈ ચઉથો પાયો પણિ રૌદ્રધ્યાનનો ઈમ વારિઓ ન જાઈ, જો અભિલાષ વિના સંરક્ષણાનુબંધ ન હોઈ તો પ્રમાદ વિના હિંસાનુબંધ પણિ ન હોઇ, એ સરખું સમાધાન જાણવું. ॥૧૨॥

"યજ્જાતીય દ્રવ્યાશ્રવઈ સંયતનઇ અનાભોગઇ પ્રવૃત્તિ, તજ્જાતીય દ્રવ્યાશ્રવ જ મોહજન્ય, ધર્મોપકરણરૂપ દ્રવ્યાશ્રવ તે એહવો નથી, તે માટિં તે અપવાદરૂપ જ" ઇમ (ન) કહેવું, જે માટિં 'अपवादप्रतिषेवणं च संयतेष्वपि प्रमत्तस्यैव भवति' એહવું તુમ્હારું મત છઇં ॥૧૩॥

"ववहारो वि हु बलवं जं वंदइ केवली वि छउमत्थं ।

आहाकम्मं भुंजइ सुअववहारं पमाणंतो ॥' એ વચનથી શ્રુતવ્યવહારશુદ્ધ અનેષણીય તે એષણીયાંતરન(નિં) પણિ અનેષણીય નહિં, અન્યથા 'इमं सावज्जं ति पण्णवेत्ता (णो) पडिसेवित्ता हवइ' એ વચનવિરોધ થાઇં" ઇમ કોઈ કહઇં છઇં તે જૂઠ્ઠું, જે માટિં ઇમ તો સાધુનઇ પણિ અપવાદિ અનેષણીય હિંસાદિક એષણીય અહિંસાંતરાદિક કહેવાઇં તે વારઈ સ્વરૂપસાવદ્યતા તેહનઈ ટલઇં ॥૧૪॥ 'પરજ્ઞાત અશુદ્ધઇં કેવલીનઇં અશુદ્ધપણું હોઇ, જિમ રેવતીજ્ઞાત કુષ્માંડપાકિ પણિ સ્વરૂપથી નહીં' 'ઈમ કહિતાં પરભાવાશ્રયણ થયું, પણિ દ્રવ્યપરિણતિ વ્યવસ્થા ન રહી, નહીં તો અશુદ્ધનઇં શુદ્ધ જાણતાં ભ્રાંતિ થાઇં', અનઇં જો અનેષણા(ણી)યનઇં ઠામિ સ્યાદ્વાદઇં શુદ્ધાશુદ્ધતા વિચારિઇં તો દ્રવ્યવધસ્થાનઇં પણિ તે વિચાર કિમ નથી કરતા ? ॥૧૫॥ "શ્રુતવ્યવહારશુદ્ધનઈ અનેષણીય કહિવું તે શ્રુતવ્યવસ્થા આશ્રીનઇ, જિમ 'अयं साधुहृदयनो राजा' ઈહાં રાજત્વ અગૃહીતશ્રામણ્યાવસ્થા અપેક્ષીનઇં" ઈમ કોઈ કહઈ છઇં તેહનઈ શ્રુતાશુદ્ધથી (? શ્રુતશુદ્ધથી) ભિન્ન જ નિષિદ્ધ આવઇં, તે વારઇં 'इमं सावज्जं ति पण्णवेत्ता पडिसेवइ એ સૂત્રનો વિષય ન લાભઇં ॥૧૬॥

"આભોગઇં જીવઘાતોપહિતયોગ તે અશુભ" ઇમ કહઇં છઇં તેહનઇં "यद्यप्यसंयतानां सूक्ष्मैकेन्द्रियादीनां नात्मारम्भकत्वादिकं साक्षादस्ति तथाप्यविरतिं प्रतीत्य तदस्ति" એ **ભગવતીવૃત્તિ**નઇં વચનનઇં અનુસારિં એકેન્દ્રિયાદિક અશુભયોગમાં કિમ ઘટઇં ? તે માટિં અયતનાઇં જ અશુભયોગ કહિવા. ॥૧૭॥ "આરંભિકી ક્રિયા પ્રમાદીનઇં નિરંતર હોઇં" ઇમ કહઇં છઇં તે જૂઠો, જે માટિં 'आरंभिया णं भंते ! किरिआ कस्स कज्जइ ? गोयमा ! अण्णयरस्सावि पमत्तसंजयस्स' એહવું **પણ્ણવણા** [૨૨ મું પદ] મધ્યે કહિઉં છઇં, 'अन्यतरस्यैकस्य कस्यचित्प्रमादे सति कायदुष्प्रयोगाभावतः पृथिव्यादेरुपमर्दसंभवात्' ઇમ વૃત્તિવ્યાખ્યાન છઇં ॥૧૮॥ દ્રવ્યવધઇં જે જિનનઇં પ્રાણાતિપાત કહઇં છઇં તે દ્રવ્યપરિગ્રહઇં પરિગ્રહી કિમ ન કહઇં ? ॥૧૯॥

[ જળજીવ વિરાધના વિચાર ]

"અશક્ય પરિહાર પણિ આભોગમૂલ આભોગપૂર્વક હિંસા સાધુનઇં ન હોઇં, નદી ઉતરતાં જળજીવનો આભોગ નથી, 'दुविहा आउक्काइया पण्णत्ता, सचित्ता य अचित्ता य' ઇત્યાદિ વચનથી જ જલજીવ સંદેહ છઇં, તે માટિં" તે જૂઠ્ઠું, જે માટિં વ્યવહારથી નિશ્ચય જ છે અનિ પ્રવૃત્તિ તે વ્યવહારઇં જ છઇ. તથા જલમધ્યે 'तसा य पच्चक्खया चेव' ઇત્યાદિક શાસ્ત્રઇં કહિઉં છઇ ॥૨૦॥ "અબ્રહ્મ સેવઇ જીવલક્ષઘાતક પાતકી ન થાઇ, એક કીડી જાણી હણઇં તો પાતકી થાઇ, તિહાં જીવનો અનાભોગ આભોગ નિયામક છઇ" ઇમ કહઇ છઇ તે જૂઠું, જે માટિં તિહાં પ્રત્યાખ્યાન ભંગાભંગ અથવા પરિણામવિશેષ જ નિયામક છઇં ॥૨૧॥ પૃથિવ્યાદિ જીવનો અનાભોગ જ હોઇ તે (તો) સિદ્ધની પરિં સાધુનઇ પણિ તદ્વધઇ તથાવિધ દોષ ન હુઓ જોઇઇ ॥૨૨॥

"કુંથૂત્પત્તિમાત્રઇ સંયમનું દુરારાધપણું કહિઉં, યતનાહેતુ આભોગ દુર્લભ થાઇ તે માટિં, તિમ નદ્યુત્તારઇં ન કહિઉં, તે માટિ સ્થાવરનો આભોગ ન હોઇ" ઇમ કોઇ કહઇ છઇ તે જુઠું, જે માટિ સૂક્ષ્મની યતના કહી છઇ તે તેહના આભોગ વિના કિમ સંભવઇ ? નદ્યુત્તાર આજ્ઞાશુદ્ધિ જ અદુષ્ટ છઇ ॥૨૩॥ 'જો સ્થૂલત્રસનો જ આભોગ માનિઇં તો તેહની જ હિંસા એકાંત દુષ્ટ થાઇં' અનઇ તિહાં તો સ્યાદ્વાદ કહિઓ છઇ. जे केइ सुहुमा पाणा अदुवा संति महालया ।

सरिसं तेहिं वेरं ति असरिसंति य णो वदे ॥ सूत्रकृताङ्गे [२-५-६] ॥૨૪॥

"એણિં કરી લૌકિકઘાતકત્વ વ્યવહાર વિષયહિંસા મહાપાપ જ" એ પ્રલાપ નિરાકરિઓ, ઇમ તો આપવાદિક વચનઇ પણિ મહાપાપપણું થાઇં, શાસ્ત્રિં તો તિહાં અદુષ્ટતા જ કહી છઇ.

गीयत्थो जयणाए कडजोगी कारणंमि णिद्दोसो ।
एगेसिं गीयकडो अरत्तदुट्ठो य जयणाए ॥ बृहत्कल्पे [४९४६] ॥૨૫॥
जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥ पिण्डनिर्युक्तौ [७६०] ઇહાં કોઇ

કુકલ્પના કરઇ છઇ જે "જીવવિરાધના સ્વરૂપઇ નિર્જરાહેતુ હોઇ તો તપસંયમની પરિ

તે ઘણી જ રુડી થાઇ, તે માટિં જીવઘાતપરિણામજન્ય વિરાધના નિર્જરાપ્રતિબંધક છઇં, યતનાપરિણામઇં તે સ્વરૂપ ટલઇ છઇ, તેણઇં કરી પ્રતિબંધકાભાવથી નિર્જરા કહીઇ, પણિ સ્વરૂપઇ વિરાધના તે અશુદ્ધ જ છઈ" એહવું કોઇ કહઇ છઇં તેણિ વૃત્તિ દીઠી નથી, જે માટિં તિહાં ઇમ કહિઈં (ઉં) છઇ– 'इदमुक्तं भवति–कृतयोगिनो गीतार्थस्य कारणवशेन यतनयाऽपवादपदमासेवमानस्य या विराधना सा सिद्धिफला भवतीति' તે માટિં અનુબંધશુદ્ધિનિમિત્તને કો પરમાર્થ નથી....'जम्हा णेगंतियं बज्झं' महाभाष्ये ॥૨૬॥ 'જલજીવના અનાભોગથી નદ્યુત્તાર જો દુષ્ટ ન હોઇ તો સચિત્ત જલપાનઇં પણિ દોષ ન હુઓ જોઇઇ ॥૨૭॥

[ અપવાદવિષયક ઉપદેશ વિચાર ]

"ભગવદુપદેશ વસ્તુસ્વરૂપાવબોધક જ હોઇ, પણિ નદ્યુત્તારઇં પણિ વિરાધનાંશઇ અજ્ઞાનથી (?આજ્ઞા નથી.)" એહવું જો કહઇં છઇં તેહનઇ કહીઇં જે 'ફલરૂપ વિરાધનામાંહિ આજ્ઞા નથી કઇ વ્યાપારરૂપમાંહિ ?' પ્રથમપક્ષ તો અમ્હારઇં જ ઇષ્ટ જ છઇ, દ્વિતીયપક્ષ તો કહી ન શકાઇં, જે માટિં જે ઉત્તારાનુકૂલ તેહ જ વધાનુકૂલ છઇં, તે ભિન્ન કિમ થાઇ ? તે માટિં વ્યવહારથી વિધિનિષેધ બાહ્ય વસ્તુમાંહિ કામચારઇં હોઇં, નિશ્ચયથી તો શુભભાવનો જ વિધિ છઇં ઇમ સદ્દહવું. उक्तं च–

ण वि किंचि अणुण्णायं पडिसिद्धं वा वि जिणवरिंदेहिं ।
एसा तेसिं आणा कज्जे सच्चेण होयव्वं ॥ बृहत्कल्पे [३३३०] ॥૨૮॥

"યતનાંશઇં જ ઉપદેશ પણિ વિરાધનાંશઇં નહી" ઇમ કોઇ કહઇં છઇં તેહનઇં 'जयं चरे.' [દશવૈ.] ઇત્યાદિક પણિ સંપૂર્ણ પ્રમાણ ન થાઇં ॥૨૯॥ "અપવાદવચન કલ્પ્યતાદિ વસ્તુસ્વરૂપાવબોધક છઇ, પણિ પ્રવૃત્તિ તે સ્વૌચિત્યજ્ઞાનઇં જ" ઇમ કોઈ કહઇ છઇ તે મુગ્ધલોકને ભવસમુદ્રમાંહિ બોલઇ છઇ, જે માટિં વચનનઇ પ્રવર્ત્તકપણું એહ જે કલ્પ્યતાબોધનઇં ઇચ્છાજનકપણું તે ઉત્સર્ગવિધિમાંહિ અપવાદવિધિમાંહિ ભિન્ન નથી. ॥૩૦॥ "એણિ કરી 'पंचिंदियववरोवणा वि कप्पइ' ઇમ નિશિથચૂર્ણિં કહિઉં છઇં, પણિ 'હણવો' એમ નથી કહિઉં. એહવી ભાષા સાધુનઇં ન હોઇ." ઇમ કોઇ કહઇ છઇં. તે શબ્દપરાવર્ત્તમાત્ર, જે માટઇં અકલ્પ્યનઇં કલ્પ્યતા પણિ ભાખવી સૂત્રિ કહી નથી. 'तहेव संखडिं नचा किच्चं कज्जंति णो वए' दशवैकालिके [७।३६] ॥૩૧॥ "અપવાદઇ પણિ 'हन्तव्यः' ઇમ કહિઇ તો 'सव्वे भूया सव्वे जीवा (सव्वे) सत्ता न हंतव्वा' (आ. ४।१) એ વચનનો વિરોધ થાઈ.' ઇમ કોઇ કહઈ છઇ તે જૂઠ્ઠું, જે માટિં એ સૂત્રનો વિષય અવિધિનિષેધ જ **શ્રી હરિભદ્રસૂરિ** પદાર્થ–વાક્યાર્થ–મહાવાક્યાર્થ–ઐદમ્પર્યાર્થ વિચારી કહિઓ છઇં. તથા પરિતાપનાનો સાક્ષાત્ ઉપદેશપણિ **ભગવતી**સૂત્રિં દિસઇ છઇં. 'धम्मिएहिं अट्ठेहिं हेउएहिं पसिणेहिं णिप्पिट्ठपसिणवागरणं करेह' **મંખલિપુત્રનઇં** ઉદ્દેશીનઈ સ્થવિર પ્રતિ ભગવંતિ તિહાં ઇમ કહિઉં છઇં, તે હવે સ્થિર (સ્થવિર) વચનિં તેહનઈ મહાપરિતાપ ઉપનો છઇં ॥૩૪॥

"अवण्णवायं (?इं) पडिहणेज्जा' એ દશાચૂર્ણિવચન આચાર્ય શિષ્યનઈં પરવાદિનિશ-કરણ સામર્થ્યમાત્ર દેખાડવા જ કહિઉં છઈં, પણિ એહવી આજ્ઞા સાધુનિં ન હોઈ" એહવું કોઈ કહઈ છઈ તે છેદખંડક લુંપાકસદૃશ જાણવો, જે માટિં ઈમ અપવાદવિધિ સર્વ વિશીર્ણ થાઈં ॥૩૩॥ "અપવાદિં આદેશનિષેધ અનિ પંચિન્દ્રિયવ્યાપાદન ભયથી છતી સમર્થાઈ પ્રવચનાહિતનઈં અનિવારઈં દુર્લભબોધિતા" ઈમ કો કહઈ છઈં તે પરસ્પર વિરુદ્ધ, જે માટિં સામાન્યનિષેધજનિતભયવિશેષ ઈ અપવાદની આજ્ઞા વિના ન ટલઈં ॥૩૨॥ "અહિત નિવારણ કરતાં પંચિન્દ્રિયવ્યાપત્તિ પ્રાયશ્ચિત્તથી જ શુદ્ધતા હોઈ" ઈમ કોઈ કહઈ છઈ" તેણઇ ' मूलगुणप्रतिसेव्यप्यालम्बनसहितः पूज्यः, पुलाकवत्, स हि कुलादिकार्ये चक्रवर्त्तिस्कन्धावारमपि गृह्णीयाद् विनाशयेद् वा, न च प्रायश्चित्तमाप्नुयाद्' એ બૃહત્કલ્પવૃત્તિતૃતીયખંડે વચન વિચારવું. ॥૩૫॥ અપવાદવિરાધનાઈં જે કિહાં-એક પ્રાયશ્ચિત્ત કહિઉં છઈં તે હસ્તશતબહિર્ગમનાદિકની પરિ નિરતિચારતા જ અભિવ્યંજઈ, યતઃ

आयरिए गच्छंमि य कुलगणसंघे य चेइयविणासे ।

आलोइयपडिक्कंता सुद्धो जं निज्जरा विउला ॥ (बृ. क. भा. २९६३) ॥૩૬॥ "जलं वस्त्राऽऽगालितमेव पेयम्' ઇહાં જલગલન જ ઉપદિષ્ટ છઈં, પણિ ગલિત જલપાન નહીં" ઈમ કોઇ કહઈ છઈ, તેણઈં ' उस्सिंचण गालण धोअणे य' ઇત્યાદિ આચારાંગનિર્યુક્તિ વચનથી જલગલન પણિ શસ્ત્રવિચારીનઈં તેહનો ઉપદેશ પણિ કિમ કહિવો ? ॥૩૭॥

"દ્રવ્યથી પણિ હિંસાઈં એકેન્દ્રિયાદિકની પરિ સૂક્ષ્મદોષઈ આલોચના આવઈ" ઈમ કોઈ કહઈ છઈ તે જૂઠ્ઠું, જે માટિં ઇમ કહતાં દ્રવ્યપરિગ્રહથી પણિ આલોચના થઈ જોઈઈં તે માટિ 'दव्वओ खित्तओ' ઈત્યાદિ વચનિં દ્રવ્યાદ્યાલંબનઈં અશુભ ભાવનું જ પ્રત્યાખ્યાન સદ્દહવું, अत एव દિગંબરનિરાકરણઈં,

अपरिग्गहया सुत्तेत्ति जा य मुच्छा परिग्गहोऽभिमओ ।

सव्वदव्वेसु ण सा कायव्वा सुत्तसब्भावो ॥२५८०॥ ઈમ વિશેષાવશ્યકઈં કહિઉં છઈં ॥૩૮॥ "પૂજાસ્થાનકિં(ઈં) કુસુમાદિજીવ વિરાધનાંશઈં ઉપદેશ નથી, જે માટિ સન્દિગ્ધ સચિત્તકુસુમાદિક કલ્પિત–કુસુમાદિસદૃશપરિણામવિશેષ હણઈ નહીં" ઈમ કોઈ કહઈ છઈં, તેહનઈં મતિ મિથ્યાદષ્ટિનઈં કુસુમાદ્યર્ચનઈં વિશેષ જ અદુષ્ટપણું થાઈં, તે માટિ અનુબંધશુદ્ધિં જ શુદ્ધિ જાણવી. ॥૩૯॥ "ક્ષીણમોહનઈં સ્નાતકચારિત્ર નથી તે સંભાવનારૂઢ દ્રવ્યાશ્રવ પ્રતિબંધથી, તો સાક્ષાત્ દ્રવ્યાશ્રવથી કેવલીનઇ સ્નાતક ચારિત્રનો પ્રતિબંધ કિમ ન હોઇ ?" ઈમ કોઇ કહઇ છઈં તેણિ શાસ્ત્રાર્થ જાણ્યો નથી, જે માટિં દ્રવ્યાશ્રવથી અતિચાર હોઇં તો ઇગ્યારમઇ ગુણઠાણિ પણિ હોઈં, ' णिग्गंथसिणायाणं तुल्लं इक्कं च संजमट्ठाणं' इति पञ्चनिर्ग्रन्थिवचनात् (६०) ॥૪૦॥

[ હિંસા ચતુર્ભંગી અધિકાર ]

'द्रव्यतो भावतश्च हिंसा–हन्मीति परिणतस्य व्याधादेर्मृगवधे (१), द्रव्यतो न भावतः–ईर्यासमितस्य साधोः सत्त्ववधे (२), भावतो न द्रव्यतः–अङ्गारमर्दकस्य कीटबुद्धयाऽङ्गारमर्दने मन्दप्रकाशे रज्जुमहिबुद्धया घ्नतो वा (३), न द्रव्यतो न भावतः–मनोवाक्कायशुद्धस्य साधोः'

**શ્રાવકપ્રતિક્રમણસૂત્રવૃત્તૌ.** ઇહાં ચઉથા ભાંગાનો સ્વામી કોઇ સયોગિકેવલી કહઈ છઇ, 'चउत्थो सुण्णो त्ति' ચૂર્ણિંઇં કહિઉં છઇં તે હિંસાસ્વરૂપની અપેક્ષાઇં, પણિ સ્વામિની અપેક્ષાઇં નહીં. અયોગિ એહનો સ્વામી ન ઘટઇં, જે માટિં યોગાભાવિં મનોવાક્કાયશુદ્ધ તે ન કહવાઇં, જિમ વસ્ત્રાભાવઇં વસ્ત્રશુદ્ધ ન કહિઇં. ઇહાં **ઉત્તર** દીજઇં છઇં. ચઉથો ભંગો શૂન્ય કહિઓ છઇં તે હિંસાવ્યવહારની અપેક્ષાઇં. હિંસા-સ્વરૂપની અપેક્ષાઈં શૂન્યતા તો દ્વિતીયભંગઇં પણિ શાસ્ત્રસિદ્ધ જ છઇં. તે માટઇં કેવલીનઈં દ્રવ્યવધસંપત્તિ(ઇં) દ્વિતીયભંગ, તેહની અસંપત્તિ(ઇં) ચઉથો ભંગ ઇમ બેહુ ભંગ સંભવઈ, જિમ નિગ્રન્થનઈ. નિયતસ્વામી ચતુર્થભંગનો તે અયોગિ, જે માટિ તે પણિ નિવૃત્તિવ્યાપારઇં મનોવાક્કાયશુદ્ધ છે. તથા જલવિગમઈં પણિ જલઇં સુદ્ધ જિમ કહિઇં તિમ યોગવિગમઈ પણિં અયોગી યોગશુદ્ધ સંભવઈ જ. ॥૪૧॥

**કલ્પભાષ્યઈ** વસ્ત્રચ્છેદાધિકારઇં પૂર્વપક્ષઇં ઇમ કહિઉં છઇ–

विन्नाय आरंभमिणं सदोसं तम्हा जहालद्धमहिट्ठिएज्जा ।

वुत्तं सएओ खलु जाव देही ण होइ सो अंतकरी तु तांव ॥३९२४॥ ઇહાં દ્રવ્યવધ-સંભવ નિરાકરિઓ નથી, અનઇં સિદ્ધાંતઇ ઇમ કહિઉ છઇ–

अत्थेव सिद्धंतमजाणमाणो तं हिंसगं भाससि जोगवंतं ।

दव्वेण भावेण य संविभत्ता चत्तारि भंगा खलु हिंसगत्ते ॥३९३२॥

आहच्च हिंसा समियस्स जा तु सा दव्वतो होइ ण भावओ य ।

भावेण हिंसा उ असंजयस्स जे वा वि सत्ते ण सदा वहेइ ॥३९३३॥

संपत्ति तस्सेव जदा भविज्जा सा दव्वहिंसा खलु भावओ य ।

अज्झत्थसुद्धस्स जदा ण होज्जा वधेण जोगो दुहओ वऽहिंसा ॥३९३४॥ ઇહાં 'सिद्धान्ते योगमात्रप्रत्ययादेव न हिंसोपवर्ण्यते, अप्रमत्तसंयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तदभावात्' એ (૩૯૩૨) વૃત્તિવચનઈં સ્પષ્ટ જ આદ્ય ચતુર્થભંગસ્વામી સદાઇ કેવલી હોઇ એ નિઃસંદેહ જાણવું. ॥૪૨॥

"जीवे णं भंते ! सया समियं एयइ, चलइ, फंदइ, घुट्टइ, खुब्भइ तं तं भावं परिणमइ ? हंता मंडियपुत्ता जीवे णं सया समियं एयइ वेयइ जाव परिणमइ ॥ जावं च णं भंते ! से जीवे सया समियं जाव तं तं भावं परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया भवइ ? णो इणट्ठे समट्ठे ॥ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, जावं च णं से जीवे सया समियं जाव अन्ते अन्तकिरिया ण (न) भवइ ? मंडियपुत्ता ! जावं च णं से जाव सया समियं जाव परिणमइ, तावं च णं से जीवे–आरभइ सारभइ समारभइ, आरंभे वट्टइ सारंभे वट्टइ समारंभे वट्टइ, आरंभमाणे सारंभमाणे समारंभमाणे, आरंभे वट्टमाणे सारंभे वट्टमाणे समारंभे वट्टमाणे, बहूणं पाणाणं भूयाणं जीवाणं सत्ताणं दुक्खावणाए सोयावणयाए जूरावणयाए तिप्पावणयाए पिट्टावणयाए परित्ता(या ?)वणयाए वट्टइ ॥ से तेणट्ठेणं मंडियपुत्ता ! एवं वुच्चइ, जावं च णं से जीवे सया समियं एयइ जाव परिणमइ, तावं च णं तस्स जीवस्स अंते अंतकिरिया ण हवइ ।" [भ. श. ३, उ. ३]

એ **ભગવતીનો** આલાવો છઇં. ઇહાં આરંભાદિનઇં એજનાદિ ક્રિયાવ્યાપ્તિ યથાસંભવ જાણવી. જિમ 'एस जीवे एयइ जाव तं तं भावं परिणमइ ताव णं अट्ठविहबंधए वा सत्त-विहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा नो णं अबंधए वा' ઇહાં. અનઈ 'આરંભા-દિકનઈં અંતક્રિયા પ્રતિબંધકપણું સ્થૂલવ્યવહારનઈં" ઇમ વૃદ્ધવ્યાખ્યાન કરઇં છઇં, અનઇ બીજઇં પણિ **પ્રવચનપરીક્ષા** વૃત્તિમધ્યે ઇમ જ લખ્યું છઇ, તથાહિ–'सुमुनी-नां–शोभना मुनयः सुमुनयः=सुसाधवस्तेषामप्रमत्तगुणस्थानकादारभ्य त्रयोदशगुणस्थानं यावदा-रंभप्रवर्त्तमानानामप्यारंभिकी क्रिया न भवतीत्यादि' તે વિસારીનઇં **શતક** (સર્વજ્ઞશતક) ગ્રન્થમધ્યે ઇમ લખ્યું છઈ જે "એજનાદિક્રિયાવ્યાપારક આરંભાદિવાચ્ય યોગ જ કહિઇં પણિ આરંભાદિ એજનાદિજન્ય નહીં, જિમ ધૂમવ્યાપકવહ્નિ ધૂમજન્ય નહીં. તે યોગને પ્રતિબંધઇ અંતક્રિયા ન હોઇ"એ અભિપ્રાય સાચો નહીં, જે માટિં **કલ્પભાષ્યઇં** હિંસાન્વિતયોગઈ આરંભપ્રસંગિં એ આલાવો દેખાડયો છઈ. તિહાં દ્રવ્યવધ ફલાવ્યો છઇં. તથા યોગનિરોધઈ યોગ પ્રતિબંધક ન કહિવાઇં, જિમ ઘટનાશઇ ઘટ. તથા આરંભાદિ ૩ શબ્દઇં એક યોગનો અર્થ કહિઈ તો 'अरिहंते वा अरिहंतचेइआणि वा' એ ૨ શબ્દે એક અર્થ કહઈ છઈ તે સરખા થાપ્યું પડઇં તે રૂડી પરિ વિચારીનઈ વડેરાનું વચન માનવું. ॥૪૩॥

## [અવશ્યંભાવી વિરાધના વિચાર]

"से अभिक्कममाणे पडिक्कममाणे संकुचमाणे पसारेमाणे विणिवट्टमाणे संपलिज्जमाणे ! एगया गुणसमियस्स रीयओ कायसंफासं समणुचिन्ना एगतिआ पाणा उद्दायंति । इहलोगवेदण-विज्जावडियं आउट्टिकम्मं, तापरिण्णाय विवेगमेति" आचारांगे लोकसाराध्ययने [अ.५,उ.४]

ઇહાં ચઉદમા ગુણઠાણા તાંઇ કાયસ્પર્શઇં જીવવધ કહિઓ છઇં **यद्वृत्तिः** अत्र च कर्म्मबन्धं प्रति विचित्रता, तथाहि—"शैलेश्यवस्थायां मशकादीनां कायस्पर्शेन प्राणत्यागेऽपि पञ्चविधोपादानकारणाभावान्नास्ति बन्धः उपशान्त–क्षीणमोह–सयोगिकेवलिनां स्थितिनिमित्तकषायाभावात् सामयिकः, अप्रमत्तयतेर्जघन्यतोऽन्तर्मुहूर्त्तम्, उत्कर्षतश्चान्तःकोटा-कोटिस्थितिरिति, प्रमत्तस्य त्वनाकुट्टिकयाऽनुपेत्य प्रवृत्तस्य क्वचित्पाण्याद्यवयवसंस्पर्शात्प्राण्यु-पतापनादौ जघन्यतः कर्म्मबन्ध उत्कर्षतश्च प्राक्तन एव विशेषिततरः" । इत्यादौ "ઇહાં કેવલી ગુર્વાદેશ વિધાયી નથી તે માટઈ નાવઇ" ઇમ કોઈ કહઈ છઇં તે કેવલિગ્રાહક વૃત્તિ-કાર સાહમો થાઇ છઇં. તેહનો પ્રતીકાર ઇમ કીજઇં જે કેવલી પણિ ફલતઃ ગુર્વાદેશ વિધાયી છઈ, જિમ કહિઉં 'किं ते भंते ! जत्ता ? सोमिला ! जं मे तवणियमसंजमसज्झा-यझाणावस्सयमाईसु जोएसु जयणा' એ ફલથી જ ઉપપાદિઉં છઇં ॥૪૪॥ "પ્રાયિં અસંભવી સંભવઈ તે અવશ્યંભાવી દ્રવ્યવધ કહિઇં જિમ અનાભોગથી અપ્રમત્તનઇં તે કેવલીનઇં ન હોઇ, જે માટિં અવશ્યંભાવનો નિયામક અનાભોગ નથી" ઇમ કોઇ કહઈ છઇ તે જૂઠ્ઠું, જે માટિં અનભિમત થકઇં અવર્જનીયસંનિધિક તે અવશ્યંભાવી કહઇં, તેહવો દ્રવ્યવધ કેવલીનઇ પણિ સંભવઇ. ॥૪૫॥ "જિમ સાધ્વાદિ નિમિત્તકો-પસર્ગાદિ સાધ્વાદિવ્યાપાર વિના સાધ્વાદિકર્તૃક ન હોઇં, તિમ અયોગિ શરીરનિમિત્ત-કમશકાદિવધ અયોગિકર્તૃ(ક) ન હોઇ, કિંતુ મશકાદિકર્તૃક, સયોગિકેવલિનઇં તિમ ન

કહિવાઇં, જે માટિં તેહનઇ યોગ છઇ, તેહનું અન્વયવ્યતિરેકાનુવિધાન મશકાદિવધનઇં છઇં, તેણઇ તે સયોગિકેવલિકર્તૃક પણિ થઇ જાઇ," એહવું કોઇ કહઇ છઇ, તેણિ સર્વવૃત્તિવચન લોપ્યું, જે માટિં પ્રમત્ત વિના કોઇ શાસ્ત્રિ પ્રાણાતિપાતકર્તા કહિઓ નથી. તે માટઇં ઇહાં કર્તૃકાર્યભાવસંબંધઇ વિચાર નથી, પણિ કારક-કારકિભાવ સંબંધઇ વિચાર છઇં તે જાણવું. ॥૪૬॥

જે કોઇ કહઇં છઇં " उपशान्तक्षीणमोहसयोगिकेवलिनाम्' એ સમુચ્ચય ' नरनारक-तिर्यग्देवाः कर्मबन्धकाः' એ સમુચ્ચયની પરિ સર્વાંશઇ નહીં જે દ્રવ્યવધઇં સામ્ય આવઇં, કિંતુ મોહોદયાભાવિ" તે જૂઠ્ઠું, જે માટિં ઉપાત્તક્રિયાની અપેક્ષાઇં જ સમુચ્ચય આવઈ, તે જિમ કર્મબન્ધકત્વાપેક્ષાઇં નરાદિકનઈં તિમ જીવવધ નિમિત્તક સામયિકબંધની અપેક્ષાઇં ઉપશાંતમોહાદિકનઈં ઇમ સદ્દહવું. અત એવ ' सेलेसीपडिवण्णस्स जे सत्ता फरिसं पप्प उद्दायंति मसगादि तत्थ कम्मबंधो णत्थि, सजोगिस्स कम्मबंधो दो समया, जो अपमत्तो उद्दावइ तस्स जहण्णेणं अंतमुहुत्तं उक्कोसेणं अट्ठ मुहुत्ता, जो पुण पमत्तो ण य आउट्टियाए तस्स जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेण अट्ठसंवच्छराइं, जो पुण आउट्टियाए पाणे उवद्दावइ तस्स तवो वा छेओ वा वेयावडियं वा करेइ' એ **આચારાંગ-ચૂર્ણિવચન**ઈ સયોગિનઇં સ્પષ્ટ દ્રવ્યવધઇં સામાયિકબંધ જણાઇ છઇં ॥૪૭॥ જો રક્ષકયોગી(ગ)નઇં સયોગિનઈં દ્રવ્યવધાભાવ ઇં ગુણ છઈ તે (તો) અયોગિનઈં તેહનઇ અભાવઈં હીનતા થાઈં, જે માટિ આવશ્યકાદિક ક્રિયાનઇં અભાવિં પણિ જિમ તેહનું ફલ કેવલીનઇં છઈં તિમ અયોગિનઇં યોગફલદ્રવ્યવધપ્રતિબંધ તુમ્હઇ નથી કહતા. ॥૪૮॥

[જીવરક્ષાના અતિશય/લબ્ધિનો વિચાર]

" अणासवो केवलीणं ठाणं ' ' सव्वजिआणमहिंसं ' ઇત્યાદિ વચનથી જે કેવલીનઇં અહિંસાઽતિશય કલ્પઇં છઇં તેહનઈં સયોગિના યોગથી દ્રવ્યવધ મ હો, પણિ મશકાદિયોગથી થાતેં શ્યો બાધ ? કેવલિયોગ પ્રતિબંધક કહઈં તો બારમઈ ગુણઠાણિ પ્રસંગ, ક્ષીણમોહયોગપણઈં પ્રતિબંધકતા કલ્પઇં તો મોહા(હ)ક્ષપક(ક્ષય)નઈં તથાભાવ કલ્પીનઈ ચઉદમિં ગુણઠાણિં પણિં કિમ ના ન કહઈ ? તે માટિ સર્વ એ સૂત્રવિરુદ્ધ કલ્પના ॥૪૯॥ કેવલીયોગ સ્વરૂપઈં જીવઘાત પ્રતિબંધક હોઇં તો પ્રતિલેખનાદિ વ્યાપાર વ્યર્થ હોઈં, વ્યાપારઈં પ્રતિબંધક કહઇં તો જે જીવવધ ટાલ્યુ ન ટલઈં તે હોતાં ના કિમ કહિવાઇં, અંતથી બાહરવાયુકાય-જલજીવાદિ વિરાધના ન ટલે. ॥૫૦॥ "જિમ **પુષ્ફચૂલા** અચિત્તપ્રદેશિં આવ્યા તિમ સર્વકેવલિં અચિત્ત જલાદિ પ્રદેશિં જ વિહાર કરઈ, તથા કેવલિ વિહાર કરઈ તિવારઈ કીડીપ્રમુખ કેવલિયોગથી ભય ન પામઇ ઇમ જ વિચારઇં" ઇમ કોઇ કહઈ છઇં તે કોઇ ગ્રંથિં નથી કહિઉં. ઇમ હોઈ ઉલ્લંઘન પ્રલંઘનાદિ વ્યાપાર વ્યર્થ થાઇં ॥૫૧॥ "अभयदयाणं" એ વચનથી કેવલિયોગથી કોઈનઇ ભય ન ઉપજઇ ઇમ કલ્પીઇં અનઇ "**શ્રીમહાવીરથી** હાલી નાઠો તિહાં હાલીના યોગ કારણ પણિ શ્રીમહાવીરના યોગ કારણ નહીં." ઇમ કોઈ કહઇ છઇં તેણઇ 'मंता मतिमं अभयं विदित्ता' એ **આચારાંગ** વચનપ્રામાણ્યથી સાધુનઇ ચારિત્ર

પણિ જીવાભયહેતુ છઈ, તેણઇ સાધુયોગથી પણિ સત્ત્વઘાત ન કહિઓ જોઇઈ. ભાપનનઈં ભયાશ્રવપણાનો ભય તો ઇગ્યારમઇં ગુણઠાણપણિ તાહરઇ ન ટલઈ. ॥૫૨॥ "જલચારણાદિકનઈં જલાદિકમાંહિ ચાલતાં જિમ જીવવિરાધના નથી, તિમ કેવલીનઈં લબ્ધિવિશેષઇં ઘટઇં" ઇમ કોઇ કહઇં છઇં તેણઇ વિચારવું જે 'લબ્ધિ કેવલિ કિમ પ્રયુંજઇં ? અપ્રયુક્તલબ્ધિં વધાભાવ તેરમઇ ગુણઠાણઇં માનઇં', (ચ)ઉદમિં ગુણઠાણિં સ્યું તુમ્હારું વિરાધ્યું છઇં ? ॥૫૩॥ એણિ કરી અમૃતમય શરીર કેવલીનઈં કોઈ કહઈ છઈ, તેહ પણિ નિરાકરિઉં જાણવું, ઇમ તો પરમૌદારિકશરીરવાદી દિગંબરમતાનુસરણે થાઇં તે પ્રીછન્યો. ॥૫૪॥ "દ્રવ્યવધથી જિનનઈં ૧૮ દોષરહિતપણું ન હોઈ ઈમ કોઈ કહઇં છઇં તેણઇં દ્રવ્યપરિગ્રહથી ૧૮ દોષરહિતપણું કિમ સદ્દહવું ? ॥૫૫॥

## [ પલાદન વિચારણા ]

'માંસાશનઈં સમ્યક્ત્વ ન હોઈ જ' એહવું જે કહઇ છઇં તેહનિં પૂછીઇં જે 'મૂલકાદિ ભક્ષણિં સમ્યક્ત્વ ન જાઇં તો માંસભક્ષણિં કિમ જાઇ ?' 'અતિનિંદ્ય માંસ ભક્ષણઇ પ્રવચનમાલિન્યથી સમ્યક્ત્વ જાઈ' ઇમ જો સદ્દહો તો તેહથી અતિનિંદ્ય પરદારગમનઈં સત્યકિ પ્રમુખનઇં સમ્યક્ત્વ કિમ રહઇં ? "ભિલવાસી મનુષ્યપણિ તથાવિધ ક્ષયોપશમથી માંસભક્ષણ પરિહરઇ છઇં તો સમ્યગ્દષ્ટિ કિમ ન પરિહરઈ ?" ઇમ કહસ્યો તો ચોર પ્રમુખ પરદારગમન પરિહરઇ છઇં તો સમ્યગ્દષ્ટિ સત્યકિપ્રમુખ કિમ ન પરિહરઇં તે વિચારજ્યો. શ્રદ્ધાન છતઇં અનુચિતપ્રવૃત્તિં સમ્યક્ત્વ ન જાઇં એ ઉત્તર બેહુનઇં સમાન, માંસાસનઇં નરકાયુર્બંધહેતુપણું છઇં, તે માટિં તેહની અનિવૃત્તિં જો સમ્યક્ત્વ ન રહઇં, તો મહારંભપરિગ્રહાદિકનઇ પણ તથાભાવ છઇં, તેણઇં કરી તેહથી અનિવૃત્તિં કૃષ્ણાદિકનઇં સમ્યક્ત્વ કિમ હોઈ ?

"तए णं दुवे राया कंपिल्लपुरं णगरं अणुपविसइ, अणुपविसित्ता विउलं असणं ४ उवक्खडावेइ उवक्खडावेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी, 'गच्छह णं तुब्भे देवाणुप्पिया ! विउलं असणं ४ सुरं च मज्जं च मंसं च सीधुं च पसण्णं च सुबहु पुप्फफलवत्थगंधमल्लालंकारं च वासुदेवप्पामोक्खाणं रायसहस्साणं आवासेसु साहरह, ते वि साहरंति । तए णं ते वासुदेवपामोक्खा तं विउलं असणं ४ जाव पसन्नं आसाएमाणा २ विहरंति । [ज्ञा. सू. ११८] એ જ્ઞાતાસૂત્રમધ્યે કહિઉં છઇં, તેણિ કહિ વાસુદેવનઇ માંસભક્ષણિં કરી સમ્યક્ત્વ નથી ગયું તો બીજાનિં કિમ જાઈ ? "ઇહાં વાસુદેવપરિવાર મિથ્યાદષ્ટિનિં માંસભક્ષણ પણિ વાસુદેવનિં નહીં" ઇમ ન કહિવું, જે માહિં એક ક્રિયાન્વય વિના 'પ્રમુખ' શબ્દાર્થ ન ઘટઇ. જે એ સૂત્રનિં વર્ણનમાત્ર કહે છઇં તે સ્વર્ગધ્યાદિસૂત્ર વર્ણનમાત્ર કહે તો કોણ વારે ? તથા માંસભક્ષણિં સમ્યક્ત્વનાશ હોઇ તો મૂલપ્રાયશ્ચિત્ત જોઇઇ. કહિઉં છેઈ તપપ્રાયશ્ચિત્ત, તથાહિ—चउगुरुगंते चउलहु परित्तभोगे सचित्तवज्जिस्स । मंसासयवयभंगे छग्गुरु चउगुरु अणाभोगे ॥ શ્રાદ્ધજિતકલ્પે. ઇત્યાદિક બોલ વિચારીનઇ ગુરુસંપ્રદાઈ સદ્દહવા.

इति श्रीतपागच्छाधिराजभट्टारकश्रीहीरविजयसूरीश्वरशिष्योपाध्यायकल्याणविजयगणिसंतानीय पं० श्री नयविजयगणिशिष्योपाध्यायश्रीयशोविजयविरचितं स्वोपज्ञधर्मपरीक्षावृत्तिवार्त्तिकं समाप्तम् ॥

एष बिन्दुरिह धर्मपरीक्षावाङ्मयामृतसमुद्रसमुत्थः ।
नन्दताद्विषकारविनाशी व्योम यावदधितिष्ठति भानुः ॥

ઇત્યાદિ સર્વ બોલ છઠ મૂકીને વિચારી જોજો. इति विचारबिन्दुः संपूर्णः ॥

लिखितश्च संवत् १७२६ मिते पोषमासे चतुर्दश्यां तिथौ रविवारे श्रीस्तम्भतीर्थबन्दिरे । श्रीरस्तु श्रीश्रमणसङ्घस्य श्रीः श्रीः श्रीः ॥

इति उपाध्याय श्रीजसविजयगणिकृत धर्मपरीक्षाग्रन्थगत विचाराबिन्दुः संपूर्णः ॥

॥श्लो० सं. ६७६॥

**પરિશિષ્ટ : ૨**

न्यायविशारद, न्यायाचार्य, महोपाध्याय

**श्रीमद् यशोविजयजी गणिवर्य**

द्वारा संगृहीत

# १०८ बोल संग्रह

[સૂચના– પ્રસ્તુતસંગ્રહની પાંડુલિપિનું પ્રથમ પૃષ્ઠ ખોવાઈ જવાથી કે નષ્ટ થઈ ગયું હોવાથી નંબર ૧ થી ૪ ના પ્રશ્ન આપ્યા નથી. આ જ કારણે આ ગ્રન્થનો પ્રારંભ પાંચમાં બોલથી થઈ રહ્યો છે.]

'यथाछंदनइं उत्सूत्र बोल्यानो निर्धार नथी' एहवुं लिख्युं छइं ते न मिलइं, जे माटइं–आवश्यक व्यवहारभाष्यादिक ग्रंथमां यथाछंद उत्सूत्रचारीनइं उत्सूत्रभाषी ज कहिओ छइं। 'नियत उत्सूत्रथी अनियत उत्सूत्र हलुउं ज हुइं' एहवुं कहइ छइं ते न घटइं, जे माटइं एक जातिनइं पापइं हिंसादिक आश्रवनी परिं नियतानियतभेदइं फेर कहिओ नथी ॥ ५ ॥

'कीधां पापनुं प्रायश्चित्त तेह ज भवइं आवइं पणि भवांतरिं नावइं' एहवुं लिख्युं छइं ते न घटइं, जे माटइं–पंचसूत्र चतुःशरणादि ग्रंथनइं अनुसारइं भवांतरना पापनुं पणि प्रायश्चित्त जणाइं छइं ॥ ६ ॥

'अभव्यनइं अनाभोगरूप एक ज अव्यक्तमिथ्यात्व हुइ' एहवुं व्याख्यान विधिशतकमां लिख्युं छइ ते अयुक्त, जे माटइं गुणस्थानकमारोहादिक ग्रंथइं अभव्यनइं व्यक्ताव्यक्त २ प्रकारिं मिथ्यात्व कहिउं छइं ॥ ७ ॥

वली तिहां एहवुं लिख्युं छइं, जे 'एकपुद्गलपरावर्त्त संसार शेष जेहनइं हुइं तेहनइं ज व्यक्तमिथ्यात्व कहिइ' ते सर्वथा न घटइं, ते (जे) माटइं तेहथी अधिक संसारी पणि पाखंडी व्यक्तमिथ्यात्वी ज कहिया छइं ॥ ८ ॥

'अनाभोगमिथ्यात्वइं वर्त्तता जीवने मार्गगामी वा उन्मार्गगामी कहिइं' एह्वी कल्पना करि छइं ते कोई ग्रंथइ नथी, अनइं इम कहतां सघलइं ३ राशि कल्पाइं ॥ ९ ॥

अभव्य अव्यवहारिया कहिया छइं ते उपदेशपदादिक ग्रंथसाथिं तथा लोकव्यवहार साथिं पणि न मिलइ ॥ १० ॥

'व्यवहारिया जीव सर्व आवलिका असंख्येयभागसमयप्रमाण पुद्गलपरावर्त्त पछी अवश्य मोक्षइं जाइं,' एहवुं लिख्युं छइं तिहां कोई ग्रंथनी साखि नथी । साहमुं भुवनभानुकेवलिचरित्र योगबिन्दु मुख ग्रंथनी मेलि व्यवहारिया थया पछी अनंता पुद्गलपरावर्त पणि दीसइं छइं ॥ ११ ॥

'सूक्ष्मपृथिव्यादिक ४ तथा निगोद २, ए छ भेद अव्यवहारिया कहिइं' एहवुं लिख्युं छइं ते न घटइ, जे माटइ–उपमितभवप्रपंचा समयसारसूत्रवृत्ति[1], भवभावनावृत्ति, श्रावकदिनकृत्यवृत्ति, पुष्पमालावृत्ति, धर्मरत्नप्रकरणवृत्ति, संस्कृतनवतत्त्व सूत्रादिक ग्रंथनी मेलइं प्रकट ज बादरनिगोदादिक व्यवहारिया जणाइं छइं, एक सूक्ष्मनिगोद ज अव्यवहारिया कहिया छइं ॥ १२ ॥

'ए उपमितिभवप्रपंचादिकनां वचन पन्नवणा साथइं विरुद्ध अनाभोगपूर्वक' एहवुं लिख्युं छइं, ते पूर्वाचार्यनी आशातनानुं वचन जिनशासननी प्रक्रिया जाणइं ते किम बोलइं ।१३।

'अभव्य व्यवहारियाथी तथा अव्यवहारियाथी बाह्य छइं' एहवुं पणि व्याख्यान विधिशतकमां लिख्युं छइं, ते पणि कल्पनामात्र ज ॥ १४ ॥

'अनाभिग्रहिक मिथ्यात्व आभिग्रहिक सरिखुं आकरुं' एहवुं लिख्युं छइं ते पणि न घटइं, जे माटइं योगबिन्दु प्रमुख ग्रंथइं अनाभिग्रहिक आदिधर्मभूमिकारूप दीसइं छइं ॥ १५ ॥

'मिथ्यात्वीनइं देवाराधन अध्यवसाय जीवहिंसादिक अध्यवसायथी पणि घणुं दुष्ट' एहवुं सर्वज्ञशतकमां लिख्युं छइं ए एकांत ग्रहवो ते खोटो, जे माटइं आदिधार्मिकनइं साधारणदेवभक्ति योगबिन्दु प्रमुख ग्रंथमां संसार तरणनुं हेतु कहि छइ ॥ १६ ॥

'मिथ्यात्वीना गुण ते सर्वथा ज गुणमां न गणिइं' एहवुं कहिइं छइ ते पणि न घटइं जे माटइं मिथ्यादृष्टिना गुण आव्यइं ज सूधुं पहिलुं गुणठाणुं हुइं एहवुं योगदृष्टिसमुच्चय ग्रंथमां कहिउं छइं ॥ १७ ॥

'परसमयमां न कही नइं स्वसमयमां कहीं, एह्वी ज क्रियाः सुपात्रदान, जिननी पूजा, सामाइक प्रमुख, मार्गानुसारिपणानुं कारण' एहवुं कहिउं छइं, ते पणि एकांत न घटइं जे माटइं उभयसंमत दयादानादिक क्रियाइं पणि मार्गानुसारिपणुं योगबिन्दु प्रमुख ग्रंथइं कहिउं छइं ॥ १८ ॥

'उत्कर्षथी अपार्द्धपुद्गलपरावर्त्त शेष संसार हुइ तेह ज मार्गानुसारी' एहवुं लिख्युं छइ ते पणि विचारवुं, जे माटइं उपदेशपदमां वचनौषधप्रयोगकाल चरमपुद्गलपरावर्त्त ज कहिउं छइं तथा योगबिन्दुनी [वृ]त्तिविंशीप्रमुखग्रंथानुसारइं पणि एक चरमपुद्गलपरावर्त्त मार्गानुसारिनो काल जणाइं छइं ॥ १९ ॥

---

१. **समयसार** नामनो सवृत्तिक नानो श्वेतांबरीयग्रन्थ जे छे ते अही अभिप्रेत छे.

'सम्यक्त्वथी घणुं ढूकडो मार्गानुसारी हुइं, ते संगम—नयसारादिक सरिखो ज पणि बीजो न कहिइं' एहवुं कहिउं छइं ते न घटइं, जे माटइं १. अपुनर्बंधक. २. सम्यग्दृष्टि, ३. चारित्री ए ३ शास्त्रइं धर्माधिकारी कहिया छइं, ते तो आप आपणइं लक्षणे जाणिइं, पणि एक एकथी ढूकडापणानो तंत नथी, ते माटइं जिम सम्यग्दृष्टि चारित्रथी वेगलो पणि पामिइं तिम मार्गानुसारी सम्यक्त्वथी वेगलो पणि हुइं ते वातनी ना नहीं ।।२०।।

'मिथ्यात्वीनी दया व्याधादिकना मनुष्यपणानइं सरखी' एहवुं लिख्युं छइं ते महाद्वेषनुं वचन—जे माटइं अपुनर्बंधकना दयादिक गुण उपदेशपदादिक ग्रंथमां-वीतरागदेवनी सामान्य देशनाना विषय कहिया छइं ।। २१ ।।

'जैननी क्रियाइं अपुनर्बंधक हुइ पणि अन्यदर्शननी क्रियाइं न हुइं ज' एहवुं जि कहइं छइं ते न मानवुं जे माटइं 'सम्यग्दृष्टि स्वशास्त्रनी ज क्रियाइं हुइं अनइं अपुनर्बंध(क) अनेक बौद्धादिक शास्त्रनी क्रियाइं अनेक प्रकारनी हुइं' एहवुं योगबिन्दु प्रमुख ग्रंथइं कहिउं छइं ।। २२ ।।

"असद्ग्रहत्यागेनैव तत्त्वप्रतिपत्तिर्मार्गानुसारिता" एहवुं वृंदारुवृत्ति कहिउं छइं ते माटइं जैनशास्त्रना तत्त्व जाण्या विना मार्गानुसारी न हुइं ज" एहवो एकांत पणि न घटइं जे माटइं ए तंत ग्रहतां मेघकुमार हस्तिजीवनइं पणि मार्गानुसारिपणुं न आवइं, योग्यता लेइं इनो कोइ दोष नथी ।। २३ ।।

भगवतीसूत्रमां ज्ञानरहित क्रियावंत देशाराधक कहिओ छइं ते भांगानो स्वामी खारीनइं[1] टीकामां बालतपस्वी वखाणयो छइं, ते मार्गानुसारी ज मिथ्यात्वी हुइं ए अर्थ कुवेषीनइं[2] भांगानो स्वामी द्रव्यक्रियावंत अभव्य जे कहइं छइं आप छंदइं ते न घटइं, जे माटइं अभव्यादिकनइं देशथीइं आराधकपणुं नथी, व्यवहारइं आराधकपणुं तेहनइं छइं ते पणि न घटइं, जे माटइं ए मुग्धव्यवहार लेखामां नहीं, लिंगव्यवहारनी परि क्रिया-व्यवहार पणि अपुनर्बंधकादि परिणाम विना पंचाशकादिक ग्रंथि निरर्थक कहिउं छइं ।।२४।।

'निह्नवइं क्रिया ज्ञानथी भागी अनइ सत्काज्ञाभागी छइं ते माटइं ते देशाराधक तथा देशविराधक कहिइं' एहवुं लिख्युं छइ ते सर्वविरुद्ध, जे माटइं ते सर्वथा आज्ञाबाह्य ज कहिया छइं ।।२५।।

"जेहनइं ज्ञान छतइं पाम्या चारित्रनो भंग हुइं अथवा चारित्रनी अप्राप्ति हुइं ते देशविराधक' एहवु भगवती सूत्रनी वृत्ति लिख्युं छइं तेहमां 'चारित्रनी अप्राप्ति देशविराधक न घटइं" एहवुं लिख्युं छइं ते प्रकट पूर्वाचार्यनी आशातनानुं वचन, जे माटइं परिभाषा लेतां कोइ दोष नथी ।।२६।।

सव्वप्पवायमूलं, दुवालसंगं जओ जिणक्खायं ।
रयणागरतुल्लं खलु, तो सव्वं सुंदरं तंमि ॥ [उ० पद ६९४]

'उपदेशपद गाथामां अन्यदर्शनमां पणि जीवदयादिक सुंदर वचन छइं ते दृष्टिवादनां, ते माटइं तेहनी आशातनाइं दृष्टिवादनी आशातना थाइं' एहवो अर्थ छइं ते ऊथाप्यो छइं ।।२७।।

१. यह शब्द क्या है ? यह स्पष्ट नहीं है। २. उवेषीनइं ।

तेहनी वृत्तिमां—'उद्धाविवे' त्यादि काव्यनी साखि लिखी छइं ते अयुक्ति' एहवुं कहिउं छइं ॥२८॥ ते काव्यनो अर्थ फेरव्यो छइं ॥२९॥

'मिथ्यात्वीनी क्रिया—आंबाना फलना अर्थी(र्थी)नइं वटवृक्षसरिखा(खी); चारित्ररहित ज्ञान—पोषमासइं आंबासरिखु'' एहवुं लिख्युं छइं तिहां ए ओ(जू)ठूं जे अपुनर्बंधकादि क्रिया आंबाना बीजांकुरादि सरिखी गणी नथी । श्रीहरिभद्रसूरिना घणा ग्रंथमां ए अर्थ प्रकट छइं ॥३०॥

'लौकिक मिथ्यात्वथी लोकोत्तर मिथ्यात्व भारे,' एहवुं लिख्युं छइं एह पणि एकांत नथी; जे माटइं बंधनी अपेक्षाइं लौकिक पणि भारे दीसइं छइं । योगबिंदुमां भिन्न-ग्रन्थिनुं मिथ्यात्व हलुउं कहिउं छइं अभिन्नग्रन्थिनुं भारे कहिइं छइं ॥३१॥

'अनुमोदना तथा प्रशंसा ए २ भिन्न कहिउं' एहवुं लिख्युं छइं ते न घटइं, जे माटइं पंचाशकवृत्ति प्रमुख ग्रंथइं प्रमोदप्रशंसादिलक्षण अनुमोदना कहि छइं ॥३२॥

'मिथ्यादृष्टिना दयादिक गुण पणि न अनुमोदवा' एह(वुं कहि)इछइं ते न घटइं जे माटइं परसंबंधिया पणि दानरुचिपणा प्रमुख सामान्य धर्मना गुण अनुमोदवा योग्य कहिया छइं आराधनापताकादिक ग्रंथिं, तथा साधारणगुणप्रशंसा ए धर्मबिंदु सूत्रमां पणि लोकलोकोत्तर साधारण गुणनी प्रशंसा करवी कही छइं ॥३३॥

'मिथ्यात्वीना दयादिक गुण प्रशंसीइ पणि अनुमोदिइं नहीं' एहवुं कहइं छइं ते मायानुं वचन, जे माटइं खरी प्रशंसाइं अनुमोदना ज आवइं अनइं खोटी प्रशंसानो तो विधि न हुइं ॥३४॥

'सम्यग्दृष्टि ज क्रियावादी हुइ'' एहवुं कहइ छइ ते न घटइं, जे माटइं एक पुद्गलपरावर्त्त शेष संसार क्रियारुचि क्रियावादी कहिओ छइं दशाचूर्णि प्रमुख ग्रन्थइं ॥३५॥

'मिथ्यात्वीनइं दयादिक गुणइं करी पणि सकामनिर्जरा न हुइ'' एहवुं लिख्युं छइं ते न घटइं, जे माटइं मेघकुमारनुं जीव हस्तिप्रमुखनइं दयादिक गुइण (गुणइ) संसार पातलो थयो ते सूत्रि ज कहिउं छइं ते सकामनिर्जरा विना किम घटइं । तथा मोक्षनइं अर्थि निर्जरा-ते सकामनिर्जरा कही छइं ॥३३॥

"कविला इत्थंपि इहयं पि' ए वचन मरीचिनी अपेक्षाइ उत्सूत्र नहीं, अनइं कपिलनी अपेक्षाइं उत्सूत्र, ते माटइं उत्सूत्रमिश्र कहिइं'' एहवुं लिख्युं छे ते न घटइं, जे माटिं इम करतां सिद्धान्तवचन पणि सम्यग्दृष्टि मिथ्यादृष्टिनी अपेक्षाइं उत्सूत्रमिश्र थई जाइं तथा श्रुतभावभाषामिश्र हुइं ज नहीं एहवुं दशवैकालिकनी निर्युक्ति मां कहिउं छइं ॥ ३७॥

'मरीचिनुं वचन दुर्भाषित कहिइं पणि उत्सूत्र न कहिइं' एहवुं कहइं छइं ते न मिलइ, जे माटइं पंचाशकवृत्ति—दुर्भाषितपदनो अर्थ उत्सूत्र करिओ छइं ॥ ३८॥

'उत्सूत्रलेश मरीचिनुं वचन कहिउं छइ ते माटइं उत्सूत्रमिश्र कहिइं' एहवुं कहइ

छइ ते न घटइं, जे माटइं 'द्रव्यस्तवमां–भावलेश' पंचाशकादिक ग्रंथइं कहिओ छइं ते पणि भावमिश्र हुइ जाइं ॥ ३९ ॥

"इयमयुक्ततरा दुरन्तसंसारकारणम्" एहवुं श्राद्धप्रतिक्रमण चूर्णि कहिउं छइं, तेहनो अर्थ ए विपरीत प्ररूपणा घणुं अयुक्त दुरन्तानन्तसंसारनुं कारण। इहां एहवुं लिख्युं छइं जे 'दुरन्तानन्त शब्दनो अर्थ न मिलइ 'दुरन्त' ते जेहनो दुखइं अंत आवइ 'अनंत'—ते जेहनो अंत नावइ' ने ए पूर्वाचार्यना ग्रंथ खंडियानी खोटी कल्पना,–जे माटइं 'दुरंतानन्त' कहतां महानंत कहिइं "कालमणंतदुरंतं" ए वचन उत्तराध्ययननी साखि, इहां कोइ दोष नथी ॥४०॥

"जिनवचननो दूषनार जमालिनी परिं नाश पामइं 'अरघट्टघटीयंत्र' न्यायइं संसार-चक्रवाल भमइं" एहवुं सूयगडांगनिर्युक्तिवृत्ति कहिउं छइं, ते माटइं जमालिनइं अनंतो संसार" एहवी कल्पना करइ छइ ते न घटइ–जे माटइं दृष्टान्तमात्रइं साध्यसिद्धि न हुइं, नहीं तो उत्सूत्रप्ररूपणा अनंतसंसारहेतु कहि छइं तिहां श्राद्धप्रतिक्रमणचूर्णि, श्राद्धविध्यादिक ग्रंथमां मरीचि दृष्टांत कहिओ छइं ते भणि मरीचि पणि अनंतसंसारी हुई जाइं तथा 'सूत्रविराधनाइं अनंता जीव चतुरंत संसार भमिया जमालिना परिं' एहवुं नंदीवृत्तिमां कहिउं छइं ते भणि जमालिनइं क्यारइ गति हुई जोइइ ॥४१॥

"जमाली णं भंते ! देवे ताओ देवलोगाओ कहिं गच्छिहिति कहिं उववज्जिहिति। गोयमा ! चत्तारि पंच तिरिक्खजोणिय मणुअदेवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिंति' [श० ९, उ. ३३] ए भगवती सूत्रमां 'चत्तारि पंच' कहतां ९ भेद तिर्यंचना लेईइ इम अनंता भव जमालीनइं थाइं" एहवुं लिख्युं छइं ते न मिलइं–जे माटइं एहवो विषम अर्थ पूर्वि कणि विचारिओ नथी तथा ९ भेद तिर्यंचमां पणि नियमइ अनंता भव आवइं नहीं ॥४२॥

कोइक तिर्यंचनी कायस्थिति लेई जमालीनइं अनंता भव कहइं छइं ते पणि कल्पना-मात्र–जे माटइं सूत्रइं भवग्रहण ज कहियां छइं ॥४३॥

"च्युत्वा ततः पञ्चकृत्वो, भ्रान्त्वा तिर्यग्नृनाकिषु।
अवाप्तबोधिर्निर्वाणं, जमालिः समवाप्स्यति ॥ १ ॥"

ए हैमवीरचरित्रश्लोकमां एहवुं कहिउं छइं जे जमाली तिहांथी चवी ४ वार तिर्यंच मनुष्यदेवतामां भमी मोक्ष जास्ये, एहथी अनन्त भव नथी जणाता, तिहां कोइ कहइं छइं जे 'पंच वार तिर्यंचमां भमतां भमतां अनंत भव थाइं' ते न मिलइ। जे माटइं भव ग्रह-णइं भमतां अनंत भव न घटइं ॥४४॥

देव किब्बिसिया णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छिहिंति कहिं उववज्जिहिंति ? [श० ९ उ. ३३]' ए सामान्य सूत्रइं सामान्यथी देव किल्बिषीयानइं चत्तारि पंच शब्दथी अथवा 'जाव' शब्दथी जेम अनंतो संसार लीजइं तिम जमालीनइं सूत्रइं पणि 'जाव' शब्द 'ताव' शब्द बाहरेथी लेइ अनंतो संसार कहवो" एहवुं लिख्युं छइं, ते घणुं ज ताण्युं एवुं प्रतिभासइं छइं तथा

ए सामान्य सूत्र ज एहवु पणि संभवतु नथी, जे माटइं–"अत्थेगइआ अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं अणुपरिअट्टंति" [श० ९. उ. ३३] ए सूत्र अनंत संसारनु आगलि कहिउं छइं ते भणि पहिलुं सूत्र जमालि सरखा देव किल्बिषियानुं ज संभवइं ॥४५॥

'अत्थेगइया' ए सूत्र अभव्य विशेषनी अपेक्षाइं, जे माटइं एहमां छेहडइं निर्वाण नथी कहिउं एहवु लिख्युं छइं ते पणि न घटइं–जे माटइं असंवुडनइं सूत्रइं पणि छेहडइं निर्वाण कहिउं नथी, तथा भव्यविषय पणि एहवां सूत्र घणा छइ ॥४६॥

"तिर्यग्मनुष्यदेवेषु, भ्रान्त्वा स कतिचिद् भवान् ।
भूत्वा महाविदेहेषु, दूराग्निर्वृतिमेष्यति ॥"

ए उपदेशमालानी कर्णिका श्लोकमां तिर्यंचमनुष्यदेवतामां केतलाइक भव करी जमाली मोक्ष जास्यइं एहवुं कहिउं छइं तेणइं करी अनंता भव नावइ, तिहां कोइक कहइं छइं जे 'ए भव लोकनिंदित केतलाइक लीधां बीजां सूक्ष्म एकेन्द्रियादिकमां अनंता जाणवा' एह पणि घणुंज ताण्युं जणाइं छइं, जे माटइं नाम लेई व्यक्ति भव कहिया ते थूल किम कहिइं, अनइं थाकता अनंता भव पणि (किम) जाण्या ॥४७॥

"कर्णिकामां दूरइं मोक्ष जास्यइं एहवुं कहिउं ते माटइं केतलाइक भव कहिया तो पणि थाकता अनंता" लेवा एहवु लिख्युं छइं ते पणि पोतानीज इच्छाइं जे माटइं–

"तिर्यक्षु कानपि भवानतिवाह्य कश्चिद् देवेषु चोपचित–सञ्चितकर्मवश्यः ।
लब्ध्वा ततः सुकृतजन्मगृहेविदेहे, जन्मायमेष्यति सुखैकखनिर्विमुक्तिम् ॥

ए सर्वानन्दसूरिविरचितोपदेशमालावृत्तिमां 'दूर' पद विनापि केतलाइक ज भव कहिया छइं ॥४८॥

सिद्धर्षीय हेयोपादेय उपदेशमाला वृत्ति केतलाइक परतइं[1] अनंता भव दीसइं छइं ते माटइं ते परतिनि अपेक्षा तिम कहवी पण बीजा ग्रंथनी अपेक्षाइं परिमित भव ज जमालिनइं कहवा एहवुं परमगुरुवचन हवेखी अन्यथा एकांत अनंता भव जमालिनइं कहइं छइं ते न घटइं ॥४९॥

'तिर्यग्योनिक' शब्द ज सिद्धांतनी शीलीइं[2] अनंत भवनो वाचक छइं, एहवुं लिख्युं छइं तिहां 'तिर्यग्योनीनां च' ए तत्त्वार्थसूत्रनी साखि दीधी छइं ते न घटइं, जे माटइं तत्त्वार्थसूत्रमां कायस्थितिनइं अधिकारइं तिर्यंचनइं अनंतकालस्थिति लिखी छइं पणि तिर्यग्योनिक शब्द शीलीइं अनंता भव आवइं एहवुं किहांइं कहिउं नथी ॥५०॥

'अशक्यपरिहार जीवविराधनाइं केवलीनइं जीवदयानो काययत्न निष्फल थाइं" एहवुं लिख्युं छइं ते न घटइं, जे माटइं देशना देतां अभव्यादिकनइं विषइं जेम केवलिनो वचनयत्न निष्फल न हुइं तिम विहारादिक करतां काययत्न पणि जाणवो ॥५१॥

१. एटले प्रतो–पोथीओ । २. शैलीए

"तस्य असंचेयवउ संचेयवउ अ जाइं सत्ताइं ।
जोगं पप्प विणस्संति, णत्थि हिंसाफलं तस्स ॥"

ए ओघनियुक्ति गाथानो एहवो भाव छइं जे ज्ञानी कर्मक्षयनइं अर्थइं ऊजमाल थयो तेहनइ यतना करतां पणि जीवनइं अणजाणवइं (पणि) तथा जाणतां पणि यत्न करतां न राखी सकाइं तेणइं करी तेहना योग पामी जे जीव विणसइं छइं तेहनुं[१] हिंसाफल सांपरायिक कर्मरूप नथी, केवल ईर्यापथ कर्म बंधाइं. इहां ज्ञानी ११ गुणठाणानो ज जे लिइं छइं तो (ते) न मिलइं जे माटइं सामान्यथी ज ज्ञानी इहां कहिओ छइं अनइ अशक्य-परिहार तो योगद्वाराइं केवलिनइं पणि संभवइ ॥५२॥

'जीवरक्षोपायना अनाभोगथी ज यतिनइं जीवघात हुइं तेटलयइं ते केवलीनइं न हुइं' एहवुं कहइं छइं ते न घटइं–जे माटइं ए रीतिं सहजइं ज केवलीनइं जीवरक्षा हुइं तो पन्नवणामां ३६ पदिं जीवाकुल भूमि देखी केवलीनइं उल्लंघन प्रलंघन क्रिया कही छइं ते न मिलइं ते आलावानो ए पाठः—"कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसिएज्ज वा ओअट्टिएज्ज[२] वा उल्लंघेज्ज वा पलंघेज्ज वा पाडिहारियं पीठफलगसेज्जा-संथारं पच्चप्पिणिज्जत्ति" ॥५३॥

'वर्ज्जनाभिप्राय छतइं अनाभोगइं जीवघात तथा तत्कृतकर्मबंधाभाव यतिनइं हुइं, अनइं वर्जनाभिप्राय तो पोतानइं दुर्गतिहेतु कर्मबंध थातो जाणी हुइं, ते भय केवलीनइं नथी, ते माटइं वर्ज्जनाभिप्राय नथी, तथा अनाभोगइं जीवघात नथी" ए कल्पना खोटी–जे माटइं अशुद्धाहारनी परिं जीवहिंसाइ पणि केवलीनइ स्वरूपिं वर्ज्जनाभिप्राय हुइ तथा अव-श्यभावी जीवघात पणि संभवइं जिम यतिनइं नदी उतरतां ॥५४॥

"वीतराग गर्हणीय पाप हिंसादिक किस्युं इ न करइं, एहवुं उपदेशपदमां कहिउं छइं, ते माटइं द्रव्यहिंसा केवलीनइ न हुइ, जे माटइं ते लोकदेखीति गर्हणीय छइं" ए वात कही छइं ते न मिलइं– जे माटइं प्रतिज्ञाभंगइं ज गर्हाइ तंत नथी[३] अनइं अकरण नियममइं उपदेशपद पदनुं वचन छइ. ते भणि भावहिंसानो अकरणनियम ज केवलीनइं देखा-ड्यो छइं ॥५५॥

"उपशांतमोहनइं मोहनीय कर्म छइं ते माटइं गर्हणीय हिंसानी प्रतिसेवा हुइं तो पणि मोहनीयना उदय विना उत्सूत्रप्रवृत्ति न हुइं," एहवुं लिख्युं छइं ते न मिलइं, जे माटइं प्रतिसेविनइ उत्सूत्र प्रवृत्ति ज हुइ, तथा अवश्यभावी द्रव्यहिंसानइं दोष न कहिइं तो ज ११ गुणठाणइं अप्रतिसेवीपणुं तथा सूत्रचारिपणुं घटइं ॥५६॥

"गर्हणीय पाप मोहनीयमूल ते उपशांतमोहनइं ज हुइ, अनइं अगर्हणीय पाप अना-भोगमूल आश्रवच्छायारूप क्षीणमोहनइं पणि हुइ" एहवुं लिख्युं छइं ते कोइ ग्रंथस्युं मिलइं नहीं, आश्रवच्छाया कहतां आश्रव ज आवइं, ते तो अगर्हणीय तुम्हारइं मतइं भावपाप छइं, तेहनी सत्ता क्षीणमोहनइं कहतां घणुं विरुद्ध दीसइं ॥५७॥

---

१. प्रत्यय । २. तु अट्टि वा ।
३. 'नथी' ૨૭૬ વધારાનો લાગે છે.

'मोहनीय कर्मना उदयथी भावाश्रव परिणाम हुइं तेहनी सत्ताथी द्रव्याश्रवपरिणाम हुइ'' एहवुं कहइं छइं ते न घटइं जे माटइं इम कहतां द्रव्यपरिग्रह पणि धर्मोपकरणरूप केवली नइं न जोइंई ॥५८॥

''एणइंज करी उदित चारित्रमोहनीय असंयतिनइं भावाश्रवकारण, प्रमत्तसंयतनइं पणि सत्तावर्त्ति चारित्रमोहनीय द्रव्याश्रवनुं कारण, तेहमां अयतनासहित रागद्वेष ज प्रमाद गणिइं, तेहथी प्रमत्तसंयत लगइं द्रव्याश्रव हुइं अनइं अप्रमत्तनइं मोहनीय अनाभोगथी ते हुइ. ।'' इत्यादिक कल्पना पणि निषेधी जाणवी, जे माटइं अप्रमत्तनइं द्रव्यपरिग्रहनइं ठामइं ए युक्ति न मिलइ, तथा चारित्रमोहनीय सर्वनइं उदयथी भावाश्रव कहीइं तो ४ गुणठाणादिकइं न घटइ, केतलाइकनो उदय लीजइं तु ते यतिनइं पणि छइं, ३ कषायनी उदयसत्ता ते मेलि भावाश्रव द्रव्याश्रवनो परिणाम कहिइं, तो तेहनइं क्षयइं छद्मस्थनइं पणि द्रव्याश्रव न हुओ जोइइ. तथा प्रमादइं भावाश्रव कहिओ छइ इत्यादिक न घटइं ॥५९॥

''अयतनया चरन् प्रमादानाभोगाभ्यां प्राणिभूतानि हिनस्ति'' एहवुं दशवैकालिक सूत्रनी वृत्तिमां कहिउं छइं ते माटइं प्रमाद अनाभोग विना केवलीनइं द्रव्यहिंसा न हुइं'' एहवी मूलयुक्ति कहइ छइं तेह ज खोटी, जे माटइं अवश्यभावी हिंसानां कारण न कहियां, केवल अयतनानइं उद्देशइं ए कारण कहियां, सघलइं ए हेतु लीजइ तो आकुट्टिकादिक भेद न मिलइं ॥६०॥

''केवलीनइं द्रव्यहिंसा हुइ ते सर्व प्रकार जाणतां हिंसानुबंधी रौद्रध्यान हुइं'' एहवुं कहइं छइं ते खोटुं, जे माटइं इम कहतां द्रव्यपरिग्रह छइं तेहना (ते) सर्व प्रकार जाणतां संरक्षणानुबंधी रौद्रध्यान पणि न वारिउं जाइं ॥६१॥

प्रमत्तसंयत शुभयोगनी अपेक्षाइं अनारंभी, अशुभयोगनी अपेक्षाइं आरंभी भगवती· सूत्रमां कहिया छइं तिहां 'शुभयोग ते उपयोगइं क्रिया, अशुभयोग ते अनुपयोगइं'' एहवुं वृत्ति कहिउं छइं ते कुवेषी अशुभयोग अपवादइं कहइं छइं ते प्रकट विरुद्ध, जे माटइं— जाणी मृषावाद मायावत्तिया क्रिया भणी अप्रमत्तनइं पणि प्रकट जणाइं छइं तथा अपवादइं पणि शास्त्ररीति बृहत्कल्पादिकइं शुद्धता ज कही छइं तो अशुभयोग किम कहिइं ॥६२॥

'आरंभिकी क्रिया ६ गुणठाणइं सदा हुइं'' एहवुं लिख्युं छइं ते न घटइं—जे माटइं अन्यतरप्रमत्तनइं कायदुष्प्रयोगभावइं ज आरंभिकि क्रिया पन्नवणासूत्रवृत्तिमां कहीं छइं ॥ ६३ ॥

'केवलीनइं अपवाद न हुइ ज' एहवुं कहइ छइ ते न घटइं जे माटइं निशाहिंडन, श्रुतव्यवहार प्रमाण राखवा निमित्त अनेषणीय आहारग्रहणादिक अपवाद केवलीनइं पणि कहिया छइं ॥६४॥

''ते अनेषणीय आहारग्रहण केवलीनइं सावद्य नथी, ते माटइं तेहथी अपवाद न हुइ, अनइं जो छद्मस्थ अनेषणीय जाणइं तो केवली भोजन न करइ, केवलीनी अपेक्षाइं व्यवहार शुद्धि इम न हुइ ते भणी, अत एव रेवती अशुद्ध जाणइ छई ते भणी तेहनो करिओ कोला· पाक महावीरइं न लीधो'' एहवी कल्पना करई छइं ते पणि निरर्थक-जे माटइं निशाहिंड-

नादिक छद्मस्थ दुष्ट जाणइ छइ तो पणि भगवंतइं अपवादिं आदरिउं छइ, तथा निषिद्ध वस्तु लाभ जाणी उत्तमपुरुषइं आदरी ते अदुष्ट कही अपवाद न कहिइं तो अपवाद किहांइं न हुइं ॥६४॥

'जाणीनइं जीवघात करइं तेह ज आरंभक कहइ छइं ते न मिलइं, (जे) माटइं इम कहतां एकेन्द्रियादिक सूत्रइं आरंभी कहिया छइ ते न घटइं ॥६६॥

"आभोगइ जीवहिंसा अवश्यभाविणिइ पणि यति न हुइ ज, नदी ऊतरतां जलजीव विराधना हुइं छइं ते पाण सचित्तता निश्चय नथी ते भणी अनाभोगजन्याशक्यपरिहारइं" एहवुं कहइं छइं ते न घटइं– जे माटइं व्यवहार-सचित्तता न आदरिइं तो सघलइं शंका न मिटइं, तथा नदीमां अनंतकाय निश्चय सचित्तपणि छइं, आगमथी निश्चय थइं पणि देख्या विना अनाभोग कहिइं तो विश्वासी पुरुषइं कहिया जे वस्त्रादिकइं अंतरित त्रस-जीव तेहनी विराधनाइं पणि अनाभोग थाइं ॥६७॥

"यतिनइं अनाभोगमूल ज (जे) हिंसा हुइं तेहमां स्थावर सूक्ष्म त्रसनो अनाभोग केवलज्ञान विना न टलइं अनइं कुन्थुप्रमुख स्थूल त्रसनो अनाभोग घणी यतनाइं टलइं, अत एव नदी ऊतरतां जल संयम दुराराध न कहिउं पणि कुंथुनी उत्पत्ति कहिउं. ते माटइं नदी ऊतरतां जीवनइं अनाभोगइं संयम न भा(भां)जइं" एहवी कल्पना करइं छइं ते खोटी– जे माटइं त्रसनी परि थावरनो आभोग पणि यतिनइं करवो कहिओ छइं. अत एव ८ सूक्ष्मादिक जीवोनी यतना दशवैकालिकादिक ग्रंथई प्रसिद्ध छइं ॥६८॥

एजनादिक्रियायुक्तस्यारम्भाद्यवश्यम्भावाद्यदागमः–

"जाव णं एस जीवे एयइ वेयइ चलइ फंदइ इत्यादि यावदारंभे वट्टइ' इत्यादि एहवुं प्रवचनपरीक्षाइं लुंपकाधिकारइं कहिउं छइं, अनइं सर्वज्ञशतकइं केवलीनइं अवश्यं भावी पणि आरंभ निषेध्यो छई ए परस्पर विरुद्ध ॥६९॥

"विनापवाद जाणी जीवघात करइं ते असंयत हुइ" एहवुं कहइ छइं ते खोटुं– जे माटइं अपवादइं आभोगइं हिंसाइं पणि जिम आशयशुद्धताथी दोष नहि तिम अपवाद विना अशक्यपरिहार जीवविराधनाइं पणि आशयशुद्धताइं ज दोष न हुई, नहीं तो विहा-रादिक क्रिया सर्व दुष्ट थाइं ॥७०॥

सिद्धांतथी विराधनानो निश्चय थइं पोतानइं अदर्शनमात्रइं जो विहारादिक क्रियामां जे विराधना छइं ते अनाभोगइ ज कहिइ तो निरंतर जीवाकुल भूमि निर्धारी तिहां रात्रिविहार करतां विराधनानो अनाभोग ज कहवाइं ॥७१॥

"नदी ऊतरतां आभोगइं जलजीव विराधना यतिनइ हुइं तो जलजीवघातइं विरति परिणाम खंडित हुइ ते भणि देशविरति थाइ, जाणीनइं एकव्रतभंगइ सर्वविरति रहइ तो सम्य-ग्दृष्टि सर्वनइं चारित्र लेतां बाधक न हुइं" एहवुं कहइं छइं ते न घटइ–जे माटइं नदी ऊतरतां द्रव्यहिंसाइं आज्ञाशुद्ध पणिं ज दोष नथी। तथा सम्यग्दृष्टि योग्यता जाणीनइं ज चारित्र आदरइं जिम व्यापारी व्यापार प्रतिं, पछइ थोडी खोटी होइं अनइं संभाली लिइं तो बाधा नहीं, पणि पहिला खोटिज जाणी कोइ सबला व्यापार आदरइ नहीं ते प्रीछवुं ॥७१॥

'अपवादइं जिननो उपदेश हुइं पणि विधिमुखइ आदेश न हुइं' एहवुं कहइ छइ ते खोटुं–जे माटइं छेदग्रंथइं अपवादइं घणां विधिवचन दीसइं छइं ॥ ७२॥

"वस्त्रइं गलिउं ज पाणी पीवुं" इहां पीवानो सावद्यपणा माटइं विधि नहि पणि गलवानो ज विधि" एहवुं कहइं छइ ते न मिलइं, जे माटइं गालिउं पाणि पणि शस्त्र कहिउं छइं यतः –

"उस्सिंचणगालणधोवणे य उवगरणमत्तकोसभंडे य ।
बायर आउक्काए, एयं तु समासओ सत्थं ॥
[अ. १. नि. गा. ११३] आचारांगसूत्रनिर्युक्तौ ॥७३॥

'द्रव्यहिंसाइं द्रव्यथी हिंसानुं पच्चक्खाण भाजइं' एहवुं कहइं छइं ते न घटइ, जे माटइं 'धर्मोपकरण राखतां द्रव्यथी परिग्रहनुं पच्चक्खाण भाजइं' एहवुं दिगंबरइं कहिउं छइं तिहां विशेषावश्यकइं 'द्रव्य–क्षेत्र–कालथी भावनुं ज पच्चक्खाण हुइ पणि केवल द्रव्यथी भंग न हुइं' ए रीतइं समाधान करिउं छइं ॥७४॥

श्रावकप्रतिक्रमणसूत्रवृत्तिमां हिंसानी चउभंगीमां 'द्रव्यथी तथा भावथी न हिंसा' मनोवाक्कायशुद्ध साधुनइं ए भांगो कहिओ छइं तेहनो स्वामी तेरमा गुणठाणानो धणी ज जे फलावइं छइं अनइं चउदमा गुणठाणानो धणी निषेधइं छइं, मनवचनकाययोग विना तेहथी शुद्ध न कहवाइं जिम वस्त्र विना वस्त्रइं शुद्ध न कहिइं ते भणी" ते खोटुं, जिम जल-स्नानइं जलनुं संसर्ग टल्या पछी पणि जलइं शुद्ध कहिइं तिम अयोगिनइं योग गया पछी पणि योगइं शुद्ध कहिइं ते माटइं साधु सर्वनइं जिवारइं द्रव्यहिंसा गुप्तिद्वारइं न हुइं तिवारइं चोथो भांगो घटइं ॥७५॥

'द्रव्यहिंसा पणि हिंसादोष स्वरूप' एहवुं कहिइं छइं ते न घटइं, जे माटइं— "समितस्य-ईर्यासमितावुपयुक्तस्य या 'आहच्च' कदाचिदपि हिंसा भवेत्सा द्रव्यतो हिंसा, इयं च प्रमादयोगाभावात्तत्त्वतोऽहिंसैव मन्तव्या, 'प्रमत्तयोगात्[1] प्राणव्यपरोपणं हिंसा' इति वचनात् ।" (गा० ३९३२ वृत्ति) ए बृहत्कल्पनी वृत्ति वचनइं अप्रमत्तनइं द्रव्यथी हिंसा ते अहिंसा ज जणाइं छइं ॥७६॥

"बृहत्कल्पनी भाष्यवृत्तिमां वस्त्रछेदनादि व्यापार करतां जीवहिंसा हुइं, जे माटइं जिहां ताइं जीव चालइं हालइं तिहां ताइं आरंभ हुइं एहवुं भगवती–सूत्रमां कहिउं छइं" एहवुं प्रेरकइं कहिउं ते ऊपरि समाधान करतां आचार्यइं ते भगवती सूत्रना आलापकनो अर्थ भिन्न न कहिओ, केवल इम ज कहिउं जे आज्ञाशुद्धनइं द्रव्यथी हिंसा ते हिंसामां ज न गणिइं यतः—

"यदेवं 'योगवन्त'—वस्त्रच्छेदनादिव्यापारवन्तं जीवं हिंसकं त्वं भाषसे तन्निश्चीयते सम्यक्सिद्धान्तमजानत एवं प्रलापः । नहि सिद्धान्ते योगमात्रप्रत्ययादेव '[2]न हिंसकत्वमुक्तं' अप्रमत्तसंयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तदभावादित्यादि" (गा० ३९९२ वृत्ति)

१. तत्त्वार्थ अ० ७ सू० ८ । २ 'न' વધારાનો લાગે છે.

तथा "ऽत्र चाद्यभंगे हिंसायां व्याप्रियमाणकाययोगोऽपि भावत उपयुक्ततया भगवद्भिरहिंसक एवोक्त इत्यादि" [गा० ३९३४ वृत्तिः]

एणइं करी जे इम कहइ छइ 'केवलीना योगथी द्रव्यहिंसा न हुइ' तेहनइं मते इ अप्रमत्तना योगथी ज द्रव्यहिंसा न हुइ जोइ, जे माटइं पहिलइं चउथइं भागइं करी अप्रमत्तादिक सयोगिकेवली तांइं सरिखा ज गण्या छइं तथा अप्रमत्तनइं ज द्रव्यहिंसा कही तेणइं करी प्रमत्तसंयतनइं पणि जे द्रव्यहिंसा कहइ छइं ते सिद्धांतविरुद्ध इत्यादिक घणुं विचारवुं ॥७७॥

"जावं च णं एस जीवे सया समियं एयइ वेयइ जाव तं तं भावं परिणमइं तावं च णं एस जीवे आरंभइ सारंभइ समारंभइ" इत्यादिक भगवती मंडियपुत्रना आलावामां—"इह जीवग्रहणेऽपि सयोग एवासौ ग्राह्योऽयोगस्यैजनादेरसम्भवात्" ए वृत्तिवचन उल्लंघीनइ सयोगि जीव केवलिव्यतिरिक्त लेवो एहवुं लिख्युं छइं ते प्रकट हठ जणाइं छइं ॥७८॥

"जिहां तांइ एजनादि क्रिया तिहां तांइ आरंभादिक ३ नो नियम न घटइं, ते माटइं आरंभादिक शब्दइं योग ज कहिइं, योग हुइं तिहां तांइ अंतक्रिया न हुइ एहवो ए सूत्रनो अभिप्राय" एहवुं कहइं छइं ते अपूर्व ज पंडित, जे माटइं ए अर्थ वृत्ति नथी तथा आरंभादिक अन्यतर नियमनइं अभिप्रायइं सूत्र विरोध पणि नथी, ए रीतिना सूत्र बीजांय दीसइं छइं. तथाहि—"जाव णं एस जीवे सया समियं एयइ जाव तं तं भावं परिणमइ ताव णं अट्ठविहं बंधए वा सत्तविहं बंधए वा छव्विहं बंधए वा एगविहं बंधए वा नो णं अबंधए" इत्यादिक तथा—आरंभादिक(३)शब्दइं ३ योगनो अर्थ ए पणि न संभवइं इत्यादि विचारवुं ॥७९॥

"तस्मात्साक्षाज्जीवघातलक्षणारम्भो नान्तक्रियायाः प्रतिबन्धकः, तदभावेऽन्तक्रियाया अभणनात्, प्रत्युताऽन्निकापुत्राचार्य-गजसुकुमालादिदृष्टान्तेन सत्यामपि जीवविराधनायां केवलज्ञानान्तक्रिययोर्जायमानत्वात् कुतस्तत्प्रतिबन्धकत्वशङ्काऽपि" [गा० २९ वृत्तिः] एहवुं सर्वज्ञशतकमां लिख्युं छइं ते प्रकट स्वमतविरुद्ध ॥८०॥

'शैलेश्यवस्थायां कायसंस्पर्शेन मशकादीनां प्राणत्यागेऽपि पञ्चधोपादानकारणयोगाभावान्नास्ति बन्धः, उपशान्तक्षीणमोहसयोगिनां स्थितिनिमित्तकषायोदयाभावात् सामयिककर्मबन्धः' इत्यादि आचारांग सूत्रनी वृत्ति कहिउं छइं तथा—

'सेलेसीपडिवन्नस्स जे (मत्ता) फरिसं पप्प उद्दायंति मसगादी तत्थ कम्मबन्धो णत्थि, सजोगिस्स कम्मबन्धो दो समया."

एहवुं आचारांगसूत्रनी चूर्णिमां कहिउं छइं. तिहां चउदमइं गुणठाणइं योग नथी ते माटइं तिहां केवलिकर्तृक मशकादिवध न हुई पणि मशकादिकर्तृक ज हुइ, तद्गतो(पादानकर्मबन्धकार्यकारणभावप्रपंचनइं अर्थि ए ग्रंथ छइं" एहवी कल्पना करइ छइ ते खोटी. जे माटइं सामान्यथी साधुनइं अवश्यभावी जीवघातनइं अधिकारइं ज ए ग्रंथ चाल्यो छइं । तथा चउद(स)मइं गुणठाणइं मशकादिकर्तृक ज मशकादिघात कहिइं तो पहिलां

पणि तेवो ज ते हुइं, युक्ति सरिखी छइ, ते माटइ 'मोहनीय कर्म हुइं तिहां तांइ जीवघात-कर्त्ता कहिइं'' एह वचन पणि प्रमाणिक नहीं, जे माटइं प्रमादी ज प्राणातिपातकर्त्ता कहिओ छइ इत्यादिक इहां विचारवुं ॥८१॥

''प्रायइ असंभवी कदाचित् संभवइ ते २ अवश्यभावी कहिइं, एहवो जीवघात अनाभोगइ छद्मस्थ संयतनइं हुइं पणि केवलीनइं न हुइं'' एहवुं कहइं छइं ते न घटइं, जे माटइं अनभिमतपणइ पणि अवर्जनीय ते अवश्यभावी कहिइं, तेहवो द्रव्यवध अनाभोग विणा पणि संभवइं जिम यतीनइं नदी ऊतरतां ॥८२॥

''केवलीना योग ज जीवरक्षानुं कारण'' एहवुं कहइं छइं तेहनइं मतइं चउदमइं गुणठाणइं जीवरक्षाकारण योग गया ते माटइं हीनपणुं थयुं जोइइ ॥८३॥

केवलीनइं बादरवायुकाय लगइ तिवारइं तथा नदी ऊतरतां अवश्यभाविनी जीवविराधना थाइं, तिहां जे एहवुं कल्पइं छइं बादर वायुकाय अचित्त न (ज) केवलीनइं लागइं तथा नदी ऊतरतां केवलीनइं जल अचित्तपणइं ज परिणमइं तिहां कोइ प्रमाण नथी, केवलि योगनो ज एहवो अतिशय कहिइं तो उल्लंघन-प्रलंघन-प्रतिलेखनादि व्यापारनुं निरर्थकपणुं थाइं ॥८४॥

एणइं ज करी ए कल्पना निषेधी जो केवली गमनादि परिणत हुइं ति वारइं आपइं ज कीडी प्रमुख जीव ओसरइ अथवा ओसरिया ज हुइं पणि केवलीनी क्रियाइं प्रतिक्रिया न करइं, जे माटइं इम कहतां जीवाकुल भूमि देखी केवलीनइं उल्लंघनादि व्यापार पन्नवणासूत्रमां कहिओ छइं ते न मिलइं तथा वस्त्रप्रतिलेखना पणि न मिलइ ॥८५॥

''अभयदयाणं''ए सूत्रनी मेलइं भगवंतना शरीरथी जीवनइ सर्वथा भय न ऊपजइं'' एहवुं कहइ छइ ते न मिलइ, जे माटइं भगवंत वस्त्रादिकथी जीव अलगा मूकइं तेहनइं भय विना अपसरण न संभवइ तथा 'अभयदयाणं' ए वचनइं केवलीना शरीरथी कोइनइ भय न ऊपजइ एहवुं कल्पिइं तो 'मंता मतिमभयं विदित्ता' इत्यादिक सूत्रनी मेलइं यतिमात्रना शरीरथी जीवनइं भय ऊपजवो न घटइं ॥८६॥

श्रीवर्धमानने देखी हाली नाठो तिहां कोइ इम कल्पना करइ छइ जे ''तिहां हालीना योग कारण पणि भगवंतना योग कारण नहीं'' ते अतिखोटुं, जे माटइ 'भगवंत' दट्ठूण धमधमेइ' एहवुं व्यवहारचूर्णि कहिउं छइं तेहनइं अनुसारइं भगवंतना योग ज तिहां कारण जणाइं छइं तथा अन्यकर्त्तृक भय तेरमइं गुणठाणइं हुइं तो चउदमा गुणठाणानी परिं अन्यकर्त्तृक हिंसा पणि हुइं जोइइ ते तो स्वमत विरुद्ध ॥८७॥

'सव्वजिआणमहिंसा' इत्यादिक सूत्रनी मेलइं जे केवलीनइं अवश्यभाविनी हिंसा ऊथापइं छइं तेहनइं मतइ 'हिंसाइ दोस सु(मु)त्ता' इत्यादिक सूत्रनी मेलइं सामान्य साधुनइं पणि ते ऊथापी जोईइं ॥ ८८ ॥

''जलचारणादिक लब्धिमंत यतिनइं जलादिकमां चालतां जलादिक जीवनो घात जो न हुइं तो सर्वलब्धिसंपन्न केवलीनइं ते किम हुइं'' एहवुं कहइं छइं ते न घटइं, जे माटइं लब्धिफल सर्व केवलीनइं छइं तो पणि लब्धिप्रयोग नथी ॥८९॥

"घातिकर्मक्षयथी ऊपनो जीवरक्षाहेतु लब्धि प्रयुंज्या विना ज केवलीनइं हुइं" एहवुं मानइं छइं तेहनइ मतइं चउदमइ गुणठाणइ मशकादिकर्तृक मशकादिवध मान्या छइ ते पणि न मिलइ, नहीं तो तेरमइ गुणठाणइं पणि तेहवो ते मान्यो जोइइं ।। ९० ।।

"द्रव्यहिंसाइं केवलीनइं १८ दोषरहितपणुं न घटइं" एहवुं कहइ छइ तेहनइं मतइं द्रव्यपरिग्रह इच्छतां पणि १८ दोषरहितपणुं न मिलइं ।।९१।।

"प्राणातिपात मृषावादादिक छद्मस्थ लिंग मोहनीय अनाभोगमां एकइं विना न हुइं, ते माटइं बारमइं गुणठाणइं मृषा भाषा कर्मग्रंथादिकमां कही छइं स(ते)संभावनारूढ जाणवी" एहवुं कहइं छइं तेहनइं पूछवुं जे, द्रव्यभाव विना संभावनारूढ त्रीजो किहां कह्यो छइ ? "कालशूकरिकनइं कल्पित हिंसानी परिं ए संभावनारूढ मृषावाद लेवो" एहवुं लिख्युं छइं तेहनइं अनुसारइं तो अंतरंग भावमृषावाद ज बारमइ गुणठाणइ आवइ ।।९२।।

"प्रतिलेखना प्रमार्जनादिक क्रिया क्षुद्रजंतु भयोत्पादकपणता अपवादकल्प कहिइं ते छद्मस्थनुं लिंग केवलीनइं न हुइ," एहवुं कहइ छइं ते न घटइं, ते (जे) माटइं उत्सर्ग अपवाद टाली त्रीजो अपवादकल्प किहांइ कहिओ नथी. इच्छाइ ३ भेद कल्पिइं उत्सर्गकल्पनामइं चोथो भेद कल्पता पणि कुण ना कहइं, तथा केवलि व्यवहारानुसारइं प्रतिलेखनादिक क्रिया पणि केवलीनइ छई ते प्रीछवुं ।।९३।।

"बिलवासी मनुष्य पणि जातिस्मरणादिकइं मांसभक्षण अतिनिंदित जाणी परिहरइं छइ, ते माटइं मांसभक्षणथी सम्यक्त्वनो नाश ज हुइं" एहवुं लिख्युं छइं ते न घटइ, जे माटइं मांसभक्षणनी परिं परदारागमन पणि महानिंदित छइं, तेहथी सत्यकिविद्याधरप्रमुखनइ जो सम्यक्त्व न गयुं तो मांसभक्षणथी कृष्णादिकनुं सम्यक्त्व न जाइं तिहां बाधक नथी ।।९४।।

"मांसाहार नरकायुर्बन्धस्थानक छइ ते माटइं तेहनी अनिवृत्ति सम्यक्त्व न हुइ" एहवुं लिख्युं छइ ते न घटइ, जे माटइं महारंभ महापरिग्रहादिक पणि नरकायुर्बंधस्थानक छइ तेहनी अनिवृत्ति पणि जिम कृष्णादिकनइं सम्यक्त्व छइ तिम मांसभक्षणनी अनिवृत्ति पणि सम्यक्त्व हुई तिहां बाधक नथी ।।९५।।

"तए णं से दुवए राया कंपिल्लपुर णगरं अणुप्पविसइ अणुपविसित्ता विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ उवक्खडावित्ता कोडुंबिय पुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी—गच्छह णं तुम्हे (तुब्भे ?) देवाणुप्पिया ! विउलं असणं पाणं खाइमं साइमं सुरं मज्जं मंसं पसन्नं च सुबहुपुप्फफलवत्थगंधमल्लालंकारं च वासुदेवप्पामोक्खाणं रायसहस्साणं आवासेसु साहरह ते वि साहरंति, तए णं ते वासुदेवप्पामोक्खा विउलं असणं ४ जावप्पसण्णं आसाएमाणा ४ विहरंति" [ज्ञा० सू० १९८]

ए षष्ठांगसूत्र वर्णनमात्र लिख्युं छइं, इम सद्दहतां नास्तिकपणुं थाइं, जे माटइं स्वर्गाद्यादि सूत्र पणि वर्णनमात्र कहतां कुण ना कहइं ।।९६।।

"ए सूत्रमां वासुदेवनइं मांसपरिभोग ते आज्ञा द्वाराइं जाणवो, आज्ञा पणि ते ते अधिकारीनी द्वाराइं, पणि साक्षात् नहीं" एहवी कल्पना करी छइं ते न घटइ, जे माटइं

आस्वादनक्रियानो अन्वय वासुदेव प्रमुखनइं कहियो छइ, तेहमांथी वासुदेवनइ आज्ञाद्वाराइं आस्वादनक्रियानो अन्वय कहिइ तो वाक्यभेद थाइ एहवी कल्पना शास्त्रज्ञ न करइ ।।९७।।

"विधिप्रतिष्ठित ज प्रतिमा जुहारवी ते तपागच्छनी ज पणि गच्छांतरनी नहीं" एहवुं कहइं छइं ते न घटइं, जे माटइं प्रतिष्ठादिकनो सर्व विधि जोतां हवडां प्रतिमावंदननुं दुर्लभपणुं हुई, तथा श्राद्धविधिमां आकारमात्रइं सर्व प्रतिमा वांदवाना अक्षर पणि छइ, अविधि चैत्य वांदतां पणि विधिबहुमानादिक हुइं तो अविधिदोष निरनुबन्ध हुइ इत्यादिक श्रीहरिभद्रसूरिना ग्रंथनइं अनुसारइं जाणवुं ।।९८।।

"गच्छांतरनो वेषधारी जिम वांदवा योग्य नहीं तिम गच्छांतरनी प्रतिमा वांदवा योग्य नहीं" एहवुं कहइ छइ ते न घटइं, जे माटइ लिंगमां गुण–दोष विचारणा कही छइ, पण प्रतिमा सर्वशुद्ध रूप ज कही यतः—"जइविय पडिमाओ जह, मुणिगुणसंकप्पकारणंलिंगं ।

उभयमवि अत्थि लिंगे, ण य पडिमासूभयं अत्थि ।।१।। वंदनकनिर्युक्तौ ।।९९।।

जा जयमाणस्स भवे, विराहणा सुत्तविहिसमग्गस्स ।

सा होइ णिज्जरफला, अज्झत्थविसोहिजुत्तस्स ।। १ ।। ए गाथामां अपवादपदप्रत्यय विराधना निर्जराहेतु हुइ, एहवुं पिंडनिर्युक्तिवृत्ति विवरिउं छइं ते (उ)कुवेषीनइं जे इम कल्पइ छइ जे "इहां विराधनाप्रतिबंधक नथी जीवघातपरिणामजन्यपणानइं अभावइ वर्जनाभिप्रायोपाधिनी अपेक्षाइं दुर्बल छइ ते वती" ते खोटुं, जे माटइं ए कल्पनाइं कदाचित् अनाभोगहिंसा अदुष्ट आवइ, पणि अपवादनी हिंसा अदुष्ट नावइ, तिवारइं मलयगिरि आचार्यना साथइं विरोध थाइं ते विचारवुं ।। १०० ।।

"दृष्टमंडलनइं विषइं जे साधु दीसइं छइ तपागच्छना ते टाली बीजइं क्षेत्रइं साधु नथी" एहवुं कहइ छइ ते न मिलइं,–जे माटइं महानिशिथ दुःषमा स्तोत्रादिकनइं अनुसारइं क्षेत्रांतरइं साधु सत्ता संभवइं एहवुं परमगुरुनुं वचन छइं ।।१०१।।

इत्यादि घणा बोल विचारवाना छइ ते सुविहित गीतार्थना वचनथी निर्धारीनइ सम्यक्त्वनी दृढता करवी ।।

इति श्री १०८ एकसो आठ बोल उपाध्याय श्रीजसविजय गणिकृतं संपूर्ण ।।[1]

संवत् १७४४ वर्षे चैत्र वदि १० वार रविदिने लिखितं श्रीराजनगरमध्ये मंगलमस्तु ।।

गणि श्री ऋद्धिविमल तत शिष्य मुनि कीर्तिविमल लखावीतं भद्रं श्रीसंघनइं ।।

---

१ यह ग्रन्थ १०१ बोल पर ही समाप्त हो जाता है। सम्भवतः शेष बोल—प्रारम्भ के ५ बोलो के समान ही मूल प्रति में नष्ट हो गये है । —सम्पादक

**વિચારબિન્દુ અને ૧૦૮ બોલ સંગ્રહ** આ બન્ને ગ્રન્થોનું સંપાદન **શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિના** પ્રકાશનો પરથી કરવામાં આવ્યું છે.

---

**અવશિષ્ટ શુદ્ધિ પત્રક**–પૃ. ૪૦ 'અશુદ્ધઓનું' પરિમાર્જન'માં નીચેથી ત્રીજી લાટી અંગે–**પ્રવ. સારોદ્ધારવૃત્તિમાં** માત્ર આલોચના પ્રાયશ્ચિત્ત કહ્યું છે છેદ ગ્રન્થોમાં કાઉસગ્ગ પણ કહ્યું છે.

| | | | |
|---|---|---|---|
| ૪૨૯/૧૫ ન હોવું | હોવું | ૪૪૮/૨૯ | 'અવધિજ્ઞાનના વિષયની વિશિષ્ટતાને' એમ વાંચવું. |
| ૪૪૩/૨૯ ઉત્કૃષ્ટ | છાતીનું–શરીરનું | | |
| ૪૪૭/૩૩ સ્થાન આસેવનરૂપ | અસેવનરૂપસ્થાન | ૪૪૮/૩૦ વર્ધમાન | અલોકમાં વધતું. |